## પ્રવચન નં :- ૩૧ ગાથા- ૨૭/૨૮
## માગશર સુદ-૭ સોમવાર તા. ૧૫/૧૨/૬૯

પંચાસ્તિકાય :- ૨૭મી ગાથા. જીવનું સ્વરૂપ. **'સંસાર અવસ્થાવાળા આત્માનું અહીં સોપાધિ અને નિરુપાધિ સ્વરૂપ કહ્યું છે...'** કાલે પ્રશ્ન હતો ને ભાઈનો વાંકાનેર! અહીં તો સંસારી આત્મામાં, અનાદિનો આત્મા સંસારમાં મોક્ષ સુધી કેવો હોય છે એની વાત છે.

પહેલું તો એમ કહ્યું ને? કે જીવ, **'સંસાર સ્થિત આત્મા જીવ છે...'** અન્વયાર્થમાં એમ છે. અને ગાથામાં ટીકામાં એમ છે. જીવ ચેતનારો છે એમ પહેલું કહ્યું. **ચેદા** અને દેખનાર છે. એ જાણનાર દેખનાર સ્વરૂપ કહેવું તે નિશ્ચય છે. અને જાણનાર દેખનાર સહિત કહેવો તે વ્યવહાર. ભેદ પડયો ને? ભેદનો વ્યવહાર કાં સંયોગનો વ્યવહાર તેને વ્યવહાર કહે છે. ભેદ અને સંયોગ વિનાની ચીજને નિશ્ચય કહે છે. કહો, સમજાય છે કાંઈ?

આત્મા ચેતયિતા. આવું એનું સ્વરૂપ છે કે ચૈતન્ય જ્ઞાન, દર્શન સ્વરૂપ જ છે. એ નિશ્ચયથી એટલે યથાર્થપણે. તેનું અંતર જ્ઞાન, દર્શન આત્મા છે એવો નિર્ણય કરવો એ પ્રથમ સમ્યગ્દર્શનરૂપી ધર્મ છે. સમજાણું કાંઈ? અને ચેતન ચૈતન્યગુણ સહિત છે એવો વ્યવહાર છે તેને જાણવું જોઈએ. ગુણ-ગુણી ભેદરૂપે છે એમ એને જાણવું. આદરવું એને ત્રિકાળી જ્ઞાયકભાવ છે તે. એવો એનો સાર છે, તાત્પર્ય. કહો, સમજાણું કાંઈ?

પછી કહ્યું કે **'આત્મા ઉપયોગ સ્વરૂપ છે.'....** ઉપયોગ એ ચૈતન્ય, ચેતન દ્રવ્ય છે એનું ચૈતન્ય લક્ષણ ગુણ છે અને એના ઉપયોગ એ ચેતનના પરિણામ પર્યાય છે. આહાહા! આવું જ વસ્તુનું સ્વરૂપ છે. આથી કોઈપણ રીતે, બીજી રીતે, ઉલટી રીતે માને તો તે જીવને માનતો નથી એટલે મિથ્યાદષ્ટિ મૂઢ જીવ છે. સમજાય છે કાંઈ?

એ આત્મા ચેતન છે, એનો ચૈતન્ય ગુણ છે, અને એના પરિણામ જે છે પર્યાય એ ઉપયોગ છે. એ ચૈતન્ય અનુવિધાયી પરિણામઃ, ચેતનને અનુસરીને થતો ઉપયોગ, એ ઉપયોગ સ્વરૂપ છે તે નિશ્ચય છે. ઉપયોગવાળો છે તે વ્યવહાર છે. સમજાણું કાંઈ? પછી એ **'પ્રભુ છે.'** પ્રભુ છે. ભગવાનઆત્મા વસ્તુ છે, તે પોતાના ભાવકર્મ જે પુણ્ય ને પાપના વિકલ્પો એ ભાવકર્મોનાં આસ્રવ, એના કરવામાં એ સમર્થ છે. એ બીજાને લઈને એ પુણ્ય ને પાપના વિકલ્પો થાય છે એમ નથી. એ અપરાધને પોતે કરવામાં સમર્થ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

એ આસ્રવ ભાવકર્મ એટલે પુણ્ય ને પાપના, દયા, દાન, વ્રતાદિના ભાવ એને આસ્રવ કરવામાં પ્રગટ કરવામાં સમર્થ છે. એને રોકવામાં બંધ સમર્થ છે. ભગવાનઆત્મા અબંધ સ્વરૂપ હોવા છતાં અનાદિથી એ પુણ્ય ને પાપના વિકલ્પો એમાં અટકે છે, એવો બંધભાવ કરવામાં પણ એ સમર્થ છે. સમજાણું કાંઈ? સમયસારની દૃષ્ટિનો વિષય આત્મા લેવા જાવ તો અહીં એ અત્યારે મેળ નહીં ખાય. ભાઈ!

અહીં તો આત્મામાં વિકારી, અવિકારી પરિણામવાળો આત્મા છે એ સિધ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનમાં, સાચી દૃષ્ટિમાં, ધર્મની દૃષ્ટિમાં ધર્મીને તો એકલો જ્ઞાયકભાવ પૂર્ણ અખંડ અભેદ તે આત્મા. પણ અહીંયા તો એનું વાસ્તવિક વ્યવહાર ને ભેદવાળું કે નિમિત્તનું સ્વરૂપ શું છે એ પણ સાથે જણાવે છે. સમજાણું કાંઈ?

કહે છે કે બંધ કરવામાં પણ સમર્થ છે. અને ભાવઆસ્રવોનો સંવર કરવામાં પણ સમર્થ છે. ભગવાનઆત્મા છે તો આનંદકંદ, સુખકંદ સ્વરૂપ પ્રભુ છે આત્મા. પણ એનું એને ભાન નથી એથી એમાં પુણ્ય ને પાપના વિકલ્પો ભાવ થાય. પણ એને ટાળીને સંવર કરવામાં એ સમર્થ છે. સંવર એટલે ધર્મ. ધર્મ આ ધર્મ છે હોં! બાકી કાંઈ કોઈ ક્રિયાકાંડને આમ કરે ને, તેમ કરે ને. આંખ્યું વીંચીને બેસી જાય તો કાંઈ ધર્મ થાય એવું નથી. એમ કહે છે. હજી વસ્તુ જ ખબર નથી કે શું ચીજ છે, અને એની દશામાં શું થાય છે, એ દશા કેવી છે, એ દશા ટળી શકે એવી છે કે દશા કાયમ રહી શકે એવી છે એની ખબર નથી. સમજાણું કાંઈ?

કહે છે કે એ ભાવઆસ્રવોનો સંવર કરવા પુણ્ય ને પાપના ભાવ જે વિકલ્પ ને વિકાર છે તેને રોકવામાં આત્મા સમર્થ છે. તેથી તે પ્રભુ છે. એને નિર્જરા કરવામાંય સમર્થ છે. શુભ અશુભ ભાવને છોડવામાં, ટાળવામાં, અશુધ્ધતા ગાળવામાં એ સમર્થ છે. અને મોક્ષ, શુભાશુભ પરિણામને મૂકિત કરવામાં એ સમર્થ છે. સમજાણું કાંઈ? એ ઈશ્વર કહ્યો. પછી કર્તા. કર્તા છે ને? આમાં કર્તાના બે બોલ લીધા છે. ખરેખર તો ભગવાનઆત્મા આનંદ ને જ્ઞાનની મૂર્તિ એ શુધ્ધ આનંદના પરિણામને કરવા શુધ્ધ નિશ્ચયથી સમર્થ છે. પર્યાય-કાર્ય છે ને કાર્ય. શુધ્ધભાવનું કાર્ય કરવાને પણ પ્રભુ આત્મા સ્વયં સમર્થ છે. એને કોઈની અપેક્ષા નથી. એમ શુભ-અશુભભાવ અશુધ્ધ નિશ્ચયે. શુભ-અશુભભાવ અશુધ્ધ છે. નિશ્ચયે પોતાની પર્યાયમાં થાય છે એથી નિશ્ચય. અશુધ્ધ છે પણ થાય છે પર્યાયમાં માટે નિશ્ચય. અશુધ્ધ નિશ્ચયે, પહેલાં એમ કહ્યું હતું, જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન એ પોતાના શુધ્ધ આનંદ સ્વરૂપને, વીતરાગભાવને, ધર્મભાવને કરે એ સમર્થ છે. તો એ કેમ નિશ્ચય કહ્યું? કે નિશ્ચય સ્વ છે અને પવિત્ર છે. માટે શુધ્ધ નિશ્ચયનયે સ્વકર્તા પોતાના પરિણામનો છે.

એ તો આ જાણપણું કરવું પડે. એમ ને એમ અધ્ધરથી પાર નથી પડે એવું. ઉપરથી જાણે આપણે કાંઈ સમજી ગયા ને આ થઈ ગયું એવી નથી આ ચીજ. અનંતકાળથી રખડતો પ્રાણી એને પોતાની

જાતની ખબર નથી. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ પરમાત્મા કેવળજ્ઞાની એણે આવો આત્મા કહ્યો, એવી આત્માની જેને ખબર નથી તે મિથ્યાદષ્ટિ ચાર ગતિમાં રખડે છે અને દુઃખી છે. તો કહે છે કે કર્તા શુધ્ધ પરિણામનો ખરેખર, કેમ કે નિશ્ચય તે સ્વપરિણામ શુધ્ધ છે. અને શુધ્ધ છે, સ્વ છે માટે નિશ્ચય છે અને વીતરાગી પરિણામનો કર્તા માટે શુધ્ધ છે. રાગ-દ્વેષના પરિણામનો કર્તા એ રાગ-દ્વેષથી અશુધ્ધ છે.

છે સ્વની પર્યાય માટે અશુધ્ધ નિશ્ચયે તેનો કર્તા છે. નયનું જ્ઞાન કરવું પડે. અહીં નવરાશ ન મળે ધંધા આડે. બે ઘડી ચાર ઘડી આવે એમાં કાંઈ પત્તો છે? એય ફુલચંદજી! એને નવરાશ લેવી હતી. ત્યાં ઘરી ગયું ઓલું લાકડું. હેં? બે ત્રણ લાખ કયાંક સલવાઈ ગયા. હવે એને પાછા પાડવા માટે રોકાવું. એનું રળવા માટે રોકાવું. આરે! આરે! મારી નાખ્યા છે ને જગતને.

મુમુક્ષુ :- કોણે માર્યા?

ઉત્તર :- એણે. આહા! આવો મનુષ્ય દેહ અનંતકાળે મળે છે. એમાં જો આ આત્મા જેવો છે એવો ભગવાન સર્વજ્ઞ કહે છે એવો જો પ્રતીત શ્રધ્ધામાં ન લીધો (તો) એના પરિભ્રમણ ટળવાના નથી. નાતમાં થયેલો હોય તો પણ મરીને તિર્યંચમાં જાશે. આહા! એવી વાત છે ભાઈ. આહા!

કહે છે, મોહાદિ કર્મ જેમનું નિમિત્ત છે એવા, એવા લીધા છે ને આમાં તો? ઓલા નથી લીધા. એવા ભાવનો કર્તા હોવાથી જીવ કર્તા છે. વિકારનો જીવ પોતે કર્તા છે. કારણ કે વિકારપણે પરિણમે છે ને. વિકારપણે થાય છે માટે કર્તા છે. નિમિત્ત છે. સમજાય છે? અને **'અસદ્ભૂત વ્યવહારનયે આત્મપરિણામો જેમનું નિમિત્ત છે...'** ઓલા નવા કર્મ બંધાયને? નવા બંધાય એમાં આત્માના વિકારી પરિણામ નિમિત્ત છે. એટલે અસદ્ભૂત વ્યવહારનયે કહેવામાં આવે છે. આ એનો કર્તા છે. કર્મનો કર્તા જડનો હોં! હા, હજી આજે આવ્યું છે ઓલું મોટું આવે છે ને એકસો ઓગણાએંસી ગાથાનું? શુધ્ધનયથી ભ્રષ્ટ થાય તો કર્મ બાંધે. પરિણમાવે એવું આવે છે એમાં ટીકામાં. એટલે ઓણે લીધું હતું મોતીલાલે. જુઓ આ. કર્મને જીવ પરિણમાવે છે માટે નિમિત્ત-નૈમિત્તિક વ્યવહાર છે એમ નહીં. એમ સિધ્ધ કરે છે ને? આહા! અરે હજી તો! તત્ત્વને સમજવામાં જ હજી વાંકાઈના પાર ન મળે. એ કે દિ' ધર્મ કરે અને કે દિ' એના કલ્યાણ થાય. આહાહા!

કહે છે કે પૌદ્ગલિક કર્મમાં જીવના વિકારી પરિણામ નિમિત્ત છે. તેથી તે પૌદ્ગલિક કર્મનો કર્તા અસદ્ભૂત જૂઠા નયથી કહેવામાં આવે છે. **'નિશ્ચયે શુભાશુભ કર્મો જેમનું નિમિત્ત છે. એવા સુખ-દુઃખ પરિણામોનું ભોક્તૃત્વ હોવાથી 'ભોક્તા' છે...' 'ભોકતા...'** નિશ્ચય એટલે ખરેખર. ખરેખર એટલે કે એની વર્તમાન દશામાં સુખ-દુઃખની કલ્પના થાય છે. પૈસામાં સુખ છે, વિષયમાં સુખ છે. એવી કલ્પના હોં! શરીર ઠીક હોય તો ઠીક છે, સુખ છે, નીરોગી શરીર (હોય) તો સુખ છે. આવે છે કે નહીં? પહેલું સુખ તે જાતે નર્યા. ધૂળેય નથી નર્યા. સાંભળને હવે! સારા મૂઢને!

લખાણ એવા બધા. પહેલું સુખ તે જાતે નર્યા. શરીર નીરોગી તે સુખ છે. મૂઢ છો! આ તો જડ માટી છે. એવી તારી સુખની કલ્પના એ તો મિથ્યા મૂઢની છે. બીજું સુખ ઘેર ચાર દિકરા. ચાર દિકરા હોય તો ઠાઠડી સરખી ઉપાડી શકે ને? ચાર જણા હોય ને ચાર, ઠીક. ત્રીજું સુખ સુકૂળની નાર. નાર સુકૂળની હોય કે દુકૂળની એમાં સુખ તને કયાંથી આવ્યું? ધૂળમાં? કહે છે કે નહીં એમ કાંતિભાઇ! અને ચોથું સુખ કોઠીએ જાર. ઘરમાં વર્ષ, બે વર્ષ, પાંચ વર્ષના દાણા પડયા હોય તો સુખી. મૂઢ છો પણ મરી જઇશ હમણાં. દાણા પડયા રહેશે તારા. હેં? અને દાણા હોય તો અંદરમાં વીંછી કરડયો હોય ને પીડા થાતી હોય. હાય! હાય! મરી જાવ છું! કેમ મરી જાશ. છે ને બધું આ? આ સુખનું બધું માને છે બધું પડયું છે જુઓ આ. તારા ઢગલા પાંચ દસ લાખના. આ પૈસા, આ બંગલો હજીરો મોટો, જુવાર મોટી, આ ઘઉં. વીસ રૂપિયાના મણ. શું મોંઘા મળે છે કાંઇ ખબર પડતી નથી. પહેલાં તો બે રૂપિયા, અઢી રૂપિયાના મણ આવતા. પચીસ રૂપિયા. કહો. પહેલાં બે. આ બધા ઘઉં પડયા છે ને કોઠીએ સો મણ! પણ મરી જાઉં છું. અરે! હાય! હાય! એવી પીડા! એવી પીડા!

એક બાઇ નાગરણ હતી. તે ઓલા રાંધવા વખતે પાતળું લૂગડું પહેરે. પાતળું બહુ પહેરે. અને એ પાટલા ઉપર બેસવા ગઇ તો હેઠે વીંછી અને હેઠે કરડયો.હવે, હાય! હાય! હેં?

મુમુક્ષુ :- બેસવાની જગ્યાએ કરડયો.

ઉત્તર :-હા, ન્યાં કરડયો. અને પાતળું લૂગડું પહેરીને, ઓલા જાજા લૂગડા ધોવા પડે ને? પાતળું લૂગડું હતું ને? પાટલે બેઠી ને પાટલામાં વીંછી હેઠેથી કાણામાંથી નીકળ્યો અંદરથી. ફટ કરડયો. હાય! હાય! અહીં થાય છે ને જુઓને, પૂરણ પુરી કરવા બેઠી, આમ મહેમાન આવ્યા છે. ધૂળેય નથી. સાંભળને હવે! હાય રે હાય!

કહે છે કે એ શરીરને વીંછી કરડયો માટે દુઃખી છે એમ નથી. એ તો જડની અવસ્થા છે. પણ તે અવસ્થા મને થાય છે એવી માન્યતા (કરે છે) તેથી દુઃખી થાય છે. એ દુઃખી અને બહારની અનુકૂળતા વખતે કલ્પના કરે છે કે અમે સુખી છીએ. અમારે બાદશાહી છે. પૈસે ટકે હામ, દામ, ઠામ કહે છે ને? હેં? હામ, દામ ને ઠામ. હામ એટલે હિંમત, દામ એટલે પૈસો અને ઠામ એટલે મકાન એના ઠેકાણાના, રહેવાના પાંચ, પંદર લાખના. સુખી. ધૂળેય નથી સાંભળને! દુઃખી છો. પણ કહે છે કે એમાં સુખ દુઃખની જે કલ્પના તું કરે છો એ તારા પરિણામ છે. એને એ ભોગવે છે. એ નિશ્ચય છે. નિશ્ચય એટલે એની સ્વ દશામાં ભોક્તા છે. એ ભોગવવું કાંઇ પરની સ્થિતિને નથી. આહાહા! સમજાણું કાંઇ?

**'વ્યવહારે (અસદ્ભૂત વ્યવહારનયે) શુભાશુભ કર્મોથી સંપાદિત...'** પૂર્વના પુણ્ય ને પાપને કારણે મળેલી લક્ષ્મી એમાં કાંઇ પુરુષાર્થથી મળતી નથી. એમ હશે? ધૂળેય નથી જોતું હવે એ તો એના પુણ્ય ને પાપના જેવા પરિણામ પૂર્વે કરેલાં એવા રજકણો બંધાણા. એ રજકણોનો પાક થતાં

એ ઢગલો દેખાય ધૂળનો. એમાં છે શું પણ તને? આહાહા! સમજાણું કાંઈ? કહે છે કે વ્યવહારે શુભાશુભ કર્મો જે બાંધેલાં એનાથી પ્રાપ્ત થયેલાં ઈષ્ટ અનિષ્ટ વિષયો. ઈષ્ટ વિષયો મળે. સ્ત્રી, કુટુંબ આ બધું અનુકૂળ અને અનિષ્ટ મળે. વીંછી કરડે, સર્પ કરડે એ અનિષ્ટ વિષયો.એને જે ભોગવું છું એમ કહેવું, ઓલી પર ચીજને હોં! એને ભોગવતો નથી. પણ પોતે સુખ-દુઃખની કલ્પનાને ભોગવે છે એમાં ઓલું નિમિત્ત છે ને એટલે વ્યવહારે ભોગવે છે એમ કહેવામાં આવે છે. આરે! વ્યવહાર ને નિશ્ચય આ બધું. સમજાણું? ત્યાં સુધી તો આવ્યું છે આપણે કાલ. થોડુંક નહીં?

હવે, **'નિશ્ચયથી** એટલે ખરેખર **લોક પ્રમાણ હોવા છતાં...'** ભગવાનઆત્મા એના પ્રદેશો અસંખ્ય, લોકની સંખ્યા જેટલા છે. હવે એ બધું પાછું એને નક્કી કરવું પડે. આખો લોક ચૌદ બ્રહ્માંડ છે. એમાં આકાશના અસંખ્ય પ્રદેશ છે. એક પરમાણુ જેટલી જગ્યોને રોકે તેને પ્રદેશ કહીએ. એવા નાનામાં નાના પ્રદેશ એક એવા અસંખ્ય પ્રદેશ લોકમાં છે, આકાશમાં. એટલા પ્રદેશ એક જીવના છે. કારણ કે આંહી છે તે આંહી નથી, આંહી છે તે આંહી નથી, આત્મા હોં! આ શરીર રજકણ તો જુદા. એવા એવા અસંખ્ય પ્રદેશ છે. એ લોકની સંખ્યા જેટલા છે. છતાં એમ **'હોવા છતાં વિશિષ્ટ અવગાહપરિણામની શક્તિવાળો હોવાથી...'** દેખો હવે!

એ પોતાને જ અવગાહનમાં નાના મોટું થવું એવી શકિત પોતાની છે. નાના શરીરમાં નાનો રહે, મોટા શરીરમાં એવડો થાય. આમ એક જ શરીરમાં મોટું સાંઢડા જેવું શરીર થાય ને ક્ષય થાય. (તો) ચકલા જેવું ટેટું થઈ જાય. આ નહીં તમારે કોણ રંજનભાઈ. રંજનભાઈનો દિકરો હતો ને? વઢવાણ નહીં તમારે? ચક્કીના ઓલામાં રહ્યો હતો. બે હજારની સાલમાં, બે હજારની સાલમાં. નવાણુંની સાલમાં. હરજીવનભાઈ હતા ને? હરજીવનને નામ? એના કુટુંબમાં હતા ને શેઠીયા. ભૂલી ગયા નામ. એનો છોકરોને આ ગોપાણીમાં પરણ્યો હતો. વખતા ગોપાણી બોટાદ. એ મરી ગયો છ મહિનામાં. જીર્ણ શરીર. રૂપાળું બહુ હતું. જીર્ણ થઈ ગયું. એ જતીના, જતીના છે ને લાલચંદભાઈ. મેડી ઉપર હતા. છેલ્લે નવકાર સંભળાવવા ગયા હતા. પણ ટેટા જેવું શરીર હતું. એવું શરીર હતું રૂપાળું મોટું! વખતા ગોપાણી. વખતચંદ સવાણી ગોપાણી. સવા ગોપાણી બોટાદવાળા. એનો જમાઈ. થોડા વખત. આઠ મહિના રહ્યો હતો ને થોડા વખત ત્રણ, ચાર મહિનાથી માંદો પડી ગયો. માંગલિક સંભળાવવા ગયા હતા. કોઈ સંભળાવે નહીં. કહે નહીં કે આ મરી ગયો છે. એક બાઈ એવી નીકળી કુટુંબમાંથી. મહારાજ! હવે આને કાંઈક સંભળાવો હોં! આની છેલ્લી સ્થિતિ છે. કહેવું શી રીતે? આઠ મહિનાનું તો પરણેતર હતું. સમજાણું? વઢવાણના હતા વઢવાણના. અમારી બાજુના. ઘણા વર્ષ થઈ ગયા હતા. નવાણુંની સાલ હતી. અઠ્યાવીસ વર્ષ થયા. પછી એને કહે સંભળાવો. એક બાઈ માળી નીકળી હોં! મને ખ્યાલ આવી ગયો હતો કે આ બચે એવું નથી કાંઈ. એ રૂપાળું શરીરને આમ ચકલા જેવું થઈ ગયું.

એ આત્માના પ્રદેશ અવગાહન જે સંકોચે છે એ પોતાને કારણે છે એમ કહે છે. શરીર જ્યારે આમ રૂષ્ટ હોય ત્યારે આમ પહોળા આત્માના પ્રદેશ હોય એ પણ પોતાને કારણે. એટલે **'વિશિષ્ટ...'** નામ ખાસ, **'અવગાહ...'** નામ વ્યાપવું એવા **'પરિણામની શક્તિવાળો હોવાથી...'** એમ. કર્મને નિમિત્તે આમાં પરિણામ અવગાહન નાનું મોટું થાય છે એમ છે નહીં. હા પણ જોને આ શરીર આવું હોય. આમાં આત્માના પ્રદેશ વ્યાપે એમ છે ને એટલા પ્રમાણમાં? બાકી આ તો આ પડી જાય, પાછા આત્માના પ્રદેશ એટલા સંકોચાય જાય. એ કાંઈ શરીરને કારણે નહીં. એના અવગાહવું એટલે પ્રદેશોનું વ્યાપવું એવા પરિણામવાળો ખાસ **'વિશિષ્ટ અવગાહપરિણામની શક્તિવાળો હોવાથી...'** એમ. કેટલાક કહે છે ને? જુઓ! આ કર્મના પ્રમાણે અવગાહન મળે. એમ નથી એમ કહે છે અહીં. હજાર જોજનનું માછલું થયું જીવ. હજાર જોજનનું હો, અનંતવાર. એટલામાં કહો વ્યાપ્યું. એક માછલું નાનું અંગુલના અસંખ્ય ભાગમાં થાય છે. એમાંય અનંતવાર ગયો છે. ત્યાં એટલી અવગાહના નાની. ઈ કેમ? કે શરીરને લઈને? કર્મને લઈને? કહે, ના. લોકપ્રમાણે અસંખ્ય પ્રદેશે વ્યાપવાની તાકાતવાળો હોવા છતાં તેને ક્ષણે ક્ષણે સમયમાં શરીર પ્રમાણે જે અવગાહન થાય છે એ પોતાની યોગ્યતાથી થાય છે.

આ દેખાતું નથી આ રહ્યું. પચીસ પચીસ વર્ષના જુવાન એવા હોય છે ને? છ મહિના ક્ષય થઈ જાય તો ઓગળી જાય છે. ઓગળી જાય. એકલા આંતરડા દેખાય, હાડકાં દેખાય. આ બધું. હમણાં કૂતરું નહોતું મરી ગયું કપાઈને. એના પ્રદેશો હતા પગના. સંકોચાઈ ગયા. કયાં ગયા? આહાહા! સમજાણું? હમણાં ડાઘો મોટો કૂતરો હતો ને પગ કપાઈ ગયો ને! આંહી આવીને રોતો હતો. પીડા સહન ન થાય. રોવે રોવે રોવે. આહાહા! દાકતર આવ્યો હતો બિચારો. આયુષ્ય કાંઈ... રોતો રોતો રોતો મરી ગયો. એવો રોવે. પીડા પીડા પીડા. એ આટલું વહ્યું ગયું ને. ચીંથરા જેવું લટકતું હતું ચામડું હાથ લાંબુ ને લોહી હાલ્યું જાય.

એ બધી અવગાહન આત્માના પ્રદેશ સંકોચાઈ ગયા. એ હાડકું તૂટી ગયું માટે એને કર્મને લઈને નહીં. એમ કહે છે. આહાહા! એ જીવને અવગાહ વ્યાપવાની પરિણામની શક્તિ જ એવી છે. જુઓ! **'વિશિષ્ટ...'** એટલે ખાસ, અવગાહવું એટલે વ્યાપવું શરીર પ્રમાણે. પરિણામ એટલે અવગાહના પરિણામ હોં! પર્યાય એ જાતની. **'એવી અવગાહપરિણામની શક્તિવાળા હોવાથી અને નામકર્મથી રચાતા નાના-મોટા શરીરમાં રહેતો થકો...'** કહો, સમજાણું? **'વ્યવહારે (સદ્‌ભૂત વ્યવહારનયે)...'** પર્યાયનું અવગાહન થયું ને! સદભૂત વ્યવહારનય પર્યાય એની છે ને પોતાની. અવગાહવાની નાના-મોટું થવાની પર્યાય એની છે. જે સદ્‌ભૂત વ્યવહાર એ અસદ્‌ભૂત વ્યવહાર નહીં એમ. **(સદ્‌ભૂત વ્યવહારનયે) 'દેહપ્રમાણ' છે...'** સદ્‌ભૂત વ્યવહાર ને અસદ્‌ભૂત વ્યવહાર ને અશુદ્ધ નય ને શુદ્ધ નય તે કોણ માને? આહાહા!

વીતરાગ સર્વજ્ઞના માર્ગ સિવાય આ વાત કયાંય હોય શકે નહીં. બધેય ગપ્પે ગપ માર્યા છે બધાએ અધ્ધરથી. ત્યાં તો આત્મા છે ને સર્વ વ્યાપક છે ને એ શુધ્ધ છે ને. ધૂળેય નથી સાંભળને! ભગવાન પરમેશ્વર કેવળીએ કહેલો આવો જીવ છે. એવા જીવને આમ છે તેમ તેને બરાબર જાણવું જોઈશે. આનાથી ઓછું, અધિક ને વિપરીત જ્ઞાન એકલું દુઃખ દાયક ને પાપ છે એકલું એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? બે કહ્યા. બે ન્યાય. એમાં બે આપ્યા કે નહીં બે. નિશ્ચય અને વ્યવહાર. વ્યવહાર કેવો સદ્ભૂત વ્યવહાર. નિશ્ચય કેવો કે અસંખ્ય પ્રદેશે એવા ને એવા અસંખ્ય રહે છે માટે નિશ્ચય. ભલે લોક પ્રમાણે હોવા છતાં અસંખ્ય પ્રદેશ છે તે નિશ્ચય અને એની અવગાહના નાના-મોટા થવાની શકિત છે માટે એનામાં થઈ છે. એકરૂપ રહી નથી માટે વ્યવહાર. પણ એની છે માટે સદ્ભૂત. સમજાણું કે નહીં?

હવે બીજું. અમૂર્તને સિધ્ધ કરે છે. 'ન હિ મૂર્તઃ' એમ શબ્દ છે ને? પાઠ સંસ્કૃત એમ છે. **'ન હિ મૂર્તઃ. નિશ્ચયે અરૂપી-સ્વભાવવાળો હોવાને લીધે...'** ભગવાનઆત્મા તો અરૂપી છે. હમણાં કોઈક કહેતું હતું ને? અરૂપી છે ને? હા, વળી કોઈક આવ્યો હતો ને? ઓલો નહોતો આવ્યો કોઈક શેઠીયો. હેં? **'અસદ્ભૂતનયે એકત્વપરિણામને લીધે મૂર્ત હોવા છતાં...'** એની સામે પહેલું નાખ્યું. ઓલું પહેલું ગયું ને? પાઠમાં મૂર્ત નથી ને? એણે સામે નાખ્યું. વ્યવહારે, અસદ્ભૂત વ્યવહારનયે જો આ અસદ્ભૂત વ્યવહાર. કારણ કે કર્મ જડ છે ને! એની સાથે એકત્વપરિણામને લીધે. વ્યવહારે એકત્વ હોં! **'મૂર્ત હોવા છતાં...'** એકત્વપરિણામની અપેક્ષાએ મૂર્ત કહેવામાં આવે.

પરમાણુ જડ છે, મૂર્ત છે. આત્મા અરૂપી છે. પણ બે નું એક ક્ષેત્રાવગાહન છે એથી એને વ્યવહારે મૂર્ત કહેવામાં આવે છે. ઓલા મૂર્ત છે કર્મ માટે આને મૂર્ત કહેવાય. એ ઉપચાર વ્યવહાર છે. પણ કેવો? અસદ્ભૂત વ્યવહાર. જૂઠ્ઠો વ્યવહાર છે. સમજાણું કાંઈ? આ હમણાં એક આવ્યો નહોતો ઓલો પૈસાવાળો કોઈક મોટો. પાલીતાણા! હેં? હુબલીવાળો. આત્માની ખબર ન મળે મોટો પૈસાવાળો શેઠીયો. પાંચ પચાસ લાખ ખર્ચવા હોય તો ખર્ચી નાખે. ધૂળ હવે ન્યાં કયાં તારી ધૂળ હતી? મહારાજ! આત્મા અરૂપી છે ને? કહે, શેનો બન્યો હશે? લ્યો! આ બધા એના અગ્રેસરો! આવા ને આવા બુડથલ જેવા છે. જૈનના અગ્રેસરો કહેવાય છે. લાખ બે લાખ ખર્ચતા હોય બાર મહિને. એટલે એને કહે, આહાહા! ભારે આ તો. શેઠીયા છે તો હારે માણસ આવ્યો હતો ને? ધર્મશાળામાં. અગ્રેસર છે મોટો પૈસાવાળો. મહારાજ! આત્મા શેનો બન્યો હશે? અરૂપી તો કીધું પણ અરૂપી. અરે!

આત્મા વસ્તુ છે અરૂપી છે, અનાદિ છે. બને કોનાથી? સત્ છે એ બને કોનાથી? ચૈતન્ય સ્વરૂપ છે. ચૈતન્ય સ્વરૂપ બન્યું શી રીતે?

મુમુક્ષુ :- પણ નવું કે દિ' બન્યું? એ તો અનાદિનું છે.

ઉત્તર :- ગોળ ને ગળપણ બેય એક જ ચીજ છે. એમ ચેતન આત્મા અને ચૈતન્ય ગુણ સ્વભાવ

એ તો અનાદિના એમ ને એમ છે. સત્ છે એની ઉત્પત્તિ શું અને સત્ છે એનો નાશ શું ? ને સત છે એમાં પરને કારણે થાય એવું હોય શકે નહીં. સત્ તો અહેતુક છે. આહાહા! કાં તો એક ભગવાન કર્તા છે એમ માની લેવું ને કાં સર્વવ્યાપક માની લેવું બસ. મૂઢ થઈને પડો જાવ. હેં? અજ્ઞાની આમ ને આમ અનાદિકાળના રખડે છે.

કહે છે કે વસ્તુ તો કર્મના નિમિત્તનું ઉપચાર કરીને કહીએ તો તેને મૂર્ત કહેવામાં આવે. વસ્તુ તો અરૂપી છે ભગવાન. પણ કર્મ મૂર્ત છે એના સંબંધના એકપણાની અપેક્ષા લઈએ તો ઉપચારથી તેને અસદ્‌ભૂત વ્યવહારનય કહેવામાં આવે છે. અસદ્ મૂર્ત કહેવામાં આવે છે. **'નિશ્ચયે અરૂપી-સ્વભાવવાળો હોવાને લીધે**...' ખરેખર એનું સ્વરૂપ તો રંગ-ગંધ-રસ-સ્પર્શ વિનાનું અરૂપી છે. અરૂપી પણ કાંઈક રૂપ હશે કે નહીં એનું? રૂપ એનું છે જ્ઞાન-દર્શન આદિ એનું રૂપ, તે સ્વરૂપ. રૂપ તે સ્વરૂપ. પણ રંગ-ગંધ નહીં માટે અરૂપી. સમજાણું કાંઈ?

કોને પડી છે. આવો આત્મા હશે કે નહીં? જીંદગી ગાળી ને મરીને જાવું પછી નરક ને નિગોદ. હેં? એ જાગ્રત માટે તો કહેવામાં આવે છે. એમ ને એમ જીંદગી ગાળે હોળીમાં. એને આત્મા શું છે? વીતરાગ શું કહે છે? પરમેશ્વર કેવી જાત છે? એને જાણવામાંય નથી જયાં તો સર્જે તો કયાંથી? અને ઠરે ધર્મ તો કયાંથી હોય ધૂળમાં? આહાહા! નિશ્ચયે ભગવાનઆત્મા તો અરૂપી છે. એને રૂપ-રંગ-ગંધ-સ્પર્શ-રસ (છે જ નહીં) અરૂપી હોવા છતાં તે વસ્તુ છે. અરૂપી એટલે કોઈ અવસ્તુ છે એમ નથી. અરૂપી એટલે અવસ્તુ એમ નથી. અરૂપી એટલે કે એમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ નથી. પણ અરૂપી એક વસ્તુ છે, પદાર્થ છે, મહાન પદાર્થ છે, અસ્તિ સત્તા છે. આહાહા! સમજાણું કાંઈ?

**'નિશ્ચયે અરૂપી-સ્વભાવવાળો હોવાને લીધે 'અમૂર્ત' છે...'** ઓલી વ્યવહારથી પહેલી વાત કરી એમ. પાઠમાં અમૂર્ત છે. મૂર્ત નથી એમ સિદ્ધ કર્યું. હવે જરી નિમિત્ત-નિમિત્ત સંબંધ જણાવે છે હોં થોડો. **'નિશ્ચયે પુદ્‌ગલપરિણામને અનુરૂપ ચૈતન્યપરિણામાત્મક કર્મો સાથે સંયુક્ત હોવાથી 'કર્મસંયુક્ત' છે...'** શું કહે છે. આ તો એની મેળે વાંચે તો કાંઈ હાથ આવે એવું નથી, અભ્યાસ ન હોય એને. અભ્યાસ ન હોય એને એમ કીધું હોં!

કહે છે ખરેખર જોઈએ તો આત્માના જે પુણ્ય ને પાપના પરિણામ થાય છે એ પુદ્‌ગલ ઉદયને અનુરૂપ છે. શાંતિથી જાણો. એ કર્મ છે જડ એ નિમિત્ત છે. નિમિત્ત છે ઉદય એને અનુકૂળ છે, અનુરૂપ. અનુકૂળ કર્મ અને અનુરૂપ જીવના પુણ્ય ને પાપના ભાવ. શું કહે છે?

ખરેખર તો એટલું બસ. ખરેખર એટલું હવે. એ **'પુદ્‌ગલપરિણામ...'** જે જડ છે **'એને અનુરૂપ ચૈતન્યપરિણામાત્મક કાર્યો એની સાથે સંયુક્ત હોવાથી તે 'કર્મસંયુકત' છે...'**

આરે! શું કહ્યું? નિશ્ચયથી તો વિકારી પરિણામ સંયુક્ત છે માટે તે નિશ્ચયથી કર્મસંયુક્ત છે. કર્મ એટલે વિકારી પરિણામ. માટે એને કર્મસંયુક્ત નિશ્ચયથી કહ્યો. વ્યવહાર બીજો કહેશે.

ફરીને. નીચે કર્યું છે જુઓ! **'સંસારી આત્મા નિશ્ચયે નિમિત્તભૂત પુદ્ગલકર્મોને અનુરૂપ એવા નૈમિત્તિક આત્મપરિણામો સાથે (અર્થાત ભાવકર્મો સાથે) સંયુક્ત હોવાથી કર્મસંયુક્ત છે...'** ભાવકર્મની વાત. ભાવકર્મ એટલે? મિથ્યાત્વભાવ દયા-દાનના પરિણામ, કામ-ક્રોધના વિકલ્પો. સમજાય છે કાંઈ? એવા જે શુભાશુભ ભાવ એ કર્મ જે ઉદય છે એ નિમિત્ત છે. એને અનુરૂપ તે પુણ્ય ને પાપના પરિણામ છે એટલે નૈમિત્તિક. કર્મનો ઉદય નિમિત્ત છે એ વ્યવહાર થઈ ગયો. આ નહીં. અને આનામાં થયેલાં પરિણામ પુણ્ય ને પાપના, દયા-દાન, વ્રત-કામ-ક્રોધના પરિણામ તે નૈમિત્તિક છે. પણ નૈમિત્તિક સ્વના છે માટે તે નિશ્ચય. એવા વિકારી પરિણામથી આત્મા સહિત છે. માટે નિશ્ચયથી કર્મસંયુક્ત કહેવામાં આવે છે ભાવકર્મ. સમજાણું કાંઈ?

આ જીવ કેવો છે એની આ ગાથા છે. લ્યો! આહાહા! એમ જ કોઈ માની લ્યે કે વિકારી પરિણામ અનાદિના મારામાં નથી. સમજાણું કાંઈ? પર્યાયમાં નથી, તો એ જીવને જાણતો નથી. જીવની એને ખબર જ નથી. મૂઢ છે. સમજાણું કાંઈ? આત્મા તો શુધ્ધ જ છે બધી રીતે . દ્રવ્યે શુધ્ધ, ગુણે શુધ્ધ, પર્યાયે શુધ્ધ. એમ છે નહીં. એમ જીવ છે નહીં. જો પર્યાયે શુધ્ધ હોય તો એને આ રાગ-દ્વેષનું દુઃખ ને કલ્પના એ કોની છે? અને જો દુઃખ ન હોય અને વિકારીભાવ ન હોય તો વિકારીને ટાળવો, ટાળવો એ ક્યાં રહ્યું એને? સમજાણું કાંઈ?

સમયસારમાં એમ આવે કે દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત સમયસાર તે આત્મા. એ તો ત્યાં દ્રવ્યની વાત છે. અને આંહી તો દ્રવ્ય, ગુણ અને એની પર્યાયનું સમાપ્તપણું એની સત્તામાં એની વ્યાખ્યા છે. આહાહા! થોડી બુધ્ધિવાળા અમારે ફાવાભાઈ હતા ને (તે કહેતા) સવારે કાંઈ સાંભળીએ, બપોરે (કાંઈ) સાંભળીએ. ઓલું નક્કી કરવા જાઈએ તો આંહી બીજું આવે કહે. ખબર ન મળે મૂળ. અભ્યાસ જ ન મળે સત્યનો. અને પછી ગોથા ખાધા કરે.સવારે એમ સાંભળીએ સમયસારમાં કે આત્મામાં દ્રવ્યકર્મ ને ભાવકર્મ વિકલ્પ ત્રણકાળમાં નથી તેને આત્મા કહેવામાં આવે છે. એવા આત્માને શ્રધ્ધે તો સમકિત કહેવામાં આવે છે.

અહીં કહે છે કે આત્મા પુણ્ય ને પાપના પરિણામવાળો અશુધ્ધ નિશ્ચયથી એમાં છે. બાકી એનાવાળો છે એમ નિશ્ચયથી કહેવામાં આવે છે. એ પર્યાયનો નિશ્ચય છે. દ્રવ્યનો નથી. સમજાણું કાંઈ? પણ જે રીતે છે એને એ રીતે લક્ષમાં ન લ્યે તો પછી તત્ત્વની દૃષ્ટિ સાચી થઈ શકશે નહીં. એને ધર્મ થઈ શકશે જ નહીં જરીએ. એ રખડવાનો ચારગતિમાં. સમજાણું કાંઈ? આહાહા! એ મૃત્યુકાળે આ શરીર કામ નહીં કરે, શ્વાસ નહીં હાલે, આમ થશે, અરેરે! આમ થાય! શૂળ ચડશે ચારે કોરથી. બાપા

એ તો જડની અવસ્થા છે. હાલો હાલો રે નિકાલ કરો. કાઢો કાઢો રે સહુ કહે. હેં? જ્યાં દેહ છૂટયો ફૂ થયો (ત્યાં કહે) કાઢો રે કાઢો. નહીં તો સડશે, કાં તો બગડશે. તો આપણે મોડું થાય છે રોટલાનું. બરાબર મરી ગયો હોય આઠ વાગ્યે હવે કરવું શું? દસ વાગ્યા પહેલાં તો બાળીને નહીં આવે. દસ અગિયાર થશે માળુ સારું. મનમાં કેટલાકને તો એવા વિકલ્પેય થાય. થઈ જતાં હશે કે નહીં? આહાહા! અરેરે! દેહથી છૂટો પડવાને કાળે એકત્વપણે માન્યો એની ભીંસનો પાર ન હોય.

એ અહીં કહે છે કે પરથી તો જુદો છો પણ પરવાળો તને કહેવો એ તો વ્યવહારનયનું વચન છે. જૂઠનયનું વચન છે. પણ તારા વિચારની પર્યાયવાળો અશુદ્ધ છે એ તો બરાબર છે કહે છે. વિકારી પર્યાય તારી દશામાં છે. સમજાણું કાંઈ? એટલે પુણ્ય ને પાપના વિકાર એવું ભાવકર્મ એટલે ભાવકાર્ય એ સહિત છે એમ કહેવું એ નિશ્ચય છે. કેમ કે સ્વ છે, સ્વમાં છે માટે. સ્વઆશ્રય નિશ્ચય અને પરઆશ્રય વ્યવહાર.

નિશ્ચયથી પુદ્ગલપરિણામને એટલે નવા કર્મ બંધનને અનુરૂપ, નવા કર્મ બંધનને અનુરૂપ. લ્યો! નવા કર્મને અનુરૂપ અહીં તો એ આવ્યું છે. **'ચૈતન્યપરિણામાત્મક કર્મો સાથે સંયુક્ત હોવાથી...'** ચૈતન્યપરિણામાત્મક સ્વરૂપ એટલે વિકાર એની સાથે સંયુકત હોવાથી **'કર્મસંયુક્ત છે...'** એના પરિણામ અનુરૂપ છે ને નવા કર્મને.

હવે વ્યવહારનયે અસદ્ભૂત જૂઠ્ઠીનયે **'ચૈતન્યપરિણામને અનુરૂપ...'** ચૈતન્યના વિકારી પરિણામ એને અનુરૂપ. જેવા વિકારી પરિણામ થયા એને અનુરૂપ એવું જ કર્મ બંધાય. એ પુદ્ગલપરિણામ કર્મો સાથે સંયુકત હોવાથી કર્મ સંયુકત છે. આ ઝીણું છે થોડુંક છેલ્લા બેય. ખરેખર તો પુદ્ગલ પરિણામ જે છે, નવા બંધાય એ હોં! એને અનુરૂપ. નવા પરિણામ થાય એના ઓલા કર્મના. પુદ્ગલ પરિણામને અનુરૂપ એમ. પહેલું કહ્યું હતું પુદ્ગલનો કહ્યું હતું. ઉદય કહ્યો હતો. ઉદય છે નિમિત્ત અને વિકારી નૈમિત્તિક એ બીજી ચીજ થઈ. અહીં તો કહે છે કે પુદ્ગલ કર્મ જે નવા બંધાય છે એને અનુરૂપ. **'ચૈતન્યપરિણામાત્મક કર્મો સાથે સંયુક્ત હોવાથી...'** સમજાણું કાંઈ?

**'કર્મ ભાવકર્મસંયુક્ત છે...'** શું કીધું આ? **'નિશ્ચયે પુદ્ગલપરિણામને અનુરૂપ...'** કયા પુદ્ગલ પરિણામ? નવા કર્મ પુદ્ગલપરિણામના થાય તેને. અનુરૂપ કોણ છે? ચૈતન્યપરિણામાત્મક કર્મો વિકારીભાવ. આમ તો ઓલા પુદ્ગલપરિણામ પર છે, એ સ્વતંત્ર છે. એને અહીં નિમિત્ત થાય છે ને? પુદ્ગલપરિણામને નિશ્ચયથી પુદ્ગલપરિણામ કીધું ને? પુદ્ગલકર્મોને અનુરૂપ. નવા બંધાય છે ને? નિમિત્તભૂત પુદગલકર્મોને એમ કીધું. એવા નૈમિત્તિક આત્મપરિણામો. એટલે બંધનમાંથી આવ્યું. સંસારી આત્મા નિશ્ચયે નિમિત્તભૂત પુદગલકર્મોને નિમિત્તભૂત પર થઈ ગયા. કારણ કે અનુરૂપ છે ને આ તો. પુદગલપરિણામને **'ચૈતન્યપરિણામાત્મક કર્મો સાથે પોતાના વિકારી પરિણામ સાથે સંયુક્ત હોવાથી તે કર્મસંયુક્ત છે...'** બસ. ભાવકર્મની સાથે સંયુકત તે નિશ્ચય અને દ્રવ્યકર્મથી સંયુકત તે વ્યવહાર.

આમાં ખુલાસો કર્યો છે જુઓ નીચે. આત્માને નિશ્ચયે નિમિત્તભૂત પુદ્‌ગલકર્મોને અનુરૂપ એવા નૈમિત્તિક આત્મપરિણામો થયા ને? (અર્થાત ભાવકર્મો સાથે) સંયુકત હોવાથી તે કર્મસંયુકત છે. નિમિત્તભૂત પુદ્‌ગલકર્મો અને નૈમિત્તિક અનુરૂપ પરિણામ બેયનો ખુલાસો કર્યો. અને વ્યવહારે નિમિત્તભૂત આત્મપરિણામોને, હવે નવાને અનુરૂપ એવા નૈમિત્તિક પુદ્‌ગલકર્મો સાથે દ્રવ્યકર્મ સાથે સંયુકત હોવાથી કર્મસંયુકત છે. નવાને આત્માના નિમિત્તભૂત પરિણામ થાય છે. નવા છે તે નૈમિત્તિક છે. આ નિમિત્ત થાય છે. એથી વિકારી પરિણામ સહિત જીવને માનવો એ નિશ્ચય છે. અને જૂના કર્મોનું નિમિત્તપણું અને નૈમિત્તિકપરિણામ આ. આ પરિણામ થયા એવાને કર્મ સહિતનું કહેવું, એ જડ સહિતનું કહેવું એ અસદ્‌ભૂત વ્યવહાર છે. સમજાણું કાંઈ? ઝીણું પડયું થોડુંક.

**'સંસારી આત્મા નિશ્ચયે નિમિત્તભૂત પુદ્‌ગલકર્મોને...'** નિમિત્તભૂત એ છે ને? ઉદય. એને **'અનુરૂપ...'** કોણ? (તો) કહે જીવના પરિણામ. એ જીવપરિણામ સહિત છે એમ કહેવું એ નિશ્ચય, ભાવકર્મ. આત્મા ભાવકર્મ સહિત છે એમ કહેવું એ નિશ્ચય. કારણ કે એનામાં છે માટે. નૈમિત્તિક એ છે ને? ઓલું તો નિમિત્ત છે. અને નિમિત્ત જે વ્યવહાર કર્મ છે. આ નૈમિત્તિક સાથે નિશ્ચય છે એ નિશ્ચય અને નિમિત્ત સાથે સંબંધ છે તે વ્યવહાર. નૈમિત્તિક એવા વિકારી પરિણામ સાથે સંબંધ છે તે નિશ્ચય અને નિમિત્ત એવા કર્મ સાથે સંબંધ છે એવો અસદ્‌ભૂત વ્યવહાર. આવું કોણ નવરા હોય? સમજે કોણ? મૂકને પડતી. ભગવાન! ભગવાન કરો. ભાઈ! ભગવાન કર્યે મરી જાય તો પણ ધર્મ થાય એવો નથી લે! સમજાણું કાંઈ? ભગવાન! ભગવાન! ભગવાન! ભગવાન! ભગવાન! ગોખને અંદર તે તો વિકલ્પ રાગ છે. રાગ છે તે અધર્મ છે. એ આંહી કહે છે કે એવા ધર્મના પરિણામ સહિત છે તેને અશુદ્ધ નિશ્ચય કહેવામાં આવે છે. એને પૂર્વના કર્મ નિમિત્ત છે. નૈમિત્તિક એના પરિણામ છે. નૈમિત્તિકપરિણામથી સહિત કહેવો તે નિશ્ચય છે અને નિમિત્ત કર્મ છે એના સહિત કહેવો તે વ્યવહાર છે.

બે ચીજ છે. અને બેને કઈ રીતે જાણવી એમ કહે છે. વ્યવહારે, અસદભૂત વ્યવહારનયે ચૈતન્યપરિણામને અનુરૂપ, **'ચૈતન્યપરિણામને અનુરૂપ પુદ્‌ગલપરિણામાત્મક કર્મો એની સાથે સંયુક્ત હોવાથી કર્મસંયુક્ત છે.** લ્યો! **પહેલી છવ્વીસ ગાથાઓમાં ષડ્‌દ્રવ્ય અને પંચાસ્તિકાયનું સામાન્ય નિરૂપણ કરીને હવે સત્યાવીસમી ગાથાથી તેમનું વિશેષ નિરૂપણ શરૂ કરવામાં આવ્યું છે. હોં! તેમાં પ્રથમ જીવનું (આત્માનું) નિરૂપણ શરૂ કરતાં આ ગાથામાં સંસારસ્થિત આત્માને જીવ (અર્થાત જીવત્વવાળો), ચેતયિતા, ઉપયોગલક્ષણવાળો, પ્રભુ, કર્તા ઈત્યાદિ કહ્યો છે. જીવત્વ, ચેતયિતૃત્વ, ઉપયોગ, પ્રભુત્વ, કર્તૃત્વ ઈત્યાદિનું વિવરણ આગળની ગાથાઓમાં આવશે...'**

અહીં તો હજી ટૂંકા શબ્દો કહ્યા છે. હજી તો એક એક જીવત્વ શું, કર્તા શું એની ગાથાઓ આખી આવશે. વિસ્તાર. આ તો એક ટીકાકારે ખુલાસો કર્યો છે. મૂળમાં નથી. મૂળમાં તો નામ જ છે. આ જીવ, ચેતયિતા, ઉપયોગ, અસહાવો, કર્તા, ભોકતા આદિ સમજ્યા ને? એનો ખુલાસો બબ્બે નયે કર્યો હતો. મૂળ શ્લોકો જ આગળ આખા આવશે. એકેકનું જીવતર કોને કહેવું? કર્તા કોને કહેવું? આગળ આખા શ્લોક આવશે. હવે સિધ્ધની વાત ચાલુ થઈ. આ સંસારી અવસ્થાની વાત કરી. એ પૂરી થઈ એટલી. ગાથાની અપેક્ષાએ હોં!

## ગાથા - ૨૮

**कम्मलविप्पमुक्को उड्ढं लोगस्स अंतमधिगंता ।**
**सो सव्वणाणदरिसी लहदि सुहमणिंदियमणंतं ।।२८।।**

कर्ममलविप्रमुक्त ऊर्ध्वं लोकस्यान्तमधिगम्य ।
स सर्वज्ञानदर्शी लभते सुखमनिन्द्रियमनन्तम् ह्व।।२८।।

अत्र मुक्तावस्थस्यात्मनो निरुपाधि स्वरुपमुक्तम् ।

आत्मा हि परद्रव्यत्वात्कर्मरजसा साकल्येन यस्मिन्नेव क्षणे मुच्यते तस्मिन्नेवोर्ध्वगमनस्वभावत्वाल्लोकान्तमधिगम्य परतो गतिहेतोरभावादवस्थित: केवलज्ञानदर्शनाभ्यां स्वरूपभूतत्वादमुक्तोऽनन्तमतीन्द्रियं सुखमनुभवति। मुक्तस्य चास्य भावप्राणधारणलक्षणं जीवत्वं, चिद्रुपलक्षणं चेतयितृत्वं, चित्परिणामलक्षण उपयोग:, निर्वर्तितसमस्ताधिकारशक्तिमात्रं प्रभुत्वं, समस्तवस्त्वसाधारणस्वरूपनिर्वर्तनमात्रं कर्तृत्वं, स्वरूपभूतस्वातन्त्र्यलक्षणसुखोपलम्भरूपं भोक्तृत्वं, अतीतानन्तरशरीरपरिमाणावगाहपरिणामरूपं देहमात्रत्वं, उपाधिसम्बन्धविविक्तमात्यन्तिकममूर्तत्वम् । कर्मसंयुक्तत्वं तु द्रव्यभावकर्मविप्रमोक्षान्न भवत्येव। द्रव्यकर्माणि हि पुद्गलस्कन्धा भावकर्माणि तु चिद्विवर्ता:। विवर्तते हि चिच्छक्तिरनादिज्ञानाह्व वरणादिकर्मसम्पर्ककूणितप्रचारा परिच्छेद्यस्य विश्वस्यैकदेशेषु क्रमेण व्याप्रियमाणा । यदा तु ज्ञानावरणादिकर्मसम्पर्क: प्रणश्यति तदा परिच्छेद्यस्य विश्वस्य सर्वदेशेषु युगपद्व्यापृता कथञ्चित्कौटस्थ्यमवाप्य विषयान्तरमनाप्रुवन्ती न विवर्तते । स खल्वेष निश्चित:

सर्वज्ञसर्वदर्शित्वोपलम्भः । अयमेव द्रव्यकर्मनिबन्धनभूतानां भावकर्मणां कर्तृत्वोच्छेदः। अयमेव च विकारपूर्वकानुभवाभावादौपाधिकसुखदु:खपरिणामानां भोक्तृत्वोच्छेदः । इदमेव चानादिविवर्तखेदविच्छित्तिसुस्थितानन्तचैतन्यस्यात्मनः स्वतन्त्रस्वरूपानुभूतिलक्षणसुखस्य भोक्तृत्वमिति ।।२८।।

**સૌ કર્મમળથી મુક્ત આત્મા પામીને લોકાગ્રને,**
**સર્વજ્ઞદર્શી તે અનંત અનિંદ્રિ સુખને અનુભવે. ૨૮.**

અન્વયાર્થ :- **(कर्ममलविप्रमुक्तः)** કર્મમળથી મુક્ત આત્મા **(ऊर्ध्वं)** ઊંચે **(लोकस्य अन्तम्)** લોકના અંતને **(अधिगम्य)** પામીને **(सः सर्वज्ञानदर्शी)** તે સર્વજ્ઞ-સર્વદર્શી **(अनंतम्)** અનંત **(अनिन्द्रियम्)** અનિંદ્રિય **(सुखम्)** સુખને **(लभते)** અનુભવે છે.

ટીકા : અહીં મુક્તાવસ્થાવાળા આત્માનું નિરુપાધિ સ્વરૂપ કહ્યું છે.

આત્મા (કર્મરજના) પરદ્રવ્યપણાને લીધે કર્મરજથી સંપૂર્ણપણે જે ક્ષણે મુકાય છે (-મુક્ત થાય છે), તે જ ક્ષણે (પોતાના) ઊર્ધ્વગમનસ્વભાવને લીધે લોકના અંતને પામીને આગળ ગતિહેતુનો અભાવ હોવાથી (ત્યાં) સ્થિર રહેતો થકો, કેવળજ્ઞાન અને કેવળદર્શન (નિજ) સ્વરૂપભૂત હોવાને લીધે તેમનાથી નહિ મુકાતો થકો અનંત અતીંદ્રિય સુખને અનુભવે છે. તે મુક્ત આત્માને, ભાવપ્રાણધારણ જેનું લક્ષણ (-સ્વરૂપ) છે એવું 'જીવત્વ' હોય છે; ચિદ્રૂપ જેનું લક્ષણ (-સ્વરૂપ) છે એવું 'ચેતાયિતૃત્વ' હોય છે; ચિત્પરિણામ જેનું લક્ષણ (-સ્વરૂપ) છે એવો 'ઉપયોગ' હોય છે; પ્રાપ્ત કરેલા સમસ્ત (આત્મિક) અધિકારોની *શક્તિમાત્રરૂપ 'પ્રભુત્વ' હોય છે; સમસ્ત વસ્તુઓથી અસાધારણ એવા સ્વરૂપની નિષ્પત્તિમાત્ર (-નિજ સ્વરૂપને રચવારૂપ) 'કર્તૃત્વ' હોય છે; સ્વરૂપભૂત સ્વાતંત્ર્ય જેનું લક્ષણ (-સ્વરૂપ) છે એવા સુખની ઉપલબ્ધિરૂપ 'ભોક્તૃત્વ' હોય છે; અતીત અનંતર (-છેલ્લા) શરીર પ્રમાણે અવગાહપરિણામરૂપ '[૧]દેહપ્રમાણપણું' હોય છે;

---

* શક્તિ = સામર્થ્ય; ઈશત્વ. (મુક્ત આત્મા સમસ્ત આત્મિક અધિકારોને ભોગવવામાં અર્થાત્ તેમનો અમલ કરવામાં સ્વયં સમર્થ છે તેથી તે પ્રભુ છે.)

૧. મુક્ત આત્માની અવગાહના ચરમશરીરપ્રમાણ હોય છે તેથી તે છેલ્લા દેહની અપેક્ષા લઈને તેમને 'દેહપ્રમાણપણું' કહી શકાય છે.

અને ઉપાધિના સંબંધથી [૨]વિવિક્ત એવું આત્યંતિક (સર્વથા) 'અમૂર્તપણું' હોય છે. (મુક્ત આત્માને) '[૩]કર્મસંયુક્તપણું' તો નથી જ હોતું, કારણ કે દ્રવ્યકર્મો અને ભાવકર્મોથી વિમુક્તિ થઈ છે. દ્રવ્યકર્મો તે પુદ્‌ગલસ્કંધો છે અને ભાવકર્મો તે [૪]ચિદ્‌વિવર્તો છે. ચિત્શક્તિ અનાદિ જ્ઞાનાવરણાદિકર્મોના સંપર્કથી (સંબંધથી) સંકુચિત વ્યાપારવાળી હોવાને લીધે જ્ઞેયભૂત વિશ્વના (-સમસ્ત પદાર્થોના) એક એક દેશમાં ક્રમે વ્યાપાર કરતી થકી વિવર્તન પામે છે. પરંતુ જ્યારે જ્ઞાનાવરણાદિકર્મોનો સંપર્ક વિનાશ પામે છે, ત્યારે તે જ્ઞેયભૂત વિશ્વના સર્વ દેશોમાં યુગપદ્ વ્યાપાર કરતી થકી કથંચિત્ [૫]કૂટસ્થ થઈને, અન્ય વિષયને નહિ પામતી થકી વિવર્તન કરતી નથી. તે આ (ચિત્શક્તિના વિવર્તનનો અભાવ), ખરેખર નિશ્ચિત (-નિયત, અચળ) સર્વજ્ઞપણાની અને સર્વદર્શીપણાની ઉપલબ્ધિ છે. આ જ, દ્રવ્યકર્મોના નિમિત્તભૂત ભાવકર્મોના કર્તૃત્વનો વિનાશ છે; આ જ, વિકારપૂર્વક અનુભવના અભાવને લીધે [૬]ઔપાધિક સુખદુઃખ-પરિણામોના ભોક્તૃત્વનો વિનાશ છે; અને આ જ, અનાદિ વિવર્તનના ખેદના વિનાશથી જેનું અનંત ચૈતન્ય સુસ્થિત થયું છે એવા આત્માને સ્વતંત્રરૂપાનુભૂતિલક્ષણ સુખનું (-સ્વતંત્ર સ્વરૂપની અનુભૂતિ જેનું લક્ષણ છે એવા સુખનું) ભોક્તૃત્વ છે. ૨૮

---

૨. વિવિક્ત = ભિન્ન; રહિત.

૩. પૂર્વ સૂત્રમાં કહેલ 'જીવત્વ' આદિ નવ વિશેષોમાંથી પ્રથમના આઠ વિશેષો મુક્તાત્માને પણ યથાસંભવ હોય છે, માત્ર એક 'કર્મસંયુક્તપણું' હોતું નથી.

૪. ચિદ્‌વિવર્ત = ચૈતન્યનો પલટો અર્થાત્ ચૈતન્યનું એક વિષયને છોડી અન્ય વિષયને જાણવારૂપે પલટાવું તે; ચિત્શક્તિનું અન્ય અન્ય જ્ઞેયોને જાણવારૂપે પરિણમવું તે.

૫.કૂટસ્થ = સર્વકાળે એક રૂપે રહેનારી; અચળ. (જ્ઞાનાવરણાદિકર્મોનો સંબંધ નષ્ટ થતાં કાંઈ ચિત્શક્તિ સર્વથા અપરિણામી થઈ જતી નથી; પરંતુ તે અન્ય અન્ય જ્ઞેયોને જાણવારૂપે પલટાતી નથી - સર્વદા ત્રણે કાળના સમસ્ત જ્ઞેયોને જાણ્યા કરે છે, તેથી તેને કથંચિત્ કૂટસ્થ કહી છે.)

૬. ઔપાધિક = દ્રવ્યકર્મરૂપ ઉપાધિ સાથે સંબંધવાળા; દ્રવ્યકર્મરૂપ ઉપાધિ જેમાં નિમિત્ત હોય છે એવા; અસ્વાભાવિક; વૈભાવિક; વિકારી.

## ગાથા ૨૮ ઉપર પ્રવચન

**'હવે મુક્તઅવસ્થાવાળા આત્માનું નિરુપાધિ સ્વરૂપ કહ્યું છે...'** સિધ્ધપરમાત્મા સંસારની દશાનો નાશ થઈને આત્મા પરમાત્મ દશા પામે છે. તેની અવસ્થાનું નિરુપાધિ સ્વરૂપ કહેવામાં આવે છે.

कम्मलविप्पमुक्को उड्ढं लोगस्स अंतमधिगंता ।
सो सव्वणाणदरिसी लहदि सुहमणिंदियमणंतं ।।२८।।

**સૌ કર્મમળથી મુક્ત આત્મા પામીને લોકાગ્રને,**
**સર્વજ્ઞદર્શી તે અનંત અનિંદ્રિ સુખને અનુભવે. ૨૮.**

જુઓ! અહીં તો એ સિધ્ધ કર્યું. લોકાગ્રને પામે. જે આત્મા સંસારની વિકારી દશાનો આત્માના ભાન દ્વારા અનુભવ કરીને નાશ કરે તે પરમાત્મા થાય. તે સિધ્ધ મુકત દશા થાય. એ મુકત દશાનું સ્વરૂપ વર્ણવે છે.

**ટીકા :- 'આત્મા (કર્મરજના) પરદ્રવ્યપણાને લીધે કર્મરજથી સંપૂર્ણપણે જે ક્ષણે મુકાય છે (મુક્ત થાય છે)...'** એ **આત્મા કર્મરજના પરદ્રવ્યપણાને લીધે,** કર્મરજ પરદ્રવ્ય છે. 'એ **કર્મરજથી સંપૂર્ણપણે જે ક્ષણે મુકાય...'** આઠકર્મથી જે ક્ષણે મુકાય આત્માના ધ્યાન દ્વારા. **'મુક્ત થાય છે, તે જ ક્ષણે (પોતાના) ઊર્ધ્વગમન સ્વભાવને લીધે લોકના અંતને પામીને...'** લ્યો!

ધૂમાડો જેમ ઉર્ધ્વ જાય એમ આત્મા પોતાની શુધ્ધ શક્તિની પ્રગટતા કરી, આનંદ દશાની પ્રાપ્તિ કરી અને સંસાર દશાનો-મેલ દશાનો નાશ કર્યો. ત્યારે કહે છે કે એ જ સમયે **'ઊર્ધ્વગમન સ્વભાવને લીધે એ જ સમયે લોકના અંતને પામીને**..' એમ. મુકત આંહી થાય. જેઓ વિકારભાવ સહિત છે તેણે આત્માના અંતરના વાસ્તવિક તત્ત્વના અનુભવ, દષ્ટિ ને સ્થિરતા દ્વારા એક વિકારીનો નાશ થયો. અવિકારી દશા અહીં પ્રગટ થઈ એટલે મુકત તો અહીં શરીરમાં થયો. શરીર હોવા છતાં અહીં મુકત દશા થઈ. સમજાણું કાંઈ?

જેવી અંતર સંસરણ દશા વિકાર, અજ્ઞાન, રાગ-દ્વેષ હતા તે અહીં સંસરણ દશા હતી. તે દશાનો વ્યય કરી ને પરમ શુધ્ધતાની પર્યાય પ્રગટ દશા કરી તે અહીં થઈ. વ્યય થયો ત્યાં ઉત્પાદ થયો. વ્યયનો

ક્ષણ તે ઉત્પાદનો ક્ષણ. સમજાણું કાંઈ? જુઓ! આ મુકત મુકત બધા કહે છે ને? મુકત થવું ભળી જવું એક આત્મા મુકત થઈ જાય, અનંતમાં ભળી જાય. મૂઢ છો. ભળે કયાં? સમજાણું કાંઈ? સંસારમાં પોતાની સત્તા ભિન્ન રાખીને દુઃખી થતો (હતો) અને મોક્ષમાં સત્તાનો નાશ કરીને મુકતમાં જાય એનો અર્થ શું થયો? સંસારનો નાશ કર્યો કે સત્તાનો નાશ કર્યો? એ તો કહે છે ને કે જયારે મુકત થાય ત્યારે ભળી જાય. એક બીજામાં બધા ભળી જાય. અનંતમાં ભળી જવું એનું નામ મુક્તિ. જૂઠ્ઠી વાત છે. જૈનમાંય એવા કેટલાક ડીંગ મારનારા છે. પંચાવનમાં આવ્યો હતો ને ઓલો નહીં તમારો શું કહેવાય? મણીયાર. આંધળો હતો. જૂઠમાં જૂઠ મિલાય એનું નામ સિધ્ધ કહે. આવા ને આવા કાંઈ ખબર ન મળે એકેય એકડાની. સમજાણું કાંઈ?

બસ દેહ છૂટી જાય અને મુકિત થાય એટલે અનંત આત્માઓ એકરૂપ છે, અનંતમાં ભળી જાય એનું નામ મુકિત. એટલે શું? પોતાની હયાતિ હતી એ ગુમાવીને પરમાં ભળી જાય એનું નામ મુકિત. હયાતિને ભૂલી ગયો. એ કરતાં તો સંસારમાં પોતાની સત્તા રાખીને દુઃખી થતો એ સ્વતંત્રપણે દુઃખી થતો (હતો). એ દુઃખની દશાનો આનંદસ્વભાવના અનુભવ દ્વારા, શકિતરૂપે આનંદ પ્રભુ! આત્મા પડયો છે. એના આનંદના વેદન દ્વારા દુઃખની અવસ્થાનો વ્યય થઈ એ આંહી થઈ મુકિત અવસ્થા.

આ તો કહે છે કે **'ઊર્ધ્વગમનસ્વભાવને લીધે...'** તે જ ક્ષણે **'લોકના અંતને પામીને...'** કહે છે કે મુક્ત અહીં થાય પણ રસ્તામાં જાય ત્યાં સુધી અશુધ્ધ પારિણામીકભાવ કહેવાય. ભારે ગપ્પે ગપ. સમજાણું કાંઈ? આમ ગતિ કરે છે ને આમ જરી..... અહીં મુક્ત છેતેજસમયે ત્યાં જાય છે. સમજાણું કાંઈ? આ તો સમય સમયની સ્વતંત્રતાની સિધ્ધની જાહેરાત કરી છે. એ વાત ભગવાન સર્વજ્ઞ સિવાય કયાંય હોય શકે નહીં. ઓઘે ઓઘે બસ હવે આ શરીર ને રાગ-દ્વેષ ટાળી નાખો મુકિત થઈ જશે.પણ મુકિત શું? કયાં થાય છે? થાય તો કેટલો કાળ રહે છે? અને ટળવા માટે શું સાધન છે? શું સ્વરૂપ છે? અને ટાળતાં શું રહી જાય છે? અને થાય છે તો કયાંથી આવે છે? અને થાય તો કેટલો કાળ? એક સમય રહે છે? અને ગતિ કરે તો એક સમયમાં પહોંચે છે કે બે સમય લાગે છે? આહાહા! પરમેશ્વર કેવળી તીર્થંકરે કહેલો આત્મા આવો છે. પરમાત્મા ત્રિકાળજ્ઞાની પરમેશ્વરે એ સિવાય અજ્ઞાનીઓએ કલ્પના કરી ને વાતું કરી એ બધી મૂઢતાની વાતું છે. આહાહા! હેં? થઈ જાવ જડ થઈ જાવ એમ. શૂન્ય જ છે ને? આત્માની અસ્તિનું કયાં ભાન છે? કહો, સમજાણું? આંહી વજન તો આંહી છે.

**આઠકર્મના રજથી સંપૂર્ણપણે જે ક્ષણે મુકાય છે,** જે ક્ષણે મુકાય છે **તે જ ક્ષણે.** ક્ષણ એક થઈ કે ક્ષણ બીજી થઈ? ક્ષણ એટલે એક સમય હોં! ક્ષણ એટલે પાછા અસંખ્ય સમય ક્ષણ નહીં. શબ્દ ક્ષણ વાપર્યો છે. સમય છે. જે સમયે અહીં ભગવાનઆત્મા પોતાનો આનંદ ને અંતરશકિતઓનો પિંડ પ્રભુ

એ રાગ ને અજ્ઞાન ને અસ્થિરતામાં રોકાયેલો હતો એ સંસાર હતો. એને છોડીને સ્વભાવમાં એકાગ્ર થઈ ગયો અને પૂર્ણ શુધ્ધ દશા પ્રગટ થઈ ગઈ. બળી ગયું અજ્ઞાન ને રાગ-દ્વેષ. જાગી ગયો આત્મા પૂર્ણ શકિતના સામર્થ્યથી. એવી પૂર્ણ દશાને મુકત કહે છે. મુકત એટલે લટકવું કયાંક એનું નામ મુક્તિ નથી.

શ્રીમદ્ કહ્યું ને? આત્મસિધ્ધિમાં નથી આવતું? 'મુકત કહ્યો નિજ શુધ્ધતા, તે પામે તે પંથ, સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.' એક લીટીમાં પણ કેટલું (ભર્યું છે.) પણ વાંચનારને કયાં ભાન છે? વાંચી જાય પણ શું કહે છે (તેની ખબર ન મળે). સમજાણું કાંઈ? સકળ માર્ગ નિર્ગ્રંથ. કહે છે, **'જે ક્ષણે મુકાય તે જ ક્ષણે (પોતાના) ઊર્ધ્વગમન સ્વભાવને લીધે...'** કોને કારણે? પોતાને કારણે એમ કહે છે. લોકના અંતને પામે. લોકના અંતે. પછી અલોક આવે ખાલી, ખાલી, ખાલી, ખાલી. જયાં સુધી છ દ્રવ્ય સ્વરૂપ લોક છે ત્યાં લોકના અંતે. સમજાય છે?

શેત્રુંજયે મોક્ષ પધાર્યા. જુઓ! ધર્મરાજા (યુધિષ્ઠિર), ભીમદેવ અને અર્જુન. ત્રણ મોક્ષ પધાર્યા. એ શેત્રુંજયની ઉપર છે માથે. સીધી સીધી લાઇનમાં મુકત બિરાજે છે. સમશ્રેણી એટલે ત્યાં આગળ સ્મૃતિનું નિમિત્ત છે એટલું છે. ન્યાં કાંઈ ભગવાન નથી હેઠે. પણ જે ક્ષણે ત્યાં આગળ દેહ છૂટયો તે જ ક્ષણે ત્યાં મુકિત માથે ઉપર રહે છે. એટલે નીચેવાળા એનું સ્મરણ કરવા (ત્યાં જાત્રાએ જાય છે.) ઓહો! ભગવાન આવા છે. એટલું સ્મૃતિનું નિમિત્ત છે. સમજાણું કાંઈ?

પહેલી સાલમાં ગયા હતા ને તેરમાં મુંબઈ. ત્યારે એક હતા ઓલા બરવાળાવાળા નહીં? શું નામ હતું જગજીવનભાઈ! જગજીવનભાઈ હતા. સ્થાનકવાસી બધા પાકા. પછી એણે કહ્યું મહારાજ કયાં જાવ છો? સમ્મેદશીખર. શું કરવા? કે ત્યાં પરમાત્મા અનંતસિધ્ધો થયા છે જે ક્ષેત્રે દેહ છૂટીને પુરાણી દશા તે જ ક્ષેત્રે માથે બિરાજે છે. તેથી ત્યાં આગળ એની સ્મૃતિ છે.

મુમુક્ષુ :- એણે સાંભળ્યું ન હોય ને કોઈ દિ'?

ઉત્તર :- સ્થાનકવાસી બરવાળાવાળા. ચંચળબેનના જેઠ ને? બાપુ! તમે સમજયા વિના એમ ને એમ. ત્યાં મૂર્તિ નથી. ત્યાં કોઈ આપી દેતું નથી. પણ ત્યાં આગળ એક ક્ષેત્રથી આત્મા પૂર્ણાનંદ પ્રાપ્ત કરી સીધો ઉપર બિરાજે છે. સાદી અનંત અનંતકાળ ત્યાં બિરાજમાન છે.

એવી સત્તાની શુધ્ધતાની પ્રાપ્તિ ત્યાં બિરાજે છે. એ ક્ષેત્ર ઉપર છે. એ શિરતાજ છે. ત્યાં બેઠા છે. ઓહો! એવું સ્મૃતિનું નિમિત્ત છે. બાકી કાંઈ કોઈ આપી દ્યે છે તીર્થમાંથી એમ નથી. ત્યાં શું આપી દ્યે? સમજાણું કાંઈ? ભારે વાત કહેવાય! આહા! આવું સત્! એમ ને એમ ઓલા સ્થાનકવાસી તીર્થ - તીર્થને ઊડાડે ને? મૂર્તિને ઊડાડે ને? એટલે કહે ભારે વાત કહેવાય! કીધું ભગવાન અહીંયા આવતા નથી. ભગવાન પાસે કાંઈ લેવા નથી જાતા. દયે શું? ત્યાં ભગવાન પાસે આ છે? એવો વિકલ્પ આવે છે ત્યાં આગળ સ્મૃતિમાં. ઓહો! શ્રીમદ્ કહ્યું ને?

'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં
અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો,
અપૂર્વ અવસર એવો કયારે આવશે?
કયારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો,

જુઓ! એ નિર્ગ્રંથ મુનિની, નગ્ન મુનિની ભાવના ભાવે છે. સમજાય છે કાંઈ?

કયારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો,
સર્વભાવથી ઔદાસિન વૃત્તિ કરી,
દેહ માત્ર સંયમ હેતુ હોય જો.

દેહ સિવાય બીજું કાંઈ નહીં. એ વસ્ત્રનો ધાગોય નહીં ને બીજું કાંઈ નહીં. દેહ માત્ર સંયમ, તેની પણ કિંચીત મૂર્છા નવ જોય જો. આહાહા!

જુઓ! અપૂર્વ અવસર એવો નાખ્યો છે. ચોખ્ખું. મુનિને ભાવલિંગી સંતને દેહમાત્ર નિમિત્ત હોય છે. બસ! એને વસ્ત્ર-પાત્ર હોતા નથી. એવી દશા અંદર મુનિને પ્રગટ થાય કે આનંદના લહેર અંદર ઉછળતા હોય. ભાવમાં નિર્ગ્રંથતા અને બાહ્યમાં નગ્ન દશા એમ કહે છે. જુઓ! આવે છે ને?

નગ્નભાવ મુંડભાવ સહ અસ્નાનતા,
અદંત ધૌવન આદિ પરમ પ્રસિધ્ધ જો.

એ તો પ્રસિધ્ધ જ છે મૂળમાંય એમ કહે છે. જૈન સાધુમાં અઠયાવીસ મૂળગુણ તો પ્રસિધ્ધ છે. એમ કહે છે.

નગ્નભાવ મુંડભાવ સહ અસ્નાનતા,
અદંત ધૌવન આદિ પરમ પ્રસિધ્ધ જો.
કેશ, રોમ, નખ કે અંગે શ્રૃંગાર નહીં,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિધ્ધ જો.

જુઓ! દ્રવ્યભાવ સંયમમય. દ્રવ્યે પણ નગ્ન અને ભાવે પણ ત્રણ કષાય અભાવ. એનું નામ મુનિપણું છે. એવું મુનિપણું અમને કયારે પ્રગટે? એમ ભાવના ભાવે છે. આહાહા! સમજાણું કાંઈ? કેટલાક કહે એમને મુનિપણું પ્રગટેલું હતું. આ બધું વિરોધ પડે છે આ તો. કેટલા વર્ષે હતું નહીં? ત્રીસમે વર્ષે?

મુમુક્ષુ :- આ તો તેત્રીસમે વર્ષે.

ઉત્તર :- તેત્રીસમે વર્ષે તો ઘરમાં હતા. અરે! કાંઈ વીતરાગ માર્ગમાં એવા ગપ ન હાલે. આંહી તો તોળી તોળીને માપ જોઈએ. એક પણ ન્યાય ફરવો ન જોઈએ. એટલે તો કીધું ને? તે જ ક્ષણે. પછી

બીજી વાત કરી. જુઓ! પહેલી આ વાત કરી. પછી **'લોકના અંતને પામીને આગળ ગતિ હેતુનો અભાવ હોવાથી (ત્યાં) સ્થિર રહેતો થકો...'** શ્રેણી કયાં સ્થિર થઈ છે? .... નિશ્ચય ત્યાં હતો ને વ્યવહાર ત્યાં ગતિનું નિમિત્ત નથી એટલું ત્યાં સિધ્ધ કર્યું બસ.એવા જીવને સિધ્ધ દશા સિધ્ધ થાય છે. સમજાય છે? બીજા એક બીજામાં ભળી જાય છે તેમ છે નહીં. વિશેષ આવશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૩૨ - ગાથા નં :- ૨૮
## માગશર સુદ-૮ મંગળવાર તા. ૧૬/૧૨/૬૯

પંચાસ્તિકાય ગાથા ૨૮મી ચાલે છે.

**ટીકાઃ- અહીં મુક્તાવસ્થાવાળા આત્માનું નિરુપાધિ સ્વરૂપ કહ્યું છે.** પહેલી સત્યાવીસમી ગાથામાં એમ કહ્યું- આત્મા સંસાર અવસ્થામાં કેવો હતો? એવી વાત કરી છે. ભગવાનઆત્મા ચૈતન્ય સ્વરૂપ આનંદ હોવા છતાં સંસારમાં અશુધ્ધ જીવત્વ પ્રાણથી જીવતો હતો. પાંચ ઈન્દ્રિય, ત્રણ બળ, શ્વાસ આયુષ્યની યોગ્યતા પ્રમાણે. નિમિત્તથી જીવતો હતો તે અસદ્‌ભૂત વ્યવહાર એવું જીવત્વ. સિધ્ધમાં કેવું જીવત્વ છે એનું અહીં વર્ણન કરે છે. નવ બોલ સંસારી જીવના લીધા હતા. એવું સિધ્ધને પણ એક કર્મસંયુકત છે જ. આઠ બોલ સહિત વર્ણન કરે છે. સમજાય છે કાંઈ?

સંસારમાં પણ પોતે પ્રભુ હતા. ચેતયિતા હતો એમ આવ્યું હતું ને? જાણવા-દેખવાવાળો. જાણન-દેખન સ્વરૂપ નિશ્ચય ને વ્યવહાર બેય વર્ણવ્યો હતો. અને ઉપયોગ પરિણામ હતા. જાણવા-દેખવાની પર્યાય. સંસારમાં ઉપયોગ અને પ્રભુ હતા. આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ આદિ શુભાશુભ કર્મોનો નાશ કરવામાં સમર્થ હતા. શુભાશુભ કર્મો કરવામાં પણ સમર્થ હતા અને શુભાશુભ ભાવકર્મનો નાશ કરવામાં પણ સમર્થ હતા. કર્તા પછી લીધો. પોતાના શુભાશુભ ભાવનો કર્તા હતો, દુઃખી હતો. અને શુભાશુભભાવનો ભોકતા હતો. એવું આવ્યું હતું ને? બેય પ્રમાણ હતા. અને કર્મના સંગની અપેક્ષાએ અમૂર્ત નહીં પણ મૂર્ત હતો. રહિતપણે અમૂર્ત છે અને કર્મ સંયુકત હતો. એવા નવ બોલ લીધા હતા.

એવી ચીજ અહીંયા સિધ્ધ અવસ્થામાં સમજાવે છે. કે સિધ્ધમાં શું છે? આત્મા મુકત થાય છે. આત્માનું શાંત, આનંદ સ્વરૂપ જેવું અંદર નિરુપાધિ સ્વભાવ છે એવું સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના નિરુપાધિ પરિણામથી નિરુપાધિ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પૂર્ણતાને પ્રાપ્ત કરે છે એ સિધ્ધ દશા કેવી

છે એનું વર્ણન છે. **'એ આત્મા (કર્મરજના) પરદ્રવ્યપણાને કારણે કર્મરજથી સંપૂર્ણપણે જે ક્ષણે મુકાય છે, (-મુક્ત થાય છે)...'** ભગવાનઆત્મા આઠેય કર્મનો અભાવ કરીને, અહીંથી છૂટી જાય છે. શુધ્ધ નિર્મળ આનંદની સિધ્ધપદની પર્યાયની પ્રાપ્તિ થાય છે. તે જ ક્ષણે ત્યાં ઊર્ધ્વસ્થાનને પ્રાપ્ત થાય છે.

જે ક્ષણે છૂટે છે, મુકત થાય છે **'તે જ ક્ષણે (પોતાના) ઊર્ધ્વગમન સ્વભાવને લીધે લોકના અંતને પામીને આગળ ગતિહેતુનો અભાવ હોવાથી (ત્યાં) સ્થિર રહેતો થકો કેવળજ્ઞાન અને કેવળદર્શન (નિજ) સ્વરૂપભૂત હોવાને લીધે**...' લ્યો! તેનાથી ન છૂટતો થકો. કર્મથી છૂટી ગયો એમ. પરથી છૂટી ગયો. પણ પોતાના કેવળજ્ઞાન, કેવળદર્શન પોતાનું નિજ સ્વરૂપ તેમનાથી નહિ છૂટતો થકો અનંત અતીન્દ્રિય સુખનો અનુભવ કરે છે. સંસારમાં ઈન્દ્રિયનું નિમિત્ત અને સુખ-દુઃખની કલ્પનાનો ભોકતા થતો હતો. એ સિધ્ધમાં અનંત આનંદના ભોકતા છે. પરમાત્મા આત્મા સ્થિત થાય છે તો તેના અનંત **'કેવળજ્ઞાન ને કેવળદર્શન તેનાથી નહિ મુકાતો થકો...'** અનંત અતીન્દ્રિય સુખનો, કોઈ કહે છે ને કે ભાઈ સિધ્ધ પરમાત્મા લોકાલોકને દેખે છે તેનું તેને અનંત સુખ છે.

અહીં તો કહે છે પોતાનું નિર્મળ કેવળજ્ઞાન, કેવળદર્શન સહિત પ્રગટ થયું તેના અનંત આનંદનો ભોકતા છે. સંસારમાં હરખ, શોકનો ભોકતા હતો. સમજાય છે કાંઈ? ધર્મીજીવ થોડો આનંદનો પણ ભોકતા હતો, થોડો હરખ-શોકનો પણ ભોકતા હતો, ધર્મી. અજ્ઞાની પૂરા હરખ,શોકનો ભોકતા હતો. સિધ્ધ પૂરા આનંદના ભોકતા છે. સમજાણું કાંઈ?

**'અનંત અતીન્દ્રિય સુખનો અનુભવ કરે છે...'** એ વાત ત્યાં સુધી સિધ્ધની લીધી. હવે પ્રાણ ઉતારે છે જીવ. જીવો પ્રાણ પહેલાં જીવ કહ્યો હતો ને? જીવત્વ. **जीवो हवइ चेदा, जीवो हवइ चेदा.** એમ જે શબ્દ લીધો હતો તેની વાત કરે છે.

**'તે મુક્ત આત્માને ભાવપ્રાણધારણ જેનું લક્ષણ (સ્વરૂપ) છે...'** લ્યો! સંસારમાં તો આ દસપ્રાણ જડ તેનું નિમિત્ત હતું. અને દસપ્રાણની યોગ્યતા અશુધ્ધનયે તેનું જીવત્વ હતું. સિધ્ધમાં ભાવપ્રાણ આનંદ, જ્ઞાન, દર્શન, વીર્ય, સત્તા એવો જે પોતાનો કાયમી ભાવપ્રાણ સ્વભાવ તેની નિર્મળ પર્યાય ધારણ કરે છે. **'એવું 'જીવત્વ' છે...'** સિધ્ધમાં જીવત્વ કેવું છે એમ કહે છે. સંસારીમાં જીવત્વ કેવું હતું? કયાં આમાં કાંઈ કાલનું યાદ રહે? એમાં કહ્યું હતું. સંસારીમાં જીવ, જીવત્વ કેવું હતું? એના જડ દસપ્રાણ છે તેનું નિમિત્તપણું ધારણ કરતો હતો. અને પોતાની પર્યાયમાં અશુધ્ધપ્રાણ તેને ધારણ કરતો હતો. નિશ્ચયથી અંદર સ્વભાવ શુધ્ધ આનંદ છે તેને ધારણ કરતો હતો. પણ તે તો કર્તારૂપ છે તે.સમજાય છે કાંઈ?

પંચાસ્તિકાય છે. અસ્તિકાય સિધ્ધ કરે છે ને? તો સંસારમાં અસ્તિપણું કેવું છે અને મુકિતમાં જીવનું અસ્તિપણું કેવું છે તેની વાત કરે છે. સંસારમાં તો અશુધ્ધ પ્રાણ હતા. 'દસ પ્રાણે જીવમ્' પ્રાણ

પણ યથાર્થ નથી. પોતાના જ્ઞાન, દર્શનથી જીવે તે સમ્યગ્દષ્ટિ જીવ થોડો તે જીવતર સાધકનો પ્રકાર છે. સમજાય છે કાંઈ? અહીં તો પરિપૂર્ણ જીવત્વ પ્રગટ થઈ ગયું. જીવમાં જીવપણું, જીવમાં જીવપણું. **'મુક્ત આત્માને ભાવપ્રાણધારણ જેનું લક્ષણ (સ્વરૂપ) છે એવું 'જીવત્વ' હોય છે...'** જીવનું જીવપણું. ભગવાનઆત્મા જ્ઞાન, દર્શન ને આનંદરૂપી સ્વભાવરૂપ ભાવ છે એવી પર્યાયમાં જીવત્વ દશા પ્રગટ થઈ ગઈ. સમજાય છે કાંઈ?

ભાઈ, આ તો આત્મા ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે સંસારી આત્મા કેવો જોયો છે અને સિધ્ધ કેવા છે, જીવત્વની વ્યાખ્યા ચાલે છે. નમો સિધ્ધાણં આવે છે કે નહીં? સિધ્ધપદ કેવું છે તે બતાવે છે. સંસારપદ કેવું છે તે બતાવ્યું. હવે સિધ્ધપદ કેવું છે તે બતાવે છે. અનાદિ-અનંત તેનું જીવન કેવું છે તે બતાવે છે. કહે છે કે મુકત આત્માને જે પરમાત્મા થયા સિધ્ધ, સિધ્ધ. **'ભાવપ્રાણધારણ જેનું લક્ષણ (સ્વરૂપ) છે...'** આનંદ, જ્ઞાન, દર્શન, શાંતિ એવું પોતાની નિજ દશામાં ભાવપ્રાણ, શુધ્ધ ભાવપ્રાણ તેને ધારણ કરવું જેનું સ્વરૂપ છે. એવું સિધ્ધને જીવત્વપણું છે. કહો, સમજાણું?

આ આજીવિકા નથી કરી દેતાં રાજાને શું કહેવાય શાલીયાણું કરી દયે ને. ભાઈ અમારે આજીવિકા છે જીવીએ ત્યાં સુધી. એ આજીવિકા તો બહારની જડની છે. સમજાય છે? અને સંસારમાં જે આજીવિકા કરે છે અંદરમાં જે અશુધ્ધ પ્રાણથી એ પણ દુઃખમય આજીવિકા છે. આ સિધ્ધ તો સુખની આજીવિકાવાળા જીવ છે. એની જાવ જીવની આજીવિકા બંધાય ગઈ હવે, એમ કહે છે.

આત્મા આનંદ સ્વરૂપ તેની અંતર દષ્ટિ અનુભવ કરીને, સમ્યગ્દર્શન પ્રગટ કરીને, આનંદનું જ્ઞાન કરીને, આનંદમાં લીન થઈને ચારિત્ર થયું તેના ફળરૂપે અનંત સિધ્ધપદ પ્રાપ્ત થયું. તેની આજીવિકા જાવજીવ સાદિ અનંત શાંતિની આજીવિકા થઈ ગઈ. એવું એને જીવત્વ છે સિધ્ધને. સિધ્ધની પર્યાયની વાત છે ને ભાઈ! સમજાય છે કાંઈ? ઓલો નથી કહેતો આજીવિકા બાંધી દયો ભાઈ. મહિને પચાસ રૂપિયા. હવે પચાસ.પહેલાં તો અઢી રૂપિયા રાંડી રાંડને બાંધી દેતાં. ઓલામાં કોર્ટમાં, કોર્ટમાં. પહેલાં તો બાઈયું વિધવા થાય તો પાંચસો રૂપિયા મૂકે. આઠ આના વ્યાજ આવે અઢી રૂપિયા થાય. ઓહો! અઢી રૂપિયા ઘણા બસ. હવે અહીં તો અઢી રૂપિયાનું લૂગડુંય એક સરખું આવે નહીં એક મહિના ચાલે એવું. શાકભાજી તો ઠીક વળી.

આ કહે છે સિધ્ધની જીવાય કેવી છે? સિધ્ધની જીવાય એવી છે કે પોતામાં આનંદ અતીન્દ્રિય જ્ઞાન, શાંતિથી તે જીવે છે. એ સિધ્ધનું જીવન છે. આહાહા! સમજાય છે કાંઈ? હમણાં ભોગીભાઈ આવ્યા હતા. મારો સાળો પૈસા થયા તોય સખ નથી કહે. કોન્ટ્રાકટર ભોગીભાઈ ! હમણા આવ્યા હતા. મોટા મોટા કામ લઈ આવે કાંઈક પણ ચિંતા બહુ રહે છે. કાલ શું થાશે? એક તો આ સરકારની તકરાર મોટી કોંગ્રેસની. મહા તોફાનને. ........ આ તો કૌરવો ને પાંડવો જેવું છે. નાશ ..... આ તો કહે ચિંતા.

આટલા આટલા પૈસા થયા તોય ચિંતાનો પાર નહીં. કાલ શું થશે? એ કહે છે કે એ ચિંતા સિધ્ધને નથી. સમજાય છે કાંઈ?

આત્મા આનંદ સ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ તેની શકિતમાં આનંદ ને જ્ઞાન ભર્યા છે તે પર્યાયમાં પ્રગટ કરી દીધા. બસ તેનું જીવન જીવતર ભાવપ્રાણથી જીવે છે. કહો, સમજાય છે કાંઈ? એવા સિધ્ધ છે એવી દષ્ટિ કરવી અને સિધ્ધ જેવો હું છું. મારો સ્વભાવ પણ 'સિધ્ધ સમાન સદા પદ મેરો.' સમયસાર નાટકમાં આવે છે ને? બનારસીદાસ-'ચેતનરૂપ અનૂપ અમૂરત, સિધ્ધ સમાન સદા પદ મેરો' એવું સિધ્ધપદ મારું છે. એવી શ્રધ્ધા, જ્ઞાન ને અનુભવ કરવો તેનું નામ ધર્મ છે. તો કહે છે **'તે મુક્ત આત્માને, ભાવપ્રાણધારણ...'** જ્ઞાન, દર્શન, આનંદ એવી અનંત પરિપૂર્ણતા પર્યાયની. એવું જેણે ધારણ કર્યું છે એવું જીવત્વ સિધ્ધ ભગવાનને જીવનું જીવપણું હોય છે.

કહો તેની આજીવિકા બંધાય ગઈ. હેં? કાયમની, સાદિ અનંત. આહાહા! હેં? અનંતકાળ રહેશે. જ્યાં સુધી જીવ છે ત્યાં સુધી રહેશે. આહાહા! સમજાય છે કાંઈ? પરના જીવનની તેને જરૂર નથી. એવા સિધ્ધપદની ઓળખાણ કરીને પોતાનો આત્મા સિધ્ધ જેવો છે, એવી અંતરમાં દષ્ટિ કરવી, અનુભવ કરવો તેનું નામ સિધ્ધપદને જાણવાનું ફળ છે. સમજાય છે કાંઈ?

એકલા સિધ્ધને જાણે કે આવો હું છું. તે પણ પહેલાં સંસારી હતા. વિકારને અજ્ઞાનનો નાશ કરીને જ્ઞાન ને વીતરાગતા પ્રગટ કર્યા તો સિધ્ધપદનું જીવતર તેને કહેવામાં આવે છે. એક બોલ છે એક. નવ બોલ જીવનાં છે ને? એક બોલ આવ્યો.

બીજો. **'ચિદ્રૂપ જેનું લક્ષણ (સ્વરૂપ) છે એવું 'ચેતયિતૃત્વ' હોય છે...'** થોડી સૂક્ષ્મ વાત છે. પહેલામાં આવ્યું હતું ને? ચેતા, ચેતા. તેમાં બે વાત લીધી હતી ચૈતન્ય સ્વરૂપ છે માટે નિશ્ચયે ચેતા છે અને ચૈતન્યવાળો છે માટે વ્યવહાર ચૈતન્ય જુદો છે એવું લીધું હતું. અહીં વ્યવહાર નિશ્ચય કાંઈ છે નહીં. અહીં તો એકલા ભગવાન સિધ્ધ પ્રભુ ચિદ્રૂપ જેનું સ્વરૂપ છે એવું ચેતયિતૃત્વ હોય છે. જાણન-દેખનની પર્યાય ચેતના, ચેતનાવાળા ચેતન. અગ્નિ ચેતાવો નથી કહેતાં? કહે છે કે નહીં? હેં? અગ્નિ બગ્નિ લાવે ને થોડીકવાર પછી કહે ચેતાવો, ચેતાવો. અહીં તો ચેતાય ગયો છે આત્મા. અનંતજ્ઞાન, દર્શન આદિ ચેતયિતૃત્વ જેનો ભાવ થઈ ગયો છે. હવે તેની સાથે ચેતયિતૃત્વ છે. સમજાય છે કાંઈ? સિધ્ધમાં રાગ-દ્વેષ કે કાંઈ છે નહીં. ભેદની વાત કરી જ નથી. તેને ભેદ છે જ નહીં ને? ત્યાં ભેદ અભેદની બે વાત ક્યાં છે.

**'ચિદ્રૂપ જેનું લક્ષણ (સ્વરૂપ છે એવું 'ચેતયિતૃત્વ' હોય છે...'** આવું આત્માનું સ્વરૂપ પણ આવું છે એમ કહે છે. એકલો જાણનાર દેખનારો ચેતયિતા એવું જીવનું સ્વરૂપ છે. રાગ-દ્વેષ, વિકલ્પ, શરીર-ફરીર તે જીવનું સ્વરૂપ નથી. સમજાય છે કાંઈ? અંદર છે વચમાં. છે અંદર? સમજમાં

ન આવે! હિન્દી કરે તો તો હા, હા કરે. આવું કોઈ દિ' સાંભળ્યું ન હોય. પરિચય નહીં ને? ધર્મનો પરિચય નહીં. બહારમાં આમ કરવું ને તેમ કરવું. જાત્રા. જાત્રા તો આત્મામાં આનંદનું આવવું તે જાત્રા છે. સમજાય છે કાંઈ? બાકી જાત્રા તો શુભભાવ છે. છે? **'ચિદ્રૂપ જેનું લક્ષણ છે. એવું 'ચેતયિતૃત્વ' હોય છે...'** કોને? સિધ્ધ ભગવાનને. સિધ્ધમાં જાણન-દેખનપણું હોય છે. બીજું કાંઈ તેમાં છે નહીં. હવે ઉપયોગ કહે છે.

**'ચિત્પરિણામ જેનું લક્ષણ (સ્વરૂપ) છે એવો ઉપયોગ હોય છે...'** સિધ્ધમાં જ્ઞાનના પરિણમનરૂપ પર્યાય એવો સિધ્ધમાં ઉપયોગ છે. પરિપૂર્ણ જ્ઞાનનો ઉપયોગ, દર્શનનો ઉપયોગ તે પર્યાય છે. ચિત્પરિણામ જેનું સ્વરૂપ છે એવો ઉપયોગ સિધ્ધમાં હોય છે. કહો, સમજાય છે કાંઈ? એકલા રહે છે, કહે છે. ચિત્પરિણામ સહિત, ઉપયોગ સહિત રહે છે. લ્યો! અનાદિ અનંત. સાદિ અનંત આમ અનાદિ અનંત સ્વરૂપમાં હતા. પ્રગટ થયા તો સાદિ અનંત પર્યાયમાં થઈ ગયા. સ્વરૂપ તો ઉપયોગ ચિદાનંદ ઉપયોગ તો ત્રિકાળી આત્મામાં પડયો છે. **उवओगलकखणो णिच्चं** ઉપયોગ લક્ષણ તો ત્રિકાળ ભગવાન આત્મામાં અનાદિ અનંત પડયો છે. તેનું સાધન કર્યું, અનુભવ કર્યો અને ઉપયોગની પૂર્ણ પ્રાપ્તિ કરી તો ત્યાં સિધ્ધમાં ઉપયોગ પરિણામ રહે છે. એ પરિણામ છે, પરિણામ છે એમ કહે છે. સિધ્ધમાં પણ પરિણામ છે. સિધ્ધમાં પણ પરિણામ. શું પરિણામ? ચેતનના પરિણામ તે પરિણામ ત્યાં છે. કારણ કે અહીં શુભ ને અશુભ પરિણામ હતા અને શુધ્ધ થોડા થોડા હતા એવા ત્યાં પૂર્ણ ચૈતન્ય પરિણામ એકલાં રહે છે. આરે! ભારે! સમજાય છે કાંઈ?

હવે પ્રભુ. સિધ્ધ ભગવાન પ્રભુત્વ છે. તેમાં પ્રભુત્વ છે. **'પ્રાપ્ત થયેલાં સમસ્ત (આત્મિક) અધિકારોની શક્તિમાત્રરૂપ 'પ્રભુત્વ હોય છે...'** સિધ્ધભગવાન પરમાત્મા, નમો સિધ્ધાણં. એ સિધ્ધભગવાન કેવા છે? કે પ્રાપ્ત કરેલી નવી વીતરાગ પૂર્ણાનંદની પર્યાય પ્રાપ્ત કરી, કર્મ-કર્મ, કાયકૃત કહેવાય ને? એ આત્મિક અધિકારોની આત્માની **'અધિકારોની શક્તિમાત્રરૂપ 'પ્રભુત્વ' હોય છે...'** એ શકિતનું તેનું પ્રભુત્વ હોય છે. તેનું તો શાસન ચાલે છે. સમજાય છે કાંઈ? નીચે છે. જુઓ! **'શકિત=સામર્થ્ય, ઈશત્વ. મુકત આત્મા સમસ્ત આત્મિક અધિકારોને ભોગવવામાં...'** તેનું શાસન કરવામાં, છે? **'સ્વયં સમર્થ છે. તેથી તે પ્રભુ છે...'** પોતાની નિર્મળ પર્યાય ભોગવવામાં સમર્થ છે માટે પ્રભુ છે.

કોઈનું જડનું કે પરનું સ્વામીપણું છે માટે પ્રભુ છે એમ છે નહીં. કહેતા નથી, ભગવાન ત્રિલોક્નાથ છે. એમ કહે છે કે નહીં? ત્રિલોકનાથ શું પરનો નાથ છે? નહીં. એમ કહે છે. પોતાની નિર્મળ વીતરાગી શુધ્ધ પર્યાય પ્રગટ થાય તે તેનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? અહીં કાંઈ પરના તો પ્રભુ છે નહીં. માને છે. પરના પ્રભુ પર અને તારો પ્રભુ તું. માને છે કે આ મારું શરીર છે અને હું

તેનો ધણી સ્વામી છું, અધિષ્ઠાતા છું, રાગનો હું સ્વામી છું, ફલાણાનો સ્વામી છું, ધૂળનો સ્વામી છું. કોઈ સ્વામી નથી. સાંભળને? તારો આનંદ સ્વ-સ્વામી સંબંધ તો તારા સ્વરૂપમાં છે. જ્ઞાન, આનંદ એ તારા સ્વ અને તેનો સ્વામી તું. આ દેશનેતાઓ બધા દેશના માલિક હશે કે નહીં? દેખાય. ખૂબ લખ્યું છે. .... કૌરવ અને પાંડવ સાથે મેળવ્યા. ભકતાંમર જોજને. આહાહા! સંસાર તો એમ ચાલ્યો જ જાય છે.

અહીં તો કહે છે કે સિધ્ધનું પ્રભુત્વ પોતાની પૂર્ણ શકિતનો વિકાસ કરીને પૂર્ણ અધિકાર પ્રાપ્ત કર્યો, પર્યાયમાં પૂર્ણ અધિકાર પ્રાપ્ત કર્યો તેના ઉપર તેનું પ્રભુત્વ છે. આમાં હીરાભાઈ ઉપર પ્રભુત્વ છે એ અહીં ના પાડે છે.

મુમુક્ષુ :- ...................................................... દુઃખ થાય છે.

ઉત્તર :- પરમેશ્વરની પ્રભુતાય પણ......... આત્માના પ્રભુ ઉપર પ્રભુ નહીં. એમ કહે છે. એ પ્રભુ જે છે ભગવાન તેનો પ્રભુ પર્યાયનો પ્રભુ છે. **'પ્રાપ્ત કરેલા..'** જુઓ! પર્યાય પ્રાપ્ત કરી ને? સિધ્ધ, સિધ્ધ પર્યાય. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય, અનંતસુખ આદિ પ્રાપ્ત કરી. એવા **'સમસ્ત (આત્મિક) અધિકારોની શક્તિમાત્રરૂપ...'** આત્મ અધિકારની શકિતમાત્ર પ્રભુ છે. એ તેનું પ્રભુત્વ છે. આહા! બીજાની કોઈ પ્રભુતા ત્યાં છે નહીં. અહીં માનતા હતા. ત્યાં પહેલા પ્રભુત્વ માન્યું હતું. સમજાય છે કાંઈ?

હવે કર્તા. સિધ્ધ કર્તા છે કે નહીં? સિધ્ધભગવાન કર્તા છે કે નહીં? કોઈ જીવના, કોઈ દ્રવ્યના, કોઈ પરના કર્તા છે કે નહીં સિધ્ધભગવાન? સિધ્ધભગવાન કોઈને મોક્ષ આપી દયે કે નહીં? કોઈને સમકિત આપે કે નહીં?

મુમુક્ષુ :- સમકિત આપવાનું કામ તો ગુરુનું છે.

ઉત્તર :- કહ્યું હતું ને એમ. સિધ્ધનું સ્વરૂપ જાણે તો સમકિતને પામે. અરિહંતનું સ્વરૂપ જાણે તો પામે કહ્યું ને એમ.

અહીં તો કહે છે **'સમસ્ત વસ્તુઓથી અસાધારણ એવા સ્વરૂપની નિષ્પત્તિમાત્રરૂપ (નિજસ્વરૂપને રચવારૂપ)...'** સમસ્ત વસ્તુઓથી અસાધારણ. રાગ-દ્વેષ આદિ બધેથી જુદી ચીજ. એવા સ્વરૂપની નિષ્પત્તિમાત્ર. ભગવાનઆત્મા જ્ઞાન, આનંદ સ્વભાવથી ભરેલો પડયો છે, તેની વર્તમાનમાં જે પર્યાય પ્રગટ થઈ તે **'નિષ્પત્તિમાત્રરૂપ એટલે કે (નિજ સ્વરૂપને રચવારૂપ) કર્તૃત્વ હોય છે...'** પોતાની પૂર્ણ શુધ્ધતાને રચવારૂપ સિધ્ધને કર્તૃત્વ હોય છે. સદાય પોતાના સ્વરૂપની રચના કરે છે તે કર્તૃત્વ છે. સિધ્ધભગવાનને કોઈ પરનું કર્તૃત્વ છે કે નહીં? ઈશ્વર કર્તા છે ને બધાને. અરે ભગવાન! હવે મદદ કરો. ઈશ્વર કૃપા ને આવે છે ને શું નથી આવતું? શું કહે છે? મનુષ્ય પ્રયત્ન ઈશ્વર કર્તા.

મકાન ઉપર એમ લખે છે. આ ઈશ્વર કર્તા. ધૂળેય કર્તા નથી.લખે અંદર.

અહીં તો કહે છે કે પોતાનો ઈશ્વર પોતાની શકિતમાંથી પ્રગટ થઈને જો પર્યાય નિર્મળ થઈ તેનો તે ઈશ્વર અને પ્રભુ છે. સમજાય છે કાંઇ? લોકો એમ કહે ને કે આપણે પ્રયત્ન કરીએ ને પ્રભુની કૃપા હોય તો આપે. ધૂળ મળે આ પૈસો. ધૂળેય મળે નહીં સાંભળને હવે? એ તો તારા પુણ્ય પરમાણુ હોય તો આવે. એમાં પુણ્ય પણ તારા નથી ને પૈસા પણ તારા નથી. પુણ્ય પણ તારા નહીં અને પૈસા પણ તારા નહીં. મમત્વ પણ તારા નથી પણ માને છે (કે આ મારા છે). આહાહા! સમજાય છે કાંઇ? સિધ્ધ ભગવાન પૂર્ણ, પૂર્ણ સ્વરૂપ કર્તૃત્વની રચના. પોતાની શુધ્ધ શકિતનો આનંદ આદિ જે સ્વભાવ તેની પર્યાયમાં જે ક્ષણે ક્ષણે રચના કરે છે તેનું નામ સિધ્ધને કર્તૃત્વ છે. સિધ્ધ કોઈ બીજાની પર્યાયને કરે છે એમ છે નહીં.

મુમુક્ષુ :- તો પછી ભગવાન આપણું કરે નહીં તો માને છે શું કામ?

ઉત્તર :- માને કોણ ભગવાનને માને? ભગવાનને માને તો એ પણ વિકલ્પ શુભ રાગ છે. પોતાના ભગવાનને માનવા તે સમ્યગ્દર્શન, જ્ઞાન છે. એમ કહે છે.

મુમુક્ષુ :- આ યુગપદ કહેતાં પ્રભુ તો............................

ઉત્તર :- એ આજે આવ્યું છે ચંદ્રશેખરનું, શુભઅવસરમાં. જુઓ! ભાઈ! ન્યાયનું આ બધું. નિમિત્ત ઉડાડવું છે ને. નિમિત્ત સ્થાપવું છે એને. પ્રસન્નરાજઋષિ હતા. જુઓ! તે ધ્યાનમાં હતા તેને કેવળજ્ઞાન થયું. કોઈ નીકળો માણસ સંજય ને ભગવાનની વાણી નીકળી. જુઓ !ભાઈ! કેવળી કહે છે હું પણ ધ્યાનમાં કરતો હતો ત્યારે મારા ધ્યાનમાં મારા પુત્રનો કોઈ નાશ કરવાની, આહાર લીધા બાદ વાત સાંભળી તો મારું ધ્યાન ડગી ગયું. જુઓ! નિમિત્તની અસર! પ્રસન્નરાજ! ઋષિ આવે છે ને? પ્રસન્નરાજ! રાજાના ઋષિ. ધ્યાનમાં હતા. છોકરાને કોઈ લઈ જવા આવ્યા હતા. મુનિરાજ કહે, આના દિકરાનું આમ થયું ત્યાં તો મારું ધ્યાન ખસી ગયું. જુઓ! કરતાં કરતાં કરતાં કરતાં હથિયારો ફેંક્યા, માર્યા એમ કરતાં કરતાં હથિયાર થઈ રહ્યા. હથિયાર થઈ રહ્યા ને માથે મુગટ હતો તે મારવા ગયા. ત્યાં ........ને મુગટ ન મળે. જુઓ! મુંડાયેલી ક્રિયામાં કેટલી વાર? કહે કેવળજ્ઞાન થયું ને ફટ અડી ગયા. ભાઈ એને લડાવવું છે ને? અને લોકોને પસંદ પડે એવી વાત છે. જુઓ! એનું રાજ છોડીને જ્યારે ધ્યાનમાં બેઠા કહે હું ધ્યાનમાં બેઠો છું. એય! તો તમારા કુંવરને આમ થાય છે, તેમ થાય છે અંદર ખદબડાટ થઈ ગયો. ........... વિચાર કરતાં કરતાં બાકી રહી ગયા તો મુગટ લઈને મારવા ગયા તો, આહાહા! અરે! આ શું હું તો મુનિ છું. એ મુંડાયેલું પણ કેવળજ્ઞાન મુનિએ કર્યું. એય! આવા ને આવા. હેં?

મુમુક્ષુ :-નિમિત્ત સ્થાપન કરે તો .......નિમિત્તથી પર ઉપર અસર થઈ.

ઉત્તર :- અસર થઈ. એને લઈને આ કેવળ થયું.

મુમુક્ષુ :-એ મુંડો ન હોત તો ન થાત.

ઉત્તર :- ન થાત. એમ કહેવું છે એને. માટે વ્યવહાર શુધ્ધિ રાખો. અને એકલા જે વાતું કરનારા છે એને તો શું થશે? એ પાછા એક બીજા સાધુ સાંભળવા જાતા હતા ને? સાંભળવા. પ્રસન્ન કેવળી થયા ત્યારે. એ કેવળી પાસે બધું સાંભળ્યું ત્યારે એને વિચાર થયો. આહા! એકલી કોરી શુધ્ધિ આત્માની વાતું કરનારા એના બિચારાના અંતઃકરણ કેટલાં મેલાં હશે? હેં? આહાહા! વ્યવહારની રુચિ. વ્યવહારને બહુ સ્થાપે. બાપુ! વ્યવહાર હોય છે. પણ કયો વ્યવહાર? એ ભગવાનની ભકિતનો વિકલ્પ પણ કયારે? કે પાતાના શુધ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપની દૃષ્ટિ થઈ, જ્ઞાન થયું તો નિશ્ચય થયો તો વિકલ્પ છે તે વ્યવહાર છે. પણ વ્યવહારથી નિશ્ચય છે અને વ્યવહાર ધર્મ છે અને વ્યવહાર મુકિતનું કારણ છે તે ત્રણકાળ ત્રણલોકમાં છે નહીં. સમજાય છે કાંઇ? હરખ છે ને? લોકો ખુશ થઈ જાય. અને એક બીજી વાત એ તો સજ્જનતાની લૌકિક.

એક માણસ હતો. ગરીબ માણસ હતો. કેરી વહેંચતો હતો કેરી. કેરી કેરી. સવાર સાંજ વહેંચતા વહેંચતા થોડી કેરી રહી ગઈ. હવે શું કરે? એક ગૃહસ્થ મળી ગયા. કહે ભાઈ લાવો કેરી. ચાર રૂપિયાની બાકી હતી તે ગૃહસ્થને આપી દીધી. તે ગૃહસ્થ પાસે દસ રૂપિયા હતા. દસ રૂપિયા આપ્યા અને કહે છ રૂપિયા મારી દુકાને પાછા દેવા આવજો. ઓલો તો ગયો વખારમાં અને શેઠ પણ ચાલ્યા ગયા. વખારે જતો હતો તો રસ્તામાં મોટરમાં માથું ફુટી ગયું. અને તેને હોસ્પીટલમાં લઈ ગયા. હોસ્પીટલમાં જવાન માણસ અને તેની માતા ગરીબ અને વૃધ્ધ. તેને ખબર પડી તો આવ્યા હોસ્પીટલમાં. આખા શરીરે પાટા બાંધેલાં હતા. માતા અહીંયા કેમ આવી માતા? તને ઠીક નથી? ભાઈ! તને ઠીક નથી. ઠીક તો બા સાંભળ! પછી તો મારી તૈયારી મરવાની છે મરવાની. દેહની સ્થિતિ પૂરી થવામાં છે, હું નહીં બચું. મને અંદર લાગે છે દેહ છૂટી જશે. બા, એક મારું કહેવું કરજે. હું છ રૂપિયા લાવ્યો છું એ પાછા દેવા જોઈશે. તારી પાસે ઠાઠડીના, નનામીના પૈસા ન હોય તો આ પૈસા તો એને જઈને દઈ આવજે. બહેનને ભલામણ કરી. બહેન બાનું ધ્યાન રાખજે. ગરીબ અવસ્થા છે, વૃધ્ધ અવસ્થા છે. તો તું ધ્યાન રાખજે પણ છ રૂપિયા તો દેવાના છે તેને દઈ દેજો. પછી મરી ગયો. અને તેની બહેન છ રૂપિયા શેઠને દેવા જાય છે. દેવા જાય છે અને વાત કરે છે. તો શેઠ પૂછે છે તું છ રૂપિયા કયાંથી લાવી? મારો ભાઈ ગુજરી ગયો. કેમ? તે વખતે તમે ચાર રૂપિયાની કેરી લીધી હતી ને? તેમાં તમે દસ રૂપિયા આપ્યા હતા તેમાંથી છ રૂપિયા પાછા દેવાના બાકી રહી ગયા હતા તે છ રૂપિયા. બહેને એવી કરૂણ કથા કરી કે લોકોને રડવું આવી ગયું. સાંભળીને બધાએ ખરડો કરી દીધો ત્રણસો રૂપિયાનો. જુઓ! આવી વાત લોકોને સારી લાગે. અને વાતેય સાચી. એવી છોડી બોલી! મારો ભાઈ ગુજરી ગયો છે. માતા વૃધ્ધ છે. મારા ભાઈનું છેલ્લું વચન છે. છ રૂપિયા તો શેઠના છે તેને દેજો. બહેને કહ્યું ભાઈ! લઈ લ્યો. અરે! શું છે? તે તો ગુજરી ગયો.

કેરી કાલે લીધી હતી તે. આહાહા! બધાને રડવું આવી ગયું. દેખો! સજ્જનનું જીવન. લૌકિક નીતિની વાત એ લોકોને ઠીક પડે.

અહીં તો કહે છે એ બધું તો જીવે અનંતવાર કર્યું છે સાંભળને હવે. પોતાના જીવનનું ચૈતન્ય સ્વરૂપ શું છે તેની દૃષ્ટિ ને જ્ઞાન કર્યું નહીં. હવે એ તો અનંતવાર પાછો નિગોદમાં જાશે. કષાયખાના માંડશે. જયાં સુધી મિથ્યાત્વભાવ હોય અને આવી ક્રિયા હોય તો પણ પછી કષાયખાના માંડશે. આત્માના ભાન વિના તે પર્યાયનું ચક્કર ફરશે શુભ ને અશુભ, શુભ ને અશુભ, શુભ ને અશુભ ચક્કર જાવ. આહાહા! એ લોકોને કિંમત નથી આવતી. શુભની બહુ આવે છે. એનાથી પુણ્ય બંધાય. અને પછી વ્યવહારની ભૂલ હોય તો બતાવી શકાય. નિશ્ચયવાળા માળા વાતું કરે ને અંદરમાં ભૂલમાં ભરેલાં હોય તો બતાવવી હોય તો બતાવવી શી રીતે? એવી રીતે પણ લડાવ્યું છે. પ્રસન્નરાજ ઋષિએ પણ પ્રરૂપણામાં આમ જ કહ્યું. વ્યવહાર હોય તો નિશ્ચય થાય એવું કેવળજ્ઞાનમાં આવે છે.

ભાઈ! આત્મા શુધ્ધ ચિદાનંદ સ્વરૂપ છે. એવો છે તો સમ્યગ્દર્શન ને જ્ઞાન તેના આશ્રયથી પ્રાપ્ત થાય છે. વ્યવહાર ફહેવારથી થતું નથી એ તો રાગ છે. ઓહો! શરીર જીર્ણ થઈ જાય એને ખ્યાલ આવી જાય કે આ દેહ છૂટવાની તૈયારી છે. તણાય છે. છેવટે કહી દીધું છોકરાને હવે દેહ તણાય છે. હવે હમણાં દેહ છૂટી જશે. છેલ્લે આ વાત કરી. ત્યાં તો, આ તો દેહના રજકણો ખળભળાટ, ખળભળાટ. ચલો સ્થિતિ પૂરી કરીને. કયાં જાશે? જેવી શ્રધ્ધા, જ્ઞાન, ભાવના ત્યાં ઉત્પન્ન થશે. આ કાંઈ સાથે આવી ને ઉત્પત્તિમાં મદદ કરશે? નહીં. આહાહા!

કોઈ કોઈનું શરણ નથી. મૃત્યુ કે જીવન. બે જ કાળમાં. જન્મ કાળમાં કે મૃત્યુ કાળમાં. કોઈ શરણ નથી. શરણ તો ભગવાનઆત્મા છે. જયાં દૃષ્ટિ કરવાથી શાંતિ મળે અને જીવનનો સુધારો અહીંથી થઈ જાય. બાકી કોઈ સુધારો કરવાનો ઉપાય છે નહીં. આહાહા!

ચૈતન્યભગવાન. જુઓ! સિધ્ધ ભગવાન કરે છે તો આ કરે છે. એમ કહે છે. આહાહા! તો તારે પણ કરવા લાયક હોય તો શુધ્ધતા કરવા લાયક છે એમ કહે છે. કરી શું શકે છે. એક આંગળી પણ ઊંચી કરી શકતો નથી. આહાહા! જડ, જડમાં, જેલમાં ભગવાન ભિન્ન પડયો છે. સમજાય છે કાંઈ? એ આવે છે ને? 'એ દિવ્ય શકિતમાન જેથી જંજીરેથી નીકળે' એ દિવ્ય શકિતમાન જેથી, અરે! જંજીર તો કેવું આ શરીર ને વળી કાર્મણ ને એમાં તેજસ ને એમાં રાગ ને એના મધ્યમાં પડયો આખો. દેખાય એ બધા જેલના માથાના ઉપર દેખાય બધું. ઓલો તો પડયો એમ ને એમ આઘો. અંદર ગયા અંદર. આહાહા! આવે છે ને? બહુ પુણ્ય કેરામાં દિવ્ય શકિતમાન આ તો ભગવાન છે. એને જંજીરમાં રાગ ને પરની એકતામાં પડયો છે તેને કાઢ, કાઢ, કાઢ એ વિના તને કયાંય સુખ મળશે નહીં.

આ વિષયમાં સુખ, ભોગમાં સુખ, આબરૂમાં સુખ,ધૂળમાંય સુખ નથી. મૂઢ મિથ્યાત્વથી લેપાયેલો

એવી માન્યતા કરે છે. ઓલો રજનીશ હમણાં વિષયાનંદ એ બ્રહ્માનંદ છે. એવું ચાલ્યું છે. એય! ચંદુભાઈ ઘડીયાળી. હમણાં એવું ચલાવ્યું છે. હેં? આહા! વિષયાનંદના આનંદમાં બ્રહ્માનંદ છે. આહા! હદ કરી નાખે છે ને? એકલું પાપ છે. હેં? અરે! પોતાનો ભગવાન આનંદ સ્વરૂપ એ બહાર નીકળીને વિકલ્પમાં આનંદ માને તે મહા ચૈતન્યપ્રાણનો ઘાત થાય છે. આહાહા! એને માનનારાય મળ્યા છે. હજારો માણસ, દસ, દસ હજાર માણસ ભેગા થાય છે. એ જુવાનિયા, તમારા ગામમાં થયો છે ને? આહાહાહા!

આ આત્મા આનંદ સ્વરૂપ તેને પરમાં આનંદ માનવો તે મહા મૂઢતા છે. પોતાના આનંદની રચના કરે તે તેનું કર્તવ્ય છે એમ કહે છે. સિધ્ધ પણ તે કર્તવ્ય કરે છે. આહાહા! આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ આદિ પૂર્ણ પર્યાય પ્રાપ્ત થઈ છે. સમજાય છે કાંઈ? તે તેનું કર્તૃત્વ છે. **'અસાધારણ સ્વરૂપની નિષ્પત્તિ...'** નિષ્પત્તિ છે ને? પ્રાપ્તિ. તેનું કર્તૃત્વ છે. એમ આત્મામાં કયારેય પણ યથાર્થ કર્તૃત્વ તો એ છે કે જ્ઞાન, દર્શન, આનંદની રચના કરવી તે કર્તૃત્વ છે. રાગનું કર્તૃત્વ તો જાણવા લાયક છે. એક એવી પરિણતી થોડી છે, જાણવાલાયક. આદરવાલાયક નથી. સમજાય છે કાંઈ?

એ કર્તૃત્વ થયું. હવે ભોકતૃત્વ. **'સ્વરૂપભૂત સ્વાતંત્ર્ય જેનું લક્ષણ (સ્વરૂપ) છે એવા સુખની ઉપલબ્ધિરૂપ 'ભોક્તૃત્વ' હોય છે...'** સિધ્ધમાં ભોકતાપણું શું? સિધ્ધ શું ભોગવે છે. અનાજ, પાણી કાંઈ ભોગવે છે? **'સ્વરૂપભૂત સ્વાતંત્ર્ય...'** પોતાનો જ્ઞાનાનંદ સ્વરૂપભૂત સ્વરૂપ તેની સ્વાતંત્ર્યતા જેનું સ્વરૂપ એવું સુખ એમ. સ્વરૂપભૂત સ્વાતંત્ર્ય જેનું સ્વરૂપ છે એવું સુખ. એ સુખની વ્યાખ્યા. આહાહા! પોતાના સ્વરૂપમાં આનંદ છે એવું સ્વતંત્ર સુખ. જેનું સ્વરૂપ સુખ છે એવા સ્વરૂપની ઉપલબ્ધિ, એવા આનંદની પ્રાપ્તિ. તેના ઉપલબ્ધિરૂપ ભોગવવું તેનું ભોક્તૃત્વ છે. સમજાય છે કાંઈ?

હવે દેહપ્રમાણ. સિધ્ધભગવાન **'અતીત અનંતર (છેલ્લા) શરીર અનુસાર...'** ગયા ભવનું છેલ્લું શરીર તે અનુસાર **'અવગાહપરિણામરૂપ...'** અવગાહન વ્યાપનરૂપ **'દેહપ્રમાણપણું' હોય છે. મુકત આત્માની અવગાહના ચરમશરીર પ્રમાણે હોય છે...'** એમ કીધું ને? અતીત અનંતર. ગયા કાળનું છેલ્લું શરીર. આ અંતર વિના એમ. અનંતર એટલે અંતર વિના, છેલ્લું શરીર. એ શરીર અનુસાર અવગાહ પરિણામરૂપ દેહપ્રમાણપણું હોય છે. છેલ્લા શરીર પ્રમાણે સિધ્ધભગવાન બિરાજે છે. આકાર એવો હોય છે. એ પોતાની યોગ્યતાથી હો! શરીર તો શરીરથી મળે છે. **'તેથી તે છેલ્લા દેહ અનુસાર તેમને 'દેહપ્રમાણપણું' કહી શકાય છે...'** છેલ્લું શરીર હતું તે છૂટી ગયું. તે પ્રમાણે આત્માનો આકાર પૂર્ણાનંદ સ્વરૂપનો આકાર સિધ્ધમાં રહી ગયો. એ દેહપ્રમાણ. પૂર્વની અપેક્ષાએ દેહપ્રમાણ એમ.

**'અને ઉપાધિના સંબંધથી વિવિક્ત એવું આત્યંતિક (સર્વથા) 'અમૂર્તપણું' હોય છે...'** લ્યો! આમાં હતું ને પહેલાં મૂર્ત ને અમૂર્તપણું બેય. ઉપાધિના સંબંધથી વિવિકત ભિન્ન, રહિત. ભગવાનને

કોઈ ઉપાધિ છે નહીં. એવું આત્યંતિક એટલે સર્વથા અમૂર્તપણું હોય છે એમ. સંસારમાં તો કથંચિત મૂર્ત કર્મની સાથે કહેવામાં આવતું હતું. અહીં તો બિલકુલ નહીં, એમ કહે છે. આત્યંતિક અમૂર્તપણું હોય છે. અમૂર્તપણું ભગવાન સિધ્ધને પ્રગટ થયું. એવો આત્માનો સ્વભાવ છે. લ્યો! આઠ બોલ થઈ ગયા.

**'(મુક્ત આત્માને) કર્મસંયુક્તપણું તો નથી જ હોતું.....'** એ નવમો બોલ. કર્મસંયુકત છે નહીં. સંસારમાં ભાવકર્મ, દ્રવ્યકર્મ સહિત હતા. આવ્યું હતું કે નહીં? કાલ આવ્યું હતું, યાદ છે? ચૈતન્ય પરિણામમાં પુદ્‌ગલ પરિણામ જેને નિમિત્ત છે. શું કહે છે? ચૈતન્ય પરિણામ જે રાગ-દ્વેષનો ભાવ છે તેમાં પુદ્‌ગલ પરિણામ નિમિત્ત છે. આવ્યું હતું કે નહીં? આવા ચૈતન્યપરિણામ સંયુકત નિશ્ચયથી છે. શું કહ્યું? સંસારી. જૂના પુદ્‌ગલકર્મનો ઉદય જેને નિમિત્ત છે. કોને? પોતાના વિકારી પરિણામને. એવા વિકારી પરિણામ ભાવકર્મથી સહિત જીવ સંસારમાં છે. બરાબર છે? હવે ભાવકર્મ જેમને નિમિત્ત છે એવા દ્રવ્યકર્મનું સંયુકતપણું અસદ્‌ભૂત વ્યવહારનયથી છે. કહો ભીખાભાઈ! શું આવે છે? દ્રવ્યકર્મનો ખુલાસો શું કર્યો? કાલ રાત્રે તમે હતા ઘણું.

મુમુક્ષુ :- હતા સાહેબ! પણ હજી બરોબર ખ્યાલમાં નથી આવ્યું તો શી રીતે કહું?

ઉત્તર :- ખ્યાલમાં નથી આવ્યું.

મુમુક્ષુ :- બાકી પૂર્વના જે કર્મો છે તે અત્યારના વિકારી ભાવો નિમિત્ત છે. અને નવા કર્મનો નિમિત્ત, વિકારી ભાવો આટલું આવડે છે.

ઉત્તર :- એટલું આવડે છે.

એમ નહીં, જુઓ! સાંભળો. કે આ આત્મા છે આત્મા. તેના પરિણામમાં જે શુભઅશુભ પુણ્ય-પાપના ભાવ વિકાર છે. વિકાર છે ને? તો તે વિકારમાં પૂર્વના કર્મ નિમિત્ત છે. પૂર્વના કર્મ નિમિત્ત છે અને શુભઅશુભ વિકારી પરિણામ નૈમિત્તિક છે. તો નૈમિત્તિક પરિણામ સંયુકત છે તે નિશ્ચય છે. કેમ કે પોતાની પર્યાયમાં છે ને? અને જે પુણ્ય ને પાપના પરિણામ જેને નિમિત્ત છે. કોને? કર્મને. હેં? દ્રવ્યકર્મ. પણ તે દ્રવ્યકર્મ શું લેવું? પૂર્વનું અને નવું બેય લેવું. સમજાય છે કાંઈ?

એક આત્મામાં પુણ્ય ને પાપ કર્મમાં નિમિત્ત જે છે તે તો જૂના કર્મ. વિકાર પરિણામ આત્મામાં થાય છે તેને નિમિત્ત છે તો જૂના કર્મ. ઉદય. પણ આત્મા જેને નિમિત્ત છે આત્માના વિકારી પરિણામ જેને નિમિત્ત છે એ દ્રવ્યકર્મ. દ્રવ્યકર્મ સંયુકત છે. તો દ્રવ્યકર્મ સંયુકતમાં બે દ્રવ્યકર્મ. જૂના અને નવા કર્મ બેય (કર્મ) સંયુકત છે. નહીં તો એવું થાય કે પુણ્ય ને પાપના પરિણામ જેને નિમિત્ત છે નવાને. તો નવા કર્મ સંયુકત છે અને જૂના કર્મ રહિત છે? સમજાય છે કાંઈ?

કાલે રાત્રે કહ્યું હતું પણ ગોટાળા વાળ્યા હતા ભાઈએ. યાદ રહ્યું નહીં પણ બંગડીમાં નહીં કરતા હોય. કહો, સમજાણું કાંઈ? હીરાભાઈ સવારનું કેટલું યાદ રહ્યું? યાદી છે?

મુમુક્ષુ :- આ જુઓ તો એટલું બધું યાદ રહે તો તો....

ઉત્તર :- હા, એ તો એની વાત એણે કરી હતી. અહીં તો કહે છે. અહીં તો કાલે એક બોલ રહી ગયો હતો એટલે વધારે સ્પષ્ટ કરીએ છીએ. કે જૂના કર્મ અને નવા કર્મ તેને આત્માના પુણ્ય ને પાપ પરિણામ નિમિત્ત છે. બેયને નિમિત્ત છે. એટલે એ કર્મસંયુકત એ અપેક્ષાએ. જડકર્મ સંયુકત અસદ્ભૂત વ્યવહારનય તે અપેક્ષાએ. સમજાય છે કાંઇ?

અને આત્માના વિકારી પરિણામમાં નિમિત્ત છે જડ. તો તે પૂર્વનો ઉદય. એક જ પૂર્વનો ઉદય એમ અહીં લેવું. જો વિકારી પરિણામ થાય છે તેમાં જૂના કર્મનો ઉદય નિમિત્ત છે. બસ. તો ભાવકર્મ સંયુકત છે તે નિશ્ચય થયો. આપણી પર્યાયમાં છે ને? એટલે નિશ્ચય થયો. અને પુણ્ય ને પાપના પરિણામ જેને નિમિત્ત છે. જડને. જડને તો બેય જડ. નવા કર્મ બંધાય અને જૂના પડયા છે બન્નેમાં પુણ્ય ને પાપનું કર્મ નિમિત્ત છે. એવા જૂના અને નવા કર્મ બન્ને સંયુકત છે એ અસદ્ભૂત વ્યવહારનયથી કહેવામાં આવ્યું છે. કેમ કે જડ છે. સમજાય છે કાંઇ?

કાલે રાત્રે કહ્યું હતું ને? ભાઈ! આ સિધ્ધમાં શું છે? એ તો રહિત છે. એને નિમિત્ત છે નહીં. ભાવકર્મ છે નહીં તો ભાવકર્મ સંયુકત નથી. તો ભાવકર્મ શું? તો તેનું તો શુધ્ધ ચિદાનંદ નિર્મળાનંદ ભાવકર્મ તેની સાથે છે. આહાહા! સમજાય છે કાંઇ? અહીં તો કર્મ સહિત નથી આવવું છે ને આમાં? **'મુક્ત આત્માને 'કર્મસંયુક્તપણું' તો નથી જ હોતું...'** કર્મસંયુકતપણું કયારેય નથી હોતું. એ તો ભગવાન અશરીરી અકર્મ થઇ ગયા. **'કારણ કે દ્રવ્યકર્મ અને ભાવકર્મથી વિમુક્તિ થઈ છે...'** લ્યો! પરમાત્મા સિધ્ધભગવાનને તો જડ દ્રવ્યકર્મથી પણ વિમુકિત અને પુણ્ય ને પાપના વિકલ્પ જે ભાવકર્મ છે તેનાથી પણ મુકિત. વિમુકિત (એટલે) વિશેષ મુકિત. હવે પૂર્ણ થઇ ગયા. આહાહા! સમજાય છે કાંઇ? અહીં તો હજી ણમો અરિહંતાણં, ણમો સિધ્ધાણં, ણમો સિધ્ધાણં કરે પણ સિધ્ધ કેવા છે તેની તો હજી ખબર નથી. ગડીયો હાંયકે જાય. શું સિધ્ધ? શું અરિહંત? શું આચાર્ય?

**'દ્રવ્યકર્મો તે પુદગલસ્કંધો છે અને ભાવકર્મો તે ચિદ્વિવર્તો છે...'** એ ખુલાસો કર્યો, એ ખુલાસો કર્યો. દ્રવ્યકર્મ અને ભાવકર્મથી મુકિત મળી પણ કહે છે તે સ્વરૂપ શું? દ્રવ્યકર્મ જે જડ છે. પુદ્ગલસ્કંધ છે. તેનાથી પણ વિમુકિત મળી પણ ભાવકર્મ જે પુણ્ય ને પાપના વિકલ્પ છે તેનાથી પણ મુકિત મળી. એકડો છે ને? નીચે છે, **'ચિદ્વિવર્ત=ચૈતન્યનો પલટો અર્થાત ચૈતન્યનું એક વિષયને છોડી અન્ય વિષયને જાણવારૂપે પલટાવું તે. ચિત્શકિતનું અન્ય અન્ય જ્ઞેયોને જાણવારૂપે પરિણમવું તે...'**

હવે **'ચિત્શક્તિ અનાદિ જ્ઞાનાવરણાદિકર્મોના સંપર્કથી (સંબંધથી) સંકૂચિત વ્યાપારવાળી હોવાને કારણે જ્ઞેયભૂત વિશ્વના (સમસ્ત) પદાર્થોના એક એક દેશમાં ક્રમે વ્યાપાર કરતી**

**થકી વિવર્તન પામે છે...'** પહેલી વાત એ કરે છે. શું? કે આત્મામાં જે ચિત્શકિત પ્રગટ અનાદિ જ્ઞાનાવરણાદિ કર્મોના નિમિત્તથી સંપર્કથી એમ લીધું છે હોં? સંબંધથી. કર્મના ઉદય સાથે જ્ઞાનપર્યાય સંબંધ કરે છે, સંબંધ. તો સંબંધ કરે છે તો હીણી થઈ ગઈ છે. ચિત્શકિત અનાદિ જ્ઞાનાવરણાદિ કર્મોના સંપર્કથી, સંબંધથી સંકૂચિત વ્યાપારવાળી હોવાને લીધે. શું કહે છે? જાણવા-દેખવાની જે અવસ્થા છે એ કર્મના ઉદયની સાથે સંબંધ કરવાથી જાણવા-દેખવાની શકિત સંકૂચિત થઈ ગઈ છે. અલ્પ થઈ છે. અધુરી થઈ છે. સમજાય છે કાંઈ? **'ચિત્શક્તિ અનાદિ જ્ઞાનાવરણાદિકર્મોના સંપર્કથી (સંબંધથી) સંકૂચિત વ્યાપારવાળી...'** જ્ઞાનની પર્યાયમાં સંકોચ વ્યાપાર થઈ ગયો છે. કેમ કે, કર્મના નિમિત્તમાં જ્ઞાનની પર્યાયનું જોડાણ છે. જોડાણ છે. કર્મના કારણે નહીં હો! કર્મના સંપર્કના કારણે. સંપર્ક કર્યો. આહાહા! કેટલી વાત કરે છે. જુઓ!

ભગવાનઆત્મા તેના દ્રવ્ય, ગુણ છે તે તો પૂર્ણ શકિતવાન છે. પણ પર્યાય નામ અવસ્થામાં ચિદ્વિવર્તન બદલવું. જ્ઞાનની પર્યાયની અવસ્થામાં બદલાવાથી સંકૂચિત થઈ છે. કેમ? કે કર્મનું નિમિત્ત જે છે તે તરફ સંબંધ કર્યો છે. સંબંધ કર્યો છે તો જ્ઞાનની જાણવાની શકિત સંકૂચિત પરિણમન કરે છે. સંકૂચિત થોડી પરિણમન કરે છે એમ કહે છે. **'વ્યાપારવાળી હોવાને લીધે જ્ઞેયભૂત વિશ્વ...'** જુઓ! પોતાના જ્ઞાનમાં જાણવા લાયક સમસ્ત પદાર્થો. એને **'એક એક દેશમાં ક્રમે વ્યાપાર કરતી થકી...'** કારણ કે, જ્ઞાનની પર્યાય સંકૂચિત છે ને? જાણવા-દેખવાની અવસ્થા થોડી સંકૂચિત થવાને લીધે આખા વિશ્વને એક સમયમાં જાણવાના વ્યાપાર કરી શકતી નથી. બરાબર છે? આ બધું રાત્રે આવડે નહીં. નહીં?

મુમુક્ષુ :- આવડે ને ભૂલીય જવાય.

ઉત્તર :- આવડે ને ભૂલી જવાય, બેય હારે.

મુમુક્ષુ :- પછી એ વખતે નાપાસ થાય એના કરતાં અહીંથી કહી દેવું સારું.

ઉત્તર :- આ તો આમાં પણ સાદી ભાષામાં વાત આવતી નથી? ભગવાનઆત્મા જ્ઞાન, દર્શનથી પરિપૂર્ણ ભરેલો છે. એની વર્તમાન પર્યાય સંસારમાં જ્ઞેય જાણવાની શકિત અપૂર્ણ છે. સંકૂચિત છે. કેમ કે કર્મના નિમિત્તમાં જ્ઞાનની પર્યાયને સંબંધ છે તો સંકૂચિત થઈ ગઈ છે. તો આખા વિશ્વને એક સમયમાં જાણવાની તાકાત છે નહીં. કહો, સમજાણું કાંઈ?

તો શું છે? **'જ્ઞેયભૂત વિશ્વ...'** આખું વિશ્વ જ્ઞેય છે. જાણવાલાયક વિશ્વ છે. **'સમસ્ત પદાર્થોના એક એક દેશમાં ક્રમે...'** થોડું પહેલાં જાણે, તેને છોડી ને બીજું જાણે, તેને છોડી ને ત્રીજું જાણે. એવી રીતે ક્રમે એક એક ભાગમાં **'ક્રમે વ્યાપાર કરતી થકી વિવર્તનને...'** પલટવાને **'પામે છે...'** ભારે ભાઈ! આ સિધ્ધની વાત નથી કરતાં હજી સિધ્ધની વાત તો પછી આવશે. આ

તો સંસારમાં પહેલાં આવું હોય છે તેની વાત કરે છે.

ભગવાનઆત્મા વસ્તુ તરીકે જુઓ તો તે જ્ઞાન, દર્શનથી પરિપૂર્ણ, પરિપૂર્ણ (છે). ત્રણકાળ, ત્રણલોકને જાણવાની શકિતથી આખો પરિપૂર્ણ છે. પણ પર્યાયમાં અવસ્થામાં જ્ઞાનાવરણીયકર્મના ઉદયમાં પરદ્રવ્યનો સંગ કરવાથી, સંબંધ કરવાથી આવ્યું ને ઓલાનું સંગ ન આવ્યું? સંગ એવ. 'પર સંગ એવ.' પરનો સંગ કર્યો, પરનો સંપર્ક કર્યો. એ તો એની એ ભાષા લીધી. અમૃતચંદ્રઆચાર્યની ભાષા છે. છે કે નહીં? શું? 'બસ્સો ઇંઠોતેર સમયસાર...' (પરનો શ્લોક ૧૭૪/૭૫) સમજાણું કાંઇ? જેમ એ પરસંગ કર્યો છે એમ અહીંયા પોતાના શુધ્ધજ્ઞાન સ્વભાવની પર્યાયનો પૂર્ણ સંગ ન કરીને, પૂર્ણદ્રવ્યનો સંગ ન કરીને જ્ઞાનની પર્યાયે કર્મના નિમિત્તનો સંગ કર્યો તો જ્ઞાનની પર્યાય સંકૂચિત થઇ ગઇ છે. હીણી થઇ ગઇ છે. અને હીણી થવાથી વિશ્વના સમસ્ત પદાર્થ છે તેને ક્રમસર એક, એક, એક, એક એક જાણવાની શકિત છે. એક સાથે બધાને જાણવાની શકિત છે નહીં.

જ્ઞેયભૂત વિશ્વ. અહીં તો જુઓને ખુલાસો કર્યો છે ને? તારું વિશ્વ જ્ઞેયભૂત છે. તારું જ્ઞાન. તું છે ને તે. આખું વિશ્વ રાગથી માંડીને બધું તે તારું જ્ઞેયભૂત છે. તું તો જ્ઞાનસ્વરૂપ છો. બધું જાણવાલાયક છે બસ. જાણવું, જાણવું, જાણવું તે તારો સ્વભાવ છે. પણ તે જાણવાની શકિતની વ્યકતતા પરિપૂર્ણ કેમ ન થઇ? અને અલ્પ સંકૂચિત કેમ છે? નહીં તો સ્વભાવ પરિપૂર્ણ છે તો પર્યાય પણ પરિપૂર્ણ હોવી જોઇએ. પણ તે જ્ઞાનની પ્રગટ અવસ્થા પર્યાયે અવસ્થાએ જ્ઞાનાવરણીયકર્મના નિમિત્તે સંગ કર્યો, પરિચય કર્યો તો સંકૂચિત થઇ ગઇ. જ્ઞાનની પર્યાય હીણી થઇ ગઇ. સમજાય છે કાંઇ?

મુમુક્ષુ :- હમણાં ઉદયથી આવ્યું .......

ઉત્તર :- ઉદયથી કયાં થયું છે? સંપર્કથી થયું છે. સંપર્ક કર્યો આમ. સમજાય છે કાંઇ?

**'જ્ઞેયભૂત વિશ્વના એક એક દેશમાં...'** તે પણ **'ક્રમે વ્યાપાર કરતી થકી વિવર્તન પામે છે...'** પલટાને પ્રાપ્ત થાય છે. જ્ઞાનની પર્યાય પલટાને પ્રાપ્ત થાય છે. **'એક એક દેશને ક્રમે જાણતી થકી...'** પણ હવે સિધ્ધમાં શું હોય છે? જુઓ! આહા! કેટલી વાત કરી છે! એક એક ગાથામાં ઘણી સ્પષ્ટતા. **'પરંતુ જયારે જ્ઞાનાવરણાદિકર્મોનો સંપર્ક વિનાશ પામે છે...'** સંબંધ વિનાશ પામે છે એમ કહે છે. કર્મનો નાશ થાય છે એમ નહીં.

મુમુક્ષુ :- સંબંધ છોડી દે છે.

ઉત્તર :- છોડી દે. જ્ઞાનની વર્તમાન પર્યાય, અવસ્થા કર્મનો સંબંધ છોડી દયે છે, કર્મનો સંબંધ છોડી દયે છે. સમજાય છે કાંઇ?

જ્ઞાનાવરણાદિકર્મો, જુઓ! અહીં તો બધા લીધા હો! જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય (વગેરે)

સંપર્ક વિનાશ પામે છે. સંબંધ વિનાશ પામે છે. પહેલામાં સંબંધ કર્યો અને બીજામાં સંબંધ વિનાશ પામે છે. એમ કહે છે. આહાહા! કેટલી વાત સ્પષ્ટ છે! તો પણ કહે નહીં. જ્ઞાનાવરણીયકર્મના ઉદય પ્રમાણે જ્ઞાનની પર્યાય હીણી થાય છે.

મુમુક્ષુ :- નિમિત્તની અસર થાય.

ઉત્તર :- નિમિત્તની અસર ધૂળમાંય નથી. જ્ઞાનાવરણીનો જેટલા પ્રમાણમાં ઉદય તેટલો જ્ઞાનને આવરણ આવે છે. જેટલો ક્ષયોપક્ષમ એટલું જ્ઞાન ખીલી જાય છે. એવી વાત છે જ નહીં. જેટલો સંપર્ક કર તેટલી હીણી થઈ જાય છે. સંપર્ક છોડી દે તેટલી અધિક થઈ જાય છે. પાછું આ થોડું વાંચવું જોઈએ હો! એકલું સાંભળીને વાંચે ને મેળ મેળવે તો બેસે એવી વાત છે.એને ઘરે કે દિ' હતી તે ન્યાં આવે? એ મોરારજીભાઈના પક્ષમાં છે. દેશસેવાના હોયને જરી.

**પરંતુ જ્યારે જ્ઞાનાવરણાદિકર્મોનો સંપર્ક વિનાશ પામે છે.** વાહ! કર્મ જ્ઞેયભૂત વિશ્વના જે આખું વિશ્વ જાણવાલાયક છે, તારું નથી. રાગથી માંડીને સિધ્ધ ભગવાન પણ જ્ઞેયભૂત છે. પોતાના જ્ઞાનમાં જાણવાલાયક છે, સિધ્ધભગવાન પણ પોતાના જ્ઞાનના છે નહીં. **વિશ્વના સર્વ દેશોમાં યુગપદ્ વ્યાપાર કરતી** ઓલી ક્રમે હતી. કથંચિત કૂટસ્થ થઈને.સમજયા? કથંચિત કૂટસ્થ એટલે? જેવી પર્યાય પૂર્ણ થઈ એવી ને એવી બીજા સમયે રહે છે. કૂટસ્થ નામ એવી ને એવી રહે છે. કૂટસ્થ એટલે પરિણમે તો છે. તેનો ખુલાસો નીચે છે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

---

## પ્રવચન નં :- ૩૩ ગાથા ૨૮ તથા ૨૯
## માગશર સુદ- ૯ બુધવાર તા. ૧૭/૧૨/૬૯

૨૮મી ગાથા. સિધ્ધનું સ્વરૂપ. સત્યાવીસમાં સંસારી જીવનું સ્વરૂપ બતાવ્યું. એનાથી વિરૂધ્ધ હવે સિધ્ધ સ્વરૂપનું વર્ણન. આત્માની પૂર્ણ નિર્મળ દશા થતાં કેવી એની અવસ્થા ને સ્વરૂપ હોય તેનું વર્ણન છે. અને એવું જ આત્માનું સ્વરૂપ છે. જે સિધ્ધમાંથી નીકળી ગયું એ આત્મામાંથી નીકળવા યોગ્ય છે. સિધ્ધમાં રહ્યું તે રહેવા યોગ્ય છે. સમજાણું કાંઈ? જેવા સિધ્ધ પરમાત્મા છે એવું જ આ આત્માનું સ્વરૂપ છે. કેમ કે સિધ્ધ જે થયા એ આત્મામાંથી થયા છે. બાકી થાય એવું છે (નહીં.) લ્યો! ક્રિયાઓ જે પુણ્ય-પાપની છે એમાંથી એ સિધ્ધપદ થાય? શરીરમાંથી થાય? તેમ એક સમયની પર્યાય જે વિકાર છે એમાંથી કાંઈ સિધ્ધપદ આવે? અંતરમાં અનંતજ્ઞાન, દર્શન, આનંદ પરિપૂર્ણ સ્વભાવ સત્તા અસ્તિકાય

છે ને? એવી પરિપૂર્ણ આત્માની સત્તા એને એકાગ્ર કરતાં એમાંથી સિધ્ધપદની પ્રાપ્તિ થાય છે. કહો, સમજાણું?

હવે અહીં સુધી આવ્યું. જરી ઝીણું તો છે થોડું. જુઓ! **'સર્વજ્ઞપણાની અને સર્વદર્શીપણાની ઉપલબ્ધિ છે...'** છે નવરંગભાઈ? અઠયાવીસનો પાછળનો ભાગ છે. છેલ્લી પાંચ લીટી. છે? શું કહે છે? આ આત્મા જે છે પરમેશ્વર, સર્વજ્ઞ પરમેશ્વરે જોયો. એવો જે આ આત્મા એ પોતાના અંતરઆત્માના શુધ્ધ સ્વરૂપની પ્રાપ્તિ કરતાં તદ્દ્ન પૂર્ણ એકાગ્ર થતાં સર્વજ્ઞ ને સર્વદર્શીપણું પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? એ સર્વજ્ઞ ને સર્વદર્શીની પ્રાપ્તિ થતાં **'આ જ, દ્રવ્યકર્મોના નિમિત્તભૂત ભાવકર્મોના કર્તૃત્વનો વિનાશ છે...'** કહીએ છીએ ને કહીએ છીએ, એમ ને એમ હાલ્યું નથી જાતું કાંઈ.

આત્મામાં સર્વજ્ઞ અને સર્વદર્શી સ્વભાવ છે. કારણ કે જે વસ્તુ હોય એનો જ્ઞાન, દર્શન સ્વભાવ જીવનો એ પરિપૂર્ણ જ હોય. વસ્તુનો સ્વભાવ કાંઈ અપરિપૂર્ણ, ખંડિત અને વિકારી હોય શકે નહીં. વસ્તુમાં ન્યાયથી. વસ્તુ છે આ આત્મા અને એનો જે જ્ઞાન, દર્શન ને આનંદ સ્વભાવ એ પરિપૂર્ણ ને અખંડ એકરૂપ છે. એવા સ્વભાવની અંતરમાં અનુભવની પ્રતીતિ કરી અને સ્વરૂપમાં ઠરતાં શકિતમાં જે પૂર્ણ સર્વજ્ઞ અને સર્વદર્શી છે એ વર્તમાન વ્યકતતા પ્રગટ થાય એને અહીંયા સર્વજ્ઞ અને સર્વદર્શી સિધ્ધપદ કહે છે. સમજાણું કાંઈ?

એ ભગવાનને **દ્રવ્યકર્મોના નિમિત્તભૂત ભાવકર્મોના કર્તૃત્વનો વિનાશ છે.** જડકર્મનો સંયોગ અને એનાથી ઉત્પન્ન થતાં પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભકિતના પરિણામ એ ભાવકર્મ. એનો તો એને નાશ છે. લ્યો! આ તો સમજાય છે કે નહીં. શાંતિભાઈ! આત્મા સિવાય વાત શું પણ ત્યારે? માણસને એમ થાય કે શું આ આત્મા? પણ આત્મા એ કાંઈ દોડાદોડ કરે ને પૂજા કરે ને ભકિત કરે ને આ પાળ્યા ને વ્રત, તપ કરે ને એ તો બધો વિકલ્પ છે.

મુમુક્ષુ :- એ આત્મા નથી એ તો અનાત્મા છે.

ઉત્તર :- એ આત્મા નથી. આહાહા! શું થાય? હેળે રસ્તે દોરાય ગયો છે ને અનાદિથી. એને નિજ ઘરમાં આવવું કઠણ પડે, કઠણ પડે. આહાહા!

કહે છે ભાઈ! તને બીજા પદાર્થની શકિત ને સામર્થ્યની તને પ્રતીતિ આવે છે. તો એનો જાણનાર તું, એમાં કોઈ શકિત ને સામર્થ્ય છે? કે બધું શકિત ને સામર્થ્ય પરમાં જ છે? સમજાણું કાંઈ? ભગવાનઆત્મા આમ જ્ઞાનસ્વભાવ, 'જ્ઞ' સ્વભાવ, સ્વભાવી વસ્તુ તેનો 'જ્ઞ' સ્વભાવ, સ્વભાવી વસ્તુ તેનો દર્શન સ્વભાવ, સ્વભાવી વસ્તુ તેનો આનંદ સ્વભાવ. એવા સ્વભાવની અંતરની પ્રતીતિ કરતાં કે હું તો આવડા સામર્થ્યવાળો છું. સર્વજ્ઞ, સર્વદર્શી પૂર્ણ આનંદના એની સાથે વીર્ય ભેગું આવી ગયું. એવા

સામર્થ્યવાળો છું એવું અંતરમાં સમ્યગ્દર્શનમાં પ્રતીતિ કરતાં આત્માનું આટલું સામર્થ્ય છે એમ પ્રતીતમાં આવે. સમજાય છે કાંઈ?

અને એ પ્રતીતિના ભાવમાં જે આત્માના સામર્થ્યની પ્રતીતિ આવી એ આત્માના સામર્થ્યમાં એકાગ્ર થાય એ ચારિત્ર. ચારિત્ર એ છે ચરવું. આનંદઘન ભગવાન પૂર્ણાનંદ એની પ્રતીતિ પછી એમાં ઠરવું. ઠરતાં શક્તિમાં પરિપૂર્ણતા તે વર્તમાન દશામાં વ્યક્તતા પરિપૂર્ણતા આવે આ તેને મોક્ષ અને સિદ્ધપદ કહે છે. અરે એને કાંઈ સમજવું ન હોય અને દરકાર ન હોય તો એમ ને એમ અનાદિકાળથી રખડે છે. એવા પરમાત્માને ભાવકર્મનો નાશ છે. એમ કહે છે. એને પુણ્ય-પાપના વિકલ્પ હોતા નથી. સંસારીને હોય છે એ તો પહેલું કહ્યું. આસ્રવ ને બંધ હોય એમાં. **'એ દ્રવ્યકર્મોના નિમિત્તભૂત...'** દ્રવ્યકર્મ એટલે જડકર્મ - જડ જ્ઞાનાવરણી. એના નિમિત્તભૂત, **'ભાવકર્મો...'** એટલે પુણ્ય-પાપના વિકલ્પો, એનું **'કર્તૃત્વ...'** પરિણમન **'એનો વિનાશ છે....'** એનું પરિણમન સિદ્ધને છે નહીં.

**'આ જ, વિકારપૂર્વક અનુભવના અભાવને લીધે...'** હવે એ પરમાત્મા આત્મા પોતાની શક્તિની પ્રગટ વ્યક્તતા પૂર્ણ પ્રગટ કરી એને વિકારપૂર્વક અનુભવ વિકારનો જે અનુભવ હતો એનો અભાવ થયો. **'અનુભવના અભાવને લીધે ઔપાધિક સુખદુઃખ પરિણામોના ભોક્તૃત્વનો વિનાશ છે...'** એને સંસારની કલ્પનામાં વિષયમાં સુખ છે, ઘાણીમાં પીલાય તો દુઃખ છે. એવી જે કલ્પના હતી તે કલ્પનાના દુઃખના પરિણામોના ભોક્તૃત્વનો વિનાશ છે. એનું ભોગવવું એને હોતું નથી. કહો, સમજાણું કાંઈ? કહો,અરવિંદભાઈ! આ ધોળા બજારની વાત હાલે છે આ. સવારમાં આવતું હતું ને? કાળા બજાર વિના ભાઈએ કીધું કાળા બજારમાં બહુ હાલે છે. કાળા બજાર એટલે મેલા પરિણામ. હેં? ન્યાં ક્યાં બહાર બજાર હતી.

અંદર ભગવાન આનંદ સ્વરૂપ જ્ઞાનમૂર્તિ એમાં વિકારી પરિણામ મેલા એ કાળા બજાર છે. કાળા બજારમાં તો ખોટ જાય એવું છે. એમ કહે છે અહીં. અહીં તો હવે ધોળા બજાર કેમ છે એ ચાલે છે. એ નવરંગભાઈ! હેં? ઈ કહે છે કે જેણે ધોળો એટલે ઊજળો આત્માનો વ્યાપાર કર્યો એને કેવી દશા હોય એનું વર્ણન છે. સમજાણું કાંઈ? આહાહા! કહે છે કે ઔપાધિક સુખદુઃખ પરિણામ. જુઓ! આમ પૈસામાં, સ્ત્રીમાં, આબરૂમાં સુખ છે એવી કલ્પના એ ઔપાધિક સુખ હતું. અને પ્રતિકૂળતામાં ઘાણીમાં પીલાય, છરા વાગે અને વ્હીલમાં પીલાય જાય. આહા! એમાં માન્યું હતું કે આ દુઃખ છે. હમણાં ન સાંભળ્યું? એક છોકરાને, સાંભળ્યું હતું ને? મુંબઈમાં. આમ રોટલી વણાઈ એમ વણાઈ ગયો. આમ હાલતી હતી ઓલી કોઈકની મોટર. કોઈક જાણીતો હોય છે મોટો કોઈક. હેં? હા, કોઈક આવતું હતું. ઓલી કોરથી આવતી હતી ઓલી બે માળની બસ એમાં વચ્ચે આવી ગયો. બિચારો આમ. ઓલામાં ગરીને રોટલી વણાઈ (એમ વણાઈ ગયો). આહાહા! એ તો એવું અનંતવાર થયું છે એ કાંઈ નવું નથી.

એ તો દેહના પીલાવા થયા. એમાં દુઃખ લાગે છે એ દેહના પીલાવાનું નહીં. એ હું છું અને એ મને થાય છે એવી માન્યતાનું દુઃખ એને અનંતું હતું. એ દુઃખનો સર્વજ્ઞપદમાં નાશ થઈ ગયો છે એમ કહે છે. આહાહા! અને આમ અનુકૂળતા બહારની શરીર સુંદર, પૈસા, આબરૂ, કીર્તિ, ધૂળ. આ ધૂળ એટલે પૈસા. બે, પાંચ, દસ લાખ, વીસ લાખ. સુખી છું. મૂઢ કલ્પના જે સુખની કરતો. એ ઔપાધિક સુખનો સિધ્ધપદમાં અભાવ છે. કહો, સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા ણમો સિધ્ધાણંની અહીં તો વાત ચાલે છે. લ્યો! ણમો અરિહંતાણં, ણમો સિધ્ધાણં ગોખે પણ શું ચીજ છે ખબરેય ન મળે. ણમો અરિહંતાણં. શું પણ અરિહંતાણં એટલે? ણમો સિધ્ધાણં. સિધ્ધ એટલે શું પણ હવે? એ કોઈ સિધ્ધ હશે ભગવાન. અરિહંતાણં અરિહંત કોઈ રાજા થઈ ગયો હશે કોઈક. ઓલામાં નથી, 'જ્ઞાનમતિ' એમ કહે છે. કહે છે ને? અહીં તો કહે છે ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ શુધ્ધઆનંદસ્વરૂપ એનાથી વિરૂધ્ધ અજ્ઞાન, મિથ્યાત્વ અને રાગ-દ્વેષ પરિણામ જે અરિ નામ વેરી. વિકાર વેર છે. એનો સ્વભાવનો આશ્રય કરીને નાશ કર્યો. એનું નામ અરિહંત કહેવામાં આવે છે. એ આત્માનું પદ છે. એ કોઈ સંપ્રદાયની ભાષા ને સંપ્રદાયનો કોઈ રાજા નથી. સમજાણું કાંઈ?

એમાં ણમો સિધ્ધાણં. અરિહંતને ચાર કર્મોનો નાશ હોય અને ચાર કર્મો બાકી હોય. અત્યારે મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. સીમંધર ભગવાન ણમો અરિહંતાણંના. જેને પછી આઠેય કર્મો ને શરીરનો અભાવ થઈ ગયો અને આત્મા એકલો રહી ગયો પૂર્ણાનંદની પ્રાપ્તિ, એને સિધ્ધ કહે છે. એ સિધ્ધનું આ વર્ણન છે. સમજાણું કાંઈ?

કહે છે વિકારભૂત અનુભવના અભાવને લીધે, જુઓ! વિકારનો જે અનુભવ હતો. અજ્ઞાનીને અનુભવ કાંઈ જડનો, શરીરનો, પૈસાનો, રોટલા, દાળ, ભાતનો નહોતો. શું? સંસારમાં જીવને દાળ, ભાત, રોટલી, સ્ત્રીનું શરીર, પૈસા, મકાન એનો અનુભવ નહોતો. એ તો બધા પર પદાર્થ છે. માલિક, જડનો માલિક હતો કે દિ'. એણે એમ માન્યું હતું કે આ મને ઠીક છે. એવી કલ્પના વિકારનો અનુભવ હતો. અને પ્રતિકૂળતા વખતે દરિદ્રતા હોય, રોગ હોય. સમજ્યા ને? ઘરમાં એક ખાટલો ઊઠે ત્યાં બીજો પડે. એમ બબ્બે, પાંચ પાંચ વર્ષ સુધી કોઈ નીરોગતા રહે નહીં. પછી માને કે અમે દુઃખી છીએ. એ દુઃખની જે કલ્પના એ વિકારનો અનુભવ હતો એને. પરનો નહીં, રોગનો નહીં, નિર્ધનતાનો નહીં. એ કહે છે. જુઓ!

**'વિકારપૂર્વક અનુભવના અભાવને લીધે...'** જીવમાં અનાદિથી જે વિકારનો અનુભવ હતો. એના અભાવને લીધે **'ઔપાધિક સુખદુઃખ પરિણામોના...'** ઔપાધિક કલ્પનાનું જે સુખદુઃખ માન્યું હતું. એના ભોક્તૃત્વનો સિધ્ધપદમાં વિનાશ છે. એકલા આનંદનો અનુભવ છે હવે, એમ કહે છે. સમજાણું કાંઈ? **'અને આ જ, અનાદિ વિવર્તનના ખેદના વિનાશથી...'** અનાદિ જ્ઞાનની અવસ્થા

ખંડ ખંડપણે પરિણમન કરતી. ખંડ ખંડ વિવર્તન પરિણમન કરતી એનો ખેદ હતો દુઃખ. એના વિનાશથી **'જેનું અનંત ચૈતન્ય સુસ્થિત થયું છે...'** ભગવાન આનંદકંદ જ્ઞાનમાં લીન થયો છે. એવું જે સુસ્થિત **'આત્માને સ્વતંત્રસ્વરૂપાનુભૂતિલક્ષણ સુખ...'** જુઓ! આ સુખ. આત્માને સ્વતંત્રસ્વરૂપાનુભૂતિલક્ષણ સુખ એનો ભોકતા છે. સંસારમાં રાગ-દ્વેષનો ભોકતા હતો. સમજાય છે કાંઈ?

ધર્મ પામતા કાંઈક આનંદનો ભોકતા અને કાંઈક રાગનો ભોકતા એમ બે મિશ્રિત હતું. આંહી તો બધું ભેગું લેવું છે ને? અને પૂર્ણ સિધ્ધ થતાં એકલો આનંદનો ભોકતા રહી જાય છે. શું કહ્યું? અનાદિથી એકેન્દ્રિયના ભવથી માંડીને નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો, જૈન દિગમ્બર સાધુ થઈને મિથ્યાદષ્ટિ. એ વ્રતના વિકલ્પ છે એ મારા છે. એમ માની ને મિથ્યાત્વના સેવનમાં એકલો દુઃખનો અનુભવ હતો. ઔપાધિક દુઃખનો અનુભવ. અને કદાચિત્ કયાંક અનુકૂળ હોય તો માન્યું હોય કે મને ઠીક છે એ ઔપાધિક કલ્પનાના સુખનો અનુભવ એ સંસાર છે.

હવે જયારે એ ધર્મ પામ્યો ત્યારે, આત્મા આનંદ સ્વરૂપ છે, જ્ઞાન છે. એવી જે પ્રતીત થઈને અંશે આનંદ આવ્યો અને અંશે હજી રાગનો ભાગ રહી ગયો. તો આનંદનોય અનુભવ છે થોડો, થોડો રાગનો અનુભવ છે. એ સાધક દશા કહેવાય છે. રાગ બધો ટળીને એકલો આનંદ રહી જાય છે, એને સિધ્ધ દશા કહેવાય છે. આહાહા! બેય આવી ગયું. એય! આહાહા! કાંઈ કોઈએ ઘરમાં તપાસ્યું છે? એ તો આપણે જોયું ને? 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે' જોયું ને? ઈ તો. એ તો ઓલામાં છે, છ ઢાળામાં. પહેલી ચોપડીમાં હતું. એ તો ઓલાને આપી દીધી ને? પંડિતજીને આપી દીધી. એક હતી.

'અબ હમ કબહુ ન નિજ ઘર આયે પર ઘર ભમત અનેક નામ ધરાયે.' ભગવાનઆત્મા જ્ઞાન ચૈતન્ય પુંજ પ્રભુ. અનાકુળ અતીન્દ્રિય આનંદનું રૂપ જ એનું સ્વરૂપ છે. એના અંતરના ઘરમાં આવ્યા વિના એણે પુણ્ય ને પાપ ને હરખ શોકના વિકલ્પો ઉપાધિરૂપ એનો અનુભવ કર્યો છે. કહો બરાબર હશે આ? આ પૈસાવાળા સુખી હશે કે નહીં? આમ કરોડપતિ કહેવાય. ઓલો કેટલો બે અબજ ને ચાલીસ કરોડ. દશા શ્રીમાળી વાણીયો. પ્યાલો ફાટી જાય એવું છે. ધૂળેય નથી. સાંભળને હવે. એ તો ધૂળ છે ન્યાં બહાર. તને કલ્પના થઈ કે આ મને ઠીક છે. એ ઉપાધિનું સુખ છે. એટલે મેલું સુખ છે. દુઃખ છે. આહાહા! બરાબર હશે. છગનભાઈ! એ દુઃખનો અનુભવ કરે છે એ એમ કહે છે.

આ દેવમાં સ્વર્ગમાં જાય પુણ્ય ક્રિયા કરીને. દયા, દાન, વ્રત, ભકિતના પરિણામ હોય પુણ્યના (તો) સ્વર્ગમાં જાય. ઈન્દ્રાણીનું સુખ હોય ઘણું. એ સુખ પણ રાગનું દુઃખ છે. આકુળતાનું સુખ છે. એટલે દુઃખ છે. દેવો દુઃખી, રાજા દુઃખી, રંક દુઃખી. આનંદ સ્વરૂપને ભૂલી અને જે વિકારની ઉત્પત્તિ કરે એ બધું દુઃખ છે. સમજાણું કાંઈ? એ દુઃખના ટુકડા બે પડી ગયા. થોડો આમ ને થોડો દુઃખી સાધકમાં. અનાદિથી એકલું દુઃખ હતું એ સંસાર, એ બહિરઆત્મા.

અંતરાત્મા થતાં વસ્તુનું ભાન (થયું). ઓહો! આનંદ તો મારા સ્વરૂપમાં હું આનંદ સ્વરૂપ છું. સ્વરૂપાનંદી મારી ચીજ જ આનંદ સ્વરૂપ છે. એનું ભાન થતાં અંશે આનંદનું વેદન આવે અને હજી થોડો રાગ બાકી છે એનું દુઃખ હોય. એ મિશ્રિત દશા છે. એને અંતરાત્માની સાધક દશા કહેવામાં આવે છે. અને એ સર્વથા રાગ-દ્વેષના પરિણામનો ભોગવવાનો નાશ થઈ એકલી અનુભૂતિનો આનંદનો અનુભવ થાય એને પૂર્ણ સુખનો અનુભવ કરનાર, એને સિધ્ધ કહેવામાં આવે છે. એને પરમાત્મા કહે છે. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. ત્રણ દશા જીવની થઈ. કેટલું ગોખવું? આને સમજાય કેટલું? ઓલા પછી કહે બિચારા આત્મા આત્મા કરે છે. એય! નેમીચંદજી! આ તમારે ઓલા આવ્યા હતા. સવારમાં. હેં? કાંઈ સમજાય નહીં શું કરે? અભ્યાસ જ ન મળે. બહાર તો બિલકુલ ખોટા, જૈનમાં જનમ્યા છીએ. ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં. શું ણમો અરિહંતાણં? દિગંબર કોને કહેવા?

દિગ્ નામ વસ્ત્ર તો ઠીક પણ દિગ્ નામ પુણ્ય-પાપના વિકલ્પ એની લાગણી વિનાનો આત્મા એને દિગંબર કહેવામાં આવે છે. આહાહા! શું થાય? ભગવાન અંદર નિર્વિકલ્પ આનંદકંદ છે. એની દૃષ્ટિ કરતાં એ દિગંબર સમ્યગ્દૃષ્ટિ થાય છે. કહો આ તમે જનમ્યા દિગંબરમાં માટે ખોખા દિગંબર નથી. નામ તો ગમે તેનું આપે. કઠીયારાને કહે. શું કહેવાય? ઓલામાં આવતું ને? ભણતરમાં આવતું ને? હેં? ભીખન્તો ધનપાળ. એવું આવતું હતું. ધનપાળ નામ અને ભીખ માંગતો હતો. શું લક્ષ્મીનું કાંઈક આવે છે નામેય. ચોપડીમાં આવતું હતું. લાકડા વહેંચતી લક્ષ્મી. નામ શું? તો કહે લક્ષ્મી અને વહેંચે લાકડા. આહાહા! નામ તો શું? ધૂળ પડી વળી.

આ તો આત્મા પ્રભુ! અતીન્દ્રિય આનંદનો નાથ સ્વરૂપે પોતાના. પણ જે કોઈ ચીજ હોય એ સ્વરૂપે વિકૃત હોય શકે નહીં. સ્વભાવ હોય એ વિકૃત હોય નહીં. અપૂર્ણ હોય નહીં. દુઃખ ન હોય. ન્યાયથી એણે જોવું પડશે કે નહીં? ભગવાનઆત્માનો વાસ્તવિક સ્વભાવ તો જ્ઞાન ને આનંદ છે. એને ભૂલી અને પુણ્ય-પાપના હરખ શોકને ભોગવવું, એ પ્રાણી દુઃખ દશાના ભોગવનારા છે. ચાહે તો રાજા હોય, ચાહે તો દેવ યા ધર્મના ભોગવનારા છે. ધર્માત્મા થયે હું તો આનંદ ને જ્ઞાન સ્વરૂપ છું, મારામાં તો શાંતિ ને આનંદ છે. મારી શાંતિ મારા માટે આનંદની ખોજ બહારમાં નથી. મારો આત્મા આનંદ સ્વરૂપની ખોજમાં જતાં આનંદની પ્રાપ્તિ થાય અને થોડું રાગનું દુઃખ પણ રહે. એવી દશાને સાધક ધર્માત્મા અંતરાત્મા કહેવામાં આવે છે.

આમાં તો ન્યાયથી સમજાય એવું છે પણ માળા મગજ જ મૂકે નહી કયાંય! ભગવાન, ભગવાન, ભગવાન કર્યા કરે. સમજાય છે? છ કાયની કાં દયા પાળો, વ્રત પાળો. પણ તું કોણ છો પણ? તારી તો દયા પાળ પહેલી. આહાહા! કેમ ભરતભાઈ! આ બધા જુવાનિયા જુઓ ત્યાં કેટલા અભ્યાસ કરે છે ઘાટકોપર. સમજાણું? ભગવાનઆત્મા! ૫ થી ૬ જાગ્યા છે. ઘાટકોપરમાં જુવાનિયા માળા! ઝીણા

અભ્યાસી. સૂક્ષ્મ તત્ત્વમાં ઊંડા ઉતરવા પ્રયત્ન કરે છે. પ્રયત્ન કરે છે. આહાહા! આ વસ્તુ છે કે નહીં કાંઈ? છે તો એની શક્તિ અને સ્વભાવથી ખાલી હોય? વસ્તુ કહેવી અને સ્વભાવથી ખાલી? સાકર કહેવી ને ગળપણથી ખાલી? સમજાણું કાંઈ?

એમ ભગવાનઆત્મા વસ્તુ છે, તો એમાં વસેલી શક્તિઓ છે. વસ્તુમાં વસેલી, રહેલી. કોણ? જ્ઞાન-આનંદ એવી શક્તિઓ વસેલી છે. અનાદિની વસ્તુ એવી જ છે. એનું અંતરમાં રાગથી ભિન્ન પડીને ભાન થતાં, ચારિત્ર દોષ હોય. પણ રાગથી ભિન્ન પડીને આત્મા આનંદ છે એવો સ્વાદ આવતાં એણે આત્મા જાણ્યો એ અંતરાત્મા થયો. અંતરઆત્મા એટલે આત્માનો જે સ્વભાવ હતો એ રૂપે પ્રતીત ને અનુભવમાં આવ્યો. ત્યારે હજી એને થોડો રાગ-દ્વેષ તો રહી જાય છે. તેથી તે મિશ્ર કંઈક સુખ છે, કંઈક દુઃખ છે.

એ જ આત્મા પોતાના સ્વરૂપમાં એકાકાર થઈને પૂર્ણ સ્થિરતા કરે છે, ત્યારે ઉપાધિના સુખદુઃખની કલ્પનાનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? વાત તો ઘણી સીધી, સરળ અને સત્ છે. પણ એના રસ્તે ગયો નથી ને એટલે એટલું બધું અટપટું એને લાગે છે ને? કાંઈક કરવાનું કહે ને? આ જાત્રા કરો. ત્યાં જાત્રા કરો. આ જાત્રા નથી હવે સાંભળને? બહારના ડુંગરા ઉપર જાય અને ચડે. એ બરાબર શુભભાવ હોય પુણ્ય. ધરમ-બરમ નથી. એ શુભભાવની આકુળતા છે. એય! ત્યારે કહે એ કરવો કેમ? પણ એ આવે એ જુદી વાત છે.

જગતના પાપના પરિણામ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગના. એના કરતાં કષાયની મંદતાના પરિણામ. આકુળતા મંદ આકુળતા છે. ઓલી તીવ્ર છે. છે તો આકુળતા. એ જયંતિભાઈ! હવે કોણ સાંભળવા આવે? આ ભક્તિ કરવી અને કહે આકુળતા, જાત્રા જાવી અને કહે આકુળતા.એય! નવરંગભાઈ! આ શાસ્ત્રને વાંચવાનો વિકલ્પ એય આકુળતા છે.

મુમુક્ષુ :- સાંભળવું ઈ?

ઉત્તર :- સાંભળવાનો વિકલ્પ એય આકુળતા છે. આહાહા! આકરું કામ બહુ!

આ ભગવાનઆત્મા આકુળતાનો પિંડ છે એની તો એને ખબર ન મળે. એમાંથી તને જેટલો વિકલ્પ આવ્યો, વૃત્તિ ઊઠી, એ પ્રકાશદાસ! એ આકુળતા છે એમ કહે છે. આ વ્રતના પરિણામ આકુળતા છે.

મુમુક્ષુ :- વાસ્તવિક નથી.

ઉત્તર :- હાય! હાય! વાસ્તવિક નથી.

વસ્તુ એવી છે. અહીં તો દાંડી પીટીને કહેવાય છે ને. અહીં ક્યાં અંદર ગુપ્ત રાખ્યું છે. શાસ્ત્રમાં તો પ્રત્યક્ષ મુક્યું છે. જુઓને! આહાહા! અનાદિ પલટનના ખેદનો વિનાશ. છે ને? **'અનાદિ વિવર્તનના'**

વિવર્તન એટલે પલટો. એનો **'ખેદ'** હતો **'એના વિનાશથી જેનું અનંત ચૈતન્ય સુસ્થિત થયું છે...'** ભગવાનઆત્મા જ્ઞાનમાં જામી ગયો. આનંદમાં આત્મા જામી ગયો. જામી ગયો. શું જામી ગયું નથી કહેતાં? આ દહીં જામી ગયું નથી કહેતાં? દહીં જામ્યું નથી કહેતાં? ખોળ જેવું દહીં જામ્યું છે એમ કહે. છાશ પરાશ ન રહે અને એકલું ખોળ જેવું દહીં. અને કેટલાકમાં જામે નહીં અને હેઠે થોડું પાણી હોય. આ તો ખોળ જેવું.

એમ ભગવાનઆત્મા આનંદના ધામમાં જ્યાં અંતર પ્રવેશ કરી ને એકાગ્રતા થઈ ખોળ જામી ગયું. એકલો આનંદ થઈ ગયો. આનંદનો પૂર્ણ અનુભવ એને પરમાત્મા અને સિધ્ધ કહેવામાં આવે છે. એ જ આત્માની દશા છે. આરે! આરે! ભારે! **'અનંત ચૈતન્ય સુસ્થિત થયું'....** અનંત ચૈતન્ય સુસ્થિત એમ કીધું ને? પોતાનો જે ચૈતન્ય સ્વભાવ અનંત છે એમાં સ્થિત થઈ ગયો, સ્થિત થઈ ગયો. તેથી કેવા આત્માને? **'સ્વતંત્રસ્વરૂપાનુભૂતિલક્ષણ'** દેખો! તે સુખ પોતાનું અંતરથી પ્રગટયું છે એમ કહે છે. **'સ્વતંત્રસ્વરૂપાનુભૂતિલક્ષણ સુખનું (સ્વતંત્ર સ્વરૂપની અનુભૂતિ જેનું લક્ષણ છે એવા સુખનું) ભોકતૃત્વ છે...'** એના ભોકતા સિધ્ધ ભગવાન છે.

સંસારી પ્રાણી હરખ-શોકનો ભોકતા. આત્માના આનંદનો ભોકતા નહીં. એ દુઃખનો ભોકતા. સ્ત્રી, શરીર, આબરૂનો નહીં. એ તો પર છે. ધર્મી થોડો આનંદ અને થોડો દુઃખનો ભોકતા. કારણ કે હજી પૂર્ણ દશા પ્રગટ થઈ નથી એટલે આત્માનો જે આનંદ છે તેનો આશ્રય લઈ અને જેટલો આનંદ પ્રગટયો એટલો સ્વતંત્ર સુખની અનુભૂતિ. જેટલો રાગ બાકી રહ્યો એટલું દુઃખ. પછી શુભ હો કે અશુભ. એ શુભ-અશુભના દુઃખની ઉપાધિનો નાશ કરી સર્વથા અનુભૂતિનું સુખ જેને પ્રગટ થઈ ગયું એને પરમાત્મા અને સિધ્ધ કહેવામાં આવે છે. આહાહા!

આ તો સમજાય એવું છે હો! લોજીકથી સમજાય એવું છે. આમાં કાંઈ .... એમ કાંઈ વિકલ્પ-ફિકલ્પ કરી ને નથી પણ હવે માણસને દરકાર જ ન મળે કોઈ દિ', અરે હું કોણ છું? શું થાય છે પણ આ? કયાં મારી નજરુ અને હું નજર કરનારો કોણ? નજર કરનારો કોણ અને નજર નાખે છે કયાં? હેં? જેનામાં પોતે, જેમાં પોતે નથી અથવા પોતામાં જે નથી એ નજર નાખનારો ત્યાં નાખે. પુણ્ય ને પાપ, વિકલ્પ ને શરીર જે આત્મામાં નથી. નજર નાખનારો પોતે અને નજર નાખે પોતા સિવાયના બીજા ભાવમાં. આહાહા! ગજબ છે ને? સમજાણું કાંઈ? નવરંગભાઈ!

જાણનાર, જાણનાર, જાણનાર, જાણનાર એ જીવ. અને જાણનારની નજર એ જાણવાની. એ નજર જાણનારની. એ નજર રાગ ને પુણ્ય ને પરમાં જાય એ નજર ખોટી છે. નજર કરનારો નજર કરવામાં નજર કરે ત્યારે એ ધર્મ પામે. આહાહા! ભારે વાત ભાઈ! શું કહે છે આ? આ તો બધા હાડકા જડ માટી. અંદરમાં પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે એ દુઃખ. હવે પોતે આનંદમૂર્તિ. નજર કરે પોતે અને

નજર આનંદમાં ન નાખે પણ ઓલા દુઃખમાં (નજર નાખે). ભારે ભાઈ!

મુમુક્ષુ :- અનાદિથી ભૂલ્યો છે.

ઉત્તર :- હા, ભૂલ્યો છે એની ખબર નથી. ભૂલેય કેમ થઈ એની ખબર નથી. ભૂલ્યો નહીં, જાણે ભૂલ્યા જ નથી. આહાહા! કહો.

જુઓને! **'અનંત ચૈતન્ય સુસ્થિત..'** કહ્યું છે ને? એ આમ સુસ્થિત નહોતું. પોતે પોતામાં સુસ્થિત નહોતો. એ અહીં રાગ ને પુણ્ય ને પર, શરીર, વાણી, મન ને એમાં એ માન્યું હતું કે આ હું છું. એ તો દુઃખમાં સુસ્થિત છે. આહાહા! બાબુભાઈ! બરાબર હશે આ? આ બધા પૈસાવાળા ને તમારે સુખી કહે છે ને? છોકરાવ ચાર. આ પૈસા હોય, મા-બાપ હોય, પૈસા બૈસા ધૂળ હોય, લાખ બે લાખના મકાન સરખા હોય, ઓલા શું કહે છે? દુનિયા ગાંડી પાગલ. પાગલ તો પાગલને સુખી કહે. આહાહા! પ્રભુ તું આનંદથી ખાલી છો? કે આનંદને બહાર શોધવા જાય છે? અને જે આનંદ માગવા જાય અને જો આનંદ તારામાં ન હોય તો આનંદ બહારથી કયાંયથી આવે એવો નથી. આહાહા!

એ કહે છે. 'સુખન ઈચ્છન્તિ તે નરા, ન ઈચ્છન્તિ સુખ કારણં' સુખને ઈચ્છે છે. પણ સુખ કયાં છે? અને સુખના કારણ કયાં છે એની એને ખબર નથી. 'ન ઈચ્છન્તી દુઃખ લેશઈ' દુઃખને ઈચ્છતો નથી પણ દુઃખના કારણમાં તત્પર છે. આહાહા! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો સાગર છે. ચૈતન્ય રત્નાકર છે. એવા અનંતા જ્ઞાન, આનંદ એવા રતન જેમાં પડયા છે. એવા દરિયામાં નજર કરતો નથી અને જયાં ખાલી ખાબોચિયા રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ ને શરીર ક્રિયામાં કયાંય આત્મા અંશેય નથી. કહો, બરાબર છે? તેમાં આ મારા અને આ હું એનો. આહાહા! પ્રભુ! તારી ચીજ તો આખી નજરમાંથી ગઈ. તારું નિધાન તો તને નજરમાં આવ્યું નહીં. આહાહા! શું થાય પણ? એ એની અંતર નજરુંમાં રીત શું છે એ જાણ્યા વિના એ નજર કયાં નાખવી અને નજર નાખનારો કેવડો છે. ત્રણકાળ, ત્રણલોકને જાણે એવો નજર નાખનારો સ્વભાવ છે. આહાહા! સમજાણું કાંઈ? લ્યો, પંડિતજી આવ્યા! સમજાય છે કાંઈ?

આ જાણે છે એ કોઈ અસ્તિત્વ છે કે નહીં? અસ્તિત્વ છે કે સસલાના શિંગડા છે? જણાય છે, જાણે છે એ કોઈ અસ્તિત્વ છે કે નહીં? અસ્તિત્વ છે કે સત્તા? તો કેવડી સત્તા છે? એ જાણનારનું અસ્તિત્વ અનંતજ્ઞાન, અનંતદર્શનવાળું અસ્તિત્વ છે. આહાહા! એનો સ્વભાવ છે એ તો અનંત છે, અનંત છે. ક્ષેત્ર નાનું એનું કાંઈ નહીં. અંતર ભાવ અને સ્વભાવનું સામર્થ્ય અનંત છે. એવા અનંત સામર્થ્યને પોતાની નજરમાં ન લેતાં અનાદિથી ઈન્દ્રિયજ્ઞાનવાળો જીવ માટે એણે રાગ ને દ્વેષ ને પરને લક્ષમાં લીધાં. એ મિથ્યાદષ્ટિ બહિરઆત્મા, અંતરાત્માને ચૂકી ને બહિર જેમાં નથી એમાં પોતાપણું માની ને દુઃખી છે. ચાહે તો જૈન સાધુ થયો હોય કે ચાહે તો ચક્રવર્તી રાજા હોય પણ જેની દષ્ટિ સ્વમાં નથી અને રાગ ને પુણ્ય ને એમાં છે એ બધા બહિરઆત્મા દુઃખી પ્રાણી છે. એક જાતના હો પણ પાછા એ.

ઓલા ચક્રવર્તી એમ દુઃખી એમાં મહાત્મા થઈ ને લંગોટી છોડી ને નગ્ન થઈ ને જંગલમાં રહેતો હોય. પણ ભગવાનઆત્મા પૂર્ણાનંદસ્વરૂપ છે એના ઉપર તો દૃષ્ટિ નથી. ફકત દયા, દાન, વ્રત ને વિકલ્પ જે રાગ છે એના ઉપર દૃષ્ટિ છે. એક જાતના સરખા દુઃખી છે. કહો ભીખાભાઈ! એ આ સિધ્ધ સુખી છે. અને કાં સિધ્ધના સાધક સુખી છે. જાદવજીભાઈ! ઓલા બહુ કહે હો! આ તમારા પૈસાવાળા કહે હો! પૈસાવાળા સુખી છે. ભાષા જ એવી માળાની! પૈસે ટકે સુખી છે. પૈસે ટકે સુખી છે ને? ધૂળથી સુખી છે. હેં? હા તો મૂઢ પાગલ કોને કહે? પાગલખાનામાં બધા પાગલ તે બીજાને પણ સુખી કહે.

અહીં તો કહે છે કે, ભાઈ! એ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા ને લાખ કર ને, એ બધો વિકલ્પ છે. એ દુઃખ છે. ત્યાં નજર તારી દુઃખ ઉપર હોય તો મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. ભાઈ! આહાહા! એ વિકલ્પ વિનાનો ભગવાન પૂર્ણાનંદ છે ત્યાં નજર નાખ તો સમ્યગ્દર્શન છે. વાત તો આ છે. હેં? એને જેને પૂર્ણઆનંદની પ્રાપ્તિ થઈ ગઈ, ખલાસ! કાંઈ કરવાનું રહેતું નથી. એટલે કહે છે કે પૂર્ણઆનંદનો ભોક્તા છે. લ્યો! સમજાણું? એ અઠયાવીસ ગાથા થઈ લ્યો! હવે ઓગણત્રીસ.

## ગાથા - ૨૯

**जादो सयं स चेदा सव्वण्हू सव्वलोगदरिसी य ।**
**पप्पोदि सुहमणंतं अव्वाबाधं सगममुत्तं ॥२९॥**

जातः स्वयं स चेतयिता सर्वज्ञः सर्वलोकदर्शी च ।
प्राप्नोति सुखमनन्तमव्याबाधं स्वकममूर्तम् ॥२९॥

इदं सिद्धस्य निरुपाधिज्ञानदर्शनसुखसमर्थनम् ।

आत्मा हि ज्ञानदर्शनसुखस्वभावः संसारावस्थायामनादिकर्मक्लेशसङ्कुचितात्मशक्तिः परद्रव्यसम्पर्केण क्रमेण किञ्चित् किञ्चिज्ज्ञानाति पश्यति, परप्रत्ययं मूर्तसम्बद्धं सव्याबाधं सान्त सुखमनुभवति च । यदा त्वस्य कर्मक्लेशाः सामस्त्येन प्रणश्यन्ति, तदाऽनर्गलासङ्कुचितात्मशक्तिरसहायः स्वयमेव युगपत्समग्रं जानाति पश्यति, स्वप्रत्ययममूर्तसम्बद्धमव्याबाधमनन्तं सुखमनुभवति च । ततः सिद्धस्य समस्तं स्वयमेव जानतः पश्यतः, सुखमनुभवतश्च स्वं, न परेण प्रयोजनमिति ॥२९॥

**સ્વયમેવ ચેતક સર્વજ્ઞાની-સર્વદર્શી થાય છે,**
**ને નિજ અમૂર્ત અનંત અવ્યાબાધ સુખને અનુભવે. ૨૯.**

અન્વાર્થ :- (सः चेतयिता) તે ચેતયિતા (ચેતનારો આત્મા) (सर्वज्ञः) સર્વજ્ઞ (च) અને (सर्वलोकदर्शी) સર્વલોકદર્શી (स्वयं जातः) સ્વયં થયો થકો, (स्वकम्) સ્વકીય (अमूर्तम्) અમૂર્ત (अव्याबाधम्) અવ્યાબાધ (अनन्तम्) અનંત (सुखम्) સુખને (प्राप्नोति) ઉપલબ્ધ કરે છે.

ટીકા : આ, સિદ્ધના નિરુપાધિ જ્ઞાન, દર્શન અને સુખનું સમર્થન છે.

ખરેખર જ્ઞાન, દર્શન અને સુખ જેનો સ્વભાવ છે એવો આત્મા સંસારઅવસ્થામાં, અનાદિ કર્મક્લેશ વડે આત્મશક્તિ સંકુચિત કરવામાં આવી હોવાથી, પરદ્રવ્યના સંપર્ક વડે (-ઈન્દ્રિયાદિના સંબંધ વડે) ક્રમથી કાંઈક કાંઈક જાણે છે અને દેખે છે તથા પરાશ્રિત, મૂર્ત (ઈન્દ્રિયાદિ) સાથે સંબંધવાળું, સવ્યાબાધ (-બાધા સહિત) ને સાન્ત સુખ અનુભવે છે; પરંતુ જ્યારે તેને કર્મક્લેશો સમસ્તપણે વિનાશ પામે છે ત્યારે, આત્મશક્તિ અનર્ગલ (-નિરંકુશ) અને અસંકુચિત હોવાથી, તે અસહાયપણે (-કોઈની સહાય વિના) સ્વયમેવ યુગપદ્ બધું (-સર્વ દ્રવ્યક્ષેત્રકાળભાવ) જાણે છે અને દેખે છે તથા સ્વાશ્રિત, મૂર્ત (ઈન્દ્રિયાદિ) સાથે સંબંધ વિનાનું, અવ્યાબાધ ને અનંત સુખ અનુભવે છે. માટે બધું સ્વયમેવ જાણનારા અને દેખનારા તથા સ્વકીય સુખને અનુભવનારા સિદ્ધને પરથી (કાંઈ) પ્રયોજન નથી.

ભાવાર્થ :- સિદ્ધભગવાન (તેમ જ કેવળીભગવાન) સ્વયમેવ સર્વજ્ઞત્વાદિરૂપે પરિણમે છે; તેમના એ પરિણમનમાં લેશમાત્ર પણ (ઈન્દ્રિયાદિ) પરનું આલંબન નથી.

અહીં કોઈ સર્વજ્ઞનો નિષેધ કરનાર જીવ કહે છે કે 'સર્વજ્ઞ છે જ નહિ, કારણ કે જોવામાં આવતા નથી', તો તેને નીચે પ્રમાણે સમજાવવામાં આવે છે :-

હે ભાઈ ! જો તમે કહો છો કે 'સર્વજ્ઞ નથી', તો અમે પૂછીએ છીએ કે ક્યાં સર્વજ્ઞ નથી? આ ક્ષેત્રમાં અને આ કાળમાં કે ત્રણે લોકમાં અને ત્રણે કાળમાં? જો 'આ ક્ષેત્રમાં અને આ કાળમાં સર્વજ્ઞ નથી' એમ કહો, તો તે તો સંમત જ છે. પરંતુ જો 'ત્રણે લોકમાં અને ત્રણે કાળમાં સર્વજ્ઞ નથી' એમ કહો તો અમે પૂછીએ છીએ કે તે તમે કઈ રીતે જાણ્યું? જો ત્રણે લોકને અને ત્રણે કાળને સર્વજ્ઞ વિનાના તમે જોઈ-જાણી લીધા તો તમે જ સર્વજ્ઞ થયા કારણ કે જે ત્રણ લોકને જાણે તે જ સર્વજ્ઞ છે. અને જો સર્વજ્ઞ વિનાના ત્રણે લોકને અને

**ત્રણે કાળને તમે નથી જોઇ - જાણી લીધા તો પછી 'ત્રણે લોકમાં અને ત્રણે કાળમાં સર્વજ્ઞ નથી' એમ તમે કઇ રીતે કહી શકો? આ રીતે સિદ્ધ થાય છે કે તમે કરેલા સર્વજ્ઞનો નિષેધ યોગ્ય નથી.**

**હે ભાઇ! આત્મા એક પદાર્થ છે અને જ્ઞાન તેનો સ્વભાવ છે; તેથી તે જ્ઞાનનો સંપૂર્ણ વિકાસ થતાં એવું કાંઇ રહેતું નથી કે જે તે જ્ઞાનમાં અજ્ઞાત રહે. જેમ પરિપૂર્ણ ઉષ્ણતાએ પરિણમેલો અગ્નિ સમસ્ત દાહ્યને બાળે છે, તેમ પરિપૂર્ણ જ્ઞાને પરિણમેલો આત્મા સમસ્ત જ્ઞેયને જાણે છે. આવી સર્વજ્ઞદશા આ ક્ષેત્રે આ કાળે (અર્થાત્ આ ક્ષેત્રે આ કાળમાં જન્મેલા જીવને) પ્રાપ્ત નહિ થતી હોવા છતાં સર્વજ્ઞત્વશક્તિવાળા નિજ આત્માનો સ્પષ્ટ અનુભવ આ ક્ષેત્રે આ કાળે પણ થઈ શકે છે.**

**આ શાસ્ત્ર અધ્યાત્મશાસ્ત્ર હોવાથી અહીં સર્વજ્ઞસિદ્ધિનો વિસ્તાર કરવામાં આવ્યો નથી; જિજ્ઞાસુએ તે અન્ય શાસ્ત્રોમાંથી જોઇ લેવો. ૨૯.**

## ગાથા ૨૯ ઉપર પ્રવચન

નીચે હરિગીત છે.

जादो सयं स चेदा सव्वण्हू सव्वलोगदरिसी य ।
पप्पोदि सुहमणंतं अव्वाबाधं सगममुत्तं ।।२९।।

**સ્વયમેવ ચેતક સર્વજ્ઞાની-સર્વદર્શી થાય છે,**
**ને નિજ અમૂર્ત અનંત અવ્યાબાધ સુખને અનુભવે. ૨૯.**

જુઓ! થાય છે. હોય તે થાય છે. આહાહા!

એની **ટીકાઃ- આ સિધ્ધના નિરુપાધિ જ્ઞાન, દર્શન અને સુખનું સમર્થન છે.** નિરુપાધિ જ્ઞાન, દર્શન ને સુખ સિધ્ધમાં છે. જેવું આત્મામાં સ્વભાવમાં નિરુપાધિ જ્ઞાન, દર્શન ને સુખ છે. એવું વર્તમાન પર્યાયમાં અવસ્થામાં પ્રગટ થયું તેને સિધ્ધ કહીએ. સમજાણું કાંઈ?

ઉપર મુક્તિ શીલામાં લટકે.... આ અનંત જ્ઞાન ને અનંત દર્શન ને આનંદ. જેવો સ્વભાવ ભગવાનઆત્માનો હતો એવો અંતર્મુખ થઈને પ્રગટ કર્યો, એને અનંતજ્ઞાન, દર્શન ને સુખી કહેવામાં આવે છે. એ સિધ્ધ છે. સમજાણું? 'નવી સો હી દેવતા દેવ' એ આવે છે કડી. સ્થાનકવાસીમાં બહુ બધા

લોકો ગાય છે. રાજા સુખી નથી. નથી શેઠ, સેનાપતિ વિદંત સુખી મુનિ વીતરાગી. પણ મુનિ વીતરાગી હો! મુનિ થયો ને બાવો થઈ ગયો અને સાધુ થઈ ગયો માટે (વીતરાગી એમ નથી). હેં? હા, વિદંત સુખી મુનિ વીતરાગી. રાગ અને દ્વેષના વિકલ્પ વિનાનો ભગવાન એવી જેની દૃષ્ટિ ને અનુભવ ને વીતરાગતા પ્રગટી છે તે એક સુખી છે. બાકી બધા દુઃખી છે. કહો બરાબર હશે? સુમનભાઈ! પુણ્ય પ્રમાણે મળશે એવી પણ જેને શ્રદ્ધા નથી એ કાળા બજારમાં ગોઠવાઈ જાય છે. હેં?

મુમુક્ષુ :- બરાબર છે. પુણ્યનો ભરોસો નથી.

ઉત્તર :- ભરોસો નથી. પુણ્ય હશે તો ગમે ત્યાંથી આવશે. પુણ્યના પરમાણું અંદરમાં પડયા હોય એને લઈને આવે. શું કાંઈ તારા પ્રયત્નથી આવે છે? બુધ્ધિના બારદાન જેવાય દસ દસ હજાર મહિને પેદા કરે છે.

ઘણા વર્ષની વાત છે. એક ફેરે પાલેજથી માલ લેવા ગયેલા મુંબઈ. ખોજો હતો એ ખોજો. આ તો પાંસઠ-છાંસઠની વાત હશે. અમારા ઉમરાળામાં એક નોકર હતો એનામાં. હું ને કુંવરજીભાઈ બેય માલ લેવા ગયેલાં. પાંસઠ-છાંસઠમાં હો! દુકાનમાં પાલેજથી. ત્યાં સામે હોટલ હતી ખોજો સામે ઊભો હતો. ચા પીતો હતો. નોકર હતો. માલ લેવા ગયા હતા એમાં મોટી વખાર માલની. અમુક બે, ચાર પેટીઓ લીધી. પછી ઓલો માણસ કહે એક પેટી મારી લઈ જાવ. મોટો વેદાંત હતો ન્યાં કયાંક. ઓલું શું? ખાનગી ચોરીની, ચોરી. કીધું આ ન લેવાય. તે દિ'ની વાત છે હો! કીધું આનો ધણી કોણ? હું ને કુંવરજીભાઈ હતા બેય. આણંદજી હતો કે કુંવરજી હતો. ઘણી વાર કુંવરજીભાઈની સાથે જાવ. દુકાન બેય જુદી કરી ને? કીધું આ છે કોણ? આ માણસ વેપારી કોણ છે અહીંનો? એ રહ્યો ઓલો ખોજો સામે હોટલમાં ચા પીવે છે એ. પેદાશ કેટલી છે? બાર મહિને પચાસ હજારની. તે દિ' હો! ચોસઠ-પાંસઠની (વાત છે). તે દિ' તો બહુ કહેવાતું ને? અત્યારે તો પચાસ હજાર ફચાસ હજારમાં કાંઈ ન મળે. ન મળે. અત્યારે તો લાખ, બે લાખ, પાંચ લાખ ને પેદા કરે તો કાંઈક કહેવાય. એ વખતે તો લોકો પાંચ, પચાસ હજાર પેદા કરે ત્યાં તો!

કીધું નામું લખતાં આવડે છે? તો કહે ના, નામું તો નોકર લખે છે. મૂળચંદ ગોપાળજી હતો. અમારા ગામમાં ઉમરાળામાં. પાંસઠ પેટી લીધી હતી તે ઓલો મોટો હતો ગોદામ. તેમાંથી બે પેટી મારા નામની લઈ જજો. એ પછી ખાનગી મને આપજો. કીધું આપણને ન બેસે આવું હો! આવા ધંધા હોય? અને બીજું શું કર્યું. માલ અમે બેય જણા હતા. તે દિ' કાંઈક પોણો પોણો મણ હતું ને ભાઈ કાંઈક? પોણો પોણો મણ લઈ આવીએ રેલમાં. અમારી સાથે છ સાત મણ, આઠ મણ ભાર હતો. એટલે ઓલા મૂકવા આવ્યા. ઓલું શું લઈને? પાસ હોય? ત્રણ પૈસાનું, બે પૈસાનું. મૂકવા આવ્યા, એલા તમે મૂકવા આવ્યા પણ આપણે છીએ બે. અને આ દોઢ મણ જુદું આ શું? ઓલો કહે વાંધો ન આવે. આપણને

વાંધો. આમ તો અમારી છાપ ત્યાં સારી પાલેજમાં. એટલે કાંઈ કોઈ પૂછે નહીં. બિલકુલ વાંધો નહીં. એ તો અહીં ચડાવવા આવે ને ૨ પૈસાનો ગેઈટ પાસ લઈને. પણ કીધું આપણું કામ નહીં, અન્યાય કહેવાય. મેં તો તે દિ' કીધું હતું હો! હું તો ત્યારેય ભગત કહેવાતો ને? આ અન્યાય આપણે નહીં બાપુ! આપણે વાંધો? વાંધાની ક્યાં વાત છે? ત્યાં તો આપણે પહોંચી તો ત્યાં તો આપણા બધા જાણીતા. ઓલું શું કહેવાય? પોર્ટર એ તો બિચારા લઈ જાય. માસ્તર બાસ્તર બધા મોટા માસ્તરો. અમારા પક્ષમાં બધા સાક્ષી હતા. અમે ત્યાં વેપારી ખરા ને! ......આપણો માલ નહીં. પુણ્યની શ્રદ્ધા ન મળે. સમજાય છે? પુણ્ય હશે તો મળશે. નહીં હોય તો તારા લાખ રૂપિયાને કરોડ રૂપિયા ચાલ્યા જાશે ક્યાંય. અહીં કહે છે કે ભાઈ, હજી તને પુણ્યની પ્રતીતિ ન મળે? એને ભગવાન પુણ્ય ને પાપ વિનાનો એની પ્રતીતિ ક્યાંથી લાવવી? આહાહા! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા આનંદ ને જ્ઞાનનો સાગર પ્રભુ છે. ચૈતન્યબિંબ! વસ્તુ છે ને? વસ્તુ તેમાં વસેલી શક્તિઓ છે ને? તેમાં વાસ્તુ કરવું તેનું નામ ધર્મ છે. એમાં સ્વભાવમાં એકાકાર થવું એનું નામ ધર્મ ને શાંતિ ને સુખ છે. એ આનંદનો અનુભવ ધર્મીને હોય છે. અને કાં પૂર્ણ પરમાત્મા એને પૂર્ણ આનંદ હોય છે. અજ્ઞાનીને જરા પણ આનંદ હોતો નથી. દુઃખી છે. સમજાણું કાંઈ?

આહાહા! પૂર્ણ ભોકતા અહીં કહે છે. એવા સિધ્ધને નિરુપાધિ જ્ઞાન છે. અહીં તો જ્ઞાન થોડું ઉઘડેલું છે ને થોડું ઉપાધિવાળું છે. ત્યાં તો તદ્દન નિરુપાધિ, એકલો જ્ઞાન સૂર્ય ખીલી ગયો. સોળે કળાએ જેમ ચંદ્ર ખીલે એમ આત્મા જ્ઞાનનાં કિરણોથી બેહદ જ્ઞાનથી ખીલી ગયો છે. બેહદ દર્શન છે. અને નિરુપાધિ સુખ છે. આનંદનું વેદન છે સિધ્ધને. આત્માની શક્તિનો પ્રગટ કરેલો આનંદ એનો અનુભવ છે. સમજાણું કાંઈ?

કોઈ કહે, પણ આ ઉપર સિધ્ધમાં એકલા શું સુખી છે? એમ કહે છે. વાડી નહીં, ગાડી નહીં, લાડી નહીં, ઘોડી નહીં કાંઈ ન મળે. હેં?

મુમુક્ષુ :- ખુરશી નહીં, ટેબલ નહીં.

ઉત્તર :- ખુરશી નહીં, ટેબલ નહીં. પૈસા નહીં. એના મોસંબીના પીણાં નહીં. લાકડા બાકડા મૂક્યા હોય ને લૂગડા લટકતા હોય અંદર બેસે ને આમ ચારે કોરથી. બિસ્કુટ ને ચા ને. ત્યાં તો કાંઈ નથી હો!

કહ્યું નહોતું! આપણે ભાઈ હતા ને? દાસ. લાલન. બહુ અભ્યાસ લાલનનો. ચોરાણું વર્ષે ગુજરી ગયા. સોળ વર્ષની ઉંમરથી અભ્યાસ. સોળ વર્ષથી અભ્યાસ તે ઠેઠ સુધી, મરતાં સુધી. લાલન જામનગરનો હતો. અમેરીકામાં જાય તો દસ-વીસ હજાર માણસો આવે. પછી એક વાર એવી વાત કરી (તે) મશ્કરા હતા. જો ભાઈ મારે ઓસામણ વિના હાલે એવું નથી. કારણ કે દાળ ને ભાતનું ઓલું ઓસામણ આવે ને ઉનું ઉનું. જામનગરનું ઓસામણ પાછું. ઓસામણ વિના હાલે એવું નથી. ત્યારે કહે

કે મુક્તિમાં ઓસામણ હોય? ન હોય તો આપણે મુક્તિ જાવી નથી. ના, પણ પાછો વિચાર કર્યો, પાછો વિચાર કર્યો. કે અહીં ઓસામણ છે એને આપણે તો જાણીએ છીએ. તો ઓસામણ કાંઈ ગરી જતું નથી, જડ છે. અહીં કયાં ગરી ગયું હતું. ત્યાંય સિધ્ધ ભગવાનેય જ્ઞાનમાં ઓસામણ જાણે તો ખરા, પણ ત્યાં ઓસામણ લાગે છે, નવરંગભાઈ! મશ્કરા, હેં? ટીખળી હતા. ત્યારે વાંધો નહીં હવે મુક્તિ થઈ જાય તો વાંધો નહીં. ઓસામણ છે ખરું ત્યાં. કારણ કે અહીં ઓસામણ ને દાળ-ભાતને આત્મા જાણે છે. ઓસામણ ને દાળ-ભાત આત્મામાં ગરી જાય છે?

ત્યાં પૂર્ણ વ્યકત દશા જયાં પ્રગટ થઈ ત્રણકાળમાં ઓસામણ ને મેસુબ ને બધાને એ જાણે. એ જાણવાની ક્રિયા એને થઈ તે એને સુખરૂપ થઈ. ઓલો ખાવાવાળો વિકલ્પ કરતો કે આ ઠીક અઠીક છે એ બધી દુ:ખની દશા હતી. સમજાણું કાંઈ? આહાહા!

હવે કહે છે. **ખરેખર જ્ઞાન, દર્શન અને સુખ જેનો સ્વભાવ છે,** જુઓ! ભગવાનઆત્માનો તો ખરેખર જાણવું, દેખવું અને સુખ એવો એનો સ્વભાવ છે. ત્રણ લીધું ભાઈ એણે વીર્ય મુકીને. છે ને સામર્થ્ય આવી જાય છે ને? આ આત્મા છે ને આત્મા એમાં જાણવું એનો સ્વભાવ, દેખવું એનો સ્વભાવ અને સુખ એનો સ્વભાવ. એવો આત્મા. જુઓ! હવે. **ખરેખર જ્ઞાન, દર્શન અને સુખ જેનો સ્વભાવ છે એવો આત્મા.** આત્મા સ્વભાવવાન અને એનો સ્વભાવ જ્ઞાન, દર્શન અને સુખ. સંસાર અવસ્થામાં આવો ભગવાનઆત્મા જેમાં જ્ઞાન- જાણવું, દેખવું અને આનંદ એવા સ્વભાવવાળો સ્વભાવી, એવા ભાવવાળો ભાવવાન. આહાહા! કેટલી સાદી ભાષામાં વસ્તુની સ્થિતિ વર્ણવી છે.

એવો ભગવાનઆત્મા. એમ નથી કહ્યું કે આ રાગવાળો ને પુણ્યવાળો એ આત્મા. એનો સ્વભાવ રાગ ને દયા-દાન, વ્રત એ એનો સ્વભાવ, એ સ્વભાવ છે નહીં. આહાહા! ભગવાનઆત્મા એક એક પ્રત્યેક આત્મા એ ખરેખર જ્ઞાન, દર્શન ને સુખ જેનો સ્વભાવ છે. **'એવો આત્મા સંસારઅવસ્થામાં...'** હવે સંસારની દશામાં, આવો આત્મા હોવા છતાં, સ્વભાવવાનનો સ્વભાવ આ હોવા છતાં એની પર્યાયમાં હવે એમ લ્યે છે. ઓલો સ્વભાવવાન તે દ્રવ્ય થયું, સ્વભાવ તે ગુણ થયો. હવે એની પર્યાયમાં શું છે તેમ બતાવે છે. આહાહા!

પર્યાય એટલે અવસ્થા. દ્રવ્ય તે સ્વભાવવાન જેમ સાકર તે સ્વભાવવાન ગળપણ તે સ્વભાવ અને તેની પરિણતિ વર્તમાન પર્યાય તે એની અવસ્થા. એમ આત્મા તે દ્રવ્ય- સ્વભાવવાન, જ્ઞાન, દર્શન ને સુખ તેનો સ્વભાવ, શકિત. એની પર્યાયમાં શું છે અનાદિનું, તે હવે કહે છે. આહાહા!

**'અનાદિ કર્મક્લેશ વડે...'** દેખો! અનાદિ કર્મના કલેશ વડે કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલો વિકારી પરિણામ એવા કલેશ વડે **'આત્મશક્તિ સંકુચિત કરવામાં આવી હોવાથી...'** કર્મશકિત એટલે રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ એવા કર્મકલેશ વડે નિમિત્ત તો કર્મ છે. અહીં તો એના નિમિત્તથી થયેલો

પુણ્ય-પાપનો વિકલ્પ **'અનાદિ કર્મક્લેશ વડે...'** દેખો! આહાહા! પુણ્ય ને પાપ, શુભ ને અશુભભાવ એ કર્મકલેશ છે. કલેશરૂપી કાર્ય છે. એ વડે આત્મશક્તિ સંકુચિત કરવામાં આવી છે. દેખો! પોતે કરી છે એમ કહે છે. પુણ્ય ને પાપના કલેશ વડે આત્મશક્તિ પર્યાયમાં સંકુચિત કરવામાં આવી છે. અવસ્થામાં કીધું ને?

**'સંસારઅવસ્થામાં આત્મશક્તિ સંકુચિત કરવામાં આવી હોવાથી...'** આહાહા! ટીકા જબ્બર ટીકા છે ને જુઓ! જુઓ! આ બધી ટીકા ત્યાં આરસ પહાણમાં કોતરાવાની છે. આ તો અમૃત છે અમૃત એકલી ટીકાઓ. આહાહા! અદ્દભૂત છે પણ હવે થોડો અભ્યાસ કરે અંદર જોવા જાય તો ત્યાં શું છે આ શબ્દો! એકલા અમૃતને ઉછાળે એવા એ શબ્દો છે.

કહે છે, ભગવાનઆત્મા તો જ્ઞાન, દર્શન ને સુખ સ્વભાવવાળો હોવા છતાં એથી એની દશામાં-અવસ્થામાં- વર્તમાન એની હાલતમાં અનાદિ કર્મકલેશ વડે અનાદિથી છે. કહે છે. નવો નથી કાંઈ. ઓલો સ્વભાવ અનાદિનો છે, સ્વભાવવાનેય અનાદિનો છે અને વિકાર પણ અનાદિનો છે.

એ વિકાર વડે આત્મશક્તિ સંકુચિત કરવામાં આવી હોવાથી. ઓહો! પોતાની જ્ઞાન, દર્શન ને આનંદની શક્તિ સંકોચાઈ ગઈ છે. સમજાય છે કાંઈ? પરદ્રવ્યના સંપર્ક વડે ઇન્દ્રિયાદિના સંબંધ વડે, કારણ કે જોવાનું આમ એને ઇન્દ્રિયને લઈને નિમિત્તથી છે. શક્તિ સંકોચાયેલી છે, ઇન્દ્રિયો જડ આમ જડ એ દ્વારા એને આમ જાણવું રહ્યું.

**'પરદ્રવ્યના સંપર્ક વડે (ઇન્દ્રિયાદિના સંબંધ વડે) ક્રમથી કાંઈક કાંઈક જાણે છે...'** ઓલો તો પૂર્ણ સ્વભાવ કીધો હતો ને પહેલો? એની સામે જાણે છે. એમ કીધું. **'કાંઈક ક્રમથી કંઈક કંઈક જાણે છે અને દેખે છે તથા પરાશ્રિત, મૂર્ત (ઇન્દ્રિયાદિ) સાથે સંબંધવાળું, સવ્યાબાધ (બાધા સહિત) ને સાન્ત સુખ અનુભવે છે...'** ત્રણની વાત લીધી.

શું કહે છે? ભગવાનઆત્મા વસ્તુ પોતે અનાદિ અને એના જ્ઞાન, દર્શન ને આનંદ એવી શક્તિ સ્વભાવ પણ અનાદિ. હવે અનાદિથી એની પર્યાયમાં, અવસ્થામાં શું છે કે જે શક્તિ, સુખ ને આનંદ બહાર પૂર્ણ આવવું જોઈએ એને ઠેકાણે પુણ્ય ને પાપના કલેશભાવમાં એકાકાર હોવાથી એની જ્ઞાન, દર્શન ને આનંદની શક્તિ સંકોચાઈ ગઈ છે. હીણી પડી ગઈ છે. સમજાણું કાંઈ? સમજાય છે કે નહીં? આ તો બહુ સાદી ભાષા છે. .... ખાધું તો ગોઠે છે. હમણાં નથી લોકો સારા કપડા પહેરવા સારા કપડા લગ્નમાં બહુ કહે છે. હમણાં કાંઈક કહે છે. સાદાઈમાં લગ્ન કર્યા હતા. એવી કાંઈક વાતું કરે છે.

મુમુક્ષુ :- છાપામાં આવે.

ઉત્તર :- હેં? છાપામાં આવે છે. વાંચ્યું હતું કાંઈક જૈનના લેખમાં આવ્યું હતું ને? આ સાદી વાત છે આ. અહીં તો અંગ્રેજ માણસ હતો ને પાંચ રૂપિયા આપીને પતાવી દયે. ઓહો! એમાં શું છે બહારની ઉપાધિમાં. આહાહા!

અહીં તો કહે છે. પરદ્રવ્યનો આ ઇન્દ્રિયાદિના સંબંધ વડે એ જ્ઞાનની હીણી અવસ્થા **'ક્રમથી કાંઈક કાંઈક જાણે છે. અને કાંઈક કાંઈક દેખે છે...'** એમ લેવું બધું. ક્રમથી કાંઈક કાંઈક જાણે અને કાંઈક કાંઈક દેખે. અહીં હવે સુખની વાત આવી. **'પરાશ્રિત મૂર્ત (ઇન્દ્રિયાદિ) સાથે સંબંધવાળું...'** સવ્યાબાધ એટલે બાધા સહિત વિઘ્નવાળું. ઇન્દ્રિયોના વિષયમાં વિઘ્નવાળા છે. ઇન્દ્રિયો ખંડ ખંડ થઈ જાય .... એવા વિઘ્નવાળું આહાહા!

જુવાન અવસ્થા જ્યાં વીસ વર્ષની પચીસ વર્ષની આમ લઠ જેવી હોય એમાં અંદર ક્ષય થઈ જાય. શું છે? હાલો ભાઈ અહીં જીથરી. ડાઘ છે ભાઈ કાલે જ ગોઠવાઈ જાવ ખાટલે. વાર લગાડશો નહીં હો! હાય! હાય! ઓલાને બિચારાને.... એક આવ્યો હતો હો ગોંડલનો. જુવાન છોકરો ગોંડલનો નહોતો આવ્યો? સાંજના આવ્યો હતો. જુઓ તો આમ શરીરમાં કાંઈ નહીં. પણ વાત મને કરી. મહારાજ! આ મને આજ ક્ષય છે. એમ કહ્યું હતું. એલા શરીરમાં કાંઈ દેખાતું નથી ને? શરીર તો જુવાન અવસ્થા બાવીસ વર્ષની. ફોટામાં આવ્યું છે. ત્રાસ થઈ ગયો. હાય! હાય! હવે કેટલા મહિના રહેવું? માંડ રળી ને ખાતા હોય, રળવું (કમાવું) બંધ થઈ જાય. પૈસાનો ખર્ચ થાય. આહાહા! મેં કીધું એલા પણ આ શરીરમાં કાંઈ વિઘ્ન આવ્યા, બાધા આવી. બૈરી હોય, મા-બાપ હોય, કાંઈક રળતો હોય બસો ત્રણસોનો પગાર. હાય! હાય! પગાર બંધ, મા-બાપને રળનારો (કમાનારો) હું. અને આ (ઉપાધિ આવી) એ બાધા સહિત સાંત એટલે જે સુખ છે અંતવાળું છે. કાંઈ સુખ અનંત છે નહીં. કલ્પના કરી ને વળી જાય, કલ્પના કરી ને વળી જાય. સાન્ત સુખને અજ્ઞાની અનુભવે છે. એટલે દુઃખ એમ. સંસારી ઇન્દ્રિયના સુખને અજ્ઞાની અનુભવે છે. આહાહા!

ચક્રવર્તી જુઓ! પૈસાવાળા ને ઇન્દ્રો જુઓ! એ જ્ઞાન ને દર્શનની હીણી શક્તિ થવાથી, કલેશમાં રોકાવાથી પુણ્ય-પાપ એને પરાધીન એવું જે ઇન્દ્રિય તરફનું અવ્યાબાધ નહીં ને બાધાવાળું એવા દુઃખરૂપી સુખને અનુભવે છે. ખરી રીતે છે તો એ દુઃખ. **'પરંતુ જ્યારે એને કર્મક્લેશો સમસ્તપણે વિનાશ પામે છે...'** જુઓ! જ્યારે તેને કર્મ એટલે વિકલ્પો પુણ્ય-પાપના કલેશ છે. શુભ-અશુભભાવો એ કલેશ છે. દુઃખ છે, આકુળતા છે. એને સમસ્તપણે વિનાશ પામે છે. સ્વભાવનો આશ્રય લઈને એકાગ્ર થતાં એ પુણ્ય-પાપનાં વિકલ્પો આખા પૂરા નાશ પામે છે **'ત્યારે, આત્મશક્તિ અનર્ગલ...'** અર્ન=આગળીયા વિનાની એમ. અનર્ગલ શબ્દ છે ને? અનર્ગલ આગળીયા વિનાની. આગળીયો માર્યો હોય ને બારણું ન ઉઘડે એમ. હેં? અનર્ગલ શબ્દ છે ને? અનર્ગલ આગળીયા વિનાની. એટલે અંકુશ વિનાની **'અસંકુચિત હોવાથી...'** આહા!

રાગ ને દ્વેષના પરિણામ નાશ થવાથી વીતરાગી આત્માના સ્વભાવનું શરણ લઈને અંતરની પર્યાય પ્રગટ થઈ. કેવી? **'નિરંકુશ...'** માથે કોઈ અંકુશ નહીં. એવી શાંતિ અંદરથી પ્રગટી. અને **'અસંકુચિત...'**

પૂરી સંકોચ જરીય નહીં. સંકોચ નહીં થાય ને? આ સાધુ વહોરવા જાય ને? એમ કહે કે આ તમને સંકોચ નહીં થાય ને? અમને બે રોટલી ચાર રોટલી આપે એમ. સાંભળ્યું છે કે નહીં? એય! કોઈ પૂછે તો પૂછે એમ. સંકોચ નહીં આવે ને તમને? એમ કહે. કારણ કે અમે બે ઠાણા છીએ ને બે જણા હોય તો આઠ રોટલી કરી હોય ને અમને ચાર વહોરાવો તો તમારે સંકોચ થાશે. એટલે પૂછે. સંકોચ થાશે નહીં ને? તું નજરે જો ને બે જણા છે ને આઠ રોટલી કરી છે તો તને આપશે તો એને સંકોચ થશે.

મુમુક્ષુ :- ઓલા તો એમ જ કહે ને સંકોચ નહીં થાય ને?

ઉત્તર :- ઈ તો એમ જ કહે ને? અમને તો બધા ઘણા એવા મળ્યા છે ને? એકલી બાઈ હોય ને રોટલી ઘડી હોય ચાર. બે બાઈયું ને છોડા.વહોરવા જાય તો દયે કેટલું એ? એક રોટલી માંડ રહે. (બે-ત્રણ તને દયે તો) પણ એને ઓછું પડે આને ઓછું પડે એટલે એને સંકોચ થયો કહેવાય. સંકોચ થયો તો એના પ્રાણને પીડા કરી કહેવાય. એવું આ સાધુને ખપે નહીં. સમજાણું કાંઈ?

અહીં કહે છે અસંકુચિત. આહાહા! ભગવાનઆત્મા જ્ઞાન, દર્શન ને આનંદથી ભરેલો એમાં જ્યાં એકાગ્ર થયો ત્યાં આ કર્મકલેશ અને પુણ્ય-પાપની આકુળતાનો નાશ થયો. અને **'નિરંકુશ અને અસંકુચિત હોવાથી, તે અસહાયપણે (કોઈની સહાય વિના)...'** ઓલામાં સવ્યાબાધ બાધા હતી ને? ઈન્દ્રિય સહિત.

**'સ્વયમેવ યુગપદ્ બધું (-સર્વ દ્રવ્યક્ષેત્રકાળભાવ) જાણે છે...'** લ્યો! ભગવાનઆત્મા આવું સર્વજ્ઞપદ પ્રાપ્ત કરે ત્યારે **'સ્વયમેવ...'** સ્વયમ એવ, પોતાથી સ્વયમ એવ, સ્વયમ એટલે પોતાથી **યુગપદ્** એક સાથે ઓલા ક્રમે ક્રમે કાંઈક જાણતો અનાદિ સંસારમાં. યુગપદ્ બધું **'સર્વ દ્રવ્યક્ષેત્રકાળભાવ જાણે...'** એને સર્વજ્ઞ અને સર્વદર્શી પરમાત્મા કહેવામાં આવે છે. તે આ આત્મા જેવો થાય છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

**'જાણે છે અને દેખે છે...'** લ્યો! પૂર્ણ દેખે છે. અને **'સ્વાશ્રિત...'** ઈન્દ્રિયો સાથે સંબંધ વિનાનો ઓલામાં ઈન્દ્રિયનો સંબંધ હતો ને આમ? સ્વઆશ્રિત પોતાના આત્માના આનંદને આશ્રિત. **'મૂર્ત (ઈન્દ્રિયાદિ) સાથે સંબંધ વિનાનું, અવ્યાબાધ ને અનંત સુખ અનુભવે છે...'** ઓલામાં સાન્ત સુખ હતું ને? એક એક સામે આવે શબ્દ છે. અનંત સુખ. શ્રીમદ્‌માં આવે છે. અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો. સમાધિ સુખમાં નથી આવતું? સાદિ અનંત અનંત સમાધિ સુખમાં અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો. અપૂર્વ અવસર એવો કયારે આવશે. સાદિ અનંત સમાધિ સુખ. સિદ્ધપદ. પોતાના સ્વભાવમાં શક્તિરૂપ પડયું છે. એનો અનુભવ કરીને, સ્થિરતા કરીને પ્રગટ કર્યું છે. જયારથી પ્રગટ થયું તે અનંત કાળ રહેશે. એ સુખી સિદ્ધને કહેવાય. બાકી બધા દુઃખી છે. કાં ધર્મી થોડા સુખી છે. સમજાય છે કાંઈ?

પૂરા સુખી ભગવાન પરમાત્મા છે. અનંત સુખ અનુભવે છે. **'માટે બધું સ્વયમેવ જાણનારા અને દેખનારા તથા સ્વકીય સુખને અનુભવનારા સિધ્ધને પરથી (કાંઈ) પ્રયોજન નથી...'** એકલું જ્ઞાન, દર્શન ને આનંદ પરિપૂર્ણ પ્રગટ થયું (તેને) પરની સહાય અને પરના પ્રયોજનની જરૂર નથી. એને સ્વાધીન, સુખી, અનુભવી ને પરમાત્મા કહેવાય છે. એવો આ આત્મા શક્તિરૂપે છે અને પ્રગટ થઈ શકે છે. એમ કહે છે. એ માટે સિધ્ધનું સ્વરૂપ વર્ણવ્યું છે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

---

**પ્રવચન નં :- ૩૪ - ગાથા નં :- ૨૯ થી ૩૩**
**માગશર સુદ-૧૦ ગુરુવાર તા. ૧૮/૧૨/૬૯**

આ પંચાસ્તિકાય ૨૯મી ગાથા. એનો **ભાવાર્થ :- સિધ્ધભગવાન (તેમજ કેવળીભગવાન)** સિધ્ધભગવાનની વ્યાખ્યા છે. સંસારી જીવની અવસ્થા અને ક્રમ સંબંધવાળી વાત કહી ગયા. હવે સિધ્ધભગવાનની વાત છે. એ **સિધ્ધભગવાન (તેમજ કેવળીભગવાન) સ્વયમેવ સર્વજ્ઞત્વાદિરૂપે પરિણમે છે.** શું કહે છે? એને કોઈ ઈન્દ્રિયાદિ અને નિમિત્તની સહાય નથી. પોતાના સ્વભાવથી સર્વજ્ઞશકિત અને સર્વદર્શીપણું જે શકિતમાં છે એનાથી પર્યાયમાં સર્વજ્ઞ અને સર્વદર્શી અનંત આનંદ, અનંત વીર્ય એ રૂપે પરિણમે છે. એ જીવનું અસ્તિત્વ એવું છે એમ અહીં સિધ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

ભગવાન એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે અને એક સાથે દેખે, અને એક સાથે અનંત આનંદને અનુભવે એવા પોતાની અનંત પર્યાયરૂપે પોતે જ પરિણમે છે, થાય છે. **'એ પરિણમનમાં લેશમાત્ર પણ (ઈન્દ્રિયાદિ) પરનું આલંબન નથી...'** સ્વતઃ સ્વભાવ જ્ઞાન ને દર્શનથી ભરેલો ભગવાન એની પર્યાયમાં જયાં પરિપૂર્ણતા પ્રગટ થઈ એને પરની સહાય નથી.

મુમુક્ષુ :- ઈન્દ્રિયાદિ પરની સહાય છે.

ઉત્તર :- છે નિમિત્ત છે ને. નિમિત્ત છે ઈન્દ્રિયોનું.

મુમુક્ષુ :- પણ મદદ કરે છે ને?

ઉત્તર :- મદદ કરે છે ઈન્દ્રિય નિમિત્ત છે એટલી વાત છે. સંસારમાં ઈન્દ્રિય છે, મન છે, નિમિત્ત છે. પણ કાર્ય તો પોતાથી થાય છે. પરાધીન છે એટલે નિમિત્તને આધીન એટલું પોતે પરિણમે છે. કેવળીને એ છે નહીં. એવા જીવનું અસ્તિત્વ આવડું મોટું છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**'અહીં કોઈ સર્વજ્ઞનો નિષેધ કરનાર જીવ કહે છે કે 'સર્વજ્ઞ છે જ નહીં, કારણ કે જોવામાં આવતા નથી', તો તેને નીચે પ્રમાણે સમજાવવામાં આવે છે...'** એમ. સર્વજ્ઞ છે નહીં એનું કારણ કે જોવામાં આવતા નથી. આ એનો દલીલનો પ્રશ્ન છે. તો તેને સમજાવે છે.

**હે ભાઈ! જો તમે કહો છો કે 'સર્વજ્ઞ નથી', તો અમે પૂછીએ છીએ કે ક્યાં સર્વજ્ઞ નથી? આ ક્ષેત્રમાં અને આ કાળમાં કે ત્રણે લોકમાં અને ત્રણે કાળમાં?** સર્વજ્ઞના આ મોટા વાંધા છે ને?

મુમુક્ષુ :-આ તો મુંઝવનારો પ્રશ્ન છે.

ઉત્તર :- મુંઝવનારને (મુંઝવણ) કાઢી નાખનારો પ્રશ્ન છે. ભગવાનઆત્મા ત્રણકાળ ને ત્રણલોકને જાણવાના પર્યાયે, અવસ્થાપણે પરિણમે છે. તો કહે છે કે એવા સર્વજ્ઞ, સર્વદર્શી છે. બીજો કહે કે એમ નથી. તો એટલે નથી? **'આ કાળમાં ને આ ક્ષેત્રમાં કે ત્રણે લોકમાં અને ત્રણે કાળમાં? જો 'આ ક્ષેત્રમાં અને કાળમાં સર્વજ્ઞ નથી' એમ કહો, તો તે તો સંમત જ છે.** આ ક્ષેત્રમાં નથી અત્યારે. **પરંતુ જો 'ત્રણે લોકમાં અને ત્રણે કાળમાં સર્વજ્ઞ નથી' એમ કહો તો અમે પૂછીએ છીએ કે તે તમે કઈ રીતે જાણ્યું?...'** ત્રણલોકમાં અને ત્રણકાળમાં ક્યાંય સર્વજ્ઞ નથી તે જાણ્યું શી રીતે તમે? ત્રણલોક અને ત્રણકાળ તમે જાણ્યા કે આમાં ક્યાંય સર્વજ્ઞ નથી તો ત્રણલોક અને ત્રણકાળ જાણે એ સર્વજ્ઞ છે. સમજાણું કાંઈ? બધાને તપાસીને કહ્યું ને કે ત્રણકાળ ને ત્રણલોકમાં ક્યાંય સર્વજ્ઞ નથી. કાળમાંય ક્યાંય નથી અને ક્ષેત્રમાંય નથી, તો તું જાણનારો થઈ ગયો ત્રણકાળ, ત્રણલોકનો. સામાને બંધ કરવા માટે હશે આ દલીલ? વસ્તુનું સ્વરૂપ એવું છે. સમજાણું?

**'સર્વજ્ઞ વિનાના તમે જોઈ-જાણી લીધા તો તમે જ સર્વજ્ઞ થયા. કારણ કે જે ત્રણ લોકને અને ત્રણ કાળને જાણે તે જ સર્વજ્ઞ છે. અને જો સર્વજ્ઞ વિનાના ત્રણે લોકને અને ત્રણે કાળને તમે જોઈ-જાણી લીધા તો પછી 'ત્રણે લોકમાં અને ત્રણે કાળમાં સર્વજ્ઞ નથી' એમ નથી તો તમે કઈ રીતે કહી શકો?...'** સમજાણું કાંઈ? **'આ રીતે સિધ્ધ થાય છે કે તમે કરેલો સર્વજ્ઞનો નિષેધ યોગ્ય નથી...'** લ્યો!

સર્વજ્ઞ છે એનો તમે નિષેધ કરો તો ક્યાં નથી? (તો કહે) બધે નથી. બધે જઈ આવ્યા તમે? બધાના જાણનાર તો તમે રહી ગયા. તો તમે સર્વજ્ઞનો નિષેધ કઈ રીતે કરી શકો? અને જોયા નથી અને તમે સર્વજ્ઞનો નિષેધ કરો એ પણ વ્યાજબી નથી.

મુમુક્ષુ :- હજી કાંઈ સર્વજ્ઞ સિધ્ધ ન થઈ ગયા.

ઉત્તર :- સર્વજ્ઞ સિધ્ધ થઈ ગયા યુક્તિથી અને ન્યાયથી. સમજાણું કાંઈ? એ કહેશે, જુઓ!

હવે આવે છે સિધ્ધ કરે છે. જુઓ! **'હે ભાઈ! આ આત્મા એક પદાર્થ છે...'** વસ્તુ છે આ આત્મા એક વસ્તુ છે. **'અને જ્ઞાન તેનો સ્વભાવ છે...'** આત્મા પદાર્થ છે, વસ્તુ છે. જુઓ અહીં. એક

જ્ઞાન તેનો સ્વભાવ છે, **'તેથી તે જ્ઞાનનો સંપૂર્ણ વિકાસ થતાં એવું કાંઈ રહેતું નથી કે જે તે જ્ઞાનમાં અજ્ઞાત રહે...'** પૂર્ણ જ્યાં વીતરાગ થયો તે જ્ઞાનમાં કાંઈ બાકી નથી રહેતું કે તે અજ્ઞાન રહે.

**'જેમ પરિપૂર્ણ ઉષ્ણતાએ પરિણમેલો અગ્નિ સમસ્ત દાહ્યને બાળે છે...'** બળવા યોગ્ય ઈંધણ આદિને અગ્નિ બધાને બાળે. કોને ન બાળે? એમ જાણનાર કોને ન જાણે? જાણનાર પૂર્ણ દશા પ્રગટ થઈ તે બધાને જાણે છે. **'આવી સર્વજ્ઞદશા આ ક્ષેત્રે ને આ કાળે (અર્થાત્ આ ક્ષેત્રે આ કાળમાં જન્મેલાં જીવને) પ્રાપ્ત નહિ થતી હોવા છતાં...'** એ થોડું મુકયું છે વધારે. **'આ કાળે અને આ ક્ષેત્રે જન્મેલાંને પ્રાપ્ત નહીં થઈ હોવા છતાં સર્વજ્ઞત્વશક્તિવાળા નિજ આત્માનો...'** સર્વજ્ઞશકિતવાળો જે નિજ આત્મા પોતાનો જે સ્વભાવ તેનો **'સ્પષ્ટ અનુભવ આ ક્ષેત્રે આ કાળે પણ થઈ શકે છે...'** લ્યો! છે ઈ જયસેન આચાર્યમાં. સમજાણું કાંઈ?

આ આત્મા. અહીં આજેય મોડા આવ્યા મોડા હિન્દીવાળા, એનેય સાંભળવાનો કયાં ભાવ છે. અહીં તો વહેલાં આવ્યા હોય તો હિન્દી આવે. હિન્દી લોકોને કાંઈ દરકાર નથી. સમજાય છે કાંઈ? માટે આ આત્મા સર્વજ્ઞ અને સર્વદર્શી થવાને લાયક છે તે અનુભવમાં આવી શકે છે. કેમ કે કયાંય અટકે તો સર્વજ્ઞ ન હોય શકે પણ રાગમાં અને પુણ્યમાં અટકતો દૂર થઈ અને અંતરનો જે સ્વભાવ સર્વજ્ઞ, સર્વદર્શી છે એમાં જો એકાકાર થાય તો સર્વજ્ઞ અને સર્વદર્શી થઈ શકે છે. એ નક્કી કરે તો તો એને અંદર પર્યાયબુધ્ધિ ટળી જાય. સમજાણું કાંઈ?

મારો સ્વભાવ જ સર્વજ્ઞ અને સર્વદર્શી છે. કારણ કે વસ્તુ છે તેનો જ્ઞાન, દર્શન સ્વભાવ તે અપૂર્ણ ન હોય, ખામી ન હોય. પરિપૂર્ણ એક સ્વરૂપ છે. એવો આત્મા એની દૃષ્ટિ કરતાં સર્વજ્ઞ અને સર્વદર્શીની પ્રતીત થાય છે. સમજાણું કાંઈ? નિમિત્તની રુચિ છોડી, રાગની રુચિ છોડી, અલ્પજ્ઞ અવસ્થાની રુચિ છોડી પરિપૂર્ણ દ્રવ્યસ્વભાવ જ્ઞાન, દર્શનથી છે એવી પ્રતીતિ કરતાં આત્મા સર્વજ્ઞ, સર્વદર્શીવાળો એવી કેવળજ્ઞાનની શ્રધ્ધા, શ્રધ્ધામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

**'સર્વજ્ઞત્વશક્તિવાળા નિજ આત્મા...'** જુઓ! નિજ આત્મા પાછો પોતાનો. ભગવાનનું સર્વજ્ઞ સર્વજ્ઞમાં રહ્યું. **'આત્માનો સ્પષ્ટ અનુભવ આ ક્ષેત્રે ને આ કાળે પણ થઈ શકે છે**. લ્યો! **આ શાસ્ત્ર અધ્યાત્મશાસ્ત્ર હોવાથી અહીં સર્વજ્ઞસિધ્ધિનો વિસ્તાર કરવામાં આવ્યો નથી, જિજ્ઞાસુએ તે અન્ય શાસ્ત્રોમાંથી જોઈ લેવો...'** લ્યો!

## ગાથા - ૩૦

पाणेहिं चदुहिं जीवहि जीविस्सदि जो हु जीविदो पुव्वं ।
सो जीवो पाणा पुण बलमिंदियमाउ उस्सासो ।।३०।।

प्राणैश्चतुर्भिर्जीवति जीविष्यति य: खलु जीवित: पूर्वम् ।
स जीव: प्राणा: पुनर्बलमिन्द्रियमायुरुच्छ्वास: ।।३०।।

जीवत्वगुणव्याख्येयम् ।

इन्द्रियबलायुरुच्छ्वासलक्षणा हि प्राणा: । तेषु चित्सामान्यन्वयिनो भावप्राणा:, पुद्गलसामान्यान्वयिनो द्रव्यप्राणा: । तेषामुभयेषामपि त्रिष्वपि कालेष्वनवच्छिन्नसन्तानत्वेन धारणात्संसारिणो जीवत्वम्। मुक्तस्य तु केवलानामेव भावप्राणानां धारणात्तदवसेयमिति ।।३०।।

**જે ચાર પ્રાણે જીવતો પૂર્વે, જીવે છે, જીવશે,**
**તે જીવ છે; ને પ્રાણ ઇન્દ્રિય-આયુ-બળ-ઉચ્છ્વાસ છે. ૩૦.**

**અન્વયાર્થ :-** (य: खलु) **જે** (चतुर्भि: प्राणै:) **ચાર પ્રાણોથી** (जीवति) **જીવે છે,** (जीविष्यति) **જીવશે અને** (जीवित: पूर्वम्) **પૂર્વે જીવતો હતો,** (स: जीव:) **તે જીવ છે;** (पुन: प्राणा:) **અને પ્રાણો** (इन्द्रियम्) **ઇન્દ્રિય,** (बलम्) **બળ,** (आयु:) **આયુ તથા** (उच्छ्वास:) **ઉચ્છ્વાસ છે.**

**ટીકા :** આ, જીવત્વગુણની વ્યાખ્યા છે.

પ્રાણો ઇન્દ્રિય, બળ, આયુ અને ઉચ્છ્વાસસ્વરૂપ છે. તેમનામાં (-પ્રાણોમાં) *ચિત્સામાન્યરૂપ અન્વયવાળા તે ભાવપ્રાણો છે અને પુદ્ગલસામાન્યરૂપ અન્વયવાળા તે

* જે પ્રાણોમાં ચિત્સામાન્યરૂપ અન્વય હોય છે તે ભાવપ્રાણો છે અર્થાત્ જે પ્રાણોમાં સદા 'ચિત્સામાન્ય, ચિત્સામાન્ય, ચિત્સામાન્ય' એવી એકરૂપતા-સદશતા હોય છે તે ભાવપ્રાણો છે. (જે પ્રાણોમાં સદા 'પુદ્ગલસામાન્ય, પુદ્ગલસામાન્ય, પુદ્ગલસામાન્ય' એવી એકરૂપતા-સદશતા હોય છે તે દ્રવ્યપ્રાણો છે.)

**દ્રવ્યપ્રાણો છે. તે બન્ને પ્રાણોને ત્રણે કાળે અચ્છિન્ન-સંતાનપણે (અતૂટ ધારાએ) ધારતો હોવાથી સંસારીને જીવત્વ છે. મુક્તને (સિદ્ધને) તો કેવળ ભાવપ્રાણોનું જ ધારણ હોવાથી જીવત્વ છે એમ સમજવું. ૩૦.**

## ગાથા ૩૦ ઉપર પ્રવચન

ત્રીસમી ગાથા. હવે શરૂઆત કરી જે પહેલાં કીધું હતું ને? **जीवो, जीवोत्ति हवदि** સત્યાવીસમી ગાથામાં. એનો જીવત્વગુણ શરૂ કર્યો પહેલો. સત્યાવીસમી ગાથા. જીવો હવદિ ચેદા. જીવનો, હવે પ્રાણથી એની શરૂઆત કરી. એટલે ત્યાં તો ટૂંકો અર્થ કર્યો ટીકાકારે.

पाणेहिं चदुहिं जीवहि जीविस्सदि जो हु जीविदो पुव्वं ।
सो जीवो पाणा पुण बलमिंदियमाउ उस्सासो ।।३०।।

**જે ચાર પ્રાણે જીવતો પૂર્વે, જીવે છે, જીવશે,**
**તે જીવ છે; ને પ્રાણ ઇન્દ્રિય-આયુ-બળ-ઉચ્છ્‌વાસ છે. ૩૦.**

સમજાણું કાંઈ?

**ટીકા :- 'આ, જીવત્વગુણની વ્યાખ્યા છે...'** એ જીવમાં જીવત્વપણું શું એની આ વ્યાખ્યા છે. **'પ્રાણો ઇન્દ્રિય, બળ, આયુ અને ઉચ્છ્‌વાસસ્વરૂપ છે...'** પાંચ ઇન્દ્રિય એ પ્રાણ. ત્રણ બળ મન, વચન, કાયા આઠ. આયુ ને શ્વાસ. **'તેમનામાં (પ્રાણોમાં) ચિત્સામાન્યરૂપ અન્વયવાળા તે ભાવપ્રાણો છે...'** જુઓ! હવે.

ભગવાનઆત્મા જ્ઞાન, દર્શન, આનંદનું હોવાપણું ચિત્સામાન્ય. સામાન્ય નામ કાયમ, કાયમ, કાયમ રહેનાર. જ્ઞાન, દર્શન, આનંદ એવો જે કાયમ સ્વભાવ સામાન્યરૂપે કાયમ રહેનારો એ ભાવપ્રાણ છે. એ ભાવપ્રાણનો ધરનાર ભગવાનઆત્મા છે. એવા પ્રાણવંતને ધરનાર આત્માની દૃષ્ટિ કરતાં એને સમ્યગ્દર્શન થાય છે. આ જીવ આવો છે એવી પ્રતીતિ થાય છે. સમજાણું કાંઈ? ભાવ **'તેમનામાં (પ્રાણોમાં) ચિત્સામાન્યરૂપ અન્વયવાળા તે ભાવપ્રાણો...'** એ શું સમજયા? ચિત્સામાન્ય એટલે? આત્મા છે ને આત્મા એમાં જ્ઞાન, દર્શન આનંદ એ સામાન્ય એટલે કાયમ રહેનારા, એકરૂપ. એવા જે સામાન્ય ભાવપ્રાણને ધરનાર માટે જીવ છે. એવા ભાવપ્રાણને ધરનાર જીવ એની દૃષ્ટિ કરતાં

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને શાંતિ પ્રગટ થાય છે. આ ધર્મ છે. કહો, સમજાણું કાંઈ? અને પુદ્ગલ સામાન્યરૂપ અન્વયવાળા તે દ્રવ્ય પ્રાણો છે. આ પુદ્ગલ,પુદ્ગલ, પુદ્ગલ, પુદ્ગલ, આ ઈન્દ્રિય પાંચ. મન, વચન ને કાયા. દેખો મન પણ પુદ્ગલ છે. એક આંહી છાતીમાં એક મનના પરમાણુ પુદ્ગલ છે, આ વાણી પુદ્ગલ છે, આ શરીર પુદ્ગલ છે. એ પુદ્ગલ સામાન્યરૂપ અન્વય એટલે રહેનારા સંબંધ રાખનારા કાયમ. તે દ્રવ્યપ્રાણો.

**'તે બન્ને પ્રાણોને ત્રણે કાળે અચ્છિન્ન-સંતાનપણે (અતૂટ ધારાએ) ધારતો હોવાથી સંસારીને જીવત્વ છે...'** લ્યો! સંસારીપણું ઓલા ત્રિકાળભાવપ્રાણને ત્રિકાળ ધારે છે એમ કહે છે. જેનો સ્વભાવ જ્ઞાન, દર્શન ને આનંદ એવા સ્વભાવને કાયમ ધારે છે. માટે તેને જીવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સંસાર એ જીવત્વ છે. એ સંસારનું જીવપણું છે. ત્રણેકાળ ભાવપ્રાણ જે જ્ઞાન, દર્શન ને આનંદ એને દ્રવ્યસ્વરૂપે ધારતો હોવાથી સંસારી છે ભલે અને પર્યાયમાં દ્રવ્યપ્રાણ ને આ જડનું નિમિત્તપણું છે. આ રીતે ત્રણે કાળે બેયને ધારી રાખે છે. કહો, સમજાણું કાંઈ? જડને ધારી રાખે એ વ્યવહારનયનું કથન છે. અને પોતાના દર્શન, જ્ઞાન ને આનંદ એના પ્રાણને ધારી રાખે એ નિશ્ચય ને યથાર્થ છે. એ વાસ્તવિક એનો જીવ છે. **'મુક્તને (સિધ્ધને) તો કેવળ ભાવપ્રાણોનું જ ધારક હોવાથી જીવત્વ છે એમ સમજવું...'** લ્યો!

સંસારીને બે પ્રકાર. પોતાનું સ્વરૂપ છે જ્ઞાન, દર્શન ને આનંદ. જીવની વ્યાખ્યા છે ને? રાગને ધારી રાખે એ અહીં કાંઈ વ્યાખ્યા નથી એનું કામ. જાણવું, દેખવું, આનંદ, હોવાપણું એને ધારી રાખે એવો આત્મા. એ સંસારમાં ત્રણે કાળે પોતાના ભાવપ્રાણને ધારતો હોવાથી અને દ્રવ્યપ્રાણનો સંબંધ હોવાથી વ્યવહારે એને પણ ધારી રાખે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**મુક્ત (સિધ્ધને) તો કેવળ ભાવપ્રાણોનું ધારણ હોવાથી જીવત્વ છે એમ સમજવું.** સિધ્ધભગવાનને તો એકલા ભાવપ્રાણનું જ ધારણ છે. જ્ઞાન, દર્શન, આનંદ એવા પ્રાણને ધારી રાખે છે તેથી તે સિધ્ધ કહેવાય છે.

## ગાથા ૩૧-૩૨

**अगुरुलहुगा अणंता तेहिं अणंतेहिं परिणदा सव्वे ।**
**देसेहिं असंखादा सिय लोगं सव्वमावण्णा ।।३१।।**

**केचित्तु अणावण्णा मिच्छादंसणकसायजोगजुदा ।**
**विजुदा य तेहिं बहुगा सिद्धा संसारिणो जीवा ।।३२।।**

अगुरुलघुका अनन्तास्तैरनंतैः परिणताः सर्वे ।
देशैरसंख्याताः स्याल्लोकं सर्वमापन्नाः ।।३१।।

केचित्तु अनापन्ना मिथ्यादर्शनकषाययोगयुताः।
वियुताश्च तैर्बहवः सिद्धाः संसारिणो जीवाः ।।३२।।

अत्र जीवानां स्वाभाविकं प्रमाणं मुक्तामुक्तविभागश्चोक्तः ।

जीवा ह्यविभागैकद्रव्यत्वाल्लोकप्रमाणैकप्रदेशाः । अगुरुलघवो गुणास्तु तेषामगुरुलघुत्वाभिधानस्य स्वरूपप्रतिष्ठित्वनिबन्धनस्य स्वभावस्याविभागपरिच्छेदाः प्रतिसमयसम्भवत्षट्स्थानपतितवृद्धिहानयोऽनन्ताः। प्रदेशास्तु अविभागपरमाणुपरिच्छिन्नसूक्ष्मांशरूपा असंख्येयाः । एवंविधेषु तेषु केचित्कथञ्चिल्लोकपूरणावस्थाप्रकारेण सर्वलोकव्यापिनः, केचित्तु तदव्यापिन इति । अथ ये तेषु मिथ्यादर्शनकषाययोगैरनादिसंततिप्रवृत्तैर्युक्तास्ते संसारिणः, ये विमुक्तास्ते सिद्धाः, ते च प्रत्येकं बहव इति ।।३१-३२।।

---

**જે અગુરુલઘુક અનંત તે-રૂપ સર્વ જીવો પરિણમે;**
**સૌના પ્રદેશ અસંખ્ય; કતિપય લોકવ્યાપી હોય છે; ૩૧.**

**અવ્યાપી છે કતિપય; વળી નિર્દોષ સિદ્ધ જીવો ઘણા;**
**મિથ્યાત્વ-યોગ-કષાયયુત સંસારી જીવ બહુ જાણવા. ૩૨.**

---

**અન્વયાર્થ :-** (अनन्ताः अगुरुलघुकाः) **અનંત એવા જે અગુરુલઘુ (ગુણો, અંશો)** (तैः अनंतैः) **તે અનંત અગુરુલઘુ (ગુણ) રૂપે** (सर्वे) **સર્વ જીવો** (परिणताः) **પરિણત છે;** (देशैः असंख्याताः) **તેઓ અસંખ્યાત પ્રદેશવાળા છે.** (स्यात् सर्वम् लोकम् आपन्नाः) **કેટલાક કથંચિત્ આખા લોકને પ્રાપ્ત હોય છે** (केचित् तु) **અને કેટલાક** (अनापन्नाः) **અપ્રાપ્ત હોય છે.** (बहवः जीवाः) **ઘણા (-અનંત) જીવો** (मिथ्यादर्शनकषाययोगयुताः) **મિથ્યાદર્શન-કષાય-યોગસહિત** (संसारिणः) **સંસારી છે** (च) **અને ઘણા (-અનંત જીવો)** (तैः वियुताः) **મિથ્યાદર્શન-કષાય-યોગરહિત** (सिद्धाः) **સિદ્ધ છે.**

**ટીકા : અહીં જીવોનું સ્વાભાવિક [1]પ્રમાણ તથા તેમનો મુક્ત ને અમુક્ત એવો વિભાગ કહ્યો છે.**

**જીવો ખરેખર અવિભાગી-એકદ્રવ્યપણાને લીધે લોકપ્રમાણ-એકપ્રદેશવાળા છે. તેમના (-જીવોના) અગુરુલઘુ [2]ગુણો-અગુરુલઘુત્વ નામનો જે સ્વરૂપપ્રતિષ્ઠત્વના કારણભૂત સ્વભાવ તેના [3]અવિભાગ પરિચ્છેદો-પ્રતિસમય થતી [4]ષટ્સ્થાનપતિત વૃદ્ધિ હાનિવાળા અનંત છે; અને (તેમના અર્થાત્ જીવોના) પ્રદેશો- કે જેઓ અવિભાગ પરમાણુ જેવડા માપવાળા સૂક્ષ્મ અંશરૂપ છે તેઓ-અસંખ્ય છે. આવા તે જીવોમાં કેટલાક કથંચિત્ (કેવળસમુદ્ઘાતના કારણે) લોકપૂરણ-અવસ્થાના પ્રકાર વડે આખા લોકમાં વ્યાપ્ત હોય છે અને કેટલાક આખા લોકમાં અવ્યાપ્ત હોય છે. વળી તે જીવોમાં જેઓ અનાદિ પ્રવાહરૂપે પ્રવર્તતા મિથ્યાદર્શન-કષાય-યોગથી સહિત છે તેઓ સંસારી છે, જેઓ તેમનાથી વિમુક્ત છે**

---

* ૧. પ્રમાણ = માપ; પરિમાણ, (જીવના અગુરુલઘુત્વસ્વભાવના નાનામાં નાના અંશો (અવિભાગ પરિચ્છેદો) પાડતાં સ્વભાવથી જ સદાય અનંત અંશો પડે છે, તેથી જીવ સદાય આવા (ષટ્ગુણવૃદ્ધિહાનિયુક્ત) અનંત અંશો જેવડો છે. વળી જીવના સ્વક્ષેત્રના નાનામાં નાના અંશો પાડતાં સ્વભાવથી જ સદાય અસંખ્ય અંશો પડે છે, તેથી જીવ સદાય આવા અસંખ્ય અંશો જેવડો છે.)

૨. ગુણ = અંશ; અવિભાગ પરિચ્છેદ. [જીવમાં અગુરુલઘુત્વ નામનો સ્વભાવ છે. તે સ્વભાવ જીવને સ્વરૂપપ્રતિષ્ઠત્વના (અર્થાત્ સ્વરૂપમાં રહેવાના) કારણભૂત છે. તેના અવિભાગ પરિચ્છેદોને અહીં અગુરુલઘુ ગુણો (-અંશો) કહ્યા છે.]

૩. કોઈ ગુણમાં (એટલે કે ગુણના પર્યાયમાં) અંશકલ્પના કરવામાં આવતાં, તેનો જે નાનામાં નાનો (જઘન્ય માત્રારૂપ, નિરંશ) અંશ પડે તેને તે ગુણનો (એટલે કે ગુણના પર્યાયનો) અવિભાગ પરિચ્છેદ કહેવામાં આવે છે.

૪. ષટ્સ્થાનપતિત વૃદ્ધિહાનિ = છ સ્થાનમાં સમાવેશ પામતી વૃદ્ધિહાનિ; ષટ્ગુણ વૃદ્ધિહાનિ. [અગુરુલઘુત્વસ્વભાવના અનંત અંશોમાં સ્વભાવથી જ સમયે સમયે ષટ્ગુણ વૃદ્ધિહાનિ થાય કરે છે.]

**(અર્થાત્ મિથ્યાદર્શન-કષાય-યોગથી રહિત છે) તેઓ સિદ્ધ છે; અને તે દરેક પ્રકારના જીવો ઘણા છે (અર્થાત્ સંસારી તેમજ સિદ્ધ જીવોમાંના દરેક પ્રકારના જીવો અનંત છે). ૩૧-૩૨.**

## ગાથા ૩૧-૩૨ ઉપર પ્રવચન

अगुरुलहुगा अणंता तेहिं अणंतेहिं परिणदा सव्वे ।
देसेहिं असंखादा सिय लोगं सव्वमावण्णा ।।३१।।

केचित्तु अणावण्णा मिच्छादंसणकसायजोगजुदा ।
विजुदा य तेहिं बहुगा सिद्धा संसारिणो जीवा ।।३२।।

**જે અગુરુલઘુક અનંત તે-રૂપ સર્વ જીવો પરિણમે;**
**સૌના પ્રદેશ અસંખ્ય; કતિપય લોકવ્યાપી હોય છે; ૩૧**

**અવ્યાપિ છે કતિપય; વળી નિર્દોષ સિદ્ધ જીવો ઘણા;**
**મિથ્યાત્વ-યોગ-કષાયયુત સંસારી જીવ બહુ જાણવા. ૩૨**

ટીકા :- **'અહીં જીવોનું સ્વાભાવિક પ્રમાણ તથા તેમનો મુક્ત ને અમુક્ત એવો વિભાગ કહ્યો છે...'** અહીં ત્રણ બોલ લીધા. મિથ્યાત્વ, યોગ ને કષાય, અવ્રત, પ્રમાદ એમાં નાંખી દીધા.

અહીં જીવોનું સ્વાભાવિક પ્રમાણ, છે ને? માપ પરિમાણ. (નીચે ફૂટનોટમાં છે.) જીવના અગુરુલઘુ સ્વભાવના નાનામાં નાના અંશો (અવિભાગ પરિચ્છેદો) પાડતાં સ્વભાવથી જ સદાય અનંત અંશો પડે છે, તેથી જીવ સદાય આવા (ષટ્ગુણવૃદ્ધિહાનિયુકત) અનંત અંશો જેવડો છે. વળી જીવના સ્વક્ષેત્રના નાનામાં નાના અંશો પાડતાં સ્વભાવથી જ સદાય અસંખ્ય અંશો પડે છે, તેથી જીવ સદાય આવા અસંખ્ય અંશો જેવડો છે. પ્રદેશ અસંખ્ય જેવડો છે. અને અગુરુલઘુના અનંતા પર્યાયના વિભાગ પરિચ્છેદ જેવડો છે. ઝીણી વાત છે જરી થોડી. જાણવાનો અધિકાર છે ને?

**'જીવો ખરેખર અવિભાગી-એકદ્રવ્યપણાને લીધે...'** શું કહે છે? જીવ ખરેખર અવિભાગ જેનો ભાગ પડતો નથી એવા એકદ્રવ્યપણાને લીધે **'લોકપ્રમાણ એકપ્રદેશવાળા છે...'** લોકપ્રમાણ

એકપ્રદેશવાળો છે. જયારે અસંખ્યપ્રદેશ હોવા છતાં એકપ્રદેશ લીધું અભિન્ન. ભગવાનઆત્મા લોકના પ્રમાણ જેટલા અસંખ્ય હોવા છતાં લોકપ્રમાણ એકપ્રદેશવાળો છે. લ્યો! કીધા અસંખ્યપ્રદેશ અને વળી એકપ્રદેશ. નિશ્ચયથી અભેદ છે ને? એટલા એકપ્રદેશ.. તેમ જીવોના અગુરુલઘુગુણો એટલે પર્યાય અંશો. **'અગુરુલઘુત્વ નામનો જે સ્વરૂપપ્રતિષ્ઠિત્વના કારણભૂત સ્વભાવ તેના અવિભાગ પરિચ્છેદો-પ્રતિસમય થતી ષટ્સ્થાનપતિત વૃદ્ધિ-હાનિવાળા અનંત છે...'** જીવમાં એક એક ગુણની એક એક પર્યાયમાં ષટ્ગુણ વૃદ્ધિ-હાનિ અનાદિ અનંત એમાં થયા કરે છે. **'અને (તેમના અર્થાત્ જીવોના) પ્રદેશો-કે જેઓ અવિભાગ પરમાણુ જેવડા માપવાળા...'** આત્મામાં એક પરમાણુ મૂકો તો જેટલો પ્રદેશ-ભાગ રોકાય તેને એકપ્રદેશ કહે છે. એવા અસંખ્યપ્રદેશવાળા **'સૂક્ષ્મ અંશરૂપ છે-તેઓ અસંખ્ય છે...'** જુઓ! આ વાત સર્વજ્ઞ સિવાય કયાંય હોતી નથી.

જીવ અસંખ્યપ્રદેશી છે. એમ કહે છે. એ વાત સર્વજ્ઞ સિવાય બીજે હોય નહીં. શરીર પ્રમાણે પહોળો હોવા છતાં એકરૂપ નથી. જેમ સોનાની હાંસળી એક લાઠો હોય એમ નથી. પણ જેમ સોનાની સાંકડી હોય સાંકડી. જુદા જુદા મકોડા એમ આત્મામાં અસંખ્યપ્રદેશ ક્ષેત્રથી અસંખ્ય અંશ છે. એનું ધામ અસંખ્ય અંશ છે અને ગુણો અનંત છે. અહીં તો અગુરુલઘુ પર્યાયમાં લીધી છે. **'પરમાણુ જેવડા માપવાળા સૂક્ષ્મ અંશરૂપ છે તેઓ-અસંખ્ય છે...'**

**'આવા તે જીવોમાં કેટલાક કથંચિત્ (કેવળસમુદ્ઘાતના કારણે) લોકપૂરણ-અવસ્થાના પ્રકાર વડે આખા લોકમાં વ્યાપ્ત હોય છે...'** ભગવાનઆત્મા જયારે કેવળજ્ઞાન પામે ત્યારે કેવળસમુદ્ઘાત થાય ત્યારે લોકપ્રમાણ થાય છે. **'અને કેટલાક આખા લોકમાં અવ્યાપ્ત હોય છે...'** બધા જીવો કાંઈ આખા લોકમાં વ્યાપ્ત હોતા નથી. એ નીચે લખ્યું છે બધુંય. **'વળી તે જીવોમાં જેઓ અનાદિ પ્રવાહરૂપે પ્રવર્તતા મિથ્યાદર્શન-કષાય-યોગથી સહિત છે તેઓ સંસારી છે...'** ત્રણ બોલ લીધા. લ્યો! આહાહા! ભગવાનઆત્મા શુદ્ધચૈતન્ય ને આનંદ હોવા છતાં પર્યાયમાં અનાદિના પ્રવાહરૂપે પ્રવર્તતા એ ઊંધી માન્યતા, વિપરીત માન્યતા સહિત જીવ અનાદિનો સંસારી છે. આ પુણ્યના પરિણામ એ ધર્મ છે, પરનું કરી શકું છું, જડાદિ પરની પર્યાય મારા અધિકારની વાત છે, પરને બચાવી શકું છું, મારી શકું એવા જે ભાવ એ મિથ્યાદર્શન પર્યાય સહિત જીવ અનાદિનો છે. કહો, સમજાણું કાંઈ?

મિથ્યાદર્શન અને કષાય પુણ્ય ને પાપરૂપી કષાય છે એ પણ અનાદિના છે. આમ પ્રવાહરૂપે અનાદિ. બત્રીસમી ગાથા છે પાછળ. યોગથી સહિત છે અને કંપન. આત્માના પ્રદેશોનું કંપન સહિત છે અનાદિનો તેને સંસારી કહે છે. અસ્તિત્વ સિદ્ધ કરે છે ને? આત્મા અનંત આનંદ ને જ્ઞાન, દર્શન સંપન્ન ગુણ હોવા છતાં સંસારીમાં અનાદિ પ્રવાહથી મિથ્યાત્વ-કષાય ને યોગના વિકારી પરિણામ સહિત છે. શરીર સહિત

છે અને કર્મ સહિત છે એમ અહીં નથી લીધું ભાઈએ. એનું અસ્તિત્વ આમાં છે, એટલામાં એમ સિધ્ધ કરવું છે. આહાહા! હેં? આ શરીર છે ને ઈ તો એ શરીર તો જડ છે, પર છે. એના અસ્તિત્વમાં, હોવાપણામાં આટલું છે. પૂર્ણ જ્ઞાન, દર્શન ને આનંદ આદિ ગુણ હોવા છતાં સંસારમાં અનાદિથી વિપરીત માન્યતા. ક્રોધ, માન, માયા ને લોભ કષાય અને પ્રદેશનું કંપન એના અસ્તિત્વમાં સહિત તે સંસારી જીવ છે. શું કીધું સમજાણું કાંઈ આમાં?

આ આત્મા જે છે એ વસ્તુ અને એમાં જ્ઞાન, દર્શન આદિ અનંત ગુણો એવું અનાદિનું હોવા છતાં એની પર્યાયમાં, અવસ્થામાં, હાલતમાં વિપરીત અભિપ્રાય મિથ્યાદર્શન. સમજાણું કાંઈ? શરીરનું કરી શકું, બીજાનું કરી શકું, બીજાથી મારામાં કાંઈક સારું નરસું થાય, બીજાને સુખ આપી શકું, બીજાને દુઃખ દઈ શકું, બીજાને જીવાડી શકું, બીજાને મારી શકું. આ છોકરા બોકરા, બાયડી છોકરા, એ છોકરા મારા એ માન્યતા મિથ્યાદર્શન અભિપ્રાયની અનાદિની છે, કહે છે. સમજાણું કાંઈ? અનાદિની માન્યતા એ છે. સાચી માન્યતા નથી, જૂઠ્ઠી છે. બાયડી, છોકરા તો એના હશે કે નહીં? આહાહા!

આત્મા પોતાના સ્વભાવ સહિત છે. એની સાથે અનાદિનો વિકાર મિથ્યાદર્શન, કષાય ને યોગ સહિત છે બસ આ સંસાર એમ કહે છે. એ કાંઈ લીધું નથી, અહીં કામ નથી, એ તો બહારની ચીજ છે. આહાહા! સમજાણું કાંઈ? આત્મા વસ્તુ અને આત્માના જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણો એ તો કાયમ રહેનારી ચીજ. એની સાથે સંસારમાં શરીર મારું, ઇન્દ્રિય મારી, બાયડી મારી, છોકરા મારા, આ દેવ, ગુરુ ને શાસ્ત્ર પર, એ પણ મારા. એવી જે માન્યતા મિથ્યાદર્શન શલ્ય એ અનાદિની એની પાસે પર્યાય સહિત સંસારી છે. સમજાણું કાંઈ?

કહો આ છોકરા પોતાના નહીં? આ જોડે બેઠો .. એ તો અહીં ના પાડે છે. એના અસ્તિત્વમાં જીવાસ્તિકાય સિધ્ધ કરવું છે ને? એના હોવાપણામાં પોતે અનાદિ છે એમ એના જ્ઞાન, દર્શન આનંદ પણ અનાદિના છે. એમ એનામાં પર્યાયમાં સંસારી જીવ છે ને એ અહીં સિધ્ધ કરવું છે. એના અસ્તિત્વમાં, હોવાપણામાં મિથ્યાઅભિપ્રાય સહિત છે, પુણ્ય-પાપના કષાય સહિત છે અને પ્રદેશોના કંપન સહિત છે. એ સંસારી. **'જેઓ તેમનાથી વિમુક્ત છે...'** લ્યો! એ સિધ્ધ. કહો, સમજાણું કાંઈ? મિથ્યાદર્શન-કષાય-યોગથી રહિત તે સિધ્ધ એમ કીધું અહીં તો. હેં? આહાહા!

ભગવાનઆત્મા અનાદિઅનંત. હવે અનાદિઅનંતમાં બે દશા. એક સંસારદશા, એક સિધ્ધદશા. એના હોવાપણામાં સંસારદશામાં મિથ્યાદર્શન, કષાય ને યોગ. લ્યો! સમજાણું કાંઈ? એના હોવાપણામાં આ છે. એ સહિત છે. બાયડી છોકરા સહિત છે, પૈસા સહિત છે, શરીર સહિત છે એમ નથી. કારણ કે એ તો પર ચીજ છે. સમજાણું કાંઈ? એની માન્યતામાં એમ છે કે હું શરીરવાળો છું, સ્ત્રીવાળો છું, કુટુંબવાળો છું, પેદાશવાળો છું, ધંધાવાળો છું એવી જે મિથ્યાશ્રધ્ધા સહિત છે. ઓલી વસ્તુ સહિત નથી.

સમજાણું કાંઈ? અને કષાયવાળો છે. ચારિત્ર દોષવાળો છે એમ કીધું. વિપરીત શ્રધ્ધા અને કષાય અને યોગ કંપન આ ત્રણ સહિત એની વિકારદશા વાળો સંસારી છે.

હવે અહીં અસ્તિ સિધ્ધ કરવું છે ને? જીવાસ્તિકાય. **'જેઓ તેમનાથી વિમુક્ત છે. (અર્થાત્ મિથ્યાદર્શન-કષાય-યોગથી રહિત છે)...'** ભગવાનઆત્મા પોતાના શુધ્ધસ્વરૂપ પવિત્ર આનંદનો શ્રધ્ધાભાવ પ્રગટ કરી, કષાય રહિત થઈ, યોગના કંપન રહિત થઈ, સમ્યગ્દર્શન, સ્થિરતા ને અકંપનની પર્યાય પ્રગટ થાય તે સિધ્ધ કહેવાય છે. કહો, સમજાણું કાંઈ? **'અને તે દરેક પ્રકારના જીવો ઘણા છે...'** એટલે? સંસારી પણ અનંત છે અને સિધ્ધ પણ અનંત છે. છોકરાને રસ છે. આવે છે ને સાંભળવા! એના બાપને થોડું ઘણું હોય કે ન હોય પણ આને છે. કહો, સમજાણું કાંઈ?

આ જગતની અંદર અનંતા આત્માઓ છે એને સિધ્ધ કરે છે. અનંતા આત્મામાં બે ભાગ એક અનાદિ સંસારી અને એક મુકત. મુકત પણ અનાદિ છે. પણ સંસારી પ્રાણી છે એ સંસારની દશા મિથ્યાદર્શન-કષાય-યોગ સહિત છે. કહો, સમજાણું કાંઈ? અને એ દશા ટાળીને આત્માની પવિત્રદશા જેણે પ્રગટ કરી છે એને સિધ્ધભગવાન કહેવામાં આવે છે. તો એ બેય હાલત એની છે પર્યાય એનામાં એમ કહે છે. સંસારદશાની મિથ્યાદર્શન-કષાય-યોગની પણ અસ્તિત્વ પર્યાય એનામાં છે, એ સહિત છે એ. અને સિધ્ધમાં એ ત્રણ પર્યાય રહિત છે.સમજાય છે કાંઈ? **'(અર્થાત સંસારી તેમ જ સિધ્ધ જીવોમાંના દરેક પ્રકારના જીવો અનંત છે)...'** નિગોદના સંસારીજીવ પણ અનંત છે અને સિધ્ધના જીવ પણ અનંત છે. બેય સ્વતંત્ર દ્રવ્યો અનાદિના છે. સિધ્ધ પણ અનાદિના છે, સંસારી પણ અનાદિના છે. આ અડધો કલાક થયો ને, હવે આવ્યા! અહીં તો ગુજરાતી શરૂ થયું તો થઈ રહ્યું પછી. પહેલાં આવ્યા હોત તો હિન્દી શરૂ થાત. અહીં તો ટાઈમ ટુ ટાઈમ કામ છે. આડું અવળું થાય તો કાંઈ હાલે એવું નથી. કહો, સમજાય છે કાંઈ? અડધો કલાક તો થઈ ગયો. હવે તેત્રીસમી ગાથા.

## ગાથા - ૩૩

जह पउमरायरयणं खित्तं खीरे पभासयदि खीरं ।
तह देही देहत्थो सदेहमेत्तं पभासयदि ।।३३।।

यथा पद्मरागरत्नं क्षिप्तं क्षीरे प्रभासयति क्षीरम् ।
तथा देही देहस्थ: स्वदेहमात्रं प्रभासयति ।।३३।।

एष देहमात्रत्वदृष्टान्तोपन्यास: ।

यथैव हि पद्मरागरत्नं क्षीरे क्षिप्तं स्वतोऽव्यतिरिक्तप्रभास्कन्धेन तद्व्याप्नोति क्षीरं, तथैव हि जीव: अनादिकषायमलीमसत्वमूले शरीरेऽवतिष्ठमान: स्वप्रदेशैस्तदभिव्याप्नोति शरीरम् । यथैव च तत्र क्षीरेऽग्निसंयोगादुद्वलमाने तस्य पद्मरागरत्नस्य प्रभास्कन्ध उद्वलते पुनर्निविशमाने निविशते च, तथैव च तत्र शरीरे विशिष्टाहारादिवशादुत्सर्पति तस्य जीवस्य प्रदेशा: उत्सर्पन्ति पुनरपसर्पति अपसर्पन्ति च । यथैव च तत्पद्मरागरत्नमन्यत्र प्रभूतक्षीरे क्षिप्तं स्वप्रभास्कन्ध-विस्तारेण तद्व्याप्नोति प्रभूतक्षीरं, तथैव च जीवोऽन्यत्र महति शरीरेऽवतिष्ठमान: स्वप्रदेशविस्तारेण तद्व्याप्नोति महच्छरीरम् । यथैव च तत्पद्मरागरत्नमन्यत्र स्तोकक्षीरे निक्षिप्तं स्वप्रभास्कन्धोपसंहारेण तद्व्याप्नोति स्तोकक्षीरं, तथैव च जीवोऽन्यत्राणुशरीरेऽवतिष्ठमान: स्वप्रदेशोपसंहारेण तद्व्याप्नोत्यणुशरीरमिति ।।३३।।

**જ્યમ દૂધમાં સ્થિત પદ્મરાગમણિ પ્રકાશે દૂધને,**
**ત્યમ દેહમાં સ્થિત દેહી દેહપ્રમાણ વ્યાપકતા લહે. ૩૩.**

**અન્વયાર્થ :-** (यथा) **જેમ** (पद्मरागरत्नं) **પદ્મરાગરત્ન** (क्षीरे क्षिप्तं) **દૂધમાં નાખવામાં આવ્યું થકું** (क्षीरम् प्रभासयति) **દૂધને પ્રકાશે છે,** (तथा) **તેમ** (देही) **દેહી (જીવ)** (देहस्थ:) **દેહમાં રહ્યો થકો** (स्वदेहमात्रं प्रभासयति) **સ્વદેહપ્રમાણ પ્રકાશે છે.**

**ટીકા : આ, દેહપ્રમાણપણાના *દૃષ્ટાંતનું કથન છે (અર્થાત્ અહીં જીવનું દેહપ્રમાણપણું સમજાવવા દૃષ્ટાંત કહ્યું છે).**

**જેવી રીતે પદ્મરાગરત્ન દૂધમાં નાખવામાં આવ્યું થકું પોતાથી *અવ્યતિરિક્ત પ્રભાસસમૂહ વડે તે દૂધમાં વ્યાપે છે, તેવી જ રીતે જીવ અનાદિ કાળથી કષાય વડે મલિનપણું હોવાને**

---

* અહીં એ ખ્યાલમાં રાખવું કે દૃષ્ટાંત અને દાર્ષ્ટાંત અમુક અંશોમાં જ એકબીજા સાથે મળતાં (-સમાનતાવાળાં) હોય છે, સર્વ અંશોમાં નહિ.

** અવ્યતિરિક્ત = અભિન્ન. [જેમ 'સાકર એક દ્રવ્ય છે અને ગળપણ તેનો ગુણ છે' એવું કોઈ સ્થળે દૃષ્ટાંતમાં કહ્યું હોય તો તે સિદ્ધાંત તરીકે ન સમજવું જોઈએ, તેમ અહીં પણ જીવના સંકોચવિસ્તારરૂપ દાર્ષ્ટાંતને સમજાવવા માટે રત્ન અને (દૂધમાં ફેલાયેલી) તેની પ્રભાને જે અવ્યતિરિક્તપણું કહ્યું છે તે સિદ્ધાંત તરીકે ન સમજવું. પુદ્‌ગલાત્મક રત્નને દૃષ્ટાંત બનાવીને અસંખ્યપ્રદેશી જીવદ્રવ્યના સંકોચવિસ્તારનો કોઈ રીતે ખ્યાલ કરાવવાના હેતુથી અહીં રત્નની પ્રભાને રત્નથી અભિન્ન કહી છે (અર્થાત્ રત્નની પ્રભા સંકોચવિસ્તાર પામતાં જાણે કે રત્નના અંશો જ - રત્ન જ - સંકોચવિસ્તાર પામેલ હોય એમ ખ્યાલમાં લેવાનું કહ્યું છે)].

કારણે શરીરમાં રહ્યો થકો સ્વપ્રદેશો વડે તે શરીરમાં વ્યાપે છે. વળી જેવી રીતે અગ્નિના સંયોગથી તે દૂધમાં ઊભરો આવતાં તે પદ્મરાગરત્નના પ્રભાસમૂહમાં ઊભરો આવે છે (અર્થાત્ તે વિસ્તાર પામે છે) અને દૂધ પાછું બેસી જતાં પ્રભાસમૂહ બેસી જાય છે, તેવી જ રીતે વિશિષ્ટ આહારાદિના વશે તે શરીર વધતાં તે જીવના પ્રદેશો વિસ્તાર પામે છે અને શરીર પાછું ઘટી જતાં પ્રદેશો સંકોચાઈ જાય છે. વળી જેવી રીતે તે પદ્મરાગરત્ન બીજા વધારે દૂધમાં નાખવામાં આવ્યું થકું સ્વપ્રભાસમૂહના વિસ્તાર વડે તે વધારે દૂધમાં વ્યાપે છે, તેવી જ રીતે જીવ બીજા મોટા શરીરમાં સ્થિતિ પામ્યો થકો સ્વપ્રદેશોના વિસ્તાર વડે તે મોટા શરીરમાં વ્યાપે છે. વળી જેવી રીતે તે પદ્મરાગરત્ન બીજા થોડા દૂધમાં નાખવામાં આવ્યું થકું સ્વપ્રભાસમૂહના સંકોચ વડે તે થોડા દૂધમાં વ્યાપે છે, તેવી જ રીતે જીવ બીજા નાના શરીરમાં સ્થિતિ પામ્યો થકો સ્વપ્રદેશોના સંકોચ વડે તે નાના શરીરમાં વ્યાપે છે.

ભાવાર્થ :- ત્રણ લોક અને ત્રણ કાળનાં સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયોને એક સમયે પ્રકાશવામાં સમર્થ એવા વિશુદ્ધ-દર્શનજ્ઞાનસ્વભાવવાળા ચૈતન્યચમત્કારમાત્ર શુદ્ધજીવાસ્તિકાયથી વિલક્ષણ મિથ્યાત્વરાગાદિ વિકલ્પો વડે ઉપાર્જિત જે શરીરનામકર્મ તેનાથી જનિત (અર્થાત્ તે શરીરનામકર્મનો ઉદય જેમાં નિમિત્ત છે એવા) સંકોચ વિસ્તારના આધીનપણે જીવ સર્વોત્કૃષ્ટ અવગાહે પરિણમતો થકો સહસ્રયોજનપ્રમાણ મહામચ્છના શરીરમાં વ્યાપે છે, જઘન્ય અવગાહે પરિણમતો થકો ઉત્સેધ ઘનાંગુલના અસંખ્યમા ભાગ જેવડા લબ્ધ્યપર્યાપ્ત સૂક્ષ્મનિગોદના શરીરમાં વ્યાપે છે અને મધ્યમ અવગાહે પરિણમતો થકો મધ્યમ શરીરોમાં વ્યાપે છે. ૩૩

## ગાથા ૩૩ ઉપર પ્રવચન

जह पउमरायरयणं खित्तं खीरे पभासयदि खीरं ।
तह देही देहत्थो सदेहमेत्तं पभासयदि ।।३३।।

જ્યમ દૂધમાં સ્થિત પદ્મરાગમણિ પ્રકાશે દૂધને,
ત્યમ દેહમાં સ્થિત દેહી દેહપ્રમાણ વ્યાપકતા લહે. ૩૩

**'નીચે કર્યું છે જુઓ! અહીં એ ખ્યાલમાં રાખવું કે દૃષ્ટાંત અને દાર્ષ્ટાંત, સિધ્ધાંત અમુક અંશોમાં જ એકબીજા સાથે મળતાં (સમાનતાવાળાં) હોય છે, સર્વ અંશોમાં નહીં...'** ન્યાય આપશે.

**ટીકાઃ- 'આ, દેહપ્રમાણપણાના દૃષ્ટાંતનું કથન છે (અર્થાત્ અહીં જીવનું દેહપ્રમાણપણું સમજાવવા દૃષ્ટાંત કહ્યું છે)...'** દેહપ્રમાણે ભગવાનઆત્મા ભિન્ન રહે છે. ભલે દેહપ્રમાણની આકૃતિ એના પ્રમાણમાં હોય, છતાં તે દેહથી ભિન્ન છે. સમજાણું કાંઈ? પોતાનો આકાર ભલે દેહપ્રમાણે ન હોય છતાં દેહના આકાર અને દેહના રજકણથી ભિન્ન છે. તદ્દન એનું અસ્તિત્વ ભિન્ન છે, એમ અસ્તિત્વ સિદ્ધ કરવું છે ને?

**'જેવી રીતે પદ્મરાગરત્ન દૂધમાં નાખવામાં આવ્યું થકું...'** દૂધ, દૂધ, દસ શેર દૂધ હોય એમાં અંદર એક પદ્મરાગરત્ન ઊંચું નાખ્યું હોય. **'પોતાથી અવ્યતિરિક્ત પ્રભાસમૂહ વડે તે દૂધમાં વ્યાપે છે...'** લ્યો! અભિન્ન.... એની પ્રભાથી દૂધ અભિન્ન થઈ જાય છે અંદર. એકમેક દૂધ થઈ જાય છે. આમ દેખાય હોં! એકમેક થાતું નથી. જેમ સાકર એક દ્રવ્ય છે અને ગળપણ તેનો ગુણ છે. એવું કોઈ સ્થળે દૃષ્ટાંતમાં કહ્યું હોય તો તે સિધ્ધાંત તરીકે ન સમજવું જોઈએ. તેમ અહીં પણ જીવના સંકોચવિકાસરૂપ દર્ષ્ટાંતને સમજાવવા માટે રત્ન અને (દૂધમાં ફેલાયેલી) તેની પ્રભાને જે અવ્યતિરિકતપણું કહ્યું છે તે સિધ્ધાંત તરીકે ન સમજવું.

એટલે શું? રત્નપ્રભા અને આખી પ્રભા વ્યાપી ગઈ છે એમ કહે છે. એ રત્ન તો રત્નના સ્થાનમાં છે. પણ બીજા પુદ્‌ગલો સાથે પ્રભા વ્યાપક છે એવું એનું દૃષ્ટાંત લેવું. પુદ્‌ગલાત્મક રત્નને દૃષ્ટાંત બનાવીને અસંખ્યપ્રદેશી જીવદ્રવ્યના સંકોચવિકાસનો કોઈ રીતે ખ્યાલ કરાવવાના હેતુથી અહીં રત્નની પ્રભાને રત્નથી અભિન્ન કહી છે. જુઓ! શું કીધું એ? દસ શેર દૂધ છે એમાં રત્ન નાખ્યું. એ રત્નની પ્રભા એને રત્નથી અભિન્ન કીધી. નહીંતર પ્રભા તો રત્નથી જુદી છે. રત્નના રજકણોનો સ્કંધ જુદો છે એની પ્રભાના રજકણોનો સ્કંધ જુદો છે. સમજાણું કાંઈ?

અર્થાત્ રત્નની પ્રભા સંકોચવિકાસ પામતાં જાણે કે રત્નના અંશો જ-રત્ન જ-સંકોચવિકાસ પામેલ હોય એમ ખ્યાલમાં લેવાનું કહ્યું છે. આમ નાનું થાય પાંચ શેર દૂધમાં એટલી પ્રભા હોય? દસ શેર દૂધમાં જેટલી હોય એટલી?

એમ આ શરીર અંગુલના અસંખ્યાત ભાગમાં નિગોદનું તો આત્મા એટલામાં હોય. હજાર જોજનનો મચ્છ હોય તો આત્મા એટલામાં હોય. એના અસંખ્યપ્રદેશમાં સંકોચવિકાસ થવાની પોતાની લાયકાતથી રહેલો છે. વળી અસંખ્યપ્રદેશ સંકોચવિકાસ થાય છે એવો દાખલો રત્નની હારે લ્યે તો નહીં મળે એમ કહે છે. રત્ન તો એટલામાં જ રહે છે. અને રત્નની પ્રભા છે દૂધમાં એ ભિન્ન સ્કંધ છે. છતાં

પ્રવાહને અને રત્નને એક ગણીને દૃષ્ટાંત કીધો છે. હેં? એટલામાં આત્મા વ્યાપક થઈ જાય છે. એક હજાર જોજનનો મચ્છ સ્વયંભૂરમણ સમુદ્રમાં. જેમ પાંચ શેર દૂધમાં મણિ હોય તો એટલી પ્રભા દેખાય અને અધમણમાં નાખો તો એટલી પ્રભા દેખાય. એમ નાના શરીરમાં પણ અસંખ્યપ્રદેશે એટલામાં રહેલો છે. અને હજાર જોજનમાં પણ અસંખ્યપ્રદેશે એટલામાં રહેલો છે. એટલે રત્નની હારે એનો મેળ કરો તો આત્મા ક્યાંક રહ્યો અને એના અસંખ્યપ્રદેશ પાછા પહોળા બીજા થઈ ગયા છે એમ નથી. પોતે જ આત્મા અસંખ્યપ્રદેશે પહોળો થાય છે.

સંકોચવિકાસનું દૃષ્ટાંત આપવા રત્નનો દાખલો આપ્યો છે. પણ રત્નને રત્નની પ્રભાનો મેળ અસંખ્યપ્રદેશ સાથે નહીં ખાય. એમ કહે છે. જાણવાની વાત કીધી છે ને. એ અસંખ્યપ્રદેશ છે એ પોતે સંકોચવિકાસ થાય છે. એ રત્ન પાંચ શેર દૂધમાં સંકોચ પામે અને દસ શેર દૂધમાં પહોળું થાય એમ નથી. એ તો એની પ્રભા સંકોચવિકાસને પામે છે. પ્રભાને અને રત્નને એક ગણીને આ દૃષ્ટાંતનો સિધ્ધાંત લેવો. આ વાત કેવળી સિવાય આત્માનું આવું હોવાપણું બીજે હોય શકે નહીં.એમ સિધ્ધ કરે છે. આવો આત્મા છે એ રીતે એણે પ્રતીત કરવો જોઈએ. સમજાણું કાંઈ?

**'તેવી જ રીતે જીવ અનાદિ કાળથી કષાય વડે મલિનપણું હોવાને કારણે...'** લ્યો! અહીં એકલો કષાય લીધો. ભાઈ! અનાદિ કાળથી કષાય, મિથ્યાશ્રધ્ધા- રાગ-દ્વેષ એ બધો કષાય છે. મિથ્યાત્વ પણ કષાય છે. આહાહા! સમજાણું કાંઈ? ભાઈએ લીધું છે મોક્ષમાર્ગ પ્રકાશકમાં, કે ભાઈ આત્માને કષાયથી અને યોગથી કર્મ સ્થિતિએ એને રસ પડે એને પ્રદેશ આદિથી, કષાયથી એને રસ પડે તો કષાયથી એમાં મિથ્યાત્વ ભેગુ આવી જાય છે. વિપરીત શ્રધ્ધા તે કષાય છે. આહાહા! બીજા જીવને મારી શકું છું, જીવાડી શકું છું એવો અભિપ્રાય તે મિથ્યાત્વ કષાય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

એમ પુણ્ય પરિણામ જે શુભ દયા, દાન, વ્રતના છે એ મને ધર્મનું કારણ છે, એવો જે મિથ્યાદર્શનનો અભિપ્રાય તે કષાય છે. આહાહા! બહારમાં કાંઈ કષાય કરતો ન હોય. શાંત, શાંત, શાંત. હેં? હો! નગ્ન દિગમ્બર શું? માર ફાટ મારે કટકા કરે તોય ક્રોધ ન કરે. એમ છતાં ભગવાનઆત્મા અંતરમાં એક શુભ વિકલ્પ દયા, દાન, વ્રતનો છે એ મને લાભદાયક છે, એ મારું સ્વરૂપ છે. એમ જેણે માન્યું છે એણે મિથ્યાદર્શનના પરિણામ કષાયવાળા તીવ્ર છે. સમજાણું કાંઈ? બહારમાં ક્રોધ કાંઈ ન કરે. ચામડા ઉતરડીને ખાર કરે (છાંટે) તો પણ ક્રોધ ન કરે. ઈન્દ્રાણી ઉપરથી ચળાવવા આવે તોય ચળે નહીં. અંદર ચડી ગયો છે. આહાહા! સમજાણું કાંઈ? કષાય વડે મલિનપણું છે એને. આહાહા! પહેલાં ઓલામાં ત્રણ કહ્યા હતા. મિથ્યાદર્શન, કષાય ને યોગ. આમાં એકલો કષાય લીધો. વસ્તુ સુખ ને આનંદ હોવા છતાં કષાયના મિથ્યા અભિપ્રાય ને રાગ-દ્વેષના પરિણામ સહિત છે માટે તે કષાયવાળો છે.

**'કષાય વડે મલિનપણું હોવાને લીધે...'** કર્મ વડે મલિનપણું હોવાને લીધે એમ નથી કહ્યું.

સમજાણું કાંઈ? આત્મા અકષાય વીતરાગસ્વરૂપ હોવા છતાં કષાય વડે મલિન છે. મિથ્યા અભિપ્રાયથી મેલો છે. આહાહા! કર્મથી મેલો છે એમ નથી કહ્યું. તમારે આ વાંધા ઊઠે છે બધાને.

મુમુક્ષુ :- બેય અનેકાંત છે.

ઉત્તર :- અનેકાંત ધૂળમાંય નથી. અનેકાંત એ કે કષાયભાવે મેલવાળો છે અને જડથી મેલવાળો નથી. એમ અનેકાંત છે. પોતાનો અપરાધ છે એ મિથ્યાદર્શન સેવે છે. એ કહે છે કાંઈક મોટો કષાય છે. આહાહા!

ભાઈ, એને કષ નામ સંસારનો લાભ થાય છે. સાધુ થઈને પણ બીજાને જીવાડી શકું છું, મારા ઉપદેશથી બીજા ધર્મ પામે એટલે ઉપદેશ મારો છે અને હું ઉપદેશ કરી શકું છું, એવી જે માન્યતા એ મિથ્યાત્વરૂપી કષાયથી પુષ્ટ છે. આહાહા! એય! વિપરીત અભિપ્રાય તે જ કષાય છે, અહીં તો કહે છે. આહાહા! તેમાંથી સંસાર, રખડવાનો લાભ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

**'કષાય વડે મલિનપણું હોવાને કારણે શરીરમાં રહ્યો થકો...'** શરીરમાં રહ્યો થકો એ વ્યવહારની ભાષા છે. **'સ્વપ્રદેશો વડે તે શરીરમાં વ્યાપે છે...'** એમ દૂધમાં ઓલું મણિ છે ને? એમ કહેવાય ને દૂધમાં મણિ? એમ કહેવાય કે નહીં? એમ. એમ શરીરમાં રહ્યો છે એમ કહે, બાકી શરીર તો જડ છે. આત્મા અરૂપી છે. આ તો રૂપી છે બધું. ભિન્ને ભિન્ન છે. શરીરની કોઈ ક્રિયા આત્મામાં નથી અને આત્માની કોઈ ક્રિયા જડમાં નથી. સમજાણું કાંઈ? જીવાસ્તિકાય સિધ્ધ કરવું છે ને? ઝીણું પડે ઝીણું થોડું, માણસને સમજણ ઓછી હોય ને? **'સ્વપ્રદેશો વડે તે શરીરમાં...'** અસંખ્યપ્રદેશ વડે તે શરીરમાં **'વ્યાપે છે...'** જેમ ઓલું રત્ન દસ શેર દૂધમાં વ્યાપ્યું થકું આખા દૂધમાં વ્યાપ્યું છે એમ જણાય.

એમ ભગવાનઆત્મા શરીર પ્રમાણે વ્યાપે છે પોતાના પ્રદેશ વડે. **'જેવી રીતે અગ્નિના સંયોગથી તે દૂધમાં ઊભરો આવતાં...'** લ્યો! જેવી રીતે અગ્નિના સંયોગથી તે દૂધ છે ને દૂધ તેમાં મણિરત્ન પડયું છે. ઊભરો આવ્યો ઊભરો. ઉફાન, ઉફાન. તે પદ્મરાગરત્નના પ્રભાસમૂહમાં ઊભરો આવે છે. આમ તો દસ શેર દૂધ છે. પદ્મરત્ન પડયું છે. એટલામાં પાંચ શેર દૂધમાં પ્રભા પડી છે. હવે જયારે અગ્નિ મુકી તો એકદમ ઊભરો. એ પદ્મરત્નનો પણ ઊભરો આવ્યો. અમથું આવતું હશે એ? એના જે પરમાણુ અનંત સ્કંધ છે, એ વિશેષ પહોળા થયા એમ એટલું જ લેવાનું. પાંચ શેર દૂધમાં હતું તો એટલામાં પ્રભા હતી (અને) દસ શેરમાં નાખ્યું તો એટલી પ્રભા પહોળી થઈ ગઈ. એ રત્ન જ વિસ્તારને પામ્યું ઓલી પ્રભા સહિત ગણ્યું છે ને એટલે. સમજાણું કાંઈ? રત્ન તો રત્ન છે. પણ એની પ્રભા સહિત રત્નને ગણવું છે ને? એટલે પ્રભા પહોળી થઈ ગઈ એમ. દસ શેર દૂધ પ્રમાણે.

એમ આત્મા, અહીંયા શરીર આટલું છે, જુઓ! અને સ્વર્ગમાં જાય તો નાનામાં નાનું સાત હાથનું

શરીર છે વૈમાનિક સ્વર્ગમાં. આગળ એક હાથનું. એ તો અત્યારે કાંઈ છે નહીં. સમજાણું કાંઈ? એના આત્માના પ્રદેશ પાછા આ દેહ છે એ પ્રમાણે પહોળા થઈ જશે. સમજાણું કાંઈ?

વૈમાનિક દેવ છે ને? નાનામાં નાની સાત હાથની અવગાહના છે. વૈમાનિક દેવ, સુધર્મ દેવલોક. અહીંયા આ શરીર પ્રમાણે છે ત્યાં એ શરીર પ્રમાણે વ્યાપક થઈ જશે. જેમ ઓલી મણિરત્નની પ્રભા જેમ પહોળી થઈ એમાં અસંખ્યપ્રદેશ પહોળા થશે એવો જ એના અસ્તિત્વનો સ્વભાવ છે. એમ કહે છે. શરીરને લઈને નહીં, કર્મને લઈને નહીં, દેવપણે આવ્યો માટે નહીં, ગતિને લઈને નહીં એમ કહે છે. સમજાણું કાંઈ?

**'તે દૂધમાં ઊભરો આવતાં તે પદ્મરાગરત્નના પ્રભાસમૂહમાં ઊભરો આવે છે. (અર્થાત તે વિસ્તાર પામે છે) અને દૂધ પાછું બેસી જતાં પ્રભાસમૂહ બેસી જાય છે...'** ઊભરો બેસી જાય તો ઓલી પ્રભા પણ બેસી જાય. **'તેવી જ રીતે વિશિષ્ટ આહારાદિના વશે...'** લ્યો! શરીરની વાત છે. **'તેવી જ રીતે વિશિષ્ટ આહારાદિના વશે તે શરીર વધતાં...'** બાળક હતો એમાંથી વધી વધીને, જુઓ! આ મોટો થયો. આત્માના પ્રદેશ પણ એટલા પહોળા થયા. આબેહુબ વર્ણન કરે છે. આહા! એના હોવાપણાની સ્થિતિ આવી છે. બીજી રીતે હોય શકે નહીં. એમ સિધ્ધ કરે છે. તેવી રીતે ખાસ આહાર પાણી, દૂધપાક, મોસંબી. સમજાણું?

**'તે શરીર વધતાં તે જીવના પ્રદેશો વિસ્તાર પામે છે...'** બાળક આટલું હતું આવડું, શરીર મોટું. દૂધ ખાવા સાધન કર્યું તો શરીર થયું મોટું પહોળું. એ પ્રમાણે આત્માના પ્રદેશ પણ પહોળા થઈ જાય છે, પોતાને કારણે. શરીર પહોળું થયું માટે પહોળા થાય છે એમ નહીં. શું કરવા એ તો અહીં સિધ્ધ કરે છે. શરીર પહોળું થયું માટે આત્માના પ્રદેશ પહોળા થયા એમ નહીં. ઓલા દૂધમાં મણિરત્ન પડયું હતું તો પહોળું થયું એ પણ પોતાની શક્તિથી પ્રભાને કારણે પહોળું થયું એમ કહે છે. દૂધને કારણે નહીં. દૂધને કારણે નહીં. દૂધ ઊભરામાં આવ્યું માટે પોતે પહોળો થયો એમ નહીં. આહાહા! કેવી સત્તાનું અસ્તિત્વ છે! જુઓને!

ભગવાનઆત્મા અસંખ્યપ્રદેશી હોવા છતાં તે જેટલા દેહમાં નાના, મોટામાં જાય તે પ્રમાણે પહોળો વિસ્તાર થઈ જાય એ પોતાની શક્તિથી થાય છે. એ આવી ગયું છે આપણે પહેલું. આવી ગયું છે ક્યાંય? ક્યાં? વિશિષ્ટ હતું ને? હેં? સત્યાવીસમાં આવ્યું હતું કે નહીં? દેહપ્રમાણ હતું ને? વિશિષ્ટ અવગાહ-પરિણામની શક્તિવાળો હોવાથી જુઓ! એ.

**'નિશ્ચયે લોકપ્રમાણ હોવા છતાં ખાસ અવગાહપરિણામની શક્તિવાળો હોવાથી...'** સત્યાવીસ ગાથામાં આવ્યું છે. પાછળ છે. એ પંચાવનમું પાનું છે. ગુજરાતી છે ને? પંચાવનમું પાનું જુઓ! **'વિશિષ્ટ અવગાહપરિણામની શક્તિવાળો હોવાથી...'** છે? શું કીધું? કે શરીરના રજકણોમાં વધારો થવાથી શરીર પહોળું થાય. તેમ આત્માના પ્રદેશ પણ પહોળા પોતાને કારણે થાય. આહાહા!

મુમુક્ષુ :- થાવું પડે એમ નહીં?

ઉત્તર :- થાવું પડે એમ નહીં. કેવી અસ્તિત્વની સિદ્ધિ કરે છે? અહીં વળી નાનું થાય તો એના પ્રમાણમાં પોતે પહોળો થઇ જાય. ઓલો ઊભરો દૂધમાં બેસી જાય તો મણિરત્નની પ્રભા પણ ઓછી થઇ જાય. એ પોતાને કારણે, દૂધ ઘટયું માટે નહીં. એનું શરીર નાનું થઇ ગયું માટે અંદર આત્માના પ્રદેશ સંકોચાઇ ગયા. એમ નહીં. પોતાના આત્માના પ્રદેશ સંકોચવિકાસ પોતાને કારણે છે. (એ) સિદ્ધ કરે છે ભાઇ! આ નિમિત્તને ઊડાડી દયે છે. નિમિત્તને લઇને સંકોચવિકાસ થાય છે એમ નથી. એમ સિદ્ધ કરે છે. આહાહા!

મુમુક્ષુ :- નિમિત્તને સિદ્ધ તો કરે છે અગ્નિના સંયોગથી?

ઉત્તર :- લે કીધું ને? નિમિત્ત છે. નિમિત્ત છે તો નિમિત્તથી કાંઇ ઓલું થયું છે? દૂધ તો પોતાને કારણે પહોળું થયું છે. એને અગ્નિને કારણે દૂધ પહોળું થયું એમ સિદ્ધ કરવું છે ને અહીં? પણ પછી રત્નપ્રભા પહોળી થઇ એ પોતાને કારણે થઇ છે એમ સિદ્ધ કરવું છે ને? રત્નની પ્રભા પહોળી થઇ છે એ પોતાને કારણે થઇ છે એમ કહે છે.

એમ કર્મના નિમિત્તથી શરીર મોટું થતાં આત્માના પ્રદેશ પોતાને કારણે વિસ્તારને અવગાહનને પામે છે. સાધારણ માણસને એમ થાય કે આ એક જાણવાની ચીજ છે કે નહીં? આવો જીવ છે એવો સર્વજ્ઞ સિવાય બીજે કયાંય હોય શકે નહીં. પરમાત્મા વીતરાગદેવ તીર્થંકરદેવે કહેલો આત્મા આવો દેહપ્રમાણે છે. એ અહીં સિદ્ધ કરવું છે. એવી વાત વેદાંતમાં, બૌદ્ધમાં બીજે કયાંય હોય શકે નહીં. અને જૈનમાં પણ એમ માને કે શરીર પહોળું થયું માટે આત્માને પહોળું થવું પડયું એ પણ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઇ?

એણે પણ આત્માના અસંખ્યપ્રદેશની સંકોચવિકાસ શકિત સ્વતઃ છે એ માની નહીં. પરને લઇને સંકોચવિકાસ માન્યો એ પણ દૃષ્ટિ વિપરીત છે. કહો, સમજાણું કાંઇ? કાંઇ આચાર્ય આ વાત કરતાં હશે (તે) મફતમાં હશે કાંઇ? અસંખ્યપ્રદેશી ભગવાન સંકોચવિકાસ થવાને સંસારમાં સ્વતઃસિદ્ધ લાયક છે. સમજાણું કાંઇ? એવું જ આત્માનું સંકોચવિકાસ થવાનું હોવાપણું પોતાથી છે. એમ કહે છે. કર્મને લઇને નહીં, શરીરને લઇને નહીં. લ્યો! પ્રદેશો સંકોચાય છે.

જીવના વિસ્તાર પ્રમાણે **'શરીર પાછું ઘટી જતાં પ્રદેશો સંકોચાઇ જાય છે. વળી જેવી રીતે તે પદ્મરાગરત્ન બીજા વધારે દૂધમાં નાખવામાં આવ્યું થકું સ્વપ્રભાસમૂહના વિસ્તાર વડે તે વધારે દૂધમાં વ્યાપે છે...'** એ રત્ન વ્યાપે છે. એમ કીધું ને? પોતાના પ્રભાસમૂહ સહિત. એ તો દાખલો છે. **'તેવી જ રીતે જીવ બીજા મોટા શરીરમાં સ્થિતિ પામ્યો થકો...'** હજાર જોજનમાં ગયો અનંતવાર. માછલું હજાર જોજનનું છે, સ્વયંભૂરમણસમુદ્રમાં. વિસ્તાર વડે તે મોટા શરીરમાં વ્યાપે છે. ઓહોહોહો! સમજાણું? નાનું લુગડું હોય મોટું પણ આમ વીંટાળીને કર્યું હોય તો

એટલામાં હોય. પહોળું કરે તો એટલામાં થાય. એકદેશી દૃષ્ટાંત કહ્યું. મોટા શરીરમાં વ્યાપે હજાર જોજનમાં. તો એટલો પહોળો થાય. પહોળા થવાનું હોવાપણું, અસંખ્યપ્રદેશનું હોવાપણું પણ પોતાથી અને સંકોચ અને વિકાસ થવાની લાયકાત પણ પોતાથી. શરીરને અને કર્મને લઈને નહીં. આહાહા! સમજાણું કાંઈ?

અહીં તો એ દાખલો આપે છે. ભાઈ! લ્યો! કે જુઓ! આ શરીર ક્ષય થઈ ગયું તો આત્માના પ્રદેશ સંકોચ થઈ ગયા કે નહીં. ક્ષયને કારણે થયા કે નહીં? ના, સમજાણું કાંઈ? શરીર સારું થાય. એમાં ક્ષય થયો. આ...આંગળી પાતળી પડી જાય, નાક પાતળું પડી જાય તે આત્માના પ્રદેશો પણ એટલા સંકોચાય. શરીર સંકોચાણું માટે આ પ્રદેશો સંકોચાણા? નહીં. દિલીપ! નહીં? લ્યો! હોંશિયાર છે માળો! એય જીતુ! શું કીધું? શરીરને લઈને નહીં. તો એની મેળે સંકોચવિકાસ થાતું હશે? સંકોચવિકાસ એનો સ્વભાવ હોય તો સિધ્ધમાં પણ સંકોચવિકાસ થાવો જોઈએ. જો આત્માના પ્રદેશનો સ્વભાવ સંકોચવિસ્તાર થવાનો હોય તો સિધ્ધમાં પણ સંકોચવિકાસ થવો જોઈએ. કોલેજવાળા છે ને ઈ? સંસાર અવસ્થામાં, વિભાવી અવસ્થામાં સંકોચવિકાસ થવાનો સ્વતઃ સ્વભાવ પર્યાયમાં છે. સિધ્ધમાં એ પછી રહેતું નથી. એમ અહીં સિધ્ધ કરે છે. સમજાય છે કાંઈ?

સંસારમાં જેમ મિથ્યાત્વ-કષાય સહિતના વિભાવ પરિણામ સહિત છે એ પણ પોતાથી છે. પરને લઈને નહીં એમ સંકોચવિકાસ પણ પોતાથી છે, પરને લઈને નહીં. એમ બે સિધ્ધ કરવું છે આમાં. આહાહા! **'વળી જેવી રીતે તે પદ્મરાગરત્ન બીજા થોડા દૂધમાં નાખવામાં આવ્યું થકું સ્વપ્રભાસમૂહના સંકોચ વડે તે થોડા દૂધમાં વ્યાપે છે, તેવી જ રીતે જીવ બીજા નાના શરીરમાં સ્થિતિ પામ્યો થકો સ્વપ્રદેશોના સંકોચ વડે તે નાના શરીરમાં વ્યાપે છે...'** હજાર જોજનનું માછલું હોય એનો આત્મા હજાર જોજનમાં વ્યાપ્યો હોય. એ મરી ને જ્યારે નિગોદમાં જાય. આહાહા! તત્ત્વનો વિરાધક થઈ અને જાય નિગોદમાં. સમજાણું કાંઈ? અંગુલના અસંખ્યમાં ભાગ જેટલું શરીર રહે. એનું અવગાહન પણ એટલું જ રહે. સમજાણું કાંઈ?

એના હોવાપણાના સંકોચવિકાસમાં સ્વતઃસિધ્ધ હોવાપણે છે એમ સિધ્ધ કરવું છે. ભિન્ન દ્રવ્યના સંકોચવિકાસને કારણે આત્માનો સંકોચવિકાસ થાય છે એમ નથી. આહાહા! ઢેઢગરોડીની પૂંછડી કપાઈ જાય છે કે નહીં? પછી એના પ્રદેશ સંકોચાય છે ને? જુઓ! અહીંયા તે કપાઈ ગયું સંકોચાય છે. હેં? તરફડે અહીં. કહે છે કે તરફડે, ફરફડે એ પોતાના શરીરની પર્યાયથી, એના અસંખ્યપ્રદેશ પણ પોતાને કારણે પહોળા થયા છે. અને સંકોચ થઈને ત્યાં જાય એ પણ પોતાને કારણે છે. આહાહા! કેવી સ્વયંસિધ્ધ સત્તાનું અસ્તિત્વ એમ કહે છે. પૂંછડી હોય ને તૂટેલી પછી ત્યાં હાલી જાય પછી અસંખ્યપ્રદેશ પણ સંકોચાય ત્યાં વહ્યા જાય અહીંથી તૂટીને. એ છૂટવાની યોગ્યતા અને ત્યાં એટલાપણે

રહેવું એ પોતાને કારણે છે. શરીરને કારણે કે કર્મને કારણે નહીં. એમ સિધ્ધ કરવું છે. કહો નાના શરીરમાં આવ્યું. ભાઈ! લ્યો.

**'ભાવાર્થ :- ત્રણલોક અને ત્રણકાળના સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયોને એક સમયે પ્રકાશવામાં સમર્થ એવા...'** એ આવ્યું ને? **'વિશુધ્ધ-દર્શનજ્ઞાનસ્વભાવવાળા ચૈતન્યચમત્કારમાત્ર શુધ્ધજીવાસ્તિકાયથી વિલક્ષણ...'** હવે જયસેનઆચાર્યનું નાખ્યું છે. શું કહે છે? કે ત્રણલોક અને ત્રણકાળના સમસ્ત દ્રવ્ય-ગુણ અને પર્યાય, એને એક સમયમાં પ્રકાશવામાં સમર્થ એવો ભગવાનઆત્મા છે. સમજાણું કાંઈ? આ જરી લુખું લાગે (એટલે) પાછું નાખ્યું માલ. હેં?

ત્રણલોક ઉર્ધ્વ, મધ્ય અને અધો. ત્રણકાળ ભૂત, ભવિષ્ય અને વર્તમાન. સમસ્ત દ્રવ્ય. ત્રણકાળના દ્રવ્યો એટલે પદાર્થ, ત્રણકાળની ગુણશક્તિ અને ત્રણકાળની પર્યાયો. **'એક સમયમાં...'** આ આત્મા **'પ્રકાશવાને સમર્થ એવા વિશુધ્ધ-જ્ઞાનદર્શનવાળા...'** લ્યો! એવો આ ભગવાન વિશુધ્ધ-જ્ઞાનદર્શનસ્વભાવવાળો છે. **'ચૈતન્યચમત્કારમાત્ર...'** કેવો છે એ? ચૈતન્યચમત્કાર. આહા! ઓલા ચમત્કાર કહે ને કે એની પાસે ચમત્કાર છે. ફલાણું છે, ઢીંકણું છે. ધૂળેય નથી ચમત્કાર. સાંભળને? કોઈક કહેતું હતું એમ ચમત્કાર. શું કહેતું હતું? કોઈક કહેતું હતું કાંઈક. સમજાણું? ઓલો છે ને એક બાવો કેવો? ફકીર. સાંઈબાબા. અને આ એક ઓલો સ્વામીનારાયણમાં થયા છે ને એક હમણાં? યોગીમહારાજ, યોગીન્દ્રદેવ મહારાજ કોઈક કહેતું હતું. ભાઈ કહેતા હતા. સમજાણું કાંઈ?

ઓલા કહે હાલો હાલો ત્યાં. કપૂરભાઈ! ઓલા ચૂનીભાઈ છે ને? જ્યાં વડીયા. બધે ચોખા મુકે એ. અહીં એ હા, હા કરે. પણ પોતાનું હોય એ છોડે નહીં અંદરથી. યોગીરાજ ચમત્કારીક છે એમ કહ્યું. આ ભાઈને કીધું હો ભાઈ! કપૂરભાઈને ત્યાં એમના વડીયામાં મકાન છે ને? એટલે ત્યાં ગયા હશે એટલે કહે હાલો હાલો ત્યાં. ચમત્કાર છે એને ચમત્કાર છે. વચનસિધ્ધિ. અરે! વચનસિધ્ધો ક્યાં હતો? પણ મિથ્યાદષ્ટિ જીવ છે એ તો. અજ્ઞાની જીવ છે. એ ઈશ્વરને કર્તા માને છે. સમજાણું કાંઈ? આ જગતનો કર્તા ઈશ્વર છે. પરમાત્મા છે, એના અમે દાસ છીએ. એ તો મિથ્યાદષ્ટિ છે. બહારનો પ્રભાવ એટલો લોકોને લાગે. ઓલા ડોકટર એક ગયા હતા ને? રતિભાઈ ડોકટર છે ને? ત્યાં ગયા હતા. ધબ્બો મરાવવા. અરે ભગવાન! શું કરે છે? દુનિયા તે ભ્રમણામાં કેટલી પડી છે? તોય છતાં કહે સારું ન થયું મને કાંઈ સારું ન થયું. લ્યો! રતિલાલ ડોકટર. ગયા હતા એની પાસે એમ કહે છે. આવા ને આવા. ભ્રમણા જગતની બીજો કાંઈક કરી દયે.

એક પરમાણુની પર્યાય ફરે બીજાથી ત્રણકાળમાં થાતું નથી. આહાહા! હેં? ઈ તો આ ભાઈ ધબ્બો મારે યોગીરાજ. આવા ને આવા ભ્રમણા. કોણ ધબ્બો, કોને? જડ પર, શરીર પર, આત્મા પર. કોને ધબ્બો વાગે અને કોને સારું થાય આમાં? ભ્રમણાંનો પાર ન મળે. સમજાણું કાંઈ? આહાહા! બીજાને

લઈને જાણે કાંઈક પરમાં થાતું હશે. ભ્રમણા છે. અમારી પાસે પણ ઘણા આવે છે ને કેટલાક? મહારાજને લઈને પૈસા બહુ થાય છે. લ્યો! ઘણાને માટે આપણે માનીએ તો પૈસા થાય. ધૂળેય નથી. પુણ્ય વિના કાંઈ પૈસા થાય એવું નથી.

મુમુક્ષુ :- મહારાજ પાસે આવે એ પુણ્યવાળો જ આવે ને?

ઉત્તર :- આવે એ જુદી વાત છે. સાધારણ માણસેય ઘણા છે. મહિને માંડ દસ રૂપિયા, પચીસ રૂપિયા આવતા હોય એવાય ઘણા છે. એટલે કાંઈ અહીં આવે તો એની પાસે પૈસા થઈ જાય? હેં? આ લાકડી છે આ. ઈલમની લાકડી છે આ. આ લાકડીમાં ઈલમ હશે આ તો જડ છે. ઈલમ તો ચૈતન્યચમત્કારની વાત છે. જુઓ! ને? દેખો.

ચૈતન્યચમત્કારમાત્ર એમ ભાષા કેવી લીધી છે? કેવો છે ભગવાનઆત્મા? એ પુણ્ય-પાપ નહીં, શરીર નહીં, કર્મ નહીં એકલો શુધ્ધચૈતન્યચમત્કારમાત્રઆત્મા એમ કહે છે. સમજાણું કાંઈ? આ એવા આત્માની અંદર શ્રધ્ધા ને જ્ઞાન કરવું એનું નામ સમ્યગ્દર્શન છે. ધાર્મિક ક્રિયા એ છે. સમજાણું? વિશુધ્ધ-દર્શનજ્ઞાનસ્વભાવ જેનો ત્રિકાળ **'શુધ્ધચૈતન્યસ્વભાવ ચૈતન્યચમત્કારમાત્ર શુધ્ધજીવાસ્તિકાયથી વિલક્ષણ મિથ્યાત્વાદિ વિકલ્પો વડે ઉપાર્જિત શરીરનામકર્મ...'** વડે લ્યો! આ સંકોચવિકાસ થાય છે એમ આત્માના પ્રદેશોનો પણ સંકોચવિકાસ પોતાથી છે પરથી થતો નથી.

**(શ્રોતા :-પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૩૫ ગાથા - ૩૩ થી ૩૫
## માગશર સુદ-૧૧ શુક્રવાર તા. ૧૯/૧૨/૬૯

આ પંચાસ્તિકાય તેત્રીસ ગાથાનો ભાવાર્થ ચાલે છે, ભાવાર્થ. ભાવાર્થ છે ને? પાનું છાંસઠ. તેનો ભાવાર્થ. હિન્દી-હિન્દી. શું કહે છે કે આ જીવનું સ્વરૂપ કેવું છે? જે આ આત્મા છે એનું સ્વરૂપ વાસ્તવિક યથાર્થપણે કેવું છે? અને જેવું છે એવી દૃષ્ટિ કરે તો તેને સમ્યગ્દર્શન અને ધર્મ થાય છે.સમજાય છે કાંઈ? ..... કહો, સમજાય છે કાંઈ? શું કહે છે. જુઓ! ભાવાર્થ. કેવો છે આ આત્મા? સર્વજ્ઞપરમાત્મા પરમેશ્વર વીતરાગદેવે આત્મા કેવો જાણ્યો છે અને કેવો જોયો છે? કે **'ત્રણ લોક અને ત્રણ કાળનાં સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયોને એક સમયે પ્રકાશવામાં સમર્થ છે...'** જો કોઈ પોતાના સિવાય પર પદાર્થના કર્તા થઈ શકે નહીં પણ પર સર્વ પદાર્થને જાણવામાં સમર્થ છે. સમજાય છે કાંઈ? આત્માના ત્રણકાળ અને ત્રણલોક. ત્રણકાળ, ત્રણલોકનો આત્મા કર્તા નથી. અને ત્રણલોક અને ત્રણકાળમાં

રહેવાવાળા દ્રવ્ય ,ગુણ, પર્યાય એ પોતાથી જે ભિન્ન જે દ્રવ્ય છે વસ્તુ, તેની શકિત અને પર્યાય, અવસ્થા તેનો આત્મા કર્તા નથી. કેમ કે તે તો જગતની ચીજ છે. તેને એક સમયમાં પ્રકાશિત કરવામાં સમર્થ છે. એવો જીવ છે. સમજાય છે કાંઈ?

એવો ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્યમાં ભાગમાં ત્રણકાળ, ત્રણલોકમાં રહ્યો થકો દ્રવ્ય નામ વસ્તુ, ગુણ નામ શકિત અને પર્યાય નામ અવસ્થા-હાલત. તે કોઈનો કર્તા નથી અને પરનો ભોકતા નથી. પણ પરનો એક સમયનો જ્ઞાતા છે. સમજાય છે કાંઈ? એક સેકન્ડના અસંખ્યમાં ભાગમાં ત્રણકાળ, ત્રણલોકને જાણવામાં આત્મા સમર્થ છે. એવું તેના જ્ઞાન, દર્શનનું સામર્થ્ય છે. **'એવા વિશુધ્ધ-દર્શનજ્ઞાનસ્વભાવવાળા...'** એવા વિશુધ્ધ દર્શન દેખવું-જાણવું ત્રણકાળ, ત્રણલોકમાં રહ્યા થકા દ્રવ્ય-ગુણ-પર્યાય. દ્રવ્ય-ગુણ-પર્યાય નામેય સાંભળ્યું ન હોય. જૈન દર્શનની પહેલી રીત. આ તો ભકિત કરવી, પૂજા કરવી, જાત્રા કરવી, વ્રત કરવા બસ એ. એ રાગ છે, ધર્મ નથી. સમજાય છે કાંઈ?

એ ધર્મ નથી. એ તો પુણ્ય ભાવ છે. ભકિત, પૂજા, જાત્રા, દયા, દાન, સમ્યગ્દર્શન વિનાનો વ્રતનો ભાવ એ બધા ભાવ શુભભાવ તો પુણ્ય છે, ધર્મ નથી. કેમ કે આત્મા તો અહીં કહે છે કે પુણ્યથી, વિકલ્પથી લઈને ત્રણકાળ ત્રણલોકને જાણવાવાળો છે. એવા આત્માને અંતરદષ્ટિમાં લેવો, પૂર્ણાનંદસ્વરૂપ હું છું એવી દૃષ્ટિ કરવી એનું નામ પૂર્ણ આત્માના અસ્તિત્વના સત્તાની શ્રધ્ધા (એટલે કે) સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? તેને રાગવાળો માનવો, શરીરવાળો માનવો તે તો મિથ્યાદર્શન છે. વર્તમાનમાં અલ્પજ્ઞ પર્યાય છે એટલો માનવો એ પણ મિથ્યાદર્શન છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. ભાઈ! અનંતકાળમાં તેણે આત્મતત્ત્વનું સમ્યગ્દર્શન કર્યું જ નથી. તે છ ઢાળામાં આવે છે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.'

અનંતવાર દિગમ્બર મુનિ થયો અને પંચમહાવ્રતના વિકલ્પનો શુભરાગ પણ અનંતવાર કર્યો. પણ તે કાંઈ ધર્મ નથી. સમજાય છે કાંઈ? એ રાગથી ભિન્ન કેટલો છે? કે **'વિશુધ્ધ-દર્શનજ્ઞાનસ્વભાવવાળા...'** આત્મા તો નિર્મળ દૃષ્ટા અને જ્ઞાનસ્વભાવવાળા **'ચૈતન્યચમત્કારમાત્ર...'** એ તો ચૈતન્યચમત્કારમાત્ર એક સમયમાં બધાને જાણે-દેખે એવો ચમત્કાર છે. પોતાના સિવાય કોઈ વિકલ્પ આદિનો કર્તા નથી. પણ પોતા સિવાય ત્રણકાળ, ત્રણલોકનો પૂર્ણ જ્ઞાતા છે. કહો, બરાબર છે? કામ ભારે આકરું પણ આ? સાધારણ માણસને તો બિચારાને અત્યારે સમજાય પણ નહીં. એય! પાણી બાણી ગળવું તો કહેશે આમાં જ્ઞાનમાં ગળ્યું... એ જ્ઞેય છે. પાણી ગળવા આદિની ક્રિયા હોય છે તેમાં વિકલ્પ થાય છે. તે તો જ્ઞાનના જ્ઞેયમાં ગયું. જ્ઞાનના કર્તવ્યમાં નહીં. એવી વાત છે. સૂક્ષ્મ વાત છે ભાઈ! સમજાય છે કાંઈ?

સર્વજ્ઞપરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ સાક્ષાત પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે. વર્તમાનમાં બિરાજે છે. ભગવાનની દિવ્યધ્વનિ ચાલે છે. ઈન્દ્રો સાંભળવા જાય છે. સંવત ઓગણપચાસમાં

કુંદકુંદઆચાર્યદેવ ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. સંજયે નથી નાખ્યું ને હજી? ઈ નાખે ત્યારે ખરું ઘણા દિ'થી નીકળી ગયું છે. ઈ નાખનાર કોણ એનો અહીં? ધણી બણી નહીં હોય કોઈ. કહો, સમજાય છે કાંઈ? એ કુંદકુંદઆચાર્ય ભગવાન પરમાત્મા બિરાજે છે ત્યાં આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવી ને આ શાસ્ત્ર બનાવ્યા છે. અને કહે છે કે ભગવાને એવો આત્મા કહ્યો કે તે ત્રણકાળ, ત્રણલોકના દ્રવ્ય, તેની શક્તિ, તેની અવસ્થા અને તેના રાગાદિ જે હોય વિભાવ તે બધાને જાણે. જાણવાવાળો આત્મા. પણ પોતાના સિવાય પરનું કાંઈ કરે એ આત્મા નહીં. કહો પોપટભાઈ! ભારે કામ! આ બધા કામ આખો દિ' કરે છે ને? હોંશિયાર માણસને તો વેપાર ને ધંધા ને, હેં? પણ આ કેટલી ધૂળ કાઢીને મોટા ઢગલા કર્યા છે. હે મોટો ઢગલો આવડો મોટો જાણે શું હશે આ તે? એની મેળે થાય? અહીં તો પરમાત્મા કહે છે કે એ જડની અવસ્થા જડને કારણે થાય છે. પોતાથી થતી નથી. આહાહા! સમજાય છે કાંઈ?

કહે છે કે ચૈતન્યચમત્કાર ભગવાનઆત્મા એક એક આત્મા એ શુધ્ધજીવાસ્તિકાય જુઓ! એ શુધ્ધ જીવના અસ્તિ વસ્તુ છે. શુધ્ધ જીવનું અસ્તિત્વ છે. એવા આત્માની પ્રતીત કરવી. એવો આત્મા છે એમ અંતર્મુખ થઈ ને સમ્યગ્દર્શન પ્રગટ કરવું એ ધર્મની પહેલી શરૂઆત છે. સમજાય છે કાંઈ? એ સિવાય ધર્મ ક્યારેય થતો નથી. તો કહે છે કે એવો ભગવાન શુધ્ધચૈતન્યચમત્કારઆત્મા તેનાથી **'વિલક્ષણ...'** જુઓ! તેનાથી વિ-લક્ષણ વિપરીત લક્ષણવાળા. **'મિથ્યાત્વરાગાદિ વિકલ્પો વડે...'** જુઓ! આહાહા!

ભગવાનઆત્મા જ્ઞાન ને આનંદથી પરિપૂર્ણ અને પરિપૂર્ણ તત્ત્વને જાણવાવાળો તેને ન જાણીને એવા ચૈતન્યથી વિપરીત મિથ્યાદર્શન હું રાગ છું, હું પુણ્ય છું, પુણ્યના પરિણામ મારો ધર્મ છે. એવો જે મિથ્યાત્વભાવ અને તેમાં રાગની દશાનો ભાવ, એ રાગ-દ્વેષનો ભાવ એ વિકલ્પ છે. તેના દ્વારા ઉપાર્જિત જે કર્મ. તે દ્વારા તો કર્મ ઉત્પન્ન થાય છે. ધર્મ ઉત્પન્ન થતો નથી. બરાબર છે? આહાહા!

ભગવાનશુધ્ધચૈતન્ય વસ્તુ પરિપૂર્ણ વિશુધ્ધચૈતન્યચમત્કાર એ તો નિજસ્વરૂપ એવું છે. તેનાથી વિપરીત મિથ્યાશ્રધ્ધા અને પુણ્ય-પાપના ભાવ એ શુધ્ધજીવ હોવાપણાના અસ્તિત્વથી ભિન્ન છે. કહો દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ શુધ્ધજીવાસ્તિકાયથી ભિન્ન છે અથવા વિલક્ષણ છે. એમ આવ્યું ને? વિલક્ષણ. જેવો ભગવાનઆત્માનો જાણવા-દેખવાનો દર્શન સ્વભાવ છે, એવો પુણ્ય-પાપ ને મિથ્યાત્વનો સ્વભાવ નહીં. તેનાથી ભિન્ન છે. સમજાય છે કાંઈ?

એવા **'વિલક્ષણ મિથ્યાત્વરાગાદિ વિકલ્પો વડે...'** શું થયું? ઉપાર્જિત જે શરીર નામકર્મ તેનાથી તો શરીર બંધાણું. વિકારના પરિણામથી, જે અશરીરી ભગવાનઆત્માને તેના લક્ષણથી જાણ્યો નહીં અને પુણ્ય-પાપ ને મિથ્યાત્વભાવથી નવા કર્મ બંધાણા. એ કર્મ શરીરનું કારણ છે. અશરીરી ભગવાનઆત્માને મિથ્યાત્વ ને રાગ-દ્વેષ (તે) શરીર ઉપાર્જિતનું કારણ છે. આહાહા!

એ **'શરીર નામકર્મ તેનાથી જનિત...'** નામકર્મથી ઉત્પન્ન થયેલ એવા **'(અર્થાત તે શરીર**

**નામકર્મનો ઉદય જેમાં નિમિત્ત છે એવા) સંકોચવિસ્તારના આધીનપણે જીવ...'** એ નામકર્મનું નિમિત્ત અને પોતાની યોગ્યતા. કેવી? કે **'સર્વોત્કૃષ્ટ અવગાહે પરિણમતો થકો...'** એક હજાર જોજનનો મચ્છ થાય છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં એક હજાર જોજનનો મચ્છ હોય છે. ચાર હજાર ગાવ જેટલો લાંબો. એ શરીર કેમ મળ્યું? કે પોતાના ચૈતન્યચમત્કારની દૃષ્ટિ નહીં કરી ને વિપરીત ભાવ મિથ્યાત્વ ને રાગ-દ્વેષ કર્યા તેનાથી નામકર્મ બંધાણા અને નામકર્મથી શરીરની અવગાહના એક હજાર જોજનની ઉત્પન્ન થઈ. સમજાય છે કાંઈ? છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર છે. એવા અસંખ્ય હજાર જોજનનો લાંબો મચ્છ છે. અસંખ્ય, અસંખ્ય. અસંખ્ય. હેં? સંખ્યા અસંખ્ય છે. અસંખ્ય છે. અનંત નહીં. સંખ્યાતા નહીં, અનંત નહીં. અસંખ્ય જોજનનો એક સમુદ્ર છે. તેમાં અસંખ્ય તો હજાર જોજનનો મચ્છ. એવા અસંખ્ય પડ્યા છે. ત્યાં કેમ ગયો? એવી અવગાહના કેમ થઈ? પોતાના આત્મામાં એકાકાર ન થઈ ને મિથ્યાશ્રદ્ધા ને રાગ-દ્વેષના ભાવથી કર્મ ઉત્પન્ન થયા તેનાથી શરીર મળ્યું.

આત્માનું ભાન અને શ્રદ્ધા જ્ઞાન કરીને તો અશરીરી થઈ જાય છે. અશરીરી નામ સિદ્ધ થાય છે. એવું તો કર્યું નથી. કહો, સમજાય છે કાંઈ? **'સંકોચવિસ્તારના આધીનપણે જીવ સર્વોત્કૃષ્ટ અવગાહે પરિણમતો થકો...'** એક હજાર જોજનમાં આત્મા લાંબો, પહોળો રહે છે. પોતાથી હોં! આ શરીરને કારણે નહીં, કર્મને કારણ નહીં. પોતાની પર્યાયનું આટલું અવગાહન લાંબુ, પહોળું થઈ ગયું. અને મહામચ્છના શરીરમાં વ્યાપે છે. નહીંતર તો પોતાનો ભગવાનઆત્મા જ્ઞાન ને ચૈતન્યચમત્કાર વસ્તુ છે તેની જો દૃષ્ટિ અને ધર્મ પ્રગટ કરે તો તો તે અશરીરી થઈ જાય. શરીર મળે નહીં. પણ પોતાના સ્વભાવનું ભાન ન કરીને પરમાં સુખ માની ને પુણ્યાદિ મારું છે, શરીર મારું છે, કર્મ મારા છે, એવી માન્યતાથી અને રાગ-દ્વેષથી કર્મ ઉપાર્જિત થયા. તેનાથી એક હજાર જોજનમાં વ્યાપ્ત શરીર મળ્યું. સમકિતી બેસે સ્વયંભૂરમણ સમુદ્રમાં. અસંખ્ય સમકિતી છે. તે શરીર પૂર્વના કર્મને કારણે મળ્યું. પણ અંતરમાં તો શરીરથી અને રાગથી હું ભિન્ન છું. એવું મચ્છને પણ અંતરમાં ભાન છે. સમજાય છે કાંઈ? અસંખ્ય પડ્યા છે. તો કહે છે કે અસંખ્ય સમુદ્રમાં પડેલાં એક એક મચ્છ જુઓ! તો સમકિતીથી વધારે અસંખ્ય ગુણા મિથ્યાદૃષ્ટિ છે. એક સમકિતી અને અસંખ્ય મિથ્યાદૃષ્ટિ. તો સમ્યગ્દૃષ્ટિને એવું હજાર જોજનનું શરીર મળ્યું તે પૂર્વ કર્મના કારણે મળ્યું. પણ વર્તમાનમાં પોતામાં શરીર પણ નહીં, શરીરની ક્રિયા પણ નહીં. અને પુણ્ય ને પાપના વિકલ્પ ઊઠે તે પણ હું નહીં. હું તો તેનાથી ભિન્ન શુદ્ધચૈતન્ય જીવાસ્તિકાયમાં છું. સમજાય છે કાંઈ?

આવો અનુભવ તિર્યંચને પણ સમુદ્રમાં થાય છે. મનુષ્યને થાતું નથી, ન કરે તેને. કહો, ભીખાભાઈ! આહાહા! સારી વાત છે. પણ એ અંદરમાં કરવાનું છે ને કે બહારથી? એય ક્યાં ગયા? હીરાભાઈ! અને **'જઘન્ય અવગાહે પરિણમતો થકો ઉત્સેધ ઘનાંગુલના અસંખ્યમા ભાગ જેવડા લબ્ધ્યપર્યાપ્ત**

**સૂક્ષ્મનિગોદના શરીરમાં વ્યાપે છે...'** આહા! નાનામાં નાનો થયો તો આત્માના ભાન વિના હું જ્ઞાનદર્શનનો વિશુધ્ધ ચૈતન્યચમત્કાર છું, એવી અંતરની પ્રતીત અનુભવ વિના અંગુલના અસંખ્યમાં ભાગમાં મચ્છ થાય છે. જો અસંખ્ય ભેગા થાય તો ચોખા જેવડા થાય છે. અસંખ્ય મચ્છ ભેગા થાય ત્યારે ચોખા જેવડા થાય છે. ચોખા સમજો છો ને? ચાવલ. અસંખ્ય એવડી અવગાહના શરીરની નાની હોય છે. તો નાની (અવગાહના)માં પણ અનંતવાર આવ્યો.

પોતાનું વિશુધ્ધચૈતન્યસ્વરૂપ પરને ત્રણકાળ, ત્રણલોકને જાણવા-દેખવાવાળો પ્રભુ, તેનાથી વિલક્ષણ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ કરીને એક અંગુલના અસંખ્યમાં ભાગમાં મચ્છ તેમાં પણ વ્યાપ્યો. હજાર જોજનમાં પણ આવ્યો. સૂક્ષ્મનિગોદના શરીરમાં છેલ્લામાં છેલ્લી અવગાહના **'લબ્ધપર્યાપ્ત સૂક્ષ્મનિગોદના શરીરમાં...'** જગતમાં સૂક્ષ્મનિગોદ છે. આખા લોકમાં વ્યાપ્ત. સમજાય છે કાંઈ? અહીંયા પણ એક શરીર છે એમાં અનંત જીવ છે. એવા અસંખ્ય શરીર નિગોદના અહીંયા છે. આ ખાલી દેખાય છે ને ખાલી. એ ખાલી ભાગમાં પણ અનંત જીવ છે. સૂક્ષ્મનિગોદ. દેખાતું નથી ને? દેખાતું નથી તો શું? વસ્તુ છે. આખા લોકપ્રમાણે સૂક્ષ્મનિગોદ ભર્યા છે. તો આવું જઘન્ય અવગાહન નાની અવગાહનાથી ત્યાં રહ્યો. અને **'મધ્યમ અવગાહે પરિણમતો થકો મધ્યમ શરીરોમાં વ્યાપે છે...'** અંગુલના અસંખ્યભાગથી વિશેષ અને હજાર જોજનના મચ્છ નીચે, તે પણ અનંતવાર થયો. સમજાય છે કાંઈ? પોતાનો શુધ્ધ - વિશુધ્ધ ચૈતન્યભગવાન એવા ચૈતન્યચમત્કારની અંતર પ્રતીત અનુભવ વગર આવા શરીરમાં અવગાહના અનંતવાર કરી અને દુઃખી, દુઃખી, દુઃખી થયો. લ્યો! આટલો ભાવાર્થ થયો.

## ગાથા - ૩૪

**सव्वत्थ अत्थि जीवो ण य एक्को एक्ककाय एक्कट्ठो ।**
**अज्झवसाणविसिट्ठो चिट्ठदि मलिणो रजमलेहिं ।।३४।।**

सर्वत्रास्ति जीवो न चैक एककाये ऐक्यस्थ: ।
अध्यवसानविशिष्टश्चेष्टते मलिनो रजोमलै:।।३४।।

अत्र जीवस्य देहाद्देहांतरेऽस्तित्वं, देहात्पृथग्भूतत्वं, देहांतरसञ्चरणकारणं चोपन्यस्तम् । आत्मा हि संसारावस्थायां क्रमवर्तिन्यनवच्छिन्नशरीरसन्ताने यथैकस्मिन् शरीरे वृत्त:

तथा क्रमेणान्येष्वपि शरीरेषु वर्तत इति तस्य सर्वत्रास्तित्वम् । न चैकस्मिन् शरीरे नीरे क्षीरमिवैक्येन स्थितोऽपि भिन्नस्वभावत्वात्तेन सहैक इति तस्य देहात्पृथग्भूतत्वम् । अनादि-बन्धनोपाधिविवर्तितविविधाध्यवसायविशिष्टत्वात्तन्मूलकर्मजालमलीमसत्वाच्च चेष्टमानस्यात्मन-स्तथाविधाध्यवसायकर्मनिर्वर्तितेतरशरीरप्रवेशो भवतीति तस्य देहान्तरसञ्चरणकारणोपन्यास इति ।।३४।।

**તન તન ધરે જીવ, તન મહીં ઐક્યસ્થ પણ નહિ એક છે,**
**જીવ વિવિધ અધ્યવસાયયુત, રજમળમલિન થઈને ભમે. ૩૪.**

**અન્વયાર્થ :-** (जीव:) જીવ (सर्वत्र) સર્વત્ર (ક્રમવર્તી સર્વ શરીરોમાં) (अस्ति) છે **(च)** અને (एककाये) કોઈ એક શરીરમાં (ऐक्यस्थ:) (ક્ષીરનીરવત્) એકપણે રહ્યો હોવા છતાં (न एक:) તેની સાથે એક નથી; (अध्यवसानविशिष्ट:) અધ્યવસાય-વિશિષ્ટ વર્તતો થકો (रजोमलै: मलिन:) રજમળ (કર્મમળ) વડે મલિન હોવાથી (चेष्टते) તે ભમે છે.

ટીકા : અહીં જીવનું દેહથી દેહાંતરમાં (-એક શરીરથી અન્ય શરીરમાં) અસ્તિત્વ, દેહથી પૃથક્પણું અને દેહાંતરમાં ગમનનું કારણ કહેલ છે.

આત્મા સંસાર-અવસ્થામાં ક્રમવર્તી અચ્છિન્ન (-અતૂટક) શરીરપ્રવાહને વિશે જેમ એક શરીરમાં વર્તે છે તેમ ક્રમથી અન્ય શરીરોમાં પણ વર્તે છે; એ રીતે તેને સર્વત્ર (-સર્વ શરીરોમાં) અસ્તિત્વ છે. વળી કોઈ એક શરીરમાં, પાણીમાં દૂધની માફક એકપણે રહ્યો હોવા છતાં, ભિન્ન સ્વભાવને લીધે તેની સાથે એક (તદ્રૂપ) નથી; એ રીતે તેને દેહથી પૃથક્પણું છે. અનાદિ બંધનરૂપ ઉપાધિથી વિવર્તન (પરિવર્તન) પામતા વિવિધ અધ્યવસાયોથી વિશિષ્ટ હોવાને લીધે (-અનેક પ્રકારના અધ્યવસાયવાળો હોવાને લીધે) તથા તે અધ્યવસાયો જેનું નિમિત્ત છે એવા કર્મસમૂહથી મલિન હોવાને લીધે ભમતા આત્માને તથાવિધ અધ્યવસાયો અને કર્મોથી રચાતા (-તે પ્રકારનાં મિથ્યાત્વરાગાદિરૂપ ભાવકર્મો અને દ્રવ્યકર્મોથી રચાતા) અન્ય શરીરમાં પ્રવેશ થાય છે; એ રીતે તેને દેહાંતરમાં ગમન થવાનું કારણ કહેવામાં આવ્યું. ૩૪.

## ગાથા ૩૪ ઉપર પ્રવચન

**ચોત્રીસ ગાથા.**

**सव्वत्थ अत्थि जीवो ण य एक्को एक्ककाय एक्कट्ठो ।**
**अज्झवसाणविसिट्ठो चिट्ठदि मलिणो रजमलेहिं ॥३४॥**

**તન તન ધરે જીવ, તન મહીં ઐક્યસ્થ નહીં પણ એક છે,**
**જીવ વિવિધ અધ્યવસાયયુત, રજમળમલિન થઈને ભમે. ૩૪**

**ટીકા :-** શું કહે છે? ભગવાનકુંદકુંદઆચાર્ય મુનિ. જગતને ફરમાવે છે, કહે છે. **'અહીં જીવનું દેહથી દેહાંતરમાં (એક શરીરથી અન્ય શરીરમાં) અસ્તિત્વ...'** એક દેહથી બીજા દેહમાં આત્મા પોતાનું અસ્તિત્વ રાખે છે. બરાબર છે? જેવી રીતે એક દેહમાં પોતાનું અસ્તિત્વ છે. એવી રીતે બીજા દેહમાં પોતાનું જ અસ્તિત્વ છે. કોઈ શરીરને કારણે અસ્તિત્વ છે એમ છે નહીં.

અહીં જીવનું દેહથી દેહાંતરમાં, દેહાંતર એટલે અનેરા દેહમાં, એક દેહથી બીજા દેહમાં અનંતવાર ગયો. અસ્તિત્વ એક વાત. એક શરીરથી બીજા શરીરમાં પોતાનું અસ્તિત્વ રાખે છે. કાંઈ નાશ થઈ જાય છે? શરીરનો નાશ થયો તો આત્માનો નાશ થઈ જાય છે? શરીર નાશ પામ્યું તો (આત્માનો) નાશ થાય છે? આત્મા ચાલ્યો ગયો એમ કહે છે. આત્મા ચાલ્યો ગયો એમ કહે છે કે ના આત્મા મરી ગયો? આત્મા અહીંથી ચાલ્યો ગયો. પાછો આપણે કહે હિન્દીમાં કાંઈક હશે? અમારે ગુજરાતીમાં એમ કહે પાછો થયો, પાછો થયો. પાછો થયો (એટલે) એક શરીર છોડી ને બીજા શરીરમાં. આહાહા! એમ હશે ને? કનુભાઈ! આ હીરાભાઈ ગયા. જો એક શરીર છોડી ને બીજું શરીર. અહીં એટલા ઓગણાએંસી, એંસી વર્ષ કળગળાટ કર્યો. પાછું અહીંથી મરી નેં બીજું શરીર. આહાહા! આ દુનિયામાં જુઓ! ને?

પોતાનું અસ્તિત્વ છે એ કાંઈ બીજા શરીરમાં ચાલ્યું જાય છે? આ શરીરનો નાશ થયો પણ અસ્તિત્વ તો ત્યાં પણ રહે છે. પોતાના આત્માનું અસ્તિત્વ છે ને? જીવાસ્તિકાય સિધ્ધ કરવું છે ને? તો એક દેહથી બીજા દેહમાં પોતાનું જ અસ્તિત્વ રહે છે. એક વાત. દેહથી પૃથક પોતાનું અસ્તિત્વ એક દેહથી બીજામાં રહે છે છતાં દેહથી પૃથક છે. અહીં પણ દેહથી પૃથક છે અને બીજા દેહમાં ગયો ત્યાં પણ દેહથી પૃથક છે. દેહથી તો પૃથક આત્મા છે. એકમેક છે? પૃથક છે. અને શરીરમાં જુઓ! પોતાનું અસ્તિત્વ પોતાનું હોવાપણું શરીરથી ભિન્ન રાખે છે.

કોઈપણ શરીરમાં જાઓ નાનામાં, મોટામાં પણ પોતાનું અસ્તિત્વ તો ભિન્ન રાખે છે. એકમેક થઈ જાય છે? શું હશે રમણીકભાઈ?

મુમુક્ષુ :- આકાર એકમેક થાય?

ઉત્તર :- નહીં ભાઈ ધૂળેય થાય નહીં. આકાર એક નથી. આકાર ભિન્ન છે. વાસણમાં પાણી હોય પાણી. પાણી. વાસણ હોય આવડું મોટું તેમાં પાણી. તો પાણીનો આકાર ભિન્ન છે, વાસણનો આકાર ભિન્ન છે. પાણી છે ને પાણી. તેનો આકાર છે તે ભિન્ન છે અને વાસણનો ભિન્ન છે. એમ આ શરીર બર્તન (વાસણ) છે તેનો આકાર ભિન્ન છે, આત્મા પાણીસ્વરૂપ, આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ છે તેનો આકાર ભિન્ન છે. તેના આકારમાં પોતાના અસ્તિત્વથી આકાર છે. પણ દેહથી તો પૃથક છે, એમ સિધ્ધ કરવું છે ને? જુઓ! બીજો બોલ. ત્રણ બોલ સિધ્ધ કરશે. આહાહા!

બીજો બોલ. **'દેહથી પૃથકપણું અને દેહાંતરમાં ગમનનું કારણ કહેલ છે...'** આ ગાથામાં ત્રણ બોલ કહેવામાં આવશે. એક તો આત્માનું અસ્તિત્વ, એક દેહથી બીજા દેહમાં જવા છતાં પોતાનું અસ્તિત્વ રાખે છે. આત્મા મરી નથી જાતો. દેહ છૂટી જાય છે. બીજું, દેહથી પૃથક રહે છે. જયાં જયાં જાય ત્યાં શરીરથી આત્મા પૃથક રહે છે. મચ્છમાં જાઓ, દેવમાં જાઓ, નારકીમાં જાઓ, કીડી, કંથવા શરીરમાં પણ આત્મા તો દેહથી પૃથક છે.

આત્માને અને દેહને એક માન્યા છે આ બધા. હવે આ તો જડ છે, માટી. પુદ્‌ગલ છે. આત્મા પુદ્‌ગલ સાથે કયારેય એકમેક થઈ જાય છે? તે તો ભિન્ન છે. એના આકારેય ભિન્ન છે. અને દેહાંતરમાં દેહાંતર શબ્દ છે? આ દેહ છોડી ને બીજા દેહમાં જાય છે તેનું કારણ શું? તે પણ અહીંયા કહેશે. ત્રણ બોલ. સમજાય છે કાંઈ? એક દેહ છોડી ને બીજા દેહમાં જાય છે તો પોતાનું અસ્તિત્વ તો ભિન્ન છે. અને દેહથી પૃથક છે. અહીંયા પણ અસ્તિત્વ અને ત્યાં પણ અસ્તિત્વ. દેહથી ભિન્ન છે અને દેહ થવાનું કારણ, અનેરા દેહમાં જાવાનું કારણ કોણ? કે કર્મ. બે બોલ લીધા. અધ્યવસાય અને કર્મ બે. છે ને?

**अध्यवसानविशिष्टः रजोमलैः मलिनः** પોતાનો અધ્યવસાય રાગ અને શરીર સાથે એકત્વબુધ્ધિનો ભાવ તે એક દેહથી બીજા દેહમાં ગમનનું કારણ છે. સમજાય છે કાંઈ? રજોમળ કર્મ એ નિમિત્ત છે. ઉપાદાન ને નિમિત્ત બેય લીધું. પાઠમાં છે ને? ટીકામાં આવ્યું છે. શું કહે છે? દેહાંતરમાં ગમનનું કારણ કહેલ છે. એક દેહથી બીજા દેહમાં જવાનું કારણ બેની એકત્વબુધ્ધિ છે. રાગથી એકત્વબુધ્ધિ છે, શરીરથી એકત્વબુધ્ધિ છે. એ અધ્યવસાયને કારણે એક દેહથી બીજા દેહમાં ગમન કરે છે. જેને પોતાના માન્યા તેનાથી છૂટતો નથી. ત્યાં જાય છે. જાઓ. આહાહા!

અહીંયા તો દેહથી પૃથક છે તો સ્ત્રી, કુટુંબ, શરીરથી પૃથક છે કે નહીં? (મુમુક્ષુ :- દેહ તો પૃથક જ છે.) તો સ્ત્રી, કુટુંબથી? એ તો કયાંય રહી ગયું ધૂળ બહાર. સ્ત્રી, પત્ની,પતિ ને બધા તો પરદ્રવ્ય

તો ક્યાંય રહી ગયા. તેનાથી તો જ્યાં જાય ત્યાં પૃથક છે. જ્યાં જાય ત્યાં પૃથક છે.જ્યાં જાય ત્યાં દેહથી પૃથક છે તો બાકી ચીજથી તો (પૃથક જ છે). ત્યારે શા માટે દેહમાં ગમન કરે છે? પોતાના સ્વરૂપ સાથેનો એકત્વસ્વભાવને છોડીને પરવસ્તુની જે એકત્વબુધ્ધિ જે છે તે અધ્યવસાય છે. જુઓ! અહીંયા તો એકલું અધ્યવસાય કારણ કહેલ છે. અધ્યવસાય.

શરીર સાથેની એકત્વબુધ્ધિ. શરીરની ક્રિયા થાય છે તે મારાથી થાય છે. અને અંદર દયા, દાનનો વિકલ્પ છે તે મારો છે. એવી જે એકત્વબુધ્ધિ અધ્યવસાય તે એક શરીરમાંથી બીજા શરીરમાં જવાનો ઉપાય છે. તે રખડવાનો ઉપાય છે. તેનાથી ઉલટુ જુઓ! કે પોતાનો આત્મા શુધ્ધચૈતન્યમૂર્તિ દેહથી ભિન્ન અસ્તિત્વ રાખે છે. પોતાનું ભાન થયું તો પોતાનું સ્વરૂપ દેહથી ભિન્ન જાણ્યું. અને ભિન્ન જાણ્યું તો પોતાના જ્ઞાન, આનંદનું પોતાનું સ્વરૂપ જાણ્યું તો તેને દેહાંતર થવાની કોઇ ક્રિયા ઊભી થતી નથી. રાગ બાગ તેનાં છે જ નહીં. વીતરાગદષ્ટિ થઇ. હું શુધ્ધચૈતન્યમૂર્તિ આત્મા છું. એવી અંતરદષ્ટિ કરી તો વસ્તુ વીતરાગ છે તો પર્યાય પણ વીતરાગધર્મની થઇ. તેને બંધન હોતું નથી. તેને શરીર નથી મળતું. આ તો સાદી ભાષા છે જીવાસ્તિકાય. અહીં તો જીવાસ્તિકાયની વાત કરે છે.

ટીકા :- **'આત્મા સંસાર-અવસ્થામાં...'** ભગવાનઆત્મા પોતાના નિજ શુધ્ધ આનંદ ને પૂર્ણ જ્ઞાન, દર્શનસ્વભાવવાળો પોતાનું એટલું અસ્તિત્વ ન જાણીને, આવો હું છું એમ ન જાણીને સંસારદશામાં ચોર્યાસી લાખના અવતારની દશામાં **'ક્રમવર્તી અચ્છિન્ન (અતૂટક) શરીરપ્રવાહને...'** એક પછી એક, એક પછી એક શરીર મળે છે. શરીર ક્રમવર્તી. પહેલાં મળે, પછી બીજું, પછી ત્રીજું એમ ક્રમવર્તી શરીર મળે છે. અનંત, અનંત, અનંત શરીર મળ્યા. **'ક્રમવર્તી (અતૂટક) શરીરપ્રવાહ...'** શરીરથી રહિત એક સમય પણ રહ્યો નહીં. સાથે કાર્મણ ને તેજસ શરીર સાથે છે ને. સમજાય છે કાંઇ? અતૂટક શરીરપ્રવાહ જેમ પાણીનું પૂર ચાલે છે. તેમાં પ્રવાહ તૂટતો નથી એમ શરીર એક પછી એક, એક પછી એક. એક પછી એક એમ ક્રમસર શરીરનો પ્રવાહ અનંતવાર અનંતકાળથી થયો. સમજાય છે કાંઇ?

ઓલા પૂછતા હતા ને? અહીંયા આવ્યા હતા ને? અમેરીકન. હેં? ઇ આપણને નામ ન આવડે એ બધું તમારું ગોટાવાળું. અમેરીકન પૂછતો હતો. અહીં અમેરીકન આવ્યો હતો ને રાજુલને (પૂછવા) નક્કી કરવા. અહીં એક છોકરી છે તેને પૂર્વભવનું જ્ઞાન છે. જોઇ છે? નથી જોઇ? અહીંયા એક છોકરી છે. તેને પૂર્વભવનું જ્ઞાન છે. જૂનાગઢથી આવી છે. આજે નથી આવી. ભણવા માટે ગઇ છે. દસ વર્ષની ઉંમર છે. અઢી વર્ષથી તેને પૂર્વના ભવનું જ્ઞાન છે. અહીં છે. સામા મકાનમાં રહે છે. તેના દિકરાની દિકરી છે. અઢી વર્ષથી તેને પૂર્વ ભવનું જ્ઞાન થયું છે. સમજાય છે કાંઇ?

આત્મા તો અનાદિ છે કે નહીં? આહાહા! ત્યાં એક લોહાણા હતા જૂનાગઢમાં તેની દિકરી હતી. અઢી વર્ષે દેહ છોડી ને અહીં આવી છે. અત્યારે ભણવા ગઇ છે. સામા મકાનમાં રહે છે. તેનું મકાન છે

ને? તેને પૂછે કે તું કયાંથી આવી છો? (તો કહે) હું જૂનાગઢથી આવી છું. તારા પિતા? ત્યાં છે. મારી માતા ત્યાં છે. એમ કહ્યું. આત્મા અનાદિ છે કે નહીં? એક શરીરમાંથી બીજા શરીરમાં જાય છે તો પોતાનું અસ્તિત્વ તો ભિન્ન રાખે છે. અને એક શરીરમાંથી બીજું શરીર અતૂટધારા. ત્યાં શરીર થયું, છૂટયું ને અહીં આવ્યું. સમજાય છે કાંઈ?

સવારમાં આવી હતી કે નહીં? નથી આવતી. સામા મકાનમાં રહે છે. નાની દસ વર્ષની છે. અઢી વર્ષથી જાતિ સ્મરણ થયું અને પૂર્વભવનું ભાન થયું. ઓલો અમેરીકન પણ આવ્યો હતો તપાસ કરવા માટે. તે અમેરીકન મને પૂછતો હતો કે આ દેહ છોડી ને બીજા દેહમાં જાય તો કેટલો કાળ લાગે છે? એમ પ્રશ્ન કર્યો હતો. મોટો અમેરીકન આવ્યો હતો. કીધું એક સમય, બે સમય, ત્રણ સમય, ચોથા સમયે તો શરીર મળે જ છે. પછી આ દેહમાં આત્મા કેટલા સમયમાં આવે છે. હિન્દુ લોકો પાંચ મહિના પછી આવે છે, એમ કહે છે. કીધું, એવું નથી. તરત જ આવે છે. જેવો દેહ છૂટી ગયો કે તરત જ માતાના પેટમાં અહીંયા આવે કે ત્યાં એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, કીડી, કાગડા, કૂતરામાં જાય. આહાહા!

ભગવાન થઈ ને આમ રખડે! રખડાવ. ભગવાન રખડુ થયો. શ્રીમદ્દે કહ્યું છે ને? પ્રભુના ગુણનો પાર નહીં પણ તેમાં અપલખણ પણ ઘણા છે. ભગવાનઆત્મા અનંત, અનંત આનંદ ને જ્ઞાન સંપન્ન પ્રભુ આત્મા છે. અનંત ગુણ સંપન્ન છતાં અપલખણનો પાર નહીં. અપલખણ એટલે દુષિતભાવ, મિથ્યાત્વભાવ, રાગ-દ્વેષભાવ એવા મલિનભાવથી પ્રભુ દુઃખી થાય છે. પ્રભુ હોવા છતાં પણ દુઃખી થાય છે. એમ કહે છે. આહાહા! ભાન નથી.

**'આત્મા સંસાર (દશામાં) અવસ્થામાં ક્રમવર્તી...'** જુઓ! એક પછી એક શરીર મળે છે. એક શરીર છૂટયું તો બીજું, બીજું છૂટયું તો ત્રીજું. **'અચ્છિન્ન (અતૂટક) શરીરપ્રવાહ...'** શરીરનો પ્રવાહ તૂટે નહીં. પાણીનો પ્રવાહ જેમ ચાલે તેમ એક શરીર, બીજું શરીર, ત્રીજું શરીર, ચોથું શરીર અનંતકાળમાં અનંત શરીરનો પ્રવાહ આત્માના ભાન વિના અચ્છિન્ન ધારાથી શરીર પ્રાપ્ત થાય છે. સમજાય છે કાંઈ?

**'શરીરપ્રવાહને વિષે જેમ એક શરીરમાં વર્તે છે...'** હજી તો અસ્તિત્વ સિધ્ધ કરે છે. પહેલો બોલ. **'તેમ ક્રમથી અન્ય શરીરોમાં પણ વર્તે છે...'** જેવી રીતે એક શરીરમાં ભિન્ન રહે છે. તેમ બીજા શરીરમાં પણ પોતાપણું ભિન્ન રાખે છે. **'તેમ ક્રમથી...'** જુઓ! બીજું શરીર થવાનું છે તે. **'અન્ય શરીરોમાં પણ વર્તે છે...'** શરીરમાં પણ વર્તે છે એમ કહ્યું. સમજાય છે કાંઈ? એટલે બીજા શરીરમાં રહે છે એમ. વર્તે છે પોતાના ભાવમાં. પણ બીજા શરીરમાં પણ પોતાનું અસ્તિત્વ ધારણ કરે છે. આહાહા!

**'એ રીતે તેને સર્વત્ર (સર્વશરીરોમાં) અસ્તિત્વ છે...'** એક શરીર, બીજું શરીર, ત્રીજું શરીર, ચોથું શરીર અનંત શરીર બધા શરીરમાં પોતાનું અસ્તિત્વ તો ભિન્ન રાખે છે. કોઈ શરીરમાં એક થઈ જાય છે એ ત્રણકાળ, ત્રણલોકમાં નહીં. દેહ છૂટવાનો કાળ હોય, કરોડો પૈસા હોય, સ્ત્રી, કુટુંબ ઘણાં હોય .... ડોકટર આવ્યા પાંચ પાંચ હજારના દનીયા (પૈસા) લઈને, સ્થિતિ પૂરી થઈ ગઈ. ડોકટર કહે નાખને સાલ તારું? શું કરે? દેહની સ્થિતિ પૂરી થઈ ગઈ. ચાલો બીજા શરીરમાં. પોતાના ચૈતન્યના માહાત્મ્યની દૃષ્ટિ થઈ નહીં અને પુણ્યને પાપ અને પુણ્ય ને પાપના ફળમાં માહાત્મ્યની દૃષ્ટિ થઈ એવા કાળમાં એક શરીરમાંથી બીજા શરીરમાં પોતાનું અસ્તિત્વ રાખે છે. કહો, સમજાય છે કાંઈ?

એક શરીર સંભાળે પાછું બીજું શરીર. જામી પડયો તેમાં. અનુભવ પ્રકાશમાં આવે છે ને? આહાહા! એક વાત! જેમ એક શરીરમાં ભિન્ન શુધ્ધજીવાસ્તિકાય પ્રભુ, પોતાના સ્વરૂપના ભાન વગર મિથ્યાભ્રાંતિ અને રાગ-દ્વેષના પરિણામથી એક શરીરમાં વર્તે છે એમ અનંત શરીરમાં ક્રમસર વર્તે છે. પોતાના અસ્તિત્વનો કયારેય નાશ થતો નથી. સમજાય છે કાંઈ? એક વાત. આ અસ્તિત્વની વાત કરી. હવે દેહથી પૃથક.

**'વળી કોઈ એક શરીરમાં, પાણીમાં દૂધની માફક...'** પાણી છે અને દૂધ છે. બન્ને ભિન્ન છે. પાણીનો સ્વભાવ પણ ભિન્ન છે અને દૂધનો સ્વભાવ પણ ભિન્ન છે. **'તેમ એક શરીરમાં, પાણીમાં દૂધની માફક...'** પાણીમાં દૂધની માફક. દૂધમાં ધોળાશની માફક નહીં. પાણી અને દૂધ જેમ ભિન્ન છે, તેમ ભગવાનઆત્મા આ શરીર પાણી અને ભગવાન દૂધ એ ભિન્ન છે. હજી બધાનું કામ ભિન્ન ભિન્ન છે. આત્માનું કામ શરીર ન કરે અને શરીરનું કામ આત્મા ન કરે. આહાહા! સમજાય છે કાંઈ?

**'એક શરીરમાં, પાણીમાં દૂધની માફક એકપણે રહ્યો હોવા છતાં...'** એકપણે એટલે? દૂધ ને પાણી એમ. દૂધ ને પાણી એક જગ્યોએ એકપણે રહેલાં હોવા છતાં પણ **'ભિન્ન સ્વભાવને લીધે...'** શું કહે છે? ભગવાનઆત્મા તો જાણન-દેખન સ્વભાવ ભિન્ન છે. અને શરીરનો જડ સ્વભાવ અજ્ઞાન સ્વભાવ ભિન્ન છે. શરીર કાંઈ જાણે છે? શરીર કાંઈ જાણે છે? હું શરીર છું એમ શરીર જાણે છે? બિલકુલ નહીં. એ તો જડ છે. આત્માનો જાણન સ્વભાવ છે અને જડનો અજાણન સ્વભાવ છે. બેય સ્વભાવ ભિન્ન છે. આ ઈન્દ્રિય જાણે છે કે નહીં? ઈન્દ્રિય ન જાણે? આંખ, નાક આ તો જડ છે. જડ શું જાણે? જાણવાવાળો ચેતન અને તેનાથી ભિન્ન સ્વભાવવાળી ઈન્દ્રિયો. પાંચ ઈન્દ્રિયો છે, ભિન્ન સ્વભાવ છે. ભગવાનઆત્માનો જાણન સ્વભાવ ભિન્ન છે. બેયનો એક સ્વભાવ નથી. સમજાય છે કાંઈ?

આંખથી જ્ઞાન થાય છે કે નહીં? જીભથી સ્વાદનું જ્ઞાન થાય છે કે નહીં? ના. જાણન સ્વભાવ ભિન્ન છે અને આ અજ્ઞાન સ્વભાવ ભિન્ન છે. આ ઈન્દ્રિયો તો અજ્ઞાન છે. જડ માટી ધૂળ છે. સમજાય છે

કાંઈ? સ્વભાવ દૂધની માફક. દૂધનો સ્વભાવ ભિન્ન છે. જડનો સ્વભાવ ભિન્ન છે. છતાં એક જગ્યોએ રહેવાથી એકપણે દેખાય છે. **'એકપણે રહ્યો હોવા છતાં...'** એ જગ્યોએ એક સ્થાનમાં રહેવા છતાં પણ **'ભિન્ન સ્વભાવને કારણે...'** આત્મા આનંદ ને જ્ઞાન સ્વરૂપ છે. રાગ ને શરીરના અજ્ઞાન સ્વરૂપ છે. બન્નેનો સ્વભાવ ભિન્ન છે. આહાહા! સમજાય છે કાંઈ? **'તેની સાથે એક (તદ્રુપ) નથી...'** અહીં ભગવાનઆત્મા જ્ઞાનમૂર્તિ ચૈતન્યપુંજ તે રાગરૂપે નથી, શરીરરૂપે નથી. પોતાના ચૈતન્યરૂપથી પરમાં એક દેખાતો હોવા છતાં તદ્દન ભિન્ન સ્વભાવ છે. સમજાય છે કાંઈ?

આ ઈન્દ્રિયો તો જડ છે. તેનો સ્વભાવ જડ છે. જાણન સ્વભાવ તો ચૈતન્ય છે. એક જગ્યોએ રહેવા છતાં દૂધ ને પાણીના સ્વભાવની પેઠે બન્નેનો સ્વભાવ ભિન્ન છે. આહાહા! લ્યો, અહીં તો કહે કે હું ઈન્દ્રિયોથી જાણું છું. તો કહે કે આત્માથી જાણું છું. અને ઈન્દ્રિયોથી જાણું છું તે તને ભ્રમ થયો છે. આહાહા! સમજાય છે કાંઈ? કેમ કે ઈન્દ્રિયોનો સ્વભાવ ભિન્ન છે અને તારો સ્વભાવ ભિન્ન છે. નહીં. ઈન્દ્રિયો હોય તો હું જાણું છું. પણ હું જાણવાવાળો છું તો જાણું છું એમ માન્યું નહીં.સમજાય છે કાંઈ? **'ભિન્ન સ્વભાવને લીધે તેની સાથે એક (તદ્રુપ) નથી...'** જ્ઞાન સ્વરૂપ પ્રભુ, જાણન-દેખન ચૈતન્યચમત્કાર પ્રભુ, તેનો સ્વભાવ તો જાણન-દેખન છે. અને શરીર ને રાગનો સ્વભાવ તો અજ્ઞાન છે. બન્નેનો સ્વભાવ તદ્દન ભિન્ન છે. ખરેખર તો રાગ પણ શરીરમાં જાય છે.

અહીં તો જાણન સ્વભાવને પૃથક કહ્યો ને? સમજાય છે કાંઈ? ભિન્ન સ્વભાવને કારણે ભિન્ન છે. બન્નેનો સ્વભાવ ભિન્ન છે. ઈન્દ્રિયો જડ માટી છે. તે તો જડ, અજીવ છે. તેનો સ્વભાવ તો અજીવ છે. ભગવાનઆત્માનો સ્વભાવ તો જાણન-દેખન છે અને રાગ-દ્વેષ થાય છે તે તો અજાણપણું છે. તે અચેતન છે. ભગવાન તો ચેતન સ્વરૂપ છે. સમજાય છે કાંઈ?

દેહમાં રહેતો હોવા છતાં પણ આવું પૃથકપણું રાખે છે. શરીર ને આત્મા અંદર જાણે એક મેક થઈ ગયા હોય ને એમ... આ આંગળી જડ છે અને ચૈતન્ય તો અંદર અરૂપી ભિન્ન છે. બન્નેનો સ્વભાવ જ ભિન્ન છે. આંગળી તે આત્મા નહીં અને આત્મા તે આંગળી નહીં. બરાબર છે? પણ આત્મા એકલો આંગળી વિના કામ કરી શકે છે?

મુમુક્ષુ :- આત્મા આત્માનું કામ કરે અને આંગળી આંગળીનું કામ કરે.

ઉત્તર :- આત્મા આત્માનું કામ કરે જાણવા-દેખવાનું. શરીર શરીરનું કામ કરે જડનું. જડનું કામ આત્મા કરે? આંગળી ચાલે તે આત્માનું કામ છે જ નહીં. સમજાય છે કાંઈ? આગળ આવશે. **तेण ण स होदि** શું કહેવાય કાર્ય કારણ નહીં સિધ્ધમાં? સિધ્ધમાં લેશે ને? **ळ वि अप्पणो जम्हा.** છત્રીસમાં આવશે. સિધ્ધની વ્યાખ્યા કરશે. એવો જ આત્મા છે. આવો આત્મા છે. આહાહા!

આત્મા જડનું કારણ પણ નહીં અને જડનું કાર્ય પણ નહીં. શરીરનો કર્તા નથી અને શરીરથી આત્મા

થતો નથી. ભારે વાત! **'વળી કોઈ એક શરીરમાં, પાણીમાં દૂધની માફક એકપણે રહ્યો હોવા છતાં પણ ભિન્ન સ્વભાવને લીધે...'** ભગવાનઆત્મા તો જાણન-દેખન સ્વભાવ છે. ત્રણકાળ, ત્રણલોક, દ્રવ્ય-ગુણ-પર્યાય બધાને જાણવા-દેખવાનો ભંડાર ભગવાન છે. આહાહા! પોતાના સ્વભાવથી ભિન્ન બધાનો ચૈતન્ય સ્વભાવ, આ ચૈતન્ય સ્વભાવ નહીં તો ઓલો અપેક્ષાએ બીજો સ્વભાવ ભિન્ન છે. શરીરનો ભિન્ન છે, રાગનો પણ ભિન્ન છે. તે પૃથકપણું બતાવ્યું. પહેલાં અસ્તિત્વ બતાવ્યું, એક શરીરમાંથી બીજા શરીરમાં જવાના સમયે પણ પૃથકપણે રહે છે. એ બે બતાવ્યા. ત્રીજો બોલ.

દેહાંતરમાં ગમનના કારણ, **'અનાદિ બંધનરૂપ ઉપાધિથી વિવર્તન (પરિવર્તન) પામતા...'** શું કહે છે? ભગવાનઆત્મા અનાદિ બંધનરૂપ ઉપાધિ, ભાવબંધનની ઉપાધિ રાગ-દ્વેષ, પુણ્ય-પાપના અધ્યવસાયથી બંધાયેલો છે. પરિવર્તન પામતા ભિન્ન ભિન્ન અવસ્થા થાય છે. **'વિવિધ અધ્યવસાયોથી વિશિષ્ટ હોવાને લીધે...'** લ્યો! ભિન્ન ભિન્ન રાગમાં એકત્વ, પુણ્યમાં એકત્વ, શરીરમાં એકત્વ, પરમાં એકત્વ એવા ભિન્ન ભિન્ન અધ્યવસાયથી ખાસ વિશિષ્ટ હોવાને લીધે. સમજાય છે કાંઈ?

એ અધ્યવસાયને લીધે, ગમનનું કારણ બતાવે છે, ભાઈ! ચાર ગતિમાં એક શરીરમાંથી બીજા શરીરમાં ગમન કેમ કરે છે? કે બીજા પદાર્થમાં પોતાનું એકત્વ માને છે તે કારણે. જેને પોતાનું માન્યું તેને તે છોડતો નથી. છોડશે નહીં. તે શરીરમાં અવતાર લેશે. આહાહા! સમજાય છે કાંઈ? શરીરની સ્થિતિ પૂરી થતાં શરીર છૂટી જાય છે. પણ ... છોડવાનો ભાવ નથી. છોડવાનો ભાવ નથી તે એકત્વબુદ્ધિ છે. તો કહે છે કે એક શરીરમાંથી બીજા શરીરમાં જાવું તેનું કારણ **'અધ્યવસાયોથી વિશિષ્ટ...'** ખાસ પરની અને આત્માની એકત્વબુદ્ધિનો ભાવ તે જ ગમન થવાનું કારણ છે. જુઓ! અહીં તો એ અધ્યવસાય લીધું છે. ભાઈ! આહાહા! દેહની ક્રિયા હું કરું છું, પરની હું દયા પાળું છું, પરને હું સુખી-દુઃખી કરું છું, પરથી હું સુખી દુઃખી થાવ છું. આવા શરીરમાં રોગ થાય તેનાથી હું દુઃખી છું, નીરોગ હોય તો સુખી છું, તે બેયના એકત્વનો અધ્યવસાય તે જ ગમનનું કારણ છે, રખડવાનું. આહાહા! સમજાય છે કાંઈ?

મૂળ પાઠમાં **અધ્યવસાનવિશિષ્ટ** મૂળ છે. પહેલી વાત એ લઈ પછી કર્મ. અધ્યવસાય એકત્વબુદ્ધિ જેટલી છે તે એકત્વબુદ્ધિને કારણે બીજા શરીરમાં ગમન કરે છે. કર્મ નિમિત્ત છે તે પછી લેશે. પહેલાં આ લીધું. સમજાય છે કાંઈ? ઉપાદાન પોતાનું છે ને પર્યાય. શું કહે છે જુઓ! **'અનાદિ બંધનરૂપ ઉપાધિથી વિવર્તન (પરિવર્તન) પામતા વિવિધ અધ્યવસાયોથી વિશિષ્ટ હોવાને લીધે ભિન્ન્ન ભિન્ન્ન એકતાબુદ્ધિ છે.'.....** રાગની સાથે એકતા, પુણ્યની સાથે એકતા, શરીરની સાથે એકતા, પતિથી એકતા, મકાન સાથે એકતા, ગામ સાથે એકતા. આ ગામ મારું. કયુ ગામ? તો કહે અમારું ગામ લીંબડી. કયુ ગામ? તો કહે અમારું ગામ રાજકોટ. રાજકોટ લીંબડી તો ભિન્ન છે. તારું ગામ કયાંથી થયું? અમારું ગામ આ છે. અમારું ગામ ખેરાગઢ છે. અહીં તો ના પાડે છે. એય! ખેરાગઢ-બઢ

કોઈનું છે નહીં એ જડનું ઘર છે. તેમાં અધ્યવસાય વિશિષ્ટ અધ્યવસાય, ખાસ એમ. ખાસ જુદા જુદા અધ્યવસાયને કારણે. આહાહા!

એ સ્વભાવની એકતા તે મોક્ષનું કારણ છે. અને પરદ્રવ્યની એકતા તે ચારગતિના ગમનનું કારણ છે. તે વાત સિધ્ધ કરે છે. આહાહા! ભગવાનઆત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ શાશ્વત જ્ઞાન ને આનંદનો ભંડાર તેને પરની સાથે એકત્વબુધ્ધિ, ખાસ એકત્વબુધ્ધિ તે જ સંસારમાં ગમન કરવાનું કારણ છે. બરાબર છે? દુકાન ઉપર બેઠા હોય તો વ્યવસ્થિત કામ થાય છે. તે મારાથી થયું તે પરની સાથે એકત્વબુધ્ધિ તે સંસારમાં રખડવાનું કારણ છે. એમ કહે છે. કનુભાઈ! કહો રમણીકભાઈ!

મુમુક્ષુ :- દુકાને બેસવું નહીં?

ઉત્તર :- બેસે કોણ? ભાવ કરે છે રાગ આદિ, તે રાગમાં બેઠો છે. પરમાં તો ક્યાં બેઠો છે?

કહે છે તે ખાસ અધ્યવસાય વિશિષ્ટ હોવાને લીધે, વિવિધ અધ્યવસાય એમ. એક પ્રકારનો અધ્યવસાય નથી. જ્યાં ત્યાં, આ શરીરને હું ચલાવું છું, આંગળીથી મેં પર જીવને બચાવ્યો, વાણીથી મેં બીજાને ઉપદેશ દીધો. એવી વિવિધ પરદ્રવ્યની એકતાબુધ્ધિ સાથે તે સંસારમાં રખડવાનું કારણ છે. પહેલો બોલ સિધ્ધ કર્યો. જુઓ! શ્રીમદ્માં આવે છે, આત્મસિધ્ધિમાં. નિશ્ચયથી તો અધ્યવસાય ગતિ છે એમ આવે છે. અધ્યવસાય ગતિ છે. એક ઠેકાણે છે. સમજાણું કાંઈ?

મનુષ્યની ગતિનો અધ્યવસાય તે મનુષ્યગતિનું કારણ છે. એવું આવે છે. ઓલું આવે છે ને ત્યાં ભિન્ન ભિન્ન પ્રાણમાં રખડયો. શું કહે છે એ? ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાર, તે તે ભોગ્ય વિશેષના, સ્થાનક દ્રવ્ય સ્વભાવ, ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાર. તેમાં છે. તેના અર્થમાં છે. શું? કે તે તે ભોગ્ય વિશેષના, જેવો અભિપ્રાય, અધ્યવસાય કર્યો એવા ભોગ્ય સ્થાન પણ અધ્યવસાય યોગ્ય છે ત્યાં જાય છે. સમજાય છે કાંઈ?

અહીં તો અધ્યવસાય લીધો. જુ ઓ! એકત્વબુધ્ધિ લીધું. ... થોડો રાગ-દ્વેષ છે તે જ્ઞાનમાં જાય છે, જ્ઞેયમાં જાય છે. કહે છે **'અનાદિ બંધનરૂપ...'** ભાવબંધન હો! **'ઉપાધિથી વિવર્તન...'** બધા ભાવ ઉપાધિ છે ને? **'પરિવર્તન પામતા...'** ભિન્ન ભિન્ન **'વિવિધ અધ્યવસાયોથી વિશિષ્ટ...'** ખાસ હોવાને લીધે. અનેક પ્રકારના અધ્યવસાયવાળા હોવાને લીધે તે ગમન કરે છે. એમ કહે છે. કારણ **'ભમતા આત્માને...'** લ્યો! આહાહા! અને **'એવા કર્મસમૂહથી મલિન...'** લ્યો! **'અધ્યવસાયો જેમનું નિમિત્ત છે...'** હવે લીધું. એકત્વબુધ્ધિ જેનું નિમિત્ત છે. એવા કર્મસમૂહથી મલિન. પાઠમાં છે ને? **'મલિનો અધ્યવસાન વિશિષ્ટઃ મલિનો રજોમલ્લૈઃ એવા કર્મસમૂહથી મલિન હોવાને લીધે ભમતા આત્માને તથાવિધ અધ્યવસાયો અને કર્મોથી રચાતા...'** જુઓ! એકત્વબુધ્ધિના અધ્યવસાયથી શરીર રચાણું છે અને કર્મથી રચાણું છે. બેયથી. એમ કીધું. શું કીધું? સમજાય છે કાંઈ?

**'તથાવિધ અધ્યવસાયો...'** તથા પ્રકારની પર સાથેની એકત્વબુદ્ધિ. આહાહા! શરીરથી સમિતિ પાળું છું, શરીરથી જતના કરું છું. એવી જે એકત્વબુદ્ધિ તે ભ્રમણનું કારણ છે. લ્યો! આહાહા! તથા તે અધ્યવસાયો જેમનું નિમિત્ત છે એવા કર્મસમૂહથી મલિન હોવાને લીધે ભ્રમણ કરતા આત્માને, જુઓ! બે વાત કરી. ભગવાનઆત્મા પોતાના જ્ઞાન, જાણન-દેખન સ્વભાવની દૃષ્ટિ છોડીને રાગાદિ પર સાથે એકત્વબુદ્ધિ કરે છે તે અધ્યવસાય જ પરિભ્રમણનું કારણ છે. ભિન્ન ભિન્ન ભોગસ્થાનમાં ઉત્પન્ન થવાનું કારણ તે અધ્યવસાય છે. સમજાય છે કાંઈ?

પોતાથી ઉત્પન્ન થાય છે એમ સિદ્ધ કરવું છે. કર્મ તો નિમિત્ત છે. પોતાના અધ્યવસાયની યોગ્યતા છે તે પ્રમાણે ભોગસ્થાનમાં જાય છે. સમજાય છે કાંઈ? **'તથાવિધ અધ્યવસાયોથી રચાતા અને...'** તથાવિધ **'કર્મોથી રચાતા...'** બેય લેવું. અનાદિથી આત્માને તે પ્રકારનો **'અધ્યવસાય અને કર્મોથી રચાતા (તે પ્રકારના મિથ્યાત્વરાગાદિરૂપ ભાવકર્મો અને દ્રવ્યકર્મોથી રચાતા)...'** બેય આવ્યા. લ્યો! ભાવકર્મ નામ પુણ્ય-પાપના મિથ્યાત્વનો ભાવ તેનાથી શરીરની રચના થઈ. અને કર્મના નિમિત્તને કારણે રચના થઈ બે કારણો બતાવ્યા. આહાહા! બહુ સરસ વાત છે. લ્યો! **અન્ય શરીરમાં પ્રવેશ થાય છે.** કહો, સમજાણું કાંઈ?

એક આત્માને બીજા શરીરમાં કોઈ ઈશ્વર લઈ જાતો નથી. કોઈ પરમાધામી પણ લઈ જાતા નથી.

મુમુક્ષુ :- જમડા લઈ જાય.

ઉત્તર :- જમડા લઈ જાતા નથી એમ કહે છે. એય! જમ હોય છે ને જમ, એ દૂત આવે છે અને લઈ જાય છે. પાડા ઉપર બેસે ને યમ? પછી તે શંકરના લિંગને પકડે છે. મારે નથી જાવું. ચાલ. દોરડી નાખે છે ને! ફોટામાં આવે છે. આવી બધી વાત જૂઠી છે. સમજાય છે કાંઈ? કોઈ કહે કે ભાઈ, ઈશ્વર આવી ને લઈ જાય છે. બધું જૂઠ છે. ઈશ્વર ક્યાં છે? ઈશ્વર તો પરમાત્મા પૂર્ણ આનંદ છે. એ કોને લઈ જાય? સમજાય છે કાંઈ?

આ શું કહેવાય કબર, કબર છે ને એમાંથી જાણે એનો અંત આવશે. શું કહેવાય છેલ્લું? ત્યારે એને ખુદા સ્વર્ગમાં લઈ જાશે અને કોઈને નર્કમાં લઈ જાશે. જાવાનું હશે. બધી જૂઠી વાત છે એમ કહે છે. તારો અધ્યવસાય એકત્વબુદ્ધિ પરની સાથે છે તે તારા ગમન કરવાનું કારણ છે. ઉપાદાન પોતાનું છે. સમજાય છે કાંઈ? અને જડકર્મ નિમિત્ત છે. અધ્યવસાયનું નિમિત્ત પામીને કર્મ તો પોતાની પર્યાયથી થયા. તે કર્મોથી રચાતા, **'અધ્યવસાયોથી અને કર્મોથી રચાતા બેય. આહાહા! અન્ય શરીરમાં પ્રવેશ પામે છે. આ રીતે તેને દેહાંતરમાં ગમન થવાનું કારણ કહેવામાં આવ્યું...'** આહાહા! ત્રણ બોલ કહ્યા ત્રણ. પોતાનું અસ્તિત્વ શુદ્ધચૈતન્યઘન એ અસ્તિત્વ જ્યાં જાય ત્યાં પોતાનો સ્વભાવ રાખે છે. અને જ્યાં જાય ત્યાં પૃથક રહે છે. પોતાનું અસ્તિત્વ રાખે છે અને જ્યાં જાય ત્યાં પૃથક રહે

છે. તો ઉપજયો કેમ? કે પોતાની એકત્વબુધ્ધિ જે પ્રકારની હતી તે પ્રકારનું શરીર મળ્યું. અને કર્મ જે પ્રકારે બંધાણા તે પ્રકારે શરીર નિમિત્તથી બન્યું એમ કહ્યું. સ્વર્ગમાં પણ પોતાના અધ્યવસાયની યોગ્યતાથી જાય છે. એમ કહે છે. સમજાય છે કાંઇ?

જ્ઞાનીને અધ્યવસાય છે જ નહીં તો તે સ્વર્ગમાં જાતા પણ નથી. એમ કહે છે. સમજાય છે કાંઇ? સમ્યગ્દષ્ટિને સ્વર્ગમાં જાવાનું હોતું નથી. કેમકે એકત્વબુધ્ધિ નથી તો સ્વર્ગ-બર્ગ તો છે નહીં. ત્યાં જાય તો પણ જ્ઞાનમાં જ્ઞેય છે. આહાહા! એમ કહે છે. સમજાય છે કાંઇ? આત્માનું જ્ઞાન થયું, ભાન થયું તો થોડો રાગ રહ્યો, તે પણ જ્ઞાનનું જ્ઞેય છે અને રાગથી કર્મ બંધાણા અને તેનાથી શરીર મળ્યું તે પણ જ્ઞાનનું જ્ઞેય છે. પોતાનું છે નહીં. જેને પોતાનું માન્યું તે બુધ્ધિ જ સ્વર્ગમાં અને નર્કમાં જાવાની લાયકાત છે. આહાહા! સમજાય છે કાંઇ? ચોત્રીસ ગાથા થઇ. હવે સિધ્ધની વાત કરે છે. તે સંસાર દશાની કરી ને? સંસાર દશાની વાત કરી. હવે સિધ્ધની વાત કરે છે.

## ગાથા - ૩૫

**जेसिं जीवसहावो णत्थि अभावो य सव्वहा तस्स ।**
**ते होंति भिण्णदेहा सिद्धा वचिगोयरमदीदा ।।३५।।**

येषां जीवस्वभावो नास्त्यभावश्च सर्वथा तस्य ।
ते भवन्ति भिन्नदेहा: सिद्धा वाग्गोचरमतीता:।।३५।।

सिद्धानां जीवत्वदेहमात्रत्वव्यवस्थेयम् ।

सिद्धानां हि द्रव्यप्राणधारणात्मको मुख्यत्वेन जीवस्वभावो नास्ति । न च जीवस्वभावस्य सर्वथाभावोऽस्ति भावप्राणधारणात्मकस्य जीवस्वभावस्य मुख्यत्वेन सद्भावात् । न च तेषां शरीरेण सह नीरक्षीरयोरिवैक्येन वृत्ति:, यतस्ते तत्सम्पर्कहेतुभूतकषाययोगविप्रयोगादतीतानन्त-रशरीरमात्रावगाहपरिणतत्वेऽप्यत्यन्तभिन्नदेहा: । वाचां गोचरमतीतश्च तन्महिमा, यतस्ते लौकिकप्राणधारणमन्तरेण शरीरसम्बन्धमन्तरेण च परिप्राप्तनिरूपाधिस्वरूपा: सततं प्रतपन्तीति ।।३५।।

**જીવત્વ નહિ ને સર્વથા તદભાવ પણ નહિ જેમને,**
**તે સિદ્ધ છે - જે દેહવિરહિત વચનવિષયાતીત છે. ૩૫.**

**અન્વયાર્થ :-** (येषां) **જેમને** (जीवस्वभाव:) **જીવસ્વભાવ (-પ્રાણધારણરૂપ જીવત્વ)** (न अस्ति) **નથી અને** (सर्वथा) **સર્વથા** (तस्य अभाव: च) **તેનો અભાવ પણ નથી.** (ते) **તે** (भिन्नदेहा:) **દેહરહિત** (वाग्गोचरम् अतीता:) **વચનગોચરાતીત** (सिद्धा: भवन्ति) **સિદ્ધો (સિદ્ધભગવંતો) છે.**

**ટીકા :** આ, સિદ્ધોનાં (સિદ્ધભગવંતોનાં) જીવત્વ અને દેહપ્રમાણત્વની વ્યવસ્થા છે.

સિદ્ધોને ખરેખર દ્રવ્યપ્રાણના ધારણસ્વરૂપ જીવસ્વભાવ મુખ્યપણે નથી; (તેમને) જીવસ્વભાવનો સર્વથા અભાવ પણ નથી, કારણ કે ભાવપ્રાણના ધારણસ્વરૂપ જીવસ્વભાવનો મુખ્યપણે સદ્‌ભાવ છે. વળી તેમને શરીરની સાથે, નીરક્ષીરની માફક, એકપણે [1]વૃત્તિ નથી; કારણ કે શરીરસંયોગના હેતુભૂત કષાય અને યોગનો વિયોગ થયો હોવાથી તેઓ [2]અતીત અનંતર શરીરપ્રમાણ અવગાહે પરિણત હોવા છતાં અત્યંત દેહરહિત છે. વળી [3]વચનગોચરાતીત તેમનો મહિમા છે; કારણ કે લૌકિક પ્રાણના ધારણ વિના અને શરીરના સંબંધ વિના, સંપૂર્ણપણે પ્રાપ્ત કરેલા નિરુપાધિ સ્વરૂપ વડે તેઓ સતત પ્રતપે છે (-પ્રતાપ-વંત વર્તે છે). ૩૫.

## ગાથા ૩૫ ઉપર પ્રવચન

जेसिं जीवसहावो णत्थि अभावो य सव्वहा तस्स ।
ते होंति भिण्णदेहा सिद्धा वचिगोयरमदीदा ।।३५।।

---

૧. વૃત્તિ = વર્તવું તે; હયાતી.

૨. અતીત અનંતર = ભૂત કાળનું સૌથી છેલ્લું; ચરમ (સિદ્ધભગવંતોની અવગાહના ચરમશરીરપ્રમાણ હોવાને લીધે તે છેલ્લા દેહની અપેક્ષા લઈને તેમને 'દેહપ્રમાણપણું' કહી શકાતું હોવા છતાં, ખરેખર તેઓ અત્યંત દેહરહિત છે.)

૩. વચનગોચરાતીત = વચનગોચરપણાને અતિક્રમી ગયેલ; વચનવિષયાતીત; વચન-અગોચર.

**જીવત્વ નહિ ને સર્વથા તદ્દભાવ પણ નહિ જેમને,**
**તે સિધ્ધ છે-જે દેહવિરહિત વચનવિષયાતીત છે. ૩૫**

**ટીકા :- 'આ, સિધ્ધોનાં (સિધ્ધભગવંતોના) જીવત્વ અને દેહપ્રમાણત્વની વ્યવસ્થા છે...'** સિધ્ધમાં પણ આત્મા પોતાનું અસ્તિત્વ ભિન્ન રાખે છે. ત્યાં દેહ છે નહીં. સમજાય છે કાંઈ? અહીંયા દેહમાં જાય છે તો અસ્તિત્વ ભિન્ન રાખે છે અને સિધ્ધમાં દેહ છે નહીં. અશરીરી ભગવાન ણમો સિધ્ધાણં, એકલો આત્મા શુધ્ધચૈતન્યમૂર્તિ છે તેને સિધ્ધ કહે છે. એકલા શુધ્ધઆત્માની નિર્મળ પર્યાય પૂર્ણ થઈ ગઈ તે સિધ્ધ. તે જીવત્વ અને દેહપ્રમાણત્વની વ્યવસ્થા.

**'સિધ્ધોને ખરેખર દ્રવ્યપ્રાણના ધારણરૂપ જીવસ્વભાવ મુખ્યપણે નથી...'** દેખો! સમજાય છે? સિધ્ધમાં ખરેખર દ્રવ્યપ્રાણના ધારણસ્વરૂપ જીવસ્વભાવ તો ત્યાં છે નહીં. ધારણસ્વરૂપ જીવસ્વભાવ મુખ્યરૂપથી નથી. શરીર પ્રમાણે છે ને એ તો, તેમને જીવસ્વભાવનો સર્વથા અભાવ પણ નથી. સિધ્ધને દ્રવ્યપ્રાણના ધારણરૂપ જીવસ્વભાવ મુખ્યપણે નથી. ભાવપ્રાણ છે. શું કહે છે? સિધ્ધમાં પાંચ ઈન્દ્રિય, ત્રણ આયુષ્ય, શ્વાસ બળ આદિ છે નહીં. તો છે શું? ભાવપ્રાણ છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય અને અનંતસત્તા. એવા ભાવપ્રાણ સિધ્ધમાં પોતાથી છે. એ પરવસ્તુનો સંબંધ સિધ્ધમાં છે નહીં. સંસારદશામાં હતો તે સિધ્ધમાં રહેતો નથી. વિશેષ કહેશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## ગાથા - ૩૬

**ण कुदोचि वि उप्पण्णो जम्हा कज्जं ण तेण सो सिद्धो ।**
**उप्पादेदि ण किंचि वि कारणमवि तेण ण स होदि ।।३६।।**

न कुतश्चिदप्युत्पन्नो यस्मात् कार्यं न तेन सः सिद्धः ।
उत्पादयति न किञ्चिदपि कारणमपि तेन न स भवति ।।३६।।

सिद्धस्य कार्यकारणभावनिरासोऽयम् ।

यथा संसारी जीवो भावकर्मरूपयात्मपरिणामसन्तत्या द्रव्यकर्मरूपया च पुद्गलपरिणामसन्तत्या कारणभूतया तेन तेन देवमनुष्यतिर्यग्नारकरूपेण कार्यभूत उत्पद्यते, न तथा सिद्ध-

रूपेणापीति । सिद्धो ह्युभयकर्मक्षये स्वयमुत्पद्यमानो नान्यत: कुतश्चिदुत्पद्यत इति । यथैव च स एव संसारी भावकर्मरूपामात्मपरिणामसन्ततिं द्रव्यकर्मरूपां च पुद्गलपरिणामसन्ततिं कार्यभूतां कारणभूतत्वेन निर्वर्तयन् तानि तानि देवमनुष्यतिर्यग्नारकरूपाणि कार्याण्युत्पादयत्यात्मनो, न तथा सिद्धरूपमपीति । सिद्धो ह्युभयकर्मक्षये स्वयमात्मानमुत्पादय-न्नान्यत्किञ्चिदुत्पादयति ।।३६।।

---

**ઊપજે નહીં કો કારણે તે સિદ્ધ તેથી ન કાર્ય છે,**
**ઉપજાવતા નથી કાંઈ પણ તેથી ન કારણ પણ ઠરે. ૩૬.**

**અન્વયાર્થ :-** (यस्मात् स: सिद्ध:) તે સિદ્ધ (कुतश्चित् अपि) કોઈ (અન્ય) કારણથી (न उत्पन्न:) ઊપજતા નથી (तेन) તેથી (कार्यं न) કાર્ય નથી, અને (किञ्चित् अपि) કાંઈ પણ (અન્ય કાર્યને) (न उत्पादयति) ઊપજાવતા નથી (तेन) તેથી (स:) તે (कारणम् अपि) કારણ પણ (न भवति) નથી.

ટીકા : આ, સિદ્ધને કાર્યકારણભાવ હોવાનો નિરાસ છે (અર્થાત્ સિદ્ધ ભગવાનને કાર્યપણું અને કારણપણું હોવાનું નિરાકરણ-ખંડન છે).

જેમ સંસારી જીવ કારણભૂત એવી ભાવકર્મરૂપ *આત્મપરિણામસંતતિ અને દ્રવ્યકર્મરૂપ પુદ્‌ગલપરિણામસંતતિ વડે તે દેવ-મનુષ્ય-તિર્યંચ-નારકના રૂપે કાર્યભૂતપણે ઊપજે છે, તેમ સિદ્ધરૂપે પણ ઉપજે છે તેમ નથી; અને સિદ્ધ (-સિદ્ધભગવાન) ખરેખર, બંને કર્મનો ક્ષય હોતાં, સ્વયં (સિદ્ધપણે) ઊપજતા થકા અન્ય કોઈ કારણથી (-ભાવકર્મથી કે દ્રવ્યકર્મથી) ઊપજતા નથી.

વળી જેમ તે જ સંસારી (જીવ) કારણભૂત થઈને કાર્યભૂત એવી ભાવકર્મરૂપ આત્મપરિણામસંતતિ અને દ્રવ્યકર્મરૂપ પુદ્‌ગલપરિણામસંતતિ રચતો થકો કાર્યભૂત એવાં તે તે દેવ-મનુષ્ય-તિર્યંચ-નારકનાં રૂપો પોતાને વિષે ઉપજાવે છે, તેમ સિદ્ધનું રૂપ પણ (પોતાને વિષે) ઉપજાવે છે એમ નથી; (અને) સિદ્ધ ખરેખર, બન્ને કર્મનો ક્ષય હોતાં, સ્વંય પોતાને (સિદ્ધપણે) ઉપજાવતા થકા અન્ય કાંઈ પણ (ભાવદ્રવ્યકર્મસ્વરૂપ કે દેવાદિસ્વરૂપ કાર્ય) ઉપજાવતા નથી. ૩૬.

---

* આત્મપરિણામસંતતિ = આત્માના પરિણામોની પરંપરા.

**પ્રવચન નં :-૩૬ ગાથા - ૩૬**
**માગશર વદ-૧૦ શનિવાર તા. ૩/૧/૭૦**

આ પંચાસ્તિકાય ૩૬મી ગાથા. આ અધિકાર શું ચાલે છે? આ જીવ છે એનું જીવપણું કેવું હોય. સંસારીમાં જીવપણુ કેવું અને સિધ્ધમાં જીવપણું કેવું છે. જીવ બોલ છે ને સત્યાવીસમાં. જીવો જીવનો જીવભાવ સંસારમાં કેવો હોય. રાગ-દ્વેષ ને અજ્ઞાનના પરિણમનપણે થતો જીવનો જીવભાવ, એ રખડવાનો ભાવ છે. સમજાય છે કાંઈ?

અને સિધ્ધભગવાનના પરમાત્મા એ પણ જીવ છે. જીવપણું છે એમાં. એને રાગ-દ્વેષ ને અજ્ઞાનના અભાવરૂપ અને આત્માના આનંદ ને જ્ઞાનના પ્રાણરૂપ તેનું જીવન છે. તેમાં તે આનંદના જીવને જીવે છે. સમજાણું કાંઈ? અજ્ઞાની સંસારી પ્રાણી રાગ-દ્વેષ ને અજ્ઞાનના ભાવથી જીવે છે. દુઃખરૂપ જીવન છે એ. એ વાત કરે છે. હવે છત્રીસમી. નીચે તેનું હરિગીત.

**ण कुदोचि वि उप्पण्णो जम्हा कज्जं ण तेण सो सिद्धो ।**
**उप्पादेदि ण किंचि वि कारणमवि तेण ण स होदि ।।३६।।**

**ઊપજે નહીં કો કારણે તે સિધ્ધ તેથી ન કાર્ય છે,**
**ઉપજાવતા નથી કાંઈ પણ તેથી ન કારણ પણ ઠરે. ૩૬.**

સમયસારમાં આવે છે ને આપણે ત્રણસો દસ ગાથા.

**ટીકા :- 'આ, સિધ્ધને...'** સિધ્ધભગવાન જે 'ણમો સિધ્ધાણં' જે સિધ્ધપદ છે એ કેવું છે? કે એને **'કાર્યકારણભાવ હોવાનો નિરાસ છે...'** એને વિકારના ભાવના કારણનો નિરાસ છે અને વિકારના કાર્યરૂપે ગતિનું ઉપજવું એનો પણ એમાં નિરાસ એટલે છે નહીં. **'(અર્થાત સિધ્ધભગવાનને કાર્યપણું અને કારણપણું હોવાનું નિરાકરણ-ખંડન છે.)...'** જરી શાંતિથી, ધીરેથી સમજવું.

હવે દાખલો આપે છે. જુઓ! **'જેમ સંસારી જીવ...'** અનાદિનો સંસારી આત્મા **'કારણભૂત એવી ભાવકર્મરૂપ...'** પુણ્ય ને પાપ, શુભ ને અશુભભાવ એ ભાવકર્મ છે વિકારીભાવ. સમજાય છે કાંઈ? પુણ્ય ને પાપ, દયા-દાન, વ્રત, ભક્તિના પરિણામ એ શુભ છે અને હિસા, જૂઠું, ચોરી વિષય-વાસના આદિના પરિણામ અશુભ છે. એ બેય ભાવકર્મ છે, વિકારી ભાવ છે એ. વિકારીભાવ **'આત્મપરિણામ સન્તત્યા'** એ આત્માએ બનાવેલાં, કરેલાં પરિણામ છે.

સંસારમાં ભગવાનઆત્મા ચૈતન્ય આનંદ સિધ્ધસ્વરૂપે હોવા છતાં શકિત ને સત્વ તો એવું હોવા છતાં સિધ્ધપદ પોતાનું આનંદ ને જ્ઞાયકને ભૂલી અને મિથ્યાત્વ ને રાગ-દ્વેષના ભાવને કરે છે એ એનું ભાવ કાર્ય છે. સમજાય છે કાંઈ? બીજું કાંઈ કરી શકતો નથી. શરીરનું, વાણીનું, વેપારનું- ધંધાનું, કેમ

કે એ તો પર ચીજ છે. પણ એનામાં **'જીવને કારણભૂત એવી ભાવકર્મરૂપ આત્મપરિણામ-સંતતિ...'** ભાષા જુઓ! **'આત્મપરિણામસંતતિ...'** આત્માના પરિણામોની પરંપરા. ભગવાનઆત્મા સિધ્ધ જેવો જ્ઞાયક સ્વભાવ ચિદાનંદ હોવા છતાં અનાદિથી સંસારમાં પોતાની જાતને ભૂલી અને એ પુણ્ય-પાપના વિકલ્પમાં, રાગમાં હું છું, એ મારું કર્તવ્ય છે એવી આત્માની વિકારી પર્યાયની સંતતિની પરંપરામાં એ રખડે છે. સમજાય છે કાંઈ?

**'સંસારી જીવ કારણભૂત એવી...'** કાર્યભૂત શું કહેશે? કે ચાર ગતિ ઊપજે એ કાર્ય છે. અને દેવપણું ઊપજે, મનુષ્યપણું થાવ, ઢોરપણું થાવ, નિગોદમાં જાવ, પશુ કે... પશુ થાવ કે નારકી થાવ. પણ એના કારણરૂપ જે ભાવ છે એ તો મિથ્યાત્વ અને પુણ્ય-પાપના વિકારી પરિણામ તે કારણરૂપ છે. સમજાય છે કાંઈ?

ભગવાન જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ પૂર્ણ આનંદ અને શાંત વિકાર રહિત એવું સ્વરૂપ હોવા છતાં અજ્ઞાનથી એને અનાદિથી પુણ્ય ને પાપના શુભ ને અશુભ વિકલ્પો, વૃત્તિઓ જે ઊઠે છે, એ મારી છે અને એ હું છું, એવા ભાવકર્મ એટલે મિથ્યાત્વ અને રાગ-દ્વેષના આત્મપરિણામરૂપી સંતતિ નામ પરંપરાને સેવતો ચાર ગતિમાં ઊપજે છે. સમજાય છે કાંઈ?

અશુભભાવ હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના એવા આત્માના પરિણામની સંતતિને પોતે સેવે તો એ પશુ અને નરક યોનિમાં ઊપજે. સમજાય છે કાંઈ? અને એનામાં દયા, દાન આદિ ભાવ શું કહ્યું? જેમ દૃષ્ટાંત આપે છે કે સંસારી છે એવા સિધ્ધ નથી એમ સિધ્ધ કરવું છે. જીવનું જીવપણું સિધ્ધ કરે છે. ઓલા બોલ છે ને ભાઈ! સત્યાવીસમી ગાથામાં. **'जीवो ति हवदि चेदा उवओगविसेसिदो पहू कत्ता'** એ એક એક બોલનો વિસ્તાર કરે છે. આહાહા! ભગવાનઆત્મા! પુસ્તક આપજો. એય! જીવપણું જે આત્માનું છે ખરેખર એ તો જ્ઞાન, આનંદ ને શાંતિના ભાવસ્વરૂપે જીવનું જીવપણું છે. સમજાણું કાંઈ?

આત્મા એનું જાણવું જ્ઞાન, આનંદ, શાંતિ એટલે વીતરાગભાવ એ એનો ભાવ અને એ જીવનું ખરેખર જીવપણું છે. જીવનું જીવપણું એ છે. પણ એની અનાદિથી ખબર નહીં હોવાથી જીવના જીવપણાના ભાવસ્વભાવને ભૂલી અને પુણ્ય ને પાપ, શુભ ને અશુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, હિંસા, જૂઠું, ચોરી, વિષય-વાસના બેય પુણ્ય ને પાપરૂપી વિકારભાવ એને એ પોતાના પરિણામ જાણી ને સેવતો કરતો ચાર ગતિમાં રખડે છે. કહો, સવારથી તો જરી સહેલું છે ને? સવારનું તો જરી ઝીણું હતું. કહો, સમજાય છે કાંઈ? છે ને ભાષા. જુઓ! **'જેમ સંસારી જીવ કારણભૂત એવી ભાવકર્મરૂપ આત્મપરિણામસંતતિ...'** ભગવાનઆત્મા સત્‌સ્વરૂપ શુધ્ધ આનંદકંદ સચ્ચિદાનંદ સિધ્ધસ્વરૂપી આત્મા છે. એવા સ્વભાવને ભૂલી અનાદિથી ભાવકર્મરૂપ આત્મપરિણામસંતતિ. અનાદિથી એ શુભ ને અશુભભાવ

અને એ મારા એવા મિથ્યાત્વભાવને સેવતો ચાર ગતિમાં ઊપજે છે. પુણ્ય-પાપના અશુભભાવ સેવે તો નરક અને પશુમાં જાય છે. આ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા આદિનો ભાવ કરે તે મરીને સ્વર્ગમાં જાય છે. પણ છે તો એ ચાર ગતિમાં રખડવાના ભાવ. કહો, સમજાય છે કાંઈ?

સંસારી જીવ કારણભૂત એવી ભાવકર્મરૂપ આત્મપરિણામસંતતિ, સંતતિ એટલે પરંપરા. પરંપરા એ સેવી છે એણે. શુભ ને અશુભ, શુભ ને અશુભ, પુણ્ય ને પાપ એવા ભાવની પરંપરા અનાદિથી સેવતો અને **'દ્રવ્યકર્મરૂપ પુદ્ગલપરિણામ સંતતિ વડે...'** જ્યાં આવા પરિણામ થયા એટલે કર્મ બંધાણા જડ, જડ. એ જડ દ્રવ્યકર્મ કહેવાય. જડ માટી અજીવ એ પુદ્ગલ પરિણામ સંતતિ કહેવાય. આ વિકારીભાવ એ આત્મપરિણામની સંતતિ પરંપરા એની સાથે કર્મ બંધાય એ **'પુદ્ગલકર્મના પરિણામની સંતતિ પરંપરા એ વડે તે તે દેવ-મનુષ્ય-તિર્યંચ-નારકના રૂપે કાર્યભૂતપણે ઊપજે છે...'** લ્યો! સમજાય છે કાંઈ?

તે તે દેવપણે જો શુભભાવ હોય દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો, વ્રતનો ને તપનો આ બધા કરે છે ને વિકલ્પો આ એનાથી પુણ્ય બંધાય તો સ્વર્ગમાં દેવમાં જાય પણ એ દેવમાંય દુઃખી છે જીવ. નવરંગભાઈ! સમજાય છે કાંઈ? દેવપણે ઊપજે. આ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ, વૈમાનિક દેવ છે. એ ઊપજે. પણ છે એ શુભભાવ, પુણ્યની પરંપરાના ભાવમાં ફળરૂપે તેને દેવપણું ઊપજે છે. એને આત્મધર્મ થતો નથી. સમજાણું કાંઈ? ધર્મને લઈને ગતિમાં ઉપજવું હોય શકે નહીં. ગતિમાં ઊપજે છે તે અધર્મભાવે ઊપજે છે. આહાહા! અધર્મભાવ કહો કે શુભ ને અશુભભાવ કહો. બેય એક જ વાત છે. હીરાલાલજી! ભારે કામ ભાઈ!

આ શરીર છે અહીંની તો વાત જ નથી આ તો જડ છે. એના ભાવમાં એણે શું કર્યું ને શું ફળ મળ્યું એની વાત ચાલે છે. આહાહા! કહે છે એ ભાવકર્મરૂપી, ભાવકર્મ સમજાણું? વિકારી પરિણામ. દયા, દાન, વ્રત, પૂજા, કામ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, વિષય-વાસના એવા શુભાશુભભાવ પરિણામની સંતતિ એક પછી એક, એક પછી એક એ જ કર્યા કરે છે. જેમ દોરો હોય છે ને શું કહેવાય આ કાંતણી - કાંતણી શું ભૂલી ગયા તમારા નામેય તે. રેંટિયાનો ચરખો. આ ત્રાગનો દોરો કાંતે છે ને એક પછી એક દોરો. પૂણી, પૂણી. પૂણી એક પછી એક સંધાય છે ને? એમ અહીં કહે છે કે અજ્ઞાની અનાદિથી સંતતિ. પુણ્ય ને પાપની પૂણીને ખેંચ્યા જ કરે છે. કર્યા જ કરે છે. સમજાણું કાંઈ? એથી એનો દોરો વણાયા જ કરે છે ચાર ગતિમાં રખડવાનો. આહાહા! કહો, બરાબર છે. પૂનમચંદજી!

આ શેઠીયા-બેઠીયા થાવું તો ઠીક છે કે નહીં? ધૂળમાંય શેઠીયા ઠીક ક્યાંથી લાવ્યા? એ તો દુઃખી છે. અહીં તો કહે છે દુઃખ છે. મનુષ્યપણું પેલું દેવપણું એય દુઃખ છે. શુભ-અશુભભાવના પરિણામમાં કારણપણે સેવતો એના કાર્યપણે, દેવપણે ઊપજે છે. એ કારણ પણ દુઃખ છે અને એના ફળ તરીકે

દેવપણે ઉપજવું એ દુઃખ છે.

ભગવાનઆત્માનો આનંદસ્વભાવ ભૂલી અને એ ભાવને કરે એ દુઃખી છે અને દુઃખના ફળ તરીકે દેવ ને મનુષ્યમાં ઊપજે છે. કહો, હીરાલાલજી! આ શેઠીયા-બેઠીયા દુઃખી છે એમ કહે છે અહીં તો. કરોડોપતિ ને આ બધા ધૂળપતી એમ કહે છે ને, ...

મુમુક્ષુ :- શેઠીયા બધા રાહ જુએ છે પચાસ હજાર રૂપિયાની કેટલી મર્યાદા બાંધે છે.

ઉત્તર :- કેટલા રાખવા દેશે એમ. રાખવા દયે ન દયે એની સાથે સંબંધ શું છે? એ મમતા છે ને? અને મમતાના પરિણામ પાપ છે. અને મમતા ઘટાડીને કોઈ દયા, દાન, વ્રત, ભક્તિના, તપના, અપવાસ આદિના ભાવ કરે તો એ પુણ્ય છે. બેય ભાવ સંસારમાં ઉપજવાના કારણ છે. કહો, મનસુખભાઈ! આ મોટાભાઈને બેસસે કે નહીં આ? આ તો સમજાય એવું છે. થોડો પરિચય કરે તો... સવારની બહુ ઝીણી વાત હતી. સવારમાં અગિયારમી ગાથા ચાલે છે. આહાહા!

મુમુક્ષુ :- આ તો બેસી જાય એવી વાત છે.

ઉત્તર :- આ તો એટલી વાત નથી ખ્યાલ કે પ્રભુ આત્મા વસ્તુ છે કે નહીં પદાર્થ. તત્ત્વ છે ને સર્વજ્ઞપરમેશ્વરે જેણે આત્મા જોયો કે આ આત્મા છે, એ આત્મા વસ્તુ છે. તેમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ ભાવ ભરેલાં એ આત્મા. છે? હવે એવો આત્મા જેને અનાદિથી દૃષ્ટિમાં, પ્રતીતમાં, ઓળખાણમાં, આશ્રયમાં લીધો નથી તેથી તેને અજ્ઞાન અને પુણ્ય ને પાપના ભાવ સંતતિ કર્મની ઉત્પન્ન થયા કરે છે.

મુમુક્ષુ :- પુણ્યથી ધર્મ ન થાય.

ઉત્તર :- પુણ્ય પોતે કર્મ દુઃખ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ પોતે દુઃખરૂપ છે, રાગ છે, કષાય છે, આકુળતા છે, આહાહા! સમજાય છે? વ્રત્તી ઊઠે છે. આ કરું, અપવાસ કરું, વ્રત કરું, આ પાળું, આ કરું એ બધો શુભભાવ પણ રાગ છે, દુઃખ છે, આકુળતા છે, ઉપાધિ છે, મલિનતા છે, ઝેરનો અનુભવ છે. આહાહા!

ભગવાનઆત્મા અમૃત સ્વરૂપ છે. અમૃત આનંદમૂર્તિ આત્મા જેવો સિધ્ધને આનંદ છે, જેવા સિધ્ધભગવાનને દશાએ આનંદ છે. એ આનંદ હતો એ સિધ્ધભગવાનને પ્રગટ થયો. એવો જ આનંદ આ આત્મામાં છે. જરીએ ફેર નથી. પણ એ આનંદના સન્મુખને ન જોતાં, આનંદની હયાતિ અંતરમુખમાં ન માનતાં, પુણ્ય ને પાપના શુભ ને અશુભભાવો કરી, દુઃખની દશાને કરી અને દુઃખના ફળરૂપે એ સ્વર્ગ ને નર્કમાં ઊપજે છે. સમજાણું કાંઈ?

તે દેવપણે, મનુષ્યપણે, મનુષ્યપણામાં શેઠીયા આવી ગયા ને પૈસાવાળા હોય કે રાંકા હોય ભિખારી. એ બધા દુઃખના ભાવ કરેલાં તેથી દુઃખના ફળ તરીકે એ દશા એને મળી છે. બિલકુલ બરાબર હશે આ? પૈસાવાળા દુઃખી હશે? પૈસા તો જડ છે, માટી, ધૂળ છે. એ મારા છે એવી માન્યતા દુઃખરૂપ

અને ભ્રમણા છે. સમજાય છે કાંઈ? આહા! અને એ પૈસા ખર્ચવામાં ઉપજાવવામાં પાપ, રાખવામાં પાપ અને ખર્ચવામાંય પાપ. દાન, દયાના કયાંય ખર્ચે તોય તે શુભરાગ છે. અને શુભરાગ છે એ આત્માની શાંતિને લૂંટનાર છે. સમજાય છે કાંઈ? એ ભાવકર્મ છે. અરે એણે જાત વીતરાગ સર્વજ્ઞપરમેશ્વર શું કહે છે આત્મા અને શું કહે છે દુઃખરૂપ પુણ્ય-પાપના ભાવ એનું ફળ શું એવું એણે અનંતકાળથી જાણ્યું નથી. થોથા જગતના બધા જાણી, માણી ને હેરાન હેરાન થઈને રખડે છે. સમજાય છે કાંઈ?

સાધુ નામ ધરાવે તોય દુઃખી અને મિથ્યાદષ્ટિ છે. કારણ કે એના જે પરિણામ દયા, દાન, વ્રતના છે એ શુભરાગ છે એને એ ધર્મ માને છે. અને એ મારું કર્તવ્ય માને છે. તેથી તે મિથ્યાદષ્ટિ ચાર ગતિમાં એ ભાવથી રખડવાનો છે. એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? **'જેમ સંસારી...'** જીવ, સિધ્ધની સાથે મેળવવું છે ને અહીંયા? **'કારણભૂત એવી ભાવકર્મરૂપ આત્મપરિણામસંતતિ...'** ભાષાય કોઈ દિ' ચોપડામાં આવે નહીં. બહારમાં સાંભળવામાં આવે નહીં કે ભાવકર્મરૂપ આત્મપરિણામસંતતિ હવે એટલે શું? આહા!

એમ કહે છે ભગવાન! ભાઈ! તું આનંદ છો ને નાથ. તારું સ્વરૂપ તો શાશ્વત શુધ્ધ આનંદકંદ છે. એને ભૂલીને એની સામું જોયા વિના પર સામું જોઈને અનાદિથી પુણ્ય ને પાપના શુભ-અશુભભાવ એ આત્માની પર્યાયમાં, અવસ્થામાં પરિણામ તરીકે થાય છે અને તે ઈ ને ઈ પરંપરા એણે સાંધી છે. કોઈ દિ' રાગ રહિત, પુણ્ય-પાપ રહિત આત્મા શું એવી દષ્ટિ એણે અનંતકાળમાં સંસારના પરિભ્રમણમાં કરી નથી. સમજાણું કાંઈ? આહા!

**'એવી ભાવકર્મરૂપ આત્મપરિણામસંતતિ...'** અને તે નિમિત્ત અને નવા કર્મ બંધાય **'દ્રવ્યકર્મરૂપ પુદ્ગલપરિણામસંતતિ** વડે **તે તે દેવ-મનુષ્ય-તિર્યંચ-નારકના રૂપે...'** એમ. જેવા જેવા કારણ હતા તે તે પ્રકારે તેણે કાર્યરૂપે દેવપણું, મનુષ્યપણું, ઢોરપણું, નિગોદપણું, એકેન્દ્રિયમાં જાય એ. આહાહા! બટાટા અને શક્કરકંદમાં તત્ત્વનો વિરોધ કરી વસ્તુનું સ્વરૂપ જે છે એનો અનાદર કરી અને મિથ્યાભ્રમણા સેવીને તે તે ગતિમાં એટલે તે ભ્રમણાના ફળ તરીકે નિગોદ ને બટાટા શક્કરકંદપણે ઊપજે છે. બટાટા સમજો છો? આલુ. સમજાય છે કાંઈ? આહાહા!

**'કાર્યભૂતપણે ઊપજે છે...'** દેખો. એનું એક કાર્ય એ. જેવા ભાવ શુભાશુભ કારણ સેવ્યા એના કાર્યભૂતે ચારગતિ મળી. અને એણે કોઈ દિ' પુણ્ય-પાપના વિકલ્પને એના ફળ તરીકે ગતિ તેનાથી રહિત મારી ચીજ છે, નિરુપાધિ ચૈતન્યબિંબ જ્ઞાયકમૂર્તિ આત્મા છું એવી દષ્ટિ કરી નથી. આહાહા! સવારમાં તો જરી આવ્યું હતું ને ઝીણું. વ્યવહાર અભૂતાર્થ છે. આહાહા! અહીં તો પર્યાય જે છે ને પર્યાય ચાહે તો ક્ષાયિકની પર્યાય હોય કે ઉદયની પર્યાય હોય રાગની. કહે છે કે અભૂતાર્થ છે. અભૂતાર્થ એટલે કાયમ એ રહેનારી ચીજ નથી. માટે શરણભૂત નથી. આહાહા! સમજાણું કાંઈ? શરણભૂત ધ્રુવ ભગવાન ચિદાનંદ

પ્રભુ! એક સમયમાં મહાચૈતન્યસત્તાના સ્વભાવના સામર્થ્યવાળો ભગવાન તેમાં એકરૂપતા ત્રિકાળ આમ ને આમ ચાલી આવે છે. એનો આશ્રય ને શરણ લેવું એ સમ્યગ્દર્શન અને ધર્મ છે.

એ વિના આવો જે અધર્મ છે એ પોતાના નિત્યાનંદ ભગવાનને ભૂલી અને પર્યાયમાં અવસ્થામાં પુણ્ય ને પાપના ભાવ સેવી કારણપણે સેવી અને કાર્યપણે ઊપજે છે. સમજાણું કાંઇ? **'કાર્યભૂતપણે ઊપજે છે...'** એ કાર્ય થયું. જુઓ! નિગોદમાં ઊપજે, પશુમાં ઊપજે. આહાહા! મનુષ્યપણું મળે. હારી જાય મનુષ્યપણું. ખબર ન મળે.

માણસ મરી જાય તો એને રોવે છે તો એના માટે તે રોવે છે? એ ક્યાં મરીને ગયો હશે? એમ કોઇ રોવે છે? મનસુખભાઇ! નહીં. અરે! આ છોકરો મારે ઘરે આવ્યો. આ દેહ છોડીને ક્યાં કઇ ગતિ(માં જાશે?) કારણ કે આત્મા તો નિત્ય છે. એનો તો કાંઇ નાશ થાય એવો નથી. એ આ ગયો ક્યાં? કયે અવતારે, ક્યાં? એની વાત નથી. અનુકૂળતામાં એ પ્રતિકૂળતા થઇ એનું એને દુઃખ લાગે છે. એ મરીને ઢોરમાં ગયો કે (દેવમાં ગયો) એની તો કાંઇ પડી છે? આહાહા!

સંસાર તો જુઓ! એક. એક ક્ષણમાં દેહનો ઝભ્ભો પલટી ને જે ભાવ કર્યા હતા આત્માના ભાન વિનાના. એ ભાવમાં ઝભ્ભો બીજો આવ્યો, ફટ દઇને! આહાહા! આ સંસાર! કહે છે ભાઇ, તારે આ સંસાર તો અનાદિથી વહે છે. આ ભાવનો પ્રવાહ તો તારી પાસે અનાદિનો છે. એમાં તે નવું શું કર્યું? એમ કહે છે. સમજાણું કાંઇ? જન્મ-મરણના દુઃખોને ટાળવાનું તે કાંઇ કર્યું નહીં. ભાઇ! આ તો જન્મ-મરણ. જનમવું અને મરવું કલંક છે. આહાહા! દેવનો દેહ ધારણ કરવો કલંક છે. ભગવાન આનંદની મૂર્તિ. સમજાય છે કાંઇ?

જેમ પાંચ આંગળીમાં ઓલી છઠ્ઠી આંગળી લટકતી હોય એ કાઢી નાખવા માટે છે. કાપીને રાખવા માટે નથી. એમ ભગવાનઆત્મા આનંદ સ્વરૂપ એમાં પુણ્ય ને પાપના ભાવ જે જનમના કલંક છે એ કાઢી નાખવા માટે છે. એને ઠેકાણે રાખીને સેવીને એના કાર્યફળે ચારગતિમાં ઉપજ્યો. સમજાણું કાંઇ? આહાહા! પણ એની શું છે ચીજ ને શું વિપરીતતા થાય છે એની, એનો એણે કોઇ દિ' વિચારેય કર્યો નથી. આંધળે આંધળો ચાલ્યો જાય છે એમ ને એમ. ઓહો! અનાદિ, અનાદિ, અનાદિ જેની આદિ નથી એવો ભગવાનઆત્મા આવા વિકારી મિથ્યાત્વ ને રાગ-દ્વેષના પરિણામની પરંપરા સેવી અને ચાર ગતિમાં ઊપજી રહ્યો છે. અરે એને કલંક છે આ! એમ કહે છે. એવું સિદ્ધભગવાનને હોતું નથી. એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઇ?

જેમ તે **'કાર્યભૂતપણે ઊપજે છે તેમ સિદ્ધરૂપે પણ ઊપજે છે એમ નથી...'** શું કીધું? એવા વિકારીભાવ હોય અને એના ફળ તરીકે સિદ્ધ થાય એવું સિદ્ધને નથી. સિદ્ધને વિકારી ભાવેય નથી અને વિકારીભાવપણે ઊપજે ગતિમાં એવુંય સિદ્ધને નથી. 'સિદ્ધભગવાન સિદ્ધાં' આવે છે ને?

'સિધ્ધા સિધ્ધિ મમં દિસંતુ' આવે છે લ્યો! કોને ખબર? એના અર્થની પણ ખબર ન મળે. સિધ્ધભગવાન અશરીરી પ્રભુ જેને દયા, દાન, વ્રતના વિકલ્પનો પણ જેમાં અભાવ છે. તેથી તેને રાગપણે, ગતિપણે ઊપજે ને રાગને સેવે એવું સિધ્ધપદમાં છે નહીં. સમજાણું કાંઇ? આહાહા!

જેમ તે સંસારી પ્રાણી, અરે! સંશરણ કરતો એણે સંતતિ શબ્દ વાપર્યો છે ને? પોતાની જાતને આનંદ સ્વરૂપની જાતને ભૂલી અને આકુળતામાં સુખ માની ઇન્દ્રિયોમાં, વિષયોમાં, ભોગમાં, પૈસામાં, આબરૂમાં, કીર્તિમાં, ધૂળમાં, શરીરમાં સુખ માની ને મિથ્યાભાવને સેવી અને જે પ્રકારના એણે પરિણામ શુભઅશુભ કર્યા છે તે પ્રકારે તેને કાર્યરૂપ ગતિ મળે છે. આહાહા! તે સિધ્ધને હોતી નથી.

**'તેમ સિધ્ધરૂપે પણ ઊપજે છે...'** કેવા ભાવથી સિધ્ધપણે પણ ઊપજે છે એમ નથી. **'સિધ્ધ (સિધ્ધભગવાન) પણ ખરેખર બન્ને કર્મનો ક્ષય હોતાં,...'** જુઓ! પરમાત્મા અરિહંત સિધ્ધ થયા એણે તો પુણ્ય-પાપના ભાવ અને જડકર્મ બેયનો એણે તો નાશ કર્યો. આવે છે કે નહીં? લોગસ્સમાં આવે છે 'વિહુય રયમલા', 'વિહુય રયમલા' અર્થની તો કોને ખબર હોય, ભાનેય ન મળે શું છે? ભાઇ કહે છે ના પાડે છે. મોટાભાઇ કહે છે અર્થનીય ખબર નથી. હવે અર્થનીય હજી ખબર ન મળે એને તત્ત્વ શું કહેવાય વીતરાગનો માર્ગ કયાં છે એની ખબર નથી. બરાબર છે ને ભાઇ? લોગસ્સમાં આવે છે ને વિહુય રયમલા. હવે એનો અર્થ શું કાંઇ ખબર ન હોય.

લીંબડીમાં એક ફેરે તકરાર થયેલી દશાશ્રીમાળી અને વીસાશ્રીમાળીમાં. અહીં નાત છે ને દશાશ્રીમાળી વાણીયામાં. સમજો છો ને? શેઠ હીરાલાલ વાણીયા છે ને આપણે તમારે જેમ શું કહેવાય? કાસલીવાલ કહેવાય છે ને, ખંડેલવાલ ને કાસલીવાલ. એમ અહીં દશાશ્રીમાળી અને વીસાશ્રીમાળી નાત આ શરીરની કહે છે આ બધા. આ દશાશ્રીમાળી છે ને આ વીસાશ્રીમાળી છે. એ દશાશ્રીમાળી અને વીસાશ્રીમાળી ત્યાં લીંબડીમાં હતા. એમાં બેયને તકરાર થઇ. વાંધા ઊઠ્યા. ઘણા વર્ષની વાત છે. તેમાં આ દશાશ્રીમાળીની ડોશી આ લોગસ્સ બોલતી હતી. આ લોગસ્સ. એમાં 'વિહુય રયમલા' આવ્યું. સમજ્યા ને? બાઇ વૃધ્ધ બાઇ હતી. અર્થ ન આવડે એટલે લોગસ્સ બોલતી હતી. 'લોગસ્સ ઉજ્યગરે' આપણે આવે છે. 'ધમ્મતીથયરે' સામાયિકમાં આવે છે. એટલે ગાથા બોલવા માંડી ઓલી સામાયિક બાંધે ને એટલે ઓલી ઘડીયાલ મુકે ને રેતી (વાળી) ઘડી મુકે ને. બે ઘડી થાય એટલે સામાયિક પૂરી થઇ ગઇ, બે ઘડી ઊઠો. હવે એમાં જ્યારે લોગસ્સ આવ્યો ત્યારે બોલી 'એવમમયે અભિથૂયા વીસા રોયમર્યા,' 'વિહુય રયમલા' છે ને એને ઠેકાણે કહે 'વીસા રોયમર્યા' ઓય માડી આપણે તકરાર છે એ અહીં ક્યાંથી લોગસ્સમાં આવી ગયું આ? ભગવાનની સ્તુતિનો પાઠ છે. 'વીસા રોયમર્યા' અહીં ક્યાંથી આવ્યું આ? 'વિહુય રયમલા'ને ઠેકાણે 'વીસા રોયમર્યા.' એલા પણ આ આવ્યું ક્યાંથી? જુઓ! તો ખરા આમાં 'વીસા રોયમર્યા' ક્યાંથી આવ્યું આમાં? આપણી તકરાર. ત્યાં કહે આ તો 'વીસા રોયમર્યા' નથી. આ તો 'વિહુય રયમલા' છે.

વિહુય એટલે વિ વિશેષે ધુય. ભગવાને ટાળ્યા છે શું? રયમલા. રજ એટલે આઠ કર્મની રજ અને મલ એટલે આ ભાવકર્મ આ પુણ્ય ને પાપ. પુણ્ય ને પાપના ભાવ એ મેલ છે. અને કર્મ બંધાણા તે જડ રજકણ છે. સમજાણું કાંઈ?

'વિહુય રયમલા.' સિધ્ધભગવાને રજ એટલે આઠ કર્મ અહીં કહે છે ને દેખો, બન્ને કર્મનો ક્ષય થતાં. બન્ને કોણ? એક તો જડ કર્મ જે રજ છે એ અને પુણ્ય-પાપના ભાવ જે ભાવકર્મ છે એ. 'વિહુય રયમલા.' રજ ને મળ જેણે ટાળ્યા એવા સિધ્ધભગવાન. એમ આવે છે. અર્થનીય ખબર ન મળે હવે એને સમજાવવું કે આ સમ્યગ્દર્શન ને જ્ઞાન, મનસુખભાઈ! ભાઈએ કબુલ તો કર્યું. હેં?

મુમુક્ષુ :- હળવે હળવે આવડશે.

ઉત્તર :- આવડશે ઠીક. પણ હા તો પાડી છે. અર્થ બર્થની ખબર નથી. આહાહા! અરે ભગવાન આ તો પરમેશ્વર વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનો માર્ગ છે. ભાઈ! સમજાય છે કાંઈ?

જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક હસ્તામળની પેઠે જાણવામાં આવ્યા એવા પ્રભુની વાણીમાં આ આવ્યું છે. ભાઈ! સમજાય છે કાંઈ? ભગવાન! એ સિધ્ધભગવાનને તો આઠે કર્મનો નાશ છે. જડકર્મ રજ અને પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના, કામ-ક્રોધના શુભાશુભભાવ એ ભાવકર્મ એટલે મેલ-મળ એનો એને નાશ છે. 'વિહુય રયમલા' લોગસ્સ કર્યો હતો કે નહીં પહેલાં? કર્યો તો હશે પહેલાં.

મુમુક્ષુ :- હજી યાદ છે.

ઉત્તર :- હજી યાદ છે. અર્થ બર્થ નહીં. લ્યો આ સાહિત્યકાર મોટા શેઠ! ચાર લોગસ્સ એકદમ બોલી જાય એટલે કાઉસગ્ગ પૂરો થઈ જાય. ણમો અરિહંતાણં લ્યો! આહાહા!

કહે છે પ્રભુ! **'સિધ્ધભગવાનને તો બન્ને કર્મનો ક્ષય હોતાં...'** બન્ને કર્મ કોણ? માથે જે કહ્યું હતું ભાવકર્મ પુણ્ય-પાપનાં અને દ્રવ્યકર્મ પુદ્દગલના પરિણામ બેયનો સિધ્ધભગવાનને નાશ થયો છે. એ આત્માના અનુભવ દ્વારા બેયનો જેણે નાશ કર્યો છે. આહાહા! ભગવાનઆત્મા સિધ્ધ સ્વરૂપે હું છું એવો અંતર સમ્યગ્દર્શન અનુભવ કરી અને પછી વસ્તુમાં આનંદમાં ઠરીને ભાવકર્મ ને દ્રવ્યકર્મનો સિધ્ધભગવાનને નાશ થઈ ગયો છે. એને હવે પાપ ને પુણ્ય ને કર્મ જડ રહ્યા નથી કે જેથી એને ચાર ગતિમાં ઉપજવું પડે. એવું એને છે નહીં. આહાહા!

તેમ સિધ્ધરૂપે પણ ઊપજે છે એમ નથી. સિધ્ધભગવાન તો ખરેખર બન્ને કર્મનો ક્ષય હોતાં, જડ ને ભાવ બેયનો નાશ થતાં **'સ્વયં (સિધ્ધપણે) ઉપજતાં થકા...'** એ તો સ્વયં સિધ્ધપણે ઉપજયા છે. એને ગતિ છે નહીં. નીચે અર્થમાં છે ભાઈ. સમજાણું કાંઈ?

**'બન્ને કર્મનો ક્ષય હોતાં, સ્વયં ઉપજતા થકા...'** સ્વયં કેમ કહ્યું? સંસારમાં તો પુણ્ય-પાપના પરિણામ અને કર્મ એ બીજી ચીજ હતી. એને લઈને ચાર ગતિમાં ઉપજતો. આ તો સ્વયં

સિધ્ધભગવાન રાગ અને દ્વેષ, પુણ્ય ને પાપ અને જડકર્મ એણે બેયનો નાશ કર્યો. અને સ્વયં સિધ્ધપણે ઉપજ્યા. કેવળજ્ઞાન ને કેવળદર્શન ને આનંદપણે ઉપજ્યા એ સિધ્ધ દશા કહેવામાં આવે છે. એને ણમો સિધ્ધાણં કહેવામાં આવે છે. ણમો સિધ્ધાણંનો આ અર્થ છે. સમજાણું કાંઈ? આહાહા!

ભગવાન! સંસારી પ્રાણી જેમ પુણ્ય ને પાપની પરંપરાને સેવી, જડકર્મને નિમિત્તપણે બાંધી અને સંતતિ ચારગતિમાં અવતરે છે. એમ સિધ્ધને નથી. સિધ્ધને તો બેય કર્મનો નાશ થતાં સ્વયં નિર્મળ આનંદ ને અનંતજ્ઞાન, દર્શનપણાની દશાપણે સિધ્ધ ઊપજે છે. એને ચાર ગતિપણે ઊપજે છે એવું છે નહીં. સમજાણું કાંઈ? આહાહા! લ્યો ગાથા તો ઠીક આવી. તમારે આ રવિવાર છે ને વળી જરી, આ જ તો શનીવાર છે. રવિવાર તો કાલ આવશે. આ છોકરાવ આવ્યા છે ને ઘણા વખતથી. છોકરાવને સમજાય છે કે નહીં. એય જગદીશ! સમજાય છે કે નહીં? આ થોડું, થોડું ધ્યાન રાખવું. કયાં ગયો પપુ. ધ્યાન રાખ સમજાય છે કે નહીં આ? હોંશીલો છે. કહો, સમજાય છે કાંઈ આમાં? આમાં તો સાદી ભાષા છે.

ભગવાનઆત્મા અખંડાનંદ ચૈતન્યબિંબ પડયો છે અંદર. અનાદિ-અનંત શાશ્વત વસ્તુ છે. એની શ્રધ્ધા ને એનો અનુભવ જ્યાં નથી તેને પુણ્ય ને પાપનો અનુભવ ને એની શ્રધ્ધા છે. અને એને લઈને ચાર ગતિમાં રખડે છે. હવે આ તો સમજાય એવું છે. છોકરાવને નથી સમજાય એવું છે આમાં? કહો, આહાહા!

**'સ્વયં સિધ્ધપણે ઉપજતા થકા...'** સ્વયં કેમ કહ્યું? ઓલી ચાર ગતિમાં તો પુણ્ય-પાપના વિકલ્પથી ને કર્મથી ઉપજતો હતો. એ સ્વયં નહોતો. એ વિકારને કારણે આમ ઉપજતો એમ કહે છે. અને સિધ્ધભગવાન આત્માના આનંદસ્વરૂપને અનુભવી સ્થિરતાની શાંતિને પૂર્ણ કરી અને રાગ ને દ્વેષ ને કર્મનો નાશ કરી એકલી સિધ્ધદશાપણે ઊપજે છે.

**'અન્ય કોઈ કારણથી (ભાવકર્મથી કે દ્રવ્યકર્મથી) ઉપજતા નથી...'** દેખો. સિધ્ધભગવાન કોઈ જડકર્મને લઈને ઊપજે છે? અહીં એમ કીધું ભાઈ, ઓલા જડકર્મનો અભાવ થયો માટે ઊપજે છે એમ નથી. એમ કહે છે. અને પુણ્ય ને પાપના વિકલ્પ જે વિકાર દુઃખરૂપ છે એનો અભાવ થયો અને પોતે સ્વયં સિધ્ધપણે ઊપજે છે. પૂર્ણાનંદ અને પૂર્ણશાંતિપણાનું અવતરવું એટલે થવું એ પણે થાય છે. એને સિધ્ધભગવાન ક્હેવામાં આવે છે. આહા! પછી હવે એ સિધ્ધને અવતાર હોતો નથી.

**'અન્ય કોઈ કારણથી...'** એટલે **'(ભાવકર્મથી કે દ્રવ્યકર્મથી)...'** ભગવાન **'ઉપજતા નથી...'** ભગવાનને દ્રવ્યકર્મ પણ નથી અને ભાવ પુણ્ય-પાપ પણ નથી. તેથી તે દ્રવ્ય અને ભાવકર્મના કારણે કાર્યભૂત સિધ્ધદશા છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? **'વળી જેમ તે જ સંસારી (જીવ) કારણભૂત થઈને...'** પોતે કારણભૂત થઈને દેખો, **'કાર્યભૂત એવી ભાવકર્મરૂપ આત્મપરિણામ-**

**સંતતિ ...'** દેખો એનું કાર્ય પાછું આ હવે. તે સંસારી પ્રાણી કારણભૂત પોતે થઈને કાર્યભૂત એવી પુણ્ય-પાપના પરિણામ એવું કાર્યભૂત થયેલી ક્રિયા. એનું કાર્ય લીધું ભાઈ આમાં.

અનાદિથી અજ્ઞાની કારણભૂત થઈને જીવ પોતે કારણ થઈને પુણ્ય-પાપના વિકલ્પ અને મિથ્યાભ્રાંતિના કારણે **'એવી ભાવકર્મરૂપ આત્મપરિણામની સંતતિ રચતો થકો...'** એને રચતો થકો એમ કીધું. શું કીધું? સમજાણું કાંઈ? સંસારી પ્રાણી પોતે પોતાના કારણરૂપ થઈને બીજું કારણ નહીં. પોતે કારણ થઈને મિથ્યાત્વ અને પુણ્ય-પાપના ભાવરૂપી કાર્યરૂપને રચતો. કાર્યને રચતો, એ વિકારીરૂપી કાર્યને રચતો, કારણ પોતે થઈને વિકારી કાર્યને રચતો **'અને દ્રવ્યકર્મરૂપ પુદ્ગલપરિણામસંતતિ રચતો...'** એ નિમિત્તથી, વ્યવહાર. આ જયારે વિકાર પરિણામને રચે છે એટલે જડકર્મ એની મેળે રચાય છે. એને નિમિત્તથી કહ્યું કે આત્મા તેને નિમિત્તપણે વ્યવહારે રચતો થકો. આહાહા! ફરીને,

કહે છે **'જેમ સંસારી પ્રાણી કારણભૂત થઈને...'** દેખો અહીં તો સંસારી જીવ કારણભૂત થઈને ભાઈ! કર્મનું કારણ થઈને, ફલાણું કારણ થઈને એમ નહીં. આહાહા! પોતાની ભૂલરૂપી કારણને સેવી, આહાહા! અપને કો આપ ભૂલકે હેરાન હો ગયા. અપને કો આપ ભૂલકે હેરાન હો ગયા. પોપટભાઈ બોલતા બહુ નહીં. મનસુખભાઈ! વઢવાણ. પોપટલાલ સુખલાલ. અપને કો આપ ભૂલકે હેરાન હો ગયા. અપને આપ ભગવાનઆત્મા ચૈતન્યનો પુંજ છે. આનંદનો રસકંદ, સુખકંદ છે. સમજાય છે કાંઈ? આહા!

ઓલામાં આવે છે કે નહીં 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે.' આવે છે ને ભક્તિમાં. 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે, પર ઘર ભ્રમત ફિરત અનેક નામ ધરાયે.' હું રાગી ને હું પુણ્યવાળો ને હું પાપવાળો, હું દયાવાળો, હું વ્રત કરનારો ને તપ કરનારો ને શેઠીયો ને હું રાક અને હું ભિખારી. એવા અનેક નામ અજ્ઞાનપણે ધરાવી ચાર ગતિમાં રખડયો.પણ નિજ ઘર ભગવાનઆત્મા એમાં કદી નિજ ઘરમાં આવ્યો નહીં. નિજ ઘરનું એને માહાત્મ્ય જ દેખાતું નથી. આ બધું માહાત્મ્ય ધૂળનું બહારનું ભાળે. બહુ તો વ્રત ને તપ ને દયા ને દાન કરે એટલે, આહાહાહા! આપણે જાણે ઘણો ધર્મ કર્યો. છે રાગ. કે જેનું ફળ સંસાર છે. આહાહા! સમજાણું કાંઈ?

છતાં એને કારણરૂપ વિકારના પરિણામનું કારણરૂપ થઈ કાર્યભૂત એવી ભાવકર્મ. લ્યો! એ કીધું જોયું! પુણ્ય-પાપના ભાવ અને મિથ્યાત્વના ભાવ એ કાર્યભૂત છે. કારણ જીવ થયો એટલે કાર્ય થયું છે. એમ કહે છે. કોઈ પરને કારણે થયા નથી. આહાહા! ભગવાનઆત્માને કારણ ન બનાવતાં શુધ્ધ ચિદાનંદમૂર્તિ પ્રભુ! એને જો કારણ બનાવે તો એની દષ્ટિમાં કાર્યપણે શાંતિ ને આનંદ આવે. એમ આત્માના અંતર વસ્તુને કારણપણે ન બનાવતાં પર્યાયમાં રાગ-દ્વેષના કારણપણે પરિણમતા. સમજાય

છે કાંઈ? આરે ભારે ઝીણું! આવું માળું! એવું હોય તો ભાઈ એક પૈસા ખર્ચી નાખવા લાખ બે લાખ ખર્ચવા લાવો. કરોડમાંથી પાંચ લાખ, દસ લાખ ખર્ચો તો એટલા બધા તો આપે નહીં પણ કદાચ દસ લાખ આપી દેજો ને. તોય કહે છે ધર્મ નથી એમાં ત્રણકાળમાં. એમાં રાગની મંદતા હોય તો પુણ્ય છે. પુણ્ય છે એ બંધનનું કારણ છે. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે, **'સંસારી જીવ કારણભૂત થઈને...'** ઓહોહો! આ જીવપણું ભાઈ વર્ણવે છે. ઓલો જીવત્વ શબ્દ છે ને પહેલો. સત્યાવીસમાં છે. જીવત્વની વાત છે. આહા! ભગવાનઆત્મા ભાવ આનંદ ને જ્ઞાનરૂપી જીવનું જીવત્વપણે ન માનતાં અજ્ઞાનપણે રાગ ને દ્વેષ ને પુણ્ય-પાપપણાના કારણને સેવી અને **'કાર્યભૂત એવી ભાવકર્મરૂપ આત્મપરિણામસંતતિ એને રચતો થકો...'** એ આત્મા પોતે મિથ્યાત્વ ને રાગ-દ્વેષને રચે છે. આહાહા! સમજાય છે કાંઈ? પ્રભુ ચૈતન્યમૂર્તિ અનાકુળ આનંદના રસનો સુખકંદ છે. એ એમાં આવે છે હો! નિજ ઘરમાં એક શબ્દ નથી આવતો, સુખકંદ. હેં? શુધ્ધ બુધ્ધ સુખકંદ. ભગવાનઆત્મા તો આનંદકંદ સુખનો કંદ. આ શક્કરકંદ નથી? શક્કરકંદ હોતા નથી શક્કરકંદ. બાફે બાફેને, મીઠાં મીઠાં શક્કરકંદ. એમ આત્મા સુખનો કંદ છે. આનંદના કંદનું દળ છે. પણ હવે ક્યાં ગોતવો એને? ક્યાં હશે આ તે ક્યાં? અતીન્દ્રિય આનંદનું દળ રસકંદ આત્મા છે. એને ભૂલી અને પુણ્ય-પાપના કારણરૂપે થઈને પુણ્ય-પાપના કાર્યને પોતે કરે છે. આહાહા!

**'દ્રવ્યકર્મરૂપ પુદ્ગલપરિણામસંતતિ રચતો થકો...'** નિશ્ચયથી તો પોતે પોતાના વિકારીભાવને કારણરૂપ થઈને પોતે કાર્ય કરતો, રચતો થકો અને વ્યવહારે જડકર્મને રચતો થકો જડકર્મ તો એને કારણે રચાય છે. પણ નિમિત્ત છે ને એટલે વ્યવહારે કીધું. **'કાર્યભૂત એવા તે તે દેવ-મનુષ્ય-તિર્યંચ-નારકનાં રૂપો પોતાને વિષે ઉપજાવે છે...'** ભાષા દેખો. આહાહા! પુણ્ય ને પાપના શુભ ને અશુભભાવ એ મારા એવા મિથ્યાત્વભાવને સેવતો જીવ **'કાર્યભૂત એવા દેવ-મનુષ્ય-તિર્યંચ-નારકના રૂપો પોતાને વિષે...'** પોતાને વિષે પર્યાયમાં ઉપજાવે છે એમ અહીં કહે છે હોં! આહાહા!

શરીર એ કાંઈ મનુષ્યપણું નથી. આ તો જડ છે. આ તો જડ આ કાંઈ મનુષ્યપણું નથી. અંદરમાં મનુષ્યગતિની યોગ્યતાનો ભાવ તે મનુષ્યપણું છે. એ મનુષ્યપણાને પોતે અજ્ઞાનભાવે ઉપજાવે છે. આહાહા! સમજાણું કાંઈ? આ તો દેહ હાડકા છે. આ તો જડ છે, માટી છે. અહીં ક્યાં મનુષ્યપણું છે. મનુષ્યપણું તો એની ગતિમાં, જીવની યોગ્યતામાં ગતિ છે એ મનુષ્યપણું છે. એવું મનુષ્યપણું પુણ્ય-પાપના કારણને સેવતો, એવા ભાવને રચતો મનુષ્યપણું પોતામાં ઉપજાવે છે. સિધ્ધપણું ન ઉપજાવતાં મનુષ્યપણું ઉપજાવે છે. ન્યાય સમજાય છે કાંઈ?

જુઓ! દેવપણું પોતામાં ઉપજાવે છે ભાઈ એમ કીધું. ભગવાનઆત્મા! આહાહા! જીવપણું સિધ્ધ કરવું છે ને? અશુધ્ધ જીવપણું અહીંયા. ભગવાનઆત્મા ધ્રુવ પૂર્ણાનંદનો નાથ પ્રભુ! 'સંપૂર્ણ પૂર્ણ ઈદમ

આત્મા'. એવો હોવા છતાં તે તેમાં ન ઉપજતો પુણ્ય ને પાપ, શુભ ને અશુભભાવને રચતો થકો, પોતામાં દેવપણું, પશુપણું, નિગોદપણું, નારકીપણું ઉપજાવે છે. અરે! જીવમાં સિધ્ધપણે ઉપજવું જોઈએ એને ઠેકાણે ચાર ગતિપણે પોતામાં ઊપજે છે. આહાહા! કહો, સમજાય છે કાંઈ? કહો, પાટણીજી! ગાથા તો ઠીક આવી છે.

પોતે વસ્તુ જ્ઞાનનો ચૈતન્યનો પુંજ અને અનાકુળ આનંદના રસનું દળ એવો હોવા છતાં તેને ભૂલી અને પુણ્ય-પાપને રચતો અને એના નિમિત્તે કર્મને રચતો પોતામાં, આત્માની પર્યાયમાં જે શુધ્ધપણું ઉપજવું જોઈએ સ્વભાવનો આશ્રય લ્યે તો, એને શુધ્ધપણું પર્યાયમાં ઉપજવું જોઈએ એને ન ઉપજાવતો અશુધ્ધપણે, ચાર ગતિપણે પોતામાં ગતિપણે એને ઉપજાવે છે. આહાહા!

આ તો અધ્યાત્મ શાસ્ત્ર છે. એની એક એક વાતમાં ઘણી ગંભીરતા છે. સમજાય છે કાંઈ? ઓહો! કાર્યભૂત એવા કાર્ય શું અંદરમાં દેવપણું, ભાવપણું થાય એ કાર્ય હોં! દેવપણે ઊપજે. પોતામાં દેવપણું ઉપજાવે છે. જ્યાં ગયો હોય ત્યાં હું દેવ. ઢોરમાં ગયો હોય ત્યારે કહે કે હું પશુ. હેં? કીડી, કાગડામાં ગયો હોય ત્યારે કહે કે હું કીડી, કાગડો. ભારે! નિર્ધનપણે થયો હોય તો હું તો નિર્ધન છું. બાપુ! કીધું નહોતું ઓલો દાખલો સીંતેરની સાલનો દાખલો. દીક્ષા સીંતેરમાં થઈને છપ્પન વર્ષ થયા. સીંતેરમાં દીક્ષા થઈને પછી ગયા હતા. પોષ મહિનામાં જેતપૂર. જેતપૂર. હતા તો ગયા હતા. હીરાજી મહારાજ હતા ને અમારા સંપ્રદાયમાં એને આંખ બતાવવી હતી. નરસીંહભાઈ ડોકટર હતા ત્યાં જૂનાગઢ. નરસીંહભાઈ ડોકટર. આંખ બતાવવી હતી. પોષ મહિનાની વાત છે. છપ્પન વર્ષ પહેલાંની.

એમાં એક કંદોઈનો દિકરો જુવાન, રૂપાળો. કંદોઈ સમજો છો ને? હલવાઈ, હલવાઈ. હા તે બહુ રૂપાળો અને આમ આવ્યો અને કહે, મહારાજ! ભગુ પશુ છે હોં! એમ કહે. એનું નામ ભગવાન હતું. કંદોઈનો, હલવાઈનો દિકરો હતો પણ ભોળો બહુ બિચારો. એટલે ઓલી ઘરમાં વાત થાય ને, માબાપ વાતું કરે, ઓલી બાઈયું, છોકરાની વહુને કહે, ભાઈ ભગુ પશુ છે હોં! એનું ધ્યાન રાખજો. એમ. ઘરમાં વાત કરે ને, એટલે પગે લાગ્યો ને એમ બોલ્યો મહારાજ! ભગુ પશુ છે હોં! એટલે મેં કીધું આ આમ કેમ બોલ્યો? ભગવાન પોતાનું નામ. પોષ મહિનાની વાત છે. સીંતેરની. સંવત સીંતેર. આ, આ સીંતેર થયા. છપ્પન વર્ષનો આંતરો છે ને? આ સન સીંતેર ચાલે છે આ. સન સીંતેર. ઓલો સંવત સીંતેર હતું. મહારાજ! પગે લાગું! ભગુ પશુ છે હોં! કીધું આ આ શું બોલે છે? પછી કહે ઘરમાં ભોળો માણસને ભોળો ગાંડો કાંઈ નહીં. બહુ ભોળો. ઘરના માણસ કહે કે જો ભાઈ આ ભગુ પશુ છે હોં! જાળવવું. છોકરાની વહુરુ-બહુરુ ધ્યાન ન રાખતી હોય તો એના માબાપ બેઠેલાં એટલે એને કહે કે ભાઈ આ ભગુ પશુ છે હોં! ધ્યાન રાખજો. એ અહીં એકદમ પગે લાગવામાં કહે.

એમ આ ભગવાન ત્રણલોકનો નાથ આત્મા છે પણ એ માન્યતામાં પશુ છે એમ માની બેઠો છે.

હું તો દેવ છું, હું મનુષ્ય છુ, હું મનુષ્યપણે ઉપજ્યો છું. અરે ભગવાન કોણ છો પણ તું આ? હેં? આહાહા! હેં? હું નારકીપણે ઉપજ્યો, હું કીડાપણે ઉપજ્યો, શેઠીયાને ઘરે શેઠપણે અવતર્યો, રાજના કુંવરપણે ઉપજ્યો પણ અરે ભગવાન! તું કોણ છો પણ તું ક્યાં ઉપજ્યો? ક્યાં ઉપજ્યો શું કહેશ પણ તું તને? સમજાય છે કાંઈ?

જરી શરીર ઠીક મળે તો એમ કહે મારું શરીર સારું, બીજા કરતાં આકૃતિ મારી બીજી જાતની છે. રૂપાળી આકૃતિ સુંદર પણ આ તો જડ છે. એલા તારી ક્યાંથી આવી? આ તો પરમાણુની રચના જડની છે. સમજાય છે? પણ એના અંદરમાં માની બેઠો કે હું આવા શરીરમાં ઉપજેલો છું. આહાહા!

એ દેવના રૂપો, ભાષા એમ છે ને જુઓ! દેવના રૂપો પોતા વિષે ઉપજાવે છે. ચાહે તો વૈમાનિકનો દેવ થાવ. સમજાય છે કાંઈ? પણ એ પુણ્ય-પાપના ભાવના કારણને સેવી અને આવા કાર્યપણે, દેવપણે, પાપ બહુ કર્યા હોય તો ઢોરપણે, અને બહુ હિંસા આદિ પરિણામ નરકના હોય તો નરકરૂપપણે પોતા વિષે ઉપજાવે. નારકી તો હા હું નારકી. વળી એમ ઘણા કહે એ બાપુ મર્યાને મારશો નહીં હોં. એ મરી ગયો છે એમ કહે ભાઈ. એ અહીં મોહન મિસ્ત્રી હતા ને. સાત દિકરીયું હતી સાત. માંડ માંડ બિચારો રળી ખાય. એમાં સાત દિકરીયું એટલે કોઈક કાંઈક થોડોક ફેરફાર કરે આ તબળકા નાખવામાં. શું કહેવાય આ સીમેન્ટ. સીમેન્ટ એક તબળકુ નાખવું હોય બે તબળકા એવું ને એવું નાખે. હશે કાંઈક મેળ આપણને ખબર નહીં. આ તો ઘણા વર્ષની વાત છે. ચોરાણુંની. હેં? ફેરફાર કરતાં હતા. એટલે પછી આમ બોલતો હતો. ભાઈસાબ અમે મરી ગયેલાં છીએ હોં! મારશો નહીં. અમને આ થાય એ થવા દયો. કોઈ અમારો દોષ જોશો નહીં. સાત સાત દિકરીયું હવે અમારે પરણાવી એમાં હજાર હજાર ખર્ચવા તે લાવવા ક્યાંથી? ગરીબ માણસ. એનો છોકરો આ કામ કરે છે ને? મારો આ માની બેઠો લે? કહે એલા જીવતી જ્યોત છો ને આવો? અમે તો મરી ગયેલાં છીએ હોં! એ મરી ગયા છે એમ ઉપજ્યો. લ્યો! એમ માન્યું. હેં? આહાહા!

કહે છે દેવપણે, મનુષ્યપણે, તિર્યંચના નિગોદપણે, એકેન્દ્રિયપણે, પૃથ્વીપણે, પાણીપણે, અગ્નિપણે, વાયુપણે, વનસ્પતિપણે અને **'નારકના રૂપો પોતાના વિષે ઉપજાવે છે...'** આહાહા! એ પર્યાય પોતાને વિષે ઉપજાવે છે કહે છે એ પોતે સ્વતંત્ર છે એ જીવ. જીવનું જીવપણું આમ ઉપજાવે છે, એમ કહે છે. આહાહા! કહો, સમજાય છે કાંઈ? **'તેમ સિધ્ધનું રૂપ પણ (પોતાને વિષે) ઉપજાવે છે એમ નથી..'** હં.... જેમ વિકાર પરિણામના કારણરૂપ થઈને જીવ ચાર ગતિપણાને પોતાપણે ઉપજાવે છે એમ સિધ્ધરૂપ પણ એવા પાપ પરિણામથી ઉપજાવે છે એમ છે નહીં.

મુમુક્ષુ :- એ જુદી જાત છે.

ઉત્તર :- એ જુદી જાત છે. સિધ્ધભગવાન તો આત્માના અંતર અનાકુળ આનંદનું ધામ

ચૈતન્યધામ ભગવાન એ ધામમાં બિરાજમાન થઈ અને શક્તિની વ્યક્તતા પ્રગટ પૂર્ણ આનંદની થઈ એ સિધ્ધપણે ઉપજયા એ આવા કારણપણે ઉપજતા નથી. આહાહા! સમજાણું કાંઈ?

કુંદકુંદઆચાર્યના શાસ્ત્રો એટલે અલૌકિક શાસ્ત્રો. હેં? આહા!એની એક એક ટીકા દેખો, આપણે તો હવે આ આરસપહાણમાં કોતરવાના છે. આ આરસપહાણમાં લખી છે આ બધી ટીકા હોં! સંસ્કૃત ટીકા અને મૂળ શ્લોક. આ શાસ્ત્રોના મૂળ શ્લોકો. સંગેમરમર. લગભગ પાંચ લાખની અંદરમાં ખર્ચો છે એમ આ વજુભાઈ કહે છે. આપણને કાંઈ ખબર નથી. એ કાંઈક ગણતરી કરતા હતા. આ સંસ્કૃત ટીકાઓ છે એ પણ આરસપહાણમાં કોતરવાની છે. ભગવાનની વાણી છે ટંકોત્કીર્ણ. આ ટીકા છે ને આ. ટીકારૂપે પણ એક જણો કહે કે અમને એ તો સમજાય નહીં. પણ પ્રયત્ન કરજે ને એનો અનુવાદ થઈ ગયો છે, આ બધો નથી થયો? આ બધો અનુવાદ નથી એનો? એમ કે ત્યાં અનુવાદ ભેગો લખાયને તો ઠીક. અનુવાદ કયાં લખે? પાંચ લાખ અક્ષરમાં આ નાખે તો અનુવાદનો તો પાર ન આવે. આ અનુવાદ થયો છે કે નહીં? ત્યાં લખાણનો આ અનુવાદ છે આ. એક જણો એમ કહેતો હતો. અનુવાદ વિના અમને કેમ સમજાય? પણ અનુવાદ આ થયેલાં છે ને? એ પાઠ છે એની ટીકાઓ છે એના અનુવાદ થઈ ગયેલાં છે. એને વાંચીને આ વાંચને? પછી વાંચજે ને કે આ અનુવાદ આ છે. એનો અનુવાદ એટલે એનો અર્થ. દરકારેય ન મળે. ચોપડા તપાસવા માટે દરકાર (છે) એવી આ ન મળે. આહા!

**'સિધ્ધનું રૂપ પણ...'** ભાષા રૂપ વાપરી છે. જુઓ! ઓલા દેવ-મનુષ્ય-તિર્યંચ-નારકના રૂપો પણ પોતા વિષે ઉપજાવે છે, તેમ સિધ્ધનું રૂપ પણ આ રીતે પોતાને વિષે ઉપજાવે છે વિકારથી એમ નથી. **'સિધ્ધ ખરેખર, બન્ને કર્મનો ક્ષય હોતાં...'** ભગવાન સિધ્ધપરમાત્મા 'વિહુય રયમલા' રજ ને મળ બેય ટાળ્યા હોવાથી, દ્રવ્યકર્મ અને ભાવકર્મ બેય નાશ કર્યા હોવાથી એનો અર્થ કે ભાવકર્મ નાશ કરવા લાયક છે. ભાવકર્મ રાખવા જેવા નથી. આહાહા! સમજાણું કાંઈ?

સ્વયં કર્મનો ક્ષય હોતાં, **'સ્વયં પોતાને (સિધ્ધપણે) ઉપજાવતા થકા...'** દેખો ભાષા, ભગવાનસિધ્ધપ્રભુ! પુણ્ય-પાપના વિકલ્પોનો નાશ કર્યો છે સ્વભાવને આશ્રયે. જડકર્મનો નાશ એને કારણે થાય છે. બેયનો નાશ થતાં સિધ્ધભગવાન પોતામાં સિધ્ધપણું ઉપજાવતા થકા, જુઓ! આ જીવનું જીવત્વ. આહાહા! સિધ્ધપણે ઉપજવું પોતાની પર્યાયમાં એ જીવનું વાસ્તવિક જીવપણું છે. સંસારપણે, ચાર ગતિપણે ઉપજવું એ જીવનું ખરું જીવપણું નથી. **'અન્ય કાંઈ પણ (ભાવદ્રવ્યકર્મસ્વરૂપ કે દેવાદિસ્વરૂપ કાર્ય) ઉપજાવતા નથી...'** દેખો. ભાવકર્મ કે દ્રવ્યકર્મ દેવાદિસ્વરૂપ કારણ કે કાર્ય કાંઈ ઉપજાવતા નથી. આહાહા! કારણ પણ નથી ને કાર્ય પણ નથી. વિકારનું કારણ પણ નથી અને વિકારનું કાર્યરૂપે ઉપજવું એ પણ એને નથી.

સિધ્ધભગવાન અનાકુળ આનંદરૂપી દશામાં ઊપજે છે, પોતે પોતાની દશામાં ઊપજે છે. એ જીવનું

જીવતર યથાર્થ છે. એવું પ્રાપ્ત કરવા દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરતાં અને સ્થિર થતાં એવી પદવી પ્રાપ્ત થાય છે. બીજો કોઈ એનો ઉપાય છે નહીં.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૩૭ ગાથા -૩૭
## માગશર વદ-૧૧ રવિવાર તા. ૪/૧/૭૦

પંચાસ્તિકાય એની ગાથા સાડત્રીસમી. છત્રીસ થઈ ગઈ. શું ચાલે છે આ? જે આ જીવ છે, જીવનું જીવપણું. સંસારમાં પણ જીવનું જીવપણું કઈ રીતે છે અને સિધ્ધમાં પણ જીવપણું કઈ રીતે છે. એ વાત ચાલે છે. આ આત્મા છે એ સંસારમાં દ્રવ્યપ્રાણનું નિમિત્ત અને ભાવપ્રાણ જે અશુધ્ધ જ્ઞાન, દર્શન અને વીર્ય એટલે પ્રાણ અશુધ્ધ. એ એનું સંસારમાં જીવતર છે. સમજાય છે કાંઈ?

પોતે ભગવાનઆત્મા જ્ઞાન, આનંદ અને શાંતિના સ્વભાવથી ભરેલો પદાર્થ એ એનું ખરું જીવનું જીવપણું હોવા છતાં સંસારદશામાં તે સ્વભાવનો આશ્રય નહીં હોવાથી પાંચ ઈન્દ્રિય, મન, વચન ને કાયાની યોગ્યતામાં અને શ્વાસ ને આયુષ્યની ક્રિયાની યોગ્યતામાં એ જીવે છે. એ અશુધ્ધ પ્રાણથી જીવે છે નિશ્ચયથી, અશુધ્ધ નિશ્ચયથી. અને દસ પ્રાણ આદિ પાંચ ઈન્દ્રિય જડ છે. એ અસદ્‌ભૂત એમાં નથી પણ નિમિત્તરૂપે છે તેથી અસદ્‌ભૂત વ્યવહારનયથી દસ પ્રાણથી જીવે છે. એમ વ્યવહારથી કહેવામાં આવે છે.

ત્યારે હવે કહે છે કે સિધ્ધમાં જીવપણું રહે છે કે નહીં? ઈન્દ્રિયો ગઈ, પ્રાણ ગયા બહારના અને અશુધ્ધતાના. સિધ્ધભગવાન જ્યારે મોક્ષ પામે છે આત્મા. ત્યારે તેમાં કાંઈ જીવપણું રહે છે કે મુક્તિ થાય એટલે જીવનો અભાવ થઈ જાય છે? સમજાણું કાંઈ? સંસારમાં તો પોતાની સત્તા ભિન્ન રાખીને મેલા પુણ્ય-પાપના ભાવ ને અશુધ્ધ પ્રાણપણે જીવવું એ રીતે એની સત્તાનું હોવાપણું રાખી રહ્યો છે. પણ જેણે આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ છે એવો અંતર આશ્રય કરીને જેને અશુધ્ધતા ટળી ગઈ છે, અશુધ્ધતાથી મુક્તિ થઈ છે, એની મુક્તિમાં જીવનું જીવપણું રહે છે કે મુકત થઈ ગયો એટલે જીવનો અભાવ થઈ ગયો? એમ કહે છે. સમજાણું કાંઈ?

તો કહે કે જીવનું જીવપણું તો સિધ્ધમાં પણ રહે છે. મુકત થાય છે મલિન ભાવથી. મલિનભાવના વ્યયમાં નિર્મળ ભગવાનઆત્મા પોતાના આનંદ, જ્ઞાન, દર્શનની પર્યાયપણે ઊપજે છે, સિધ્ધપણે રહે છે. એ એના ભાવપ્રાણપણે જીવે છે. એવું જીવપણું મુકતદશામાં પણ રહે છે. સમજાણું કાંઈ?

મુકતદશામાં જીવનો અભાવ થઈને બીજા કોઈ આત્મા છે પરમેશ્વર એમાં ભળી જાય છે એમ નથી. સમજાણું કાંઈ? તેમ અશુધ્ધતાનો નાશ થયો માટે જીવના મૂળભાવનો નાશ થઈ ગયો અને જીવપણું મુકતમાં રહેતું નથી એમ નથી. સમજાય છે કાંઈ? એ સાડત્રીસમી ગાથામાં કહે છે. જુઓ!

## ગાથા - ૩૭

**सस्सदमध उच्छेदं भव्वमभव्वं च सुण्णमिदरं च ।**
**विण्णाणमविण्णाणं ण वि जुज्जदि असदि सब्भावे ।।३७।।**

शाश्वतमथोच्छेदो भव्यमभव्यं च शून्यमितरच्च ।
विज्ञानमविज्ञानं नापि युज्यते असति सद्भावे ।।३७।।

अत्र जीवाभावो मुक्तिरिति निरस्तम् ।

द्रव्यं द्रव्यतया शाश्वतमिति, नित्ये द्रव्ये पर्यायाणां प्रतिसमयमुच्छेद इति, द्रव्यस्य सर्वदा अभूतपयायैः भाव्यमिति, द्रव्यस्य सर्वदा भूतपयायैरभाव्यमिति, द्रव्यमन्यद्रव्यैः सदा शून्यमिति, द्रव्यं स्वद्रव्येण सदाऽशून्यमिति, क्वचिज्जीवद्रव्येऽनन्तं ज्ञानं क्वचित्सान्तं ज्ञानमिति, क्वचिज्जीवद्रव्येऽनन्तं क्वचित्सान्तमज्ञानमिति-एतदन्यथानुपपद्यमानं मुक्तौ जीवस्य सद्भावमावेदयतीति ।।३७।।

**સદ્‌ભાવ જો નહિ હોય તો ધ્રુવ, નાશ, ભવ્ય, અભવ્ય ને**
**વિજ્ઞાન, અણવિજ્ઞાન, શૂન્ય, અશૂન્ય- એ કંઈ નવ ઘટે. ૩૭.**

**અન્વાર્થ :-** (सद्भावे असति) **જો** (**મોક્ષમાં જીવનો**) **સદ્‌ભાવ ન હોય તો** (शाश्वतम्) **શાશ્વત,** (अथ उच्छेदः) **નાશવંત,** (भव्यम्) **ભવ્ય** (**-થવા યોગ્ય**), (अभव्यम् च) **અભવ્ય** (**-નહિ થવાયોગ્ય**), (शून्यम्) **શૂન્ય,** (इतरत् च) **અશૂન્ય,** (विज्ञानम्) **વિજ્ઞાન અને** (अविज्ञानम्) **અવિજ્ઞાન** (न अपि युज्यते) (**જીવદ્રવ્યને વિષે**) **ન જ ઘટે.** (**માટે મોક્ષમાં જીવનો સદ્‌ભાવ છે જ.**)

**ટીકા : અહીં, 'જીવનો અભાવ તે મુક્તિ છે' એ વાતનું ખંડન કર્યું છે.**

**(૧) દ્રવ્ય દ્રવ્યપણે શાશ્વત છે, (૨) નિત્ય દ્રવ્યમાં પર્યાયોનો પ્રત્યેક સમયે નાશ થાય છે, (૩) દ્રવ્ય સર્વદા અભૂત પર્યાયોરૂપે ભાવ્ય (-થવાયોગ્ય, પરિણમવાયોગ્ય) છે, (૪) દ્રવ્ય સર્વદા ભૂત પર્યાયોરૂપે અભાવ્ય (-નહિ થવાયોગ્ય) છે, (૫) દ્રવ્ય અન્ય દ્રવ્યોથી સદા શૂન્ય છે, (૬) દ્રવ્ય સ્વદ્રવ્યથી સદા અશૂન્ય છે, (૭) [૧]કોઈક જીવદ્રવ્યમાં અનંત જ્ઞાન અને કોઈકમાં સાંત જ્ઞાન છે, (૮) [૨]કોઈક જીવદ્રવ્યમાં અનંત અજ્ઞાન અને કોઈકમાં સાંત અજ્ઞાન છે - આ બધું, [૩]અન્યથા નહિ ઘટતું થકું, મોક્ષમાં જીવના સદ્‌ભાવને જાહેર કરે છે. ૩૭.**

## ગાથા ૩૭ ઉપર પ્રવચન

**ટીકાઃ-** અહીં, 'જીવનો અભાવ તે મુક્તિ છે' એ વાતનું ખંડન કર્યું છે. ટીકાનો પહેલો શબ્દ. નીચે હરિગીત.

सस्सदमध उच्छेदं भव्वमभव्वं च सुण्णमिदरं च ।
विण्णाणमविण्णाणं ण वि जुज्जदि असदि सब्भावे ।।३७।।

**સદ્‌ભાવ જો નહિ હોય તો ધ્રુવ, નાશ, ભવ્ય, અભવ્યને,**
**વિજ્ઞાન, અણવિજ્ઞાન, શૂન્ય, અશૂન્ય-એ કંઈ નવ ઘટે. ૩૭**

---

**૧. જે સમ્યક્ત્વથી ચ્યુત થવાનો ન હોય એવા સમ્યક્ત્વી જીવને અનંત જ્ઞાન છે અને જે ચ્યુત થવાનો હોય એવા સમ્યક્ત્વી જીવને સાંત જ્ઞાન છે.**

**૨. અભવ્ય જીવને અનંત અજ્ઞાન છે અને જેને કોઈ કાળે પણ જ્ઞાન થવાનું છે એવા અજ્ઞાની ભવ્ય જીવને સાંત અજ્ઞાન છે.**

**૩. અન્યથા = અન્ય પ્રકારે; બીજી રીતે. (મોક્ષમાં જીવની હયાતી જ ન રહેતી હોય તો ઉક્ત આઠ ભાવો ઘટે જ નહિ. જો મોક્ષમાં જીવનો અભાવ જ થઈ જતો હોય તો, (૧) દરેક દ્રવ્ય દ્રવ્યપણે શાશ્વત છે- એ વાત કેમ ઘટે? (૨) દરેક દ્રવ્ય નિત્ય રહીને તેમાં પર્યાયોનો નાશ થયા કરે છે - એ વાત કેમ ઘટે? (૩-૬) દરેક દ્રવ્ય સર્વદા અનાગત પર્યાયે ભાવ્ય, સર્વદા અતીત પર્યાયે અભાવ્ય, સર્વદા પરથી શૂન્ય અને સર્વદા સ્વથી અશૂન્ય છે - એ વાતો કેમ ઘટે? (૭) કોઈક જીવદ્રવ્યમાં અનંત જ્ઞાન છે - એ વાત કેમ ઘટે? અને (૮) કોઈક જીવદ્રવ્યમાં સાંત અજ્ઞાન છે (અર્થાત્ જીવદ્રવ્ય નિત્ય રહીને તેમાં અજ્ઞાનપરિણામનો અંત આવે છે) - એ વાત કેમ ઘટે? માટે આ આઠ ભાવો દ્વારા મોક્ષમાં જીવની હયાતી સિદ્ધ થાય છે.)**

મુકતદશા થતાં આત્માનો આનંદ પ્રગટ થાય છે. મુકત મલિનદશાથી થાય છે. પણ વસ્તુ ને વસ્તુની શક્તિ ને વસ્તુની પર્યાયથી મુકત થતો નથી. એમ કહે છે. સમજાણું કાંઈ આમાં? ભગવાનઆત્મા મુકત થાય છે એટલે કે એની વર્તમાન દશામાં વિકાર ને દુઃખ દશા છે તેનાથી મુકત થાય છે. પણ પોતાનો દ્રવ્ય સ્વભાવ, શક્તિ સ્વભાવ અને નિર્મળ આનંદ આદિ પર્યાય સ્વભાવ એ તો એમાં અસ્તિપણે રહે છે. ઝીણી વાત છે ભાઈ આ.

પંચાસ્તિકાય પણ અધ્યાત્મ છે ને? એનું જીવનું હોવાપણું અસ્તિકાય છે ને, અસ્તિકાયનું વર્ણન છે ને? છે, ભગવાનઆત્મા છે. કઈ રીતે છે? અનાદિ-અનંત દ્રવ્ય તરીકે છે, ગુણ તરીકે પણ અનાદિ-અનંત છે, પર્યાયમાં અવસ્થા તરીકે સંસારમાં મલિન પર્યાય તરીકે છે. એ મુકતમાં મલિનતાના અભાવરૂપ થઈને નિર્મળતા વીતરાગ આત્માની દશા જે શુધ્ધસ્વભાવ છે એવો પ્રગટ થઈને જીવપણે, જીવપણે જીવપણું ત્યાં રહે છે. તે જીવપણું છે. સમજાણું?

**'અહીં જીવનો અભાવ...'** કેટલાક કહે છે ને હું જીવ છું, આવી સત્તા છે એનો અભાવ થઈ જવો એનું નામ મુક્તિ. દીવો છે ને દીવો એમાં ધુમાડો નીકળે ધુમાડો. ધુમ, ધુમાડો કાઢવો હોય તો દીવાને ઓલવી નાખવો. એટલે દીવાનો અભાવ તે ધુમાડાનો અભાવ અને પોતાનો પણ અભાવ. સમજાણું કાંઈ? એમ નથી. ભગવાનઆત્મામાં જેટલા પુણ્ય ને પાપના વિકલ્પોનો દુઃખરૂપભાવ એ ધુમ છે, ધુમાડો છે, મેલ છે, દુઃખ છે, સંસાર છે. એને નાશ કરીને કાંઈ દ્રવ્ય, ગુણ ને એની પર્યાય નિર્મળ છે એનો નાશ થતો નથી. નિર્મળ પર્યાય તો નવી ઉત્પન્ન થાય છે. એના અસ્તિપણે એ રહે છે. ન્યાય સમજાય છે કાંઈ?

જો જીવ એમ કેટલાક કહે છે ને કે ભાઈ મુકત થયો ને એટલે બીજા દ્રવ્યમાં એ ભળી ગયો. અનંત હતી ચીજ એમાં એ ભળી ગયો એટલે અભાવ થઈ ગયો એમ. મુક્તિ થઈ કે અભાવ થયો? મુક્તિ તો એને કહીએ કે જે પવિત્રતાની પ્રાપ્તિ કરે અને અપવિત્રતાથી મુકત થાય. તો તો તે પવિત્રતાની દશાને પ્રાપ્ત થયો અને અપવિત્રતાથી મુક્તિ થઈ. પણ પોતાથી જ મુક્તિ થાય અભાવ થઈ જાય તો પછી મુક્તિ કોની? જીવ તો રહ્યો નહીં. સમજાણું કાંઈ?

સંસારમાં દુઃખરૂપ દશામાં પોતાની મોજુદગી જુદી રાખે અને દુઃખની દશા નાશ થઈને મોજુદગી ગુમાવે. હેં? ન્યાય સમજાય છે કાંઈ? આહાહા! એકલો સંસારમાં ભિન્ન દુઃખથી વેદનમાં દુઃખી થઈને પોતાની સત્તા જુદી રાખે છે. બરાબર છે ને? બીજા પ્રાણી ગમે તેટલા પણ પોતાના આનંદને ભૂલી અને વિકારના ભાવને, દુઃખને ઉત્પન્ન કરી ને દુઃખના વેદનમાં પણ બીજાની સત્તાથી પોતાની સત્તા જુદી રાખે છે. તો કહે છે કે દુઃખના વેદનથી મુક્તિ થઈ ત્યારે એની સત્તા કાંઈ રહે છે કે નહીં? દુઃખથી મુક્તિ થઈ એટલે જીવની પર્યાયની નિર્મળતાથી પણ

મુકિત થઈ? અને દ્રવ્ય ને ગુણનો પણ ત્યાં અભાવ થઈ ગયો? એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા!

**'અહીં 'જીવનો અભાવ તે મુક્તિ છે' તે વાતનું ખંડન કર્યું છે...'** પરમાત્મા સિધ્ધ જયારે આ આત્મા થાય છે ત્યારે પણ પોતાની હયાતિ જીવાસ્તિ શબ્દ છે ને અહીંયા. જીવનું હોવાપણું કાયમ સિધ્ધમાં પણ રહે છે. સમજાય છે કાંઈ? નિર્મળ આનંદની પર્યાય થઈને તે જીવે છે. આ સંસારી દુઃખી થઈને જીવે છે. એટલો ફેર છે. સમજાણું કાંઈ? પણ એનું જીવનું જીવપણું મુકિતમાં અભાવ થઈ જાય છે એમ છે નહીં. હવે એ જરી લોજીકથી વાત સિધ્ધ કરે છે. જરી ઝીણી તો પડે લોકોને. એવું તત્ત્વ છે સૂક્ષ્મ! જુઓ! હવે કહે છે.

**'દ્રવ્ય દ્રવ્યપણે શાશ્વત છે...'** જો જીવ મુકતમાં પણ જીવપણે ન હોય તો જીવપણે તો દ્રવ્ય શાશ્વત છે. તો એ શાશ્વતપણું પછી સિધ્ધમાં તો રહ્યું નહીં. એમ બનતું નથી. સમજાય છે કાંઈ? આઠ બોલ કહેશે આઠ ન્યાયથી. પણ હવે આ રસ્તો જ કોઈ જુદી જાતનો છે એ રસ્તે ન ચડે તો એને પકડાય નહીં. ઊંધે રસ્તે માળો ઊંધે માથે ચાલ્યો જાય છે એમ ને એમ.

એ પછી કીધુંને ઊંધામાં સુખ માને છે એ. રાગ ને દ્વેષ ને આ અમારી ક્રિયા ને અમે કાંઈક શુભ પ્રવૃતિ કરીએ ને. કાલ નહોતા કહેતા ઢેબરભાઈ! શુભ પ્રવૃતિ તો કરવી જોઈએ. લોકસંગ્રહ કરવો જોઈએ. લોક એટલે શું? સંગ્રહ એટલે શું? પ્રવૃતિ એટલે શું? એ પ્રવૃતિ કયાં રહેતી હશે? કેમ થતી હશે એમ એનું નક્કી કરવું પડશે કે નહીં? એમ ને એમ ઓઘે ઓઘે દીધે રાખે એમ ન હાલે.

મુમુક્ષુ :- ડાહ્યા માણસ કહે તે સાચું જ હોય ને?

ઉત્તર :- ડાહ્યો કોને કહેવો આમાં? આ દુનિયાએ મોટો ઠરાવ્યો ને કાંઈક .. થયો ને ડાહ્યો થઈ ગયો? જેવી ચીજ છે અને જેવી રીતે અંદર વર્તન ઉલટુ અને સુલટુ કેમ થાય છે એની ખબરું નથી. એને ડાહ્યો કહેવો શી રીતે? હેં? અહીં તો પાગલ કહે છે. આહાહા!

મુમુક્ષુ :- પચાસ ટકા.

ઉત્તર :- હેં? સો ટકા. ગુલાબભાઈ! સમાધિશતકમાં તો ભગવાનઆચાર્ય કહે છે. આહા! પ્રભુ! તારો સ્વભાવ તો પ્રભુ આનંદ છે ને અતીન્દ્રિય નિત્યાનંદ છે ને? એ નિત્યાનંદમાંથી નીકળીને પુણ્ય-પાપના વિકલ્પો ઉઠાવવા પાગલપણું છે. આહાહા! ઘેલછાઈ છે, ગાંડાઈ છે હો તારી. આહાહા!

હોવાવાળો ભગવાન વસ્તુ અસ્તિરૂપે છે ને. અને અસ્તિરૂપે, સત્તારૂપે હોવાપણે અસ્તિકાયનું વર્ણન છે ને. હોવાપણે ભગવાનઆત્મા પોતાના દ્રવ્યપણે હોવાપણે એની દ્રવ્ય એટલે વસ્તુ થઈ એ તો, પછી એની શકિત ને એનો સ્વભાવ ને એનો ભાવ હોય ને, એનો ભાવ જે છે એ જ્ઞાન, આનંદ આદિ હોવાપણે પણ અસ્તિ ત્રિકાળી છે. સમજાય છે? એની વર્તમાન પર્યાય એટલે હાલત દશામાં સ્વભાવની

ત્રિકાળતાની સત્તાને ભૂલી અને વર્તમાનના પુણ્ય-પાપના વિકલ્પની દશાને પોતાની માની એમાં અટકેલું જીવન જે છે. એ દુઃખી જીવન છે, પાગલ જીવન છે, અજ્ઞાન જીવન છે. સમજાણું કાંઈ? આહાહા!

ત્યારે કહે છે કે પાગલપણું મટી અને આત્માને પાગલપણું જાય અને કાંઈક થાય કે નહીં એમાં? કે પાગલપણું જાય તો અપાગલપણું એટલે પવિત્રતાની દશા પ્રગટ થાય. તો પવિત્રતાની દશા સહિતનું જીવન અસ્તિપણે રહે એને સિધ્ધદશા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ભાઈ આ કાંઈ વાર્તા નથી કે કથા નથી. કે ઝટ દઈને એક રાજા હતો ને એક રાણી હતી ને રાણી રીસાણી ને રાજા મનાવવા ગયો. આવું સૌને ઘરે થાય એવું ત્યાં થાતું હોય છે. ગુલાબભાઈ! (વાર્તાકાર) એવી વાતું ગોઠવી દયે ગુલાબભાઈ ત્યાં.

મુમુક્ષુ :- લોકો વાંચી ને ખુશી બહુ થાય.

ઉત્તર :- ખુશી થાય પણ થાય ને એમાં ગોઠવણી આમથી આમ એવી કરે ને ત્યાં અંદરથી. આમ મનાવી ને પછી આમ થયું ને પછી આમ કર્યું ને પછી પેલી દાસી મોકલીને દાસીએ કીધું આમ, તેનું નો સમજી. ત્યારે પછી એક ડાહી બાઈને મોકલીને આમ કર્યું. તે એવી વાતને લડાવે ને તે ઓલાને તો ઘડીકમાં બહાર નીકળવું ન ગોઠે વાંચતા, વાંચતા. હેં? એ તો અજ્ઞાની, તો અજ્ઞાનીને પાગલને પાગલપણે સારું કહે ને એમાં શું છે?

એ... હજી એની વસ્તુ કોણ છે? બાપા! ભાઈ! અહીં તો હજી સિધ્ધપરમાત્મા થાય છે આ આત્મા. ત્યારે કહે છે કે જીવપણે જીવ રહે છે કે નથી રહેતો? કે પોતાની સત્તાને ગુમાવે તેનું નામ સિધ્ધ અને મુક્તિ કહેવાય છે? પાટણીજી! આહાહા! અરે એણે સત્‌ના સત્‌પણાનો વાસ્તવિક શું ભાવ છે એવો એણે કોઈ દિ’ અનંતકાળમાં સ્વસન્મુખ થઈને નિર્ણય કર્યો જ નથી. આહાહા! બાકીના જીવન, શું જીવન? આહાહા! સમજાણું?

કહે છે આત્મા સંસારદશામાં સંસરણમ એટલે સંસારઃ એટલે સંસાર ક્યાં રહેતો હશે જીવમાં? કાંઈ બાયડી છોકરા ને કુટુંબ ને કર્મ એ કાંઈ સંસાર નથી. સંસાર તો એને કહેવાય છે કે ભગવાનઆત્મા જ્ઞાન ને આનંદનું સચ્ચિદાનંદ સ્વભાવવાળું તત્ત્વ એમાંથી ખસીને શુભ ને અશુભ રાગ મારા છે એમાં જે આવે છે એવો જે મિથ્યાત્વભાવ એને ભગવાન સંસાર કહે છે. જીવનો સંસાર જીવની દશામાં હોય છે. જીવની ભૂલ જીવથી જુદી બીજામાં હોતી નથી. સમજાણું કાંઈ?

જીવનો સંસાર કહો કે ભૂલ કહો એ ભગવાનઆત્માની દશામાં એની ભૂલ રહે છે. વસ્તુમાં ભૂલ નથી. હેં? આહાહા! ભૂલ એ વાસ્તવિક સ્વરૂપ હોય શકે નહીં. ભૂલ એ કૃત્રિમ વિકૃત દશા છે. ભગવાનઆત્મા અકૃત્રિમ અણકરાયેલો દ્રવ્ય, ગુણ સ્વભાવનો પિંડ જે છે એ તો તદ્દન ત્રિકાળ ધ્રુવ શુધ્ધ છે. એ કરાયેલો નથી. તેમ તેમાં ભૂલ નથી અને તેમ તેમાં મેલ નથી. પણ તે દ્રવ્યસ્વભાવ ને ગુણસ્વભાવ

ત્રિકાળી એનું લક્ષ નથી અને વર્તમાન જ્ઞાનના ઉઘાડથી ઈન્દ્રિય ઉપર લક્ષ જાય છે, એથી તેટલાને પોતાનો માનીને ત્યાં મિથ્યાત્વભાવને ઉત્પન્ન કરી એ જીવ મિથ્યાત્વભાવના જીવને જીવે છે. એ સંસારદશા છે. એ એની દુઃખદશા છે. સમજાય છે કાંઈ? આ કરોડોપતિઓ કહેવાય, અબજોપતિઓ કહેવાય. રૂપાળા શરીર, બાયડીયું ઈન્દ્રાણી જેવીયું એ બધા માનતા હોય કે અમે સુખી છીએ. મૂઢમાં મૂઢ મોટા દુઃખી છે. હેં!

મુમુક્ષુ :- લોકોની માન્યતાથી તો બહુ જુદું છે.

ઉત્તર :- દુનિયાથી તો સત્ય તો જુદું જ હોય ને? અસત્યથી તો સત્ય જુદી જાત હોય.

ભગવાનઆત્મા! અરે! અનાદિનો, નિજનિધિને ભૂલી નિજનિધિ પણ અનાદિની છે અને એને ભૂલેલો ભાવ પણ અનાદિનો છે. સમજાય છે કાંઈ? એ ભૂલેલો એટલે હું રાગ છું ને પુણ્ય છું ને પાપ છું ને શરીર છું ને બાયડી છું ને છોકરા ને આ દેશ મારો ને આ ધૂળ મારી ને આ દેશનો સંગ્રહ કરો, દેશનું રક્ષણ કરો, લોકનું કલ્યાણ કરો. લ્યો આ લોકો! લોક એટલે શું? કલ્યાણ એટલે શું? લોકમાં શું થાય તો એને કલ્યાણ થયું કહેવાય?

મુમુક્ષુ :- કલ્યાણ તો ગરીબ છે એ શાહુકાર થાય તો કલ્યાણ થાય.

ઉત્તર :- પણ ગરીબ એટલે શું? એની વ્યાખ્યા શું? ગરીબની વ્યાખ્યા શું? પૈસા નથી તે ગરીબ એમ વ્યાખ્યા તો પૈસા નથી તો એની કેટલી સંખ્યા, નથી એટલે ગરીબ. કેટલી સંખ્યા નથી તેને ગરીબ કહેવો.

મુમુક્ષુ :- ખાવા પૂરતુ ન મળતું હોય તે ગરીબ.

ઉત્તર :- ખાવા પીવાના રજકણો ધૂળ મળી એટલે તવંગર થઈ ગયો? અને (ખાવા પીવાના) રજકણો ન મળે માટે ગરીબ થઈ ગયો એ કયાંની વ્યાખ્યા? સમજાય છે કાંઈ?

મુમુક્ષ :- પોતાને તો આગેવાન સમજે છે.

ઉત્તર :- આગેવાન એટલે મોટા મૂર્ખા. ગુલાબભાઈ!

અહીં તો ભાઈ ન્યાય બીજી જાતનો છે ને બાપા! અરે પ્રભુ તું ભૂલ્યો છો કેમ તેની તને ખબર નથી. આહાહા! અહીં તો કહે છે. તારા શુભભાવના ભાવે કાંઈક બીજાને લાભ થાય એવું ત્રણકાળમાં બનતું નથી. હા, એ શુભભાવને લઈને તારામાં અનર્થપણું ઉત્પન્ન થાય છે. શાંતિ ઉત્પન્ન ન થતાં અનર્થપણું પ્રયોજનમાં દુઃખ ઉત્પન્ન થાય છે. એ પોતે દુઃખ જ છે. થવું હતું કયાં? એ રાગ પોતે દુઃખ છે. કોને કહેવા આમાં? તમે એવો પ્રશ્ન નહોતો કર્યો કે આ વાત હવે અમને કેમ બેસતી નથી? તે દિ' પ્રશ્ન કર્યો હતો એક ફેરે ૯૦માં સદરમાં (રાજકોટ). આ પુણ્ય-પાપના ભર છે ને આ દુઃખ છે. અને આ ભરની (વાત) કેમ બેસતી નથી? બધાને કેમ આ બેસતી નથી? નેવુમાં સદરમાં (રાજકોટ) પ્રશ્ન

થયો હતો ભાઈ. સમજાણું કાંઈ?

પણ આ આમ ન્યાય અહીં અસ્તિકાયની વાત ચાલે છે. તું છો કે નહીં? કે અભાવરૂપ છો? અભાવરૂપ હોય એ વસ્તુ કહેવાય? એ તો ભાવરૂપ છે. અસ્તિકાય છે ને, અસ્તિકાયની વ્યાખ્યા છે ને? અસ્તિ-છે-કાય. અસંખ્યપ્રદેશી પોતે. અસંખ્યપ્રદેશી એની કાય હો, આ શરીર બરીર એની કાય નહીં. અસંખ્ય પ્રદેશ. એક પોઈન્ટ પરમાણુને મૂકે તો જેટલી જગ્યા રોકે એને પ્રદેશ કહીએ. એવો આત્મા પોતાના અસ્તિત્વના ક્ષેત્રમાં અસંખ્યપ્રદેશી પહોળો છે. એ એની કાય છે. આ શરીર એની કાય અને રાગ એની કાય એ છે જ નહીં.

એક અસંખ્યપ્રદેશી કાયમાં અનંત આનંદ આદિ ભરેલાં છે. વસ્તુ છે એમાં વસ્તુના સ્વભાવમાં વિકૃત કેમ હોય? અપૂર્ણતા કેમ હોય? ઓછપ કેમ હોય? સમજાય છે કાંઈ? ન્યાયથી તેને પકડવું પડશે કે નહીં? વસ્તુ પોતે છે.

શ્રીમદ્દે કહ્યું છે ને ભાઈ, જુઓ! જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી ખૂણામાં છે એક ખૂણામાં. જીવ એક, અખંડ, સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાનસામર્થ્ય સંપૂર્ણ છે. સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ. મહાસિધ્ધાંત. ગુલાબભાઈ! છે? ખૂણામાં છે. ઉગમણું પહેલું. હેઠે. ઉગમણું પહેલું. ઊગતો સૂર્ય ભગવાનઆત્મા કેવો છે? જુઓ! આહાહા!

જીવ આ એક હો એક. અખંડ- અખંડ છે ખંડ નથી. વસ્તુ છે ને આખી! સંપૂર્ણ દ્રવ્ય હોવાથી, વસ્તુ સંપૂર્ણ હોવાથી તેનું જ્ઞાન, અહીં જ્ઞાનથી વાત લીધી છે. આનંદ, શાંતિ એ બધું એનું સંપૂર્ણ સ્વરૂપ છે. અને એ સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય. રાગને પછાડી સ્વનો આશ્રય લઈ અને પહેલી દૃષ્ટિમાં સંપૂર્ણતાને પ્રતીતમાં અનુભવમાં લ્યે પછી સંપૂર્ણમાં સ્થિરતા થતાં, અખંડ એકમાં સ્થિરતા થતાં અખંડ એકતા પૂર્ણ કેવળજ્ઞાન આદિ પ્રગટ થાય એને સિધ્ધપદ અને સર્વજ્ઞપદ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- મહાસિધ્ધાંત! પણ અમારે એક દિવસમાં કેટલા યાદ રાખવા?

ઉત્તર :- આમાં યાદ રાખવાના કયાં છે? વસ્તુ છે આવી. હેં? બે ને બે ચાર. ચાર ચોકુ સોળ, સોળ તેરી અડતાલીસ, અડતાલીસ દુ છન્નું. એમાં પલાખાં છે એમાં યાદ કયાં રાખવા એ તો આ પ્રમાણે વસ્તુ જ છે. હેં? આહાહા! અરે પણ એનો અભ્યાસ નહીં ને અભ્યાસ નહીં. એની ચીજ છે આ અંદરમાં. આહાહા!

કહે છે કે સંસારી જીવની વાત તો આ કરી કે, પુણ્ય-પાપના કારણને સેવી અને પુણ્ય-પાપના કાર્યરૂપે પોતામાં ચાર ગતિ ઉપજાવે છે. એ તો પહેલી વાત કરી છત્રીસમાં. એ તો દુઃખદશા છે.

પણ પરમાત્મા જીવ જયારે થાય છે ત્યારે શું થાય છે કહે છે. મુકત થયો ને? મુકત થયો તો

વસ્તુથી મુકત થયો? ગુણથી મુકત થયો કે નિર્મળદશાથી મુકત થયો? કે મલિનદશાથી મુકત થયો? સમજાણું કાંઇ? મલિનદશાથી મુકત થાય છે અને નિર્મળદશાથી પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઇ? જેમ લીંડીપીપરમાં ચોસઠ પહોરી તાકાત ભરી છે અંદર. લીંડીપીપરમાં ચોસઠ પહોરી છે. એમાંથી વર્તમાનમાં કાળપ છે અને અલ્પ તીખાશ છે. એ અલ્પ તીખાશ ને કાળપનો નાશ થઇ લીલપ અને પૂર્ણ તીખાશની પર્યાયની પ્રાપ્તિ થઇ, ત્યાં શું મુકત થયો છે એ મલિન અને કાળપથી મુકત થયો છે? કે પોતાની નિર્મળ પર્યાય થઇ એમાંથી મુકત થયો છે? નિર્મળ પર્યાય તો થઇ. ચોસઠ પહોરી થઇ. ચોસઠ પહોરી એટલે રૂપિયો. એટલે સોળ આના. જે શકિત ચોસઠ પહોરી હતી પીપરમાં આટલો (નાનો) દાણો ભલે હો પણ શકિત ને સત્વનો સ્વભાવ તો ચોસઠ પહોરો અંદર પ્રગટ થાય એવી શકિત છે. કે જેથી ઘૂંટયે પ્રગટ થાય એ પ્રાપ્તની પ્રાપ્તિ છે તે મળે છે અને આવે છે. ત્યારે અંદરમાં ચોસઠ પહોરી તાકાત જે શકિત છે એની વર્તમાનદશામાં પ્રાપ્તિ થવી, એમાં અપૂર્ણતા ને મલિનતાનો નાશ થવો એમાં વસ્તુનો નાશ કયાં થાય છે? કહે છે. સમજાણું કાંઇ? એ તો મલિનદશાથી મુકિત થઇ. પણ નિર્મળ પૂર્ણ ચોસઠ પહોરી શકિતની વ્યકતતાથી તો પ્રાપ્ત, ઉત્પન્ન થયો છે. સમજાણું કાંઇ?

એમ ભગવાનઆત્મા, લીંડીપીપર તો આવડી નાની જડ છે. એ દાખલો. એ તો જડ રજકણ છે. તે પણ ઘણા રજકણોનું દળ છે. આ તો એક જ દ્રવ્ય દળ છે. એટલે એનું એક એક સામર્થ્ય પરિપૂર્ણ અનંતર છે. એવા સ્વભાવને ભૂલી અને એકલા પુણ્ય ને પાપના વિકારીભાવથી જીવન ગાળવું એ મિથ્યા જીવન, દુઃખ જીવન, સંસાર જીવન છે. બહિરાત્મ જીવન છે એ. એ નિગોદથી માંડીને મિથ્યાદષ્ટિ નવમી ગ્રૈવેયકે ગયો એ જીવને જીવે છે. હવે જયારે સાધક થાય છે ત્યારે ભગવાનઆત્મા પૂર્ણ શુધ્ધ આનંદ છે એવી દષ્ટિ થતાં શુધ્ધતાની નિર્મળ પર્યાય એ અપૂર્ણ નિર્મળ પર્યાયથી જીવન તે સાધકનું જીવન કહેવામાં આવે છે. અને નિર્મળ પૂર્ણ પર્યાયની પ્રાપ્તિનું જીવન એ સિધ્ધનું જીવન છે.

ચોસઠ પહોરીમાંથી પચાસ, સાંઇઠનું જીવન થાય એ અપૂર્ણ છે. ચોસઠ પહોરી પૂરી પ્રગટ થાય એ પૂરી છે. એમ પરમાત્મા આ આત્મા સિધ્ધ થતાં પોતાના આનંદ ને જ્ઞાન જે શકિતરૂપે, સ્વભાવરૂપે, સત્વરૂપે, પરિપૂર્ણ એકરૂપ, અખંડરૂપ છે એને એકાગ્રતાથી ઘૂંટતા દશામાં પરિપૂર્ણતા પ્રગટ થઇ એનું નામ સિધ્ધદશા. એમાં જીવનું દ્રવ્યપણું રહ્યું, ગુણપણું રહ્યું અને પર્યાયપણું રહ્યું. ત્રણે રહ્યું છે.

સિધ્ધમાં પર્યાયપણું રહેતું હશે કે નહીં? પર્યાય પણ એનો પર્યાયધર્મ સ્વભાવ છે. ઓલા કહેતા હતા ને કે તમારે પર્યાય તો હજી સિધ્ધમાં પણ હોય? હેં? પાછળ પડી છે? ખબર ન મળે બિચારાને. ભાષણ કરે મોટા મોટા. દાઢી રાખે,ઓલા રાખે. લાખોપતિ માણસ બે, પાંચ, દસ લાખ હોય. બંગલો હોય બે ચાર લાખનો. અને એની આબરૂ બહારમાં મોટી કહેવાય. ભાષણ દ્વારા લૌકિક કાર્યકર્તા તરીકે જો મોઢા આગળ પડે તો. હું તો પૈસાવાળો માણસ અમને કયાં સ્વાર્થ છે. જુઓ! મારે ભલે ગપ્પા.

ઘણાય કહેતા હતા. ભોપાલમાં ગૃહસ્થ છે આ ભગવાનદાસ માલ્યલા કે આ પર્યાય તો કહે હજી વળગી રહી? હવે જૈન કહેવાય. તારણસ્વામીના ભગત એનેય ખબર ન મળે. અને ભાષણો કરે આ લોકના એવા કરે ને, લોકો તો, ઓહોહોહો!

કાલ ભાઈએ કહ્યું નહોતું? કે આ બધી ભ્રમણા છે. ભ્રમણાનું ભાષણ કરવા આવ્યો છું અહીં. ત્યાં. એ તો અહીંની હા એ હા ભ્રમણા હો, એની હા એ હા ની ભ્રમણા નથી. એ કાંઈ માને ભ્રમણા? એ તો કહે અમે ઠીક કરીએ. અમારી લાયકાત પ્રમાણે આ પ્રવૃત્તિ હોય જ એમ. પણ પ્રવૃત્તિની વ્યાખ્યા શું? શું આ શરીરની પર્યાયની પ્રવૃત્તિ તમારે કરવી છે? કરી શકો છો?

મુમુક્ષુ :- બોલવાની તો કરાય.

ઉત્તર :- બોલવાની તો જડની પર્યાય છે. એ પ્રવૃત્તિ તમારાથી છે? તમારા અસ્તિત્વમાંથી એ ભાષાની પર્યાયનું અસ્તિત્વ ઊઠે છે? તમારી પ્રવૃત્તિમાં એટલો વિકલ્પ થાય કે આનું આમ થાય ને આનું આમ એ શુભ. શુભરાગ છે એ તો દુઃખ છે.

મુમુક્ષુ :- બધાય તાલીઓથી વધાવે છે.

ઉત્તર :- વધાવે છે બધાય એવા હોય. છોકરો પરણીને આવે છે તો વધાવે છે કે નહીં?.... માં નાખ્યો. ઓલો કહે છે ને સમજ્યાને? હા, ઈ ધોળું લુગડું ને એવું બધું કાંઈક બતાવે છે. ઓલા આવે છે ઓલાને. હેં? દાદુ કહે, શું કીધું? હા, દાદુ દુનિયા બાવરી ખોટા કરે ગલ. આ ગાડે બેસાડીને હેડ લાવ્યા ને જાણે જીત્યા ટોડરમલ્લ. બાયડી આવે અને એમાં કાંઈક રૂપાળી હોય ને એમાં બે, પાંચ લાખ લઈને આવી હોય. શું કહેવાય? કરીયાવર. આહાહા! ધૂળેય નથી સાંભળને, મસાણના કરીયાવર છે તારા.

અરે ભગવાન! તારી જાતમાં તું છે, તારા ખજાને ખોટ નથી એ તો અનંત-આનંદનો નાથ છે. એની જેને ખબરું નથી એ બહારમાં આ લઈને આવ્યા તો જાણે, આહાહાહા! જાણે હવે તો ટોડરમલ્લ જીત્યા જાણે. જીત્યા ટોડરમલ્લ. ગાડે બેસાડીને હેડ લાવ્યા. હવે થઈ રહ્યું. બેના ચાર પગ થયા. તો પશુ થયો. પહેલાં બે પગ હતા. બે પગવાળો હતો. બાયડી થઈ તો ચાર પગવાળો થયો. પશુ થયો. એમાં છોકરો થાય તો છ પગવાળો થયો. છ પગવાળો કોણ કીધો ભમરો. ભમરાને છ પગ હોય ભાઈ. હેં? વર્ણીજીના ઓલામાં નાખ્યું છે. હા છ. અને પાછો બીજો છોકરો થયો તો બે છોકરા થયા તો છોકરાને પરણાવે ત્યાં આઠ પગ થયા. કરોડિયાને આઠ પગ હોય. એ ભીખાભાઈ!

એ વર્ણીજીએ નાખ્યું છે ઓલા અર્થ કર્યા છે. સમયસારના અર્થ બે પગ, ચાર પગ, છ પગ અને આઠ પગ. થઈ રહ્યું હવે કરોડિયો ગૂંચાઈ ગયો આઠ થયા એટલે. હવે છોડીનું આમ કરવું ને મોટી થઈ છે ને. એના પ્રમાણમાં આપણા કુળની આબરૂ પ્રમાણે વર ગોતવો જોઈએ. સાધારણ ન હોય. સમજાય છે ને, આપણી કન્યા મોટી. આપણે પાંચ, પચીસ લાખના, પચાસ લાખના આસામી. કોઈ ભણેલો ગણેલો વિલાયતમાંથી

આવ્યો હોય ને તે મોટી ઉંમરનો હોય, કારણ કે ભણીને આવ્યો હોય તો પચીસ-ત્રીસ વર્ષ તો થાય ને? એવો ગોતે. પછી ગોતીને હેરાન હેરાન થાય. માખણ ચોપડે કેટલા ત્યારે ઓલો માંડ માંડ હજી હા પાડે.

મુમુક્ષુ :- આ તો ઘણી ભલામણ લાવવી પડે.

ઉત્તર :- અરરર! આ દુઃખના દરિયામાં ગૂંચાણા છે. અને માને છે કે અમે સુખી છીએ. પાટણીજી! તમારે મોટા આબરૂવાળા ને બહુ લાંબા, ગોતવું પડે સરખું. હા, સરખું ઘર હોય, સરખો વર હોય, સાધારણ નમાલો વર હોય અને સાધારણ નમાલું ઘર હોય તો (એમ કહે) તમને કન્યા દેતાંય આવડી નથી. આટલીય આવડત નથી તમારા ઘર પ્રમાણે? અરે ઘર શું કહેવાય સાંભળને? આહાહા! ગાડે બેસાડીને હેડ લાવ્યા અને જાણે જીત્યા ટોડરમલ્લ. ચાર પગ થયા અને તેના નભાવવાની મમતા ને ભ્રમણાનો પાર ન મળે. ભગવાન ભૂલી ગયો પોતાની જાતને.

હું કોણ છું, ક્યાંથી થયો, શું સ્વરૂપ છે મારું ખરું. લ્યો, શ્રીમદ્દે કર્યું છે ને ભાઈ! નાની ઉમરમાં. સોળ વર્ષે. બહુ પુણ્ય કેરા પુંજમાં હું કોણ છું ક્યાંથી થયો, શું સ્વરૂપ છે મારું ખરું. હું કોણ છું કે આત્મા. ક્યાંથી થયો તો છે ઈ થાય ક્યાંથી? છે. ખરું સ્વરૂપ શું છે? ખરું સ્વરૂપ તો જ્ઞાન ને આનંદ છે. કોના સંબંધે વળગણા છે રાખું કે એ પરિહરું. એના વિચાર વિવેક પૂર્વક શાંત ભાવે જો કર્યા, તો સર્વ આત્મિક જ્ઞાનના સિધ્ધાંત તત્ત્વો અનુભવ્યા. આહાહા! સોળ વર્ષે કહે છે. આત્મજ્ઞાન સિધ્ધાંત તત્ત્વો. આત્માના જ્ઞાનના સિધ્ધાંત તત્ત્વો અનુભવ્યા. ઓહો!

ભગવાનઆત્મા તો સચ્ચિદાનંદ આનંદ શુધ્ધ પવિત્ર છે ને. વિકાર વિકૃતભાવ તે દુઃખરૂપ, પર, મેલ અને આકુળતા છે. એમ સિધ્ધાંતના તત્ત્વો જે વસ્તુ છે એમ નિર્ણય થતાં સ્વભાવ સન્મુખનો આશ્રય થાય અને વિભાવનો આદર ટળે આ ત્યારે સત્‌ના સ્વભાવનો સ્વીકાર થયો કહેવામાં આવે. સમજાણું કાંઈ? એવા સ્વભાવના સ્વીકારવંતને પૂર્ણ પ્રાપ્ત દશા થાય ત્યારે ત્યાં જીવપણું રહે છે કે નહીં? એ અહીં પ્રશ્ન છે. દ્રવ્ય દ્રવ્યપણે શાશ્વત છે. જો દ્રવ્ય દ્રવ્યપણે શાશ્વત છે તો જીવ પણ સિધ્ધમાં શાશ્વત છે. દ્રવ્યપણું સિધ્ધમાં પણ છે. સમજાણું કાંઈ? જેમ સંસારમાં પણ જીવ દ્રવ્યપણે તો છે ને કાયમ. એમ સિધ્ધમાં પણ દ્રવ્ય વસ્તુ તરીકે તો શાશ્વત છે. સમજાણું કાંઈ?

**'બીજો બોલ. નિત્ય દ્રવ્યમાં પર્યાયોનો પ્રત્યેક સમયે નાશ થાય છે...'** જુઓ! શું કહે છે એ. કે ક્ષણે ક્ષણે અવસ્થા બદલાય છે. પૃથક દેખાય છે ને. નિત્ય વસ્તુ હોવા છતાં તેની દશામાં અવસ્થા બદલાયા કરે છે. તો બદલવાપણું જો ન હોય તો જીવપણું રહેતું નથી. માટે સિધ્ધમાં પણ બદલવાપણું રહે છે. દ્રવ્યપણે જીવ શાશ્વત છે સિધ્ધમાં અને પર્યાયપણે અવસ્થા બદલે છે. આનંદનો અનુભવ સમયનો તે બીજે સમયે રહેતો નથી. આહાહા! સંસારદશાનો નાશ અને પરમાત્મદશાની ઉત્પત્તિ એવી પર્યાય ઊપજે છે અને પહેલી પર્યાય જાય છે. એવું જ વસ્તુનું સ્વરૂપ છે. એવું જો સ્વરૂપ

છે તો સિધ્ધમાં પણ આ જીવનું આવું જીવપણું છે. દ્રવ્યે નિત્ય છે અને પર્યાયે અનિત્ય ક્ષણે ક્ષણે બદલે છે એવું ત્યાં ઘટે છે. જીવ હોય ત્યાં આવું હોય. આરે! પર બદલે કે ઘટે એની અહીં વાત લેવી નથી. વસ્તુ પોતે ધ્રુવ છે. છતાં એની દશામાં પલટો- પલટો, બદલવું થયા જ કરે છે. બદલવું ન થાય તો તો કાર્ય શુધ્ધ ન થાય અને અશુધ્ધ ટળે નહીં. સમજાણું કાંઈ?

તો કહે છે **'નિત્ય દ્રવ્યમાં...'** નિત્યદ્રવ્યમાં પાછી ભાષા એવી છે. હા, **'પર્યાયોનો...'** અવસ્થાનો, **'પ્રત્યેક સમયે...'** પ્રત્યેક સમયમાં જયારે વિચાર બદલાય છે, તો નાના નાના કાળમાં જ વિચાર બદલાય છે. અને વિચાર બદલાય એટલે પહેલા સમયની વિચારધારા ગઈ, બીજા સમયની વિચારધારા થઈ. એવો જ દ્રવ્યનો પર્યાય સ્વભાવ છે. એવો સ્વભાવ સિધ્ધમાં પણ છે. પર્યાય ત્યાં પણ પલટે છે એમ કહે છે. સિધ્ધપણું છે એ તો પર્યાય છે. એ કાંઈ ગુણ નથી. ગુણ તો ત્રિકાળી છે. સંસાર પણ ગુણ નથી. અવગુણની પર્યાય વિકૃતદશા છે. એ દશાનો વ્યય થઈ અને નિર્મળદશાની ઉત્પત્તિ થાય છે. એવો જ દ્રવ્યનો સ્વભાવ છે. જો આવો સ્વભાવ છે તો સિધ્ધમાં પણ તે ઘટે છે. એમ કહે છે. જીવનું જીવપણું આવું છે એ સિધ્ધમાં પણ ત્યાં ઘટે છે. આવું ન હોય તો જીવપણું જ સિધ્ધ થતું નથી. સમજાણું કાંઈ? ભારે આકરું કામ!

**'ત્રીજો બોલ. દ્રવ્ય સર્વદા અભૂત પર્યાયોરૂપે ભાવ્ય (થવા યોગ્ય, પરિણમવા યોગ્ય) છે...'** ભવિષ્યની પર્યાયરૂપે, થવાલાયકરૂપે એ પરિણમે છે. કહો બરાબર છે? જીવ આનંદ આદિની નવી નવી પર્યાયપણે પરિણમવાને લાયક છે. એવું સિધ્ધમાં પણ છે. કેમ છે? કેમ? હતું કાંઈ? સમજાણું? શું કીધું આ? **'સર્વદા અભૂત...'** પર્યાયે વસ્તુ વસ્તુપણે રહી, સર્વદા નહીં થયેલી એવી પર્યાયપણે પરિણમે છે. ભૂતકાળની પર્યાય થઈ ગઈ એ પણે પરિણમે, થાય નહીં. ભવિષ્યપણે થયા જ કરે છે એવો જ એનો સ્વભાવ છે. શું કીધું?

**'દ્રવ્ય સર્વદા અભૂત...'** એટલે નહીં થયેલી નવી નવી કેમ કે પર્યાય બદલાય છે. વસ્તુ- દ્રવ્ય નિત્ય છે. અવસ્થા બદલાય છે. બદલાય છે તો નહીં પરિણમેલી દશારૂપે પરિણમે છે. ક્યાં સુધી? અનંતકાળ સુધી. સર્વદા શબ્દ છે ને. ભવિષ્યમાં હવે સિધ્ધની પર્યાય પરિણમતી અટકી ગઈ. છેલ્લી પર્યાય સિધ્ધની આવી ગઈ. એમ હશે કે નહીં? છેલ્લી એટલે શું? વસ્તુ છે અને વસ્તુનું બદલવું છે. એ બદલવું ને દ્રવ્યપણું સર્વદા રહે છે. તો સિધ્ધમાં પણ તે નિર્મળ થયેલી પર્યાય નવી નવી પરિણમતા, પરિણમતા સદાય રહ્યા કરે છે. અહીં સંસારમાં પણ વિકારનો અનુભવ નવો નવો થતાં ટકે છે. નવો નવો વિકારનો અનુભવ છે. ત્યાં નિર્વિકારી પર્યાયનો નવો નવો અનુભવ થતો ભવિષ્યમાં નહીં થયેલી (પર્યાય)પણે પરિણમે છે. સમજાણું કે નહીં આમાં? આ તો ન્યાયથી તો વાત આવે છે ભાઈ હવે પણ હવે શું થાય? જેને, જે પંથે ગયો નથી, એને એ લાગે હાવ જેવું લાગે, હાવ જેવું. આ તે શું છે? હેં? આહાહા!

જુઓને આચાર્યોએ કામ કર્યા છે ને. આહાહા! ગજબ કામ કર્યા છે આડત્રીસ ગાથામાં. ભાઈ! આત્માની સંસારદશાનું વર્ણન તો છત્રીસ ગાથામાં કર્યું. એ પોતે વિકારના પરિણામના કારણપણે પરિણમતો કાર્યપણે ગતિને પોતામાં ઉપજાવે છે. એ રીતે સંસારમાં સદાય પરિણમન વિકારનું, દુઃખનું થયા કરે છે. ત્યારે હવે સિધ્ધ થયો એમાં? સિધ્ધ થયો એમાં પણ પરિણમન તો સદાય છે. દ્રવ્ય સદાય છે, પરિણમન સદાય છે. એ પરિણમન ભવિષ્યનું નથી થયું તે નવું નવું પરિણમ્યા જ કરે છે. આહાહા!

ચોસઠ પહોરી પર્યાય લીંડીપીપરમાંથી પ્રગટ થઈ. પણ એ ખરેખર એવી ને એવી દેખાય પણ નવી નવી થાય છે. જુઓ! આ શરીર. જુઓ! આ અવસ્થા દેખાય છે. આવી ને આવી લાગે છે. એવી ને એવી નથી. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એક સમયમાં આ પર્યાય નવી નવી થયા કરે અને જૂની જાય છે. પણ સદશ જેવું લાગતા એવી ને એવી છે એમ લાગ્યા કરે છે. અને એવી જો ન હોય તો એની સ્થૂળતા જે કઠણ છે એ નરમ પડી ગઈ, લીલરી થઈ. એ પર્યાય ક્ષણે ક્ષણે બદલતી ન હોય તો લીલરી થઈ ક્યાંથી? અને નાનામાં નાના કાળમાં બદલવું ન હોય તો બે સમયે બદલે એનો અર્થ શું? જેનો બદલવાનો સ્વભાવ છે એ તો એક જ સમયે બદલે છે. પણ સૂક્ષ્મતા એને પકડવામાં ન આવે એટલે એમ લાગે કે આ આવી ને આવી આંગળી છે. એમ નથી. અંદર જે પરમાણુઓ છે એને પરમાણુમાં ગુણ છે એ નિત્ય છે. પણ આ અવસ્થા છે એ તો ક્ષણ ક્ષણે નવી નવી થયા કરે છે. આ આમ છે, આમ થઈ, આમ થઈ, આ થઈ એ પર્યાય નવી નવી થયા કરે છે. આહાહા! સમજાણું કાંઈ? આમ તો સરખી ને સરખી લાગે. જુઓ! આવડી આંગળી આમ કેટલા વર્ષથી આમ ને આમ. આ વેઢો ને આ વેઢો ને આ ને. વેઢો એવો ને એવો લાગે જાણે. જુઓ! ચીકણો આ કેવો વેઢો ચીકણો ન લાગે આમ. આંકો ખરો ને આંકો. એવો ને એવો લાગે. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં તેમાં પલટો મારે છે. પણ સ્થૂળ દૃષ્ટિવાળા સદશતાને દેખીને આની આ દશા છે એમ માને છે. સમજાણું કાંઈ?

એમ સિધ્ધમાં પણ જયારે દ્રવ્યે સિધ્ધ નિત્ય છે. પર્યાયે બદલે છે. તો એ પર્યાય નવી નવી આનંદરૂપે નવી ચિદાનંદની પર્યાયપણે થયા કરે છે એમ કહે છે. થવા યોગ્ય દેખો, **'દ્રવ્ય સર્વદા અભૂત...'** એટલે નહીં થયેલી **'પર્યાયોરૂપે (થવા યોગ્ય પરિણમવાયોગ્ય) રૂપે થાય છે...'** તો સિધ્ધમાં પણ આનંદ ને કેવળજ્ઞાનની પર્યાય નવી નવી થવા યોગ્ય થયા કરે છે. આહાહા! ભારે કામ આકરું! બેસવું અંદરમાં! આ તો ભેજું છે, આ તો હાડકા છે, આ તો ક્યાં આ તો જડ છે. ઓલો ચૈતન્યબિંબ જે જ્ઞાનનો પિંડ છે એમાં આ વાત બેસવી જોઈએ. જ્ઞાનમાં જ્ઞાન થવું જોઈએ. આ કાંઈ જ્ઞાન નથી. આ તો માથું જડ છે આ.

જાણનારો ગયો પછી એને કહે કે ત્યારે આનું શું કરવું? કોણ સાંભળતું હતું? જાણનારો ન મળે. ગયો તે તો. માથું પડ્યું રહે. આવું લ્યો! આનું શું કરવું? આ દસ હજાર રૂપિયા તમે દિકરીને નામે લખ્યા

છે ને મારે હમણાં દેવા કે વ્યાજે દેવું, કેટલા વર્ષે દેવું? જાણનારો ન મળે. માથા ભેગા ને પછાડે ને વાત કરે તો કોણ સાંભળે ત્યાં? જડ છે આ તો. ઓલો જાણનારો જ્ઞાનસ્વરૂપી પ્રભુ! એમાં જ્ઞાનમાં ભાન થતું હોય તો ગયો. આહાહા! હેં? એ આ શરીરરૂપે નહોતો, શરીરમાં નહોતો, શરીરના હોવાપણાને લઈને નહોતો. એ તો પોતાના હોવાપણાને લઈને હતો. સમજાણું કાંઈ?

મારે! આવી કહે ધર્મકથા ઓલા તો કહે કે દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરવા, પોષા કરવા, બે, ચાર, પાંચ પુસ્તકો બનાવી દેવા. પૈસા ખર્ચવા, તો સમજાય તો ખરું ઊંધુ! હેં? કરી શકે નહીં અને કરી શકું એમ માને. ઊંધુ છે. **'દ્રવ્ય સર્વદા...'** સર્વદા એટલે જ્યાં સુધી દ્રવ્ય પોતે રહે છે ત્યાં સદાય તેમાં ચિદાનંદની પરિણતિ નિર્મળાનંદ થયા જ કરે છે. ભવિષ્યની પર્યાય થયા જ કરે છે. એવો જીવનો સ્વભાવ છે તો જીવનો સ્વભાવ સિધ્ધમાં પણ એવો રહે છે. એમ કહે છે. જીવનું જીવપણું સિધ્ધ કરવું છે ને?

જીવો, ત્યાંથી ઉપાડયું છે ને સત્યાવીસમી ગાથા. પછી ચેતયિતા પછી લેશે ચેતયિતા. એ પછી જ આવે છે. બસ આડત્રીસમી ગાથામાં બીજો બોલ આવે છે. અહીં સાડત્રીસમાં જીવનું જીવપણું સિધ્ધ કરવું છે. સમજાણું કાંઈ? ભાઈ આ તો આત્માની ભાગવત કથા છે. એ કથા સાંભળવામાં પણ જરી એને ઘણી યોગ્યતા અને જરી એકાગ્રતા જોઈએ. એવી વાત છે. અનંતકાળથી એની ચીજ શું છે એવું એણે સાંભળ્યું નથી. શાસ્ત્ર તો એમ કહે છે. સાંભળ્યું નથી કહે છે. તારી જાતમાં ઉલટા, સુલટાપણું શું છે અને સ્વભાવનું કાયમપણું શું છે. એ વાસ્તવિકપણે તે સાંભળ્યું નથી. સાંભળ્યું હોય તો જાગ્યા વિના રહે નહીં. એમ કહે છે. સમજાણું કાંઈ?

**'ચોથો બોલ. દ્રવ્ય સર્વદા ભૂત પર્યાયોરૂપે અભાવ્ય...'** વસ્તુનો એવો સ્વભાવ છે કે ગઈ અવસ્થા ગઈ, ગઈ અવસ્થા ગઈ, હવે તે રૂપે, હવે થાય નહીં. સમજાણું કાંઈ? વર્તમાનથી માંડીને ગયા કાળમાં જેટલી અવસ્થાઓ થઈ એ અવસ્થાપણે હવે ન થાય. એ તો ગઈ. કહો, સમજાણું કાંઈ? **'દ્રવ્ય સર્વદા ભૂત...'** નામ ગયા કાળની **'પર્યાયોરૂપે અભાવ્ય (નહિ થવાયોગ્ય) છે...'** તો સિધ્ધમાં પણ એમ છે એમ કહે છે. સમજાણું? સિધ્ધમાં પણ જે પર્યાય થઈ ગઈ તે પણે હવે થાય નહીં. નવી નવી થાય. થઈ એ રૂપે ન થાય. થઈ ગઈ એ રૂપે ન થાય. નહીં થઈ એ રૂપે થાય. આરે! આવી વસ્તુ શું છે! અસ્તિત્વ સિધ્ધ કરવાનો ન્યાય મૂકયો છે આખો. ચાર બોલ થયા.

**'પાંચમો બોલ. દ્રવ્ય અન્ય દ્રવ્યોથી સદા શૂન્ય છે...'** જે કોઈ તત્ત્વ હોય તે પરથી અભાવસ્વરૂપ હોય. શૂન્ય એટલે પરથી અભાવસ્વરૂપ ન હોય તો પોતે અને પર બેય એક થઈ જાય છે. **'દ્રવ્ય અન્ય દ્રવ્યોથી...'** ભગવાનઆત્મા કે કોઈપણ પરમાણુ **'અન્ય દ્રવ્યો...'** એટલે પોતાના તત્ત્વથી અનેરા તત્ત્વથી **'શૂન્ય છે...'** ખાલી છે. આ આંગળી છે એ આ આંગળીથી ખાલી છે. શૂન્ય

છે. આ આંગળી આ આંગળીપણે પરિપૂર્ણ છે. અને આ આંગળીમાં આ આંગળીનું શૂન્યપણું છે. ખાલી છે. આ આંગળી આમાં છે નહીં.

એમ એક દ્રવ્યમાં દ્રવ્યપણાના પોતાના અસ્તિપણે શૂન્ય નથી, અશૂન્ય છે. પૂર્ણ છે. પરદ્રવ્યોથી શૂન્ય છે. આવો દ્રવ્યનો સ્વભાવ છે તો સિધ્ધમાં પણ એમ રહે છે. એમ કહે છે. જીવનું જીવપણું શું પણ સિધ્ધ કરવાની (પદ્ધતિ). આહાહાહા! કહો, સમજાય છે આમાં? વસ્તુ અન્ય દ્રવ્યોથી એટલે અન્ય વસ્તુથી તો સદા શૂન્ય છે. ભગવાનઆત્મા કર્મ, શરીરથી તો ખાલી છે આત્મા. ખાલી છે કે ભરેલો છે? આ શરીર, વાણીપણે જે શરીર શરીરપણે રહ્યું છે એ શરીરથી આત્મા ખાલી છે. શરીર આત્મામાં નથી. શરીરનું શૂન્યપણું છે આત્મામાં. શૂન્યપણું ન હોય તો સ્વ ને પર બેય એક થઈ જાય. ન્યાય સમજાય છે? પરનું સ્વદ્રવ્યમાં શૂન્યપણું અભાવપણું ન હોય તો પોતે અને પર બે ભાવપણે એક થઈ જાય. એમ હોય શકે નહીં. સમજાય છે કાંઈ આમાં? આહાહા!

સદા શૂન્ય હો! અનાદિ-અનંત સ્વદ્રવ્ય પરદ્રવ્યથી શૂન્ય છે. હવે પરદ્રવ્યથી શૂન્ય છે એ પરદ્રવ્યનું શું કરે? આ વાણીનું ને આ હાલવાનું ને આ બોલવાનું ને. સવારથી ઊઠે તો કેટલું ધ્યાન રાખે છે. જુઓને નહાય, પછી પટીયા પાડે, પછી મોઢું કાચમાં જુએ આમ આમ. ના આ અત્યારે બહુ કરે છે ને શું કહેવાય? અરીસામાં જુએ! જો ને એમ લ્યો પટીયામાં. પછી ઓલું કરે. બે ભાગ પાડે વાળના. પાડે છે ને. આની કોરના આમ અને આની કોરના આમ. તેલ ચોપડે પછી. નો મળે એ બિચારા પાણી ચોપડે. ને ઓલી તો ટોપી ઢાંકીને રહેતી ને એટલે બહુ વાંધો નહોતો. હવે તો ઉઘાડા માથા એટલે ઊડે ફટ પવનથી ઊડે. એટલે એને તેલ બેલ ચોપડવું જોઈએ. એને ઉપાધિ વધી ગઈ.

અહીં કહે છે પણ એ પરદ્રવ્યથી શૂન્ય છો. આહાહા! સ્વદ્રવ્યમાં પરદ્રવ્યથી ખાલી સ્વદ્રવ્ય છે. પણ પોતાથી, પૈસા એ પરદ્રવ્ય છે અને સ્વદ્રવ્યમાં પરદ્રવ્યની શૂન્યતા છે. આત્મામાં પૈસા નથી. (મુમુક્ષુ :-નથી સાવ?) કેમ હશે? આત્મામાં કર્મ નથી, આત્મામાં શરીર નથી, આત્મામાં પૈસા નથી, આત્મામાં બાયડી, છોકરા કોઈ ચીજ આત્મામાં નથી. એનાથી તો શૂન્ય છે. જયારે પરથી શૂન્ય છે તો તે દ્રવ્યનું ટકવું બની શકે છે તો સિધ્ધ પણ પરદ્રવ્યથી શૂન્ય છે. જેટલા બીજા સિધ્ધો છે તેનાથી પણ એક સિધ્ધ શૂન્ય છે. આહાહા! ભાષા તો જુઓ એ? સિધ્ધપણામાં જીવપણું સિધ્ધ કરે છે. સમજાણું? અનંત સિધ્ધો છે ને. તો બીજા સિધ્ધોથી એક દ્રવ્ય શૂન્ય છે. આહાહા!

**'છઠ્ઠો બોલ. દ્રવ્ય સ્વદ્રવ્યથી સદા અશૂન્ય છે...'** લ્યો! આ દ્રવ્ય પદાર્થ પોતાથી પરિપૂર્ણ છે. અશૂન્ય એટલે શૂન્ય નથી. સંપૂર્ણ છે. સમજાણું કાંઈ? દરેક દ્રવ્ય, ત્યારે આવું જયારે સ્વરૂપ છે તો સિધ્ધમાં પણ આ રીતે ઘટે છે. માટે સિધ્ધમાં આવું જીવપણું છે એમ સિધ્ધ કરે છે. સમજાણું કાંઈ? દ્રવ્ય એટલે વસ્તુ. સ્વદ્રવ્યથી પોતાના વસ્તુથી સદા ભરેલી છે. અશૂન્ય છે. પોતાના જ્ઞાન, દર્શન,

આનંદથી ભગવાન ભરેલો છે. પરથી ખાલી છે. સ્વભાવથી શૂન્ય નથી. સ્વભાવથી અશૂન્ય છે. એટલે પરિપૂર્ણ છે. આહાહા! તો સિધ્ધભગવાન પણ સ્વભાવથી પરિપૂર્ણ છે. અને પર સિધ્ધથી શૂન્ય છે. બે સિધ્ધ એક થઈ જાય એમ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ?

અનંતમાં અનંત ભળી ગયો. એમ નથી કહેતા માણસ? જયોતમાં જયોત મળી. એ ના પાડે છે. એમ નથી. તને ભાન નથી. પરદ્રવ્યથી તો જીવ શૂન્ય છે. સિધ્ધમાં પણ પરદ્રવ્યથી તો શૂન્ય છે. અનંતા બીજા આત્માઓ અને અનંતા સિધ્ધો, અનંતા પરમાત્મા, નિગોદના આદિ જીવો એનાથી એક સિધ્ધ શૂન્ય છે. ખાલી છે. અભાવરૂપ છે. શૂન્ય કહો કે અભાવરૂપ કહો. અને પોતાના ભાવથી, દ્રવ્યથી તે અશૂન્ય છે. એટલે ખાલી નથી. પોતાના ભાવથી ભરેલો છે.કહો, સમજાણું કાંઈ?

જયારે આવું જ વસ્તુનું સ્વરૂપ છે તો સિધ્ધમાં પણ એવું જ ઘટે છે. એમ સિધ્ધ કરે છે. બે બોલ ઝીણા છે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :-૩૮ ગાથા - ૩૭/૩૮
## માગશર વદ-૧૪ મંગળવાર તા. ૬/૧/૭૦

પાંચ અસ્તિકાયનું વર્ણન છે. ભગવાને કેવળજ્ઞાનમાં ષટ્દ્રવ્યનું હોવાપણું અને પાંચ અસ્તિકાયનું હોવાપણું. કાળ છે તે અસ્તિ છે પણ કાય નથી. એટલે બે પ્રકારનું વર્ણન કર્યું. હવે એમાં જીવનો સ્વભાવ જીવત્વ શું છે તે ચાલે છે. કોઈ કહે કે ભાઈ આ મુકિત થઈ, સંસારમાં તો વિકાર કરતો પોતાની સત્તા જુદી રાખે. સમજાણું?

વિકાર કરે રાગ અને દ્વેષ અને મિથ્યાત્વ એથી તો સંસારમાં એની જીવની હયાતિ બીજા તત્ત્વથી જુદી રહે. પણ રાગ-દ્વેષ ને અજ્ઞાન ટળવાથી પવિત્રતા જ્યાં પ્રગટી, પછી તો બીજા જીવ ત્યાં મુક્તિમાં છે એમાં ભળી જાય કે જુદો રહે? જુદો ચોકો હોય એમ કહેતા હતા. ભાઈલાલભાઈ હતા ને. બરવાળા. પાનાચંદભાઈના બાપ. હવે ત્યાં પણ જુદો ચોકો સિધ્ધમાં પણ? સંસારીમાં તો જુદા ઓટલા હોય. જુદા વિકાર કરે ને જુદું. રાગ ટળ્યો, અજ્ઞાન ટળ્યું ને આત્મા વીતરાગસ્વરૂપે પૂર્ણ પવિત્રપણે પ્રાપ્તિ થઈ. એ જીવ પછી ત્યાં જીવમાં ભળી જાય ને? જીવનો ત્યાં અભાવ થઈ જાય ને એનું નામ મુકિત. કહે ના, ના એમ છે નહીં.

**'અહીં 'જીવનો અભાવ તે મુક્તિ છે' એ વાતનું ખંડન કર્યું છે...'** છ બોલ ચાલ્યા છે આપણે. એક તો **'દ્રવ્ય દ્રવ્યપણે શાશ્વત છે...'** વસ્તુ છે એ વસ્તુપણે તો કાયમ રહે. તો જીવ

સિધ્ધનો પણ જીવ છે. તો જીવપણું એનું દ્રવ્યપણે કાયમ રહે. ત્યાં સિધ્ધમાં પણ કાયમ રહે છે. દ્રવ્યપણું કાંઈ જાય?

**'નિત્ય દ્રવ્યમાં પર્યાયોનો પ્રત્યેક સમયે નાશ થાય છે...'** અને દરેક પદાર્થમાં અવસ્થા બદલે છે. એ બદલે છે એવું કાર્ય તો થાય છે. તો પછી સિધ્ધમાં પણ પર્યાયની અવસ્થા જ્ઞાનાદિની થયેલી બદલે છે. એવું જીવપણું ત્યાં પણ છે. સમજાણું કાંઈ? સિધ્ધ થયા એટલે એને પર્યાય બદલે નહીં ને કૂટસ્થ થઈ જાય છે. એમ છે નહીં. કારણ કે દ્રવ્ય જ એવું નથી. એમ ત્યાં તો સિધ્ધ કરે છે. દ્રવ્ય વસ્તુપણે નિત્ય છે અને પર્યાયપણે બદલવાપણે અનિત્ય છે. તો એવો ભાવ સિધ્ધભગવાનમાં પણ દ્રવ્યપણે નિત્ય છે, પર્યાયપણે નાશવાન છે. એવું ત્યાં પણ છે.

**'દ્રવ્ય સર્વદા અભૂત પર્યાયોરૂપે ભાવ્ય છે...'**ભવ કીધું છે ને ભવ. ભવ એટલે થવાને લાયક. વસ્તુ છે તે નવી નવી ભવિષ્યની પર્યાય થવા લાયક હોય છે. વસ્તુ તરીકે કાયમ રહીને વસ્તુનો સ્વભાવ ભવિષ્યની અવસ્થાપણે અહીં સિધ્ધની વાત છે. સહજાનંદ સ્વરૂપ ચિદાનંદની આનંદ પરિણતિ એ અવસ્થા થવાને લાયક સિધ્ધમાં પણ ભવિષ્યની પર્યાય થવાને લાયક જીવ છે એ. કારણ કે જીવનો સ્વભાવ જ એવો છે. કહો, સમજાણું કાંઈ? એનું હોવાપણું સિધ્ધ કરે છે, અસ્તિ. તે આ રીતે હોય છે દ્રવ્ય એમ.

**'દ્રવ્ય સર્વદા ભૂત પર્યાયોરૂપે અભાવ્ય (નહીં થવા યોગ્ય) છે...'** વસ્તુ જે છે એ ગયા કાળની જે અવસ્થા થઈ ગઈ એ રૂપે થવા લાયક હોય? ગઈ વીતી ગઈ જે અવસ્થા એ રૂપે થવા લાયક વસ્તુ (હોય નહીં). હવે સિધ્ધપણે એ વસ્તુ છે. તો સિધ્ધને પણ જે થઈ ગયેલી ગત કાળની અવસ્થા એ પણે થાય એમ બને નહીં. આ રીતે જીવને જીવપણું સિધ્ધમાં પણ ઘટે છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

**'દ્રવ્ય અન્ય દ્રવ્યોથી સદા શૂન્ય છે...'** કોઈ પણ પદાર્થ છે એ બીજા પદાર્થથી તો ખાલી છે. એવો જ પદાર્થનો સ્વભાવ છે. બરાબર છે? વસ્તુ જે છે એ વસ્તુપણે ભલે અશૂન્ય એટલે ભાવથી ભરેલી હોય પણ પર વસ્તુથી તો ખાલી છે. વસ્તુ જ એને કહીએ કે જે પરદ્રવ્યથી, પરવસ્તુથી ખાલી હોય. ખાલી હોય તો પરથી ભિન્ન ટકી શકે. પોતાના ભાવથી ભરેલી અને પરના ભાવથી પણ ભરેલી હોય તો જુદી ટકી શકે નહીં. ન્યાય સમજાય છે કાંઈ?

ન્યાયથી સિધ્ધ કર્યું છે કે પરમાત્મા સિધ્ધ થાય ત્યાં પણ દ્રવ્ય તરીકે વસ્તુ છે ને એ? તો બીજા સિધ્ધો એનાથી શૂન્ય છે. સમજાણું કાંઈ? એક સિધ્ધમાં જ્યોતિમાં જ્યોતિ મળી ગઈ. સિધ્ધ થયા એટલે જ્યોતમાં જ્યોત મળી ગઈ. એમ નથી. એને વસ્તુની ખબર નથી. એમ કહે છે ભગવાન. સમજાણું કાંઈ? ઓઘે ઓઘે, આંધળે આંધળે ચાલે. અને માને કે અમે કાંઈક જૈનધર્મને કહીએ. એમ

ન ચાલે, અહીં કહે છે વીતરાગમાર્ગમાં ભાઈ. કહો, કનૈયાલાલજી! ઘણાય જૈન કહેતા હતા. અમે ત્યાં પંચાણુમાં હતા તો એક જૈન આવ્યા હતા. કેવા કહેવાય એ ભાઈ? મણિયાર. મણિયારને? મણિયારના દિકરા હતા નહીં ઓલા આંધળા. હા, એ આંધળા આવ્યા હતા. ત્યાં મંદિર કરાવ્યું છે દેરાવાસીનું પોતે. આવે વ્યાખ્યાનમાં તો આવે. મહારાજ! જ્યોતમાં જ્યોત મળી જાય ને સિધ્ધ પરમાત્મા થઈ જાય પછી તો જીવ ભળી જાય પરમાં. લ્યો આ જૈન! વાડામાં પડ્યા. ગાયન ગાય. કાંઈ તત્ત્વની ખબરું ન મળે.

આવે છે કે નહીં એકમાં અનંત ને અનંતમાં એક. નથી આવતું? એક સિધ્ધમાં અનંતા સિધ્ધ અને અનંતા સિધ્ધમાં એક સિધ્ધ નથી આવતું? પણ એટલે શું? જ્યાં આગળ એક પરમાત્મા બિરાજે છે સિધ્ધ થઈને. એ જ ક્ષેત્રમાં બીજા અનંતા સિધ્ધો છે. અને જ્યાં અનંતા સિધ્ધો છે તે જ સ્થાનમાં એક એક સિધ્ધ ભિન્ન ભિન્ન છે. દરેક સત્તા ભિન્ન છે. એ તો એ સિધ્ધ કરે છે એ માટે.

વાસ્તવિક જીવાસ્તિકાય કહો કે જીવદ્રવ્ય કહો. એ આવી રીતે જ એનો સ્વભાવ છે. જ્યાં જાય ત્યાં પોતાનું હોવાપણું ભિન્ન રાખે છે. ક્યાંય ભળી જાય છે કોઈકમાં એમ નથી. કે ભાઈ પરમાત્મા સિધ્ધ થયા, મોક્ષ ગયા એટલે થઈ રહ્યું. પછી એને જુદા ચોકા શું? પાનાચંદભાઈ નથી? એક ફેરે અમે ગયા હતા ૮૩માં બરવાળા. એને જૈનનું ઓલું ખરું (પ્રેમ) પણ એને વેદાંતનો પરિચય બહુ ભાઈલાલભાઈને. વેદાંતનો. અને ફક્કડ માણસ. આજીવિકાની ચિંતા બિંતા કાંઈ નહીં. જેમ થાવું હોય તેમ થાય..... વેદાંતનો પરિચય ઘણો એટલે ઓલા ભકતામરમાં આવે છે ને વિભુ શબ્દ આવે છે. ભકતામરમાં વિભુ, જુઓ! આમાંય વિભુ તો કહ્યું છે? વ્યાપવું. કીધું વિભુનો અર્થ એમ નથી.

વિભુનો અર્થ ભગવાન જ્ઞાનસ્વરૂપે ત્રણકાળ, ત્રણલોકને જાણે છે. એ અપેક્ષાએ આત્માને સર્વવ્યાપક અને વિભુ કહ્યો છે. એ આત્મા પ્રસરી જાય છે, બધામાં ભળી જાય છે (એમ નથી). અનંત આત્માઓ છે, ઘણા કહે છે ને આ ગાંધી કાળ કરી ગયા, તો એમ કહે અનંતમાં ભળી ગયા ભાઈ એ તો. અનંતમાં ભળી ગયા ભાઈ એમ કહે છે એ. છાપામાં આવ્યું હતું. અનંત વસ્તુ જે છે, કોઈ અનંત પરમાત્માની એક, એમાં ભળી જાય ભાઈ એ તો. મૂઢ છો. શું ભળી જાય? સત્તા ભળી જતી હશે? સમજાણું કાંઈ?

એક આ આત્મા બેથી શૂન્ય છે, કર્મથી અહીં શૂન્ય છે. એવો જ આત્મા સિધ્ધમાં પણ પરદ્રવ્યથી શૂન્ય છે. સમજાણું કાંઈ? કહો, આ દિકરા, દિકરીયું, પૈસા, બાયડી, છોકરાથી તો સહિત હશે કે નહીં જીવ?

મુમુક્ષુ :- આમાં તો ના પાડે છે. હવે આપ કહો.

ઉત્તર :- એક નો એક વહાલો દિકરો હીરાભાઈ જેવો હીરો.

મુમુક્ષુ :- આપ તો ભિન્ન શબ્દ વાપરો છો પછી મારે બીજું શું બોલવાનું રહે?

ઉત્તર :- ભિન્ન કહો છો તમે. પણ આંહી ભિન્ન છે કે નહીં? એમ કહે છે. તારું હોવાપણું પરથી

અભાવરૂપ છે, કે પરથી ભાવરૂપ છે. જો તારું હોવાપણું પરથી પણ ભાવરૂપ હોય તો પરમાં એકમેક થઈ જાય તો તારું જુદાપણું રહેતું નથી. ન્યાયથી વાતને લોજીકથી સમજવું પડશે કે નહીં એને? હેં? આહાહા!

જુઓને ભગવાનઆત્મા અહીંયા પણ તે પરદ્રવ્યથી તો ખાલી છે. અહીં ભગવાન વસ્તુ જે છે એ શરીર, કર્મ, પરપદાર્થ બધા જે અસ્તિપણે હયાતિપણે રહેલાં છે. એની હયાતિનો આત્માની હયાતિમાં અભાવ છે. જો આત્માની હયાતિમાં એનો પણ ભાવ હોય તો બેય એક થઈ જાય. તો જુદા રહેતા નથી. એવું સ્વરૂપ એનું છે નહીં. આહાહા! વાસ્તવિક તત્ત્વની દૃષ્ટિની ખબર ન મળે અને ઓઘે ઓઘે કરો ધર્મ, કરો ધર્મ. પછી એનું ફળ. ધૂળમાંય ધર્મ નહીં થાય. સાંભળને? ધર્મ તે કોઈ અલૌકિક ચીજ છે. સમજાણું કાંઈ?

**'દ્રવ્ય સ્વદ્રવ્યથી સદા અશૂન્ય છે...'** આહા! કોઈપણ ચીજ દ્રવ્ય વસ્તુ છે એ પરદ્રવ્યથી શૂન્ય છે, ખાલી છે. આહા! પરનો કોઈપણ દ્રવ્ય, ગુણનો અંશ એક સ્વદ્રવ્યમાં આવતો નથી. ભગવાનઆત્મા પોતાના અસ્તિપણે, સત્તાપણે છે, એમાં પરદ્રવ્યની સત્તા એની એક સમયની પર્યાયનો અંશ પણ એમાં આવતો નથી. આ શરીર છે એ શરીરપણે રહ્યું છે, કે શરીરથી આત્માની પર્યાયપણે થઈને પર્યાયમાં રહ્યું છે? સમજાણું કાંઈ? આ શરીર છે કે વાણી છે. એ શરીર ને વાણી પોતાના હોવાપણે રહેલ છે કે તારી કોઈ એક સમયની અવસ્થામાં આવીને રહેલાં છે? સમજાણું કાંઈ?

શેના આવે પણ? તારું દ્રવ્ય જે છે વસ્તુ અને એની શકિત જે જ્ઞાન, આનંદ એમાં તો ત્રિકાળી છે એમાં તો એ ન આવે. પણ આ શરીર, વાણી, કર્મ આદિ પરદ્રવ્ય પરમેશ્વર હોય, ત્રણલોકના નાથ તીર્થંકર લ્યો કે સમ્મેદશીખર ને આ જાત્રા ને આ શું કહેવાય શેત્રુંજય ને સિધ્ધગીરી ને. એ કોઈ પરદ્રવ્યનો એક અંશ આત્માના વર્તમાન અંશમાં આવી જાય છે? શેનો આવે પણ એ ભિન્ન ચીજ છે ને. આહાહા! કહો, સમજાય છે કાંઈ?

વસ્તુ જ એવી છે કે પરદ્રવ્યથી તો તે ખાલી, શૂન્ય અભાવસ્વભાવે તે બિરાજે છે વસ્તુ. તો સિધ્ધ પણ વસ્તુ છે. પરમાત્મા ણમો સિધ્ધાણં. એ સિધ્ધ પણ વસ્તુ છે. એ પણ પરદ્રવ્યથી શૂન્ય અનંતા સિધ્ધના સાથમાં રહેલ છે. જયાં સિધ્ધભગવાન છે એનું પેટ એટલે આ આત્મા છે એના અસંખ્ય પ્રદેશના ક્ષેત્રમાં અનંતા નિગોદના જીવ છે. પૃથ્વીના અસંખ્ય જીવ, પાણીના અસંખ્ય જીવ, અગ્નિના અસંખ્ય, વાયુના અસંખ્ય, નિગોદના અનંત. અને સિધ્ધના અનંત.

જયાં આત્મા એક સિધ્ધભગવાન બિરાજે છે આ. પૂર્ણ શુધ્ધ આનંદ થયેલો એના ક્ષેત્રમાં આવા અનંતા જીવો નિગોદ આદિના છે અને સિધ્ધના પણ છે. એટલે એ વસ્તુના અસ્તિત્વની સત્તામાં તો એની શૂન્યતા છે. પરદ્રવ્યની શૂન્યતા છે. પરદ્રવ્યથી ખાલી જીવ છે. કહો, બરાબર હશે? આહા! તો સિધ્ધ પણ એમ છે. જયારે અહીંયા પણ એમ છે. અહીંયા અસંખ્યપ્રદેશી

ભગવાનઆત્મા છે. લ્યો! એમાં અનંત નિગોદના જીવ અહીં પણ છે. પૃથ્વી, પાણીકાય સૂક્ષ્મ પાંચ એકેન્દ્રિય આખા લોકમાં જીવ ભર્યા છે. અને અનંતા પરમાણુના પિંડ સ્કંધ પણ આખા લોકમાં ભર્યા છે. અહીં છે. પણ આ વસ્તુ પોતે જયારે પરદ્રવ્યથી શૂન્ય છે. તો સિધ્ધભગવાન પણ પરદ્રવ્યથી શૂન્ય છે. આહાહા! સમજાણું કાંઇ?

હવે એમાં મને કાંઇક મદદ કરો, કાંઇક ટેકા આપો ને આ કરો ને તે કરો ને એમ નથી કહે છે. એમ કહેવા માગે છે. આહાહા! તું કયાં ભાવથી ભરેલો નથી કે જેથી પરની આશા રાખીને પરનો અંશ તને કોઇ આપે અને તું લે એવું કોઇ સ્વરૂપ છે નહીં. સમજાણું કાંઇ?

**'દ્રવ્ય સ્વદ્રવ્યથી સદા અશૂન્ય છે...'** દરેક વસ્તુ પોતાના ભાવથી તો ભરેલી છે. વસ્તુ છે, વસ્તુ છે તો વસ્તુનો ભાવ પણ વસ્તુમાં ભરેલો જ છે. વસ્તુ વસ્તુના ભાવથી ખાલી ન હોય, એમ સિધ્ધભગવાન પણ પોતે વસ્તુ છે તો એના અનંત જ્ઞાન, આનંદ આદિના ગુણથી તે અશૂન્ય છે. અશૂન્ય એટલે ભરેલો છે. આહાહા! સમજાણું કાંઇ? એ છ બોલ તો આપણે પરમ દિ' કહ્યા હતા. પરમ દિ' છ બોલ આવ્યા હતા. બે બોલ રહ્યા છે. છ આવ્યા હતા ને?

**'સાતમો બોલ. કોઇક જીવદ્રવ્યમાં અનંત જ્ઞાન...'** છે. એ શું કહે છે? નીચે છે. જુઓ!

જે સમ્યક્ત્વથી ચ્યુત થવાનો ન હોય એવા સમ્યક્ત્વી જીવને અનંત જ્ઞાન છે. એટલે? જે આ આત્મા રાગથી, વિકલ્પ પરથી ભિન્ન છે, એવું આત્મજ્ઞાન - આત્મજ્ઞાન, આત્માનું જ્ઞાન થયું એ જ્ઞાન એમ ને એમ રહેવાનું સાદિ અનંત છે. ચોથે ગુણસ્થાનથી સમ્યક્જ્ઞાન થયું. સમ્યક્દર્શન થયું તો હું શુધ્ધ ચિદાનંદ પવિત્ર નિર્મળાનંદ છું, એવો જે ધ્રુવ સ્વભાવની અંતર જ્ઞેય કરીને પ્રતીત થઇ એમાં જે જ્ઞાન થયું એ આત્માનું જ્ઞાન થયું. એ જ્ઞાન જ્ઞાનપણે કાયમ રહે છે. એ અપેક્ષાએ જ્ઞાન અનંત છે એમ કહેવામાં આવે છે.

કોઇકને અનંતજ્ઞાન એટલે સમકિતી જીવને જે જ્ઞાન સમ્યક્ પ્રગટયું છે એનો નાશ થવાનો નથી. માટે તે જ્ઞાન અનંત, અનંત એટલે એમ ને એમ, અંત વિનાનું, નાશ વિનાનું છે. બરાબર છે? તો સિધ્ધને પણ કેવળજ્ઞાન આદિ પ્રગટયા છે તે અનંત છે. નાશ થવાના નથી. આહાહા! લ્યો! એકકોર કહે નાશવાન છે, બીજા પર્યાયમાં કીધું ને. અહીં કહે નાશવાન નથી. કઇ અપેક્ષાથી? કે જે સમ્યક્જ્ઞાન થયું, એમ ને એમ ચાલુ રહેવાનું એ અપેક્ષાએ અનંત છે. અનંત એટલે અંત નથી એનો પર્યાયમાં. તો સિધ્ધભગવાનમાં પણ કેવળજ્ઞાન, કેવળદર્શન. જે સંસારદશાનો નાશ થઇ નિર્મળદશા શકિતરૂપે હતી તે વ્યકતરૂપે થઇ એ ચાલુ રહેશે એમ ને એમ. સમજાણું કાંઇ?

અહીં તો જીવપણું હોય તો આવું ઘટે. તો એવો જીવ સિધ્ધમાં પણ છે. **'કોઇકમાં સાંત જ્ઞાન છે...'** સમ્યક્જ્ઞાન થયું, છતાં સ્વરૂપને ભૂલી જાય તો તે જ્ઞાનનો અંત આવી જાય છે. સમજાણું કાંઇ? આત્મા આનંદમૂર્તિ પ્રભુ છે, સચ્ચિદાનંદ સિધ્ધ સ્વરૂપ આત્મા છે. એવું જે સમ્યક્દર્શન થયું અને

સમ્યક્જ્ઞાન થયું, ભૂલી જાય વળી પાછો. ના, ના, હું તો રાગવાળો છું. એક પર્યાયના અંશવાળો છું એમ માન્યતા થતાં સમ્યક્જ્ઞાનથી નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? સિધ્ધમાં એમ નથી. સમજાણું કાંઈ? સિધ્ધને જે જ્ઞાન પ્રગટયું એનો નાશ થાય એમ નથી. અહીં તો સિધ્ધજીવપણાની આવી સ્થિતિ છે એવું જીવપણું ત્યાં આ રીતે છે. જે પ્રગટયું જ્ઞાન એનો નાશ નથી પણ પ્રગટયું એનો નાશ થાય એવું સિધ્ધને નથી. સમ્યક્દૃષ્ટિને જ્ઞાન થયું અને વળી નાશ થઈ જાય. સિધ્ધને એમ છે નહીં. કેમ કે જીવની આ સ્થિતિની આવી જ મર્યાદા છે તો સિધ્ધમાં પણ તે જ્ઞાન અનંત, અનંત આવે છે ને, અનંત સમાધિ સુખમાં.

અનંત અનંત સમાધિ સુખમાં. અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો, અપૂર્વ અવસર એવો કયારે આવશે. અનંત સમાધિ આનંદસ્વરૂપ ભગવાનઆત્મા! સમાધાન, શાંતિ સમાધિ સ્વરૂપ. જેવું એનું સ્વરૂપ છે એવી પ્રગટ દશા થઈ ગઈ. અનંત અનંત સમાધિ આનંદ સુખમાં, અનંત દર્શન જ્ઞાન સહિત. એ સિધ્ધની દશાનો કોઈ દિ' નાશ થતો નથી. સંસારમાં અલ્પજ્ઞાન જયાં સુધી છે ત્યાં સુધી કોઈને વિપરીત બુધ્ધિ થઈને તે જ્ઞાનનો નાશ થવા સંભવ છે. કહો, સમજાણું કાંઈ?

**'કોઈક જીવદ્રવ્યમાં અનંત અજ્ઞાન...'** છે. અભવિ જીવને આત્માનું જ્ઞાન કોઈ દિ' થવાનું નથી. તેથી અજ્ઞાન અનંત છે. બરાબર છે? અભવિ જીવને ભગવાનઆત્મા સ્વસંવેદન જ્ઞાનથી પૃથક જણાય એવો છે એ એને જાણતો નથી. તેથી તે અભવિને અજ્ઞાન અનંત છે. એટલે કે અજ્ઞાનનો કોઈ દિ' નાશ થતો નથી. એ સિધ્ધમાં તો અજ્ઞાન છે નહીં. સમજાણું કાંઈ?

**'અને કોઈકમાં સાંત અજ્ઞાન છે...'** ભવિ જીવને, અજ્ઞાની ભવિ જીવને સાંત અજ્ઞાન છે. ભવ્ય જીવ છે, લાયક છે અને પછી અજ્ઞાન તો અનાદિનું છે અને આત્મા શુધ્ધચૈતન્યનું ભાન નથી.તે પણ એ અજ્ઞાનનો અંત આવે એવો જીવ છે એ. સમજાણું કાંઈ? આ અસ્તિપણું આવું છે એમ સિધ્ધ કરે છે. અભવિને અજ્ઞાનનો અંત નથી. પણ અજ્ઞાની ભવિ જીવને અજ્ઞાનનો અંત થવાને લાયક છે. સમજાણું કાંઈ? એવું અજ્ઞાન તો સિધ્ધમાં નથી. આ તો આઠ બોલે દ્રવ્યને સિધ્ધ કર્યું છે.

**'કોઈક જીવદ્રવ્યમાં અનંત અજ્ઞાન અને કોઈકમાં સાંત અજ્ઞાન છે-આ બધું અન્યથા નહીં ઘટતું થકું...'** આ રીતે જો ન હોય તો કોઈ રીતે દ્રવ્ય અને જીવપણાની સિધ્ધિ અસ્તિત્વ સિધ્ધ થતું નથી. **'મોક્ષમાં પણ જીવના સદ્ભાવને જાહેર કરે છે...'** દેખો. મોક્ષમાં પણ જીવનું જીવપણું રહે છે. અંધારું અજ્ઞાન ગયું માટે દીવામાં જેમ ધુમાડો ઓલવાઈ ગયો માટે દીવો પણ ભેગો ઓલવાઈ ગયો એમ હશે કે નહીં? દીવાના ધુમાડાનો નાશ કરવો હોય તો શું કરવું? દીવો ઓલવી નાખો. તો ધુમાડો પણ જાય. એમ જીવમાંથી અજ્ઞાન કાઢવું હોય તો એનું જ્ઞાન પણ નાશ કાઢી નાખવું. એમ હોતું નથી. સાંભળને! અનંત અનંત જ્ઞાનસ્વરૂપે ભગવાનઆત્મા છે. એનું જે ભાન થયું અને અજ્ઞાનનો

નાશ થયો. એ જ્ઞાન સાદિ અનંત એમાં રહે છે. કહો, સમજાણું કાંઈ?

આવા જીવને અંતર દ્રવ્યમાંનું માહાત્મ્ય એને આવતું નથી. આહાહા! એની સમયની પર્યાયનું પણ માહાત્મ્ય નહીં, રાગનું માહાત્મ્ય નહીં, પરપદાર્થની અધિકતા નહીં, વિશેષતા નહીં, એક સમયની અવસ્થાની જ્યાં અધિકતા ને વિશેષતા નહીં. એવો ભગવાન ધ્રુવસ્વરૂપી પ્રભુ એને અધિકપણે વિશેષપણે દૃષ્ટિમાં લેવો આ એનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન છે. એ ઉપાદેય છે. બાકી કોઈ બીજી ચીજ ઉપાદેય નથી. આહા! ભારે વાત! આવું બધું સમજવું, સમજવું, સમજવું. હેં? સમજણનો ચૈતન્ય પિંડ છે એ તો.

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર થયા એટલે શું થયું. એ જ્ઞાનની પર્યાયની પૂર્ણતાનો પિંડ થયો તેનું નામ સર્વજ્ઞ. સમજાણું કાંઈ? હવે એ તો આ વસ્તુ છે એવી રીતે એણે સમજણ, સમજણ, સમજણ, સમજણ કરવી પડશે. કારણ કે એ સમજણનો તો પિંડ છે. એ વિના એની કોઈ પણ ક્રિયા સાચી થશે નહીં. એ જ્ઞાન સ્વરૂપી ભગવાન ચિદાનંદ પ્રભુ હોવાપણે છે, એવા પૂર્ણ અસ્તિત્વનો જ્યાં સ્વીકાર થાય ત્યારે તેને અંતરમાં સમ્યગ્દર્શન જ્ઞાન ને ધર્મ થાય. ત્યારે તેને શાંતિ ને સુખ થાય. એ શાંતિ ને સુખ પછી સાદિ અનંત રહ્યા કરે. સમજાણું કાંઈ?

દ્રવ્ય જ્યાં સુધી રહે ત્યાં સુધી તેને શાંતિ ને આનંદ રહે. પર્યાય ત્યાં સુધી રહે. કહો, સમજાણું કાંઈ? **'આ બધું અન્યથા...'** એટલે અન્ય પ્રકારે એટલે બીજી રીતે. નીચે છે ખુલાસો. મોક્ષમાં જીવની હયાતિ જ ન રહેતી હોય તો ઉક્ત આઠ ભાવો ઘટે જ નહીં. જો મોક્ષમાં જીવનો અભાવ જ થઈ જતો હોય તો દરેક દ્રવ્ય દ્રવ્યપણે શાશ્વત છે એ વાત કેમ ઘટે? નીચે નોટ છે. દરેક દ્રવ્ય નિત્ય રહીને તેમાં પર્યાયનો નાશ થયા કરે છે એ વાત કેમ ઘટે? કહો, સમજાણું કાંઈ? આહાહા! શાંતાબેન બોલ્યા હતા. પ્રભુભાઈનો જીવ ગયો ત્યારે શાંતાબેન. એય! અતુલભાઈ ક્યાં ગયા? તમારી બા બોલ્યા હતા. જીવ ગયો ને પ્રભુભાઈનો. જા, તું તો નિત્ય છો, જ્યાં છે છે છે રહેશે. કે નાશ થવાનો છે? ભીખાભાઈ! અહીંથી જા તો ત્યાં તો રહેશે. જ્યાં છે ત્યાં તો તું રહીશ જ. એ કાંઈ જાય અને નાશ થાય એવો છે આત્મા? એ તો નિત્ય છે. પર્યાય બદલાય છતાં વસ્તુ તો કાયમ રહેશે. જાય તો ક્યાં જાશે જીવ પોતામાં ને પોતામાં રહેશે જ્યાં જાશે ત્યાં. આહાહા! જ્યાં જાય ત્યાં કાંઈ શરીરરૂપે થશે? આ શરીર છોડીને અહીં પણ શરીરરૂપે નથી તો ન્યાં જાશે ત્યાં શરીરરૂપે થશે? કર્મરૂપે થશે? બાયડી, છોકરા મળ્યા એ રૂપે થશે?

એકેન્દ્રિયને બાયડી છોકરા નથી. શરીર ને ફકત કાયા ને શ્વાસ ને ઈન્દ્રિયો મળે છે. એ રૂપે ત્યાં જીવ થશે એકેન્દ્રિયમાં? જડરૂપે થાય? એ તો પોતાની પર્યાયરૂપે રહેશે. સમજાણું કાંઈ? દરેક દ્રવ્ય નિત્ય રહીને તેમાં પર્યાયોનો નાશ થયા કરે છે-એ વાત કેમ ઘટે?

બીજો બોલ. હવે દરેક દ્રવ્ય સર્વદા અનાગત પર્યાયે ભાવ્ય, સર્વદા અતીત પર્યાયે અભાવ્ય, સર્વદા

પરથી શૂન્ય અને સર્વદા સ્વથી અશૂન્ય છે. ચાર બોલ ભેગા લઈ લીધા. એ વાતો કેમ ઘટે? કોઈક જીવદ્રવ્યમાં અનંત જ્ઞાન છે-એ વાત કેમ ઘટે? અનંત જ્ઞાન નાશ થતું નથી એમ. અને કોઈક જીવદ્રવ્યમાં સાંત અજ્ઞાન છે-એ વાત કેમ ઘટે? અર્થાત જીવદ્રવ્ય નિત્ય રહીને તેમાં અજ્ઞાન પરિણામનો અંત આવે છે. -એ વાત કેમ ઘટે? માટે આ આઠ ભાવો દ્વારા મોક્ષમાં જીવની હયાતિ સિધ્ધ થાય છે. તે સત્યાવીસમી ગાથામાં જીવો શબ્દ ઉપાડયો છે એનું અહીં પૂરું કર્યું.

જીવો, જીવ કેવો છે? સંસારમાં, સિધ્ધમાં આદિ એને સિધ્ધ કર્યું. જીવનું જીવત્વ સિધ્ધ કર્યું. હવે બીજો બોલ. ચેદા. સત્યાવીસમી ગાથામાં છે. જુઓ! સત્યાવીસમી ગાથા છે ને? 'જીવોતિ' સત્યાવીસમી ગાથા. એ જીવોતિની વ્યાખ્યા કરી અત્યાર સુધી આ બધી. હવે 'જીવોતિ હવઈ' એમ છે ને ત્યાં. જીવ છે તે છે એમ. હવે 'જીવોતિ ચેદા' છે. હવે એ વાત સિધ્ધ કરે છે. ભગવાનઆત્મા ચેદા એટલે ચેતયિતા એટલે જાણનાર દેખનાર છે. ચેતનાર છે. ભગવાનઆત્મા ચેતનાર છે એનું અસ્તિત્વ ચેતનાપણે છે. એમ કહે છે. આડત્રીસ ગાથામાં કહે છે. એ બીજા બોલની શરૂઆત કરશે અહીં. નીચે હરિગીત.

## ગાથા - ૩૮

**कम्माणं फलमेक्को एक्को कज्जं तु णाणमध एक्को ।**
**चेदयदि जीवरासी चेदगभावेण तिविहेण ।।३८।।**

**कर्मणां फलमेकः एकः कार्यं तु ज्ञानमथैकः ।**
**चेतयति जीवराशिश्चेतकभावेन त्रिविधेन ह्व।।३८।।**

चेतयितृत्वगुणव्याख्येयम् ।

एके हि चेतयितारः प्रकृष्टतरमोहमलीमसेन प्रकृष्टतरज्ञानावरणमुद्रितानुभावेन चेतकस्वभावेन प्रकृष्टतरवीर्यान्तरायावसादितकार्यकारणसामर्थ्याः सुखदुःखरूपं कर्मफलमेव प्राधान्येन चेतयन्ते। अन्ये तु प्रकृष्टतरमोहमलीमसेनापि प्रकृष्टज्ञानावरणमुद्रितानुभावेन चेतकस्वभावेन मनाग्वीर्यान्तरायक्षयोपशमासादितकार्यकारणसामर्थ्याः सुखदुःखरूपकर्मफलानु-भवनसंवलितमपि कार्यमेव प्राधान्येन चेतयन्ते । अन्यतरे तु प्रक्षालितसकलमोहकलङ्केन

समुच्छिन्नकृत्स्नज्ञानावरणतयात्यन्तमुन्मुद्रितसमस्तानुभावेन चेतकस्वभावेन समस्तवीर्यान्तराय-क्षयासादितानन्तवीर्या अपि निर्जीर्णकर्मफलत्वादत्यन्तकृतकृत्यवाच्च स्वतोऽव्यतिरिक्त-स्वाभाविक सुखं ज्ञानमेव चेतयन्त इति ।।३८।।

ત્રણવિધ ચેતકભાવથી કો જીવરાશિ 'કાર્ય'ને,
કો જીવરાશિ 'કર્મફળ'ને, કોઈ ચેતે 'જ્ઞાન'ને. ૩૮.

**અન્વયાર્થ :-** (त्रिविधेन चेतकभावेन) ત્રિવિધ ચેતકભાવ વડે (एकः जीवराशिः) એક જીવરાશિ (कर्मणां फलम्) કર્મોના ફળને, (एकः तु) એક જીવરાશિ (कार्यं) કાર્યને (अथ) અને (एकः) એક જીવરાશિ (ज्ञानम्) જ્ઞાનને (चेतयति) ચેતે (-વેદે) છે.

**ટીકા :** આ, [1]ચેતયિતૃત્વગુણની વ્યાખ્યા છે.

કોઈ ચેતયિતાઓ અર્થાત્ આત્માઓ તો, જે અતિ પ્રકૃષ્ટ મોહથી મલિન છે અને જેનો પ્રભાવ (શક્તિ) અતિ પ્રકૃષ્ટ જ્ઞાનાવરણથી બિડાઈ ગયો છે એવા ચેતકસ્વભાવ વડે સુખદુઃખરૂપ 'કર્મફળ'ને જ પ્રધાનપણે ચેતે છે, કારણ કે તેમને અતિ પ્રકૃષ્ટ વીર્યાંતરાયથી કાર્ય કરવાનું (-કર્મચેતનારૂપે પરિણમવાનું) સામર્થ્ય નષ્ટ થયું છે.

બીજા ચેતયિતાઓ અર્થાત્ આત્માઓ, જે અતિ પ્રકૃષ્ટ મોહથી મલિન છે અને જેનો પ્રભાવ [1]પ્રકૃષ્ટ જ્ઞાનાવરણથી બિડાઈ ગયો છે એવા ચેતકસ્વભાવ વડે - ભલે સુખદુઃખરૂપ કર્મફળના અનુભવથી મિશ્રિતપણે પણ - 'કાર્ય'ને જ પ્રધાનપણે ચેતે છે, કારણ કે તેમણે થોડા વીર્તાંતરાયના ક્ષયોપશમથી [2]કાર્ય કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કર્યું છે.

વળી બીજા ચેતયિતાઓ અર્થાત્ આત્માઓ, જેમાંથી સકળ મોહકલંક ધોવાઈ ગયું છે અને સમસ્ત જ્ઞાનાવરણના વિનાશને લીધે જેનો સમસ્ત પ્રભાવ અત્યંત ખીલી ગયો છે એવા ચેતકસ્વભાવ વડે 'જ્ઞાન'ને જ - કે જે જ્ઞાન પોતાથી [3]અવ્યતિરિક્ત સ્વાભાવિક

---

૧. ચેતયિતૃત્વ = ચેતયિતાપણું; ચેતનારપણું; ચેતકપણું.

૧. કર્મચેતનાવાળા જીવને જ્ઞાનાવરણ 'પ્રકૃષ્ટ' હોય છે અને કર્મફળચેતનાવાળાને 'અતિ પ્રકૃષ્ટ'હોય છે.

૨. કાર્ય = (જીવ વડે) કરવામાં આવતું હોય તે; ઈચ્છાપૂર્વક ઈષ્ટનિષ્ટ વિકલ્પરૂપ કર્મ. (જે જીવોને વીર્યનો કાંઈક વિકાસ થયો છે તેમને કર્મચેતનારૂપે પરિણમવાનું સામર્થ્ય પ્રગટ્યું છે તેથી તેઓ મુખ્યપણે કર્મચેતનારૂપે પરિણમે છે. આ કર્મચેતના કર્મફળચેતનાથી મિશ્રિત હોય છે.)

૩. અવ્યતિરિક્ત = અભિન્ન. (સ્વાભાવિક સુખ જ્ઞાનથી અભિન્ન છે તેથી જ્ઞાનચેતના સ્વાભાવિક સુખના સંચેતન-અનુભવન-સહિત જ હોય છે.)

**સુખવાળું છે તેને જ - ચેતે છે, કારણ કે તેમણે સમસ્ત વીર્યાન્તરાયના ક્ષયથી અનંત વીર્યને પ્રાપ્ત કર્યું હોવા છતાં તેમને (વિકારી સુખદુઃખરૂપ) કર્મફળ નિર્જરી ગયું છે અને અત્યંત [૪]કૃતકૃત્યપણું થયું છે (અર્થાત્ કાંઈ કરવાનું લેશમાત્ર પણ રહ્યું નથી. ૩૮.**

## ગાથા ૩૮ ઉપર પ્રવચન

**कम्माणं फलमेक्को एक्को कज्जं तु णाणमध एक्को ।**
**चेदयदि जीवरासी चेदगभावेण तिविहेण ।।३८।।**

**ત્રણવિધ ચેતકભાવથી કો જીવરાશિ 'કાર્ય'ને,**
**કો જીવરાશિ 'કર્મફળ'ને, કોઈ ચેતે 'જ્ઞાન'ને. ૩૮**

**એની ટીકા :- 'આ ચેતયિતૃત્વગુણની વ્યાખ્યા છે...'** ભગવાનઆત્મા એમાં ચેતયિતૃત્વ ચેતવાપણું, જાણવાપણું એવા ગુણની વ્યાખ્યા છે. નીચે છે. ચેતયિતૃત્વ=ચેતવાપણું, ચેતનારપણું, ચેતકપણું. ચેતક ચેતકતા હોય. આ કોઈ ભૂત બૂત થાય એનેય ચેતક બેતક કહે છે નહીં? એ ચેતક નથી. અહીં તો ચેતનારો એને ચેતક કહે છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા ચેતનાર છે એમ કહે છે. પરનું કાંઈ કરનાર છે એ સ્વરૂપમાં આત્મામાં નથી. પણ પોતામાં ચેતના ત્રણ પ્રકારે છે એવો એ છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

આત્મા સિવાય એક રજકણને કે બીજા આત્માને કાંઈ કરે, કાંઈ કરે એવું એનામાં નથી. એ કર્તામાં આગળ આવશે. પણ અહીં તો ચેતનાર છે એ સિધ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આ ચેતયિતૃત્વગુણની વ્યાખ્યા છે. **'કોઈ ચેતયિતાઓ અર્થાત્ આત્માઓ...'** જાણનાર આત્માઓ ત્રણ પ્રકારે ચેતનાવાળા છે.

એક આત્માઓ કેટલાક એવા છે કે જે **'અતિ પ્રકૃષ્ટ મોહથી મલિન છે...'** સમજાણું કાંઈ? એકેન્દ્રિય જીવ છે ને પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ જીવ છે એ હો! એ જીવો અતિ પ્રબળ મોહથી મલિન છે. સ્વરૂપના સાવધાનની કાંઈ ખબર નથી. સમજાણું કાંઈ? ભાષા જુઓ! **'અતિ પ્રકૃષ્ટ મોહ** શબ્દ છે. **અને જેનો પ્રભાવ (શક્તિ) અતિ પ્રકૃષ્ટ જ્ઞાનાવરણથી બિડાઈ ગયો**

---

**૪. કૃતકૃત્ય = કૃતકાર્ય. [પરિપૂર્ણ જ્ઞાનવાળા આત્માઓ અત્યંત કૃતકાર્ય છે તેથી, જોકે તેમને અનંત વીર્ય પ્રગટ થયું છે તો પણ, તેમનું વીર્ય કાર્યચેતનાને (કર્મચેતનાને) રચતું નથી, (વળી વિકારી સુખદુઃખ વિનષ્ટ થયાં હોવાથી તેમનું વીર્ય કર્મફળચેતનાને પણ રચતું નથી,) જ્ઞાનચેતનાને જ રચે છે.]**

**છે...'** બેય અતિ પ્રકૃષ્ટ લીધા છે. એકેન્દ્રિય જીવો છે. સમજાણું? પૃથ્વીના જીવ, પાણીના જીવ, અગ્નિના જીવ, વાયુના, વનસ્પતિના. એને અતિ મલિન મોહ ભાવ. પર તરફની તીવ્ર સાવધાની છે. અને જ્ઞાન એનું જ્ઞાનાવરણીના નિમિત્તથી પોતાનું જ્ઞાન ત્યાં બિડાઈ ગયું છે. એવા જીવો **'અતિ પ્રકૃષ્ટ જ્ઞાનાવરણીથી બિડાઈ ગયો છે...'** જુઓ! ભાષા એમ છે. એય! શું? હા,

મુમુક્ષુ :- પરપદાર્થથી બિડાઈ ગયો છે.

ઉત્તર :- ટૂંકું કહેવા નિમિત્તથી કથન છે.

એની જ્ઞાન પર્યાય હીણી થઈ છે. ઓહોહો! એક પાણીના બિંદુમાં અસંખ્ય જીવ. કોણ કબૂલ કરે? એક બટાટા, આલુ, કંદમૂળ, મૂળો ગાજર, સૂરણ, લીલ ફુગ જો ને આ કાય. એક આટલી કટકી એમાં અસંખ્ય તો ઔદારિક શરીર ને એક શરીરમાં અનંતા સિધ્ધ થયા એથી અનંત ગુણા જીવ. એ જીવો બિચારા જ્ઞાનથી હણાઈ ગયા છે. જ્ઞાનાવરણીથી હણાઈ ગયા છે. કે જેનું જ્ઞાનપણું કે જીવપણું બતાવવાનું બહારમાં કાંઈ સાધન રહ્યું નહીં. આહા! એને જીવ કબુલવા એવું બહાર સાધન એમાં નથી રહ્યું. ભગવાનની આજ્ઞાથી જાણે. સમજાણું કાંઈ?

**'પ્રકૃષ્ટ જ્ઞાનાવરણથી બિડાઈ ગયો છે...'** પરિણમન હીણું થઈ ગયું છે. **'એવા ચેતકસ્વભાવ વડે...'** એવા ચેતકસ્વભાવ વડે. મોહની તીવ્રતા અને જ્ઞાનાવરણીની ઉગ્રતા. એનાથી એની દશા ઘટી ગઈ છે. **'એવા ચેતકસ્વભાવ વડે સુખદુઃખરૂપ 'કર્મફળ'ને જ પ્રધાનપણે ચેતે છે...'** ભાષા આમ દેખો. ટીકામાં આમ લીધું છે ચોખ્ખું હોં! ઓલા કહે છે ને, ના પાડે છે. જ્ઞાનચેતના સિધ્ધને જ હોય. સમજાય છે? એમ નથી. અહીં તો મુખ્યપણાનું કથન છે. સમજાણું કાંઈ?

એકેન્દ્રિયને કર્મફળ જ પ્રધાનપણે ચેતે છે. મુખ્યપણે એ તો રાગ-દ્વેષના પરિણામને જ વેદે છે. વીર્યની વિકાસતા નથી. એથી કાર્યચેતના મુખ્યપણે નથી. શું કીધું સમજાય છે? જે કાર્ય બીજાને દેખાય એવું કાર્ય એનામાં નથી. ફક્ત દુઃખ ભોગવે એવું દેખાય. એકેન્દ્રિય જીવો મુરજાય છે. ઓલું થાય છે, સમજ્યા ને? એવા ચેતક સ્વભાવ વડે સુખદુઃખરૂપે, સુખ કોણ? દુનિયાનું સુખ હો! આમાં કલ્પનામાં. કલ્પનાનો સુખી, હરખ અને કલ્પનામાં દુઃખી એવી દશાના ફળને એકેન્દ્રિય જીવો ચેતે છે. વેદે છે.

પરને વેદે છે અને પરને ચેતે છે એમ નથી. કર્મને વેદે છે, કર્મને ચેતે છે એમ નથી. સમજાણું કાંઈ? આહાહા! એવા એકેન્દ્રિયમાંથી બહાર આવ્યો અને ત્યાં ને ત્યાં પાછો ગૂંચાણો. માળો! ત્યાં જ, ત્યાં જ. આહાહા! એમાં વળી કાંઈક પાંચ, પચાસ લાખ પૈસાનો ઢગલો દેખાય (ત્યાં તો) મુંજાય ને મોહમાં મરી ગયા. આહાહા! અરે ભગવાન! તારું ચેતવું પરનું ક્યાં છે? વીર્યનો વિકાસ નડ્યો તો રાગ ને દ્વેષના કાર્યપણે ચેત એ બરાબર છે. પણ પરનામાં ચેતાય જા અને પર તને ચેતવે એવું કાંઈ છે નહીં. સમજાણું કાંઈ?

એકેન્દ્રિય જીવને જ્ઞાનનો વિકાસ પણ ઘણો હીણો થઈ ગયો છે. અને પરમાં સાવધાનીનો મોહ

પણ ઊગ્ર થઈ ગયો છે. એમ કહે છે. આહાહા! એ દુઃખી છે પ્રાણી બિચારા, દુઃખને વેદે છે. આ સુખદુઃખ બેય દુઃખ છે. પાણીના જીવ એક બિંદુ એમાં અસંખ્ય, પૃથ્વીના જીવ એક કટકીમાં અસંખ્ય, અગ્નિના જીવ એક તણખામાં અસંખ્ય, વાયુના જીવ એટલામાં અસંખ્ય, વનસ્પતિમાં બે પ્રકાર. પ્રત્યેક વનસ્પતિની એક કટકીમાં અસંખ્ય, નિગોદને બટાટામાં એક કટકીમાં અનંત. છતા ભાવને ભૂલી અને અછતાને કબૂલ કર્યા છે. તે છતો અછતો થઈ ગયો એકેન્દ્રિયમાં. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા મહાપ્રભુ, અનંત જ્ઞાન દર્શનને આનંદનું ધામ ભગવાન. એવી છતી ચીજ સત્તાવાળી ચીજને ભૂલી, નથી સત્તામાં અલ્પજ્ઞપણું, રાગપણું એની સત્તાનો સ્વીકાર કરીને પોતાની સત્તાને ભૂલી ગયો. એ બધા એકેન્દ્રિયમાં સુખદુઃખની કર્મફળ એટલે વિકારના ફળને તે ભોગવે છે. સમજાય છે કાંઈ? ત્યાં શરીરને ભોગવે છે કે ટાઢ, તડકાને ભોગવે છે એમ નથી. એમ કહે છે ભાઈ. આહાહા! એકેન્દ્રિયના જીવ ટાઢ, તડકાને ભોગવે છે. આહાહા! આલુ ધગધગતા તેલમાં નાખે તો એમાં જે એને દુઃખ થાય છે એ શરીરનો અનુભવ નથી ત્યાં. એને પોતાને મારાપણું શરીર હું છું. આ સત્તા છે તે હું નથી. એવી દૃષ્ટિમાં એ અજ્ઞાન અને રાગ-દ્વેષ ને દુઃખને વેદે છે. સમજાણું કાંઈ?

જુઓ! આમ લીલોતરી પાણીમાં હોય તો આમ લીલુછમ્મ દેખાય. કેવું આમ? સમજયા ને? જાણે મલકાય છે એમ દેખાય. સમજ્યા? આહાહા! વરસાદ આવે પંદર દિ', મહિનો થાય ત્યાં તો આમ જાણે લીલી ચુંદડી ઓઢી પૃથ્વીએ. અને જાણે કરમાઈ ગયેલા વનસ્પતિના જીવો પણ એ દુઃખી છે. ભાઈ તને ખબર નથી. પાણીની અનુકૂળતા મળી માટે શરીર એવી રીતે જે દેખાય છે એ તો શરીરની (ક્રિયા) દેખાય છે. આત્મા કયાં એમાં એવો છે? સમજાણું કાંઈ?

આત્મા તો અંદરમાં રાગ-દ્વેષ ને સુખદુઃખની કલ્પનાને વેદે છે. એના અસ્તિત્વમાં એનું વેદન છે. શરીરની અનુકૂળતા ને પ્રતિકૂળતાનું વેદન નથી. આહાહા! કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વનસ્પતિના જીવોને સુખ હશે?

ઉત્તર :- સુખ કલ્પનાનું છે કે નહીં? રાગની મંદતા હોય છે ને. સમજાણું કાંઈ? માને છે અંદર. રાગ મંદ થાય છે ને એને. શુભ-અશુભભાવ થયા જ કરે છે. સુખ એટલે આ કલ્પનાનું હોં! આત્માના સુખની વાત કયાં છે આ? આહાહા! નિત્ય નિગોદમાં રહ્યો. એકલું દુઃખનું વેદન છે એને કહે છે. સુખદુઃખની કલ્પના.

એ શરીરની હીણતા, કૃશતા, દુર્બળતા, સરોગતા એનું વેદન જીવને ન હોય. એમ કહે છે. એ તો જડની દશા છે. એની દશાનું એને વેદન હોય. સમજાણું કાંઈ? તો એની દશામાં ચેતયિતા ચેતનારો રાગ ને દ્વેષના ફળમાં ચેતાય ગયો છે. સમજાણું કાંઈ? ......નું ફળ છે ને એ. કર્મચેતનાનું ફળ એટલે કર્મફળચેતના એમ એ કર્મ હોં! રાગ-દ્વેષના પરિણામ, અજ્ઞાનના પરિણામ એ કર્મફળ ચેતના. એનું ફળ

એ કર્મફળચેતના એટલે હરખ-શોકનું વેદન. એકેન્દ્રિય જીવો અનંત આ એકલું સુખદુ:ખરૂપ કર્મફળને જ પ્રધાનપણે વેદે છે. એટલે કે મુખ્યપણે. રાગ-દ્વેષનું કાર્ય પણ છે ત્યાં. પણ એ કાર્ય છે એ બહાર દેખાવમાં ન આવે એથી એને ગૌણપણે ગણીને એને પ્રધાનપણે કર્મના ફળ, કર્મ એટલે રાગ-દ્વેષના ભાવનું ફળ એને ભોગવે છે. આ રાગ-દ્વેષ કરવો એવું એને મુખ્ય નથી. વીર્યનો વિકાસ નથી એકેન્દ્રિયને. ક્યાં ક્યાં વીર્ય જુઓને હણાય ગયું. ઓહોહો!

જુઓને સિધ્ધ કરે છે, ષટ્દ્રવ્યને પંચાસ્તિકાયમાં! આવી હયાતિ જીવની. બહાર જ્યાં આવ્યો ને વીર્યનો વિકાસ કાંઈક થયો અને રાગ-દ્વેષના કાર્યમાં કર્મચેતના કરે એ. વેપાર કરી શકે નહીં એમ કહે છે. ધંધા-પાણી આ લોઢાના ને સોનાના ને રૂપાના. આ શું કહેવાય બધા? આ વકીલની ભાષાના, દલીલના. એ આત્મા ન કરી શકે. એમ કહે છે. વીર્યનો વિકાસ થાય તો એ રાગ-દ્વેષ ને અજ્ઞાનને કરે. એ કર્મચેતનાવાળા જીવ છે. આ અજ્ઞાની એકેન્દ્રિય બિચારા. કર્મફળચેતનાવાળા જીવ છે એમ કહે છે. આહાહા! સમજાણું?

શરીરને અગ્નિમાં સળગાવે જીવતા. તો એનું એને વેદન નથી એમ કહે છે. એના અસ્તિત્વમાં એનું એ અસ્તિત્વ જ નથી એટલે એનું વેદન નથી. સમજાણું કાંઈ? એના અસ્તિત્વમાં તો આ હું અને હું એનો એવો જે મિથ્યાત્વભાવ એનું ફળ જે સુખદુ:ખની કલ્પના એના અસ્તિત્વની દશામાં એ વેદનમાં છે. ધર્મ નથી એટલે આત્માનું વેદન નથી. અને પરનું વેદન તો અજ્ઞાનીને પણ હોતું નથી. આહાહા! સમજાણું કાંઈ?

**'કર્મફળ'ને જ...'** એમ પાછું. જ ભલે કીધો. પણ પ્રધાનપણે ચેતે છે. એમ કહ્યું ને મુખ્યપણે તો એ છે. ત્યારે કોઈ કહે પાઠમાં તો એવું નથી. સમજાણું? **'प्रमाणं फलमेको ऐक्को कज्जंतु णाणमध ऐक्को.'** એમ છે. પણ કહેવાનો આશય છે એ અંદરથી એ ટીકામાંથી કાઢયો છે. સમજાણું કાંઈ? ટૂંકી ભાષામાં સમજાય એવું છે એટલે ઘણા આમાંથી કાઢે છે. સમ્યગ્દષ્ટિને જ્ઞાનચેતના, જ્ઞાનચેતના કેવળ થાય એને જ હોય. આમાં પાઠ એ છે ખરો ને. અરે ભાઈ! અહીં તો પૂરી વાતની વાત એણે લીધી છે. સમજાણું કાંઈ? **'કારણ કે તેમને અતિ પ્રકૃષ્ટ વીર્યાંતરાયથી કાર્ય કરવાનું...'** દેખો. એકેન્દ્રિય જીવના અનંત આત્માઓ નિત્ય નિગોદ આદિ ઈતર નિગોદ એમને વીર્યની જાગૃતિ, પુરુષાર્થની જાગૃતિ ઘણી થોડી.

**'કાર્ય કરવાનું (કર્મચેતનારૂપે પરિણમવાનું) સામર્થ્ય નષ્ટ થયું છે...'** એટલે કે રાગ-દ્વેષ ને મિથ્યાત્વના કાર્યપણે પરિણમવાનું સામર્થ્ય મુખ્યપણે નથી. અવ્યક્તપણે રાગ-દ્વેષને કરે છે. એ મિથ્યાત્વને કરે છે. એ કાર્ય વીર્યની ઉગ્રતા નથી માટે કાર્યચેતના તેને મુખ્યપણે ગણી નથી. આહાહા!

જુઓ! એ ભગવાને પરમેશ્વરે કહેલો જીવાસ્તિકાયનો ભાવ કેવો છે એ અહીં વર્ણવે છે. એકેન્દ્રિયમાં આવો ભાવ છે. કહે છે. આહા! બહારની વીસાત એટલી માણસને ને આમ! શરીર ઠીક

હોય, પૈસા ઠીક હોય, નીરોગ હોય ત્યાં આપણે બસ મજા છે. અરે ભગવાન! શું તું કહે છો? ભાઈ! મજા તું માને છે એ પરને લઈને છે, પરમાં છે કે તારી કલ્પનાથી તારા માટે માન્યું છે? હમણાં અમારે બાદશાહી છે. એમ કહે છે ને કેટલાક. પાંચ, દસ લાખની પેદાશ હોય. કરોડ, બે કરોડ પૈસા હોય. એય! ક્યાં ગયા? એના કાકા આવ્યા છે ને? આવશે હવે? કાલ આવવાના છે ને? હેં? કે દિ' આવવાના છે? કાલ આવવાના છે. એનો ભાઈ. હાય! હાય! આ કોણ જાણે શું હશે આ?

કહે છે કે, ભલે એ વીર્યનો ઉઘાડ હોય તો એ મિથ્યાભ્રાંતિને અને રાગ-દ્વેષને કરે. એ સિવાય એ મર્યાદા છોડીને એક રજકણને ફેરવે? ઘડિયાળના ધંધા કરે ને એવું હશે? જાદવજીભાઈ! પૈસાબૈસા ધારધીર કરે કે નહીં? ન કરે. આ તમે પહેલાં કરતાં હવે છોકરાવ કરે છે. જયંતીભાઈ હવે (કરે છે) પછી વળી આ થાશે. ના પાડે છે. એ નહીં થાય. એય! ઠીક છે. અત્યારે એટલી હોંશ છે. આહાહા! ઠીક છે છોકરો માળો ભાગ્યશાળી છે. કહો, સમજાણું કાંઈ? આહાહા!

કહે છે ભગવાન આ કહીને એમ કહેવા માંગે છે કે, એકેન્દ્રિય જીવ પણ થયો તો ત્યાં એને વેદન છે એની મુખ્યતા છે. એ વેદનની પર્યાયમાં છે વેદન. પરનું નહીં અને પરમાં નહીં. સમજાણું કાંઈ? એનું અસ્તિત્વમાં. આમ પ્રતિકૂળતાનું લક્ષ કરીને દ્વેષ કરે, અનુકૂળતામાં રાગ કરે. એ રાગ ને દ્વેષને વેદે છે જીવ. એ પર વસ્તુને નહીં. આ પર વસ્તુને કારણે એ વેદન છે એમ નહીં. એમ કહે છે. આહાહા! કોણ કહે આમાં અનંત જીવ છે. આહાહા! પૂર્વે અનંતા માતા-પિતા કર્યા. દિકરાઓ કરે એ મરીને અત્યારે નિગોદમાં પડયા છે. સમજાણું કાંઈ?

એ વહાલામાં વહાલા દિકરા હતા. એના વિના એક ક્ષણ નહીં ચાલે. આ એના વિના અનંતકાળ ગયો. અને એ એમાં રહ્યો એને ખાવા માટે હોંશથી ખાય. આહાહા! સમજાણું કાંઈ? એવો એક લેખ શાસ્ત્રમાં આવે છે કથામાં. કે એનો બાપ મરીને કૂતરો થયો. પછી એના બાપનું હતું શ્રાધ્ધ. બાર મહિનાનું શ્રાધ્ધ. દૂધપાક - દૂધપાક કરેલો અને ઓલો કૂતરો ખાવા આવે ને મારે આ. એમ ફરીને ખાવા આવે. વળી આ મારે. પછી એણે એક સાધુને પૂછયું કે આ છે શું આ? તો કહે જેનું તે શ્રાધ્ધ કર્યું છે તે તારો બાપ છે આ. એને તો ખબર નહોતી. એને એમ કે આ અમે ખાતા તો મારું ખાઉં, ખાઉં, એમ થઈ જાય. આહાહા!

ભગવાનઆત્મા આનંદમૂર્તિ જ્ઞાનસ્વભાવે ભરેલો એવી અંદરમાં અનુભવ દૃષ્ટિ ન થાય ત્યાં સુધી આવી દશા અનાદિથી વેદી રહ્યો છે. એમ કહે છે. તેમને અતિ પ્રકૃષ્ટ ત્રણ પ્રકાર મુકયા. એકેન્દ્રિય પ્રાણીને મોહની તીવ્ર મલિનતા પરમાં સાવધાની, જ્ઞાનની હીણતા અતિ પ્રકૃષ્ટ ઓછી અને વીર્યનો ઉઘાડ ઓછો. ત્રણ બોલ લીધા. **'પ્રકૃષ્ટ વીર્યાંતરાયથી કાર્ય કરવાનું સામર્થ્ય નથી...'** એકેન્દ્રિયને નથી બિચારા.

હવે બીજા, હવે કર્મચેતના. **'બીજા ચેતયિતાઓ અર્થાત આત્માઓ, જે અતિ પ્રકૃષ્ટ મોહથી મલિન છે...'** એ કર્મચેતનાવાળા છે તો મોહથી મલિન. અતિ વિશેષ મોહથી મલિન છે એમ. ફેર આટલો છે એમાં. **'જેનો પ્રભાવ પ્રકૃષ્ટ જ્ઞાનાવરણથી બિડાઈ ગયો છે...'** અતિ પ્રકૃષ્ટ નહીં. બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય, પંચેન્દ્રિય જીવ છે એને જરી વીર્યનો ઉઘાડ થોડો અંદર પુરુષાર્થ છે. એટલે એને પ્રભાવ જ્ઞાનાવરણીથી બિડાઈ ગયો, ઉગ્ર નથી. એને જ્ઞાનનો થોડો ઉઘાડ છે. છે ને? બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય, પંચેન્દ્રિય. નારકી, મનુષ્ય, દેવ, ઢોર. **'એવા ચેતક સ્વભાવ વડે...'** અતિ પ્રકૃષ્ટ મોહથી, આહાહા! પંચેન્દ્રિય થયો અને માણસ કહે ને અમે ગરીબથી પૈસા થયા પછી. એમાં બાયડી ને છોકરા ને પાંચ, પાંચ, દસ, દસ છોકરા હોય. દસ છોકરા. પાંચ પાંચ હાથના લાંબા.

કહે છે એને જ્ઞાનાવરણીથી બિડાઈ ગયેલી દશા છે. કાંઈક ઉઘડેલી છે.અને મોહથી તીવ્ર મલિન છે. **'એવા ચેતક સ્વભાવ વડે-ભલે સુખદુઃખરૂપ કર્મફળના અનુભવથી મિશ્રિતપણે પણ...'** દેખો, કર્મચેતના રાગ-દ્વેષ ને મિથ્યાત્વને કરે છે એમાં ફળનું એનું વેદન પણ મુખ્યપણે નથી પણ ગૌણપણે અંદર છે. કાર્યચેતનાને તેણે મુખ્યપણે ગણ્યું (છે) ફળનું મિશ્રિતપણું હારે ને હારે છે. ભ્રમણા. આહાહા! આ પુણ્ય પરિણામ કરું છું એ મને ધર્મ છે. આ પાપ કરવાના પરિણામ મને સુખરૂપ છે. એવી જે ભ્રમણા એના ફળને ભ્રમણાના કાર્ય કરવામાં એના ફળને **'અનુભવથી મિશ્રિતપણે પણ-'કાર્ય'ને જ પ્રધાનપણે ચેતે છે...'** ભાષા એમ છે. દેખો.

આ કર્મચેતના મુખ્યપણે છે. બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય મુખ્યપણે છે. ખુલાસો આવશે કાલ. રાગ કરવો, પુણ્ય કરવું, પાપ કરવું, મિથ્યાત્વ કરવું એવો ભાવ. એના વીર્યના ઉઘાડને લઈને, વિશેષ જ્ઞાનનો ઉઘાડ વિશેષ નથી પણ થોડો ઉઘાડ છે. એમ કહે છે. આવરણ પ્રકૃષ્ટ છે પણ અતિ આવરણ નથી એમ. અને પર તરફના મોહની મલિનતાની ઉગ્રતા છે. હેં? તો એ રાગ અને દ્વેષ, પુણ્ય ને પાપ. સંકલ્પ-વિકલ્પરૂપી કાર્યને ફળના મિશ્રિતપણે તે કરે છે. આહાહા! વેપાર, ધંધો કરી શકે છે એ વાત નથી અહીં કહે છે કર્તામાં. જાદવજીભાઈ! આહાહા!

એની હયાતિમાં હોય તે કરે. પરની હયાતિને શું કરે ને પરની હયાતિમાં કેમ એ જાય? કે એને એ કરે. ભારે- ભારે ભ્રમ ભાઈ! **'કાર્યને જ...'** કાર્ય એટલે કર્મ, કર્મ એટલે વિકાર. **'ભલે સુખદુઃખ કર્મફળના અનુભવથી મિશ્રિતપણું...'** હો એમ. ફળનું એમાં હારે હોય પણ મુખ્યપણે કાર્યને જ સેવે છે, કરે છે એમ. કાર્યને જ પ્રધાનપણે ચેતે છે. ચેતાય જાય છે વિકારમાં, વિકારમાં, વિકારમાં, વિકારમાં. આહાહાહા! અરે! ચેતનારો ચેતનારમાં ન ચેતતાં એ કાર્ય રાગ-દ્વેષ ને પુણ્ય-પાપમાં ચેતાય છે. મલિનતા, મિથ્યાત્વભાવ છે. કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

એ આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના પરિણામ પણ રાગ છે. એ રાગના કાર્યમાં ચેતાય જાય છે

કે આ મારું કાર્ય છે. એમ કહે છે. આહાહા! એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? પણ એ કાર્ય કરે તો એ વિકાર ને મિથ્યાભ્રાંતિને કરે કાર્યમાં. એથી કાંઈ ભગવાનની પૂજા હાથ આમ આમ કરે કે મંદિર બનાવી શકે એમ નથી. પુસ્તક બનાવે કે આ બનાવે એવું કાર્ય કરે જીવ, વીર્યનો વિકાસ છે માટે કાંઈ એમ નથી. આહાહા! વીર્ય પુરુષાર્થની જાગૃતિ છે, ઉઘાડ થોડો. અને જ્ઞાન બિડાઈ ગયું છે. હીણું થયું છે. અતિ પ્રકૃષ્ટ નહીં. પણ મોહની તીવ્રતા, મલિનતા છે. પર તરફની સાવધાની છે. એથી તે મિથ્યા રાગ ને પુણ્ય-પાપ ને એના ફળના મિશ્રિતપણે તે રાગના પુણ્ય-પાપના મિથ્યાત્વના કાર્યને પ્રધાનપણે કરે છે.

**'કારણ કે તેમણે થોડા વીર્યાંતરાયના ક્ષયોપશમથી કાર્ય કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કર્યું છે...'** જો. ઓલો રાગ-દ્વેષ કરવાનું કાર્ય હોં! આ પરમાણુ ફરમાણુનું કામ નહીં..... પુણ્ય-પાપ ને મિથ્યાત્વના ભાવને કરવાનું વીર્ય ઉઘડેલું છે. પરનું કામ કરવાને માટે બહુ વીર્ય છે ને શરીરને આમ રાખી શકે છે ને આમ કરી શકે એમ છે નહીં. એ બે વાત કરી ત્રીજી કરશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં ૩૯ ગાથા - ૩૮
## માગશર વદ ૦।। બુધવાર તા. ૭/૧/૭૦

આ પંચાસ્તિકાય અને ષટદ્રવ્યનું વર્ણન છે. એમાં વર્તમાન જીવાસ્તિકાયમાં જીવ શું શું કરે ને શું ફળ ભોગવે છે, એની વ્યાખ્યા છે. પહેલા બે બોલ આવી ગયા. આડત્રીસ ગાથા. ચેતયિતૃત્ત્વ એ જાણનાર, જાણનાર આત્મા છે. એ જાણનાર આત્મા એકેન્દ્રિય જીવમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એમાં તો એ રાગ-દ્વેષ ને હરખ શોકના ફળને જ ભોગવે છે. કર્મફળચેતના. એ જીવના ચેતયિતા, જાણપણું જ્ઞાન જે ગુણ છે એ ગુણ તરફની દૃષ્ટિ એકેન્દ્રિયમાં છે નહીં. એવા જીવો પોતાની દશામાં હરખ-શોકની, સુખદુઃખની કલ્પનામાં વિકારના ફળને અનુભવે-વેદે છે. એ દુખી છે. એ સુખદુઃખ બેય દુઃખ છે. સમજાણું કાંઈ?

આત્મા આનંદ સ્વરૂપ છે. એને ભૂલીને એકેન્દ્રિય થયા છે. સમજાય છે કાંઈ? એને ભૂલી અને પુણ્ય ને પાપના ભાવો જે વિકાર છે, એના ફળ તરીકે એને વેદન એકલું દુઃખનું છે. સુખદુઃખ એટલે કલ્પનાનું સુખ આમ અનુકૂળતા ઈષ્ટ જરી, હોય ત્યાં ઠીક છે, એમ મૂઢ અવ્યકતપણે ભાન વિના અનંતકાળ એકેન્દ્રિયમાં કર્મફળને એટલે વિકારના અનુભવને ભોગવે છે.

એમ કહીને એમ કહ્યું કે એ જીવો નથી આત્માના અનુભવને ભોગવતા, નથી શરીર આદિ સંયોગી

ચીજને અનુભવતા. હેં? એ તો પર છે. શરીરને કોઈ ભોગવી શકે નહીં. આહાર-પાણી આદિ બહાર ચીજને કોઈ ભોગવી શકે નહીં, એ તો પર-જડ છે. ભોગવે તો એ પોતામાં સુખદુઃખની કલ્પના અવ્યકતપણે મિથ્યાત્વભાવ સહિત બહિરાત્મા સ્વભાવની સન્મુખતાથી ભૂલી પર સન્મુખનો મોહનો ભાવ જેને ઊગ્ર થઈ ગયો છે. એવા જીવો હરખ-શોકના દુઃખને ભોગવે છે. કહો, સમજાણું કાંઈ?

કર્તાપણું છે પણ એ ગૌણપણું છે. મુખ્યપણે કહ્યું છે ને? એકેન્દ્રિય જીવોમાં મુખ્યપણે કર્મફળને ભોગવે છે. ગૌણપણે મિથ્યાત્વ ને રાગ-દ્વેષ આદિના ભાવને કરે છે. પણ વીર્યનો વિકાસ પુરુષાર્થનો થોડો છે. એથી એને મુખ્યપણે દુઃખનું, હરખ-શોકનું વેદન જ કર્મફળચેતના તરીકે વેદે છે. એમ અહીંયા સાબિત કર્યું છે.

હવે થયો ત્રસ. એમાંથી નીકળીને. બીજો બોલ કાલે આપણો ચાલી ગયો છે. બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય, પંચેન્દ્રિય, માણસ, આ ઢોર, દેવ, નારકી, આ શેઠીયા, રાંકા, ભિખારી, ગરીબ. એ બધા આત્માઓ કાર્યચેતનાને ફળ સહિત ભોગવે છે. એટલે? કાર્યચેતના એટલે? મિથ્યાત્વભાવ, ભ્રમણાનો ભાવ અને રાગ-દ્વેષને કરે છે. એ સિવાય એ જીવો એક શરીર ને પરની ક્રિયા બિલકુલ કરી શકતા નથી. સમજાણું કાંઈ? અહીં અસ્તિકાય સિદ્ધ કરવું છે ને. ષટદ્રવ્ય અને પંચાસ્તિકાય. જીવઅસ્તિકાય. તો જીવ ત્રસ થયો તો વીર્યનો કાંઈક વિકાસ છે, પુરુષાર્થનો. એથી એ જીવ રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ, શુભ ને અશુભ, સંકલ્પ-વિકલ્પ એને કરે છે. અને એના દુઃખના ફળના મિશ્રિતભાવને વેદે છે. કર્તાપણા સહિત ભોગવે છે. સમજાણું કાંઈ?

આ માણસો થયા કે દેવ થાય કે નારકી થાય એ શરીરના કોઈપણ રજકણને કે પરમાણુને કરે કે વેદે એમ છે નહીં. એ તો પર ચીજ છે.

મુમુક્ષુ :- પરમાણુને અડે નહીં તો કાંઈ નહીં રુચિને તો અડે ને?

ઉત્તર :- આ રુચિ એટલે આ શરીર. કીધું ને આખું. આ શરીરને આત્મા અડતોય નથી અત્યારે.

મુમુક્ષુ :- રૂપિયાને તો અડે ને?

ઉત્તર :- રૂપિયો ધૂળ, (એની વાત) તો કયાંય રહી ગઈ હવે. એ ન્યાલભાઈ! આ રૂપિયાને અડે કે નહીં એમ કહે છે. એય! હેં? આહાહા!

મુમુક્ષુ :- આપે ના પાડી છે ને આપ હા પાડો તો અમે હા પાડી.

ઉત્તર :- વસ્તુની સ્થિતિ હોય એમ હોય ને? વસ્તુ અહીં શું કહે છે પરમેશ્વર કે જીવાસ્તિકાય. જીવ હોવાપણે અસંખ્યપ્રદેશી આત્મા. એ ત્રસ થઈને શું કરે? સ્થાવર થઈને શું ભોગવે અને ત્રસ થઈને શું કરે અનાદિથી. કે સ્થાવર થઈને એ, અહો! પોતાનો મહાપ્રભુ ચૈતન્ય આનંદ ઈશ્વર એને ભૂલી અને પામરતાના રાગ-દ્વેષ ને પુણ્ય-પાપના, હરખ-શોકના ફળને ભોગવે છે. દુઃખી છે.

એકેન્દ્રિય પ્રાણી આ વૃક્ષના આ લીલા લીલા બહાર દેખાય એ તો શરીર છે. એ શરીર એ જીવ નથી. એમાં જે જીવ ચેતન છે એ તો એના દુઃખને જ ભોગવે છે. કોઈ કહે કે એને પાણી અનુકૂળ મળે, આહાર અનુકૂળ મળે, ત્યારે એને કાંઈક સુખ હશે કે નહીં? એ કલ્પનામાં બધું દુઃખ જ છે એને. આહા! એવા અનંતભવમાં દરેક જીવ નિગોદપણે રહ્યો છે. સમજાણું કાંઈ?

એમાંથી નીકળીને ત્રસ થયો. બે ઇન્દ્રિય કીડી, મકોડા, માણસ, ઢોર તો કહે છે કે એ ચેતકસ્વભાવ વડે મોહ નામ મલિન છે. પરમાં સાવધાનીનો ભાવ છે. પોતાનો આનંદ અને જ્ઞાયક સ્વભાવ ઈશ્વરત્વસ્વભાવ તેની સાવધાનીને ભૂલેલાં છે. ભગવાન અતીન્દ્રિય આનંદની મૂર્તિ પોતાનું સહજાનંદ સ્વરૂપ એની સાવધાની એટલે તે તરફના વલણને ભૂલ્યા છે. પર તરફના કાર્ય રાગ અને દ્વેષ કે પુણ્ય ને પાપ એવા ભાવને એ કરે. ન કરે આનંદને ન કરે પરના કાર્યને. બરાબર હશે? ન્યાલભાઈ! ઘડીયાલનું કામ ન કરે એમ કહે છે અહીં. સાચું હશે આ? કેમ કે ઘડીયાલનું હોવાપણું જડપણે હોવાપણું છે. અને એ જડપણે હોવામાં જડના પરિણમનની ક્રિયા જડ કરે છે. ભીખાભાઈ!

મુમુક્ષુ :- જી પ્રભુ! આપ કહો છો પછી શું ?

ઉત્તર :- પણ આમ છે એ કાંઈ ખ્યાલમાં આવે છે કે નહીં ખ્યાલમાં ન્યાયથી, ન્યાયથી.

અહીં તો જીવ કરે કે ભોગવે એ એની દશામાં કરે ને ભોગવે. પરનું એક તણખલું તોડી શકે કે તણખલાને જોડી શકે, શું કહેવાય તમારા એય! પાર્ટ કહેવાય ને નવા ઘડીયાલના. હેં? એ પાર્ટ. અને તમારે શું કહેવાય? મોટરના પણ પાર્ટ.

મુમુક્ષુ :- એ મોટરના પાર્ટ અને આ ઘડીયાલના પાર્ટ.

ઉત્તર :- મોટરના ને ઘડીયાલના પાર્ટ. કહે છે કે હરામ એ પાર્ટને અડે ને કરે તો જીવ.

ભ્રમણાથી અજ્ઞાની મૂઢ પાપને સેવીને માને છે કે હું આ કાંઈક કરું છું આનું. એ તો મિથ્યાત્વભાવ, જૂઠ્ઠોભાવ, અસત્યભાવ, પાખંડભાવ સેવીને માને છે. પણ કરી શકતો નથી. કેમ બરાબર હશે મૂળચંદભાઈ!

મુમુક્ષુ :- હા બરાબર છે.

ઉત્તર :- શું બરાબર હશે? આ તમારા ન્યાલભાઈએ કેટલું કર્યું. જુઓ! ઘડીયાલનું કેટલું કરે છે આ બધું. માણસ વાતું કરે છે. આપણે કયાં જોવા ગયા હતા.

મુમુક્ષુ :- જે ઉપાધિ આવે ને એની પાસે જાય એને ખબર પડે ને? આહાહા!

ઉત્તર :- ભગવાન તું તારા દ્રવ્ય,ગુણ ને પર્યાયમાં છો. તારું દ્રવ્ય જે ચેતન છે. એના ગુણ જે જ્ઞાનાદિ છે અને એની અવસ્થા વિકારી છે. સ્થાવર ને ત્રસ. એમાં તું છો. નથી તે શરીરમાં, નથી તે વાણીમાં, નથી તે પૈસામાં, નથી તે વેપારમાં. જેમાં નથી તેનું તે કેમ કરે? ન્યાય સમજાય છે કાંઈ?

આરે! આ બધા પણ તોફાન કરે છે ને. કેટલા પૈસા સંઘરે, રાખે, વહેંચે, વેપાર કરે. અહીં કહે છે કે હરામ કરતો હોય તો. તારી પર્યાયમાં તને જૂઠાપણાના ભાવમાં એવું ભાસે છે, ભાસ થાય છે. કે હું આ કરું છું આનું. કરતો જ નથી. કરે તો તે તું કરે છો કે આનું કરું એવો જે મિથ્યાત્વભાવ, મહાસ્વરૂપનો અનાદરરૂપભાવ અને રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ એવા કર્મચેતના કર્મ એટલે કાર્યચેતના. આ તારું કાર્ય છે. અજ્ઞાનીનું પણ કાર્ય વિકારનું કરવું એ એનું કાર્ય છે. સમજાય છે કાંઈ?

કહો, મનહરભાઈ! આ શું કહે છે ભંગાર બંગારનું કાંઈ કરી શકતો નથી. એમ કહે છે. ભારે પણ આ! ભંગારનું કેટલું કરે છે તું તો. કેટલા રૂપિયા સંઘરે કાઢવા, નાખવાના. પચાસ, પચાસ હજાર પેદાશ થાય. આમથી આમ થાય ને ધૂળ થાય ને વા થાય ને. એય! ક્યાં ગયા અમુલખભાઈ? ઓલો આવ્યો હતો ને તમારો. હા, આવ્યો હતો. કહે અમે બાપાને તેડવા આવ્યા છીએ. કીધું, બાપા ના પાડે છે. નથી આવવું. મેં પૂછયું કે શું કરવા આવ્યો છો તું? તેડવા આવ્યો છું. હવે બાપા ત્યાં આવે તો કાંઈક જરી, એને કાંઈ પડી નથી. અમારું જેમ હોય તેમ થાય જાવ કરો તમારું. અમારે નથી આવવું. કોણ પણ કરતું હતું. અમથુંય તે. આહાહા! ત્યાં બેઠો હોય તે લાતીના લાકડાને ફેરવી શકે? હેં? આહાહા!

દુકાન ઉપર બેઠો હોય તે એક પણ વાસણનો કટકો આમથી આમ કરી શકે? ત્રણકાળમાં નહીં એમ કહે છે. એ તો જડ છે. જડની અવસ્થાના કાર્ય જડ કરે. તારા અધિકારની એ વાત માને છો તું. છે નહીં. તારા અધિકારની એટલી વાત કે હું આનું કરું છું, આને આનું બગાડું છું, આને આનું સુધારું છું. આને મદદ કરું છું એવો જે મિથ્યાત્વ તારો ભાવ એને તું કર. સમજાય છે કાંઈ?

એ મિથ્યાત્વભાવની સાથે દુઃખનું વેદન છે ભેગું મિશ્રિત. કે આત્માનો આનંદ નથી તેમ પરનું વેદન એમાં નથી. સ્ત્રીનું શરીર, લક્ષ્મી, મકાન, આબરૂ, કીર્તિ એ તો પર જડ બધી ચીજ છે. એનું આત્માને કરવું પણ નથી અને એનું ભોગવવું પણ નથી. ભોગ - ભોગની ધૂળની વસ્તુ એ માટે તો આ સિધ્ધ કરે છે અહીં. ભોગ ઉપભોગની વસ્તુ તારો ભાવ. પર વસ્તુ ભોગવવા ને ઉપભોગ થાય એ વાત છે નહીં. એથી તો અહીં જીવાસ્તિકાય! પરમેશ્વર સંતો એમ કહે છે કે ભાઈ! તારો ભગવાન પરમેશ્વર પૂર્ણાનંદનો નાથ પરમાત્મા તું છો હો! પણ એ પરમાત્માને પૂંઠ દઈ, અનાદર કરી અને આ મિથ્યાત્વભાવ, રાગ-દ્વેષભાવ એને કરે છે એ. એ...... ને દુઃખને વેદે છે. એમ કહે છે. સમજાણું કાંઈ? એ અધર્મને કરે છે અને અધર્મને વેદે છે. એમ કહે છે. જાદવજીભાઈ! સાચું હશે આ? આ બધા પૈસાવાળા ફેરવે ને વ્યાજ ઉપજાવે. ટકાના, દોઢ ટકાના. ફલાણાના, ઢીકણાનાં.. હવે તો શાહુકારેય દોઢ ટકા આપે છે. સાંભળ્યું છે. પહેલાં તો ક્યાં આઠ આના ને છ આના માંડ આપતાં. હવે તો કોણ જાણે શું થઈ ગયું. પૈસા તો સોંઘા થઈ ગયા છે ને. ભાવ મોંઘા થયા અને પૈસા સોંઘા થયા. આ એમાં સોંઘા-મોંઘા કોને કહેવા? આહાહા! એય!

અહીં તો કહે છે કે એક આંખની પાંપણ પણ ફેરવવી એ આત્માનું કાર્ય નથી. આત્મા કરી શકતો

નથી. એ કરે છે કે હું આનું કરું એવા મિથ્યાત્વભાવને કરે અને એની સાથે દુઃખને વેદે છે. દુઃખને વેદતો હશે? હા પણ આ બધા લાલ, પીળા જેવા તો દેખાય છે. શરીર દેખાય છે પણ એમાં આમ સુખી છીએ એમ કહે છે ઘણા માણસો. પૈસે ટકે સુખી છીએ. કુટુંબ કસેલું કુટુંબ છે. એમ માણસ વાતું કરે છે. વાતું નથી કરતા? કસેલું કુટુંબ બધું ભેગું થયુ એમ વાતું કરે, ઓલી બાયડીયું નવરી હોય ને જાણે. ભેગું થાય ને લગ્ન વખતે કસેલું કુટુંબ. કસેલું કુટુંબ એટલે નીરોગી બધા ભેગા થયા છે એમ. આમાં કોઈ હમણાં મરી નહીં જાય એમ. ધૂળેય નથી સાંભળને માળા! ભ્રમણામાં પડયો ભગવાન તારી વાતને ભૂલી ગયો. તારી જાતને તું ભૂલી ગયો પ્રભુ! ભૂલીને તે મિથ્યાત્વ ને રાગ-દ્વેષના ભાવને કર્યા દુઃખમાં. વર્તમાન દુઃખી અને તેના ફળ તરીકે નરક ને નિગોદમાં દુઃખી. આહાહા!

અરે! કોઈ પુણ્યભાવ કરે. કાર્યચેતનાની વાત છે ને અહીંયા. તો પણ પુણ્યભાવ એ વર્તમાન કર્તૃત્વ તરીકે કરે એ પણ દુઃખી છે. અને એના ફળ તરીકે સ્વર્ગમાં કે આ ધૂળમાં કે શેઠાયમાં જાય એ પણ દુઃખી છે બિચારા. ભિખારી, રાંકા આત્માની પ્રભુતાને ભૂલી અને પામરતા રાગ અને દ્વેષની પામરતાના કર્તવ્યને કરી દુઃખી છે, એમ કહે છે અહીં. આહાહા! તારા પ્રભુને તું ભૂલી ગયો છો. સમજાણું કાંઈ? તારા સનાથ ચૈતન્યનાથ છે અંદર ભગવાન પૂર્ણાનંદનો પ્રભુ! જેવા પરમાત્મા પરમેશ્વર છે એવો જ તું છો.

તારી પરમેશ્વરતા કાંઈ બહારથી આવતી નથી. અંદરમાં પરિપૂર્ણ પ્રભુ છો ભાઈ! એનો તને વિશ્વાસ નથી. અને આ વિશ્વાસ પરનું કરું અને આનું આમ કરું તો આમ ઠેકાણે પડશે અને આનું આમ કરું તો આમ ઠેકાણે પડશે. શું કહે છે. શું ઓલી રેલમાં નથી ઓલી રેલ કયાંક આમ. ગામનું નામ શું એનું છે? નહીં ઓલી રેલમાં આપણે ગયા હતા ને અટકી ગયું. ત્યાં રેલ આઘે હાલતી હતી. હેં? સરાડીયા. આ સરાડે ચડાવવું છે એમ કહે. એવું કાંઈક એમાં આવ્યું હતું યાદ ત્યાં. સરાડીયું ગામ છે. ત્યાં રેલ છે. આઘી નથી. માસ્તર બાસ્તર બિચારા ત્યાં હતા. જૈન નહોતું. એવું કહેતા હતા. ઘણાય. સરાડીયા સ્ટેશન છે. ત્યાં બધા માણસો માને છે કે અમે સરાડે ચડાવી દઈએ છીએ. મૂઢ છો. સરાડે ચડાવતા નથી? તારો બાપ આ કરે છે ને ત્યાં બધું.

મુમુક્ષુ :- કલ્પના કરે છે.

ઉત્તર :- કલ્પના કરે છે. ભારે ભાઈ! ભારે છોકરો હો તમારો! અગિયાર વર્ષનો છોકરો કહે છે કલ્પના કરે છે.

મુમુક્ષુ :- એ તો થાતું હોય એ કહે ને.

ઉત્તર :- એ ન્યાલભાઈ! આહાહા!

ભાઈ તને ખબર નથી. તારા હોવાપણામાં શું કરે છો અને પરના હોવાપણામાં તું કાંઈ કરી શકતો નથી એવી તને ખબર નથી. બેખબરો અજ્ઞાની મૂઢ થઈને. આહાહા! કહે છે કે કાર્યચેતનાને કરે. કાર્યને

પ્રધાનપણે ચેતે. કયું કાર્ય? ભ્રમણા મિથ્યાત્વ છે. આ પુણ્યના ભાવ તે મને સુખરૂપ છે, આ અનુકૂળ સામગ્રી માટે હું સુખી છું. પ્રતિકુળતા માટે હું દુઃખી છું. એવા મિથ્યાત્વભાવને ચેતે ને વેદે ને કરે. આહાહા! સમજાણું કાંઈ? કાર્ય કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કર્યું છે. લ્યો! ત્યાં સુધી આવ્યું છે આપણે.

હવે ત્રીજી વાત. હવે ધર્મીની વાત. તોંતેર પાનું છે. તોંતેરનો પહેલો પેરેગ્રાફ છે. તું નથી રાખતો પંચાસ્તિકાય. એય! દિલીપ! પંચાસ્તિકાય છે ઘણા. દેજો દેજો ભાઈ છોકરાને દેવું. તોંતેર પાનું. એની પહેલી લીટી તોંતેરની.

**'વળી બીજા ચેતયિતાઓ...'** એટલે આ એકેન્દ્રિય અને ત્રસના કાર્ય કરનારા અજ્ઞાનના, વિકારના એ સિવાયના હવે આત્માઓ. સમજાણું કાંઈ? **'અર્થાત આત્માઓ...'** ચેતયિતા એટલે જાણનાર આત્માઓ **'જેમાંથી સકળ મોહકલંક ધોવાઈ ગયું છે...'** સકળ પર તરફની સાવધાનીનું કલંક હતું તે નાશ કર્યું છે જીવે. આહાહા! **'સકળ મોહકલંક...'** પરમાં સાવધાનીનું કલંક હતું એને. પરના કાર્ય કરું ને રાગ-દ્વેષ કરું ને પુણ્ય-પાપ કરું ને એવા ભાવ એ મોહરૂપી કલંક છે. કલંક છે એને. આહાહા! એ મોહકલંક **'ધોવાઈ ગયું છે...'** આત્માના આનંદસ્વરૂપના ભાન દ્વારા એ ભાવ ધોવાઈ ગયો છે. ટળી ગયો છે એમેય નથી કહ્યું ધોવાઈ ગયો છે, સાફ થઈ ગયો છે એમ. સમજાય છે કાંઈ?

આ તો ઉત્કૃષ્ટ વાત લીધી છે. કેવળીની વાત લ્યે છે. પણ પૂરું કર્યું છે, પૂરું કર્યું છે એની વાત લીધી છે. સમ્યગ્દર્શનથી, પ્રથમ ધર્મની શરૂઆતથી આત્મા પરમાત્મા પૂર્ણ વિશ્વાસમાં લઈ અને જેણે રાગ અને અલ્પજ્ઞ પર્યાયનું સ્વામીપણું છોડી દીધું છે. પરનું સ્વામીપણું તો છોડયું છે. ધર્મી, શરીર, વાણી, કર્મ, સ્ત્રી, કુટુંબ, પૈસા, આબરૂ એ સ્વ અને એનો હું સ્વામી એ દૃષ્ટિ તો છૂટી ગઈ છે. એ મારું સ્વ અને હું એનો સ્વામી એ તો મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વના કાર્યને કરે છે. એ વાત બીજા ભાગમાં ગઈ. સમજાણું કાંઈ?

ત્યારે ધર્મી કેવા છે? ધર્મ કરનારા સુખી જીવ કેવા હોય છે? કે જેણે ભગવાનઆત્મા ધ્રુવ શુધ્ધચૈતન્ય જ્ઞાયક નિત્યાનંદ પ્રભુ એકલો અતીન્દ્રિય આનંદરસ જેમાં પડયો છે આત્મામાં. એમાં જેની સાવધાની થઈ છે. તેથી પરમાં સાવધાનીની એકતાબુધ્ધિ તેણે ધોઈ નાખી છે. સમજાણું કાંઈ?

અહીં તો સમ્યગ્દર્શનથી માંડીને છે. વાત અહીં પૂરી છે, મુખ્યતા. પણ પહેલેથી જેણે, ઓહો! જેટલી ક્રિયાકાંડના વિકલ્પો છે પુણ્ય-પાપના એ બધાય મારામાં નથી, મારા નથી, મારું કર્તવ્ય નથી. આહાહા! સમજાણું કાંઈ?

હું તો એક ચૈતન્યજ્ઞાયકમૂર્તિ ચેતનાર, જાણનાર, આનંદ કરનાર છું. એવું જેણે પોતાના પરમેશ્વરનું પરમસ્વરૂપ, રૂપ તેની સાવધાની કરી છે અને પર તરફની સાવધાનીની એકતાને જેણે ધોઈ નાખી છે. સમજાણું કાંઈ? એ સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનનું વેદન અને જ્ઞાનની ચેતના હોય છે. એમ સિધ્ધ કરવું છે.

સમજાણું કાંઈ? એને પરનું તો કરવાનું છે જ નહીં. એ તો અજ્ઞાનીને નથી. પણ જ્ઞાનીને અંદર પુણ્ય ને પાપના વિકલ્પ ઊઠે એનું એ કર્તવ્ય જ્ઞાનીને નથી. એ કર્મચેતના જ્ઞાનીને નથી. આહાહા! ધર્મી સુખને પંથે ચડયો એને તો ભગવાન આનંદના ધામમાં અંદર પ્રવેશ કર્યો. તેથી તો તેને સમ્યગ્દષ્ટિ ગૃહસ્થાશ્રમમાં દેખાય છતાં એ છે પોતાના જ્ઞાન ને આનંદ સ્વભાવની જ દશામાં. તેથી તેને પરનું કાંઈપણ કરવું ને પુણ્ય-પાપના રાગનું કર્તવ્ય કરવું એ દષ્ટિ નાશ કરી નાખી છે. સમજાણું કાંઈ? આનું નામ ધર્મ છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના પંથમાં આ ધર્મ છે. બીજે તો કયાંય છે જ નહીં. બીજે તો કયાંય વસ્તુ જ નથી. વાતું ગમે તે જાતની કરે મોટી મોટી ને આ બધા મીંડા એકડા વિનાના બધે છે. આત્મા સર્વજ્ઞ વીતરાગસ્વરૂપ છે એવી અંતરમાં સન્મુખ થઈને અલ્પજ્ઞ પર્યાયની બુધ્ધિ દષ્ટિ છોડી, સર્વજ્ઞપણાની દષ્ટિ કરી, રાગ અને વિકારની બુધ્ધિ છોડી વીતરાગસ્વભાવે પરિપૂર્ણ છું. એવો જેણે અંતરમાં વિશ્વાસ જાણીને જ્ઞાનના સ્વભાવનું માહાત્મ્ય કરીને પ્રગટ કર્યો છે, એ જીવને આત્માના જ્ઞાનસ્વરૂપનું એકાગ્રપણું છે. એને રાગનું ને પુણ્યનું એકાગ્રપણું નથી. સમજાણું કાંઈ? આરે ધર્મ આવો. ભારે ધર્મ ભાઈ!

હવે આમાં પૂજા ને ભકિત ને દયા ને દાન ને એમાં કયાંય ધર્મ છે કે નહીં? હેં? નથી? લે! વાહ! એ ન્યાલભાઈ! ત્યાં તમારે આવું સાંભળવાનું નહીં મળે ત્યાં. સીધી લાઈનમાં આવો છોકરોય નહીં મળે. જુઓ! આહાહા! એ શુભ વિકલ્પ છે. દયા, દાન, વ્રત, પૂજા, ભકિત શુભ વિકલ્પ રાગ છે. એ જ્ઞાની કર્મચેતનામાં એકાગ્ર નથી. જ્ઞાતા છે, જાણનાર છે. એ આવ્યું હતું ને સવારમાં. સમજાણું કાંઈ? આહાહા!

અહીં તો એ સમ્યગ્દર્શનથી માંડીને પૂર્ણ જેણે મોહનો નાશ કર્યો છે. અને જેને કેવળજ્ઞાન પ્રગટ થયું છે. એવી ઉત્કૃષ્ટ દશાવાળાને જ્ઞાનચેતના એટલે એકલો જ્ઞાનનો જ અનુભવ છે. એમ અહીં વાત સિધ્ધ કરી છે. સમજાણું કાંઈ? ભારે વાત ભારે! દુનિયાથી બહુ ફેર, બહુ ફેર. હેં? આહાહા! દુનિયા પૈસાવાળાને નીરોગીને છોકરાઓ જેને ઘરે સરખા બે, ચાર, પાંચ, છ, સાત હોય. આબરૂ, કીર્તિ હોય તો સુખી કહે. અહીં કહે છે કે એ દુઃખી છે. એ ચીજને લઈને નહીં. એમાં તેના તરફના વલણનો ભાવ છે તે દુઃખ છે. સમજાણું કાંઈ?

એ ધર્મી જીવે ધર્મ એટલે ભગવાનઆત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. ચિદાનંદનું અસ્તિત્વ છે. અહીં એ સિધ્ધ કરવું છે ને? મારું હોવાપણું તો જ્ઞાન ને આનંદના પરિપૂર્ણ હોવાપણે હું છું. એવું જેણે અંતર પ્રભુત્વ શકિતનું પરિપૂર્ણ પ્રભુત્વ એનો જેણે અંતરમાં સ્વીકાર કર્યો છે. એ જ્ઞાનમાં એટલે સ્વભાવમાં એકાગ્ર છે એને પુણ્ય-પાપના વિકલ્પ નીચલી દશામાં હોય છે પણ તેનો તે કર્તા અને તેનો તે ખરેખર ભોકતા પણ નથી. પરનો કર્તા-ભોકતા તો અજ્ઞાની પણ નથી. અજ્ઞાની કરતો હતો રાગ અને

દ્વેષ, સંકલ્પ અને વિકલ્પ. જયાં જયાં ઊભો હોય ત્યાં ત્યાં તે આ કરતો હતો. બીજું એક ફોતરું રજકણનું ફેરવવું એ એના અધિકારની વાત નથી. પરદ્રવ્યને શું એ કરે? આહાહા! અહીં તો મોટા મોટા કામ કરે છે ને માણસો એમ કહે છે ને. ભાઈ! કહે એ અજ્ઞાનીઓ ભલે કહે. એથી કાંઈ વસ્તુ છે એ ફરી જાય એમ છે કાંઈ? આહાહા! સમજાણું કાંઈ?

ધર્મી જીવ તો એને કહીએ, કે જેને આત્મા સિવાય બીજા હોવાવાળા અનંત આત્માઓના પરમાણુઓ, એની થતી દશાના કાર્યને હું કરું છું એ તો માનતો નથી. પણ પોતાની દશામાં જરી કમજોરીને લઈને શુભ ને અશુભભાવ થાય છે અને એનો જરી હરખ-શોકનો ભાવ પણ એમાં હોય છે.એને એ જ્ઞાની કરતોય નથી ને નિશ્ચયથી તે ભોગવતો નથી. આહાહા! ત્યારે હવે આ ખાય પીએ ને મજા કે દિ' કરશે એ? માણસ કહે ને ખાય-પી ને એય મજા! ઈશ્વરે આપ્યું છે તો ખાય-પી ને મજા કરીએ છીએ. મૂઢ છો કહે મોટો! મૂઢ મૂઢ મોટો પાડો મૂઢ છો. એય! હાય, હાય! ભારે! આહાહા!

ભગવાનઆત્મા જેમાં પુણ્યના વિકલ્પની ક્રિયાનો પણ જેમાં અભાવ છે. એવા સ્વભાવનો આદર નથી અને તને રાગની ક્રિયાનો આદર છે એ તો કર્તાપણાની બુધ્ધિ મિથ્યાત્વ અને અજ્ઞાન ને દુઃખરૂપ બુધ્ધિ છે. અને જેના ફળમાં પણ દુઃખમાં જ જવાના છે એ. સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે જેણે હવે એણે દુઃખને ટાળ્યું છે. દુઃખ એ મારું સ્વરૂપ જ નથી. પર તો મારું સ્વરૂપ નથી, પરના કામ કરવા કે પરને ભોગવવા એ તો મારી દ્રવ્ય-ગુણ શક્તિવાન ને શક્તિમાં તો નથી પણ મારી દશામાં એ નથી. સમજાય છે કાંઈ? એવી જેણે સમ્યગ્દૃષ્ટિ પ્રગટ કરી છે અને જેણે આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે એવું જ્ઞાનમાં એકાગ્ર એટલે સ્વમાં એકાગ્ર થયો છે.એણે પર તરફના મોહના કલંકને ધોઈ નાખ્યું છે. સમજાણું કાંઈ? ભારે!

**'જેમાંથી સકળ મોહકલંક ધોવાઈ ગયું છે...'** અને આગળ વધતાં જે અસ્થિરતાના અંશો ધર્મીને થતાં એને પણ જેણે સ્વરૂપની અંતરની એકાગ્રતા દ્વારા ધોઈ નાખ્યા છે. અશુધ્ધતા જેને જરીયે રહી નથી. એવા કેવળીની જ્ઞાનચેતનાને જ્ઞાનચેતના કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **'સકળ મોહકલંક ધોવાઈ ગયું છે...'** કલંક ધોવાઈ ગયું છે એમ છે ને. કલંકનો શબ્દ છે ને. **'અને સમસ્ત જ્ઞાનાવરણના વિનાશને લીધે...'** ધર્મી જીવે નીચલી દશામાં જ્ઞાનાભૂતિને આવરણ કરનાર એવા પ્રકૃતિ, મતિ આદિનો નાશ કર્યો છે. સમજાણું કાંઈ?

અને સ્વચેતનને પકડીને અનુભવ કરે એવું જ્ઞાન જેને પ્રગટ થયું છે. અને આગળ જતાં પૂર્ણ જ્ઞાન અંતરમાં એકાગ્ર થતાં **'સમસ્ત જ્ઞાનાવરણના વિનાશને લીધે...'** જેને બધા જ્ઞાનાવરણ આદિનો એક રજકણ પણ રહેવા દીધો નથી. નાશ કર્યો છે એમ નિમિત્તથી વાત છે. **'જેનો સમસ્ત પ્રભાવ અત્યંત ખીલી ગયો છે...'** જેમ કળી ખીલી જાય. લાખ પાંખડીની ગુલાબની કળી હોય છે. ગુલાબ થાય છે ને ગુલાબ ફુલ. હજાર હજાર પાંખડીના ફુલ તો અહીંયાના છે જ. કયાં હતા? કયું ગામ? ગયા

હતા ને તળાવમાં. ચીખલી, ચીખલી ચીખલીને. ઓલા ત્યાં તળાવમાં હજાર હજાર પાંખડીના ફુલ, લાખ પાંખડીનું ગુલાબનું ફુલ. હોય આમ કળી ટૂંકી. ખીલે ત્યારે આમ લાખ પાંખડી.

એમ ભગવાનઆત્મા અંતર જ્ઞાન, દર્શન, આનંદની અનંતતાના સ્વભાવથી ભરેલો છે. એની અંતર એકાગ્રતા દ્વારા ખીલી ગઈ દશા. કેવળજ્ઞાન, કેવળદર્શન આનંદ ખીલી ગયો જેને. કેવળીની વાત લીધી છે ને. સમજાણું કાંઈ? **'જેનો સમસ્ત પ્રભાવ અત્યંત ખીલી ગયો છે...'** અત્યંત ખીલી ગયો, ખીલી ગયો છે એમ પણ નથી. અત્યંત ખીલી ગયો છે. આહા! સૂર્ય જેમ હજાર કિરણે બહાર આવે ને પ્રભાવ કરે. એમ ભગવાનઆત્મા ચૈતન્યસૂર્ય અંતરની સ્વભાવની શક્તિની એકાગ્રતા દ્વારા જેણે વર્તમાન પર્યાયમાં અનંતજ્ઞાન આદિ વ્યક્તપણે પ્રગટ કર્યા છે. **'એવા ચેતકસ્વભાવ વડે...'** એવા અંતરના જ્ઞાનના વેદન ચેતક દ્વારા **'જ્ઞાન'ને જ...'** જ્ઞાનને જ એ આત્માના આનંદને ને જ્ઞાનને જ એકલો વેદે છે. સમજાણું કાંઈ?

**'જ્ઞાન'ને જ...'** કેવળીની વાત લીધી છે ને પૂરી. પૂરી વાત લીધી હો, પણ ગૌણપણે ચોથેથી સમ્યગ્દર્શન, જ્ઞાન શરૂ થાય છે. શરૂઆત થયા વિના પૂરી ક્યાંથી થાય? પણ અહીં તો પૂરીની વાત કરી છે. કહે છે કે સર્વજ્ઞ પરમેશ્વર પોતાનો સર્વજ્ઞ સ્વભાવ જે હતો તેવો ચેતકપણે જ્ઞાનને ચેતીને પ્રગટ કર્યો છે. આહાહા! કોઈ વ્યવહારની ક્રિયા દયા, દાન, વ્રત કરીને આ જ્ઞાનને ચેતકપણે પ્રગટ કર્યું છે એમ છે નહીં. એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે કામ આ!

આમાં ક્યાંય વ્યવહારનો અવકાશ ખરો? કોઈ વળી એમ કહે. એક જણો તો એમ કહેતો હતો. આ પૈસાવાળાનો અવકાશ ક્યાંય ખરો? એમ પૂછતા હતા. ઘણા વર્ષની વાત છે. કઈ સાલ? ઘણા વર્ષ થયા લીંબડી. એક્યાસીની સાલ. હેં? એ ચાલ્યો આવે છે. એક્યાસીની સાલમાં લગડી હતા ને લગડી. મોહનલાલ લગડી. ઓઘડચંદ, મોહનલાલ અને કેશવલાલ ત્રણ ભાઈઓ હતા ને? પૈસાવાળા ઘણા. પૈસા તો તે દિ' કાંઈક ખર્ચ્યા હતા. એક પચાસ હજાર કાંઈક આપ્યા હતા જૈનશાળામાં. કાંઈક પાઠશાળામાં આપ્યા હતા. તે દિ' હો. એક્યાસીની વાત છે. દરબાર આવ્યા હતા વ્યાખ્યાનમાં. આ દાદવા દરબાર હતા ને ત્યારે. લીંબડી દરબાર. હેં? વ્યાખ્યાનમાં આવ્યા હતા. પછી કહે કાલે અમારે આવવું છે. પણ આંહી કીધું અમારો ટાઈમ પૂરો થઈ ગયો હવે અમે કોઈ માટે રોકાવાના નથી. શેઠીયાને કહી દીધું લાલચંદ શેઠને. અમે કાંઈ રોકાવાના નથી. રાજા આવે કે ન આવે. અમારો ટાઈમ પૂરો થઈ ગયો છે. પછી પાછળ ચાલ્યા આવે બિચારા. મહારાજ! આ પૈસાવાળાનું કાંઈ સ્થાન આમાં ધર્મમાં ખરું? અહીં સવાલાલભાઈ આવ્યા હતા ને હમણાં નહીં. થોડાક દિ'. લીંબડીથી નહીં, સવાઈલાલ એનો બાપ મોહનલાલ લગડી. પૈસાવાળા માણસ, ઘણા લાખોપતિ ઘણા. એ તો આપે પૈસા પચીસ, પચાસ હજાર. અહીં પાઠશાળામાં, ફલાણામાં, ઢીંકણામાં. સાધુ વખાણ કરે.

મુમુક્ષુ :- કરે જ ને?

ઉત્તર :- ધૂળેય કરે નહીં. શું છે એમાં? સમજાણું?

કીધું પૈસાવાળાનું સ્થાન ધર્મીમાં, ધર્મમાં નથી. ચંદુભાઈ! અહીં તો ધર્મમાં ધર્મીભાવનું સ્થાન છે. પૈસા જડ છે. એની સાથે શું સંબંધ છે તારે? તારા કયાં પૈસા હતા? સમજાય છે કાંઈ? આ મહારાજ તો ભારે ભાઈ કહે છે. અમને તો બીજા વખાણ કરે. અહીં તો કહે પૈસાનું કાંઈ સ્થાન નથી. આવા મોટા ગૃહસ્થને પચીસ, પચીસ લાખ, પચાસ લાખવાળા. હવે આટલા ખર્ચીએ. પધારો, પધારો થાય. પાઠશાળા, જૈનશાળા પૈસાવાળાથી નભે. ગરીબોથી નભે? કેમ હશે? ધૂળેય નભતું નથી. એ તો એને કારણે નભવું હોય તો નભે. જડની પર્યાય જડને કારણે થાય ને ટકે. શું તારાથી ટકે છે એ? તેં કર્યું છે એ પાઠશાળા ને જૈનશાળા? એ તો પરમાણુની પર્યાય છે. સમજાણું કાંઈ?

આ તો કહે કોઈને ગણતા નથી. ગણતા નથી એમ છે. કીધું. પણ એ બધા પૈસાવાળા માનીને બેઠા હોય મોટા કરીને. અમે આમ કરીએ. અમે છીએ તો ધર્મની પ્રભાવના થાય છે એમ. ગરીબ માણસો શું કરે? ગરીબ માણસો એટલે શું કીધું. વ્યાખ્યા શું? આત્મામાં રાંકાઈ રાગ છું એમ માન્યું એ ગરીબ છે. અને આત્મા જ્ઞાનાનંદસ્વભાવ છે. રાગ રહિત તે બાદશાહ અને ફાદશાહ છે. કહો, સમજાણું કાંઈ? આ તો કહે રાજા કહી ગયા તોય આ ઊઠી ગયા વહેલાં. ભાઈ આવ્યા. અંકીવાડીયા છે ને, બે ગાઉ છેટે. બહાર બેઠા હતા. હજી ટાઈમ થઈ ગયો નહોતો ને તો બહાર બેઠા હતા. આ રાજા કહી ગયા કે અમારે કાલ આવવું છે તોય આ તો રહ્યા નહીં. અમારી ટાઈમ સ્થિતિ હોય એ પ્રમાણે અમે રહીએ કીધું. રાજા આવે કે નગરશેઠ આવે. અમારે શું છે અહીં? એકયાસીની વાત છે. આ એવું જ માને છે આ બધા પૈસાવાળા કેટલાક તો એમાંના.

પરમાત્મ પ્રકાશમાં તો ત્યાં સુધી કહ્યું છે કે પંચમકાળના વૈભવો પૈસાવાળા, હેં? એટલું એને અભિમાન અંદર આવી જાય છે કહે છે. અમે આમ છીએ, અમે આમ છીએ, અમે આમ નભાવીએ છીએ, અમે આ નભાવી. એ વૈભવથી મદ ચડે છે. મદથી એને મતિ ભ્રમ થઈ જાય છે. મતિ ભ્રમથી તેને મિથ્યાત્વ થઈને દુર્ગતિમાં ચાલ્યા જાય છે. પરમાત્મ પ્રકાશમાં. એય! મોહનભાઈ! એમ શબ્દ છે, ગાથા છે.પરમાત્મ પ્રકાશ શાસ્ત્ર. સમજાણું? વૈભવ પુણ્યને લઈને વૈભવ મળે અને વૈભવને લઈને મદ ચડે. આહા! અમારે વૈભવ તો જુઓ! બંગલા તો દેખો. ચાલીસ ચાલીસ લાખના બંગલા. એય! લાખો રૂપિયા બબ્બે, પાંચ, પાંચ લાખના દાગીના ઘરે. અને જયાં જુઓ! ત્યાં બંગલામાં આમ હરણના મોઢા ને ફલાણા ને નથી કરતા. આ બધા રાખે છે ને. બળદના મોઢા ને. ઢોર થાવું છે ને એને. ઓલા શીંગડા લાંબા ને બધા ચારે કોર શોભા શણગાર કરે. હેં?

કહે છે કે વૈભવથી તો મદ ચડે એને મદ ચડે અંદરથી. દારૂ પીધો હોય એણે. અને વૈભવથી મદ અને મદથી મતિ ભ્રષ્ટ. બુદ્ધિમાં ભ્રષ્ટા થઈ જાય પછી આમ. વિવેક સત્ય-અસત્યનો રહેતો નથી. મતિ

ભ્રષ્ટ થઈ, જાવ મોહમાં થઈને ચાર ગતિ. નરકમાં જાય. નરકમાં જાય - નરકમાં જાય, નરકમાં એમ કહે. આ પંચમકાળમાં. ધૂળમાંય નથી સાંભળને હવે? વૈભવ તો તારો આત્મામાં છે.

આનંદકંદ પ્રભુ છે ને. જ્ઞાન અને અનાકુળ શાંતિના સ્વભાવવાળો વૈભવ તો પ્રભુ તારામાં તું છો ને. આ વૈભવ કેવા? કહો, એય મુલકચંદભાઇ! તમારો કોઇક માણસ કહેતુ હતું. હેં? ન્યાલભાઇને તમારા ન્યાલને. હશે કોઇક કહેતુ હતું. એક જણું કોઇક. હેં? રાજેન્દ્ર. એ કહેતો હતો કે ન્યાલભાઇના વૈભવ આગળ પુનમભાઇનો વૈભવ કાંઇ નહીં. એમ કહેતા હતા. વાત આવી હતી. કોણ જોવા ગયા છે? શબ્દો આવ્યા હતા. એ ન્યાલભાઇ! આ તમારી વાત કરતો હતો. એક જણો. રાજેન્દ્ર નથી ઓલો મોટરવાળો. હેં?

મુમુક્ષુ :- બધા ત્યાં ઉતરે છે.

ઉત્તર :- ઉતરે. ઉતરે તો ખરા ને.

મુમુક્ષુ :- બધા લોકોને રહેવાનું સ્થાન એવા વૈભવવાળું.

ઉત્તર :- એવા વૈભવવાળું હોય એમ. પણ એ કહેતો હતો કાંઇક. સાંભળેલું. આપણે ક્યાં? એ તો પુનમમાં છે ને ઓલો મોટરનો ડ્રાઈવર. અમારે ત્યાં આવતો હતો હો મોટરમાં કોઇકવાર આવતો હતો. હમણાં આવ્યો હતો. કોઇ ડ્રાઈવર ન હોય તો એ આવતો હતો. હેં? રાજુ. રાજુ નહીં. બીજું કોણ? હશે કોઇક. એ બીજો એમને. ફિલ્મવાળો. ઠીક. આપણને કાંઇ....એ કહે કે ન્યાલભાઇનો સ્વીટ્ઝર્લેન્ડમાં પુનમભાઇના વૈભવ કરતાં તો કેવો વૈભવ! એને બિચારાને અંદરથી ગલગલીયા થઇ ગયા. ધૂળમાંય નથી હવે સાંભળને તારા વૈભવને. આહાહા!

અરે ભગવાન! અનંત વૈભવ આનંદને જ્ઞાનથી ભરેલાં એવા વૈભવના માહાત્મ્ય નહીં અને પરના માહાત્મ્ય મૂઢતા, મૂઢતાના દારૂ પીધા છે. ધર્મીએ એ મૂઢતાનો નાશ કર્યો છે. આહા! છ ખંડના રાજ હોય ચક્રવર્તી છન્નું હજાર સ્ત્રી જેને ઘરે હોય. પદમણી જેવી હો. અરે! અમારું કોઇ નથી. અને જે અમારું છે એ તો અમારી પાસે છે. અમે અમારા ભાવથી દૂર એક સમયમાત્ર નથી. અને જે દૂર આ ચીજ છે એ સમયમાત્ર અમારામાં આવી નથી. સમજાય છે કાંઇ?

કહે છે એ ધર્માત્મા સર્વજ્ઞ થાય છે. તેનું આત્માનું જ્ઞાન કરીને જ્ઞાનચેતનાને પ્રગટ કરી એ પુણ્ય-પાપના વિકલ્પો અને વિકારભાવથી ભિન્ન ભગવાન છે. એવા ભાનમાં, ભાનમાં આવેલો જે અસાધ્ય હતો તે સાધ્યમાં આવ્યો. આહાહા! અનાદિથી અસાધ્ય હતો. વિકારના પરિણામમાં એકાકાર થયેલો એ પોતાના સ્વરૂપના સાધ્ય વિનાનો હતો, અસાધ્ય હતો, અસાધ્ય હતો એ સાધ્યમાં આવ્યો. અરે! હું તો જ્ઞાનસ્વરૂપ છું. **એવા 'જ્ઞાન'ને જ-કે જે જ્ઞાન પોતાથી અવ્યતિરિક્ત સ્વાભાવિક સુખવાળું છે તેને જ-ચેતે છે...'** જુઓ! હવે. આહાહા! તે જ્ઞાનસ્વભાવ ભગવાન જાણવું સ્વભાવ એમાં એકાકાર છે. જે જ્ઞાન જ્ઞાનસ્વરૂપથી જુદું નહીં. એવું સ્વાભાવિક આનંદના સુખવાળું વેદન છે ત્યાં. આહાહા! એ સુખી છે. સમજાણું કાંઇ?

દુનિયામાંય નથી કહેવાતું સુખીયા જગતમાં સંત, દુરિજન દુઃખીયા રે. એક જ સુખીયા જગતમાં સંત, દુરિજન દુઃખીયા રે. એ ના આવે ભવનો અંત. એ ભવના અંત ન આવે એવા પ્રાણી દુઃખી છે બિચારા. આહાહા! સમજાણું કાંઈ? કહે છે કે ધર્મ એને કહીએ અને જ્ઞાનસ્વભાવ ભગવાન જ્ઞાન સ્વ...ભાવ, સ્વ...ભાવ પોતાનો જ્ઞાનભાવ એની એકાગ્રતાનો ભાવ કે જે એના આનંદના સુખથી તે જ્ઞાન અવ્યતિરેક જુદું નથી. આહાહા! જુઓ! આ સુખ. આ સુખી. સમકિતી સુખી છે. જેટલે અંશે જ્ઞાનસ્વરૂપમાં એકાગ્રતા છે તે જ્ઞાન સુખના ભાવથી ભિન્ન નથી. સમજાણું કાંઈ?

કેમ કે, ભગવાનઆત્મામાં જ્ઞાન છે, એવો અતીન્દ્રિય આનંદ છે. તો જ્યાં જ્ઞાનમાં એકાગ્રતા થઈ તો જ્ઞાન જેવું સમ્યક્ પ્રગટ્યું એવો આનંદ પણ સાથે થોડો વેદનમાં આવ્યા વિના રહેતો નથી. આહાહા! અરે! સાતમી નરકનો નારકી જેને એક ચોખાનો દાણો મળે નહીં, પાણીનું બિંદુ મળે નહીં, એ સુવાની સોળ મળે નહીં, રહેવાનો ઓટલો મળે નહીં. કહે છે કે સમકિતી ત્યાં સુખી છે. આહાહા! સમજાણું કાંઈ?

કેમ કે, ચૈતન્ય સુખનું ધામ જેણે અનુભવ્યું ને પકડ્યું છે. સાતમી નરકમાં હોં. આહાહા! જેની પ્રતિકુળતાનો પાર નહીં. જેને જનમથી સોળ રોગ. આહાહા! અને શીતની વેદનાનો સંયોગ એટલો કે લાખ મણનો લોઢાનો ગોળો ટીપી ટીપીને નીવડ કરેલો છ મહિના સુધી નીરોગી લુહારના દિકરાએ. એ લોઢાનો ગોળો એ ત્યાં મૂકે તો અગ્નિમાં જેમ ઘીનો લોચો ઓગળી જાય એમ લાખ મણનો લોઢાનો ગોળો ઠંડીની દશામાં ઓગળી જાય. એવી નરકમાં રહ્યા છતાં ધર્મીની દૃષ્ટિ સંયોગમાં નથી, રાગમાં નથી, એક સમયની પર્યાય જેટલામાં નથી. આહાહા! સમજાણું કાંઈ? ભારે કામ ભાઈ આવું ધર્મનું.

કહે છે કે, એ આત્માના સુખના સ્વાદીયા એ જ્ઞાન સાથે સુખને સ્વાદે છે. અને સર્વજ્ઞ પરમેશ્વર તો પૂર્ણ જ્ઞાન સાથે પૂર્ણ આનંદને સ્વાદે છે. સમજાણું કાંઈ? જેમ બીજનો ચંદ્રમા પ્રકાશ અને ચંદ્રના ભાગનો અંશ છે એ. પૂર્ણ ખીલેલો પૂનમથી પૂર્ણ ખીલે છે. એમ ભગવાનઆત્મા સમ્યગ્દર્શનરૂપી બીજ પ્રગટ કર્યું, શુધ્ધ ચૈતન્યના આશ્રયે ને વિશ્વાસે અંદરમાં જઈને. રાગના વિકલ્પની એકતા તોડીને સ્વભાવની એકતામાં જ્ઞાનદશા સાથે આનંદનો અનુભવ હોય છે. એને સુખી અને ધર્મી કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? ભારે વાંધા. આહાહા!

આ તો ઉગમણા આથમણા જેવો ફેર લાગે છે નહીં? આ વીતરાગનું આમ કહેવું હશે? આ જૈન પરમેશ્વરનો આ માર્ગ હશે આવો? જૈન પરમેશ્વર તો, આ કહે ભક્તિ કરો, પૂજા કરો, વ્રત પાળો, તપ કરો, વર્ષીતપ કરો. હેં? આહાહા! કહે છે ના, ના પાડે છે. એલા ભગવાન આમ તો કહેતા નહોતા આ હીરાજી મહારાજતો આપણા. બોટાદથી બે ગાંઉ નાગવદર ગયા હતા. હીરાજી મહારાજ અમારા સંપ્રદાયના ગુરુ. આમ તો કહેતા નહોતા કાનજી મહારાજ કહે છે એમ. ક્યાં એને ખબર હતી? બિચારા હીરાજી મહારાજ બિચારા! કષાય મંદ, બ્રહ્મચારી. પણ તત્ત્વની એક અંશની પણ ખબર નહીં ને. એ

વાત જ હતી નહીં. સમજાય છે કાંઈ?

હીરાજી મહારાજને તમે જોયેલાં? ચીમોતેરમાં ગુજરી ગયા ચીમોતેર. એ તો ઘણા વર્ષ થઈ ગયા ને. કેટલા? બાવન થઈ ગયા. હેં? એના જન્મ પહેલા સાચી વાત છે. બાવન વર્ષ થઈ ગયા. ચીમોતેરમાં નહોતો ઈન્ફલ્યુએન્જા. ઈન્ફલ્યુએન્જા બહુ હતો. તે દિ' ચૈત્ર વદ આઠમ. તમારા જ હતા ને કોણ? તમારા સાસરા નીકળ્યા હતા. તમારા સાસરા નીકળ્યા હતા. રસ્તામાં મરી ગયા હીરાજી મહારાજ. ચાર ગાઉ તો ચાલ્યા. ક્યાંથી રામપરેથી. અને કાંપમાં જાવું હતું. ચાર દિ' તો ચાલ્યા હો. ખેરાડી આવ્યા ત્યાં ડચૂરો ચડયો જરી. રસ્તામાં ગુજરી ગયા. અમારા સંપ્રદાયના ગુરુ હતા. ત્યાં એમના સસરા હતા, નીકળ્યા ઘોડે. પણ આમ દેખ્યું તો... ભાગ્યા. ડોકટર આમ જુએ તો ઈન્ફલ્યુએન્જાનું એવું ને બધું. ગામની નજીક જાય છે ત્યાં સાધુ સામા આવતા. કહે હેં? ક્યાં જાવ છો? હીરાજી મહારાજના દર્શન કરવા. હેં? પડયા હતા તે હીરાજી મહારાજ! હા, હીરાજી મહારાજ હતા. રસ્તામાં ગુજરી ગયા. એ તો પડયા હતા. ગુજરી ગયા. હા, રસ્તામાં સામે સાધુ આવતા હતા ને એને કહ્યું. હીરાજી મહારાજ હતા એ? આમના સાસરા હતા એ. ચીમોતેરની વાત છે.

પણ આ વાતની ખબર ન મળે. સાંભળેલી નહીં વાત. કહેવાતા આમ ચોથા આરાના સાધુ. એવી એની છાપ હો હીરાજી મહારાજની. ક્રિયા ને વ્રત ને બહુ. પણ વસ્તુની વસ્તુ શું છે. એ જ્ઞાનાનંદ ભગવાન છે. એને રાગની ક્રિયા કરવાનું સોંપવું એ કલંક છે. આહાહા! સમજાણું કાંઈ?

એવો ચૈતન્ય ભગવાન સર્વજ્ઞ તીર્થંકરે, પરમેશ્વરે કહ્યો. એવો આત્મા જેણે અંતરમાં દૃષ્ટિમાં લીધો એને આનંદની સાથે જ્ઞાનનું વેદન છે કહે છે. આહાહા! આ તો અનંતા ગુણો સાથે છે. મુખ્ય તો સુખનું લેવું છે ને. સુખ માટે જ તલસે છે ને જગત. મરીને પણ સુખ લેવું. હેં? પ્રાણ ખોઈને સુખ લેવું. ગળાફાંસો કરીને સુખ લેવું. ઓહોહો! તલભાર પણ સુખ ક્યાં છે અને કેમ મળે એ રીતની ખબર ન મળે, ખબર ન મળે. આહાહા! એમ ને એમ જન્મ ગુમાવ્યા અનંતકાળના. કહે છે કે જેને જન્મ, મરણ ટાળવા છે એને તો ભગવાનઆત્મા પરમેશ્વરે કહ્યો છે એવો ઈશ્વર પ્રભુ પોતે પૂર્ણ છે. પોતે જ પરમાત્મા છે. એને પરમાત્મા બીજાની સહાયની પણ જરૂર નથી. આહાહા! સમજાણું કાંઈ?

**'જે જ્ઞાન પોતાથી અવ્યતિરિક્ત...'** છે ને નીચે? અવ્યતિરિક્ત એટલે અભિન્ન. સ્વાભાવિક સુખ જ્ઞાનથી અભિન્ન છે તેથી જ્ઞાનચેતના સ્વાભાવિક સુખના સંચેતન-અનુભવન-સહિત જ હોય છે એમ. જેમ રાગ અને પુણ્યનું કરવું દુઃખ સહિત હોય છે એમાં આવ્યું હતું ને મિશ્રિત, કર્તાપણામાં.

જેમ પુણ્ય-પાપના વિકલ્પોનું કરવું એ દુઃખ સહિત હોય છે. કર્તાપણું દુઃખના ફળ સહિત હોય છે. એમ જ્ઞાનચેતના સુખના ફળ સહિત હોય છે. એમ કહે છે. આહાહા! જુઓ! આ ધર્મ કરવાની રીત. હજી તો સાંભળીય ન હોય, ખબર ન મળે એ શું કરે? એમ ને એમ જિંદગીયું જીવન જાય છે બાપા!

આહાહા! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પોતાના નિજસ્વભાવે જ્યાં સાવધાન થયો, ત્યારે કહે છે કે જ્ઞાનસ્વભાવી ભગવાન એમાં એકાગ્ર થયો. તેથી તેને જ્ઞાનચેતના એટલે જ્ઞાનનું ચેતવું થયું, એકાગ્ર થયું. તે જ્ઞાનનું ચેતવું આત્માના આનંદથી જુદો ન હોય. એ આત્માનો આનંદ જે વેદાય એ ઈન્દ્રના, ઈન્દ્રાણીના સુખમાં ઝેરની જાતમાં આ વાત છે નહીં. સમજાણું કાંઈ? આહાહા! આ તેને ચેતે છે. તેને તે અનુભવે છે. કેમ એને અનુભવે છે પૂર્ણને? એની વાત હવે પછી લેશે.

**(શ્રોતા :-પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૪૦ - ગાથા :- ૩૮/૩૯
## પોષ સુદ-૧ ગુરુવાર તા. ૮/૧/૭૦

સમજાણું કાંઈ? સિદ્ધ ભગવાન! કેવળજ્ઞાનીએ પર્યાયમાં સ્વભાવ પ્રગટ કર્યો. એવો જ આ આત્મા સ્વભાવની શક્તિમાં તો એવો જ છે. એમાં અંતર્મુખ દૃષ્ટિ ન કરતાં અનાદિથી બહિર દૃષ્ટિમાં પરના કાર્ય તો કરી શકતો નથી. પણ અંદર શુભ ને અશુભભાવ પુણ્ય પાપના ભાવ- હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગવાસના તથા દયા, દાન, વ્રત, ભક્તિનો, પૂજાનો વિકલ્પ તે પુણ્યભાવ એવા પુણ્ય ને પાપના ભાવને અનાદિથી કરે છે અને એના ફળ તરીકે હરખ શોકનું દુઃખને વેદે છે. સમજાય છે આમાં? ન્યાલંભાઈ! શું આ કહે છે આ પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકર જેને ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન પ્રગટ થયું એમણે જીવની ત્રણ પ્રકારની જાત જોઈ. એક જીવની જાત એવી છે એ કહેશે પછી. એકેન્દ્રિય પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિના જીવો કે જે અનાદિથી પોતાની જાતને તો ભૂલી ગયા છે. એકેન્દ્રિય પ્રાણી ફકત એકેન્દ્રિય શક્તિ જ એના ઉઘાડમાં રહી ગઈ છે. એને લઈને એ કર્મનો ભાવ એને એ વેદે છે, અનુભવે છે, એ કર્મફળચેતનાને વેદે છે. આત્માના ભાનની ખબર નથી. આત્મા આનંદ ને જ્ઞાનની મૂર્તિ એવો પ્રભુ છે આત્મા. એની દૃષ્ટિના અભાવને લઈને એકેન્દ્રિયના પ્રાણી એકલા સુખદુઃખની કલ્પનારૂપી ઉપાધિના દુઃખને વેદે, અનુભવે છે. એને અહીં ભગવાને કર્મફળચેતના કરે છે, એમ કહેવામાં આવે છે.

પરનું વેદન એને પણ નથી. શરીરનું, પ્રતિકુળ સંયોગનું કે અનુકૂળ સંયોગ એ તો પૃથક પર ચીજ છે. એનું એકેન્દ્રિય જીવને પણ વેદન ને અનુભવ પરનો નથી. તેમ નથી સ્વભાવ આનંદમૂર્તિ આત્મા એવું સમ્યગ્દર્શન. એના ભાન વિના એ હરખ ને શોક, કલ્પનાનું સુખ, કલ્પનાનું દુઃખ એવા ભાવને વેદે છે. રાગ-દ્વેષ કરે છે એ એની ત્યાં મુખ્યતા નથી. કેમ કે, એકેન્દ્રિયમાં વીર્ય નામ પુરુષાર્થની જાગૃતિ

ઘણી કમ થોડી છે. એથી એને કરવામાં રાગ-દ્વેષના કાર્ય કરવાના ભાવ, ભાવ હો. પરના કાર્ય કરી શકે એ તો કાંઈ છે નહીં. પણ રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ એકેન્દ્રિયને પણ હોય છે. નિગોદને પણ હોય છે.

એવા ભગવાને જીવ જોયા છે કે જે હજી નિગોદમાંથી કોઈ દિ' નીકળ્યા નથી. એમાં ને એમાં એકેન્દ્રિયમાં ને એકેન્દ્રિયમાં જનમ્યા ને મર્યા, જનમ્યા ને મર્યા એવો અનંતકાળ એમાં ગયો છે. એ બધા પ્રાણી આત્માના સ્વભાવના ભાનનો તો ત્યાં અવકાશ નથી એથી તેને એકલા કર્મફળ. કર્મફળ એટલે રાગ અને દ્વેષના મિથ્યાત્વના ભાવ કરે છે. અને એના ફળ તરીકે મુખ્યપણે કર્મચેતનાની ગૌણપણે રાગ-દ્વેષ ને મિથ્યાત્વને કરવાપણું ગૌણપણે અને ફળનું ભોગવવું મુખ્યપણે. એ રીતે એ એકેન્દ્રિયની જાતમાં આ સિધ્ધિ અસ્તિત્વ તરીકે છે. હેં? વિકલ્પ છે ને શુભાદિ છે ને. શુભ પણ વિકલ્પ છે એને. સંયોગની વાત નથી પણ રાગની મંદતાનો શુભ વિકલ્પ એને છે. નિગોદના જીવને છે. એકેન્દ્રિય છે ને પ્રાણી, આત્મા છે ને. હેં? બેય શુભ-અશુભ પરિણામ ચાલ્યા જ કરે છે એને પણ.

નિગોદના જીવ એક શરીરમાં અનંત આત્મા છે. આ બટાટા, શક્કરકંદ, લુવા, ગાજર. એની એક કણીમાં અસંખ્ય તો શરીર છે અને એક શરીરમાં અત્યાર સુધી જે સિધ્ધ થયા છ મહિના ને આઠ સમયમાં છસ્સો ને આઠ પરમાત્મપદ પામે. એવો પ્રવાહ જગતમાં હોય છે. તો એ સિધ્ધની સંખ્યા જેટલી અનંતકાળમાં છ મહિના ને આઠ સમયમાં છસ્સો ને આઠ મુક્તિ પામે, એની અત્યાર સુધીની જે સંખ્યા સિધ્ધની થઈ એથી અનંતગુણા એ બટાટાની એક કટકી આટલી એમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં એથી અનંતગુણા સિધ્ધ કરતાં જીવ છે. ન્યાલભાઈ! હશે કયાં? છે એમ. ઘડીયાલ આડે સુઝે છે કયાં એને? આ રાખવું ને મુકવું ને આ ટાળવું ને આ કરવું ને, એય! એને જેને જે હોય તે, આ તો એની વાત ચાલે છે. જેઠાભાઈ! આને આ લખવાનું હતું ઓડીટરનું. ચોપડા જોવા કોઈકના. એ ચોપડા બોપડા જોઈ શકવાની ક્રિયા એની નથી. એ એમાં ભગવાનઆત્માના હોવાપણામાં તો એ રાગ-દ્વેષ, પુણ્ય-પાપ ને હરખ શોકને કરે ને વેદે એટલું એના અસ્તિત્વમાં છે. બાકી બીજું એના હોવાપણામાં બીજું છે નહીં. બીજું નથી એને વેદે કેમ? અને બીજું નથી એને કરે કેમ? ન્યાય સમજાય છે? પૂનમભાઈ! બરાબર છે. આહાહા! કેમ હશે આમાં જયંતીભાઈ! હેં? આંહી નો ના પડાય એમ કહે છે. આહાહા! કાલ ભાઈ કહેતા હતા ને ન્યાલભાઈ, બહાર નીકળે ત્યાં તો ફરી જવાય છે. આંહીં આવી ત્યારે જાણે હૈયે રહીએ એમ થઈ જાય. હેં? આહાહા!

ભગવાન એક તું તને ભૂલીને ભગવાનઆત્મા આનંદનો કંદ છે, સુખ કંદ છે. ચૈતન્યપુંજ પ્રભુ છે આત્મા. એને ભૂલીને અનાદિથી એકેન્દ્રિય જીવમાં એણે હરખ-શોકના ભાવને જ વેદ્યા છે. દુઃખને જ વેદ્યું છે એણે. સમજાય છે કાંઈ? નથી એણે અનુભવ્યો આત્મા, સમ્યગ્દર્શન નથી એટલે નથી એણે

અનુભવ્યું પર. કેમ કે, પર વસ્તુ એમાં નથી માટે. બરાબર છે? આહાહા! એ દુઃખને વેદે એકેન્દ્રિય પ્રાણી બિચારા. આ શરીર દેખાય ને આ પાણી વનસ્પતિના, પૃથ્વીકાયના એ તો શરીર છે. પણ અંદર જીવ જે છે એ પોતાની ચૈતન્ય ઋદ્ધિ, નિધાન ભગવાનઆત્મા અનંત આનંદ ને કેવળજ્ઞાનનો એ કંદ પ્રભુ છે. સમજાય છે કાંઇ?

આજ આવ્યું હતું કયાંક ઓલા ચોપાનિયામાં વીર વાણી. 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે,' આવે છે વીરવાણી. 'અબ હમતો કબહુ ન નિજ ઘર આયે,' પર ઘર ફિરત બહુત દિન બીતે. એ શુભ ને અશુભ પરિણતિ વિકારની દશા. એને મારા માની ને એમાં હું અનંતકાળથી ફરી રહ્યો છું. 'પર ઘર ફિરત બહુત દિન બીતે.' અનંતકાળ ગયો, મનુષ્યપણું થયું તો પણ એને આત્મા અંદર રાગ ને પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન ચિદાનંદ સ્વરૂપ છે એની એણે નિજ ઘરની દૃષ્ટિ કદી, કદી, કદી, કદી કરી નથી. આહાહા! સમજાણું કાંઇ? 'પર પદ નિજ પદ માની મગન રે, પર પદ નિજ પદ.'

એ શુભ ને અશુભ વિકલ્પો છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય-વાસના, કામ, ક્રોધ, માન, માયા, લોભની વૃતિઓ છે એ પણ પર પદ છે. નિજ પદ નથી એ. અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો વિકલ્પ જે ઊઠે છે. એ પણ પર પદ છે. એ નિજ પદ નથી. ભારે કામ આકરું. સમજાણું કાંઇ? 'પર પદ નિજ પદ માની મગન રે, પર પદ નિજ પદ.' ભગવાનઆત્મા તો શરીર, વાણી આ માટી, ધૂળથી તો તદ્દન જુદો છે. એમ અંદરમાં પુણ્ય ને પાપના વિકલ્પોની વાસના વૃતિ ઊઠે એનાથી ભગવાનઆત્મા તો જુદો છે. કેમ કે, જે શરીર ને કર્મ આદિ છે એ તો અજીવ તત્ત્વ છે. અને શુભ ને અશુભભાવ જે થાય એ તો આસ્રવ તત્ત્વ છે. આસ્રવ તત્ત્વ, અજીવ તત્ત્વથી આત્મા તો જ્ઞાયક તત્ત્વ ભિન્ન છે. સમજાણું કાંઇ? પર 'પદ નિજ પદ માની મગન રે, પર પરિણતિ લપટાયે.' અરેરે! પુણ્ય ને પાપના વિકારી ભાવ મારા એમ માની ને અજ્ઞાની એમાં લપેટાઇ ગયો છે. સમજાય છે કાંઇ? આહાહા!

સાધુ અનંતવાર થયો, બાહ્ય ત્યાગ અનંતવાર કર્યા પણ અંતર ભગવાનઆત્મા આનંદ કંદ જે નિજાનંદ પ્રભુ એનાથી વિરૂદ્ધની વૃતિઓ જે પુણ્ય-પાપ, શુભ-અશુભ છે એનાથી જુદી દૃષ્ટિ કરી નહીં. તેથી પર પરિણતિને મારી માની એમાં લપેટાયો. કહો ન્યાલભાઇ! ઘડીયાલમાં લપેટાયો એમ નથી કાંઇ એ. એ પૂનમભાઇ! તમારે મકાનનું છે લ્યો ને. બાવીસ માળના મકાન કરે. એમ નથી. એ તો પર વસ્તુ, અજીવ તત્ત્વ છે. અજીવનું હોવાપણું અજીવમાં અજીવપણાને લઇને છે. એ અજીવપણાનું હોવાપણું જીવને લઇને નથી અને જીવની દશામાંથી અજીવપણાનું હોવાપણું નથી. આહાહા! સમજાણું કાંઇ?

આ શરીર, કર્મ, આ વાણી, આ પદાર્થ, પૈસા, લક્ષ્મી, આબરૂ, સ્ત્રી, કુટુંબ આદિ પર વસ્તુ એ પરમાં ભગવાનઆત્મા નથી અને આત્માની વર્તમાન દશામાં તે પર પદાર્થ નથી. બરાબર છે? આ તો સમજાય એવું છે. આ કાંઇ એવું નથી તમારા ... આહા! પણ એ વિકારી પરિણતિ ઉત્પન્ન વિકલ્પો કરી,

શુભ-અશુભ વાસના ઊભી કરી લપેટાઈ ગયો. વ્યભિચારી થઈ ગયો. આહાહા! સમજાણું કાંઈ?

'શુધ્ધ બુધ્ધ શુત કંદ મનોહર.' કેવો છે પ્રભુ અંદર! શુધ્ધ છે, પવિત્ર છે, બુધ્ધ છે. એ જ્ઞાનનો કંદ, જ્ઞાનનો પુંજ, જ્ઞાનનો દ્વંદ્વ છે અને સુખકંદ છે. જેમ શક્કરકંદ જેમ રસનો કંદ છે એમ ભગવાનઆત્મા અંતરમાં સ્વરૂપ તો એનું આનંદકંદ છે. આહાહા! કયાં ગોતવો? કયાં છે એની ખબર ન મળે. સમજાણું કાંઈ? 'શુધ્ધ બુધ્ધ શુત કંદ મનોહર, આતમ ગુણ નહીં ગાયે.' એવા આત્માના ગુણને કોઈ દિ' એકાગ્ર કર્યો નહીં. ગુણ ગાયાનો અર્થ એ. મારો આત્મા ભગવાન આનંદનો કંદ પ્રભુ છે. જેટલા કેવળજ્ઞાની પૂર્ણ પરમાત્મદશાને પામ્યા એ બધી દશાઓ આવી કયાંથી? ક્યાંય બહારથી આવે છે? આહાહા! શું રાગના, પુણ્ય-પાપના પરિણામમાંથી એ દશા આવે છે? શરીર, વાણી આ જડ છે, જડપણે રહ્યા છે. આ શરીર જડપણે રહ્યું છે જડ થઈને. એમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિનો ઉપાય એમાં છે? સમજાણું કાંઈ?

ઓહો! ભગવાનઆત્મા કેવળજ્ઞાન ને સુખનો તો કંદ છે પ્રભુ! એમાં એકાગ્ર થતાં પ્રથમ તો સમ્યગ્દર્શન અનુભવ થાય કે, ઓહો! આત્મા શુધ્ધ ને પૂર્ણસુખનો કંદ છે. એવા અંતર સમ્યગ્દર્શનમાં આનંદના સ્વાદનું ભાન આવે ત્યારે તેને આત્માનો ધર્મ અને સમ્યગ્દર્શન થયું એમ કહેવામાં ત્યારે આવે છે. સમજાણું કાંઈ? આહાહા! અરે! 'નર, પશુ, દેવન કો નિજ માન્યો, નર પશુ દેવન,' શરીર મળ્યા એ તો જડ છે. પણ અંદર ગતિ 'નર, પશુ, દેવન કો નિજ માન્યો, પર જે બુધ્ધિ કહાયે.'

એક સમયની અવસ્થા અંદરની રાગ-દ્વેષના પરિણામ એ પર્યાયબુધ્ધિ, અવસ્થાબુધ્ધિ, મિથ્યાબુધ્ધિમાં પરિણમી ગયો કહે છે. પણ ભગવાનઆત્મા અંદર ધ્રુવ ચિદાનંદ સ્વરૂપ છે. એની એક પળ પણ કયાંય નજરું અને નજર કરી નહીં. આહાહા! પ્રેમચંદભાઈ! સાચું હશે આ? સાવ સાચું? ભારે પણ આ બધું. અત્યારે તો બીજું સંભળાય છે ને બધું બહારમાં તો બીજું સંભળાય છે આ. ભગવાન તારી જાત કોઈ જુદી છે ભાઈ!

કહે છે 'અમલ અખંડ અતુલ અવિનાશી ચેતન ભાવ ન ભાયે' ભગવાન અંદર વસ્તુ છે એ તો અમળ નિર્મળ છે. નિર્મળ છે તો એમાંથી નિર્મળપણું પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? (લીંડી)પીપરના દાણામાં ચોસઠ પહોરી તીખાશ ને લીલો રંગ ભળેલો છે. એ કાંઈ બહારથી આવતો નથી. ઘુંટવાથી કાંઈ બહારથી નથી આવતો. ઘુંટવાથી આવે તો તો કાંકરા ઘુંટવા જોઈએ. તો એમાંથી આવવો જોઈએ. એમાં છે કયાં ભાઈ! એ લીંડીપીપરના અંદરમાં ચોસઠ પહોરી તીખાશ અને લીલો રંગ ભર્યો છે. એમાંથી બહાર દશામાં આવે છે. એવો આ ભગવાનઆત્મા લીંડીપીપરનું ક્ષેત્ર નાનું, રંગે કાળું. અને તીખાશે અલ્પ. પણ અંદરમાં એની ચોસઠ પહોરી તીખાશ ને લીલો રંગ પરિપૂર્ણ પડયો છે.

એમ આ ભગવાનઆત્મા અમળ છે. અંદર પરિપૂર્ણ નિર્મળતા ભરી છે. આરે! કેમ બેસે! સમજાણું કાંઈ? અમળ, અખંડ એકરૂપ વસ્તુ છે આ. અને અતુલ જેને કોઈ ઉપમા (આપી શકાય નહીં) કોની

ઉપમા આપવી એને? એની ઉપમા એને. અવિનાશી નાશ નથી જેનો ત્રિકાળ એવી ધ્રુવ ચીજ ભગવાન નિત્યાનંદ પ્રભુ! 'ચેતન ભાવ ન ભાયે.' એવા જ્ઞાનના આનંદનો આત્મતત્ત્વભાવ કદી પણ અંતર્મુખ થઈને તેમાં એકાગ્રતા કરી નથી. સમજાય છે કાંઈ?

'હિત ન હિત કછુ સમજયો નાંહી.' હિત ને અહિત શું છે કાંઈ સમજયો નહીં. હિત ભગવાનઆત્મા આનંદ સ્વરૂપ છે. એમાં એકાગ્ર થવું સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, રમણતા એ હિત છે. અને પુણ્ય ને પાપ, શુભ ને અશુભ જે વૃતિઓ ઊઠે છે એ બધું અહિત છે. સમજાણું કાંઈ? 'હિત ન હિત કછુ સમજયો નાંહી, મૃગજળવત જયોં ધાયે.' આ મૃગલા પાણી નથી ત્યાં જાંજવાના પાણી દેખીને, ખારીલી જમીનમાં સૂર્યના કિરણો પડવાથી જાણે જળ હોય એમ દેખાવ થાય છે, પણ જળ છે નહીં.

એમ ભગવાનઆત્મા 'મૃગજળવત જયોં ધાયે.' આ શરીરમાં ને બાયડીમાં ને કુટુંબમાં ને આબરૂમાં ને પુણ્ય ને પાપના ભાવમાં મને કાંઈક ઠીક છે એમ મૃગજળ જેમ અનાદિથી અજ્ઞાનથી ધાયો. પૂનમભાઈ! શું કહે છે આ? આરે! આરે! ભારે વાત આ તો! ત્યાં તો તમારા વખાણ ચાલે હો મોટા હા. હેં? ધૂળમાંય નથી. આ બરાબર કહે છે તમારા બાપ. અહીં તો ભગવાન કહે છે કે સાંભળને હવે? પૈસાય કયાં તારા હતા? શરીર કયાં તારું હતું? એ તો પૈસા પૈસાના થઈને રહ્યા છે. એ અજીવ થઈને રહ્યા છે કે તારી જીવની દશામાં આવીને રહ્યા છે? અજીવ થઈને રહ્યા છે. અહીં તો ભગવાન એથી વાત બીજી કરે છે. કે પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત વિકલ્પ વૃતિ ઊઠે છે એ. આ કરું, આ કરું. એ વૃતિ પણ આસ્રવ તત્ત્વમાં આસ્રવરૂપે રહેલ છે. એ આત્મતત્ત્વમાં આવ્યા નથી. આહાહા! શું થાય?

જગતને જીવતત્ત્વ ભગવાને કહેલું શું છે એ સાંભળ્યું નથી, સમજવું નથી. સમજાણું કાંઈ? અને ધર્મ કરવો છે એમ માને છે. ધૂળમાંય જૈન કહેવા કોને? કોથળીમાં કરીયાતું અને માથે લખે સાકર એટલે કરીયાતા કડવા મટી જાય? ચાલીસ રૂપિયાની મણ સાકર. ચાલીસ રૂપિયાની મણ સાકર કોથળી ઉપર લખ્યું. કોથળીમાં કરીયાતા કડવા ઝેર. આ સુદર્શન આવે છે ને કડવું જુઓને. કેવું હોય છે. હેં? અંદરમાં સુદર્શન ભર્યું હોય ઉપર લખે સાકર. એમ જૈનપણું શું છે એની એને ખબર નથી. અને અમે જૈન છીએ એ તો કોથળીના કરીયાતા ઉપર સાકર લખવા જેવું છે.

જૈન તો એને પરમેશ્વર ત્રિલોક્નાથ તીર્થંકરદેવ એમ કહે છે કે એ અહિત પુણ્ય-પાપના વિકલ્પો છે એ અહિત છે. પર વસ્તુ તો પરમાં રહી છે. મારી ચીજ તો પુણ્ય-પાપથી ભિન્ન અખંડ-આનંદકંદ છે. એને અંદરમાં 'મૃગજળવત જો ધાયે.' એમાં ન આવતાં પુણ્ય ને પાપના વિકલ્પમાં ધાયો, દોડયો. આમાં કાંઈક છે, આમાં કાંઈક છે. આમાં કાંઈક આત્માનું કલ્યાણ, હિત છે. 'જ્ઞાન પદ નિજ નિજ પર પરવે, સદગુરુ બૈન સુનાયે, ધ્યાનતરાય.' ધ્યાનતરાય થયા કવિ. અબ નિજ નિજ પર પરવે.

ભગવાનઆત્મા તો જ્ઞાનાનંદની જયોત પ્રભુ ચિદાનંદ ધ્રુવ છે. અને પુણ્ય-પાપના વિકલ્પો રાગ

એ તો પર છે. એમ સદ્‌ગુરુએ બતાવ્યું છે. એમ પરમેશ્વર કેવળજ્ઞાની અને સંતોએ આ વાત પરમાત્માના ઘરથી કહી છે. સમજાણું કાંઈ? સાંભળવા મળે નહીં એ સમજે કે દિ', વિચાર કરે કે દિ' અને પ્રયોગ કરે કે દિ'. સમજાણું કાંઈ? આહાહા!

કહે છે કે જે પ્રાણી એકેન્દ્રિય તરીકે દુઃખી છે આ રીતે, પછી આવ્યો ત્રસ થયો ત્રસ કહે છે. બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય, પંચેન્દ્રિય, માણસ, દેવ, નારકી, પશુ, ઢોર એને કાંઈક વીર્યનો વિકાસ છે. એકેન્દ્રિય કરતાં પંચેન્દ્રિય પ્રાણીને કે બે ઈન્દ્રિય ને કાંઈક પુરુષાર્થની જાગૃતિ છે. એથી એ પુણ્ય ને પાપના રાગ ને કર્તા સહિત હરખ-શોકને ભોગવે છે. એ કાર્યચેતના છે. ત્રસથી માંડીને બે ઈન્દ્રિયથી માંડીને મનુષ્ય ને દેવ અજ્ઞાનીઓ પોતાના સ્વભાવના આનંદને ભૂલી અને એકલા પુણ્ય ને પાપના કાર્યને વિકારને કરે છે. એ કર્મમાં ચેતાઈ ગયા છે. વિકારમાં ચેતાઈ ગયા છે. એ વિભાવમાં જાગૃત થઈ ગયા છે. સમજાણું કાંઈ? આરે! આરે! ભારે વાતું આ તો.

કહે છે કે, ત્રસ જીવો તો મનુષ્ય આદિ હો કે દેવ હો. ધનાઢ્ય કહેવાતા હો કે ગરીબ કહેવાતા હો ઈયળ કહેવાતી હો કે ઈન્દ્ર કહેવાતા હો. સમજાણું કાંઈ? કહે છે કે, એના તો કાર્યમાં એકાગ્ર થઈ ગયા છે. કયું કાર્ય? પરનું નહીં. શુભ ને અશુભ, પુણ્ય-પાપના વિકલ્પો જે ઊઠે છે શુભ-અશુભ રાગ. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ પુણ્ય છે. હિંસા, જૂઠું, પાપ એમાંય અજ્ઞાની ચેતાઈ ગયા છે. એમાં રોકાય ગયા છે. એ કાર્યને વિકારના કાર્યને કર્મચેતનાને કરે છે. પરનું કાંઈ કરતાં નથી. આત્માના આનંદનું કરવું એના ઘરમાં છે નહીં. સમજાણું કાંઈ? એ બે વાત થઈ. હવે ત્રીજી.

અહીં આવ્યું છે અહીં આપણે, જુઓ! કે **'જે જ્ઞાન પોતાથી અવ્યતિરિક્ત સ્વાભાવિક સુખવાળું છે તેને જ-ચેતે છે...'** હવે જ્ઞાની ધર્મી એ પોતાનો સ્વભાવ રાગ ને દ્વેષના પુણ્ય-પાપના (ભાવની) વર્તમાન હયાતિ હોવા છતાં એનાથી મારી હયાતિ ચૈતન્યભગવાનની ભિન્ન છે. એમ ભગવાને કહ્યું છે અને એમ વસ્તુનું હોવાપણું છે. એમ પોતાના આત્મામાં જ્ઞાનસ્વરૂપી ભગવાનમાં ચેતાય છે. એકાગ્ર થાય છે એને જ્ઞાનચેતના એટલે આત્મચેતના એટલે આત્માના ધર્મની ચેતના તેને કહેવામાં આવે છે. આરે! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? આ ધર્મચેતના. ઓલી કર્મફળચેતના, એકેન્દ્રિય ને ત્રસને કર્મચેતના. ધર્મીને સમ્યગ્દૃષ્ટિ જ્યાંથી થયો મનુષ્ય હો, દેવ હો, નારકી હો, પશુ હો.

ભગવાનઆત્મા નિજતત્ત્વમાં તો આનંદ ને શાંતિ ને જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે. એ પુણ્ય-પાપના વિકલ્પના રાગના કર્તવ્ય ને ફળથી ભિન્ન છે. એવું જ્યાં અંતરમાં સમ્યગ્દર્શન ધર્મની પહેલી દશા પ્રગટ થાય છે, ધર્મની પહેલી દશા એ આત્માને ચેતે છે. એમ કહે છે. સમજાણું કાંઈ? એને જરીએ રાગ ને દ્વેષ ને પુણ્ય-પાપ હોવા છતાં તેમાં એકાગ્રતા જ્ઞાનીને નથી. આહાહા! સમજાણું કાંઈ?

**'કારણ કે તેમણે સમસ્ત વીર્યાંતરાયના ક્ષયથી અનંત વીર્યને પ્રાપ્ત કર્યું છે...'** હવે અહીં

સર્વજ્ઞને લીધા છે. સમ્યગ્દર્શનમાં, ધર્મની પહેલી દશામાં રાગ ને વિકલ્પ ને શરીર ને અજીવ ને આસ્રવ તત્ત્વથી જુદું છું. એવું અંતરમાં આનંદના અનુભવનું જ્ઞાન એને વીર્યાંતરાયનો ક્ષયોપશમ છે અને પુરુષાર્થથી જાગૃતિ છે. તો એને તો આત્માના જ્ઞાનમાં સ્વરૂપની એકાગ્રતાનો ચેતન, ચેતવું જાગૃત થવું એ જાગૃત દશા એને વર્તે છે. અને આગળ જતાં સ્વરૂપમાં એકાગ્ર થઈને ભગવાનઆત્મા ચિદ્‌ઘન, આનંદકંદ પ્રભુમાં એકાગ્ર થઈને જેણે કેવળજ્ઞાન પ્રગટ કર્યું, પરમાત્મા અરિહંત થયા, અરિહંત થયા, સિધ્ધ થયા એને તો કહે છે કે **'સમસ્ત વીર્યાંતરાયના ક્ષયથી અનંત વીર્યને પ્રાપ્ત કર્યું હોવા છતાં તેમને (વિકારી સુખદુઃખરૂપ) કર્મફળ નિર્જરી ગયું છે...'** પરમાત્મા અરિહંતને વિકારના પરિણામ ખસી ગયા છે, ટળી ગયા છે. એને છે નહીં. આહા! સમજાણું કાંઈ?

અને અત્યંત કૃતકૃત્યપણું થયું છે. છે તોંતેર પાને છે. આમાં કાંઈ સુઝ પડે એવી નથી. ત્યાં તમારે ઘરે ચોપડામાં આમ રાખ્યું હોય તો ત્યાં. અભ્યાસ ન મળે. ઊંધા અભ્યાસ બધા. એ પૂનમભાઈ! અહીં તો એ વાત છે. અહીં કાંઈ માખણ ચોપડવાની અહીંયા વાત નથી. હેં? ત્યાં તો શેઠ શેઠ આડે નવરાશ ન મળે સાંભળવાની. લ્યો! અમારે કુંવરજીભાઈને કહેતા હતા ને. રામજીભાઈએ કાંઈક પૂછયું હતું કે, કુંવરજીભાઈ તમને શેઠ કેટલાક કહે? હજારવાર, હજારવાર તો નહીં પણ પાંચશે વાર તો કહે... પાલેજમાં દુકાન હતી. કુંવરજીભાઈને કુંવરજી શેઠ - કુંવરજી શેઠ કરે. વધતાં વધતાં વધતાં વધી ગયા. બબ્બે અઢી અઢી લાખની પેદાશું અને તે દિ' સાધારણ હતા બે રૂપિયે મણ. મહિનો લઈ આવતા હતા. એમાંથી આ વધી ગયા. વધી જાય ને માણસ આખો દિ' શેઠ થાય, શેઠ શેઠ શેઠ. રામજીભાઈએ પૂછયું કેટલીવાર તમને કહે છે ત્યાં? આંહી તમને કોઈ શેઠ કહે નહીં. કહે હજાર વાર તો કહેતા હશે કે નહીં? હજાર વાર તો નહીં, પાંચશે વાર તો શેઠ કહે. હવે શેઠ શેઠ કહે એમાં દાળીયા શું થયા તારા? હેં? શેઠ તો એને કહીએ કે જેણે રાગ ને પુણ્ય-પાપથી ભિન્ન પાડીને આત્માની શ્રેષ્ઠ દશા પ્રગટ કરી, શ્રધ્ધા, જ્ઞાન, સમકિતમાં એને શેઠ કહેવામાં આવે છે. આ એ વિનાના બધા રાંકા અને ભિખારી છે. આહાહા! બરાબર હશે આમાં. જયંતિભાઈ!

કહે છે ભગવાનઆત્મા સર્વજ્ઞ થાય છે. પ્રથમ સમ્યગ્દર્શન અનુભવ કરી અને અંતર સ્વરૂપમાં રમણતા કરીને જયારે પૂર્ણ વીર્ય પ્રગટ થાય છે. ત્યારે જ્ઞાનમાં પૂર્ણ એકાગ્રતા થાય છે. અને એકાગ્રતા થતાં તેમાં અનંત આનંદ પણ સાથે હોય છે. અને એની સાથે વીર્ય પૂરું ઉઘડેલું છે. તેથી તે બળમાં અશુધ્ધતાનો જેને નાશ થયો છે. **'અત્યંત કૃતકૃત્યપણું થયું છે (અર્થાત કાંઈ કરવાનું લેશમાત્ર પણ રહ્યું નથી)...'** હજી સાધક સમકિતીને તો આત્મા શુધ્ધ ચૈતન્યની દૃષ્ટિ હોવા છતાં સ્વરૂપમાં ઠરવાની ક્રિયા બાકી છે. આ સર્વજ્ઞ પરમેશ્વર અરિહંત થયા એને એ કાંઈ કરવાનું બાકી છે નહીં. ઠરી ગયા આત્મામાં. પૂર્ણ કેવળજ્ઞાન ને કેવળદર્શન અંતર સ્વભાવના આશ્રયે પ્રગટ કરીને ઠરી ગયા. કહો,

સમજાણું કાંઈ? હવે એનો દાખલો આપે છે. આ તો વાત કરી ઉપરથી. કોને કોને હોય છે ઉપરથી આપણે વાત કરી. ઓગણચાલીસને. ગાથા ઓગણચાલીસ.

## ગાથા - ૩૯

सव्वे खलु कम्मफलं थावरकाया तसा हि कज्जजुदं ।
पाणित्तमदिक्कंता णाणं विंदंति ते जीवा ।।३९।।

सर्वे खलु कर्मफलं स्थावरकायास्त्रसा हि कार्ययुतम् ।
प्राणित्वमतिक्रान्ताः ज्ञानं विन्दन्ति ते जीवाः ।।३९।।

अत्र कः किं चेतयत इत्युक्तम् ।

चेतयन्ते अनुभवन्ति उपलभन्ते विन्दन्तीत्येकार्थाश्चेतनानुभूत्युपलब्धिवेदनानामेकार्थत्वात्। तत्र स्थावराः कर्मफलं चेतयन्ते, त्रसाः कार्यं चेतयन्ते, केवलज्ञानिनो ज्ञानं चेतयन्त इति ।।३९।।

---

**વેદે કરમફળ સ્થાવરો, ત્રસ કાર્યયુત ફળ અનુભવે,**
**પ્રાણિત્વથી અતિક્રાંત જે તે જીવ વેદે જ્ઞાનને. ૩૯.**

**અન્વયાર્થ :-** (सर्वे स्थावरकायाः) **સર્વ સ્થાવર જીવસમૂહો** (खलु) **ખરેખર** (कर्मफलं) **કર્મફળને વેદે છે,** (त्रसाः) **ત્રસો** (हि) **ખરેખર** (कार्ययुतम्) **કાર્યસહિત કર્મફળને વેદે છે અને** (प्राणित्वम् अतिक्रान्ताः) **જે પ્રાણિત્વને (-પ્રાણોને) અતિક્રમી ગયા છે** (ते जीवाः) **તે જીવો** (ज्ञानं) **જ્ઞાનને** (विन्दन्ति) **વેદે છે.**

**ટીકા :- અહીં, કોણ શું ચેતે છે (અર્થાત્ ક્યા જીવને કઇ ચેતના હોય છે) તે કહ્યું છે.**

**ચેતે છે, અનુભવે છે, ઉપલબ્ધ કરે છે અને વેદે છે- એ એકાર્થ છે. (અર્થાત્ એ બધા શબ્દો એક અર્થવાળા છે), કારણ કે ચેતના, અનુભૂતિ, ઉપલબ્ધિ અને વેદનાનો એક અર્થ છે. ત્યાં, સ્થાવરો કર્મફળને ચેતે છે, ત્રસો કાર્યને ચેતે છે, કેવળજ્ઞાનીઓ જ્ઞાનને ચેતે છે**

**ભાવાર્થ :-પાંચ પ્રકારના સ્થાવર જીવો અવ્યકત સુખદુ:ખાનુભવરૂપ શુભાશુભ કર્મફળને ચેતે છે. દ્વીંદ્રિય આદિ ત્રસ જીવો તે જ કર્મફળને ઈચ્છાપૂર્વક ઈષ્ટાનિષ્ટ વિકલ્પરૂપ કાર્ય સહિત ચેતે છે. [1]પરિપૂર્ણ જ્ઞાનવંત ભગવંતો (અનંત સૌખ્ય સહિત) જ્ઞાનને જ ચેતે છે. ૩૯.**

## ગાથા ૩૯ ઉપર પ્રવચન

सव्वे खलु कम्मफलं थावरकाया तसा हि कज्जजुदं ।
पाणित्तमदिक्कंता णाणं विंदंति ते जीवा ।।३९।।

મહાસિદ્ધાંતો છે આ તો ભાઈ ભગવાનના ઘરના. કેવળજ્ઞાની પરમેશ્વર વીતરાગદેવ એણે જોયેલા, કહેલાં મહાસિદ્ધાંતો અને નિયમો છે આ. લોકોને સાંભળવા મળે નહીં ને બહારથી કડાકૂટમાં પડયા અને ધર્મ માને. એમ ને એમ અનંતકાળ એણે ગુમાવ્યો છે. સમજાણું કાંઈ? નીચે એનું હરિગીત છે.

**વેદે કરમફળ સ્થાવરો, ત્રસ કાર્યયુત ફળ અનુભવે,**
**પ્રાણિત્વથી અતિક્રાંત જે તે જીવ વેદે જ્ઞાનને. ૩૯.**

ઓલી કોર એની **ટીકા :-'અહીં કોણ શું ચેતે છે...'** આત્મા કયાં કયાં શું કરે છે, ચેતે છે. રાગમાં ચેતે છે, દુ:ખમાં ચેતાય છે કે આત્મામાં ચેતાય છે. એની જાત કોણ છે એને માટે આ ગાથા છે.

**'ચેતે છે તે અનુભવે છે...'** અનુભવે છે એટલે પ્રાપ્તિ કરે છે. પ્રાપ્તિ કરે છે એટલે **'વેદે છે. એ એકાર્થ છે...'** એ બધા શબ્દો એક અર્થમાં આવે છે. **'કારણ કે ચેતના...'** ભગવાનઆત્મા ચેતે પુણ્ય-પાપના ભાવમાં એકાગ્ર થાય કે હરખ-શોકના ફળમાં એકાગ્ર થાય. એ ચેતાઈ ગયો રાગ ને કર્મ ને ફળમાં. અને પોતે-પોતે ચેતાઈ ગયો રાગ ને દ્વેષના વિકલ્પો હોવા છતાં એનાથી મારી ચીજ આનંદકંદ પ્રભુ ભિન્ન છે. એમાં જે ચેતાઈ ગયો એને પણ અહીંયા **'ચેતના, અનુભૂતિ, પ્રાપ્તિ અને વેદનાનો એક જ અર્થ કહેવામાં આવે છે...'** આહાહા!

શેની પ્રાપ્તિ થઈ? કે **'સ્થાવરો કર્મફળની...'** પ્રાપ્તિ કરે છે, **'ચેતે છે...'** સ્થાવર એટલે

---

૧. અહીં પરિપૂર્ણ જ્ઞાનચેતનાની વિવિક્ષા હોવાથી, કેવળીભગવંતો અને સિદ્ધભગવંતોને જ જ્ઞાનચેતના કહેવામાં આવી છે. આંશિક જ્ઞાનચેતનાની વિવક્ષાથી તો મુનિઓ, શ્રાવકો અને અવિરત સમ્યગ્દષ્ટિઓને પણ જ્ઞાનચેતના કહી શકાય છે; તેનો અહીં નિષેધ ન સમજવો, માત્ર વિવક્ષાભેદ છે એમ સમજવું.

એકેન્દ્રિય જીવ. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ. એ જીવ છે. એ શું કરે છે? કર્મફળને ચેતે છે, કર્મફળને અનુભવે છે, કર્મફળને પ્રાપ્ત કરે છે, કર્મફળને વેદે છે. સમજાણું કાંઈ? આ રાગનું ફળ કર્મફળ એટલે કીધું ને. રાગ-દ્વેષના ભાવ એનું ફળ દુઃખ. એને વેદે છે. સમજાણું કાંઈ? બુધ્ધિનો વિકાસ નથી. વીર્યનો ઉઘાડ નથી. તેથી તે પ્રાણી બિચારા અનાદિના એકેન્દ્રિયમાં પડયા છે. આ જીવ પણ અનાદિનો એકેન્દ્રિયમાં નિત્ય નિગોદમાં જ હતો. એમાંથી નીકળે ત્યારે બહાર ત્રસમાં આવે છે. હજી એટલા જીવો પડયા છે નિગોદમાં, કે અનંતકાળથી હજી ઈયળ થયા નથી, ઈયળ થયા નથી અને ઈયળ થશે પણ નહીં. આહાહા! અને એવા અનંત જીવો ભગવાન પરમેશ્વર તીર્થંકર કેવળજ્ઞાનીએ એવા જીવોની હયાતિ એકેન્દ્રિયમાં જોઈ છે. સમજાણું કાંઈ?

એમ કહેવાનો આશય એ છે કે, ભાઈ! તું તો બહાર આવ્યો છો ને હવે. તારે હવે નિગોદમાં પાછું જાવું છે કે આંહી સિધ્ધપદ થાવું છે તારે? સમજાણું કાંઈ? આહાહા! 'પ્રભુનો માર્ગ છે સુરાનો કાયરના નહીં કામ.' આમાં કાયર હીનના કામ નથી. સમજાણું કાંઈ? કહે છે **'સ્થાવરો...'** સ્થાવર જીવ જે એકેન્દ્રિય છે. આવે છે ને પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ ને વનસ્પતિ. એ કર્મફળને ચેતે છે. કર્મ એટલે જડની વાત નથી અહીંયા. જડકર્મ તો અજીવ છે. એને કાંઈ જીવ વેદે નહીં. જીવ તો અરૂપી છે. અને કર્મ તો જડ રૂપી છે. એ અરૂપી રૂપીને કેમ અડે ને વેદે? એ વેદે તો હરખ-શોકના સુખદુઃખની કલ્પનાને વેદે છે. એવી સ્થાવર જીવની જાત આ પ્રમાણે રહી છે. કહે છે. સમજાણું કાંઈ?

'વચનામૃત વીતરાગના પરમ શાંત રસ મૂળ, ઔષધ જે ભવરોગના પણ કાયરને પ્રતિકૂળ.' પુરુષાર્થ હીનને આ શું કહે છે એ વાત અંદરમાં બેસે નહીં. આહાહા! આવો માર્ગ હશે? સમજાણું કાંઈ? કહે છે **'સ્થાવરો કર્મફળને ચેતે છે...'** બસ! એને તો હરખ-શોકનું દુઃખનું. હરખ એટલે આ કલ્પના. જરી સુખ કલ્પના છે ને શુભભાવ આવે તો. નિગોદના જીવને પણ ભગવાન એમ કહે છે. એકેન્દ્રિય જીવને નિરંતર શુભઅશુભ, શુભઅશુભ ભાવ થયા જ કરે છે. ક્ષણમાં શુભ, ક્ષણમાં અશુભ. કેમ? ભગવાને એવું જોયું છે કે ક્ષણ ક્ષણમાં એ શાતા અશાતા બાંધ્યા જ કરે છે એકેન્દ્રિય જીવ. ક્ષણમાં શાતા, ક્ષણમાં અશાતા. શાતા એ શુભભાવથી બંધાય, અશાતા એ પાપથી બંધાય. એવા શુભ ને અશુભભાવ નિગોદના જીવને જેને મન નથી, વાણી નથી. એવા પ્રાણીને પણ આવા સુખદુઃખની કલ્પનાના ભાવ ચેતે છે. કહો, સમજાણું? એના ભાવફળને અનુભવે છે.

એકેન્દ્રિય જીવને બટાટાને અગ્નિમાં નાંખો તેલના કડાયામાં તો તેલની ઉનાશને તે વેદતો નથી એમ કહે છે. કારણ કે તેલની ઉનપ એ તો જડ દશા છે. એ તેલની ઉનપ ઉનાપણું એ તો જડના અસ્તિત્વમાં રહેલું છે. જડના અસ્તિત્વમાં રહેલું એ ચૈતન્યના અસ્તિત્વમાં કેમ આવે? સમજાય છે કાંઈ? અરે! શું કહે અને શું માને કહે છે. ખબર ન મળે. પાગલ જેવો અનાદિનો.

મુમુક્ષુ :- પાગલ જેવો જ છે.

ઉત્તર :- પાગલ જેવો જ છે? લે! આ તમારો છોકરો. એય! અગિયાર વર્ષનો જ છે હો. એ પાગલ જેવો છે, એમ કહે છે. પૂનમભાઈ!

મુમુક્ષુ :- પાગલ જેવો નહીં પાગલ જ છે.

ઉત્તર :- પાગલ જ છે, પાગલ જેવો નહીં, પાછો એમ કહે છે. જેવો નહીં. એને ઉપમા ન દેવી એમ કહે છે. છે ને? એય! પાગલ જેવો નહીં. જેવો તો ઉપમા દીધી. પાગલ જ છે. એય! છે ને? એય! જાદવજીભાઈ! આ તમારો પૌત્ર. એ પણ કહેતા હતા આ અમારો છોકરો વધી જશે આગળ. પાગલ જ છે. ભગવાન તને ગાંડપણું છે, ભાઈ તને ઘેલછાઈ છે. આહાહા!

સ્થાવરમાં તો ફળના ભોગવવાની ઘેલછાઈ છે એકલી, કહે છે. સમજાણું? એ અગ્નિને વેદતા નથી. ઊના પાણીમાં એકેન્દ્રિય જીવને આમ નાખ્યા તો ઊના પાણીનું એને વેદન નથી. ઊનાપાણીનું હોવાપણું તો જડના હોવાપણામાં છે. એ જડનું હોવાપણું એ ચૈતન્યની દશામાં આવતું નથી. ચૈતન્યની દશામાં ને હાલતમાં તો હું આ સુખદુઃખને ભોગવું એવી કલ્પના એની દશામાં આવે છે. એને એ વેદે છે. આહાહા! અરે! કાંઈ ખબર ન મળે હજી. આ છરો વાગે ને અહીં કહે છે. એ છરાનું વેદન જીવને નથી. એ તો જડ છે. અને એ તો જડના હોવાપણામાં છરો અને શરીરના કટકા થાય એ તો જડના હોવાપણામાં થયું. એ આત્માની પર્યાયરૂપી દશામાં એ હોવાપણું નથી આવ્યું. આહાહા! સમજાણું કાંઈ?

એની અજ્ઞાનદશામાં તો આ મને ઠીક નથી ને આ મને ઠીક છે. એવી જે વિકારી કલ્પના કરે છે એ એના હોવાપણામાં છે એને એ વેદે છે. આહાહા! સમજાણું કાંઈ? એ સમજાય એવું છે હો, આ સાદી ભાષા છે. આમાં કાંઈ મોટા કોઈ, પણ એણે સાંભળ્યું ન હોય ને એટલે આ એમ લાગે કે આ તે શું હશે? આ તે કેવો ધર્મ હશે? આ વીતરાગનો આ ધર્મ છે. આ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે પરમાત્મા અત્યારે. સમજાય છે કાંઈ? તીર્થંકરપણે. અનંત તીર્થંકરો થયા, અનંત થશે. એ બધા ભગવાન આમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? માળો! આ કહે જેવો ન કહેવો પાગલ જ છે. એય! ભારે વાત ભાઈ! ભાઈ! એની મેળે ક્હ્યું. ભગવાનસ્વરૂપ છે. જ્યોત છે ને? આહાહા! સમજાણું કાંઈ?

ભગવાન આનંદમૂર્તિ પ્રભુ એ તો સચ્ચિદાનંદ સત્ એટલે શાશ્વત ચિદ્ એટલે જ્ઞાન ને આનંદ એટલે સુખરસ. એનો એ ભંડાર ભગવાનઆત્મા છે. એને ભૂલીને એકેન્દ્રિય જીવો એકલા સુખદુઃખની કલ્પનાના વિભાવ, વિકાર દુઃખની દશાને વેદે છે. આહાહા! નથી ભગવાનઆત્માનું વેદન, નથી એને પરનું વેદન. બરાબર છે આ? આ તો સમજાય એવું છે. સાદી ભાષા છે. આમાં કાંઈ કોઈ એવી અટપટી ને મોટા પલાખા શીખે તો આવડે એવું કાંઈ છે નહીં. આ તો સત્‌ની પ્રસિધ્ધિના જાહેર ઢંઢા, ઢંઢેરા છે. આહાહા!

**'સ્થાવરો કર્મફળને ચેતે છે...'** કર્મ એટલે જડ ન લેવું અહીંયા. ભાવ વિકારી ભાવ, નિર્વિકારી

પ્રભુ! કારણ કે નિર્વિકારી ન હોય તો નિર્વિકારી દશા આવે ક્યાંથી? સમજાય છે કાંઈ? કેવળજ્ઞાન વીતરાગદશા એ દશા છે, પર્યાય છે, અવસ્થા છે. એ આવી ક્યાંથી? પુણ્ય-પાપના વિકલ્પ રાગમાંથી એ દશા આવે? ત્યાં ક્યાં છે?અંતરના સ્વરૂપમાં મહાપ્રભુ અનંત આનંદ ને જ્ઞાનનો કંદ સુખકંદ પ્રભુ છે. એમાં એકાગ્ર થતાં એમાંથી પ્રવાહ આવે છે. એનું એકેન્દ્રિયને તો ભાન નથી. તેથી તે દુઃખને વેદે છે.

**'ત્રસો કાર્યને ચેતે છે...'** આ ત્રસ જીવો. બે ઈન્દ્રિય ઈયળ. ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય, પંચેન્દ્રિય, મનુષ્ય, દેવ, ઢોર, પશુ, નારકી એ ત્રસો કાર્યને ચેતે છે. એટલે કે એને કાંઈ વીર્યનો વિકાસ છે, રાગ કરું, પુણ્ય કરું, પાપભાવ કરું એવા વિકારી ભાવના કર્મનું કાર્ય તે કરે છે. ધંધાનું કાર્ય કરતો નથી એ. પૂનમભાઈ! સાચી વાત હશે આ? હજી તો કાંઈક બાવીસ બાવીસ મણના મોટા હજીરા થાય છે ને. ધૂળમાંય નથી ક્યાંય એ તો અજીવ તત્ત્વ છે. ભગવાન તો એ કહે છે કે એ તો અજીવ તત્ત્વ થઈને રહેલાં છે મકાનો. એ કાંઈ તારા થઈને રહ્યા છે ને તારે લઈને થાય છે. એમ છે નહીં. આહાહા! ભારે કામ ભાઈ! આ તો મોટા ઉથલ-પાથલું કરે છે ને. ધંધા કેટલા ઉથલ-પાથલના. ઢોકળાનાં ને રૂનાં ને. આહાહા! સમજાણું?

પ્રભુ ના પાડે છે બાપુ! તને ખબર નથી. ભાઈ! તારા હોવાપણામાં શું થાય છે એની તને ખબર નથી. જે બીજી ચીજોનું હોવાપણું છે એમાં તારો પ્રવેશ નથી. એથી બીજાના હોવાપણાનું કાર્ય તારાથી થતું નથી. આહાહા! અરે વાત તો ઘણી સીધી ને મીઠી છે પણ માણસને સાંભળવા મળતી નથી ને. એય ઘોબા મારે આડા અવળા પછી. આમથી આમ ને આમથી આમ. આહાહા! ભગવાન તું ભૂલ્યો છો કહે છે હો. તારા નિજઘરને ભૂલ્યો છો. ત્રસ થઈને, માણસ થઈને, દેવ થઈને, નારકી થઈને , હજાર જોજનનું માછલું થઈને. સ્વયંભૂરમણ સમુદ્રમાં ભગવાન હજાર જોજનના મચ્છ કહે છે. ચાર હજાર ગાવના લાંબા. એવા અસંખ્ય મચ્છ છે ત્યાં. કહે છે કે એ બધા આત્મજ્ઞાન વિનાના જે છે. એમાંય આત્મજ્ઞાની છે અસંખ્ય. સમજાણું કાંઈ?

એ સ્વયંભૂરમણ સમુદ્રમાં અસંખ્ય મચ્છમાં અસંખ્યમાં ભાગે અસંખ્ય આત્મજ્ઞાની જીવ પશુમાં છે. પ્રેમચંદભાઈ! આવે છે ક્યાંય? અઢી દ્વીપ બહાર આવે છે ને. હં.... અસંખ્ય સાલ થયા પણ એ તો ઘડિયો થઈ ગયો. આહાહા! એ તિર્યંચો અંદર આત્મજ્ઞાની છે ત્યાં. પૂર્વે કાંઈક ભૂલ કરીને પશુ તો થયા પણ પછી અંદરથી જાગૃત થઈ ગયા. ઓહો! આ શું? આ ચંદ્ર, સૂર્ય શું દેખાય છે આ? અંદર પ્રતિમા જેવા મચ્છ દેખે. એને દેખીને આ શું છે આ? અંદરમાં ચૈતન્ય બિંબ પ્રભુ ભગવાનઆત્મા એમાં ઉતરી જાય છે અંદર. પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન પડી આત્માનો અનુભવ કરી અને સમ્યગ્દષ્ટિ એવા અસંખ્ય પડ્યા છે, સ્વયંભૂરમણ સમુદ્રમાં. એને કહે છે કે રાગ ને દ્વેષનું કાર્ય એને નથી. સમજાણું કાંઈ? આહાહા!

ફક્ત જે પ્રાણી ત્રસ થઈને બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય, પંચેન્દ્રિય. બેઈન્દિયા,

ચૌઈન્દિયા, પંચેન્દિયા નથી આવતું. હેં, એકેન્દિયા, બે ઈન્દિયા આવે છે કે નહીં? અભિયા વતિયા લેશીયા પણ એનો અર્થેય કયાં ને કોણ ને શું હશે? વિહુય રયમલા નહોતું કીધું હમણાં. આ લોગસ્સમાં આવે છે ને વિહુય રયમલા. અર્થ ન આવડે તો દશા, વિસાને લીંબડીમાં તકરાર થઈ. ઘણા વર્ષની વાત છે. દશાશ્રીમાળીની ડોશી અર્થ આવડે નહીં. વિહુયરયમલા તો વિસા રોય મર્યા. એલા પણ આપણી તકરારની વાત લોગસ્સમાં કયાંથી આવી આંહી? સમજાણું કાંઈ? પણ અર્થ તો જુઓ! આમાં? શું છે આ વિહુયરયમલા. વિહુયરયમલા શબ્દ છે. ત્યાં તો એમ કહ્યું છે કે વિહુય વિશેષે ધુય નામ ટાળ્યા છે જેણે. રયમલા. રજ નામ આઠ કર્મની જીવની ધૂળ અને મળ નામ પુણ્ય-પાપના મેલ ભાવ. જેણે ટાળ્યા અને પરમેશ્વર થયા છે એને હું સ્તવું છું એમ કહે છે ત્યાં. તમે કર્યું હશે કે નહીં? હેં? હવે? એય! થયું હશે પહેલું. હેં? આહાહા! મજુરી કરી એટલી કહે છે.

રાગ અને દ્વેષ, પુણ્ય ને પાપના વિકલ્પો, સંકલ્પ-વિકલ્પો એને એ કાર્યપણે કરનારા અજ્ઞાની ત્રસપણે આ કરે છે. આહાહા! નથી કરતાં અજ્ઞાની પરના કાર્ય. શરીરને હલાવવું કે વાણીનું બોલવું એ કરી શકતાં નથી. તેમ નથી કરતાં એ આત્માના આનંદનું વેદન. સમ્યગ્દર્શન નથી અને આત્મભાન નથી. એથી એ રાગ અને દ્વેષ, પુણ્ય ને દયા, દાન, વ્રત, ભકિત, કામ, ક્રોધ વિકલ્પ જે ઊઠે છે તે મારું કાર્ય છે. હું એનો કર્તા છું. ત્રિકાળી દ્રવ્યને વિકારી માની અને કર્તા થઈ અને વિકારી પરિણામનું કાર્ય કરે છે. બસ એટલું એની મર્યાદામાં છે. એ સિવાય બીજાનું ફોતરું ફેરવવું, આંખની પાંપણ ફરવી એ આત્માની પર્યાયનો અધિકાર નથી. આહાહા! અરે! સમજાણું કાંઈ?

આમ બોલે ઓલામાં. અજીવને જીવ માને તો મિથ્યાત્વ, જીવને અજીવ માને તો મિથ્યાત્વ. માણસ બોલે છે ને. હેં? પણ આ જડની ક્રિયા એ અજીવ છે અને એ આત્મા કરે એ માનવું મિથ્યાત્વ છે. એની તો એને ખબર નથી. આહાહા! ભાષા તો ગડીયા બોલ્યે જાય. પચ્ચીસ મિથ્યાત્વ નથી આવતું. કુસાધુને સાધુ માને પણ કુસાધુ કહેવાય કોને એની ખબર ન મળે. સાધુ કોને કહેવાય એની ખબર ન મળે. આ ક્રિયા કાંડ કરે એ સાધુ. અહીં તો કહે છે કે પુણ્ય-પાપના પરિણામ કરે તે કર્તાબુધ્ધિ અજ્ઞાની કાયકૃત.......નું કરે છે. એ ધર્મી નથી. આહાહા! સમજાણું કાંઈ?

શું કીધું? ત્રણ શબ્દમાં આખું મુકી દીધું. અનંત જીવોની સંખ્યામાં ત્રણ જાત. એક સ્થાવર જીવની જાત. હરખ-શોકને અનુભવે છે, દુઃખને. એ હરખ એટલે સુખની જેમાં કલ્પના. પૈસા બૈસા હોય ને સ્ત્રી અનુકૂળ હોય ને, પછી માને છે ને અમે સુખી છીએ. એ કલ્પના છે કલ્પના. સુખની નહીં એ કલ્પના દુઃખ છે. સમજાણું કાંઈ? હેં? એ કલ્પના દુઃખ છે. સુખ એટલે માને છે ને એ. હમણાં અમે સુખી છીએ. બાદશાહી છે અમારે. શેની છે બાદશાહી, ધૂળની? ધૂળ કયાં તારી ચીજ હતી તે બાદશાહી તારામાં આવી જાય. અરે! ભારે એય! પાટણીજી!

બાદશાહી તો એને પ્રભુ કહે છે. એ ત્રીજા બોલમાં લેશે. આ તો બીજા બોલની વાત છે ને. ત્રસો, મનુષ્યો, દેવો, ઢોર અને નારકી. અજ્ઞાની રાગ અને પુણ્ય-પાપના શુભભાવ, વિકલ્પને, વિકલ્પના કર્તૃત્વને કાર્યને કરે છે. એની પ્રધાનતા રાગ-દ્વેષ કરવાના કાર્યની છે. ગૌણપણે એનું દુઃખ ભોગવે છે એની મુખ્યતા નથી. એકેન્દ્રિયને કરવાની મુખ્યતા નથી.ભોગવવાની મુખ્યતા છે. કરે તો એય રાગ-દ્વેષ કરે છે અજ્ઞાન. સમજાણું કાંઇ? એ પણ દુઃખ ભોગવે છે અને આ પણ દુઃખ ભોગવે છે. પણ રાગ-દ્વેષ કરે.

ભગવાન તો જ્ઞાનમૂર્તિ પ્રભુ છે. અનાકુળ આનંદનો રસનો કંદ આત્મા છે. એની નજરું જ્યાં નથી. એની નજરમાં તો આ પુણ્ય ને પાપના વિકલ્પોની વાસના ઊભી થાય તે હું અને તે મારું કર્તવ્ય. બરાબર હશે છગનભાઇ! આ બધા કાર્યકર્તાઓ કહે છે ને કાર્યકર્તા શું કર્યું તમે? વાંકાનેરમાં કાર્યકર્તા કહેવાય. આ બધા નેતાઓ કહેવાય. પંચશીલ આમ કરે. ધૂળેય કરતાં નથી સાંભળને? સડકો બાંધે ને કૂવા ખોદાવે ને. હેં? બાંધે કોણ બાંધે અહીં કહે છે. ધૂળેય બાંધે નહીં. એ તો રજકણની પર્યાય રજકણથી રજકણમાં થઇ છે. તારા અસ્તિત્વથી ત્યાં અસ્તિત્વની એવી દશા થઇ છે? આહાહા! ભારે ભ્રમ અજ્ઞાનીનો! સમજાણું કાંઇ?

અજીવ ને જીવને બેયને એક માને છે. એવા અજ્ઞાની કરે તો શું કરે? કાર્યને ચેતે. કાર્ય નામ વિકારી ભાવને વેદે. અને ચેતાય જાય ત્યાં. આમ જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા એની ધર્મની દૃષ્ટિનું ચેતવું એને નથી. ભારે વ્યાખ્યા ભાઇ! સમજાણું કાંઇ? અરે! પરમેશ્વરે કહેલાં તત્ત્વોની પણ એને ખબર ન મળે. અને માને કે ભગવાને કહ્યું તે સાચું. પણ તને ખબર તો નથી ને સાચું ક્યાંથી આવ્યું? ભગવાન શું કહે છે એની તો ખબર નથી. સમજાણું કાંઇ?

એને નથી દેવની ખબર, નથી ગુરુની ખબર. ગુરુ કેવા હોય ને એ શું કહે ને શું વાતને જણાવે. શાસ્ત્ર કોને કહે એની પણ એને ખબર નથી. આ શાસ્ત્ર તો આમ કહે છે. દેવ આમ કહે છે ને ગુરુ તો આમ કહે છે. કહે ત્રસ જીવો કાર્ય કરે તો ફક્ત પોતાની દશામાં, અવસ્થામાં શુભઅશુભ સંકલ્પ, વિકલ્પને કરે. એ સિવાય કાંઇપણ ફોતરું ફેરવી શકે એ ત્રણકાળમાં બનતું નથી. કહો, સમજાણું આમાં? કેટલાં બોલ યાદ રાખવા આમાં? એક કલાક. તો આવી વાર્તા હોય તો જરા યાદ રહે. આ તો બે ને બે ચાર જેવા શબ્દો છે સીધા. એકથી દસ સુધીના જેમ આંકડા છે એના પછી બધા આંકડા છે બધા ગણતરીના. આ સિધ્ધાંત તત્ત્વો છે આ.

ભગવાનઆત્મતત્ત્વ આનંદસ્વરૂપ છે. એને ભૂલીને ત્રસ જીવો મનુષ્યો ને દેવો, પશુ ને નારકીઓ પોતાની દશામાં કાર્યને કરે, વિકારને કરે. એ વિકારને કરે ને એની સાથે તેના દુઃખને ભોગવે. કહો, સમજાણું કાંઇ? કંથવા કે કૂંજર- હાથી, ગરીબ કે તવંગર, નારકી કે દેવ બધા પુણ્ય-પાપના વિકલ્પમાં

કર્તાબુધ્ધિમાં પડયા છે. તે વિકારના કાર્યને કરતાં દુઃખને વેદે છે. આહાહા! ભારે વાત ભાઈ! જાદવજીભાઈ! આ બધા પૈસાવાળાને સુખી કહે છે ને માણસો.

મુમુક્ષુ :- માણસો કહે છે ને ભગવાન ના પાડે છે શું કરવું અમારે?

ઉત્તર :- પાગલ પાગલને કહે કે આ, પાગલ પાગલને કહે કે આ સુખી છે, ગાંડા. આહાહા!

ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ કેવળી પણ્ણંત્તો ધમ્મો શરણં આવે છે ને માંગલિકમાં. એ કયો ધર્મ? આહાહા! સમજાણું કાંઈ? એ પુણ્ય ને પાપના વિકલ્પના કાર્યની રુચિ છોડી અને આત્મા આનંદકંદની રુચિ કરીને જે જ્ઞાન ને આનંદનું વેદન થાય તે કેવળી પણ્ણંત્તો ધમ્મો જીવને શરણ છે. કહો, બરાબર હશે કે નહીં? આ બ્લડપ્રેસર થાય ત્યારે શું થાય છે ખબર છે કે નહીં? આહાહા! જુઓને આ શાંતિભાઈ હમણાં લીંબડીવાળા. સાંજ સુધી અહીંયા હતા. પોણા આઠ વાગ્યા સુધી. લ્યો! શાંતિલાલ ખીમચંદ. લીંબડી. હેં? વઢવાણના. સાંજ સુધી હતા. સાડા આઠે ગયા. સાડા નવે હેઠે ઉતર્યા. કાંઈક પેટમાં જરીક. બાર વાગ્યે ખલાસ! આ છઠ્ઠે. છઠ્ઠના દિવસે. બાર વાગ્યે ખલાસ! હમણાં દર્શન કરી ગયા હિંમતભાઈની હારે. કેવા કહેવાય? જે. હિંમતલાલ છે ને? મોટા વેપારી લોખંડના વેપારી એની સાથે આવ્યા હતા. બેય કામકાજ ત્યાં મંદિર થાય છે ને કામકાજ.... ક્ષણમાં દેહ છૂટી ગયો. શું થાય? એ શરીર ઠંડુ પડવા માંડયું લ્યો. લ્યો, આપણા પ્રેમચંદભાઈને તો એક સેકન્ડ. પ્રેમચંદ મગનલાલ- મહાસુખભાઈના બાપ. એક સેકન્ડમાં અહીં બેઠા હતા, સાંભળ્યું વ્યાખ્યાન. રામજીભાઈ સાથે ઘરે ગયા. ઘરે ત્યાંથી કાકી પાસે ગયા. ખાવા બેઠા. કહ્યું મને રુચિ રોટલીની નથી. ચોખા ને કાંઈક ખાઈને જરી સૂતા ત્યાં પગ - પગ દાબતા હતા. ઊઠયા પેશાબ કરવા. સૂતા ફૂ.... થઈ રહ્યું. લ્યો. અહીં આવ્યા કે એ પ્રેમચંદભાઈને કાંઈક ઠીક નથી. ઠીક નથી શું પતી ગયું છે. આહાહા! એમ જ કહે ને? આહાહા!

ભાઈ! એ જડની અવસ્થા જે કાળે જે થવાની એને કાંઈ ફેરવી શકાય નહીં. એ આત્માનું કાર્ય નથી. પણ માળાને કેમ બેસે? આખો દિ' અભિમાન હું કરું, હું કરું એ જ અજ્ઞાન છે. શકટનો ભાર જેમ શ્વાન તાણે. ગાડાનું બધું મોટું સો મણનું ગાડું એ બળદ હાંકતા હોય ને હેઠે કૂતરો હોય માથે અડતું હોય થોડું થોડું ઠાઠું. મારાથી હાલે છે. અરે! પડશે તો કચરાઈ જઈશ. હાલે શું ધૂળ, સાંભળને? એમ આ બધા પરના કામ આ પરની દયા પાળું ને પરની હિંસા કરું એ કામ આત્માના નથી એમ કહે છે. સમજાણું કાંઈ?

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## ગાથા - ૪૦

अथोपयोगगुणव्याख्यानम् ।

**उवओगो खलु दुविहो णाणेण य दंसणेण संजुत्तो ।**
**जीवस्स सव्वकालं अणण्णभूदं वियाणीहि ।।४०।।**

उपयोग: खलु द्विविधो ज्ञानेन च दर्शनेन संयुक्त: ।
जीवस्य सर्वकालमनन्यभूतं विजानीहि ह्न।।४०।।

आत्मनश्चैतन्यानुविधायी परिणाम उपयोग: । सोऽपि द्विविध:–ज्ञानोपयोगो दर्शनोपयोगश्च। तत्र विशेषग्राहि ज्ञानं, सामान्यग्राहि दर्शनम् । उपयोगश्च सर्वदा जीवादपृथग्भूत एव, एकास्तित्वनिर्वृत्तत्वादिति ।।४०।।

---

**હવે ઉપયોગગુણનું વ્યાખ્યાન છે.**

**છે જ્ઞાન ને દર્શન સહિત ઉપયોગ યુગલ પ્રકારનો;**
**જીવદ્રવ્યને તે સર્વ કાળ અનન્યરૂપે જાણવો. ૪૦.**

**અન્વયાર્થ :-(ज्ञानेन च दर्शनेन संयुक्त:) જ્ઞાનથી અને દર્શનથી સંયુક્ત એવો (खलु द्विविध:) ખરેખર બે પ્રકારનો (उपयोग:) ઉપયોગ (जीवस्य) જીવને (सर्वकालम्) સર્વ કાળ (अनन्यभूतं) અનન્યપણે (विजानीहि) જાણો.**

**ટીકા :- આત્માનો ચૈતન્ય-અનુવિધાયી (અર્થાત્ ચૈતન્યને અનુસરનારો) પરિણામ તે ઉપયોગ છે. તે પણ બે પ્રકારનો છે-જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ. ત્યાં, વિશેષને ગ્રહનારું જ્ઞાન છે અને સામાન્યને ગ્રહનારું દર્શન છે (અર્થાત્ વિશેષ જેમાં પ્રતિભાસે તે જ્ઞાન છે અને સામાન્ય જેમાં પ્રતિભાસે તે દર્શન છે). વળી ઉપયોગ સર્વદા જીવથી *અપૃથગ્ભૂત જ છે, કારણ કે એક અસ્તિત્વથી રચાયેલ છે. ૪૦.**

---

* અપૃથગ્ભૂત=અભિન્ન. (ઉપયોગ સદા જીવથી અભિન્ન જ છે, કારણ કે તેઓ એક અસ્તિત્વથી નિષ્પન્ન છે.)

## પ્રવચન નં :- ૪૧ - ગાથા - ૪૦
## પોષ સુદ-૧૦ રવિવાર તા. ૧૮/૧/૭૦

પંચાસ્તિકાય ષટ્દ્રવ્ય. ભગવાન કેવળજ્ઞાની પરમાત્મા જે એમને કેવળજ્ઞાન જે શકિતરૂપે સર્વજ્ઞ સ્વભાવ હતો, એ વ્યકતરૂપ અનુભવ કરીને પ્રગટ કર્યો. એ ભગવાને આ જગતની અંદર છ દ્રવ્યો અને પંચાસ્તિકાય, કેમ કે છ દ્રવ્યમાં કાળ અસ્તિ છે પણ કાય નથી. એટલે ષટ્દ્રવ્યનું સ્વરૂપ અને જીવાસ્તિકાય આદિ પાંચનું સ્વરૂપ ભગવાને જોયું એવું વર્ણવ્યું. એમાં જીવના સ્વરૂપનું વર્ણન ચાલે છે. અહીં આવ્યું છે. ચાલીસમી ગાથા.

હવે ઉપયોગ ગુણનું વ્યાખ્યાન છે. આ જીવ છે જે આત્મા તેમાં ઉપયોગ અનાદિ-અનંત હોય છે. સમજાય છે? જાણવા-દેખવાના પરિણામ એને અનાદિ અનંત હોય છે. શરીર, વાણી, મન હોતા નથી એ તો પર છે. એ કાંઇ એની ચીજ નથી. તેમ કર્મ જડ છે તે પણ એની સાથે અનાદિ-અનંત હોતા નથી. તેમ અંદરમાં વિકાર થાય પુણ્ય-પાપનો તે પણ ક્ષણિક અનાદિ-અનંત નથી. આવી ગયું છે એ.

ફકત આત્મા ભગવાન એને જાણવા-દેખવાનો જે ઉપયોગ વિશેષ લક્ષણવાળું તત્ત્વ એ ઉપયોગ તો અનાદિ-અનંત છે. ચાહે તો નિગોદમાં અજ્ઞાનપણે હોય તો એને મતિશ્રુતનું અજ્ઞાન હોય છે. ચાહે તો સિધ્ધ થાય તો કેવળજ્ઞાન ને કેવળદર્શનનો ઉપયોગ હોય છે. આ એની ચીજ છે. એમ કહે છે. સમજાણું કાંઇ? કહે છે. જુઓ! ચાલીસ.

**उवओगो खलु दुविहो णाणेण य दंसणेण संजुत्तो ।**
**जीवस्स सव्वकालं अणण्णभूदं वियाणीहि ।।४०।।**

**છે જ્ઞાન ને દર્શન સહિત ઉપયોગ યુગલ પ્રકારનો;**
**જીવદ્રવ્યને તે સર્વ કાળ અનન્યરૂપે જાણવો. ૪૦.**

**એની ટીકા :- 'આત્માનો ચૈતન્ય-અનુવિધાયી (અર્થાત્ ચૈતન્યને અનુસરનારો) પરિણામ તે ઉપયોગ છે...'** જુઓ! હવે વ્યાખ્યા.

ભગવાનઆત્મા એનામાં ત્રિકાળી જ્ઞાન ને દર્શન ઉપયોગ, શકિતરૂપ ઉપયોગ ત્રિકાળ છે. સમજાય છે કાંઇ? આત્મા વસ્તુ અને જાણવા-દેખવાનો જે સ્વભાવ એ આત્મામાં ત્રિકાળ છે. એના બાર

પ્રકારના પરિણામ છે એની વ્યાખ્યા ચાલે છે. સમજાણું કાંઇ? જીવનું હોવાપણું સિધ્ધ કરવું છે ને. જીવ હોવાપણે શેમાં છે? કે જીવ હોવાપણે તેના ઉપયોગમાં છે. અત્યારે ઉપયોગની વ્યાખ્યા છે ને. અજ્ઞાનપણે રાગ-દ્વેષમાં પણ છે. એ વાત આવી ગઇ.

અજ્ઞાનપણે પુણ્ય ને પાપના વિકલ્પો જે છે એનો કર્તા થાય છે. એ પણ એમાં એ છે અજ્ઞાની. અને એ શુભ ને અશુભના, હરખ-શોકનો ભોકતા છે અનાદિથી. એ પણ છે, પણ એ કાંઇ એનું અનાદિ-અનંત સ્વરૂપ નથી. સમજાણું કાંઇ? જ્યાં સુધી રાગ-દ્વેષ કરે ત્યાં સુધી કરે. ભોગવે ત્યાં સુધી ભોગવે. એ તો ક્ષણિક વસ્તુ છે. ભગવાનઆત્મા ચૈતન્ય સર્વજ્ઞ પરમેશ્વરે જે જોયો તેમાં દર્શન ને જ્ઞાન કાયમી અસલી પૂર્ણ સ્વભાવથી ભગવાનઆત્માને જોયો. એવા કાયમનો જે આત્માનો સ્વભાવ કે જેના વિના એ આત્મા હોય શકે નહીં. કહો, સમજાણું કાંઇ?

કર્મ વિના રહી શકે, શરીર વિના રહી શકે, વિકાર વિના રહી શકે એવો એનો સ્વભાવ છે. પણ ઉપયોગ વિના રહી શકે એવું એનું સ્વરૂપ નથી. આહાહા! સમજાણું કાંઇ? વ્યાખ્યા કરે છે જરી ઉપયોગની. **'આત્માનો...'** ભગવાનઆત્મા વસ્તુ છે. એનો ચૈતન્ય ગુણ છે. જાણવું-દેખવું એવો ગુણ ત્રિકાળીગુણ, શક્તિ, સત્વ, સત્‌નું સત્વ! સત્વ છે. આત્મા ચૈતન્ય છે, અને એને જાણવું-દેખવું એ ચૈતન્યનો ગુણ છે. સમજાણું કાંઇ?

આ પૈસા મેળવવા અને પૈસા ટળવા એવો એનો ગુણ નથી એમ કહે છે. છે એમાં કે નહીં? પૈસા મેળવવા કે નહીં?

મુમુક્ષુ :- ધૂળ છે.

ઉત્તર :- ધૂળ છે? આહાહા! પણ ધૂળ વિના ચાલે છે કાંઇ? હેં?

મુમુક્ષુ :-આત્માને તો બધી વસ્તુ વિના ચાલે છે.

ઉત્તર :- આત્માને બીજી બધી વસ્તુ વિના ચાલે છે એમ કહે છે. જુઓ! આ છોકરો કહે છે અગિયાર વર્ષનો. જુઓ!

મુમુક્ષુ :- મોટો થાશે ને.........

ઉત્તર :- આત્મા વસ્તુ છે.

ભગવાનઆત્મા સર્વજ્ઞ પરમેશ્વરે જોયો. એ તો નિજ સત્તાએ શુધ્ધ છે પ્રભુ. આ પોતાની સત્તાથી હોવાપણે તો પોતે તદ્દન શુધ્ધ ને આનંદ છે. એવા આત્માને જે જાણવું-દેખવું એ પણ શુધ્ધ, ત્રિકાળી શુધ્ધ છે. એના બાર પ્રકારના પર્યાય- પરિણામ, થાય એ પરને લઇને નથી. પોતાના જ્ઞાનગુણ ને દર્શનગુણને અનુસરીને થાય છે. એ અહીં સિધ્ધ કરવું છે. સમજાણું કાંઇ? ભાઇ આ ઇન્દ્રિય હોય તો જ્ઞાન થાય, આંખ હોય તો જ્ઞાન થાય, મન હોય તો જ્ઞાન થાય છે. ના. એમ નથી. ભલે લેશ્યા હોય

અવલંબન નિમિત્ત તરીકે, સમજાણું કાંઈ?

પોતે ભગવાનઆત્મા જાગૃત ચૈતન્ય દર્શન-જ્ઞાનના સ્વભાવથી, સ્વભાવથી ભરેલો એ તો સૂર્ય છે. કોને ખબર કયાં હશે? સમજાણું કાંઈ? ચેતન સૂર્ય છે. આ એનો જેમ પ્રકાશ સ્વભાવ છે સૂર્યનો. એમ ભગવાનઆત્માનો જાણવું જેમાં વિશેષ પ્રતિભાસ થાય. જેમાં સામાન્ય વિશેષ પ્રતિભાસ થાય સામાન્ય. એવો એક આત્મામાં જાણવું ને દેખવું એવો અનાદિ-અનંત ગુણ છે. એ એની નિધિ ને એ એની ચીજ છે. લક્ષ્મી અને શરીરાદિને જાણવું-દેખવું એ એનો સ્વભાવ છે. પણ લક્ષ્મીને મેળવવું ને રાખવું એ એનો સ્વભાવ નથી. એમ કહે છે. શોભાલાલજી! આહાહા! ભારે વાત! છતાં હેરાન હેરાન થઈ જાય છે માળો અનાદિથી. આહાહા! હેં?

મુમુક્ષુ :- માણસ થાય તો રૂપિયા તો....

ઉત્તર :- માણસ થાય તે પછી જાણે મને પૈસા વિના ચાલે નહીં, આના વિના ચાલે નહીં, વાંઝીયો હોય તો છોકરા વિના ચાલે નહીં ને આ વિના ચાલે નહીં ને. મરી ગયો પણ એના વિના ચાલ્યું, કીધું નહીં? કોઈપણ પદાર્થ ભગવાન કહે છે અને એમ હોય જ. નહીંતર વસ્તુ રહી શકે નહીં. જે વસ્તુ છે એ પોતાના ભાવે રહેલી છે. અને પરવસ્તુના ભાવના અભાવે રહેલી છે. બરાબર છે? આ આંગળી છે એક આ આંગળી છે. એ આંગળી આંગળીથી રહેલી છે. અને આ બીજી આંગળીના અભાવે રહેલી છે. બીજી આંગળી નથી એમાં ત્યારે એ રહેલી છે. બીજી આંગળી એમાં હોય તો તો બેય એક થઈ જાય છે.

એમ આત્મા પોતાપણે ત્રિકાળ છે અને પરપણે તો એ નથી. પર વિના એણે રોળવ્યું છે. બરાબર હશે? પર વિના એણે રોળવ્યું છે. રોળવ્યું છે ને એ તો આપણી કાઠીયાવાડી ભાષા છે, ચલાવ્યું છે. એ તો બોટાદમાં એ પ્રશ્ન થયો હતો હરજીવનભાઈ. હરજીવનભાઈ હતા ને સમઢીયાળાવાળા. નાગરભાઈના ભાઈ. આમ સ્વામીનારાયણ કહેવાય. નાગરભાઈ આપણા જૈનમાં હતા. સમઢીયાળા બોટાદ પાસે. પૈસા વિના હાલે નહીં. મહારાજ! તમે કહો છો પણ અમારે આખો દિ' પૈસા વિના ચાલતું નથી. પર વિના ચાલતું નથી ને તમે કહો છો કે પરની કાંઈ એમાં જરૂર નથી. એ શીવલાલભાઈ! તમારા બોટાદમાં. શું કહેવાય ઓલી મેડી હતી ને મ્યુનિસિપાલીટીની. ત્યાં પ્રશ્ન કર્યો. કીધું કઈ ચીજ વિના ચાલતું નથી?

આત્માએ પોતા વિના ચલાવ્યું નથી. પણ પર વિના તો ચલાવ્યું છે અનાદિથી. અને પર એમાં છે નહીં. પણ કોઈ દિ' ખબરેય ન મળે. કાંઈ એ તો આ સવારથી સાંજ સુધી મજુરી કરવી, રળવાની, ખાવાની, રોળવવાની. મરીને થઈ રહ્યું જાવ. પણ શું છે? હું એક આત્મા છું. ભાઈ! પ્રભુ કહે છે અને એમ છે. તું તારા વિના તારા જાણવા-દેખવાના ઉપયોગના વેપાર વિના કોઈ દિ' નહીં રહી શક. સમજાય છે કાંઈ? પણ પર ચીજ વિના તો રહેલો જ છો. બરાબર હશે. ભાઈ! હેં? આહાહા!

આ શરીર, આ વાણી, આ કર્મ એ બધી ચીજોનો તો આત્મામાં અભાવ છે. બરાબર છે? શરીર આત્માની કોઈ અવસ્થાપણે થયું છે? લાડુલાલજી! આ તો માટી છે ને... આહાહા! ભારે ભ્રમણા પણ. બાયડી છોકરાના આત્મા કે એનું મકાન કહેવાય એ એના થઈને રહ્યા છે? કે તારી દશામાં આવી ગયા છે? એના થઈને રહ્યા છે. તારા થઈને તો રહ્યા નથી તો તારા છે ક્યાં એમાં? બરાબર છે. એય નટુભાઈ! આહાહા!

અહીં તો કહે છે કે તારા હોય એ તારા વિના તું રહી શક નહીં. અને તારા ન હોય એના વિના તું ત્રિકાળ રહી શક. ઉપયોગ વિના કોઈ દિ' રહી ન શક એમ કહે છે. **सव्वकालं** શબ્દ પડ્યો છે ને. **'जीवस्स सव्वकालं आणण्णभूदं'** ભગવાનઆત્મા ત્રણેકાળમાં જાણવા-દેખવાના પરિણામ સિવાય એનું અસ્તિત્વ જુદું હોય શકે નહીં. જાણવા-દેખવાના પરિણામથી અનન્યમય છે અસ્તિત્વમય બેનું એક અસ્તિત્વ છે. આત્માનું હોવાપણું અને જાણવા-દેખવાનું હોવાપણું બેનું અસ્તિત્વ, હોવાપણું એક છે. હેં? આત્માનું હોવાપણું અને શરીર, કર્મ, બાયડી, છોકરાનું હોવાપણું બેનું હોવાપણું એક છે એમ ત્રણકાળમાં નથી. આહાહા! સમજાણું કાંઈ?

ભારે પણ ભ્રમ ગરી ગયો છે ને એને. એમાં માણસ થયો ને કાંઈક પંચેન્દ્રિય થયો ને ઉઘાડ કાંઈક થયો. થઈ રહ્યું. હેં? હું ક્યાં છું, ક્યાં જઈશ, શું થાય છે, શું થશે બધું ભૂલી ગયો. આહાહા! ક્ષણમાં દેહ છૂટી ને ક્યાંય બીજે જાવું છે. અને દેહ છૂટેલો જ પડ્યો છે એનો થઈને રહ્યો નથી. ક્ષેત્રાંતર દૂર થાય ત્યારે એને એમ લાગે કે આ હવે આનાથી હું જુદો પડ્યો. જુદો ત્રણેકાળ છે તે જુદો પડે છે. ઉપયોગ વિનાનો આત્મા કોઈ દિ' રહે એમ બને નહીં. આહાહા! એનો અર્થ એ કે જ્યારે જ્યારે એને સંયોગો જે પ્રકારના દેખાય તેને જાણે-દેખે એના પરિણામ એ એના છે. ભાઈ! એમ કહે છે. ભલે મિથ્યાશ્રદ્ધા પણે એમ માને કે આ મારા છે પણ એને જાણે, દેખાય એ એના પરિણામ છે. મિથ્યાશ્રદ્ધા છે તો એમ માને કે આ મારા છે, મારા છે. માને. પણ એ જાણે-દેખે એ એના પરિણામ છે અને મારા છે એ પણ એના પરિણામ મિથ્યાત્વના છે. સમજાણું કાંઈ?

**'આત્માનો ચૈતન્ય-અનુવિધાયી ચૈતન્યને અનુસરનારો પરિણામ...'** પરિણામ એટલે અવસ્થા, પરિણામ એટલે પર્યાય **તે 'ઉપયોગ છે...'** અત્યારે અહીં પર્યાયનો ઉપયોગ (કહેવો છે) ત્રિકાળ ઉપયોગ છે એ તો ત્રિકાળ છે. આહાહા! આ તો પ્રગટરૂપે ભગવાનઆત્મા એનો જે ચૈતન્યગુણ છે જાણવા-દેખવાનો સ્વભાવ છે તેને અનુસરીને પરિણામ થાય છે. શરીર, વાણી, કર્મ એને અનુસરીને આ જાણવા-દેખવાના પરિણામ થતાં નથી.

મુમુક્ષુ :- ઇન્દ્રિયને અનુસરીને?

ઉત્તર :- ઇન્દ્રિયને અનુસરીને પણ થતાં નથી. મનને અનુસરીને આ તો પરવસ્તુ છે. ભગવાન

તો અંદર જુદો છે. આહાહા! જુદાને જુદાની ખબર ન મળે. અનાદિથી ભ્રમણા અજ્ઞાનીની. ત્યારે કહે ભાન થયેલાં હોય એ તો બધા છોડીને ચાલી જાય કે નહીં? બહાર નીકળી જાય ને? વનમાં ચાલ્યા જાય કે નહીં? વનમાં કયાં જાવું હતું? વનમાં પણ બીજી ચીજ જયાં છે ત્યાં તો પડી જ છે બધી. જયાં છે ત્યાંથી દૃષ્ટિ પરમાંથી ઉઠાવીને મારામાં હું છું. પરમાં હું નથી. બસ એ દૃષ્ટિ ફરી, જ્ઞાની ગમે તે ક્ષેત્ર ને કાળ, ભાવમાં દેખાય. સમજાણું કાંઈ? એ આત્મામાં જ છે. સમજાણું કાંઈ?

અને અજ્ઞાની તો છે તો આત્માના પરિણામમાં જયાં ત્યાં. પણ માને છે કે હું આ દેવમાં છું ને આ છું ને આ છું. એના જાણવા-દેખવાના પરિણામમાં એ છે. ઓલામાં નથી. છતાં માને કે આમાં હું છું. આહાહા! કહો, સમજાણું? કહે છે કે આત્માનો ચૈતન્યને અનુસરનારો, ચૈતન્યથી ઉત્પન્ન થતો પરિણામ, પર્યાય તેને ભગવાન ઉપયોગ કહે છે. કહો, સમજાણું કાંઈ? એમ કહેતાં કે ભાઈ આ જાજા સંયોગો છે માટે એ જાતના જાણવા-દેખવાના પરિણામ થયા એને અનુસરીને એમ નથી. એ રીતે જ થઈ જાય તે માટે તો આ વાત કરે છે. કહે છે ને છોકરાવને બહાર ફેરવીએ. શું કહેવાય એ? પર્યટન. પર્યટનમાં બુદ્ધિ આવે. ધૂળેય આવે નહીં સાંભળને? એ તો અહીં વાત કરે છે. કેમ કે ભગવાનઆત્માનો ચૈતન્યગુણ એને અનુસરીને સ્રાવ થાય છે. પરને અનુસરીને તે કાળે થતાં નથી. કહો, સમજાણું કાંઈ?

કાંઈ દેખાતું નથી. માને છે માળો ભ્રમમાં. બુદ્ધિના બારદાન જેવાં હોય ભલે ફરે સાથે. છ છ હજાર રૂપિયા નાંખીને આવે. એને શું કહેવાય એ? રેલી પર્યટનમાં, પર્યટનમાં ફરે છે ને. હેં? ટૂર. જે કહે એ. રખડવું એ. બુદ્ધિ સાધારણ હોય પછી એવા ને એવા બુદ્ધિ લઈને આવે. એમાં કાંઈ વધતું નથી. એ તો પોતાના પરિણામ પોતાથી થાય છે કાંઈ પરને લઈને થતાં નથી. જેમ લક્ષ્મી મેળવવા માટે દેશથી પરદેશમાં જાય તો ત્યાં લક્ષ્મી મળે એમ માને. એમ અહીંયા જાણે બહુ ફર્યો હોય તો બુદ્ધિ ખીલે. ધૂળમાંય નથી. પૈસા એ પણ તે પૂર્વના પુણ્ય હોય તો આવે. ત્યાં દેશમાં જાય કે પરદેશમાં જાય. એમ તારા જાણવા-દેખવાના ભાવ પણ ગમે ત્યાં જાય તારા જ્ઞાન, દર્શનના ગુણને અનુસરીને થાય છે. આહાહા! આ અક્ષરને અનુસરીને નથી થતાં એમ કહે છે. આહાહા! એય! અક્ષરને અનુસરીને, આ વાણીને અનુસરીને જાણવા-દેખવાના પરિણામ નથી થતાં એમ કહે છે. આહાહા!

શું કહ્યું? જુઓ! એક શબ્દમાં તો મહાસિધ્ધાંત આખો છે. દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણ સિધ્ધ કર્યા છે. નવરંગભાઈ! આહાહા! આત્મા એ દ્રવ્ય છે. દ્રવ્ય એટલે વસ્તુ, પદાર્થ. ચૈતન્ય એનો ગુણ છે. જાણવું-દેખવું એનો શક્તિ સ્વભાવ છે. એને અનુસરીને એમાંથી જાણવા-દેખવાના પરિણામ ઉપાદાનથી સ્વતંત્ર થાય છે. આ નિમિત્ત ઊડી જાય છે આમાં. ઓલો કહે ચશ્મા હોય તો દેખાય છે. આરે લ્યો! કરો ચર્ચા કહે. લીંબડીમાં. ચંદ્રશેખર. ચંદ્રશેખરને? આવ્યા હતા. ચર્ચા કરો. બાપુ! ચર્ચા શેની ભાઈ! માર્ગ ઝીણો છે. જુઓ! ઝીણો ઝીણો કહીને તમારે એમ કહીને, આ ભકતો તમારા સમજે નહીં ને

સમજશે. એને તમે સમજાવો. એ સમજવા આવ્યા છે અને આ તો તમારે તો આડી વાત કરે, અરે! ભાઈ! લ્યો આ ચશ્મા ઉતારી નાખો. ચશ્મા ઉતારે તો દેખાશે? ચશ્માને અનુસરીને ભાવ ઉપયોગના થાય છે એમ એ કહે છે. અહીં ભગવાન ના પાડે છે. લ્યો! બરાબર છે? એ બધાનું કહેતા હતા. જુઓ! આ બધાને દેખો.

આત્મા જાણનાર-દેખનારનો ભંડાર છે. એને અનુસરીને તેની ક્ષણે, ક્ષણે મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય કે કેવલ્ય... દર્શન. આગળ આવશે. દર્શન ઉપયોગ ચક્ષ, અચક્ષુ, અવધિ છે અજ્ઞાન. મતિ, શ્રુત કે વિભંગ. ભાઈ! તને ખબર નથી. તારી નજરું તારામાં છે. તારા ભાવ જાણવા-દેખવાના તારા ગુણને અનુસરીને છે. અક્ષરને અનુસરીને નહીં. સાંભળીને અનુસરીને નહીં. એમ કહે છે. હાય! હાય! કહે ને વળી કહે બેસી જાવ એક કોર. વળી એમ કહે પાછા. અરે ભગવાન! ભાઈ, તને ખબર નથી. જે કાળે વાણીનો યોગ હોય તે કાળે વાણી નીકળે. એ વાણીને કારણે ત્યાં જ્ઞાન થાય છે આ બહાને (બિલકુલ નહીં). જાદવલાલજી! તો પછી કરું કહો છો શું કરવા ન થાતું હોય તો. એમ કહે છે પાછા. અરે ભગવાન શું કરે છે તું આ? આહાહા! તમે આ શું કરવા કરો છો ત્યારે ન થાય તો? બસ, નિમિત્તથી તો થાય નહીં. તો પછી નિમિત્ત છોડી દયો એને સમજાવવાનું. પણ કોણ છોડે, કોણ મૂકે, સાંભળને? એ તો વાણીને કારણે વાણી આવે છે. આહાહા! આકરું કામ! માન્યું છે અજ્ઞાનીએ.

મુમુક્ષુ :- એમ કરીને વાત ઉડાવે છે.

ઉત્તર :- એમ કરીને ઉડાવે છે.

અહીં શું કહે છે. એક લીટી. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ સમવસરણમાં પરમાત્મા બિરાજે છે, મહાવિદેહક્ષેત્રમાં. શ્રી સીમંધર પરમાત્મા વર્તમાનમાં બિરાજે છે. વિરહમાન ભગવાન આવે છે ને અને સામાયિકમાં આજ્ઞા લ્યે છે ને ભાઈ! સામાયિકમાં નથી લેતાં આજ્ઞા સીમંધરભગવાન બિરાજે છે. પણ ક્યાં છે અને કોણ છે એ કોને ખબર? માં જય ભગવાન. આહા! એ સીમંધરભગવાન એમ ફરમાવે છે. જ્યાં કુંદકુંદઆચાર્ય ત્યાં ગયા હતા. આઠ દિ' રહ્યા હતા. સંવત ઓગણપચાસ. બે હજાર વર્ષ થયા, કુંદકુંદઆચાર્ય. ભગવાન બિરાજે છે ને કેમ કે આયુષ્ય મોટું છે ને. કરોડપૂર્વનું આયુષ્ય છે. આ તો બે હજાર વર્ષ પહેલાં ગયા હતા. આઠ દિ' ત્યાં ભગવાન પાસે રહ્યા હતા. ત્યાંથી આવીને આ પંચાસ્તિકાય, સમયસાર આદિ બનાવ્યા છે. લ્યો! સમજાણું કાંઈ?

એમાં એમ કુંદકુંદઆચાર્ય કહે છે કે ભગવાન એમ ફરમાવતા હતા કે ભગવાનઆત્મા એનો જે જ્ઞાન અને દર્શન જે ગુણ છે, શકિત છે, આ સત્ જે વસ્તુ છે એનું એ સત્વ છે, ભાવ છે. એને અનુસરીને તેના ક્ષણે, ક્ષણે પરિણામ થાય છે. જાણવા-દેખવાના પરિણામ જગતને ભ્રમ નાખી દ્યે છે કે આ મન ને ઇન્દ્રિયો હોય, સાંભળીએ તો એ પરિણામ થાય. તો સાંભળવા શું કરવા જાવ છો? વળી માળા પાછા

એમ કહે છે. નવનીતભાઈ! અરે ભગવાન!

કહે છે. ચૈતન્યને અનુસરનારો પરિણામ. પરિણામ એટલે પર્યાય. પરિણામ એટલે આ છોકરાનું પરિણામ આવે એમ નહીં. આ કલાસનું પરિણામ શું આવ્યું? ફલાણાનું શું આવ્યું, નથી કહેતાં? ભણીને પરીક્ષામાં પરિણામ. એ અહીં નહીં. પરિણામ એટલે પર્યાય. પર્યાય એટલે અવસ્થા. આત્માની જ્ઞાન, દર્શનને અનુસરીને થતી અવસ્થા તેને પરમેશ્વર ઉપયોગ કહે છે. એ ઉપયોગ વિનાનો જીવ કોઈ દિ' હોય શકે નહીં. કેમ કે એ સર્વ કાળ અને અનન્યભૂત બે શબ્દો પડયા છે ને.

જાણનાર-દેખનારનું સ્વરૂપ તારું પ્રભુ અનાદિ-અનંત છે. આ બધું કાંઈ તારામાં નથી. બાયડી, છોકરાં, કુટુંબ, શરીર, વાણી, મન. એ તો એના થઈને, જડના થઈને જડપણે પરિણમી રહ્યા છે. પરના થઈને પરપણે પરિણમી રહ્યા છે. બદલી રહ્યા છે. તારે તો નજર તારા આત્મામાં નાખવાની છે. આહાહા! કહે છે કે, **'ચૈતન્યને અનુસરનારો પરિણામ...'** જુઓ! ત્રણેય આવી ગયા. ચેતન આત્મા તે દ્રવ્ય છે. એને જાણવા-દેખવાની શકિતનું સત્વ, સત્‌નું સત્વ જે છે, સત્વ-કસ-ભાવ એ ગુણ છે. એને અનુસરીને થતી અવસ્થા, પરિણામ તે ઉપયોગ છે. સમજાણું કાંઈ?

તારા દ્રવ્ય, ગુણ ને પર્યાય તારામાં છે. તારી પર્યાય તારા ગુણને અનુસરીને થાય એમ કહે છે. આહાહા! પોતાનું હોવાપણું કયાં છે એની ખબર ન મળે. એટલે એને આંહી જાણે આ ઇન્દ્રિયો ને શરીર ને આ હોય ને, આનું હોવાપણું છે તો તારા હોવાપણામાં એને લઈને પર્યાય, પરિણામ થાય, એ કહે છે એવું અસ્તિત્વ છે જ નહીં. જીવાસ્તિકાયનું અસ્તિત્વ એ રીતે ન જ હોય ને નથી. ભ્રમ તને થઈ ગયો. ભાઈ! આહાહા! **'તે પણ બે પ્રકારનો છે...'** લ્યો! ચૈતન્યને અનુસરીને થતાં પરિણામ, પર્યાય એ તારાથી કોઈ દિ' જુદાં નહીં. અને તારું સ્વરૂપ સર્વ કાળે પરિણામ સહિત છે. ઉપયોગરૂપી પરિણામ સહિત છે. ભલે સિધ્ધમાં હોય તો કેવળજ્ઞાન, કેવળદર્શનના પરિણામ. એ પણ એ પરિણામ છે. કેવળજ્ઞાન ને કેવળદર્શન પણ પરિણામ છે, પર્યાય છે, ગુણ નહીં. આહાહા! સમજાણું કાંઈ?

ગુણ તો ભગવાનઆત્મામાં ભંડારરૂપે ભરેલો પરિપૂર્ણ છે. આ તો અનંતમાં ભાગની અવસ્થા. આહાહા! કહે છે એ જાણવાના-દેખવાના કેવળજ્ઞાન, કેવળદર્શનના પર્યાય છે પરિણામ એ પણ ગુણને અનુસરીને થયા છે. સમજાય છે? એ વજ્રનારાચ સંઘયણ મજબુત હોય, મનુષ્ય દેહ હોય. અરે! અહીં તો એમ કહે છે કે મોક્ષમાર્ગના પરિણામ હતા માટે કેવળજ્ઞાનના પરિણામ થયા એમ પણ નથી. સમજાણું કાંઈ? આત્મામાં, આત્મા હું શુધ્ધ જ્ઞાન, આનંદસ્વરૂપ છું એવી પ્રતીત, એનું જ્ઞાન અને એની રમણતા એનાથી પણ કેવળજ્ઞાનના પરિણામ નથી. મગનભાઈ! એ વ્યવહારની વાતું. પૂર્વે પર્યાય કોણ હતી એનું જ્ઞાન કરાવ્યું છે. સાધકપણું આમ કર્યું. એ સાધકપણું જોરથી પર્યાયમાં લાવી દે છે એમ છે નહીં. આહાહા! આરે આરે! ભારે માર્ગ ભાઈ! મગનભાઈ! આહાહા!

શુકલધ્યાન છે માટે કેવળજ્ઞાન થયું એમ ના પાડે છે. જુઓ! અહીંયા. એ તો ગુણને અનુસરીને ત્રિકાળ જ્ઞાન, દર્શનનો ઉપયોગ જે ભાવ એને અનુસરીને કેવળજ્ઞાન થયું છે. આહાહા! સમજાય એવું છે હોં! આ કાંઇ નથી સમજાય એવું નથી. ઝીણી વાત એવી નથી. સવારની કાંઇક ઝીણી હતી. આ તો બહુ સાદી ને સહેલી છે. પણ હવે એને એના ઘરમાં શું છે એની ખબરું ન મળે અને પારકા ઘરની ચીજ પોતાની માનીને બેસે તો ઓલી રહે નહીં અને આનું દુઃખ ટળે નહીં. આહાહા! કેટલી વાત કરે છે.

**'તે પણ બે પ્રકારનો...'** એ ઉપયોગ જે જાણવા-દેખવાનો છે એના જે પરિણામ છે એ પરિણામના બે પ્રકાર છે. **'જ્ઞાનોપયોગ, દર્શનોપયોગ...'** એક જ્ઞાનના પરિણામ, એક દર્શનના પરિણામ, જાણવાના ભાવ એટલે પર્યાય. એક દેખવાની પર્યાય. **'ત્યાં, વિશેષને ગ્રહનારું જ્ઞાન છે...'** લ્યો! **'(અર્થાત્ વિશેષ જેમાં પ્રતિભાસે)...'** ભાષા એવી કરી છે ને અર્થમાં જુઓ! નીચે કૌંસમાં. એટલે કે જગતની બધી ચીજોમાંથી ભેદ ભેદરૂપે, ભિન્ન ભિન્નરૂપે જેમાં ભાસે એવા પરિણામને જ્ઞાનપરિણામ કહે છે. ભાસે એમ કહે છે. એમાં આવી જાય બીજી ચીજ ને બીજી ચીજને લઇને આ પરિણામ થાય એમ છે નહીં. આહાહા! સમજાણું કાંઇ?

કહે છે કે **'સામાન્ય અને વિશેષને ગ્રહનારું જ્ઞાન...'** ગ્રહનારું એટલે કે જેમાં વિશેષ પ્રતિભાસે છે. એટલે કે તે પરિણામમાં ભિન્ન ભિન્ન ચીજનો ભાસ થાય તે પરિણામને જ્ઞાનપરિણામ ઉપયોગ કહે છે. આરે! આરે! ભારે વાત ભાઇ. સમજાણું કાંઇ? ભગવાનઆત્મામાં જે પરિણામ જાણવાના એનું શું સ્વરૂપ કહે છે. જાણવાના પરિણામનું સ્વરૂપ શું? કે જેમાં વિશેષ પ્રતિભાસ થાય. કે આ ભગવાન છે, આ જ્ઞાન છે, આ આત્મા છે. એમ ભિન્ન ભિન્ન ચીજ જે રીતે અનેકપણે ભિન્ન ભિન્નપણે વિશેષપણે જેમ છે તેમ તેનો ભાસ જે પરિણામમાં થાય તે પરિણામને જ્ઞાનઉપયોગના પરિણામ કહેવામાં આવે છે. આહાહા! ભારે વાત! હવે ઉપયોગની વ્યાખ્યામાં આ શું વાત! ....... અરવિંદજી! હેં? છે તો સત્ય સત્ય પણ શું કરે? ઓલા કહે નહીં, એટલે ત્યાં આવશે પાછું હો, ....... જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ અને અવલંબન બેય લેશે. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવે છે પહેલું આ વાત સિધ્ધ કરીને. હવે ઓલા કહે જેટલા પ્રમાણમાં જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય તેટલા પરિણામમાં તેને પરિણામ થાય. એ શેઠ! પણ એને કયાં દરકાર હતી જે માથે કહે એ સાચું. હેં? અહીં તો કહે છે. રાજમલ્લજી! સમજયા વિના જય જય મહારાજ! તે ત્રે કર્યે નહીં સમજાય. પણ શું તે ત્રે.

અહીં તો ભગવાન પરમેશ્વર કહે છે કે તને તારા પર્યાયનું જ્ઞાન છે તને યથાર્થ? તો યથાર્થ જ્ઞાન હોય તો ચીજ એમ ખ્યાલમાં તને આવે કે મારા પરિણામ જાણવાના ભલે વિશેષને જાણે. વિશેષને જાણે છતાં વિશેષને લઇને નહીં. સમજાણું કાંઇ? કહો, સમજાણું શેઠ! આ તમાકુ ને બમાકુને આવે છે ને મોટા ઢગલા. તમાકુની જાતના ને. સીંદરીના પાંદડા મોટા. એ કહે છે આમ ઢગલો પડયો હોય મોટો

જુદી જુદી જાતના પાંદડા ને આકાર ને આ ને આ. અહીં જે ઘડાય એની વિશેષતાઓ, અનેકતાઓ, ભિન્ન ભિન્ન દશાઓ કે ગુણ કે દ્રવ્ય. એ એનું ભિન્ન દ્રવ્ય, ભિન્ન ગુણ અને ભિન્ન અવસ્થા એ બધું અહીં જણાય છે એ વિશેષને લઈને નહીં. તારા પરિણામને લઈને એમાં એ જણાય છે. આહાહા! નિમિત્તનો તો ભૂક્કો ઉડાડે છે. હેં? ભારે ચર્ચા છે. આહા!

ભાઈ! તારી શકિત તો તારા જાણવા-દેખવાના પરિણામવાળી છે. એ શકિતમાંથી એ પરિણામ આવે છે. ભાઈ તને ખબર નથી. ખબર વિનાનું પરને લઈને મને જાણવા-દેખવાના ભાવ થયા, પરને લઈને થયા તો પરમાંથી આવ્યા? પરમાં એ શકિત હતી કે ત્યાંથી એ અહીં આવ્યા? ત્યારે કોઈ એમ કહે કે જેવું વિશેષપણું સામે છે એવું ત્યાં જ્ઞાન કેમ થાય? માટે કાંઈક વિશેષની વિશેષતા જ્ઞાનના પરિણામમાં મદદ છે કાંઈક. શરીર, વાણી, મન જેવાં છે એવા અંદર જણાય જુઓ! આ જણાતા નથી. ખરેખર તો જ્ઞાનના પરિણામ પોતાના છે એમાં એનો એ સ્વભાવ છે કે સ્વને અને પરને જાણવું એવો એનો સ્વભાવ. એ ભાવ પોતાથી પોતામાં થાય તેને જણાય છે.

આ વસ્તુ પણ અહીં તો આ વસ્તુનું જ્ઞાન થાય છે એમ ત્યાં કહેવામાં ઓલા પરિણામને ઓળખાવવા છે ને. એટલે જાણવાના પરિણામ એમાં સમ્યગ્જ્ઞાનમાં જુઓ! તો એ પરિણામમાં દ્રવ્ય-ગુણ પોતાના પોતાની પર્યાય પણ અને પર વસ્તુ વિશેષપણે ભિન્ન ભિન્ન છે. એમ આ આત્મા વસ્તુ છે એમાં જ્ઞાનદર્શન ગુણ ને એમાં પરિણામ એ બધું ભિન્ન ભિન્ન છે. એ બધું જે ભાવમાં પર્યાયમાં જણાય તે પર્યાયને વિશેષરૂપે જ્ઞાન પરિણામ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે ધર્મ ભાઈ આવો.

એ કરતાં એકેન્દિયા, બેઈન્દિયા કરીને તસ્સ મિચ્છામિદુક્કડમ કરી નાખીએ થઈ રહ્યું જાવ. લ્યો! આ માથાકૂટ મટી જાય. એ વાડીભાઈ! બેય વાડીભાઈ બેઠા છે ને જોડે. કોઈ દિ' પણ દરકાર જ કયાં કરી છે. એમાં તસ્સઉત્તરીકરણેણં ઈચ્છામિ પરિકકમણા ઈરિયા વવરોવિયા તસ્સમિચ્છામિદુક્કડમ. પણ કેવો જીવ, કોણે માર્યો ને શું કર્યું કાંઈ એનો ખ્યાલ છે? એય નટુભાઈ! એ આમ કહે છે કે જીવ એવો ભગવાન એના જ્ઞાન ને દર્શનગુણ એના પરિણામ મારાથી ન થતાં પરથી થાય એમ માન્યું આ એણે જીવિયાઓ વવરોવિયા કર્યું છે. એણે પોતાના જીવના પરિણામની હિંસા કરી છે. આહાહા! ભારે વાત ભાઈ! એ મગનભાઈ! હેં? એ રીતે એને ખ્યાલમાં આવવું જોઈએ. બાપુ! આ તો સત્ય એવું છે. સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની તીર્થંકરોથી નક્કી થયેલું સત્ય છે. સમજાય છે?

કેવળીપણંતોધમ્મોશરણમ્ આવે છે ને. માંગલિકમાં નથી આવતું? અર્થ કોને આવડે? શાંતિભાઈને તો બધું આવડતું હતું હો તમારે. મગજવાળા હતા. હવે પણ એ સ્થિતિ કેવી થઈ ગઈ! બહુ મગજ, રુચિ સારી, જાણવું સારું. દેહની સ્થિતિ હોય તે રહે ને ત્યાં? એમાં કયાં નવું શું છે? અકસ્માત પણ નથી ને કાંઈ નથી. આ વસ્તુ અકસ્માત શું હોય? જેના જે પરિણામ ક્રમસર થવાના તે થાય તેમાં

અકસ્માત ક્યાં આવ્યો? આહાહા! ભગવાને તો જોયું છે કે આ ટાણે આ પરિણામ થશે. એ પ્રમાણે થાય એમાં અકસ્માત બકસ્માત કાંઈ છે નહીં. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે કે, જેમાં **'વિશેષને ગ્રહનારું જ્ઞાન...'** તે ગ્રહનારું છે ને. વિશેષને જાણનારું જ્ઞાન એમ. વિશેષને ગ્રહનાર એટલે જાણનારું જ્ઞાન એટલો એનો અર્થ કરવો પડયો. વિશેષ જેમાં પ્રતિભાસે છે. ભગવાનઆત્માની પર્યાયમાં વિશેષપણું એટલે અનેકપણાની જુદી જુદી દ્રવ્યગુણપર્યાયની જાત એનું અહીં જ્ઞાન થાય તેથી તેને વિશેષનું જ્ઞાન થયું માટે તેને વિશેષરૂપી જ્ઞાનના પરિણામ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'સામાન્યને ગ્રહનારું દર્શન છે...'** સામાન્ય એટલે બધી ચીજોને ભેદ પાડયા વિના છે બધું બસ એટલું. છે એમ પણ નહીં. છે બધું. એવું જે પરિણામમાં, છે નીચે કર્યું છે. જુઓ! સામાન્ય જેમાં પ્રતિભાસે છે. ભેદ વિના જે પરિણામમાં પ્રતિભાસ થાય તે પરિણામને દર્શન પરિણામ, દર્શન પર્યાય કહેવામાં આવે છે. આ તારું અસ્તિત્વ ક્યાં છે એ બતાવે છે. તારું હોવાપણું નથી શરીરમાં, નથી વાણીમાં, નથી રાગ-દ્વેષમાં. આહાહા! તારા હોવાપણામાં ત્રણમાં તારું હોવાપણું છે. દ્રવ્યમાં એટલે વસ્તુમાં, એના ગુણમાં એટલે શક્તિમાં અને એની આ વર્તમાન અવસ્થામાં તારું હોવાપણું. જીવાસ્તિકાય એમાં જીવાસ્તિકાય છે. સમજાણું કાંઈ?

પોતાનું હોવાપણું છોડીને કાંઈ બીજાના હોવાપણામાં કોઈ દિ' જતો નથી. જાય? આહાહા! આ બધા ધંધા કરતાં હશે મોટા મોટા. નાળિયેરનો ધંધો છે ને વાડીભાઈ! શાંતિભાઈ કહેતા હતા. અમારે શેઠ એવા છે કે શેઠ બહુ નરમ. અમારે શેઠ જેવું કાંઈ નથી. એક વાર કહેતા હતા. આહાહા! કોણ કરે ધંધા ભગવાન! એ ધંધાની થતી ક્રિયા છે. તે જેના પરિણામમાં જણાય તે પરિણામને જ્ઞાન કહે છે. એ પર્યાયની વિશેષ અવસ્થાને જીવ કરતો નથી. તેની વિશેષ અવસ્થા છે માટે જ્ઞાન પરિણામ થાય છે એમ નથી. આહાહા! સમજાણું કાંઈ?

એ વિશેષ અવસ્થાઓ થાય, રળવાનું વધવા માંડે, પાંચ હજાર, દસ હજાર, વીસ હજાર. અબજ રૂપિયા હશે લ્યો ને ત્યારે. આંકડો ગણવો છે ને. ક્યાં હારે ખાવો છે ને પીવો છે? કહે છે કે એ ચીજની જે વિશેષતાઓ જે દ્રવ્યગુણની પર્યાયની છે. વિશેષતાઓ. આ ઉપયોગનો વિશેષ શબ્દ વાપર્યો છે ને પહેલામાં. સત્યાવીસમી ગાથામાં. **उपयोगविशेषिदो** એમ શબ્દ વાપર્યો છે. ઓલો મૂળ શરૂ કર્યો છે ને. **'जीवो हवदि' 'जीवो ति हवदि चेदा, जीवो ति हवदि चेदा उपयोगविशेषिदो'** એમ શબ્દ પડયો છે એમાં. હા વિશેષ લક્ષિત કર્યું છે પછી અંદર. **'उपयोगविशेषित:'** ઉપયોગ લક્ષિત છે એમ. **'विशेषिदो'** શબ્દ પડયો છે ને. સમજાણું કાંઈ? પરિણામ છે ને એ. આહાહા!

કહે છે કે જે ઉપયોગમાં જેના પરિણામમાં બીજી બધી ચીજો ભેદ પડયા વિના જણાય જાય તે

પરિણામને દર્શન કહે છે. એ પરિણામ એના છે. એ ચીજ દેખાય એ એની નથી. અને એ ચીજ સામાન્ય છે માટે દર્શન પરિણામ થાય છે એમ નથી. અને સામાન્યપણું જેવું છે એવું જ જણાય માટે સામાન્યને અવલંબે સામાન્ય પરિણામ થાય છે એમ પણ નથી. આરે! ભારે વાત ભાઈ!

**'વળી ઉપયોગ સર્વદા જીવથી અપૃથગ્ભૂત જ છે...'** ઓલી વ્યાખ્યા કરી 'જીવસ્ય સર્વકાલમ' ત્રીજા પદની વ્યાખ્યા ચાલે છે. પહેલાં બે પદની વ્યાખ્યા થઈ. **'उवओगो खलु दुविहो जाणेण य दंसणेण संजुत्तो'** હવે અહીંયા કહે છે કે, એ ઉપયોગ એટલે આત્મામાં જાણવા-દેખવાના બાર પ્રકારના પરિણામ એ ઉપયોગ બાર પ્રકારના એના એ હોય એમ નહીં ભલે. પણ એ ઉપયોગ તો સર્વદા જીવથી જુદો નથી. જોયું! અપૃથગ્ભૂત, અભિન્ન છે. ઉપયોગ સદા જીવથી અભિન્ન જ છે. એકમેક છે. એ જાણવા-દેખવાના પરિણામ થયા. જે ચીજ શરીર, વાણી આદિનું હોવાપણું એમાં આનું હોવાપણું નહીં. પણ એ હોવાપણાનું નિમિત્ત અને જ્ઞાન થયું પોતાને અનુસરીને. એવા અને દર્શન થયું પોતાને અનુસરીને. તે પરિણામમાં પોતાનું હોવાપણું છે. સમજાણું?

તે હોવાપણાના પરિણામ પોતાના જીવથી જુદા નથી. જે ચીજ જણાય છે તે ચીજ જીવની દશાથી જુદી છે. બરાબર છે? જે ચીજ જાણવા-દેખવામાં જણાય છે તે ચીજ જાણવા-દેખવાથી જુદી છે. પણ અહીંયા ભગવાન કહે છે કે જે જાણવા-દેખવાના તારા ભાવ છે એ તારાથી જુદા નથી. આહાહા! સમજાણું કાંઈ?

વહાલામાં વહાલા દીકરા તો એના થાતા હશે કે નહીં? ન થાય? ધૂળેય થતા નથી સાંભળને. હવે આ શરીરને પાળી પોષીને આમ આમ આમ કરી કરીને કેટલો કાળ ગયો. પૂરું થશે ત્યારે હાય! હાય! અરે અમારી સેવાઓ મફતમાં ગઈ. બાયુમાં રોવે પછી. બહુ સેવાઓ કરી હોય ને. ધણી હોય કે એના દીકરા હોય. મરી ગયો વીસ વર્ષનો દીકરો એનો. બે વર્ષનું લગ્ન હોય બહુ તો. દવા થાય પાંચ, દસ હજાર, પચીસ હજાર ખર્ચ્યા હોય પછી, અરેરે! અમારી સેવા મફત ગઈ. અમારા ઉજાગરા અલેખે લાગ્યા. એમ બાઈઓ વાતું કરે. રોવે. અલેખે લાગ્યા એટલે સમજાણું? અમારો ઉજાગરો લેખે લાગ્યો નહીં. અરે કે દિ' લેખે લાગતો હતો ત્યાં તારો ઉજાગરો. તારો ઉજાગરો અહીં રહ્યો. બીજી ચીજ ત્યાં રહી. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે જે જણાય છે ચીજ એ તારા હોવાપણામાં નથી. પણ તારા હોવાપણામાં જે જાણવા-દેખવાના પરિણામ થયા એ તારાથી થયા છે અને તારાથી જુદા નથી. આવી તો સ્પષ્ટ વાત છે. આહાહા! તકરાર તકરાર કરે. નહીં બે કારણ વિના કાર્ય થાય નહીં. હવે ભલે નિમિત્ત હોય કોણે ના પાડી? પણ અહીં ત્યારે તો પોતાના ઉપયોગથી પરિણામ થયા. ત્યારે ભલેને નિમિત્તની હાજરી મનાતી હોય કોણે ના પાડી છે? તેથી એને લઈને થયું છે? મોટા ઉપાદાન નિમિત્તના ઝઘડા ઝઘડા ઝઘડા.

વ્યવહાર, નિશ્ચય અને ક્રમબધ્ધ પાંચના ઝઘડા. ઓલા એક સમજે તો પાંચેય તૂટી જાય એવું છે. આહાહા!

કહે છે **વળી ઉપયોગ** ભગવાનઆત્મા જાણનાર-દેખનારના સ્વભાવવાળું તત્ત્વ '**उवओगो लकखणो निच्चं**' ભગવાને આત્માને ઉપયોગ લક્ષણ તો નિત્ય કહ્યો છે. ત્રિકાળની વાત કરી છે ઈ. આ એના પરિણામની વાત છે. આ પરિણામ ત્રિકાળ રહેશે. કોઈ જાતના પછી કેવળજ્ઞાનના હોય કે અજ્ઞાનના હોય. મતિ-શ્રુત નિગોદમાં બટાટા, શક્કરકંદમાં અનંત જીવ છે ને. તોપણ એ જીવને પણ ઉપયોગના પરિણામ પોતાને અનુસરીને થાય છે. કે એને તો એક જ ઈન્દ્રિય છે. માટે હજી એટલું ઓછું જ્ઞાન છે. પાંચ ઈન્દ્રિય થઈ એટલે એને અનુસરીને જાજું જ્ઞાન થાય, પાંચ ઈન્દ્રિય મળી માટે. ના. એમ નહીં. અહીં ના પાડે છે. સમજાણું કાંઈ? અને મન મળ્યું એને મનને અનુસરીને કાંઈ વધારે ક્ષયોપશમ થાય પરિણામમાં. ના પાડે છે, એમ નથી. એય! આહાહા!

જયારે થાય છે, થાય છે ત્યારે સારા અંદર દર્શનજ્ઞાનની શકિત જે સત્વ છે એને અનુસરીને જ તારા પરિણામ થાય છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! કેવળજ્ઞાન ને કેવળદર્શન એ પણ સામાન્ય ને વિશેષ ઉપયોગ છે. તે પણ એક સમયમાં બે છે. અને તે પણ આત્માના ગુણને અનુસરીને થાય છે.આહાહા! ગજબ વાત છે. સમજાણું કાંઈ? આ વજ્રનારાચ સંઘયણ મજબૂત હોય તો કેવળજ્ઞાન થાય ત્યારે કેવળજ્ઞાન હોય ને 'વજ્રનારાચ સંઘયણ' ન હોય? તો એનું હોવાપણું એનામાં છે. એને લઈને અહીં કેવળજ્ઞાનના પરિણામ થાય છે? અંતર ભગવાનઆત્મા! ધ્રુવ. ચૈતન્ય આનંદકંદ પ્રભુ છે. એનો ઉપયોગ અંદરમાં વળતાં એને અનુસરીને તેના કેવળજ્ઞાનના પરિણામ થઈને મુકત દશા થઈ જાય છે જીવની. આહાહા! સમજાણું કાંઈ?

મોક્ષદશા નિમિત્તને અનુસરીને થતી નથી. રાગ ને વ્યવહાર વિકલ્પ જે છે એને અનુસરીને થતી નથી. પણ પૂર્વનો જે ઉપયોગ છે ચાર જ્ઞાનનો વ્યાપાર એને અનુસરીને કેવળજ્ઞાનનો ઉપયોગ થતો નથી. આહાહા! અરે! આવું સત્ય એમ જ છે. એમ જે અંદર જાણે જ નહીં એનું જ્ઞાન મિથ્યાપણે કામ કરે એ દુઃખરૂપ દશામાં રખડે છે. પછી ભલે ત્યાગી થયો હોય ને સાધુ થયો હોય પણ જેના જ્ઞાનમાં ઉલટાપણું છે ને ઊંધાઈ છે એને સવળાઈનું ભાન નથી. એ બધા રખડવાના - રખડવાના એ બધા રસ્તા છે. સમજાણું કાંઈ?

ભગવાનનું એક વાકય પણ મહા સત્યને- સત્યને સિદ્ધાંત તરીકે સિદ્ધ કરે છે. પરમેશ્વર કેવળજ્ઞાન પરમાત્મા. આહાહા! કેટલું કહ્યું છે! **'ઉપયોગ સર્વદા...'** કે જયારે તને એમ થાય કે કેવળજ્ઞાન થયું તો, એ કેવળજ્ઞાન પણ તારાથી તને થાય છે, એક વાત. પરને અનુસરીને નહીં. બીજું કે તારાથી તે કેવળજ્ઞાન અભિન્ન છે. તારાથી જુદું નથી. આહાહા! સમજાણું કાંઈ?

સંઘયણ ને હાડકાના શરીર તો તદ્દન જુદા, તદ્દન જુદા. એના કામ એ કરે તારા કામ તું કર. આહાહા! એ કાંઈક શરીર સારું હોય તો ફેર પડે ને ઉપયોગને એમ નથી કહેતા ભાઈ! હં.. ન પડે? ન પડે. લ્યો!

મુમુક્ષુ :- એ તો જડ છે.

ઉત્તર :- જડ છે.

મુમુક્ષુ :- આ તો સ્વ છે.

ઉત્તર :- હં.... ચૈતન્ય છે. સમજાણું કાંઈ? શરીર તો જડ છે. એય જાદવજીભાઈ! જડને અનુસરીને ચૈતન્યના ભાવ થાય? આહાહા! એક સિધ્ધાંત સમજે ને તો કેટલા નિકાલ થઈ જાય અંદરના. કહે છે કે એ ઉપયોગ જે કીધો. ઉપયોગના ભેદ પછી લેશે, બાર. પણ એ ઉપયોગ જે છે તે જીવથી અભિન્ન છે. એકમેક છે. જેમ શરીર, વાણી, મનથી જુદો છે આત્મા. એમ એના ઉપયોગથી આત્મા જુદો નથી. આહાહા!

કહે છે કે જાણવા દેખવાના ઉપયોગની ધારા દ્વારા, જો અંદર જા એ ઉપયોગ કયાંથી ઊઠે છે. જાણવા-દેખવાના જે ભાવ, જાણવા-દેખવાનું હોવાપણું એ કોના હોવાપણામાંથી આવે છે? સમજાય છે કાંઈ? એ દોરી કયાંથી ચાલે છે? આહા! 'અનુભવપ્રકાશ'માં આવે છે ને. સમજાણું કાંઈ? મન ને ઈન્દ્રિયને લઈને નહીં. આહાહા! શાસ્ત્રમાં એવું આવે. લ્યો! મતિજ્ઞાનનું નોકર્મ બદામ ને પીસ્તા ને દૂધને કેસરીયા દૂધ ત્યાંથી મતિજ્ઞાન...... માં આવે છે લ્યો! એય! પાટણીજી! ભાઈ આપણે સામાની વાતને લક્ષમાં તો લેવી જોઈએ કે નહીં? એવું આવે છે. એ બદામ, પીસ્તા ખાઈને મતિ ખુલે જાણે. મરી જાય ને કાંઈ કરીને સાંભળને હવે? આ શું ઓલી બ્રાહ્મી નથી આવતી? તેલ - તેલ. ઠંડુ ઠંડુ હોય એટલે મગજ સારું રહે. ધૂળેય ન રહે એમ કહે છે અહીં તો. એય મધુભાઈ! આ વકીલો બધા કોર્ટમાં જાતા હશે ત્યારે બધું સરખાઈ લઈને જાતા હશે કે નહીં?

મુમુક્ષુ :- ઊંઘ ઊડે ને?

ઉત્તર :- ..... ......આહાહા! દૂધ કેસરીયા હોય નાખે ને અંદર બરાબર મગજ ખીલે. મરી ગયો. મૂઢ છો માળા સાંભળને? હા એ તો જડ ચીજ છે. જડને લઈને જ્ઞાનની ખીલવટ થાય? કે જ્ઞાનની ખીલવટ તો તારા અંતરમાં નજર કર એના ગુણને અનુસરીને ખીલવટ થાય. આહાહા! સમજાણું કાંઈ?

એ ઉપયોગ તો સર્વદા જીવથી જુદો નથી. નીચે છે ને. ઉપયોગ સદા જીવથી અભિન્ન છે, કારણ કે તેઓ એક અસ્તિત્વથી નિષ્પન્ન છે. એ બીજો બોલ આવશે. **जीवस्स सव्वकालं अणण्णभूदं वियाणीहि**' એનો અર્થ કર્યો પછી ત્યાં. અનન્યપણે એટલે કે અસ્તિત્વ કાઢયું એમાંથી. કારણ કે એક અસ્તિત્વથી રચાયેલ છે. શું કહ્યું એ? કે ભગવાનઆત્મા એમાં જે જાણવા-દેખવાનો ગુણ જે છે,

શક્તિ જે છે એને અનુસરીને જે જાણવા-દેખવાના પરિણામ થાય એ પરિણામ ને આત્માનું અસ્તિત્વનું અસ્તિત્વ એક છે, સત્તા એક છે. જીવાસ્તિકાય સિધ્ધ કર્યું તેની સત્તા એક છે. જે ચીજ એમાં જણાય તેની સત્તા ભિન્ન છે.

સમજાણું કાંઈ? આ બાયડી, છોકરા, કુટુંબ, ધંધો, જ્ઞાન-દર્શનમાં જણાય. એ ચીજ ભિન્ન છે તારે લઈને નહીં અને તારામાં એ નહીં. આરેરે! ભારે વાત! આવી વાત છે. શું કીધું આ? ઉપયોગ સર્વદા જીવથી અભિન્ન છે એટલે બીજી ચીજે ભિન્ન છે. તેનું અહીં જ્ઞાન થાય તે પોતાથી થયું છે, પોતાને અનુસરીને તે અપૃથક્ક છે. જુદું નથી- અને તે બે નું અસ્તિત્વ એક છે. બીજી ચીજ છે તેનું અસ્તિત્વ અને તારા આ પરિણામનું અસ્તિત્વ તદ્દન જુદું છે. પણ તારા જાણવા-દેખવાના પરિણામનું હોવાપણું તે તારા હોવાપણાથી તે જુદું નથી. આહાહા!

જુઓને દીવા જેવી વાત છે પણ હવે માણસને તો એવી પડી જ કયાં છે અંદર? તકરાર! તકરાર! નહીં. ઉપાદાનથી એકલું થાય એ નિશ્ચયાભાસ છે. ઠીક! નિમિત્તનો પણ થોડો સહારો (એટલે કે) ટેકો થોડો થોડો ટેકો હોય ટેકો.

શ્રોતા :- પોતાનો ટેકો કે દિ' આવે તો પછી?

એ ચીજને પાછો ટેકો આપનાર કોણ? તને એ ટેકો આપે પછી એને કોણ ટેકો આપે? અને વળી એને બીજાને કોણ આપે? રહેવા દે ને! એમ કરવા કરતાં કોઈ કોઈને કોઈનો ટેકો નથી.

**सव्वकालं अणण्णभूदं** છે ને? **सव्वकालं** એમ શબ્દ લીધો. **अणण्णभूदं** ના અર્થ બે કાઢયા. જુદો નથી કેમકે જુદાનો ન્યાય કાઢયો ન્યાય કાઢયો, કારણ કે એક અસ્તિત્વથી રચાયેલ છે. ઓહો! ટીકા તે ટીકા છે ને! સમજાય છે? સંતોએ જંગલમાં રહીને અમૃત રેડયા છે-અમૃત રેડયા છે. દિગંમ્બર સંતો જંગલમાં રહેતા હતા. જ્ઞાનમાં મસ્ત રહેતાં હતાં. તેમાં વિકલ્પ આવ્યો અને શાસ્ત્ર રચાઈ ગયા. આહાહા!

ભાઈ! તારી ચીજમાં જે પરિણામ છે ને એનાથી તું જુદો નહીં અને તે પરિણામ અને તું વસ્તુ ત્રિકાળ, ગુણ ને દ્રવ્ય. તે બેનું હોવાપણું બે નહીં. બેનું હોવાપણું એક છે. આહાહા! સમજાણું કાંઈ? ચાલીસ ગાથા થઈ, લ્યો! ચાલીસમાં આટલું બધું કહેવાણું એક કલાકમાં. એય! દિલીપ! ઘણું આવ્યું હો! આહાહા! એમ કહીને તારી સ્થિતિનું હોવાપણું તારાથી કેમ છે એ એને જણાવે છે. તારા દ્રવ્ય-ગુણનું હોવાપણું તો તારાથી છે જ, દ્રવ્ય એટલે વસ્તુ. ગુણ એટલે શક્તિ. તે તો ઠીક પણ આ બદલતા પરિણામમાં ઓછા વધતાં પરિણામ દેખાય એમાં કોઈ પરની સહાય કે આશરો ખરો? દ્રવ્યગુણમાં ભલે નહીં પણ થતાં ઉપયોગનાં પરિણામ જે છે કોઈને વિશેષ જણાય કોઈને થોડું જણાય તેમાં કાંઈપણ સંયોગોને નિમિત્તનો સહારો ટેકો ખરો? વિશેષતા દેખાય છે ને! (શ્રોતાઃ- એક અપેક્ષાએ છે) કોઈ અપેક્ષાએ પરથી નથી. એય! આહાહા! ત્યારે કહે કે સમયસાર જેવી ચીજને સાંભળતાં તેના પરિણામ

જુદા દેખાય છે અને જ્યારે પાંડવ પુરાણ સાંભળતો હોય- ત્યારે પરિણામ જુદા, એટલો તો કાંઈ નિમિત્તનો સહારો છે કે નહીં? નિમિત્તની વિશેષતા છે કે નહીં? એય શેઠ! એ ઉત્તર દેશની વાત તો પછી. તમે ના પાડો તો સમયસાર શું કામ હાથમાં લ્યો છો? સમયસારથી કાંઈક વિશેષ પર્યાય તારામાં થાય છે અને પદમ પુરાણ વાંચો તો કાંઈક વિશેષતા થાય છે. તો આમાં કહે છે કે, ના. એ વખતે પણ પરિણામ પોતાના પોતાને અનુસરીને થયા છે. પાંડવ પુરાણ વાંચતો હોય તો પણ તે પરિણામ તેને અનુસરીને થયા છે પરને લઈને થયા નથી. પરિણામ અને આત્માનું હોવાપણું એક છે. અસ્તિત્વ એક છે. તેથી તેના પરિણામ અપૃથકક છે. પરિણામ પરિણામી વસ્તુથી દ્રવ્યગુણથી જુદાં નથી. આમ તેનો નિર્ણય કરે તો એને સત્યનો પત્તો લાગે.

**(શ્રોતા:- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## ગાથા :- ૪૧

**आभिणिसुदोधिमणकेवलाणि णाणाणि पंचभेयाणि ।**
**कुमदिसुदविभंगाणि य तिण्णि वि णाणेहिं संजुत्ते ।।४१।।**

आभिनिबोधिकश्रुतावधिमन: पर्ययकेवलानि ज्ञानानि पञ्चभेदानि।
कुमतिश्रुतविभङ्गानि च त्रीण्यपि ज्ञानै: संयुक्तानि ।।४१।।

ज्ञानोपयोगविशेषाणां नामस्वरूपाभिधानमेतत् ।

तत्राभिनिबोधिकज्ञानं श्रुतज्ञानमवधिज्ञानं मन:पर्ययज्ञानं केवलज्ञानं कुमतिज्ञानं कुश्रुतज्ञानं विभङ्गज्ञानमिति नामाभिधानम् । आत्मा ह्यनन्तसर्वात्मप्रदेशव्यापिविशुद्धज्ञानसामान्यत्मा। स खल्वनादिज्ञानावरणकर्मावच्छन्नप्रदेश: सन्, यत्तदावरणक्षयोपशमादिन्द्रियानिन्द्रियावलम्बाच्च मूर्तामूर्तद्रव्यं विकलं विशेषेणावबुध्यते तदाभिनिबोधिकज्ञानम्, यत्तदावरणक्षयोपशमादनि-न्द्रियावलम्बाच्च मूर्तामूर्तद्रव्यं विकलं विशेषणावबुध्यते तत् श्रुतज्ञानम्, यत्तदावरणक्षयोपशमादेव मूर्तद्रव्यं विकलं विशेषणावबुध्यते तदवधिज्ञानम्, यत्तदावरणक्षयोपशमादेव परमनोगतं मूर्तद्रव्यं विकलं विशेषणावबुध्यते तन्मन:पर्ययज्ञानम्, यत्सकलावरणात्यन्तक्षये केवल एव मूर्तामूर्तद्रव्यं

सकलं विशेषेणावबुध्यते तत्स्भाविकं केवलज्ञानम् । मिथ्यादर्शनोदयसहचरितमाभिनिबोधिकज्ञानमेव कुमतिज्ञानम्, मिथ्यादर्शनोदयसहचरितं श्रुतज्ञानमेव, श्रुतज्ञानम्, मिथ्यादर्शनोदय-सहचरितमवधिज्ञानमेव विभङ्गज्ञानमिति स्वरूपाभिधानम् ।

–इत्थं मतिज्ञानादिज्ञानोपयोगाष्टकं व्याख्यातम् ।।४१।।

---

**મતિ, શ્રુત, અવધિ, મનઃ, કેવળ-પાંચ ભેદો જ્ઞાનના,**
**કુમતિ, કુશ્રુત, વિભંગ-ત્રણ પણ જ્ઞાન સાથે જોડવાં. ૪૧.**

**અન્વયાર્થ :-** (आभिनिबोधिकश्रुतावधिमन:पर्ययकेवलानि) આભિનિબોધિક (-મતિ), શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ-(ज्ञानानि पञ्चभेदानि) એમ જ્ઞાનના પાંચ ભેદ છે; (कुमतिश्रुतविभङ्गानि च) વળી કુમતિ, કુશ્રુત, અને વિભંગ- (त्रीणि अपि) એ ત્રણ (અજ્ઞાનો) પણ (ज्ञानै:) (પાંચ) જ્ઞાનો સાથે (संयुक्तानि) જોડવામાં આવ્યાં છે. (એ પ્રમાણે જ્ઞાનોપયોગના આઠ ભેદ છે.)

**ટીકા :-** આ, જ્ઞાનોપયોગના ભેદોનાં નામ અને સ્વરૂપનું કથન છે.

ત્યાં, (૧) આભિનિબોધિકજ્ઞાન,(૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યયજ્ઞાન, (૫) કેવળજ્ઞાન, (૬) કુમતિજ્ઞાન, (૭) કુશ્રુતજ્ઞાન અને (૮) વિભંગજ્ઞાન-એ પ્રમાણે (જ્ઞાનોપયોગના ભેદોનાં) નામનું કથન છે.

(હવે તેમના સ્વરૂપનું કથન કરવામાં આવે છે :-) આત્મા ખરેખર અનંત, સર્વ આત્મપ્રદેશોમાં વ્યાપક, વિશુદ્ધ જ્ઞાનસામાન્યસ્વરૂપ છે. તે (આત્મા) ખરેખર અનાદિ જ્ઞાનાવરણકર્મથી આચ્છાદિત પ્રદેશોવાળો વર્તતો થકો, (૧) તે પ્રકારના (અર્થાત્ મતિજ્ઞાનના) આવરણના ક્ષયોપશમથી અને ઇન્દ્રિય-મનના અવલંબનથી મૂર્ત-અમૂર્ત દ્રવ્યને [૧]વિકળપણે [૨]વિશેષતઃ અવબોધે છે તે આભિનિબોધિકજ્ઞાન છે, (૨) તે પ્રકારના (અર્થાત્ શ્રુતજ્ઞાનના) આવરણના ક્ષયોપશમથી અને મનના અવલંબનથી મૂર્ત-અમૂર્ત દ્રવ્યને વિકળપણે વિશેષતઃ અવબોધે છે તે શ્રુતજ્ઞાન છે, (૩) તે પ્રકારના આવરણના ક્ષયોપશમથી જ મૂર્ત દ્રવ્યને [૧]વિકળપણે [૨]વિશેષતઃ અવબોધે છે તે અવધિજ્ઞાન છે, (૪) તે પ્રકારના આવરણના ક્ષયોપશમથી જ પરમનોગત (-પારકાના મન સાથે સંબંધવાળા) મૂર્ત દ્રવ્યને વિકળપણે

---

૧. વિકળપણે = અપૂર્ણપણે; અંશે.
૨. વિશેષતઃ અવબોધવું = જાણવું. (વિશેષ અવબોધ અર્થાત્ વિશેષ પ્રતિભાસ તે જ્ઞાન છે.)

વિશેષતઃ અવબોધે છે તે મનઃપર્યયજ્ઞાન છે, (૫) સમસ્ત આવરણના અત્યંત ક્ષયે, કેવળ જ (-આત્મા એકલો જ)મૂર્ત-અમૂર્ત દ્રવ્યને સકળપણે વિશેષતઃ અવબોધે છે તે સ્વાભાવિક કેવળજ્ઞાન છે. (૬) મિથ્યાદર્શનના ઉદય સાથેનું આભિનિબોધિકજ્ઞાન જ કુમતિજ્ઞાન છે, (૭) મિથ્યાદર્શનના ઉદય સાથેનું શ્રુતજ્ઞાન જ કુશ્રુતજ્ઞાન છે, (૮) મિથ્યાદર્શનના ઉદય સાથેનું અવધિજ્ઞાન જ વિભંગજ્ઞાન છે.-આ પ્રમાણે (જ્ઞાનોપયોગના ભેદોનાં) સ્વરૂપનું કથન છે.

એ રીતે મતિજ્ઞાનાદિ આઠ જ્ઞાનોપયોગનું વ્યાખ્યાન કરવામાં આવ્યું.

ભાવાર્થ :- પ્રથમ તો, નીચે પ્રમાણે પાંચ જ્ઞાનોનું સ્વરૂપ છે :-

નિશ્ચયનયે અખંડ-એક-વિશુધ્ધજ્ઞાનમય એવો આ આત્મા વ્યવહારનયે સંસારાવસ્થામાં કર્માવૃત વર્તતો થકો, મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ હોતાં, પાંચ ઈન્દ્રિયો અને મનથી મૂર્ત-અમૂર્ત વસ્તુને વિકલ્પરૂપે જે જાણે છે તે મતિજ્ઞાન છે. તે ત્રણ પ્રકારનું છેઃ ઉપલબ્ધિરૂપ, ભાવનારૂપ અને ઉપયોગરૂપ મતિજ્ઞાનાવરણના ક્ષયોપશમથી જનિત અર્થગ્રહણશક્તિ (-પદાર્થને જાણવાની શક્તિ) તે ઉપલબ્ધિ છે, જાણેલા પદાર્થનું પુનઃ પુનઃ ચિંતન તે ભાવના છે અને 'આ કાળું છે', 'આ પીળું છે' ઈત્યાદિરૂપે અર્થગ્રહણવ્યાપાર (-પદાર્થને જાણવાનો વ્યાપાર) તે ઉપયોગ છે. એવી જ રીતે તે (મતિજ્ઞાન) અવગ્રહ, ઈહા, અવાય અને ધારણારૂપ ભેદો વડે અથવા કોષ્ઠબુધ્ધિ, બીજબુધ્ધિ, પદાનુસારીબુધ્ધિ અને સંભિન્નશ્રોતૃતાબુધ્ધિ એવા ભેદો વડે ચાર પ્રકારનું છે. (અહીં, એમ તાત્પર્ય ગ્રહણ કરવું કે નિર્વિકાર શુધ્ધ અનુભૂતિ પ્રત્યે અભિમુખ જે મતિજ્ઞાન તે જ ઉપાદેયભૂત અનંત સુખનું સાધક હોવાથી નિશ્ચયથી ઉપાદેય છે, તેના સાધનભૂત બહિરંગ મતિજ્ઞાન તો વ્યવહારથી ઉપાદેય છે.)

તે જ પૂર્વોક્ત આત્મા, શ્રુતજ્ઞાનાવરણનો ક્ષયોપશમ હોતાં, મૂર્ત-અમૂર્ત વસ્તુને પરોક્ષરૂપે જે જાણે છે તેને જ્ઞાનીઓ શ્રુતજ્ઞાન કહે છે. તે લબ્ધિરૂપ અને ભાવનારૂપ છે તેમ જ ઉપયોગરૂપ અને નયરૂપ છે. 'ઉપયોગ' શબ્દથી અહીં વસ્તુને ગ્રહનારું પ્રમાણ સમજવું અર્થાત્ આખી વસ્તુને જાણનારું જ્ઞાન સમજવું અને 'નય' શબ્દથી વસ્તુના (ગુણપર્યાયરૂપ) એક દેશને ગ્રહનારો એવો જ્ઞાતાનો અભિપ્રાય સમજવો. (અહીં એમ તાત્પર્ય ગ્રહણ કરવું કે વિશુધ્ધજ્ઞાનદર્શન જેનો સ્વભાવ છે એવા શુધ્ધ આત્મતત્ત્વનાં સમ્યક્ શ્રધ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ અભેદરત્નત્રયાત્મક જે ભાવશ્રુત તે જ ઉપાદેયભૂત પરમાત્મતત્ત્વનું સાધક હોવાથી નિશ્ચયથી ઉપાદેય છે પરંતુ તેના સાધનભૂત બહિરંગ શ્રુતજ્ઞાન તો વ્યવહારથી ઉપાદેય છે.)

આ આત્મા, અવધિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ હોતાં, મૂર્ત વસ્તુને જે પ્રત્યક્ષપણે જાણે છે તે અવધિજ્ઞાન છે. તે અવધિજ્ઞાન લબ્ધિરૂપ અને ઉપયોગરૂપ એમ બે પ્રકારે જાણવું. અથવા અવધિજ્ઞાન દેશાવધિ, પરમાવધિ અને સર્વાવધિ એવા ભેદો વડે ત્રણ પ્રકારે છે. તેમાં, પરમાવધિ અને સર્વાવધિ ચૈતન્યના ઊછળવાથી ભરપૂર આનંદરૂપ પરમસુખામૃતના રસાસ્વાદરૂપ સમરસીભાવે પરિણત ચરમદેહી તપોધનોને હોય છે. ત્રણે પ્રકારનાં અવધિજ્ઞાનો વિશિષ્ટ સમ્યક્ત્વાદિ ગુણથી નિશ્ચયે થાય છે. દેવો અને નારકોને થતું ભવપ્રત્યયી જે અવધિજ્ઞાન તે નિયમથી દેશાવધિ જ હોય છે.

આ આત્મા મનઃપર્યયજ્ઞાનાવરણનો ક્ષયોપશમ હોતાં, પરમનોગત મૂર્ત વસ્તુને જે પ્રત્યક્ષપણે જાણે છે તે મનઃપર્યયજ્ઞાન છે. ઋજુમતિ અને વિપુલમતિ એવા ભેદો વડે મનઃપર્યયજ્ઞાન બે પ્રકારનું છે. ત્યાં, વિપુલમતિ મનઃપર્યયજ્ઞાન પરના મનવચનકાય સંબંધી પદાર્થને, વક્ર તેમ જ અવક્ર બન્નેને, જાણે છે અને ઋજુમતિ મનઃપર્યયજ્ઞાન તો ઋજુને (અવક્રને) જ જાણે છે. નિર્વિકાર આત્માની ઉપલબ્ધિ અને ભાવના સહિત ચરમદેહી મુનિઓને વિપુલમતિ મનઃપર્યયજ્ઞાન હોય છે. આ બન્ને મનઃપર્યયજ્ઞાનો વીતરાગ આત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનની ભાવના સહિત, પંદર પ્રમાદ રહિત અપ્રમત્ત મુનિને ઉપયોગમાં-વિશુદ્ધ પરિણામમાં-ઉત્પન્ન થાય છે. અહીં મનઃપર્યયજ્ઞાનના ઉત્પાદકાળે જ અપ્રમત્તપણાનો નિયમ છે, પછી પ્રમત્તપણામાં પણ તે સંભવે છે.

જે જ્ઞાન ઘટપટાદિ જ્ઞેય પદાર્થોને અવલંબીને ઊપજતું નથી તે કેવળજ્ઞાન છે. તે શ્રુતજ્ઞાનસ્વરૂપ પણ નથી. જોકે દિવ્યધ્વનિકાળે તેના આધારે ગણધરદેવ વગેરેને શ્રુતજ્ઞાન પરિણમે છે તોપણ તે શ્રુતજ્ઞાન ગણધરદેવ વગેરેને જ હોય છે. કેવળીભગવંતોને તો કેવળજ્ઞાન જ હોય છે. વળી, કેવળીભગવંતોને શ્રુતજ્ઞાન નથી એટલું જ નહિં, પણ તેમને જ્ઞાન-અજ્ઞાન પણ નથી અર્થાત્ તેમને કોઈ વિષયનું જ્ઞાન અને કોઈ વિષયનું અજ્ઞાન હોય એમ પણ નથી-સર્વ વિષયોનું જ્ઞાન જ હોય છે; અથવા, તેમને મતિજ્ઞાનાદિ અનેક ભેદવાળું જ્ઞાન નથી-કેવળજ્ઞાન એક જ છે.

અહીં જે પાંચ જ્ઞાનો વર્ણવવામાં આવ્યાં તે વ્યવહારથી વર્ણવવામાં આવ્યાં છે. નિશ્ચયથી તો વાદળાં વિનાના સૂર્યની માફક આત્મા અખંડ-એક-જ્ઞાનપ્રતિભાસમય જ છે.

હવે અજ્ઞાનત્રય વિષે કહેવામાં આવે છેઃ-

મિથ્યાત્વ દ્વારા અર્થાત્ ભાવ-આવરણ દ્વારા અજ્ઞાન (-કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન તથા વિભંગજ્ઞાન) અને અવિરતિભાવ હોય છે તથા જ્ઞેયને અવલંબતાં (-જ્ઞેય સંબંધી વિચાર

**અથવા જ્ઞાન કરતાં) તે તે કાળે દુઃનય અને દુઃપ્રમાણ હોય છે. (મિથ્યાદર્શનના સદ્ભાવમાં વર્તતું મતિજ્ઞાન તે કુમતિજ્ઞાન છે, શ્રુતજ્ઞાન તે કુશ્રુતજ્ઞાન છે, અવધિજ્ઞાન તે વિભંગજ્ઞાન છે; તેના સદ્ભાવમાં વર્તતા નયો તે દુઃનયો છે અને પ્રમાણ તે દુઃપ્રમાણ છે.) માટે એમ ભાવાર્થ સમજવો કે નિર્વિકાર શુધ્ધ આત્માની અનુભૂતિસ્વરૂપ નિશ્ચય સમ્યક્ત્વ ઉપાદેય છે. એ પ્રમાણે જ્ઞાનોપયોગનું વર્ણન કરવામાં આવ્યું. ૪૧.**

## પ્રવચન નં. ૪૨ ગાથા - ૪૧
## પોષ સુદ-૧૨ સોમવાર તા. ૧૯/૧/૭૦

**પંચાસ્તિકાય ષટ્દ્રવ્યનો અધિકાર ગાથા-૪૧મી-૪૦ થઇ ગઇકાલે.**

आभिणिसुदोधिमणकेवलाणि णाणाणि पंचभेयाणि ।
कुमदिसुदविभंगाणि य तिण्णि वि णाणेहिं संजुत्ते ।।४१।।

**મતિ, શ્રુત, અવધિ, મનઃ, કેવળ-પાંચ ભેદો જ્ઞાનના,**
**કુમતિ, કુશ્રુત, વિભંગ-ત્રણ પણ જ્ઞાન સાથે જોડવાં. ૪૧.**

**ટીકા :- 'આ, જ્ઞાનોપયોગના...'** અહીં શું કહ્યું હતું પહેલું કે આ આત્મા છે એના અસ્તિત્વનું વર્ણન મુખ્ય કરે છે. આત્મામાં હોવાપણે ઉપયોગ છે. જાણવું-દેખવું એના ઉપયોગમાં એનું અસ્તિત્વ છે. અને એ ઉપયોગ જાણવું-દેખવું ને આત્મા બેનું અસ્તિત્વ એક છે. સમજાય છે કાંઇ?

પર ચીજથી જેમ ભિન્ન છે આત્મા એમ ઉપયોગથી કાંઇ ભિન્ન નથી. જાણવું-દેખવું એના ઉપયોગના અસ્તિત્વની સત્તામાં છે. એટલે એ જાણવા-દેખવાના બાર પ્રકાર એ પોતાને અનુસરીને થાય છે. કારણ કે એની શક્તિનું પરિણમન એ પ્રકારનું છે. સમજાણું કાંઇ? બીજાથી થતું નથી અને બીજાને અનુસરીને થતું નથી અને બીજા છે માટે બાર પ્રકારનું જાણવું-દેખવું ઉપયોગ થાય છે એમ નથી. સમજાણું કાંઇ? એમ વર્ણવે છે. જુઓ! ષટ્દ્રવ્યમાં જીવાસ્તિકાયનું સ્વરૂપ જ્ઞાનઉપયોગ જે છે એના ભેદોનું વર્ણન અને એના સ્વરૂપનું કથન બે છે એમાં. જ્ઞાનોપયોગના પ્રકાર કેટલાં અને એ ઉપયોગના બારમાં એનું સ્વરૂપ શું? બે પ્રકારનું કથન છે.

**'આભિનિબોધિકજ્ઞાન...'** પહેલું નામ. મતિજ્ઞાન - મતિજ્ઞાન, **બીજું શ્રુતજ્ઞાન, ત્રીજું**

**અવધિજ્ઞાન, ચોથું મનઃપર્યયજ્ઞાન, પાંચમું કેવળજ્ઞાન...'** એમાં ત્રણ અજ્ઞાન **'કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન અને વિભંગજ્ઞાન-એ પ્રમાણે જ્ઞાનોપયોગના...'** જાણવાના વિશેષ પ્રકારનું જાણવું એમાં ભેદો પાંચ અથવા ત્રણ આ છે. પાંચ સમ્યક્ છે અને ત્રણ મિથ્યા છે. પણ છે એનો, પોતાના ઉપયોગમાં એ છે. સમજાણું કાંઈ? રાગ-દ્વેષ અને પુણ્ય-પાપ એ કાયમનું સ્વરૂપ નથી એનું. સમજાણું? કરે ત્યાં સુધી કરે, ભોગવે ત્યાં સુધી ભોગવે અજ્ઞાનભાવે. કર્તા છૂટે તો એમાં ઉપયોગ કોઈ દિ' છૂટે નહીં. સમજાણું કાંઈ? અહો! અનાદિકાળથી પોતાનો જ્ઞાનઉપયોગ લક્ષણ જે સ્વરૂપ એ આત્મા છે એમ ન જાણતાં એણે રાગ-દ્વેષ, પુણ્ય-પાપ ને પરવસ્તુ મારી છે એમાં ઉપયોગને લગાવી, ઉપયોગ છે પોતાનો એને પોતામાં ન લગાવતાં પરમાં લગાવી પર તે મારા છે એવી માન્યતાથી પરિભ્રમણ કરે છે. કહો, સમજાણું કાંઈ?

તેથી કહે છે ને ભાઈ તારા ઉપયોગમાં આઠ પ્રકાર જ્ઞાનમાં વિશેષે તારામાં તારાથી છે. સમજાણું કાંઈ? એ ભેદોના નામ આપ્યા. હવે એનું સ્વરૂપ કહે છે. સ્વરૂપ શું પણ આવે એનો ભાવ શું? આત્મા ખરેખર, ભગવાનઆત્મા ખરેખર તો અનંત વિશુદ્ધજ્ઞાન સામાન્ય સ્વરૂપ છે. છે? આ **'ભગવાનઆત્મા ખરેખર તો અનંત...'** એ એક વ્યાખ્યા થઈ. કોની તો આગળ કહેશે. **'સર્વઆત્મપ્રદેશોમાં વ્યાપક...'** જુઓ! આત્મા અસંખ્યપ્રદેશી ચિદ્‌ઘન એ અસંખ્યપ્રદેશી છે આત્મા. એમાં અનંત **'વિશુદ્ધ જ્ઞાનસામાન્યસ્વરૂપ...'** વ્યાપેલું છે. કહો, સમજાણું કાંઈ?

વસ્તુ આત્મા એના અસંખ્યપ્રદેશ એ એનું ક્ષેત્ર - ક્ષેત્ર, સ્થળ - સ્થળ. એનું એ સ્થળ, એનું એ મુકામ, એનું એ જગ્યો. આ બંગલા - બંગલા જગ્યાની નહીં એમ કહે છે. વ્યવહારે કહેવારેય નથી. એ તો મફતનો માને છે મારો. એય! એની જગ્યો સ્થળ તો અસંખ્યપ્રદેશ છે. આહાહા! એમાં ભાવરૂપે અનંત વિશુદ્ધ જ્ઞાનસામાન્યસ્વરૂપ છે. સામાન્ય એટલે ત્રિકાળજ્ઞાનની વાત. સમજાણું કાંઈ?

જુઓ! આત્મા લીધો. આત્મા અસંખ્યપ્રદેશી લીધો. અસંખ્યપ્રદેશ. સવારમાં એક વાત થઈ હતી થોડી. પર્યાય ને દ્રવ્યની. ભગવાનઆત્મા એનું જે દ્રવ્ય છે એ તો ધ્રુવ ને એકરૂપ સ્વભાવથી ભરેલું આ સામાન્ય કીધું ને. આ એની વાત છે પહેલી. સામાન્ય ચૈતન્ય અનંત પણ સ્વભાવ અનંત છે. એની પર્યાયમાં અનંત જે છે એના અનંતમાં ભાગે પર્યાયમાં અંશ હોય છે. ચાહે તો કેવળજ્ઞાન હોય તોપણ. છે ને? **'આત્મા ખરેખર અનંત, સર્વઆત્મપ્રદેશોમાં વ્યાપક...'** એ અનંતો જાય છે ઓલામાં. કારણ કે આત્મપ્રદેશ કાંઈ અનંત નથી. પ્રદેશ તો અસંખ્ય છે. એના અસંખ્યપ્રદેશમાં ધ્રુવરૂપે, સામાન્યરૂપે, એકરૂપે, અખંડરૂપે રહેલું સામાન્યજ્ઞાન છે. જ્ઞાન તો વિશેષ છે ને? તો અહીં સામાન્યજ્ઞાન કેમ કહ્યું અહીંયા? સામાન્ય એટલે પર્યાય વિનાનું, વિશેષ વિનાનું સામાન્ય એમ. પર્યાય વિનાનું સામાન્ય ત્રિકાળ. સમજાણું કાંઈ?

આત્મા અસંખ્ય પ્રદેશ એમાં અનંત એકરૂપ જ્ઞાન વ્યાપક છે. એની એક સમયની પર્યાયમાં એ અનંત જે છે એનો અનંતમો ભાગ એક સમયમાં આવે છે. ચાહે તો મતિ હો, શ્રુત હો કે કેવલ્ય હો. સમજાણું કાંઈ? એવો ભગવાનઆત્મા અનંત અનંતજ્ઞાનથી વ્યાપક એ અસંખ્ય પ્રદેશમાં પ્રભુ એનો અનંતમો ભાગના ભાગવા બાર છે. સમજાણું કાંઈ? એના જે બાર ઉપયોગ છે. આમાં જ્ઞાનના આઠ છે. એ અનંતભાવથી ભરેલો ભગવાન એના અનંતમાં ભાગના આ આઠ બોલની વાત છે. સમજાણું કાંઈ?

પાંચ જ્ઞાન હો કે ત્રણ અજ્ઞાન હો પણ એ અનંત, આહા! જેનો સ્વભાવ ભાવ છે. અંત વિનાનો સ્વભાવ છે. અને સ્વભાવ છે તે એકરૂપ છે. સામાન્ય એટલે એકરૂપ. સામાન્ય એટલે ઓલું દર્શનનું સામાન્ય તેમ અહીં નથી. સમજાણું કાંઈ? એના હોવાપણામાં આવું છે એમ કહે છે. સમજાણું? એની એક સમયની પર્યાય છે એ તો ત્રણકાળની અપેક્ષામાં તો એક સમયની પર્યાય અનંતમાં ભાગમાં કાળ પણ આવે. કાળ પણ અનંતમાં ભાગમાં આવે, ભાવ પણ અનંતમાં ભાગમાં આવે. ક્ષેત્રમાં ભાગ હજી બરાબર નક્કી થતો નથી. અસંખ્ય પ્રદેશમાં એનો ભાગનો અંશ થોડો છે પર્યાયમાં. સામાન્યનો અર્થ ભાગ આખો છે. આ સામાન્ય છે એ. ઓલો એનો પર્યાય આઠ પ્રકારે એનો એક અંશ ભાગ છે. એટલે એ પણ ક્ષેત્રમાંના ઘણા ભાગનો અંશ છે. ત્રિકાળી ક્ષેત્રથી પણ એનો એક અંશ, ત્રિકાળ એટલે અસંખ્ય પ્રદેશ એમાં પર્યાયનું ક્ષેત્ર ઘણું થોડું છે. કાળ પણ એક સમય છે. અને ભાવ અનંત છે. એના અનંતમાં ભાગે પર્યાયમાં ભાગ આવે છે. સમજાણું કાંઈ?

એવો જે આત્મા! ખરેખર જુઓ! આ સર્વજ્ઞે કહેલો આત્મા. આ વાત સર્વજ્ઞ સિવાય બીજે હોય શકે નહીં. કહો મગનભાઈ! બરાબર હશે કે નહીં આ? વેદાંત ફેદાંત પણ અત્યારે ક્યાં? ના. ના. આ તો બીજે ઘણે ઠેકાણે એમ કહે છે ને. ફલાણા આજ આવ્યા હતા ને. પોંડિચેરીમાં આમ છે કહે. પોંડિચેરીમાં બિચારો લજાતો હતો હો નામ બોલતાં બોલતાં. જૈન ખરો ને. ત્યાં આવતો વ્યાખ્યાનમાં. વાડામાં હતો વાડામાં દેરાવાસી. પોંડિચેરી બોલતા બોલતા લજાતો હતો. એમ કે અહીં મહારાજ સાહેબ પાસે બહુ બિચારો ઘણા વખતથી ...... આપણું સોનગઢ જેવું પોંડિચેરીમાં કે ક્યાંય નથી આ તત્ત્વ. સમજાણું? જૈનદર્શનમાં પણ વીતરાગ દર્શન સિવાય ક્યાંય નથી તો એમાં તો ગંધેય નથી. શોભાલાલજી! ત્યાં પણ તે વખતે અગ્રેસર થાવું પડે. મોટાભાઈને ક્યાંક ક્યાંક કોઈ વખતે જાવું પડે ને ઓલાં...... માં અગ્રેસર થઈને. એ રાજમલ્લજી! સાંભળ્યું છે કે નહીં? નહીં.

અહીં તો કહે છે પ્રભુ! આહાહા! આ ભગવાનઆત્મા સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાનીએ જોયો અને તે આવી રીતનો જ હોય. બીજી રીતનો હોય શકે નહીં. દ્રવ્યે એક અને ગુણે જ્ઞાને સામાન્ય એક. અને એની વિશેષ પર્યાયમાં આઠ ભાગ. એ તો એના ભાવ ને કાળ ને ક્ષેત્રથી ઘણા ભાગે ગુણે માને. આ કહે પર્યાય થઈ. આહાહા! સમજાણું કાંઈ?

આમ તો આત્મા આત્મા બધા કરે ને 'જયાં લગી આત્મા તત્ત્વ ચિન્હયો નહીં.' એ આત્મા કયાં હતો આ? એ તો એક વાત ઉપરથી લોકોને કહે કે આત્મા આમ હશે. પણ આ આત્મા આવો હોય. અને એ વસ્તુનું સ્વરૂપ જ દ્રવ્યગુણ ને પર્યાય એ સ્વરૂપમાં જ એનું આખું સત્વ ને અસ્તિત્વ રહે છે. સમજાણું કાંઈ? **'આત્મા ખરેખર અનંત, સર્વઆત્મપ્રદેશો...'** અનંત આત્મપ્રદેશો એમ છે? એમ નહીં. એ તો બે વાર, ત્રણ વાર કહ્યું. આત્મા ખરેખર અનંત, બસ ત્યાં અટકવું. **'સર્વઆત્મપ્રદેશોમાં વ્યાપક...'** એમ. એ અસંખ્ય પ્રદેશ છે. પ્રદેશ અનંત નથી. પ્રદેશ અસંખ્ય છે.

આખો ભગવાન શરીરના રજકણે રજકણથી જુદી ચીજ છે. આહાહા! કર્મના રજકણથી જુદો તું ભાઈ! તારું હોવાપણું જુદું છે. પણ આવા ભાવથી હોવાપણે તારું તારામાં એકપણું છે. તે આત્મા સર્વઆત્મપ્રદેશોમાં વ્યાપક છે. પ્રસરેલો છે. અસંખ્યપ્રદેશમાં આખું એનું સ્વરૂપ છે. **'વિશુધ્ધજ્ઞાનસામાન્યસ્વરૂપ છે...'** સામાન્ય નામ કાયમનો એનો જ્ઞાનસ્વભાવ વિશુધ્ધ વિશુધ્ધ વિશુધ્ધ એકરૂપ સામાન્યસ્વભાવ એનો છે. એ તો દ્રવ્ય ને ગુણ બેને વર્ણવ્યા. દ્રવ્ય, ક્ષેત્ર ને ગુણ ત્રણ વર્ણવ્યા. દ્રવ્ય એટલે આત્મા, ક્ષેત્ર એટલે અસંખ્ય આત્મપ્રદેશ અને ગુણમાં જ્ઞાન વિશુધ્ધ, દર્શન સામાન્ય એ ગુણ વર્ણવ્યા. કહો, સમજાણું આમાં?

હવે એની પર્યાય વર્ણવે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ. એમાં દ્રવ્ય, ક્ષેત્ર ને ભાવનું વર્ણન કર્યું. હવે એના કાળનું વર્ણન એની સમયની પર્યાય કેવી હોય એનું વર્ણન કરે છે. સમજાણું કાંઈ? જુઓ! **'તે (આત્મા) ખરેખર અનાદિ જ્ઞાનાવરણકર્મથી આચ્છાદિત પ્રદેશોવાળો વર્તતો થકો...'** દેખો બેય લીધું. ખરેખર અનાદિ જ્ઞાનાવરણકર્મ. પહેલું ના પાડતા હતા ૪૦મી ગાથામાં. એ પોતાથી જ બાર ઉપયોગ થાય છે. 'ચૈતન્યઅનુવિધાયીપરિણામઉપયોગઃ' એ વાત સિધ્ધ કરીને અહીં નિમિત્તપણું સિધ્ધ કરે છે. પોતે આત્મા વસ્તુ તરીકે તો ભગવાન ચૈતન્યબિંબ પુંજ, ચૈતન્યસૂર્ય. ચૈતન્ય જ્ઞાનસામાન્ય એકરૂપ અસંખ્ય પ્રદેશમાં ચૈતન્યસૂર્ય છે એ તો. પોતાની હયાતિનું તત્ત્વ કેવું છે એવી એને ખબર ન મળે. સમજાય છે કાંઈ?

અને બીજાની હયાતિનો સ્વીકાર કરવા ગયો આ છે ને આ છે. પણ તું છો કેવડો? એ જે આત્મા અનાદિ જ્ઞાનાવરણકર્મથી એક શબ્દ વાપર્યો છે. અનાદિથી જ્ઞાનાવરણીયનું નિમિત્તપણું, વ્યવહારથી જ્ઞાનાવરણીયથી આચ્છાદિત છે અને પર્યાયમાં પોતાના ભાવ જ્ઞાનના આવરણથી આચ્છાદિત છે. સમજાણું કાંઈ? હોવાથી **'પ્રદેશોવાળો વર્તતો થકો...'** પાછી એ ભાષા વાપરી છે. એવા આચ્છાદિત પ્રદેશોવાળો અસંખ્ય પ્રદેશમાં એ જાતનું આવરણ છે. સમજાણું કાંઈ?

કોઈ પ્રદેશો ખુલ્લા છે. આઠ રોચક અને બીજા આચ્છાદન છે એમ નથી એમ સિધ્ધ કરે છે. શ્વેતાંબરમાં આવે છે આઠ રોચક નિરાવરણ ખુલ્લાં છે. ખુલ્લો હોય તો અસંખ્યમો ભાગ ખુલ્લો થઈ

ગયો. અસંખ્યમો ભાગ ખુલ્લો થતાં કેવળજ્ઞાનનો અસંખ્યમો ભાગ પ્રગટ થઈ ગયો. અને અસંખ્યમો ભાગ પ્રગટ થતાં લોકાલોક જાણે એને. કારણ કે એથી તો અનંત ગુણી જાણવાની શકિત છે. અહીં તો કહે છે એટલી એક વાતમાં સમાવિષ્ટ કરી દે છે. કે એ **'અનાદિ જ્ઞાનાવરણકર્મથી ઢંકાયેલાં પ્રદેશોવાળો વર્તતો થકો...'** એ પોતે તેમાં વર્તતો થકો. કર્મના આવરણમાં અને ભાવ આવરણમાં પોતે વર્તતો થકો.

**'તે પ્રકારના (અર્થાત્ મતિજ્ઞાનના) આવરણના ક્ષયોપશમથી...'** હવે મતિની વાત લ્યે છે ને. મતિજ્ઞાનના આવરણના ક્ષયોપશમથી, જુઓ! અહીંથી લ્યો. જુઓ! મતિનો ક્ષયોપશમ હોય એટલું જ્ઞાન ઉઘાડ થાય. પણ આ પહેલું ચાલીસમાં કહી ગયા એ શું માંડી હતી.

મુમુક્ષુ :- આ વાત પણ છે ને.

ઉત્તર :- આ વાત પણ શું છે? એ તો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ એની પર્યાયમાં જડમાં છે. નિમિત્ત તરીકે. અહીં ક્ષયોપશમ તો પોતાથી થયો છે. એ ચાલીસમાં વાત થઈ ગઈ. 'ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગ' પોતાના ગુણને અનુસરીને પર્યાય થાય છે. નિમિત્તને અનુસરીને પર્યાય થતી નથી. સમજાણું કાંઈ?

મૂળ દ્રવ્ય, ગુણ ને પર્યાય એ જૈન દર્શનની મૂળ ચીજ, એના જ્ઞાન વિના બધા ગોટા ઊઠયા. બાબુલાલજી! જ્ઞાન ન મળે પછી કોઈકે કાંઈક મનાવ્યું, કોઈકે કાંઈક મનાવ્યું, કોઈકે કાંઈક માન્યું. અને સાંભળનારને ખબર ન હોય એટલે જયનારાયણ એ કહે તે સાચું પછી. આહાહા! એક તો આવરણનો ક્ષયોપશમ જુદો નિમિત્તથી અને બીજું ઈન્દ્રિય ને મનનું અવલંબન નિમિત્ત. ઈન્દ્રિય ને મનનું અવલંબન મતિ છે ને મતિ. એમ મનને ઈન્દ્રિયનું નિમિત્ત છે. થાય છે પોતાથી. એ જ્ઞાનની પર્યાય મતિની થાય છે જ્ઞાન ગુણને સામાન્યગુણને અનુસરીને. એમાં નિમિત્ત છે પાંચ ઈન્દ્રિય ને મન. કર્મનો ક્ષયોપશમપણે નિમિત્ત છે. **'મૂર્ત-અમૂર્ત દ્રવ્યને...'** એ મતિજ્ઞાનમાં મૂર્ત એટલે જડ આદિ અને અમૂર્ત એટલે અરૂપી.

....... દ્રવ્યને વિકળપણે **'વિશેષતઃ અવબોધે છે...'** મતિજ્ઞાન છે ને થોડું એટલે અપૂર્ણપણે. **'વિકળપણે...'** એટલે અપૂર્ણપણે. અને વિશેષતઃ અવબોધવું, જાણવું. વિશેષ અવબોધ. વિશેષ પ્રતિભાસ તે જ્ઞાન છે. એમ કીધું હતું ને એટલે. વિશેષતા અવબોધે છે. વિશેષપણે મતિજ્ઞાનમાં ભિન્ન ભિન્ન ભાવ તે મતિજ્ઞાનમાં પોતામાં ભાવથી જણાય છે. એને મતિજ્ઞાન કહે છે. લ્યો! **'તેને આભિનિબોધિકજ્ઞાન કહે છે.'** લ્યો! એ મતિજ્ઞાનના નામ છે આભિનિબોધિક.

તે પ્રકારના (અર્થાત્ શ્રુતજ્ઞાનના) ...... પર્યાય જ્ઞાનસ્વભાવને અનુસરીને અનુવિધાયી એને કારણે થાય છે. શ્રુતજ્ઞાન અંદર ગુણના આધારે અને આશ્રયે થાય છે. પણ એમાં નિમિત્તપણું કોનું છે એ સાચું કરાવે છે, જ્ઞાન કરાવે છે. શ્રુતજ્ઞાનના આવરણના ઉઘાડથી એટલે ક્ષયોપશમ. અને મનના અવલંબનથી

અહીં મન લીધું એકલું. ઓલામાં પાંચ ઈન્દ્રિય હતી. મૂર્ત-અમૂર્ત દ્રવ્યને વિકળપણે એટલે અંશપણે, અપૂર્ણપણે, વિશેષતઃ વિશેષપણે પ્રતિભાસ થાય તેને શ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. કહો, શ્રુતજ્ઞાન એ આ પાના નહીં એમ કહે છે. સમજાણું કાંઈ?

શ્રુતજ્ઞાન આત્માની પર્યાયમાં હોય છે. આ પાનામાં શ્રુતજ્ઞાન નથી કાંઈ, આમાં જ્ઞાન નથી આ તો જડ છે. સમજાણું કાંઈ? કહો શેઠ! આ જિનવાણીમાં છે જ્ઞાન કે નહીં વાણીની અંદર? વાણી તો જડ છે. જડમાં જ્ઞાન કેવું? અહીંયા આત્મામાં જ્ઞાનગુણ જે ત્રિકાળી છે. એને અનુસરીને, એને કારણે જે શ્રુતજ્ઞાન થાય ત્યારે તેને શ્રુતજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય અને મનનું તેમાં નિમિત્ત હોય. એવા જ્ઞાનના અસ્તિત્વવાળો તે શ્રુતજ્ઞાનવાળો તેને અહીંયા આત્મા કહેવામાં આવે છે. એની સંપદામાં આ છે. પૈસા બૈસા ને બાયડી છોકરા ને કુટુંબ તેના દ્રવ્યગુણપર્યાય ત્રણેયમાં નથી. સમજાણું કાંઈ?

એની પર્યાયમાં તો આ છે કહે છે ભાઈ! તને તારી ખબર ન મળે એથી કરીને કાંઈ બીજી ચીજ ગતિએ કાંઈ એમાં આવી જાય? અને હોય તે કાંઈ ચાલ્યું જાય? એની હોવાની એને ખબર નથી. જ્ઞાન સ્વરૂપ ભગવાન એને અનુસરીને આ વસ્તુ છે - વસ્તુ છે. એમાં જ્ઞાન ગુણ એટલે શક્તિ એટલે આત્મા સત્ છે તેનું તે સત્વ એ ભાવ છે. તે સત્‌ના સત્વને અનુસરીને થતી પર્યાય તે તારા ભાવથી તારામાં છે. સમજાણું કાંઈ? આહાહા! **'તેને શ્રુતજ્ઞાન કહે છે...'** લ્યો!

હવે અવધિ. તે પ્રકાર જુઓ! આ શ્રુતજ્ઞાનના જેટલા પ્રકાર તે બધા શ્રુતજ્ઞાનમાં આવી ગયા. નાનામાં નાનું શ્રુતજ્ઞાન હો કે બાર અંગનો ઉઘાડ હો. સમજાણું કાંઈ? પણ પરના લક્ષવાળો ઉઘાડ વ્યવહાર સાધન કહેશે. સ્વના ઉઘાડના લક્ષવાળો એ નિશ્ચય સાધન છે. છે કે નહીં? અંદર છે. આવશે અર્થમાં આવશે. ભાવાર્થમાં આવશે. તે પ્રકારના આવરણના ક્ષયોપશમથી જ મૂર્તદ્રવ્યને વિકળપણે અવધિ-અવધિ. વિકળપણે એટલે અપૂર્ણપણે અને વિશેષતઃ એટલે વિશેષ પ્રતિભાસ તેને અવધિજ્ઞાન કહેવામાં આવે છે. અવધિજ્ઞાન એ આત્માની એક પર્યાય છે. જ્ઞાનની એક વિશેષ અવસ્થા છે. સામાન્ય જે જ્ઞાન ત્રિકાળી એને અનુસરીને થતી એક દશા છે. સમજાણું કાંઈ?

કેટલાક કહે ને કે આ ચિહ્નો અવધિજ્ઞાન અહીં હોય તેને અવધિ થાય અને ......હેં? હોય છે, હોય છે ખરા. શાસ્ત્રમાં નિમિત્તના અસ્તિત્વ છે ને આવું ચિહ્ન હોય એને આમ થાય ને આવું ચિહ્ન હોય. એ વાત કરતા હતા. પણ થાય છે એ પોતાના કારણે. નહીં કે અવધિજ્ઞાનના ચિહ્નો છે માટે થાય છે. સમજાણું કાંઈ? હવે મનઃપર્યયજ્ઞાન.

**'તે પ્રકારના આવરણના ક્ષયોપશમથી જ...'** એમ જ શબ્દ છે ને જ્યાં એને માણસો માને કે એનો ક્ષયોપશમ હોય તો જ પણ ક્ષયોપશમ એનો થાય ક્યારે? તું તારામાં ક્ષયોપશમ કર ત્યારે તેમાં ક્ષયોપશમ એનો હોય જ. **'પરમનોગત (પારકાના મન સાથે સંબંધવાળા)...'** મનોગત પરના

મનના સંબંધવાળા પદાર્થો. **'મૂર્ત દ્રવ્યને અપૂર્ણપણે...'** વિકળ એટલે અપૂર્ણપણું. **'વિશેષતઃ...'** એટલે સામાન્યપણે અને વિશેષ ભેદવાળું. **'અવબોધે છે તે મનઃપર્યયજ્ઞાન છે...'** લ્યો! હવે છેલ્લું કેવળજ્ઞાન મહાપૂજય.

સમસ્ત આવરણના અત્યંત ક્ષયે, જુઓ! અહીંથી અહીં માંડી એમ કહે ને રતનચંદજી! તમે આવરણના ક્ષયેથી વાત કરો. નવનીતભાઈ! અરે ભગવાન! એ તો નિમિત્તની વાત છે. પોતે કેવળજ્ઞાનનો પર્યાય આત્માના ગુણને અનુસરીને થાય છે. એ તો પહેલી વાત કહી ગયા ચાલીસમાં. 'ચૈતન્ય-અનુવિધાયીપરિણામઉપયોગઃ' કેવળજ્ઞાન ઝળહળ જયોતિ ત્રણકાળ-ત્રણલોકને જાણે એવી દશા એ આત્માના જ્ઞાન ગુણને અનુસરીને થાય છે. સંઘયણ કે મનુષ્યદેહ કે શ્રવણ કે મનન કે ચિંતવન કે વિકલ્પ કોઈને આશ્રયે કેવળજ્ઞાન થતું નથી. આહાહા!

ભગવાન ચૈતન્યનું ચોસલું ચૈતન્યનો પિંડ છે. મહાપ્રભુ ચૈતન્ય છે. એનો સામાન્ય જે ગુણ છે એકરૂપ જ્ઞાન એને અનુસરીને કેવળજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? એ કેવળજ્ઞાન **'સમસ્ત આવરણના અત્યંત ક્ષયે'** અહીં નિમિત્તથી કથન છે. ઓલો કહે ને કે તમે કર્મના ક્ષયથી થાય એમ કહેતાં નથી પણ આત્મા પોતે જયારે પુરુષાર્થથી જાગૃત થઈને અજ્ઞાનને ક્ષય કરે ત્યારે કર્મનો ક્ષય એની મેળાએ થાય. એમ છે. અહીં તો.... વાળવા પહેલી વાત કહી ગયા છે. કેવળજ્ઞાન પણ ભગવાનઆત્મા શકિતરૂપ, ગુણરૂપ, ભાવરૂપ જ્ઞાનસ્વભાવ જે જ્ઞ સ્વભાવ પડયો છે એને અંતર એકાગ્ર થઈને સ્વસન્મુખની એકાગ્રતાથી તેને કેવળજ્ઞાન થાય છે. ત્યારે કેવળજ્ઞાનનો ક્ષય થાય છે. ક્ષયનો અર્થ કર્મરૂપી પર્યાય હતી તે અકર્મરૂપે થઈ જાય છે. કર્મની પર્યાય અકર્મરૂપે થઈ જાય છે. એને પર્યાયનો કાળ અકર્મરૂપ થવાનો છે માટે. સમજાણું કાંઈ?

એ બધાય સિધ્ધ થાય છે. કર્મ નિમિત્ત છે ને. વસ્તુ છે કે નહીં? પણ પોતાને કારણે ત્યાં નિમિત્ત છે કે કાંઈ એને કારણે નિમિત્ત છે માટે અહીં આવરણ છે? નિમિત્ત ખસે માટે આવરણ ખસે છે કે અંદરથી ભાવ આવરણ? એમ છે નહીં એ તો ચાલીસમાં બહુ ખુલાસો કાલે કલાકમાં પાંચ લીટીમાં ઘણો આવી ગયો. સમજાણું કાંઈ?

ઓહો! **'કેવળ જ (આત્મા એકલો જ).'** લ્યો! ઓલામાં તો અપેક્ષિત કહ્યું હતું. અહીં તો એકલો ભગવાનઆત્મા ચૈતન્યના સ્વભાવથી ભરેલો પ્રભુ એને અવલંબીને કેવળ એકલો આત્મા પરની અપેક્ષાના નિમિત્તની અપેક્ષા પણ ત્યાં નથી. **'એકલો આત્મા મૂર્ત-અમૂર્ત દ્રવ્યને..'** ત્રણકાળના જડને અને અમૂર્તને, અમૂર્તમાં તો ધર્માસ્તિને આત્મા બેય આવી ગયા. **'સકળપણે...'** જુઓ! એમાં વિકળ હતું. ચારમાં વિકળ એટલે અપૂર્ણપણે. અહીં સકળપણે. વિશેષ તો ત્યાં પણ હતું. **'વિશેષતઃ અવબોધે છે તે સ્વાભાવિક કેવળજ્ઞાન છે...'** લ્યો! અહીં સ્વાભાવિક શબ્દ વાપર્યો છે. સમજાણું કાંઈ?

'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો' આવે છે ને, છ ઢાળામાં. વિશ્વાસ બેસે નહીં ને શું થાય? મારી સંપદા પ્રભુ પૂર્ણાનંદથી ભરેલી છે. જ્ઞાનસ્વભાવ જ્ઞાનસ્વભાવ સામાન્ય જ્ઞાનસ્વભાવ. પ્રવચનસારમાં આવે છે ને. અસાધારણ જ્ઞાનને કારણપણે ગ્રહીને. અસાધારણ કેવળજ્ઞાન જ્ઞાનગુણ જે છે. એને કારણપણે ગ્રહીને કેવળજ્ઞાનની પર્યાય આત્માના પ્રદેશ ઉપર પ્રસરી જાય છે. આહાહા! સમજાણું કાંઈ?

માણસે વાત એ કે આ મહાપ્રભુ ચૈતન્ય એની સત્તાનું આવડું મોટું સ્વરૂપ છે. એ વાત એના અંદરમાં સાધારણ મગજમાં પેસતી નથી. બહુ પામરતા વેદી છે ને અનાદિથી. પામરતા વેદીને, પામરતાને જાણીને, પામરતામાં રહ્યો છે. આહાહા! ઓપરેશન થાય છે ને આ જુઓને. એય પંડીતજી! રતનજી! આ ઓપરેશન થાય છે કે નહીં? ઈંજેકશન લગાવે છે કે નહીં.

ભગવાનઆત્મા આંખો મીંચીને અંદર પડેલો નથી. આ આંખ મીંચાય કે ખુલે એવો ખુલેલો ચૈતન્ય ભગવાન આંખું ખુલે એમ હોય છે. એવું સામાન્ય જ્ઞાન પડ્યું જ છે શક્તિરૂપે મહાપ્રભુ. એને અંતરમાં કારણપણે ગ્રહી એટલે કે વર્તમાન દશાના કાર્યને કારણપણે અંદર બનાવી આને. આહાહા! ત્રિકાળ ભગવાનઆત્મા ચૈતન્ય ધ્રુવ, એવું છે ત્યાં અસાધારણ જ્ઞાનને કારણપણે ગ્રહી લીધું છે. ગુણ જુદો પડતો નથી. પણ ગુણ અસાધારણ જે જ્ઞાન છે એને પકડવા જાય ત્યાં દ્રવ્ય જ પકડાય છે. સમજાણું કાંઈ? અરે! આ જન્મ-મરણ મુકાવાનો પંથ ને રીત તો આ છે ભાઈ. સમજાણું કાંઈ?

કહે છે ભગવાનઆત્મા સકળપણે સ્વાભાવિક કેવળજ્ઞાન જે પર્યાય છે એક હો. સામાન્ય જે ગુણ છે એના અનંતમાં ભાગનો એક આ અંશ છે. સામાન્ય જે જ્ઞાનસ્વભાવ શક્તિ છે એમાંથી કેવળજ્ઞાન તો અનંતમાં ભાગનો એક આ અંશ છે. એવા અંશો થયા જ કરે પણ એ સામાન્ય કોઈ દિ' ખૂટે નહીં. સમજાણું કાંઈ? કેમ વિશ્વાસમાં (આવે?) એવો વિશ્વાસ આવતાં એને નિમિત્તથી જુદો પડી જાય, રાગથી અધિક થઈ જાય, અધિક એટલે જુદો. એક સમયની પર્યાયના લક્ષથી છૂટીને અધિકપણે પરથી ભિન્ન ભાસે એવો પૂર્ણાનંદનો નાથ પ્રભુ પોતાની દૃષ્ટિમાં આવતાં એને કેવળજ્ઞાનની પ્રતીતિ થતાં, એને કેવળજ્ઞાનમાં એકાગ્ર થતાં કેવળજ્ઞાન પ્રગટ થઈ જાય છે. આહાહા! સમજાણું કાંઈ?

તે સ્વાભાવિક કેવળજ્ઞાન છે. જુઓ! ઓલા વિભાવિક કીધા ચાર. એનો અર્થ થયો ને. ચાર તો વિભાવિક કહ્યા. નિયમસારમાં આવે છે ને. ચાર જ્ઞાન મૂળ પાઠમાં આવે છે વિભાવિક છે. કેવળજ્ઞાન એક સ્વાભાવિક છે. એમાં જરી નિમિત્તની સદ્ભાવની અપેક્ષા અભાવની અપેક્ષા રહે છે. હવે ત્રણ અજ્ઞાન. આ પાંચ જ્ઞાનની વાત કરી સમ્યક્જ્ઞાનની.

**'મિથ્યાદર્શનના ઉદય સાથેનું આભિનિબોધિકજ્ઞાન જ કુમતિજ્ઞાન છે...'** આહાહા! કુમતિ. એને મતિમાં કુમતિપણું. ઉલટું જ બધું સુઝે. સમજાણું? એને અવગ્રહ, ઈહા, અવાય, ધારણા

બધા ઉલટા જ હોય એમ કહે છે. આહા! વસ્તુ પોતે ચૈતન્ય ભગવાન એવા સમ્યક્જ્ઞાનથી ભરેલો પ્રભુ એનો જ્યાં આશ્રય નથી, અવલંબન નથી. આધારમાં એને લીધો નથી. એવાને તો કુમતિજ્ઞાનમાં બીજા બધા આધારો આનાથી થાય ને આ થયું ને આમ થાય ને તેમ થાય ને. આ બધા જ્ઞાન આ કુમતિ છે ને બધા જોવો ને. તમારા શું કહેવાય આ? લઈ ગયા ચંદ્રમાં ને એપોલો ને ફલાણું ઢીંકણું ને. રોકેટ એપોલો. એપોલો શું કીધું? હા એ. એ બધા કુજ્ઞાન છે. લઈ કોણ જાય ધૂળ! એ તો એની પરમાણુની પર્યાય ત્યાં થવાની હોય તે થાય છે. આહાહા! એમાં એ શંકાના પાર દબાધમ! અરે! સાંભળને હવે. ભગવાનની તને શું ખબર પડે બાપુ! એ કેવળજ્ઞાને જોયું, સર્વજ્ઞે કહ્યું એ ત્રણકાળમાં ફરે એવું નથી. સમજાણું કાંઈ?

અહીં તો ભગવાન પરમાત્મા કહે છે કે જેને મિથ્યાશ્રદ્ધાના ઉદયમાં જે વર્તે છે, એનું જ્ઞાન જે મતિનું છે એ કુમતિ છે. કહો, સમજાણું કાંઈ? **'મિથ્યાદર્શનના ઉદય સાથેનું શ્રુતજ્ઞાન જ કુશ્રુતજ્ઞાન છે...'** નવ પૂર્વ સુધી ભણી જાય શ્રુતજ્ઞાન. લ્યો! પરલક્ષી શ્રુતજ્ઞાન કુશ્રુત છે. અને **'મિથ્યાદર્શનના ઉદય સાથેનું અવધિજ્ઞાન જ વિભંગજ્ઞાન છે...'** વિભંગજ્ઞાન. વિભંગ-ઉલટુજ્ઞાન. **'આ પ્રમાણે (જ્ઞાનોપયોગના ભેદોનાં) સ્વરૂપનું કથન છે...'** જ્ઞાનઉપયોગના ભેદોના-ભેદોના સ્વરૂપનું કથન છે એમ. ભેદ તો પાડયા હતા પાંચ.

એ રીતે મતિજ્ઞાનાદિ આઠ જ્ઞાનોપયોગનું વ્યાખ્યાન કરવામાં આવ્યું. હવે ભાવાર્થ. પ્રથમ તો નીચે પ્રમાણે પાંચ જ્ઞાનોનું સ્વરૂપ છે. **'નિશ્ચયનયે અખંડ-એક-વિશુદ્ધજ્ઞાનમય એવો આ આત્મા...'** સત્ય દૃષ્ટિથી તો ભગવાનઆત્મા નિશ્ચય એટલે સત્ય સાચું. એવી જે નયથી જોઈએ તો અખંડ-એક-વિશુદ્ધજ્ઞાનમય. પાઠમાં આવ્યું હતું વિશુદ્ધજ્ઞાન. એટલો શબ્દ વિશેષ કર્યો હતો જયસેનઆચાર્યમાંથી. અખંડ-એક-વિશુદ્ધજ્ઞાનમય એવો આત્મા. જુઓ! આ આત્મા આવો જ છે. નિશ્ચયથી, સાચી દૃષ્ટિથી, સત્યનયે જોઈએ તો અખંડ-એક-વિશુદ્ધજ્ઞાન છે પ્રભુ.

**'એવો આ આત્મા વ્યવહારનયે સંસારઅવસ્થામાં કર્માવૃત વર્તતો થકો...'** નિમિત્તમાં વર્તતો થકો. **'મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ હોતાં પાંચ ઈન્દ્રિયો અને મનથી મૂર્ત-અમૂર્ત વસ્તુને વિકલ્પરૂપે જે જાણે છે...'** લ્યો! વિકલ્પરૂપે-વિશેષરૂપે જાણે છે. **'તે મતિજ્ઞાન છે. તે ત્રણ પ્રકારનું છે...'** મતિજ્ઞાનના ત્રણ પ્રકાર પાડયા. જયસેનઆચાર્યની ટીકામાં છે એને અહીં જરી સમજાવ્યું છે. એક **'ઉપલબ્ધિરૂપ...'** એક **'ભાવનારૂપ...'** એક **'ઉપયોગરૂપ...'** તે આત્મામાં થતી મતિજ્ઞાનની દશાનાં ત્રણ પ્રકાર.

એક લબ્ધિ-પ્રાપ્તિરૂપ, એક ભાવનારૂપ, એક ઉપયોગરૂપ. વ્યાખ્યાઃ- **'મતિજ્ઞાનાવરણના ક્ષયોપશમથી જનિત અર્થગ્રહણશકિત (-પદાર્થને જાળવવાની શકિત) તે ઉપલબ્ધિરૂપ છે...'** લબ્ધિ કહો કે ઉપલબ્ધિ કહો. મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ થતાં જ જ્ઞાનની પર્યાયમાં નિર્મળ

પ્રાપ્તિ થવી તેને લબ્ધિ અથવા ઉપલબ્ધિ કહેવામાં આવે છે. વ્યવહાર લબ્ધિ એની. આ જ્ઞાનની પર્યાયનો ઉઘાડ એને અહીં લબ્ધિ કહેવામાં આવે છે. પ્રાપ્તિ એટલે લ્યો. બીજી કોઈ ચીજ એને પ્રાપ્ત થતી નથી. આ મતિજ્ઞાનની લબ્ધિ પ્રાપ્ત થાય છે. લ્યો! કહો, સમજાણું કાંઈ?

**'જાણેલાં પદાર્થનું પુનઃ પુનઃ ચિંતન તે ભાવના છે...'** આ કાળું છે, આ જ્ઞાન છે, આ દર્શન છે, આ આનંદ છે વગેરે. એવું જાણેલાં ભાવનું લબ્ધરૂપ થયેલામાં આ રીતે વારંવાર ચિંતન કરવું તેને ભાવના કહેવામાં આવે છે. **અને 'આ કાળું છે', 'આ પીળું છે...'** રંગનો દાખલો આપ્યો છે. **'ઈત્યાદિરૂપે અર્થગ્રહણવ્યાપાર (-પદાર્થને જાણવાનો વ્યાપાર) તે ઉપયોગ છે...'** મતિના ત્રણ પ્રકાર પાડયા. લબ્ધિ, ભાવના અને ઉપયોગ. આહાહા! કેટલું યાદ રાખવું આમાં? મુદત થોડી અને કામ ઘણું છે. અહીં તો ભાઈ જાણવા ને ભાળવાનું છે જ કયાં? એ તો બધો કેવળજ્ઞાનનો કંદ છે ને. સમજાણું કાંઈ? આહાહા!

ત્રણકાળ ત્રણલોકને તો જેમ કોળીયો કરીને પી જાય એવો તો ભગવાનઆત્મા છે. મોઢું મોટું ને કોળીયો નાનો. હેં? આહાહા! પણ એના કેવળજ્ઞાનના પેટ અથવા એના સ્વભાવના પેટ એટલા મોટાં છે કે ત્રણકાળ ને ત્રણલોકને તો એક સમયમાં જાણે છતાં અનંતગુણનું જાણવાનું બાકી રહી જાય છે. અનંતથી અનંતગુણો હોત તોપણ જાણત. જ્ઞાન કોને કહીએ! ભાવ-ભાવ એમ ભાવ ખ્યાલ આવવો જોઈએ. જેનો સ્વભાવ છે. જેનો સ્વ-પોતાની જાતનો ભાવ છે એ ભાવની મર્યાદા શું? ઓહોહો! એ ભાવ બધાને અટકયા વિના, રોકયા વિના બધાને જાણે એ તારી લબ્ધિ અને એ તારું સ્વરૂપ છે. આહાહા! સમજાણું કાંઈ?

એ ત્રણ પ્રકાર થયા. **'એવી જ રીતે તે (મતિજ્ઞાન) અવગ્રહ...'** કોઈપણ ચીજને પહેલી શરૂઆતમાં જાણવી, પછી વિચારવી, પછી નિર્ણય અવાય ને ધારણા. એવા ભેદો વડે પણ ભેદ પડે છે. બાકી કોષ્ઠબુધ્ધિ. કોષ્ઠ-કોઠામાં ચીજ હોય તો પડી રહે છે ને એવું જ્ઞાન જે કાંઈ જ્ઞાન આવ્યું તે તેમાં પડયું રહે, સચવાઈ રહે. જાય નહીં. એવી રીતે મતિજ્ઞાનની લબ્ધિનો ઉઘાડ અંદરમાં થાય છે. કહો, સમજાણું કાંઈ?

**'બીજબુધ્ધિ...'** થોડામાંથી ઘણું જાણે. એવું પણ મતિજ્ઞાનમાં કેવળજ્ઞાનને કહેવું હોય તે પણ મતિજ્ઞાન જાણી લ્યે. એવી એની તાકાત છે. સમજાણું કાંઈ? આવે છે ને મતિજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે. એવું આવે છે. ભગવાનઆત્મા આમ જ્ઞાનાનંદસ્વરૂપ એને પકડીને જે જ્ઞાન થયું તે મતિજ્ઞાન હવે કેવળજ્ઞાનને બોલાવે છે. એટલે કેવળજ્ઞાન અલ્પકાળમાં આવ એમ ભાવના ભાવે છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનને બોલાવે છે, કયાંક પડયું છે ને રાખજે. એમ નથી કહેતાં? એમ છે અંદરમાં પડયું છે ને આવજે પ્રગટ થાવ અલ્પકાળમાં એમ. એવી મતિજ્ઞાનની બીજબુધ્ધિમાં તાકાત છે. બીજબુધ્ધિ છે ને.

**'પદાનુસારીબુધ્ધિ...'** એક પદ સાંભળતાં ઘણા પદનું જ્ઞાન થઈ જાય. મતિજ્ઞાનનો એવો જ પ્રકાર છે ઉઘાડનો અંદર કે એક શબ્દ–પદ પડતાં ખ્યાલ બધા ઘણાનો આવી જાય. સમજાણું કાંઈ? એવી એની તાકાત છે.

**'સંભિન્નશ્રોતૃતાબુધ્ધિ...'** એકએક ઇન્દ્રિયે પાંચ ઇન્દ્રિયનું જ્ઞાન થાય. એ પગથી સાંભળે. એવી લબ્ધિ છે મતિની. હેં? આંખો બંધ હોય તો પગથી જુએ. એવો ઉઘાડ અંદર છે. સમજાણું કાંઈ? અને જે આંખ આ ઉઘાડી એમાંથી આંખથી જાણે છે. એમ નથી એમ કહે છે. આંહી તે આંખ ઉઘાડી એમાં તે જાણે બંધ હોય તો નથી જાણતો? જે જાણવાની પર્યાયમાં પર્યાયથી જાણે છે. કાંઈ આને લઈને જાણતો નથી. આ તો જડ છે. આનું અસ્તિત્વ તો તદ્ન જુદું છે. સમજાણું? **'સંભિન્નશ્રોતૃતાબુધ્ધિ એવા ભેદો વડે ચાર પ્રકારનું છે...'** સંભિન્ન, સમજાણું કાંઈ? એક એક ઇન્દ્રિયથી પાંચેયનું જ્ઞાન કરે. હેં? એક એક ઇન્દ્રિયથી બધું જ્ઞાન કરે એમ. નાકથી સાંભળે. નાકથી જ્ઞાન કરે. હા, એવી લબ્ધિ છે. મતિનો એવો પ્રકાર છે. સમજાણું કાંઈ?

એની લબ્ધિની શક્તિ. આહાહા! **'અહીં એમ તાત્પર્ય ગ્રહણ કરવું...'** હવે એનો સાર ગ્રહણ કરવાની વાત. **કે 'નિર્વિકાર શુધ્ધ અનુભૂતિ પ્રત્યે અભિમુખ જે મતિજ્ઞાન...'** લ્યો! હવે એનો સાર. નિર્વિકાર શુધ્ધ અનુભૂતિ પ્રત્યે અભિમુખ જે મતિજ્ઞાન. જે મતિજ્ઞાન આત્માના સ્વરૂપ સન્મુખની અનુભૂતિ કરે તે મતિજ્ઞાન યથાર્થપણે આદરણીય છે. પ્રગટ કરવાની અપેક્ષાએ. સમજાણું કાંઈ?

**'નિર્વિકાર શુધ્ધ અનુભૂતિ...'** ભગવાનઆત્માનો જે અનુભવ, આનંદનો જે અનુભવ, જ્ઞાનનો જે અનુભવ, સ્વભાવનો જે અનુભવ એમાં જે સન્મુખ અભિમુખ જે મતિજ્ઞાન. જે જ્ઞાન સ્વભાવની સન્મુખની અનુભૂતિ કરે તે મતિજ્ઞાન ખરેખર મતિજ્ઞાન છે. કહો, સમજાણું કાંઈ? આહાહા!

**'તે જ ઉપાદેયભૂત અનંત સુખનું સાધક હોવાથી નિશ્ચયથી ઉપાદેય છે...'** અનંત સુખનું સાધક છે. નિર્દોષ, નિર્વિકાર, શુધ્ધ અનુભૂતિ આત્માની. આહાહા! ભગવાનઆત્મા ધ્રુવ છે, શુધ્ધ છે. એને અનુસરીને અનુભૂતિ તેના સન્મુખનું થયેલું જે જ્ઞાન તે મતિજ્ઞાન તે નિશ્ચયથી આત્માના અતીન્દ્રિય આનંદનું સાધક હોવાથી તે મતિજ્ઞાન આદરણીય છે. કહો, સમજાણું કાંઈ?

આ સંસારના જ્ઞાન સામે આ બધા ચોપડા ને આ વકીલાતના ને આ બધા. જે ભગવાનઆત્માનો અનુભવ કરે તેના સન્મુખ જે જ્ઞાન થાય તે આત્માનું મતિજ્ઞાન કહેવામાં આવે છે. જેના ઘરનું તેના ઘરે જાય. જ્ઞાન તો ઘરની વસ્તુ પોતાની છે. એના સન્મુખ થઈ ઓલું અભિમુખ શબ્દ હતું પહેલું ને. આભિનિબોધિક શબ્દ હતો ને એટલે ખુલાસો કર્યો. આભિનિબોધિક મતિ ને કહેતા હતા. આભિનિબોધિક એટલે અનુભવ પ્રત્યે અભિમુખ એમ. સમજાણું કાંઈ?

રાગને વેદે, વિષયની વાસનાને વેદે એ કાંઈ મતિજ્ઞાન નથી કહે છે. એ તો અજ્ઞાનપણેથી અનાદિનું

જે વેદન છે એ મતિજ્ઞાન નહીં. આહાહા! ભગવાન નિર્દોષ આત્માની અનુભૂતિ, આનંદનું વેદન એની સન્મુખની જે મતિ તે ખરેખર આદરણીય અને ઉપાદેય છે. સમજાણું કાંઈ? સરવાળો તો આ છે ને. ધ્રુવસ્વરૂપ ભગવાન એની સન્મુખનું આભિમુખ થયેલું અભિમુખ, એની અભી સન્મુખ થયેલું. એની અભિમુખ થયેલું. બહારથી વિમુખ થયેલું. સમજાણું કાંઈ?

જે જ્ઞાનની દશા સ્વભાવ સન્મુખ થઈ છે. અને શુધ્ધ નિર્વિકારી અનુભૂતિના સન્મુખની દશા તે મતિજ્ઞાનને આદરણીય અને ઉપાદેય ગણવામાં આવે છે. **'તેના સાધનભૂત બહિરંગ મતિજ્ઞાન...'** આ શાસ્ત્રનું જ્ઞાન આદિ. નિમિત્ત - નિમિત્ત. **'તેના સાધનભૂત...'** એટલે નિમિત્તરૂપ. **'બહિરંગ મતિજ્ઞાન તો વ્યવહારથી ઉપાદેય છે...'**

મુમુક્ષુ :- ઉપાદેય!

ઉત્તર :- ઉપાદેય એટલે નિમિત્ત.... ઉપાદેય વ્યવહારથી જાણવા લાયક છે એમ. આદરવાલાયક છે આ. એને આદર...... આનો આદર....ઉપચાર ત્યાં આરોપ કર્યો. શાસ્ત્રજ્ઞાનને વ્યવહારે ઉપાદેય છે એમ કહે છે.

મુમુક્ષુ :- ઉપાદેય નથી એમ કીધું.

ઉત્તર :- ના ના ઉપાદેય નથી એને ઉપાદેય કહેવું એનું નામ વ્યવહાર છે. આહાહા! દુનિયાની બુધ્ધિ તો કયાંય રહી ગઈ. દુનિયાના ડહાપણ કયાં રહી ગયા, જોવા લઈ ગયા હતા. જીપમાં બેસાડીને. મલ્હારગઢ... જોયું કયાં કયાં શું છે. જોનાર પોતાને જોવે તે જ્ઞાનને જ્ઞાન થાય છે. છે પોતાથી. એને આ નિશ્ચયથી સ્વસન્મુખ થયેલાં આવે છે. છે તો હેય. આહાહા! પુરાણમાં આમ છે, ઢીકણામાં આમ છે, આમાં આમ છે, જોવો આ - જો આ - આ ઠેકાણે આમ કહ્યું છે. શું છે પણ હવે તારે?છે શું? હેં? હા, પુરાણમાં. બધે કર્યું છે. પણ તારા ઠેકાણે તારું જ્ઞાન ન આવે ત્યાં સુધી જ્ઞાન કહેવામાં આવતું નથી. સમજાણું કાંઈ? તારા નવ પૂર્વના ભણેલાં જ્ઞાન ધૂળ ધાણી ને વા પાણી છે. સમજાણું કાંઈ? આહાહા!

નવ પૂર્વમાં તો કેટલું જાણપણું? હાથી ઊભા રહે ને શાહી એટલી હોય એ શાહીથી લખે તો લખાય નહીં. એટલું નવ પૂર્વનું (જ્ઞાન!) પણ કહે છે કે એ બધું હેય છે. એને વ્યવહારે નિશ્ચયે આ ઉપાદેય મતિ સ્વ-પરનું સન્મુખ થઈ છે, એવા જીવને માટે આ જ્ઞાન ને વ્યવહારે નિમિત્ત તરીકે સાધક કહેવામાં આવે છે. આહાહા! મગનભાઈ! આહાહા! અમારા તો પ્લેટફોર્મ ઉપર રાખશો નહીં. આને પ્લેટફોર્મ ઉપર રાખજો. વધી ગયા. હવે સાંભળને! તને ખબર પડે શું કહેવાય એ? એય શેઠ! બાપુ! આહાહા!

જેના ઘરમાં ભરેલું છે જ્ઞાન એવા જ્ઞાનની સન્મુખ થયો, અભિમુખ થયો, એનો આશ્રય લીધો. તે જ્ઞાનને જ્ઞાન શાસ્ત્રથી સારમાં કહેવામાં આવે છે એમ કહે છે. સમજાણું કાંઈ? જુઓ! એ જયસેનઆચાર્ય

દરેકમાં કાઢે છે ને શબ્દાર્થ, નયાર્થ, ભાવાર્થ કાઢે છે ને. **'તેના સાધનભૂત બહિરંગ મતિજ્ઞાન તો વ્યવહારથી ઉપાદેય છે...'** શાસ્ત્રના જ્ઞાન, ભણતર એ તો વ્યવહારે ઓલો નિશ્ચય હોય તો હો. નહીંતર તો એ વ્યવહાર પણ નથી. આહાહા! એ મતિની વાત કરી. લ્યો!

**'તે જ પૂર્વોક્ત આત્મા, શ્રુતજ્ઞાનાવરણનો ક્ષયોપશમ હોતાં,** હવે શ્રુતની વાત. **મૂર્ત-અમૂર્ત વસ્તુને પરોક્ષરૂપે જે જાણે છે તેને જ્ઞાનીઓ શ્રુતજ્ઞાન કહે છે. તે લબ્ધિરૂપ અને ભાવનારૂપ છે તેમ જ ઉપયોગરૂપ અને નયરૂપ છે.** ચાર પ્રકાર છે. શ્રુતજ્ઞાનમાં ચાર પ્રકાર. **'ઉપયોગ' શબ્દથી અહીં વસ્તુને ગ્રહનારું પ્રમાણ સમજવું...'** આત્મપ્રમાણ છે ને ઉપયોગથી જવાબ દયે છે ને. લબ્ધિ એટલે ઉઘાડ, ભાવના એટલે વારંવાર ચિંતન, ઉપયોગ એટલે પ્રમાણજ્ઞાન અને નય એટલે એક અંશનું જ્ઞાન એમ લેવું. ઓલામાં ઉપયોગનો અર્થ કર્યો હતો કે અર્થગ્રહણ વ્યાપાર. અહીં ઉપયોગનો અર્થ આમ લેવો કહે છે. વસ્તુને આખું જ્ઞાન પ્રમાણ સમજવું.

**'આખી વસ્તુને જાણનારું જ્ઞાન સમજવું. અને નય શબ્દથી વસ્તુના (ગુણપર્યાયરૂપ) એક દેશને ગ્રહનારો એવો જ્ઞાતાનો અભિપ્રાય સમજવો...'** નય એક ગુણને એક પર્યાયને જાણનારો ભાવ. કે એક ભાગને જાણનારો ભાવ તેને નય કહીએ. આખી ચીજને જાણનારું જ્ઞાન તેને પ્રમાણ કહીએ. આખી ચીજને જાણનારું જ્ઞાન તે પ્રમાણ. દ્રવ્યગુણ ને પર્યાય આખી. અને એના એક ભાગને જાણનારું જ્ઞાન તેને નય કહીએ. તે પણ છે તો ઉપયોગાત્મક નય. પણ અંશરૂપ ઉપયોગ છે. ઓલો આખા અંશીના પ્રમાણરૂપ ઉપયોગ છે. આરે! આરે! નય છે એ ઉપયોગરૂપ છે. પણ એક ભાગના જાણવાવાળો ઉપયોગ છે. અને જે આ ઉપયોગ જે કીધો એ આખી ચીજને આખી જાણે પૂરી. પોતાની આખી ચીજને જાણે તેને પ્રમાણજ્ઞાન કહે છે. સમજાણું કાંઈ?

**'અહીં એમ તાત્પર્ય ગ્રહણ કરવું કે વિશુધ્ધજ્ઞાનદર્શન જેનો સ્વભાવ છે એવા શુધ્ધ આત્મતત્ત્વનાં...'** વિશુધ્ધજ્ઞાનદર્શન ભગવાનઆત્માનો સ્વભાવ છે, કાયમી. **'એવા શુધ્ધ આત્મતત્ત્વનાં સમ્યક્ શ્રધ્ધાન...'** તેવા આત્માનું સમ્યક્ શ્રધ્ધાન. ભગવાન પૂર્ણાનંદનો નાથ છે. તેનું વિશુધ્ધજ્ઞાનદર્શન જેનું કાયમી સ્વરૂપ છે. **'એવા શુધ્ધ આત્મતત્ત્વનું સમ્યક્ શ્રધ્ધાન-સમ્યક્જ્ઞાન અને અનુચરણ...'** એટલે આચરણ **'અભેદરત્નત્રયાત્મક જે ભાવશ્રુત...'** લ્યો!

આ અભેદ રત્નત્રયને ભાવશ્રુત કહ્યું. ભાવશ્રુતને જૈનશાસન કહ્યું પંદરમી ગાથામાં. 'પસ્સઈ જિનશાસનં' એ શાસન છે.

મુમુક્ષુ :- આઠમાની વાત છે.

ઉત્તર :- અહીં ચોથાની વાત છે. આઠમાની ક્યાં વાત છે હજી. ચોથું કોને કહેવું એની ખબર ન મળે. ચોથું એટલે ભગવાન થઈ ગયો દ્રવ્ય દૃષ્ટિએ. સમજાય છે? પર્યાયમાં તો આવ્યા વિના રહેશે નહીં.

પણ હવે ખબર ન મળે શું થાય? અનંતા અનંતા ગુણોનો પિંડ પ્રભુ! સમજાણું કાંઈ?

એનો એકાદ ગુણનો અંશ વિકાસ પામે તો એ ગુણને ગુણનો વિકાસ કહેતાં જ નથી. સમજાણું કાંઈ? આત્મા અનંત ગુણનો પિંડ અનંતા અનંતનો, તેની દૃષ્ટિ વિના અનંતા અનંત ગુણની એક સાથે પર્યાય વ્યકતપણે શુધ્ધ પ્રગટ ન થાય. અને એના વિના જેટલા ગુણની કોઈ નમ્રતા, કોઈ કષાય મંદતા, કોઈ રાગની પર્યાય આવે. એ પર્યાય બધી મિથ્યાજ્ઞાનની પર્યાય છે. આહાહા! કેમ કે વસ્તુ આખી અનંત ગુણના અનંતા અનંત ગુણનો પિંડ તેનો તો આશ્રય છે નહીં. એકાદ ગુણમાં અંદરમાં કોઈ નમ્રતા પ્રગટી, કોઈ કષાય મંદ પ્રગટયો, કોઈ જ્ઞેય આવ્યો, કોઈ ફલાણું આવ્યું. એ વસ્તુ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ?

અહીંયા તો રત્નત્રયાત્મક ભગવાનઆત્મા ત્રિકાળી જે વિશુધ્ધદર્શન સ્વરૂપ એની શ્રધ્ધા, જ્ઞાન ને ચારિત્ર એવું ભાવશ્રુતજ્ઞાન એવું ભાવશ્રુતજ્ઞાન. આહાહા! **'તે જ ઉપાદેયભૂત...'** આદરણીય **'પરમાત્મતત્ત્વનું સાધક હોવાથી...'** ઓલામાં અનંત સુખનું સાધક હોવાથી કહ્યું હતું મતિમાં. અહીં **'પરમાત્મતત્ત્વનું સાધક હોવાથી નિશ્ચયથી ઉપાદેય છે...'** એ સર્વજ્ઞનું સાધક આ શ્રુતજ્ઞાન છે. મગનભાઈ! ઝીણી તો વાત પડી આજ બધી. આખો કલાક બધો. જાણવાની વાત બધી. **'પરંતુ તેના સાધનભૂત બહિરંગ શ્રુતજ્ઞાન તો વ્યવહારથી ઉપાદેય છે...'** નિશ્ચયથી આ ઉપાદેય છે ત્યાં શાસ્ત્રજ્ઞાન હોય તો એને વ્યવહારે નિમિત્ત તરીકે ગણીને સાધનનો આરોપ કરીને સાધન કહ્યું. સાધન નથી એને સાધન કહેવામાં આવે છે. આવું શ્રુતજ્ઞાનનું અંતરમાં સ્વરૂપ છે. એને બરાબર જાણીને તે પ્રગટ કરવું જોઈએ.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૪૩ ગાથા - ૪૧.
## પોષ સુદ - ૧૩ મંગળવાર, તા. ૨૦/૧/૭૦

જીવાસ્તિકાયનું વર્ણન છે. જ્ઞાનઉપયોગની વ્યાખ્યા ચાલે છે. આત્મામાં આભિનિબોધિકજ્ઞાન જે જ્ઞાન સ્વભાવ સન્મુખ થઈને નિર્વિકાર શુધ્ધ ચૈતન્યની પરિણતિપણે પરિણમે એને અહીંયા મતિજ્ઞાન કહેવામાં આવે છે. આ તો એ આવ્યું. જુઓ! અભિબોધ સન્મુખ. શું કરવું? પ્રશ્નો આવ્યા હતા. આજ પાછા ઘણી વાર. આભિનિબોધિક આવ્યું હતું ને કાલ.

**'નિર્વિકાર શુધ્ધ અનુભૂતિ પ્રત્યે અભિમુખ જે મતિજ્ઞાન...'** લ્યો! સીત્યોતેર પાનું મોટા

પેરેગ્રાફમાં છેલ્લી લીટી. નિર્વિકાર શુધ્ધ અનુભૂતિ પ્રત્યે અભિમુખ. જાણીને, ઓળખીને, વિચારીને કરવાનું છેલ્લું આ છે. નિર્વિકારી આત્મા શુધ્ધ ચૈતન્ય એની અનુભૂતિ. પરમાનંદ સ્વરૂપ આત્મા એની નિર્વિકારી અનુભૂતિ એ સ્વભાવ સન્મુખ થયેલું મતિજ્ઞાન. તે જ આદરણીય છે. સમજાણું કાંઈ?

બાકી બાહ્યના જ્ઞાનો શાસ્ત્ર આદિના છે એ વ્યવહારે નિમિત્ત તરીકે કહેવામાં આવ્યા. વસ્તુ આ સ્થિતિ છે. આત્માનો જ્ઞાન પર્યાય, વસ્તુ સ્વભાવ સન્મુખ થઈ અને જે નિર્વિકારી અનુભૂતિ થાય તે મતિજ્ઞાન તે મોક્ષનું સાધક. કહો, સમજાણું કાંઈ? શ્રીમદ્‌માં આવે છે ને મોક્ષનો ઉપાય. મોક્ષ ઉપાય સુધર્મ. સુધર્મ કહ્યો છે ને. આત્મા છે તે નિત્ય છે, છે કર્તા નિજકર્મ. છે ભોકતા વળી મોક્ષનો, મોક્ષ ઉપાય સુધર્મ. મોક્ષ ઉપાય સુધર્મ. સુધર્મ એટલે શું?

એ અંદર આત્મા સન્મુખ થઈને સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર પ્રાપ્ત કરવું એનું નામ સુધર્મ છે. સમજાણું કાંઈ? હેં? એમ કહ્યું હતું. કહ્યું છે ને શબ્દ વાપર્યો છે. જુઓને મોક્ષ ઉપાય સુધર્મ. પહેલું કહ્યું ને કે પાંચે ઉત્તરથી થઈ આત્મા વિષે પ્રતીત. થાશે મોક્ષ ઉપાયની સહજ પ્રતીત એ રીત. જેને આત્મા છે, ત્રિકાળી નિત્ય છે, એ અજ્ઞાનપણે રાગ-દ્વેષનો કર્તા, જ્ઞાનપણે આનંદ ને શાંતિનો કર્તા, અજ્ઞાનપણે દુઃખનો ભોકતા, જ્ઞાનપણે આનંદનો ભોકતા. અને તેની મુકિત પૂર્ણાનંદની પ્રાપ્તિ મુકિત થાય છે. એવા પાંચ બોલનો જેને અંતર નિર્ણય આત્મા વિષે પ્રતીત એમ કીધું છે ને. મન દ્વારા એમ નહીં. લોકો વિચારતા નથી. સમજાય છે?

આત્મા વિષે પ્રતીત થાશે મોક્ષ ઉપાયની. એને મોક્ષનો ઉપાય જે સુધર્મ, સ્વભાવ સન્મુખ જે દર્શન, જ્ઞાન ને ચારિત્રની પર્યાય તેને અહીં સુધર્મ કહ્યો છે. એ જ મોક્ષનો ઉપાય છે. અને નિશ્ચય પર્યાય છે વીતરાગી તે મોક્ષનો ઉપાય છે. વ્યવહાર બહેવાર વિકલ્પ છે એ મોક્ષનો ઉપાય નથી. એમ કહ્યું. લ્યો! એમાં પણ આવ્યું કે નહીં એમાં? ભગવાનની ભકિત પણ મોક્ષનો ઉપાય છે એમ નથી કહ્યું એમાં. સુધર્મ કહ્યો છે. એમાં નથી આવતું એ. તેથી લોકોને ઠીક પડે છે ને મુકિત નહીં ને ભકિત નહીં એટલે એ ઠીક (પડે) ઘણાને એમ ઓલા સામાવાળાને ઠીક પડે, મૂળથી ચોખવટ એમાં આવે નહીં કાંઈ.

અહીં કહે છે જે જ્ઞાન આત્માને પોતાના આનંદ સહિત મતિજ્ઞાનની દશા ઉત્પન્ન થાય તે જ આદરણીય અને તે જ મોક્ષનો ઉપાય છે. આમ છે. સમજાણું કાંઈ?

શાસ્ત્રજ્ઞાન કે બાહ્યજ્ઞાન એ કાંઈ મોક્ષનો ઉપાય નથી. શ્રુતજ્ઞાનમાં પણ એ આવ્યું છેલ્લું. ભાવશ્રુત તે જ ઉપાદેય છે, દેખો. **'વિશુધ્ધજ્ઞાનદર્શન જેનો સ્વભાવ છે...'** ભગવાનઆત્મા જેનું કાયમનું સ્વરૂપ નામ સ્વભાવ નામ ભાવ. વિશુધ્ધજ્ઞાનદર્શન જેનો સ્વભાવ એવો આત્મા. **'એવા શુધ્ધઆત્મતત્ત્વનાં સમ્યક્ શ્રદ્ધાન...'** લ્યો! અહીં તો નિશ્ચય છે. **'સમ્યક્‌જ્ઞાન ને સમ્યક્ અનુચરણરૂપ અભેદરત્નત્રયાત્મક જે ભાવશ્રુત...'** એમ કીધું હતું એમ. વ્યવહારરત્નત્રયની આમાં

તો વાત પણ લીધી નથી. એ તો વિકલ્પ છે. ભગવાનઆત્મા પોતાના પરમ નિધાનની સંભાળ કરતાં જે શાંતિ ને સમ્યક્જ્ઞાન સુખનું પ્રગટ થાય તે જ પરમાત્મતત્ત્વનું સાધક છે. તે ભાવશ્રુતજ્ઞાન પરમાત્મતત્ત્વનું સાધક છે. મગનભાઈ! નિશ્ચયથી તે ઉપાદેય છે. આહા! ભારે વાત!

જેને આત્માની શાંતિ મેળવવી હોય. આનંદની પ્રાપ્તિ કરવી હોય એટલે કે મુકિત. દુઃખથી મુકત અને આનંદની પૂર્ણની પ્રાપ્તિ. એનું નામ મુકિત એ મુકિતના સ્વરૂપનું સાધક, પરમાત્મતત્ત્વનું સાધક, વિશુધ્ધ વિશુધ્ધદર્શનજ્ઞાન આત્મા સ્વભાવવાળો એની અંતર સન્મુખ શ્રધ્ધા, જ્ઞાન ને ચારિત્ર એ અભેદ રત્નત્રય એટલે પર્યાયનું અભેદપણું દ્રવ્યમાં થાય તે પર્યાયને મોક્ષના કારણરૂપ ભાવશ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. ભારે વાત! ઝીણું ભારે! બહારની વાતે કાંઈ પત્તો ખાય એવું નથી.

ત્યાં સુધી તો આવ્યું છે. મતિ ને શ્રુત. હવે **'આ આત્મા, અવધિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ હોતાં મૂર્ત વસ્તુને જે પ્રત્યક્ષપણે જાણે છે તે અવધિજ્ઞાન છે...'** અવધિજ્ઞાનની વ્યાખ્યા. **'તે અવધિજ્ઞાન લબ્ધિરૂપ અને ઉપયોગરૂપ એમ બે પ્રકારે છે...'** સમ્યગ્દષ્ટિને અવધિજ્ઞાન હોય છે. છ ખંડના ધણી ભરત ચક્રવર્તીને પણ અવધિજ્ઞાન હતું. છ ખંડનું રાજ, જેને ઘરે છન્નું હજાર તો સ્ત્રીઓ. અને બોંતેર હજાર પાટણ, નગર અડતાલીસ હજાર નગર. એ વગેરે. છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ. જ્યાં જ્યાં હતા ત્યાં એમ. એના નહોતા એમ કહેવું છે. હેં? એને ઘરે હતા. જ્યાં હતા ત્યાં હતા. પણ બહારમાં સંયોગ તરીકે એટલી સમૃધ્ધિ હોવા છતાં ભરતને અવધિજ્ઞાન હતું. શોભાલાલજી! આહાહા!

આત્મા છે ને, આત્મા છે ને. મોટો ભંડાર ભરેલો છે ને આનંદથી. કહે છે કે એ અવધિજ્ઞાન પ્રાપ્ત થાય છે એ લબ્ધિરૂપ છે. અને જ્યારે જોવાને ઉપયોગ મુકે એ ઉપયોગરૂપ એના બે પ્રકાર કહેવામાં આવે છે. તીર્થંકરો આદિ તો ત્રણ જ્ઞાન લઈને જ અવતરે છે. સમજાણું કાંઈ? ભલે રાજમાં પડયા હો. ત્રણ જ્ઞાન છે. સમજાણું? નેમિનાથભગવાન ત્રણ જ્ઞાન લઈને આવ્યા હતા. શ્રી કૃષ્ણ અને વાસુદેવથી નાના હતા. લડાઈમાં ગયા હતા. સાથે આવ્યા હતા. રથ લઈને સાથે ગયા હતા. અવધિજ્ઞાન તો છે. ખબર નથી એને? ઉપયોગ મુકે તો ખબર છે કે આ ઠેકાણે આ વખતે જીતાશે અને જરાસંઘ મરશે. સમજાણું કાંઈ? એ કાંઈ ઉપયોગ વારંવાર મુકે છે? છે અંદર જ્ઞાનની એક એવી દશા વૃધ્ધિની. કે મતિશ્રુતજ્ઞાન તો સાધકપણે મોક્ષના કારણરૂપ છે અને આ તો એક અંદર વૈભવરૂપ છે. સમજાણું કાંઈ? એ ન હોય તો કાંઈ મોક્ષનું સાધકપણું અટકતું નથી. પણ અંતર એક આત્માનો એવો વૈભવ પ્રગટ થાય છે કે જે અવધિ એટલે મર્યાદિત જાણે.

લબ્ધિરૂપ એટલે ઉઘાડરૂપ, શકિતની વ્યકતરૂપ અને ઉપયોગ એના વ્યાપારરૂપ. બે પ્રકારે. **'અથવા અવધિજ્ઞાન દેશાવધિ...'** એટલે થોડું અવધિ. **'પરમાવધિ...'** એટલે પૂરું ઘણું અવધિ. અને

**'સર્વાવધિ...'** એટલે પૂરું અવધિ. પરમઉત્કૃષ્ટ અવધિ અને સર્વાવધિ. એવા ભેદો વડે ત્રણ પ્રકારે. એમાં પરમાવધિ અને સર્વાવધિ કોને થાય? જુઓ! **'પરમાવધિ અને સર્વાવધિ ચૈતન્યના ઉછળવાથી..'** ચૈતન્ય ભગવાન જ્ઞાનથી ભરેલો જેમ દરિયો. જળથી ભર્યો ને જેમ ઉછળે. અને ભરતીમાં આવે પાણી. એમ ચૈતન્યના મધ્યબિંદુમાં જે મહા અનંત અનંત સ્વભાવનું બિંદુ ચૈતન્યશક્તિ જે સત્વ પડ્યું છે. એના ઉછળવાથી ઉછળ્યો કહે છે અંદરથી. સમજાણું કાંઈ?

એવા **'ભરપૂર આનંદરૂપ પરમસુખામૃતના રસાસ્વાદરૂપ સમરસીભાવે પરિણત ચરમદેહી તપોધનોને હોય છે...'** એમ કહે છે. છેલ્લો જેને દેહ હોય છે. એને આવું સર્વાવધિ અને પરમાવધિ હોય છે. જેને અંદરથી આત્મા ઉછળી ગયો છે. આહાહા! સમજાણું કાંઈ? શકિતનો સાગર ભગવાન એની પર્યાયમાં ઉછળી ગયો છે કહે છે. આ તો વીતરાગતા બતાવે છે હો, આવા મુનિને અવધિજ્ઞાન હોય છે એટલું. એટલું કહેવું છે. અવધિજ્ઞાન આ રીતે થાય છે એમ નથી કહેવું. એ એનું કાંઈ નહીં. એ થાય આને. પણ કોને? આવાને થાય એમ કહે છે. ચરમશરીરી આવો જે હોય એને હોય એટલું અહીં બતાવવું છે. સમજાણું કાંઈ?

**'પરમાવધિ અને સર્વાવધિ ચૈતન્યના ઉછળવાથી...'** આહાહા! ચૈતન્ય ઉછળ્યો, કહે ઓલા આ શું હશે? ભગવાન ચૈતન્ય પ્રભુ. જેમ ફુવારાને આમ દાબે છે ને અંદરથી પાણી નીકળે છે ને. એમ ભગવાન ચૈતન્યના રસથી ભરેલો છે. એને એકાગ્રતાના દબાણથી પર્યાયમાં ચૈતન્ય ઉછળે છે. આહાહા! સમજાણું કાંઈ? **'ભરપૂર આનંદરૂપ પરમસુખામૃતના રસાસ્વાદી...'** અતીન્દ્રિય આનંદના રસીલા સંતોને એમ કહે છે. આહાહા! આ છદ્મસ્થ છે હો! છદ્મસ્થની વાત ચાલે છે ને આ. અવધિજ્ઞાનીની વાત ચાલે છે ને આ. આહાહા! પરમઆત્માના સુખામૃત આનંદસ્વરૂપ પ્રભુ! એના અમૃતના રસીલા સ્વાદી આત્માઓને **'સમરસીભાવે પરિણત...'** પણ પાછું વીતરાગભાવે પરિણત એમ. જુઓ! મુનિ. આહાહા!

જેને વીતરાગભાવે અપ્રમત્તદશા પરિણમી છે. થઈ છે. સમજાણું કાંઈ? એવી વીતરાગદશા થઈ. ભલે છઠ્ઠે હો. **'ચરમશરીરી તપોધનોને હોય છે...'** જેને છેલ્લો દેહ હોય તેને સર્વાવધિ અને પરમાવધિ હોય છે. મુનિને જ હોય છે. એમ કહેવું છે. ગૃહસ્થાશ્રમમમાં એવું હોય શકે નહીં.

મુમુક્ષુ :- ભગવાનને તો ગૃહસ્થાશ્રમમાંથી.

ઉત્તર :- એ પરમાવધિ, સર્વાવધિ નહોતું. દેશાવધિ (હતું). પરમાવધિ અને સર્વાવધિની વાત ચાલે છે ને. ગૃહસ્થાશ્રમમાં ભગવાનને પરમાવધિ અને સર્વાવધિ ન હોય. દેશઅવધિ હતું. **'ત્રણે પ્રકારના અવધિજ્ઞાનો વિશિષ્ટ ખાસ સમ્યક્ત્વાદિ ગુણથી નિશ્ચયે થાય છે...'** લ્યો! સમરસીભાવે અંદર પરિણત છે ને. વીતરાગભાવે પરિણત એવા ચરમદેહી તપોધનોને હોય છે. તપરૂપી આનંદરૂપી જેને

ધન છે, મહાસંત છે. નગ્ન દિગમ્બર બાહ્યથી (હોય છે). અંતરમાં આનંદની જેને ઉછાળ મારી છે. આનંદ પર્યાયમાં આવીને પછાડ ખાય છે. સમજાણું કાંઈ? આહાહા!

એવા તપોધનોને, એ અસ્તિ છે આવું જીવાસ્તિકાય એમ કહે છે. જીવના હોવાપણામાં આવી દશા સંતોને હોય છે એવું જીવાસ્તિકાય તત્ત્વ છે. એમ સિધ્ધ કરે છે. સમજાણું કાંઈ? એ વિશિષ્ટ સમકિત આદિ ગુણથી એટલે નિશ્ચય સમકિત આદિ એમ. વિશિષ્ટ એટલે ખાસ. આત્મા પૂર્ણ શુધ્ધ ચૈતન્ય ધ્રુવની અંતરની પ્રતીત સ્વભાવ સન્મુખમાં પ્રસરીને, શ્રધ્ધાને ધ્રુવમાં પ્રસરાવીને જે નિશ્ચય સમકિત, નિશ્ચય જ્ઞાન ને નિશ્ચય ચારિત્ર હોય છે. એવા ગુણથી નિશ્ચયે થાય છે. લ્યો! એવાને આ ત્રણ પ્રકારના અવધિજ્ઞાન થાય છે. ઓલા દેશાવધિ સંસારમાં પણ થાય છે. પણ એ, આવા સમકિત આદિ ગુણ હોય એને.

**'દેવો અને નારકોને થતું ભવપ્રત્યયી...'** એ તો ભવપ્રત્યયી છે. દેવ અને નારકી થાય એટલે એને અવધિ હોય જ તે.**'અવધિજ્ઞાન તે નિયમથી દેશાવધિ જ હોય છે...'** તે થોડું છે એમ કહે છે. દેશાવધિ છે. **'આ આત્મા મનઃપર્યયજ્ઞાનાવરણનો ક્ષયોપશમ હોતાં...'** હવે ચોથું મનઃપર્યયજ્ઞાન. એ આત્માના જ્ઞાનગુણની પાંચ પર્યાય. ચૈતન્ય વસ્તુ એના ચૈતન્ય જ્ઞાન ગુણ એની પાંચ પર્યાય. આ એની ૠધ્ધિ. એના અસ્તિત્વમાં હોય છે. એમ સિધ્ધ કરે છે. આહાહા! સમજાણું?

આ પૈસાના ઢગલા ને ગણતરી ગણતા નથી? ગણે છે કે નહીં? કે અમારી પાસે સાંઈઠ લાખ છે ને સીંતેર લાખ છે ને એંસી લાખ છે ને, ધૂળ લાખ છે ને. આંકડા ગણે મોટા મોટા. ધૂળ છે. ઓલો દિલીપ કહેતો હતો. પૈસા તો કહે ધૂળ છે. દાદાને કહે ને ધૂળ છે. કયાં ગયા જાદવજીભાઈ? નથી? હં... પાલિતાણા છોકરાવ ગયા સવારે. આવ્યા હશે ત્રણ વાગ્યે. કહો, સમજાણું? પૈસા તો ધૂળ છે. ધૂળ હશે? એ જીતુ? હેં? પણ વાસ્તવિક નજરમાં શું હોય ત્યારે? પરમાણુનું દળ જડ છે.

ખરેખર તો સકળ જગત છે એંઠવત. આખી દુનિયા એંઠ છે. એવા અનંતવાર સંયોગો આવીને છૂટી ગયા. એંઠ સમજો છો ને ? જુઠા. સકળ જગત છે એંઠવત, અથવા સ્વપ્ન સમાન, તે કહીએ જ્ઞાની દશા, બાકી વાચા જ્ઞાન. આખી દુનિયા એંઠ છે. પરમાણુના એક રજકણથી માંડી, રજકણ કે ૠધ્ધિ વૈમાનિક દેવની, સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો. એ તો પુદ્ગલ છે. હીરા ને માણેક ને ચોસઠ ગુણા હારને ચક્રવર્તીને હોય છે. સમજાણું કાંઈ? ચકદા ચોડેલા હીરા માણેક્ના ને આમ આમ. એક જ હાર પહેરે તો આખું હૈયું છાતી ઢંકાઈ જાય. એક જ. પણ છે તો બધા પુદ્ગલના ઠાઠ છે, જડના, માટીના શણગાર છે. આહાહા!

ભગવાન કહે છે કે જેણે એની મમતા છોડી છે, અને જેણે આત્માના મુનિપણાની દશા પ્રગટ કરી છે એને આ મનઃપર્યયજ્ઞાન હોય છે. સમજાણું કાંઈ? એ મનઃપર્યયજ્ઞાન ગૃહસ્થાશ્રમમાં હોતું નથી. કહો એમાં આવે છે ને આ. ઉપાસકમાં શ્વેતાંબરમાં. આણંદ(શ્રાવક)ને અવધિજ્ઞાન થયું હતું. સમાધિ મરણ

વખતે. વીસ વર્ષે. વીસ વર્ષ સુધી શ્રાવકપણું પાડયું. છેવટે સંથારો કર્યો હતો. આણંદશ્રાવક શ્વેતાંબરમાં છે. આણંદ પહેલાં છે. .......એવા નીકળ્યા છે, એણે સાંભળ્યું કે આણંદે સંથારો કર્યો છે. લાવને જાવ! હેં? વંદન કરવા શું જાય? કરાવવા. .. એમ કે જાવ હું જોઉં. કેમ છે? જાય છે ત્યાં કહે શેઠ સાહેબ મને અવધિજ્ઞાન થયું છે, આણંદ કહે છે. ત્યારે ગૌતમ કહે છે કે એવું અવધિજ્ઞાન તને કેટલા પ્રમાણમાં ગૃહસ્થાશ્રમમાં ન હોય. કહો ગણધરને હજી ખબર નથી. માટે આણંદજી તમે પ્રાયશ્ચિત લ્યો! પ્રભુ! સાચાનું પ્રાયશ્ચિત કે ખોટાનું? એમ આણંદ પૂછે છે, આણંદશ્રાવક. ખોટાનું તો પ્રાયશ્ચિત મને ન હોય. બસ એટલું... લ્યો! એ વાત બધી કલ્પિત બનાવેલી છે.

ગણધર જેવાને પણ ખબર નથી. અહીં તો સાધારણને પણ કહે છે કે દેશાવધિ આંહી હોય, પરમાવધિ આંહી હોય, સર્વાવધિ આંહી હોય. એ પછી ત્યાં ભગવાન પાસે જાય છે. આહાર મુકે છે કે મહારાજ આમ થયું. મારે શું? જા....... અરે! મુનિની એ દશા હોય? આહાર લઈ પાત્રામાં બે અધમણ ઉપાડવા મજૂરની જેમ. હેં? આ મજૂરની જેમ ઉપાડે ને ભાર એ મુનિને હોય નહીં. ભાઈ! તને ખબર નથી. મુનિ તો હળવા ફુલ જેવા છે. જેને ત્રણ કષાયનો નાશ થયો છે. બહારમાં આમ નગ્ન દશા છે. એક મોરપીંછી, કમંડળ ઉપકરણ છે. બીજું એને હોય શકતું નથી. દીક્ષામાં આહાર હાથમાં લ્યે છે. અને તે ગણધરને એટલી ભૂલ આની વીસ વર્ષના શ્રાવકને આવું અવધિજ્ઞાન ન હોય. પછી માફી માગે છે. ત્યારે ઓલો કહે, જુઓ! કેટલો વિનય! .... ભાઈ એમાં એ. આ તો ન્યાયની વાત છે હો. એ વસ્તુ વિચારવા માટે.

જગતને જયાં જયાં સંપ્રદાયમાં દ્દષ્ટિ બંધાઈ જાય છે એને પછી સત્ય અસત્યનો વિવેક રહેતો નથી. કયાં આમાં કોને હું ગણધરને પણ આવા ઠરાવું છું. સમજાય છે? ગણધરને તો પરમાવધિ સ્વભાવથી જ્ઞાન હોય છે. ભાઈ! છેલ્લા શરીર છે. છેલ્લું શરીર છે એમને. જેટલી ઋધ્ધિ મુનિને સર્વોત્કૃષ્ટ હોય એ બધી તેમની પાસે હોય છે. બધી ગણધર ગૌતમ પાસે છે. આહાહા!

કહે છે. એ **'મનઃપર્યયજ્ઞાન પરમનોગત મૂર્ત વસ્તુને જે પ્રત્યક્ષપણે જાણે છે...'** પરના મનમાં જે મૂર્તપણું હોય એ મનઃપર્યયજ્ઞાન પ્રત્યક્ષ જાણે છે. એ મનઃપર્યયજ્ઞાન છે. એના બે ભેદ છે. **'ઋજુમતિ અને વિપુલમતિ એવા ભેદો વડે મનઃપર્યયજ્ઞાન બે પ્રકારનું છે...'** એના ભેદ, એનું સ્વરૂપ. **'વિપુલમતિ મનઃપર્યયજ્ઞાન પરના મનવચનકાય સંબંધી પદાર્થને...'** ઊંચુ છે એ. **'વક્ર તેમ જ અવક્ર બન્નેને...'** સીધું હોય અને પૂર્વનું .......હોય એવું વગેરે. બન્નેને વિપુલમતિ જાણે. અને ઋજુમતિ મનઃપર્યયજ્ઞાન એ અવક્રને સીધું જ જાણે છે. **'નિર્વિકાર આત્માની ઉપલબ્ધિ અને ભાવના સહિત ચરમદેહી મુનિઓને વિપુલમતિ મનઃપર્યયજ્ઞાન હોય છે...'** શું કહે છે? વિપુલમતિજ્ઞાન તો છેલ્લો દેહ જેને હોય એવા મુનિને હોય છે.

જે મુનિ નગ્ન છે, દિગમ્બર છે, અંતર આત્મધ્યાન પ્રગટયા છે. વીતરાગ પરિણતિ ઉછળી ગઈ છે. સમજાણું કાંઈ? છેલ્લો દેહ છે એને **'નિર્વિકાર આત્માની ઉપલબ્ધિ...'** નિર્દોષ વીતરાગ સ્વરૂપ પરમાત્મા એની પ્રાપ્તિ દૃષ્ટિમાં, જ્ઞાનમાં થઈ ગઈ છે. **'અને ભાવના સહિત છે...'** એને અંદર એકાગ્રતા સહિત છે. મુનિઓ એટલે શું? ઓહોહો! **'એવા ચરમદેહી મુનિઓને વિપુલમતિ મનઃપર્યયજ્ઞાન હોય છે...'** આવા પહેલા નંબરના મનઃપર્યયજ્ઞાનના ભેદની દશા છેલ્લા દેહવાળાને હોય છે.

**'આ બન્ને મનઃપર્યયજ્ઞાનો વીતરાગ આત્મતત્ત્વનાં સમ્યક્ શ્રધ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનની ભાવના સહિત,...'** દેખો, કોને પ્રગટ થાય છે એમ. કોને પ્રગટ થાય છે. પછી હોય ભલે પ્રમાદ દશામાં હો. **'વીતરાગ આત્મતત્ત્વનાં...'** દેખો, આ આત્મતત્ત્વ જ વીતરાગ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આ પુણ્ય ને દયા-દાન ને વ્રત એ આત્મતત્ત્વનો ભાવ નહીં. આહાહા! સમરસનો પિંડ પ્રભુ આત્મા એવું વીતરાગી આત્મતત્ત્વ. ભાષા જુઓને કરી છે આ. એવા વીતરાગી આત્મભાવ એની સમ્યક્ શ્રધ્ધા. એ ભગવાનઆત્મા વીતરાગમૂર્તિ. નિજસ્વરૂપે વીતરાગભાવ એની સન્મુખની સમ્યક્ શ્રધ્ધા, તેના સન્મુખનું જ્ઞાન અને સમજાય છે? અનુષ્ઠાન આચરણ. એ સ્વરૂપમાં ઠરવાનું આચરણ. આનંદમાં આનંદમાં આનંદમાં મોજમાં. આહાહા!

દુનિયા કહે છે કે અમને મજા પડે છે. સમજાણું કાંઈ? એમાં આ સ્ત્રીમાં, હાસ્યમાં, કુતુહલમાં, .......માં અને પુણ્ય-પાપના વિકારમાં. સમજાણું કાંઈ? એ મજા પડે છે તે માને છે તે વીતરાગતત્ત્વનો અનાદર કરે છે. એને સાચી શ્રધ્ધા નથી. આહાહા! ભગવાનઆત્મા આ દેહના હાડકાના કર્મથી પરમાણુથી તો જુદો છે. પણ અંદર પુણ્ય ને પાપના વિકલ્પોની આડમાં પ્રભુ ભિન્ન પડયો છે. એવા આત્માની શ્રધ્ધાવાળાને પરમાં મજાપણાની વૃત્તિ હોય શકતી નથી. મજા સમજો છો ને? લહેર, શું કહે છે. બસ લહેર છે અમારે. ચાલીસ લાખનો બંગલો હોય આરસ પહાણનો. સોનાના આંકડીયા હોય. હીરાના હીંડોળા હોય. હીરાના હીંડોળે રે, ....... સુખી છું. ધૂળમાં પણ નથી. સાંભળને? મૂઢ કયાં થઈ ગયો તું? મૂંઝાઈ કયાં ગયો. આહા!

જેને એક શુભ વિકલ્પમાં પણ મઝા ભાસે છે. એ વીતરાગી આત્મતત્ત્વનો અનાદર કરે છે. વીતરાગ આત્મતત્ત્વ છે ને. શેઠ! એ છ લાખના તમારા બંગલામાં મોજ માણે એ કહે છે મૂઢ છે. એમ કહે છે. હેં? હા.... એમ કહે છે. જેને વીતરાગી મજા આનંદની અંદર છે એવી જેને અંતર શ્રધ્ધા-જ્ઞાન-અનુષ્ઠાન થયા છે તેને મુનિ કહેવામાં આવે છે. આહાહા! એવા મુનિને આ મનઃપર્યયજ્ઞાન ઉત્પન્ન થાય છે એમ કહે છે. ગૃહસ્થાશ્રમમાં એ થતું નથી. આહાહા! સમકિત પણ જેને પરમાં મજા માને, એને સમકિત ઉત્પન્ન થતું નથી. આહાહા! મગનભાઈ! પણ સારા છોકરા કહ્યાગરા હોય, આઠ આઠ છોકરા પાંચ પાંચ હાથના લાંબા મોટા. હેં? કહ્યાગરા હોય. બાપુજી! બાપુજી! કરે ત્યાં તો આમ ફાટી જાય

અંદરથી આમ. અરે ભગવાન! શું છે ભાઈ! તારા આનંદને માટે પર ચીજ જો તું માનતો હો. તો મોટો આત્મામાં આનંદ છે તેનું તું ખુન કરે છે. આહાહા! એ જીવતાની શ્રધ્ધા તને નથી. એ આનંદથી ભરેલો ભગવાન વીતરાગભાવના સ્વભાવથી ભરેલો, આહાહા! એની સમ્યક્ શ્રધ્ધા એમ કીધું ને. આહાહા!

ભાઈ સમ્યગ્દર્શન એટલે, સમકિત એટલે કે વીતરાગી આત્મતત્ત્વના આનંદમાં જેને રુચિ ને દૃષ્ટિ છે. જેને જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ પણ દુઃખરૂપ લાગે છે. એમાં પણ મજા નથી. આહાહા! આ તો વીતરાગી આત્મતત્ત્વ કહ્યું છે ને. કહો રસીકભાઈ! શું હશે આ? આ વીતરાગનો માર્ગ આવો હશે જૈનદર્શનનો? પરમેશ્વર કેવળીએ કહેલો. કેવળજ્ઞાની પરમાત્મા પરમેશ્વરે એમ ફરમાવ્યું કે જેને વીતરાગી આત્મતત્ત્વની અંતર સમ્યક્ શ્રધ્ધા થાય છે, સમ્યગ્દર્શન થાય છે એને પુણ્યના પરિણામમાં પણ મજા એ માનતો નથી. સમજાણું કાંઈ?

જુઓને, આ સિંહના ભવમાં ભગવાનને સંબોધવા આવે છે ને. હેં? દેવ. મેં મુનિઓ પાસેથી સાંભળ્યું છે ત્યાં હરણને થાપ મારે છે. સિંહ જંગલનો મહા! આ મુનિ ઉપરથી ઉતરે છે. ઊભા રહે છે. જોડે બેસે છે. એને એમ થયું કે આ તે મારી પાસે સામા તો ન આવે, હોય તે ભાગે આ તો ઉપરથી આવીને સામા ઊભા-બેઠા. છે કોણ આ? શું છે આ? આમ જોયું. અરે સિંહ! હરણ ઉપર (પગની) થાપ પડી છે. અમે સંતો પાસે કેવળી પાસે સાંભળ્યું છે હો.

હે આત્મા! તું દસમે ભવે ત્રણલોકનો નાથ તીર્થંકર મહાવીર થઈશ હો. અરે આત્મા! તારી શકિત આવી છે હો. આ શું કરે છે તું આ? સમજાણું કાંઈ? આહાહા! વિશ્વાસ તો કેટલો. જુઓ! તો ખરા! અહીં સિંહ જુએ છે, હરણને મારે છે અને શ્રધ્ધામાં આને એમ થઈ ગયું કે એ તો દસમા ભવમાં તીર્થંકર છે. હેં? અમે કેવળી પાસેથી સાંભળ્યું છે હો. તમે આ સ્થિતિમાં શું તમારી દશા! અરે! તમે તો તીર્થંકર થવાના ને. ત્રણલોકના નાથ જનમતા ચૌદ બ્રહ્માંડ જયાં હલશે એ સ્થિતિ થવાની ને આ શું? આમ જુએ છે હો. આ શું કહે છે આ?.... પણ એને એ જાતનો ઉઘાડ એટલે એ ભાષાનો ભાવ ફટ સમજી જાય. ઓહો! આ મુનિ મને એમ કહે છે કે તું દસમાં ભવે તીર્થંકર થવાનો છે. આંખમાંથી આંસુ ચાલ્યા જાય છે. અરે! અમે કયાં કઈ સ્થિતિએ થવાના અને કઈ સ્થિતિમાં અમે અત્યારે છીએ. હેં? વીતરાગભાવ એને અંદર રુચ્યો છે. આવા સ્થાન હોય. માંસ ખાતો હતો. આહાહા! ક્ષણમાં પલટે છે. આત્માની તાકાત છે ને. એમ ત્યાં પેટમાં તો હજી માંસના કટકા હજી પડયા છે થોડાક. હરણને ખાય છે તો. હેં? એ એના અસ્તિત્વમાં રહ્યા. આંહીં એ સિધ્ધ કરવું છે ને.

આત્માના અસ્તિત્વ નામ હયાતિમાં તો વીતરાગતા છે જ. અમે તો વીતરાગ વીતરાગ વીતરાગ છીએ. એવી દૃષ્ટિ સિંહના ભવમાં થઈ જાય છે. લ્યો! આહાહા! હેં? શું ન થાય, કેમ ન થાય. ભાઈ! આત્મામાં કયારે પૂર્ણ પ્રાપ્તિ નથી.એ પૂર્ણ પ્રાપ્તિમાંથી પર્યાય ન જ આવે એવો કયાં નથી કાળ એનો?

આહાહા! પૂર્ણથી ભરેલો, ભરેલો ભગવાન આમ પાણીથી ભરેલો છે ને ઘડો જેમ. ભરિત અવસ્થામાં આવે છે ને. સંસ્કૃતમાં આવે છે. ભરિત અવસ્થા. સત સ્વરૂપ અવસ્થ નિશ્ચય. આ ઘટ, ઘટ જેવું છે ને જુઓને આ. ઘડા જેવું આવે છે. એમાં ઓલા ભગવાન પણ ઘડા જેવા આકારે છે અંદર. ભિન્ન આકારે. એમાં છલોછલ જ્ઞાન ને આનંદ ને વીતરાગતા ભરી છે. એવા આત્માની જેને શ્રધ્ધા થાય, બધું ઊડી જાય આ. આહાહા! સમજાણું કાંઈ?

એવા આત્માની શ્રધ્ધા, એવા આત્માનું જ્ઞાન. વીતરાગી આત્મતત્ત્વનું જ્ઞાન. ભાષા દેખો, ઓહોહો! શાસ્ત્રનું જ્ઞાન એ પણ જ્ઞાન નહીં. પરનું જ્ઞાન તો કયાંય નહીં. **'વીતરાગ આત્મતત્ત્વનું સમ્યક્જ્ઞાન અને અનુષ્ઠાન...'** એ ભગવાનઆત્મા વીતરાગીભાવથી ભરેલો છે. એમાં આચરણ અનુષ્ઠાન કરવું એમાં રમવું **'એવી ભાવના...'** એકાગ્રતા **'સહિત છે. અને પંદર પ્રમાદ રહિત છે...'** ઉત્પન્ન થવાના કાળની વાત કરે છે ને. ઉત્પન્ન થવાના કાળની વાત. આહાહા! સમજાણું?

તીર્થંકરોને તો તે જ ક્ષણે જયાં મુનિ થાય અને તે જ ક્ષણે અપ્રમત્ત દશા થાય અને ફટ મનઃપર્યયજ્ઞાન થઈ જાય. ગણધર ગૌતમને થયું છે ને. હવે એ તો ગૌતમ ગણધર હતા બ્રાહ્મણ. ભગવાનને આમ જોયા, આહાહા! આની ઋધ્ધિ બહારની તો શું કરવી. શુભભાવના પરિણામ તે આ. આખું બધું. એની શુધ્ધતાની શું વાત કરવી? સમજાણું? એ બધી સામગ્રી તીર્થંકરપણાની તો એક શુભભાવના ફળ તરીકે છે. ભગવાન તો શુભભાવ રહિત છે. વીતરાગભાવે છે. આહાહા! એવું અંદર ભાન થતાં મનઃપર્યયજ્ઞાન (થઈ ગયું). સાધુ પદ. સાધુના અગ્રેસર લ્યો!

કહે છે. એવી **'ભાવના સહિત, પંદર પ્રમાદ રહિત અપ્રમત્ત મુનિને ઉપયોગમાં-વિશુધ્ધ પરિણામમાં ઉત્પન્ન થાય છે...'** અંતરમાં ઉપયોગ અપ્રમત્ત દશામાં જામ્યો છે ત્યાં આગળ મનઃપર્યયજ્ઞાન થાય છે.... આવે તો રહે. ઉત્પન્ન થવાના કાળ તો આ છે. આહાહા! જેને અપ્રમત્ત દશા છે. મુનિ સાચા હોય એને તો હજારો વાર છઠ્ઠું-સાતમું આવ્યા જ કરે છે. સાચા જે મુનિ ભગવાન કહે છે એને તો અપ્રમત્ત-પ્રમત્ત આવ્યા જ કરે છે. પણ જયારે મનઃપર્યયજ્ઞાન થાય ત્યારે એને અપ્રમત્ત દશામાં થાય. એમ સિધ્ધ કરવું છે. અપ્રમત્ત દશા થાય એને મનઃપર્યયજ્ઞાન થાય એમ કાંઈ નથી. પણ મનઃપર્યયજ્ઞાન થાય એને અપ્રમત્ત દશામાં થાય. સમજાણું કાંઈ? એ આત્માની એક ઋધ્ધિ છે. અહીં મનઃપર્યયજ્ઞાનના ઉત્પાદકાળે જ અપ્રમત્તપણાનો નિયમ છે, પછી પ્રમત્તપણામાં પણ તે રહે છે.

**'જે જ્ઞાન...'** હવે કેવળજ્ઞાનની વ્યાખ્યા. ભગવાનઆત્માનું પૂર્ણ જ્ઞાન. **'જે જ્ઞાન ઘટપટાદિ જ્ઞેય પદાર્થોને અવલંબીને ઊપજતું નથી...'** એ જ્ઞેયનું જેમાં નિમિત્ત નથી. આહાહા! **'તે કેવળજ્ઞાન છે...'** તેને એકલું જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્માને કેવળજ્ઞાન કહે છે. છે આ પર્યાય હો. આહાહા! સમજાણું?

**'તે શ્રુતજ્ઞાનસ્વરૂપ પણ નથી...'** એ કેવળજ્ઞાન શ્રુતજ્ઞાનસ્વરૂપ નથી. ધવલમાં આવે છે

ભગવાનને શ્રુતજ્ઞાન થયું હતું. એવું આવે છે જુઓ! એટલે? ઓલા સંતોને શ્રુતજ્ઞાન થાય છે ને. એમાં નિમિત્ત છે. માટે શ્રુતજ્ઞાન શબ્દ કીધો. ભગવાનને કયાં શ્રુતજ્ઞાન છે? પણ પાઠ એવો આવે છે ધવલમાં. શ્રુતજ્ઞાન પહેલા ભાગમાં આવે છે. એટલે કે જે સાંભળનારને એકદમ ભાવશ્રુતજ્ઞાનનું અવલંબન થાય છે એનું આ નિમિત્ત છે માટે એને પણ શ્રુતજ્ઞાન કહેવામાં આવ્યું. ભગવાનને શ્રુતજ્ઞાન નથી હોતું. વાણીમાં શ્રુતજ્ઞાન આવે છે એમ કહે છે.

**'જોકે દિવ્યધ્વનિકાળે તેના આધારે ગણધરદેવ...'** જુઓ! ભગવાનની જયારે દિવ્યધ્વનિ છૂટે છે, ઓમ.. એવો અવાજ નીકળે છે. દિવ્યધ્વનિ. દિવ્ય નામ પ્રધાન ધ્વનિ નામ અવાજ. વીતરાગ સર્વજ્ઞને જયારે પ્રધાન અવાજ નીકળે છે. સમજાણું? આહાહા! દિવ્યધ્વનિ! જુઓ! કેટલો અવાજ આવે છે. **'તેના આધારે ગણધરદેવ વગેરેને શ્રુતજ્ઞાન પરિણમે છે. તોપણ તે શ્રુતજ્ઞાન ગણધરદેવ વગેરેને જ હોય છે. કેવળીભગવંતોને (તો કેવળજ્ઞાન જ હોય છે.)...'** નથી. એને તો કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાન શ્રુતજ્ઞાન કહે છે એવું આવે છે ને. પહેલા ભાગમાં નહીં ધવલમાં આવે છે. કહે છે, શ્રુતજ્ઞાન જ કહે છે. એમ કે કેવળજ્ઞાન કહેવાતું નથી. એમ કહેવું છે. એમ કહેવું છે. સમજાણું?

ધવલના પહેલાં ભાગમાં એ આવે છે. કેવળીના મુખમાંથી ધ્વનિ નીકળે છે એ શ્રુતજ્ઞાન નીકળે છે. એમ. કેવળમાં તો પૂરું જ હોય. શ્રુતજ્ઞાન સાંભળનારને અંદર પરિણમન સ્વને આશ્રયે થાય છે. ત્યારે દિવ્યધ્વનિને નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. એનાથી પણ થતું નથી. રાડ પાડે છે માણસ. લ્યો! અત્યારે તો. અરરર.... દિવ્યધ્વનિથી જ્ઞાન ન થાય? દિવ્યધ્વનિમાં પણ કયાં આ જ્ઞાન હતું? દિવ્યધ્વનિ તો અનંતવાર સાંભળી. જ્ઞાન તો અહીં છે. અંતરમાં છે ત્યાંથી આવે. બહારમાં છે જ્ઞાન ત્યાં દિવ્યધ્વનિની વાણીમાં જડમાં છે? લાદુલાલજી! એ લોકો રાડો પાડે છે. ચોખ્ખી વાત આવી ત્યાં અંદરથી રાડ પાડે છે. અરરર..... દિવ્યધ્વનિથી પણ કેવળજ્ઞાન નહીં? શરીર નહીં મળે કહે એને વાણી નહીં મળે. વાત તો સાચી વાણી ને શરીર મળે જ નહીં. હવે અશરીર થાય. એને વાણી ને શરીર કયાંથી હોય? એય! આહાહા!

કહે છે એ શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનીને હોતું નથી. **'કેવળીભગવંતોને શ્રુતજ્ઞાન નથી એટલું જ નહીં, પણ તેમને જ્ઞાન-અજ્ઞાન પણ નથી...'** એટલે? કાંઇ જાણવું ને કાંઇ ન જાણવું એવા બે ભાગ નથી. એ અહીં કેવળ લીધું છે ને. એકલું જ્ઞાન છે. એકલું જ્ઞાન. ઝળહળતો દીવો પ્રગટ થઈ ગયો. ચૈતન્યના પ્રકાશની પર્યાયમાં સૂર્ય જ પ્રગટ થઈ ગયો.

મુમુક્ષુ :- નિમિત્ત કારણ કહેવાય ને ?

ઉત્તર :- નિમિત્ત કારણ ફારણ જાણતું નથી. નિમિત્ત કારણ અહીં છે જ નહીં. આહાહા! પણ

શું કરે? **'જ્ઞાન-અજ્ઞાન પણ નથી. તેમને કોઈ વિષયનું જ્ઞાન ને કોઈ વિષયનું અજ્ઞાન હોય એમ પણ નથી. સર્વ વિષયોનું જ્ઞાન જ હોય છે...'** એમ. કેવળ લીધું ને. કેવળ. એકલો જ્ઞાનનો પિંડલો. હજારો, લાખો અનંતસૂર્યથી જેમ પ્રકાશમાન થાય. એમ અસંખ્યપ્રદેશે દીવડા અસંખ્ય પ્રગટ થઈ ગયા. આહાહા!

એવું જે કેવળજ્ઞાન એ સર્વ વિશ્વને જાણનારું. **'અથવા તેમને મતિજ્ઞાનાદિ અનેક ભેદવાળું જ્ઞાન નથી...'** એને ચાર જ્ઞાન નથી. કહે છે. શ્વેતાંબરમાં કહે છે કેવળજ્ઞાન થાય ત્યારે.... તત્ત્વાર્થ સૂત્રમાં ... ખોટી વાત. પૂર્ણ છે ત્યાં અધૂરું કયાં રહી ગયું હવે? એકાકાર થઈ ગયો. એકલો ચૈતન્ય સૂર્ય. પોતાના સ્વ-પર પ્રકાશકની પર્યાયે પરિપૂર્ણપણે પ્રાપ્ત જ્યાં થયો, હવે એને અધૂરાપણું રહ્યું નથી. કહો, સમજાણું? **'કેવળજ્ઞાન એક જ છે...'** એવું કેવળજ્ઞાન એક જ છે. આહા!

**'અહીં જે પાંચ જ્ઞાનો વર્ણવવામાં આવ્યા તે વ્યવહારથી વર્ણવવામાં આવ્યા છે...'** શું કીધું? એ આત્માના જ્ઞાનગુણની પર્યાયના ભેદ આવ્યા એ પર્યાયો વ્યવહાર છે. કેવળજ્ઞાન વ્યવહાર છે. આરે! આરે! રાગ-વિકલ્પ તો વ્યવહાર. પર્યાય છે ને. ભગવાન ધ્રુવ ચૈતન્ય જે છે, નિશ્ચય વસ્તુ છે એમાં વળી આ પર્યાય કયાં છે? એ તો એકરૂપ છે, સમાન. પાંચે જ્ઞાનો વ્યવહારથી વર્ણવવામાં આવ્યા છે. એ કેવળજ્ઞાન વ્યવહારથી વર્ણવવામાં આવ્યું છે. આત્માને કેવળજ્ઞાન છે એ વ્યવહારથી કહેવામાં આવે છે. આરે! આરે! ભારે વાત! મગનભાઈ!

**'નિશ્ચયથી તો વાદળાં વિનાના સૂર્યની માફક આત્મા અખંડ-એક-જ્ઞાનપ્રતિભાસમય જ છે...'** આત્મા અખંડ-એક બે શબ્દો જ્યાં હોય ત્યાં વપરાય છે ને. આમાં આવ્યું છે ને અખંડ એક. એક-અખંડ. એક-અખંડ.. અહીં અખંડ-એક છે. આત્મા ભગવાન એક-અખંડ-જ્ઞાનપ્રતિભાસ એ તો એકલો જ્ઞાનના પ્રતિભાસથી તો કહેવું જોઈએ આમ તો. ત્રિકાળ હો, ત્રિકાળ. તે આશ્રય કરવા લાયક છે. કહો, સમજાણું કાંઈ?

એ ખૂણામાં છે. જીવ એક-અખંડ સંપૂર્ણ જ્ઞાન હોવાથી છે ને. સંપૂર્ણ દ્રવ્ય હોવાથી. વસ્તુ છે ને. તેનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે. વસ્તુ અખંડ-એક પૂર્ણ દ્રવ્ય હોવાથી, વસ્તુ હોવાથી. તેનો ગુણ જ્ઞાન તે પણ સંપૂર્ણ અખંડ-એક છે. સંપૂર્ણ જ્ઞાન છે સ્વભાવ એ આત્મા. કેવળજ્ઞાનની પર્યાય તો વ્યવહાર છે, કહે છે. કહો ભીખાભાઈ! આ કેવળજ્ઞાનને વ્યવહાર કીધો. હવે આમાં વ્યવહાર, એક ભાઈ ઓલા આવ્યા હતા કે અમારા વ્યવહાર દવા કરવી કે નહીં? એમ પૂછતા હતા. લ્યો! મંગળભાઈ! હેં? છે એ તો ત્રિકાળ છે. એમાં કેવળજ્ઞાન તો થાય છે. થાય છે માટે વ્યવહાર છે. થાય એ વ્યવહાર છે. છે છે છે છે ત્રિકાળી એકરૂપ જ્ઞાયક અખંડ તે નિશ્ચય છે. આહાહા!

હજી તો વાંધા બહારના. અરે ભગવાન! કોની સાથે વાંધા કરે છે તું? તારી સાથે વાંધા. આવો પૂર્ણ

પ્રભુ છે એની સાથે વાંધા. એને વિશ્વાસમાં પણ આવતું નથી. આવું ક્યાં હશે? એમ કહે. કેમ હશે? વાતમાં હશે આમાં? અરે ભગવાન! સાંભળને બાપા! આહાહા! અહીં તો અસ્તિકાયનું વર્ણન ચાલે છે ને. છ દ્રવ્યમાં દ્રવ્યનું જીવનું અસ્તિકાય એવડું જ અસ્તિત્વ દ્રવ્યરૂપ છે. પૂર્ણાનંદજ્ઞાન અખંડજ્ઞાન અખંડ એકરૂપ જ્ઞાન તે પૂર્ણ અસ્તિત્વ છે. પર્યાયનું અસ્તિત્વ તો વ્યવહારમાં જાય છે. આહાહા! સમજાણું કાંઈ? આત્મા અખંડ-એક-જ્ઞાનપ્રતિભાસમય છે. લ્યો એ પાંચ જ્ઞાનની વ્યાખ્યા થઈ.

**'હવે અજ્ઞાનત્રય વિષે કહેવામાં આવે છે. મિથ્યાત્વ દ્વારા ભાવ-આવરણ દ્વારા...'** ભાષા દેખો, ભાવ-આવરણ એ છે, બૃહદ્દ્રવ્યટીકા જયસેનઆચાર્ય. ભાવ-આવરણ છે. ભગવાનઆત્મા પૂર્ણ જ્ઞાનનો પિંડ પ્રભુ. એવડો હું નહીં. એવી જે માન્યતા તે ભાવ-આવરણ છે. જ્ઞાનાવરણ તો જડ છે. એ તો પર છે. એની સાથે કાંઈ સંબંધ નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

ભગવાનઆત્મા અભાવનો.... અભાવ હોય એને ઉપચાર કરવામાં આવે એવું એક છે. અભાવ હોય એને ઉપચાર કરવામાં આવે. ભાવને ઉપચાર! નિત્ય વસ્તુ છે, નિત્ય છે આત્મા નિત્ય છે. હં.. આમાં આવે છે. આ શું કહેવાય ઉત્તરપુરાણ. એમાં આવે છે. વસ્તુ નિત્ય છે. એ નિત્યને ઉપચાર શો? ઉપચાર તો અભાવને ઉપચાર કહેવાય એમ કહે છે. સમજાણું કાંઈ? નિત્ય વસ્તુ નિત્યાનંદ પ્રભુ એને ઉપચાર શો? છે એ રીતે તેને ઉપચાર શો? સમજાણું કાંઈ?

ભાવ-આવરણ. એને ભાવ-આવરણ છે અનાદિનું. એ એવડો નહીં. હું અલ્પજ્ઞ છું કે રાગવાળો છું કે એવી જે માન્યતા એ જ આવા સ્વભાવને આવરણ કરનારી છે. સમજાણું કાંઈ? પૂર્ણ પ્રભુ દ્રવ્ય સ્વભાવ તેને આવરણ કરનાર એ દ્રવ્યસ્વભાવ આવડો આ છે એ હું નહીં. હું તો અલ્પજ્ઞ પ્રાણી છું, રાગવાળો છું. એવો જે મિથ્યાત્વભાવ તે આવા સ્વભાવને આવરણ કરનાર છે. રોકનાર છે. બીજું કોઈ રોકનાર નથી. એમ કહે છે. સમજાણું કાંઈ?

**'મિથ્યાત્વ દ્વારા એટલે ભાવ-આવરણ દ્વારા અજ્ઞાન (કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન, વિભંગજ્ઞાન)...'** ત્રણ ઉત્પન્ન થાય છે. ત્રણ અજ્ઞાન ઉત્પન્ન થાય છે. **'અને અવિરતિભાવ હોય છે...'** ત્યાં અવિરતિભાવ હોય જ છે. એમ કે અજ્ઞાન છે ત્યાં અવિરતિ હોય જ છે. જ્યાં અજ્ઞાન ભાવ-આવરણ છે અને ત્યાં વિરતિપણું હોય એમ બનતું નથી. સાધુ થયો પણ અંદર અજ્ઞાનભાવ છે તેને વિરતિપણું છે જ નહીં. એમ કહે છે. અંતરમાં આનંદમૂર્તિ ભગવાન અલ્પજ્ઞ પર્યાયની પણ રુચિ છોડી અને સર્વજ્ઞસ્વભાવી પૂર્ણની પ્રતીતિનો દૃષ્ટિ અનુભવ ન હોય એને વિરતિપણું, મહાવ્રતપણું, મુનિપણું વ્યવહારે પણ હોતું નથી. સમજાણું કાંઈ? **'અવિરતિભાવ હોય છે તથા જ્ઞેયને અવલંબતાં (-જ્ઞેય સંબંધી વિચાર અથવા જ્ઞાન કરતાં) તે તે કાળે દુઃનય અને દુઃપ્રમાણ હોય છે...'** મિથ્યાભ્રાંતિનું જેને આવરણ છે તેને નયનો વિકલ્પ બધો દુઃનય છે. કુનય છે. અને પ્રમાણ પણ કુપ્રમાણ છે. આહા!

આખું દ્રવ્ય શું છે અને પર્યાય શું છે તેનું જ્ઞાન નથી. તેમ દ્રવ્યનો એક ભાગ અને પર્યાયનો એક ભાગ તેનું પણ તેને જ્ઞાન નથી. દ્રવ્યનો એક ભાગ આવડો મોટો એવું એને જ્ઞાન નથી તેથી તે નયને કુનય અને દુઃનય કહેવામાં આવે છે. આહાહા! હેં? બહુ સરસ વાત! બહુ સરસ વાત!

ભગવાનઆત્મા દ્રવ્ય એટલે વસ્તુએ પરિપૂર્ણ પ્રભુ, પર્યાયે અંશ. બેયનું જેને જ્ઞાન નથી આ ભાવ-મિથ્યાઆવરણને લઈને. ત્રિકાળી આવો સ્વભાવ છે એ બેઠું નથી વિપરીત બેઠું છે. એને દ્રવ્ય સંબંધીની નય પણ કુનય છે અને પર્યાય સંબંધી પણ કુનય છે. સમજાણું કાંઈ? અને આખા આત્મા સંબંધીનું પ્રમાણ પણ દુઃપ્રમાણ છે. બે થઈને એક સાથે જાણે તેને દુઃપ્રમાણ છે એને. બેનું પણ યથાર્થ ભાન પ્રમાણમાં એને છે નહીં. આહાહા! કેવી રીતે વાત કરી છે!

બહારની જ્યાં વાત આવે કરોડો અને અબજો રૂપિયાની બહારની. ત્યાં તો માણસને અંદર ઊંડે ઊંડે ગદગદીયા થઈ જાય. હેં? ફુલચંદભાઈ! બહારથી તો એમ કહે કે ઠીક... પણ ઊંડે તો.... આહાહાહા! પાંચ પાંચ લાખની એક એક દિ'ની પેદાશ અને અબજો રૂપિયા, આહા! એ તો કેવડો સુખી હશે? દુઃખીના દાળીયા છે. સારા સાંભળને હવે? જેની મહાઋધ્ધિ ભગવાન દ્રવ્ય સ્વભાવની એનો તો એણે અનાદર કર્યો છે. સમજાણું કાંઈ? અને આવી ઋધ્ધિ મારી છે એમ માન્યું છે. એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા! કહો, સમજાણું આમાં?

અહીં તો દ્રવ્યસ્વભાવનું જેને જ્ઞાન નથી તેને નય તે દુઃનય છે. એમ કહે છે. વાસ્તવિક જ્ઞાયકભાવ આમ આ પરિપૂર્ણ વસ્તુ નિશ્ચયનય છે એની એને ખબર નથી. ખાણમાંથી કાઢતાં કાઢતાં સો વર્ષ પણ ખૂટી જાય. આ તો કેવળજ્ઞાન કાઢતાં કાઢતાં અનંતકાળે પણ ખૂટે નહીં. હેં? આહાહા! કહો, સમજાણું? ભગવાનઆત્મા! અરે! એ કેવો કેવડો છે એને અંદરમાં ભાવમાં કહે છે નથી બેઠો ને તેથી તેને ભાવ-આવરણ છે તેમ કહે છે. આહાહા! સમજાણું આમાં?

અનંતા અનંતા પરમાત્મા સિધ્ધભગવાન જેના ગર્ભમાં, પેટમાં પડયા છે આત્મામાં પડયા છે. એક પરમાત્મા નહીં અનંતા. પોતાના પરમાત્મા, પર પરમાત્મા તો.... પોતાની કેવળજ્ઞાન દશાની પરમાત્મ દશા થાય એવી અનંતી દશાઓ. દ્રવ્યસ્વભાવ એવડો મોટો દ્રવ્યસ્વભાવ તેને નથી માનતો અંશને માને તે દ્રવ્યના આવરણવાળો છે. મિથ્યાત્વના ભાવ-આવરણવાળો છે. તેને આત્માને રોકયો છે. આવી પ્રતીત કરવા રોકયો છે એને. મિથ્યાત્વભાવે આવા સ્વભાવને પ્રતીત કરવા રોકયો છે. એમ કહે છે. આહાહા! કોઈ પણ જગતનો રજકણ કે રાગનો કણ એ મારામાં નથી. એટલું તો નહીં પણ અલ્પજ્ઞાન પણ હું નહીં. એવું જેને નથી બેઠું તેને અલ્પજ્ઞાન ને રાગના ભાવનું ભાવમિથ્યાત્વ-આવરણ છે. તેથી આવો ભગવાનઆત્મા એને અંતરમાં બેસતો નથી. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે તે કાળે, **'તે તે કાળે જ્ઞેયને અવલંબતાં જ્ઞાન કરતાં દુઃનય હોય છે...'** એમ કહે

છે. જુઓ! અને દુઃપ્રમાણ હોય છે. આહાહા! કેમ કે મહાપ્રભુ એવી ચીજ જ કોઈ રીતે તેને વિશ્વાસમાં આવતી નથી. વિશ્વાસમાં પ્રગટપણાનો અંશ ને રાગ છે તેટલો હું એવું મિથ્યાત્વથી માનેલું ભાવ-આવરણ છે. એને તો ક્ષણે ક્ષણે આવા કારણે કુનય જ પ્રગટે છે. એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! મારી વાત પણ શું, તેની મોટી વાત. મોટાની વાતો મોટી હોય. સમજાણું?

**'મિથ્યાદર્શનના સદ્ભાવમાં,...'** મિથ્યાદર્શન એટલે? પરિપૂર્ણ સ્વભાવની શ્રદ્ધાના અભાવમાં, મિથ્યાદર્શનના ભાવમાં. એમ. સદ્ભાવ કીધો ને. વર્તતું તે કાળે ઉઘડતું થતું મતિજ્ઞાન ને કુમતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન તે કુશ્રુતજ્ઞાન છે. આહાહા! મિથ્યાશ્રધ્ધા એટલે કે સાચી વસ્તુ પરિપૂર્ણ છે તેની શ્રધ્ધા નહીં. અને વિપરીત શ્રધ્ધા સ્વભાવનો અનાદર કરીને રાગ આદિ પુણ્ય આદિના પરિણામનું કર્તવ્ય મારું છે. અને તેનાથી મને કલ્યાણ થશે. એવો જે મિથ્યાત્વભાવ આખો ભગવાન નિરાકુળ અનાકુળ આનંદનો અનાદર કરી અને એણે જે જ્ઞાન ઉત્પન્ન થાય એ બધું કુમતિ છે. શાસ્ત્ર ભણે તોપણ કુમતિ છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

અને શ્રુતજ્ઞાન તે કુશ્રુતજ્ઞાન છે. ઉઘડેલાં શ્રુતજ્ઞાન દેખાય અગિયાર અંગ જેવાં, નવ પૂર્વ જેવાં. પૂર્ણ પ્રભુ આત્મા તેના અવિશ્વાસે, તેનો વિશ્વાસ ગયો છે બધો અલ્પજ્ઞ ને રાગમાં. અલ્પજ્ઞાન ને રાગમાં. તેથી તેનું શ્રુત બધું કુશ્રુત છે. એમ કહે છે. આહાહા! અને અવધિજ્ઞાન તે વિભંગજ્ઞાન છે, તેના સદ્ભાવમાં વર્તતા નયો તે દુઃનયો અને દુઃપ્રમાણ છે એમ. મિથ્યાશ્રધ્ધાનમાં વર્તતું મતિજ્ઞાન કુમતિ, શ્રુતજ્ઞાન (તે) કુશ્રુત. નય (તે) કુનય અને પ્રમાણ (તે) કુપ્રમાણ એમ. **'માટે એમ ભાવાર્થ સમજવો કે નિર્વિકાર શુધ્ધ આત્માની અનુભૂતિસ્વરૂપ નિશ્ચય સમ્યક્ત્વ ઉપાદેય છે...'** આહાહા!

એ આ નિર્વિકાર શુધ્ધ આત્મા તે આત્માની વ્યાખ્યા પછી અનુભૂતિરૂપ એનો અનુભવ આ પૂર્ણાનંદ પ્રભુ છે. શુધ્ધ ધ્રુવ ચૈતન્ય છે. એની અનુભૂતિમાં પ્રતીત થવી તેને સાચું સમકિત સત્‌ને સ્વીકારનારું કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? છેલ્લો સરવાળો આ છે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૪૪- ગાથા :- ૪૧ થી ૪૩
## પોષ સુદ-૧૪ બુધવાર તા. ૨૧/૧/૭૦

પંચાસ્તિકાય. ષટ્દ્રવ્ય ને પંચાસ્તિકાય ભગવાને કેવળજ્ઞાનમાં છ દ્રવ્યો જોયાં. તેમાં જીવાસ્તિકાયનું સ્વરૂપ શું છે તે વર્ણન છે. એમાં જીવ જે છે એ જ્ઞાનઉપયોગ અને દર્શનઉપયોગ સ્વરૂપ છે. એ ચાલે છે. આત્મા જે છે આત્મા એ જાણવાના વ્યાપારવાળો છે અને દેખવાના વ્યાપારવાળો છે. ત્રિકાળી એનું

એક સ્વરૂપ છે. શરીર, વાણી આદિ એ કાંઈ એનું સ્વરૂપ નથી, એ તો પર ચીજ છે. તેમ પુણ્ય ને પાપના વિકલ્પો રાગ આદિ એ પણ વિકાર છે. એ કાંઈ આત્માની ચીજ નથી. એના વિના પણ આત્મા પ્રાપ્ત થઈ શકે છે. પણ ઉપયોગ વિના આત્મા પ્રાપ્ત થાય એવી એ ચીજ છે નહીં. સમજાણું કાંઈ?

આત્મા સામાન્ય જ્ઞાનસ્વરૂપે અનાદિ-અનંત છે. એ ગુણ સ્વરૂપ છે. એના પર્યાયના આઠ પ્રકાર છે. પાંચ સમ્યક્જ્ઞાનના અને ત્રણ અજ્ઞાનના. એ વાત આવી ગઈ છે. છેવટે ત્યાં એમ કહ્યું, ભાવાર્થમાં આવ્યું ને એમાં. એકતાલીસ ગાથાનો છેલ્લો (પેરેગ્રાફ).

**માટે 'ભાવાર્થ એમ સમજવો કે નિર્વિકાર શુધ્ધ આત્માની અનુભૂતિસ્વરૂપ નિશ્ચય સમ્યક્ત્વ ઉપાદેય છે...'** છેલ્લી લીટી છે. બેતાલીસ ગાથાની ઉપર આ બાજુ. ઓગણાએંસી પાનું. ત્યાં. સમજાણું કાંઈ?

ભાવાર્થ એમ સમજવો કે નિર્વિકાર શુધ્ધ ભગવાનઆત્મા ત્રિકાળી વીતરાગસ્વરૂપી શુધ્ધ આત્મા તેનો અનુભવ તેના સન્મુખની દશા થઈને જ્ઞાન ને આનંદનો અનુભવ તેની પ્રતીતને અહીંયા નિશ્ચય સમકિત કહેવામાં આવે છે. ધર્મની આ શરૂઆત છે. સુખી થવાના પંથની આ રીત છે. બાકી બધા દુઃખી થવાના રસ્તા છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા સામાન્ય એટલે કાયમી જ્ઞાનસ્વભાવનો ધરનાર એને અંતરમાં સન્મુખ થઈને નિર્વિકારી શુધ્ધ એવો આત્મા એની અનુભૂતિ એવા જ્ઞાન ને આનંદ સ્વભાવ એને અનુસરીને પુણ્ય-પાપના વિકલ્પો એને છોડી દઈને, એને અનુસરવું છોડી દઈને. નિમિત્તનું અનુસરવું છોડી દઈને, વસ્તુ જે આત્મા પદાર્થ છે શુધ્ધ નિર્વિકાર એને અનુસરીને અંતર્મુખમાં અનુભૂતિ થવી, એની અંદરમાં પ્રતીત થવી એનું નામ સાચું સમકિત. એ જૈન થયો એટલે ધર્મી થયો. એટલા શબ્દમાં બધું ઘણું ભર્યું છે. આમાં જુઓ! હેં? આ કહ્યું ને તેટલું તો હવે થાય છે.

**'ભાવાર્થ સમજવો કે નિર્વિકાર શુધ્ધ આત્મા...'** છે એ તો. પુણ્ય-પાપના વિકલ્પ નહીં. શરીર, વાણી, મન નહીં. એવું એનું હોવાપણું નિર્વિકાર શુધ્ધ આત્મા છે. એની અનુભૂતિ. આ નિર્વિકાર શુધ્ધ આત્મા એ તો કાયમની ચીજ થઈ. હવે એનો જે અંતર વર્તમાન અનુભવ એ પર્યાય થઈ. સમજાણું કાંઈ? ઝીણી વાત છે ભાઈ! એને કોઈ દિ' અભ્યાસ જ ન મળે ને. શું આત્મા, શું મારા હોવાપણામાં શું છે અને કયા હોવાપણે હું નથી. એની ખબરું વિના અનાદિકાળથી પરિભ્રમણ ચાલે છે. દુઃખી છે એ પ્રાણી દુઃખી છે.

આત્મામાં નિર્વિકાર આનંદ ને નિર્વિકાર જ્ઞાન ભર્યું છે કાયમની ચીજ. એને અનુસરીને અંતરમાં દૃષ્ટિ થઈને અનુભવ થવો, પુણ્ય-પાપના અનુભવથી મુકત થઈને સ્વભાવ ચૈતન્યસ્વભાવ. જુઓને, નિર્વિકાર શુધ્ધ આત્માની વ્યાખ્યા. આત્મા કેવો છે નિર્વિકાર શુધ્ધ આત્મા, આનો. શુધ્ધની વાત તો

ક્યાં છે? કહો, સ્વરૂપચંદભાઇ!

દરેકનો આત્મા વસ્તુ છે ને અંદર, પદાર્થ છે કે નહીં. આ જેમ માટી છે આ જડ. એમ ચૈતન્ય પદાર્થ છે. વસ્તુ છે. વસ્તુ છે તેમાં વસેલી તેની શક્તિઓના ગુણરૂપભાવ એ વસેલાં અંદર અનાદિ-અનંત છે. ખબર ન મળે. એ રસ્તે ચડયો નથી. પગથિયે ગયો નથી. સમજાણું કાંઇ? મહાપ્રભુ છે આત્મા. દેવનો દેવ છે એ. આહાહા! સમજાણું કાંઇ?

નિજ આત્મા નિર્વિકાર શુધ્ધ પ્રભુ એવું પહેલું જ્ઞાન કરી અને પછી નિર્વિકારી શુધ્ધ આત્માના સન્મુખ થઇને પુણ્ય-પાપના વિકલ્પથી વિમુખ થઇને, વિમુખ થઇને એ તો નાસ્તિથી વાત છે. પણ સન્મુખ થતાં પુણ્ય-પાપના વિકલ્પથી વિમુખ થાય છે. ડોકટર આવે છે કે નહીં થોડું થોડું સાંભળવા ત્યાં? આવે છે. આ તો વળી કોઇ દિ' સાંભળ્યું ન હોય ને બધું નવું લાગે એવું છે આ બધું. આ તે શું હશે આ? વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર દેવાધિદેવ તીર્થંકર પરમાત્માએ આ આત્માનું સ્વરૂપ આવું કહ્યું છે. કે તું પોતે જ દેવાધિદેવ છો. આહાહા! અમે તારા દેવ એમ જે કહેવું એ તો વ્યવહાર છે. એ વ્યવહાર એટલે વિકલ્પ છે. અમને માનતા અમારી સામું જોતાં તું અમને માનીશ તો તો રાગ છે. એમ કહે છે. સમજાણું કાંઇ? એ શેઠ!

પરમાત્મસ્વરૂપ છો. પરમઆત્મસ્વરૂપ ચિદ્રાનંદ, જેના સ્વભાવમાં અનંત અનંત શક્તિઓ સંખ્યાએ અને એક એક શક્તિનો સ્વભાવનું અપરિમિતપણું મર્યાદા વિનાની જેની શક્તિનો ગુણ અને ભાવ છે. એવો ભગવાનઆત્મા એની સન્મુખ થઇને. સન્મુખ થઇ એ તો દશા થઇ. સમજાણું કાંઇ? પરથી વિમુખ થઇને, નિમિત્ત, પુણ્ય-પાપની એક સમયની અવસ્થા જે છે એનાથી પણ વિમુખ નામ લક્ષ છોડી દઇને, આહાહા! સુખી થવું હોય તો આ માર્ગ છે.

ભગવાન પૂર્ણાનંદ નિર્વિકાર શુધ્ધ છે. એને અનુસરીને, એના સન્મુખ થઇને જે અનુભૂતિ જ્ઞાનની, આનંદની, શાંતિની, શુધ્ધ સ્વભાવની અનુભૂતિ એ જ નિશ્ચય સમકિત છે. એ સાચું સમકિત તેને સમકિતી કહેવામાં આવે છે. આ પ્રભુદાસભાઇ તો અહીં મહિનો રહી ગયા છે. ચંદ્રકાંતભાઇની સાથે. ચંદ્રકાંતભાઇ તેમના જમાઇની સાથે (અહીં રહી ગયા). ચંદ્રકાંતભાઇ શાંત માણસ છે. મગજવાળા છે. સમજવાની બહુ રુચિ ને સારું છે. આ ડોકટરને કહે મળવું છે પહેલું વહેલું.

મુમુક્ષુ :- ડોકટરને આંખનું ઓપરેશન તો કરવું પડશે ને.

ઉત્તર :- ઓપરેશન તો આ છે. પડદો પડયો છે આડો. હું એક દયા, દાન, વ્રત આદિ વિકલ્પ છે એ રાગ છે. એ હું છું, એ ચૈતન્યની આડો મહામિથ્યાત્વનો મોટો પડદો છે. એને ચીરવાની વાત છે આ. આહાહા! સમજાણું કાંઇ?

ભગવાનઆત્મા, કાલ કહેતો હતો દિલીપને કાલ. આહાહા! વસ્તુ! ભારે વસ્તુ સ્વરૂપ! બાળક છે

ત્યારે વખાણ તો કરે છે ને. એય! અગિયાર વર્ષનો છોકરો. વસ્તુ સ્વરૂપ ભારે અલૌકિક વાત. સરસ વસ્તુ છે. બાપુ! એ તો આનંદના રસવાળી વસ્તુ છે. સરસ સરસ રસસહિત. એ પુણ્ય-પાપના જે વિકલ્પો એનું વેદન એ તો ઝેરનું વેદન, દુઃખનું વેદન. આહાહા! કોઢીયાને જેમ ઓલા ગળત કોઢ થાય, આંગળા ગળે. એમ પુણ્ય-પાપના વેદનમાં શાંતિ ગળે છે, બળે છે, ઝળે છે. એ સંસાર છે. એનું નામ અનાદિ દુઃખ સંસાર છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા! વસ્તુ છે ને. કેવી? **કે 'નિર્વિકાર શુધ્ધ આત્મા...'** આ એટલા શબ્દમાં સમાડી દીધું છે. એમાં વિકાર નથી. પુણ્ય-પાપનો વિકાર નથી. એવી જે ચીજ એનું બરાબર વાસ્તવિક પહેલું જ્ઞાન કરી અને તે પરસન્મુખની રુચિ છોડી અને ભગવાનઆત્મા નિર્વિકાર શુધ્ધ પવિત્રનું ધામ, આત્મા આનંદનું ધામ તેનો અનુભવ કરવો, તેને અનુસરીને દશાનું થવું તેને અહીં નિશ્ચય સમકિત, સમકિતી તેને સાચું સમક્તિ કહે છે. આ દેવગુરુધર્મને માનવા ને નવતત્ત્વને માનવા એ સમકિત નહીં એમ કહે છે. ઠાકોરદાસજી! આ સમકિત કહે ને બધે ગુરુ માનવા એ સમકિત. કહે ના. એ ના પાડે છે. તને તું માન? સમજાણું કાંઈ?

તારા માહાત્મ્યની શકિતઓ શું છે, તારા માહાત્મ્ય શું છે એ તે સાંભળ્યા નથી. ભગવાને જ્ઞાનમાં જોયું, શ્રીમદ્દે કહ્યું ને છેલ્લે, નહીં. જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શકયા નહીં પણ તે શ્રી ભગવાન જો, અરૂપી આનંદનો કંદ સ્વભાવનો સાગર સ્વભાવની પૂતળી એને ભગવાને જોઈ. જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શકયા નહીં તે પણ શ્રી ભગવાન જો. વાણી જડ, ભગવાન આનંદનો કંદ. એ વાણી દુશ્મન, ચૈતન્યથી વિરૂધ્ધ એ દ્વારા વાણી શું કહે? સમજાણું કાંઈ?

એવો જે ભગવાનઆત્મા, તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે. સર્વજ્ઞની વાણીમાં પણ જયાં એનું રૂપ પૂરું આવ્યું નહીં. વાણીમાં કેટલું આવે? એના ઈશારા આવે. એવી ચીજ પ્રભુ તું પોતે સચ્ચિદાનંદનો નાથ છો. સમજાય છે કાંઈ? તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે. અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. જો આ અનુભૂતિ. એનું જ્ઞાન સ્વરૂપ ભગવાનનું એને જ્ઞાન દ્વારા જાણીને વેદવું. અનુભવ કરવો એનું નામ ભગવાને આત્માની એણે પહેલી શરૂઆત ધર્મની કરી અને નિશ્ચય નામ સાચો સમકિતી એટલે સાચા તત્ત્વનો સ્વીકાર કરનારો કહ્યો. નહીંતર એ જૂઠ્ઠો છે. સમજાણું કાંઈ?

એવાને અનુભૂતિ તે નિશ્ચય સમક્તિ તે સાચું સમકિત તે જ ગ્રહણ કરવા લાયક છે. તે જ પ્રગટ કરવા લાયક છે. કહો ઉપાદેય કીધું ને. એક શબ્દમાં આટલું સમાડયું. શોભાલાલજી! આહાહા! જયસેનઆચાર્યમાં આ છેલ્લું આ છે ટીકામાં. **'એ પ્રમાણે જ્ઞાનોપયોગનું વર્ણન કરવામાં આવ્યું...'**

## ગાથા :- ૪૨

दंसणमवि चक्खुजुदं अचक्खुजुदमवि य ओहिणा सहियं ।
अणिधणमणंतविसयं केवलियं चावि पण्णत्तं ।।४२।।

दर्शनमपि चक्षुर्युतमचक्षुर्युतमपि चावधिना सहितम् ।
अनिधनमनन्तविषयं कैवल्यं चापि प्रज्ञप्तम् ।।४२।।

दर्शनोपयोगविशेषाणां नामस्वरूपाभिधानमेतत् ।

चक्षुर्दर्शनमचक्षुर्दर्शनमवधिदर्शनं केवलदर्शनमिति नामाभिधानम् । आत्मा ह्यनन्तसर्वात्मप्रदेशव्यापिविशुद्धदर्शनसामान्यात्मा । स खल्वनादिदर्शनावरणकर्मावच्छन्नप्रदेशः सन्, यत्तदावरणक्षयोपशमाच्चक्षुरिन्द्रियावलम्बाच्च मूर्तद्रव्यं विकलं सामान्येनावबुध्यते तच्चक्षुर्दर्शनम्, यत्तदावरणक्षयोपशमाच्चक्षुर्वर्जितेतरचतुरिन्द्रियानिन्द्रियावलम्बाच्च मूर्तामूर्तद्रव्यं विकलं सामान्येनावबुध्यते तदचक्षुर्दर्शनम्, यत्तदावरणक्षयोपशमादेव मूर्तद्रव्यं विकलं सामान्येनावबुध्यते तदवधिदर्शनम्, यत्सकलावरणात्यन्तक्षये केवल एव मूर्तामूर्तद्रव्यं सकलं सामान्येनावबुध्यते तत्स्वाभाविकं केवलदर्शनमिति स्वरूपाभिधानम् ।।४२।।

---

**દર્શન તણા ચક્ષુ-અચક્ષુરૂપ, અવધિરૂપ ને,**
**નિઃસીમવિષય અનિધન કેવળરૂપ ભેદ કહેલ છે. ૪૨.**

**અન્વયાર્થઃ-** (दर्शनम् अपि) **દર્શન પણ** (चक्षुर्यतम्) **ચક્ષુદર્શન,** (अचक्षुर्यतम् अपि च) **અચક્ષુદર્શન,** (अवधिना सहितम्) **અવધિદર્શન** (च अपि) **અને** (अनंतविषयम्) **અનંત જેનો વિષય છે એવું** (अनिधनम्) **અવિનાશી** (कैवल्यं) **કેવળદર્શન** (प्रज्ञप्तम्)**-એમ ચાર ભેદવાળું કહ્યું છે.**

ટીકા :- આ, દર્શનોપયોગના ભેદોનાં નામ અને સ્વરૂપનું કથન છે.

(૧) ચક્ષુદર્શન, (૨) અચક્ષુદર્શન, (૩) અવધિદર્શન અને (૪) કેવળદર્શન-એ પ્રમાણે (દર્શનોપયોગના ભેદોનાં) નામનું કથન છે.

**(હવે તેમના સ્વરૂપનું કથન કરવામાં આવે છેઃ-) આત્મા ખરેખર અનંત, સર્વ આત્મપ્રદેશોમાં વ્યાપક, વિશુધ્ધ દર્શનસામાન્યસ્વરૂપ છે. તે (આત્મા) ખરેખર અનાદિ દર્શનાવરણ કર્મથી આચ્છાદિત પ્રદેશોવાળો વર્તતો થકો, (૧) તે પ્રકારના (અર્થાત્ ચક્ષુદર્શનના) આવરણના ક્ષયોપશમથી અને ચક્ષુ-ઈન્દ્રિયના અવલંબનથી મૂર્ત દ્રવ્યને વિકળપણે *સામાન્યતઃ અવબોધે છે તે ચક્ષુદર્શન છે, (૨) તે પ્રકારના આવરણના ક્ષયોપશમથી અને ચક્ષુ સિવાય બાકીની ચાર ઈન્દ્રિયો તથા મનના અવલંબનથી મૂર્ત-અમૂર્ત દ્રવ્યને વિકળપણે સામાન્યતઃ અવબોધે છે તે અચક્ષુદર્શન છે, (૩) તે પ્રકારના આવરણના ક્ષયોપશમથી જ મૂર્ત દ્રવ્યને વિકળપણે સામાન્યતઃ અવબોધે છે તે અવધિદર્શન છે, (૪) સમસ્ત આવરણના અત્યંત ક્ષયે, કેવળ જ (આત્મા એકલો જ), મૂર્ત-અમૂર્ત દ્રવ્યને સકળપણે સામાન્યતઃ અવબોધે છે તે સ્વાભાવિક કેવળદર્શન છે.**

**આ પ્રમાણે (દર્શનોપયોગના ભેદોનાં) સ્વરૂપનું કથન છે.**

## ગાથા ૪૨ ઉપર પ્રવચન

હવે દર્શનની વ્યાખ્યા ચાલે છે. બેતાલીસ. મૂળ શ્લોક. ઓલું સંજુકતમ કહ્યું હતું ને પહેલું ઓલામાં. એ આ બધું સહિત છે, સહિત છે ઉપયોગ સહિત છે એમ કહેવું છે. નીચે તેનું હરિગીત છે. એ મૂળ શ્લોક છે તેનું નીચે હરિગીત છે.

दंसणमवि चक्खुजुदं अचक्खुजुदमवि य ओहिणा सहियं ।
अणिधणमणंतविसयं केवलियं चावि पण्णत्तं ।।४२।।

**દર્શન તણા ચક્ષુ-અચક્ષુરૂપ, અવધિરૂપ ને,**
**નિઃસીમવિષય અનિધન કેવળરૂપ ભેદ કહેલ છે. ૪૨.**

ભગવાને આમ કહ્યું છે એમ કહે છે. એની ટીકા. ટીકા આ બાજુ બેતાલીસ ગાથા.

**ટીકાઃ- 'આ દર્શનોપયોગના ભેદોનાં નામ એના નામ, અને એનું સ્વરૂપ કહ્યું છે.**

---

* સામાન્યતઃ અવબોધવું=દેખવું. (સામાન્ય અવબોધ અર્થાત્ સામાન્ય પ્રતિભાસ તે દર્શન છે.)

**પહેલું નામ ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શન-એ પ્રમાણે દર્શનોપયોગના ભેદોનાં નામનું કથન છે...'** ભેદ આવા છે ચાર. હવે એનું સ્વરૂપ. હવે એનું સ્વરૂપ. દર્શનનું સ્વરૂપ.

**'આત્મા ખરેખર અનંત, સર્વ આત્મપ્રદેશોમાં વ્યાપક...'**એ અનંત એક બાજુ રાખવું. અને સર્વ આત્મપ્રદેશોમાં વ્યાપક એ બીજી બાજુ. એ અનંત વિશેષણ વિશુધ્ધ દર્શનજ્ઞાન સ્વરૂપ છે એનું. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા એવો છે કે ખરેખર અનંત. એટલી વાત. શું અનંત એ પછી કહેશે. સર્વ આત્મપ્રદેશો ભગવાનઆત્માના પ્રદેશો અસંખ્ય છે. એક પરમાણુ એક રજકણ જો અહીં મુકો તો એટલા ભાગને પ્રદેશ કહે છે. એવો આ આત્મા અસંખ્યપ્રદેશી પહોળો છે. શરીર પ્રમાણે શરીરથી જુદો. શરીર પ્રમાણે ક્ષેત્રથી છતાં શરીરથી જુદો. તદ્દન અસંખ્યપ્રદેશનો પિંડ છે એ. એ સર્વ આત્મપ્રદેશોમાં વ્યાપક છે દર્શન ગુણ. દર્શન ગુણ. દેખવાનો ઉપયોગ. અસંખ્યપ્રદેશમાં વ્યાપક છે. શરીર-ફરીર, વાણી, મન એનામાં છે જ નહીં. સમજાણું કાંઈ?

**'અનંત વિશુધ્ધ દર્શનજ્ઞાનસ્વરૂપ છે. દર્શનસામાન્યસ્વરૂપ છે...'** ભગવાન સામાન્ય એટલે અહીં સામાન્ય એટલે એકરૂપ લેવું. વિશુધ્ધ દર્શન છે એ તો. તદ્દન દેખવાના નિર્મળ સ્વભાવવાળો એકરૂપ દર્શનરૂપ છે. એવો એનો સ્વભાવ છે. કેવો છે? અનંત સ્વભાવ છે. આહાહા! સમજાણું કાંઈ?

**'વિશુધ્ધ દર્શનસામાન્યસ્વરૂપ છે તે આત્મા...'** હવે એની ચારની વ્યાખ્યા કરે છે. એ ગુણની વ્યાખ્યા કરી. હવે એની પર્યાયની વ્યાખ્યા કરે છે. **'ખરેખર અનાદિ દર્શનાવરણકર્મથી આચ્છાદિત પ્રદેશોવાળો વર્તતો થકો...'** આવો હોવા છતાં અનાદિથી પોતાના ભાવ-આવરણથી ઢંકાયેલો એમાં નિમિત્ત દર્શનાવરણીય નિમિત્ત. એનાથી ઢંકાયેલાં આત્મપ્રદેશવાળો. એ આત્મપ્રદેશમાં ઢંકણ છે કહે છે. શેનું? મિથ્યાત્વનું. ભાવ-આવરણમય પહેલાં આવી ગયું છે.

હું આવો નહીં. હું રાગવાળો, અલ્પદર્શન ઉપયોગવાળો. એવી જે માન્યતા એ માન્યતા દ્વારા ભગવાન અનંત વિશુધ્ધ દર્શનસામાન્યસ્વરૂપ એ ઢંકાઈ ગયું છે. એની આંખમાં એ આવતું નથી. મગનભાઈ! આહાહા! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? અનંત વિશુધ્ધ દર્શનજ્ઞાનસ્વરૂપ હોવા છતાં **'તે અનાદિ દર્શનાવરણકર્મથી આચ્છાદિત પ્રદેશોવાળો વર્તતો થકો...'** અસંખ્ય પ્રદેશમાં સામાન્ય દર્શન વ્યાપાર શક્તિરૂપ પડયો છે. એ પર્યાયમાં એને ઢંકાઈ ગયો છે. કેમ? એવડો દર્શન ઉપયોગમય અનંત સ્વભાવમય એમ ન માનતા અનાદિ ઈન્દ્રિય તરફના લક્ષવાળો જે દર્શન ઉપયોગ છે. તે અલ્પ ઉપયોગ છે તેટલો હું છું. અને દયા, દાનના વિકલ્પ આદિ થાય તેટલો ને તે હું છું. એવા ભાવે આખું દર્શનસામાન્યસ્વરૂપ છે તે ઢંકાઈ ગયું છે. કહો, નવનીતભાઈ!

આ તો માખણની વાત છે આ એકલી. આહાહા! ક્ષયવાળાને માખણ આપે. અહીં પણ ડોસા અહીં છે ને આપણે જુઓ! જીથરી. ક્ષયવાળાને માખણ બહુ આપે માખણ. આ ક્ષય લાગુ પડયો છે

ને. કયો ક્ષય? કે જે અનંત દર્શનસ્વરૂપ ભગવાન દ્દષ્ટા જેનો સ્વભાવ. જેનો સ્વભાવ દર્શન, દ્દષ્ટા એનું માપ શું? અનંત છે કહે છે. બેહદ સ્વભાવ. અપરિમિત સ્વભાવ, મર્યાદા વિનાનો જેનો અનંત દર્શન સ્વભાવ. એ હું વિકલ્પ ને રાગાદિને દેખનારું જે એ સામાન્ય દર્શન દેખનારું. એવો જે ઉપયોગનો અંશ વર્તમાન પ્રગટ છે તેટલો હું, તે હું. એવા મિથ્યાત્વભાવે એટલે જૂઠ્ઠાભાવે. સાચો આવો ભાવ છે તે ઢંકાઈ ગયો છે. આરે! આરે! વાત સમજવી કઠણ. સમજાણું કાંઈ?

કહો, સ્વરૂપચંદભાઈ! આવું સ્વરૂપ છે. આહાહા! પહેલી સમજણ તો કરે. ખ્યાલમાં તો વાતને લ્યે. ભગવાનઆત્મા એની મહિમા શું કરવી કહે છે. ભગવાન પોતે સાક્ષાત પ્રભુ જ છે. આહાહા! દર્શન ઉપયોગવાળો અનંત અનંત સ્વભાવવાળો પોતે પ્રભુ છે. એવા પ્રભુત્વની શકિતને અલ્પ ઉપયોગવાળો છું, રાગવાળો છું એવી પર્યાયબુધ્ધિએ, પર્યાયબુધ્ધિ એટલે અંશ બુધ્ધિએ, એટલે મિથ્યાબુધ્ધિએ. સારા અનંત દર્શન ઉપયોગ સ્વભાવનું આચ્છાદન થઈ ગયું છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! એની એને ખબર નથી.

તેને વર્તતો થકો. **'તેને તે પ્રકારના આવરણના ક્ષયોપશમથી...'** ચક્ષુદર્શન. ચક્ષુદર્શનના ઉઘાડથી **'અને ચક્ષુ ઈન્દ્રિયના (અવલંબન) નિમિત્તથી મૂર્ત દ્રવ્યને વિકળપણે સામાન્યતઃ અવબોધે છે...'** વિકળપણે એટલે અપૂર્ણપણે. સામાન્ય એટલે કે જેમાં સામાન્ય પ્રતિભાસ થાય. ભેદવાળો ભાસ નહીં. સામાન્ય પ્રતિભાસ ખ્યાલમાં આવે એવું એને દર્શન ઉપયોગ. પણ એ દર્શન ઉપયોગ આ છે એવું પણ નહીં એમાં. ઝીણું છે કહે. જ્ઞાન કરતાં દર્શનનો વ્યાપાર એને અવબોધે **'એ ચક્ષુદર્શન છે...'** આ ચક્ષુ આ નહીં હો. ચક્ષુથી દેખવું આ નહીં. અંતરમાં જે કાંઈ વિશેષ જ્ઞાન થવા પહેલાં, ચક્ષુના નિમિત્તમાં અંદર જ્ઞાન થવા પહેલાં. જ્ઞાનદર્શનનો ક્ષયોપશમ એ જાતનો, ચક્ષુથી જાણવા પહેલાં ઉપયોગ થાય તેને ચક્ષુદર્શન ઉપયોગ કહે છે. તે ઉપયોગ સહિત જીવ છે. તે ઉપયોગ સહિત જીવ છે. રાગ સહિત ને પુણ્ય સહિત ને નિમિત્ત સહિત છે નહીં. સમજાણું કાંઈ?

**'તે પ્રકારના આવરણના ક્ષયોપશમથી અને ચક્ષુ સિવાય બાકીની ચાર ઈન્દ્રિયો તથા મનના અવલંબનથી મૂર્ત-અમૂર્ત દ્રવ્યને વિકળપણે સામાન્યતઃ અવબોધે છે તે અચક્ષુદર્શન છે...'** એ વ્યાખ્યા છે. પહેલાં નામ આપ્યા હતા. આ એનું સ્વરૂપ છે.

હવે અવધિ. **'તે પ્રકારના આવરણના ક્ષયોપશમથી જ મૂર્ત દ્રવ્યને વિકળપણે...'** અપૂર્ણપણે, અંશપણે **'સામાન્યતઃ...'** નામ ભેદ વિના **'જાણે (દેખે) તેને અવધિદર્શન કહેવામાં આવે છે...'** તે જીવની પર્યાય થઈ. એ જીવની મૂડી છે. આહાહા! સમજાણું કાંઈ?

ત્રિકાળ એના ઉપયોગ વિનાનો એ જીવ હોય નહીં. એ ચાર ઈન્દ્રિયોનું જાણવામાં આવે એ પહેલાંનો જે એક વ્યાપાર એને અહીંયા અચક્ષુદર્શન કહે છે. અને અવધિજ્ઞાન પરને જાણવામાં જે

વિશેષ જાણે તેનાં પહેલાં એક અવધિદર્શન થાય તેને અવધિદર્શનનો ઉપયોગ કહેવામાં આવે છે. હવે કેવળ.

**'સમસ્ત આવરણના અત્યંત ક્ષયે...'** એટલે કે આત્મા પોતાના પૂર્ણ સ્વભાવના અંતરમાં સાવધાનીપણે આવી આવરણનો ક્ષય થાય. **'કેવળ જ (એકલો જ આત્મા)...'** એને નિમિત્તના અવલંબન વિના એમ. ઓલામાં બે લીધું હતું ને. ક્ષયોપશમથી અને નિમિત્ત લીધું હતું. અહીં ક્ષયથી નિમિત્ત નહીં. એમ ભાઈ! ઓલામાં અવલંબન લીધું હતું ને. આમાં ક્ષયથી તો લીધું પણ નિમિત્ત નહીં. ભગવાનઆત્મા દર્શન ઉપયોગમાં લોકાલોક એક સાથે દેખે એવો એનો સ્વભાવ તેને કેવળદર્શન કહે છે. પાઠમાં છે ને એ. **'अणिधणमणंतविसयं'**..... જેનો અંત નથી અને વિષય જેનો અનંત છે એવું કેવળી **'पण्णत्तं'**..... ભગવાને મૂળ પાઠમાં છે ને. **'अणिधणम.'**.... જેનો નાશ નથી. અને **'अणंतविसयं'**..... જેનો વિષય અનંત લોકાલોક ત્રણકાળ, ત્રણલોક એક સમયમાં દર્શનમાં દેખાય ભેદ વિના. એવો આત્માની દર્શન ગુણના સ્વભાવની પર્યાયરૂપ દશા તેને કેવળદર્શન ઉપયોગ કહેવામાં આવે છે. ઝીણું ભારે! સમજાણું કાંઈ?

એ એની મૂડી પુંજી છે કહે છે. આહાહા! એના હોવાપણામાં ત્રણકાળ, ત્રણલોક દેખે એવો એનો ઉપયોગ એ એની પુંજી, એની મૂડી અને એનો વિષય અનંત થાય એવો એનો સ્વભાવ છે. આહાહા! સમજાણું કાંઈ? **'એ મૂર્ત-અમૂર્ત દ્રવ્યને સકળપણે સામાન્યતઃ અવબોધે છે તે સ્વાભાવિક કેવળદર્શન છે...'** ઓલામાં સ્વાભાવિક કેવળજ્ઞાન આવ્યું હતું. સ્વાભાવિક કેવળદર્શન છે. જે આત્મામાં અનંત વિશુધ્ધ દર્શન દેખવારૂપભાવ અનાદિ ધ્રુવ શુધ્ધપણે છે, તેના આશ્રયથી પ્રગટેલી કેવળદર્શન પર્યાય એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને અવબોધે નામ દેખે, એ પર્યાયને કેવળદર્શન ઉપયોગ ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગ કહેવામાં આવે છે. આરે! કેટલું યાદ રાખવું આમાં?

દર્શન જે ઉપયોગ છે ત્રિકાળ, આત્મા દર્શનનો ધરનાર. અનંત વિશુધ્ધ દર્શન તે ગુણ એને અનુસરીને જે કેવળદર્શન થાય, તેને વર્તમાન ઉપયોગરૂપી પર્યાયમાં એને ગણી, પૂર્ણ પર્યાય સ્વાભાવિક એને કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? કેટલું આમાં યાદ રહે એવું છે? શું હા, ના નો પાડી શું કરે? આહાહા! આ છેલ્લું યાદ રાખવા જેવું છે. ત્રણ ક્ષયોપશમ તો ઠીક પણ આ ભગવાનઆત્મામાં વસ્તુ છે તો એનો કોઈ કાયમી સ્વભાવ તો ખરો કે નહીં?

નિત્ય રહેનારું તત્ત્વ અવિનાશી ભગવાન તો એનો કોઈ સ્વભાવ અવિનાશી ખરો કે નહીં? કહે છે કે દર્શન ને જ્ઞાન ઉપયોગ છે એ અવિનાશી એનો ત્રિકાળી સ્વભાવ છે. બાકી રાગ ને પુણ્ય ને પરને એ તો એનો સ્વભાવ નથી. અલ્પજ્ઞ દશા થાય ઉપયોગની એ કાંઈ એનો મૂળ પૂર્ણ સ્વભાવ નથી. છતાં એ ઉપયોગ હોય ખરો સાધકમાં. સમજાણું કાંઈ?

એવો દર્શન ઉપયોગ સ્વાભાવિક એ ચાર દર્શનના સ્વરૂપનું આ કથન છે. જુઓ! સ્વરૂપનું કથન

છે. હેં? માથેથી કહ્યું હતું ને. તેમના સ્વરૂપનું કથન કરવામાં આવે છે એમ હતું ને. પહેલાં ભેદના નામ પાડ્યા ને આ સ્વરૂપનું કથન છે. મથાળું જ એ છે. હવે તેતાલીસમી ગાથા. હવે શું કહે છે? જુઓ! તેતાલીસ.

## ગાથા :- ૪૩

ण वियप्पदि णाणादो णाणी णाणाणि होंति णेगाणि ।
तम्हा दु विस्सरूवं भणियं दवियं ति णाणीहिं ।।४३।।

न विकल्प्यते ज्ञानात् ज्ञानी ज्ञानानि भवन्त्यनेकानि ।
तस्मात्तु विश्वरूपं भणितं द्रव्यमिति ज्ञानिभि: ।।४३।।

एकस्यात्मनोऽनेकज्ञानात्मकत्वसमर्थनमेतत् ।

न तावज्ज्ञानी ज्ञानात्पृथग्भवति, द्वयोरप्येकास्तित्वनिर्वृत्तत्वेनैकद्रव्यत्वात्, द्वयोरप्यभिन्नप्रदेशत्वेनैकक्षेत्रत्वात्, द्वयोरप्येकसमयनिर्वृत्तत्वेनैककालत्वात्, द्वयोरप्येकस्वभावत्वेनैकभावत्वात् । न चैवमुच्यमानेप्येकस्मिन्नात्मन्याभिनिबोधिकादीन्यनेकानि ज्ञानानि विरुध्यन्ते, द्रव्यस्य विश्वरूपत्वात्। द्रव्यं हि सहक्रमप्रवृत्तानन्तगुणपर्याया-धारतयानन्तरूपत्वादेकमपि विश्वरूपमभिधीयत इति ।।४३।।

**છે જ્ઞાનથી નહિ ભિન્ન જ્ઞાની, જ્ઞાન તોય અનેક છે;**
**તે કારણે તો વિશ્વરૂપ કહ્યું દરવને જ્ઞાનીએ. ૪૩.**

**અન્વયાર્થ :-** (ज्ञानात्) **જ્ઞાનથી** (ज्ञानी न विकल्प्यते) **જ્ઞાનીનો (-આત્માનો) ભેદ પાડવામાં આવતો નથી;** (ज्ञानानि अनेकानि भवन्ति) **તોપણ જ્ઞાનો અનેક છે.** (तस्मात् तु) **તેથી તો** (ज्ञानिभि:) **જ્ઞાનીઓએ** (द्रव्यं) **દ્રવ્યને** (विश्वरूपम् इति भणितम्) **વિશ્વરૂપ (-અનેકરૂપ) કહ્યું છે.**

**ટીકા :- એક આત્મા અનેક જ્ઞાનાત્મક હોવાનું આ સમર્થન છે.**

**પ્રથમ તો જ્ઞાની (-આત્મા) જ્ઞાનથી પૃથક નથી; કારણ કે બન્ને એક અસ્તિત્વથી રચાયાં હોવાથી બન્નેને એકદ્રવ્યપણું છે, બન્નેના અભિન્ન પ્રદેશો હોવાથી બન્નેને એક ક્ષેત્રપણું છે, બન્ને એક સમયે રચાતાં હોવાથી બન્નેને એકકાળપણું છે, બન્નેનો એકસ્વભાવ હોવાથી બન્નેને એકભાવપણું છે. પરંતુ આમ કહેવામાં આવતું હોવા છતાં, એક આત્મામાં આભિનિબોધિક (-મતિ) આદિ અનેક જ્ઞાનો વિરોધ પામતાં નથી, કારણ કે દ્રવ્ય વિશ્વરૂપ છે. દ્રવ્ય ખરેખર સહવર્તી અને ક્રમવર્તી એવા અનંત ગુણો અને પર્યાયોનો આધાર હોવાને લીધે અનંતરૂપવાળું હોવાથી, એક હોવા છતાં પણ, *વિશ્વરૂપ કહેવાય છે. ૪૩.**

## ગાથા ૪૩ ઉપર પ્રવચન

**ण वियप्पदि णाणादो णाणी णाणाणि होंति णेगाणि ।**
**तम्हा दु विस्सरूवं भणियं दवियं ति णाणीहिं ।।४३।।**

**'છે જ્ઞાનથી નહિ ભિન્ન જ્ઞાની જ્ઞાન તોય અનેક છે...'** અહીં તો જ્ઞાન સ્વભાવી ભગવાન એકરૂપ હોવા છતાં પર્યાયમાં અનેક છે. એ એનકપણું એ વિરૂધ્ધતાને પામાતું નથી. એમ કહે છે. સમજાણું કાંઈ?

**છે જ્ઞાનથી નહિ ભિન્ન જ્ઞાની, જ્ઞાન તોય અનેક છે;**
**તે કારણે તો વિશ્વરૂપ કહ્યું દરવને જ્ઞાનીએ. ૪૩.**

બધાને જાણનાર તેવો આત્મા તેને ભગવાને દ્રવ્ય આત્મા કહ્યો છે. સમજાણું કાંઈ? વિકલ્પથી માંડીને ત્રણકાળ, ત્રણલોક એને જાણનારો તે આત્મા છે. બાકી એનો કરનારો અને તેમાં રહેનારો તે આત્મા નથી. આહાહા! શું કહે છે આ? સમજાણું કાંઈ? ધ્યાન રાખે તો પકડે. ભાષા બહુ સાદી છે. ભાવ તો ભલે ઊંચા હોય.

કહે છે **'એક આત્મા અનેક જ્ઞાનાત્મક હોવાનું આ સમર્થન છે...'** તેતાલીસની ટીકા. ભગવાનઆત્મા જ્ઞાન ને દર્શન એવા સ્વભાવથી એકરૂપ હોવા છતાં તેની દશામાં અનેકપણું થાય છે. તે

---

* વિશ્વરૂપ=અનેકરૂપ. (એક દ્રવ્ય સહવર્તી અનંત ગુણોનો અને ક્રમવર્તી અનંત પર્યાયોનો આધાર હોવાને લીધે અનંતરૂપવાળું પણ છે તેથી તેને વિશ્વરૂપ (અનેકરૂપ) પણ કહેવામાં આવે છે. માટે એક આત્મા અનેક જ્ઞાનાત્મક હોવામાં વિરોધ નથી.)

એક ને અનેકપણું વિરોધતાને પામતું નથી. સમજાણું કાંઈ? હવે આ તો એકદમ પ્રાથમિક વાત છે. **'પ્રથમ તો જ્ઞાની (-આત્મા) જ્ઞાનથી પૃથક નથી...'** છે ટીકા. ભગવાનઆત્મા જેમ શરીર, વાણી આખી દુનિયાથી જેમ જુદો છે અને એમાં પુણ્ય-પાપના વિકલ્પો રાગ વિકાર થાય છે તેનાથી ભગવાનઆત્મા જુદો છે તેમ તે આત્મા પોતાના જ્ઞાનસ્વભાવથી જુદો નથી. આહાહા! સમજાણું કાંઈ?

એના હોવાપણામાં વિકાર આદિનું નથી પરનું નથી. પણ તેના હોવાપણામાં જે જાણવાનો સ્વભાવ છે એ હોવાપણાના ગુણથી આત્મા કાંઈ જુદો નથી. બે થઈને એક છે. આત્મા અને જાણવું જ્ઞાન. બે થઈને એક જ છે. સમજાણું કાંઈ? આહાહા! પ્રથમ તો જ્ઞાની એટલે આત્મા, અહીં તો નિજ સ્વરૂપને એણે કોઈ દિ' જાણ્યું નથી. એને જાણ્યા વિના બહારના બાચકા ભર્યા છે. બાચકા ઓલું શું આપણી ગુજરાતી ભાષા. ધુમાડાના બાચકા નથી કહેતાં. હેં? બાચકા. ધુમાડા નીકળે બાચકા ભરે. મૂઠી મારે ધુમાડો? કોથળામાં રહે? ભરે તો. .............. કરે છે આ રબ્બરમાં ભરીને નથી કરતાં. (મુમુક્ષુ :-એમાં રહે આમાં ન રહે.) ઓલું ન રહે. ધુમાડો ન રહે. સમજાણું કાંઈ?

ધુમાડાના ઓશીકા ન થાય. ઓશીકા નથી કરતાં? પવન ભરીને. સૂવા માટે અંદર પવન ભરીને. એમ ધુમાડો ભરીને ઓશીકા ન થાય. એમ ભગવાનઆત્મા પુણ્ય-પાપના ભાવથી ખાલી છે. પણ જ્ઞાનદર્શનના ભાવથી ભરેલો છે. આહાહા! એ જ્ઞાની આત્મા વસ્તુ એનો જે જ્ઞાન જાણવું એ જાણવું જેનામાં જણાય છે એવું જે જ્ઞાન અને જે જાણનારો જે આત્મા બે જુદા નથી. આ તો સમજાય એવું છે ને સ્વરૂપચંદભાઈ!

જેના હોવાપણામાં સત્તામાં. પુણ્ય-પાપ, શરીર, વાણી, મન નથી. જેના હોવાપણામાં જાણવું એવો ભાવ છે. પણ એ ભાવ અને આત્મા ભાવવાન બે જુદા નથી. એ જ્ઞાનના અંશોના પ્રદેશો ક્ષેત્ર જુદું અને આત્માનું પ્રદેશ- ક્ષેત્ર. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ વર્ણવે છે એ ચાર. ચાર વર્ણવે છે. આહાહા! સમજાણું કાંઈ? આ ચૌદિશી નથી કરતાં તમારે મકાન વહેંચે ત્યારે. હેં? ચર્તુદશા. ચાર દિશા બતાવે ઉગમણું તે ફલાણાનું ઘર છે. આથમણું તે ફલાણું છે. ..... સમજ્યા ને? ઓલું મેઘના હોય તોય ઉપર હોય એનો માળ એકાદ ને માથે આઠ માળે પડે એ. હેં? શું કહેવાય એ? માઘ-મેડી. આમ હોય ને ઉપર ન્યાં એનું ઉપર હોય તો પછી આનો હક્ક ન હોય ત્યાં. હેઠે ભોંયરું હોય... સાત, આઠ, દસ, પચ્ચીસ હાથ છેટે કોઈકનું તો એનો હક્ક ત્યાં ન હોય. એનો હક્ક અમુક મર્યાદા સુધીમાં હોય. ચારે દિશાને લખે કે આ ચારેય દિશામાં રહેલી એક ચીજ છે. અવસ્તુ છે ને દેનારો મફતલાલ છે એમ નહીં. એમ આ ભગવાનઆત્મા વસ્તુ છે. અને એને જાણનારો મફતલાલ નથી એને જાણનારો અસ્તિત્વવાળો છે. આરે! ભારે વાત ભાઈ!

કહે છે એ જાણનારને જાણવું એવું જે જ્ઞાન ભેદ બેને નથી. જેમ પુણ્ય-પાપના વિકલ્પને અને

આત્માને ભેદ છે. આહાહા! હેં? ખરેખર તો પુણ્ય-પાપના ભાવ, આ શરીર, વાણી, મન જે છે એનું ક્ષેત્ર જુદું છે. એનું ક્ષેત્ર જુદું છે, એનું દ્રવ્ય જુદું છે, એનો ભાવ જુદો છે અને એની પર્યાય જુદી છે. એમ ખરેખર તો પુણ્ય-પાપનું ક્ષેત્ર પણ જુદું છે. એય! મેલ છે ને. આહાહા! એ ક્ષેત્ર જુદું ને આ શું હશે? એનું સ્થળ. એ જેટલામાં રહેલો છે એટલું એનું એ સ્થળ. દળ, સ્થળ, ખેતર, ભૂમિ. એની ભૂમિમાં તો જ્ઞાન રહેલું છે. પુણ્ય-પાપ આદિ ભાવ એની ભૂમિમાં સ્થળમાં છે નહીં. સમજાણું કાંઈ? આરે! ભારે!

આત્માની વાત મુકીને બધી વાતું કરો. દયા પાળો ને વ્રત પાળો ને ભક્તિ કરો ને પૂજા કરો. થોથા છે બધા. એકડા વિનાના મીંડા એમાં કયાંય હાથ તને લાગુ પડશે નહીં. આહાહા! પ્રથમ તો ધર્મી ભગવાનઆત્મા સર્વજ્ઞ પરમેશ્વરે આ આત્માને તેના જ્ઞાન ગુણથી જુદો જોયો નથી. ભગવાને આ આત્માને શરીરથી, વાણીથી, કુટુંબથી, ક્ષેત્રથી પરદેશ આદિથી અને પુણ્ય-પાપના ભાવથી ભગવાને આ આત્માને જુદો જોયો છે. આ આત્માને હોં. એના આત્માને તો જુદો પ્રગટ કર્યો છે. નવનીતભાઈ! આહાહા!

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાની પ્રભુ એણે આ આત્માને એવો જોયો છે કે, એ પુણ્ય ને પાપના રાગનું ક્ષેત્ર એના દ્રવ્ય આદિથી જુદો આત્મા છે. પણ એનામાં જે જ્ઞાનસ્વભાવ ભરેલો છે એનાથી જુદો જોયો નથી. સમજાણું કાંઈ? આરે! આ બધું સમજવું - સમજવું આવે આમાં. પણ એ તો સમજણનો પિંડ છે. આહાહા! **'કારણ કે બન્ને એક અસ્તિત્વથી રચાયાં હોવાથી...'** શું કહે છે? ભગવાનઆત્મા વસ્તુ અને એનો જ્ઞાન સ્વભાવ, એનો જ્ઞાન ગુણ એ સત્ એવો આત્મા એનું સત્વ, ભાવ. સત્વ- સત્વ એ જ્ઞાન. એ સત્ એનું સત્વ જ્ઞાન બેય જુદાં નથી. સત્વો-સત્વો શું કહે છે? ઓલાં નથી કહેતાં તમારે ઘઉંનું બનેલું. આથવો. ઘઉંનો સાથવો બને છે ને નહીં? તમારે નથી બનતો? એય! ઘઉંના લોટને શેકીને સાથવો બનાવે. ઘણા વર્ષ પહેલાં સાંભળેલું. આ તો સાથવો એટલે શું? હેં? સતુ બોલે છે ને હા. બસ એ જ. લાદુલાલજી! કહે સત્તુ! હેં? શું કહે છે? આમાં હિન્દીમાં કહે છે કે સતુ બોલે છે. આ કહે છે ને અહીંયા. હિન્દીવાળા કહે છે ને. આ સાથવાનું થાય. આપણે સાથવો કહે એને સતુ કહે. સતુ સાચી વાત છે. ઓલા નહીં ગરીબ માણસ પણ સાથવો ખાય. નથી આવતું બિહારમાં. ડોળીવાળા એને લોટ નાખે ઓલી જોડે હોય ત્યારે શેર ઘઉં. લોટ લોટ. એમાં શું કાંઈક ઓલું નાખીને ખાય છે. હેં, મરચું ને મીઠું નાખીને ખાય બિચારા લોંદા કરીને. ગરીબ માણસ બિચારા. બહુ ગરીબ હો. બે પૈસાનો લોટ માંડ. સત્તુ - સત્તુ કહે છે. નાખે ને ઓલા લૂગડામાં. વાસણ ફાસણ કયાં હતા. ગરીબ માણસ. અરે! એવું સાંભળ્યું છે હો. હા, ત્યાં ગયા હતા ને અમે. સમ્મેદ્શીખરમાં બહુ. આંહી તો બીજું કહેવું છે. કે આ આત્મા જે સત્ છે તેનું જ્ઞાન તે તેનું સત્વ છે. સમજાય છે કાંઈ?

એ જ્ઞાન અને આત્મા **'એક અસ્તિત્વથી રચાયા હોવાથી...'** એક હોવાપણાના ભાવથી રચાયેલું હોવાથી **'બન્નેને એકદ્રવ્યપણું છે...'** ભાષા દેખો! ઓહોહોહો! હેં? બન્નેનું એકદ્રવ્યપણું. બહુ વસ્તુ. આહાહા! આવો આત્મા છે એવી અંતર પ્રતીત ને દૃષ્ટિમાં ન આવે ત્યાં સુધી તેને ધર્મ ને સમકિત થાય નહીં. એ મરી જાય વ્રત ને તપ ને ક્રિયા કરીને મરી જાય, સુકાઈ જાય તોપણ તેને ધર્મ થાય નહીં. સમજાણું કાંઈ?

કેમ કે જેનામાં એકદ્રવ્યપણું નથી, એવી ક્રિયાકાંડ કરે અને દ્રવ્યને લાભ થાય (એમ છે નહીં.) સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ છે એને ને આત્માને એકદ્રવ્યપણું નથી. ભાઈ! એ તો પર દ્રવ્ય છે. એમ કહે છે ત્યાં તો. આહાહા! ઠાકોરદાસજી! એય! આ ભગવાનની ભક્તિ ને પૂજા ને દાન ને દયા ને વ્રતના ભાવ આત્માને ને એ બેયને એકદ્રવ્યપણું નથી. આહાહા! એકપણે અસ્તિત્વ રચાયેલાં હોય તો જુદાં કોઈ દિ' પડે નહીં. આહાહા! આંહી તો તારી ચીજમાં શું છે અને કેમ છે અને કેવી રીતે છે એનું એને જ્ઞાન કરાવે. અને એનું જ્ઞાન ન થાય અને ત્યાં સુધી તે પરથી પૃથક ન થાય અને પરથી પૃથક થયા વિના એને સમ્યગ્દર્શનનો ધર્મ થાય નહીં.

ભારે લોજીક મુકયું છે. જુઓ! આખા ન્યાયથી. કે આત્મા જ્ઞાનથી પૃથક નથી. એ તો ઠીક. કારણ. હવે એને કારણ આપ્યું. હેતુ, એ **'બન્ને એક અસ્તિત્વથી રચાયા હોવાથી...'** કહો આ સ્ત્રીને અર્ધાંગના કહે છે. એક અસ્તિત્વથી બેય રચાયેલા છે? હીરાભાઈનું ને આ ભીખાભાઈનું એક અસ્તિત્વ ખરું કે નહીં. આહાહા! પૈસા શરીરનું હોવાપણું અને આત્માનું હોવાપણું બેયનું થઈને હોવાપણું એક અસ્તિત્વથી છે કે નહીં. ના. ના. ભાઈ! તને ખબર નથી. સમજાણું કાંઈ? બેના બે અસ્તિત્વો હોવાપણાના જુદાં છે. આહાહા! સમજાણું કાંઈ? હેં? બહુ ભર્યું, અલૌકિક વાત છે. પણ એણે કોઈ દિ' સાંભળ્યું પણ ન હોય. કે આ શું કહે છે પણ આ?

વ્રત ને દયા ને કંદમૂળ ન ખાવા, ચોવિહાર કરવો, અપવાસ કરવા, તપસ્યા કરવી એવું તો જૈનમાં સાંભળીએ છીએ. પણ આવી વાત કેવી આ? હેં? લાડુલાલજી! સવારે ઊઠીને નૌકારસી કરવી, પછી પોરસી કરવી, પછી આ કરવું. એક તો એણે આ બધું કર્યું છે. હેં? બે પોરસી. હેં? હા, આામ કરવું, પછી અપવાસ કરવો કે આ કરવું. કંદમૂળ ન ખાવા, લીલોત્તરી ન ખાવી. પ્રત્યેક વનસ્પતિ જેટલી છોડે તેટલો ધર્મ. એ બધી વાત ખોટી છે કહે છે આંહી તો. કેમ કે જેને તું છોડવા માંગે તેનું અસ્તિત્વ તારાથી જુદું છે. હવે એને છોડવું એ તારામાં છે કયાં? છૂટેલો જ છે. છતાં છોડવું છે એમ માને છે તે મિથ્યા અભિપ્રાય સેવે છે અને માને છે કે મેં કાંઈક કર્યું ને છોડયું. છોડયો છે ધર્મ. સમજાણું કાંઈ?

આંહી તો કહે છે. અહો! ભગવાનઆત્મા વસ્તુ છે એનું જે આ જાણવું જેના હોવાપણામાં છે. તે જાણવું જાણવું એ ગુણ અને આત્મા ગુણી, બે જુદા નથી કાંઈ? સમજાણું કાંઈ? બન્ને કારણ. બન્ને

એટલે? આત્મા ને જ્ઞાન બન્ને, ગુણી અને ગુણ બે બન્ને. ગુણી ભગવાન અને જ્ઞાન ગુણ શક્તિએ બન્ને એક અસ્તિત્વથી એનું હોવાપણાનું હોવું એક જ અસ્તિત્વ છે. તેના બે અસ્તિત્વ જ્ઞાનનું અસ્તિત્વ જુદું, આત્માનું હોવાપણું જુદું, જેમ શરીરનું હોવાપણું જુદું, આત્માનું હોવાપણું જુદું, એમ જ્ઞાનનું હોવાપણું જુદું આત્માનું હોવાપણું જુદું એમ નથી. ભાઈ! આવી ધર્મકથા તો કેવી જાતની આ? લોકો બિચારા નવા હોય ને રૂઢિગતવાળા એને તો એવું લાગે કે શું કહે છે આ? આહાહા! બાપુ તને તારી વસ્તુની ખબર નથી. પરમેશ્વર એ કહે છે. સમજાય છે કાંઈ?

એક હોવાથી, એક હોવાપણાના ભાવથી રચાયા હોવાથી, ભાષા દેખો! આત્મા જે રીતે છે તે રીતે તેનો જ્ઞાન પણ તે જ રીતે અસ્તિત્વથી છે. એવો ભગવાન ગુણ ને ગુણીથી જુદો નથી. આહાહા! આમ તો બહારમાં એમ કહે છે કે ભાઈ આ ભાઈઓ ડાંગે માર્યા પાણી કાંઈ જુદાં પડે? એમ વાતું કરે છે ને. એક મગની બે ફાડ. વળી એમ પણ કહે ભાઈ તો જુદાં જ પડે ને. જે આવે તે ફાવે તેમ બોલે. ભાઈઓ પહેલાં ભાઈ તો ભાઈ જુદાં જ પડે ને. ભાઈ તો જુદાં છે એમ વળી કહે. વળી પાછા કહે ભાઈ કાંઈ ડાંગે માર્યા પાણી જુદાં પડે? પાણી હોય એમાં ડાંગ મારે, લાકડી આમ તો પાછું પાણી ભેગું થઈ જાય. એમ હશે આ જ્ઞાન ને આત્મામાં? આહાહા!

જેમ પાણીમાં ઠંડાપણું અને પાણી બેય જુદાં નથી. પણ પાણીમાં જેટલી ઉષ્ણતા અથવા જે વિકાર મેલ તેનાથી પાણી જુદું છે. એમ ભગવાનઆત્મા શરીર, કર્મ ને વાણીના હોવાપણાથી તદ્દન જુદી જાતની સત્તા છે એની. અને પુણ્ય-પાપના મેલથી પણ તેનું હોવાપણું તદ્દન જુદું છે. એમ જ્યાં સુધી અંતરમાં ન જાણે ત્યાં સુધી તેને આત્મામાં હોવાપણાની જે સ્થિતિ છે તે રીતે તેને જાણ્યું નથી. સમજાણું કાંઈ? મારી ધર્મ કથા, જુઓ! આવી ધર્મ કથા. મુંબઈમાં જો આવું માંડે તો કહેશે કે આ તે શું માંડયું? હેં? અહીં તો હવે ઘણા વર્ષ થઈ ગયા ને. પાંત્રીસ વર્ષ થયા આંહી. આ જંગલમાં પાંત્રીસ વર્ષ. આંહી તો ઘણા પાંત્રીસ વર્ષથી સાંભળે છે માણસ ઘણા. શેઠ! શેઠ તો વળી હવે આવ્યા. આહોહો!

ભગવાન! તારી નજર જ્ઞાન છે. એ નજર કરનારો જે આત્મા તેનાથી નજર જુદી નથી. આહાહા! એ નજર જે જાણે છે તેની નજરે જઈને આત્માને પકડે. આહાહા! એમ કહે છે. કારણ કે બે જુદા નથી. પુણ્ય-પાપના રાગ ને નિમિત્તથી તો એ પકડાય એવો નથી. કેમ કે તેનામાં છે નહીં એ. આહાહા! સમજાણું કાંઈ?

પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્માએ આવું તત્ત્વ કહ્યું છે. ભાઈ! સમજાય છે? સંપ્રદાયમાં સાંભળવા મળે નહીં એવું આંહી સાંભળે તો કહે, અરે! આ તો સોનગઢનો ધર્મ કહેવાય. વળી એમ કહે પહેલાં. એ સોનગઢનો ધર્મ વળી એમ કહેતા હતા. ઓલું આવ્યું હતું ને કાંઈક નહીં હમણાં? ચીમનભાઈએ કહ્યું હતું ને. આવ્યું હતું ઓલા કાગળમાં આવ્યું હતું. આ કેવું તમારા જલગામ. ચીમનભાઈ છે કે નહીં? આ

જલગામનો કાંઈક કાગળ આવ્યો હતો હો. આ ચીમનભાઈ ગયા હતા ને તે દિ'. ત્યાં મરાઠી છે ને મારવાડી પણ છે. નહીં? દિગમ્બર. હવે એનો કાગળ આવ્યો છે કાંઈક કોઈકનો. કે એ લોકો એમ માનતા હતા કે આ તો કાનજીસ્વામીનો પંથ જુદો છે. આપણો પંથ.... એ લોકો એમ કહે માળો આ તો પંથ આપણો જ લાગે છે. આ તો... ઓલી વાત સાંભળેલી નહીં. જૈનદર્શનનું તત્ત્વ સાંભળેલું નહીં. એટલે એમ લાગે કે આ તો એમનો પંથ જ જુદો છે. સોનગઢનો પંથ જુદો, મથુરાના ચેલા જુદાં. શું કાંઈક કહે છે ને. હેં? આણંદભાઈનો કાગળ...... આણંદલાલનો કાગળ...... આણંદભાઈનો કે આંહી આ લોકો કરવા માંગે છે. ભાઈ એમ નથી. બાપુ!

આ તો વીતરાગનો માર્ગ છે. બાપા! તમે સાંભળ્યો નથી, તને ખબર નથી એટલે કાંઈક બીજાનો થઈ જાય? કોઈ વ્યક્તિનો પંથ છે આ? શું કહે છે આ? જલગામ - જલગામ છે ને. ત્યાં જવાનું છે ને. ત્યાં વેદી પ્રતિષ્ઠા છે. દિગમ્બરમાં પડયા એ ખબર ન મળે. કેટલાક બિચારા કહેતા હતા. ગરીબ માણસ મજૂરી કરે ને પૂરું કરે. એમાં આ હાથમાં.... ભગવાનના દર્શન કરી આવી એકવાર જાઓ જયભગવાન. બે ઘડી બેસીએ. અડધો કલાક. સ્વાધ્યાય બ્યાધ્યાય તો વાંચનારો હોય તો પૂરાણ બુરાણ વાંચે ને સાંભળીએ જાવ. થઈ ગયો ધર્મ. ધૂળેય ધર્મ નથી.

તારા ભગવાનને પહોંચવા માટે જ્ઞાન ગુણ તે તારો છે. એ જ્ઞાન ગુણ ને ગુણી કોઈ દિ' જુદા પડતા નથી. માટે બેનું હોવાપણાનું એક હોવાથી તેનું દ્રવ્ય એક દ્રવ્ય છે. બે તેનું દ્રવ્ય એક છે. જ્ઞાનનું દ્રવ્ય જુદું અને આત્માનું દ્રવ્ય જુદું એમ નથી. પુણ્ય-પાપના પરમાણું પર્યાય જે છે એનું દ્રવ્ય જુદું છે ખરેખર. આંહી એમ લીધું છે એને. પુણ્ય-પાપના વિકલ્પને પણ પરદ્રવ્ય ગણ્યું છે. સ્વદ્રવ્ય નહીં. આ દયા, દાન, વ્રત વિકલ્પ ઊઠે તે વૃત્તિ ઊઠે છે. એવું તો એણે અનંતવાર કર્યું છે. નવમી ગ્રૈવેયક ગયો ત્યારે નથી કર્યું? સમજાણું? જો પરદ્રવ્યથી સ્વદ્રવ્યને લાભ થાય તો એવું તો અનંતવાર કર્યું છે.

અહીં તો કહે છે **'બન્ને એક અસ્તિત્વથી રચાયાં...'** નવા રચાયા હશે? ભાષા તો એવી છે. એટલે કે બે અનાદિના એવા છે. ભગવાનઆત્મા અને એનો જાણવાનો જે શક્તિ ગુણ. બે અનાદિના એક અસ્તિત્વ નામ એક સત્તાથી છે બે એમ. બેની એક સત્તાથી બે છે. એટલે અનાદિથી એક રચાયેલાં છે.એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

ભગવાનઆત્મા અને જાણવાનો જે કાયમી અનાદિ-અનંત ગુણ. સમજાણું? એ ગુણ અને ભગવાન ગુણી. એ બેનું હોવાપણું એક હોવાપણે રચાયેલું હોવાથી બે એકદ્રવ્યરૂપે છે. જ્ઞાનનું દ્રવ્યપણું એટલે વસ્તુપણું જુદું અને આત્માનું વસ્તુપણું જુદું એમ છે નહીં. જુઓ! આ રાગથી ને પરથી ભિન્ન કરીને જ્ઞાનથી અભિન્ન છે એમ બતાવે છે. આહાહા! સમજાણું કાંઈ? આરે! આરે! પકડવું પણ કઠણ એને હજી તો આ. **'બન્નેના અભિન્ન પ્રદેશો હોવાથી...'** હવે વળી ઝીણું આવ્યું પાછું એનું.

ભગવાનઆત્મા વસ્તુ અસ્તિ સત્તા. અને એનું જ્ઞાનનું હોવાપણું. બેના ક્ષેત્રના અંશો જુદા નથી. જેમ આ આંગળીના પ્રદેશ જુદા ને આ આંગળીના બેય જુદા. એમ આ આંગળી અને એના લોહી એના પ્રદેશ કાંઈ જુદા નથી. એમ આત્માને જ્ઞાનના પ્રદેશ જુદા નથી. બેનું ક્ષેત્ર એક છે એમ કહે છે. આહાહા! પુણ્ય-પાપનું ક્ષેત્ર તો જુદું કહ્યું છે હો, સંવર અધિકારમાં. હા. આ તો જુદું ક્ષેત્ર છે જ. શરીર, વાણી, મન, કર્મ આદિ જુદું સ્થળ છે એનું સ્થળ જુદું છે. એનું સમજાય છે? સત્તા ભૂમિ - ભૂમિ. આની ભૂમિ તદ્દન આત્માથી જુદી છે. શરીર, વાણી, કર્મની ભૂમિકા, ભૂમિ તે આત્માથી તદ્દન જુદી છે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૪૫ - ગાથા :- ૪૩
## પોષ સુદ-૧૫ ગુરુવાર તા. ૨૨/૧/૭૦

આ પંચાસ્તિકાય. તેતાલીસમી ગાથા છે તેતાલીસ. શું કહે છે? **'એક આત્મા અનેક જ્ઞાનાત્મક હોવાનું આ સમર્થન છે...'** એટલે શું કહે છે? કે જેણે ધર્મ કરવો હોય તેણે શું કરવું? એટલે કે જન્મ-મરણના દુઃખો નાશ કરીને આત્માની પ્રાપ્તિ ને શાંતિની પ્રાપ્તિ કરવી હોય તેણે શું કરવું? કહે છે કે તે આત્મા ને જ્ઞાન બેય તાદાત્મ્ય સંબંધે એકરૂપ છે. એક જ્ઞાનની અવસ્થાઓ ભલે અનેક હો. તેથી કાંઈ તત્ત્વને વિરોધ આવતો નથી. પણ જે આત્મા અને જાણવું એટલે જ્ઞાન તે બે ચીજ એક છે. બેનું એક અસ્તિત્વથી રચાયેલું તત્ત્વ છે. શરીર, વાણી, મન એ જુદા છે અને પુણ્ય ને પાપના વિકલ્પો તે પણ ભિન્ન ચીજ છે. સંયોગી ભાવ છે. તે આત્માનો સ્વભાવ નથી.

આ શરીર, વાણી, કર્મ એ તો સંયોગી પદાર્થ છે. એટલે કે તેને આશ્રયે કાંઈ આત્માને કલ્યાણ ને ધર્મ થાય એમ છે નહીં. આત્મામાં થતાં શુભ ને અશુભભાવ. દયા, દાન, વ્રત, ભકિત, પૂજા, કામ, ક્રોધ આદિ શુભાશુભભાવ એ આત્માને અને એને એકરૂપ તદ્રૂપ સંબંધ નથી. તે સંયોગી સંબંધ છે. નવનીતભાઈ! સંયોગી એટલે કે તેની સ્વભાવની જાત નથી. વિભાવ વિકલ્પ છે, વૃત્તિઓ છે. એટલે એને ને આત્માને એકરૂપતા તદ્રૂપતા નથી. તેથી જેને આત્મા વસ્તુ છે તેની જેને પ્રાપ્તિ કરવી હોય એણે આ જ્ઞાન તે આત્મા. જ્ઞાન તે આત્મા. એમ બેની તાદાત્મ્ય સંબંધવાળી શકિત તેમાં એકાગ્ર થતાં જે જ્ઞાનની દશા થાય તે સ્વાભાવિક જ્ઞાનની ક્રિયા હોવાથી તે ધર્મ છે. આરે! પકડાવું હજી કઠણ. શું કહે છે એ. શેઠ! વાત તો સહેલી આવે છે. પણ હવે......

આત્મા ધર્મ કરનારો, આત્મા તેનો ધર્મ શું છે? તેનો ધર્મ જ્ઞાનસ્વભાવ છે. અને જ્ઞાનસ્વભાવ અને

સ્વભાવવાન આત્મા બે તાદાત્મ્યરૂપ એકરૂપ છે. બેનું અસ્તિત્વ એટલે હોવાપણું બેનું જુદું નથી. જેમ શરીર, વાણીનું હોવાપણું જુદું છે. અને પુણ્ય-પાપનું હોવાપણું પણ આત્માના સ્વભાવથી તદ્દન જુદાપણે છે. એમ આત્મા અને જ્ઞાનના તાદાત્મ્ય સંબંધમાં જુદાપણું નથી એકરૂપ સંબંધ છે. એટલે જ્ઞાન તે આત્મા. જ્ઞાન તે આત્મા. જાણનાર એવો સ્વભાવ તે સ્વભાવવાન એનો સ્વભાવ. તેમ વર્તમાન પર્યાયમાં- અવસ્થામાં જ્ઞાન તે આત્મા એમ એકથી રચાયેલું તત્ત્વ હોવાથી જ્ઞાનમાં એકાગ્ર થતાં આત્મામાં એકાગ્ર થવાય છે. સમજાણું કાંઈ? તેથી તેને અહીંયા ધર્મ કહેવામાં આવે છે. આહાહા! ભારે ધર્મ ભાઈ!

કહે છે કે જ્ઞાની નામ આત્મા જ્ઞાનથી પૃથક નથી. જેને આત્મા ધર્મ કરનારો કોણ છે? એ પ્રશ્ન ઊઠે છે કે નહીં? ભાઈ! આ આપણે રાત્રે ડોકટરે પ્રશ્ન કર્યો હતો ને. ઘટાડવું - ઘટાડવું શું? ડોકટર. ઘટાડવું શું આમાં આવ્યું હતું ને. ક્રમે ક્રમે ઓછું કરવું ઘટાડવું આવ્યું હતું ને. તેમાં એક પ્રશ્ન છે કે ઘટાડવું શું? એનામાં હોય તે ઘટી શકે છે. પર વસ્તુ તો તેનામાં નથી એટલે ઘટાડવું કે ઊઠવું કરવું એ કાંઈ રહેતું નથી.

હવે તેની પર્યાયમાં પુણ્ય ને પાપના શુભઅશુભભાવ છે. તેને ઘટાડવા અથવા તેનો અભાવ કરવો. તોય જયારે તેને ઘટાડવા અને અભાવ કરવો તો જેનામાં વસ્તુ નથી, એ પુણ્ય-પાપ વસ્તુ નથી આત્મામાં એ એના તરફના લક્ષે તેને ઘટાડી શકે અને તેનો અભાવ કરી શકે? ન્યાય સમજાય છે કાંઈ?

કોઈ કહે, મારે તો અધર્મ ઘટાડવો છે. અધર્મ એટલે શું? કાંઈ શરીર, વાણી અધર્મ છે? તેની પર્યાયમાં અવસ્થામાં વિપરીત માન્યતા છે કે હું પુણ્ય ને પાપવાળો છું, પરવાળો છું, સ્વભાવવાળો હું નથી. એવી જે દૃષ્ટિ વિપરીત છે. એ વિપરીત દૃષ્ટિ છે એ સ્વભાવમાં નથી. નથી તે એને ટાળી શકે? ટાળવું છે તેનો અભાવ કરવો પણ જેનામાં નથી, તેનો આશ્રય લ્યે તો તે ટળી શકે અને તેનો અભાવ થઈ શકે. ન્યાય સમજાય છે કાંઈ?

ધર્મની પધ્ધતિ કોઈ અલૌકિક બીજી છે. સાધારણ સમાજને જે મળે છે તે ચીજ જુદી છે. અને વીતરાગ પરમેશ્વરનું કહેલું તત્ત્વ નિરાલંબી સ્વભાવ એ કોઈ જુદી ચીજ છે. કહે છે કે ભાઈ! તું દુઃખી છો. દુઃખી ન હોય તો આનંદનું વેદન હોવું જોઈએ. દુઃખી છો. દુઃખને વેદે છો. વિકારને વેદે છો. દુઃખને અને અધર્મને તું વેદે એ અધર્મનો તું કર્તા થાય છે. હવે ત્યારે સુખી, અને સુખી થવું હોય તો તે અધર્મ તેવી જે વર્તમાન દશામાં ભાવ વિકારી છે તે મારા સ્વભાવમાં નથી. કારણ કે ટાળવો છે તો જેનામાં ન હોય તે ટાળી શકે. સમજાય છે કાંઈ?

આત્મા, જ્ઞાન ને આત્મા એક વસ્તુ છે. તેમાં તે પુણ્ય-પાપના વિકલ્પો પણ નથી. શરીર, વાણી, મન તો એક સમયની અવસ્થામાં પણ નથી. સમજાણું કાંઈ? અસ્તિત્વ સિધ્ધ કરવું છે ને આંહી તો. ષટ્દ્રવ્યમાં આત્મદ્રવ્ય, પંચાસ્તિકાયમાં જીવાસ્તિકાય તેનું આ વર્ણન છે. કહે છે કે આત્મા અને જ્ઞાન

બે જુદા નથી. તેથી તેને જ્ઞાન તે આત્મા, અંદર જાણનાર - જાણનાર સ્વભાવ તે આત્મા તેમ અંતરમાં એકાકાર થતાં તેને અધર્મપણું દુઃખપણું નાશ થાય છે અને સુખની ઉત્પત્તિ થાય છે. તેને ધર્મ કહે છે. આરે! આરે! ભારે ધર્મ ભાઈ!

તો કહે છે આત્મા અને જ્ઞાનથી, આ જ્ઞાની અને જ્ઞાનથી પૃથક નથી. કારણ કે બન્ને એક અસ્તિત્વથી રચાયાં હોવાથી, જાણવાનો સ્વભાવ, જાણવાનો ગુણ અને એને જેને આધારે છે તેવો આત્મા. બેનાં અસ્તિત્વ એટલે બેનાં હોવાપણાં જુદાં નથી. બેનું એક જ હોવાપણું છે. સમજાણું કાંઈ? **'બન્ને એક અસ્તિત્વ...'** નામ સત્તાથી, હોવાપણાનાં ભાવથી બેય **'રચાયાં હોવાથી બન્નેને એકદ્રવ્યપણું છે...'** જાણનાર અને જાણવું એ બેય એક વસ્તુ છે. પુણ્ય-પાપ અને આત્મા બેય એક ચીજ નથી. આહાહા! ભારે! સમજાણું કાંઈ? એ એક વાત આવી.

**'બન્નેના અભિન્ન પ્રદેશો હોવાથી...'** આત્મા એ અસંખ્યપ્રદેશી છે. તેમ તેનો જ્ઞાન ગુણ પણ અસંખ્યપ્રદેશી છે. પુણ્ય-પાપના વિકલ્પો તેનું ક્ષેત્ર જુદું છે. કારણ કે મલિન છે. તેમ જ્ઞાન ને આત્માનું ક્ષેત્ર જુદું નથી. ભારે આવો ધર્મ ભારે. ભાઈ! હેં? એ કરતાં તો સામાયિક, પોષા, પડિક્કમણાં કરવાં નહીં. એય દિલીપ!

મુમુક્ષુ :- અનંતવાર કરી લીધું.

ઉત્તર :- કહે છે કે એવું તો અનંતવાર કરી લીધું. છોકરો કહે છે કે આત્માના ભાન વિના સામાયિક, પોષા ને પડિક્કમણાં અનંતવાર કર્યા એમ કહે છે. એય, શોભાલાલજી!

મુમુક્ષુ :- શરમાવું પડે એવું છે.

ઉત્તર :- શરમાવું પડે એવું છે આ છોકરાથી. અગિયાર વર્ષનો છોકરો છે. તે કહે છે કે આત્માના ભાન વિના આવી ક્રિયા તો અનંતવાર કરી. એમ કહે છે. તેની ગુજરાતી ભાષા છે ને. સમજાય છે કાંઈ? એ આગરા! આ છોકરો એવું કહે છે.

કહે છે કે ભગવાનઆત્મા પોતાનું જ્ઞાન અને આત્મા બેય એક છે. એવી દૃષ્ટિ છોડીને. તેણે પુણ્ય ને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, સામાયિક, પોષા, પડિક્કમણાં જે વિકલ્પ કહેવાય તેવી ક્રિયા તો અનંતવાર કરી. તે છ ઢાળામાં આવે છે ને નહીં. મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો. તે આવે છે. આત્મા વસ્તુ હોવાપણાનું તત્ત્વ અને જાણવું જાણવું જાણવું જાણવું જાણવું તે હોવાવાળું તત્ત્વ બેનું અસ્તિત્વ એક છે. બેનાં પ્રદેશો એટલે સ્થળ તેનું ક્ષેત્ર બેનું એક છે. આહાહા!

જ્ઞાનના ક્ષેત્રને જોવાં જાશો ત્યાં આત્માનું ક્ષેત્ર તેમાં ભેગું આ એક જ છે, આવી જાય છે એમ કહે છે. પુણ્ય-પાપના વિકલ્પો ઊઠે તેનું ક્ષેત્ર આત્માથી જુદું છે. આહાહા! ભારે વાતું ભાઈ! સર્વજ્ઞ

પરમેશ્વર વીતરાગ અનંત અમૃત આનંદના કુંડને ઉછાળીને અનુભવે છે જે, તેવા પરમાત્માની વાણીમાં આ આવ્યું છે. એ પરમાત્મા ઈન્દ્રો અને સમવસરણની સભામાં આમ ફરમાવતા હતાં. તે આ સંદેશો લઈને કુંદકુંદઆચાર્ય આવ્યા તે પોતે કહે છે. આહાહા!

કહે છે કે જે આ આત્મા છે અંદર વસ્તુ અને એનો જે જ્ઞાનસ્વભાવ જાણવું જાણવું જાણવું. જેમ સાકર છે અને સાકરનો ગળપણ સ્વભાવ છે. બેનું ક્ષેત્ર જુદું નથી. ક્ષેત્ર જુદું છે? બેનું અસ્તિત્વ જુદું છે? સાકર અને ગળપણ બેનું અસ્તિત્વ હોવાપણું એક છે. બેનું ક્ષેત્ર પણ એક છે. સાકરમાં જેમ મેલ છે. એ મેલનું ક્ષેત્રનું અસ્તિત્વ જુદું અને તેનું ક્ષેત્ર પણ જુદું છે. અને જે સાકર જે ચીજમાં મુકી હોય વાસણમાં તે વાસણનું અસ્તિત્વ ને ક્ષેત્ર તદ્દન જુદું છે. તેમ આ શરીરરૂપી વાસણ આ હાડકાં આદિ તેનું ક્ષેત્ર ને ભાવ તદ્દન જુદા છે. અને અંદર પુણ્ય ને પાપના ભાવ થાય તે પણ આત્માના સ્વક્ષેત્ર ને સ્વદ્રવ્યથી તદ્દન જુદાં છે. આહાહા! તેને ભગવાન તો પરદ્રવ્ય કહે છે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો વિકલ્પ છે તેને પરદ્રવ્ય કહે છે. તો ક્ષેત્ર પણ જુદું ને દ્રવ્ય પણ જુદું ને તેનો કાળ પણ જુદો ને સત્વ નામ ભાવ જુદો. તેમ આત્મા ને જ્ઞાનનું જુદાપણું નથી. કારણ કે વસ્તુ પોતે ભગવાન જ્ઞાનસ્વરૂપ છે. આહાહા! પ્રજ્ઞાબ્રહ્મ પ્રજ્ઞા એટલે જ્ઞાન અને બ્રહ્મ એટલે આનંદ. એ જ્ઞાન ને આનંદનું ધામ આત્મા છે. સમજાણું કાંઈ?

**'બન્નેના અભિન્ન પ્રદેશો હોવાથી...'** કોના બન્નેના? આત્મા અને જ્ઞાન. જેમ સાકર અને ગળપણ, જેમ દૂધ અને દૂધનું ધોળાપણું. દૂધ ને દૂધનું ધોળાપણું તે બેનું એક અસ્તિત્વ છે. બેનું એક ક્ષેત્ર છે. દૂધમાં જે પાણી હોય છે તે પાણીનું અસ્તિત્વ પણ જુદું, તેનું ક્ષેત્ર પણ જુદું ને તેની શક્તિ ને ભાવ પણ જુદા. ભારે ઝીણી વાતું!

કહે છે કે બેયના પ્રદેશો એટલે ક્ષેત્રો, એટલે સ્થળ, એટલે સત્તા એટલે ભૂમિ. જ્ઞાનની ભૂમિકા અને આત્માની ભૂમિ બેય એક છે. માટે જ્ઞાન તે આત્મા. તેમ જ્ઞાનને લક્ષે ચાલીને જે અંતરમાં જાવું તેની દશામાં જે ધર્મની એકાગ્રતા થાય જ્ઞાનની, તેને જન્મ-મરણ અને ઉધ્ધાર કરવાની શક્તિ એ પર્યાયમાં છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું. આમાં તો પહોંચવું, આ બધું માથામાં આ દેખાય ને દેખનારો દેખાય નહીં ને દેખાય તે ચીજ આત્માથી ભિન્ન છે. જેના અસ્તિત્વમાં દેખાય છે. કહો, સમજાણું કાંઈ?

તે અસ્તિત્વ તેનું જુદું છે. એ છોકરો પ્રશ્ન કરતો હતો, નહોતો. નાનો છે એક અમારે. શું નામ તેનું? પરેશ છે. જામનગરનો છોકરો છે એક. એય! દિલીપ! એને અત્યારે વર્ષ હશે બાર, તેર, ચૌદ. બે, ત્રણ, ચાર, પાંચ વર્ષ પહેલાં પ્રશ્ન કર્યો હતો એણે જામનગરમાં. પરેશ છે નાનો. તે દિ' દસ વર્ષનો હશે. હેં? સાત વર્ષનો? લ્યો! તે દિ' સાત વર્ષનો. હેં? હા, સાત વર્ષનો. તેણે પ્રશ્ન કર્યો. કેવો પ્રશ્ન કર્યો. મહારાજ! તમે કહો છો કે આત્મા આત્મા આત્મા પણ આત્મા અમારે કયાં જોવો? આંખ ઉઘાડીને જોઈએ તો આ દેખાય, મીંચીએ તો અંધારું દેખાય. તેમાં જોવો કયાં અમારે? એ સાત વર્ષના

છોકરાએ પૂછયું. એ સ્વરૂપચંદભાઇ! આત્મા છે ને. ઊભો થઇને પૂછયું હો. એય!

તમે કહો છો કે આત્મા જોવો, આત્માને ઓળખો. પણ આત્મા કયાં છે? આમ જોઈએ તો આ દેખાય છે, આંખો મીંચીએ તો અંધારું દેખાય છે. ભાઇ! અંધારું કોણ દેખે છે કીધું. અંધારાના અસ્તિત્વમાં અંધારું દેખાય છે કે અંધારાથી ભિન્ન જ્ઞાનના અસ્તિત્વમાં અંધારું દેખાય છે? ડોકટર! બરાબર છે? કીધું અંધારું દેખાય છે એ અંધારું જાણનારનું અસ્તિત્વ અંધારારૂપ છે? અંધારાને જાણનારું અંધારું નથી. અંધારાને જાણનારું જ્ઞાનનું અસ્તિત્વ છે. છોકરાએ પ્રશ્ન કર્યો હતો. ભાઇ! લાડુલાલજી! આ પ્રશ્ન હોં. હવે તો હોંશિયાર થઇ ગયો છે. ત્રણ, ચાર, પાંચ વર્ષ થઇ ગયા હવે તો. હવે તો બધા પ્રશ્ન એવા કરે, આમાંથી પ્રશ્ન કર્યો હતો આત્મસિદ્ધિમાંથી.

આત્મસિદ્ધિમાં ઓગણીસમી ગાથામાં એવું આવે છે કે છદ્મસ્થ ગુરુને કેવળી પગે લાગે એ મહારાજ કેમ બને? એવો પ્રશ્ન કર્યો હતો. જાદવદાસજી! આત્મસિદ્ધિ છે ને. શ્રીમદ્‌ની આત્મસિદ્ધિ. તેમાં ઓગણીસમી ગાથામાં આવે છે ને. 'ગુરુ રહ્યા છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન.' આ કેમ બને? કેવળી વિનય કેમ કરે છદ્મસ્થનો. એમ પ્રશ્ન કર્યો હતો. સમજાણું કાંઇ? નહીં, શશીભાઇ! કીધું, ભાઇ કેવળી વિનય ન કરે કોઇનો. કેવળી તો પરિપૂર્ણ પરમાત્મ દશા છે એ કોનો વિનય કરે? એ તો એ રીતે એવી શૈલી આ વિનયની સ્થાપી હશે, બાકી વસ્તુનું સ્વરૂપ એમ નથી. કેવળી ગુરુનો વિનય કરે જ નહીં. કેવળી પરિપૂર્ણ દશા જ્યાં અનંત જ્ઞાન ને આનંદની દશા થઇ તેને કયાં અપૂર્ણપણું છે કે વંદે, બીજી ચીજ ને વંદનીક હું. એવું કાંઇ છે નહીં. પરિપૂર્ણ દશા એ કેવળી ગુરુનો વિનય કરે જ નહીં. એવો છોકરાએ પ્રશ્ન આત્મસિદ્ધિમાંથી કર્યો હતો. અને આ બધા આટલા વર્ષથી ભણનારા હોય તેને શંકા ન થાય. એય! હેં? આ તો આત્મસિદ્ધિ સાચી આત્મસિદ્ધિ. ઓલો કહે આ પણ કેમ છે? ન્યાય મળતો નથી. એ સ્વરૂપચંદભાઇ!

કેવળી પરિપૂર્ણ પરમાત્મા એ વિનય કોનો કરે? વિનય કરનારાને વિકલ્પ હોય છે. ભગવાનને તો વિકલ્પ છે નહીં. અને એનાથી કોઇ મોટું નથી તો કોનો વિનય કરે? કીધું, ભાઇ! તારી વાત સાચી છે. એ તો એક જાતની શૈલીથી લખાઇ ગયું છે. વસ્તુનું સ્વરૂપ એમ છે નહીં. લાડુલાલજી! ઓગણીસમી ગાથામાં છે ને. આત્મસિદ્ધિમાં એકસો બેતાલીસ ગાથામાં.

આંહી કહે છે કે ભગવાનઆત્મા, અરે પહેલેથી. કહે છે કે બીજાનો વિનય કરવો એ એક વિકલ્પ છે. અને એ વિકલ્પનું ક્ષેત્ર અને ભાવ આત્માના જ્ઞાન અને ભાવથી જુદી ચીજ છે. આહાહા! ભારે કામ આકરું. સમજાય છે કાંઇ? **'બન્નેના અભિન્ન પ્રદેશો હોવાથી...'** ભગવાનઆત્મા જાણનાર જાણનાર એ અંધારાને જાણે કોણ? અંધારું અંધારાના હોવામાં જણાય કે અંધારું તેના જાણનારના હોવાપણામાં જણાય. જે અંધારાને જાણે તે અંધારારૂપ નથી. બરાબર છે? સ્વરૂપચંદભાઇ! જે

અંધારાને જાણે તે અંધારારૂપ નથી. જે રાગને જાણે તે રાગરૂપ નથી. પણ જાણનાર તેના જ્ઞાનથી જુદો નથી. આહાહા! ભારે ઝીણું પડે. અભ્યાસ ન મળે. અને બહારની વાતમાં ગૂંચાઈ ગયા હોય. તેને આ તત્ત્વની ઉપર, સમ્યક્જ્ઞાન ઉપર આવવું જગતને ભારે કઠણ પડે. સમજાણું કાંઈ?

ત્યાં સુધી તો કાલે આપણે આવ્યું હતું. **'બન્નેના અભિન્ન...'** બન્ને કોણ? જ્ઞાન અને આત્મા. રાગ અને જ્ઞાન નહીં અને રાગ અને આત્મા નહીં. આહાહા! જાણનાર જાણનાર. એ જાણનાર અને આત્મા બેનું ક્ષેત્ર એક અને અસ્તિત્વ પણ એક. એ નિર્ણય કોણ કરે? એ પર્યાય નિર્ણય કરે. પર્યાય એટલે અવસ્થા નિર્ણય કરે. આ જ્ઞાન તે આત્મા બેનું હોવાપણું એક અને બેનું ક્ષેત્ર અભિન્ન. એક જ ક્ષેત્ર છે. એમ જ્ઞાન નિર્ણય કરે. તો દ્રવ્ય જે વસ્તુ થઈ આત્મા, તેનો જ્ઞાન ગુણ થયો અને જ્ઞાન ને આત્મા એક છે એવો જે નિર્ણય કરે તે પર્યાય છે. એ પર્યાય તે ધર્મ છે. સમજાણું કાંઈ?

હવે ત્રીજો બોલ. **'બન્ને એક સમયે રચાતાં હોવાથી...'** આત્મા અને જ્ઞાન બેનો એક કાળ છે. બન્ને એટલે આત્મા અને જ્ઞાન. જાણવું અને આત્મા જાણનાર બન્ને એક સમયે **'એક જ કાળે હોવાથી એક જ કાળે રચાતાં હોવાથી...'** એક કાળે જ હોવાથી એમ. **'બન્નેને એકકાળપણું છે...'** જ્ઞાનના હોવાપણાનો કાળ જુદો અને આત્માના હોવાપણાનો કાળ જુદો એમ છે? નહીં. બેય એક જ કાળ છે. બેયનો એક જ કાળ છે. પુણ્ય-પાપના હોવાપણાનો કાળ જુદો અને આત્માનો કાળ જુદો. આત્મા ત્રિકાળી અને જ્ઞાન ત્રિકાળી છે. અને પુણ્ય-પાપ તો ક્ષણિક એક સમયની વિકલ્પ અવસ્થા છે. એ આત્માનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ?

કહે છે કે **'બન્ને એક સમયે રચાતાં હોવાથી...'** રચાતાં હોવાથી એ તો, રચાતાં હોવાથીનો અર્થ બન્ને એકકાળે છે, એમ. હેં? આત્મા આત્મા આત્મા આત્મા આત્મા અને જ્ઞાન જ્ઞાન ગુણ જ્ઞાન ગુણ જ્ઞાન ગુણ સ્વભાવ. સાકર સાકર સાકર ને ગળપણ ગળપણ ગળપણ એમ ને એમ છે. એમ ભગવાનઆત્મા ને જ્ઞાનનો કાળ બેનો એક જ છે. તેથી તે જ્ઞાન અને આત્મા એક છે. એમ અંતરમાં દૃષ્ટિ કરીને જ્ઞાન ને આત્મા એક હોવાથી જ્ઞાનમાં એકાગ્ર થવું એ આત્માની સ્વભાવિક ધાર્મિક ક્રિયા છે. એ કર્તા-કર્મમાં આવી ગયું છે કે, સ્વભાવિક ક્રિયા હોવાથી તે ભગવાને નિષેધી નથી. ભાઈ! ૬૯-૭૦ ગાથામાં. સમજાણું કાંઈ?

શું કહ્યું એ? આંહી તાદાત્મ્ય સંબંધ કીધો છે ત્યાં, આંહી પૃથક નથી કીધું એ તો એકની એક વાત કરી. સમજાણું કાંઈ? આત્મા, ઓલા કહે આત્મા આત્મા દસ મહિનામાં દસ દિ' કૂટયો કહે. એક ફેરે પંચાણુંની સાલમાં. હેં? પંચાણુંની સાલ ચોમાસું હતું ને રાજકોટ. દસ મહિના ને દસ દિ'. તો વળી એક જણો એવો પણ નીકળ્યો નાગર એક હતો તે. કેવો નાગર નહીં. છેલભાઈ! કે મહારાજે દસ મહિના ને દસ દિવસ આત્માની વાત કરી. પંચાણુંની સાલની વાત છે. એ કોઈ દસ લીટીમાં લખે તો એને દસ

રૂપિયા ઈનામ આપીશ. એમ. આ પંચાણુંની વાત છે. ત્રીસ વર્ષ પહેલાં રાજકોટમાં. દસ મહિના ને દસ દિવસની ત્યાં હતી સ્થિતિ ચોમાસું. એને કોઈ દસ લીટીમાં સાર લખે તેને દસ રૂપિયા આપું. કોણ લખે એને સાર? કોણ સમજે એટલું બધું કોઈ? કોઈએ લખ્યું નહીં.

આંહી તો એક મિનિટમાં જણાય એવી ચીજ છે. દસ મિનિટે નહીં. હેં? એ જાણનાર જાણનાર જાણનાર જાણનાર જણાય જણાય જણાય જણાય ને જાણનાર બેય એક છે. બસ એની અંદરમાં એકાકાર થવું એ આખા ચૌદ પૂર્વ અને બાર અંગનો સાર છે. આહાહા! કેમ કે જ્ઞાન જાણવું તે તેનું સ્વરૂપ છે. પોતે સ્વરૂપવાન છે. સ્વરૂપવાન અને સ્વરૂપ બેનો કાળ જુદો હોય શકે નહીં. માટે જ્યાં જ્ઞાનને પકડ્યું તેણે તે કાળે આત્માને જ પકડ્યો એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

પુણ્ય-પાપના વિકલ્પો અને શરીર, વાણી, કર્મ ને તેનું હોવાપણું તદ્દન જુદું છે. જેને આત્માની પ્રાપ્તિ એટલે ધર્મ કરવો હોય તેણે તો રાગ ને પુણ્યના વિકલ્પનું લક્ષ છોડી દઈ અને જ્ઞાન ને આત્મા બેનો એકકાળ છે માટે જ્ઞાનને પકડતાં આત્મા તે જ કાળે પકડાય. જ્ઞાનને પકડતાં આત્મા પકડાઈ જાય તે કાળે. રાગને પકડતાં આત્મા પકડાય એવું છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? આવી ચીજ છે. લાડુલાલજી! બહારમાં તો સ્થૂળ સ્થૂળ વાત ચાલે. આંહી તો બધી ઝીણી ચાલે જરી. બહારમાં હવે જ્યાં એક દિ' રહેવું હોય બે વ્યાખ્યાન થાય, એક બે વ્યાખ્યાન થાય અને આવું માંડે તો શું કહે છે આ? એ શેઠ! સાગર બાગરમાં પણ આવી નો મંડાય ત્યાં. બબ્બે હજાર, ત્રણ ત્રણ હજાર માણસ હોય, હવે એમાં આ શું કહે છે? વાત તો આવે પણ એની થોડી દાખલા દલીલ એમ કરીને. આહાહા!

કહે છે ભગવાન. ભગવાન ભગવાનને કહે છે. ભગવાનઆત્મા તેને ભગવાન પરમેશ્વર કહે છે. ભગવાન તારો જે જાણવાનો ગુણ છે ને, જાણવાની શક્તિ છે ને. જાણવાનું સત્વ છે ને. એ અને આત્માનું સત્. સત્ છે ને આત્મા, સત્ છે ને. સત્ ને સત્વ બેનો કાળ એક જ છે. એટલે કે જે કાળે તું જ્ઞાનને પકડ તે દિ' આત્મા પકડાઈ જાય છે. સમજાય છે કાંઈ? આરે! આ શું પકડવું પણ આમાં? એય! જેઠાલાલભાઈ!

મુમુક્ષુ :- પર્યાય પકડવી.

ઉત્તર :- પર્યાયથી દ્રવ્ય પકડવું. પર્યાય પકડવી નહીં. દ્રવ્ય પકડવું. આરે! આરે! શું કહે છે?

કહે છે કે વર્તમાન દશા ગુણમાં એકાગ્ર થાય તો તે આત્મામાં જ એકાગ્ર થયો છે. વર્તમાન દશા જો પુણ્ય ને પાપમાં એકાગ્ર થાય તો અનાત્મામાં એકાગ્ર થયો છે. સમજાણું કાંઈ? બન્ને એક સમયે રચાતાં હોવાથી બન્નેને એકકાળપણું છે. હવે ભાવ. ગાથા તો બહુ સારી આવી ગઈ છે.

**'બન્નેનો એક સ્વભાવ હોવાથી બન્નેને એકભાવપણું છે...'** બન્નેનો એક સ્વભાવ હોવાથી બન્નેને એકભાવપણું છે. એટલે? બન્નેને એટલે આત્મા વસ્તુ અને તેનો જ્ઞાન સ્વભાવ શક્તિ, સત્વ,

ગુણ બન્નેનો એક સ્વભાવ હોવાથી એ આત્માનો સ્વભાવ અને જ્ઞાન સ્વભાવ કોઈ જુદી ચીજ નથી. જ્ઞાન સ્વભાવ અને આત્મા બેનો એક સ્વભાવ હોવાથી બેનો એક ભાવ છે. બેનો એક ભાવ છે. બેના બે ભાવ છે એમ છે નહીં. આરે! આરે! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

આવી ધાર્મિક વસ્તુ. હેં? આહાહા! વીતરાગના ઘરનું મહાસ્વરૂપ તો આવું છે બાપુ! પરમેશ્વર કેવળજ્ઞાની, બીજા તો આંધળા આંધળાએ જાણ્યા જોયા વિના દીધે રાખ્યું છે. આમ હોય ને આમ હોય ને આમ હોય ને આમ. આ તો સાક્ષાત પ્રત્યક્ષ એક સમયમાં જે સ્વરૂપ છે તેને પૂર્ણ પ્રગટ કરી અને જેણે ત્રણકાળ, ત્રણલોક હથેળીમાં જેમ આંબળો દેખાય તેમ જોયા છે. તેવા પરમાત્માની વાણી મીઠી સંયોગ સંબંધે એમ કહેવાય. એ વાણીમાં આમ આવ્યું છે. એ વાણીને આગમ કહેવાય છે, શાસ્ત્ર કહેવાય છે. એ શાસ્ત્ર આમ કહે છે કે ભગવાન એમ કહે છે, બધું એક જ છે કે નહીં?

ભાઈ! તારો ભાવ છે ને જે જ્ઞાનભાવ એ સ્વભાવ સ્વ નામ પોતાનો ભાવ અને આત્માનો સ્વભાવ બેનો એક જ સ્વભાવ છે. આત્મા ને જ્ઞાનસ્વભાવ બેય જુદા નથી. સાકર અને ગળપણનો સ્વભાવ ગળપણનો સ્વભાવ જુદો ને સાકરનો સ્વભાવ જુદો એવું છે કાંઈ? એમ ભગવાનઆત્મા બહુ જ સીધી અને સરળ વાત છે. પણ એણે કોઈ દિ' અભ્યાસે લીધી નથી એટલે આ તત્ત્વ (સમજમાં આવ્યું નહીં).

ભગવાનઆત્મા આ બધાનું અસ્તિત્વ ભિન્ન છે તેનું લક્ષ છોડી દઈ અને જ્ઞાન ભગવાનઆત્મા ને જ્ઞાનસ્વભાવ બેનો સ્વભાવ એક હોવાથી બેનો ભાવ એક છે. એટલે રાગ અને પુણ્યનો ભાવ તે આત્મા સાથે એક નથી. જુઓ! વ્યવહાર રત્નત્રય કહે છે ને જેને. દેવગુરુશાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના વિકલ્પ તે ભાવ અને આત્માના ભાવ એક નથી. એ તો સંયોગીભાવ છે, ઉપાધિ છે. આ તો નિરૂપાધિક સ્વભાવભાવ એક છે. આહાહા! સમજાણું કાંઈ?

જ્ઞાનપ્રજ્ઞાબ્રહ્મ ભગવાનઆત્મા આત્મા અને પ્રજ્ઞા એટલે જ્ઞાન એનો બેનો સ્વભાવ એક હોવાથી બેનો ભાવ એક છે. એટલે કે જ્ઞાનભાવને અવસ્થામાં પકડવાથી આત્માનો ભાવ અને આત્મા જ પકડાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પુણ્ય-પાપનો ભાવ ભિન્ન છે.

ઉત્તર :- ભિન્ન છે.

મુમુક્ષુ :- તો આત્માને ભટકવું શું કામ પડે?

ઉત્તર :- કેમ, તે પુણ્ય-પાપ ભિન્ન છે માટે ભટકે છે. એને પોતાના માને માટે. એને પોતાના માને છે ને પણ એ. પોતાનો માને છે ને એ. ન માને તો ન ભટકે. એ તો વાત ચાલે છે આ.

શુભ અને અશુભભાવ તે આત્માનો ભાવ નથી. છતાં તે મારા છે તેવું માને છે. માટે તેમાં રખડીને પરિભ્રમણ કરે છે. શું કહે છે?

મુમુક્ષુ :- આત્મા સાથે પુણ્ય-પાપને જરી સંબંધ કેમ નથી?

ઉત્તર :- નથી સંબંધ. પણ માને છે ને. પર્યાયમાં સંબંધ છે તેમ માને છે. માન્યતા છે. એ સવારમાં આવ્યું નહોતું? માને છે કે મારે સંબંધ છે. સંબંધ છે એટલે બંધ છે. બંધ છે એટલે તેના સંગવાળો છું. બસ એ ભાવ જ તેને ચાર ગતિમાં રખડાવે છે. સમજાણું કાંઈ?

એ વાત તો આગળ આવી ગઈ છે. બંધમાં આવશે હવે. જ્યારે આત્મા પુણ્ય-પાપથી જુદો. તો પછી તેને પુણ્ય-પાપથી બંધન થાય કેમ? આવે છે ને ભાઈ અંદર? ભાઈ એ સંગ કરે છે તેનો. ભગવાન રાગ અને પુણ્ય ભાવથી અસંગ ભિન્ન ચીજ છે. છતાં તેને વશ થઈને તે હું છું તેમ માને છે. સમજાણું કાંઈ? એ છે એમાં અધિકાર છે ને આગળ. સમયસાર. બંધ અધિકારમાં છે. જ્યારે તમે એને વિકારને એકકોર જુદો કહો, વળી તમે કહો કે વિકાર બંધનું કારણ છે. એ કેમ થયું? એ પ્રશ્ન છે હો. સમજાણું? સ્ફટિકમણીનો દાખલો. એ જ પ્રશ્ન છે અહીંયા. એકસો ચુમોતેર કળશ છે જુઓ! (સમયસાર)

**रागादयो बन्धनिदानमुक ता स्ते शुद्धचिन्मात्रमहोऽतिरिक ता ।**
**आत्मा परो वा कि मु तन्निमित्त मिति प्रणुन्ना: पुनरेवमाहु ।।१२-१७४।।**

હે ભગવાન! એ જ કહેશે. રાગાદિકને બંધના કારણ કહ્યા. પુણ્ય-પાપને બંધના કારણ કહ્યા. પુણ્ય ને પાપના ભાવ બંધન ને કારણ કહ્યા. વળી તેમને શુધ્ધ ચૈતન્ય માત્ર જ્યોતિથી જુદા કહ્યા. સમજાણું કાંઈ? પુણ્ય ને પાપના ભાવ એક બાજુ આપ તો કહો છો કે ભગવાનઆત્માથી જુદા. વળી કહો છો કે આત્માને તે બંધના કારણ છે. ત્યારે જુદા છે ને બંધના કારણ કેમ? એ પ્રશ્ન છે. સમજાય છે? ત્યારે રાગાદિનું નિમિત્ત કોણ છે? આત્મા છે કે બીજું કોઈ? કોણ કરે કે એવા જીવના પરિણામ આચાર્યભગવાન ફરીને આમ કહે છે. એ પોતે કર્મના નિમિત્તમાં પુણ્ય-પાપના ભાવને વશ થઈ જાય છે. એથી પોતે પુણ્ય-પાપનો ભાવ જુદો હોવા છતાં જુદાને તાબે થઈ જાય છે. માટે તે મિથ્યાત્વભાવથી પરિભ્રમણ (કરે છે) અને દુઃખી છે. સમજાણું કાંઈ? આરે આ નિશાળ જુદી જાતની, આ તો કોલેજ જ જુદી જાતની આ. પામરતા મટીને ભગવાન થવાની આ તો કોલેજ છે. નરનો નારાયણ થાય. એ નારાયણ સ્વરૂપ છે. આંહી તો જ્ઞાન ને આનંદસ્વરૂપ જ ભગવાન છે. આહાહા!

કહે છે કે આનંદ ને આત્માનું દ્રવ્ય એક, ક્ષેત્ર એક, કાળ અને ભાવ એક. આંહી તો જ્ઞાનથી વર્ણન કર્યું છે. કારણ કે તેનો થોડો પ્રગટ અંશ છે ને એટલે. આનંદનો અંશ અનાદિથી પ્રગટ નથી. એ રીતે ભગવાનઆત્મા, આત્મા, વસ્તુ અને અતીન્દ્રિય આનંદ, એ અતીન્દ્રિય આનંદ જે આત્માનો ગુણ અને આત્મા બેનું દ્રવ્ય એક છે. બેનું અસ્તિત્વ એક છે. માટે દ્રવ્ય એક છે.

આત્મા અને અતીન્દ્રિય આનંદ. આ વિકલ્પ ઊઠે છે તે તો દુઃખ છે. દયા, દાન, વ્રત, કામ, ક્રોધની

વૃત્તિઓ ઊઠે તે તો દુઃખ છે. તેનું દ્રવ્ય અને ક્ષેત્ર એક છે નહીં. પણ ભગવાનઆત્મા જે આકુળતા રહિત આનંદ, વિકલ્પ છે તેનાથી અભાવ સ્વભાવરૂપ આનંદ અને આત્મા બેના ક્ષેત્ર એક છે, બેનો કાળ એક છે, અને બેનો ભાવ એક છે. સમજાણું કાંઈ?

સચ્ચિદાનંદ પ્રભુ છે. સત્ શાશ્વત, સત્ શાશ્વત, ચિદ્ જ્ઞાન ને આનંદ. સચ્ચિદાનંદસ્વરૂપ છે. એના જ્ઞાન ને આનંદના અસ્તિત્વથી આત્માનું અસ્તિત્વ જુદું નથી. જ્ઞાન ને આનંદના ક્ષેત્રથી આત્માનું ક્ષેત્ર જુદું નથી. અને જ્ઞાન ને આનંદના કાળથી આત્માનો કાળ જુદો નથી. અને જ્ઞાન ને આનંદના સ્વભાવથી આત્માનો સ્વભાવ જુદો નથી. માટે ભાવ બેનો એક છે. આહાહા! ભારે! હેં? વાતું તો આવી છે. પરમેશ્વરના ઘરની વાત તો આ છે. પણ હવે માણસને તે જાતનો અભ્યાસ નહીં ને એટલે બહારથી મંથન કરીને બહારથી કાઢવો છે આત્મા. જેમાં નથી તેમાંથી કાઢવો છે. હેં? લોઢાની ખાણ ખોદતાં તો લોઢું નીકળે. સોનાની ખાણ ખોદતાં સોનું નીકળે. પુણ્ય-પાપના વિકલ્પની ખાણ તો લોઢાની છે. ભગવાન એ ભાવવાળો નથી. એમ કહે છે. આહાહા! શું થાય? સમજાણું કાંઈ?

આવી ધર્મની કથા આ તે કેવી જાતની? બાપુ! ધર્મનું સ્વરૂપ જ આવું છે. ભાઈ! દુનિયાએ તેને કુરૂપમાં બીજી રીતે મુકયું છે જગત પાસે. સમજાણું કાંઈ? આહાહા! પરમાત્મા પરમેશ્વર વીતરાગ કેવળજ્ઞાની એ અનંત આનંદમય છે. પરમેશ્વર અનંત આનંદમય છે. એ પર્યાયમાં અનંત આનંદમય છે તે આનંદની પર્યાય આવી કયાંથી? આનંદનો પર્યાય આવ્યો કયાંથી? કે તેનામાં આનંદ નામનો ગુણ અને જે આત્મા બેનું દ્રવ્ય એક, ક્ષેત્ર એક, કાળ ને ભાવ એક છે. તેથી આનંદમાં એકાગ્ર થતાં તે આત્મામાં જ એકાગ્ર થાય છે. તેથી તેને આનંદની દશા એટલે ધર્મની દશા પ્રગટ થાય છે. આનંદની દશા પ્રગટ થાય તેને ધર્મ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? પછી ઉપર આપ્યો છે સમજ્યાને એકસો ચુમોતેર / પંચોતેર (સમયસાર).

પરનો સંગ કરે છે. ખરેખર આત્મા તેનું કારણ નથી. પણ આત્મા પરનો સંગ કરે છે માટે તે પુણ્ય-પાપ ઊભા કરે છે. એ પ્રશ્ન થઈ ગયો છે પહેલાં. શાસ્ત્રમાં થઈ ગયો છે. ઠીક ને. આહાહા! તારી સત્તામાં, તારા હોવાપણામાં આનંદ ને જ્ઞાનનું હોવાપણું છે. બેનો સ્વભાવ બેય એક છે. પુણ્ય ને પાપનું હોવાપણું એનો ભાવ અને તારો ભાવ બેય એક નથી. આહાહા! ભારે! નજર કયાં નાખવી આમાં? શી રીતે પકડવું? ભાઈ તું કયાં છો? આંહી નથી હમણાં કહેતાં. આ મારી પાસે મુકયું. નથી કાંઈક જવાબ આપતાં? કાંઈક કહે છે ને. હેં? ફલાણા, કયાં છો? મારી પાસે છું. એમ બોલે છે ને કાંઈક હમણાં. નવનીતભાઈ! નથી બોલતાં? જવાબ આમ એવો આવે. કોઈ વાર બોલે છે. સામે આવે એમ. મારી પાસે છું. એમ કહે છે કે તું કયાં છો? કહે હું જ્ઞાન ને આનંદમાં છું. હું રાગ અને પુણ્યમાં છું નહીં. આહાહા! સમજાણું કાંઈ?

શ્રીમદ્‌માં ન આવ્યું. સોળ વર્ષે શ્રીમદ્‌માં. 'હું કોણ છું કયાંથી થયો, શું સ્વરૂપ છે મારું ખરું.' શું સ્વરૂપ છે મારું ખરું. એ સ્વરૂપ. 'કોના સંબંધે વળગણા છે, રાખું કે એ પરિહરું. એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા, તો સર્વ આત્મિક જ્ઞાનના સિધ્ધાંત તત્ત્વો અનુભવ્યા.' સોળ વર્ષે પોકાર કરે છે. લ્યો! સમજાણું કાંઇ? હું કોણ છું. હું આત્મા છું. કયાંથી થયો. છું તેને થવું શું હોય. છું તેને થવું શું હોય. છે જ અનાદિથી. શું સ્વરૂપ છે મારું ખરું. ખરું સ્વરૂપ શું છે? પુણ્ય ને પાપ ને શરીર, બરીર એ મારું ખરું સ્વરૂપ નથી. જ્ઞાન અને આનંદ એ મારું ખરું સ્વરૂપ છે. આહાહા! ભારે વાત ભાઇ!

કહો આમાં સમજાય છે કે નહીં? આ તો સમજાય તેવી વાત છે હો. નો સમજાય એવી વાત આંહી થાતી જ નથી. આચાર્યોએ ન સમજાય એવી વાત કરી જ નથી. આહાહા! પણ એને કાંઇ દરકાર ન મળે. દરકાર ન મળે. અરેરે! હું શું છું, કયાં જઇશ? મારું શું થશે? અને મારી દશામાં શું છે? કે જે દશા મને દુઃખરૂપ લાગતી નથી. દશામાં તો વિકલ્પો ને પુણ્ય-પાપના વિકારો છે. તેને દુઃખ લાગતું નથી. દુઃખ તો કોઇ સર્પ આવે, વાઘ પકડે ત્યારે દુઃખ લાગે. ઓલા સંયોગોનું દુઃખ ભાળે છે એને. પણ ઓલા સંયોગીભાવ પોતે દુઃખરૂપ છે એમ એને ભાસતું નથી. આહાહા! સમજાય છે કાંઇ?

પ્રભુનો માર્ગ છે શૂરાનો, એ કાયરનાં નહીં કામ જોને. હરિનો રે માર્ગ છે રે શૂરાનો, એ કાયરનાં નહીં કામ જો ને. પ્રથમ પહેલાં મસ્તક મુકી, એ વળતાં લેવું નામ જો ને. પ્રભુનો માર્ગ છે રે શૂરાનો, એ કાયરનાં નહીં કામ જો ને. એ કાયર, નપુંસક, હીનના આ કામ નથી. ભાઇ! સમજાય છે કાંઇ? રણે ચડયા રણશીંગા વાગે, એ કાયર ત્યાંથી ભાગે. હેં? રણશીંગા જયાં વાગે વાજા ને જયાં અંદર તો શૂરવીર ત્યાં ઊભા રહે. સમજાણું કાંઇ? આહાહા!

કહે છે ભગવાન તારો ભાવ તો નાથ જ્ઞાન ને આનંદ એ તારો ભાવ છે ને પ્રભુ. તારો ભાવ. લ્યો! એક ફેરે પૂછયું નહોતું? એક ફેરે પ્રશ્ન પૂછયો હતો. ઠાકોરદાસજી! એક ફેરે પ્રશ્ન પૂછયો હતો. કીધું સોનાનો ભાવ શું? તો બધા વિચારમાં પડી ગયા. મેં કીધું સોનાનો ભાવ શું? તો સૌ કહે કોઇને ખબર નથી. દોઢસો બોઢસો. એ દોઢસો બોઢસો તે સોનાનો ભાવ કહેવાય? એ તો તમારો કલ્પિત ભાવ છે. સોનાનો ભાવ તો તેનું પીળાશપણું, ચીકાશપણું, વજનપણું એ સોનાનો ભાવ છે.

મુમુક્ષુ :- જે દીવો આપે કીધો તેની શું ખબર? અમે તો બજારમાં કિંમત પૂછીને કહીએ.

ઉત્તર :- અરે! એ મારે આંહી કામ છે? લાડુલાલજી! રાત્રે પ્રશ્ન કર્યો હતો કે, ભાઇ સોનાનો ભાવ શું છે? આત્માનો ભાવ શું? એ સીધું પૂછવા જાઉં તો વળી.... કીધું સોનાનો ભાવ શું છે? કોઇક કહે કે, શું કાંઇક બોલ્યા હતા કોઇક. કોણ જાણે. આટલા ભાવ હશે, આ ભાવ હશે. હેં? ભગવાનજીભાઇએ કીધું હશે. સોનાનો ભાવ. બાપુ! સોનાનો ભાવ એ નહીં. સોનાનો ભાવ સોનાથી જુદો ન હોય. અને આ તો તમારો કલ્પેલો ભાવ છે. પચ્ચીસ રૂપિયાનો તોલો ને. તોલો એટલે રૂપિયા ભાર. બસ્સો રૂપિયાનો

તોલો. એ તો કલ્પિત ભાવ છે તમારો. કલ્પેલો ભાવ છે. એ ક્યાં એનો ભાવ છે? એમાં બસ્સો રૂપિયાનો તોલો થઈ જાય ને સોનું બહુ ઊજળું થઈ જાય? અને પચ્ચીસ રૂપિયાનો તોલો થાય એટલે સોનું ક્યાંય હીણું પડી જાય? એનો ભાવ છે એ?

સોનાનો ભાવ સોનામાં રહેલી પીળાશ, ચીકાશ, વજન એ સોનાનો ભાવ કે જે ભાવ અને સોનું બેય જુદા ન હોય. એનો ભાવ ઓછો વધતો થાય નહીં. સમજાણું કાંઈ? હેં? બરાબર છે? એમ ભગવાનનો ભાવ શું કીધું આત્માનો? પછી તો સમજી ગયા કે માળું આ તો બીજી વાત કરે છે. સમજાણું કાંઈ? ભાવની વાત ચાલે છે ને. આત્માનો ભાવ શું? કે આત્માનો ભાવ જ્ઞાન અને આનંદ. જે ભાવ કાયમ એકરૂપ રહે. જે ઓછો વધતો થાય નહીં. ગુણની વાત છે ને આંહી. ગુણ ને ગુણી બેય એક ભાવે છે. આહાહા! પર્યાય તો એ આવો નિર્ણય કરે ત્યારે પર્યાય સિધ્ધ થાય છે એને. સમજાણું કાંઈ? આહાહા!

આત્માના ભાવમાં ઓછા વધતાંપણું થાતું હશે? ભાવ એટલે ગુણ, ગુણ એટલે શકિત. કહો, પાટણીજી! સોનાનો ભાવ શું છે, બધા વિચારમાં પડી ગયા. કહે કેટલો હશે? એકસો પાંસઠ, પોણા બસ્સો. હવે આંહી શું કામ છે તમારા સોનાના ભાવને કીધું. બસ્સો રૂપિયાનો તોલો એટલે સોનું કાંઈ ઊજળું થઈ જતું હશે? એનો ભાવ કાંઈ બીજી જાતનો થાતો હશે? અને પચ્ચીસ રૂપિયા તોલો થાય, રૂપિયા ભાર. પહેલાં તો બાર રૂપિયાનો ગદીયાણો હતો. નાની ઉંમરે અમે હતા તો એવું સાંભળતાં. બાર રૂપિયાનો ગદીયાણો. ગદીયાણો એટલે અડધા રૂપિયા ભાર. ચોવીસ રૂપિયાનો તોલો હતો. લ્યો! અમે નાની ઉંમરના હતા ત્યારે એવું સાંભળેલું. બાર રૂપિયાનો ગદીયાણો કહેતાં. અમારે આ કાઠીયાવાડમાં. ગદીયાણો એટલે અડધા રૂપિયા ભાર. તોલો એટલે એક રૂપિયા ભાર. તોલાના ચોવીસ રૂપિયા હતા ત્યારે.

એ તો કલ્પનાનો ભાવ છે. આત્મામાં પુણ્યવાળો અને પાપવાળો એ તો કલ્પનાનો ભાવ છે. એનો ભાવ નહીં. આહાહા! સમજાણું કાંઈ? આરે! ભારે વાત ભાઈ! કહે છે, ભગવાનઆત્મા અને એની સત્તા સ્થળમાં રહેલો જ્ઞાન એ બેનો સ્વભાવ તો એક છે ને. એટલે એક સ્વભાવ હોવાથી બેનો ભાવ એક જ છે. જે આત્માનો ભાવ તે જ જ્ઞાનનો ભાવ અને જ્ઞાનનો ભાવ તે જ આત્માનો ભાવ. આહાહા! નિજ પુંજીને, નિજ મૂડીને કોઈ દિ' એણે જોઈ નથી. માની નથી એણે. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે, આ શરીરનો ભાવ તો વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે. આ શરીર છે, પરમાણુઓ છે. એનો ભાવ રંગ, ગંધ, રસ, સ્પર્શ એ એનો ભાવ છે. અને એ ભાવ અને પરમાણુનું દ્રવ્ય તો એક છે. ક્ષેત્ર એક, કાળ એક અને ભાવ એક. સમજાણું કાંઈ? આ પરમાણુ છે આ રજકણો. અસ્તિત્વ છે ને આ રજકણોનું. એના અસ્તિત્વનું, રજકણોનું હોવાપણું અને એના રંગ, ગંધ, રસ, સ્પર્શના ગુણનું હોવાપણું બેનું અસ્તિત્વ તો એક જ છે. માટે દ્રવ્ય બેય એક છે. એમ પરમાણુ અને વર્ણ, ગંધ, રસ,

સ્પર્શનું ક્ષેત્ર એક છે. માટે બેનું અભિન્ન ક્ષેત્ર એક જ છે. પરમાણુ અને રંગ, ગંધ, રસ, સ્પર્શની કાળ સ્થિતિ એક જ છે. જે કાળે વર્ણ, ગંધ છે તે કાળે દ્રવ્ય છે પરમાણુ છે. અને વર્ણ, ગંધ, રસ, સ્પર્શનો ભાવ અને પરમાણુ બેનો સ્વભાવ એક હોવાથી બેનો ભાવ એક છે. સમજાણું કાંઈ? પરમાણુનો ભાવ એ તારો ભાવ નહીં. એમ કહે છે. હેં? પરમાણુનો ભાવ તો પરમાણુ સાથે અભેદ છે. બરાબર છે? ભારે વાતું ભાઈ!

વીતરાગ સર્વજ્ઞનો પંથ ઉજ્જ્વળ ઉજ્જ્વળ પણ એને સાંભળવા મળે નહીં. અને કંઈક ને કંઈક રસ્તે ચડે ને માની બેસે કે અમે કાંઈક ધર્મ કરીએ. આહાહા! ત્યારે આને સોનગઢવાળાને એમ કહે છે ને કેટલાક એ એકાંત છે! એ આમ છે. હવે સાંભળને તું. એકાંત ને અનેકાંતની તને શી ખબર પડે? માર્ગ જાણ્યા વિના. સમજાણું કાંઈ? આ એકાંત છે. જ્ઞાન ને આત્માનો ભાવ એકાંત એક ભાવ છે. લ્યો ભાઈ! કે અનેકાંત છે એમાં? જ્ઞાન અને આત્મા, આ તો આત્મા ઘુંટાય છે. સમજાણું કાંઈ?

ભગવાન અસ્તિત્વ આત્માનું એનો જ્ઞાનદર્શનનો જ્ઞાનનો ભાવ એ બેનો સ્વભાવ એક હોવાથી બેનો ભાવ એક છે. બેના ભાવમાં ફેર નથી. આત્માનો ભાવ જુદો અને જ્ઞાનનો ભાવ જુદો, આ ગુણની વાત ચાલે છે હો. સમજાણું કાંઈ? આવો નિર્ણય કરે તેને પર્યાયમાં ધર્મ થાય. આહાહા! ભારે વાત ભાઈ! **'બન્નેનો એક સ્વભાવ હોવાથી બન્નેને એકભાવપણું છે...'** પરંતુ આમ કહેવામાં આવતું હોવા છતાં શું કહે છે? એકપણે ભાવ જ્ઞાન અને આત્માનો એકપણે અને અભિન્ન ક્ષેત્રે, અભિન્ન દ્રવ્ય, અભિન્ન કાળ અને અભિન્ન ભાવ **'હોવા છતાં એક આત્મામાં આભિનિબોધિક (-મતિ) આદિ અનેક જ્ઞાનો વિરોધ પામતાં નથી...'** જ્ઞાન એક ગુણ ને ભાવ એક ને આત્માનો ભાવ એક. છતાં તેની પર્યાયો ભિન્ન ભિન્ન મતિ, શ્રુત, અવધિ થાય ને? એ કાંઈ વિરોધ આવતો નથી. એ તો પર્યાયમાં ભેદ છે. એ તો જ્ઞાનનું સ્વરૂપ જ છે. વિશ્વને જાણવું અને વિશ્વ શબ્દે સ્વ અને પરને જાણવું એ તો એની પર્યાયનો ધર્મ છે. સમજાણું કાંઈ?

વિશ્વના કોઈપણ પદાર્થનાં કામ કરવા એ તેનો ધર્મ નથી. હેં? વિશ્વને જાણવું પર્યાયમાં તે તો તેનો સ્વભાવ છે. જ્ઞાન મતિ, જ્ઞાન શ્રુતજ્ઞાન, અવધિ, મનઃપર્યય, કેવળજ્ઞાન એ અનેક પર્યાયો હોવા છતાં જ્ઞાનને અને આત્માને એકપણું હોવા છતાં અનેકપણું વિરોધ પામતું નથી. પર્યાયમાં અનેકપણું પ્રગટ થાય છે. આહાહા! ભારે વાત કરે છે ભાઈ! ઓલા વેદાંત કહેને એક જ વસ્તુ છે. એને ગુણ જુદો, વળી પર્યાય આ નહીં. અરે! તને ખબર નથી. સાંભળને? સમજાણું કાંઈ?

જાણવાનો ભાવ અને જાણનાર એકરૂપે અભિન્ન હોવા છતાં પર્યાય કે દશામાં મતિજ્ઞાન થોડું ઉઘડે, શ્રુતવિશેષ, અવધિવિશેષ, મનઃપર્યયવિશેષ, કેવળ તો પૂરું. એવી દશાઓ હોવા છતાં એ તો એનો પર્યાયનો અવસ્થાના સ્વભાવનો ધર્મ છે. એ એનકપણું હોવા છતાં ગુણ અને ગુણીનું એકપણું તેમાં

ટળતું નથી. આરે! ભારે વાત! ફરીને.

કહે છે કે આ જ્ઞાનભાવ અને સ્વભાવભાવવાળો આત્મા બેય એક છે. એક છે તો બેયનું એકપણું એવું જોઈએ. એ એકપણું ગુણ અને ગુણીને એકપણું છે. પણ પછી પ્રગટ દશામાં ઓછું જ્ઞાન, વિશેષ જ્ઞાન એવી દશાઓ પર્યાયમાં અવસ્થામાં થાય છે. એ તો પર્યાયનો ધર્મ છે. એમ કહે છે. આહાહા! ગુણ અને ગુણીનો ધર્મ ને ભાવ એક છે. પણ તેની પર્યાયનો અનેકધર્મ છે એવો એનો સ્વભાવ છે. આહાહા! શું વાત કરે છે ને. અનેક જ્ઞાનો વિરોધ પામતાં નથી. કેમકે દ્રવ્ય વિશ્વરૂપ છે. લ્યો! એક દ્રવ્ય વિશ્વરૂપ છે. આહાહા!

આત્મા આખા વિશ્વ નામ જગતના બધા પદાર્થોને જાણનારું છે. એના અસ્તિત્વમાં આખી દુનિયા જણાય એવી તે વસ્તુ છે. વિશ્વરૂપ એટલે વિશ્વના જ્ઞાનરૂપ. સમજાણું કાંઈ? કારણ કે દ્રવ્ય વિશ્વરૂપ છે. ત્યાં પાછું પૂરું કર્યું છે ને. વિશ્વરૂપ છે એટલે અનેકરૂપ છે એમ. વિશ્વરૂપ છે એટલે અનેકરૂપ છે. દ્રવ્ય જ્ઞાનની પર્યાય અપેક્ષાએ, અવસ્થા અપેક્ષાએ અનેકરૂપ છે. વસ્તુ ને ગુણરૂપે એક છે. છતાં જાણવાની દેખવાની પર્યાય નિર્મળ, ઓછી, વિશેષ નિર્મળ, વિશેષ નિર્મળ એવું જે દ્રવ્યનું અનેકપણું તે તેનું સ્વરૂપ છે. પર્યાયનું તેનું, દ્રવ્યગુણ ને પર્યાય ત્રણેયનું જ્ઞાન આપ્યું. વિશેષ કહેશે. વખત થઈ ગયો.

**(શ્રોતા :-પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૪૬- ગાથા :- ૪૩/૪૪
## પોષ વદ-૧ શુક્રવાર તા. ૨૩/૧/૭૦

તેથી જેણે આત્માનું હિત કરવું હોય તેણે તો એ જ્ઞાનસ્વભાવી આત્મા ઉપર એકાગ્ર કરવું. જેથી તેને આત્માના સ્વભાવની શકિત જે છે એ પર્યાયમાં પ્રગટ થાય. સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ શાંતિ. તેને અહીંયા ધર્મ કહેવામાં આવે છે. એના અસ્તિત્વમાં જ્ઞાન છે એમ કહે છે. આત્માના અસ્તિત્વમાં રાગ, પુણ્ય, દયા, દાન, વિકલ્પ એ એના અસ્તિત્વમાં નથી. તેમ આ શરીર, વાણી, મનની જે ક્રિયાઓ અથવા વસ્તુ એ પણ આત્મામાં નથી. એટલે જે આત્મામાં છે એ આંહી અનન્ય નામ એકરૂપ છે. એમ સિધ્ધ કરવું છે. એ આત્મા અને જ્ઞાન દ્રવ્યથી પણ એક છે, ક્ષેત્રથી પણ એક છે, કાળથી પણ તે જ છે અને ભાવથી પણ તેનો એક જ ભાવ છે.

જીવાસ્તિકાય અથવા જીવદ્રવ્ય આ રીતે જ તેનું હોવાપણું છે. એ શેઠ! આ બહારની ચીજ કાંઈ પણ તેનામાં નથી એમ કહે છે. તો ધર્મને માટે બાહ્ય ચીજના અવલંબનથી ધર્મ થાય તેમ નથી. તેમ

અંદરમાં કોઈ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય, તપના, અપવાસના વિકલ્પ તે પણ તેની મૂળ વસ્તુમાં નથી. સદાય જે કાયમ રહે તેવી તે ચીજ નથી. સમજાણું કાંઈ? તેથી કહે છે તેને અનેક જ્ઞાનો એક આત્મામાં આ રીતે હોવા છતાં, એક આત્મામાં આભિનિબોધિક (-મતિ) આદિ અનેક જ્ઞાનો વિરોધ પામતાં નથી. પહેલું એ લીધું છે ભાઈ. આમ તો પછી સહવર્તી ગુણ પર્યાય ને એને અનેકપણું કહે છે. પહેલું આમ લીધું છે. સમજાણું કાંઈ?

હા, પછી તેને તેના સહવર્તી અને ક્રમવર્તી પર્યાયોથી અનેકપણું છે, એમ સિધ્ધ કરશે. અનેકપણાંને સિધ્ધ કરવાના બે પ્રકાર છે આમાં. શું કહ્યું આમાં? વસ્તુ ભગવાનઆત્મા જ્ઞાન ને આનંદનું ધામ ભગવાન. એ જ્ઞાન સ્વભાવથી આત્મા અભિન્ન છે દ્રવ્યથી, ક્ષેત્રથી પણ અભિન્ન છે, કાળથી અભિન્ન છે અને ભાવથી અભિન્ન છે. એમ હોવા છતાં તેના જ્ઞાનગુણની અવસ્થાના પાંચ પ્રકાર પડે છે. એ વિરોધ પામતાં નથી. પહેલું એમ લીધું. જોયું?

**'એક આત્મામાં મતિ આદિ અનેક જ્ઞાનો વિરોધ પામતાં નથી...'** સમજાણું કાંઈ? એ અવસ્થામાં નિર્મળતા ઓછી વધારે- વધારે એવા જ્ઞાનની પર્યાયના ભેદો હોય છે. છતાં એ ભેદ જ્ઞાનનું એકપણું છે તેને એ વિરોધ કરતું નથી. આવે છે ને આપણે નિર્જરા અધિકારમાં. કે મતિજ્ઞાન આદિ ભેદો તો જ્ઞાનને અભિનંદે છે. નિર્જરા અધિકારમાં આવે છે. આવી ઝીણી વાતું. કહે છે કે, ભાઈ! તું આત્મા છો. અને તારી મૂળ શક્તિ ને સ્વભાવ તો જ્ઞાન છે. એ જ્ઞાન તેની વર્તમાન અવસ્થામાં જ્ઞાન ને આત્મા એકપણે છે એમ અંતરમાં નિર્ણય કરીને સ્થિર થાય છે ત્યારે તેને જ્ઞાનની પર્યાયો પાંચ પ્રકારની પ્રગટ થાય, કોઈને. સમજાણું કાંઈ? કોઈને ત્રણ. મતિ, શ્રુત ને કેવળ. કોઈને ચાર, મતિ, શ્રુત, અવધિ ને કેવળ. કોઈને પાંચ, મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય ને કેવળ. કોઈને અવધિ ન થાય અને મતિ, શ્રુત, મનઃપર્યય અને કેવળ. એ વસ્તુ એની ચીજ છે એની દશાઓ પ્રગટ થાય. એમાં કાંઈ પુણ્ય ને પાપની વિકલ્પ દશા એ એની ચીજમાં નથી તેથી તેની દશામાં પણ ન થાય એમ કહે છે. એની દશામાં એ નથી. સમજાણું કાંઈ?

વસ્તુ આ ચીજ તો તદ્દન પર શરીર, વાણી, મન એને ને આત્માને કાંઈ સંબંધ નથી. એનું શરીર તો પોતે અજીવના દ્રવ્ય, ગુણ, પર્યાયપણે રહેલું છે. બરાબર છે? આ શરીર તો અજીવપણે દ્રવ્યગુણપર્યાય રહેલ છે. જીવની પર્યાયમાં એક અંશ પણ આનો સંબંધ નથી. એમ અંદર આઠ કર્મ આ વાણી, મન એ તો અજીવપણે પોતાના ગુણ ને ગુણીના સંબંધથી તેના અજીવપણાની પર્યાયમાં અને દ્રવ્યગુણમાં રહેલાં છે. હવે આત્મામાં જે કાંઈ વિકાર રહેલો છે તે વિકાર કાયમની ચીજ નથી. એથી તે કૃત્રિમ છે અને કૃત્રિમ છે માટે આત્માને આશ્રય કરવા લાયક નથી. આશ્રય કરવા લાયક તો ત્રિકાળી જ્ઞાન ને આત્મા એક છે તેનો આશ્રય કરવા લાયક છે. ભારે ઝીણું. સમજાણું કાંઈ?

એવો જે આત્મા, **'આમ કહેવામાં આવતું હોવા છતાં...'** કહે છે કે ચારે વસ્તુ એક છે. એટલે કે જ્ઞાન ગુણ, સ્વભાવ અને સ્વભાવવાન. દ્રવ્યએ એક એટલે વસ્તુએ એક, તેના ક્ષેત્રો એટલે સ્થળ એટલે સત્તા એક ...... કાળ એક જ્ઞાન અને દ્રવ્યનો કાળ પણ એક જ છે. અને ભાવ પણ એક. સ્વભાવ બેનો એક હોવાથી ભાવ પણ એક છે. **'આમ કહેવામાં આવતું હોવા છતાં એક આત્મામાં મતિજ્ઞાન આદિ અનેક જ્ઞાનો વિરોધ પામતાં નથી...'** એ ચૈતન્યને અનુસરીને થતાં મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળજ્ઞાન એ અનેકપણે પ્રાપ્ત થાય છે. એક હોવા છતાં પર્યાયમાં અનેકપણે પ્રાપ્ત થાય છે. એ એકપણું અને અનેકપણું વિરોધ પામતું નથી. સમજાણું કાંઈ?

કારણમાં એ આપે છે હવે. સિધ્ધાંત આમ કહ્યો. કે **'મતિ આદિ અનેક જ્ઞાનો વિરોધ પામતાં નથી. કારણ કે દ્રવ્ય વિશ્વરૂપ છે...'** આત્મા વિશ્વરૂપ છે. એટલે? વિશ્વરૂપ છે એટલે? કે **'દ્રવ્ય ખરેખર સહવર્તી...'** આત્માના સાથે રહેનારા જ્ઞાનદર્શન આદિ અનંત ગુણોવાળો છે. અને ક્રમવર્તી. તેની ક્રમે ક્રમે થતી જ્ઞાનદર્શન આદિની અવસ્થાઓ એ ક્રમે થાય છે. ગુણ અક્રમ સાથે છે. પર્યાય ક્રમે છે. **'એવા અનંત ગુણો અને પર્યાયોનો આધાર હોવાને લીધે...'** કહે છે કે ભગવાનઆત્મા સર્વજ્ઞ પરમેશ્વર કેવળીએ જોયેલો એ. સમજાણું કાંઈ? એ આત્મા, એમ કેમ કહ્યું કે બીજા ઘણાઓ એમ કહે છે કે ભાઈ ઓલામાં પણ આત્મા કહ્યો છે, ફલાણામાં પણ આત્મા કહ્યો છે. એમ કહે છે ને.

સર્વજ્ઞ સિવાય એ આત્મા કોઈએ સાચો જોયો ને જાણ્યો નથી. પરમેશ્વર વીતરાગ તીર્થંકરદેવ એણે જે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જોયાં એમાં જે આત્માને એક એકને આત્મા જોયો. એવો આત્મા અજ્ઞાનીએ કોઈ દિ' જોયો નથી. સમજાણું કાંઈ? વાત કરે ભલે કે આત્મા આવો છે ને આત્મા આવો. પણ કેવો છે એ જોયા વિના આવો તેવો તું ક્યાંથી કલ્પના કરવા લાગ્યો?

કહે છે વસ્તુ ભગવાનઆત્મા પરના હોવાપણાથી તો ભિન્ન છે, પુણ્ય-પાપના વિકલ્પોની વૃત્તિઓથી પણ ભિન્ન છે પણ તેના જ્ઞાનાદિ ગુણોથી તો તે અભિન્ન છે. એવું એનું એકરૂપે ગુણ ને ગુણીનું એકરૂપ હોવા છતાં તેની પર્યાયોમાં અનેકપણું પામે તે વિરોધ પામતું નથી. બસ એનું સ્વરૂપ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આરે! આ શું વળી! એક આત્મા પાંચ પર્યાયપણે થાય? એ તો પર્યાયનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

હવે કારણમાં એમ આપ્યું. કે દ્રવ્ય વિશ્વરૂપ છે. ભગવાનઆત્મા અનેકરૂપ છે. આ આત્મા એક-અનેકરૂપ છે. અનેકરૂપ છે કઈ રીતે? ઓલામાં પાંચ પર્યાયથી અનેકરૂપ કહ્યા. સમજાણું? હવે અહીંયા ગુણ અને પર્યાય અનંત છે તેથી તે અનેકરૂપ છે એમ સિધ્ધ કરે છે. વાસ્તવિક દ્રવ્ય, ગુણ અને પર્યાય તેનું તેણે જ્ઞાન અનંતકાળમાં કર્યું નથી. અને આ એ સિવાય ભાંજગડ આ દયા, દાન, વ્રત ને ભક્તિ, પૂજા ને અપવાસ કરી કરીને જે એમાં નથી તેવા વિકલ્પો કરીને એણે કાળને ગુમાવ્યા. આહાહા!

પણ આ વાત બહાર કહેતાં લોકોને એવું થઈ જાય જરા. માનતા હોય છે ને. એય! ધર્મ થાય ધર્મ થાય. પાતક ચડે. કોણ કહેતું હતું? ખેતસીભાઈ. એમ કે હજાર, બે હજાર માણસ લઈને છરી નીકળે છરી છરી. છરી. હેં?

મુમુક્ષુ :- જાત્રામાં નીકળે.

ઉત્તર :- નીકળે. નીકળવાનું છે હમણાં જામનગરથી એક હજાર માણસ. બસે અઢીસો સાધુ સાથે. મહાસુદ તેરસથી. લોકો કહે આ પગપાળા જાય તો પાપનું પાતક નાશ થઈ જાય. ખેતસીભાઈ! આરે! આરે! મારી નાખ્યા છે ને. પણ તારી પર્યાયમાં શું ફેર પડયો? આ પગે ચાલ્યો ને ગયો. લ્યો! એ તો પગ ચાલ્યા. તારી પર્યાયમાં શું થયું? કહે મેં એક વખત ખાધું. શું કહેવાય છ પ્રકારમાં? હેં? પાદવિહારી એકલથાણી એક એમ આવે છે. હેં? સચીત પરિહારી. હેં? ર આવે બધા એવા. આહાહા!

આખો સચેત આત્મા એણે તો પરિહાર કર્યો. જાગતી જયોત ભગવાનઆત્મા છે. એનું એણે જ્ઞાન અને એનો આશ્રય કર્યા વિના આ બધા વિકલ્પોની અનેક પ્રકારની ક્રિયાઓમાં રોકાયો. એ તો બંધનમાં આત્માને નાખ્યો. બંધનમાં નાખ્યો? આહાહા! એ પણ છે ને ભાઈ એને ખબર નથી આવો મનુષ્ય દેહ. આહાહા! અરે! ભવને ઉગારવાનો આરો તે મનુષ્ય દેહમાં છે. નહીંતર ચોર્યાસીની ખાણો એવી ઊંડી છે. આહાહા! આવ્યું નહોતું સવારમાં. 'ભવભયથી ડરી ચિત્ત' ચાર ભવનું ભયથી ડરી ચિત્ત. પહેલાં સવારમાં આવ્યું હતું પહેલું. એમ કે મેં આ ભવિ સંબોધવા જે જીવ ચાર ગતિના દુઃખથી ડર્યા છે એને સંબોધવા કહું છું. એમ કીધું. છેલ્લામાં પછી એમ આવ્યું પોતા માટે કહ્યું છેલ્લું. નિજ સંબોધન કાય. પોતે પણ છે ને ત્યાં. આહાહા!

ચાર ગતિના દુઃખથી ડરીને. હેં? ચારે ગતિ દુઃખ છે. સ્વર્ગ પણ દુઃખ, નર્ક પણ દુઃખ, મનુષ્ય પણ દુઃખ, શેઠાય દુઃખ, રાંકા પણ દુઃખ બધા દુઃખ છે. કેમ કે આત્મા આનંદ સ્વરૂપથી ઉલ્ટા વિકલ્પોની જાળમાં ફસાવું એ દુઃખ છે. સમજાણું કાંઈ?

એવા દુઃખથી જેને ડર લાગ્યો હોય. અરે! મારું શું થશે? કયાંય કોઈ સાધન (નથી) મારે કોઈ મદદ કરે એવી દુનિયામાં કોઈ ચીજ નથી. બહારમાં કોઈ નથી. હેં? અંતરમાં આત્મા જ્ઞાન ને આનંદના સ્વભાવથી ભરેલો કેવળી પરમાત્માએ પ્રગટ કર્યો એવો જ હું છું. એવું જેણે અંતર ગુણ ગુણીની એકતાનો અંદર પર્યાય એટલે અવસ્થા દ્વારા બેની એકતાનું અંદર ભાન થાય તેને સમ્યગ્દર્શન થાય અને તેને જન્મ-મરણ ટળી જાય. જન્મ-મરણ કેવા? ભગવાનઆત્માને જન્મવું એ તો કલંક છે. કહે છે. એ આવ્યું હતું ને. શરમ જનક જન્મ ટળે. જન્મ તો શરમ છે. શરમ શરમ કલંક છે. આહાહા! કેમ બેસે!

આ બહારમાં માળું રાતુ-પીળું લાગે. પાંચ પચીસ લાખની મૂડી હોય. શરીર કાંઈક ઠીક હોય, બાયડી કાંઈક ઠીક હોય, છોકરા ઠીક હોય. બાદશાહી છે. દુઃખના દરિયામાં ડૂબકી મારી છે. ભાન નથી

તને ભાન. સનેપાત છે સનેપાત. એ આંહી કહે છે કે, ભાઈ! ભગવાનઆત્મામાં એક ભવ પણ નથી અને ભવનો ભાવ પણ નથી. પણ ભવના ભાવને ભવને જાણવાના જ્ઞાનના સ્વભાવવાળો છે. સમજાણું કાંઈ?

એવો એકરૂપે જ્ઞાનસ્વભાવ વસ્તુની સાથે અભિન્ન અને એક હોવા છતાં તેની પર્યાયોમાં પાંચ પ્રકાર અવસ્થા મતિ, શ્રુત આદિ થાય એ તો પર્યાયનો અનેકરૂપે થવું તેનો ધર્મ છે. ગુણ ને ગુણીનું એકરૂપ રહેવું તેનો તે ધર્મ છે. એમ કહે છે. સમજાણું કાંઈ? અને દ્રવ્ય વિશ્વરૂપ છે. **'દ્રવ્ય ખરેખર સહવર્તી'** સાથે રહેનારા આત્મામાં અનંત ગુણ છે. અનંતા અનંત ગુણ છે. ભગવાનઆત્મામાં જ્ઞાનદર્શનઆનંદ એ પહેલું જ્ઞાનથી વાત કરી હતી. એક ગુણથી. હવે કહે છે એ તો અનંતગુણ સહિત છે. એ તો જ્ઞાનથી તો વાત કરી. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા ખરેખર સહવર્તી જ્ઞાન છે અનાદિ. દર્શન છે, આનંદ છે, શાંતિ-ચારિત્ર છે. એવા એવા અનંતા ગુણો વસ્તુ એક હોવા છતાં ગુણો તો અનંત છે. ગુણ સાથે રહેનારા છે. ગુણ એક પછી એક રહેનારા એમ છે નહીં. **'સહવર્તી અને ક્રમવર્તી...'** અને ક્રમે ક્રમે તે ગુણોની પર્યાય થાય એ જાણવાની, દેખવાની, શ્રધ્ધવાની, ઠરવાની એવી અનેક અવસ્થાઓ અનંત ગુણની અવસ્થાઓ અનંત. **'અનંત ગુણો ને અનંત પર્યાયોનો આધાર હોવાને લીધે...'** લ્યો! એ ગુણ ને પર્યાયનો આધાર આત્મા છે. એ ગુણ ને પર્યાયનો આધાર કોઈ રાગ ને નિમિત્ત છે માટે આ ગુણ ને પર્યાય છે એમ છે નહીં. આહાહા! જુઓ! કેવી રીતે વાત કરે છે.

કહે છે કે ભગવાનઆત્મા અનંત ગુણોનો આધાર છે. એમ અનંતી એની અવસ્થાનો પણ એ આધાર આત્મા છે. આરે! આવો અનંત અનંત ને એનો આધાર એક. અનંતરૂપવાળું હોવાથી આ રીતે કીધું. ગુણો એટલે શક્તિઓ, વસ્તુ જેમ અનાદિ અનંત એમ એના ગુણો પણ અનંત એક સાથે અનાદિ અનંત ગુણ છે. અને પર્યાયો ક્રમવર્તી છે. એક પછી એક થાય છે. એ બધી અવસ્થાઓ અને ગુણો તેનો આધાર દ્રવ્ય છે.

મુમુક્ષુ :- તેમાં નિમિત્ત કયાં ગયું?

ઉત્તર :- કોણ જાણે કયાં ગયું હશે? એય! પાટણીજી! પર્યાયમાં દેવ આધાર, ગુરુ આધાર, શાસ્ત્ર આધાર, કહે છે કે કોઈ આધાર છે નહીં. એનો આધાર તો આત્મા છે. આહાહા! અરે! સમજાણું કાંઈ?

દ્રવ્ય પોતે વસ્તુ તેની શક્તિઓ એટલે ગુણો અનંત સહવર્તી ગુણો સાથે રહેનારા હો. અને પર્યાયો અવસ્થા. એ અવસ્થા ને ગુણનો આધાર તો આત્મા છે. કહો, સમજાણું? ઓલામાં આવે છે તે તો પ્રભુએ આપીયો. લ્યો! આંહી તો ના પાડે છે. કોઈથી અપાતું નથી આ તો એવો આત્મા છે. હેં?

મુમુક્ષુ :- એવો આપે છે એ વાત સાચી હોય તો જ લખ્યું હોય ને.

ઉત્તર :- આપે છે આવે છે ને દ્રવ્ય, ક્ષેત્ર, ધર્માસ્તિ ને કામ ને મોક્ષ આપે, એવું લ્યો એવું આવે છે. અષ્ટપાહુડમાં આવે છે. દદાતિ. આવે છે અષ્ટપાહુડમાં. હોય નો અર્થ એ તમને સમજાવે છે અને તમે સમજીને પ્રગટ કરો તો નિમિત્તથી એમ કહેવામાં આવે. કોણ દયે અને કોણ લ્યે. કોની પાસે છે. આહાહા!

એવો પાઠ છે હો અષ્ટપાહુડમાં. હા, કુંદકુંદદેવ દદાતિ પી દેવઃ શું દયે? ધર્મ, અર્થ, કામ ને મોક્ષ. ભગવાન તો પુણ્ય આપે, પૈસા આપે, ભોગ આપે, મોક્ષ આપે. એય! શોભાલાલજી! એવો પાઠ છે હો. એનો અર્થ કે પૂર્ણ સર્વજ્ઞ પરમાત્મા છે એવું જેણે જ્ઞાન કર્યું એને જ્ઞાનની દશા પ્રગટ થાય તેને મોક્ષ થાશે. અને અધૂરી દશા રહી છે તેમાં રાગ થાય છે. રાગ છે તે વ્યવહાર પુણ્ય છે, વ્યવહાર ધર્મ છે. અને રાગના ફળ તરીકે સંયોગી ચીજ મળશે. તે ભોગ કરશે. પણ તે તો જાણવા માટે છે. એ કોઈ આદરવા માટે લક્ષ્મી ને એને માટે છે નહીં. આહાહા!

એક કોર આંહી કહે એમ અને કુંદકુંદઆચાર્યદેવ (કહે) દદાતિ ઈતિ દેવઃ દેવ એ તો પોતે દેવ. એનો અર્થ એ નિમિત્તના જ્ઞાન છે. ભાઈ! વસ્તુ ભગવાન, કારણ કે જેની પાસે પરિપૂર્ણતા છે તે પરિપૂર્ણતા સમજાવશે એમ. પણ જેની પાસે નથી તે શું સમજાવશે? અને પરિપૂર્ણતાનું જેને ભાન થયું શ્રદ્ધામાં. તેને પરિપૂર્ણતા પ્રગટ ન થાય ત્યાં સુધી તેનો પુણ્ય ભાવ એનો આવ્યા વિના રહેશે નહીં ને એ પુણ્યમાં લક્ષ્મી આદિ મળશે. સમજાય છે? લક્ષ્મી અને પાપનો ભોગ આદિ. એ તો જાણવાની વાત છે. કયાં મળે અને કોણ દયે. આહાહા!

કહે છે પોતે જ દ્રવ્ય **'અનંત ગુણો અને પર્યાયોનો આધાર હોવાને લીધે અનંતરૂપવાળું હોવાથી...'** દેખો. આમ નાખ્યું. ઓલા પાંચ પર્યાયોથી અનેકપણું સિધ્ધ કર્યું. અને બીજી રીતે સિધ્ધ કર્યું. અનંતગુણ અને અનંતી પર્યાયો છે માટે તે અનેકરૂપ છે. સમજાણું કાંઈ? **'એક હોવા છતાં પણ વિશ્વરૂપ કહેવાય છે...'** આત્મા એક હોવા છતાં પણ તેને અનેકરૂપ કહેવાય છે. વિશ્વ એટલે અનેક. એક હોવા છતાં અનેકરૂપ પોતે જ પોતાના રૂપે અનેકરૂપે છે. સમજાણું કાંઈ? એવો જ એનો સ્વભાવ છે. એ તેતાલીસ (ગાથા) થઈ. એમને ગયું ઓલામાં બરાબર. ગયા હોય ને કોઈક દિ' એટલે કાંઈક જોવા માટે રોકાણા હોય. બહારની જાત્રા ને ભક્તિનું એટલું માહાત્મ્ય છે ને લોકોને કે આ સમજવાની (દરકાર નથી) એમાં ને એમાં રોકાઈ ગયા.

મુમુક્ષુ :- વર્ષોથી કરતાં આવીએ છીએ આપણે વ્યવહારથી.....

ઉત્તર :- વ્યવહારથી. શું વ્યવહારથી કરતાં? કરતાં કે દિ' હતા?

મુમુક્ષુ :- આપણે આ બધી વાત વ્યવહારથી નથી થઈ?

ઉત્તર :- એ તો બોલવાની વાત છે. નિમિત્તનું જ્ઞાન કરવા માટે છે. એમ તો ઓલા નિમિત્તથી કરતાં આપણે વ્યવહારથી માનીએ એમ? શું સંધિ કરી? ચીમનભાઈ!

વ્યવહાર પણ નથી. ફકત એ પરમેશ્વર સર્વજ્ઞદેવ કેવળજ્ઞાની તીર્થંકર પરિપૂર્ણ પર્યાયવાળા છે. પરિપૂર્ણ દ્રવ્ય, પરિપૂર્ણ ગુણ, પરિપૂર્ણ પર્યાય. એથી એના ઉપદેશમાં પરિપૂર્ણ ચીજ શું છે એ આવે છે. અને એ પરિપૂર્ણનું પ્રતીક જેને થાય તેને પરિપૂર્ણ પર્યાયમાં પ્રગટ ન થાય ત્યાં સુધી પુણ્યભાવ આવ્યા વિના રહે નહીં. અને પુણ્યના ફળ તરીકે સંયોગો અર્થ અને કામ થાય. એ વાતનું જ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ?

ભગવાન કાંઈ દેતાં પણ નથી અને લેતાં પણ નથી. કાંઈ ભગવાન પાસે નથી કે તને આપે. સમજાણું? એ તો ઓલામાં પણ આવે છે ને ઓમકારમાં. કામદં મોક્ષદં ચૈવં એમાં પણ આવે છે. ઓમકાર બિંદુ સંયુકતમ્ નિત્યમ્ ધ્યાયંતિ યોગીનઃ, કામદં મોક્ષદં ચૈવં. કામને આપે કામદં કામને આપે અને મોક્ષને પણ આપે. આવે છે કે નહીં. એ તો વ્યવહારના વાક્ય એવા જ હોય. ત્યાં વળગી પડે કે આ લખ્યું, પણ કઈ નયનું કથન છે? એ તો અસદ્ભૂત વ્યવહાર જૂઠી નયના કથન એવા છે. સમજાણું કાંઈ? લ્યો! એ તેતાલીસ પૂરી થઈ ગઈ લ્યો! નીચે લખ્યું છે જુઓ! એ.

**'વિશ્વરૂપ=અનેકરૂપ. (એક દ્રવ્ય સહવર્તી અનંત ગુણોનો અને ક્રમવર્તી અનંત પર્યાયોનો આધાર હોવાને લીધે અનંતરૂપવાળું પણ છે...')** એમ. ઓલું પાંચ પર્યાયવાળું કીધું ને. પાંચ પર્યાયપણું કીધું હતું ને. અનંતરૂપવાળું પણ છે. **'તેથી તેને વિશ્વરૂપ (અનેકરૂપ) પણ કહેવામાં આવે છે. આ રીતે એમ કહેવાય. માટે એક આત્મા અનેક જ્ઞાનાત્મક હોવામાં વિરોધ નથી...'** પાછો સરવાળો ત્યાં એ લીધો. પાંચ પર્યાયનો.

એક ભગવાનઆત્મા ગુણ અને વસ્તુએ એક હોવા છતાં તેની અવસ્થામાં પર્યાયનું અનેકપણું કાંઈ વિરોધ છે નહીં. ઓહોહો! આ અસ્તિપણું સિદ્ધ કરે છે. એકપણું પણ છે. અને અનેકપણું પણ છે. હવે ચુમાલીસ ગાથા.

## ગાથા :- ૪૪

जदि हवदि दव्वमण्णं गुणदो य गुणा य दव्वदो अण्णे ।
दव्वाणंतियमधवा दव्वाभावं पकुव्वंति ।।४४।।

यदि भवति द्रव्यमन्यगुणतश्च गुणाश्च द्रव्यतोऽन्ये ।
द्रव्यानन्त्यमथवा द्रव्याभावं प्रकुर्वन्ति ।।४४।।

द्रव्यस्य गुणेभ्यो भेदे, गुणानां च द्रव्याद्भेदे दोषोपन्यासोऽयम् ।

गुणा हि क्वचिदाश्रिताः। यत्राश्रितास्तद्द्रव्यम्। तच्चेदन्यद्गुणेभ्यः। पुनरपि गुणाः क्वचिदाश्रिताः। यत्राश्रितास्तद्द्रव्यम्। तदपि अन्यच्चेद्गुणेभ्यः। पुनरपि गुणाः क्वचिदाश्रिताः। यत्राश्रिताः तद्द्रव्यम् । तदप्यन्यदेव गुणेभ्यः । एवं द्रव्यस्य गुणेभ्यो भेदे भवति द्रव्यानन्त्यम् । द्रव्यं हि गुणानां समुदायः । गुणाश्चेदन्ये समुदायात्, को नाम समुदायः । एवं गुणानां द्रव्याद्भेदे भवति द्रव्याभाव इति ।।४४।।

---

**જો દ્રવ્ય ગુણથી અન્ય ને ગુણ અન્ય માનો દ્રવ્યથી,**
**તો થાય દ્રવ્ય-અનંતતા વા થાય નાસ્તિ દ્રવ્યની. ૪૪.**

**અન્વયાર્થ :-** (यदि) **જો** (द्रव्यं) **દ્રવ્ય** (गुणतः) **ગુણથી** (अन्यत् च भवति) **અન્ય (-ભિન્ન) હોય** (गुणाः च) **અને ગુણો** (द्रव्यतः अन्ये) **દ્રવ્યથી અન્ય હોય તો** (द्रव्यानन्त्यम्) **દ્રવ્યની અનંતતા થાય** (अथवा) **અથવા** (द्रव्याभावं) **દ્રવ્યનો અભાવ** (प्रकुर्वन्ति) **થાય.**

**ટીકા :-** દ્રવ્યનું ગુણોથી ભિન્નપણું હોય અને ગુણોનું દ્રવ્યથી ભિન્નપણું હોય તો દોષ આવે છે તેનું આ કથન છે.

ગુણો ખરેખર કોઈકના આશ્રયે હોય; (તેઓ) જેના આશ્રયે હોય તે દ્રવ્ય હોય. તે (-દ્રવ્ય) જો ગુણોથી અન્ય (-ભિન્ન) હોય તો-ફરીને પણ, ગુણો કોઈકના આશ્રયે હોય; (તેઓ) જેના આશ્રયે હોય તે દ્રવ્ય હોય. તે જો ગુણોથી અન્ય હોય તો-ફરીને પણ ગુણો કોઈકના આશ્રયે હોય; (તેઓ) જેના આશ્રયે હોય તે દ્રવ્ય હોય. તે પણ ગુણોથી અન્ય જ હોય...એ પ્રમાણે, જો દ્રવ્યનું ગુણોથી ભિન્નપણું હોય તો દ્રવ્યનું અનંતપણું થાય.

**ખરેખર દ્રવ્ય એટલે ગુણોનો સમુદાય. ગુણો જો સમુદાયથી અન્ય હોય તો સમુદાય કેવો? (અર્થાત્ જો ગુણોને સમુદાયથી ભિન્ન માનવામાં આવે તો સમુદાય ક્યાંથી ઘટે? એટલે કે દ્રવ્ય જ ક્યાંથી ઘટે?) એ પ્રમાણે, જો ગુણોનું દ્રવ્યથી ભિન્નપણું હોય તો, દ્રવ્યનો અભાવ થાય. ૪૪**

## ગાથા-૪૪ પર પ્રવચન

जदि हवदि दव्वमण्णं गुणदो य गुणा य दव्वदो अण्णे ।
दव्वाणंतियमधवा दव्वाभावं पकुव्वंति ।।४४।।

**જો દ્રવ્ય ગુણથી અન્ય ને ગુણ અન્ય માનો દ્રવ્યથી,**
**તો થાય દ્રવ્ય-અનંતતા વા થાય નાસ્તિ દ્રવ્યની. ૪૪.**

બે બોલ. ઓહોહોહો! **ટીકા :- 'દ્રવ્યનું ગુણોથી ભિન્નપણું હોય...'** ભગવાનઆત્મા આ તો દરેક દ્રવ્યની વાત છે. પણ અહીં આત્માને સિધ્ધ કરવો છે. વસ્તુ ભગવાનઆત્મા છે તે દ્રવ્ય છે, વસ્તુ. તેના ગુણો જ્ઞાન, દર્શન, આનંદ તેની શકિત. ગુણ શકિત જ્ઞાન, દર્શન, આનંદ. તેવા ગુણોથી તે ગુણ જુદું હોય તો એક વાત. **'અને ગુણોનું દ્રવ્યથી ભિન્નપણું હોય તો...'** એમ. દ્રવ્યનું ગુણોથી ભિન્નપણું અને ગુણોનું દ્રવ્યથી ભિન્નપણું. અરસપરસ લીધું. **'તો દોષ આવે છે તેનું આ કથન છે...'** જુઓ! આવું સ્વરૂપ વીતરાગ સિવાય, સર્વજ્ઞ પરમેશ્વર સિવાય બધા આત્મા - આત્મા ગમે તેટલાં કરે પણ એ બીજે ક્યાંય છે નહીં. સમજાણું કાંઈ?

પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા જેણે ત્રણકાળ, ત્રણલોક એક સમયના જ્ઞાનની પર્યાયને જાણતાં જાણી લીધાં. એવડો ભગવાનઆત્મા એણે જે અસંખ્યપ્રદેશી અનંતગુણ ને પર્યાયવાળો જોયો એવો ભગવાનની વાણીમાં આવ્યો. હવે એ કહે છે કે એવી ચીજ સર્વજ્ઞ સિવાય બીજા પંથમાં, બીજે માર્ગે ક્યાંય હોય શકે નહીં. સમજાણું કાંઈ?

હવે એ સિધ્ધ કરે છે, કે ભગવાનઆત્મા અને એના ગુણો એ દ્રવ્યનું ગુણથી જુદાપણું અને ગુણો એટલે જ્ઞાનદર્શન ગુણનું દ્રવ્યથી જુદાપણું હોય તો શું દોષ આવે તેનું આ કથન છે. **'ગુણો ખરેખર કોઈકના આશ્રયે હોય...'** ભારે ટીકા! આ જુઓ! ગુણ જે છે એ કોઈને આધારે હોય. એ દ્રવ્યને આધારે ગુણ હોય. ગુણને આધારે ગુણ ન હોય. આરે! ભારે વાત ભાઈ! આ વાત એને દ્રવ્યગુણની

પર્યાયની ખબર ન મળે ને એટલે પછી લોકો આ બહારમાં ચડાવી દીધાં. અપવાસ કરો ને વ્રત પાળો ને જાત્રા કરો ને એ તમારે ધર્મ. હેં? અરેરે! આવો અવસર. ઝવેરાતના ધંધા છોડીને શાકભાજીના ધંધા. સમજાણું કાંઈ? એનો સમય ચાલ્યો જાય છે. આ ઘણાને તો મનુષ્યપણાં મળ્યા પણ આત્મા શું ચીજ છે તેનો લાભ લીધો નહીં એ મનુષ્યદેહ હારી ગયા. અને પાછા કયારે મનુષ્યદેહ મળશે હવે એની કાંઈ ખબર છે? અને લોકો એને રોવે છે? અરેરે! મારો દિકરો મરીને કયાં ગયો હશે? એને કોણ હશે? અરે આંહી એક જરીક ઊંઘ ન આવે કલાક તો સરખું આવતું નથી. ખાવાનું જરીક મોડું થાય તો ટાઢાનું ઊનું થઈ જાય, ઊનાનું ટાઢું થઈ જાય. ઠીક પડતું નહોતું. અરે એને શું થાશે? એ કોઈ રોવે છે એને? એને તો આ અમારો સ્વાર્થ હતો. રળી આપતો, આમ કરતો, તે કરતો. ચાલ્યો ગયો. એને પોતાને બાપુજી! બાપુજી! કરતો હોય. અરેરે! વહ્યો ગયો લ્યો! બાપુજી કોના ને બાપ કોના. ભાઈ કોની ચીજ કોની સાથે. આહાહા!

કોના છોરું ને કોના વાછડી. કોના માં ને બાપ. અંત કાળે જાવું એકલું સાથે પુણ્ય ને પાપ. બાકી કાંઈ લેવા દેવા નથી. સંસાર તો એ જ છે ને. પુણ્ય ને પાપભાવ કર્યા તે સાથે આવવાના બાકી ધૂળ પણ આવવાની નથી. ચીમનભાઈ! ઓલાં પૈસા બૈસા રળ્યા હશે તેનું કાંઈ સાથે આવશે કે નહીં?

મુમુક્ષુ :- છોકરા ભોગવશે.

ઉત્તર :- છોકરા પણ શું ભોગવે, રાગને ભોગવશે છોકરા. પૈસા કયાં ભોગવાય છે. એ તો જડ, માટી, ધૂળ છે. પૈસાના કોળીયા કરાય છે કાંઈ?

મુમુક્ષુ :- આડકતરી રીતે કરાય ને. અનાજ આવે ને અનાજનો કોળીયો કરાય.

ઉત્તર :- અનાજનો પણ કોળીયો કોણ ખાય છે. એ તો જડ છે. હેં? એમાં રાગ કરે ને રાગને ખાય. આહાહા! અરે! ચીજ શું છે અને કેમ થાય છે એની ખબરું ન મળે અને એને આત્માનું હિત ને ધર્મ થઈ જાય. શું થાય. ત્યાગી થઈ ગયો અનંતવાર. સાધુ થયો અનંતવાર. પણ ચીજ મારી ચીજ મારા સ્વભાવથી ભરેલી પરિપૂર્ણ પ્રભુ છું હું. એવી અંતર સન્મુખની પ્રતીતિ જે કરવાની હતી તે રહી ગઈ. મૂળ જે કરવાનું હતું તે રહ્યું નહીં. એકડા વિનાના મીંડા કર્યા. સમજાણું કાંઈ?

હવે શું સિધ્ધ કરે છે આચાર્ય? ભાઈ! કોઈપણ ગુણ હોય ગુણ, શક્તિ, સ્વભાવ તે કોઈકના આધારે હોય. સમજાય છે? જેમ જ્ઞાન. પણ જ્ઞાન જ્ઞાનને આધારે હોય? જ્ઞાન તો ગુણ થઈ ગયો. જ્ઞાનદ્રવ્ય વસ્તુને આધારે હોય. એમ રંગ, ગંધ, રસ, સ્પર્શ ગુણ. તો એ ગુણ ગુણને આધારે ન હોય. રંગ, ગંધ, રસ, સ્પર્શ ગુણ એ પરમાણુ દ્રવ્ય છે એને આધારે હોય. આહાહા! સમજાણું કાંઈ?

**'ગુણો ખરેખર કોઈકના આશ્રયે હોય, જેના આશ્રયે હોય તે દ્રવ્ય હોય...'** જે ગુણ જેને આધારે હોય તે દ્રવ્ય કહેવાય. ભગવાનઆત્મા એનો જ્ઞાનદર્શનઆનંદનો ગુણ એ આત્માને આશ્રયે

છે. એ આનંદ કયાંય બહારથી આવતો નથી. આહાહા! કહે છે કે આનંદનો આધાર તો આત્મા છે ને ભાઈ, આનંદનો આધાર એ પુણ્ય-પાપના વિકલ્પો અને બહારની ચીજો એ આનંદનો આધાર નથી.સમજાય છે કાંઈ? આનંદ નામનો જે ગુણ છે આત્મામાં. એ ગુણનો આધાર દ્રવ્ય વસ્તુ છે. જેને આનંદ જોઈતો હોય એટલે ધર્મ ને સુખ જોઈતું હોય તેણે એ આનંદનો પર્યાય પ્રગટ કરવા માટે આનંદનો આધાર દ્રવ્ય તેની દૃષ્ટિ કરવી. આહાહા! ભાઈ શું કરવું પણ આમાં? એય! પૂછતો હતો ને સવારમાં કે શું કરવું? એમ કે સમજીને દરરોજ પછી કરવું શું આ? આ કરવાનું છે.

જ્ઞાન જાણપણું એવો જે ગુણ એટલે શકિત, એટલે સત્વ એનો આધાર તો સત્ દ્રવ્ય છે. આહાહા! દ્રવ્યાશ્રયાગુણા. દ્રવ્યાશ્રયા ગુણા. ગુણને આશ્રયે ગુણ (ન હોય) એ તો સૂત્ર છે ઉમાસ્વામીનું. આ પણ કોને નવરાશ આવી હોય. હેં? એક તો રળવું, ખાવું, પીવું તેમાં બિચારા રોકાઈ ગયા હોય. હવે તેમાંથી નવરો થાય કલાક, બે કલાક તો માથે કુગુરુ તેને સંભળાવે કે આ કરો ને આ મુકો ને આ લ્યો એમાં તેનો કાળ ચાલ્યો જાય પછી. અરેરે! ટાણા મળ્યા એ ટાણા ગુમાવ્યા એણે. સમજાણું કાંઈ?

કહે છે કે ગુણ-ગુણી થાવું છે કે નહીં તારે, પર્યાયમાં. પર્યાયમાં ગુણી થાવું છે ને. અવગુણી થાવું છે કે અવગુણ ટાળવા છે? તો દશામાં ગુણી થાવું હોય તો એ ગુણ એ દશા જેને આધારે ગુણ અને ગુણને આધારે દ્રવ્ય. ગુણનો આધાર દ્રવ્ય. તો દ્રવ્યનો આશ્રય લ્યે તો ગુણી થવાનો પર્યાય પ્રગટ થાય. આરે! આરે! ભારે! સમજાણું કાંઈ?

ગુણી થાવું છે ને તારે, ધર્મ કરવો છે ને, સુખી થાવું છે ને, હિતરૂપ કરવું છે ને. તો હિતરૂપ તો દશામાં થાય. તો એ દશા કયાંથી આવે? કહે ગુણમાંથી, એ ગુણ કયાંથી? કહે દ્રવ્યને આધારે છે. જેને હિત કરવું હોય તેને દ્રવ્ય એટલે આત્મા એનો આશ્રય કરવો. એમ કહે છે. 'ભૂયથ્થમ અસિદો ખલુ' ... 'સમાઈઠી હવદિ'.... એ તો એવી રીતે વાત લીધી. કહો, સમજાણું કાંઈ? ઓલી તો વાત શું એકેન્દિયા, બેઈન્દિયા, તેઈન્દિયા, ચોઈન્દિયા, પંચેન્દિયા અભિયા જાવ. જીવીયા વવરોવીયા તસ્સમિચ્છામિદુક્કડમ. કાંઈ સમજવાનું નહીં. કાંઈ માથાકૂટ કે વખત હોય નહીં ને લ્યો જાય. મરીને જાય ચાર ગતિમાં રખડે. આહાહા! તસ્સઉત્તરી કરણેણં તાવકાય ઠાણેણં માણેણં જાણેણં લ્યો. કાં લોગસ્સ ઉજ્જોયગરે સિધ્ધા સિધ્ધિ મમં દીસંતુ. શું અર્થ એની ખબર ન હોય.

હે! સિધ્ધભગવાન મને સિધ્ધપદ દેખાડજો. આવે છે લોગસ્સમાં આવે છે ને. એય ચીમનભાઈ! કર્યું છે કે નહીં? લોગસ્સ કર્યો નથી? કેવી ચીજ છે. ઊભા થયા હતા આ આંગળીએ ને ઓલું વળી ગયું એનું હતું એ એમ કહે છે. આહાહા! લોગસ્સમાં આવે છે. આપણે પણ આવે છે. હા એ કીધું ને સિધ્ધા સિધ્ધિ મમં દીસંતુ. હે! સિધ્ધભગવાન મને સિધ્ધપદ દેખાડો. આ દેખાડોનો અર્થ મને કેવળજ્ઞાન પ્રગટ કરો એમ. કેવળજ્ઞાન કાંઈ ભગવાન પ્રગટ કરી દયે છે? આહાહા! સમજાણું કાંઈ? સાંજ-સવાર

બોલે છે ને અર્થની કાંઇ ખબર ન મળે. સામાયિક થઇ, પાથરણું ખંખેર્યું ને આ ઊભા થઇ ગયા. એ આવડે તો ધર્મી કહેવાય એમ.

દીવો તાણં શરણં ગઇ પઇટ્ઠા. નથી આવતું. નમોથ્થુણંમાં આવે છે. આપણે પણ નમોથ્થુણંમાં સામાયિકમાં છે, દિગમ્બરમાં. પણ એ લોકોને પરિચય નહીં ને. એમાં આવે છે. એક બાઇ સમજે નહીં ને પછી દીવો દીવા ટાણે સંઘવી કૂટયા. એવો એનો અર્થ કર્યો. દીવો તાણં શરણં ગઇ પઇટ્ઠા. નમોથ્થુણંમાં આવે છે. નમોથ્થુણં અરિહંતાણં ભગવંતાણં આઇગરાણં આવે છે. પણ આ દિગમ્બરમાં સામાયિકના પાઠની એને તો ઓલી તત્વેસુ મૈત્રી તેની વિશેષતા. પણ મૂળ પાઠ આ છે. એમાં એવું આવે છે દીવોતાણં, આવે છે ને? દીપરૂપી ધર્મ, દીવો તાણં, શરણં ગઇ પઇટ્ઠા-આધાર. અર્થ બધા આવડે નહીં પછી નમોથ્થુણં અરિહંતાણં દીવા તાણે સંઘવી કૂટયા. એલા પણ આવું કયાંથી કાઢયું આમાં? સંઘવીનો વિરોધ આમાં કયાંથી આવ્યો? આપણે વિરોધ તો છે બહારમાં સંઘવી સાથે. આમાં કયાંથી આવ્યું? આવા ને આવા. એય ભગવાનજીભાઇ! અર્થ બર્થની કાંઇ ખબર નહીં. બહુ વર્ષ કાઢયા છે એમાં એને તો. આંહી આવતાં કોઇ ન્યાં ને ન્યાં રહેતા. હેં? એ તો બહેન આંહી રહ્યા હશે પછી એને લઇને. આહાહા!

આંહી તો કહે છે ભાઇ, તું આત્મા છો ને. અને આત્મા છે તો તેમાં કાંઇ ગુણ છે કે નહીં? ગુણ વિનાનો આત્મા? એમાં અનંત ગુણ છે. એ ગુણનો આધાર કોણ? ગુણનો આધાર આત્મા છે. ગુણનો આધાર પર્યાય પણ નહીં. એમ કહે છે આંહી તો. આહાહા! જાણવું, દેખવું, આનંદ એવા અનંતગુણ છે. એ અનંતગુણનો આધાર દ્રવ્ય છે, વસ્તુ છે. તો જેને ગુણની પર્યાય પ્રગટ કરવી હોય તેણે ગુણનો આધાર દ્રવ્ય તેનો આશ્રય લેવો જોઇએ. એમ કહેવા માંગે છે. કાંઇ વાત કહેવા માંગતા નથી એમ નહીં. વસ્તુની સ્થિતિ આમ છે. કાંઇ ખબર ન મળે, જ્ઞાન ન મળે. અને આવી વાત કરે તો એવું જ્ઞાન તો આપણને સમજાય નહીં. બાકી આપણે કરતાં, એ કરીએ. શું કરે? ધૂળ કરે છે અનાદિથી અજ્ઞાની. આહાહા! જેઠાભાઇ! (મુમુક્ષુ :- કરતાં હોય તેમ કરીએ ........ગરીએ.) ગરીએ. બસ એ આવે છે.

**'જેના આશ્રયે હોય તે દ્રવ્ય હોય...'** લ્યો! દરેક આત્મા કે દરેક રજકણ, અનંત આત્માઓ અને અનંત રજકણો. એમાં જે ગુણો છે, ગુણ નામ તેની જે શકિત છે, તે શકિત કોઇ શકિતવાનને આધારે હોય. **'તે દ્રવ્ય જો ગુણોથી ભિન્ન હોય...'** તે વસ્તુ છે તે ગુણની શકિતથી જુદી હોય **'તો-ફરીને પણ, ગુણો કોઇકના આશ્રયે હોય...'** ગુણોથી અન્ય હોય તો ગુણો પણ કોઇકને આશ્રયે હોય પાછા. **'જેના આશ્રયે હોય તે દ્રવ્ય હોય...'** જેને આશ્રયે ગુણ હોય તે દ્રવ્ય હોય. **'તે જો ગુણોથી અન્ય હોય...'** વળી તે દ્રવ્ય પાછું ગુણોથી અન્ય હોય. **'તો-ફરીને પણ, ગુણો કોઇકને આશ્રયે હોય. (તેઓ) જેને આશ્રયે હોય તે દ્રવ્ય હોય. તે પણ ગુણોથી અન્ય જ હોય...'**

તે પણ ગુણોથી અન્ય જ હોય. એ પ્રમાણે જો દ્રવ્યનું ગુણોથી ભિન્નપણું હોય એમ. તે પણ જુદું હોય તો, **'ભિન્નપણું હોય તો, દ્રવ્યનું અનંતપણું થાય છે...'** વસ્તુ અનંત થઈ જાય નહીં. વસ્તુ અનંત હોતી નથી. ગુણો અનંત હોય. સમજાણું કાંઈ? આહાહા!

ગુણ અનંત હોય. પણ તે ગુણ જો અનેરાને આશ્રયે ન હોય અને તેનાથી તદ્દન જુદું હોય તો તો ગુણનો આધાર દ્રવ્ય તો રહ્યો નહીં. વળી બીજાનો આધાર કે ગુણોનો આધાર બીજો. કે બીજો દ્રવ્ય. તો એ ગુણ તો જુદો, જુદું દ્રવ્ય રહ્યું નહીં. એમ કરતાં આધાર બીજો બીજો માનશે તો તો ગુણ જેટલાં દ્રવ્ય થઈ જાય. જેટલા ગુણ તેટલાં દ્રવ્ય થઈ જાય. કેમ કે તેનો આધાર બીજો જુદો માને નહીં. ગુણનો આધાર જુદો માનતો નથી. તો જેટલાં ગુણ તેટલાં દ્રવ્ય થઈ જાય. આરે! શું કહે છે? સમજાણું આમાં?

જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંતગુણ છે. એ ગુણનો આધાર દ્રવ્ય એટલે જુદું જો દ્રવ્ય હોય તો તો પછી ગુણ પોતે જ અનંત દ્રવ્યરૂપ થઈ ગયા. સમજાણું કાંઈ? પણ એમ છે નહીં. એ ગુણ જે છે પર્યાયમાં આ તો નિર્ણય કરવાની વાત છે. હા, વર્તમાન પર્યાયમાં અવસ્થામાં નિર્ણય થાય છે કે આ જે જ્ઞાનદર્શન ગુણ છે એ કોઈને આધારે છે તેનાથી જુદો હોય, દ્રવ્યથી ગુણ જુદો હોય-તદ્દન જુદો હોય તો ગુણનો આધાર દ્રવ્ય રહ્યું નહીં. તો ગુણ પોતે દ્રવ્ય થઈ ગયું. ગુણ દ્રવ્ય થતાં અનંતા ગુણો તો અનંત દ્રવ્ય થઈ ગયા. દ્રવ્ય અનંત દ્રવ્ય હોય શકે નહીં.

ગુણ અનંત હોય પણ દ્રવ્ય અનંત હોય શકે નહીં. આ એક એક આત્માની વાત ચાલે છે હોં. આહાહા! એમ. એ. ને એ ભણવું હોય તો ત્યાં સૂક્ષ્મથી ભણે માળા. માથા ફોડીને, ..... ને. રખડવાની વિદ્યા. એય જીતુ! ત્યાં કેવું ધ્યાન રાખે છે ત્યાં. આંહી આત્મા શું છે, ગુણ શું છે અંદર. તે ગુણનો આધાર જો દ્રવ્ય ન હોય, તો ગુણ ગુણને આધારે છે, તો ગુણનો આધાર પાછો બીજા ગુણનો આધાર કોણ? બીજા ગુણનો આધાર ગુણ વળી એને આધારે ગુણ તો દ્રવ્ય અનંત થઈ જાય તો. સમજાણું કાંઈ? ગુણ જ પોતે અનંત દ્રવ્ય થઈ ગયા. ગુણોથી અન્ય હોય તો ફરીને પણ ગુણો કોઈકના આશ્રયે હોય એટલે દ્રવ્ય હોય. તો દ્રવ્ય તો માનતો નથી, જુદો માનતો નથી.

**'જેને આશ્રયે હોય તે દ્રવ્ય હોય. તે પણ ગુણોથી અન્ય જ હોય...એ પ્રમાણે...'** એમ ને એમ લીધે જ કરવું એમ કહે છે. **'તો દ્રવ્યનું ગુણોથી જુદાપણું હોય...'** વસ્તુનું ગુણથી જુદાપણું હોય **'તો, દ્રવ્યનું અનંતપણું થાય...'** તો એમ હોય શકે નહીં. આ વળી લોજીક ને કાયદાની વાત. શું કીધું? કીધું ને. ગુણો કોઈકને આશ્રયે હોય. જેના આશ્રયે હોય તે દ્રવ્ય હોય. એ જો ગુણોથી અન્ય હોય, વળી ગુણોથી અન્ય હોય તો તે ફરીને પણ ગુણો કોઈકને આશ્રયે હોય. એ જેને આશ્રયે હોય તે દ્રવ્ય હોય. તે પણ ગુણોથી અન્ય હોય તો એ પ્રમાણે દ્રવ્યનું અનંતપણું ઠર્યું. ગુણનું અનંતપણું ભિન્ન રહ્યું નહીં. સમજાણું કાંઈ? ગુણ પોતે દ્રવ્ય થઈ ગયું. શું કહે છે આ. સમજાય છે આમાં?

અનંત છે ને ગુણ જે અનંત આમ જ્ઞાનદર્શન આદિ. એનો આશ્રય જો દ્રવ્ય ન હોય તો ગુણ પોતે અનંત થઈ ગયા. ગુણ પોતે અનંત થઈ ગયા. અનંત દ્રવ્ય થયા. એમ હોય શકે નહીં. એટલે દ્રવ્યનો આશ્રય કરે તો ગુણ પ્રાપ્ત થાય. ગુણનો આશ્રય કરે તો ગુણ પ્રાપ્ત થાય નહીં. એમ કહે છે. એક એક ગુણનો આશ્રય કરે તો ગુણ પ્રાપ્ત ન થાય. કારણ કે ગુણનો આધાર દ્રવ્ય છે. આરે! સમજાણું કાંઈ? ઝીણું છે જરી. અનંતગુણ છે કે નહીં? આ શરીર છોડી દયો. આત્મા છે કે નહીં? તો વસ્તુ છે તેને ગુણ છે. હવે ગુણનો આશ્રય જો તમે દ્રવ્ય ન માનો, અનેરો છે એમ માનો અનેરું છે તેમ માનો તો તે ગુણ છે જેટલાં એટલાં દ્રવ્ય થઈ ગયા. પણ ગુણનો આશ્રય દ્રવ્ય એક છે એમ રહ્યું નહીં. અથવા એ અનંતગુણને પ્રગટ કરવા માટે દ્રવ્યનો આશ્રય જો ન હોય અને ગુણનો આશ્રય હોય તો એકપણું પ્રગટ થાય નહીં. એમ કહે છે. ભારે! ફરીને, કોઈ દિ' સાંભળ્યું પણ નથી આ. હેં?

અરે, પરમેશ્વરનો માર્ગ શું છે, તે આ પોતે પરમેશ્વર હો. કહે છે કે તેની ઈશ્વરતા છે તેનો જો આધાર દ્રવ્ય ન હોય તો એક એક ગુણ પોતે દ્રવ્ય થઈ જાય છે. અને એક એક ગુણ- દ્રવ્ય થતાં ગુણને આશ્રયે લાભ થતો નથી. એમ કહે છે. ગુણને આશ્રયે દ્રવ્યની પર્યાય પ્રગટ થતી નથી. આહાહા! ભારે કથન પધ્ધતિ! આ તો હજી સાંભળતાં સમજવામાં મુશ્કેલી પડે તેવું છે. એય શોભાલાલજી! આ તો ભક્તિ કરી નાખો, પૂજા કરી નાખો, જાત્રા કરી નાખો જાવ. લ્યો! થઈ ગયો તમારે ધર્મ. અપવાસ કરી નાખો બે, પાંચ, દસ, આઠ, મહિનો. મરી જા ને મહિનાના અપવાસ કરી કરીને. ત્યાં ધૂળ છે. ત્યાં કાંઈ આત્માના ભાન વિના ક્યાં ઠરવું છે, ગુણ ક્યાંથી પ્રગટ થાય છે, કઈ ખાણમાં ગુણ છે. રાગની ખાણમાં ગુણ છે? એમ કહે છે આંહી. ગુણની ખાણમાં ગુણ છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

આ નિમિત્તોમાં તારો ગુણ છે કે તું નિમિત્તમાં જોડાય જા અને તને લાભ થઈ જાય. આ પુણ્ય-પાપમાં એ ગુણ છે, ગુણના આધારે એ છે? અને ગુણનો આધાર ગુણ છે? આહાહા! એ ગુણો જે છે આત્માના તેનો આધાર તો દ્રવ્ય છે. એટલે જેને ગુણની દશા, ધર્મ દશા, વીતરાગ દશા, સમકિત દશા પ્રગટ કરવી હોય એણે ગુણનો આધાર ન લેતાં ગુણનો આધાર દ્રવ્ય છે તેનો આશ્રય, આધાર લેવો. પાટણીજી! સમજાણું કાંઈ?

ગુણનો આશ્રય દ્રવ્ય હોય અને ગુણનો આશ્રય જો અનેરું દ્રવ્ય એકલું ન હોય અને ગુણનો આશ્રય ગુણ, ગુણનો આશ્રય ગુણ તો ગુણ પોતે દ્રવ્ય થઈ ગયું. એટલે ગુણનો આશ્રય લેતાં જીવને લાભ થાય નહીં. એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? વાડામાં તો કાંઈ વાત મળે આ? એટલે ઓલા લોકો બિચારા સામાયિક કરો, પોષા કરો, પડિમા કરો. શું પણ સામાયિક કહેવી કોને? સામાયિક, પોષા, પડિક્કમણાં ધર્મ. અને દાન, દયા એ પુણ્ય એમ. બે જુદું પાડે છે. દાન દેવાનો વિકલ્પ એ રાગ. અને સામાયિક, પોષા, પડિક્કમણાં કરું છું એ પણ વિકલ્પ છે રાગ. ત્યાં ક્યાં તારે હજી સામાયિક આવી?

કેમ કે જે ગુણ પ્રગટ કરવા છે એ ગુણ કયા ખાણમાં છે. જે નિર્મળ દશા પ્રગટ કરવી છે એ કઈ ખાણમાં છે કે દ્રવ્યની ખાણમાં ગુણ છે. સમજાણું કાંઈ? એકલા ગુણ ઉપર નજર રાખીશ તો ગુણ અનંતા દ્રવ્ય થઈ જશે. અને અનંતા દ્રવ્ય થશે એટલે એક જ ગુણ દ્રવ્ય થઈ જશે. તો એમાં અનંતગુણને પ્રગટ કરવાનું દ્રવ્ય જે છે, અનંતગુણનો આધાર એક દ્રવ્ય હોય તો તેનું લક્ષ કરતાં અનંતાગુણો પર્યાયમાં પ્રગટ થાય. એક એક ગુણનું લક્ષ કરીને જો કરવા જા તો વિકલ્પ ઉત્પન્ન થશે. સમજાણું કાંઈ?

આરે! ભારે! રસીકભાઈ! આવો ધર્મ વીતરાગનો હશે? ત્યાં તો એમ કહે કે ભાઈ ચૌવિહાર કરો, કંદમૂળ ન ખાઓ, ફલાણું કરો, અપવાસ કરો તે ચાલે વાત. છકાયની દયા પાળો. ભગવાનનો માર્ગ છકાયની દયાનો છે. આંહી કહે છે છકાયની દયા પાળો. તે વીતરાગનો માર્ગ છે નહીં. કારણ કે પરની દયા આત્મા પાળી શકતો નથી. અને પરની દયાનું લક્ષ છે એ તો રાગ છે. રાગને આધારે ધર્મ થાય? દ્રવ્યને આધારે થાય. કારણ કે દ્રવ્યમાં બધા ગુણ પડયા છે. સમજાણું કાંઈ?

**'તે પણ ગુણોથી અન્ય જ હોય...એ પ્રમાણે, જો દ્રવ્યનું ગુણોથી ભિન્નપણું હોય તો, દ્રવ્યનું અનંતપણું થાય...'** વસ્તુનું ગુણથી જુદાપણું હોય તો દ્રવ્યનું અનંતપણું થયું. ગુણથી દ્રવ્ય જુદું નથી. દ્રવ્યથી ગુણ જુદા નથી. માળે વાત તો સમજાવવી કઠણ પડે આ બિચારા સાધારણ માણસને. બાઈયું બિચારા બુદ્ધિ સાધારણ હોય, 'જાવ કરેમિ ભન્તે સામાયિક સાવજ્જોગ પચ્ચકાણં' સાવજ્જોગના કર્યા ત્યાગ. સાવજ્જોગ કોને કહેવો, તે ત્યાગ્યું શું, તારી પર્યાયમાં આવ્યું શું, અને આવે તો કોના લક્ષે આવે. હેં?.... એ દેખાય નહીં ને કાંઈ બહુ બહાર. ઘરની ચાવી બાવી આંહી ચડાવીને સામાયિક કરવા બેસે, એમ. તું લૂંટાઈ ગયો છે આમાં એ તો ખબર નથી તને. આહાહા!

આંહી તો કહે છે દ્રવ્યનું ગુણોથી જુદાપણું જો હોય તો દ્રવ્યની અનેકતા થઈ જાય. પણ ગુણનો આધાર દ્રવ્ય છે તે એક છે. ગુણ અનંત છે. પણ અનંતનો આધાર એક છે. અનંતનો આધાર અનંત નહીં. અનંતનો આધાર અનંત નહીં. આ જાતની એવી સમજણ તો સાચી કરે. સમજણ કરે પછી એને એકાગ્ર થવાનો પ્રયત્ન કરે. પણ આ સમજણ જ જયાં ખોટી છે તેને એકાગ્ર કયાં થવું એની તો કાંઈ ખબર નથી. આમ બફમમાં બફમ જીંદગી ચાલી જાય પછી. પચાસ પચાસ, સાંઈઠ સાંઈઠ, સીંતેર વર્ષ થાય જાવ. આહા! બહુ સામાયિક કરી હતી, બહુ પોષા કર્યા હતા. મરતાં શું થયું કહે આ? એક જણો મરવા પડયો હતો. મેં સામાયિક પોષા તો બહુ કર્યા હતા. ભાઈ અત્યારે કયાંય સૂઝ પડતી નથી. ગોળાની વ્યાધિ હતી ગોળો. સમજયા ને? ફોરમ. પેટમાં એવી વ્યાધિ, પૈસા બૈસા થયા હતા. ભગવાન પણ તમે સામાયિક પોષા કર્યા છે ને કહી. અત્યારે અમને કાંઈ યાદ આવતું નથી. ભગવાન પણ યાદ આવતા નથી. રહેવા દયો. આહાહા!

પણ ભગવાનઆત્મા છે એ તો કોઈ દિ' જાણ્યો નથી. જાણ્યો નથી, જોયો નથી, માણ્યો નથી,

અનુભવ્યો નથી. એને ધર્મ કયાંથી થાય ધૂળમાં? તારા લાખ સામાયિક, પોષા, પડિક્કમણાં કરને એ તો બધો રાગ છે, વિકલ્પ છે. એવું તો અનંતવાર કર્યું છે. એમાં કયાં ધર્મ હતો. ધર્મ તો દ્રવ્યમાં છે. રાગમાં ધર્મ છે? ધર્મ દશા છે એ વીતરાગી દશા છે. અને વીતરાગી દશા ગુણ છે માટે દ્રવ્યને આશ્રયે વીતરાગી પર્યાય આવે છે. સમજાણું કાંઈ? ગુણનો આશ્રય ગુણ નથી. એમ કહે છે. ભેદ નથી. ગુણનો આશ્રય ગુણ નથી. ભેદ નથી. ગુણનો આશ્રય અભેદ દ્રવ્ય છે. સમજાણું કાંઈ?

જો દ્રવ્યનું ગુણોથી ભિન્નપણું હોય તો દ્રવ્યનું અનંતપણું થાય. કહો દ્રવ્યથી ગુણ જુદા, ગુણથી ગુણ જુદા. ગુણનો આધાર દ્રવ્ય નહીં તો તો ગુણ થઈ ગયા અનંત તો દ્રવ્ય અનંત થઈ ગયા. એકપણું રહ્યું નહીં. જીવને ધર્મ નામ સુખી થવું હોય તો તે સુખની શક્તિનો આધાર દ્રવ્ય છે તેને આધારે સુખી થવાની પર્યાય પ્રગટ થાય છે. એમ કહે છે. એ રાગને આધારે નહીં, નિમિત્તને આધારે નહીં ને ગુણને આધારે નહીં. સમજાણું કાંઈ?

હવે. **'ખરેખર દ્રવ્ય એટલે ગુણોનો સમુદાય...'** હવે દ્રવ્યની વ્યાખ્યા કરે છે. **'ગુણો જો સમુદાયથી અન્ય હોય...'** સમજાય છે? ગુણો જો સમુદાયથી, સમુદાય એટલે દ્રવ્ય. એનાથી **અન્ય હોય તો સમુદાય કેવો?** સમુદાય કોને કહેવો? **'જો ગુણોને સમુદાયથી ભિન્ન માનવામાં આવે...'** સમુદાય એટલે દ્રવ્ય. **'ગુણોને સમુદાયથી દ્રવ્યથી જુદો માનવામાં આવે તો સમુદાય કયાંથી ઘટે?...'** તો સમુદાય જ ઘટે નહીં હજી. શું કીધું? સમુદાયી દ્રવ્ય. સમુદાય ગુણો એનું સમુદાય દ્રવ્ય. એ ગુણોને, ગુણો જો સમુદાયથી અન્ય હોય, ગુણો જો સમુદાયી, ગુણ સમુદાય. શબ્દ આખો. સમુદાય દ્રવ્ય વસ્તુ. એ ગુણો જો સમુદાયથી અન્ય હોય તો સમુદાય કેવો? સમુદાય કયાં રહ્યો એ? સમુદાય સમજાય છે?

સમુદાય અને સમુદાયી. સમુદાય ગુણનો પિંડ. એ સમુદાય સમુદાયી એવું દ્રવ્ય. આવી ભાષા પણ કોઈ દિ' સાંભળી ન હોય. જૈનમાં જનમ્યો હોય છતાં. સમજાણું કાંઈ? **'ખરેખર દ્રવ્ય એટલે ગુણોનો સમુદાય. હવે ગુણો જો સમુદાયથી અન્ય હોય તો સમુદાય કેવો?...'** તો સમુદાય રહ્યો નહીં. ગુણોને સમુદાયથી એટલે દ્રવ્યથી ભિન્ન માનવામાં આવે તો સમુદાય જ રહ્યો નહીં. ગુણનો પિંડ જ ઘટતો નથી. એટલે કે દ્રવ્ય કયાંથી ઘટે? **'એ પ્રમાણે, જો ગુણોનું દ્રવ્યથી ભિન્નપણું હોય...'** તો, સમજાણું? ઓલામાં દ્રવ્યથી ગુણોનું ભિન્નપણું હતું. આમાં ગુણોથી દ્રવ્યનું ભિન્નપણું બે સિદ્ધ કરવું હતું ને એને. દ્રવ્યનું ગુણોથી ભિન્નપણું અને ગુણોનું દ્રવ્યથી ભિન્નપણું. બે વાત સિદ્ધ કરવી છે ને. હેં? એક જો ગુણોનું વસ્તુથી, ગુણો છે તે વસ્તુથી જુદા હોય તો દ્રવ્યનો અભાવ થાય. દ્રવ્ય રહે નહીં. આરે! આરે! આ લોજીક મુકે બધા. વકીલાતનું કામ હશે આ? સમજવાની વકીલાત એ સમજવાની છે એમાં શું છે? ભગવાન ન્યાયથી વાત તો કરે છે. પણ હવે મગજને કેળવવું તો પડે.

પહેલામાં એમ કહ્યું હતું કે દ્રવ્યથી ગુણો જુદા હોય તો દ્રવ્ય અનંત થઈ જાય છે. હવે ગુણોથી જો દ્રવ્ય અનેરા હોય તો દ્રવ્યનો નાશ, એમ કહે છે. સમુદાય સમુદાયીથી જો જુદો હોય તો દ્રવ્યનો નાશ થઈ જાય છે. આ ઝીણું પડે હો ડોકટરને. હેં? દ્રવ્યનો અભાવ થાય. પણ એમ કોઈ દિ' બને નહીં. માટે ગુણનો આધાર દ્રવ્ય અને દ્રવ્ય ગુણ વિના હોય નહીં. માટે દ્રવ્ય એવું તત્ત્વ આત્મા એનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન, જ્ઞાન ને ધર્મ થાય છે. બીજાનો આશ્રય કરતાં ધર્મ થતો નથી.

**(શ્રોતા :-પ્રમાણ વચન ગુરુદેવ.)**

## ગાથા :- ૪૫

**अविभत्तमणण्णत्तं दव्वगुणाणं विभत्तमण्णत्तं ।**
**णिच्छंति णिच्चयण्हू तव्विवरीदं हि वा तेसिं ।।४५।।**

अविभक्तमनन्यत्वं द्रव्यगुणानां विभक्तमन्यत्वम् ।
नेच्छन्ति निश्चयज्ञास्तद्विपरीतं हि वा तेषाम् ।।४५।।

द्रव्यगुणानां स्वोचितानन्यत्वोक्तिरियम् ।

अविभक्तप्रदेशत्वलक्षणं द्रव्यगुणानामनन्यत्वमभ्युपगम्यते । विभक्तप्रदेशत्वलक्षणं त्वन्यत्वमनन्यत्वं च नाभ्युपगम्यते । तथाहि-यथैकस्य परमाणोरेकेनात्मप्रदेशेन सहाविभक्त-त्वादनन्यत्वं, तथैकस्य परमाणोस्तद्वर्तिनां स्पर्शरसगन्धवर्णादिगुणानां चाविभक्तप्रदेशत्वाद-नन्यत्वम् । यथा त्वत्यन्तविप्रकृष्टयो: सह्यविन्ध्ययोरत्यन्तसन्निकृष्टयोश्च मिश्रितयोस्तोयपयसो-र्विभक्तप्रदेशत्वलक्षणमन्यत्वमनन्यत्वं च, न तथा द्रव्यगुणानां विभक्तप्रदेशत्वाभावादन्यत्व-मनन्यत्वं चेति ।।४५।।

**ગુણ-દ્રવ્યને અવિભકતરૂપ અનન્યતા બુધમાન્ય છે;**
**પણ ત્યાં વિભક્ત અનન્યતા વા અન્યતા નહિ માન્ય છે. ૪૫.**

**અન્વયાર્થ :-** (**द्रव्यगुणानाम्**) દ્રવ્ય અને ગુણોને (**अविभक्तम् अनन्यत्वम्**) અવિભક્તપણારૂપ અનન્યપણું છે; (**निश्चयज्ञा: हि**) નિશ્ચયના જાણનારાઓ (**तेषाम्**)

**તેમને (विभक्तम् अन्यत्वम्) વિભકતપણારૂપ અન્યપણું (वा) કે (तद्विपरीतं) (વિભક્તપણારૂપ) અનન્યપણું (न इच्छन्ति) માનતા નથી.**

**ટીકા :- આ, દ્રવ્ય અને ગુણોના સ્વોચિત અનન્યપણાનું કથન છે (અર્થાત્ દ્રવ્ય અને ગુણોને કેવું અનન્યપણું ઘટે છે તે અહીં કહ્યું છે).**

**દ્રવ્ય અને ગુણોને *અવિભક્તપ્રદેશત્વસ્વરૂપ અનન્યપણું સ્વીકારવામાં આવે છે. પરંતુ વિભક્તપ્રદેશત્વસ્વરૂપ અન્યપણું તથા (વિભક્તપ્રદેશત્વસ્વરૂપ) અનન્યપણું સ્વીકારવામાં આવતું નથી. તે સ્પષ્ટ સમજાવવામાં આવે છે :- જેમ એક પરમાણુને એક સ્વપ્રદેશ સાથે અવિભકતપણું હોવાથી અનન્યપણું છે, તેમ એક પરમાણુને અને તેમાં રહેલાં સ્પર્શ-રસ-ગંધ-વર્ણ વગેરે ગુણોને અવિભક્ત પ્રદેશો હોવાથી (અવિભક્તપ્રદેશત્વસ્વરૂપ) અનન્યપણું છે; પરંતુ જેમ અત્યંત દૂર એવા [1]સહ્ય અને વિંધ્યને વિભક્તપ્રદેશત્વસ્વરૂપ અન્યપણું છે તથા અત્યંત નિકટ એવાં મિશ્રિત [2]ક્ષીર-નીરને વિભક્તપ્રદેશત્વસ્વરૂપ અનન્યપણું છે, તેમ દ્રવ્ય અને ગુણોને વિભક્ત પ્રદેશો નહિ હોવાથી (વિભક્તપ્રદેશત્વસ્વરૂપ) અન્યપણું તથા (વિભક્તપ્રદેશત્વસ્વરૂપ) અનન્યપણું નથી. ૪૫.**

## પ્રવચન નં :- ૪૭ - ગાથા :- ૪૫/૪૬
## પોષ વદ-૨ શનિવાર તા. ૨૪/૧/૭૦

પંચાસ્તિકાય ષટ્દ્રવ્યનું સ્વરૂપ. એમાં અહીંયા મુખ્યપણે જીવના સ્વરૂપની વાત ચાલે છે. એમાં સમુચ્ચય બધી વાત છે. જુઓ! પીસ્તાલીસ.

अविभत्तमणण्णत्तं दव्वगुणाणं विभत्तमणत्तं ।
णिच्छंति णिच्चयण्हू तव्विवरीदं हि वा तेसिं ।।४५।।

---

*અવિભકત=અભિન્ન. (દ્રવ્ય અને ગુણોના પ્રદેશો અભિન્ન છે તેથી દ્રવ્ય અને ગુણોને અભિન્નપ્રદેશત્વસ્વરૂપ અનન્યપણું છે.)

૧ અત્યંત દૂર રહેલાં સહ્ય અને વિંધ્ય નામના પર્વતોને ભિન્નપ્રદેશત્વસ્વરૂપ અન્યપણું છે.

૨ અત્યંત નજીક રહેલાં મિશ્રિત દૂધ-જળને ભિન્નપ્રદેશત્વસ્વરૂપ અનન્યપણું છે. દ્રવ્ય અને ગુણોને એવું અનન્યપણું નથી, પરંતુ અભિન્નપ્રદેશત્વસ્વરૂપ અનન્યપણું છે.

**ગુણ-દ્રવ્યને અવિભકતરૂપ અનન્યતા બુધમાન્ય છે;**
**પણ ત્યાં વિભક્ત અનન્યતા વા અન્યતા નહિ માન્ય છે. ૪૫.**

જુઓ! દ્રવ્ય-આત્મા વસ્તુ છે એના ગુણો છે તે કઇ રીતે છે, એમ વર્ણવે છે, સિધ્ધ કરે છે. જેને આત્માનું કલ્યાણ કરવું છે એણે દ્રવ્ય ને ગુણ અભેદ છે એમ દષ્ટિ કરીને દ્રવ્ય ઉપર દષ્ટિ કરવાની છે. એમ કહે છે. આહાહા! સમજાણું કાંઇ?

પહેલાં તો આવી ગયું કે ભાઈ ગુણ અને દ્રવ્ય એક છે. પર્યાયે અનેક છે. પર્યાય છે ને અનેક. પાંચ પર્યાયો થાય છે એ અપેક્ષાએ અનેક છે. દ્રવ્ય-ગુણ સ્વરૂપે એક છે અને પર્યાયથી અનેક છે. એવું જ એનું સ્વરૂપ છે. ભિન્ન ભિન્ન ભિન્ન ભિન્ન પર્યાય થાય છે, જુદી જુદી જુદી અવસ્થા થાય તેથી તે અવસ્થાથી અનેક કહેવાય છે. અને વસ્તુથી દ્રવ્ય-ગુણથી એક કહેવાય છે.

એમ એણે નક્કી કરીને દ્રવ્ય-ગુણ તરફમાં લક્ષ કરીને પર્યાયની ભિન્ન ભિન્નતા પ્રગટ થાય તેને પોતાની દશા છે એમ જાણવી જોઈએ. ..........ની અહીં વાત નથી. પુણ્ય-પાપ વિકલ્પ ઊઠે એ વસ્તુમાં નથી. ભગવાનઆત્મા પોતાના દ્રવ્યસ્વરૂપે ગુણસ્વરૂપથી જ છે, એમ કહે છે. એના ગુણો અને દ્રવ્ય કોઈ જુદા નથી. એ કહે છે. જુઓ! જરી ધ્યાન રાખે તો સમજાય એવું છે. આ તો એકદમ સર્વજ્ઞનું વિજ્ઞાન છે. સર્વજ્ઞનું વિજ્ઞાન.

**ટીકા :- 'આ, દ્રવ્ય અને ગુણોના...'** ભગવાનઆત્મા એમ દરેક દ્રવ્ય એની વાત છે. પણ આપણે અહીં આત્માને મુખ્ય લઈએ છીએ. આત્મા વસ્તુ છે અને એના ગુણો જ્ઞાન, દર્શન, આનંદ એ એની શકિત ગુણ છે. **'એના સ્વોચિત...'** બેને યોગ્ય **'અનન્યપણાનું કથન છે...'** એને યોગ્ય જુદાપણાનું કથન છે. એમ કહે છે.

અનન્યપણાનું એને યોગ્ય એકપણાનું કથન છે, એમ કહે છે. **'અર્થાત્ દ્રવ્ય અને ગુણોને કેવું અનન્યપણું એટલે એકપણું છે, ઘટે છે તે અહીં કહ્યું છે...'** આમ તો દ્રવ્ય-ગુણ, ગુણ તે દ્રવ્ય છે અને દ્રવ્ય તે ગુણ છે. છતાં ભિન્ન થઈ ગયા ને ગુણ ને દ્રવ્ય કહે છે. પણ એ ભિન્નપણું નથી. એમ કહે છે. અભિન્ન છે. જેમ આત્મા શરીરના રજકણો, કર્મના રજકણોથી જુદો છે. અને પુણ્ય-પાપના વિકલ્પોની દયા, દાન, ભકિત આદિથી જેમ જુદો છે, તેમ તે આત્મા તેના ગુણોથી જુદો નથી. સમજાણું કાંઇ?

આ દ્રવ્ય અને ગુણોના એને યોગ્ય અનન્યપણું એને યોગ્ય અનન્ય એકપણું એનું કથન છે. **'દ્રવ્ય અને ગુણોને અવિભકતપ્રદેશત્વસ્વરૂપ અનન્યપણું સ્વીકારવામાં આવે છે...'** ભાષા જ કોઈ દિ' એને ચોપડામાં આવી હોય નહીં. હેં? શું કહે છે? કે આ આત્મા જે છે અને એના જ્ઞાન, દર્શન,

આનંદ જે ગુણ છે. એ અવિભકતપ્રદેશ. એના પ્રદેશ ગુણના જુદા અને દ્રવ્યના જુદા એમ નથી. અભિન્ન- અભિન્ન પ્રદેશ છે. દ્રવ્ય અને ગુણોના પ્રદેશો અભિન્ન છે. તેથી દ્રવ્ય અને ગુણોને અભિન્ન પ્રદેશો સ્વરૂપ અનન્યપણું છે, એકપણું છે. ફરીને. આહાહા!

તેણે સ્વદ્રવ્ય શું છે અને સ્વગુણ શું છે એવું કોઈ દિ' તેણે અંતરમાં જોયું નથી. અને પ્રયત્ન કર્યો જ નથી. બાકી તો આ કરું ને આ કરું, આ કરું ને આ કરું. એમાં જીંદગી એની ચાલી જાય છે. આ ધર્મને નામે પણ કાંઈક વ્રત પાળું ને કાંઈક દયા પાળું ને, પૂજા કરું ને ભકિત કરું ને જાત્રા કરું તેવી ક્રિયાકાંડના વિકલ્પમાં સલવાઈ ગયો. પણ તેનાથી તો જુદો છે. એમ કહે છે. એમ ગુણ ને દ્રવ્યથી જુદો નથી. ગુણ ને દ્રવ્ય તો અનન્ય છે. એકમેક છે. બેયના પ્રદેશો અભિન્ન છે, એક છે. આવી ગયું હતું પહેલું દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ. પણ અહીંયા ખાસ બીજી વાત કરવી છે.

અનન્યપણું છે એ કઈ રીતે છે, એકપણું છે એ કઈ રીતે છે કે દ્રવ્ય અને ગુણોને ભગવાનઆત્મા અને આ પરમાણુ એને પણ, આ પરમાણુ છે એ દ્રવ્ય છે. એમાં વર્ણ-ગંધ-સ્પર્શ-રસ છે એ એના શકિત ગુણ છે. એ ગુણ અને દ્રવ્યને જુદા પ્રદેશ નથી. જુદા પ્રદેશ નથી એવું એમાં અનન્યપણું છે. આ પરમાણુ છે પોઈન્ટ. જુઓ! આ રજકણ છે ને. આ તો ઘણા રજકણનું બનેલું છે. આ કાંઈ મૂળ ચીજ નથી પોઈન્ટ. ટુકડા કરતાં કરતાં કરતાં છેલ્લો પોઈન્ટ રહે તેને પરમાણુ કહે છે. તો એ પરમાણુ દ્રવ્ય છે. અને એમાં રંગ-ગંધ-રસ-સ્પર્શ તેના ગુણ છે. એ ગુણને અને દ્રવ્યને પ્રદેશનું અભિન્નપણું છે. પ્રદેશનું ભિન્નપણું નથી. જે પ્રદેશમાં રંગ-ગંધ-રસ-સ્પર્શ છે એ જ પ્રદેશે દ્રવ્ય છે. સમજાણું કાંઈ?

એમ ભગવાનઆત્મા આનાથી જુદો. પણ પોતે જે પ્રદેશસ્વરૂપ દ્રવ્ય છે, તે જ પ્રદેશસ્વરૂપમાં ગુણ છે. ગુણના પ્રદેશો જુદા અને દ્રવ્યના જુદા એમ છે નહીં. આરે! ભારે વાત તે આવી! **'અનન્યપણું સ્વીકારવામાં આવે છે...'** ભગવાને એમ કહ્યું છે. અને વસ્તુનું સ્વરૂપ (એવું જ છે) ભગવાનઆત્મા એની અંદર જયાં નજર કરવા જાય તો એના ગુણો અને દ્રવ્યના પ્રદેશ ભિન્નપણું નથી. એ બધું અંદર એકરૂપ છે. સમજાણું કાંઈ?

**'પરંતુ વિભકતપ્રદેશત્વસ્વરૂપ અન્યપણું તથા (વિભકતપ્રદેશત્વસ્વરૂપ) અનન્યપણું સ્વીકારવામાં આવતું નથી...'** હવે બે વાત કહે છે. શું કહે છે? ભગવાનઆત્મા અને દરેક દ્રવ્ય. આંહી આપણે વધારે આત્મામાં લેવું છે ને. એનું વિભકતપ્રદેશત્વસ્વરૂપ અનન્યપણું ગુણના પ્રદેશોથી તે અન્ય અને દ્રવ્યના પ્રદેશથી તે અન્ય એમ નથી. તેમ વિભકતપ્રદેશત્વસ્વરૂપ અનન્યપણું તેમ ગુણના પ્રદેશ જુદા અને દ્રવ્યના જુદા છતાં એક છે એમ નથી. સમજાણું કાંઈ? ધીમેથી ધીમેથી એના ન્યાય લોજીક છે ને એ ન્યાયથી એને સમજવું પડશે.

એ વાત એણે અનંતકાળથી દ્રવ્ય અંદર શું અસ્તિ છે અને ગુણોનું હોવાપણું કઈ રીતે છે. અને એનું હોવાપણું અભેદ છે તો તો એને ગુણ પ્રગટ કરવા માટે એના દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપવી જોઈએ. કારણ કે ગુણ ને દ્રવ્ય એક છે. ગુણ પ્રગટ કરવા હોય, ધર્મ પ્રગટ કરવો હોય જન્મ-મરણના દુ:ખનો નાશ કરવો હોય, સમજાય છે કાંઈ? તો એણે ગુણ પ્રગટ કરવા માટે ગુણ ને દ્રવ્ય બેય એક છે. પ્રગટ એટલે પર્યાય. નિર્મળ ધર્મ પર્યાય પ્રગટ કરવી હોય તો ગુણ ને દ્રવ્ય એક છે. તેથી તેને દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપતાં ગુણની શક્તિરૂપે જે ભાવ છે એ પર્યાયમાં પ્રગટ થાય છે. એ ગુણ ને દ્રવ્યનું જુદા પ્રદેશ છે અને અનેરાપણું છે એમ નથી. સમજાણું કાંઈ?

**'વિભક્તપ્રદેશત્વસ્વરૂપ અન્યપણું અને (વિભક્તપ્રદેશત્વસ્વરૂપ) અનન્યપણું...'** પાછા પ્રદેશ જુદા હોય અને બેય એક છે એમ પણ નથી. સમજાણું કાંઈ? જુદા પ્રદેશપણું અને અનેરાપણું એમ પણ નથી અને જુદા પ્રદેશપણું અને એકપણું એમ પણ નથી. સમજાય છે કે નહીં આમાં? એ દાખલો આપીને સમજાવે છે હો. બેયના બે દાખલા આપશે.

**'જેમ એક પરમાણુને...'** દેખો દાખલો આપ્યો. એક પરમાણુ પોઈન્ટ છે આ રજકણ. એને **'એક સ્વપ્રદેશ સાથે અવિભક્તપણું હોવાથી...'** એના પરમાણુને પોતાનો જે પ્રદેશ છે પરમાણુનો જે પ્રદેશ એટલે અંશ જે છે એ પોતે. એની સાથે અવિભકતપણું જુદાપણું નહીં હોવાથી **'અનન્યપણું છે...'** સ્વપરમાણુને તેના પ્રદેશથી એકમેકપણું છે. જુદાપણું નથી. કહો, બરાબર છે?

**'તેમ એક પરમાણુને અને તેમાં રહેલાં સ્પર્શ-રસ-ગંધ-વર્ણ વગેરે ગુણોને અવિભક્ત પ્રદેશો હોવાથી (અવિભક્તપ્રદેશત્વસ્વરૂપ) અનન્યપણું છે...'** લ્યો! ઓલું પરમાણુને પ્રદેશ સાથે કીધું. હવે એક પરમાણુમાં રહેલાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ ગુણ છે તેને અને પરમાણુને અવિભકત પ્રદેશ જુદા પ્રદેશ નથી. એવું એમાં એકમેકપણું છે. જુદા પ્રદેશ નથી એવું એમાં એકમેકપણું છે. આ તો સર્વજ્ઞનું વિજ્ઞાન છે. ઓલા વિજ્ઞાન શીખે છે એમાં તો સમજવા જેવું (કાંઈ નથી.) સમજવા જેવું એટલે એ તો જાણીને એમાં ગપ્પા મારે અને આડું ચાલે. આ તો વીતરાગનું વિજ્ઞાન છે.

આત્મા અને તેના જ્ઞાનદર્શન ગુણો એનું પ્રદેશપણું સ્વપ્રદેશપણું એક છે. કોની પેઠે કે પરમાણુને એનો સ્વપ્રદેશ એક છે એની પેઠે. હવે પરમાણુમાં પણ જે વર્ણ,ગંધ, રસ ગુણો છે અને પરમાણુ તેના પણ પ્રદેશ તો એક જ છે. એના પ્રદેશનું જુદાપણું નથી. અને પ્રદેશ એક છે માટે પરમાણુને અને ગુણને અનન્ય નામ એકપણું છે. કહો, સમજાણું કાંઈ? ઝીણું છે આજ.

**'પરંતુ જેમ અત્યંત દૂર એવા સહ્ય અને વિંધ્યને...'** બે પર્વત લીધા. વિંધ્યાચલ પર્વત અને સહ્ય (સહ્યાદ્રિ) નામનો પર્વત બે જુદા જુદા. સહ્ય, સહ્યાચલ છે ને સહ્યાચલ. સહ્યાચલ કહે છે ને. બે પર્વતને **'વિભક્તપ્રદેશત્વસ્વરૂપ અન્યપણું છે...'** શું કીધું? આ બે આંગળી છે. જુઓ! તો આ

આંગળીને અને આ આંગળીને વિભકતપ્રદેશત્વસ્વરૂપ ભિન્નપણું છે. આના પ્રદેશ જુદા અને આના પ્રદેશ જુદા. વિભકત પ્રદેશ જુદા પ્રદેશપણું અન્યપણું છે. એક પર્વત છે અહીંયા સહ્યાચલ અને વિંધ્યાચલ. પ્રદેશ જુદા અને પ્રદેશ જુદા અન્યપણું છે. **'તથા અત્યંત નિકટ એવાં મિશ્રિત ક્ષીર-નીરને...'** બીજો દાખલો. અત્યંત નિકટ એવા દૂધ અને પાણીને **'(વિભક્તપ્રદેશત્વસ્વરૂપ)...'** દેખો. વિભકત પ્રદેશ જુદાં છતાં **'અનન્યપણું છે...'** આમ એક ક્ષેત્રે એકપણું દેખાય છે. એમ કહે છે. સમજાણું કાંઇ?

**'તેમ દ્રવ્ય અને ગુણોને વિભક્ત પ્રદેશો નહીં હોવાથી...'** લ્યો! ભગવાનઆત્મા અને એના આનંદ અને જ્ઞાનના ગુણોને બેની વચ્ચેના પ્રદેશોના અંશનું જુદાપણું નહીં હોવાથી, સમજાણું? **'પ્રદેશો નહીં હોવાથી (વિભકતપ્રદેશત્વસ્વરૂપ) અન્યપણું...'** જુદા પ્રદેશપણું એવું અન્યપણું **'(વિભકતપ્રદેશત્વસ્વરૂપ) અનન્યપણું નથી...'** એમ. અને જુદા પ્રદેશ હોય ગુણના અને દ્રવ્યના છતાં તે અનન્ય છે, એક છે એમ નથી. ભારે વાત ભાઇ! ફરીને લઇએ, ફરીને લઇશું હો.

આ તો બહુ સરળ યુકિતથી સિદ્ધ કરે છે. પણ માણસને દરકાર જ ન મળે ને. ઘરની વાતું જો હોય તો એકદમ પાવરધો. પાવરધો. એ બરાબર જાણે કે આનું આમ હોય ને આનું આમ હોય ને મોટો દેવનો દિકરો ઉતર્યો જાણે. આહાહા! કહે છે તારું હોવાપણું કયાં કેમ છે, અને એ હોવાપણું જયાં જેમ છે તેમ ત્યાં તેને દષ્ટિમાં લેતાં તેને ધર્મ અને સમ્યગ્દર્શન થાય છે.

તો કહે છે ભગવાનઆત્મા અને ગુણોને જેમ એક પરમાણુ પોઈન્ટ છે અને પોઈન્ટનો એ પ્રદેશ છે, એ પ્રદેશ. એ પોઈન્ટ પરમાણુનો પ્રદેશ પણ અવિભકત છે. જુદા નથી. વિભકત નથી. પ્રદેશ પણ એ પરમાણુ પણ એ. છતાં અનન્ય છે, અનન્ય છે. એકમેક છે. પ્રદેશ અને પરમાણુ એકમેક છે. એક વાત. તેમ પરમાણુને અને ગુણને ઓલા પ્રદેશની સાથે કહ્યું. એમ પરમાણુ પોઈન્ટ છે દ્રવ્ય અને એમાં રંગ-ગંધ-રસ-સ્પર્શ ગુણ છે. એ ગુણને અને પરમાણુને એક પ્રદેશપણું છે. એક પ્રદેશપણે અનન્ય છે. એક પ્રદેશપણે અભિન્ન છે. એય બીડી! બીડીના પાવરધા બધા ઘણા લ્યો! કંઇક જાતની બીડીઓ અને કંઇક જાતની એય! શોભાભાઇ! પૈસા ઉઘરાવવા જાય એ ત્યાં. કહો, સમજાણું આમાં? શાંતિથી ધીરેથી સમજો.

આ આત્મા વસ્તુ છે એ આ શરીર, કર્મ, પરમાણુઓ, વાણી તેનાથી તદ્દન જુદી ચીજ છે. અને એ જુદી ચીજમાં ખરેખર તો આ દયા, દાન, વ્રત, ભકિતના વિકલ્પ ઊઠે છે તેનાથી જુદી ચીજ છે. એવી જુદી ચીજનું પોતે પોતાના દ્રવ્યના અને ગુણના પ્રદેશો એના જુદા નથી. એ દ્રવ્ય અને ગુણનો સ્વપ્રદેશ એક જ પ્રદેશ છે. જેમ પરમાણુને અને પરમાણુનો પ્રદેશ, પરમાણુ અને એનો પ્રદેશ એનો એ પ્રદેશ. બેય એક છે. એમ આત્મા અને આત્માના પ્રદેશો, દ્રવ્યના અને ગુણના પ્રદેશો એક જ છે.

સમજાણું કાંઈ? પછી ગુણનો દાખલો પરમાણુમાં આપ્યો છે. દ્રવ્ય એટલે વસ્તુ કહીએ છીએ ને આમ. દ્રવ્ય એટલે વસ્તુ.

દ્રવ્યતિ ઈતિ દ્રવ્યમ્. જેમાંથી અવસ્થા દ્રવે, પ્રવહે, વહે તેને દ્રવ્ય કહેવામાં આવે છે. સ્વરૂપચંદભાઈ! આ દ્રવ્ય એટલે આ પૈસા બૈસાની વાત નથી. ભગવાનનો શબ્દ જે છે, દ્રવ્ય શબ્દ કેમ છે કે દ્રવે છે. જેમ પાણી છે ને તે એકરૂપ નથી રહેતું. એમાંથી તરંગ ઊઠે છે. અનેક અવસ્થા ઊઠે છે. માટે તેને દ્રવ્ય કહેવાય. દ્રવ્ય એટલે દ્રવે, દ્રવે એટલે પ્રવહે, પ્રવહે-વહે એમાંથી નવી નવી અવસ્થા વહે માટે તે ચીજને દ્રવ્ય કહેવામાં આવે છે. ડોકટર આ તો લોજીકથી તો વાત ચાલે છે પણ હવે....

મુમુક્ષુ :- માણસો મુંઝાય જાય.

ઉત્તર :- ના, ના મુંઝાય એવું કાંઈ નથી. પણ માળાએ કોઈ દિ' દરકાર કરી નથી ને. આહાહા!

નિજઘરમાં નિજગુણો ને નિજદ્રવ્ય બેય કઈ રીતે છે એમ જો એને અભિન્નપણાનું ભાન થાય તો એ ગુણ પ્રગટવા માટે એને દ્રવ્ય ઉપર દૃષ્ટિની જરૂર પડે. ત્યારે ગુણ પ્રગટે ને ત્યારે ધર્મ થાય ને ત્યારે જનમ-મરણ ગળે. આહાહા! બાકી તો આવી ક્રિયાઓ વ્રત ને નિયમ ને એવા વિકલ્પો કરે ને એ વિકલ્પથી મારું કલ્યાણ થાય, એ વિકલ્પને પોતાના સાથે એકમેક માને એ દુઃખને આનંદની સાથે એક માને તે દુઃખથી મુકત થશે નહીં. કહો, કનુભાઈ! સમજાણું આમાં? આ બે દિ'ની રજા છે ને તે આવ્યા છે. આ કનુભાઈ જજ. આહાહા!

આવો ભગવાન કહે છે કે, તેં કોઈ દિ' દૃષ્ટિમાં, શ્રધ્ધામાં નજરમાં- ન લીધો અને નજર કરનારો નજરમાં ન લીધો અને નજર કરનારે જે ચીજ એમાં નથી એની નજરુ કરી, એ તો પરમાં નજર કરી એણે. સમજાણું કાંઈ? શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, પુણ્ય ને પાપ બધી ચીજો પરદ્રવ્ય, પરવસ્તુ છે. નજર કરનારો, નજર કરનારને જોયો નહીં. સમજાણું કાંઈ? એથી કહે છે નજર કરનારો એને નજર થવાના જે ગુણો એ ગુણોની શકિત અને દ્રવ્યને શું છે. બેના અંશો જુદા છે? બેના ક્ષેત્રના ભાવ જુદા છે? જેમ એક થાંભલાનો ભાગ જુદો અને બીજો થાંભલો જુદો, જેમ વિંધ્યાચલ પર્વત અને સહ્યાચલ પર્વતના ક્ષેત્ર પણ જુદા અને તેના ગુણ પણ જુદા. એવી રીતે આત્મા ને ગુણ વચ્ચે છે? એમ નથી. આહાહા!

ભગવાન, આવે છે ને યોગસારમાં કાલ આવ્યું હતું. જયાં ચૈતન્ય ત્યાં અનંત ગુણ, જયાં ચૈતન્ય ત્યાં અનંત ગુણ કેવળી બોલે એમ. જયાં ચેતન ત્યાં ગુણ અનંત ભર્યા છે. એ પુણ્ય ને પાપમાં પણ નથી ગુણ અને શરીર, વાણીમાં તારા ગુણ છે નહીં. જયાં ચૈતન્ય ત્યાં અનંત ગુણ કેવળી બોલે એમ. પ્રગટ અનુભવ આપનો. જો ગુણ ને ગુણીને એકપણે માનીને જો અનુભવ કર તો તને ખબર પડે કે અનંતા ગુણોનો આધાર તે ચૈતન્ય વસ્તુ છે. એ ગુણ કોઈ પુણ્ય-પાપના વિકલ્પને આધારે કે નિમિત્તને

આધારે પ્રગટ થતાં નથી. પ્રગટ એટલે પર્યાય. સમજાણું કાંઇ? આહાહા! હવે આમાં ધારશીરના શું કહેવાય તમારે. હેં? વ્યાજ-વટાવ એના ધંધાવાળા આવ્યા છે કે નહીં. જયંતીભાઇ! આ વ્યાજ-વટાવનો ધંધો છે ખરો તો. લ્યો! એ ખુશી થાય છે. હેં? પૈસાનું દ્રવ્ય છે. એ અમારે આવ્યું છે ને એક આંહી. દ્રવ્યદષ્ટિ તે સમ્યગ્દષ્ટિ છે ને આ. જુઓ! દ્રવ્યદષ્ટિ, મોટા આવડા અક્ષર છે. એ પહેલાં આંહી હતું સામે. પછી એક આવ્યા હતા થાનના માણેકચંદભાઇ. ભેંસાણના સંબંધી. આમ બહાર બેઠા હતા. આ દ્રવ્યદષ્ટિ તે સમ્યગ્દષ્ટિ એ કેમ શું હશે? આ બધા પૈસાવાળા આવે ને ઘણા કરોડપતિ એટલે દ્રવ્યવાળા તે સમકિતી? એય! આમાં છે ને. જુઓ! મોટા આવડા અક્ષરે છે. જુઓ! બે બે ચાર ને બે છ આઠ દસ ને અગિયાર અક્ષર છે. લ્યો! દ્રવ્યદષ્ટિ તે જ સમ્યગ્દષ્ટિ. આ બાજુ છે આ બાજુ. સમજાણું? એણે પૂછયું દ્રવ્યદષ્ટિ એટલે પૈસાવાળા દષ્ટિવાળા સમ્યગ્દષ્ટિ. એ શું આવ્યું? કહે આ? અરે ભગવાન! કીધું શું? જૈનમાં જનમ્યા તપગ્રસ્થ ગૃહસ્થ માણસ તમને આ શબ્દની ખબર ન મળે. દ્રવ્ય એટલે શું? દષ્ટિ એટલે શું? દ્રવ્ય પૈસાની અહીં વાત છે?

દ્રવ્ય એટલે આત્મા. જેમાંથી દ્રવે છે એ આત્મા ગુણવાળો છે, શકિતવાળો છે. એમાંથી નિર્મળ અવસ્થા દ્રવે છે, વહે છે, પ્રગટે છે. પણ કયારે નિર્મળ પ્રગટે કે દ્રવ્ય ઉપર દષ્ટિ આપતાં દ્રવ્યદષ્ટિ તે સમ્યગ્દષ્ટિ થતાં તે દ્રવ્યમાંથી સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થાય છે. સમજાણું કાંઇ? અરે! અનાદિનો અજાણ્યો માર્ગ કોઇ દિ' એણે એ રસ્તાનું સુખ શું છે એ સાંભળ્યું નથી. ધર્મને નામે ચારેકોર આમ મહેનત કરી ને મરી ગયો. અને જો એને આ વાત કરે તો ઓલાને કહે નહીં એવું તે હોય? વ્રત કરીએ, તપ કરીએ સાધન કાંઇક હોય કે નહીં? હેં?

મુમુક્ષુ :- જ્ઞાન એનું સાધન.

ઉત્તર :- લ્યો! આ કહે છે કે જ્ઞાન એનું સાધન. એય! એ વકીલ! કહો, સમજાણું?

જ્ઞાન એનું સાધન. ઓલા વિકલ્પ-વ્રત એ એનું સાધન નહીં. એ કયાં ગયા? જાદવજીભાઇ! આ તમારો પૌત્ર એમ કહે છે કે જ્ઞાન એ સાધન. બીજું સાધન નહીં એમ કહે છે. ભગવાનઆત્મા, ઇચ્છે છે એટલું બોલે તો છે અત્યારે. જ્ઞાન સાધન એ કેટલાકને તો એટલું બોલતાં પણ આવડતું નથી. આ સાધન છે, સાધન છે. વ્રત કરવાં, તપ કરવાં, અપવાસ કરવાં, જાત્રાઓ કરવી, દાન-દયા એવા ભાવ કષાયની મંદતા કરવી એ સાધન. ધૂળેય નથી એ સાધન. સાંભળને. એમાં વસ્તુમાં કયાં હતું કે તે સાધન થાય. સમજાણું કાંઇ?

કહે છે, શું કીધું? **'જેમ એક પરમાણુને એક સ્વપ્રદેશ સાથે અવિભકતપણું હોવાથી અનન્યપણું છે...'** પરમાણુ. પરમાણુને પ્રદેશનું જુદાપણું નથી. **'તેમ એક પરમાણુને અને તેમાં રહેલાં સ્પર્શ-રસ-ગંધ-વર્ણ વગેરે ગુણ...'** પરમાણુમાં સ્પર્શ છે ને. આ તાવ છે ને. એ તાવ શું

છે? એ પૂછયું હતું ભાઈને. એ જડની પર્યાય છે. અવસ્થા. કયા ગુણની? કે સ્પર્શ ગુણની. પરમાણુ દ્રવ્ય છે. સ્પર્શ તે એનો ત્રિકાળી રહેનારો ગુણ છે અને ટાઢી-ઊની અવસ્થા થવી તે તેની પર્યાય છે. ઊની અવસ્થા એ જડની અવસ્થા છે. આત્માની નથી. આત્મા તાવને અડતો પણ નથી. આરે! આરે! સમજાણું કાંઈ? જડને શું અડે પણ એ તો જડ છે. અને આ તો અરૂપી છે. એ તો રૂપી છે. માને છે કે અરે મને તાવ આવ્યો. આવી છે અવસ્થા જડમાં. પણ એનું લક્ષ દ્રવ્ય ને ગુણથી આત્મા અભેદ છે એની દૃષ્ટિ છે નહીં. એટલે આમ એનું લક્ષ પર ઉપર જાય છે. એ તાવ મને આવ્યો. હું ઊનો થયો. ઊનો થયો નથી. ઊનો છું એવું એણે માન્યું છે. ઊનો થતો નથી. ઊનો આ થાય તો જડ થઈ જાય. ઊની તો દશા જડ છે. ઊની તો જડની દશા છે. ઊનો આત્મા થાય તો આત્માની દશા જડ થઈ જાય. એમ છે નહીં. આહાહા! સમજાણું કાંઈ?

**'એક પરમાણુને અને એમાં રહેલાં...'** એમ છે ને. **'સ્પર્શ-રસ-ગંધ-વર્ણ વગેરે ગુણોને અવિભક્ત પ્રદેશો હોવાથી અનન્યપણું છે...'** એકપણું છે. હવે બીજો દૃષ્ટાંત. પરંતુ જેમ અત્યંત દૂર એવા સહ્યાચલ અને વિંધ્યાચલ પર્વત બેના ક્ષેત્ર જુદા, બેના પ્રદેશો જુદા **'અને અન્યપણું છે...'** એક વાત. બીજી વાત. અને અત્યંત નિકટ એવા મિશ્રિત ક્ષીર-નીર ભેગું લાગે આમ. દૂધ જેવું ભિન્ન પ્રદેશ સ્વરૂપ અનન્યપણું છે. શું કહે છે? છે તો ભિન્ન પ્રદેશ દૂધના અને પાણીના. છતાં એક જેવું અભિન્ન લાગે છે. એવું આત્મામાં નથી. સમજાણું કાંઈ?

**'ક્ષીર-નીરને વિભક્તપ્રદેશત્વસ્વરૂપ અનન્યપણું છે...'** એકપણું છે. તેમ ભગવાનઆત્મા અને તેના આનંદ ગુણને જુદા પ્રદેશો નહીં હોવાથી. આનંદ ગુણને આનંદ જોઈતો હોય તો તેણે આનંદ ધરનાર દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેવી જોઈએ. એ આનંદ ને આત્મા બેય એક છે. આહાહા! એ આનંદ ને આત્માના પ્રદેશ જુદા નથી. વિભકતપ્રદેશત્વસ્વરૂપ અન્યપણું, એમ દ્રવ્ય અને ગુણને જુદા પ્રદેશપણું અન્યપણું એમ નથી. અને વિભકતપ્રદેશત્વસ્વરૂપ અનન્યપણું. દૂધ અને નીરની પેઠે. પહેલો દાખલો બે પર્વતનો છે. દ્રવ્ય અને ગુણોને વિભકત પ્રદેશ નહીં હોવાથી વિભકતસ્વરૂપ બે પર્વત જુદા છે એમ આત્મા અને ગુણોના પ્રદેશ જુદા છે એમ નથી. એવું અનેરાપણું નથી. તેમ ક્ષીર અને નીર દૂધ અને પાણીના પ્રદેશ જુદા છે. છતાં એક ક્ષેત્રે એકપણું દેખાય છે. એવું પણ આત્મામાં નથી.

આત્માના અને ગુણોના પ્રદેશ જુદા અને એકમેક છે, જુદા પ્રદેશ છતાં એકમેક છે એમ નથી. પ્રદેશો એક અને એકમેક છે તે અનન્ય અભિન્ન છે. આહાહા! ન્યાય આવે છે કે નહીં આમાં? લોજીકથી તો સમજાવે છે. આમાં વ્યાપારીને કોઈ દિ' વકીલની પેઠે લોજીકનો અભ્યાસ ન હોય. ડોકટરને તમારે કાંઈ લોજીકનું ન હોય. તમારે શું તમારે તો દવાનું હોય. ન્યાય સમજાણો નહીં? ફરીને.

આ આત્મા પરથી જુદો પ્રદેશ ભિન્ન છે. શરીરના, વાણીના, પરમાણુના, કર્મના પ્રદેશો

ભગવાનઆત્માના પ્રદેશો ક્ષેત્ર-પ્રદેશ બે તદ્દન જુદા. એની સાથે કાંઈ સંબંધ નથી. કોની પેઠે ઓલા વિંધ્યાચલ અને સહ્યાચલ પર્વતની પેઠે. આ બે આંગળીની પેઠે. આ આંગળીના પ્રદેશ જુદા અને આ આંગળીના પ્રદેશ જુદા અને આ આંગળીના જુદા. જુદા હોવા છતાં બેય એક છે કોઈ કહે એમ નથી. તદ્દન જુદા. એમ દ્રવ્ય અને ગુણના પ્રદેશો જુદા એમ નથી. આમ બોલાય તો એમ દ્રવ્ય, ગુણ એમ નામ પડયું ને. નામ બે પડયા માટે પ્રદેશો જુદા છે? દૂધ - ધોળાશ, દૂધ - ધોળાશ બે નામ પડયા ને. તો ધોળાશના અંશો જુદા અને દૂધના અંશો જુદા એમ છે? ના, બે એક જ છે. એમ દ્રવ્ય આત્મા અને આનંદ નામનો ગુણ આત્મામાં પ્રદેશો જુદા નથી બેય એક છે. નામ ભલે જુદા પડયા. સંજ્ઞા ભલે જુદી પડી. આ ગુણ અને ગુણી. ગુણ અને દ્રવ્ય એમ નામ જુદા પડયા, પ્રદેશ ભેદ છે નહીં. આરે! હાય!

કહે છે કે તારે ગુણ શોધવો હોય તો દ્રવ્યમાં જા. ત્યાં મળશે. પુણ્ય-પાપના પ્રદેશ જુદા અને નિમિત્ત જુદા ત્યાં જોવા જાઈશ તો એ ગુણ મળશે નહીં. ત્યાં નથી એમ કહે છે. એ ભગવાનની પાસે નજર કરી તો તારા ગુણ ત્યાં નથી એમ કહે છે. કહો ભીખાભાઈ! ભગવાન! ભગવાન! ભગવાન!ભગવાન! ભગવાન! ભગવાન! ઓમ! ઓમ! ઓમ! એ તો કહે છે બધી વાણી છે. એની અંદર વિકલ્પ ઊઠે એ જુદી ચીજ છે. એમાં તું ગુણ શોધવા જાઈશ તો ગુણ અને ગુણીનું અભિન્નપણું આની સાથે નથી. આહાહા! કહો, ચીમનભાઈ! સમજાય છે કે નહીં આ? આહાહા!

બે પર્વત જુદા એના ક્ષેત્ર જુદા, માટે પ્રદેશ જુદા એમ દ્રવ્ય ને ગુણના પ્રદેશ જુદા નામ જુદા પડયા માટે પ્રદેશ જુદા એમ નથી. આહાહા! મૂળ એમ કહે છે કે નામ તો જુદા પડયા કે નહીં? દૂધ અને પાણી, લ્યો, નામ જુદા. પણ છતાં દૂધના પ્રદેશ જુદા અને પાણીના જુદા છતાં તેને એકપણું વ્યવહારે કહેવામાં આવે છે. એમ આત્મામાં નથી. વ્યવહારે એકપણું નથી. ભગવાન આત્મા વસ્તુ છે. તેના આનંદ ને જ્ઞાન ગુણોના પ્રદેશો તે એકમેક છે. તે જ પ્રદેશ અને તે જ દ્રવ્ય. તે જ ગુણના પ્રદેશ અને તે જ દ્રવ્યનો પ્રદેશ. તેવું તેમાં અનન્યપણું નામ એકપણું છે. આહાહા!

ધર્મ એટલે વીતરાગી પર્યાય. ધર્મ એટલે વીતરાગી પર્યાય. એ જેને પ્રગટ કરવી છે એને વીતરાગભાવ એવો ગુણ અને એનો ધરનાર દ્રવ્ય બેના પ્રદેશ જુદા નથી. દ્રવ્ય પણ વીતરાગભાવવાળો અને વીતરાગભાવ દ્રવ્યવાળો. પ્રદેશ એક જ છે. જેને ધર્મની પર્યાય વીતરાગી પર્યાય પ્રગટ કરવી છે, વીતરાગ પર્યાય કહો કે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર પર્યાય કહો. તે પર્યાય પ્રગટ કરવી હોય તેણે વીતરાગીભાવ અને વીતરાગીદ્રવ્ય બેય એક છે. આહાહા!

વીતરાગભાવવાળું દ્રવ્ય ન હોય તો વીતરાગીભાવની પર્યાય પ્રગટ કયાંથી થશે? કાંઈ બહારથી આવે તેમ છે નહીં. સમજાણું કાંઈ? અને એ વીતરાગભાવ અને દ્રવ્ય બેય જુદા હોય તો તો વીતરાગભાવની નજર કરતાં વીતરાગભાવમાં નજર કરતાં દ્રવ્યમાં નજર જાય છે. એ તો અભેદ દષ્ટિ

છે. બે જુદા નથી. સમજાણું કાંઈ? ભારે વાતું આવો ધર્મ! ઓલો તો સહેલો સમજાવી દીધો માળાએ લ્યો! હેં? ચાલી નીકળ્યા છે લઈને બધા. એમાં તમારે આ શું કહે છે, છરી(પાળ સંઘ) છરી. એક વખત આહાર કરવો ને આપણે કાંઈક મેળવ્યું હતું નહીં? છરી એટલે શું તમને તો આવડતું હશે કોઈ દિ' ગયા નથી છરીમાં? એક વખત આહાર, એક પથારી, રી.... એવો શબ્દ છે કાંઈક. હેં? પાદવિહારી. એક જ ટાઈમ ખાવું

મુમુક્ષુ :- સચેત પરિહારી, એકલ આહારી, પુરુષાર્થ પદ કરીએ રે.

ઉત્તર :- લ્યો! રહી ગયા. આ પવનને ખબર નહીં હોય. સ્વરૂપચંદભાઈ! એ મુંબઈમાં રહેતો હોય......

મુમુક્ષુ :- મુંબઈવાળા એના..........

ઉત્તર :- હા એ. છપણું શું છે? એક વખત આહાર, પથારીએ સુવું, એક પડિક્કમણું કરવું. એક સમજયાને પાદવિહારી, એવા વિહારે છરી, રી બધી છરી છે. હા એમ. સચેત પરિહારી. હેં? ઉદય આવશે ત્યારે સવાર ને સાંજ પડિક્કમણું કરી એ રી આવ્યો રી. બ્રહ્મચારી. એ વાત સાચી. એ વળી રી આવ્યો. બધા વિકલ્પો છે આંહી તો કહે છે. અરે ભગવાન! શું થાય?

એ વિકલ્પ તો તદ્દન આત્માના ગુણ અને દ્રવ્યથી જુદા છે. જુદામાંથી પોતાનું પરથી જુદાપણું નીકળે. ગુણ અને દ્રવ્યનું જુદાપણું નથી માટે એમાંથી દષ્ટિ કરતાં ધર્મની દશા, વીતરાગદશા પ્રગટ થાય. આહાહા! આકરું કામ ભાઈ! કહો કીર્તિભાઈ! એને વિચાર કરવો પડે છે ગામમાં આમ હોય તો આમ થાય, આમ હોય તો આમ. આહાહા!

કહે છે કે, જેમ બે પર્વતો જુદા છે એના ગુણ પણ જુદા અને એના પ્રદેશ પણ જુદા. એમ આત્મા વસ્તુ અને એના આનંદનો ગુણ જે જ્ઞાનઆનંદસુખરૂપ ગુણ છે એ સુખના પ્રદેશો એટલે ક્ષેત્ર અને દ્રવ્યના પ્રદેશ જુદા છે એમ નથી. નામ ભલે બે પડયા. ઓલા પર્વતના નામ બે પડયા છતાં પ્રદેશ જુદા છે. આના નામ બે પડયા છતાં પ્રદેશ ભેદ નથી. આહાહા! જે ક્ષેત્રે આનંદ છે તે જ ક્ષેત્રે આત્મા છે. આહાહા! એની પુણ્ય ને પાપની વિકલ્પ દશા છે ત્યાં તો દુઃખ છે. ત્યાં ગુણ નથી ત્યાં દ્રવ્ય નથી. ખરેખર તે દ્રવ્યની પર્યાય પણ નથી. વિકૃત અવસ્થા એ ખરેખર સાચી પર્યાય નથી. એમ કહે છે. સમજાણું કાંઈ?

આવે છે ને ઓલામાં પરમાત્મ પુરાણમાં. અભવિને જ્ઞાનની પરિણતિ નથી. જ્ઞાનની પરિણતિ એટલે પર્યાય નથી. જ્ઞાનનો ક્ષયોપશમ છે ને. એ નહીં. જ્ઞાનની પરિણતિ અને પર્યાય એને કહીએ કે ગુણને અડીને જે દશા પ્રગટ થાય. એટલે વસ્તુ જે દ્રવ્ય છે તેને સ્પર્શીને જે જ્ઞાન પ્રગટ થાય તે જ્ઞાનની પરિણતિ કહેવામાં આવે છે. ભારે વાતું! હવે આવું કયાં સમજવા નવરાશ છે. મેટ્રિક ભણવું હોય ને એલ. એલ. બી. ભણવું ને આ એમ. એ.નું, ડોકટરનું ભણવું હોય તો મારા એમાં વર્ષો ગાળે. તમે કેટલા વર્ષ એમાં ગાળ્યા હતા? વકિલાત ભણવા માટે. કહો, સમજાણું? .... કેટલા વર્ષ થયા. આંહી છે કે

નહીં? આહાહા!

કહે છે જેમ દૂધ અને પાણી એના પ્રદેશો જુદા છે છતાં બહારમાં એકપણું દેખાય છે. એમ આત્મા અને ગુણના પ્રદેશો જુદા છે અને એક છે એમ નથી. આહાહા! હવે આ તો સીધી વાત સમજાય એવી છે. અહીં તો કહે છે કે બેયનું ક્ષેત્ર એક છે ને, બેનો ભાવ એક છે, બેનો કાળ એક છે, બેનું દ્રવ્ય એક છે. એ તો પહેલું આવી ગયું છે. એટલે એનું પૂરણ હોવાપણું દ્રવ્યમાં છે અને ગુણમાં પણ એટલું છે. ગુણ ને દ્રવ્યનું કાંઈ જુદાપણું નથી.

એટલે દ્રવ્ય ઉપર દૃષ્ટિ આપતાં એના પૂર્ણપણાની શક્તિનો સ્વીકાર થતાં એની પર્યાયમાં સમ્યગ્દર્શન અને ધર્મની દશા વીતરાગી પ્રગટ થાય છે. એ પર્યાય જનમ-મરણનો નાશ કરનારી છે. બાકી આ વિકલ્પની ક્રિયા-કાંડ એ પોતે જ જનમ-મરણનું કારણ છે. એ જનમ-મરણને કેમ નાશ કરે? સમજાણું કાંઈ? પોતે શું ચીજ છે એની પણ ખબર નથી. એથી શ્રીમદ્‌માં એમ આવ્યું-'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.' સ્વરૂપ શું છે, એનું અભેદપણું શું છે એ એણે જાણ્યું નથી. જ્યાં નથી ત્યાં ફાંફા માર્યા છે. હેં? જ્યાં છે ત્યાં નજરું કરી નથી, તેની નજરની સુઝ પડતી નથી. સુઝ પડતી નથી એને.

ભગવાનઆત્મા વસ્તુ છે અને તેના ગુણો પણ તેના પ્રદેશના ક્ષેત્રથી જુદા નથી. નામ તો બે પડયા. દૂધ અને પાણી બે નામ પડયા. છતાં બેના પ્રદેશ જુદા. એમ આત્મા ને ગુણના નામ બે જુદા પડયા છતાં બેના પ્રદેશ જુદા નથી. સમજાણું કાંઈ? અંતર્મુખ જો તો ત્યાં દ્રવ્ય ને ગુણ બેય અભેદપણે પડયા છે. જોવાની છે પર્યાય. જોનાર છે અવસ્થા. જોનાર એ અવસ્થા પણ અવસ્થા જોવે કોને? દ્રવ્ય અને ગુણની એકતાને અભેદતાને જોવે. તો તે પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાન પ્રગટ થાય. બાકી લાખ ક્રિયા-કાંડ કરીને મરી જાય સૂકાય જાય તો પણ સમ્યક્ પર્યાય થાય નહીં. એમ કહે છે. સમજાણું કાંઈ?

**'તેમ દ્રવ્ય અને ગુણોને જુદા-વિભક્ત પ્રદેશો નહીં હોવાથી (વિભક્તપ્રદેશત્વસ્વરૂપ)...'** ઓલા ડુંગરની પેઠે. **'અન્યપણું તથા (વિભક્તપ્રદેશત્વસ્વરૂપ) અનન્યપણું નથી...'** જેમ દૂધ ને અને પાણીના વિભક્ત પ્રદેશ હોવા છતાં અનન્ય છે. એકરૂપ છે. એવું આમાં નથી. સમજાય એવું છે હો. આમાં કોઈ ચાર ચોપડી ભણ્યો હોય તો પણ સમજાય એવું છે. આંહી તમારે. ભાઈ એમ કહે છે. હેં? આમાં કાંઈ મોટું ઝાઝું ભણ્યો હોય તો જ એને સંસ્કૃતમાં સમજાય એવું કાંઈ નથી. એના અંતરમાં એ વાતને ઘર થવું જોઈએ. અરે મારું ઘર. હુંપણું જેમાં કહું તે તો દ્રવ્ય છે વસ્તુ. અને જેમાં હુંપણું કહું એવા જે મારા ગુણો તે મારા દ્રવ્યથી કાંઈ જુદા નથી.

એવી અભેદ ગુણ-ગુણીની દૃષ્ટિમાં દૃષ્ટિ થવી તે પર્યાયને સમ્યગ્દર્શન ને ધર્મ કહે છે. પણ એ ગુણ અને ગુણીની અભેદતા ઉપર દૃષ્ટિ ન આપતાં નિમિત્ત, પુણ્ય-પાપના વિકલ્પો ઉપર દૃષ્ટિ આપતાં, અરે એક સમયની પર્યાય ઉપર દૃષ્ટિ આપતાં કાંઈ પર્યાયમાં શક્તિ બીજી નવી પર્યાય પ્રગટ

થાય એવી નથી. સમજાણું કાંઈ? કારણ કે પર્યાય તો પલટતી છે. અને ગુણ અને દ્રવ્ય તો અપલટેલાં એકરૂપ રહેનારા કાયમ છે. એ કાયમી વસ્તુ જે છે એમાં નજર કરે તો ઠરે. પલટતી અવસ્થામાં નજર કરે તો પલટતી અવસ્થામાં નજર પણ ઠરે નહીં. અને પલટતી અવસ્થા રહે નહીં. સમજાણું કાંઈ? આરે! હવે આવી વ્યાખ્યા કેવી હવે આ? આ પ્રથા કેવી હશે? નવા સાંભળવા આવે એને તો એવું લાગે આ કોણ જાણે શું કહે છે. આ તે કાંઈ ગ્રીકલેટિન બાપુ! ગ્રીકલેટિન નથી ભાઈ! તારા ઘરની વાત છે. કહો, સમજાણું આમાં? લ્યો! પીસ્તાલીસ થઈ. હજી એક ગુણ ને દ્રવ્યને સિધ્ધ કરે છે.

## ગાથા :- ૪૬

**ववदेसा संठाणा संख्या विसया य होंति ते बहुगा ।**
**ते तेसिमणण्णत्ते अण्णत्ते चावि विज्ञंते ।।४६।।**

व्यपदेशा: संस्थानानि संख्या विषयाश्च भवन्ति ते बहुका: ।
ते तेषामनन्यत्वे अन्यत्वे चापि विद्यन्ते ।।४६।।

व्यपदेशादीनामेकान्तेन द्रव्यगुणान्यत्वनिबन्धनत्वमत्र प्रत्याख्यातम् ।

यथा देवदत्तस्य गौरित्यन्यत्वे षष्ठीव्यपदेश:, तथा वृक्षस्य शाखा द्रव्यस्य गुणा इत्यनन्यत्वेऽपि । यथा देवदत्त: फलमङ्कुशेन धनदत्ताय वृक्षाद्वाटिकायामवचिनोतीत्यन्यत्वे कारकव्यपदेश:, तथा मृत्तिका घटभावं स्वयं स्वेन स्वस्मै स्वस्मात् स्वस्मिन् करोतीत्यात्मात्मानमात्मनात्मने आत्मन आत्मनि जानातीत्यनन्यत्वेऽपि । यथा प्रांशोर्देवदत्तस्य प्रांशुर्गौरित्यन्यत्वे संस्थानं, तथा प्रांशोर्वृक्षस्य प्रांशु: शाखाभरो मूर्तद्रव्यस्य मूर्ता गुणा इत्यनन्यत्वेऽपि । यथैकस्य देवदत्तस्य दश गाव इत्यन्यत्वे संख्या, तथैकस्य वृक्षस्य दश शाखा: एकस्य द्रव्यस्यानन्ता गुणा इत्यनन्यत्वेऽपि । यथा गोष्ठे गाव इत्यनन्यत्वे विषय:, तथा वृक्षे शाखा: द्रव्ये गुणा इत्यनन्यत्वेऽपि । ततो न व्यपदेशादयो द्रव्यगुणानां वस्तुत्वेन भेदं साधयन्तीति ।।४६।।

**વ્યપદેશ ને સંસ્થાન, સંખ્યા, વિષય બહુ યે હોય છે,**
**તે તેમના અન્યત્વ તેમ અનન્યતામાં પણ ઘટે. ૪૬.**

**અન્વયાર્થ :-** (व्यपदेशाः) **વ્યપદેશો,** (संस्थानानि) **સંસ્થાનો,** (संख्याः) **સંખ્યાઓ** (च) **અને** (विषयाः) **વિષયો** (ते बहुकाः भवन्ति) **ઘણાં હોય છે.** (ते) **તે (વ્યપદેશ વગેરે),** (तेषाम्) **દ્રવ્ય-ગુણોના** (अन्यत्वे) **અન્યપણામાં** (अनन्यत्वे च अपि) **તેમ જ અનન્યપણામાં પણ** (विद्यन्ते) **હોઈ શકે છે.**

**ટીકા :-** અહીં *વ્યપદેશ વગેરે એકાંતે દ્રવ્ય-ગુણોના અન્યપણાનું કારણ હોવાનું ખંડન કર્યું છે.

જેવી રીતે 'દેવદત્ત'ની ગાય એમ અન્યપણામાં ષષ્ઠીવ્યપદેશ (છઠ્ઠી વિભક્તિનું કથન) હોય છે, તેવી રીતે 'વૃક્ષની શાખાઓ', 'દ્રવ્યના ગુણો' એમ અનન્યપણામાં પણ (ષષ્ઠીવ્યપદેશ) હોય છે. જેવી રીતે 'દેવદત્ત ફળને અંકુશ વડે ધનદત્તને માટે વૃક્ષ પરથી વાડીમાં તોડે છે' એમ અન્યપણામાં કારકવ્યપદેશ હોય છે, તેવી રીતે 'માટી પોતે ઘટભાવને (-ઘડારૂપ પરિણામને) પોતા વડે પોતાને માટે પોતામાંથી પોતામાં કરે છે', 'આત્મા આત્માને આત્મા વડે આત્માને માટે આત્મામાંથી આત્મામાં જાણે છે' એમ અનન્યપણામાં પણ (કારકવ્યપદેશ) હોય છે. જેવી રીતે 'ઊંચા દેવદત્તની ઊંચી ગાય' એમ અન્યપણામાં સંસ્થાન હોય છે, તેવી રીતે 'વિશાળ વૃક્ષનો વિશાળ શાખાસમુદાય', 'મૂર્ત દ્રવ્યના મૂર્ત ગુણો' એમ અનન્યપણામાં પણ (સંસ્થાન) હોય છે.

જેવી રીતે 'એક દેવદત્તની દસ ગાયો' એમ અન્યપણામાં સંખ્યા હોય છે, તેવી રીતે 'એક વૃક્ષની દસ શાખાઓ', 'એક દ્રવ્યના અનંત ગુણો' એમ અનન્યપણામાં પણ (સંખ્યા) હોય છે. જેવી રીતે 'વાડામાં ગાયો' એમ અન્યપણામાં વિષય (-આધાર) હોય છે, તેવી રીતે 'વૃક્ષમાં શાખાઓ', 'દ્રવ્યમાં ગુણો' એમ અનન્યપણામાં પણ (વિષય) હોય છે. માટે (એમ સમજવું કે) વ્યપદેશ વગેરે, દ્રવ્ય-ગુણોમાં વસ્તુપણે ભેદ સિદ્ધ કરતા નથી. ૪૬.

---

*વ્યપદેશ=કથન; અભિધાન. (આ ગાથામાં એમ સમજાવ્યું છે કે-જ્યાં ભેદ હોય ત્યાં જ વ્યપદેશ વગેરે ઘટે એવું કાંઈ નથી; જ્યાં અભેદ હોય ત્યાં પણ તેઓ ઘટે છે. માટે દ્રવ્ય-ગુણોમાં જે વ્યપદેશ વગેરે હોય છે તે કાંઈ એકાંતે દ્રવ્ય-ગુણોના ભેદને સિદ્ધ કરતા નથી.)

## ગાથા- ૪૬ ઉપર પ્રવચન :

**ववदेसा संठाणा संख्या विसया य होंति ते बहुगा ।**
**ते तेसिमणण्णत्ते अण्णत्ते चावि विज्ञंते ।।४६।।**

**વ્યપદેશ ને સંસ્થાન, સંખ્યા, વિષય બહુ યે હોય છે,**
**તે તેમના અન્યત્વ તેમ અનન્યતામાં પણ ઘટે. ૪૬.**

**ટીકા :- 'અહીં *વ્યપદેશ વગેરે એકાંતે દ્રવ્ય-ગુણોના અન્યપણાનું કારણ...'** જુઓ! આવ્યું ઓલા નામ કીધું ને નામ. એમ કે આત્મા એ નામ અને આનંદ આદિ નામ. બે નામ જુદા પડયા, નામ જુદા પડયા છતાં વસ્તુ જુદી નથી. એ હવે સિધ્ધ કરે છે. એમ કીધું ને ઓલા પર્વત બે જુદા એમ આનું જુદાપણું નથી ગુણ ને દ્રવ્યનું. અને પાણી ને દૂધ એક છે એમ જે કથનમાં દેખાય છે પણ પ્રદેશ જુદા છે. એમ નથી. દ્રવ્ય ને ગુણ બે પ્રદેશે એક છે, નામે ભલે જુદા નામથી સંજ્ઞાથી હો પણ અભિન્નપણું છે. ભેદ અહીં લીધું પહેલો વ્યપદેશ લીધો. નામ- નામ. આનંદ અથવા જ્ઞાન એ નામ ગુણનું અને આત્માનું નામ દ્રવ્ય. તો આ દ્રવ્ય અને ગુણ નામ જુદા પડયા કે નહીં? તો નામ જુદા છે તો વસ્તુ જુદી છે કે નહીં? કહે, ના. અભિન્ન વસ્તુમાં પણ નામથી જુદાપણે કહી શકાય છે. સમજાણું કાંઈ? એ કહે છે.

**એની ટીકા :- 'અહીં વ્યપદેશ વગેરે એકાંતે દ્રવ્ય-ગુણોના અન્યપણાનું કારણ હોવાનું ખંડન કર્યું છે...'** નામ જુદા હોવા છતાં અન્યપણું છે એમ નથી. એકનું નામ લક્ષ્મીચંદ અને એકનું નામ પાનાચંદ એ નામ જુદા અને વસ્તુ જુદી. એમ આત્માનું નામ આત્મા અને આનંદ ને ગુણનું નામ જ્ઞાન. તો એ નામ જુદા માટે વસ્તુ જુદી છે, એમ નથી. આહા! કેટલી સિધ્ધ કરે છે. હેં? આમાં સમજાય છે કે નહીં? રસિકભાઈ! વ્યાપારીઓને આવા ન્યાયની કળા માટેનો અભ્યાસ નહીં હોય અને વકીલોને હશે એમ હશે? આ ન્યાયની કળા તો બધાનો અંદરનો સ્વભાવ છે. એમાં કયાં વકીલ હોય કે વેપારી એનું અહીં શું કામ છે?

કહે છે, વ્યપદેશ વગેરે જુઓ! નીચે કર્યું છે. વ્યપદેશ એટલે કથન, અભિધાન. નીચે નોટ છે. આ ગાથામાં એમ સમજાવ્યું છે કે-જયાં ભેદ હોય ત્યાં જ નામ વગેરે ઘટે એવું કાંઈ નથી. શું કીધું વળી? કે જયાં જુદાપણું હોય ત્યાં જ નામનું જુદાપણું હોય એમ છે નહીં. ભેદ હોય ત્યાં જ વ્યપદેશ વગેરે

ઘટે એવું કાંઈ નથી. અભેદ હોય ત્યાં પણ તેવું શું ઘટે છે નામ. જ્ઞાન અને આત્મા જુઓ! વ્યપદેશ કથન જુદું પડયું. આમ વસ્તુ અભેદ છે. નામ જુદા પડયા માટે વસ્તુ ભેદ જ હોય એવું એકાંતે નથી. સમજાણું કાંઈ?

જયાં અભેદ હોય ત્યાં પણ તેઓ ઘટે છે. માટે દ્રવ્ય-ગુણોમાં જે વ્યપદેશ વગેરે હોય છે તે કાંઈ એકાંતે દ્રવ્ય-ગુણોના ભેદને સિધ્ધ કરતા નથી. નામ ભલે જુદા હોય ભગવાનઆત્મા તેને દ્રવ્ય કહીએ અને આનંદ ને જ્ઞાનને ગુણ કહીએ. નામ જુદા પડયા. નામ જુદાથી કાંઈ વસ્તુ ભિન્ન થઈ ગઈ છે એમ નથી. આહાહાહા! આચાર્યોએ પણ જંગલમાં રહીને (ગજબ કામ કર્યા છે). કહો શેઠ! આ પંચાસ્તિકાય પડયું છે આંહી જુદું. વાંચ્યું નહીં હોય. વાંચે શેના? ના જ પાડી જુઓ! ના જ પાડી. ટીકાનો પહેલો બોલ.

વ્યપદેશ વગેરે એટલે કથન વગેરે. જુદા કથન છે કે ગુણ અને આત્મા. જ્ઞાન અને આત્મા એવું કથન જુદું છે. માટે એકાંતે દ્રવ્ય-ગુણનું અન્યપણાનું કારણ છે, નામ જુદા પડે માટે દ્રવ્ય અને ગુણ જુદા છે એનું ત્યાં ખંડન કર્યું છે. કહો, ભીખાભાઈ! કહો, સમજાય છે કે નહીં? ટાણા (સમય) આવે ત્યારે કહે ને. આહાહા!

**'જેવી રીતે 'દેવદત્તની ગાય'...'** જુઓ! હવે. બે જુદા છે. નામે પણ જુદા અને વસ્તુએ પણ જુદા. **'દેવદત્તની ગાય' એમ અન્યપણામાં (-છઠ્ઠી વિભકિતનું કથન) હોય છે...'** આનું આ એમ. દેવદત્તની ગાય છતાં વસ્તુ જુદી છે, બેય જુદી છે. દેવદત્તની ગાય પણ જુદી અને દેવદત્ત પણ જુદો. એ તો છઠ્ઠી વિભકિતનું કથન છે. એ રીતે વૃક્ષની છાયા. હવે દેખો. એ વૃક્ષની શાખા. શાખા છે ને ડાળ. એ વૃક્ષની શાખા કાંઈ જુદી ન હોય. દેવદત્તની ગાય એ તો ગાય અને દેવદત્ત છઠ્ઠી વિભકિતએ દેવદત્તની કીધી. છતાં ગાય અને દેવદત્ત બેય જુદા છે.

હવે આવ્યું વૃક્ષની શાખા. જુઓ! એ પણ આવ્યું. જેમ દેવદત્તની ગાય તેમ ઝાડની ડાળ. પણ ઝાડની ડાળ કાંઈ જુદી નથી. દેવદત્તની ગાય એમ કીધું છતાં ગાય ને દેવદત્ત જુદા છે. વૃક્ષની શાખા. એમ કહેવા છતાં વૃક્ષ ને શાખા એક છે. આહાહા! **'એમ 'દ્રવ્યના ગુણો' એમ અનન્યપણામાં પણ (ષષ્ઠીવ્યપદેશ) હોય છે...'** એકપણામાં એમ. અનન્ય એટલે એકપણામાં પણ છઠ્ઠી વિભકિત એટલે આનું આ. આનું આ. આ દ્રવ્યના ગુણો. એમ છઠ્ઠી વિભકિત અભેદમાં પણ કહી શકાય છે. દેવદત્તની ગાય જુદું હોય ત્યાં જ આની ગાય એમ છઠ્ઠી વિભકિત લાગુ પડે અને અભેદમાં લાગુ ન પડે એમ છે નહીં. આરે! ભારે વાત ભાઈ!

**'જેવી રીતે દેવદત્ત ફળને દેવદત્ત ફળને અંકુશ વડે ધનદત્તને માટે વૃક્ષ પરથી વાડીમાં તોડે છે...'** જુઓ! શું કહે છે. હવે કારકો લગાડે છે. હા, કારકો લગાડે છે. દેવદત્ત એક જુદી ચીજ,

ફળને એ જુદી ચીજ, અંકુશ એ ત્રીજી ચીજ, ધનદત્તને માટે એ ચોથી ચીજ, વૃક્ષ પરથી એ પાંચમી ચીજ, વાડીમાં તોડે છે એ છઠ્ઠી ચીજ. છઠ્ઠી જુદી થઈ ગઈ. શું કીધું?

દેવદત્ત એક વસ્તુ. ફળને એ ફળ જુદી ચીજ થઈ ગઈ. અંકુશ વડે એ ત્રીજી થઈ ગઈ. અંકુશ વડે તોડે છે એમ. ધનદત્તને માટે, જુઓ! દેવદત્ત કર્તા, આ ફળ અંકુશ વડે કરણ ઓલું ફળ એ કર્મ, ધનદત્તને માટે એ સંપ્રદાન, વૃક્ષ પરથી અપાદાન, વાડીમાં આધાર. ઝીણી વાત છે. દેવદત્ત કર્તા, ફળ એનું કર્મ, અંકુશ એનું કરણ, ધનદત્તને માટે એ સંપ્રદાન, વૃક્ષ પરથી એટલે અપાદાન એનાથી અને વાડીમાં એ આધાર. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ. એ છ બોલ લીધા. વ્યાકરણમાં આવે છે. નિશાળમાં આવે છે આ. એક વાત.

તેવી રીતે 'માટી પોતે ઘટભાવને (-ઘડારૂપ પરિણામને) પોતા વડે પોતાને માટે પોતામાંથી પોતામાં કરે છે', જુઓ! ઓલી ચીજ છએય જુદી. એ છએયના પ્રદેશ જુદા. હવે એક જ ચીજમાં અભેદ વાત કરે છે. એમ માટી, માટી પોતે ઘડારૂપ પરિણામને એ કર્મ, માટી કર્તા. ઘડારૂપી કર્મ એ કાર્ય, પોતા વડે કરણ, પોતાને માટે સંપ્રદાન, પોતામાંથી અપાદાન, પોતામાં જ અધિકરણ કરે છે. એ અભેદ કથન છે. માટી પોતામાં ઘડાના પરિણામને છે ને. પોતાને, પોતામાંથી, પોતામાં કરે છે.

**'આત્મા આત્માને આત્મા વડે આત્મા માટે આત્મામાંથી આત્મામાં જાણે છે.' એમ અનન્યપણામાં પણ (કારકવ્યપદેશ) હોય છે...'** જોયું જુદા જુદા છે છતાં તેમાં એકપણું છે, છતાં તેના કારકોનાં ભેદ નામ ભેદ હોય શકે છે. માટી નામ જુદુ છે ને. ઘટભાવને જુઓ! એ ઘટભાવ જુદુ નામ થયું, પોતા વડે એ જુદુ નામ થયું, પોતા માટે, પોતામાંથી એમ આત્મા કર્તા, આત્માને એટલે કર્મ, આત્મા વડે એટલે કરણ, આત્માને માટે પોતાને દયે એ પોતે સંપ્રદાન, આત્માથી એ અપાદાન આત્મામાં જાણે છે. એ નિશ્ચય વાત થઈ. ષટ્કારકો હોવા છતાં પણ તે અભેદમાં પણ લાગુ પડે છે. આરે! ઝીણું બહુ આવ્યું. વસ્તુ તો બધું લેવું છે ને. આહાહા!

આંહી ધર્મ કરવામાં. આત્મા આત્માનો ધર્મ જે વીતરાગી પર્યાય એ આત્મા વડે એટલે પોતા વડે, જુઓ! આ કરણ. આ ક્રિયા વડે સાધન નહીં એમ કહે છે. પુણ્યની દયા-દાન, વ્રતની ક્રિયા એ વડે એ નહીં. આત્મા આત્મા વડે, આત્મા આનંદમૂર્તિ પ્રભુ, એ આત્માને એટલે એનું કર્મ થયું આનંદનું કાર્ય, આત્મા વડે પોતા વડે થયું, જ્ઞાનના સાધન વડે, આનંદના સાધન વડે કાર્ય થયું. પુણ્યની ક્રિયાના સાધન વડે થયું નથી. આહાહા! ભારે વાત ભાઈ! ક્યાં લગાવ્યા ષટ્કારક! આત્માને માટે સંપ્રદાન, પોતે ભગવાનઆત્મા કરનારો થઈ અને આત્માને એટલે વીતરાગી પર્યાયને, આત્મા દ્વારા એટલે અંતર આનંદ ને જ્ઞાન દ્વારા પોતામાં કરીને રાખે છે. એ સંપ્રદાન-પોતે પોતાને દાન આપ્યું. સમજાણું? અને પોતાથી કર્યું છે એ કામ. પુણ્યના વિકલ્પથી કે નિમિત્તથી થયું નથી.

એ આનંદથી થયેલો, આનંદના આધારે થયેલું એ કાર્ય તે એમ ષટ્કારક એક જ વસ્તુમાં અભેદપણું હોવા છતાં ષટ્કારકના નામ જુદા પડે છે. આમ છતાં વસ્તુ એક છે. ઝીણું ભાઈ આ તો વીતરાગનું વિજ્ઞાન એવું છે. આખી દુનિયા દ્વારા. માટી વડે ઘડો થાય છે કુંભાર વડે નહીં. માટી માટીના માટે જ ઘડાનું કામ કરે છે એ માટી વડે કરે છે. કુંભાર વડે નહીં. એ તો પર ચીજ થઈ ગઈ. માટી ઘટભાવને એટલે ઘડાની પર્યાયને પોતા વડે એટલે માટી વડે, પોતાને માટે એટલે માટીમાં એ ઘડાની અવસ્થા રહે છે. ઘડાની અવસ્થા ક્યાંય બહાર જાતી નથી. અને પોતામાંથી. ઘડાની પર્યાય માટીમાંથી થઈ છે. કોઈ કુંભારથી અને ચક્રથી થઈ નથી. આરે! આરે! ભારે વાત!

આ ષટ્કારક તો આવે છે નહીં. સ્વરૂપચંદભાઈ! ઓલા વ્યાકરણમાં આવે છે. પહેલાં પાંચમી ચોપડીમાં આવતું. અત્યારે આવે છે કે નહીં ક્યાંય છ નામ?

મુમુક્ષુ :- આવે છે.

ઉત્તર :- હેં? શેમાં? છઠ્ઠી. ઠીક. છઠ્ઠી ચોપડીમાં આવતું હશે.

શું કહેવા માગે છે સમજાય છે આમાં? દેવદત્તની ગાય એ નામ જુદા પડયા. છતાં વ્યપદેશમાં બે આવ્યા. અને વસ્તુ પણ જુદી છે. એમ આત્માનો ગુણ એવા નામ જુદા પડયા પણ વસ્તુ જુદી નથી. દેવદત્તની ગાય જેમ જુદી છે એમ આત્માના ગુણ જુદા નથી. આરે! ભારે વાત ભાઈ!

ભગવાનઆત્મા એ માટી ઘડાની પર્યાયને માટી વડે, માટીમાં રાખવામાં, માટીથી, માટીને આધારે ઘડો થયો છે. કુંભારને આધારે નહીં. આહાહા! એમ ભગવાનઆત્મા આનંદસ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપ. આત્મા કર્તા, આનંદની પર્યાયનું કાર્ય કર્તા, આનંદ વડે કાર્ય કર્તા, આનંદ કરીને પોતામાં રાખતાં, પોતામાંથી આનંદ કાઢતાં, પોતાને આધારે આનંદ થયો ધર્મ એવી અભેદ દશામાં પણ છ કારકો, છ નામો જુદા કહેવામાં આવે છે. સ્વરૂપચંદભાઈ! હેં? વિશેષ કહેવાશે.

**(શ્રોતા :-પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૪૮ - ગાથા - ૪૬
## પોષ વદ-૩ રવિવાર તા. ૨૫/૧/૭૦

પંચાસ્તિકાય છેતાલીસ ગાથા અને ષટ્દ્રવ્ય. જીવનું હોવાપણામાં ગુણ ને ગુણીના નામ ભેદ હોવા છતાં તે બધું અભેદ છે. એમ ચાલે છે. સમજાય છે કાંઈ? વ્યપદેશ શબ્દ પડયો છે ને પહેલો. વ્યપદેશ એટલે કથન. કથન કરવામાં અભેદ ચીજમાં પણ ભેદથી કથન થાય અને જુદી ચીજમાં પણ જુદી

ચીજના કથનો થાય. ભેદ કથન થાય માટે એમાં વસ્તુમાં ભેદ પડી જાય છે એમ નથી. કથનની શૈલી છે. એમ કહે છે. જુઓ! ફરીને લઈએ.

**'જેવી રીતે 'દેવદત્તની ગાય'...'** દેવદત્તની ગાય. **'એમ અન્યપણામાં ષષ્ઠીવ્યપદેશ (-છઠ્ઠી વિભક્તિનું કથન) હોય છે...'** એટલે શું કહ્યું? દેવદત્તની ગાય. ગાય જુદી છે અને દેવદત્ત જુદો છતાં એમ કહેવામાં આવે કે આની આ ગાય. ખરેખર એની ગાય છે નહીં. પણ કથન શૈલી ભેદથી એમ કહેવામાં આવે. બીજી રીતે. 'વૃક્ષની શાખા' 'ઝાડની ડાળ' નામ જુદા પડ્યા પણ ઝાડને ડાળ બેય એક છે, જુદા નથી. ઝાડની ડાળ, વૃક્ષની શાખા. એમ 'દ્રવ્યના ગુણો.' વાત તો એ સિદ્ધ કરે છે કે,

ભગવાનઆત્મા દ્રવ્ય છે, વસ્તુ છે. અને એના જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણો છે. આ તો પ્રત્યક્ષ વસ્તુ છે. હવે આ કેમ કોણ જાણે શું કરે છે લોકો? સમજાણું? પોતાનું સ્વરૂપ દ્રવ્ય છે. દ્રવ્ય એટલે કે વસ્તુ તો વસ્તુ છે એ કોઈ ગુણ વિના વસ્તુ હોય? તો કહે છે કે એના ગુણો જ્ઞાન, દર્શન, આનંદ એ દ્રવ્યના ગુણો એમ કહ્યું છતાં કાંઈ દ્રવ્ય ને ગુણ કોઈ જુદી ચીજ નથી. જેમ દેવદત્તની ગાય કહ્યું તો ગાય ને દેવદત્ત જુદા છે. એમ દ્રવ્યના ગુણો. માટે દ્રવ્ય ને ગુણ જુદા છે એમ નહીં. આહાહા! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા આ દરેક વસ્તુ, ભગવાન તીર્થંકરદેવે કેવળજ્ઞાની પ્રભુએ છ દ્રવ્ય જોયા છે. આ જગતમાં છ વસ્તુ જાતિએ. સંખ્યાએ અનંત. એમાં અનંત તો આત્મા પ્રભુએ જોયાં કેવળીએ, અનંત પરમાણુ જોયા. આત્માની સંખ્યા કરતાં અનંત ગુણા. અને એથી અસંખ્ય બીજા કાલાણું બીજી જુદી ચીજ છે. એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને એક આકાશ. એમ ભગવાન પરમાત્માએ છ દ્રવ્ય જોયા. હવે કહે છે કે, એ દ્રવ્યમાં ગુણ એમ કહેવામાં આવે છે, એ દેવદત્તની ગાય છે એવી રીતે છે કે વૃક્ષની શાખા છે એ રીતે છે? શોભાલાલભાઈ!

'વૃક્ષની શાખા' વૃક્ષની ડાળ. વૃક્ષની ડાળ તો એક જ વસ્તુ થઈ. એમ 'દ્રવ્યના ગુણો' આહાહા! જુઓ! ભગવાનઆત્મા આંહી તો દરેક દ્રવ્યનું લેવું છતાં આત્માની વાત છે મુખ્ય તો. એનું દ્રવ્ય છે ને ઉપયોગની વ્યાખ્યા છે ને આંહી. આત્મા છે વસ્તુ એનો જ્ઞાન-દર્શન ગુણ છે. તો દ્રવ્યના ગુણો એમ ભેદથી કથન આવ્યું છતાં છે વસ્તુ અભેદ. એને ગુણ જોવાં હોય તો દ્રવ્યમાં મળશે. કાંઈ રાગમાં ને નિમિત્તમાં મળશે નહીં. સમજાય છે કાંઈ? એમ અનન્યપણામાં પણ એકપણામાં પણ ષષ્ઠી એટલે ભેદવાળું કથન કરવામાં આવે છે.

હવે એનો દાખલો આપે છે બહારનો. જેવી રીતે દેવદત્ત એક માણસ. એ કર્તા થયો કર્તા. કરનારો. ફળને એ ફળને તોડે છે. એ ફળ એનું કાર્ય થયું. પણ ફળ જુદી ચીજ છે. દેવદત્ત જુદી ચીજ છે. બેય એક નથી. દેવદત્ત ફળને એ કર્મ થયું. કર્મ એટલે કાર્ય. તો કાર્ય જુદું કર્તા જુદો. અંકુશ વડે સાધન. અંકુશ

જુદો. અંકુશ છે ને લોઢાનો ફળ તોડે ત્યારે. અંકુશ એ જુદી ચીજ. ફળ જુદી ચીજ અને દેવદત્ત જુદો. ધનદત્તને માટે કોઈ પોતાનો દિકરો હોય કે સગો હોય એને માટે. એ જુદી ચીજ થઈ. વૃક્ષ પરથી થી થકી આવ્યું. ઝાડથી ઝાડ પણ જુદી ચીજ થઈ. વાડીમાં તોડે છે. વાડીમાં ફળને અંકુશ વડે દેવદત્ત ધનદત્તને માટે તોડે છે. તો છએ ચીજ જુદી થઈ ગઈ. સમજાણું કાંઈ?

એમ અનન્યપણામાં ભિન્ન ભિન્ન ચીજમાં પણ કર્તા, કાર્ય, સાધન એમ કહેવામાં આવે છે. હવે એ રીતે જેમ ભિન્નમાં કહેવામાં આવે છે એમ અભિન્નમાં પણ કહેવામાં આવે છે. એમ કહે છે. જુઓને આચાર્યોએ દ્રવ્ય ને ગુણને સિધ્ધ કરવા ભગવાન તું ગુણવાળો છો ને. જેમ ગાયવાળો દેવદત્ત છે એમ એ ચીજ નથી. દેવદત્ત ને ગાય જુદી ચીજ છે. પણ ગુણવાળો તું છો એ તો બેય એક છે. આ તારા ગુણ છે એ દ્રવ્યમાં છે. એ દ્રવ્યમાં છે એમ કહેવું એ પણ ભિન્ન કહ્યું છતાં ભિન્ન છતાં વસ્તુ અભિન્ન છે. આહાહા!

**'એમ અન્યપણામાં...'** કર્તા, કાર્ય, સાધન એનું કથન **'હોય છે. તેવી રીતે...'** હવે ભિન્ન **'માટી પોતે...'** માટી, આ તો દૃષ્ટાંત છે. પોતે એ કર્તા, માટી પોતે કર્તા, માટી કરનાર. શું કરે? ઘટભાવને. એ માટી ઘટભાવને કરે. કુંભાર નહીં. અભેદ છે. માટી ઘટની પર્યાયરૂપી કર્મ, ઘટની પર્યાયરૂપી કર્મ. કર્મ નામ કાર્ય. તેને માટી કરે. તો માટી કર્તા અને કાર્ય બેય જુદા દેખાય કર્તામાં. વસ્તુ જુદી નથી. સમજાણું કાંઈ? જુઓ! આમ કહીને દ્રવ્ય સિધ્ધ કરે છે. પોતાના દ્રવ્ય-ગુણ પોતાની સાથે અભેદ છે. રાગ અને પુણ્ય-પાપના ભાવ એ આત્મા સાથે અભેદ નથી. એ તો શરીર, વાણી, મન આ તો જડ જુદા છે. આ તો જુદી ચીજ તદ્દન માટી છે. સમજાણું કાંઈ?

ચૈતન્ય ચમત્કાર ભગવાનઆત્મા એમ કહેવું કે ચૈતન્ય ચમત્કાર આત્મા. છતાં ચૈતન્ય અને આત્મા બે કાંઈ જુદી ચીજ નથી. જેમ દેવદત્તની ગાય એ ગાય અને દેવદત્ત જુદા છે એમ આ નથી. વસ્તુ તો એક અંદરમાં જ્ઞાન ને આનંદવાળો આત્મા. અથવા 'દ્રવ્યના ગુણો'. આત્માના ગુણો. આત્મા વસ્તુ છે. એનું જાણવું-દેખવું આનંદ એના ગુણો છે. એમ કહેવામાં આવ્યું છતાં એ વસ્તુ તો એક છે. આહાહા!

કહે છે કે **'માટી પોતે ઘટભાવને...'** એટલે કર્મને **'પોતા વડે...'** માટી વડે ઘડાને માટી કરે છે. કુંભાર વડે માટીની પર્યાય ઘડાની થાય છે એમ નહીં. વસ્તુની સ્થિતિ નિશ્ચયમાં એમ છે નહીં. આહાહા! છે ને અંદરમાં છ કારકો.માટી, આ તો માટી દાખલો આપ્યો છે. એ પ્રમાણે દરેકમાં લઈ લેવું. પોતે ઘટભાવને (ઘડારૂપ પરિણામને) ભાવ એટલે પરિણામ. ઘટની અવસ્થા એ કાર્ય, કર્મ એને ઘટ કરે છે.

**'પોતા વડે...'** કરે છે. માટી વડે ઘટ થાય છે. કુંભાર વડે કે પર વડે એ નિમિત્તના કથનો છે. વાસ્તવિકપણું એમ નથી. **'પોતાને માટે...'** એ માટી ઘડારૂપે થઈ અને ઘડારૂપ માટીમાં રહે છે એ. ઘડાનું રૂપ માટીમાં રહે છે. કોઈ કુંભારમાં માટીનું રૂપ થતું નથી. **'પોતાને માટે પોતામાંથી...'** એ

માટીમાંથી ઘડાનું કાર્ય થાય છે. માટીમાંથી થાય છે. કુંભારમાંથી નહીં. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

પોતામાં કરે છે. માટી પોતામાં પોતાને આધારે ઘડો કરે છે. પૃથ્વીને આધારે એ માટીનો ઘડો થતો નથી. પૃથ્વીને આધારે કહેવું એ ભિન્ન વાત છે. એ તો વ્યવહારના કથન છે. કહો, સમજાણું આમાં? એમ હવે આત્મા. હવે નિશ્ચયમાં આત્મા ભગવાન પોતે.

**'આત્મા...'** એ કર્તા, આત્મા એ કરનાર, રચનાર. **'આત્માને...'** એટલે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર ગુણની પર્યાયને. ભાઈ! સમજાણું કાંઈ? માટી ઘડાની પર્યાયને કરે છે એમ ભગવાનઆત્મા પોતાના જ્ઞાનદર્શનઆનંદની શાંતિ ધર્મ પર્યાય એનો કર્તા આત્મા છે. છતાં આત્માનું કામ એમ જુદું નામ પડે છે કથન. વસ્તુ જુદી નથી. આહાહા! સમજાણું કાંઈ?

આત્મા કર્તા અને એનો ધર્મ જે વીતરાગી પર્યાય. કારણ કે આત્મા તો જ્ઞાનદર્શન ઉપયોગ છે. હવે એ સિદ્ધ કરવું છે. તો જાણવા-દેખવાના પરિણામરૂપી કાર્ય એનો કર્તા આત્મા છે. અને જાણવું-દેખવું એવો જે ભાવ તે હું છું એવી જે અંતર પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે. અને જાણનાર-દેખનાર તે હું એવું જે એનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે. અને જાણનાર-દેખનાર હું એમ જે અંદર ઠરવું તે ચારિત્ર. સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાનઆત્મા પોતાના ગુણની પર્યાયને પોતે કરે છે. એ પર્યાયનો કર્તા દ્રવ્ય છે. અને એની પર્યાય તે તેનું કાર્ય છે. એનું કાર્ય શરીરનું કાંઈ કરવું, પરનું કાંઈ કરવું તે એનું કાર્ય નથી. આ બધા કરે છે ને કે, ઘણા કામ કરીએ છીએ આટલાનું કામ કરીએ છીએ. કહે છે ને. હેં! સ્વરૂપચંદભાઈ! આ તમારા ભાઈ નહીં કરતાં હોય. ઇન્જેકશન દેતાં હોય ને આ કરે ને આ કરે. આંખના ઓપરેશન કેટલાય કર્યા છે હજારો. હેં? કહે છે કાંઈ કર્યું નથી એમ કહે છે. જ્ઞાન ને દર્શનના પરિણામ કર્યા. માને કે હું આ કરું છું, એ તો ભ્રમ અજ્ઞાન છે. કહો, સમજાણું કાંઈ? આહાહા!

આવી ચીજ જ પ્રત્યક્ષ અસ્તિપણે આંહી અસ્તિત્વ સિદ્ધ કરવું છે ને. જીવાસ્તિકાય-જીવદ્રવ્ય અને જીવાસ્તિકાય બેયની વ્યાખ્યા છે. જીવદ્રવ્ય પોતાનું છે અને એ જીવઅસ્તિકાય એટલે અસંખ્યપ્રદેશી આત્મા છે. એમાં જે અનંતા ગુણો જાણવું-દેખવું આદિ છે. એ ગુણની અવસ્થાનો કરનાર આત્મા છે. એમ આ દયા, દાન, વ્રત આદિના વિકલ્પ છે માટે તે ધર્મના પરિણામનો કર્તા એ છે દયા, દાન એમ નથી. કારણ કે દયા, દાનના પરિણામ એ આત્માનો જ્ઞાન ને દર્શન ઉપયોગ છે જ નહીં. સમજાણું કાંઈ?

આત્મા, જુઓ! ભાઈ આ છે. હમણાં કહ્યું હતું ને બધા આવ્યા છે કે નહીં? ઓલા મારવાડમાં ગયા હતા ને. મોટર ગઈ. એક આવ્યા હતા કે ભાઈ અમને ચમત્કાર બતાવો. કીધું ભાઈ ચમત્કાર તો આત્માનો છે. સાંભળવો હોય તો. હમણાં ચાર, પાંચ જણ આવ્યા હતા મારવાડમાંથી. એ તમારી લાકડી બતાવો કહે. એવું સાંભળ્યું છે કે તમારી લાકડીમાં ઇલમ છે. ઇલમ ફેરવી નાખ્યા છે હમણાં

ચંદુભાઈએ પ્લાસ્ટીકની કરી છે. પહેલાં લાકડી ઓલી હતી. આવે છે ને આ સુખડની. મુંબઈમાં નહીં આ. ચીની લોકો વહેંચે છે. આવી લાકડીઓ. હાથમાં પરસેવો થાય ને એને ન અડે એ સાટુ. પણ એમાં ઈલમ છે કહે. બહુ પા કલાક વીસ મિનિટ સુધી આગ્રહ હતો. આના ઉપર ફેરવો, આના ઉપર ફેરવો. હું અહીં બેઠો ને લાકડી આ હતી અંદર કહે લઈ આવો બતાવો તો ખરા.જુઓ! આ છે લ્યો! આમાં ઈલમ છે એમ લોકો કહે છે. કીધું ઈલમ બિલમ નથી. આ તો જડ છે. એમ કે જેના ઉપર ફરે છે ને ત્યાં કરોડપતિ થઈ જાય છે. અમારા મારવાડી બારવાડી ઘણા સાંભળે છે. કહ્યું નામમાં પ્રસિધ્ધ થયું છે પણ છે નહીં એમાં કાંઈ. સ્વરૂપચંદભાઈ!

અમારી પાસે ચૈતન્ય ચમત્કાર ભગવાનઆત્મા પુણ્ય ને પાપના ભાવ વિનાની ચીજ એને આત્મા કહીએ ને. જ્ઞાનદર્શનવાળાને આત્મા કહીએ ને કે પુણ્ય-પાપવાળાને આત્મા કહીએ. સમજાણું કાંઈ? આત્મા પદાર્થ ચૈતન્ય ભગવાન એમાં જાણવું-દેખવું જે ભાવ ઉપયોગ એ ઉપયોગની પર્યાયને આત્મા કરે ને પર્યાય કર્મ. વસ્તુ તો એક છે. અભેદ છે. પ્રદેશ ભેદ છે નહીં. છતાં કથનમાં ભેદનું કથન અભેદમાં પણ ભેદનો વ્યપદેશ કથન કહી શકાય છે. સમજાણું કાંઈ?

આત્મા એ પહેલો શબ્દ છે. એ આત્મા કર્તા છે. કર્તા, કારક, આત્માને-આત્માને એટલે સમ્યગ્દર્શનજ્ઞાન ધર્મની પર્યાયને તો એ જાણવા-દેખવાની પર્યાયને. જાણવા-દેખવાની પર્યાયને પ્રતીતિ સાથે જ હોય છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા વસ્તુ છે. એવી અંતર દષ્ટિ થતાં, પુણ્ય-પાપ ને નિમિત્તની રુચિ અને દષ્ટિ છૂટતાં, ભગવાનઆત્મા જાણન-દેખન સ્વભાવવાળો, ગુણવાળો અથવા દ્રવ્ય-ગુણ આ દ્રવ્યના ગુણો છે એ દ્રવ્યના ગુણો એ ભેદ કથન હોય છે. છતાં એ 'વૃક્ષની શાખા'ની પેઠે બેય અભેદ છે. એમ ભગવાનઆત્મા અંદર જ્ઞાન, દર્શન ને આનંદના ગુણવાળો છે એને કર્તાપણે થઈને તે ધર્મની વીતરાગી મોક્ષમાર્ગની પર્યાય 'કેવળીપણંતોધમ્મોશરણમ્.' માંગલિકમાં આવે છે ને માંગલિક. ચતારિ મંગલમ, અરિહંતા મંગલમ પણ એ માંગલિકનો અર્થ સમજે નહીં (અને) ગડીયો હાંકયે (બોલ્યે)જાય. સમજાણું?

એ માંગલિક એટલે આત્મા આનંદમૂર્તિ છે, એ માંગલિક પોતે છે. એવા આનંદરૂપના ધરનાર ભગવાનઆત્મા એ આત્મા ઉપર અંતરદષ્ટિ પડતાં એ આત્મા કર્તા છે. કોનો? વર્તમાન વીતરાગી ધર્મની પર્યાયનો. એ નિમિત્ત ને દેવ-ગુરુ એના કર્તાની પર્યાય ધર્મની થાય એમ છે નહીં. ભારે કામ આકરું! સમજવું હજી મુશ્કેલ પડે. કહો, સમજાણું આમાં? કહે છે **'આત્મા આત્માને...'** આત્માને ને કે રાગને? કે દેહની ક્રિયાને કરે આત્મા. એ આત્મા કયાં છે? જડ વાણી, મન તો જડ છે. સમજાણું કાંઈ?

**'આત્મા આત્માને...'** એ એનું કાર્ય થયું. આત્મા આત્માને એટલે જાણવા-દેખવાની પર્યાયને, શ્રધ્ધા-જ્ઞાનની પર્યાય આત્માની પર્યાયને અહીંયા આત્માને કર્મ કહેવામાં આવે છે. એ કર્મનો કર્તા આત્મા

છે. છોટુભાઈ! આ ધંધાનો કર્તા આત્મા નથી એમ કહે છે. આનું કીધું ને? જાણવા-દેખવાનો ભાવ તે દ્રવ્યનો ભાવ, પુણ્ય-પાપના વિકલ્પ તે દ્રવ્યનો ભાવ નહીં. શરીર, વાણી, મન તે દ્રવ્યની, આત્માની વસ્તુ નહીં. પણ આત્માની ચીજ તો અંદર જાણવું-દેખવું એવી જે ચીજ એના કાર્યની પરિણતિને આત્મા કરે છે. આહાહા! આ ઇન્દ્રિયાદિ છે માટે જાણવા-દેખવાનું કાર્ય થાય છે એમ નહીં, એમ કહે છે. લ્યો! ઇન્દ્રિય સાધન હોય તો થાય કે નહીં? આ કાંઈ આંખવાળાને ડોકટરને એમ હોય કે નહીં બધાને. આંખ ચોખ્ખી હોય તો દેખાય. એ વાત પણ બધી ખોટી છે. એ દેખનારો પોતાના જાણવા-દેખવાના પરિણામ વડે દેખે ને જાણે છે. આહાહા! સમજાણું કાંઈ?

**'આત્મા આત્માને આત્મા વડે...'** ભાષા જુઓ! ત્રીજો બોલ. **'આત્મા વડે...'** એ તો જાણવા-દેખવાના ગુણ વડે. આત્મા તો એ છે. એ જાણવા-દેખવાના ગુણ વડે. પુણ્યના, દયા-દાન, વ્યવહારના પરિણામ વડે આત્માનું કાર્ય થાય છે એમ નથી. સમજાણું કાંઈ? બેસવું કઠણ પડે. આ મહાવસ્તુ જ આ છે. લોકો કયાંકના કયાંક ભ્રમણામાં, નર્યા ભ્રમણાં ભ્રમણાં. આહાહા! લ્યો! આ રજનીશનું એવું લખાણ છે અંદરથી. લોકોને નાસ્તિક બનાવી નાખે. પહેલાં નાસ્તિક થશો તો આસ્તિક થશો એમ કહે છે. પહેલાં ભૌતિકમાં, ચાર્વાકમુનિ કહી ગયા છે એ પ્રમાણે જો થયું હોત તો કોઈક સારો પુરુષ પાકત તમારામાં. પણ એ નથી થયું- અરરર! આવા નિયમો બધા.

અરે ભગવાન! તું તો આનંદકંદ છો ને નાથ. આહાહા! એના સ્વભાવના કાર્યનો કર્તા ભગવાન પોતા વડે આત્મા દ્વારા. એ સમ્યક્ ધર્મની શાંતિ અને વીતરાગની પર્યાય આત્મા વડે થાય છે.વીતરાગી શક્તિ વડે તે પર્યાય થાય છે. પુણ્ય-પાપના પરિણામ વડે નિમિત્ત વડે થતું નથી. એવું જ વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આહાહા!

**'પોતે પોતાને પોતા વડે પોતાને માટે પોતામાંથી પોતામાં...'** આ છ કારક થઈ ગયા. એ અહીં આત્મામાં ઉતારે છે. વ્યપદેશ શબ્દ છે ને કથનનો. કહે છે કે અભેદમાં પણ આવું ભેદનું કથન હો પણ વસ્તુ તો એકની એક છે. તેના પ્રદેશ જુદા નથી. આત્મા પદાર્થ છે પ્રભુ! એ પ્રભુત્વ શક્તિવાળો છે. અથવા દ્રવ્ય પ્રભુ શક્તિ છે એમાં એમ ભેદ કથન હો. પણ કાંઈ પ્રભુત્વ શક્તિ અને પ્રભુ આત્મા બેના પ્રદેશ, બેનું ક્ષેત્ર કાંઈ જુદું શી રીતે થાય? સાકર ને સાકરના ગળપણના અંશો જુદા છે? જે અંશો ગળપણરૂપ છે તે અંશો દ્રવ્ય-સાકરરૂપ છે. સમજાવ્યું શું એક પ્રદેશ એના જુદા નથી. અરે આ વાત! એમ કરીને તારા ઘરમાં તું જો. એમ કહે છે. તારા ગુણો તારા દ્રવ્યના છે. તારા ગુણો આનંદ આદિ તારા દ્રવ્યના છે. એ કોઈના નથી કે કોઈથી એને લઈને પ્રાપ્ત થાય. આત્મા વડે એમ કહીને તો એમ કરી નાખ્યું છે.

ભગવાન શુધ્ધ ચૈતન્ય પ્રભુ, એ પોતાના દ્વારા એ વીતરાગી ધર્મની પર્યાયને પોતે કરે છે. પોતા વડે પોતે કરે છે. શરીર ને વાણી ને રાગની મંદતા અનુકૂળ હોય, નિમિત્ત લ્યો અનુકૂળ એટલે ઠીક, એ

અનુકૂળ હોય તો આત્મા આ કામ કરે, એમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એ શેઠ! આવું છે. આહાહા! લોકોને જાણે કિલષ્ટ જેવું લાગે. અરે! એના ઘરની વાતું એણે સાંભળી નથી ને. અનંત તીર્થંકરોએ એમ કહ્યું ને એમ કર્યું છે. અનંત તીર્થંકરોએ એમ કહ્યું અને કર્યું છે. ભાઈ! તારે સુખી થવું હોય તો પરના કાર્ય તું કરી શકે છે એ માન્યતા છોડી દે. અરે! પુણ્ય ને પાપના ભાવ, દયા-દાન એ વિકારના પરિણામ છે. એ મારું કાર્ય ને તું કર્તા એ તો અજ્ઞાનભાવ છે. એ વાસ્તવિક આત્માનું કાર્ય નથી. આહાહા! ભારે વાત ભાઈ!

એની સત્તાને શોધને પ્રભુ! તારી સત્તાના હોવાપણામાં તો આનંદ ને જ્ઞાનથી ભરેલો ભગવાન છે. એ પોતે પોતાના સ્વભાવ દ્વારા, સ્વભાવ વડે આ કારણ કહ્યું, સાધન કહ્યું. જુઓ! કોઈક કહે સાધન જોઈએ ને. સાધન હા, કહે છે ને. આત્મામાં સાધન નામનો અનાદિનો એક ગુણ છે. પહેલી સમજણ તો કરે સત્ય આ છે અને બીજી રીતે હોય શકે નહીં. એમ સમજણના જયાં વાંધા એ સ્વભાવ સન્મુખ થવાની શ્રધ્ધા કરી શી રીતે શકે? જેના જ્ઞાન ખોટાં એ સત્ય તરફ વળી શી રીતે શકે? સમજાણું કાંઈ? આહાહા! બહુ ઝીણી જાણે વાત લાગે. અરે ભગવાન! તું તો મહાઝીણો છો ને જુઓને. આહાહા! જેની જ્ઞાનની અવસ્થામાં ત્રણકાળ, ત્રણલોક જણાય જાય. જેની જ્ઞાનની દશામાં અનંતા કેવળીઓ જણાય જાય. એવો જે ઉપયોગ, એ ઉપયોગ તારા આત્મા દ્વારા થયો છે. એ જ્ઞેયો જણાય એ દ્વારા થયો નથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

આત્મા વડે, એ ત્રીજો બોલ થયો. કર્તા, કર્મ અને કરણ. કરણ એટલે સાધન. આત્માને ધર્મ કરવામાં સાધન ખરું કાંઈ? કહે હા, શું? આત્મા. ભારે વાત! ડોકટર. ભાઈ આ ભક્તિ બક્તિ કરવી, પૂજા કરવી, જાત્રા કરવી કાંઈ સાધન ખરું કાંઈ સમ્યગ્દર્શનને માટે? એમ કહે છે. લ્યો! આ નવનીતભાઈ ના પાડે છે. આહાહા! બાપુ એ તો નિમિત્ત છે. એ સાધન છે નહીં. આહાહા! અંદર આખો ચૈતન્ય પુંજ પિંડ પડયો છે આખો. એને કેવળીને જે દશા પ્રગટ થાય છે એના વડે. એનું સાધન એ છે. એનું સાધન બીજું હોય શકે નહીં. આહાહા! કહો, સમજાણું કાંઈ?

હવે આ બહારના સુખ ધૂળના. કહે છે બહારના સુખમાં બરાબર મેળવે તો પછી અંદરનું સુખ એ જાતનું પ્રાપ્ત થાય. અરે ભગવાન! શું કરે છે આ તું? આ ધૂળ પૈસા બૈસા હોય એમ કે અમેરિકન અમેરિકા ને એશિયા એ શું કીધું? ભૌતિકવાદમાં ખૂબ ફાલ્યા છે. હવે એને રસ્તો અંતર અધ્યાત્મ થવાનો હવે એને મળશે. શેઠ! આ તમારામાં બેસાડે છે ને, તમે ઓલું તારણ સ્વામીનું કાંઈક થાય ત્યાં. બેસાડે મોઢા આગળ. ત્યાં ગપ્પા મારતા હોય ન મારતા હોય આને કયાં ખબર છે? શોભાલાલજી! ભાઈ વાત તો એમ છે. પણ આપણી શોભા તો થાય! કષાય બે, ચાર, પાંચ, દસ ભેગા થાય તો આપણી દુકાન તો શોભે. આહાહા! અરે ભગવાન! તું મહાપ્રભુ ચૈતન્ય હોવાવાળો પદાર્થ છો ને નાથ. અને તારામાં

શક્તિ પ્રભુત્વ આદિ અનંતી પડી છે. એ શક્તિ દ્વારા તારી ધર્મની પર્યાય પ્રગટ થાય છે. કોઈ દયા-દાન, વ્રતની ક્રિયાથી, દેહની ક્રિયાથી અને કોઈના આશીર્વાદથી જાવ તમારું કલ્યાણ થાઓ. આશીર્વાદથી પણ એ પર્યાય પ્રગટ થાય એવી નથી.

મુમુક્ષુ :- ગુરુકૃપાથી તો થાય.

ઉત્તર :- એ કથન કરવામાં આવે છે થાય નહીં. આરે! આરે! ભારે વાત! કહો, સમજાણું આમાં?

આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન. પરમાત્મા ત્રણલોકના નાથ ઈન્દ્રોની સમક્ષમાં સભામાં ગણધરો અને સંતોના નાથ ગણધરો હતા. તેની સમક્ષ પ્રભુ આમ કહેતા હતા. ભાઈ! તું અનંત શક્તિનો ધણી છો ને પ્રભુ! એ શક્તિ દ્વારા તારી દશા પ્રગટ થાય છે. પર દ્વારા નહીં. આહાહા! નિમિત્ત દ્વારા નહીં, વ્યવહાર દ્વારા નહીં. આવી તો સ્પષ્ટ વાત કરે છે. હવે શું કરવું? અને એમ છે. એને જો વિચાર કરે તો એની સત્તાનો સ્વીકાર થાય તો બેસે એને. આહાહા! સમજાણું કાંઈ? શરીરની ઈન્દ્રિય બધી ઢીલી પડી ગઈ હોય લ્યો. બધા રજકણે રજકણ ઢીલાં પડી જાય અને રોગ ફાટયા હોય. હવે એને શું કરવું? કામ એના વડે લેવું છે એને? એ તો બધા ઢીલાં પડી ગયા. હવે શું કરવું? એનું કામ તો આત્મા અંદર દૃષ્ટિમાં લ્યે તો એ વડે તેનું કામ થાય. બાકી બીજા વડે કામ થાય એવું નથી. આહાહા!

આવા પરમાત્મા અને સંતોએ આ વાત કરી. એ કહે છે કે, પૂર્વના જે ગ્રંથો ને શાસ્ત્રોથી તો હું દૂર દૂર ભાગુ છું. ભાગે જ ને. ભગવાન થઈને આવો કેમ જાગ્યો આવો? અરે! ભગવાનથી ભાગ્યો! એમના કહેલાં શાસ્ત્રો એનાથી તો હું દૂર દૂર ભાગુ છું. આહાહા! શું કરે છે જીવ તું! મારો અવળો પડયો હોય પણ ઊંધુ એ જ મારે હો. હેં? બીજો કોઈ ઊંધુ મારે એનું? આહાહા! એમ કે પુરાણા ભગવાન થઈ ગયા ને વળી ભગવાન આવા હતા ને એવું પરમપદ હતું ને બધું, સિધ્ધ થઈ ગયા ને એવું છે નહીં કાંઈ કહે. હવે તો બધું એક એક શબ્દ ઓલું તો બહુ. પરમાનંદભાઈને ઓલું લાગ્યું ને એટલે લોકોમાં પ્રસિધ્ધ. જુઓ! આનો અભિપ્રાય આ છે. આવા ભીંડા મારે છે. પણ જુવાનિયા બહુ ભેગા થાય. આહાહા! અરેરેરે! ભાવનગરમાં તો જુવાનિયા બહુ ભેગા થાય. મોટા કોઈ નથી જાતા.

અરે પ્રભુ આનંદ તો તારામાં છે ને પ્રભુ! આ તો કહે ભૌતિકવાદનો થોડો આનંદ આવે પહેલો તો એનો બરાબર તૃપ્ત થાય તો એમાંથી પછી અધ્યાત્મ જાગે. અરે ભગવાન! કયાં ધૂળમાં આનંદ છે? તારા પૈસાના ઢગલામાં, હાડકાં, માંસ, ચામડામાં આનંદ છે? આનંદ તો તારા નિધાનમાં પડયું છે. એ આનંદ દ્વારા આનંદની પર્યાય પ્રગટ થાય તો એને ધર્મ કહેવામાં આવે છે. આવું છે સ્વરૂપચંદભાઈ! જૂના માણસે સાંભળ્યું ન હોય ને લાગે કે આ તે કેવી વાત હશે આ? ગ્રીક લેટિન (જેવી). ભગવાન આવી વાત જ છે તારી હો. આહાહા! સમજાણું કાંઈ?

ભગવાનઆત્માને અમૃતચંદ્રાચાર્ય તો ભગવાન તરીકે જ બોલાવે છે. એ પુણ્ય-પાપના વિકલ્પ

વિનાનો ભગવાન છો ને તું. પરમેશ્વર પૂર્ણ છો ભાઈ! તને ખબર નથી. તને પૂર્ણ શકિત અને પૂર્ણ શકિતવાન એને તું દષ્ટિમાં લેતો નથી. એથી એ પર્યાયના લક્ષ ઉપર, રાગ ઉપર લક્ષ રાખી અને બધું કામ ચલાવે. એ તો દેણદાર થઈને ડૂબી જશે. સમજાણું કાંઈ? આહાહા!

**'આત્મા વડે...'** આહાહા! એને બીજું સાધન નહીં. જુઓ! છ ઢાળામાં આવતું નથી? નિયતનો હેતુ. પણ હેતુ કારણ છે ને.

મુમુક્ષુ :- વ્યવહાર કે નિશ્ચય?

ઉત્તર :- ભલે વ્યવહાર પણ એ કારણ છે ને. એ ધૂળેય નથી સાંભળને. નથી તેને કહેવું તે વ્યવહારનું લક્ષણ છે. છે તેને જાણવું તે નિશ્ચયનું સ્વરૂપ છે. આહાહા! આત્મા વડે ઠીક. એ આત્માને માટે. એ ચોથો બોલ થયો. સંપ્રદાન.

ભગવાનઆત્મા! આ ઉપયોગની વ્યાખ્યામાં આ બધી વાત લીધી છે. ભગવાનઆત્મા વસ્તુ છે ને. અને જાણક-દેખન ઉપયોગ એવો એનો ગુણ છે. તો એ ગુણ દ્વારા એની પર્યાય આત્મા દ્વારા એની પર્યાય પ્રગટ થાય છે. શાંતિની જાણવા-દેખવાની, એ કેવળજ્ઞાનની પર્યાય જે પ્રગટ થાય એ પણ આત્મા દ્વારા પ્રગટ થાય છે. સમજાણું કાંઈ?

આંહી તો એમ કહે છે કે **'આત્મા માટે...'** એ કેવળજ્ઞાન જે આત્મામાં પ્રગટે એ આત્મા દ્વારા અને આત્મામાં રહેવા, રાખવા માટે પ્રગટે છે. એ પર્યાય આત્મામાં રાખવા માટે સંપ્રદાન. આત્મા પોતે પોતાની પર્યાયને આપે અને પોતે લ્યે. દાતા પણ પોતે અને લેનાર પણ પોતે. આહાહા! સમજાણું કાંઈ? આત્મા ષટ્કારક આ છે એ ષટ્કારક એમાં ગુણ પડયા છે આત્મામાં. આ ષટ્કારક જે બતાવે છે ને એ પણ આત્મામાં ષટ્શકિત પડી છે, અનાદિ-અનંત.

કર્તા નામનો જેમ જ્ઞાન ગુણ છે, આનંદ ગુણ છે. એમ કર્તા ગુણ છે, કર્મ ગુણ છે. કરણ ગુણ છે, સંપ્રદાન ગુણ છે, અપાદાન ને અધિકરણ (ગુણ છે). એ આત્મામાં અનાદિ-અનંત શકિત, ગુણ- ગુણ સ્વભાવ પડયો છે. આહાહા! સમજાણું કાંઈ? એના શાંતિ ને આનંદની ધર્મ દશા માટે કોઈના આલંબન ને નિમિત્તના સહારાની એને જરૂર નથી. કેમ કે એ એને માટે કરતો નથી. પોતા માટે કરે, પોતા વડે કરી ને પોતામાં રાખે. બહારની ચીજ તો દેનાર જુદો, વસ્તુ જુદી, લેનાર જુદો, બધું જુદે જુદું.

આ તો આત્મા, દ્રવ્યના ગુણો- દ્રવ્યના ગુણો, ભગવાનના ગુણો. આત્માની શક્તિ એમ જ્યાં નિર્ણય કરે છે ત્યારે એની દશામાં જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામ થાય એ જીવે કર્યા, જીવ વડે કર્યા, જીવ માટે કર્યા. એમાં રાખવા માટે કર્યા. એને લેવા માટે દીધા. સમજાણું કાંઈ? પોતાની પર્યાય લ્યે અને પોતાની પર્યાય દ્યે. એને વિકલ્પની જરૂર નથી. એવો આત્મા છે નિશ્ચયથી. કથન ભલે ભેદ પડ્યો કહે છે. **'આત્મા માટે...'**

આત્મા માટે એમ આવ્યું ને. આત્મા માટે એમ ભેદ પડયો પણ ભેદ છે પણ વસ્તુમાં ભેદ નથી.

લ્યો! આ દાન! શેઠ આ દાન છે ને. તમે બધા દાનના છો ને. ખરા દાન. લ્યો. એય! આ દાનમાં બહુ તમે બેય વખણાવ. એ દાન આપે છે બહુ. પૈસા આપે. માણસો વાતું કરે છે. આંહી કહે છે કે એ પૈસા આપે કોણ. એ તો એની ચીજ છે. એક પરમાણુમાં ષટ્કારક શક્તિ પડી છે. એ પરમાણુ પોતે જ અહીંથી જઇને ફેરફાર થઈને આઘે જાય છે. એ એની પર્યાયને પોતે કરીને પોતામાં રાખે છે. એ કોઈને દેતો-લેતો પરમાણુ કોઈના હાથમાં જાતો નથી. કોઇ રજકણમાં જાતો નથી. કોઈની પાસે જાતો નથી. એમ કહે છે.

મુમુક્ષુ :- શેઠીયા પાસે તો રૂપિયા છે.

ઉત્તર :- ધૂળેય શેઠીયા પાસે પૈસા કયાં છે. એની પાસે તો આત્મા છે. પૈસા તો પૈસાવાળા રાખે. પૈસાવાળો કોણ? જડ. આહાહા! ભગવાનનો માર્ગ દુનિયાથી ઊંધો છે, ઉલટો છે. અજ્ઞાનથી, જ્ઞાન તો ઉલટો જ માર્ગ હોય ને. આહાહા!

કહે છે **'આત્માને માટે...'** સંપ્રદાન થયું. સમ-સમ્યક્ પ્રકારે, પ્ર-વિશેષે દાન દીધું પોતે. આત્માના આનંદ ગુણવાળો આત્મા. એવા ગુણી ઉપર દૃષ્ટિ આપતાં તેમાં જે નિર્મળ પર્યાય પ્રગટ થઈ એ પોતે પાત્ર અને પોતે દેનાર દાતા. એવો પોતે ગુણની પર્યાય પોતે કરીને પોતામાં રાખી. એક તો હજી પકડાવું કઠણ! એ ષટ્કારકમાં તો આવે છે હો, ઓલી ચોપડીમાં આવે છે. એક આપણે ઓલા વ્યાકરણમાં નહીં. વ્યારકણ. કમળાશંકરનું વ્યાકરણ છે. એમાં ષટ્કારક આવે છે. એક ફેરે ગુરુકૂળમાંથી લાવ્યા હતા. સમજાણું? એ આત્મામાં એક વસ્તુ ગુણ ને ગુણી અથવા દ્રવ્યના ગુણો. એમ હોવા છતાં આવા ભેદથી કથન ભલે હો. પણ વસ્તુમાં ભેદ નથી. આહાહા!

છ પ્રકાર પડયા ને. આ તો આત્મા વડે કહે છે. ખરેખર તો જયારે નિશ્ચય એની પર્યાય જે છે. વીતરાગી ધર્મની પર્યાય તે કર્તા, એ વીતરાગી પર્યાય તે તેનું કર્મ, વીતરાગી પર્યાય દ્વારા થયું તે તેનું કરણ, વીતરાગી પર્યાય થઈને રાખી તે થયું તેનું સંપ્રદાન, વીતરાગી પર્યાયમાંથી, પર્યાયમાંથી પર્યાય થઈ. પર્યાયમાંથી એટલે પર્યાયથી પર્યાય થઈ એમ. એ કાંઇ પરથી છે નહીં. એ અપાદાન અને પર્યાયને આધારે પર્યાય થઈ છે. આરે! આરે! દ્રવ્ય-ગુણને આધારે નહીં. ચંદુભાઈ!

કહે છે આત્માને માટે, ભગવાનઆત્મા, એક જાણો એમ કહે, આ તો આત્મા આત્મા જ જાય છે. પણ ત્યારે આત્મા સિવાય ચીજ શું છે તારી પાસે? એ તો બધા અનાત્માની વાતું છે. આ આમ કરવું ને આમ કરવું ને દયા પાળવી ને વ્રત પાળવા ને ભક્તિ કરવી ને પૂજા કરવી આ એ તો વિકલ્પની વાતું છે. વિકલ્પ તો અનાત્મા છે. એ કાંઇ તારી ચીજ નથી. આહાહા! એની પોતાની ચૈતન્યની ઋદ્ધિ ને સંપદાની જ એને ખબર નથી. આ ધૂળ બહારથી કાંઇક મળે પાંચ-પચીસ લાખ રૂપિયા ને કાંઇક શરીર રૂપાળું ને બાયડી છોકરા સારા, એનો મોટો હજીરો. હજીરો એટલે મકાન. બે, પાંચ, દસ લાખનું મકાન

હોય તો જાણે, આહાહા! ધૂળેય નથી. તારી ક્યાં ચીજ હતી એ. તારામાં ક્યાં એ હતી. તારે માટે ક્યાં એ આવી છે? એ તો એને માટે આવી ને એને માટે ત્યાં ઊભી રહી છે એ. તારે માટે પૈસા આવ્યા છે ત્યાં? કેમ હશે આ?

એમાં પણ પરમાણુમાં ષટ્કારક શક્તિ સ્વતંત્ર છે. એને કારણે કર્તા, કર્મ, કરણ થઈને એને કારણે પર્યાય ત્યાં ઊભી છે. તારે કારણે પૈસા ઊભા છે નહીં. આહાહા! પણ અભિમાન! અમે ડાહ્યા થયા, વિચક્ષણ થયા, હોંશિયાર થયા. તો આ મા બાપ કાંઈ મુકી નહોતા ગયા. બાવડે બળથી ભેગું કર્યું છે. બાવડાના બળથી ભેગું કર્યું છે. ધૂળેય કર્યું નથી. તમારા બાપ ક્યાં પૈસા મુકી ગયા હતા. મુકી ગયા હતા?

મુમુક્ષુ :- બાવડાના બળથી ન સમજે.

ઉત્તર :- બાવડે ઘા. હાથના બળથી અમે ભેગું કર્યું છે. નહોતું ને અમે સંપડાવ્યું છે. ધૂળેય નથી કર્યું સાંભળને? પરનું કોણ કરે ને કોણ મેળવે. એમ કહે છે આંહી. શેઠ! આવી વાત છે.

મુમુક્ષુ :- દુનિયા પાગલ.

ઉત્તર :- દુનિયા તો મોટી પાગલ. પાગલ જીવીએ છીએ તો છોકરાએ નો કહ્યું. ગયો આજ ગયો. લઈ ગયા એના બાપ. આંહી મોકલીશ એને વેકેશન પડશે ને બે વાર મોકલીશ આંહી. આ (ઓલું)ભણતર બધું ખોટું છે. આ ભણતર સાચું છે. એમ કહેતા હતા. ડોકટર. એક છોકરો અગિયાર વર્ષનો કહે કે ભણતર તો આ સાચું છે. આ બધા ભણતર ખોટે ખોટા છે. ડોકટરના ભણતર તમારા અજ્ઞાનના મૂઢપણાના છે. એને છે સ્વરૂપચંદભાઈ! મોટાભાઈને આ બધું ડોકટરનું જાણપણું આ બધું. જૂઠું હશે? અજ્ઞાન છે બધું. આ રામજીભાઈને વકીલાત ને વકીલાતનું અજ્ઞાન શું હતું? પૂછ્યું તો કહે અજ્ઞાન હતું. આહાહા!

ભગવાનઆત્મા! અરે બાપા! તારા જ્ઞાનની શું વાતું કરે છો? આ બહારના જેટલા જાણપણા એ બધા કુજ્ઞાન છે. હવે એ તો ઠીક શાસ્ત્ર ભણે ને જ્ઞાન ઉઘડે એ પણ કુજ્ઞાન છે. આત્મા વડે થાય. એમ કહ્યું ને. આત્મા વડે થાય તે જ્ઞાન છે. શાસ્ત્ર વડે થયું તે જ્ઞાન, જ્ઞાન નથી. આહાહા! એને અંતર સંપદાનો લાભ પ્રભુ છે. એના ગર્ભમાં આત્માના પેટમાં તો સિદ્ધપદ થાય એવું એનું ગર્ભ છે. એનામાંથી કોઈ પુણ્ય-પાપ ને સંસાર થાય એવું એનું ગર્ભ ને પેટ છે નહીં. આહાહા! માણસના પેટમાંથી માણસ થાય કાંઈ ઢોર થાતું હશે કોઈ? જનાવર પાકતું હશે?

ભગવાનઆત્મા! વસ્તુ તરીકે મહાનપ્રભુ છે. એને માટે એના વડે જે એને રાખવાની અંદરની ક્રિયા થાય એ આત્માની છે. રાગ થયો, રાગ ગયો. પરમાણુ બંધાઈ જાય એ પરમાણુ બંધાય એ જુદી ચીજ થઈ ગઈ. તેં કાંઈ રાખ્યું નથી કોઈને. કેટલાક કહે ને આપણે ખુબ પુણ્ય કરીએ પછી પુણ્ય ફાટશે ત્યારે ધર્મ થાશે. રાગ અધર્મ થાય ને અધર્મ ખૂબ થાય પછી ધર્મ થાશે. આરે! આરે! કાળા કેર કરે છે ને!

પરમાત્મા ચિદ્દાનંદ સ્વરૂપનો એ અનાદર કરે છે. આહાહા!

ત્રણલોકનો નાથ અપ્પા સો પરમપ્પા. આત્મા પોતે જ પરમાત્મા છે. પરમસ્વરૂપ પરમાત્મા એટલે પરમસ્વરૂપે છે. એ પોતાના સ્વરૂપને માટેની પરિણતિ પોતે કરે તે પોતામાં રાખે છે. કહો, સમજાણું કાંઈ? પૈસા બૈસા આત્મા રાખી શકે, શરીરને રાખી શકે, બાયડી છોકરાને રાખી શકે, હરામ છે હોય તો કહે છે. છોટુભાઈ! આ બધા તમે વિચાર કરો છો ને પૈસા ભેગા કરવામાં. કરોડપતિ કહેવાય જો બધા વિરાણી કરોડો રૂપિયા પેદા કરે છે ત્યાં. છે ને ઓલા આફ્રિકામાં. ગપ્પે ગપ છે. એય! ભારે વાત આ. આવી વાત સાચી હશે આ? આ બધા કરોડપતિઓ. હેં? અરે! ગાંડાના મત શું લેવા હતા. પાગલના મત પાગલ જેવા હોય.

કહે છે. ઓહો! **'આત્માને માટે...'** ભગવાન અનંતગુણનો પિંડ પ્રભુ એ ગુણના આશ્રયે, ગુણ જેને આશ્રયે પડયા એવું જે દ્રવ્ય એનો જયાં આશ્રય કરવા જાય તો એના દ્વારા એની દશા થાય, એ એમાં રહે, કયાંય જાય નહીં અને કયાંય નાશ થાય નહીં.

**'આત્મામાંથી...'** એ પાંચમો બોલ. આત્મામાંથી ધર્મની પર્યાય થાય છે. કોઈ પુણ્યના પરિણામ ને દયા-દાનના વિકલ્પમાંથી ધર્મની પર્યાય ન થાય. કારણ કે પુણ્ય-પાપના પરિણામ એ કાંઈ આત્મા નથી. આત્માથી. આહાહા! પૂર્ણ સ્વરૂપ પૂર્ણ ઈદમપ્રભુ. એમ અંતરદષ્ટિ મુકતાં આત્માથી નિર્મળ પર્યાય વીતરાગી ધર્મ સમ્યગ્દર્શન, જ્ઞાન થાય છે. એ આત્માથી થાય છે. નહીં કે પુણ્યથી, નિમિત્તથી ને શરીરથી થાય છે. કહો, સમજાણું કાંઈ?

પોતામાંથી કીધું ને આત્મામાંથી. એ થકી થી થકી આવે છે ને. પોતામાં કરે છે, આધાર. એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનો આધાર આત્મા છે. આત્માને આધારે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થાય છે. આહાહા! શરીર સારું હોય, રોગ જો ઘણો શરીરમાં હોય તો એ સામાયિક કેવી રીતે કરી શકે? એ આંહી કહે છે કે તારી વાત બધી ભ્રમણામાં ગઈ છે. તું સારો નીરોગી પડયો છે તો તારે કારણે તારામાંથી થઈને ધર્મપર્યાય થાય છે. હવે એને ઘરે સડેલું શરીર છે ભલે પડયું. આહાહા! એનું અસ્તિત્વ તો તારાથી જુદું છે. જીવાસ્તિકાયમાં એ પુદ્ગલાસ્તિકાય આવી ગયું છે અંદર? આંહી એ સિધ્ધ કરવું છે, જીવાસ્તિકાય સિધ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

**'આત્મામાં જાણે છે...'** દેખો, જાણવાની ભાષા લીધી છે ને. **'આત્મા આત્માને આત્મા વડે આત્માને માટે આત્મામાંથી આત્મામાં જાણે છે...'** આત્મામાં જાણે છે, જ્ઞેયમાં જાણે છે એમ નહીં. આ જગતની ચીજો જણાય છે ને? કહે ના. એ તો આત્માને જાણે છે. એ તો આત્મામાં જાણે છે. સમજાણું કાંઈ? આ ચીજ નથી જણાતી. ચીજ સંબંધીનું પોતાનું જ્ઞાન પોતાને આશ્રયે થયેલું એને એ જાણે છે. કહો, સમજાણું?

આ વ્યપદેશની વ્યાખ્યા ચાલે છે. પહેલાં બોલે. **વવદેસા.** સંસ્કૃત છેતાલીસ ગાથા. એનો આ એક વ્યપદેશનો અર્થ આટલો છે. એમ અનન્યપણામાં પણ જેમ દેવદત્તના ફળ, દેવદત્ત જુદો, ફળ જુદું, અંકુશ જુદું એમ અન્યમાં પણ છ પ્રકાર કહેવામાં આવે છે. એમ અનન્યપણામાં પણ છ કારક કહેવામાં આવે છે. લ્યો! સમજાણું કાંઈ? એવું જ એનું સ્વરૂપ છે. એ વ્યપદેશનું કથન થયું. એક વ્યપદેશનું આટલું કથન થયું. હવે સંસ્થાન આવ્યું. છે ને. છેતાલીસ ગાથા બીજો સંસ્થાન, સંઠાણા.

કહે છે **'જેવી રીતે 'ઊંચા દેવદત્તની ઊંચી ગાય...'** ઊંચો દેવદત્ત પાંચ હાથનો લાંબો અને એની ગાય પણ ઊંચી, મોટી. ઊંચા દેવદત્તની ઊંચી ગાય. ગાય પણ જુદી અને દેવદત્ત પણ જુદો. બેયનું સંસ્થાન જુદું. દેવદત્તનું સંસ્થાન પાંચ હાથનો લાંબો મોટો. અને ગાય પણ ઊંચી મોટી લાંબી આમ હોય સમજ્યા ને. ઓલી બાજુ બિહાર દેશમાં ગાયો નાની બકરી જેવી. નાની નાની આવડી આવડી. ખાવાનું સાધન ન મળે ને પાંદડા ખાય. નાની નાની. અહીંની ગાયો કેટલીક જુઓ! તો મોટી હાથણી જેવી. એ મોટી.

એમ **'ઊંચા દેવદત્તની ઊંચી ગાય...'** શું કહેવું છે આ? કે ઊંચો દેવદત્ત એ એનું સંસ્થાન. અને ઊંચી ગાય એ એનું સંસ્થાન બેયના જુદા છતાં એમ કહેવામાં આવે છે. એમ અન્યપણામાં પણ સંસ્થાન હોય છે. તેવી રીતે **'વિશાળ વૃક્ષનો વિશાળ શાખા સમુદાય...'** આરે! આરે! કેટલી યુક્તિથી સિધ્ધ કર્યું છે! શું કીધું? વિશાળ વૃક્ષ, મોટું વૃક્ષ. વિશાળ શાખા સમુદાય. આ છે ને ઉદેરવડ ભરૂચમાં. ઉદેરવડ તો એટલો લાંબો હેં? કબીરવડ- કબીરવડ. એક ફેરે ગયા હતા ઘણા વખતે. કબીરવડ જોવા. ઘણા વર્ષની વાત છે. સાહેબ! સાધુ આવ્યા હતા. એને ગોતવા ગયા હતા. સાધુ કયાં ઉતર્યા છે. કબીરવડ છે આઘે. ત્યાં તો ન હોય કહે. ત્યારે? સામે જગ્યો છે ત્યાં હશે? ત્યાં હાલો. છાંસઠની વાત છે. (૧૯૬૬) ઓગણીસસો છાંસઠ. ત્યાં સાંભળ્યું છે કબીરવડ છે મોટો. કેટલી ડાળું. એમ તો કલકત્તામાં પણ એક ઝાડ છે મોટું નહીં? હેં? બહાર સામે. નદીને ઓલે કાંઠે. છે સાંભળ્યું છે. ત્યાં તો ગયા હતા અમે જોવા. ઓલું તો મોટું કબીરવડ છે.

હવે એ ડાળો કોની? શું કહે છે? **'વિશાળ વૃક્ષનો વિશાળ શાખા સમુદાય...'** વિશાળ મોટું વૃક્ષ અને એની વિશાળ શાખા. એ તો અભેદ થઈ ગયું. હેં? એક જ છે એ તો. વિશાળ વૃક્ષનો વિશાળ શાખા... **'મૂર્ત દ્રવ્યના મૂર્ત ગુણો...'** હવે આવ્યું. એ આ પરમાણુ છે મૂર્ત, જડ, માટી. એના મૂર્ત ગુણો હોય. વર્ણ, રસ, સ્પર્શ, ગંધ એ એના મૂર્ત ગુણો, આના જડના. શરીરના પૈસાના. પૈસા જડ છે ને. તો એના ગુણો પણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, જડ છે. રતિભાઈ! પૈસાના ગુણ શું હશે?

આ દુનિયામાં તો એમ કહે છે કે શું કાંઈક કહે છે ને. પૈસાવાળો. હેં? સર્વે ગુણા કાંચનમ. હા એ. બધા ગુણો સોનામાં વસી ગયા. જેની પાસે બે, પાંચ, દસ, પચીસ લાખ હોય એના છોકરા ડાહ્યા કહેવાય. પૈસા વિનાના છોકરા સારા હોય તો પણ ગાંડા કહેવાય. આ દુનિયા પાગલ. પાગલની આવી

કિંમતો છે. એ સ્વરૂપચંદભાઈ! દુનિયાથી ભાઈ ઊંધુ છે આંહી તો. એમ કહે છે 'સર્વ ગુણો કાંચનમ' ધૂળેય નથી સાંભળને? કાંચનના ગુણ કાંચનના જડ છે. મૂર્ત છે. સોનું મૂર્ત છે અને એના ગુણો મૂર્ત છે. એમાં તારા ગુણ ત્યાં કયાંથી આવ્યા? આહાહા! પૈસાવાળો સાંભળે કે આ કરોડપતિ છે. પાંચ કરોડવાળો છે. એનો છોકરો હોય તો મૂર્ખ જેવો. તોય ભાઈ સાહેબ! ભાઈ સાહેબ! કરે બધા લ્યો! એમાં શું હશે? સામું જુએ. હોય તો બધા બાઈસાહેબ કાગડા જેવી ને. પણ આ પૈસાવાળાના કાંઈક ગુણ, પૈસાવાળાના ગુણ તો જડમાં રહ્યા. એમાં આત્મામાં કયાંથી આવી ગયા? **'મૂર્ત દ્રવ્યના મૂર્ત ગુણો' એમ અનન્યપણામાં પણ (સંસ્થાન) હોય છે...'** લ્યો! સમજાણું કાંઈ? એકમેક થયું ને એ. વૃક્ષ ને વૃક્ષની શાખા એક જ છે. અનન્ય છે, જુદી નથી. એમ મૂર્ત દ્રવ્યના ગુણો મૂર્ત છે. એમ અનન્યપણામાં પણ (સંસ્થાન) હોય છે. લ્યો!

એમ અમૂર્ત દ્રવ્યના ગુણો અમૂર્ત છે. આત્મા અમૂર્ત છે. તો એના ગુણો પણ અમૂર્ત છે. અને જેટલા આકારમાં દ્રવ્ય છે તેટલા આકારમાં એના ગુણો છે. કે ગુણનો આકાર ને દ્રવ્યનો આકાર ફેર હશે? ભગવાનઆત્મા અસંખ્યપ્રદેશી આકાર છે, તો એના ગુણો જે જ્ઞાનાદિ એનો આકાર પણ અસંખ્યપ્રદેશી છે. આવે છે કે નહીં આમાં? તમારે ઓલા નથી. શીખવે. શું કહેવાય સિધ્ધાંત પ્રવેશિકા. દ્રવ્ય કોને કહેવું. આપણા છોકરાઓને શીખવે છે. દ્રવ્ય કોને કહેવું? ગુણના પિંડને દ્રવ્ય કહે છે. દ્રવ્ય કોને કહેવું? કે બાયડી છોકરાવાળો હોય એને દ્રવ્ય કહે છે. એમ કીધું છે ત્યાં? બાયડી છોકરા એનું દ્રવ્ય છે.

ગુણના પિંડને દ્રવ્ય કહે છે. ગુણ કોને કહે છે? દ્રવ્યના સર્વ ભાગમાં અને સર્વ હાલતમાં રહે તેને ગુણ કહે છે. એ જૈન સિધ્ધાંત પ્રવેશિકામાં છોકરાને શીખવે છે એકડા એમાં એ આવે છે. એક જાણો કહે, ..... કહે લ્યો! તમે મોટા આવા પંડિત ને આવું શીખવે? પણ એ પંડિત જ નથી. આ પહેલો એકડો પણ હજી એ શીખ્યો નથી. વસ્તુ ભગવાનઆત્મા એનો જે ગુણ છે જ્ઞાન-દર્શન એ આત્માના સર્વ ક્ષેત્રમાં છે. ભાગ એટલે સર્વ ક્ષેત્રમાં અને સર્વ હાલતમાં. એ ગુણ દરેક અવસ્થામાં એ ગુણ છે. એ દરેક અવસ્થામાં ગુણ છે. પણ કાંઈ બીજી ચીજ આવી ને અવસ્થા થઈ છે એમ છે નહીં. સમજાણું કાંઈ? પ્રશ્નોતરી છે એ શું કહેવાય સિધ્ધાંત પ્રવેશિકા. પ્રશ્નોતરમાળા. એમાં છે એ આપણે પ્રશ્નોતરમાળા હોય. ઓલામાં સિધ્ધાંત પ્રવેશિકામાં.

હવે કહે છે **જેવી રીતે 'એક દેવદત્તની દસ ગાયો...'** પહેલી સંખ્યા, સંખ્યા - સંખ્યા. સંખ્યાના બે ભેદ ને અભેદનું કથન. 'એક દેવદત્તની દસ ગાયો' એમ અન્યપણામાં સંખ્યા હોય છે. **'તેવી રીતે 'એક વૃક્ષની દસ શાખાઓ...'** એ તો અનન્ય થયું. એક વૃક્ષની દસ શાખા તો અનન્ય થયું. ભેગું છે કાંઈ જુદું નથી. એમ **'એક દ્રવ્યના અનંત ગુણો...'** લ્યો! અહીંયા આવ્યું ભાઈ! સમજાણું કાંઈ?

'એક દ્રવ્યના અનંત ગુણો' ઓહોહોહો! એક દેવદત્તની દસ ગાયો. એ ગાય જુદી અને દેવદત્ત

જુદો. એમ કહેવાય છે. એમ એક વૃક્ષની દસ ડાળીઓ. એક ઝાડની દસ ડાળીઓ એ તો અભેદ થઈ ગયું. ડાળીઓના પ્રદેશ જુદા અને વૃક્ષના પ્રદેશ જુદા એમ છે નહીં. એમ એક દ્રવ્યના અનંત ગુણો. ભગવાનઆત્મા એક દ્રવ્ય છે પણ ગુણ અનંત છે. હાય! હાય! કહો, સમજાણું કાંઈ? પરમાણુમાં પણ એમ છે. દરેકને એમ છે હો વસ્તુ એક અને ગુણ અનંત છે. એટલે કે તું એક દ્રવ્યે વસ્તુએ એક છો. પણ ગુણે અનંત છો. વસ્તુ તરીકે એક પણ શક્તિ તરીકે અનંત છો. અનંત અનંત સંખ્યાએ હો. ત્રિકાળ રહે એ જુદી વાત છે. પણ વર્તમાન સંખ્યાએ એક આત્મામાં અનંતા ગુણો છે. કેટલા ગુણો છે અનંતા? સમજાણું કાંઈ? મોટી સંખ્યા છે એની.

છ મહિનાને આઠ સમયમાં છસ્સો ને આઠ સિધ્ધપદને પામે છે. એમ ભગવાને જોયું છે. છ મહિના ને આઠ સમયમાં છસ્સો ને આઠ સિધ્ધપદને પામે છે. અત્યારે પણ મહાવિદેહમાં ભગવાન બિરાજે છે ત્યાંથી પણ છ મહિના ને આઠ સમયમાં છસ્સો ને આઠ મુક્તિ પામે છે. તો અત્યાર સુધીનો કેટલો કાળ ગયો? કેટલા સિધ્ધ થયા? એ સિધ્ધની સંખ્યા અત્યાર સુધીની ભેગી કરો તો નિગોદનું એક શરીર લ્યો બટાટાનું, તે શરીરમાં, એક શરીરમાં અનંત જીવ. એક કટકી લ્યો તો અસંખ્ય શરીર. અને એક શરીરમાં અનંતા જીવ, કેટલા? કે સિધ્ધની સંખ્યા કરતાં અનંત ગુણા. સંખ્યાની તો મૂડીની ખબર હોય કેટલા પૈસા છે એ.

એ સિધ્ધની સંખ્યા અત્યાર સુધી થઈ એના કરતાં બટાટુ-આલુ એની આટલી કટકી લ્યો, તો એમાં અસંખ્ય તો શરીર છે. અને એક શરીરમાં સિધ્ધની સંખ્યા કરતાં અનંત ગુણ છે. અને એ જીવની સંખ્યા કરતાં પરમાણુની સંખ્યા અનંતગુણી છે. આ પરમાણુ કટકા. દ્રવ્ય એના કરતાં ત્રણકાળના સમય અનંતગુણા છે. એના કરતાં આકાશના પ્રદેશ અલોક વ્યાપક કયાંય અંત નથી એના પ્રદેશ અનંતગુણા છે, ત્રણકાળના સમય કરતાં. અને એ આકાશના પ્રદેશ કરતાં એક દ્રવ્યમાં અનંતા અનંતા ગુણો છે. વસ્તુ એક અને આટલા ગુણો. આહાહા! સમજાણું કાંઈ?

એક એક ગુણ જો એક સમયે કહેવા જાય તો અનંતી અનંતી ચોવીસી જાય તો પણ અનંતગુણ કહી શકે નહીં. આહાહા! એવડો ભગવાન છો ને ભાઈ! તને ખબર નથી. તારામાં અનંતી લક્ષ્મી ગુણની પડી છે. ત્યાં જોતો નથી ને ધૂળમાં જયાં ત્યાં પુણ્ય ને પાપ ને સંયોગમાં જોવે છો, બાપુ! હેરાન થઈ જાઈશ તું. એક દ્રવ્યના અનંતગુણો. એ દ્રવ્ય ને ગુણો આમ કીધા ખરા પણ જુદા નથી. દ્રવ્ય ને ગુણોના પ્રદેશ જુદાં નથી. એમાં ને એમાં આખું છે.

અસંખ્યપ્રદેશી એક દ્રવ્ય એમાં અનંતગુણો ભેગા છે. આ એની સામું જોતાં દ્રવ્યની સામું જોતાં એને સમ્યગ્દર્શન ને જ્ઞાન થાય તેને ધર્મ કહેવામાં આવે છે. બાકી પર સામું જોતાં રાગ થાય તેને અધર્મ કહેવામાં આવે છે. વિશેષ કહેવાશે.

**(શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૪૯ - ગાથા :- ૪૬ થી ૪૮
## પોષ વદ - ૪ સોમવાર તા. ૨૬/૧/૭૦

પંચાસ્તિકાય ગુજરાતી ચાલશે ને અત્યારે તો. ગુજરાતી છે. અત્યારે ગુજરાતી ચાલશે ને? છે ને. હા એક બે (હિન્દી) છે. છેતાલીસમી ગાથા ચાલે છે. શું કહે છે? જુઓ! આત્મા છે ને આત્મા તેમાં અનંતગુણ છે. તેના ગુણ તેમાં છે. એ ગુણનો આધાર આત્મા છે. દ્રવ્ય – દ્રવ્ય. દ્રવ્ય એટલે વસ્તુ. તે ગુણનો આધાર દ્રવ્ય છે. સમજાય છે કાંઈ?

તે ગુણનો આધાર દ્રવ્ય એમ કહેવામાં આવ્યું, ભેદરૂપ. એમ હોવા છતાં પણ ગુણ ને દ્રવ્યમાં કોઈ ભેદ નથી. ગુણ અને દ્રવ્ય અભેદ છે. અનંત જ્ઞાનદર્શનઆનંદ એવા ગુણ અને તે દ્રવ્ય એક જ છે. કહેવામાં આવ્યું કે ગુણનો આધાર દ્રવ્ય છે. એમ કહેવામાં આવ્યું. એમ ભેદરૂપ કથન હોવા છતાં પણ દ્રવ્ય અને ગુણમાં અન્યપણું બતાવતા નથી. દ્રવ્ય અને ગુણમાં અનન્યપણું બતાવે છે. બરાબર છે? જુઓ! અહીંયા આવ્યું. પહેલાં આવ્યું ને.

**જેવી રીતે 'એક દેવદત્તની દસ ગાયો...'** સંખ્યા. **એમ અન્યપણામાં સંખ્યા હોય છે. તેવી રીતે 'એક વૃક્ષની દસ શાખાઓ...'** એક ઝાડની દસ ડાળીઓ, શાખા. **'એક દ્રવ્યમાં અનંતગુણ એમ અનન્યપણામાં પણ (સંખ્યા) હોય છે...'** શું કહે છે? ભિન્નપણામાં જેમ સંખ્યા કહેવામાં આવે છે, **'દેવદત્તની ગાયો...'** તો ગાય પણ ભિન્ન અને દેવદત્ત પણ ભિન્ન. એમ આત્મામાં કહેવામાં આવે છે કે આત્માના અનંતગુણ. એમ હોવા છતાં પણ ગુણ અને દ્રવ્ય અન્ય નહીં. તારી પુંજી તારી પાસે છે એમ કહે છે. સમજાય છે કાંઈ? આહા!

જુઓ! **'એક વૃક્ષની દસ શાખાઓ...'** એ અભેદ છે. એક વૃક્ષની દસ ડાળીઓ, શાખા. તો શાખા અને વૃક્ષને ભિન્ન જોવામાં આવે તોપણ વસ્તુ તો એક અભેદ છે. એવી રીતે ભગવાનઆત્મા અને પરમાણુ આદિ બધા દ્રવ્યો. એ દ્રવ્યના અનંતગુણ એમ કહ્યું. દ્રવ્યના અનંતગુણ કહ્યા તે પણ દ્રવ્યથી અનંતગુણ કોઈ ભિન્ન નથી. અભિન્ન છે. સમજાય છે કાંઈ? આહાહા!

પરમાત્મા પોતે અનંતગુણ સંપન્ન છે. સમજાય છે કાંઈ? તેમાં વિકાર આદિ શરીર આદિ છે જ નહીં. પણ અનંતગુણ સહિત છે. આત્મા પોતાનો આત્મા હો, અહીંયા આત્માની વાત ચાલે છે. આહાહા! અનંતગુણ છે. લક્ષ્મી તો અનંત હોતી પણ નથી, લ્યો તમારી પાસે. એ શેઠ! પરમાણુ અનંત હોય છે પરમાણુ. એક પાઈ હોય તોપણ અનંત પરમાણુ હોય છે. એક નોટ હોય તો અનંત પરમાણુ

હોય છે. અનંત રૂપિયા અને અનંત સોનામહોર ને એવું નથી હોતું. એ શેઠ! અનંત સોનામહોર છે? અનંતગુણ હોય છે. આહાહા! કહો, સમજાય છે કાંઈ? આહાહા!

કહે છે જેમ દેવદત્તની ગાય-તે ભિન્નરૂપ છે. ગાય ભિન્ન ચીજ છે અને દેવદત્ત ભિન્ન છે. એમ વૃક્ષની શાખા. એમ ભેદથી કથન કહેવામાં આવે છે. પણ વૃક્ષ ને ડાળીઓ, શાખા તો ભિન્ન નથી. એવી રીતે દ્રવ્યના ગુણો. ભગવાનઆત્મા તેના ગુણો. વસ્તુ એક તેના અનંતગુણ. પદાર્થ એક તેની શકિતઓ અનંત. અનંત શક્તિઓ દ્રવ્યની એમ કહેવામાં આવ્યું છતાં તે ગુણ અને દ્રવ્યની ભિન્નતા બતાવતા નથી. ભાષાથી અન્યપણું કહેવામાં આવે છે પણ ભાવમાં અન્યપણું છે નહીં. સમજાય છે કાંઈ? આના દિકરા, લ્યો! એમ કહેવાય એના? તેને પાંચ દિકરાઓ છે. દિકરા ભિન્ન છે ચીજ (પોતે) ભિન્ન છે. સમજાય છે કાંઈ?

તેવી રીતે વૃક્ષની શાખાઓ અથવા સાકરમાં મીઠાશ. સાકરમાં મીઠાશ. મીઠાશ કહે છે ને. તો સાકરમાં મીઠાશ એમ ભેદ તો થઈ ગયો પણ સાકર અને મીઠાશ બે ભિન્ન ચીજ નથી. સાકર અને મીઠાશ અન્ય ચીજ નથી. સમજાય છે કાંઈ? એમ દ્રવ્યના એક દ્રવ્યના, ભાષા કેવી છે? **'એક દ્રવ્યના અનંતગુણો...'** આહાહા! ચૈતન્ય રત્નાકર આત્મા છે એમ કહે છે. સમજાય છે કાંઈ?

અનંતગુણનો સાગર આત્મા છે. તારા ગુણની સંખ્યા ભગવાને અનંત જોઈ છે. આહાહા! અનંત અનંત અનંત એ તો કાલ કહ્યું હતું ને? આકાશના પ્રદેશ જે અનંત છે તેનાથી પણ અનંતગુણા આત્મામાં ગુણ છે. વસ્તુ એક છતાં શક્તિઓ સંખ્યાએ ગણવામાં આવે તો અનંત છે. જેમ કે જાણવું, દેખવું, શ્રદ્ધવું, ઠરવું, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, સ્વચ્છત્વ, વિભૂતિ, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન એવી ગુણની શકિતની સંખ્યા અનંત એક દ્રવ્યમાં છે. સમજાય છે કાંઈ?

ચૈતન્ય રત્નાકર છે. ભગવાનઆત્મા ચૈતન્ય રત્નાકર-ચૈતન્યના રત્નથી ભરેલો આકાર નામ દરિયો-સમુદ્ર છે. આરે! સમજાય છે કાંઈ? એવી અંતરદષ્ટિ કરવાથી દ્રવ્યનો પત્તો લાગે તો સમ્યગ્દર્શન થાય છે. ભગવાનઆત્મા સંખ્યા એક અને ગુણ અનંત. ઓહોહો! એક અને અનંત. કેટલો ફેર! એક દ્રવ્ય, અનંતગુણ. દ્રવ્યમાં દ્રવ્યના અનંતગુણ એમ ભેદથી કથન થયું. એમ હોવા છતાં પણ દ્રવ્યથી ગુણ અન્યપણાને બતાવતું નથી. સમજાય છે કે નહીં? આ તો અંતરની સમજણની વાત છે. એ ત્યાં સુધી આવ્યું.

હવે વિષયની વાત ચાલે છે. વિષય નામ આધાર. **'જેવી રીતે વાડામાં ગાયો...'** વાડામાં ગાય તો વાડા જુદી ચીજ છે, ગાય જુદી ચીજ છે. વાડામાં ગાય, આ ઘરના દસ માણસો. એમ કહે છે કે નહીં? આ ઘરમાં દસ માણસ છે. ઘર જુદી ચીજ છે, દસ માણસ જુદી ચીજ છે. તે આધાર બીજી ચીજ છે. ઘરનો આધાર અને રહેવાવાળા માણસો આધેય એ તો ભિન્ન ચીજ છે. **'એમ અન્યપણામાં**

**વિષય (આધાર) હોય છે. તેવી રીતે ‘વૃક્ષમાં શાખાઓ...’** ઝાડમાં-વૃક્ષમાં ડાળીઓ. એ કાંઈ ભિન્ન નથી. એમ હોવા છતાં પણ વૃક્ષ ને શાખાઓ અનન્ય છે, એકમેક છે, અભિન્ન છે. સમજાય છે? **‘દ્રવ્યમાં ગુણો’ એમ અનન્યપણામાં પણ (વિષય) હોય છે...’** આહાહા! અનન્યપણામાં એકમેક ચીજ છે. છતાં એમ કહેવામાં આવે છે, કે દ્રવ્યમાં અનંતગુણો. ગુણનો વિષય દ્રવ્ય. એમ આવ્યું ને ભાઈ આમાં? ગુણનો વિષય દ્રવ્ય. અર્થાત્ જે વર્તમાન પર્યાય છે એ પર્યાય એમ નિર્ણય કરે કે ગુણનો વિષય દ્રવ્ય, ગુણનો આધાર દ્રવ્ય. તો પર્યાય જ્યાં ગુણનો આધાર દ્રવ્ય એવી દૃષ્ટિ થાય છે તેને સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ?

કોઈ ક્રિયાકાંડથી ને બહારથી તેની પ્રાપ્તિ થતી નથી. ભારે વાત ભાઈ! દ્રવ્યમાં ગુણ એમ નિર્ણય તો પર્યાય કરે છે ને. પર્યાય નામ વર્તમાન હાલત-દશા. કે દ્રવ્યમાં ગુણ, ગુણનો વિષય દ્રવ્ય. ગુણનો આધાર દ્રવ્ય. મારા અનંતગુણ છે તેનો આધાર દ્રવ્ય-વસ્તુ છે. તેમ પર્યાય નિર્ણય કરે તો પર્યાયમાં સમ્યક્પણું, સત્યપણું જેવી એકમાં અનંતગુણ છે એવું સત્યપણું પ્રતીતમાં આવી જાય છે. વિકલ્પ રહિત પ્રતીત થાય તેનું નામ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? તે ધર્મની પહેલી સીડી છે. આરે પહેલું કઠણ....આ અંદર ઝુકનારો, શોધનારો કોણ એની તો ખબર નથી. સમજાય છે કાંઈ?

બાળકની વાત નહોતી કરી, સાત વર્ષનો છોકરો ચાર-પાંચ વર્ષ પહેલાં સભામાં ઉભા થઈને પૂછ્યું. મહારાજ, આત્મા જુઓ! આત્મા જુઓ! એમ કહે છે, શાંતિથી પ્રશ્ન હતો હો. તો અમને તો ખુલી આંખથી તો બહારની ચીજ દેખાય છે અને આંખ બંધ કરીએ તો અંધારું લાગે છે. અમારે આત્માને ક્યાં જોવો? સ્વરૂપચંદભાઈ! સાત વર્ષનો છોકરો. પાંચ સાત વર્ષ પહેલાની વાત છે. શું નામ છે એનું? પરેશ. પરેશ છોકરો જામનગરમાં છે. હવે ત્યાં જઈશું તો આવશે. આહા! આત્મા જુઓ! આત્મા જાણો, આત્મા દેખો. ક્યાં જોવો? આમ જોઈએ તો આ બહારનું દેખાય છે. આંખ મીંચીએ તો અંધારા દેખાય છે. ભગવાન અંધારાને જોવાવાળો અંધારું નથી. ડોકટર! લોજીક તો બરાબર છે ને? અંધારું છે એ જેમાં જોવામાં આવે છે તે જ્ઞાન સત્તામાં જોવામાં આવે છે. અંધારામાં અંધારું જોવામાં આવતું નથી. ખબર નથી પણ કોઈ દિ’ વિચાર કર્યો નથી તો છોકરાને પ્રશ્ન તો થયો? સાત વર્ષનો બાળક. સાત એકલો સાત હો.

મહારાજ! ઉભો થઈને રાત્રે પૂછ્યું. આત્માને જોવો હોય તો કેવી રીતે જોવો? આંખ મીંચીએ તો અંધારું દેખાય છે, વિચાર કરે હો, સાંભળીને વિચાર કરે. અંધારું દેખાય છે ને. ભાઈ! કેમાં અંધારું દેખાય છે? અંધારામાં અંધારું દેખાય છે? અંધારા દ્વારા અંધારું દેખાય છે? કે અંધારું જેમાં જાણવામાં આવે તે તો જ્ઞાન સત્તામાં અંધારું દેખાય છે. એ તો જ્ઞાનની સત્તાની કબુલાત થઈ ગઈ. સ્વરૂપચંદભાઈ! ત્યાં જ્ઞાનનું સ્વરૂપ છે. જ્યાં જ્ઞાનનું સ્વરૂપ છે ત્યાં અંધારું દેખાય છે. તો સ્વરૂપ છે તે અંધારા રહિત છે અને

જ્ઞાન ને આનંદ ને શાંતિથી સહિત છે. તો જ્ઞાન એકલું જાણે છે એમ નથી. જ્ઞાનની સાથે શ્રદ્ધા પણ છે કે હું જ્ઞાન છું. સ્થિરતા પણ છે કે હું ચારિત્રવંત છું. આનંદ પણ હું છું. એવું જ્ઞાનમાં અનંતગુણથી વિષયવાળું જે દ્રવ્ય છે એવું અંતર લક્ષ કરવાથી અનંતગુણવાળો હું આત્મા છું એવો વિષય હોય છે અને એવી દષ્ટિનો વિષય હોય છે. બહાર બહાર બહાર અનાદિથી કાં તો બહાર પુણ્ય-પાપની ક્રિયા કરે તો રાગ દેખાય રાગ દેખાય. એ રાગ પણ ક્યાં દેખાય છે? એને ખબર પણ ક્યાં છે?

દયા પાળવી, ભક્તિ કરવી એવા વિકલ્પ ઊઠે તો એને જાણવાની પર્યાય છે ને જાણવાની પર્યાય. જાણવાની એક જ પર્યાય છે તો રાગથી તો ભિન્ન છે. આ રાગ, આ વિકલ્પ એવું જે જાણવાનું અસ્તિત્વ છે તેમાં જાણવાનો વિકલ્પ આવે છે. વિકલ્પમાં વિકલ્પ જાણવામાં આવે એમ છે નહીં. આહાહા! શું કરે? કહો લાડુલાલજી!

ભગવાનની જાત્રા કરી ભગવાનની. એ તો શુભભાવ છે. આ શુભભાવ છે તેનો પણ જાણવાવાળો કોણ? શુભભાવ શુભભાવને જાણે છે? શુભભાવ એ તો રાગ છે. રાગ તો ખરેખર અચેતન છે. અચેતનનો અર્થ તેમાં જ્ઞાનગુણનું કિરણ કે પર્યાય નથી. જો આત્મા જ્ઞાનસ્વરૂપ છે તો જ્ઞાનના કિરણનું અંશ રાગમાં નથી. ભક્તિનો રાગ, દયાનો રાગ તે તો રાગ છે. રાગ પોતાને પણ નથી જાણતો અને રાગ સાથે કોઈ ચીજ છે તેને પણ જાણતો નથી. જાણવાવાળો જાણે છે કે હું જ્ઞાન છું અને આ રાગ છે. સમજાય છે કાંઈ?

આવા આવા જ્ઞાનની સાથે અનંતગુણ રહે છે. જાણવું, દેખવું, શ્રદ્ધવું, ઠરવું, આનંદ, સ્વચ્છતા, વિભુત્વનું સર્વવ્યાપકપણું ગુણમાં. એક ગુણમાં અનંતગુણનું વ્યાપકપણું. કર્તા, કર્મ, આનંદની પર્યાયનો કર્તા હું, આનંદનું કર્મ હું, આનંદનું સાધન હું, આનંદ પ્રગટ કરીને હું રાખું છું, આનંદ પોતાથી થાય છે અને આનંદનો આધાર આત્મા છે. છેલ્લે આવ્યું ને? આનંદનો આધાર આત્મા છે. સમજાય છે કાંઈ?

આ દુઃખનો વિકલ્પ થાય છે તેનો આધાર નિમિત્ત પર છે. સમજાય છે કાંઈ? નિશ્ચયથી દુઃખનો આધાર દુઃખ છે. દુઃખની જે પર્યાય ઉત્પન્ન થાય છે એનો આધાર નિશ્ચયથી જુઓ! તો પર્યાયમાં ષટ્કારક પોતાથી છે. અને આનંદનો આધાર આત્મા છે. આરે! ભારે ઝીણું એ આ બધું. વકીલાતમાં આવું આવતું હશે? આહાહા! ભગવાન પરમેશ્વર તીર્થંકર પરમાત્મા ત્રિલોકનાથ કેવળજ્ઞાનીએ જે કેવળજ્ઞાનમાં જોયું, દેખ્યું એવું જે કથન-ઉપદેશમાં આવ્યું (તે) ઈન્દ્રો સાંભળતા હતા, ગણધરો સાંભળતા હતા. ઓહોહો! આવો ચૈતન્ય રત્નાકર હું છું અને મારી મને ખબર નહીં? કેવું આંધળાપણું! સમજાય છે કાંઈ?

લક્ષ્મીની ખબર, શરીરની ખબર, મારું શરીર પાતળું છે, જાડું છે, આવું છે, નીરોગી રહે છે. હું કોણ છું, રોગ ને સરોગ તો જડની દશા છે. એ તો ગુણની પર્યાય જડની છે. તે તારામાં નથી.

ઓહોહો! શરીરની રોગ દશા કે નીરોગ અને તે પ્રત્યે રાગ કે દ્વેષ તે બન્નેથી ભગવાન ભિન્ન છે. આહાહા! આવું ભેદજ્ઞાન કરવામાં ગુણનો આધાર આત્મા છે એ કામ આવે છે. મારા ગુણનું ટકવું તે મારા દ્રવ્યના આધારથી ટકે છે. પુણ્ય-પાપનો જે વિકલ્પ મને ઊઠે છે તેનાથી તે ગુણ ટકતા નથી. ભારે વાતું આવી! ઓલું તો બસ એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા સમજે નહીં ને થઇ રહ્યું મિચ્છામિદુક્કડમ, જાવ. પાથરણું ખાલી કરીને ઊભા થઇ જાય. આજ પડિક્કમણું કરી નાખ્યું. જાદવજીભાઇ! એવું નથી બાપા! ભાઇ! તારી ચીજની તને ખબર નહીં અને તને ધર્મ થઇ જાય એવું બનતું નથી.

દ્રવ્યમાં ગુણ એમ અનન્યપણામાં પણ દ્રવ્યમાં ગુણ, ભગવાનઆત્મામાં ગુણ, ગુણીમાં ગુણ, ગુણીમાં ગુણ એમ ભેદથી કથન થયું તે તો અનન્યપણાની વાત છે. ગુણ અને દ્રવ્ય અનન્ય છે, એક છે. ભિન્ન છે નહીં. **'માટે (એમ સમજવું કે) વ્યપદેશ વગેરે...'** છ બોલ આવ્યા ને? વ્યપદેશ, કથન, સંસ્થાન, સંખ્યા, આધાર એ બધા અનન્યપણામાં પણ કથનમાં આવે છે. અને અન્યપણામાં પણ કથનમાં આવે છે. આ અન્ય નહીં, દ્રવ્ય ને ગુણ અન્ય નહીં. આહાહા!

ભગવાન પરમાત્મા જ્યાં છે ત્યાં તેના અનંતગુણ છે. તે આવ્યું ને? યોગસારમાં નહીં? જ્યાં ચૈતન્ય ત્યાં અનંતગુણ કેવળી બોલે એમ. ભગવાન જ્યાં ચૈતન્ય આત્મા ત્યાં અનંતગુણ, સંખ્યાએ અનંતગુણ. કેવળી બોલે એમ. પ્રગટ અનુભવ આપનો. પોતાની પર્યાયને અંતરમાં લઇને જુએ તો તને પ્રગટ અનુભવ થશે. સમજાય છે કાંઇ? પ્રગટ અનુભવ અપના, નિર્મળ કરો સો પ્રેમ રે ચૈતન્ય પ્રભુ, ચૈતન્યની સંપદા રે ચેતન ધામમાં. ડોકટર! ચૈતન્યની સંપદા રે ચેતન ધામમાં. ભાઇ નવનીતભાઇ! તો આ બંગલા ફંગલા એ કાંઇ આત્મામાં નથી એમ કહે છે. આહાહા!

ચૈતન્યની સંપદા રે ચેતન ધામમાં. એ જ્ઞાન ને આનંદ આદિ અનંતગુણ તારા ધામમાં, તારી સત્તામાં બિરાજે છે. એવી અંતર સમજણ કરીને અંતર દૃષ્ટિ કરવી તો દ્રવ્યનો યથાર્થ સ્વીકાર થાય અને પર્યાય બુધ્ધિ, રાગ બુધ્ધિ ટળવાથી સમ્યગ્દર્શન ને સમ્યગજ્ઞાનના ધર્મની પહેલી સીડી ઉત્પન્ન થાય છે. પહેલી શરૂઆત ત્યાંથી થાય છે. તે વગર ધર્મ થતો નથી. લ્યો! **'દ્રવ્ય-ગુણોમાં વસ્તુપણે ભેદ સિધ્ધ કરતા નથી...'** જુઓ! વ્યપદેશ આદિ દ્રવ્ય-ગુણોમાં કથનથી, સંસ્થાનથી, આધારથી, સંખ્યાથી ભલે ભિન્ન કહેવામાં આવ્યા. પણ દ્રવ્ય નામ વસ્તુ અને તેની શકિતઓ ગુણ તે વસ્તુરૂપથી ભેદ સિધ્ધ નથી કરતા. બેની જુદાઇને સાબિત કરતા નથી. એ છેતાલીસ થઇ. સુડતાલીસ. તમારે સુડતાલીસ કહે છે ને. ચાર અને સાત.

# ગાથા - ૪૭

णाणं धणं च कुव्वदि धणिणं जह णाणिणं च दुविधेहिं ।
भण्णंति तह पुधत्तं एयत्तं चावि तच्चण्हू ।।४७।।

ज्ञानं धनं च करोति धनिनं यथा ज्ञानिनं च द्विविधाभ्याम् ।
भणन्ति तथा पृथक्त्वमेकत्वं चापि तत्त्वज्ञाः ।।४७।।

वस्तुभेदाभेदोदाहरणमेतत् ।

यथा धनं भिन्नास्तित्वनिर्वृत्तं भिन्नास्तित्वनिर्वृत्तस्य, भिन्नसंस्थानं भिन्नसंस्थानस्य, भिन्नसंख्यं भिन्नसांख्यस्य, भिन्नविषयलब्धवृत्तिकं भिन्नविषयलब्धवृत्तिकस्य पुरुषस्य धनीति व्यपदेशं पृथक्त्वप्रकारेण कुरुते, यथा च ज्ञानमभिन्नास्तित्वनिर्वृत्तमभिन्नास्तित्व-निवृत्तस्याभिन्नसंस्थानमभिन्नसंस्थानस्याभिन्नसंख्यमभिन्नसंख्यास्याभिन्नविषयलब्धवृत्तिकम-भिन्नविषयलब्धवृत्तिकस्य पुरुषस्य ज्ञानीति व्यपदेशमेकत्वप्रकारेण कुरुते; तथान्यत्रापि। यत्र द्रव्यस्य भेदेन व्यपदेशादिः तत्र पृथक्त्वं, यत्राभेदेन तत्रैकत्वमिति ।।४७।।

**ધનથી 'ધની' ને જ્ઞાનથી 'જ્ઞાની'-દ્વિધા વ્યપદેશ છે,**
**તે રીત તત્ત્વજ્ઞો કહે એકત્વ તેમ પૃથક્ત્વને. ૪૭.**

**અન્વયાર્થ :-** (यथा) જેવી રીતે (धनं) ધન (च) અને (ज्ञानं) જ્ઞાન (धनिनं) (પુરુષને) 'ધની' (च) અને (ज्ञानिनं) 'જ્ઞાની' (करोति) કરે છે-(द्विविधाभ्याम् भणन्ति) એમ બે પ્રકારે કહેવામાં આવે છે, (तथा) તેવી રીતે (तत्त्वज्ञाः) તત્ત્વજ્ઞો (पृथक्त्वम्) પૃથક્ત્વ (च अपि) તેમ જ (एकत्वम्) એકત્વને કહે છે.

ટીકા :- આ, વસ્તુપણે ભેદ અને (વસ્તુપણે) અભેદનું ઉદાહરણ છે.

જેવી રીતે (૧) ભિન્ન અસ્તિત્વથી રચાયેલું, (૨) ભિન્ન સંસ્થાનવાળું, (૩) ભિન્ન સંખ્યાવાળું અને (૪) ભિન્ન વિષયમાં રહેલું એવું ધન (૧) ભિન્ન અસ્તિત્વથી રચાયેલા, (૨) ભિન્ન સંસ્થાનવાળા, (૩) ભિન્ન સંખ્યાવાળા અને (૪) ભિન્ન વિષયમાં રહેલા એવા પુરુષને 'ધની' એવો વ્યપદેશ પૃથક્ત્વપ્રકારથી કરે છે, તથા જેવી રીતે (૧) અભિન્ન

**અસ્તિત્વથી રચાયેલું, (૨) અભિન્ન સંસ્થાનવાળું, (૩) અભિન્ન સંખ્યાવાળું અને (૪) અભિન્ન વિષયમાં રહેલું એવું જ્ઞાન (૧) અભિન્ન અસ્તિત્વથી રચાયેલા, (૨) અભિન્ન સંસ્થાનવાળા, (૩) અભિન્ન સંખ્યાવાળા અને (૪) અભિન્ન વિષયમાં રહેલાં એવા પુરુષને 'જ્ઞાની' એવો વ્યપદેશ એકત્વપ્રકારથી કરે છે, તેવી રીતે અન્યત્ર પણ સમજવું. જ્યાં દ્રવ્યના ભેદથી વ્યપદેશ વગેરે હોય ત્યાં પૃથક્ત્વ છે. જ્યાં (દ્રવ્યના) અભેદથી (વ્યપદેશ વગેરે) હોય ત્યાં એકત્વ છે. ૪૭.**

## ગાથા - ૪૭ ઉપર પ્રવચન

णाणं धणं च कुव्वदि धणिणं जह णाणिणं च दुविधेहिं ।
भण्णंति तह पुधत्तं एयत्तं चावि तच्चण्हू ।।४७।।

આમાં હરિગીત નથી. પાછળ છે? નહીં. તેની **ટીકાઃ- 'આ વસ્તુપણે ભેદ અને (વસ્તુપણે) અભેદનું ઉદાહરણ છે...'** શું કહે છે જુઓ! **'જેવી રીતે ભિન્ન અસ્તિત્વથી રચાયેલું...'** કોણ? આ 'ધની' ધનનો ધણી. તો ધણી અને ધન ભિન્ન અસ્તિત્વથી રચાયેલાં છે. બેનું એક અસ્તિત્વ નથી. બરાબર છે. શેઠ! શું કીધું? જુઓ! ભિન્ન અસ્તિત્વથી રચિત. કોણ? ધન ને ધની. ચાર લીટી પછી, **'પુરુષને 'ધની' એવો વ્યપદેશ પૃથક્ત્વપ્રકારથી કરે છે...'** ભિન્ન અસ્તિત્વથી રચિત કોણ? કે લક્ષ્મી છે તેનું અસ્તિત્વ ભિન્ન છે. અને ધનનો ધની એમ કહેવામાં આવે છે. ધનીનું અસ્તિત્વ પણ ધનથી ભિન્ન છે. એ તો સમજવામાં આવે છે કે નહીં? લક્ષ્મીનું હોવું અને લક્ષ્મીવાનનું હોવું બન્નેનું હોવાપણું ભિન્ન છે.

દેખો! **'ભિન્ન અસ્તિત્વથી રચિત-રચાયેલા, ભિન્ન સંખ્યાવાળા...'** લક્ષ્મીની સંખ્યા ભિન્ન છે માણસની સંખ્યા ભિન્ન છે. આટલા લક્ષ્મીવાળા. પાંચ કરોડની મૂડીવાળા પાંચ જણ છે. પાંચ જણ એમ કહેવામાં આવે છે ને. તો પાંચ જણની સંખ્યાનું ભિન્ન અસ્તિત્વ છે. અને લક્ષ્મીના અસ્તિત્વની સંખ્યા ભિન્ન છે. કહો, સમજાય છે કાંઈ? અને **'ભિન્ન સંખ્યાવાળા...'** લક્ષ્મીની સંખ્યા વધારે હોય અને માણસની સંખ્યા પણ વધારે હોય. તો તેની ભિન્ન સંખ્યાનું અસ્તિત્વ ભિન્ન છે. સમજાય છે કાંઈ?

કરોડની પુંજી હોય તો બધા કહે. લ્યો! ઘરમાં જેટલા માણસ હોય તે બધા કહે, બે-ત્રણ દીકરીઓ

હોય, ચાર-છ દીકરા હોય તો બધા એમ કહે અમે કરોડપતિ અમે કરોડપતિ. પહેલાં કહે કે નહીં? હેં? શું કહે? ધૂળમાં કહે! એ કરોડનું અસ્તિત્વ ભિન્ન છે અને તારું અસ્તિત્વ ભિન્ન છે. એ દાખલો આપે છે ને, દસ જણા ઘરમાં હોય ભાઈ અમે કરોડપતિ પણ દિકરી જ્યાં સોળ વર્ષની થઈ અને સગાઈ કરી સગાઈ. કોઈ છોકરાની સાથે. તેને ખ્યાલ આવી ગયો, ઓહો! ફલાણા ગામનો છોકરો છે, બસો રૂપિયા પગાર છે. તેના પિતાજી પાસે પચાસ હજારની પુંજી છે. જ્યાં સગાઈ કરી ત્યાં અમે કરોડપતિ અમે કરોડપતિ મટી ગયું. સમજાય છે કાંઈ? એકદમ દશા ફરી ગઈ નહીં. બધા છોકરા-છોકરીઓ કહેતાં હતા ને કે અમે કરોડપતિ અમે કરોડપતિ. ઘર ને વર આ નહીં , ઘર ને વર ઈ. એની પાસે પુંજી એટલી પુંજી અને એ લાવે નોકરી એટલી નોકરી. આ મા-બાપ કાંઈ આપણને ભાગ આપે એવું નથી. હમણા તો સરકારે કાંઈક કાયદો તો કાઢે છે. હેં? માણસ પણ એટલું આપે નહીં. સંઘરી રાખે. કાયદાને ઠગી નાખે. આહાહા!

આંહી કહે છે કે લક્ષ્મીની સંખ્યા ભિન્ન છે. અને લક્ષ્મીવાનની સંખ્યા ભિન્ન છે. તો સંખ્યા ભિન્નનું અસ્તિત્વ ભિન્ન છે. એવી રીતે આત્મામાં અને જ્ઞાનમાં નથી એમ કહેવું છે. આત્મામાં ગુણ જે અનંત છે એમ નથી એમ કહેવું છે. **'ભિન્ન વિષયમાં રહેલું એવું ધન...'** જુઓ! લક્ષ્મીનો આધાર તે છે અને માણસનો આધાર માણસ છે. કે લક્ષ્મીનો આધાર માણસ અને માણસનો આધાર લક્ષ્મી એમ છે નહીં. ભિન્ન વિષયમાં રહેલું એવું ધન. અને **'ભિન્ન અસ્તિત્વથી રચાયેલા, ભિન્ન સંસ્થાનવાળા, ભિન્ન સંખ્યાવાળા, ભિન્ન વિષયમાં રહેલા એવા પુરુષને 'ધની' એવો વ્યપદેશ...'** પહેલી ચીજની વાત કહેતા હતા. પછી ભિન્ન અસ્તિત્વથી રચાયેલ પુરુષ, ભિન્ન સંખ્યા આકારવાળો પુરુષ, ભિન્ન સંખ્યાવાળા પુરુષ, ભિન્ન આધારવાળો પુરુષ. **'એ પુરુષને 'ધની' એવો વ્યપદેશ પૃથક પ્રકારથી કરે છે...'** લક્ષ્મી ભિન્ન અને પુરુષ ભિન્ન. સમજાય છે કાંઈ?

તેમ **'અભિન્ન અસ્તિત્વથી રચાયેલું...'** આહાહા! કેટલી સ્પષ્ટતા કરે છે? ભગવાનઆત્મા તેનો આનંદ ને જ્ઞાન ગુણ. આત્માના ગુણ એમ કહેવામાં આવે છે. છતાં બેનું અસ્તિત્વપણું તો એક જ છે. બરાબર છે? હેં? આ ભીખાભાઈનો હીરો. તો કહે કે હીરાનું અસ્તિત્વ જુદું અને ભીખાભાઈનું અસ્તિત્વ જુદું. એમ આત્માનું જ્ઞાન, એમ નથી કહે છે. એ જ્ઞાન અને આત્માનું અસ્તિત્વ એક છે. સ્વરૂપચંદભાઈ! આ તો લોજીકથી તો વાત સિધ્ધ કરે છે. હેં? આહાહા!

ભગવાન! તું આત્મા અને જ્ઞાન. આત્માનું જ્ઞાન. જેમ ધનીનું ધન. ધનીનું ધન. પણ ધનનું હોવાપણું અને ધણીનું હોવાપણું બેનું અસ્તિત્વ તો ભિન્ન છે. એવી રીતે આત્માનું જ્ઞાન તો બેનું નામ તો ભિન્ન પડયું આત્માનું જ્ઞાન પણ જ્ઞાન ને આત્માનું અસ્તિત્વ ભિન્ન છે? એક જ અસ્તિત્વ છે. આહાહા! સમજાય છે કાંઈ? એ તારા ગુણથી તારું અસ્તિત્વ એક છે એમ કહે છે. બીજાના હોવાપણાના

અસ્તિત્વમાં તારી દૃષ્ટિ કરવી તે તો ભૂલવાળી છે. તારા હોવાપણામાં તારી દૃષ્ટિ કરવી અને યથાર્થ કરવી તે અભૂલવાળી નામ સમ્યગ્દૃષ્ટિ છે. આહાહા!

**'અભિન્ન અસ્તિત્વથી રચિત...'** કોણ? આગળ આવશે. **'અભિન્ન સંસ્થાનવાળા, અભિન્ન સંખ્યાવાળા, અભિન્ન વિષયમાં રહેલું એવું જ્ઞાન...'** જુઓ! એવું જ્ઞાન. હવે આત્મા. પહેલાં ઓલા ધનની વાત કરી હતી ને. ધનીનું અસ્તિત્વ ભિન્ન અને ધનનું અસ્તિત્વ ભિન્ન. એવી રીતે જ્ઞાન એ એક અસ્તિત્વથી રચિત છે. એક જ અસ્તિત્વથી આત્મા અને જ્ઞાન, આત્મા અને આનંદ એક અસ્તિત્વથી એક હોવાપણાથી રચિત છે. તો પહેલાં જ્ઞાનને લીધું પછી આત્માને લીધો. અભિન્ન વિષયમાં એવું જ્ઞાન. અભિન્ન અસ્તિત્વથી રચિત. કોણ? આત્મા. સમજાય છે કાંઈ?

જ્ઞાનથી જ્ઞાની. જ્ઞાનથી જ્ઞાની. ધનથી ધની. ધનથી ધની. તે ભિન્ન ચીજ થઈ. પણ જ્ઞાનથી જ્ઞાની બેનું અસ્તિત્વ એક છે. સમજાય છે કાંઈ? આ તો ન્યાય-દૃષ્ટાંતથી તો સમજાવે છે. શરીરવાળો આત્મા. શરીરનું અસ્તિત્વ ભિન્ન છે અને આત્માનું અસ્તિત્વ ભિન્ન છે. એમ જ્ઞાનથી જ્ઞાની. જ્ઞાન એટલે આત્મા. જ્ઞાન-જાણપણું સ્વભાવ. તેથી જ્ઞાની. બેનું અસ્તિત્વ તો એક છે. જ્ઞાનથી જ્ઞાની કહેવામાં આવ્યું. પણ તેનું અસ્તિત્વ હોવાપણું બે નથી. આત્મા અને જ્ઞાનનું હોવાપણું બે નથી. બેનું હોવાપણું એક છે. સમજાય છે કાંઈ? લોજીક ન્યાયથી. એય જીતુ! સમજાય છે કે નહીં? બરાબર હશે આ? નાગરભાઈનો જીતુ. એ સાચી વાત હશે? કે ભાઈ જીતુનું અસ્તિત્વ જુદું અને નાગરભાઈનું અસ્તિત્વ જુદું. બેનું હોવાપણું. પણ આત્માનું જ્ઞાન. તેનું અસ્તિત્વ એક.

ભગવાનઆત્મા અને આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વભાવ. તો જ્ઞાન આનંદથી આનંદિત આત્મા. પણ એ તો આત્મા અને આનંદનું બેનું અસ્તિત્વ ભિન્ન નથી. અસ્તિત્વ એક છે, સત્તા એક છે. રાગ, પુણ્ય અને શરીરનું અસ્તિત્વ ભિન્ન છે. પણ પોતાનો જ્ઞાન અને આનંદ સ્વભાવ જે છે તેનાથી આત્માને જ્ઞાની અને આનંદિત કહેવું એમ હોવા છતાં પણ બેનું અસ્તિત્વ એક છે. આહાહા! આવી વાત કરે છે ત્યાં જુઓને. કેમ કે જ્ઞાનનું સંસ્થાન એટલું આત્માનું સંસ્થાન-આકાર છે. જ્ઞાન છે તેનું અસ્તિત્વ અને આત્માનું અસ્તિત્વ એક જ છે. જ્ઞાનનો આધાર આત્મા એમ કહેવામાં આધાર અને જ્ઞાન બેનું અસ્તિત્વ એક જ છે. સમજાય છે કાંઈ?

હેં? બહુજ સુંદર. લ્યો! લોજીકથી-ન્યાયથી તો વાત કરે છે. ભાઈ! તારી ચીજ શું છે? કેવી રીતે છે? તે પહેલાં સમજ તો ખરો? સમજ્યા પહેલાં ભટક ભટક આંહીથી મળશે, આંહીથી મળશે. સુખ અહીંયાથી મળશે. લ્યો ને. પુણ્ય-પાપમાંથી સુખ, શરીરમાંથી સુખ. સુખનું અસ્તિત્વ પરમાં છે? આનંદનું અસ્તિત્વ તો તારામાં છે. અને આનંદનું અસ્તિત્વ તારામાં એમ કહેવું એ આધાર-આધેય પણ અસ્તિત્વ ભિન્ન નથી. આનંદ ને આનંદવાળા આત્મા પણ હોવાપણું તો બેનું એક છે. આહાહા! સમજાય છે કાંઈ?

તારે આનંદ જોઈએ તો આનંદનો ધરવાવાળો આત્મા ચીજ અંદર છે. એમ કહે છે. કેમ કે આનંદ ને આત્માનું અસ્તિત્વ નામ હોવાપણાની સત્તા એક છે. સુખી થવું હોય, શાંતિ જોઈતી હોય તો સુખ અને આત્માનું હોવાપણું એક છે. જેવી રીતે લક્ષ્મીવાળા કહેવામાં આવે છે તો લક્ષ્મીનું હોવાપણું ભિન્ન છે અને તેનું (લક્ષ્મીવાળાનું) હોવાપણું ભિન્ન છે. કયાં લક્ષ્મી સાથે આવી છે અહીંયા? જયાં બેઠા હો ત્યાં હોય પણ લક્ષ્મીનું અસ્તિત્વ ભિન્ન છે અને મકાનનું અસ્તિત્વ ભિન્ન છે. તમારું અસ્તિત્વ ભિન્ન છે. આ શરીરનું હોવાપણું ભિન્ન છે અને આત્માનું હોવાપણું ભિન્ન છે. બેયનું હોવાપણું ભિન્ન પોતપોતામાં છે પરથી તો નથી, પરથી તો નથી. પોતાથી છે અને પરથી નથી. તો પોતાનું હોવાપણું સિધ્ધ થાય છે.

એવી રીતે આત્મા જ્ઞાનવાન, આત્મા આનંદવાન. જ્ઞાનનો આધાર આત્મા એમ કહેવામાં આવે છે છતાં બેયનું અસ્તિત્વ-હોવાપણું એક જ છે. ભારે ભાઈ! ભગવાનઆત્મા! હેં? કહો શોભાલાલજી! આ ઓલું આવ્યું હતું. .....નામ આવ્યું હતું. આ કાંઈક છે ને. શું છે આ? અનેકાંત. અનેકાંત છે એમાં તારણસ્વામીનું બધું આવ્યું છે એમાં તમારું નામ કયાંક આવ્યું છે. 'બાલક છાપ' બીડીના નિર્માતા. શેઠ ભગવાનદાસ શોભાલાલભાઈ જૈન. ચમેલી આમાં કયાંથી આવ્યું? ચમેલી શું કહે છે ચમેલી. ભગવાનદાસ શોભાલાલ શેઠ. હમણાં અંદર વાંચ્યું હો. અંદર પડયું હતું ને. એક પુસ્તક વાંચતા હતા ...........તેમાં પડયું હતું. આહાહા! અરે ચોકનું હોવાપણું ભિન્ન છે, બીડીનું હોવાપણું ભિન્ન છે. આત્માનું હોવાપણું ભિન્ન છે. પણ આત્માને જ્ઞાનનું નામ વાપરે છે કે જ્ઞાનનો આધાર આત્મા. જ્ઞાન અનંત દ્રવ્ય એક, ગુણ અનંત દ્રવ્ય એક. એમ કહેવામાં આવે છે છતાં ગુણ અને ગુણીના હોવાપણામાં ભિન્નતા નહીં. અન્યતા નહીં, અનેકતા નહીં. એકતા છે. આહાહા! સમજાય છે કાંઈ? તારે ગુણ જોઈએ તો તારા ગુણનો આધાર આત્મામાં બધું પડયું છે. ગુણનો આધાર કોઈ બીજો નથી. આહાહા!

**'અભિન્ન સંસ્થાનવાળા, અભિન્ન સંખ્યાવાળા અને અભિન્ન વિષયમાં રહેલાં એવા પુરુષને 'જ્ઞાની' એવો વ્યપદેશ...'** જ્ઞાની, આ જ્ઞાની, જ્ઞાનથી જ્ઞાની, ધનથી ધની બેયમાં ફેર છે એમ કહે છે. છોકરાથી છોકરાવાળા બેય ભિન્ન છે. પણ જ્ઞાનથી જ્ઞાની એટલે આત્મા. બેય ભિન્ન નથી. સ્વરૂપચંદભાઈ! બરાબર છે કે નહીં? ન્યાયથી-લોજીકથી તો વાત ચાલે છે ને. આહાહા! અરે! તેની શું આત્મા ચીજ છે અને આત્મામાં કેવા ચૈતન્ય રત્નાકર ગુણ સંખ્યા પડયા છે, કેટલી સંખ્યા છે અને તે સંખ્યા અને આત્મા, આત્મા એક અને ગુણની સંખ્યા અનંત. છતાં બન્નેનો આધાર તો એક જ છે. બેયનું અસ્તિત્વ એક જ છે.

એમ કહે છે કે પુણ્ય-પાપના વિકલ્પના આધારથી આત્માની પ્રાપ્તિ થતી નથી. એમ કહે છે. કોઈ નિમિત્તના આધારથી આત્મા પ્રાપ્ત નથી થતો. એ તો જ્ઞાનનો આનંદનો આધાર આત્મા છે તો આત્માના આધારથી ગુણની પ્રાપ્તિ થાય છે. આહાહા! સમજાય છે કાંઈ? **'જ્ઞાની' એવો વ્યપદેશ કથન**

**એકત્વપ્રકારથી કરે છે...'** એ તો એકપણામાં આ કથન છે. જ્ઞાનથી જ્ઞાની એ તો એકપણામાં કથન છે. ભિન્ન છે નહીં. ઓહોહો! સંતોએ જંગલમાં રહીને એક કરૂણા વિકલ્પની આવી છે તો આવા શાસ્ત્ર બની ગયા. જુઓ! સમજાય છે કાંઈ? આહાહા!

મકાન અને મકાનવાળા એ તો ભિન્ન ચીજ છે. ભિન્ન છે ને કે એક છે. એવી રીતે આનંદ અને આનંદવાળા! ભિન્ન છે કે નહીં? ભિન્નપણું સિધ્ધ નથી કરતાં અનંતપણું સિધ્ધ કરે છે. તારા અનંતગુણથી તારી ચીજ અભિન્ન છે. તો તને શાંતિ અને ધર્મ જોઈએ છે તો અનંતગુણનો આધાર જે ભગવાનઆત્મા તેના ઉપર દૃષ્ટિ કરવી. અનંતગુણની પ્રાપ્તિ પર્યાયમાં થાય છે. પર્યાયમાં જ્યારે પ્રાપ્ત થયો તો અનંતગુણનો આધાર આત્મા છે એવો નિર્ણય થઈ ગયો. કહો, સમજાય છે કાંઈ?

કોઈ લક્ષ્મી દાનથી, કોઈ મંદિર બનાવવાથી, કોઈ ભક્તિ કરવાથી, પૂજા કરવાથી, દયા પાળવાથી આત્માની પર્યાય પ્રાપ્ત થાય છે એમ છે નહીં. કેમ કે આત્માનો ગુણ તો આત્માના આધારે છે. તો પર્યાય જેના આધારે છે તેના ઉપર દૃષ્ટિ કરે તો પ્રગટ થાય છે. તે પર્યાય રાગને આધારે દૃષ્ટિ દે અને પર્યાયમાં નિર્મળતા પ્રગટ થાય એમ બનતું નથી. કહો, ચંપકભાઈ! સમજાય છે કે નહીં આ? આ બધી જુદી જાત છે. તમારે ઓલા ધંધામાં મશગુલ હોય એના કરતાં આ શું કહે છે આવો ધર્મ? ઓલા તો એકેન્દ્રિયા, બેઈન્દ્રિયા, ત્રેઈન્દ્રિયા, પંચેન્દ્રિયા, દયા પાળવી, જાવ વ્રત કરવા, પંચમહાવ્રત કરો અને એક સંઘ કાઢો બે, પાંચ, દસ લાખ ખર્ચ કરીને. ધૂળની પ્રભાવના નહીં, આંહી તો કહે છે. આહાહા!

તારા ગુણથી ભરેલો ભગવાન તેના ઉપર દૃષ્ટિ કરવાથી પર્યાયમાં જે પ્ર-વિશેષે એકાગ્રતા થાય છે તેનું નામ ભગવાન પ્રભાવના કહે છે. જેઠાલાલભાઈ! આ તો બસ પરથી પૈસા ઉઠાવો. બે, પાંચ, દસ લાખ ખર્ચી નાખો. બે, પાંચ હજાર માણસ સાથે લઈ લો. ધર્મની પ્રભાવના. ધર્મની પ્રભાવના પોતાની પર્યાયમાં થાય છે કે બહારમાં થાય છે? બે પ્રકાર એ તો શુભ વિકલ્પથી કહેવામાં આવે છે. શુભ વિકલ્પ પ્રભાવના છે જ નહીં. કેમ છે પાટણીજી!

શુભ વિકલ્પ થાય છે ને તીર્થનો તે પણ પ્રભાવના નથી. નથી તેને કહેવું તેનું નામ વ્યવહાર છે. આહાહા! ભારે વાત ભાઈ! અનંતગુણનો ધણી શેત્રુંજય. અજ્ઞાનમાં રાગ-દ્વેષનો નાશ કરવાવાળો શેત્રુંજય છે. એ અંતર આરૂઢ થાય તો આત્માની જાત્રા, ભક્તિ ને તીર્થ છે. સમજાય છે કાંઈ? બહારમાં તીર્થ, જાત્રા આદિ શુભ વિકલ્પ છે. તે વાસ્તવિક તીર્થ ને ભક્તિ છે નહીં. સમજાય છે કે નહીં?

તન મંદિરમાં જીવ જિન. મંદિર, મૂર્તિ અને જિન. આ તન મંદિરમાં જીવ જિન. ભગવાન જિનસ્વરૂપ પરમાત્મા વીતરાગ અને વીતરાગના ધરવાવાળા. વીતરાગભાવ અને વીતરાગ ધરવાવાળા એમ ભેદથી કથન છે. છતાં વીતરાગભાવ અને વીતરાગ ધરવાવાળાનું અસ્તિત્વ, હોવાપણું સત્તા બેયની એક જ છે. કહો, સમજાય છે કાંઈ?

**'જ્યાં દ્રવ્યના ભેદથી વ્યપદેશ વગેરે હોય ત્યાં પૃથક્ત્વ છે. ધન ધન આદિ. જ્યાં (દ્રવ્યના) અભેદથી (વ્યપદેશ વગેરે) હોય ત્યાં એકત્વ છે.'** ધનથી ધની તે પૃથકની વાત થઈ. જ્ઞાનથી જ્ઞાની તે અભેદથી કથન થયું. આહાહા! કોઈપણ રીતે ગુણ ને ગુણીની એકતા છે તે તેની નજરમાં પડે તે વાત અહીંયા છે. તારા ગુણ શોધવા માટે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી મળે છે. તે નિર્મળ ગુણની પર્યાય કોઈ રાગ અથવા એક સમયની પર્યાય ઉપર લક્ષ જાય તો પણ નહીં. કેમ કે ગુણનો આધાર તો દ્રવ્ય છે. જ્યાં જેનો આધાર છે ત્યાં જાય તો તેનો પત્તો મળે. એક સમયની પર્યાય ઉપર લક્ષ જાય તો પર્યાયનો આધાર તો દ્રવ્ય છે. તો આધાર છે તેની દૃષ્ટિ ન કરે અને તે ઉપર દૃષ્ટિ કરે તો વિકલ્પ ઊઠે છે, રાગ ઊઠે છે. તેમાં આત્માના ગુણની પ્રાપ્તિ થતી નથી. કહો, સમજાય છે કાંઈ? એ સુડતાલીસ ગાથા કીધી. સુડતાલીસમાં શું કીધું? સમજમાં આવ્યું? ધનમાં ધની અને જ્ઞાનમાં જ્ઞાની. આ બે શબ્દ ભિન્ન પડે છે. પણ જ્ઞાન ને જ્ઞાની એક અસ્તિત્વ છે. ધન ને ધનીનું અસ્તિત્વ તેમ એવું સમ્યગ્દર્શન લઈ લેવું.

પહેલાં ધનની વ્યાખ્યા હતી પછી ધનીની હતી. પહેલાં જ્ઞાનની વ્યાખ્યા હતી પછી જ્ઞાની આત્માની વ્યાખ્યા. એવા ચાર બોલ લીધા છે. સમજાય છે કાંઈ? ધનનું અસ્તિત્વ જુદું, ધનની સંખ્યા જુદી, ધનના સંસ્થાન જુદા, ધનના આધાર જુદા. હવે પુરુષ લ્યો. ભિન્ન અસ્તિત્વથી રચિત, ભિન્ન સંસ્થાનવાળા, લક્ષ્મીથી ભિન્ન અસ્તિત્વ રચિત. કોણ? પુરુષ. ભિન્ન સંસ્થાનવાળા, ભિન્ન વિષયવાળા. અને પુરુષને ધની એવો વ્યપદેશ પૃથક્ત્વ પ્રકારથી કરે છે.

જેવી રીતે અભિન્ન અસ્તિત્વથી રચિત જ્ઞાન. જેમ ઓલી ધનની વ્યાખ્યા હતી તેમ આ જ્ઞાનની વ્યાખ્યા. અભિન્ન અસ્તિત્વથી રચિત, એક સંસ્થાનવાળા. અભિન્ન એટલે એક. એક સંખ્યાવાળા, બેયનું એક જ અસ્તિત્વ છે. અભિન્ન વિષયમાં રહેલું એવું જ્ઞાન. આ ઉપયોગની વ્યાખ્યા કરે છે ભાઈ. જીવમાં જ્ઞાન ઉપયોગ, દર્શન ઉપયોગ છે તે ઉપયોગ અને આત્મા ભિન્ન શબ્દ કથનમાં આવે છે પણ ઉપયોગ અને આત્માનું અસ્તિત્વ, સત્તા બે નથી. સમજાય છે કાંઈ?

એમ અભિન્ન અસ્તિત્વથી રચિત કોણ? જ્ઞાની. જ્ઞાનથી જ્ઞાની નામ આત્માનું અસ્તિત્વ એક છે. અભિન્ન સંસ્થાનવાળા. જ્ઞાનનો આકાર અને આત્માનો આકાર એક છે. અભિન્ન સંખ્યાવાળા. જ્ઞાનની સંખ્યા અને આત્માની સંખ્યા-ભલે આત્મા એક અને આ એક પણ વસ્તુ તો એક છે. અભિન્ન આધાર. જ્ઞાન અને જ્ઞાની કહેવામાં આવ્યું પણ જ્ઞાની આધાર અને જ્ઞાન તેમાં રહે છે એમ કહેવું તે પણ એકત્વ સિદ્ધ કરે છે. બેનું એકત્વ સિદ્ધ કરે છે. ભિન્નપણું સિદ્ધ કરતા નથી. આહોહો! આ વાત કેટલી સિદ્ધ કરે છે.

ભાઈ અમે તો ધર્મ શબ્દને પામ્યા છીએ. આ વાત કરવાથી શું છે? તારે ધર્મ સમજવો છે કે નહીં?

ધર્મનો અર્થ શું? ધર્મનો અર્થ વીતરાગી પર્યાય. તો વીતરાગી પર્યાય ક્યાંથી ઉત્પન્ન થાય છે? શું પુણ્ય-પાપના વિકલ્પથી નિમિત્તથી ઉત્પન્ન થાય છે? એમ કહે છે. વીતરાગી પર્યાય ધર્મ તારે કરવો હોય તો વીતરાગભાવ જેને આધારે છે તેની દૃષ્ટિ કરવાથી વીતરાગી પર્યાય ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? આહાહા!

ત્રણ લોકના નાથ પણ કહે છે કે વીતરાગની પર્યાય ઉત્પન્ન કરવામાં કારણ નથી. તેનું અસ્તિત્વ ભિન્ન છે. પરમેશ્વર પરમાત્મા એને પંચાસ્તિકાયમાં પ્રશસ્ત રાગનો વિષય કીધો છે. લ્યો! વળી વિષય આવ્યો છે. એવો વિષય આવે છે. પંચાસ્તિ-આ પંચાસ્તિકાય ચાલે છે ને. આમાં આવે છે ને પાછળ પ્રશસ્ત રાગનો વિષય-વિષય.

ભગવાન તો પ્રશસ્ત રાગ કે શુભ રાગનો વિષય છે. વીતરાગનો વિષય નહીં. છે એમાં? કેટલામું છે જુઓને ક્યાંક આવ્યું હતું. આ પંચાસ્તિકાય જ વંચાય છે. શું કીધું. પ્રશસ્ત આમાં આવે છે ને. આસ્રવ. બંધો, પહેલો મોખો. રાગનું નામ આવે છે ને. આ તો હિન્દી છે ને. હિન્દી બહુ ખબર નહીં. હેં? હિન્દી બહુ ખબર નહીં. લ્યો! જુઓ! હા, એ.

**अरहंतसिद्धसाहुसु भत्ती धम्मम्मि जा य खलु चेट्ठा ।**
**अणुगमणं पि गुरू णं पसत्थरागो त्ति वुच्चंति ।।१३६।।**

સમજાણું કાંઈ? એને પ્રશસ્ત રાગ કહ્યો છે. પહેલો વિષય પ્રશસ્ત છે એ પહેલો. હા, એ. છેલ્લી. પુદ્‌ગલો કે....એકસો છત્રીસને એ. અર્હંત-સિદ્ધ-સાધુઓ પ્રત્યે ભક્તિ ધર્મમાં-વ્યવહારચારિત્રના અનુષ્ઠાનમાં-ભાવનાપ્રધાન ચેષ્ટા અને ગુરુઓનું-આચાર્યાદિનું -રસિકપણે અનુગમન, તે 'પ્રશસ્ત રાગ' છે, કારણ કે તેનો વિષય પ્રશસ્ત છે. બસ એ. લીટી કરી છે.

શું કહે છે? એ શુભરાગનો વિષય ભગવાન છે. એમ કહે છે. સમજાય છે કાંઈ? એ ધર્મની પર્યાયનો આધાર ભગવાન નહીં. આહાહા! અહીં તો કહે આગમ અને શું કીધું આ મૂર્તિ. બે છે આપણે આધાર. હેં? જિનાગમ બધાને આધાર છે. લ્યો! જિનબિંબ અને જિનાગમ બધાને આધાર છે. અહીં કહે છે આગમ એટલે શાસ્ત્ર અને જિનબિંબ એટલે ભગવાનની મૂર્તિ. અહીં કહે છે કે એ શુભરાગના નિમિત્ત છે. શુભરાગનો વિષય છે. ચાહે તો ભગવાનનું સ્મરણ કરે તો એ ભગવાન શુભરાગનો વિષય છે. ભારે કામ આકરું! સ્વરૂપચંદભાઈ! હા, પણ કયુ દર્શન? એ નહીં. એમ અહીંયા કહે છે.

જુઓને અહીંયા શું કહે છે? તેનો વિષય તો પ્રશસ્ત છે. એ ભગવાન દેવ-ગુરુ-શાસ્ત્ર તો શુભરાગનો વિષય છે. હોય પણ તે ધર્મ નહીં. આહાહા! માણસને કઠણ એવું પડે ને! રાગ છે એટલું રાખો ને એ પુણ્ય છે. પુણ્યનું કારણ છે. એ પુણ્ય સંયોગ આપે છે. સ્વભાવની પ્રાપ્તિ તેનાથી થતી નથી.

દેખો! આ તો હિન્દી છે ને. અનુગમન. શું કહે છે? કે અરિહંત-સિધ્ધ-સાધુ પ્રત્યે ભક્તિ. જુઓ! પ્રશસ્ત રાગનું સ્વરૂપ કહે છે ને. એ અરિહંત, સાધુ પ્રત્યેની ભક્તિ શુભરાગ, ધર્મમાં-વ્યવહારચારિત્રના અનુષ્ઠાનમાં-ભાવનાપ્રધાન ચેષ્ટા-પંચમહાવ્રતની અઠયાવીસ મૂળગુણની ક્રિયાનું પરિણામ તે શુભ રાગ અને ગુરુઓનું-આચાર્યાદિનું-રસિકપણે અનુગમન. પંચપરમેષ્ઠી હોય તેને વળાવવા જાવું તેના ગમનમાં તેની પાછળ પાછળ રહેવું. એ વિકલ્પ તે શુભરાગ છે. અનુસરણ-આજ્ઞાંકિતપણું, અનુકૂળ વર્તન. ગુરુઓ પ્રત્યે, રસિકરૂપથી ઉલ્લાસથી, ઉત્સાહથી, રુચિપૂર્વક આજ્ઞાંકિત વર્તવું એ બધું પ્રશસ્ત રાગ છે. શુભરાગ છે. પુણ્ય બંધનું કારણ છે. ધર્મનું કારણ નથી. આરે! આરે! ભારે આકરું કામ! તેનો વિષય પ્રશસ્ત દેખો.

કહે છે, આ તો ઓલો વિષય શબ્દ આવ્યો ને. એટલે એ ખ્યાલ આવ્યો. પ્રશસ્ત રાગનો વિષય તો એ છે. વીતરાગી પર્યાયનો વિષય તો આત્મા છે. ધર્મની વીતરાગી (પર્યાય) સમ્યગ્દર્શન. એ સમ્યગ્દર્શન વીતરાગી પર્યાયનો આધાર ને વિષય તો આત્મા છે. ઓહોહો! એ કીર્તિભાઈ! આ બધું જુઓ! મૂર્તિ ને મંદિર ને એ કહે છે કે બધા શુભરાગનો વિષય એમ કહે છે. વીરચંદભાઈ! લ્યો! આ તો બે લાખનું મકાન કરાવ્યું છે ત્યાં જામનગરમાં મંદિર.આ દસ વર્ષનો મહોત્સવ છે. અહીંયાથી જામનગર જવું છે ને મહાસુદ એકમ.

શુભરાગ થાય છે પણ તે ધર્મનું સ્વરૂપ નહીં અને ધર્મનું કારણ નહીં. પણ આવ્યા વગર રહેતો નથી. વ્યવહાર આવે છે પણ વ્યવહાર ધર્મનું સ્વરૂપ નથી અને ધર્મનો વિષય પણ નહીં. આહાહા! એટલે પછી એક જણાએ એ ઉથાપી નાખ્યું ને, કાઢી નાખ્યું મૂળમાંથી. બીજાએ એમાં ધર્મ મનાવી લીધો. બેય ચીજ ખોટી. સમજાય છે કાંઈ?

એ ભક્તિનો શુભભાવ આદિ આવે છે પણ તે પુણ્ય બંધનું કારણ છે. ભગવાનનું સ્મરણ ણમો અરિહંતાણં, ણમો સિધ્ધાણં એમ કરવું તે પણ શુભરાગ છે. અને તે શુભરાગનો વિષય-ભગવાનનું નામ આવ્યું. તો તો આપણે બસ એકાંતમાં બેઠા રહો. ણમો અરિહંતાણં, ણમો સિધ્ધાણં એ બધા શુભ વિકલ્પ રાગ છે. રાગનો વિષય પરદ્રવ્ય છે. આત્મા તેનો વિષય નથી. આહાહા! જૈન સિધ્ધાંત પાછળ આવે છે ને. ભિન્ન વિષયવાળા આવે છે ને ભાઈ લ્યો! ઓલી બોંતેર ગાથામાં છે. ભિન્ન વિષયવાળા દેવ-ગુરુ-શાસ્ત્ર. એકસો બોંતેર. ભિન્ન વિષયવાળા. લ્યો! એ આગળ આવે છે. આપણે હિન્દી છે ને. આપણે ગુજરાતીમાં પણ આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર ભિન્ન વિષય છે. આત્મા અંદર વીતરાગી પર્યાય એ જ્ઞાનનો વિષય છે. જુઓ! સમજાય છે કાંઈ?

ઓહો! ગજબ શૈલી! દિગમ્બર સંતોની કથની કોઈ અલૌકિક પૂર્વાપર વિરોધ રહિત અને સત્યને સિધ્ધ કરવાવાળી છે. હવે કહે છે કે દ્રવ્ય અને ગુણોને અર્થાંતરપણું હોય તો દોષ આવશે. શું કહે છે?

વસ્તુ અને વસ્તુના ગુણ, ભિન્ન અસ્તિત્વ જો હોય તો તેમાં દોષ આવે છે. વસ્તુ ભગવાન અને તેનો ગુણ. એ ગુણ અને વસ્તુમાં ભિન્નપણું હોય, સમજાય છે કાંઈ? અર્થાંતરપણું-પદાર્થ ભિન્નપણું હોય, ગુણનો પદાર્થ ભિન્ન અને દ્રવ્યનો પદાર્થ ભિન્ન. એમ જો હોય તો તેમાં દોષ આવે છે. એમ છે નહીં.

## ગાથા :-૪૮

**णाणी णाणं च सदा अत्थंतरिदा दु अण्णमण्णस्स ।**
**दोण्हं अचेदणत्तं पसजदि सम्मं जिणावमदं ।।४८।।**

ज्ञानी ज्ञानं च सदार्थान्तरिते त्वन्योऽन्यस्य ।
द्वयोरचेतनत्वं प्रसजति सम्यग् जिनावमतम् ।।४८।।

द्रव्यगुणानामर्थान्तरभूतत्वे दोषोऽयम् ।

ज्ञानी ज्ञानाद्यद्यर्थान्तरभूतस्यदा स्वकरणांशमन्तरेण परशुरहितदेवदत्तवत्करणव्यापारासमर्थत्वादचेतयमानोऽचेतन एव स्यात् । ज्ञानञ्च यदि ज्ञानिनोऽर्थान्तरभूतं तदा तत्कर्त्रंशमन्तरेण देवदत्तरहितपरशुवत्तत्कर्तृत्वव्यापारासमर्थत्वादचेतयमानमचेतनमेव स्यात् । न च ज्ञानज्ञानिनोर्युतसिद्धयोस्संयोगेन चेतनत्वं द्रव्यस्य निर्विशेषस्य गुणानां निराश्रयाणां शून्यत्वादिति ।।४८।।

**જો હોય અર્થાંતરપણું અન્યોન્ય જ્ઞાની-જ્ઞાનને,**
**બન્ને અચેતનતા લહે-જિનદેવને નહિ માન્ય જે. ૪૮.**

**અન્વયાર્થ :-** (ज्ञानी) **જો જ્ઞાની** (-આત્મા) (च) **અને** (ज्ञानं) **જ્ઞાન** (सदा) **સદા** (अन्योऽन्यस्य) **પરસ્પર** (अर्थान्तरिते तु) **અર્થાંતરભૂત** (**ભિન્ન પદાર્થભૂત**) **હોય તો** (द्वयोः) **બન્નેને** (अचेतनत्वं प्रसजति) **અચેતનપણાનો પ્રસંગ આવે**-(सम्यग् जिनावमतम्) **કે જે જિનોને સમ્યક્ પ્રકારે અસંમત છે.**

**ટીકા :- દ્રવ્ય અને ગુણોને અર્થાંતરપણું હોય તો આ (નીચે પ્રમાણે) દોષ આવે.**

**જો જ્ઞાની (-આત્મા) જ્ઞાનથી અર્થાંતરભૂત હોય તો (આત્મા) પોતાના કરણઅંશ**

**વિના, કુહાડી વિનાના દેવદત્તની માફક, [1]કરણનો વ્યાપાર કરવામાં અસમર્થ થવાથી નહી ચેતતો (-જાણતો) થકો અચેતન જ હોય. અને જો જ્ઞાન જ્ઞાનીથી (-આત્માથી) અર્થાંતરભૂત હોય તો જ્ઞાન તેના કર્તૃ-અંશ વિના, દેવદત્ત વિનાની કુહાડીની માફક, તેના [2]કર્તાનો વ્યાપાર કરવામાં અસમર્થ થવાથી નહિ ચેતતું (-જાણતું) થકું અચેતન જ હોય. વળી [3]યુતસિધ્ધ એવાં જ્ઞાન અને જ્ઞાનીને (જ્ઞાન અને આત્માને) સંયોગથી ચેતનપણું હોય એમ પણ નથી, કારણ કે નિર્વિશેષ દ્રવ્ય અને નિરાશ્રય ગુણો શૂન્ય હોય. ૪૮.**

---

## ગાથા ૪૮ ઉપર પ્રવચન

**णाणी णाणं च सदा अत्थंतरिदा दु अण्णमण्णस्स ।**
**दोण्हं अचेदणत्तं पसजदि सम्मं जिणावमदं ।।४८।।**

એ જિનને માન નથી. આહા! ભગવાનનું નામ લઈને કહ્યું, કહે છે. શું કરે દુનિયા માને નહીં એટલે. તેની **ટીકા :-** ટીકા છે ને. **'દ્રવ્ય અને ગુણોને...'** દ્રવ્ય નામ વસ્તુ અને ગુણો નામ શક્તિનો સ્વભાવ. **'અર્થાંતરપણું...'** નામ અનેરું પદાર્થપણું હોય, ભિન્ન ભિન્ન અસ્તિત્વ જો **'હોય તો તેમાં નીચે પ્રમાણે દોષ આવે છે...'**

ભગવાનઆત્મા અને જ્ઞાન-આનંદગુણ. એ આનંદ, જ્ઞાન ગુણનું પદાર્થપણું ભિન્ન અને આત્માનું હોવાપણું ભિન્ન એમ જો હોય તો તેમાં મહા દોષ આવે છે. કેમ કે વસ્તુ એવી છે નહીં. આરે! ભારે વાત! પહેલાં તો પ્રશ્ન શું છે એ સમજાય છે? એમ પરમાણુ. એક પોઈન્ટ છે ને પોઈન્ટ તેમાં વર્ણ, ગંધ, રસ,

---

૧. કરણનો વ્યાપાર = સાધનનું કાર્ય. (આત્મા કર્તા છે અને જ્ઞાન કરણ છે. જો આત્મા જ્ઞાનથી ભિન્ન જ હોય તો આત્મા સાધનનો વ્યાપાર અર્થાત્ જ્ઞાનનું કાર્ય કરવામાં અસમર્થ થવાથી જાણી શકે નહિ તેથી આત્માને અચેતનપણું આવે.)

૨. કર્તાનો વ્યાપાર = કર્તાનું કાર્ય. (જ્ઞાન કરણ છે અને આત્મા કર્તા છે. જો જ્ઞાન આત્માથી ભિન્ન જ હોય તો જ્ઞાન કર્તાનો વ્યાપાર અર્થાત્ આત્માનું કાર્ય કરવામાં અસમર્થ થવાથી જાણી શકે નહિ તેથી જ્ઞાનને અચેતનપણું આવે.)

૩. યુતસિધ્ધ = જોડાઈને સિધ્ધ થયેલ; સમવાયથી-સંયોગથી સિધ્ધ થયેલ. (જેમ લાકડી અને માણસ જુદાં હોવા છતાં લાકડીના યોગથી માણસ 'લાકડીવાળો' થાય છે તેમ જ્ઞાન અને આત્મા જુદાં હોવા છતાં જ્ઞાન સાથે જોડાઈને આત્મા જ્ઞાનવાળો (-જ્ઞાની) થાય છે એમ પણ નથી. લાકડી અને માણસની જેમ જ્ઞાન અને આત્મા કદી જુદાં હોય જ ક્યાંથી? વિશેષ રહિત દ્રવ્ય હોય શકે જ નહિ તેથી જ્ઞાન વિનાનો આત્મા કેવો? અને આશ્રય વિના ગુણ હોય શકે જ નહિ, તેથી આત્મા વિના જ્ઞાન કેવું? માટે લાકડી અને 'લાકડીવાળા'ની માફક 'જ્ઞાન' અને 'જ્ઞાની'નું યુતસિધ્ધપણું ઘટતું નથી.)

સ્પર્શ ગુણ. એ પરમાણુ છે પરમાણુ-રજકણ, પોઈન્ટ. અને તેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ગુણ. એ ગુણનો અર્થ જુદો પદાર્થ જુદો અને દ્રવ્યના પદાર્થ જુદા એમ હોય તો મોટો દોષ આવે છે. ગુણ વિનાનો ગુણી અને ગુણી વિનાનો ગુણ એમ હોય તો ગુણી પણ રહેતો નથી અને ગુણ પણ રહેતા નથી. એમ સિધ્ધ કરે છે. ભારે ભાઈ! હવે નીચે અર્થ કરે છે.

**'જો જ્ઞાની આત્મા...'**-જ્ઞાની એટલે આત્મા. જ્ઞાનનો ધરવાવાળો આત્મા. રાગને ધારણ કરવાવાળો અને શરીરને ધરવાવાળો એ નહીં. ધર્માત્મા એટલે જ્ઞાની આત્મા **'જ્ઞાનથી અર્થાંતરભૂત હોય...'** જ્ઞાન વસ્તુથી આત્માની વસ્તુ ભિન્ન હોય, અર્થાંતર, અર્થ એટલે પદાર્થથી અંતર એટલે અનેરો. જ્ઞાન ગુણનો પદાર્થ અન્ય ને ગુણી જ્ઞાનીનો પદાર્થ અન્ય હોય **'તો પોતાના કરણઅંશ વિના...'** કારણ કે જ્ઞાન તો તેનું કરણ છે. કર્તા આત્મા છે. કર્તા આત્મા અને જ્ઞાન કરણ છે. જો જ્ઞાન અને જ્ઞાનીનો પદાર્થ ભિન્ન હોય **'તો પોતાના કરણ અંશ વિના, કુહાડી રહિત દેવદત્તની માફક...'** એ દેવદત્ત કુહાડી વિના **'કરણનો વ્યાપાર કરવામાં અસમર્થ...'** છે. દેવદત્ત છે અને હથોડી અંકુશ નહીં. તો શું કરી શકે છે? કરણ નથી તો શું કરી શકે? એમ આત્મા અને જ્ઞાન ભિન્ન છે અને આત્મા ભિન્ન છે. તો આત્મા જ્ઞાન કરણ વિના આત્મા જાણવાની ક્રિયા કરી શકતો નથી. આરે! આરે! ભારે વાત ભાઈ!

અહીં તો ધર્મના વિજ્ઞાનનું વિજ્ઞાન છે. સમજાય છે કાંઈ? આત્મા જ્ઞાન એટલે ગુણ જે છે તેનાથી ગુણી, ગુણીથી ગુણ જો ભિન્ન પદાર્થ હોય તો ગુણી પોતાના ગુણ વિના, ગુણના કરણ વિના, ગુણના સાધન વિના એ ગુણ તો અનેરા થઈ ગયા. ગુણી અનેરો થઈ ગયો. તો ગુણ તો સાધન રહ્યું નહીં. પોતાના કરણ અંશ વિના કુહાડી રહિત દેવદત્તની માફક. કુહાડી-દેવદત્તની માફક. કરણનો વ્યાપાર=સાધનનું કાર્ય. લ્યો! નીચે.

આત્મા કર્તા છે અને જ્ઞાન કરણ છે. જો આત્મા જ્ઞાનથી ભિન્ન જ હોય તો આત્મા સાધનનો વ્યાપાર અર્થાત્ જ્ઞાનનું કાર્ય કરવામાં અસમર્થ થવાથી જાણી શકે નહીં, તેથી આત્માને અચેતનપણું આવે. કુહાડી વિના દેવદત્ત કામ ન કરી શકે તેમ આત્મા અને જ્ઞાન બેય ભિન્ન હોય તો જાણવાના કરણ વિના આત્મા જાણવાનું કાર્ય કરી શકે નહીં. માટે જ્ઞાન અને આત્મા એક છે. ભિન્ન પદાર્થ છે નહીં. એમ વિશેષ સિધ્ધ કરે છે.

**(શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૫૦ - ગાથા :- ૪૮
## પોષ વદ-૫ મંગળવાર તા. ૨૭/૧/૭૦

**પંચાસ્તિકાય!** ગાથા અડતાલીસ. **ટીકા** :- ફરીને. **'દ્રવ્ય અને ગુણોને અર્થાંતરપણું હોય...'** અહીં એમ સિધ્ધ કરવું છે કે આત્મા વસ્તુ છે અને જ્ઞાન એનો સ્વભાવ-ગુણ છે. એ અભેદ છે. જ્ઞાન બહારથી આવીને દ્રવ્ય સાથે વળગ્યું છે એમ નથી. એ દ્રવ્યનો સ્વભાવ જ જ્ઞાન છે. એનો સ્વભાવ પુણ્ય-પાપ ને પરમાં થવું, જવું એ છે નહીં. તો એ જ્ઞાનસ્વભાવીઆત્મા કહે છે કે જ્ઞાનગુણ અને આત્મા દ્રવ્ય. બેનું અર્થાંતરપણું હોય, બેનો પદાર્થ ભિન્ન હોય, જ્ઞાન પદાર્થ ભિન્ન અને આત્મા પદાર્થ જુદો હોય **'તો આ નીચે પ્રમાણે દોષ આવે છે...'** જુઓ! અહીંયા અભેદ કર્તા ને કરણ વર્ણવે છે. ભેદ કર્તા અને કરણ પર એ વસ્તુ કથન માત્ર છે. એ વસ્તુ સાચી નથી. સમજાણું કાંઈ?

કહે છે ને કે ભાઈ, ધર્મ કરવામાં સાધન શું? એ કહે છે અહીંયા. કે જ્ઞાની એટલે આત્મા જ્ઞાનથી અર્થાંતર અર્થ એટલે પદાર્થ. અંતર એટલે જુદો. જુદો પદાર્થ હોય, આત્મા અને તેનો જ્ઞાનસ્વભાવ બે જુદા હોય તો આત્મા પોતાના કરણ-અંશ વિના, કરણ-અંશ વિના કરણ એ જ્ઞાન કરણ છે. જ્ઞાન સાધન છે. સમજાણું કાંઈ? ઉપયોગ જાણવા-દેખવાની આત્માની પર્યાય તેનું સાધન જ્ઞાન છે. પુણ્ય-પાપના વિકલ્પ નિમિત્ત એનું સાધન નથી. કહે છે ને કે આ ચશ્મા વિના કેમ જણાય? ફલાણા વિના કેમ થાય? પણ એ કહે છે કે પરને કારણે સાધન તેમાં છે જ નહીં.

એ આત્મા એટલે ધર્મી, જ્ઞાની અને જ્ઞાન તેનો ગુણ એ એનાથી અર્થાંતર હોય **'તો (આત્મા) પોતાના કરણ અંશ વિના...'** કરણ એટલે સાધનના અંશ વિના. અંશી એવો આત્મા કર્તા. અને જ્ઞાન જો એનાથી ભિન્ન હોય તો એનું કરણ અંશ તો ભિન્ન થયો. અને ભિન્ન થયો તો એ જ્ઞાનનું કાર્ય કરી શકે નહીં. સમજાણું કાંઈ? ગયા હશે એમ ને? શેઠની સાથે રાજકોટ, દાંતનું હતું. અહીં એમ કહે છે કે આત્માના જાણવા-દેખવાના પર્યાયના વ્યાપારમાં કર્તા આત્મા અને તેનું જ્ઞાન તે સાધનનો અંશ છે. કરણ એ છે. પુણ્ય-પાપના વિકલ્પો અને ઈન્દ્રિયોથી જાણે છે એ વાત છે નહીં. એમ કહે છે. સમજાણું કાંઈ? એ ખરેખર સાધન આત્મા દ્રવ્ય છે. વસ્તુ છે એટલે જ્ઞાની છે. એનો સ્વભાવ ગુણ એ જ્ઞાન છે. એ જ્ઞાન અને ગુણી દ્રવ્ય બેય જુદા હોય તો આત્મા કરણ નામ સાધનના વિના એ એકલો અચેતન થઈ જાય.

**'કરણ અંશ વિના, કુહાડી વિનાના દેવદત્તની માફક...'** હાથમાં કુહાડી ન હોય અને દેવદત્ત કુહાડીથી કામ કરે-એ કુહાડી ન હોય તો કામ કરી શકે નહીં. આ તો દૃષ્ટાંત આપ્યો છે. એમ

આત્મા અને જ્ઞાનગુણ બેય અભેદ ન હોય, એક ન હોય અને જ્ઞાન અને આત્મા જુદા હોય તો જુદા વડે કામ કરી શકે નહીં. એક અભેદ હોય તો કામ કરી શકે. આરે! ભારે ન્યાય! **'કુહાડી વિનાના દેવદત્તની માફક, કરણનો વ્યાપાર...'** નીચે છે સાધનનું કાર્ય. કરણનો વ્યાપાર એટલે જ્ઞાનરૂપી સાધન. કર્તા આત્મા અને સાધન જ્ઞાન એનો વ્યાપાર એટલે કાર્ય. આત્મા કર્તા છે અને જ્ઞાન તેનું સાધન કરણ છે. જો આત્મા જ્ઞાનથી ભિન્ન જ હોય-ભિન્ન જ હોય તો આત્મા સાધનનો વ્યાપાર એટલે જ્ઞાનનું કાર્ય, સાધનનો વ્યાપાર એટલે જ્ઞાન સાધનનું કાર્ય કરવામાં અસમર્થ થાય. તો જાણી શકે નહીં. તેથી આત્માને અચેતનપણું આવે. એટલી વાત યુક્તિથી ન્યાયથી તો સિધ્ધ કરી છે.

**કુહાડી વિનાના દેવદત્તની માફક, કરણનો વ્યાપાર**, સાધનનો વ્યાપાર. આત્મા કર્તા, જ્ઞાની દ્રવ્ય-જ્ઞાન ભિન્ન હોય તો જ્ઞાનનું કરણનું જે કાર્ય તે આત્મા સાધન વિના, સાધન તો ભિન્ન પડયું. સમજાણું કાંઈ? આત્માનું જ્ઞાન જ્ઞાનની સાથે અભેદ હોય તો તે સાધનનું કાર્ય કરી શકે. જાણવાનું કાર્ય કરી શકે. પણ ભિન્ન જ્ઞાન હોય તો એ સાધન વિના કાર્ય કરી શકે નહીં. જેમ કુહાડી વિનાનો દેવદત્ત કુહાડી વિના કામ કરી શકે નહીં, દૃષ્ટાંત.

**'કરવામાં અસમર્થ હોવાથી...'** કોણ? આત્મા. સાધનનો વ્યાપાર કેમ કે સાધન જ્ઞાન પદાર્થ આત્માથી તો જુદો છે. એમ જો હોય તો જ્ઞાનનું કાર્ય જાણવું એ કરવાને આત્મા અસમર્થ થાય. **'અસમર્થ થવાથી નહિ ચેતતો (-જાણતો) થકો અચેતન જ હોય...'** તે આત્મા અચેતન થઈ જાય. આ દોષ એક આવે. સમજાણું કાંઈ?

આ શરીર વડે કરવું અને ઈન્દ્રિય દ્વારા જાણવું ને એ વાત તો તદ્દન ખોટી છે. એમ કહે છે.

મુમુક્ષુ :- સાધન વિના ઓપરેશન થાય?

ઉત્તર :- એ સાધન વિના ઓપરેશન એ સાધન કોને કહેવું? એ ડોકટર! આ પ્રશ્ન કરે છે. એનું સાધન તો જ્ઞાન છે. બહારની ક્રિયાનું સાધન તેનો ગુણ છે. પરમાણુનો ગુણ જે છે તે પરમાણુ કર્તા અને તેનો ગુણ તે સાધન થવાનું કાર્ય છે. આત્મા ન કરે. ઈંજેકશન મારે ને ઢીંકણું કરે ને આમ કરે. પરમાણુ દ્રવ્ય છે અને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ તેના ગુણ છે. એ ગુણ અને ગુણી બે તદ્દન જુદા હોય તો પરમાણુ ગુણના સાધન વિના કરણના કાર્ય કરી શકે નહીં. એ પરમાણુ કરી શકે નહીં. આત્મા એમ કરી શકે, એમ નહીં. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

આ જો આંગળી છે આ આંગળી. એ આંગળી પરમાણુ છે, એનામાં રંગ, ગંધ, રસ, સ્પર્શ અને રૂપાંતર થવું એવી એની શકિત અને ગુણ છે. એ ગુણ અને એ પરમાણુ જો જુદા હોય તો અર્થાંતર થયું. બે પદાર્થ જુદા થઈ ગયા. જુદા થયા તેથી પરમાણુ તેના રંગ, ગંધ, રસ, સ્પર્શ ગુણ વિના સાધનનું કાર્ય એ એનું કાર્ય છે ગુણનું એ કરી શકે નહીં. એનું પરમાણુ કરી શકે નહીં. આત્મા કરી શકે નહીં એમ નહીં.

લોજીકથી ન્યાયથી તો વિજ્ઞાન બતાવે છે. કહો, સમજાણું કાંઈ?

રાગ વિના કરી શકે નહીં એમ નહીં. આત્મા પોતાનું કાર્ય રાગ વિના કરે છે. પર વિના જ પોતે કામ કરે છે. પરના કામ પર વિના થતાં નથી. પર વિના પરના કાર્ય પોતા વિના થાય છે. સમજાય છે કાંઈ? જો ભગવાનઆત્મા, અને એ વસ્તુ થઈ એ તો. હવે એનો જ્ઞાનગુણ જે છે, સ્વભાવ છે એ સ્વભાવી વસ્તુ અને સ્વભાવ બેનું જુદાપણું પદાર્થનું અસ્તિત્વ જુદું હોય તો આત્મા સાધનરૂપી જ્ઞાન તેના કાર્યને કરી શકે નહીં. અચેતન થઈ જાય. જ્ઞાન સાધન નથી તો આત્મા અચેતન થઈ જાય. સમજાણું કાંઈ? ઓલા બધા લોજીક ને બોજીક બી. એ. ના અને એમ. એ. ના આવડે પણ આ ન આવડે. આહાહા! સમજાણું? હેં? આત્મા અચેતન થઈ જાય. રહે ખરો પણ અચેતન રહે એમ. ગુણ વિનાનો રહે. ગુણનું સાધન કાર્ય-ગુણનું સાધન શું? કાર્ય જ્ઞાનનું. જાણવું. એ જાણવું કરી શકે નહીં. એટલે અચેતન થાય. કહો ધીરૂભાઈ! જડ થઈ જાય. આહાહા! જુઓને કેવી વાત! પરમાત્મા.

ભાઈ! તું તારા સ્વભાવવાન છો. સ્વભાવવાન અને સ્વભાવ બેય જુદી ચીજ નથી. સ્વભાવનું હોવાપણું ક્યાંક અને સ્વભાવીનું હોવાપણું ક્યાંક એમ નથી. તારો સ્વભાવ જાણવું, દેખવું, આનંદ એ સ્વભાવ અને સ્વભાવવાન તું બેય અભિન્ન ચીજ છે. જો તદ્દ્ન ભિન્ન હોય તો આત્મા ભિન્ન ચીજ જે જાણવું-દેખવું એવો જે સ્વભાવ એનું જે કાર્ય જાણવું એ ભિન્ન સાધનથી જે થાય તો પોતાથી થાય નહીં. પોતે તો અચેતન થયો. સમજાણું કાંઈ? આરે! આવી વાત! હેં?

આંહી તો વસ્તુ અભેદ છે. કર્તા અને કાર્ય બે અભેદ હોય. કર્તાનું હોવાપણું ક્યાંક અને સાધન ને ગુણનું, કરણનું હોવાપણું ક્યાંક એમ ન હોય. એમ કહે છે. ઘણા કહે છે ને કર્તા આત્મા ને શરીર આત્માનું કરણ. કહે છે કે જૂઠી વાત છે. એમ હોય શકે નહીં. ભાગીદારી જરીયે નથી એમ કહે છે આંહી તો. એ માટે તો વાત માંડી છે. હેં? જરીયે ભાગીદાર નથી. તને તત્ત્વની જ ખબર નથી. હવે તત્ત્વ જે રીતે છે, તે રીતની સમ્યક્તા જ્યાં દૃષ્ટિમાં ન આવે તો એને સમ્યક્જ્ઞાન અને સમ્યગ્દર્શન થાય નહીં. અને એના વિના જે કાંઈ વિકલ્પો આદિ કરે તે બધો અધર્મ છે. આહાહા! સમજાણું કાંઈ?

આમાં તો ના પાડે છે. ગુરુ દ્વારા નહીં, ઈન્દ્રિય દ્વારા નહીં, મન દ્વારા નહીં. એમ કહે છે. સમજાણું કાંઈ? એને ગુણ જોઈએ એની પાસે બસ એટલી વાત છે. ગુણી વસ્તુ છે એનો ગુણ અભેદ છે. અભેદ જો ન હોય અને જો ભેદ હોય તો આત્મા કર્તા સાધનના ભિન્નપણાને કારણે એ સાધનનું કાર્ય જાણવું એ એકલો અચેતન કરી શકે નહીં. પ્રવીણભાઈ! છે કે નહીં એમાં? આહાહા!

કહે છે કે એણે જાણવાનું કાર્ય પોતાના ગુણ દ્વારા કર્યું છે. શું? નિમિત્ત દ્વારા નહીં. આ શુભ વિકલ્પ ઊઠે છે એના દ્વારા નહીં. એમ કહે છે. કારણ કે વિકલ્પને, ચેતનને ને જ્ઞાનને આત્માને તાદાત્મ્ય સંબંધ છે. પણ રાગને અને આત્માને તાદાત્મ્ય સંબંધ નથી. સમજાણું કાંઈ? આ દયા, દાન, વ્રત,

ભક્તિ આદિના જે ભાવ છે એ વિકલ્પ છે, રાગ છે. એને અને આત્માને એકરૂપ સંબંધ નથી. એ તો સંયોગીભાવ છે. પણ જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, વિકાર રહિતતા એવા ગુણ અને આત્મા બેય અભેદ છે. કે જેથી પોતાના સ્વભાવરૂપ સાધન દ્વારા કર્તા કાર્ય જ્ઞાનનું કરે છે. સ્વભાવરૂપ સાધન દ્વારા આત્મા પોતાના સમ્યગ્દર્શનનું કાર્ય કરે છે. સમ્યગ્દર્શન શ્રધ્ધા અને આત્મા બેય જુદા પદાર્થ નથી. એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

શ્રધ્ધા હો શ્રધ્ધા ત્રિકાળી. ત્રિકાળી શ્રધ્ધા નામનો ગુણ અને આત્મા બે અર્થાંતર એટલે અનેરા પદાર્થ હોય તો આત્મા શ્રધ્ધાગુણના સાધન વિના શ્રધ્ધાનું કાર્ય કરી શકે નહીં. તો શ્રધ્ધાગુણ વિનાનો આત્મા એકલો શ્રધ્ધા વિનાનો ઠર્યો ખાલી એમ હોય શકે નહીં. આહાહા! જુઓને કેવી વાત આવી! ભારે વાત! નાથુલાલજી! હવે આ બધું સમજવાની દરકાર નહીં. અને આ બહારથી પછી બિચારા મુંઝાઈને આ કાંઈક કરો ને કરો ને કાંઈક ફળશે. એક જણો કહેતો હતો. મેં આ ચાલીસ વર્ષથી મુંડાવ્યું છે. તમે કહો છો એવું નહીં. પણ આ મુંડાવ્યું છે તો કાંઈક તો ફળશે કે નહીં? લ્યો! એમ કહેતા હતા. આંહી ઊભા ઊભા એ કહેતા હતા. ચર્ચા થોડીક ચાલી પછી મુંઝાઈ ગયા. પછી કહે પણ આ તમે કહો છો પણ આ ચાલીસ વર્ષથી મુંડાવ્યું છે, સાધુ થયા છીએ. કાંઈક તો ફરક થશે કે નહીં? સાધુ પણ થયા છે જ કે દિ' હજી.

સ્વભાવનું સાધન કરીને કર્તા પોતાની વીતરાગી પર્યાયને પ્રગટ કરે એને સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર ને સાધુપણું કહે છે. હવે એની તો ખબર ન મળે. આ બહારની ક્રિયા સાધન કરીએ છીએ તો અંતરની દશા પ્રગટ થશે. એ તો સાધન પર થયું. ભિન્ન સાધન થયું. ભિન્ન સાધન હોય શકે નહીં. સમજાણું કાંઈ? આકરું કામ ભારે પણ ભાઈ! જગતની હારે મૂળ તત્ત્વની વાતનો મેળ કરવો...લોકો તો એવી જ રીતે કહે એ તો એકાંત છે, એકાંત છે. રાડો પાડ તો પણ આ વસ્તુ તો આવી છે. તારો નાથ પરમાત્મા એ ચૈતન્ય જ્ઞાનગુણનો સ્વામી છે. અને એ ગુણનો સ્વામી પોતાના ગુણ દ્વારા કાર્ય પોતાનું ધર્મનું કરે છે. એ વિના કોઈ સાધનથી કરી શકે એવું વસ્તુમાં છે નહીં. એમ કહે છે. આહાહા!

એમ ચારિત્રગુણ અને આત્મા ગુણી બેના હોવાપણામાં ભેદ નથી. ચારિત્રગુણ છે આત્માનો, વીતરાગતા. વીતરાગતાનો ધરનાર આત્મા. વીતરાગતાનો ગુણ, એ વીતરાગતાનો ગુણ અને આત્મા બે અર્થો એટલે પદાર્થો ભિન્ન ભિન્ન પ્રદેશે, ભિન્ન ભિન્ન ક્ષેત્રે હોય, ભિન્ન ભાવે હોય તો આત્મા ચારિત્રગુણ વિના ચારિત્રનું કાર્ય જે વીતરાગી પર્યાય એ કરી શકે નહીં. આરે! સમજાણું કાંઈ?

પુણ્ય-પાપના ભાવ વિના કરી શકે નહીં એમ નથી લીધું અહીંયા. હેં? કે વ્યવહાર ન હોય તો પણ ચારિત્ર ન કરી શકે એમ નથી. ચારિત્રગુણ એનો જે ત્રિકાળી વીતરાગ સ્વભાવથી ભરેલો ભગવાન એ વીતરાગ સ્વભાવ અને સ્વભાવવાન બે જુદી ચીજ જો હોય તો વીતરાગ સ્વભાવ વડે આત્મા કર્તા થઈને

જે કાર્ય વીતરાગી દશા ચારિત્રની કરવી એ થઈ શકે નહીં. ભારે ભાઈ! આવું સાધારણ બાઈઓને ને બધાને આવું સમજાતું હશે?

મુમુક્ષુ :- કેમ ન સમજાય? આત્મા છે કે નહીં?

ઉત્તર :- આત્મા પણ આ તો સાદી ભાષા છે. આમાં કોઈ પલાખા કે આંકડા નથી ભરવા પડતા.

વસ્તુ છે, વસ્તુનો સ્વભાવ છે. એ એ સ્વભાવનું કાર્ય થાય આ ત્રણ વાત. તો કહે છે કે ભગવાનઆત્મા વસ્તુ છે એમાં જ્ઞાન-શ્રદ્ધા-આનંદ આદિ એનો ગુણ છે. એ ગુણ ને ગુણીનું હોવાપણું અંતર પડીને ભેદ હોય તો કર્તા ગુણના સાધન વિના ગુણનું કાર્ય વીતરાગી પર્યાય આદિ કરી શકે નહીં. એમ કહે છે. કહો, સમજાણું આમાં?

એ એક વાત લીધી. આત્મા અને જ્ઞાન બેય જુદા હોય તો. હવે બીજી વાત. અને જ્ઞાન ને જ્ઞાની જો જુદા હોય તો, હવે ગુણ ને ગુણી જુદા હોય-પહેલાં ગુણી ને ગુણ જુદા લીધા. હવે ગુણ ને ગુણી જુદા હોય તો. આમ ફેરવીને વાત કરે છે.

**'જો જ્ઞાન...'** ગુણ **'જ્ઞાની...'** એટલે **'આત્માથી અર્થાંતર...'** એટલે અનેરો પદાર્થ હોય **'તો જ્ઞાન તેના કર્તૃ-અંશ વિના...'** તો જ્ઞાન નામનો ગુણ તેના કર્તારૂપી દ્રવ્યના અંશ વિના **'દેવદત્ત વિનાની કુહાડીની માફક...'** દેવદત્ત વિનાની કુહાડીની માફક, દેવદત્ત નથી અને એકલી કુહાડી છે. શું કરે? પહેલો કુહાડી છે ને દેવદત્ત નથી. આ દેવદત્ત છે ને કુહાડી નથી. એમ કહે છે હવે. ભારે ભાઈ! સમજાણું કાંઈ?

અંતરનો ભગવાનઆત્મા જ્ઞાનગુણથી, આનંદગુણથી વસ્તુ છે તત્ત્વ આત્મા તે (ચીજ) જો જુદી હોય તો કર્તા-અંશ વિના તે ગુણ પોતાનું સાધન કાર્ય કરી શકે નહીં. નહીં તો એ જ્ઞાન પોતે આત્મા વિનાનો અચેતન થાય. એ જ્ઞાન આત્મા વિનાનું અચેતન થાય. પહેલું જ્ઞાન વિનાનો આત્મા અચેતન થાય. અહીં આત્મા વિનાનું જ્ઞાન અચેતન થાય. ઠાકોરદાસજી! ભારે વાતું ભાઈ!

હવે આપણે જૈન ધર્મ સમજવો છે ભાઈ! જૈન ધર્મ તો આ છકાયની દયા પાળવી, વ્રત પાળવા, ચૌવિહાર કરવો, કંદમૂળ ન ખાવું. ભાઈ સાંભળને હવે શું ચીજ છે. હમણાં ઓલો મશ્કરી કરતો હતો. કે માળા એ જડનું કરવું જડ ખાય. મોજ-શોખ કરો આત્માને કાંઈ ન હોય. પણ જડની ક્રિયા આત્મા કરી શકે જ કે દિ'. મોજ-શોખ શું કરે ધૂળ! કહો, સમજાણું કાંઈ? જડના સાધનવાળો એનો ગુણ તો જડમાં છે. એના સાધન ગુણ દ્વારા જડનું કાર્ય થાય છે. હેં? એ ધીરૂભાઈ! કહો, સમજાણું આમાં? આહા!

ભાઈ! એ તારા સત્ પરમેશ્વર ને તારું સત્ જ્ઞાન કે શ્રદ્ધા કે આનંદ કે ચારિત્ર કે વીતરાગતા એ બે જુદી ચીજ હોય શકે નહીં હો. સમજાય છે? એટલે જુદે તું શોધવા જા, પુણ્ય-પાપમાં શોધવા જા,

દેહની ક્રિયામાં શોધવા જા તો એ તો ભિન્ન ચીજ છે. એમ જો જ્ઞાન ને આનંદ ને ચારિત્રગુણ ને જે શક્તિ છે (તે) ભિન્ન હોય તો આત્મા તે ભિન્ન શક્તિ વિનાનો અચેતન થઈ જાય. અને તે જ્ઞાનગુણ છે તે ગુણી વિનાનો હોય તો એ કર્તા વિનાનો તે ગુણ પણ પોતાનું કાર્ય કરી શકે નહીં. તો એ જ્ઞાનગુણ ને શ્રધ્ધાગુણ પણ અચેતન થઈ જાય. ન્યાય સમજાય છે કાંઈ?

કર્તા ભગવાનઆત્મા અને જ્ઞાન, દર્શન આદિ ગુણો છે તે તેના કરણ નામ સાધન છે. એ સાધન દ્વારા એની ધર્મની પર્યાય પ્રગટ થાય છે. આહાહા! આવી વાત કરી. જુઓ! તો ખરા! સમજાણું કાંઈ? એના ઈન્દ્રિયો કે મન કે પુણ્ય-પાપના વિકલ્પ એ એનું સાધન જ નથી. કારણ કે એ ભિન્ન ચીજનું હોવાપણું છે. સમજાણું કાંઈ? આ સાધનની રાડો પાડે છે ને. સાધન શું? સાધન શું?

આમાં પણ આગળ આવશે. વ્યવહાર સાધન ને નિશ્ચય સાધ્ય. એ તો વ્યવહાર વ્યવહારનયે સાધનનું જ્ઞાન કરાવ્યું. સાધન તો એનો ગુણ ને આનંદ આદિ જે શક્તિ છે એ શક્તિવાનને તેની શક્તિ સાધન છે. સમજાણું કાંઈ? અને તે શક્તિને કર્તા જે આત્મા છે તે કારણ છે. ત્યારે તેનું કાર્ય થાય છે. કહો, સમજાણું કાંઈ?

એ વાત મૂળ પરમેશ્વર વીતરાગની છે આ. ત્રણલોકના નાથ પરમાત્માએ વસ્તુની સ્થિતિ આમ છે અને તે ખ્યાલમાં આવીને બેસી શકે એવી છે. એના ખ્યાલમાં ન આવે એવી આ ચીજ નથી. સમજાવ્યું છે તો સમજનારને સમજાવે છે. સમજાણું કાંઈ? કાંઈ જડને કહેતાં નથી. ભાઈ! તું આત્મા છો ને. હા, તો એમાં કોઈ ગુણ છે કે નહીં? ગુણ વિનાનો ગુણી હોય? ગુણ શક્તિ વિનાનું તત્ત્વ હોય? તો ગુણ એટલે શક્તિ. જ્ઞાનશક્તિ, દર્શનશક્તિ, આનંદશક્તિ, શાંતિશક્તિ એવી શક્તિઓનો કોઈ ભગવાન ભંડાર છે. એ શક્તિથી જો આત્મા બીજો હોય તો આત્મા તે શક્તિના સાધન વિનાનું કાર્ય કરી ન શકે તો આત્મા અચેતન અને ગુણ વિનાનો ખાલી થઈ જાય. અને તે ગુણ છે તે ગુણી વિનાનો હોય, હવે બીજો બોલ એમ ચાલે છે. ડોક્ટર! લોજીકથી તો બધી વાત ચાલે છે હો. ધ્યાન તો રાખે છે બરાબર. આ તો સમજવું પડશે હો. ધૂળ-ધાણીમાં વખત બધા મફતમાં ગાળ્યા છે. ઠાકોરદાસભાઈ! બરાબર છે કે નહીં? સ્વરૂપચંદભાઈ! આટલા વખત ગાળ્યા મફતમાં હેરાન થઈને. આહાહા!

ભગવાન તારા ઘરમાં-તારા ઘરમાં શું છે કહે છે. તું વસ્તુ ને તારા ઘરમાં ભાવમાં તો આનંદ ને જ્ઞાન ને શાંતિ પડી છે. એ શાંતિ અને આનંદની સાથે આત્માને તાદાત્મ્ય સંબંધ છે, તદ્રૂપ સંબંધ છે. પુણ્ય-પાપના વિકલ્પને સંયોગ ભાવ સંબંધ છે. શરીર , વાણી, મનને અન્યભાવરૂપી સંબંધ છે. એ તો અન્ય છે. આહાહા! સમજાણું કાંઈ?

જો જ્ઞાન આત્માથી જ્ઞાનીથી અર્થાંતર એટલે અર્થ અંતર એનું પદાર્થપણું જુદું હોય. જ્ઞાનથી આત્માનું જુદાપણું હોય તો જ્ઞાન તેના કર્તૃ-અંશ વિના, એ ગુણના, ગુણ તો સાધન છે, શક્તિ છે. અને

એ કર્તા આત્મા નથી અને ગુણથી ગુણી તદ્દન જુદો છે તો કર્તાના અંશ વિના, દેખો, કર્તા એક અંશ લીધો. ભાઈ! એ વખતનું કર્તાપણું છે ને. એ કર્તા એક અંશ વિના દેવદત્ત વિનાની એકલી કુહાડી માફક, દેવદત્ત નથી અને કુહાડી છે અને કુહાડીથી કામ થાય એમ બની શકે નહીં. એ તો દૃષ્ટાંત છે હો. આહાહા! કુહાડી કુહાડીથી કામ થાય, દેવદત્ત દેવદત્તથી કામ થાય. આ તો દૃષ્ટાંત કરીને સિધ્ધાંત સિધ્ધ કરવો છે. એનો એક અંશ સિધ્ધ કરવો છે.

**'દેવદત્ત વિનાની કુહાડીની માફક, તેના કર્તાનો વ્યાપાર કરવામાં...'** છે? કર્તાનો વ્યાપાર. કર્તાનું કાર્ય. ઓલું સાધનનું કાર્ય હતું. આ કર્તાનું કાર્ય. જ્ઞાન કરણ છે અને આત્મા કર્તા છે. જો જ્ઞાન આત્માથી ભિન્ન જ હોય તો જ્ઞાન કર્તાનો વ્યાપાર આત્માનું કાર્ય કરવામાં અસમર્થ હોવાથી જાણી શકે નહીં. તેથી જ્ઞાનને અચેતનપણું હોય. ઓલા આત્માને અચેતનપણું આવતું. આ જ્ઞાનને અચેતનપણું આવે છે. સમજાય છે કે નહીં? રમણીકભાઈ આવી ચીજ છે. આ બધી સમજવી પડશે હો. આહા! એ નિશાળે ચડયો નથી, માળો! જ્ઞાનીની કસરતની કેળવણીમાં કસરત કેવી છે એમાં આવ્યો નથી. કસરત કરતાં એને આવડતી નથી. કહો, ભીખુભાઈ! આહાહા! ભાઈ! જ્ઞાની એટલે આત્મા. એની કેળવણી કસરત એમ વળી પાછું.

એનો જ્ઞાનસ્વભાવ છે, આનંદસ્વભાવ છે. સમકિત શ્રધ્ધા એનો ત્રિકાળીસ્વભાવ છે. વીતરાગીભાવ એનો સ્વભાવ છે. એ સ્વભાવ સ્વભાવ વિનાનો હોય તો સ્વભાવ વિનાનો જે જીવ છે એ કર્તા વિનાનો એનો સ્વભાવ કર્તાનું કાર્ય કરી શકે નહીં. આહાહા!

જુઓ! **'અસમર્થ થવાથી નહિ ચેતતું (-જાણતું) થકું...'** કોણ? જ્ઞાન. જ્ઞાન નહીં જાણતું થકું. કેમ કે જ્ઞાનનું હોવાપણું આત્માથી જુદાપણું છે. એટલે આત્મા વિનાનું જ્ઞાન જ્ઞાનનું કાર્ય કરી શકે નહીં. તેથી તે જ્ઞાન અચેતન જ હોય. બે વાત. હવે ત્રીજી વાત. ત્રીજી વાત નાખી વધારે.

**णाणी णाणं च सदा अत्थंतरिदा दु अण्णमण्णस्स ।**
**दोण्हं अचेदणत्तं पसजदि सम्मं जिणावमदं ।।४८।।**

ત્રીજો બોલ ઉપરથી નાખ્યો છે. પછી કહેશે ખરો ને. પછીથી કહેશે કે આંહીથી નાખ્યો છે. એ શૈલી છે અમૃતચંદ્રાચાર્યની.

ત્રીજો બોલ શું છે? **'યુતસિધ્ધ એવા જ્ઞાન અને જ્ઞાનીને (જ્ઞાન અને આત્માને) સંયોગથી ચેતનપણું હોય...'** એટલે શું? કે જ્ઞાની આત્મા જુદો અને જ્ઞાન જુદું. એ જ્ઞાન જોડાઈને જ્ઞાની થયો. સમવાય સંબંધ કહે છે. આ લાકડું જુદું અને શું કહેવાય? અંદર નાખવાની-ખીલી. એ ખીલી ને લાકડા બેય જુદા પછી ખીલી અંદર ગઈ ત્યારે એનો સંબંધ થયો. એમ આત્મા અને જ્ઞાન બેય જુદા હતા, જુદા

પદાર્થ. પછી એ જુદો પદાર્થ આત્મા સાથે જોડાઈ ગયો ત્યારે આત્મા થયો એમ હોય તો પણ વિરોધ છે. એમ હોતું નથી. ન્યાય સમજાય છે?

**'યુતસિધ્ધ...'** જુઓ! નીચે છે. જોડાઈને સિધ્ધ થયેલ. સમવાયથી સંયોગથી સિધ્ધ થયેલ. સંયોગથી સિધ્ધ થયેલ એમ. જેમ લાકડી અને માણસ જુદા હોવા છતાં દેખો, નીચે નોટ છે. લાકડીના યોગથી માણસ લાકડીવાળો થાય. લાકડીના સંબંધથી માણસ લાકડીવાળો થાય. તેમ જ્ઞાન અને આત્મા જુદા હોવા છતાં, ઓલી લાકડી જુદી અને માણસ જુદો. એમ જ્ઞાન જુદું અને આત્મા જુદો. એમ હોય છતાં જ્ઞાન સાથે જોડાઈને આત્મા 'જ્ઞાનવાળો' (-જ્ઞાની) થાય છે એમ પણ નથી. લાકડી અને માણસની જેમ જ્ઞાન અને આત્મા કદી જુદા હોય જ ક્યાંથી? લાકડી અને માણસ તો જુદા છે. એમ જ્ઞાન અને આત્મા કદી જુદા નથી. જુદા નથી કે જુદો લાકડીવાળો આને કહેવામાં આવે એમ જ્ઞાન જુદું હતું એને જ્ઞાનવાળો આત્માને કહેવામાં આવે એમ છે નહીં. ભારે ભાઈ ન્યાય! આહાહા! સમજાણું?

વિશેષ રહિત દ્રવ્ય હોય શકે જ નહીં. પાઠમાં આવશે. તેથી જ્ઞાન વિનાનો આત્મા કહેવો. દ્રવ્યનું વસ્તુપણું તેના ગુણના વિશેષ વિના તે દ્રવ્ય હોય શકે નહીં. માટે જ્ઞાન વિનાનો આત્મા કેવો? અને આશ્રય વિના ગુણ હોય શકે જ નહીં. ગુણનો આધાર ન હોય અને ગુણ રહે એમ બની શકે નહીં. તેથી આત્મા વિના જ્ઞાન કેવું? માટે 'લાકડી' અને 'લાકડીવાળા'ની માફક 'જ્ઞાન' અને 'જ્ઞાની'નું યુતસિધ્ધપણું ઘટતું નથી. શું કીધું સમજાણું કાંઈ? પૈસાવાળો, લાકડીવાળો. તો પૈસા પણ જુદા અને ઓલું પણ જુદું. પૈસાવાળો કહેવાણો. એમ કહે છે કે જ્ઞાન જુદું અને આત્મા પણ જુદો. પછી જ્ઞાન જોડાઈ ગયું ત્યારે જ્ઞાનવાળો આત્મા એમ છે નહીં. એમ નથી. હેં? આ તો ભારે! બાપુ તારા ગુણો ને ગુણીથી અભેદ ચીજ છે. તારી દૃષ્ટિ અભેદ ઉપર જતાં એ ગુણનું શાંતિ ને આનંદનું કાર્ય થાય તે સાધન તેનું ગુણ અને આનંદ છે. એના સાધન માટે ધર્મના સાધન માટે રાગ અને પુણ્યનું સાધન નથી. એમ આંહી સિધ્ધ કરવું છે.

ભાઈ! આંહી ઉપયોગને સિધ્ધ કરવો છે ને. હા, ઉપયોગનો અધિકાર છે. આહા! ભારે! મેટ્રીક ભણવું હોય અને તેનો પ્રોફેસર બે કલાક બોલી જાય, હાંકયે રાખે ગાડર તો સાંભળી લ્યે. સમજયાને. એ જે હોય તે સાચું જાવ. આ શું કહે છે ભગવાન. આ ભગવાન પ્રોફેસર છે સર્વજ્ઞના જ્ઞાનના. એ એમ કહે છે કે ભાઈ! તું અને તારો જ્ઞાનગુણ, તું અને તારો આનંદગુણ, તું અને તારો વીતરાગીગુણ એ બેના અંશો તદ્દન જુદા હોય તો તે વીતરાગભાવ કર્તા વિના કામ કરી શકે નહીં. અને કર્તા વીતરાગભાવ વિના કામ કરી શકે નહીં. કર્તા સાધન વિના કરી શકે નહીં. અને સાધન કર્તા વિના કરી શકે નહીં. હેં? કહો, બરાબર છે? ભારે! આવો પણ ધર્મની સમજવાની રીત કેવી આ?

કહે છે કે જેમ શરીર ને વાણી જુદા છે, એવી રીતે જો ગુણ ને ગુણી જુદા હોય તો તારો મેળ ક્યાંય નહીં ખાય. જેમ પુણ્ય-પાપના ભાવ ને આત્મા જુદો છે તેમ આત્મા અને તેની ગુણની શક્તિઓ

જુદી હોય તો શકિતના સાધન વિના આત્મા તેનું કાર્ય કરી શકે નહીં. અને એકલી શકિત હોય તો તેના કર્તા આત્મા વિના તે કાર્ય કરી શકે નહીં. એટલે સાધન પણ અચેતન થઈ જાય. આવી વાત છે. અરે! આ તો લોજીક માટે વકીલો ને જજ કોર્ટમાં કહેને એવું માંડયું છે બધું. ન્યાંય બધું સમજવા જેવું હોય સ્થૂળ. આ તો મૂળ તત્ત્વની વાત છે. હેં? મૂળભૂત છે ભગવાન. તારું જાણવું અને આનંદ જે છે ને એ આનંદ ને જ્ઞાન ને આત્માને એક માન્યા વિના તારી દૃષ્ટિ સાચી થશે નહીં. આહાહા! કહો, શાંતિભાઈ! આવી વાત છે. હાંકયે રાખે. થઈ જાવ નાગા થઈ જાવ, સાધુ થઈ જાવ. બાયડી, છોકરા છોડી દયો. છોડેલાં જ પડયા છે. કયાં તારામાં ગરી ગયા હતા. પરને છોડવું એ તો પરનું અભિમાન થયું છે. પરદ્રવ્યનો હક્ક છે તને છોડવાનો ને લેવોનો? તારામાં કે દિ' હતા. પરદ્રવ્યને છોડ. તું પરદ્રવ્યનો સ્વામી છો કે છોડ? સમજાય છે કાંઈ? આહાહા!

રાગને છોડ એ પણ આંહી નથી, આંહી તો કહે છે. રાગ કયાં તારા ગુણમાં અંદર ગરી ગયો છે. રાગ તો કૃત્રિમ છે. તારો ગુણ જે છે તે ગુણી સાથે અભેદ છે. એમ અભેદ દૃષ્ટિ કરતાં રાગ છૂટી જાય છે. કારણ કે છૂટેલું જ તત્ત્વ છે એ છૂટી જાય છે સંબંધ. આહાહા! ભગવાનઆત્મા જ્ઞાન અને આનંદના ગુણવાળો છે. ત્રણ બોલ મુકયા. કે આત્મા ગુણ વિનાનો હોય તો કર્તૃ વિના, એ સાધન વિના એ આત્મા કર્તા, કામ કરી શકે નહીં. દેવદત્ત કુહાડી વિના કાપી શકે નહીં તેમ.

બીજી વાત. તે ગુણ જો ગુણીના આશ્રય, આધાર અને અભેદ વિનાનો હોય અને ભેદ જો હોય, તો એ ગુણ જે આનંદ ને શાંતિ ને વીતરાગતા છે તે આત્માના આશ્રય વિના, આત્મામાં અભેદ વિના એ કર્તા થયા વિના એ એકલા ગુણો અચેતન થઈને ચેતનનું કાર્ય કરી શકે નહીં.

ત્રીજી વાત. આ બે થઈ. એ ગુણ જુદા હોય અને આત્મા સાથે જોડાઈને આવે એમ હોય તો પણ એમ બની શકતું નથી. શું કીધું? જુઓ! કેમ? એ છેલ્લે કહે છે. જુઓ! **'યુતસિધ્ધ એવા જ્ઞાન અને જ્ઞાનીને સંયોગથી ચેતનપણું...'** સંયોગથી. સ્વભાવથી અને અભેદથી નહીં. પણ ગુણ અને આત્મા ગુણીનો સંયોગથી સંબંધ **'હોય એમ પણ નથી...'** કારણ. હવે કારણ એનું આપે છે. ઓલા બેનું કારણ આપ્યું. **કારણ કે 'નિર્વિશેષ દ્રવ્ય...'** વિશેષ વિનાનો પદાર્થ અને ગુણ આશ્રય વિનાના શૂન્ય થઈ જાય.

વિશેષ વિનાનું દ્રવ્ય શૂન્ય હોય અને ગુણને આધાર દ્રવ્ય ન હોય તો ગુણ પણ શૂન્ય થઈ જાય. ભારે વાતું ભાઈ! આ હવે બિચારા. સાંઈઠ સાંઈઠ વર્ષની ડોશીયું હોય, સીંતેર વર્ષની અને સામાયિક લઈને બેસે આ ઓલી કરીને ધૂળ લઈને. શું? એ તો પહેલાં હતું. અત્યારે તો ઘડીયાળું લઈને બેસે. અમારે ઉમરાળામાં બહુ થાતું. જે અમે રહેતાને કણબીવાડમાં એમાં ડોશીયું ઘણી રહેતી. સાંજ-સવાર જાય. છોકરા નાના નાના ફરીએ ને અંદર બેઠી હોય ........ અડતાલીસ મિનિટ પૂરી થઈ જાય. ધૂળ

ખરીને હેઠે ઘડીયાલમાંથી. ઊઠે ઊભા થઈ જાય. સામાયિક થઈ ગઈ. અરે! સામાયિક ક્યાં આવ્યું પણ તને? સમજાણું કાંઈ?

સામાયિક એટલે કે વીતરાગ દશા. સામાયિક એટલે કે વીતરાગ દશા. સમ-આયિક છે ને. સામાયિક, સમ-સમતાનો આય એટલે લાભ. ઈકતો પ્રત્યય છે. સામાયિક, સમતાનો આય એટલે લાભ. ઈક તો પ્રત્યય છે. સમતાનો લાભ ક્યાંથી થાય? હજી સમતા જેમાં પડી છે અને એ સમતાના ગુણવાળો ગુણી છે એવી દૃષ્ટિ આવ્યા વિના પર્યાયમાં સમતાનું કરણનું સાધન થઈ શકે નહીં. આરે! આરે! ભારે વાત! આવું તો ડોક્ટર કોઈ દિ' સાંભળ્યું પણ નહીં હોય. નહીં? ઠાકોરદાસભાઈ! ભાઈ, એ તો કહે.... એને તો આ કરો, ઈન્જેકશન દેવું ને આ કરવું ને. બહુ તો સાંભળવા જાય, છે ને ક્યાંક ક્યાંક ઉપરી હશે ને. પદવી ક્યાંક હશે ને ક્યાંક કરતાં હશે દવાખાનામાં પડી હોય. ફલાણામાં. શું કહેવાય એ? ઓનરરી કામ. ફલાણામાં પદવી હોય લ્યો ને. ફલાણામાં અગ્રેસર. આહાહા!

કહે છે કે ભાઈ, તારું પ્રમુખપણું તો ગુણને લઈને છે. બાપા! આહાહા! પ્રમુખ-પ્રકૃષ્ટ તે મુખ્ય વસ્તુ. એ તો ગુણને લઈને તારું પ્રમુખપણું છે. અને એ ગુણને લઈને દ્રવ્યનું પ્રમુખપણું છે. એય! આહાહા! ભાઈ પણ ક્યાંક હશે ને ત્યાં તમારે સોનગઢમાં એ. ભાષણમાં ને. હેં? હોય ને ક્યાંક ક્યાંક, મોટા માણસ હોય તો ક્યાંક લગાડી દયે. આહાહા!

આંહી તો કહે છે કે મોટો કહેવો કોને? ભગવાનઆત્મા અસ્તિ છે ને અસ્તિ છે ને. વસ્તુ છે ને. છે તેમાં કાંઈ ગુણ છે કે નહીં? ગુણ વિનાનું તત્ત્વ એટલે શું? શક્તિ વિનાનું તત્ત્વ એટલે શું? તત્ત્વ એટલે શું? પણ. જેમ આત્મા તો તો જ્ઞાન, દર્શન ગુણ, જડ તો તો રંગ, ગંધ ગુણ. રંગ, ગંધ ગુણ નહીં અને પરમાણુ? જ્ઞાન, દર્શન ગુણ નહીં અને આત્મા? એટલે શું પણ? ત્યાં એમ કહે છે. સમજાણું કાંઈ?

એવો જે જ્ઞાન, દર્શન, આનંદ, એવો જે ભાવ ત્રિકાળી અને ભગવાન ત્રિકાળી. બેનું હોવાપણું તદ્દન જુદું હોય તો જુદો ભાવ જે ગુણ છે એ કર્તા વિનાના કામ એકલો કરી શકે નહીં. અને ગુણ છે એ ગુણી વિનાનો-ગુણી છે તે ગુણ વિનાનો હોય તો ગુણી તેના ગુણના સાધન વિનાનું કાર્ય કરી શકે નહીં. કેમ કે ગુણ છે એ સાધન છે એ તો સાધન એનામાં નથી. સમજાણું કાંઈ? આહાહા!

મહાપ્રભુ ચૈતન્ય પદાર્થ છે. કહે છે કે એનો સ્વભાવ છે એ સ્વભાવ એકલો જુદો હોય તો એ કર્તા વિનાનું સાધન કામ કરી શકે નહીં. અને એ કર્તા એકલો હોય તો પણ તે સાધન વિના કામ કરી શકે નહીં. બે બોલ. ત્રીજો એમ કીધું કે ભાઈ છે ભેગા ભલે પણ એ જુદી ચીજ હતી ને. લાકડામાં જેમ મીણ ચોપડયું લાખ લાખ. લાકડું હોય છે ને (તેને) લાખ ચોપડે. લ્યો! બેય એક થઈ ગયા છે. કેવી રીતે એક છે? લાખવાળું લાકડું. લાકડીવાળો માણસ, પૈસાવાળો માણસ. બાયડીવાળો પતિ. તો બાયડી જુદી ને પતિ જુદો એમ આમ છે? કહે છે. બહારની ચીજ બીજી હતી તે આત્મા સાથે ચોંટાડી દીધી. જ્ઞાન,

દર્શન, આનંદ બહાર હતા એને આત્માને ચોંટાડયા. એમ છે? એમ નથી. જો એમ હોય તો દ્રવ્ય નામ વસ્તુ વિશેષ વિના રહી શકે નહીં. દ્રવ્ય તેના ગુણના ભેદને વિશેષ વિના હોય શકે નહીં. અને ગુણો તેના આધાર વિના રહી શકે નહીં. ન્યાય તો સમજે આ તો સાદી ભાષા છે. આમાં કાંઈ બહુ એવું પલાખા આકરા નથી. કોઈ વ્યાકરણ ને આવું ભણ્યો હોય તો સમજાય એવી આ ચીજ નથી. સમજાણું કાંઈ?

**'નિર્વિશેષ દ્રવ્ય...'** એટલે શું? વિશેષ વિનાનો પદાર્થ સામાન્ય એકલો. વિશેષ વિનાનો પદાર્થ હોય શકે જ નહીં. એટલે કે ગુણ વિનાનો ગુણી એકલો હોય શકે નહીં. એક વાત. **'નિરાશ્રય ગુણો...'** અને ગુણોને આધાર ન હોય અને ગુણો રહે એમ બની શકે નહીં. વિશેષ વિનાનું દ્રવ્ય શૂન્ય થઈ જાય અને આશ્રય વિનાના ગુણો પણ શૂન્ય થઈ જાય. ભારે વાત ભાઈ! આવી તે ધર્મની વાત! કોઈ કહે આ જૈન ધર્મની વાત હશે? જૈન ધર્મમાં જાઈએ ત્યાં વાતો કરે એકેન્દ્રિયની દયા પાળવી, છકાયની દયા પાળવી.

શ્રીમદ્‌માં એક ઠેકાણે આવે છે. કે ભાઈ આખો દિ' તમે છકાયની દયા પાળો, દયા પાળો કરો છો તો હાલો મને હવે સમકિતની વાત કરો. ઓલી અમારી તો સાંભળી. નવનીતભાઈ! શ્રીમદ્‌માં આવે છે. આખો દિ' છકાયની દયા પાળો, અપવાસ કરો એ તો અમે ઘણી વાર સાંભળી. હવે સમકિતની કાંઈક વાત કરજો. સમકિતની જોગવાઈ કરજો. આ સમકિત શું છે? સમજાણું કાંઈ? આ સમક્તિની જોગવાઈની વાત ચાલે છે. અને સમકિત વિનાની ચીજ બધા એકડા વિનાના મીંડા છે. એનો ત્યાગ પણ મીંડાવાળો અને તે સાધુ પણ મીંડાવાળા અજ્ઞાની છે. કહે છે. આહાહા! કહો, ધીરૂભાઈ! આકરું લાગે હો ઓલા માળાને બિચારાને. ત્યાગી, મુનિ માનતા હોય ને. ક્યાં મુનો હતો હવે સાંભળને.

અંદર આત્માના જે અનંતગુણ છે અને તું ગુણી છો, બેની એકતાનો ભાવ અભેદની તો તને ખબર નથી. અભેદમાં દૃષ્ટિ દેવી એની તો તને ખબર નથી. અને આ રાગ ને પુણ્યની ક્રિયા ઉપર દૃષ્ટિ જે સંયોગી ચીજ છે એ ઉપર તારી દૃષ્ટિ છે. તું આત્માને આત્મા તરીકે તે માન્યો અને જાણ્યો નથી. તેથી તારી બધી ક્રિયા એકડા વિનાના રણમાં પોંક મુકવા જેવી છે. રણમાં પોંક કોઈ સાંભળે નહીં. એમ. એ સ્વરૂપચંદભાઈ! કોણ સાંભળે એકલી બાઈ રોતી હોય તો? રોતી હોય ને વળી જો કોઈક પીયરીયા મળી ગયા, સગા, કુટુંબ પીયરીયા તો વધારે પોંક મુકે. આરે! બાપા! એ ભાઈ મને આમ થઈ ગયું. એમ આ તો જાણે અજ્ઞાનથી તો કૂટે છે, રોવે છે. એમાં કહેનારા મળે હા એમ થાશે તમારે. પુણ્યની ક્રિયાથી થાય નહીં એટલે રોવા માંડયો ભેગો. આહાહા! નવનીતભાઈ! આહાહા!

પ્રભુ! તારી શક્તિ અને શક્તિવાન બેની એકતાની પ્રતીત જ્યાં સુધી ન આવે ત્યાં સુધી તારી દૃષ્ટિ પુણ્ય-પાપ ને નિમિત્ત ઉપર રહે. અરે! એક સમયની અવસ્થા તેનો કર્તા કોણ અને સાધન કોણ (એની) ખબર વિનાની અવસ્થા ઉપર દૃષ્ટિ રહે તો પણ તે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આહાહા! સમજાણું કાંઈ?

કહો, લક્ષ્મીચંદભાઈ! આવી વાત છે આ. તમારે ત્યાં ચાલે છે. ચાલે છે ને વાંચન. ચાલુ છે. નાઈરોબીમાં વાંચન ચાલે છે. આફ્રિકામાં. નાઈરોબીમાં શાસ્ત્રો લઈ ગયા છે આંહીથી. હા. પ્રતિમા ઉપરથી લઈ ગયા છે. પ્લેનમાં. ત્યાં નાઈરોબીમાં-આફ્રિકામાં. આ બધા ત્યાંના છે. મંડળ છે ત્યાં. બધા ગૃહસ્થ લોકો છે બધા. પંદર પંદર વીસ વીસ લાખ રૂપિયા. અહીંના આ શાસ્ત્રોનું વાંચન કરે છે. અહીંના પુસ્તકો ત્યાં વસાવ્યા છે. દોઢ પોણા બે લાખનું સ્વાધ્યાય મંદિર કર્યું છે, નહીં? દોઢ લાખનું. આહાહા! ભણવા જેવું તો આ છે. ઓલો છોકરો કહેતો હતો, જાદવજીભાઈનો. ભણવા જેવું તો આ છે કહે. આ ઓલું ત્યાં ભણવા લઈ જાય છે. ભણતર તો આ કરવા જેવું છે સાચું. સાચું ભણતર કર્યા વિના અને સાચી શ્રદ્ધા જ્ઞાન ઓળખ્યા વિના જેટલા વ્રત ને તપ ને બધા મરીને સુકાય જાય બિચારા. મહિના મહિનાના અપવાસ ને. કહે છે કે રાગની ક્રિયાનો બોજો છે.

રાગ વિનાનો ભગવાન જ્યાં ભાસ્યો નથી તેને અંતરથી નિર્મળતા પ્રગટ થતી નથી. અને નિર્મળતા પ્રગટ વિનાનો તારો રાગ એકલો બંધનું અને નુકસાનનું કારણ છે. આહાહા! ત્રણ બોલ યાદ રહે ક્યાં એકસો અડતાલીસના. ત્રણ બોલ લીધા. પ્રવીણભાઈ! આત્મા વસ્તુ છે એમ દરેક પદાર્થની વાત છે. પણ અહીં આત્માની વાત છે ને. ઉપયોગની વાત છે. ભગવાનઆત્મામાં જાણવું-દેખવું એવો વિશુદ્ધ ઉપયોગ ત્રિકાળ તાદાત્મ્ય છે. **सव्वहुलणाणदिट्ठो जीवो उवओग लकखळो णिच्चं** (ગાથા-૨૪ સમયસાર) સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવે આત્માને **उवओगो सम्भंळो दिट्ठो उवओगो लकखळं** જાણવા-દેખવાની જે શક્તિરૂપ ઉપયોગ એ ત્રિકાળ તારા આત્મામાં છે. એમ ભગવાને જોયું છે. એવો જાણવા-દેખવાના ઉપયોગનો ત્રિકાળ ભાવ એના વિનાનો જો આત્મા હોય તો એ ગુણના સાધન વિનાનું કાર્ય કરી શકે નહીં. અને જ્ઞાન પણ જો એના આધાર વિનાનું આત્મા વિનાનું હોય તો એ આત્મા વિનાનું જ્ઞાન એકલું અચેતનનું કામ કરી શકે નહીં. અને જ્ઞાન ને ગુણ ને આનંદ જુદા હોય અને ક્યાંકથી ચોંટાડી દેવાના હોય, એ કેમ કહેવાય છે? એ આગળ આવશે. ઓગણપચાસ ગાથામાં.

ભાઈ, આ કેવળજ્ઞાન થાય છે ને હમણાં તો અલ્પજ્ઞાન છે. પછી એકદમ ત્રણકાળનું જ્ઞાન થાય એ ક્યાંથી આવે છે? બહારથી જોડાય ત્યારે આવે ને? બહારથી આવે કે નહીં કહે છે. આંહી એની પર્યાયમાં તો હતું નહીં. એય! પર્યાયમાં અવસ્થામાં તો અલ્પજ્ઞાન હતું અને એકદમ કેવળજ્ઞાન થઈ જાય તો ક્યાંકથી આવે ત્યારે થાય કે નહીં? હેં? દૃષ્ટિમાં કેવળ કહેવાય. એ તો કહે છે કે તારા દ્રવ્યમાં કેવળજ્ઞાન શક્તિરૂપે પડયું છે. ત્યાંથી પર્યાયમાં જ્ઞાન આવ્યું છે. એ કાંઈ સંયોગે આવ્યું નથી. અને દયા, દાનની ક્રિયાથી પણ આવ્યું નથી. એમ કહે છે. આહાહા!

સંયોગી ભાવથી આવ્યું નથી અને ગુણ સંયોગ જુદો હતો ને સંયોગ થઈને આવ્યું છે એમ પણ નથી. મૂળ તો એમ સિદ્ધ કરે છે. હેં? આત્મા તો અલ્પજ્ઞ છે. એકદમ જ્યારે સર્વજ્ઞ થાય, ભાઈ! એ

ત્રિકાળી જ્ઞાન થવાની વિકાસ શકિત આવી કયાંથી? માટે કયાંક હતું ત્યાંથી જોડાઇ ગયું. એમ છે નહીં. જેમ માટીની, નવી માટી હોય નવી માટી, નવી માટીની માટલી એ માટીને સૂંઘો તો ગંધ નહીં આવે. પાણી નાખશો તો ગંધ આવશે. એ ગંધ પાણીને લઇને આવીને બહારમાં. આ માટલી નથી. નવી માટલી હોય ને સૂંઘો તો ગંધ નહીં આવે. પાણી નાખે ને તરત જ ગંધ મારે. કેમ કે એ પૃથ્વીમાં ગુણ નહોતો ગંધનો. પાણી આવ્યું ત્યારે ગંધ આવી. એમ નથી. એ ગંધ તો શકિતરૂપે હતી. સમજાણું કાંઇ? પૃથ્વીમાં તે પ્રગટરૂપે ત્યારે દેખાણી. દેખાણી અંદરથી ગંધ આવી છે. એ ગંધ કાંઇ બહારથી ચોંટી નથી.

એમ ભગવાનઆત્મા જ્ઞાનનો પિંડ પ્રભુ. વર્તમાન દશામાં અલ્પજ્ઞાન છે પણ જ્ઞાનગુણ ને ગુણી બેય અભેદ છે. એવી દૃષ્ટિ કરીને સ્થિર થતાં શકિતમાં જે જ્ઞાન છે એ પર્યાયમાં જ્ઞાનગુણના સાધન દ્વારા અને જ્ઞાનગુણનો કર્તા આત્મા દ્વારા એ કેવળજ્ઞાનની પર્યાય પ્રગટ થઇ છે. સમજાણું કાંઇ? ભારે વાતું ભાઇ! એમ કહે છે એ પર્યાય તો અંદરથી આવી છે એ. ચોંસઠ પહોરી લીંડી પીપરમાં ચોંસઠ પહોરી તીખાશ ભરી છે ને. એ ચોંસઠ પહોરી અંદરથી આવી છે. પથરાથી નહીં. પથરાથી આવે તો પથરા ઘસી નાખે ને. જેમાં હતી તેમાંથી આવી છે એ સંયોગથી આવી છે એમ પણ નહીં. આહાહા!

એક તો એમ કહે છે, કે ભગવાનઆત્મામાં પુણ્ય-પાપના વિકલ્પો સંયોગીભાવ છે એનાથી કેવળજ્ઞાન ને પરમાત્મદશા થાય છે એમ તો નથી પણ એ જ્ઞાનની પૂર્ણ શકિત બાહ્ય હતી અંદરમાં નથી, ખાલી હતો એનાથી અને પછી એ શકિતનો સંયોગ થયો ત્યારે થાય છે એમ પણ નથી. આહાહા! એ ભગવાનઆત્મામાં શકિતરૂપે સર્વજ્ઞપદ પડયું છે, એ સર્વજ્ઞપદ અને આત્માનો અભેદભાવ છે. આહાહા! સમજાણું કાંઇ? ધર્મની કથા આવી છે એ કહે છે. નવો માણસ આવે ત્યાં તો એને ધર્મ સંભળાય. આમાં કયાંય છકાય ને વ્રત પાળવા ને અપવાસ કરવા ને એ તો વાત આવતી નથી. આ કલાકમાં આવી નહીં. આ કલાક પૂરો થવા આવે છે. લ્યો! પણ સાંભળને તપ કોને કહેવો ને છકાયની દયા કોને કહેવી તને ખબર નથી. આહાહા! છકાયના જીવ માયલો તું જીવ નથી? જીવ તારો છે કે નહીં? અને તારામાં ગુણ છે કે નહીં? કે ગુણ બહારથી કયાંયથી આવતા હશે?

લીંડી પીપરમાં ચોંસઠ પહોરી તીખાશ છે એ પ્રગટ થઇ એ કયાંથી આવી? પથરામાંથી? પથરામાંથી આવે તો કાંકરા ઘૂંટે ને? એમાં પડી છે તે આવી છે. ચોંસઠ પહોરી એટલે રૂપિયે રૂપિયો. ચોંસઠ પહોરી કહેતા ને, સોળ આના. સોળ આના કહો, ચોસઠ પૈસા કહો, રૂપિયો કહો..... પીપરના આટલા દાણામાં રૂપિયે રૂપિયો તીખાશ (ભરી) પડી છે. ત્યારે બહાર આવે. ચોંસઠ પહોરી પ્રગટ થાય છે.

ભગવાનઆત્મામાં સર્વજ્ઞ શકિત પૂર્ણ ભરી પડી છે અંદર. એ શકિત અને શકિતવાનમાં ભેદ નથી. આહાહા! ન્યાયથી સમજાય તો ન્યાયથી લોજીકથી તો વાત ચાલે છે. એ સર્વજ્ઞ શકિતવાળું તત્ત્વ છે. એ સર્વજ્ઞ શકિત અને શકિતવાન બે જુદા નથી. સર્વજ્ઞ શકિત એકલી જુદી હોય તો કર્તા વિના કામ થાય

નહીં. સર્વજ્ઞ શકિત કર્તા વિના ન હોય તો એ કર્તા વિનાનું સર્વજ્ઞ શકિતનું કાર્ય થાય નહીં. સર્વજ્ઞ શકિત બહાર હોય અને જોડાઇ જાય એમ હોય શકે નહીં. આવું તત્ત્વ છે વીતરાગનું પરમેશ્વરનું. કેવળજ્ઞાની જિનેશ્વરદેવ વીતરાગ પરમાત્મા જેણે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણ્યા એ પર્યાય આવી કયાંથી કહે છે. એ ગુણમાં શકિતરૂપે તે અભેદ આત્મા સાથે હતી તે અભેદમાં એકાકાર થતાં શકિતમાં જે પૂર્ણતા હતી તે પર્યાયમાં પ્રગટ થઇ.

કેવળજ્ઞાન અનંતઆનંદ, અનંતવીર્ય, અનંતચતુષ્ટય છે ને. અનંતજ્ઞાન, અનંતવીર્ય, અનંતઆનંદ એ પર્યાયમાં આવ્યા છે એ બહારથી સંયોગે નથી આવ્યા. આહાહા! એમ કહે છે. એટલે સંયોગી વિકલ્પનો વ્યવહાર કર્યો માટે આવ્યા છે એમ નથી પણ એ પર્યાય સંયોગે અંદર બહારથી હતી ને સંયોગે થઇ, પહેલું અલ્પજ્ઞ હતું ને ઘણું મોટું આવ્યું બહારથી એમ નથી. એ અલ્પજ્ઞ પર્યાયના પ્રગટપણામાં ગુણપણે તો શકિત પરિપૂર્ણ છે. એ પરિપૂર્ણ શકિત અને શકિતવાન બેય એક છે. એવા અભેદ ઉપર દૃષ્ટિ આપતાં એકાકાર થઇ, કર્તા આત્મા થઇ, કરણ નામ ગુણની શકિતના સાધન દ્વારા કેવળજ્ઞાન પ્રગટ કરે છે. આહાહા! પાટણીજી! આવો માર્ગ છે. આહાહા! કચડી બચડીને માનવું ને સમજયા વિના માનવું એમ ને એમ, એમ નહીં. જેમ છે તેમ ન્યાયથી, યુકિતથી એના ભાવમાં ભાસન થઇને માનવું. એમ કહે છે આંહી. અમે કહીએ તે માનો એમ નહીં. સમજાણું કાંઇ?

એ વસ્તુનો સ્વભાવ અને વસ્તુ કઇ રીતે છે એ જ્ઞાનમાં ન્યાયના તોલન કરીને માનો. સમજાણું? એ માનવું કાંઇ બહારથી આવતું નથી. આહાહા! સાંભળી શકે નહીં હો. કેટલાક તો ઓલા જૂની રૂઢિના માણસને તો એમ લાગે આ શું માંડી છે આવી? માંડી છે પ્રભુ! તારી પરમાત્મશકિત પ્રગટ થાય એની માંડી છે આ. પરમાત્મશકિત પ્રગટ થાય છે એ કાંઇ બહારથી આવતી નથી. એ શકિત અને શકિતવાનનો અભેદ સંબંધ છે. શકિત કહો કે ગુણ કહો. .....

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

# ગાથા નં-૪૯

**ण हि सो समवायादो अत्थंतरिदो दु णाणदो णाणी ।**
**अण्णाणी त्ति य वयणं एगत्तप्पसाधगं होदि ।।४९।।**

न हि सः समवायादार्थान्तरितस्तु ज्ञानतो ज्ञानी ।
अज्ञानीति च वचनमेकत्वप्रसाधकं भवति ।।४९।।

ज्ञानज्ञानिनो: समवायसम्बन्धनिरासोऽयम् ।

न खलु ज्ञानादर्थान्तरभूत: पुरुषो ज्ञानसमवायात् ज्ञानी भवतीत्युपपन्नम् । स खलु ज्ञानसमवायात्पूर्वं किं ज्ञानी किमज्ञानी? यदि ज्ञानी तदा ज्ञानसमवायो निष्फल: । अथाज्ञानी तदा किमज्ञानसमवायात्, किमज्ञानेन सहैकत्वात्? न तावदज्ञानसमवायात्; अज्ञानिनो ह्यज्ञानसमवायो निष्फल:, ज्ञानित्वं तु ज्ञानसमवायाभावान्नास्त्येव । ततोऽज्ञानीति वचनमज्ञानेन सहैकत्वमवश्यं साधयत्येव । सिद्धे चैवमज्ञानेन सहैकत्वे ज्ञानेनापि सहैकत्वमवश्यं सिध्यतीति ।।४९।।

---

**રે ! જીવ જ્ઞાનવિભિન્ન નહિ સમવાયથી જ્ઞાની બને;**
**'અજ્ઞાની એવું વચન તે એકત્વની સિદ્ધિ કરે. ૪૯.**

**અન્વયાર્થ** :-(ज्ञानतः अर्थान्तरितः तु) **જ્ઞાનથી અર્થાંતરભૂત** (सः) **એવો તે** (-આત્મા) (समवायात्) **સમવાયથી** (ज्ञानी) **જ્ઞાની થાય છે** (न हि) **એમ ખરેખર નથી.** (अज्ञानी) **'અજ્ઞાની'** (इति च वचनम्) **એવું વચન** (एकत्वप्रसाधकं भवति) (ગુણ-ગુણીના) **એકત્વને સિદ્ધ કરે છે.**

ટીકા :- આ, જ્ઞાન અને જ્ઞાનીને સમવાય સંબંધ હોવાનું નિરાકરણ (ખંડન) છે.

જ્ઞાનથી અર્થાંતરભૂત આત્મા જ્ઞાનના સમવાયથી જ્ઞાની થાય છે એમ માનવું ખરેખર યોગ્ય નથી. (આત્મા જ્ઞાનના સમવાયથી જ્ઞાની થતો માનવામાં આવે તો અમે પૂછીએ છીએ કે) તે (-આત્મા) જ્ઞાનનો સમવાય થયા પહેલાં ખરેખર જ્ઞાની છે કે અજ્ઞાની? જો

**જ્ઞાની છે (એમ કહેવામાં આવે) તો જ્ઞાનનો સમવાય નિષ્ફળ છે. હવે જો અજ્ઞાની છે (એમ કહેવામાં આવે) તો (પૂછીએ છીએ કે) અજ્ઞાનના સમવાયથી અજ્ઞાની છે કે અજ્ઞાનની સાથે એકત્વથી અજ્ઞાની છે? પ્રથમ, અજ્ઞાનના સમવાયથી અજ્ઞાની હોય શકે નહિ; કારણ કે અજ્ઞાનીને અજ્ઞાનનો સમવાય નિષ્ફળ છે અને જ્ઞાનીપણું તો જ્ઞાનના સમવાયનો અભાવ હોવાથી છે જ નહિ. માટે 'અજ્ઞાની' એવું વચન અજ્ઞાનની સાથે એકત્વને અવશ્ય સિદ્ધ કરે છે જ. અને એ રીતે અજ્ઞાનની સાથે એકત્વ સિદ્ધ થતાં જ્ઞાનની સાથે પણ એકત્વ અવશ્ય સિદ્ધ થાય છે.**

**ભાવાર્થ :- આત્માને અને જ્ઞાનને એકત્વ છે એમ અહીં યુક્તિથી સમજાવ્યું છે.**

**પ્રશ્ન :- છદ્મસ્થદશામાં જીવને માત્ર અલ્પજ્ઞાન જ હોય છે અને કેવળીદશામાં તો પરિપૂર્ણ જ્ઞાન-કેવળજ્ઞાન થાય છે; માટે ત્યાં તો કેવળીભગવાનને જ્ઞાનનો સમવાય (-કેવળજ્ઞાનનો સંયોગ) થયો ને?**

**ઉત્તર :- ના, એમ નથી. જીવને અને જ્ઞાનગુણને સદાય એકત્વ છે, અભિન્નતા છે. છદ્મસ્થદશામાં પણ તે અભિન્ન જ્ઞાનગુણને વિષે શક્તિરૂપે કેવળજ્ઞાન હોય છે. કેવળીદશામાં, તે અભિન્ન જ્ઞાનગુણને વિષે શક્તિરૂપે રહેલું કેવળજ્ઞાન વ્યકત થાય છે; કેવળજ્ઞાન કયાંય બહારથી આવીને કેવળીભગવાનના આત્મા સાથે સમવાય પામે છે એમ નથી. છદ્મસ્થદશામાં અને કેવળીદશામાં જે જ્ઞાનનો તફાવત જણાય છે તે માત્ર શકિત-વ્યકિતરૂપ તફાવત સમજવો. ૪૯.**

---

**પ્રવચન નં :- ૫૧ - ગાથા :- ૪૯**
**પોષ વદ-૬ બુધવાર તા. ૨૮/૧/૭૦**

ण हि सो समवायादो अत्थंतरिदो दु णाणदो णाणी ।
अण्णाणी त्ति य वयणं एगत्तप्पसाधगं होदि ।।४९।।

**રે ! જીવ જ્ઞાનવિભિન્ન નહિ સમવાયથી જ્ઞાની બને;**
**'અજ્ઞાની એવું વચન તે એકત્વની સિદ્ધિ કરે. ૪૯.**

---

પંચાસ્તિકાય એની ટીકા. આ ઉપયોગની વ્યાખ્યા ચાલે છે. જ્ઞાનનો જે ઉપયોગ છે તે ઉપયોગ અને ઉપયોગવાન આત્મા અભિન્ન એક અસ્તિત્વથી રચાયેલી ચીજ છે. ઉપયોગ અને ઉપયોગવાન એમ બે નામ પડે છતાં તેનું હોવાપણું બે નથી. એ ઉપયોગલક્ષણજીવ એ પોતે ઉપયોગ ને ઉપયોગલક્ષણજીવ લક્ષણ ને લક્ષ બેય એક જ ચીજ છે.

જેમ પુણ્ય-પાપના વિકલ્પો અને શરીરાદિનું હોવાપણું એ જીવના સત્‌ના સત્વથી ઉપયોગથી ભિન્ન ચીજ છે એ. એમ જાણવાનો ઉપયોગ અને આત્મા બેય ભિન્ન ચીજ છે નહીં. એ વાત કરે છે.

જુઓ! **ટીકા :- 'આ, જ્ઞાન અને જ્ઞાનીને...'** જ્ઞાની એટલે આત્મા. જ્ઞાન એટલે ગુણ જાણનાર શક્તિ. એ જાણવાનો શક્તિભાવ ઉપયોગ અને જ્ઞાની એટલે આત્મા. **'સમવાયસંબંધ હોવાનું નિરાકરણ (ખંડન) છે...'** બેનું જોડાણ થઈને આત્મા થયો છે એમ નથી. જાણનાર ગુણ જે છે અને આત્મા એને જાણનાર ગુણનો એને સંયોગ થયો માટે આત્મા છે, આ જ્ઞાની છે એમ નથી. સમજાણું કાંઈ? જુઓ! નીચે એની વ્યાખ્યા.

**'જ્ઞાનથી...'** એટલે જાણવાનો જે સ્વભાવ છે તેનાથી **'અર્થાંતરભૂત...'** અર્થ-અંતર અનેરો પદાર્થભૂત **'આત્મા જ્ઞાનના સમવાયથી જ્ઞાની થાય છે એમ માનવું ખરેખર વ્યાજબી (યોગ્ય) નથી...'** સમજાણું કાંઈ? જ્ઞાન જાણનાર સ્વભાવ અને એનાથી અર્થાંતર અનેરો અર્થ. આત્મા જુદો, આત્મા અને જ્ઞાન જુદું. અને તે **'જ્ઞાનના સંબંધથી સમવાયથી...'** યોગથી, **'જ્ઞાની...'** એટલે આત્મા **'થાય છે એમ માનવું ખરેખર વ્યાજબી નથી. આત્મા જ્ઞાનના સમવાયથી જ્ઞાની થતો માનવામાં આવે તો અમે પૂછીએ છીએ...'** પ્રશ્ન ઊઠે છે. જુઓ! એ કેટલો ઉપયોગ ને ઉપયોગવાનને અભેદ સિધ્ધ કરે છે. તારો નિર્વિકલ્પઆત્મા ઉપયોગસ્વરૂપ જ છે. નિર્વિકલ્પ જ્ઞાનસ્વભાવ ધરનાર એની દૃષ્ટિ આપતાં એનો આત્માનો અનુભવ સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્દર્શન થાય છે. આમ છે વાત. સમજાણું કાંઈ?

જો **'અમે પૂછીએ છીએ. કે આત્મા જ્ઞાનનો સમવાય થયા પહેલાં જ્ઞાની છે કે અજ્ઞાની?...'** શું કહ્યું? કે આત્મા વસ્તુ છે અને જ્ઞાન છે એ જુદી ચીજ છે. અને એ જ્ઞાનનો જોગ થયો ત્યારે આત્મા જ્ઞાની થયો. તો અમે પૂછીએ છીએ કે જ્ઞાનનો સમવાય થયા પહેલાં, જ્ઞાનગુણનો ગુણીને સંબંધ થવા પહેલાં એ જ્ઞાની છે કે અજ્ઞાની? ન્યાય સમજાય છે કાંઈ? આ તો બધી ન્યાયની લોજીકની વાત છે બધી.

**'જો જ્ઞાની છે (એમ કહેવામાં આવે) તો જ્ઞાનનો સમવાય નિષ્ફળ છે...'** તો જ્ઞાન જુદું હતું અને આત્મા સાથે જોડાણું એ કહેવું નિષ્ફળ થાય છે. કારણ કે જ્ઞાની તો પહેલો જ્ઞાન સહિત છે જ. સમજાણું કાંઈ? જ્ઞાની છે એ જ્ઞાન સહિત જ છે. તો જ્ઞાની જો કહો અને એમ કહો કે જ્ઞાન જુદું

હતું ને એને સંબંધ થયો તો એ વાત સાચી રહેતી નથી.

હવે જો અજ્ઞાની છે એમ કહો, **'જો જ્ઞાની છે એમ કહેવામાં આવે તો જ્ઞાનનો સમવાય નિષ્ફળ છે. હવે જો અજ્ઞાની...'** કહો કે જ્ઞાની નહીં. એમ **'કહેવામાં આવે તો પૂછીએ છીએ કે અજ્ઞાનના સમવાયથી અજ્ઞાની છે કે અજ્ઞાનની સાથે એકત્વથી અજ્ઞાની છે?...'** આત્મા વસ્તુ છે અને અજ્ઞાન જુદી ચીજ છે. એ અજ્ઞાન જુદી ચીજને લઈને આત્મા અજ્ઞાની થયો કે સહજ અજ્ઞાનીના સ્વભાવવાળો છે? પૂછીએ અજ્ઞાનના સંબંધથી અજ્ઞાની છે કે અજ્ઞાનની સાથે એકત્વથી અજ્ઞાની છે. આરે! ભારે!

**'પ્રથમ, અજ્ઞાનના સમવાયથી અજ્ઞાની હોય શકે નહીં...'** અજ્ઞાન જુદું અને આત્મા જુદો તો અજ્ઞાનના સંબંધે અજ્ઞાની એમ બની શકે નહીં. એ તો પહેલી વાત થઈ ગઈ હતી. જ્ઞાનની સાથે કહે છે એમ. **'અજ્ઞાનના સમવાયથી અજ્ઞાની હોય શકે નહીં. કારણ કે અજ્ઞાનીને અજ્ઞાનનો સમવાય નિષ્ફળ છે...'** અજ્ઞાની કહેવો અને અજ્ઞાનનો ભાવ જુદો હતો અને પછી સંબંધ પમાડયો એ તો નિષ્ફળ વાત છે. કારણ કે અજ્ઞાની તો પહેલાં હતો. અજ્ઞાનભાવવાળો તો હતો. સમજાય છે કાંઈ?

અજ્ઞાનના સમવાય સંબંધથી અજ્ઞાની હોય શકે નહીં. કેમ કે અજ્ઞાનીને અજ્ઞાનનો સમવાય શું? અજ્ઞાની કહેવો અને વળી અજ્ઞાનનો એને સંબંધ કહેવો નવો, એ કાંઈ મેળ ખાતો નથી. **'અને જ્ઞાનીપણું તો જ્ઞાનના સમવાયનો અભાવ હોવાથી છે જ નહીં...'** હવે તું તો કહે છે કે જ્ઞાનનો સમવાય એને નથી. તેથી જ્ઞાની જ્ઞાનના સમવાયનો અભાવ હોવાથી જ્ઞાની તો છે જ નહીં. અજ્ઞાની પણ નથી અને જ્ઞાની પણ નથી. કારણ કે અજ્ઞાનનો ભાવ એને સંબંધ કરે ત્યારે અજ્ઞાની થાય. તું પહેલો કહે છે કે અજ્ઞાની તો છે. તો અજ્ઞાનના ભાવથી અજ્ઞાની થાય એ તો રહ્યું નહીં. હવે જ્ઞાની તો છે નહીં, તું માને છો. કારણ કે જ્ઞાની, જ્ઞાનવાળો એમ તો તે માન્યું નથી.

**'માટે 'અજ્ઞાની' એવું વચન અજ્ઞાનની સાથે એકત્વને અવશ્ય સિધ્ધ કરે છે જ...'** આત્મા અજ્ઞાની એવા ભાવવાળો એમ. અજ્ઞાની એવા ભાવવાળો. ભાવવાન આત્મા. અને અજ્ઞાની ભાવવાળો એ તો એકત્વપણાને જ સિધ્ધ કરે છે. અજ્ઞાનભાવ અને આત્મા એક સિધ્ધ કરે છે. જુદા જુદા સિધ્ધ કરતું નથી. આંહી તો લોજીકની વાત છે, એ શેઠ! એવી દલીલ છે આ. આહાહા!

**'અવશ્ય સિધ્ધ કરે જ છે. અને એ રીતે અજ્ઞાનની સાથે એકત્વ સિધ્ધ થતાં...'** ભગવાનઆત્મા અજ્ઞાની એમ કહેતાં અજ્ઞાનની સાથે સમવાય એટલે એકરૂપ જ છે એ. જુદો નથી. **'એમ સિધ્ધ થતાં જ્ઞાનની સાથે પણ એકત્વ અવશ્ય સિધ્ધ થાય છે...'** જાવ. અજ્ઞાનભાવવાળો એ એકત્વ સિધ્ધ થાય છે. એમ જ્ઞાનભાવવાળો એ પણ એકત્વ સિધ્ધ થાય છે. બરાબર છે? આરે!

આ વ્યાપારીને આવું સમજાતું હશે? એય! તમારે તો વકીલાતમાં આવે ઓલું. કહે છે કાયદા, નિયમ ને. આ શું? શું કહ્યું સમજાણું? કે આ આત્મા વસ્તુ છે ઉપયોગસ્વરૂપ, ઉપયોગસ્વરૂપ. એ ઉપયોગ જો એકત્વનું હતું અને ઉપયોગ જુદી ચીજ હતી અને ઉપયોગવાન જુદી તો એના સમવાયે ઉપયોગવાન થાય એમ બની શકે નહીં. કારણ કે જુદી ચીજનો સંબંધ એને હોય શકે જ નહીં. અર્થાંતરપણું જુદા પદાર્થપણું હોય શકે નહીં.

ત્યારે કહે એ તો અજ્ઞાની હતો. જ્ઞાની નહોતો. જ્ઞાનવાળો નહોતો. અજ્ઞાની હતો. અજ્ઞાની હતો તો અજ્ઞાનભાવવાળો હતો કે અજ્ઞાનભાવ જુદો પદાર્થ હતો ને આત્માને વળગ્યો ને અજ્ઞાની થયો. તો એ તો એનું એ રહ્યું. અજ્ઞાની કહેતાં જ અજ્ઞાનવાળો તો થયો. તો એ અજ્ઞાનભાવ જુદો અને આત્મા જુદો અને બેનું એકત્વપણું એમાં નથી એમ ન સાબિત થયું.

અજ્ઞાનભાવ અને અજ્ઞાનભાવવાળો એકત્વ સિદ્ધ થાય છે. લોજીક છે આ બધું ન્યાયથી. આહાહા! આ તો સાદી ભાષામાં તો કહેવાય છે. પણ હવે કેટલાકને પરિચય ન મળે. માથાકૂટ કરી જ નથી એણે સમજવાની. એ માથાકૂટ હશે? આંહી તો સિદ્ધ કરવું છે કે ઉપયોગ અને ઉપયોગવાન બે અભિન્ન એકત્વ છે. એટલે જેને ઉપયોગવાનને પકડવો હોય એણે ઉપયોગ પકડતાં ઉપયોગવાન પકડાય જાય છે. ત્યારે એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે. આહાહા! સમજાણું કાંઈ?

**ભાવાર્થ :- 'આત્માને અને જ્ઞાનને એકત્વ છે એમ અહીં યુક્તિથી સમજાવ્યું છે...'** આત્મા ભાવવાન અને ભાવ. એ ભાવ અને ભાવવાન એકપણું છે. ભાવ જુદો હતો અને ભાવવાન જુદો હતો એમ છે નહીં. એમ હોય તો ભાવવાન, આ જ્ઞાની એમ કેમ કહ્યું? કહે છે. તો હવે જ્ઞાનના સમવાયથી. તો પછી જ્ઞાન સંબંધ નહોતો ત્યારે પહેલો શું હતો? કે અજ્ઞાની. તો અજ્ઞાનભાવવાળો હતો કે અજ્ઞાનભાવ જુદો હતો ને સંબંધ થયો? એય! શોભાલાલજી! આમાં મગજને કેળવવાની વાત છે. કહો, સમજાય છે કે નહીં આમાં?

પહેલો અજ્ઞાની હતો તો થઈ રહ્યું. તો અજ્ઞાનભાવવાળો હતો જ. અજ્ઞાનભાવ જુદો અને અજ્ઞાની જુદો એમ રહ્યું નહીં. તો અજ્ઞાનથી આત્માને એકત્વ સાબિત થયું. એમ જ્ઞાનથી પણ આત્માને એકત્વ સાબિત થયું. કેટલું આમાં ધ્યાન રાખે તો સમજાય એવું છે? એય! સતીષ! સમજાય છે કે નહીં આ? કહો, સમજાણું આમાં કે નહીં? એ રતિભાઈ! વ્યાપારીને પૂછશું. હેં? આંહી પૂરતું લે. પણ આંહી પૂરતું જે આત્મા છે એ આત્મા છે એમ નક્કી થયું પછી કયાં પૂરતું વળી થયું એ? કહો, સમજાણું કાંઈ? વીંછીયાવાળો છું એમ નક્કી કર્યું એ કયા પૂરતું? જયાં જાય ત્યાં એને એમ થાય કે હું વીંછીયાવાળો છું, વીંછીયાવાળો છું. વીંછીયાવાળો છું. એ આંહી પૂરતું ન રહ્યું. એમ જ્ઞાનવાળો આત્મા છે એમ જયાં નિર્ણય થયો તો કયે ઠેકાણે એ જ્ઞાનવાળો નથી? સમજાણું કાંઈ? કેટલી વાત!

ઓહો! દિગમ્બરઆચાર્ય! આવી વાત શ્વેતાંબરમાં તો કયાંય ગંધ પણ નથી હો. હેં? સાંભળ્યું હતું આવું આટલા વર્ષમાં? લોજીક ન્યાયથી સિધ્ધ કરે છે. ભાઈ! **निरावयम!** આત્માને ભાવથી ભાવવાનનું એકપણું છે. એમ સિધ્ધ કરે છે. પછી આગળ કર્તાપણું સિધ્ધ કરશે. ભગવાનઆત્મા વસ્તુ અને એની શકિત-જ્ઞાન. એ શકિત અને શકિતવાન બેય અર્થાંતર એટલે જુદા પદાર્થ નથી. નામભેદ ભલે હો. શબ્દભેદ હો. કે આ ગુણ અને ગુણી, પણ પ્રદેશભેદ, ભાવભેદ અર્થાંતર-જુદા બે પદાર્થ છે એમ નથી.

જેમ શરીર અને આત્મા જુદા છે. અરે! પુણ્ય-પાપના વિકલ્પને અને આત્માને જુદાપણું છે એમ જ્ઞાનના ભાવને અને ભાવવાનને જુદાપણું નથી. આહાહા! કેટલી વાત કરે છે. કહો, એ સિધ્ધ કર્યું. સમજાણું કે નહીં? આત્માને અને જ્ઞાનને એકત્વ છે. એકત્વ ન કહે તો જો એકત્વ નથી અને જુદો હોય, જુદો જો ભાવ હોય, તો શું હતો એ? જ્ઞાની હતો કે નહીં એ? ત્યારે કહે ના, ના એ વખતે જ્ઞાની નહોતો જુદું જયારે જ્ઞાન હતું ત્યારે. ત્યારે અજ્ઞાની હતો.

હવે અમે પૂછીએ છીએ કે અજ્ઞાનભાવવાળો હતો કે અજ્ઞાનભાવ જુદો હતો ને એને ચોંટયો ને અજ્ઞાની થયો. કે અજ્ઞાનભાવ જુદો હોય અને અજ્ઞાની એમ થાય નહીં. પણ અજ્ઞાની તો તું કહે છે. હેં? અજ્ઞાની તો તું કહે છે અને વળી અજ્ઞાનભાવ જુદો અને અજ્ઞાનભાવવાળો જુદો એ તો અજ્ઞાની તું કહેતાં જ એકત્વ સિધ્ધ થઈ ગયું. અજ્ઞાનભાવ અને આત્માને એકપણું છે. એમ જયારે અજ્ઞાનભાવ અને આત્માને એકપણું સાબિત થયું તો જ્ઞાનને અને આત્માને એકપણું સિધ્ધ થઈ ગયું.

આ તો સાધારણને પણ સમજાય એવું છે. આ તો નિશાળ હશે નહીં, ધરમચંદભાઈ! સમજાણું એ તો એ કહેશે. ચાર ચોપડી ભણેલો પણ આ સમજાય એવું છે એમ કહે છે. આમાં એમ નથી કે વ્યાપારીને માથાકૂટ કરીને વખત ગયો એટલે હવે આવું ઝીણું, ઝીણું નથી આ તો સાદું અને સહેલું છે. હેં? આ એ રીતે છે એમ. એ રીતે છે. છે એ રીતે સિધ્ધ થાય છે. આહાહા! બાયડી, છોકરા, કુટુંબ, શરીરનું હોવાપણું જુદું છે એ તો અર્થાંતર છે. અનેરો પદાર્થ છે.

ખરેખર તો પુણ્ય ને પાપનો આસ્રવ પદાર્થ એ પણ અનેરો પદાર્થ છે. આત્માના ઉપયોગવાન આત્માથી પુણ્ય ને પાપના વિકલ્પોનું આસ્રવપણું, અર્થાંતરપણું એટલે અનેરાપદાર્થપણું સિધ્ધ કરે છે. એમ જાણવાનો ઉપયોગ અને ઉપયોગવાન બેના અર્થો એટલે પદાર્થો જુદા છે એમ નથી. બરાબર છે?

**પ્રશ્ન :- 'છદ્મસ્થદશામાં...'** જયારે અલ્પજ્ઞદશા છે ત્યારે **'જીવને માત્ર અલ્પજ્ઞાન જ હોય છે...'** ત્યારે વિશેષજ્ઞાન હોતું નથી. **'અને કેવળીદશામાં તો પરિપૂર્ણ જ્ઞાન કેવળજ્ઞાન થાય છે. માટે ત્યાં તો કેવળીભગવાનને જ્ઞાનનો સમવાય થયો ને?...'** શું સિધ્ધ કરે છે? પહેલું અલ્પજ્ઞાન છે ત્યારે પૂર્ણ જ્ઞાન નથી. અને પૂર્ણ જ્ઞાન છે ત્યારે એ પૂર્ણ જ્ઞાન પહેલું નહોતું ત્યારે પૂર્ણ

જ્ઞાનનો સંયોગ થયો. એમ તો થયું કે નહીં? એમ કહે છે. પ્રશ્નકાર કોઈક એમ કરે ને? જ્યારે આત્મામાં અલ્પજ્ઞદશા છે તે કાળે પૂરી દશા કેવલ્ય સંપૂર્ણદશા નથી. તો સંપૂર્ણદશા અલ્પજ્ઞાનની અપેક્ષાએ નવો સંબંધ થયો કે નહીં? જુઓને આહાહા! હેં? એમ શિષ્યનો પ્રશ્ન છે. પહેલું જ્ઞાન ઓછું હતું. બરાબર છે? પછી જયારે પૂરું જ્ઞાન થયું એ આવ્યું કયાંથી? એ પૂરા જ્ઞાનનો આત્મા સાથે સંબંધ થયો ત્યારે કેવળી થયો ને? એમ શિષ્યનો પ્રશ્ન છે. તમે નકાર નકાર કરો, બધું એકત્વ છે એકત્વ છે એકત્વ છે. તો મારો પ્રશ્ન આ છે.

જ્ઞાન જાણનાર સ્વભાવ અને સ્વભાવવાન બે એક છે, એમ જો તમે કહો તો અમારો પ્રશ્ન છે. તમે અવસ્થિત છે એકત્વ એમ સિદ્ધ કર્યું. પણ આ અમારા પ્રશ્નનો ઉત્તર આપો. કે આત્મા જયારે ઓછા જ્ઞાનવાળો છે ત્યારે પૂરું જ્ઞાન નથી. અને જયારે પૂરું જ્ઞાન છે ત્યારે અલ્પજ્ઞાન નથી. ત્યારે પૂરા જ્ઞાનનો સંબંધ થઈ ગયો. અલ્પજ્ઞાનનો સંબંધ છૂટી ગયો અને પૂરા જ્ઞાનનો સંબંધ થયો. જુઓ! નક્કી થઈ ગયું કે નહીં? પૂરું જ્ઞાન જુદું અને આત્મા જુદો. અને પછી કેવળજ્ઞાનનો સંબંધ થયો. એમ કહે છે. એય! ભારે વાત ભાઈ!

પ્રશ્નનું રૂપ પહેલું સમજાય છે? પ્રશ્નકારનો પ્રશ્ન એમ છે કે, જયારે તમે જાણનાર સ્વભાવ અને સ્વભાવવાન બેને અવશ્ય એકપણે સિદ્ધ કર્યા, તો અમારો પ્રશ્ન છે, જાણનારને જયારે અલ્પજ્ઞદશા છદ્મસ્થદશામાં છે ત્યારે પૂરી દશા નથી. અને પૂરી દશા થઈ ત્યારે અલ્પજ્ઞાનમાંથી નથી આવતી. બહાર પૂરું જ્ઞાન કોઈ હતું એની સાથે સંબંધ આત્માને થઈ ગયો. તેથી કેવળજ્ઞાની થયો. પણ ત્યારે કયાં પહેલું જ્ઞાન હતું? પહેલું અલ્પજ્ઞાનમાં પૂરું જ્ઞાન હતું? પૂરું જ્ઞાન આવ્યું કયાંથી? પૂરા જ્ઞાનનો એને સંબંધ થયો માટે કેવળી થયો એમ કહે છે પ્રશ્નકાર. હવે એનો ઉત્તર. એનો પ્રશ્ન છે એ ........

**ઉત્તર :- 'ના, એમ નથી...'** ભાઈ તને ખબર નથી. આહાહા! **'જીવને અને જ્ઞાનગુણને સદાય એકત્વ છે...'** ભગવાનઆત્મા અને જ્ઞાનનો ગુણ એમ બધા ગુણ લેવા હો આનંદ આદિ. એ ગુણને અને આત્માને એક જ પણે છે. એક પદાર્થપણે છે. સદાય એકપણે છે. અભિન્નતા છે એટલે બેની એકતા છે, **'અભિન્નતા છે. છદ્મસ્થદશામાં પણ...'** અલ્પજ્ઞાનના કાળમાં **'પણ તે અભિન્ન જ્ઞાનગુણને વિષે...'** હવે, જુઓ! એ અલ્પજ્ઞાન છે ત્યારે પણ જ્ઞાન અને આત્માની અભિન્નતામાં શક્તિરૂપે કેવળજ્ઞાન હોય જ છે. એ શક્તિરૂપ કેવળજ્ઞાન અને આત્માનું તો એકત્વ જ છે. સમજાણું કાંઈ?

અલ્પજ્ઞાન વખતે પણ કેવળજ્ઞાનની જે શકિત જ્ઞાનની પૂરી છે એ પૂરી શકિત અને શકિતવાનનું એકત્વ તે કાળે પણ છે. આહાહા! સમજાણું કાંઈ? આવા લોજીકથી ન્યાયથી વાતું કરે છે. પંચાસ્તિકાય જેવું શાસ્ત્ર. કહે છે કે ભાઈ એમ નથી. તું કહે છો કે અલ્પજ્ઞજ્ઞાન પછી જયારે સર્વજ્ઞ થયું ત્યારે એ સર્વજ્ઞપણું, સંબંધ થયો જીવને માટે તે સર્વજ્ઞ થયા, પૂરું જ્ઞાન થયું, કેવળજ્ઞાન થયું એમ તું કહે, તો તેમ

નથી. કેમ કે જયારે અલ્પજ્ઞદશા હતી ત્યારે પણ તેના જ્ઞાનશકિતમાં પૂરી શકિત જ્ઞાનની હતી. એ પૂરી શકિત જ્ઞાનથી આત્માને અભિન્નપણું હતું. સમજાય છે કાંઈ? આહાહા! **'કેવળીદશામાં, તે અભિન્ન જ્ઞાનગુણને વિષે શકિતરૂપે રહેલું,** જુઓ! **અભિન્ન જ્ઞાનગુણને વિષે શકિતરૂપે કેવળજ્ઞાન હોય છે...'** આહાહા!

ભગવાનઆત્મા અને તેની શકિત એટલે જ્ઞાન, સામર્થ્ય. જ્ઞાનનું સામર્થ્ય પરિપૂર્ણ તે વખતે પણ છે. ગુણમાં જ્ઞાનનું સામર્થ્ય પરિપૂર્ણ છે. પર્યાયમાં અલ્પજ્ઞ છે. જ્ઞાનનું અલ્પજ્ઞકાળમાં પણ જ્ઞાનગુણની શકિત એનું સામર્થ્ય પરિપૂર્ણ એ આત્મા સાથે અભેદ છે. ભારે વાત ભાઈ! કેવળજ્ઞાન હોય છે.

કેવળીદશામાં ઓલી અલ્પજ્ઞદશામાં જ્ઞાનસ્વભાવ પરિપૂર્ણ – પરિપૂર્ણ શકિતરૂપે અલ્પજ્ઞ પર્યાયના કાળમાં પણ જ્ઞાનનું પરિપૂર્ણપણું આત્મા સાથે એકત્વ છે. બરાબર છે? જુઓ! ઓલામાં લખ્યું છે. જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે. (સ્વાધ્યાય હોલમાં દિવાલમાં) ખૂણામાં આ બાજુ ઉગમણું. સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ. એ તો પર્યાયની વાત કરી. કે સર્વજ્ઞપણું જે પ્રગટયું એ શકિતમાંથી આવ્યું છે. કારણ કે અલ્પજ્ઞકાળમાં પણ એની શકિતરૂપે 'જ્ઞ' સ્વભાવ 'જ્ઞ' સ્વભાવ પરિપૂર્ણ એકરૂપ, અખંડ પરિપૂર્ણ સ્વભાવ છે.

જીવ એક અને અખંડ છે તેથી તેનો જ્ઞાનસ્વભાવ એકરૂપ, અખંડ પરિપૂર્ણ છે. સામર્થ્ય પરિપૂર્ણ છે. એ પરિપૂર્ણ સામર્થ્યના ગુણથી ગુણીનું એકત્વ છે. આહાહા! અભિન્નપણું છે. આ તો ધીમે ધીમેથી તો કહેવાય છે. આ તો સમજાય એવું છે. માટે એમ ન સમજવું ઓલા વ્યાપારી – વ્યાપારી બાયડીઓને કેટલાકને આપણને સમજાય એવું નથી. ન સમજાય એવું છે જ નહીં. એય! લાડુલાલજી!

અલ્પજ્ઞકાળમાં પણ, જેમ પીપર છે પીપર. ચોંસઠ પહોરી તીખાશ. એ વખતે અલ્પ તીખાશ છે અને પછી પ્રગટે છે. ત્યારે ચોંસઠ પહોરી પ્રગટી ત્યારે શિષ્ય કહે છે કે જુઓ! બહારથી આવી. પહેલી નહોતી અને ચોંસઠ પહોરી શકિત પર્યાયમાં બહારથી આવી. ત્યારે કહે છે કે જયારે અલ્પ તીખાશ છે એ કાળે પણ ત્યાં ચોસઠ પહોરી તીખાશથી તે લીંડીપીપર અભેદ છે. સમજાણું કાંઈ? આહાહા!

જુઓને તત્ત્વજ્ઞાનનો વિષય! લોકોને દ્રવ્ય, ગુણ ને પર્યાય શું છે એનો વિચાર જ નથી. જો એનો વિચાર આવે તો આ બધા ઝઘડા મટી જાય. આહા! વાડા આ કર્યા ને આ કર્યા. હે પ્રભુ! પંચમહાવ્રત લીધા ને સાધુ થઈ ગયા. અમને આ થઈ જાવ નહીંતર આડા કાઢશે. ઊભા નીકળો નહીંતર આડા કાઢશે. વ્રત લઈ લ્યો! અરે ભગવાન! વ્રત કયારે હોય ભાઈ! જયારે ચારિત્રનો ગુણ અને આત્મા અભિન્નપણે ત્રિકાળ હોય તો એનો આશ્રય કરતાં જે પર્યાયમાં ચારિત્ર પ્રગટ થાય તે કાળે તેને કાંઈક વિકલ્પ આદિ વ્રતનો હોય ત્યારે એને વ્યવહારે વ્રતધારી કહેવામાં આવે છે.

હવે આની તો કાંઈ ખબર ન મળે ને થઈ ગયા વ્રતધારી. હવે એનું શું કરવું? માણસ કહે પણ

આપણાથી તો સારા છે કે નહીં? લ્યો! એમ કહે. પણ આ સવાર-સાંજ બબ્બે વાર ખાવા, ત્રણ ત્રણ વાર ખાવું અને ઓલા બિચારા એકવાર ખાય, હાથમાં ખાય. પણ એનો અર્થ શું? એ તો બહારની ક્રિયાની પર્યાયનું પરિણમન સ્વતંત્ર છે. અંતર એની પર્યાયમાં શું છે? એની પર્યાયમાં તો રાગને જાણવું ને રાગથી હું એમ માને છે એ તો. પણ જ્ઞાન તે હું પરિપૂર્ણ છું, જ્ઞાન જે પરિપૂર્ણ શકિત છે ગુણ. ગુણ હોય તે પરિપૂર્ણ જ હોય. અખંડ હોય, એક હોય, પૂર્ણ હોય એવો પરિપૂર્ણ ગુણ અને હું આત્મા ગુણી બે એક છીએ. એવી અંતરદૃષ્ટિ થયા વિના કેમાં ઠરવું એ તો દૃષ્ટિમાં આવ્યું નથી. કેમાં ઠરવું એ તો તત્ત્વ દૃષ્ટિમાં આવ્યું નથી. કયાંથી તારે ચારિત્ર અને વ્રત આવી ગયું? કહો શેઠ! પોતા કરતાં તો સારા લાગે ને લ્યો! અમે કીધું પણ આ તો આખો દિ' આ કરતાં. નગ્ન થયા, ઉઘાડા પગે ચાલે છે. ચોવિહારા કરે છે, પાણી ઊના પીએ છે. હા, એ તો બોકડાય પણ એવું છ મહિને કરે છે. આહાહા!

આંહી તો એમ સિધ્ધ કરવું છે કે તું વસ્તુ છો કે નહીં? ઠીક. તો વસ્તુમાં શકિત કાંઇક છે કે નહીં? તો એ તો શકિતવાન થઇ વસ્તુ. તો વસ્તુમાં શકિત છે કે નહીં જ્ઞાનની? અહીં ઉપયોગ સિધ્ધ કરવો છે ને? એ ઉપયોગ શકિત છે એ ગુણરૂપે પરિપૂર્ણ છે કે અપૂર્ણ છે? ગુણરૂપે પણ પરિપૂર્ણ ન હોય તો પરિપૂર્ણ પર્યાયમાં આવશે કયાંથી? કાંઇ અલ્પજ્ઞનો નાશ થઇને અલ્પજ્ઞમાંથી કાંઇ સર્વજ્ઞ થાય છે? એનો તો અભાવ થઇ જાય છે. એટલે અલ્પજ્ઞકાળમાં પણ જ્ઞાનની શકિતનું સામર્થ્ય શકિતવાન સાથે એક છે, અભિન્ન છે. એની ઉપર એકાગ્ર થતાં અલ્પજ્ઞનો નાશ થઇ શકિતરૂપે જે સર્વજ્ઞ છે એ પર્યાયમાં પ્રગટ થાય છે. માટે શકિતના ગુણથી આત્મા જુદો છે અર્થાંતર બીજો પદાર્થ છે એમ છે નહીં. એમ સિધ્ધ કરે છે. સમજાણું કાંઇ? કહો, અમુલખભાઇ! આ તો સમજાય એવું છે કે નહીં? એ તો હા જ પાડે છે. એય! કીરીટ! સમજાય છે કે નહીં? શું? સતીષ! આ તો સમજાય એવું નથી?

વસ્તુ જુઓ! વસ્તુ. બીજી વસ્તુ મુકી દયો એક બાજુ. અહીં તો આત્મા લેવો છે ને. આંહી તો આત્માનું કામ છે ને. આત્મા પદાર્થ છે અસ્તિ. તો એમાં કાંઇ શકિત છે કે નહીં? કે શકિતવાન કોઇ એકલો રહી ગયો? કે એ શકિત છે એની. કે એ શું શકિત છે? જ્ઞાન એની શકિત છે. જ્ઞાન એનો ભાવ છે. જ્ઞાન એનો સ્વભાવ છે. જ્ઞાન એનું સત્‌નું સત્વ છે. એ સત્વને અને સત્‌ને એકતા છે. તો જે સત્વ છે એ સત્વ છે એ પરિપૂર્ણ સામર્થ્ય ધરાવે છે. આહાહા! એ પરિપૂર્ણ જે સામર્થ્ય છે એની સાથે આત્માની અભેદતા છે. એ અભેદતાનો જયાં આશ્રય કરે છે એટલે પર્યાયમાં, શકિતમાં જે કેવળજ્ઞાન છે એ પર્યાયમાં આવે છે. બહારથી આવે છે એમ છે નહીં. એનો અર્થ એમ થયો કે પુણ્યની પર્યાયથી વ્યવહારથી કેવળજ્ઞાન આવે છે એમ પણ નથી અને અલ્પજ્ઞાનનો પર્યાય છે એમાંથી કેવળજ્ઞાન આવે એમ પણ નથી. આહાહા! કેવી વાત સિધ્ધ કરે છે. જુઓને! હેં?

બાપુ તારું કેવળજ્ઞાન આવે છે એ કેવળજ્ઞાનની શકિત અને શકિતવાન અભિન્ન ત્રિકાળ છે. એવા

અભિન્ન ત્રિકાળમાં ભાઈ એક વસ્તુ અને એનો ગુણ એક. એક કહો, અખંડ કહો, પૂર્ણ કહો. સામર્થ્ય જેની અપરિમિતતા છે. એવા સ્વભાવ અને સ્વભાવવાન બેની જરૂર એકતા છે. એવી બેની એકતા જેને અનુભવમાં પ્રતીતમાં આવી એને પર્યાયમાં હું શક્તિરૂપે કેવળી છું એ પ્રતીત થઇ ગઇ. હું અલ્પજ્ઞ છું એ દૃષ્ટિ છૂટી ગઇ. શ્રદ્ધાએ કેવળજ્ઞાન થયું, શ્રીમદ્‌માં આવે છે ને. સમજાણું કાંઇ? શ્રીમદ્‌માં આવે છે. શ્રદ્ધાએ કેવળજ્ઞાન થયું, ઇચ્છાએ કેવળજ્ઞાન થયું. આહાહા! પાંચ બોલ. એમ તો એમાં બહુ સરસ વાત છે. એનો અર્થ એ થયો કે તારો જે ગુણ છે કોઇપણ. આ તો ઉપયોગ તે આખો ત્રિકાળી છે ને એના વિના હોતો નથી એટલે ત્યાં સિદ્ધ કર્યું છે. ઉપયોગ વિના કોઇ દિ' હોતો નથી. સમજાય છે?

દુઃખદશા વિના, રાગ વિના તો સાદિ અનંત રહે છે. ઉપયોગ તો એનું સ્વરૂપ જ છે. અને એ ઉપયોગ એનું પરિપૂર્ણ શક્તિરૂપ સ્વરૂપ છે. એ પરિપૂર્ણ શક્તિની સાથે આત્માને એકતા અને અભિન્નતા છે. આહાહા! સમજાણું કાંઇ? એટલે જ્યારે પર્યાયમાં કેવળજ્ઞાન ને પરિપૂર્ણદશા થાય છે, એ શક્તિમાં હતું તે પ્રગટે છે. એ પર્યાયમાંથી નહીં, નિમિત્તમાંથી નહીં, રાગમાંથી નહીં, સંઘયેણમાંથી નહીં. ઓહોહો! કથનથી ઉપદેશ! દિગમ્બર સંતોની વાણી પરમેશ્વરને ઉપરથી નીચે ઉતારે છે. પ્રભુ તું આવો છો ને. જોને આ સિદ્ધ જેવો છો ને. એમ કહે છે. આહાહા! સમજાણું કાંઇ?

ત્યારે કહે સિદ્ધની પર્યાય મારે નથી ને. પણ સિદ્ધની પર્યાય પ્રગટ થવાની છે કે નહીં? તો થવાની છે તો ક્યાંથી આવશે? એ અંદરમાં પરિપૂર્ણ સિદ્ધશક્તિથી ભગવાન શક્તિવાન એક છે. એટલે તે દૃષ્ટિ દ્રવ્ય ઉપર આપતાં, પરિપૂર્ણ સિદ્ધ છું એવી પ્રતીતમાં આવતાં એને સમ્યગ્દર્શન થાય છે. અને આગળ વધતાં શક્તિમાં જે કેવળજ્ઞાન છે એ શક્તિની વ્યક્તતા પ્રગટતા થાય છે. એ છે એમાંથી આવે છે. અલ્પજ્ઞમાંથી, રાગમાંથી કે વ્યવહારમાંથી કેવળજ્ઞાન આવતું નથી. સમજાણું કાંઇ? આહોહો!

કોઇપણ વાત લ્યે ત્યાં વાત તો મૂળ ત્યાં લાવીને મુકે. **'છદ્મસ્થદશામાં પણ...'** અરે! નિગોદની દશા ભલે હો એ તો પર્યાય છે. પણ એનો જે ગુણ છે એ તો પરિપૂર્ણ છે. ગુણ-શક્તિને અપૂર્ણ અને વિપરીત એવું શક્તિને લાગુ પડતું નથી. અપૂર્ણ અને વિપરીત એ તો પર્યાયમાં લાગુ પડે છે. સમજાય છે કાંઇ? એવો જે ભગવાનઆત્મા એમાં જે જ્ઞાનનું સામર્થ્ય તો પરિપૂર્ણ છે. કોઇ (પણ) સમયે અભવિને પણ પરિપૂર્ણ છે શક્તિ. આહાહા! એવું હશે? જીવ શેનો કહેવાય? એનો ઉપયોગ છે એ પરિપૂર્ણ શક્તિ અને શક્તિવાન છે. પર્યાયમાં પ્રગટ કરવાની એને તાકાત નથી. સમજાણું કાંઇ?

સર્વ જીવ છે સિદ્ધ સમ. સર્વ જીવ છે જ્ઞાનમય. યોગીન્દ્રદેવમાં આવે છે. સર્વ જીવ છે જ્ઞાનમય. આખી દુનિયાના અનંત આત્માઓ ઠસોઠસ ચૌદ બ્રહ્માંડમાં ભર્યા છે. કહે છે કે જ્ઞાન સુખ શક્તિ છે ને. ભલે આટલું ક્ષેત્ર હો પણ શક્તિ છે ને, એ સ્વભાવ છે ને, એ સત્વ છે ને, તો સત્વ તે એકરૂપ છે ને, અખંડ છે ને માટે પરિપૂર્ણ છે. પરિપૂર્ણ શક્તિથી તો ભગવાન અભિન્ન છે. એક સમયની પર્યાયથી

અભિન્ન નથી. એ ક્ષણિક અભિન્ન છે. ગુણથી ત્રિકાળ એમ તેથી લીધું ને. જુઓ! ગુણ વિષે શક્તિ છે. ઓલું **'જ્ઞાનગુણને સદાય એકત્વ છે...'** આહાહા! સમજાણું કાંઈ?

અલ્પજ્ઞ પર્યાયને એકત્વપણું ત્રિકાળ નથી. હા, એક સમયની પર્યાય છે. ત્રિકાળપણું એની સાથે નથી. ગુણ જે છે, વસ્તુ છે ને પદાર્થ છે ને. સ્વભાવવાન એનો જે સ્વભાવ જ્ઞાન, આનંદ એ સહિત પણ વસ્તુ એક અને પરિપૂર્ણ છે તો એનો જ્ઞાનગુણ, ભાવ-શક્તિ પરિપૂર્ણ છે. અલ્પજ્ઞકાળે પણ પરિપૂર્ણ શક્તિથી ભગવાન તો અભિન્ન જ છે. આહાહા! સમજાય છે કે નહીં આમાં? આંહી પૂરતું નહીં. બધે પૂરતું રાખવાનું. આંહી પૂરતો આત્મા હશે? ત્યાં બધા ગૂંચી જાય ધંધામાં ત્યાં ભૂલી જાય એમ. ભૂલી જતાં હશે? હું રતિલાલ છું એમ ભૂલી જાય છે એ? એ બધા નામ પણ ભૂલી જાય. મરી જાય પછી થઈ રહ્યું. હેં? બાપા કેવા હતા. સાંઈઠ વર્ષ પહેલાં પચ્ચીસ હજાર મૂકી ગયા. ખ્યાલ ન આવે લ્યો! હેં? દિન ઢળંતા, માસ દયા વર્ષે આંતરિયા, સૂરત ભૂલી સાહ્યબા જેના નામે ઉછળ્યા. નામ પણ નહીં રહે, નામ યાદ પણ નહીં રહે. અમારા દાદા હતા મગનલાલજી ને ઢીંકણા હતા... શું હતું નામ? કહો, સમજાણું કાંઈ?

કાંઈ નથી. ધૂળ પણ નથી. આ તો ત્રિકાળ સંબંધ છે. પરની સાથે તો વર્તમાન નિમિત્ત-નિમિત્ત સંબંધ એટલે એ તો પૃથક છે. રાગનો સંબંધ એક ક્ષણિક પણ પૃથક છે. એક સમયની પર્યાયનો સંબંધ એક સમય પૂરતો છે. અને એની શક્તિનો સંબંધ તો ત્રિકાળ છે. આહાહા! સમજાણું કાંઈ? **'છદ્મસ્થદશામાં પણ...'** આ જયસેનઆચાર્યમાં **'તે અભિન્ન જ્ઞાનગુણને વિષે...'** ભગવાનઆત્મા તેનો જે ગુણ જ્ઞાન તેને વિષે શક્તિરૂપે તો કેવળજ્ઞાન હોય જ છે. શક્તિરૂપ તો કેવળજ્ઞાનની પર્યાયમાં શક્તિરૂપે હોય છે. કેવળીદશામાં **'તે અભિન્ન જ્ઞાનગુણને વિષે શક્તિરૂપે રહેલું કેવળજ્ઞાન વ્યક્ત થાય છે...'** બસ. એ ચોંસઠ પહોરી પીપરની તીખાશ અલ્પ તીખાશને કાળે પણ ચોંસઠ પહોરી તીખાશ ને લીંડીપીપરને એકપણું જરૂર છે. બરાબર છે કે નહીં? આહાહા!

આ તો બધા તમારા લોજીકના ચાલે છે આમાં. ભગવાન તો ન્યાયથી નિરાવયમ્. આવે છે ને ઓલા પ્રવચનસારમાં. ભગવાને કહેલાં પદાર્થો યુક્તિથી અને સ્પષ્ટ તર્કણાથી સિધ્ધ થાય છે. પ્રવચનસારમાં આવે છે. હા, ત્રીજા અધિકારમાં. હોય છે. વસ્તુ એવી જ છે ને. બાપુ! કાંઈક ન્યાયથી ન્યાયથી. પણ આ વિકલ્પના ચક્રાવામાં પડ્યો. અને એને રાખવા મથ્યો એમાં વસ્તુ આખી દૃષ્ટિમાંથી ચાલી ગઈ. સમજાણું કાંઈ? પરાણે વ્રત લીધા. પરાણે બહારના ક્રિયાકાંડ અંદરમાં પાથર્યા કે આ અમારી છે, આ અમારી છે. એમાં ઓલો રહી ગયો આખો. હેં? આહાહા! કેમ ચેતનજી? આહાહા!

પ્રભુ! તારી મહિમાનો શું પાર કહે છે. તારો મહિમાનો પણ તારા સ્વભાવની શક્તિની મહિમાનો શું પાર? એવા ભાવથી ભરેલો તત્ત્વ તો પૂર્ણ શક્તિવાળો જ છે. વિશ્વાસ લાવે પણ ક્યાંથી? અલ્પજ્ઞ

હોવા છતાં હું સર્વજ્ઞ સ્વભાવની શક્તિથી ત્રિકાળ ભરેલો છું. આહાહા! પણ શક્તિ હોય એમાં અપૂર્ણતા, વિપરીતતા કેમ હોય શકે? એ તો પર્યાયમાં અપૂર્ણતા અને ઉલ્ટાપણું, ઓછાપણું વગેરે હોય. વસ્તુ તો કહે છે કે, પ્રભુ! આત્મા તું અલ્પજ્ઞ હતો માટે સર્વજ્ઞની પર્યાય બહારથી આવી છે માટે સમવાય સંબંધ થયો, વાત જૂઠી ત્રિકાળ છે. આહાહા!

ભગવાન! તું આત્મા છો ને. ભાઈ! તું આત્મા છો તો તે આત્મા તો વસ્તુ થઈ. પણ કોઈ શક્તિ, એનો ગુણ, સત્વ હોય કે નહીં? આત્મા તો સત્ થયો. તો તે સત્‌નું સત્‌પણું હોય કે નહીં? સત્‌પણું એટલે જ્ઞાન, આંનદપણું એ પરિપૂર્ણ છે. એ સત્‌પણાના ભાવથી સત્‌ની એકતા છે. સમજાણું કાંઈ? કહો, સતીષ! બેસે છે કે નહીં? ઓલા કપડામાં ગૂંચી ગયો છે, ત્યાં ધંધામાં. કોઈક કહેતું હતું હો. એ આ પણ રાખ્યું છે એમ. એટલું જાણે તો છે ને. જાણ્યું કાંઈ ચાલ્યું ન જાય એમ કહેતા હતા. કોઈક હમણાં કહેતું હતું. પોરબંદરથી કોઈક હતું મુંબઈનો માણસ. તારો એટલો પક્ષ લીધો હતો. હવે જો આ... હા, એ કાંઈક બોલ્યા હતા. કહો, સમજાણું આમાં? આમાં પણ વસ્તુ સ્થિત આવી છે એમ એના ખ્યાલમાં ન આવે.

કેવળજ્ઞાન વ્યક્ત થાય છે. કેવળજ્ઞાન ક્યાંય બહારથી આવીને કેવળીભગવાનના આત્મા સાથે સમવાય નામ ચોંટતું નથી. એમ સમજાય છે? આ બાવળમાં પણ ગુંદર તો અંદરથી આવે છે. છતાં ઉપરથી ચોંટ્યો કહેવાય. એમ આ એમ નથી. આ તો શક્તિ છે. ગુણી એવો ભગવાન એનો ગુણ પરિપૂર્ણ છે. એનો આશ્રય લેતાં એમાંથી શક્તિની વ્યક્તિ કેવળજ્ઞાન થાય છે.

આંહી તો મોક્ષમાર્ગ કોને આશ્રયે થાય એ પણ સિધ્ધ થઈ ગયું. હેં? આહાહા! આ વ્યવહાર ભગવાન તારા વ્યવહાર ને દયા-દાનને કારણે એને કારણે કેવળજ્ઞાન થાય એમ નથી. અને અલ્પજ્ઞાન વર્તે છે એ વ્યવહારને જાણનારું એનાથી પણ કેવળજ્ઞાન થાતું નથી. જુઓને ઓહોહો! શૈલી તે પણ કેવી! કેવળજ્ઞાન અને અનંતઆનંદ, અનંતવીર્ય, અનંતદર્શનઉપયોગ, જ્ઞાનઉપયોગ. એ ચતુષ્ટય જે પ્રગટ્યા એ ચતુષ્ટય શક્તિથી ભગવાન સાથે અવશ્ય અભેદ છે. એ ચતુષ્ટય શક્તિથી આત્મા અભેદ - અભેદ એકત્વ છે. એકત્વ છે એમાં એકત્વ કર્યું એમાંથી પ્રગટ થાય છે. કહો, સમજાણું આમાં? કહો, કીર્તિભાઈ! આવી વાત કોને ક્યાં કહે? માળા પાછા નાસ્તિક કહે. અરે! સાંભળને બાપુ! તારું હોવાપણું કેવડું તે તને પણ ખબર નથી અને બીજાને નાસ્તિક ઠરાવ પાછો. આહાહા! સમજાણું કાંઈ?

એય એ તો વ્રત, તપને માનતા નથી. એ વ્રત, તપને તો ઉડાડે છે. એ મોક્ષમાર્ગ છે એને તો ઉડાડે છે. પણ એ વ્રત, તપ તો વિકલ્પ છે - વિકલ્પ છે. આમ કરું આમ કરું એ તો વૃત્તી ઊઠે છે. એ આત્મા કેવો અને આત્માની પર્યાય કેવી? આહાહા! હેં? કાંઈ ખબર નથી. શું કરે? કાંઈ નામ ધરાવે ને પછી જૂઠા છે આમ છે. અરે! ભગવાન! તું કોને કહે છે? પ્રભુ! તને તારી પ્રભુતાની ખબર નથી. આહાહા!

પ્રભુ! ભગવાન એ પ્રભુતાની શકિતથી દરેકથી પરિપૂર્ણ પડેલો છે. આહાહા!

એ પરિપૂર્ણ શકિતવાળો ભગવાન એની ઉપર દૃષ્ટિ આપતાં પરિપૂર્ણ શકિત મારી છે. હું અલ્પજ્ઞ પણ નહીં, રાગ પણ નહીં અને નિમિત્ત પણ નહીં. એવી અંતર પ્રતીત થાય ત્યારે એને હજી ધર્મની સમ્યગ્દર્શનની પહેલી શરૂઆત કહેવાય છે. હવે આ વિના તું વ્રત ને તપને લઈને બેઠા આવા. બાપુ! બધી છેતરપીંડી ઊભી થઈ તને. આત્મા ત્યાં છેતરાઈ ગયો. હેં? આહાહા! શું થાય?

કેવળજ્ઞાન કયાંય બહારથી આવીને કેવળીભગવાન આત્મા સાથે સમવાય પામે છે એમ નથી. એક ફેરે ભાઈ, લોકસાર અધ્યયન બોટાદમાં ચાલતુ હતું. બોટાદની સભા જબરી. ત્રણસો ઘર તો તે દિ' હતા. વાંચવા બેસીએ તો માણસ સભા તો સમાય નહીં. સમાય તો નહીં પણ બહાર શેરી આખી છે તે ભરાઈ જાય. એવી કોઈ વાત નીકળી હતી. લોકસાર અધ્યયન લોકો કહે, ઓહો! આજ મહારાજને કેવળજ્ઞાન ફરે છે બહાર કયાંય. એય! લોકો બિચારા ખબર ન હોય ને કાંઈ. કેવળજ્ઞાન બાહુબલીને ફરતુ હતું ને એમ. અત્યારે કેવળજ્ઞાન.... પ્રભુ કેવળજ્ઞાન કાંઈ બહારથી આવતું હશે? તે ફરે. એય! બહારનો ઓલો મહિમા થયો ને બહુ. લોકસાર અધ્યયન ચાલતું હતું. ઘણી વાત નીકળી હતી. બીજે ઓછી છે એમાં છે થોડી કાઢે તો.

કીધું, આત્મા તો આ છે. લોકસાર. ચૈતન્યનો સાર ભગવાન છે. એકલો પદાર્થ પ્રભુ છે. એમાંથી આનંદ ને જ્ઞાનની દશા આવે છે, કયાંય બહારથી આવતી નથી. અને બહારના કારણે આવતી નથી. પુણ્ય-પાપ, દયા, દાન તો બહારના કારણો છે. એમાંથી કાંઈ કેવળજ્ઞાન આવતું નથી. એક વાત બેસાડે તો એ ન્યાલ થઈ જાય અંદરથી. એ શેઠ! અત્યાર સુધી એમ ને એમ વખત ગાળ્યા. એ તો ખાનગી કહેવાય. આ વસ્તુ સમજવા જેવી છે. બાકી બધા થોથે થોથા છે નિષ્ફળ થઈને ચાલ્યો જાશે. ફળ તો આ છે. આહા! જુઓને કેવી વાત કરી છે.

**'સમવાય પામે છે એમ નથી. છદ્મસ્થદશામાં અને કેવળદશામાં જે જ્ઞાનનો તફાવત જણાય છે તે માત્ર શકિત-વ્યકિતરૂપ તફાવત સમજવો...'** પર્યાયમાં અલ્પજ્ઞતા અને પર્યાયમાં વ્યકતતા એટલો ફેર સમજવો. શકિતને અને આત્માને જરા પણ કયાંય ફેર છે નહીં. સમજાણું કાંઈ? જે જ્ઞાનનો તફાવત જણાય છે તે માત્ર શકિત-વ્યકિતરૂપ છે. શકિતમાં પરિપૂર્ણ છે અને વ્યકતમાં ઓછું છે એ તફાવત જણાય છે. પણ શકિતમાં અને શકિતવાનમાં અભેદતા છે. એ એકતા થતાં સર્વજ્ઞનું વ્યકતપણું થઈ જાય છે. **'उवओगो लकखळो ळिच्चं स'** સર્વજ્ઞ ભગવાને આત્માને ઉપયોગ લક્ષણવાળો ધ્રુવ હો, ત્રિકાળી ઉપયોગવાળી વાત છે. **'उवओगो लकखळो ळिच्चं स'** આ નિત્યની વાત છે. જ્ઞાન, દર્શન નિત્ય જે શકિતરૂપ છે એવા લક્ષણવાળો ભગવાને આત્માને જોયો. એ આત્મા રાગમય કેમ થઈ જાય? ઉપયોગરૂપ છે, અનાત્મા છે એ આત્મા આત્મારૂપ કેમ થઈ જાય? એમ કહ્યું

છે ને. મીઠાનું પાણી થાય. સમજ્યા એ તો મીઠું ઓગળીને પાણી થાય છે. મીઠું ઓગળીને કાંઈ અફીણ થાય?

એમ ભગવાનઆત્મા પોતાનો સ્વભાવ છે પરિપૂર્ણ, એનો આશ્રય કરતાં દશા પ્રગટ થાય છે. પરિણમે છે, પર્યાય પરિણમે છે. પરિણમે છે - પરિણમે છે તો અંદર પરિણમનાર છે માટે પરિણમે છે. સમજાણું કાંઈ? લ્યો, ઓગણપચાસ થઈ. પંચાસ્તિકાયની ઓગણપચાસ ગાથા. હેં? પંચાસ્તિકાય છે કે નહીં ઘરે?હેં? પડ્યું છે ને. કહો આ બહેનો, દિકરીઓને સમજાય છે કે નહીં? બહેનો દિકરીઓ જ કે દિ' હતી. અહીં તો બધા આત્મા છે. બધા ચૈતન્યના ચોસલા છે. આનંદકંદના ધામ છે. એ આનંદની શક્તિથી આત્મા પરિપૂર્ણથી ભિન્ન ત્રણેકાળ નથી. આહાહા!

આનંદ છે, જ્ઞાન છે એ તો પરિપૂર્ણ છે. સ્વભાવ છે એનું હોવાપણું - હોવાપણું પૂર્ણ હોય તો જ સ્વભાવ કહેવાય. સમજાણું કાંઈ? એ પૂર્ણનો આશ્રય લઈને પર્યાયમાં પૂર્ણતા પ્રગટ થાય છે. અલ્પજ્ઞાન પર્યાયનો આશ્રય લે તો વિકલ્પનો આશ્રય લઈને થતો નથી. આ તો બે ને બે ચાર જેવી વાત છે. પણ આ વાત બહારમાં માથાફોડ કરીને સમજ્યા વિના માળા જગડા કરે. જુઓ! આવા મહાવ્રત લ્યે બિચારા. બાયડી, છોકરા છોડે બિચારા. ખાવા-પીવાના સાધનો ટાઢા ટાણે ટાઢું ઊના ટાણે ઊનું મળે. એ બધા છોડી અને કોઈકના ઘરે જાય, ભિક્ષા મળે તે લ્યે. એ કહે કે આ ખોટા! હવે સાંભળને લાખ વાર ખોટા. તને ખબર ક્યાં છે? જુઓને ... વાત કરી. તત્ત્વની અંદર વસ્તુ તો કાંઈ આવી નહીં. ભગવાન તો ક્યાંય એની પર્યાયમાં આવ્યો નહીં. એ તો બધા રાગ અને દ્વેષના પર્યાય. હેં? આહાહા!

દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે સિધ્ધ. જુઓ! શી રીતે કહે છે. દ્રવ્ય પરિપૂર્ણ છે તો તેનો ગુણ પરિપૂર્ણ છે. પર્યાય ભલે અલ્પ હોય પણ તેની શક્તિ તો તે કાળે પણ પરિપૂર્ણ છે. માટે પરિપૂર્ણના આશ્રયથી પરિપૂર્ણતા પ્રગટ થાય છે. એ કાંઈ બહારથી આવતું નથી. કહો, સમજાણું આમાં? એ ભીખાભાઈ!

મુમુક્ષુ :- પ્રભુ! આપ જે કહો છો તો આનંદનો પાર નથી.

ઉત્તર :- આહાહા! એના ઘરની વાત છે ને આ તો. આહા! જ્ઞાન ને આનંદ જેનો સ્વભાવ છે તે સ્વભાવથી તો પોતે એકત્વ છે. હવે તેને કોની સાથે એકત્વ કરવું છે? રાગ સાથે, પર સાથે, એક સમયની પર્યાય સાથે? એમ કહે છે. બદલતી - બદલતી પર્યાય એક સમયની કોઈ દિ' ત્રિકાળ અભેદ રહેતી નથી. સમજાણું કાંઈ?

માટે એને તો શક્તિ અને શક્તિવાન બે ત્રિકાળી એક છે તેનો આશ્રય કરવો જોઈએ. ભાવાર્થ બરાબર છે કે નહીં? **'भवेय वहेण'** ગોમ્મટસારમાં........ વચન પણ તેટલા નય પણ છે. નય પણ તેટલા મિથ્યાવાદ તેમ જિનવચન સર્વથા ન હોય એમ કહ્યું, એકાંતે એક નયને માને તો મિથ્યાત્વ છે.

આ વાંધા ઝઘડા ઝઘડા ઝઘડા. આ વસ્તુ સમજને. બાપા! જાદવજીભાઈ! સમજાય છે કે નહીં આ? આ નાણાવટીનો ધંધો છે. લુહાર હતા નાણાવટી લુહાર. લુહાર નાણાવટી......... મૂડી ચાલીસ હજારની. લુહાર, ચાલીસ હજારની મૂડી. નાણાવટી કહેવાય. પુણ્યની વાત છે ને. એમ આ તો નાણાવટી નાણ એટલે જ્ઞાન, એ નાણા એટલે જ્ઞાન એનો નાણાવટી આત્મા છે. એની દુકાન છે આ તો. એમ કહે છે. હેં? ઓગણપચાસ થઈ. પચાસ ગાથા. હવે જૈનનું સમવાયપણું કેવું છે એમ સિદ્ધ કરે છે. અન્ય સમવાય કહે છે એમ નથી.

# ગાથા-૫૦

**समवत्ती समवाओ अपुधब्भूदो य अजुदसिद्धो य ।**
**तम्हा दव्वगुणाणं अजुदा सिद्धि त्ति णिद्दिट्ठा ।।५०।।**

समवर्तित्वं समवायः अपृथग्भूतत्वमयुतसिद्धत्वं च ।
तस्माद्रव्यगुणानां अयुता सिद्धिरिति निर्दिष्टा ।।५०।।

समवायस्य पदार्थान्तरत्वनिरासोऽयम् ।

द्रव्यगुणानामेकास्तित्वनिर्वृत्तित्वादनादिरनिधना सहवृत्तिर्हि समवर्तित्वम्; स एव समवायो जैनानाम्; तदेव संज्ञादिभ्यो भेदेऽपि वस्तुत्वेनाभेदादपृथग्भूतत्वम्; तदेव युतसिद्धिनिबन्धन-स्यास्तित्वान्तरस्याभावादयुतसिद्धत्वम्। ततो द्रव्यगुणानां समवर्तित्वलक्षणसमवाय-भाजामयुतसिद्धिरेव, न पृथग्भूतत्वमिति ।।५०।।

**સમવર્તિતા સમવાય છે, અપૃથક્ત્વ તે, અયુતત્વ તે;**
**તે કારણે ભાખી અયુતસિદ્ધિ ગુણો ને દ્રવ્યને. ૫૦.**

**અન્વયાર્થ :-** (समवर्तित्वं समवायः) **સમવર્તીપણું તે સમવાય છે;** (अपृथग्भूतत्वम्) **તે જ, અપૃથક્પણું** (च) **અને** (अयुतसिद्धत्वम्) **અયુતસિદ્ધપણું છે.** (तस्मात्) **તેથી** (द्रव्यगुणानाम्) **દ્રવ્ય અને ગુણોની** (अयुता सिद्धिः इति) **અયુતસિદ્ધિ** (निर्दिष्टा) (**જિનોએ**) **કહી છે.**

**ટીકા :- આ, સમવાયને વિષે પદાર્થાંતરપણું હોવાનું નિરાકરણ (ખંડન) છે.**

**દ્રવ્ય અને ગુણો એક અસ્તિત્વથી રચાયાં હોવાથી તેમની જે અનાદિ-અનંત સહવૃત્તિ (-સાથે રહેવાપણું) તે ખરેખર સમવર્તીપણું છે; તે જ, જૈનોના મતમાં સમવાય છે; તે જ, સંજ્ઞાદિથી ભેદ હોવા છતાં (-દ્રવ્ય અને ગુણોને સંજ્ઞા-લક્ષણ-પ્રયોજન વગેરેની અપેક્ષાએ ભેદ હોવા છતાં) વસ્તુપણે અભેદ હોવાથી અપૃથક્‌પણું છે. તે જ, યુતસિદ્ધિના કારણભૂત *અસ્તિત્વાંતરનો અભાવ હોવાથી અયુતસિદ્ધપણું છે. તેથી [1]સમવર્તિત્વસ્વરૂપ સમવાયવાળાં દ્રવ્ય અને ગુણોને અયુતસિદ્ધિ જ છે, પૃથક્‌પણું નથી. ૫૦.**

## ગાથા - ૫૦ ઉપર પ્રવચન

समवत्ती समवाओ अपुधब्भूदो य अजुदसिद्धो य ।
तम्हा दव्वगुणाणं अजुदा सिद्धि त्ति णिद्दिट्ठा ।।५०।।

**સમવર્તિતા સમવાય છે, અપૃથક્ત્વ તે, અયુતત્વ તે;**
**તે કારણે ભાખી અયુતસિદ્ધિ ગુણો ને દ્રવ્યને. ૫૦.**

ભગવાને આમ કહ્યું છે પરમેશ્વરે, એમ કહે છે. આહાહા! છે કોઈ શાસ્ત્ર! અમૃત શાસ્ત્ર છે. એના અમૃતચંદ્રઆચાર્ય. **'આ, સમવાયને વિષે પદાર્થાંતરપણું હોવાનું નિરાકરણ (ખંડન) છે...'** એટલે ગુણ જુદો અને ગુણી જુદા પછી સમવાય સંબંધ થાય એનું અહીંયા નિરાકરણ કર્યું, એનું ખંડન કર્યું છે. એમ હોય શકે નહીં. આહાહા! **'દ્રવ્ય અને ગુણો એક અસ્તિત્વથી રચાયા હોવાથી...'** પહેલાં આવી ગયા હતા ચાર બોલ.

દ્રવ્ય પોતે વસ્તુ અને એના ગુણોનું અસ્તિત્વ દ્રવ્યથી એક દ્રવ્ય છે. ક્ષેત્રથી અભિન્ન છે, કાળથી અભિન્ન છે અને ભાવથી અભિન્ન છે. પ્રવીણભાઈ! આમાં પ્રવીણ થવું જોઈએ એમ કહે છે. આ લોઢાના વ્યાપાર અને આ બધામાં હોંશિયાર **'દ્રવ્ય અને ગુણો એક અસ્તિત્વથી રચાયાં હોવાથી...'**

---

* અસ્તિત્વાંતર = ભિન્ન અસ્તિત્વ. (યુતસિદ્ધિનું કારણ ભિન્ન ભિન્ન અસ્તિત્વો છે. લાકડી અને લાકડીવાળાની માફક ગુણ અને દ્રવ્યનાં અસ્તિત્વો કદીયે ભિન્ન નહિ હોવાથી તેમને યુતસિદ્ધપણું હોય શકે નહિ.)

૧. સમવાયનું સ્વરૂપ સમવર્તીપણું અર્થાત્ અનાદિ-અનંત સહવૃત્તિ છે. દ્રવ્ય અને ગુણોને આવો સમવાય (અનાદિ-અનંત તાદાત્મ્યમય સહવૃત્તિ) હોવાથી તેમને અયુતસિદ્ધિ છે, કદીયે પૃથક્‌પણું નથી.

પ્રવીણભાઈને બહુ જિજ્ઞાસા. ભાઈ! આહાહા! ચાર ગતિના ભવ કરવા - ચાર ગતિના ભવ કરવા. આહાહા! નહીં. પ્રવીણભાઈ! એક એ બોલ્યા અને એક ચંદુલાલ બોલ્યા હતા. અરરર! આ ચાર ગતિના ભવ કરવા.... એનાથી છૂટયા વિના કોઈ છૂટકો નથી. ચાર ભવમાં ઘાણીમાં પીલાય છે. ભાઈ! સમજાય છે? ચાહે તો દેવનો ભવ હો, શેઠાઈનો હો એ બધા દુઃખના ડુંગરે સળગી રહ્યા છે. એની એને ખબર નથી. આનંદપ્રભુ આત્મા એના ઝરણાને પ્રગટ કર્યા વિના એ ઝરણા ઝરે આકુળતાના. આહાહા! એ નવા... દુઃખી છે દુઃખી. દેવો દુઃખી. ઈન્દ્રાણી હજારો કરોડો, શરીર સુંદર રૂપાળું એમાં ધૂળમાં શું? આકુળતામાં સળગે છે અંગારા છે. એ આકુળતાને અંગારે સળગી રહ્યા છે. ચાર ગતિમાં સ્વર્ગ ઠીક અને નરક અઠીક એમ કાંઈ છે નહીં. આહાહા!

વીતરાગ પરમાત્માનો આ માર્ગ છે. ઓલો એક જણો કહે સ્વર્ગના સુખ તો મળવા દયો. શાંતિભાઈ હતા નહીં નાગલપૂરવાળા. બોટાદ. એ કહે સ્વર્ગના સુખ તો મળો બિચારાને પછી મોક્ષ થાશે. ભોગવવા દયો. અરે! ભગવાન! નાગલપૂરના ઓલા નાગલપૂર નહીં? બોટાદ પાસે. અમુલખભાઈ! હાડકાં બહુ મજબુત. આ વાત કયાંય સાંભળવા મળે નહીં શું કરે બિચારા! પછી આવીને કહે, આવે ખરા. પણ મહારાજ તમે પુણ્યનો નિષેધ કરો છો પણ પુણ્ય કરશે તો સ્વર્ગમાં એટલા સુખી તો થાશે. પછી મોક્ષ જાશે. આહાહા! અરે ભગવાન! કયાં ધૂળમાં પણ સુખ નથી. સળગે છે અગ્નિથી.

જુઓ! અહીં તો કહે છે બાપા! તારો આનંદ અને તારો આત્મા બન્ને એક અસ્તિત્વથી રચાયેલાં છે. તારો આનંદ કયાંય બહારમાં નથી. આહાહા! નથી સ્વર્ગમાં, નથી નર્કમાં, નથી પૈસામાં, નથી એના હજીરામાં. દસ દસ વીસ વીસ લાખના મોટા આરસ પહાણના બંગલા કરેલાં. આહાહા! એને એમ થઈ જાય કે, આહાહા! એ તો આકુળતા છે.

અહીં તો ગુણ અને દ્રવ્યનો આનંદ અને આત્માનો એક હોવાથી રચાયેલાં **'તેમની જે અનાદિ-અનંત સહવૃત્તી...'** દેખો. ભગવાનઆત્મા અને આનંદ અહીં ઉપયોગની વાત છે. પણ ઉપયોગમાં આનંદ હોય જ તે. **'એ અનાદિ-અનંત આત્માને સહવૃત્તિ -(સાથે રહેવાપણું) તે ખરેખર સમવર્તીપણું છે...'** આનું નામ સમવાય છે કહે છે. એની વિશેષ વાત કહેશે.

**(શ્રોતા :-પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૫૨ ગાથા :- ૫૦ થી ૫૩
## પોષ વદ - ૭ ગુરુવાર, તા. ૨૯/૧/૭૦

પંચાસ્તિકાય પચાસમી ગાથા. ટીકા છે ને. **'આ સમવાયને વિષે પદાર્થાંતરપણું હોવાનું નિરાકરણ (ખંડન) છે...'** એટલે શું? કે આ આત્મા જે છે વસ્તુ. તેનો જ્ઞાન, આનંદ આદિ જે ગુણ છે તેનો સમવાય સંબંધ એવો નથી કે એ જુદી ચીજ હતી ને પછી દ્રવ્ય સાથે ભેગી થઈ. એવો સમવાય સંબંધ કાંઈ બન્યો છે જૈન વીતરાગમાં કે એ સહવર્તી આત્મા સાથે સહવર્તીગુણો અનાદિ-અનંત રહે એને અહીંયા વીતરાગ માર્ગમાં સમવાયપણું ગણવામાં આવે છે. વસ્તુ એમ છે વીતરાગમાર્ગમાં તે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા વસ્તુ છે. અને એમાં જ્ઞાન અને આનંદ એ ગુણ છે. કેમ કે વસ્તુ હોય એને કોઈ શક્તિ ને સ્વભાવ ગુણ હોય ને? ન્યાયથી કે તું ચીજ છે, એ ચીજ છે એ જડ ને ચૈતન્ય જેમ. તો જડ છે ચીજ તો એમાં જડ ગુણો હોય. ચૈતન્ય છે ચીજ તો એમાં ચૈતન્ય આનંદ આદિ ગુણો હોય. તો કહે છે કે ગુણી જે દ્રવ્ય, ગુણી એટલે વસ્તુ એનો જે ગુણ ભલે નામ ભેદ પડયા. ગુણી અને ગુણ એવા નામ ભેદ પડયા. પણ જ્ઞાનગુણ અને આત્મા એના પ્રદેશભેદ કે અર્થાંતર અનેરો બે પદાર્થ છે એમ નથી. એ જ્ઞાન તે જ આત્મા. જ્ઞાન તે જ આત્મા. એમ તેને સહવર્તીને લઈને સમવાય સંબંધ આ રીતે ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

જુઓને કેટલી વાતથી સિધ્ધ કરે છે. ઉપયોગના ઉપયોગને સિધ્ધ કરે છે. ઉપયોગની આ વ્યાખ્યા છે. કે આત્મા છે એમાં જાણવાનો ઉપયોગ છે. જાણનાર છે ને. જાણવાનો ઉપયોગ છે ને ત્રિકાળ હો. એ ઉપયોગ અને ઉપયોગવાન એવા નામ ભેદ હોવા છતાં તે ઉપયોગવાનની સાથે ઉપયોગ સદાય અનાદિ-અનંત છે એવો એને સમવાય વીતરાગ માર્ગમાં ગણવામાં આવ્યો છે. કહો, સમજાણું આમાં?

**'દ્રવ્ય અને ગુણો એક અસ્તિત્વથી રચાયાં હોવાથી...'** લ્યો! દ્રવ્ય એટલે વસ્તુ અસ્તિ પદાર્થ આત્મા અને જ્ઞાન, આનંદ આદિ કાયમ રહેનારા ગુણો એટલે શક્તિ તે એક અસ્તિત્વથી રચાયાં છે. એક હોવાપણાંથી રચાયેલાં એટલે રહેલાં છે. એના બે હોવાપણાં ગુણનું હોવાપણું જુદું અને વસ્તુનું હોવાપણું જુદું એમ છે નહીં. જેમ સાકરનું હોવાપણું જુદું અને સાકરના ગળપણનું હોવાપણું જુદું એમ નથી. હેં?

મુમુક્ષુ :- સાકરનું અને ગળપણનું જુદાપણું છે.

ઉત્તર :- નથી. એમ નથી. ગળપણ જુદું અને સાકર જુદી એમ નથી. એ તો ગળપણ ને સાકર એક છે. સાકર દ્રવ્ય કહીએ વસ્તુ તો ગળપણ ગુણ કહીએ. પણ ગુણ બીજો છે અનેરો પદાર્થ અને દ્રવ્ય સાકર અનેરી એમ છે? એમ નથી. ઉષ્ણતા અને અગ્નિ. અગ્નિ વસ્તુ છે અને ઉષ્ણતા એની શક્તિ ગુણ છે. પણ એ શક્તિ જુદી છે અને શક્તિવાન જુદો છે એમ નથી. પણ અગ્નિ છે ત્યાં ઉષ્ણતા કાયમ છે એવું સહવર્તી ગણીને અગ્નિ સાથે ઉષ્ણતાને સમવાય સંબંધ કહેવામાં આવે છે.

એમ આત્મા વસ્તુ છે. ભગવાનઆત્મા પદાર્થ છે, ચીજ છે, તત્ત્વ છે. તો એનો જે જ્ઞાનગુણ છે તે એની સાથે સહવર્તી સદાય છે. રાગ-દ્વેષ અને પુણ્ય-પાપના વિકલ્પો એ કાંઈ સદાય નથી. આ તો ગુણની વાત છે. પણ પર્યાયમાં ઉપયોગ વિનાનો આત્મા કોઈ દિ' હોય નહીં. કારણ કે એની ચીજ છે એ. પુણ્ય ને પાપના વિકલ્પો એ વિનાનો તો આત્મા થઈ જાય છે. કારણ કે એનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ?

દ્રવ્ય અને ગુણો, લોજીક ન્યાયથી સિધ્ધ કરે છે. વસ્તુ જે છે, છે. એના ગુણો છે જ્ઞાન આનંદ આદિ આત્માના. એ આનંદ ને જ્ઞાન ને આત્માનું એક હોવાપણું છે. આનંદનું હોવાપણું આત્માના ગુણનું સચ્ચિદાનંદ છે ને એ. સત-ચિદ્-આનંદ. સત્ વસ્તુ એમાં ચિદ્ એટલે જ્ઞાન ને આનંદ. એ બેનો એક અસ્તિત્વથી રચાયેલો ભાવ છે. બેના હોવાપણાનો ભાવ જુદો નથી. આનંદ જોઈતો હોય તેમણે આત્માને ગોતવો એમ કહે છે. ધર્મ જોઈતો હોય તેમણે આત્માને શોધવો. શેઠ! સમજાય છે કાંઈ? આ સુખી થવું હોય તો કહે છે કે આત્મામાં આનંદ છે તેને શોધવો એમ કહે છે. એ આનંદ ને આત્મા બેય જુદા નથી.

પુણ્ય ને પાપ જે વિકલ્પો ઊઠે છે તે તો સંયોગીભાવ છે. દયા, દાન, વ્રત, ભક્તિ અથવા કામ, ક્રોધ, માન, માયા, લોભના એ તો વિકારી સંયોગીભાવ છે. એ કાંઈ કાયમ રહેનારી ચીજ નથી. ઉત્પન્ન કરે તો કરે અને ન કરે તો ટાળે એવો એનો સ્વભાવ છે. પણ જ્ઞાન ઉત્પન્ન કરે તો કરે નહીંતર જ્ઞાન ટાળે એવું કાંઈ આત્મામાં નથી. સમજાણું કાંઈ?

**'દ્રવ્ય અને ગુણો એક અસ્તિત્વથી...'** એક હોવાપણાથી રહેલાં છે. રચાયેલાં એટલે એક હોવાપણે રચાયેલાં છે. આહાહા! **'તેમની જે અનાદિ-અનંત સહવૃત્તિ (સાથે રહેવાપણું)...'** ભગવાનઆત્મા ત્યાં ત્યાં જ્ઞાન ને આનંદ કાયમ છે. **'તે ખરેખર સમવર્તીપણું છે...'** સાથે વર્તવાપણું છે. આત્માને ને આનંદને અને જ્ઞાનને સાથે વર્તવાપણું છે. **'તે જ, જૈનોના મતમાં સમવાય છે...'** વીતરાગ સર્વજ્ઞદેવ પરમાત્મા થઈ ગયા. સમજાય છે કાંઈ? જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન શક્તિરૂપે હતું તે પ્રગટરૂપે થઈ ગયું. કારણ કે જ્ઞાન શક્તિ પૂર્ણ અને આત્મા બેય તો અભેદ છે. એક હોવાપણે રચાયેલાં છે. એમાં નજર કરતાં પર્યાય એટલે વર્તમાન અવસ્થામાં

જે દ્રવ્યને આશ્રયે જ્ઞાન, શાંતિ, આનંદ આદિ પ્રગટ દશા થાય તે તેનો ધર્મ અને તે તેની દશા સુખરૂપ દશા છે. સમજાણું કાંઈ?

એમ પરમેશ્વર કહી ગયા છે. કહે છે. પરમેશ્વરે આ રીતે સહવર્તી અને સમવાય કહ્યું છે. જુદી ચીજ હતી ને જુદી જોડાઈ ગઈ એને પરમેશ્વર વીતરાગદેવે સમવાય કહ્યું નથી અને એમ હોતું નથી. કહો, સમજાણું કાંઈ? શરીર વિનાનો રહી શકે, વાણી વિના રહી શકે. કારણ કે એ વિનાની ચીજ છે. વિકાર વિના રહી શકે, કારણ એ વિનાની ચીજ છે. પણ ઉપયોગ વિના રહી શકે એવી એ ચીજ છે નહીં. કહે છે તે જ, જૈનોના મતમાં, વીતરાગ પરમેશ્વરે કહેલો અભિપ્રાય એમાં એને સમવાય કહે છે. લોકો બીજા તો એમ કહે ને કે ભાઈ જ્ઞાન જુદું હતું અને આત્મા સાથે જોડાણું. માટે આત્મા જ્ઞાનવાળો કહેવામાં આવ્યો. જેમ લાકડી જુદી હતી ને લાકડીવાળાએ પકડી તેથી લાકડીવાળો કહેવાણો. કોઈ કહે છે કે એમ છે. જ્ઞાન જુદું અને આત્મા જુદો માટે જ્ઞાન જોડાણું તો જ્ઞાનવાળો કહેવાણો. એમ છે નહીં. સમજાણું કાંઈ?

**'તે જ, સંજ્ઞાદિથી ભેદ હોવા છતાં...'** નામ ભેદ છે, કહે છે. જ્ઞાનનું નામ જ્ઞાન, આત્માનું નામ આત્મા. ભલે નામ ભેદ હો પણ વસ્તુ ભેદ નથી. ઉષ્ણતા અને અગ્નિ બે નામ ભેદ છે. પણ કાંઈ ઉષ્ણતા જુદો પદાર્થ છે અને અગ્નિ કોઈ જુદો પદાર્થ છે એમ છે નહીં. આહાહા! આ લોજીકથી તો વાત કરે છે ભાઈ આ. કહો, સમજાણું?

**'એવું દ્રવ્ય અને ગુણોને સંજ્ઞા-લક્ષણ...'** ગુણનું લક્ષણ દ્રવ્યને આશ્રયે રહેલું દ્રવ્યનું લક્ષણ અનંતગુણનો આધાર દેવો. એવું ભલે લક્ષણ ભેદે લક્ષણ હો. પ્રયોજન ભેદ હો ગુણ અને દ્રવ્યને. છતાં વસ્તુપણે અભેદ છે. ગુણ અને ગુણી, શક્તિ અને શક્તિવાન, સ્વભાવ અને સ્વભાવવાન એ ચીજ જુદી નથી. એટલે જેને ધર્મ કરવો હોય તો કહે છે કે ધર્મ એટલે આત્માનો સ્વભાવ. એ સ્વભાવ કાયમ પડયો છે. તેનો આશ્રય કરતાં પર્યાયમાં ધર્મ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? **વસ્તુપણે અભેદ હોવાથી અપૃથક્પણું છે.** અપૃથક્ એટલે જુદા નથી એક છે. આરે! કેવી પણ એણે સિદ્ધિ કરી છે!

આંહી તો કહે છે કે તારે હિત કરવું છે કે નહીં? તો જેને પર્યાયમાં હિત કરવું છે તે આનંદ અને શાંતિની પ્રાપ્તિ થાય એવો કોઈ ગુણ અંદર ગુણીની સાથે અભેદ છે કે નહીં? આ દુનિયામાં આકુળતા છે. પુણ્ય ને પાપની આકુળતા છે. એ દુઃખ છે. હવે તારે સુખી થવું છે કે નહીં? દુઃખી તો ચોર્યાસીના અવતારમાં અનંતકાળથી થઈ રહ્યો છે. ભલે શેઠ હો કે રાજા હો કે રંક હો કે નારકી હો, કીડી હો, કાગડો હોય. બધા એક જાતના દુઃખ છે. ઓછા-વતા આકુળતાની જુદી વાત છે પણ છે બધા આકુળતાવાળા. બરાબર હશે? તમે પૈસાવાળા પણ દુઃખી હશો? કયાં આમાં પૈસાવાળા હોય તો દાંત પાડવા મોટરમાં ફટ રાજકોટ જવું પડયું. પૈસા ન હોય તો બિચારા ગરીબ માણસ શું કરે? શું પણ એમાં થયું? દાંત

પાડવો એ તો બધો વિકલ્પ હતો. પાડે કોણ? ટાળે કોણ? એ તો એને કારણે પડવાને યોગે પડે છે. કહે છે બહુ ખેંચવો પડયો હતો. અરે ભગવાન! સાંભળ તો ખરો ભાઈ. એ દાંતનું હોવાપણું અને આત્માનું હોવાપણું બે તદ્દન અસ્તિત્વ જુદા છે.

એમ જ્ઞાન ને આનંદનું હોવાપણું અને આત્માનું હોવાપણું બે અસ્તિત્વ જુદા નથી. આહાહા! તારો આત્મા આનંદની ખાણ છે. આરે! કેમ બેસે એવડો મોટો! બીડી વિના ચાલે નહીં, તમાકુ વિના ચાલે નહીં. માન ફરીને ન મળે ત્યાં હીણો પડી જાય. અરરર! મારી વેગની યોગ્યતા છે એ પ્રમાણે મને ગણ્યો નહીં. તું તો ત્રણકાળ, ત્રણલોકમાં કેવળી ગણાય એવડો મોટો છો.

ઓહો! કહે છે વસ્તુ ભગવાનઆત્મા અને તેની શકિતઓ. શકિતવાન છે એની શકિતને અને વાનને બેને જુદાપણું કેમ હોય? સમજાણું કાંઈ?

એમ અભેદ આત્મા છે તો તેથી તેની દૃષ્ટિ કરતાં પર્યાયમાં આનંદ આવે અને દુઃખ ટળે આ એનું નામ ધર્મ અને આત્મજ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહીં? રતિભાઈ! આંહી પૂરતું નહીં. ત્યાં ધંધામાં સંચામાં જાય ત્યાં બીજું થઈ જાય. બીજું થઈ જાશે? ત્યાં નામ પાડયું છે. રતિભાઈ! ના. ના. ત્યાં થઈ જાય લક્ષ્મીચંદ એમ થાતું હશે ત્યાં? પૈસાવાળા થાય એટલે લક્ષ્મીચંદ થાતું હશે? વસ્તુ તો જે સ્વરૂપે છે અને ગુણે જે છે. એ છે. ગમે તે હો ઉર્ધ્વમાં હો, અધોમાં હો, મધ્યમાં હો, નીચે હો. સંયોગોની સ્થિતિના ભીડામાં હો પણ એ તો છે એ છે. એને સંયોગ અડતા પણ નથી.

ઓલા દિલીપને એક જણાએ પૂછયું હતું. નહીં તમારા નામે બકુલ છોકરા છે ને, છોકરા છે ને. તમારો ભાઈ નાનો. કે આપણે જંગલમાં જઈએ. ઓલો નાનો આને કહે આને દિલીપને પૂછે છે. જંગલમાં જાઈએ. જંગલમાં પણ કરવાનું તો પાછું આ છે. શું કરવું છે? એમ પાછો જવાબ આપ્યો. ભારે છોકરો છે. એમ કહ્યું ને? આનો નાનો ભાઈ છે ને. આ કહે હાલો આપણે જંગલમાં જઈએ. જંગલમાં તો પાછું એકત્વબુધ્ધિ કરવાનું તો આ છે. એય! જવાબ જોને એનો. એય કયાં ગયા દાદા એના? કહો માળો એવો જવાબ આપે છે! સામો એક નંબર ધારીને નહીં, ફટ! જંગલમાં જઈને કરવાનું છે તો અંદર દ્રવ્યનું એકત્વ. ત્યાં કાંઈ બીજું કરવાનું છે? એય જેઠાભાઈ! ઓલો છોકરો નહીં અગિયાર વર્ષની ઉંમર. બારમું હજી બેઠું. માળો જવાબ એવો આપે. ચાલો કહે જંગલમાં જઈએ. ત્યાં જઈને જંગલમાં કરવાનું તો આ નું આ છે. એનો અર્થ એમ કે જંગલ કરી દયે છે? હેં?

ભગવાનઆત્મા અંતરમુખ સ્વભાવ અને સ્વભાવવાન એક છે. એવો અંતર અનુભવ અને નિર્ણય કરવા. ગમે તે ક્ષેત્રમાં હો ત્યાં આ કરવાનો છે. એમાં ક્ષેત્ર ક્યાં એને મદદ કરે છે કે ક્ષેત્ર ક્યાં એને વિઘ્ન કરે છે. એમ અહીં કહે છે. વસ્તુ તો તદ્દન ભગવાન પ્રભુ! અને આ જેમ શરીર, વાણીનું હોવાપણું અને પુણ્ય-પાપનું હોવાપણું જુદું છે. એમ આત્મા અને આનંદનું બેનું હોવાપણું જુદું નથી. એ બે અપૃથક્ છે. પૃથક્ છે નહીં.

**'તે જ, યુતસિધ્ધિના કારણભૂત અસ્તિત્વાંતરનો અભાવ હોવાથી...'** લ્યો! ભિન્ન અસ્તિત્વ યુતસિધ્ધિનું કારણ ભિન્ન ભિન્ન અસ્તિત્વ છે. લાકડી અને લાકડીવાળાની માફક, ગુણ અને દ્રવ્યના અસ્તિત્વો કદીયે ભિન્ન નહિ હોવાથી તેમને યુતસિધ્ધપણું હોય શકે નહીં. યુત એટલે જુદું થઇને જોડાઇને સિધ્ધ થાય તે. યુત એટલે જુદું હોય અને જોડાઇને સિધ્ધ થાય તે. એમ આનંદ અને જ્ઞાન જુદા અને પછી જોડાઇને આત્મા સિધ્ધ થયો જ્ઞાન અને આનંદવાળો એમ છે નહીં. આ કેટલી વાત સિધ્ધ કરી છે. તો પણ એની પોતાની ચીજની મૂડી, પુંજી કેવડી અને પુંજીવાળો કોણ છે એની ઉપર એણે નજર કરી નથી. સમજાણું કાંઇ?

એ તો પર્યાયમાં છે. પર સાથે જેટલો લક્ષ છે પરનો એટલો પર્યાયનો છે. દ્રવ્ય-ગુણમાં કયાં છે? શકિત અને શકિતવાનમાં ઓછા-વતાપણું કયાં છે? એ તો એની હાલતમાં છે. કારણ કે જેટલો આશ્રય પરમાં જાય છે એટલી ત્યાં પરાધીન અવસ્થા હીણી થઇ જાય છે. સ્વનો આશ્રય કરતાં દશા પ્રગટ થાય છે. સ્વનો પૂર્ણ આશ્રય કરતાં કેવળજ્ઞાન પર્યાયમાં થઇ જાય છે. આવી ચીજ છે. અનાદિથી અનંત તીર્થંકરો કેવળીઓ કહેતાં આવ્યા છે અને ન્યાયથી, અનુભવથી, આગમથી સિધ્ધ થઇ શકે છે, બધે પડખેથી. સમજાણું કાંઇ?

**'તે જ, યુતસિધ્ધિના કારણભૂત અસ્તિત્વાંતરનો...'** એમ કે જુદું અસ્તિત્વ હતું ગુણનું અને આનું અને પછી ભેગું થયું તેનો તો અભાવ છે. **'અયુતસિધ્ધપણું છે...'** માટે જુદું થઇને એકાકાર થયું એમ નથી. અયુતસિધ્ધ છે. અનાદિથી આત્મા અને ગુણનું અયુતસિધ્ધ એટલે એમ ને એમ સંબંધ છે. તેથી સમવર્તીત્વસ્વરૂપ સમવાયવાળાં સરવાળો કર્યો. સાથે રહેનારા **'સ્વરૂપ સમવાયવાળાં દ્રવ્ય અને ગુણોને અયુતસિધ્ધિ જ છે, પૃથક્પણું નથી...'** કહો, સમજાય છે કાંઇ?

ત્યારે એમ કહે છે ને માણસ કે આપણે ભાઇ નિર્દોષ થવું છે. નિર્દોષ થવું છે. તો નિર્દોષ થવું છે તો કહે નિર્દોષ સ્વભાવ અને નિર્દોષ સ્વભાવવાન અભેદ છે તેની નજર કર તો નિર્દોષ થવાશે. કારણ કે વસ્તુ સ્વભાવ જ નિર્દોષ છે. આત્મા નિર્દોષ છે. નિર્દોષ કહો કે વીતરાગભાવ કહો. સમજાય છે કાંઇ? સદોષતા ટાળીને નિર્દોષિતા પ્રગટ કરવા માગે છે ને. સદોષતા ટાળીને નિર્દોષતા એનો અર્થ થયો કે સદોષ ટળી શકે છે કેમ કે કાયમની ચીજ નથી. નિર્દોષતા પર્યાયમાં પ્રગટ થઇ શકે છે તો એ નિર્દોષતા આવશે કયાંથી? કહે છે કે નિર્દોષ સ્વભાવ પડયો છે તારો. એનો ધરનાર આત્મા બેય અભિન્ન ચીજ છે.

નિર્દોષ વીતરાગી સ્વભાવ અને વીતરાગ સ્વભાવ ધરનાર અયુતસિધ્ધ છે. જુદા થઇને બે સિધ્ધ થાય છે એમ છે નહીં. એ પચાસ ગાથા થઇ. અહીં મૂળ તો ઓમાં સમવાય શબ્દ સિધ્ધ કર્યો છે. બીજી વાત તો આવી ગઇ હતી. પણ એમ કે એને સમવાય પણ કહી શકાય છે. સાથે રહે છે. વસ્તુ ભગવાનની સાથે ગુણો રહે છે માટે તેને સમવાય પણ કહી શકાય. પણ ભિન્ન હતા અને જોડાય એવો સમવાય,

યુતસિધ્ધ સમવાય એ નથી. અયુતસિધ્ધ સમવાય આને સિધ્ધ થાય છે. એ ધીરૂભાઇ! આરે! આ ઓલા તો કહે, આ કરો, વ્રત કરો, તપ કરો એ બધું લક્ષ બહાર લક્ષી. આજે ઓલા કાંતિલાલનો લેખ.(આવ્યો છે) શુભભાવથી સમકિત થાય છે એમ કીધું. કારણ કે પરલક્ષી શુભભભાવમાં પણ સ્થિતિ રસ તો ઘટે છે. અને સ્વલક્ષી શુભભભાવમાં સમક્તિી થાય છે સમ્યગ્દષ્ટિ. કારણ કે એ સમકિત પામવા પહેલાં શુધ્ધભાવ તો નથી તો સમકિત કયાંથી થયું? પણ આંહી દ્રવ્યનો આશ્રય કરતાં સમકિત થાય છે એ તો માન. એ તો પર્યાયની તે માંડી.

અહીંયા આનંદ અને આત્મા બેય અભેદ છે એવી અંતરદષ્ટિ થતાં એ તો દ્રવ્યની દષ્ટિ થતાં પર્યાયમાં સમકિત અને આનંદ આવે છે. બહુ લેખ મોટો લખ્યો છે. બે લેખ છે મોટા અહીંના વિરોધના. કહો, સમજાણું કાંઇ? એમ માને છે એને ઓલું પદ મળ્યું નહીં ને. મલાડના ઢુંઢીયા છે આ બધા તો, એમ લખે છે. ઢુંઢક ઓલો ત્યાં હિંમતનગરમાં કહ્યું હતું ને એવું અહીં લખ્યું છે. આ બધા ઢુંઢક મત છે. માટે દિગમ્બરો એકઠા થઈને ચેતો. એય! ત્યાં તો મારું સાંભળવા આવતો. આ રહ્યા દિગમ્બર જૂના. અરે ભગવાન! આહાહા! મૂળ એને કયાંય મોટો ન બનાવ્યો ને દિગમ્બર મંદિરોમાં. આ ઢુંઢીયા બધા ધીરૂભાઇને. ઊંધુ મારે એને બનાવે છે ને આ. આહાહા!

અહીં તો '**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो**' આ મહાસિધ્ધાંત. ભૂતાર્થ ધ્રુવ ભગવાનઆત્મા અને એનો સ્વભાવ ધ્રુવ એનો આશ્રય કર તો તને આત્મજ્ઞાન ને આત્મધર્મ થાય. એક જ સિધ્ધાંત ત્રણકાળ, ત્રણલોકમાં અબાધિત એક સિધ્ધાંત. સમજાણું કાંઇ? એકાવન અને બાવન ગાથા. દાખલારૂપે આ સિધ્ધ કરે છે.

---

# ગાથા - ૫૧/૫૨

**वण्णरसगंधफासा परमाणुपरूविदा विसेसेहिं ।**
**दव्वादो य अणण्णा अण्णत्तपगासगा होंति ।।५१।।**

**दंसणणाणाणि तहा जीवणिबद्धाणि णण्णभूदाणि ।**
**ववदेसदो पुधत्तं कुव्वंति हि णो सभावादो ।।५२।।**

वर्णरसगन्धस्पर्शा: परमाणुप्ररूपिता विशेषै: ।
द्रव्याच्च अनन्या: अन्यत्वप्रकाशका भवन्ति ।।५१।।

दर्शनज्ञाने तथा जीवनिबद्धे अनन्यभूते ।
व्यपदेशतः पृथक्त्वं कुरुतः हि नो स्वभावात् ।।५२।।

द्रष्टान्तदार्ष्टान्तिकार्थपुरस्सरो द्रव्यगुणानामनर्थान्तरत्वव्याख्योपसंहारोऽयम् ।

वर्णरसगन्धस्पर्शा हि परमाणोः प्ररूप्यन्ते; ते च परमाणोरविभक्तप्रदेशत्वेनानन्येऽपि संज्ञादिव्यपदेशनिबन्धनैर्विशेषैरन्यत्वं प्रकाशयन्ति । एवं ज्ञानदर्शने अप्यात्मनि सम्बद्धे आत्मद्रव्यादविभक्तप्रदेशत्वेनानन्येऽपि संज्ञादिव्यपदेशनिबन्धनैर्विशेषैः पृथक्त्वमासादयतः, स्वभावतस्तु नित्यमपृथक्त्वमेव बिभ्रतः ।।५१-५२।।

– इति उपयोगगुणव्याख्यानं समाप्तम् ।

---

**પરમાણુમાં પ્રરૂપિત વરણ, રસ, ગંધ તેમ જ સ્પર્શ જે,**
**અણુથી અભિન્ન રહી વિશેષ વડે પ્રકાશે ભેદને; ૫૧.**

**ત્યમ જ્ઞાનદર્શન જીવનિયત અનન્ય રહીને જીવથી,**
**અન્યત્વના કર્તા બને વ્યપદેશથી-ન સ્વભાવથી. ૫૨.**

**અન્વયાર્થ :-** (परमाणुप्ररूपिताः) **પરમાણુને વિષે પ્રરૂપવામાં આવતાં એવાં** (वर्णरसगन्धस्पर्शाः ) **વર્ણ-રસ-ગંધ-સ્પર્શ** (द्रव्यात् अनन्याः च) **દ્રવ્યથી અનન્ય વર્તતા થકાં** (विशेषैः) **(વ્યપદેશના કારણભૂત) વિશેષો વડે** (अन्यत्वप्रकाशकाः भवन्ति) **અન્યત્વને પ્રકાશનારાં થાય છે (સ્વભાવથી અન્યરૂપ નથી);** (तथा) **એવી રીતે** (जीवनिबद्धे) **જીવને વિષે સંબધ્ધ એવાં** (दर्शनज्ञाने) **દર્શન-જ્ઞાન** (अनन्यभूते) **(જીવદ્રવ્યથી) અનન્ય વર્તતાં થકાં** (व्यपदेशतः) **વ્યપદેશ દ્વારા** (पृथक्त्वं कुरुतः हि) **પૃથક્પણાને કરે છે,** (नो स्वभावात्) **સ્વભાવથી નહિ.**

**ટીકા :- દષ્ટાંતરૂપ અને *દાર્ષ્ટાંતરૂપ પદાર્થપૂર્વક, દ્રવ્ય અને ગુણોના અભિન્ન પદાર્થપણાના વ્યાખ્યાનનો આ ઉપસંહાર છે.**

**વર્ણ-રસ-ગંધ-સ્પર્શ ખરેખર પરમાણુને વિષે પ્રરૂપવામાં આવે છે; તેઓ પરમાણુથી**

---

* દાર્ષ્ટાંત = દૃષ્ટાંત વડે સમજાવવાની હોય તે વાત; ઉપમેય. (અહીં પરમાણુ ને વર્ણાદિક દૃષ્ટાંતરૂપ પદાર્થો છે તથા જીવ ને જ્ઞાનાદિક દાર્ષ્ટાંતરૂપ પદાર્થો છે.)

**અભિન્ન પ્રદેશવાળાં હોવાને લીધે અનન્ય હોવા છતાં, સંજ્ઞાદિ વ્યપદેશના કારણભૂત વિશેષો વડે અન્યત્વને પ્રકાશે છે. એવી રીતે આત્માને વિષે સંબદ્ધ જ્ઞાન-દર્શન પણ આત્મદ્રવ્યથી અભિન્ન પ્રદેશવાળાં હોવાને લીધે અનન્ય હોવા છતાં, સંજ્ઞાદિ વ્યપદેશના કારણભૂત વિશેષો વડે પૃથક્પણાને પામે છે, પરંતુ સ્વભાવથી સદા અપૃથક્પણાને જ ધારે છે. ૫૧-૫૨.**

**આ રીતે ઉપયોગગુણનું વ્યાખ્યાન સમાપ્ત થયું.**

## ગાથા-૫૧/૫૨ ઉપર પ્રવચન :

वण्णरसगंधफासा परमाणुपरूविदा विसेसेहिं ।
दव्वादो य अणण्णा अण्णत्तपगासगा होंति ।।५१।।

दंसणणाणाणि तहा जीवणिबद्धाणि णण्णभूदाणि ।
ववदेसदो पुधत्तं कुव्वंति हि णो सभावादो ।।५२।।

**પરમાણુમાં પ્રરૂપિત વરણ, રસ, ગંધ તેમ જ સ્પર્શ જે,**
**અણુથી અભિન્ન રહી વિશેષ વડે પ્રકાશે ભેદને; ૫૧.**

**ત્યમ જ્ઞાનદર્શન જીવનિયત અનન્ય રહીને જીવથી,**
**અન્યત્વના કર્તા બને વ્યપદેશથી-ન સ્વભાવથી. ૫૨.**

પૃથક ભલે શબ્દથી હો વસ્તુ જુદી નથી. એમ કહે છે. કથન માત્ર હો. વ્યપદેશ ભિન્ન પણ. આહા! ભારે પણ!

એની **ટીકા :- 'દૃષ્ટાંતરૂપ અને દાર્ષ્ટાંતરૂપ પદાર્થપૂર્વક, દ્રવ્ય અને ગુણોના અભિન્નપદાર્થ-પણાના વ્યાખ્યાનનો આ ઉપસંહાર છે...'** દૃષ્ટાંતરૂપ પરમાણુ આદિ, દાર્ષ્ટાંતરૂપ આત્મા. એને ઉતારવું છે ને. એનો આ ઉપસંહાર છે. હવે ઉપયોગની છેલ્લી ગાથા છે. ઉપયોગની માંડી હતી પહેલેથી ઘણી ગાથાઓ. હવે પછી કર્તાની વ્યાખ્યા આવશે.

કહે છે કે આ પરમાણુ છે ને રજકણ એમાં રંગ, **'વર્ણ...'** એટલે રંગ. **'રસ, ગંધ અને સ્પર્શ**

**ખરેખર પરમાણુને વિષે પ્રરૂપવામાં આવે છે...'** ભગવાને પરમાણુ દ્રવ્યને વિષે વર્ણ-રસ-ગંધ-સ્પર્શ કહેવામાં આવ્યા છે. કે ગુણ જુદા છે અને પરમાણુ જુદા છે એમ ભગવાને કહ્યું નથી. દાખલો પરમાણુનો આપ્યો. આ પરમાણુ છે ને. આ તો ઘણા પરમાણુનો પિંડ છે આ. એ પરમાણુને વિષે રંગ-ગંધ-રસ-સ્પર્શ ભગવાને કીધાં છે. કે વર્ણ-રસ-ગંધ-સ્પર્શનું હોવાપણું જુદું અને પરમાણુનું હોવાપણું જુદું (એમ છે નહીં). સમજાણું કાંઈ?

વર્ણ એટલે **'રંગ, રસ, ગંધ અને સ્પર્શ ખરેખર પરમાણુને વિષે પ્રરૂપવામાં કહેવામાં આવે છે. તેઓ પરમાણુથી અભિન્ન પ્રદેશવાળાં હોવાને લીધે...'** કોણ? રંગ-ગંધ-રસ-સ્પર્શ. એવી જે પરમાણુની શકિત છે એટલે પરમાણુનો જે ગુણ છે એ **'પરમાણુથી એકત્વપણે પ્રદેશવાળા હોવાને લીધે અનન્ય હોવા છતાં...'** એકરૂપે હોવા છતાં **'સંજ્ઞાદિ વ્યપદેશના કારણભૂત વિશેષો વડે અન્યત્વને પ્રકાશે છે...'** છતાં નામ ભેદ હો. વર્ણ-રસ-ગંધ નામ ભેદ છે. પરમાણુનું નામ પરમાણુ છે અને વર્ણ-ગંધ-રસ-સ્પર્શનું એમ નામ ભેદ છે, પણ બેનું વસ્તુ ભેદ નથી. કહો, સમજાણું કાંઈ?

સંજ્ઞાદિ વ્યપદેશના કારણભૂત વિશેષો વડે જુદાપણું પ્રકાશે, એ દૃષ્ટાંત થયો. એ દૃષ્ટાંતને આપ્યો. દૃષ્ટાંત એને હજી કઠણ પડે છે. આ માટી છે કે નહીં? આ માટી છે. જુઓ! રજકણ શું છે આ? આ દેખાય છે એ તો એની અવસ્થા છે, પર્યાય છે. એ પર્યાયનું કારણ જે ગુણ અને ગુણનો આધાર જે દ્રવ્ય. એટલે આ વસ્તુ અસ્તિત્વ છે. એની અવસ્થા તો ક્ષણિક છે. એટલે અવસ્થા ઉપર લક્ષ ન દેવું. એ અવસ્થાનું કારણ જે રંગ, આ પર્યાય છે ને લાલ દેખાય છે ધોળી. તો એ પર્યાયનું કારણ તો અંદર એક રંગ છે. એ રંગ એ ગુણ છે. કે જે પરમાણુ સાથે કાયમ રહે છે. પર્યાય એકરૂપ રહે નહીં પણ ગુણ અને દ્રવ્યનું એકરૂપે સદાય છે. અને એ પરમાણુમાં ગુણોને કહ્યા છે. ગુણોને ગુણમાં કહ્યા છે અને પરમાણુ જુદા છે એમ કહ્યું નથી. સમજાણું કાંઈ?

સંજ્ઞા ને નામ ભેદ હો. પરમાણુ રજકણ અને એનો રંગ-ગંધ એ નામ જુદા પડયા. છતાં એ ભાવ જે છે એ ભાવવાનમાં કહ્યા છે. ભાવ જે છે એ ભાવવાનમાં કહ્યા છે. વર્ણ-ગંધ-રસ ગુણ તે પરમાણુમાં કહ્યા છે. વર્ણ-રસ-ગંધ ગુણ તે ગુણમાં ગુણ છે એમ નથી કહ્યું. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! **'એવી રીતે આત્માને વિષે...'** હવે, જુઓ! ઓલા પરમાણુને વિષે હતું ને. **'સંબદ્ધ જ્ઞાન-દર્શન પણ ઓલા આત્મદ્રવ્યથી અભિન્ન પ્રદેશવાળા હોવાને લીધે...'** આહાહા! જુઓને કેવી વાત કરે છે!

કહે છે ભાઈ આ જણાય છે ને, જણાય છે એ પર્યાય છે ને. એ પર્યાય છે એ તો ક્ષણિક છે અને બદલતી છે. પણ એ પર્યાય જે કારણમાંથી આવે એ ગુણ છે એ તો કાયમ છે. અને તે ગુણ છે તે

આત્માને વિષે છે. એ ગુણ છે તે પરને વિષે છે કે પર્યાયને વિષે છે એમ પણ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? આ જાણવાની પર્યાય છે ને. જાણે છે ને. કે રાગ છે તે આ હું જાણું છું. આ તે હું જાણું છું. એવી વર્તમાન અવસ્થા ઓછી હોય પછી વિશેષ હોય ભલે પણ એ તો બદલતી. પણ એ અવસ્થાનું કારણ જ્ઞાનગુણ કાયમ રહેનારો. જ્ઞાનગુણની એ અવસ્થા છે. તો જ્ઞાનગુણ કાયમ રહેનાર અને આત્મા કાયમ રહેનાર. તો આત્માને વિષે જ્ઞાનગુણ છે. એ ગુણ નહીં રાગમાં, રંગમાં, પરમાં અને પર્યાયમાં પણ નહીં એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

જુઓ! આ અત્યારે આ પરમાણુની અવસ્થા છે. પરમાણુની અવસ્થા છે આ સુંવાળી કે એ. પણ એ સુંવાળી અવસ્થા અંદર પરમાણુમાં સ્પર્શ ગુણ રહેલો છે. એ સ્પર્શ ગુણની અવસ્થા સુંવાળી છે આ. અસ્તિપણે છે કે નહીં? છે તે દેખાય કે ન હોય તે દેખાય? તો આ એક વસ્તુ છે રજકણો કાયમ. એની અંદર એક સ્પર્શ ગુણ કાયમ છે. હવે એની આ સુંવાળી અવસ્થા છે. તે અવસ્થા કોની? પર્યાય કોની? હાલત કોની? તો કહે સ્પર્શ ગુણની. તે સ્પર્શ ગુણ ક્યાં રહે છે? પર્યાયમાં રહે છે? પરમાં રહે છે? એ સ્પર્શ ગુણ પરમાણુમાં રહે છે. આહા! કહો, શોભાલાલજી!

કહે છે આ તો દાખલો આપ્યો. સમજાણું કાંઈ? આ ઓલાને પૂછયું હતું. તાવ એ શું છે? તાવ. કહે પુદ્ગલની પર્યાય છે. તમારા છોકરાને (પૂછયુ હતું.) કીધું કયા ગુણની? કહે સ્પર્શ ગુણની. માળો એવો હોંશિયાર! માળો કીધું અત્યારથી પણ. એ તો આપણે આવે છે ને. ઓલા લખાણમાં આવ્યું ને, આત્મધર્મમાં વાંચ્યું હોય ને. સ્પર્શ ગુણની. કારણ કે જે અવસ્થાનું અસ્તિત્વ છે બદલતું. પણ બદલતું જે અસ્તિત્વ છે એનો કોઈ આધાર-એની શકિતનો કોઈ આધાર એનો? કે એ સ્પર્શ નામની શકિત છે. એને આધારે પર્યાય થાય. તો એ સ્પર્શ નામની શકિત છે એ પરમાણુમાં રહેલી છે. આહાહા! જુઓ તો ખરા! કેવી વાત કરે છે! સમજાણું કાંઈ? એ કાયમ રહેલી છે. અવસ્થા બદલતી છે.

એમ ભગવાનઆત્મા એના જ્ઞાનની જે વર્તમાન અવસ્થા દેખાય છે, જાણે છે કે નહીં? અને ઓછું વધતું થાય છે કે નહીં? ઓછું વધતું તો અવસ્થા થઈ. હવે એ અવસ્થા પોતામાંથી આવે છે કે નહીં, કે બહારથી આવે છે? તો એ જ્ઞાન અને આનંદ એ જે શકિત છે એની એ અવસ્થા છે. તો એ શકિતને, આત્મામાં આ વિશેષ શકિત છે. એ શકિત આત્માની છે. એ શકિત પર્યાયની કે પરની નથી. આત્મા વિષે શકિત છે. જુઓને! ઓહોહો! કહો ધીરૂભાઈ! ન્યાયથી છે કે નહીં આ? આ પરની કૂટે. આ કર્યું ને તે કર્યું, મુકને પડતું હવે આ જો ને તું? તારામાં આનંદની ખાણ અને આનંદ આત્મામાં છે. એ આનંદ પર્યાયમાં પણ નહીં, કાયમ રહેનારો આનંદ-કામય રહેનારો આનંદ એ કાયમ રહેનારો આત્મા એને વિષે છે. હા, જુઓને એ. સમજાણું કાંઈ? શાંતિભાઈ! કહો.

ભાઈ, જે જાણવાની અવસ્થા છે એ પલટતી છે. તો પલટતી કોઈકના આધારે છે કે નહીં? તો

જ્ઞાનની અવસ્થા કાયમ રહે એવો જ્ઞાનગુણ તેની દશા છે. અને એ જ્ઞાનગુણરૂપી શકિત-સત્વ આત્માને વિષે છે. આત્માને વિષે છે. આહાહા! માટે તારે ધર્મ ને શાંતિ ને આનંદ જોઈતો હોય તો તે આનંદગુણ કાયમ દ્રવ્ય-આત્મામાં છે. એ આત્માનું લક્ષ કરીને રુચિ કર તો આનંદ પર્યાયમાં પ્રગટ થાય. એમ કહે છે. તો ધર્મ પ્રગટ થાય. આ ધર્મ છે. આહાહા! તો આમાં આ વ્રત ને નિયમ ને તપ ને એ બધો કાંઈ ધર્મ નહીં એમ આવ્યું. એ તો વિકલ્પ છે. એમ કહે છે. ધીરૂભાઈ! અરે ભગવાન! શું કરે ભાઈ? એને પણ એવી જાતનું.....આવી જ વસ્તુ છે ત્યાં એને ખ્યાલ ન મળે, ખબરું ન મળે. અને એ પરમાર્થની આત્માની વાત કરે. ભાઈ! આત્મા એવો નથી. સમજાણું કાંઈ?

આત્મા વિકાર કરે એવો પણ નથી. કારણ કે આત્મા વિકાર કરે એવો હોય તો આત્મા આખો વિકારમય જ હોય તે વિકાર કરે. સમજાણું કાંઈ? એ તો જ્ઞાન અને આનંદને કરે. જુઓ! તેથી કર્તા પછી લેશે. જ્ઞાન અને આનંદને કરે. સમજાય છે? એ તો ઉદયભાવને કરે એમ લેશે પરલક્ષી. પણ વસ્તુ સ્થિતિ ખરેખર તો એ ગુણની પર્યાયને કરે. તો ગુણની પર્યાય જે થાય એ ગુણ ગુણીને વિષે છે. સમજાણું? પરમાણુને વિષે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે. આહાહા! એના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ બીજા પરમાણુમાં કે બીજા ક્ષેત્રમાં કે એક સમયની પર્યાયમાં પણ નહીં. એમ ભાઈ અહીં તો કહે છે. આહાહા! વાહ! શેઠ! સમજાય છે આમાં? આ સમજવાનું છે આમાં. આહાહા! આ વસ્તુ છે એને વિષે એટલે એને આધારે ગુણ છે. એમ કહે છે. સમજાણું કાંઈ? તારે જો ધર્મ અને શાંતિ પ્રગટ કરવી હોય તો એ શાંતિરૂપી જે ધર્મ કાયમનો છે એ આત્માને વિષે છે. સમજાણું કાંઈ?

શાંતિ અને સુખ જોઈતું હોય, શાંતિ. આકુળતા - આકુળતા - આકુળતા એ કાયમની ચીજ નથી. એ તો ગુણની વિકૃત અવસ્થા છે. તો વાસ્તવિક ગુણની અવિકૃત અવસ્થા પ્રગટ કરવી હોય તો કહે છે કે એ તો ગુણ એની નિર્મળ અવસ્થા પ્રગટ કરવા માટે ગુણ તો વસ્તુમાં રહેલ છે. નવનીતભાઈ! ન્યાયથી તો આ લોજીકથી તો વાત સિધ્ધ કરે છે. એય! દેવાનુપ્રિયા! સમજાણું કાંઈ?

આત્મદ્રવ્યથી તે જ્ઞાન-દર્શન પણ ઉપયોગ છે ને એટલે બે લીધા. અત્યાર સુધી જ્ઞાનની વાત કરી છે પણ પાછા બેય ભેળવીને ઉપયોગની વ્યાખ્યા છે ને આ. **'આત્મદ્રવ્યથી અભિન્ન પ્રદેશવાળાં...'** એક ક્ષેત્રવાળાં, એનો ભાવ એક ક્ષેત્રમાં છે. આત્માનું ક્ષેત્ર અને ગુણનું ક્ષેત્ર બેય એક છે. આહાહા! સમજાણું કાંઈ? ચોખા પાકે એ એક ક્ષેત્ર અને કળથી પાકે એ ક્ષેત્ર જેમ જુદા છે, તેમ ગુણ અને ગુણીના ક્ષેત્ર જુદા નથી. સમજાણું કાંઈ? આહાહા! એ ભગવાનનું આનંદનું અને આત્માનું બેય એક ક્ષેત્ર છે. એક જગ્યોએ, એક સ્થળ છે. એ સ્થળમાં આનંદ ભર્યો છે. એ આનંદ આત્મા વિષે છે. એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

આ ઓલા કહે ભૌતિકવાદ પહેલો ખૂબ થાય પછી અધ્યાત્મવાદ થાય. રજનીશ એમ કહે. કાળા

કેર કરે છે ને. અને જુવાનિયા છોકરાઓ બિચારાને કાંઈ ભાન ન મળે. એય અક્કલના ખાં હોય એટલે બિચારા વહેંચાઈ જાય ત્યાં. પહેલો ભૌતિકવાદ જોઈએ. પહેલું મહાપાપ જોઈએ પછી ધર્મ થાય. કાળા કેર છે કે નહીં? હેં? એ તો અનાદિનો પાપભાવ કરતો આવ્યો છે. હવે શું છે તારે? સમજાણું કાંઈ? આહાહા! સર્વજ્ઞો વીતરાગો પરમેશ્વરો સંતો થયા, સાધકજીવ થઈને જેણે સાધ્ય પ્રગટ કર્યું. એ કોઈ નહીં કહે. કહો. હેં? ઘણું અભિમાન! ઘણો સત્યનો અનાદર! ઘણું સત્યનું ખૂન!

પરમેશ્વર આમ કહે છે. અને પરમેશ્વર સર્વજ્ઞ વીતરાગ અનંત થઈ ગયા. અનંત વીતરાગ અને અનંત સર્વજ્ઞો થઈ ગયા. કેમ કે રખડવાના કાળ માટે અનંત ગયો. પણ સ્વરૂપની દૃષ્ટિ થઈને સાધકનું સાધ્ય થવા માટે અસંખ્ય સમય જ જોઈએ. કારણ કે એ ઘરની ચીજ છે. એટલે અનંતકાળમાં એક જીવ પણ જયારે પોતાના સાધક સ્વભાવે ચડે કે ગુણ ગુણીમાં છે. એવી દૃષ્ટિ કરે અને જે પર્યાય પ્રગટ થાય એને પૂર્ણ પર્યાય પ્રગટ થવાનો વચલો કાળ અસંખ્ય સમય જ હોય. અનંતકાળ હોય શકે જ નહીં. તો અસંખ્ય સમયમાં એક સાધ્યને પૂરું કરે એવા અનંતાજીવો સાધક થઈને સાધ્યને પૂરું થઈને પરમાત્મા થઈ ગયા. સમજાણું કાંઈ? આહાહા!

એમની વાણી તે આગમ છે. હવે એ કહે છે કે જૂના શાસ્ત્રોથી દૂર દૂર ભાગવું. એય શેઠ! આ શેઠે પણ એવું બધું કર્યું હતું. મોઢા આગળ બેસે ઓલા તારણસ્વામીની જયંતિ હોય ને માણસ ભેગા થાય સારું કહે, સારું શું? આ કાળા કેર થાય છે. નવનીતભાઈ! એને ખબર નહોતી ત્યાં. એમ કહેવું ને શું કહેવું? શોભાલાલજી! સભામાં બોલે ને બે પાંચ હજાર માણસ ભેગા થાય. તો આપણું સારું કહેવાય. પણ શેનું સારું આમાં? કષાય ભેગા થઈને ખાનદાનીની શોભા થાય, એમ થાતી હશે? આહાહા!

ભગવાનઆત્મા પોતાના શુધ્ધગુણનો ધરનાર આત્મા એને દૃષ્ટિમાં લઈ અને પરિપૂર્ણતા કરવાને અસંખ્ય સમય જ હોય છે. ભલે કોઈ એક બે ભવ ચાર ભવ. પણ એ ભવમાં એનું સાધકપણું તો અસંખ્યસમય જ રહે. અનંતસમય થાય નહીં. તો એવા જીવો અનંત થઈ ગયા. સમજાય છે કાંઈ? અને થતાં. અત્યારે પણ છ મહિના ને આઠ સમયમાં છસ્સો ને આઠ સિધ્ધ થાય છે. મહાવિદેહક્ષેત્રમાં બિરાજમાન પરમાત્મા છે ત્યાંથી થાય છે. અરેરે! કયાં! સમજાણું કાંઈ?

એ કહે છે કે ભાઈ તારે ગુણને શોધવા હોય તો ગુણ તો દ્રવ્યમાં મળશે. એ ગુણ પર્યાયમાં નહીં મળે, વિકલ્પમાં નહીં મળે, નિમિત્તમાં નહીં મળે. આહાહા! વાત તો કેવી કરે છે! સમજાણું કાંઈ? તારું સામર્થ્ય કાયમ રહેનારું શોધવું હોય તો એ દ્રવ્યમાં છે. એ સામર્થ્ય એક સમયની પર્યાયમાં પણ નથી, વિકલ્પમાં તો હોય જ કયાંથી અને પરમાં તો છે જ નહીં. અભાવ છે. આહાહા! આવી રીતે ભગવાનઆત્મા પોતાનો શાંત, વીતરાગી, અકષાય સ્વભાવ અને આત્મા બેના નામ ભલે જુદા હો. સંજ્ઞા, કથન, વ્યપદેશ જુદો હો. સમજાય છે? પણ એ શાંત અકષાયભાવ અને અકષાયભાવ જેમાં છે

એવો આત્મા બેના પ્રદેશો, ક્ષેત્ર જુદું નથી. બેય એક છે. કહો, સમજાણું આમાં?

અનન્ય. **'આત્માને વિષે સંબદ્ધ, જ્ઞાન-દર્શન પણ...'** સંબદ્ધ, જુઓ! સંબદ્ધ. સદાય છે ને સંબદ્ધ સહવર્તી. **'જ્ઞાન-દર્શન પણ આત્મદ્રવ્યથી એક પ્રદેશવાળાં...'** -એકક્ષેત્રવાળાં એકત્વ **'હોવાને લીધે અનન્ય હોવા છતાં...'** એકમેક ગુણ ને ગુણી ક્ષેત્રે હોવા છતાં **'સંજ્ઞાદિ વ્યપદેશના કારણભૂત વિશેષો વડે પૃથક્‌પણાને પામે છે...'** નામ ભેદે ભલે જુદું હો. **'પરંતુ સ્વભાવથી સદા અપૃથક્‌પણાને જ ધારે છે...'** આહા! જ્ઞાનની અલ્પજ્ઞ પર્યાય છે એમાંથી પૂરી જ્ઞાનની પર્યાય કરવી હોય તો એ જ્ઞાનની પર્યાયનો આધાર ગુણ ને ગુણ દ્રવ્યમાં રહે છે. એ દ્રવ્યનો આશ્રય કરવાથી તને પૂરી પર્યાય થશે. એમ કહે છે. જુઓને! સમજાણું કાંઈ? આ તો બેસે એવું છે હો. અરે આ વાત કેમ ન બેસે! એના ઘરની ને ઘરની પણ એવી સીધી ને સરળ છે. આ રીતે જ વસ્તુ છે. સમજાણું કાંઈ?

એ વસ્તુને વસ્તુ તરીકે ઓળખે (તો) એનું કલ્યાણ થયા વિના રહે જ નહીં. આહાહા! કલ્યાણનો તો પુંજ છે એ. પણ કલ્યાણ તો પર્યાયમાં આવે છે અંશે. આહાહા! જેનો સ્વભાવ છે એને હદ ન હોય. પરિમિતતા ન હોય, મર્યાદા ન હોય. તો ભગવાનઆત્માનો સ્વભાવ, સ્વભાવવાન અને એનો સ્વભાવ જાણવું, આનંદ, શાંતિ એવા અનંત સ્વભાવ. એ સ્વભાવમાં અનંતતા છે. સંખ્યાએ નહીં, શકિતએ. સંખ્યાએ અનંતગુણ છે. અને એકએક ગુણનો સ્વભાવ અનંત છે. અને અનંત ન હોય તો એ ગુણ ન હોય શકે. આહાહા! સમજાણું કાંઈ? અને એ ગુણ આત્મા વિષે છે. આવા અનંત સ્વભાવવાળી શકિત એવી અનંતીશકિતનો સંબંધ આત્મા સાથે છે. અહીં તો ઉપયોગનો સંબંધ લીધો પણ અનંતાગુણનો સંબંધ ભગવાન સાથે છે. કઈ રીતે વાત કરે છે. જુઓને! આ બધું સત્યાવીસમી ગાથાથી ઉપાડયું છે ને. '**जीव हवइ, जीवो हवइ**' એમ કરીને જીવનું પહેલું લીધું. લ્યો એક ઉપયોગની વ્યાખ્યા થઈ ગઈ. સત્યાવીસમી છે ને સત્યાવીસમી ગાથા, સત્યાવીસ ગાથા છે. '**जीवो ति हवइ**' એની વ્યાખ્યા જીવની આવી હતી. '**चेदा**'ની વ્યાખ્યા આવી, ઉપયોગની વ્યાખ્યા આવી. હવે '**पहू**' મુકી દઈને કર્તાની પહેલાં લેશે. છે આમાં પ્રભુની વ્યાખ્યા સત્યાવીસમાં. પણ કર્તાને લઈને તેની સાથે પ્રભુ પછી વિશેષ લેશે. શું કહે છે જુઓ હવે. સાર શું કહેવાણો, સમજાય છે કાંઈ?

આ ઉપયોગનો અધિકાર ઘણા દિવસથી ચાલે છે. ઉપયોગ એટલે જાણવું-દેખવું. જે પર્યાયમાં જાણવું-દેખવું છે એ તો એક સમયની સ્થિતિ છે. પણ એક સમયની સ્થિતિ જેને આધારે થાય છે એવો જાણવા-દેખવાનો જે આત્મામાં ઉપયોગ છે એ કાયમ સહવર્તી, આત્માની સાથે સમવાયરૂપે સહવર્તી વર્તે છે. આહાહા! એ સહવર્તી કહેતાં છતાં બેના હોવાપણાનો ભેદ નથી કહે છે. સહવર્તી કીધું ને. છતાં તેની કાયમની શકિતઓ અને શકિતવાન તેનું હોવાપણું, પ્રદેશપણું, ક્ષેત્રપણું ભિન્ન છે. આવી રીતે તો

સિધ્ધ કર્યું છે, સીધી-સરળ વાતથી.

હવે આ દેહની ક્રિયા કરું અને મને આમ થાય. પણ એમાં કયાં ગુણ હતો. રાગનું લક્ષ કરું અને રાગની ક્રિયા કરું તો મને ગુણ પ્રગટ થાય. પણ રાગમાં કયાં ગુણ હતો. આ પર્યાયનું લક્ષ કરું તો ગુણ... પણ પર્યાયમાં કયાં ગુણ હતો. આહાહા! ગુણ તો દ્રવ્યમાં છે. મહાસાગર પ્રભુ ચૈતન્ય રત્નાકર ચૈતન્યના રત્નનો આધાર નામ દરિયો ભગવાન છે. એ બધા સ્વભાવો અને સ્વભાવવાન વસ્તુ નામ ભેદે કથન હો ભલે પણ વસ્તુ ભેદ નથી. એવી અભેદ દૃષ્ટિ દ્રવ્યની થવી એમાં ગુણોની પર્યાય જેટલા ગુણો છે એટલાની શકિતની વ્યકત અવસ્થા અંશે પ્રગટ થયા વિના રહે નહીં. એક સાથે. એનું નામ પ્રથમ સમ્યગ્દર્શન અને ધર્મ કહેવામાં આવે છે. આવો વીતરાગ ધર્મ છે. એવો બીજે કયાંય હોય શકે નહીં. કહો, સમજાય છે કે નહીં આમાં? **'આ રીતે ઉપયોગગુણનું વ્યાખ્યાન સમાપ્ત થયું...'** લ્યો!

# ગાથા -૫૩

अथ कर्तृत्वगुणव्याख्यानम् । तत्रादिगाथात्रयेण तदुपोद्घातः -

**जीवा अणाइणिहणा संता णंता य जीवभावादो ।**
**सब्भावदो अणंता पंचग्गगुणप्पधाणा य ।।५३।।**

जीवा अनादिनिधनाः सान्ता अनन्ताश्च जीवभावात् ।
सद्भावतोऽनन्ताः पञ्चाग्रगुणप्रधानाः च ।।५३।।

जीवा हि निश्चयेन परभावानामकरणात्स्वभावानां कर्तारो भविष्यन्ति । तांश्च कुर्वाणाः किमनादिनिधनाः, किं सादिसनिधनाः, किं साद्यनिधनाः, किं तदाकारेण परिणताः, किमपरिणताः भविष्यन्तीत्याशङ्क्येदमुक्तम् ।

जीवा हि सहजचैतन्यलक्षणपारिणामिकभावेनानादिनिधनाः । त एवौदयिक क्षायोपशमिकौपशमिकभावैः सादिसनिधनाः । त एव क्षायिकभावेन साद्यनिधनाः । न च सादित्वात्सनिधनत्वं क्षायिकभावस्याशङ्क्यम् । स खलूपाधिनिवृत्तौ प्रवर्तमानः सिद्धभाव इव सद्भाव एव जीवस्य; सद्भावेन चानन्ता एव जीवाः प्रतिज्ञायन्ते । न च तेषामनादिनिधनसहजचैतन्यलक्षणैकभावानां सादिसनिधनानि साद्यनिधनानि भावान्तराणि नोपपद्यन्त इति

वक्तव्यम्; ते खल्वनादिकर्ममलीसा: पङ्कसम्पृक्ततोयवत्तदाकारेण परिणतत्वापञ्चप्रधान-गुणप्रधानत्वेनैवानुभूयन्त इति ।।५३।।

હવે કર્તૃત્વગુણનું વ્યાખ્યાન છે. તેઓ, શરૂઆતની ત્રણ ગાથાઓથી તેનો ઉપોદ્ઘાત કરવામાં આવે છે.

**જીવો અનાદિ-અનંત, સાંત, અનંત છે જીવભાવથી,**
**સદ્ભાવથી નહિ અંત હોય; પ્રધાનતા ગુણ પાંચથી. ૫૩.**

અન્વયાર્થ :- (**जीवा:**) જીવો (**अनादिनिधना:**) (પારિણામિકભાવથી) અનાદિ-અનંત છે, (**सान्ता:**) (ત્રણ ભાવોથી) સાંત (અર્થાત્ સાદિ સાંત) છે (**च**) અને (**जीवभावात् अनन्ता:**) જીવભાવથી અનંત છે (અર્થાત્ જીવના સદ્ભાવરૂપ ક્ષાયિકભાવથી સાદિ-અનંત છે) (**सद्भावत: अनन्ता:**) કારણ કે સદ્ભાવથી જીવો અનંત જ હોય છે. (**पञ्चाग्रगुणप्रधाना: च**) તેઓ પાંચ મુખ્ય ગુણોથી પ્રધાનતાવાળા છે.

ટીકા :- નિશ્ચયથી પર-ભાવોનું કરવાપણું નહિ હોવાથી જીવો સ્વ-ભાવોના કર્તા હોય છે; અને તેમને (-પોતાના ભાવોને) કરતા થકા, શું તેઓ અનાદિ-અનંત છે? શું સાદિ-સાંત છે? શું સાદિ-અનંત છે? શું તદાકારે (તે-રૂપે) પરિણત છે? શું (તદાકારે) અપરિણત છે?-એમ આશંકા કરીને આ કહેવામાં આવ્યું છે (અર્થાત્ તે આશંકાઓના સમાધાનરૂપે આ ગાથા કહેવામાં આવી છે).

જીવો ખરેખર *સહજચૈતન્યલક્ષણ પારિણામિક ભાવથી અનાદિ-અનંત છે. તેઓ જ ઔદયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક ભાવોથી સાદિ-સાંત છે. તેઓ જ ક્ષાયિકભાવથી સાદિ-અનંત છે.

'ક્ષાયિક ભાવ સાદિ હોવાથી તે સાંત હશે' એવી આશંકા કરવી યોગ્ય નથી. (કારણ આ પ્રમાણે છેઃ-) તે ખરેખર ઉપાધિની નિવૃત્તિ હોતાં પ્રવર્તતો થકો, સિધ્ધભાવની માફક, જીવનો સદ્ભાવ જ છે (અર્થાત્ કર્મોપાધિના ક્ષયે પ્રવર્તતો હોવાથી ક્ષાયિકભાવ જીવનો સદ્ભાવ જ છે); અને સદ્ભાવથી તો જીવો અનંત જ સ્વીકારવામાં આવે છે. (માટે ક્ષાયિક ભાવથી જીવો અનંત જ અર્થાત્ વિનાશ રહિત જ છે).

વળી અનાદિ-અનંત સહજચૈતન્યલક્ષણ એક ભાવવાળા તેમને સાદિ-સાંત અને સાદિ-અનંત ભાવાંતરો ઘટતા નથી (અર્થાત્ જીવોને એક પારિણામિકભાવ સિવાય અન્ય

**ભાવો ઘટતા નથી)' એમ કહેવું યોગ્ય નથી; (કારણ કે) તેઓ ખરેખર અનાદિ કર્મથી મલિન વર્તતા થકા કાદવથી **સંપૃક્ત જળની માફક તદાકારે પરિણત હોવાને લીધે, પાંચ પ્રધાન +ગુણોથી પ્રધાનતાવાળા જ અનુભવાય છે. ૫૩.**

## ગાથા - ૫૩ ઉપર પ્રવચન :-

**'હવે કર્તૃત્વગુણનું વ્યાખ્યાન છે...'** આત્મા કર્તા છે, પરનો કર્તા નથી. એમ સિધ્ધ કરવું છે. **'તેમાં, શરૂઆતથી ત્રણ ગાથાઓથી તેનો ઉપોદ્‌ઘાત કરવામાં આવે છે.-**

जीवा अणाइणिहणा संता णंता य जीवभावादो ।
सब्भावदो अणंता पंचग्गगुणप्पधाणा य ।।५३।।

**જીવો અનાદિ-અનંત, સાંત, અનંત છે જીવભાવથી,**
**સદ્‌ભાવથી નહિ અંત હોય; પ્રધાનતા ગુણ પાંચથી. ૫૩.**

જુઓ ! આચાર્ય એમાંથી પહેલાં સિધ્ધ કરે છે. અહીં તો પાંચ ભાવનું કહ્યું છે પણ એમાંથી કાઢે છે. અરે! ખરેખર **'નિશ્ચયથી...'** નામ ખરેખર **'પર-ભાવોનું કરવાપણું નહિ હોવાથી...'** ભગવાનઆત્મા શરીર, વાણી, કર્મ એની પર્યાયો નહિ કરતો હોવાથી, સ્વભાવભાવોનો કર્તા હોય છે. અહીં તો વિકાર ને બધું સ્વભાવભાવો છે, સ્વપર્યાય છે ને. શું કહે છે? અહીં તો પરથી ભેદજ્ઞાન કરાવવું છે આંહી એટલું.

અહીં જીવનું અસ્તિત્વ સિધ્ધ કરવું છે ને. તો જીવ છે એ પોતાના ભાવ જે છે તેને કરે. પણ એ જીવ છે એ શરીરનું, વાણીનું, દેશનું, કુટુંબનું, કર્મનું, મનનું, પરનું કાંઇ કરી શકે નહીં. કેમ કે તેના અસ્તિત્વમાં તે નથી. તેના અસ્તિત્વમાં જે ભાવ હોય તેને કરે. પણ જે એના અસ્તિત્વમાં નથી તેને એ કરે નહીં. આ બધા ધંધા કરે છે ને આટલા હોંશિયાર માણસ થઈને. શુભાશુભભાવ કર્યા છે તે લે

---

* જીવના પારિણામિક ભાવનું લક્ષણ અર્થાત્ સ્વરૂપ સહજ-ચૈતન્ય છે. આ પારિણામિક ભાવ અનાદિ-અનંત હોવાથી આ ભાવની અપેક્ષાએ જીવો અનાદિ-અનંત છે. -

**કાદવથી સંપૃક્ત = કાદવનો સંપર્ક પામેલ; કાદવના સંસર્ગવાળું. (જોકે જીવો દ્રવ્યસ્વભાવથી શુધ્ધ છે તોપણ વ્યવહારથી અનાદિ કર્મબંધનને વશ, કાદવવાળા જળની માફક, ઔદયિકાદિભાવે પરિણત છે.)

\+ જીવના ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને પારિણામિક એ પાંચ ભાવોને જીવના પાંચ પ્રધાન ગુણો કહેવામાં આવ્યા છે.

અનાદિથી. એમ કહે છે ઓલો દીલીપ સાંભળીને. એણે કર્યું છે શું અત્યાર સુધી. શુભ ને અશુભભાવ કર્યા છે. એવું બોલે માળો! અભ્યાસ કરે છે ને અભ્યાસ.

આ બધા કાપડ બાપડના ધંધા કરતાં હશે નહીં થાતું હોય અધિક. કાપડના ફેરવ્યા ફેરવ શું કહેવાય એ? તાકા. ઓલા લાકડાના મોટા, બબ્બે લાખના લાકડાના એ મોટા ઊભા હોય આમ. પચાસ સાંઈઠ સાંઈઠના લાંબા. પાણી આવે ત્યારે હેઠે, હેં? પણ હવે બહુ વરસાદ આવે ત્યારે લાકડું હેઠે ન પડે માટે હેઠે પથરા મુકજો. એના ઉપર આ રાખજો. ક્યારે રહે? એની મેળે ઊંચા ચડતાં હશે? ઉનાળા-શિયાળામાં તો ભલે રહે પણ વરસાદ આવે તો ઓલા હેઠલાં ભાગ સડી જાય. તો ભાઈ હેઠેથી ઊંચા રાખો.

કહે છે કે કાંઈ પરનું કરી શકતો નથી. કેમ કે પરના હોવાપણામાં પોતાનું હોવાપણું કાંઈ અંદર જતું નથી. હેં? જાદવલાલજી! આરે! ઓલો કહે છે કે પરદ્રવ્યનું ન કરે એમ માને એ દિગમ્બર જૈન નથી. વળી એમ ઇંદોરમાં કહેવાણું, એક પંડિત. અરે ભગવાન! શું કરે છે ભાઈ? તને આ શોભે છે? સર્વજ્ઞો પરમેશ્વરો એનું અસ્તિત્વ જુદું કહે છે અને તે છે. એ જુદા હોવાપણામાં તું જુદો અંદર પ્રવેશ કરે છે કે જેથી પરનું કરે. આ શરીરની આંગળીઓ ચાલે કે ભાષા નીકળે એ આત્મા તેનો કર્તા નથી એમ કહે છે. આરે! કેમ કે એ તેના હોવાપણામાં નથી. એના હોવાપણામાં નથી એ બીજા હોવાપણે છે એને આ શું કરે? આહાહા! ભારે દૃષ્ટિ ફેરવવી પડે પણ આખી. એ રસીકભાઈ!

આ બધા હોંશિયાર માણસ થઈને નહીં કરતાં હોય આ ધંધા. હેં? ભાવ કરે ભાવ. વિકલ્પનો એનામાં ઉલટો ભાવ કરે. પણ કાંઈ પરનું કરી શકે નહીં. કેટલાકે હોંશિયારીથી પૈસા પેદા કરે એમ માન્યું હોય ને. તે ઠેઠ (ત્યાં સુધી) એને એમ રહ્યા કરે કે હું તો આ બધા કામ કરીશ અને તમારી પાસે કરાવીશ. ભાઈ! બહુ સારું બાપા! વજુભાઈ! તમે તો મોટા દસ દસ લાખના બંગલા કર્યા છે. એ વખતના હો. એ વખતના દસ લાખ. અત્યારના તો કરોડ કરોડ રૂપિયાના કહેવાય. સોળ ગણો ભાવ વધી ગયો ખરો ને. ઈજનેર હતા ને ઈજનેર. દરબાર પણ એવા હતા હો એના જેવા પાછા. હા, હોંશિયાર ઈજનેર.

એ પછી છેવટે પણ દરબાર રોયા હો. હેં? દસ દસ લાખનો તાલુકો. દસ લાખની ઉપજ. આંખમાંથી આંસુ. ઓલી સહી કરવી પડી ને. સહી કરો. વલ્લભ પટેલને, શું કહેવાય? સહી કરો. રાજ બીજ હતો હો. દેખાવ એવો રાજાનો, રાજા. બીજા તો કેટલાક હોય બીજાના લીધેલા. આ તો રાજા. દેખો તો રાજબીજ સહી કરતાં આંખમાંથી આંસુની ધારા ચાલી. હાય! હાય! હવે હક્ક મારો નહીં ને છોકરાઓ પણ નહીં ને પરમ્પરા.... આહાહા!

કહે છે કે બાપુ પરવસ્તુનું હોવાપણું તારા રાખવાથી રહેતું હોય તો આ સહી એને કેમ કરવી પડી? હેં? હવે અમારો હક્ક નથી જાવ. પણ કે દિ' (હતો?) માન્યો હતો તેં. કલ્પના કરી હતી કે આ રાજની વ્યવસ્થાના અમે વ્યવસ્થાપક છીએ. હેં? આવ્યા હતા વ્યાખ્યાનમાં આવ્યા હતા ને નેવુંમાં આવ્યા હતા.

વાંકાનેર. દરબાર આવ્યા હતા એના પાટવી છે એ પણ આવ્યા હતા. બેય આવ્યા હતા. સાંભળતા હતા. તે દિ' તો. વાંકાનેર તે દિ' મોહનભાઈ હતા ને પોલીસ. હા, એ ઊભા હતા. માણસો આવે જાય, રાજા ખરા ને. શાંત રહે, માણસ બહુ આખું ખીચોખીચ. અરે! કીધું આ નહીં. પણ કેમ બિચારા! અજ્ઞાનમાં ધૂંધવાઈ ગયા હોય. સમજાય છે?

એમ આ ભગવાનઆત્મા અંદર આનંદ ને જ્ઞાનસ્વરૂપ છે એ ધૂંધવાટમાં દેખાય ક્યાંથી? સમજાણું કાંઈ? વિકારના ધુમાડે ચડેલાં એને નિર્વિકારી ભગવાનઆત્મા ભિન્ન છે, કેમ બેસે? વિકારનું કર્તાપણું ભાસે તોપણ એને લાગે કે હું તો પરનો કર્તા નથી. વિકારનો કર્તા શું છે આ તે? એ તો ક્ષણિકપણે કહેવાય છે. વસ્તુ સ્થિતિ જોતાં તો વિકારનો કર્તા વસ્તુ હોય શકે નહીં. પર્યાય દૃષ્ટિએ વિકારનો કર્તા છે. અહીં તો દ્રવ્ય ને પર્યાય ભેગાં સિદ્ધ કરવા છે ને. સમજાણું કાંઈ?

નિશ્ચયથી, ત્યારે વ્યવહાર સિદ્ધ કરી શકે ને નિશ્ચય શબ્દ આમ પડયો તે. જુઓ! આપણે તો સામે આવે તો એ કાઢવું જોઈએ ને. એ કીધું હતું ને પહેલું. કે આત્મા ને જ્ઞાનના નામ જુદા પણ વસ્તુ જુદી નહીં. કથનથી કહો. એમ આ કથનથી કહો કે પરને કરે પણ કરી શકતો નથી. ચોપડાના નામા બામા આ બધા કર્યા નહોતા અત્યાર સુધી. આહાહા!

એક આંખની પાંપણને ફેરવવી એ આત્માના અધિકારની વાત નથી. આત્મા કરી શકતો નથી એમ કહે છે. કારણ કે આંખ છે એ અનંતા રજકણોનું દળ પિંડ છે. અસ્તિ છે જડ. અને જડનું હોવાપણું તેમાં ચૈતન્યનું હોવાપણું પેસતું નથી. તેથી આંખની પાંપણનું ફરવું આત્મા કરતો નથી. આહાહા!

આંહી તો કહે મોટા બાંધકામ કરે છે, નહીં મોટા તમારે શું કહેવાય કરોડના? હેં? તળાવ મોટા બાંધે. કરોડો રૂપિયાના બાંધે હાલો જોવા. એક તો એ બાંધકામ જોવા ગયા હતા ને ત્યાં અમારે વજુભાઈ સાથે હતા. નહીં? સમ્મેદશિખર જતાં છે ને ક્યાંક. હા, જોવા ગયા હતા થોડો વખત હતો તે. એય મોટા બંધ બાંધે ને પાણીના ધોધ ચાલે. આરે! કહે છે એ કાંઈક જીવે કર્યું ખરું. ત્યાં કારીગર હોંશિયાર હોય તેણે કાંઈક કર્યું કે નહીં? હોંશિયારીનું અસ્તિત્વ તો એનામાં રહ્યું. તો હોંશિયારીનું અસ્તિત્વ જડની ક્રિયામાં પેસે છે કે એ પરનું કરે?

**'નિશ્ચયથી પર-ભાવોનું...'** પર-ભાવ શબ્દે અત્યારે પરદ્રવ્યની પર્યાય એ લેવું છે અહીં. અત્યારે વિકારભાવની વાત નથી. **'કરવાપણું નહીં હોવાથી જીવો સ્વ-ભાવોના કર્તા હોય છે...'** જીવ એની પર્યાયના ભાવના કર્તા હોય છે. નિર્મળ કે....... સ્વભાવોના સ્વ પોતાના જે ભાવ છે, જેની શક્તિ છે અને તેની પર્યાય છે. અહીં તો પારિણામિકભાવને કર્તા છે એમ જરીક કહેશે. **'અને તેમને (-પોતાના ભાવોને) કરતા થકા...'** ભગવાનઆત્મા પોતાના ભાવ છે પાંચ. એક પારિણામિકભાવ કાયમ છે, ઉદય ભાવ વિકાર છે, ઉપશમભાવ ઠરેલ છે. ક્ષયોપશમભાવ કાંઈક વિકાર

અને અવિકાર છે, ક્ષાયિકભાવ વિકાર વિનાની દશા છે. એવા ભાવને કરતા થકા, સમજાય છે?

**'શું તેઓ અનાદિ-અનંત છે. શું સાદિ-સાંત છે?...'** અનાદિ એટલે આદિ ને અંત વિનાનો એ ભાવ છે? **કે 'શું એ સાદિ-સાંત છે?...'** કે શું તે શરૂઆત થઈને અંત રહે છે એવો છે? **કે 'શું તે તદાકારે (તે-રૂપે) પરિણત છે?...'** કે તદાકારે પરિણમતો નથી. આરે! **'એમ આશંકા કરીને...'** આશંકા હો શંકા નહીં. સમજવા માટે માંગે છે કે, મહારાજ! આત્મામાં ભાવ છે ને ગુણ અને પર્યાય. એ ભાવોને કરે છે તો કયા ભાવે અનાદિ-અનંત કરે છે? કયા ભાવે સાદિ શરૂઆતથી અનંત થાય ત્યાં સુધી કરે છે. કયા ભાવ શરૂઆત ને અંત આવે એવાને કરે છે. કે એ ભાવમાં એકાકાર થઈને કરે છે. કે તદાકાર પરિણમ્યા વિના કરે છે. **'એમ આશંકા કરીને આ કહેવામાં આવ્યું છે. (અર્થાત્ તે આશંકાઓના સમાધાનરૂપે આ ગાથા કહેવામાં આવી છે)...'** તેનો ઉત્તર કહેશે. વિશેષ કહેશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## ગાથા :- ૫૬

उदएण उवसमेव य खएण दुहिं मिस्सिदेहिं परिणामे।
जुत्ता ते जीवगुणा बहुसु य अत्थेसु वित्थिण्णा ।।५६।।

उदयेनोपशमेन च क्षयेण द्वाभ्यां मिश्रिताभ्यां परिणामेन ।
युक्तास्ते जीवगुणा बहुषु चार्थेषु विस्तीर्णाः ।।५६।।

जीवस्य भावोदयवर्णनमेतत् ।

कर्मणां फलदानसमर्थतयोद्भूतिरुदयः, अनुद्भूतिरुपशमः, उद्भूत्यनुद्भूती क्षयोपशमः, अत्यन्तविश्लेषः क्षयः, द्रव्यात्मलाभहेतुकः परिणामः । तत्रोदयेन युक्त औदयिकः, उपशमेन युक्त औपशमिकः, क्षयोपशमेन युक्तः क्षायोपशमिकः, क्षयेण युक्तः क्षायिकः, परिणामेन युक्तः पारिणामिकः । त एते पञ्च जीवगुणाः । तत्रोपाधिचतुर्विधत्वनिबन्धनाश्चत्वारः, स्वभावनिबन्धन एकः । एते चोपाधिभेदात्स्वरूपभेदाच्च भिद्यमाना बहुष्वर्थेषु विस्तार्यन्त इति ।।५६।।

**પરિણામ, ઉદય, ક્ષયોપશમ, ઉપશમ, ક્ષયે સંયુકત જે,**
**તે પાંચ જીવગુણ જાણવા; બહુ ભેદમાં વિસ્તીર્ણ છે. ૫૬.**

**અન્વયાર્થ :- (उदयेन) ઉદયથી યુકત, (उपशमेन) ઉપશમથી યુકત, (क्षयेण) ક્ષયથી યુકત, (द्वाभ्यां मिश्रिताभ्यां) ક્ષયોપશમથી યુકત (च) અને (परिणामेन युक्ताः) પરિણામથી યુકત-(ते) એવા (जीवागुणाः) (પાંચ) જીવગુણો (-જીવના ભાવો) છે; (च) અને (बहुषु अर्थेषु विस्तीर्णाः) તેમને ઘણા પ્રકારોમાં વિસ્તારવામાં આવે છે.**

**ટીકા :- જીવને ભાવોના ઉદયનું (-પાંચ ભાવોની પ્રગટતાનું ) આ વર્ણન છે.**

**કર્મોનો [1]ફળદાનસમર્થપણે ઉદ્‌ભવ તે 'ઉદય' છે, અનુદ્‌ભવ તે 'ઉપશમ' છે, ઉદ્‌ભવ તેમજ અનુદ્‌ભવ 'ક્ષયોપશમ' છે, [2]અત્યંત વિશ્લેષ તે 'ક્ષય' છે, દ્રવ્યનો [3]આત્મલાભ (હયાતિ) જેનો હેતુ છે તે 'પરિણામ' છે. ત્યાં, ઉદયથી યુકત તે 'ઔદયિક' છે, ઉપશમથી યુકત તે 'ઔપશમિક' છે, ક્ષયોપશમથી યુકત તે 'ક્ષાયોપશમિક' છે, [4]ક્ષયથી યુકત તે 'ક્ષાયિક' છે, [5]પરિણામથી યુકત તે 'પારિણામિક' છે.-એવા પાંચ જીવગુણો છે. તેમાં (-આ પાંચ ગુણોમાં) [6]ઉપાધિનું ચતુર્વિધપણું જેમનું કારણ (નિમિત્ત) છે એવા ચાર છે, સ્વભાવ જેનું કારણ છે એવો એક છે. ઉપાધિના ભેદથી અને સ્વરૂપના ભેદથી ભેદ પાડતાં, તેમને ઘણા પ્રકારોમાં વિસ્તારવામાં આવે છે. ૫૬.**

---

૧. ફળદાનસમર્થ = ફળ દેવામાં સમર્થ.

૨. અત્યંત વિશ્લેષ = અત્યંત વિયોગ; આત્યંતિક નિવૃત્તિ.

૩. આત્મલાભ = સ્વરૂપપ્રાપ્તિ; સ્વરૂપને ધારી રાખવું તે; પોતાને ધારી રાખવું તે; હયાતિ. (દ્રવ્ય પોતાને ધારી રાખે છે અર્થાત્ પોતે હયાત રહે છે તેથી તેને 'પરિણામ' છે.)

૪. ક્ષયથી યુકત = ક્ષય સહિત; ક્ષય સાથે સંબંધવાળો. (વ્યવહારે કર્મોના ક્ષયની અપેક્ષા જીવના જે ભાવમાં આવે તે 'ક્ષાયિક' ભાવ છે.)

૫. પરિણામથી યુકત = પરિણામમય; પરિણામાત્મક; પરિણામસ્વરૂપ.

૬. કર્મોપાધિની ચાર પ્રકારની દશા (-ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષય) જેમનું નિમિત્ત છે એવા ચાર ભાવો છે; જેમાં કર્મોપાધિરૂપ નિમિત્ત બિલકુલ નથી, માત્ર દ્રવ્યસ્વભાવ જ જેનું કારણ છે એવો એક પારિણામિક ભાવ છે.

## પ્રવચન નં :- ૫૫ - ગાથા :- ૫૬
## પોષ સુદ-૧૦ રવિવાર તા. ૧/૨/૭૦

પંચાસ્તિકાય ષટ્દ્રવ્ય અધિકાર. છપ્પન ગાથા. પાંચ ભાવનું વર્ણન. જીવના પાંચ ભાવનું વર્ણન. જીવના તે પાંચ ભાવ છે. તે અહીંયા સિદ્ધ કરે છે. ભલે કર્મનું નિમિત્ત હોય પણ ભાવ તો પોતાના છે. એમ સિદ્ધ કરે છે. ઉદય ભાવ આદિ.

उदएण उवसमेव य खएण दुहिं मिस्सिदेहिं परिणामे ।
जुत्ता ते जीवगुणा बहुसु य अत्थेसु वित्थिण्णा ।।५६।।

**પરિણામ, ઉદય, ક્ષયોપશમ, ઉપશમ, ક્ષયે સંયુકત જે,**
**તે પાંચ જીવગુણ જાણવા; બહુ ભેદમાં વિસ્તીર્ણ છે. ૫૬.**

**ટીકા :- 'જીવને ભાવોના ઉદયનું (-પાંચ ભાવોની પ્રગટતાનું ) આ વર્ણન છે...'** શું કહે છે અસ્તિત્વનું વર્ણન છે ને. આત્મા પોતાના પાંચ ભાવોથી છે. પરની પર્યાયથી કે પરદ્રવ્ય, ગુણથી છે નહીં. એવું પોતાનું અસ્તિત્વ પરદ્રવ્યથી ભિન્ન છે અને પોતાના અસ્તિત્વમાં પર્યાય-દ્રવ્ય પોતાથી છે, એ અહીંયા સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઇ?

**'પાંચ ભાવોની પ્રગટતાનું આ વર્ણન છે...'** એવો શબ્દ છે, જુઓ! જીવ ભગવાનઆત્મા પ્રત્યેક. તેમાં, જેમાં જે હોય તે હોય. તેની ત્રિકાળી અને વર્તમાન પર્યાયરૂપ ભાવોના ઉદયનું, પ્રગટતાનું આ વર્ણન છે. **'કર્મોનો ફળદાનસમર્થપણે ઉદ્ભવ તે ઉદય છે...'** તે તો પહેલાં વ્યાખ્યા કરે છે. પાઠ છે તે પછી કહેશે. પાઠનો અર્થ છે તે તો ઉદયથી યુકત તે 'ઔદયિક' પરિણામથી યુકત 'પારિણામિક' એમ કહેશે.

અમૃતચંદ્રઆચાર્ય પહેલી વ્યાખ્યા આ કરે છે કે, કર્મોના ફળદાનસમર્થપણે ઉદ્ભવ તે ઉદય છે. આત્મા વસ્તુ છે તેની પર્યાયમાં અવસ્થામાં કર્મનું નિમિત્ત છે. નિમિત્તનું ફળદાન, નિમિત્તનું ફળદાન તો ફળદાનમાં છે. પણ પોતાનું લક્ષ તે તરફ જાય છે તો કર્મનું ફળદાન પર્યાયમાં આવ્યું એમ કહેવામાં આવે છે. દયા, દાન, મિથ્યાત્વ, રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ તે આત્માના સ્વભાવ નથી. તે બતાવવા કહ્યું કે કર્મનું ફળદાન તે ભાવ હોય છે. કર્મ જે નિમિત્ત છે તેનું પોતાની પર્યાયમાં પોતાથી અશુધ્ધ ઉપાદાનમાં મિથ્યાત્વ રાગ-દ્વેષ ભાવ થાય છે તે પોતાની ભાવપર્યાય પોતાથી છે. પોતાના જીવથી તે

ભાવ પ્રગટ થયો છે. પહેલાં પ્રગટ થાય છે તેમ કહ્યું ને. સમજાય છે કાંઈ?

કોઈ કહે છે ને. કર્મ પછી કહેશે. કર્મમાં ચાર ભાવમાં નિમિત્તની અપેક્ષા છે. પણ ભાવ છે તે પોતાનો છે. તે ભાવ કાંઈ પરથી પ્રગટ થયા છે, મિથ્યાત્વભાવ પરથી પ્રગટ થયો જ નથી એમ કહે છે. એમાં છે કે નહીં? **'જીવને ભાવોના ઉદયનું આ વર્ણન છે. પાંચ ભાવોની પ્રગટતાનું વર્ણન છે...'** ભગવાનઆત્મા પોતાના સ્વભાવને ભૂલીને કે સ્વભાવને છોડીને પોતાની પર્યાયમાં કર્મના નિમિત્તથી, પોતાની પર્યાયમાં અશુદ્ધ ઉપાદાનથી જે મિથ્યાત્વ, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ બધા એકવીસ બોલ છે તે પોતાની પર્યાયમાં પ્રગટ થાય છે. કહો, સમજાય છે કાંઈ?

તો **'કર્મોનો ફળદાનસમર્થપણે ઉદ્‌ભવ પ્રગટ તે 'ઉદય' છે. અનુદ્‌ભવ તે 'ઉપશમ' છે...'** કર્મના ઉદયનું જોડાણ નથી અને આત્મા ઠરતાં ઠરતાં ઉપશમ ભાવ કરે છે તેનું નામ કર્મના અનુદ્‌ભવરૂપ- અનુદ્‌ભવરૂપ ઉપશમ ભાવ છે. પણ તે ભાવનો કર્તા તો આત્મા છે. સમજાય છે કાંઈ?

આ બે બોલનું તો કહ્યું ને એકોતેરની સાલમાં ખુલાસો આવ્યો હતો. શ્વેતાંબરનું પુસ્તક ભગવતી વાંચતા હતા એકોતેરમાં. કે ઉદય છે તે પણ પોતાની પર્યાય છે અને ઉપશમ કરવો તે પણ પોતાના પુરુષાર્થથી થાય છે. બીજી ચીજથી તે વિકાર કે ઉપશમ પ્રગટ થાય તેમ છે નહીં. સમજાય છે કાંઈ?

જુઓ! અનુદ્‌ભવ - અનુદ્‌ભવ, પોતાના સ્વભાવમાં નથી અને કર્મના નિમિત્તથી ઉત્પન્ન થાય જે રાગ-દ્વેષ, મિથ્યાત્વ તેનું ઉત્પન્ન થવું પણ નથી. અનુદ્‌ભવ-ઉપશમ તે ભાવ આત્માનો છે. આત્મા તે પર્યાયનો કર્તા છે. કર્મ ઉપશમ હોય તો ત્યાં ઉપશમ હોય તે તો નિમિત્તનું કથન છે. પોતામાં ઉપશમ ભાવનો કર્તા છે તો પોતામાં ઉપશમ ભાવ પ્રગટ કરે છે. સમજાય છે કાંઈ?

ભાઈ! ભગવાન ચૈતન્ય વસ્તુ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય એવી અંતરદૃષ્ટિ કરીને જે ઉપશમ સમકિત થાય છે કે, સ્વરૂપમાં સ્થિરતા કરીને ઉપશમ ચારિત્ર થાય છે તે ઉપશમ ચારિત્ર ને દર્શનની પર્યાયનો કર્તા આત્મા છે. કર્તૃત્વનો અધિકાર છે ને. આ કર્તાનો અધિકાર છે. સમજાય છે કાંઈ? ઉપશમ, ઉદયનો કર્તા કર્મ નથી. પછી કહેશે હો કર્મ કર્તા છે એમ કહેશે. એ નિમિત્તથી કથન છે. ઘડીકમાં કાંઈક અને ઘડીકમાં કાંઈક એમ કહે છે. આ તો નિમિત્ત બતાવવું છે ને. ઉપાધિમાં, ચાર ભાવમાં નિમિત્ત છે. તો કર્મ વગર ચાર ભાવ નથી એમ કહેશે. કેમ કે ત્યાં નિમિત્તની અપેક્ષા છે ને. પરમસ્વભાવભાવ ભગવાનઆત્મા ધ્રુવ તેમાં કોઈ અપેક્ષા છે નહીં. તે તો પરમ પારિણામિક પોતાના નિજ સ્વભાવથી ભગવાનઆત્મા છે. અને તેની દૃષ્ટિ કરવાથી સમકિત ધર્મ થાય છે. સમજાય છે કાંઈ?

પણ ચાર ભાવ ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક તેમાં ઉદયમાં નિમિત્તનો સદ્‌ભાવ છે. ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકમાં નિમિત્તના અભાવનો સદ્‌ભાવ છે. એટલી અપેક્ષા છે ને. તો કહેશે કે કર્મ વિના ચાર ભાવ હોતા નથી. અહીં કહે છે કે ચાર ભાવનો કર્તા આત્મા છે. આરે! સમજાય છે કાંઈ?

મિથ્યાત્વનો કર્તા આત્મા છે એમ કહે છે. દર્શનમોહનો ઉદય હોય તો મિથ્યાત્વ હોય છે એમ છે નહીં. અને રાગ-દ્વેષ, પુણ્ય-પાપના જે વિકલ્પ ઉત્પન્ન થાય છે તે પોતાને કારણે પોતે કર્તા થઈને ઉત્પન્ન થાય છે. કોઈ કર્મ વિકાર ઉત્પન્ન કરાવે છે એવી ચીજ છે નહીં. સમજાય છે કાંઈ? આ કર્મની મોટી વાત છે. કર્મ વિના હોતું નથી - કર્મ વિના હોતું નથી, કર્મથી હોય છે એમ નથી એમ કહે છે. જુઓ!

**'ઉદ્‌ભવ તેમ જ અનુદ્‌ભવ તે 'ક્ષયોપશમ' છે...'** કર્મનો કેટલોક ઉદયભાવ રાગ પણ છે અને કેટલોક વિકાસ પણ છે. વિકાસ અને ઉદય બે મળીને અહીંયા ક્ષયોપશમ કહેવામાં આવે છે. **'અનુદ્‌ભવ તે ક્ષયોપશમ છે...'** લ્યો! નહીંતર ક્ષયોપશમમાં ઉદ્‌ભવની હયાતિ નથી. ભાષા તો ક્ષયોપશમ છે. સમજાય છે કાંઈ? પણ ઉદ્‌ભવ-અનુદ્‌ભવ તે ક્ષયોપશમ, ભાઈ! નહીંતર ક્ષયોપશમમાં ઉદભવ છે નહીં. પણ નિમિત્તનું જ્ઞાન કરાવે છે. ક્ષયોપશમ જ્ઞાનમાં વિકાસ છે તેટલો ક્ષયોપશમ તો પોતાનો છે. તેમાં જરીક નિમિત્તની અપેક્ષાથી પોતામાં જે મલિનતા છે તે સહિત ઉદ્‌ભવ-અનુદ્‌ભવ બે મળીને ક્ષયોપશમ કહેવામાં આવે છે. શું કીધું? સમજાય છે કાંઈ?

ક્ષયોપશમમાં તો ઉદ્‌ભવ હોતો નથી. ક્ષયોપશમમાં ઉદ્‌ભવ કયાં આવ્યો? પણ ક્ષયોપશમમાં આત્મા જે જ્ઞાન, દર્શન, ચારિત્રની પર્યાયનો વિકાસ કરે છે, તેમાં કર્મના નિમિત્તનું થોડું લક્ષ છે તેટલો ઉદય પણ છે, ઉદ્‌ભવ પણ છે, વિકાસ છે. બે મળીને અહીંયા ક્ષયોપશમ કહેવામાં આવે છે. ક્ષાયિક છે નહીં માટે. પણ એ ક્ષયોપશમભાવનો કર્તા તો આત્મા છે. દર્શનમોહ અને ચારિત્રમોહનો ક્ષયોપશમ હોય તો અહીંયા ક્ષયોપશમ થાય છે એમ છે નહીં. આહાહા! એમ છે તે નિમિત્તનું કથન છે. એ તો આવશે હમણાં. એ તો નિમિત્તમાં ક્ષયોપશમ છે, તો અહીંયા ક્ષયોપશમ છે તો નિમિત્ત-નિમિત્ત સંબંધ બતાવે છે. પણ તેને કારણે અહીંયા ક્ષયોપશમ છે, એમ છે નહીં. આહાહા!

પાંચ ભાવ તે જીવતત્ત્વ લીધું ને! તત્ત્વાર્થ સૂત્ર-બીજો અધ્યાય. સ્વતત્ત્વ છે. પંડિતજી! બીજા અધ્યાયમાં પહેલાં, મિશ્ર, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, પારિણામિક જીવ સ્વતત્ત્વં, જીવનું સ્વતત્ત્વ છે. જીવમાં છે. પરનું તત્વ ને પરથી ને પરમાં એમ છે નહીં. સમજાય છે કાંઈ? આહાહા! આ તો ષટ્દ્રવ્ય તેમાં જીવદ્રવ્ય. પંચાસ્તિકાયમાં જીવ-અસ્તિકાય તે સિધ્ધ કરવું છે. તો પોતાની સત્તામાં જે પોતાથી થાય છે તે ભાવની વાત અહીંયા કરે છે. સમજાય છે કાંઈ?

**'અત્યંત વિશ્લેષ તે 'ક્ષય' છે...'** નીચે-અત્યંત વિયોગ, આત્યંતિક નિવૃત્તિ. બિલકુલ રાગ અને મલિનનો અંશ નહીં તેવો ક્ષાયિક ભાવ તેનો કર્તા આત્મા છે. ભગવાનની સમીપમાં ક્ષાયિક સમકિત થાય છે. તોપણ ક્ષાયિક સમકિતનો કરવાવાળો તો આત્મા છે. અને દર્શનમોહનો ક્ષય હોય તો ક્ષાયિક હોય છે તે તો નિમિત્તનું જ્ઞાન કરાવવાની વાત છે. યથાર્થ આ છે. નિશ્ચય તે યથાર્થ, વ્યવહાર અન્યથા કથન કરે છે. કે દર્શનમોહનો ક્ષય હોય તો ક્ષાયિક સમકિત થાય છે. અહીં કહે છે કે નહીં. જુઓ!

**'અત્યંત વિશ્લેષ...'** મલિનતાનો બિલકુલ ત્યાગ. પોતાના પુરુષાર્થથી ક્ષાયિક સમકિત. પોતાનો આત્મા પુરુષાર્થ કરીને પોતાથી તે ક્ષાયિક સમકિતનો કર્તા થાય છે. આત્મા કર્તા અને ક્ષાયિક સમકિત તેનું કાર્ય. કર્મ કર્તા અને તેનું તે કાર્ય એમ છે નહીં. કહો, સમજાય છે કાંઈ?

બસ! હવે ચાર ઉપર જુઓ! મહાલાભ. **'દ્રવ્યનો આત્મલાભ (હયાતિ)...'** ભાષા જુઓ! દ્રવ્યનો આત્મલાભ. દ્રવ્યના સ્વરૂપનો આત્મલાભ. ભાઈ! પર્યાયના લાભને અહીંયા લીધો પણ નથી. દ્રવ્યનો અસ્તિત્વ લાભ. જુઓ! પરિણામ ભાવ, તે દ્રવ્યના સ્વરૂપનો લાભ આવે છે. હેં? દ્રવ્યનો આત્મલાભ. આત્મલાભ સ્વરૂપ પ્રાપ્તિ. જુઓ! દ્રવ્યને સ્વરૂપ પ્રાપ્તિ કહે છે. અહીંયા ઉત્પાદવ્યયને સ્વરૂપ પ્રાપ્તિ નથી કહેતા, ભાઈ. આહાહા! પણ અહીં તો દ્રવ્યના આત્મલાભને દ્રવ્યને ધ્રુવને આત્મદ્રવ્ય છે એમ કહે છે. સમજાય છે કાંઈ?

એ દ્રવ્ય સ્વરૂપ છે સ્વતઃ તેની સત્તા રાખવાવાળો આત્મા પોતાથી સત્તા રાખે છે. તેમાં કોઈ પરની સત્તા છે નહીં. આત્મલાભ આત્મ નામ સ્વરૂપ લાભ. સ્વરૂપ પ્રાપ્તિ, સ્વરૂપને ધારણ કરીને રાખવું. પોતાને ધારણ કરીને રાખવું અથવા અસ્તિત્વ. દ્રવ્ય પોતાને ધારણ કરીને રાખે છે. સ્વયં બનેલું રહે છે તેથી તેને પરિણામ કહે છે. લ્યો. ત્રિકાળ ત્રિકાળ ભગવાનઆત્મા તે દ્રવ્યનો સ્વરૂપ લાભ છે. આહાહા! ભાષા જુઓ! આત્મલાભ છે. આત્મ નામ સ્વરૂપ લાભ છે. આત્મ નામ ભાવ લાભ છે. પોતાના ભાવનું દ્રવ્ય તે લાભ છે. સમજાય છે કાંઈ?

ચાર ભાવને કાઢીને દ્રવ્યના ભાવને અહીંયા કહ્યો. શું કહે છે? જુઓ! દ્રવ્યનો, દ્રવ્યનો ને. દ્રવ્ય એટલે વસ્તુ. તેનું અસ્તિત્વ. દ્રવ્યનો આત્મલાભ (હયાતિ) જેનો હેતુ છે તે 'પરિણામ' છે. ભગવાનઆત્મા ત્રિકાળ જ્ઞાયકભાવ પરમપારિણામિક સ્વભાવભાવ ધ્રુવભાવ નિત્યભાવ તે જ દ્રવ્યનો સ્વરૂપ લાભ છે. પર્યાયના સ્વરૂપ લાભને અહીંયા દ્રવ્યનો સ્વરૂપ લાભ કહ્યો નથી. આહાહા! સમજાય છે કાંઈ? આ ઝઘડા છે ને ઝઘડા પર્યાય ને દ્રવ્યના. જુઓ! અહીં ખુલાસો આવ્યો.

એક સમયની પર્યાય વગર કાયમ રહેવાવાળી ચીજ. ચાર ભાવ તો પર્યાય છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક તો પર્યાયનો ભાવ છે. એક સમયનો અંશ ભાવ છે. ક્ષાયિક ભાવ હોય તોપણ ત્રણકાળની અપેક્ષાએ ક્ષાયિક ભાવ એક સમયનો ભાવ છે. અને તેની અનંત ગુણ શક્તિઓ છે, અનંત અનંત રસકંદ ભાવ છે, તેની અપેક્ષાએ ક્ષાયિક ભાવની પર્યાયનો અનંતમો ભાગ આવ્યો છે. શું કીધું? સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા તો દ્રવ્યલાભ. અહીંયા દ્રવ્યલાભ કીધો. દ્રવ્યલાભ કીધો ને. દ્રવ્યનો આત્મલાભ. દ્રવ્ય જે વસ્તુ ધ્રુવ ધ્રુવ ધ્રુવ આખો કંદ અનંતગુણનો પિંડ રસકંદ. તે દ્રવ્યનો સ્વરૂપ લાભ છે. કેમ કે અનંત અનંત ભાવ ને અનંત અનંત શક્તિઓનું સત્વ એકરૂપ પડ્યું છે. ક્ષાયિક ભાવ પણ દ્રવ્યનો

આત્મલાભ સ્વરૂપ લાભ નહીં. એમ કહે છે. ભાઈ! આહાહા! કેમ કે ઉદય ભાવ રાગાદિ દયા, દાન વિકલ્પ છે, તે તો વિકૃત ભાવ તે દ્રવ્યનો મૂળ સ્વરૂપ લાભ નથી. કેમકે સમય એક અને વિકૃત ભાવ. ભાવ પણ વિકૃત તો કહે એ દ્રવ્ય સ્વરૂપ લાભ નથી. ઉપશમ છે તે પણ એક સમયની પર્યાય છે. ભલે અંતર્મુહૂર્ત રહે છે. પણ ત્રણકાળની અપેક્ષાએ એક સમયની પર્યાય ત્રણકાળની અપેક્ષાએ અનંતમો ભાગ એક સમય આવ્યો. કાળની અપેક્ષાએ. અને અનંતભાવનો પિંડ છે તેનાથી અનંતમા અનંતમા અનંતમા ભાગે એક સમયની પર્યાય થઈ. ભળે નિર્મળ થઈ તોપણ. સમજાયું કે નહીં? નથી આવ્યું. એ ઠીક કહે છે. એ વન્સમોર કહે છે. શેઠી! મીઠાલાલજી છે ને. નથી આવડયું એમ કહીને કહે છે કે ફરીને કહો.

એમ કહ્યું કે, ભગવાનઆત્મા જે ધ્રુવ છે તેને દ્રવ્યનો આત્મલાભ કહ્યો. વસ્તુનું સ્વરૂપ લાભ તે દ્રવ્ય છે. અને એક સમયની પર્યાયને અહીંયા સ્વરૂપ લાભની બહાર કરી દીધી છે. તો કહે છે કે ઉપશમની એક સમયની પર્યાય, એક ક્ષાયિકની કે ક્ષયોપશમની. આપણે ક્ષાયિકની લ્યો ને વિશેષ. ક્ષાયિક કેવળજ્ઞાન થયું કે ક્ષાયિક અનંત આનંદ થયો તો તો તે પર્યાય એક સમયની છે. અનાદિ-અનંતકાળની અપેક્ષાએ ભૂતકાળ પણ ભવિષ્યકાળની અપેક્ષાએ અનંતમા ભાગે છે. ભૂતકાળ પણ ભવિષ્યકાળથી અનંતમા ભાગે છે. એમાં પણ ભૂત અને ભવિષ્ય ત્રિકાળ તેની અપેક્ષાએ એક સમયની ક્ષાયિક પર્યાયનો કાળ અનંતમે ભાગે આવ્યો. પંડિતજી! આહાહા! અને તેમાં જે અનંત અનંત આનંદ પ્રગટ થયો, ક્ષાયિક કેવળજ્ઞાન થયું.

એવી એક પર્યાય સાદી અનંત જે પ્રગટ થશે. ભૂતકાળથી ભવિષ્યની પર્યાય અનંતગુણી, તો અનંતગુણા જે કેવળજ્ઞાન થશે તો તે બધી પર્યાય જ્ઞાનગુણમાં પડી છે. તો જ્ઞાનગુણ તો પર્યાયથી અનંતગુણો થઈ ગયો, ભાવમાં. કાળમાં તો ત્રણકાળની અપેક્ષાએ એક સમય છે, તો એવી અનંત અનંત અનંત પર્યાય પ્રગટ થશે તો અનંત પર્યાયનો પિંડ જ્ઞાનગુણ છે. કેવળજ્ઞાનની પર્યાય સાદી અનંત પ્રગટ થશે. એવો જ્ઞાનગુણ છે. તો જ્ઞાનગુણમાં તો એવી અનંતી અનંતી પર્યાય ભાવરૂપ પડી છે. તો તે ભાવના સામર્થ્યની અપેક્ષાએ એક સમયનો ક્ષાયિક ભાવ અનંતમા ભાગે છે. સમજાય છે કે નહીં?

આ તો ભગવાનના ઘરની વાત છે. હેં? અહીંયા કહે છે કે વસ્તુ છે ને વસ્તુ. અહીં તો દ્રવ્યનો સ્વરૂપ લાભ. દ્રવ્યનું અસ્તિત્વ જેનો હેતુ છે. દ્રવ્યનું અસ્તિત્વ જેનો હેતુ છે. પર્યાય પર્યાયની વાત અહીં કાઢી નાખી. દ્રવ્યનું અસ્તિત્વ જેનો હેતુ છે તે પરિણામ છે. તે પરિણામ નામ ત્રિકાળી ભાવ. તે ત્રિકાળી ભાવ દ્રવ્યનું અસ્તિત્વ કહ્યું, દ્રવ્યનો સ્વરૂપ લાભ કહ્યો, દ્રવ્યનો ભાવ પણ તે જ કહ્યો. પર્યાયને દ્રવ્યનો ભાવ કહ્યો જ નથી એમ કહે છે.

કેમ કે પર્યાય જે છે, ઉદય તો વિકૃત છે. ઉપશમ તો એક સમયના અનંતમા ભાગે અસંખ્ય સમય રહે છે. ક્ષયોપશમ પણ એક સમયમાં પર્યાય છે. ક્ષયોપશમ કાંઈક વિકાસને ઓલું. (કાંઈક ઉદય) પણ વિકાસનો અંશ છે તે કાળની અપેક્ષાએ અનંતમા ભાગે સમય. અને ભાવની અપેક્ષાએ અનંતમે ભાગે

ભાવ આવ્યો છે. સમજાય છે કાંઇ? જ્ઞાન, દર્શન, વીર્યનો અનાદિ ક્ષયોપશમભાવ છે. અનાદિથી ક્ષયોપશમ નિગોદમાં પણ છે. તો તે ક્ષયોપશમ કરતાં કરતાં કરતાં બારમાં ગુણસ્થાન સુધી જ્ઞાન, દર્શન, વીર્યનો ક્ષયોપશમ રહે છે. તો તે બધી પર્યાય પછી ક્ષાયિક કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિક વીર્ય પ્રગટ થયું. તે સાદિ અનંત પર્યાય અને તે બધી પર્યાય તેના આખા પિંડરૂપ જે જ્ઞાનગુણ છે, તે ગુણના ભાવના સામર્થ્યના ભાવના સામર્થ્યની અપેક્ષાએ એક સમયની પર્યાયના ભાવનું અનંતમા ભાગનું સામર્થ્ય છે. સમજાય છે કે નહીં? એય નરેન્દ્રજી! આ સમજવું પડશે હો. ત્યાં બહારમાં ધૂળમાં કાંઇ નથી.

ઓલા સંચામાં બેયને ગોઠવી દીધા. એક આને અને એક ઓલાને. રળો.

મુમુક્ષુ :- રળવું તો પડે જ ને. હાલે?

ઉત્તર :- હાલે શું? હાલે જ ને. મરી જશો. ઓલો દિલીપ તો કહેતો હતો એકલો બેસીસ તો પુણ્ય હશે તો મળશે. એમ કહેતો હતો. એય! જાદવજીભાઇ! તમારો કહેતો હતો તો કે, લ્યો બેસી રહો રોટલા મળવાના હશે તો મળશે.

મુમુક્ષુ :- છોકરા તો બેસી રહે તો મળે પણ મોટાને ન મળે.

ઉત્તર :- મોટો ને નાનો. આંહી તો બહારની વાત તો છે જ નહીં. હેં? મળવું મળવું તે તો સંયોગી ચીજ છે, એમાં આત્મામાં શું આવ્યું? એ તો જે કાળમાં, જે સમયમાં, જે ચીજ આવવાવાળી છે તે આવશે અને નહીં આવવાવાળી નહીં આવે. તે પોતાના અસ્તિત્વમાં છે નહીં. પોતાના અસ્તિત્વમાં નથી તો તેનાથી લાભ કે નુકસાન છે નહીં. તેનાથી લાભ નુકસાન છે નહીં.

આંહી તો એક સમયની પર્યાયમાં પૂર્ણ અસ્તિત્વનો લાભ નથી મળતો. એમ કહે છે. આહાહા! ભાઇ! પારકી ચીજ મળે તેમાં તને શું મળ્યું? તે તો પરમાં છે. તારામાં તે આવી છે? અહીં અસ્તિત્વ સિધ્ધ કરવું છે. પંચાસ્તિકાય છે. જીવાસ્તિકાય સિધ્ધ કરવું છે. જીવાસ્તિકાય-જીવ-અસ્તિ-કાય. તો કાયનો અસંખ્ય પ્રદેશ-અસ્તિ તો તે અસંખ્યપ્રદેશી જીવાસ્તિ વસ્તુ, તેમાં બે ભાગ એક પર્યાયનો ભાગ અને એક દ્રવ્ય ભાગ. તો દ્રવ્યના ભાગને અહીંયા તો આત્મદ્રવ્યલાભ કહેવામાં આવ્યો છે. સમજાય છે કાંઇ?

ઓહોહો! આવી વાત! અમૃતચંદ્રઆચાર્ય આ ભાગવત્! આવી વાત તો શ્વેતાંબરમાં કે ક્યાંય ગંધ પણ નથી. સમજાય છે કાંઇ? બીજામાં તો હોય જ ક્યાંથી? જૈન સિવાય બીજામાં તો આ સત્ય વાતની ક્યાંય ગંધ પણ નથી. પણ આ જૈનના ટુકડા પડયા તેમાં પણ ગંધ નથી. એવી ચીજ છે. ભાઇ! મધ્યસ્થતાથી જુએ તો સમજે. કોઇ પક્ષપાતથી જુએ તો તે સમજે નહીં. હેં? લાડુલાલજી! આહા! અમૃતચંદ્રઆચાર્ય, કુંદકુંદઆચાર્ય દિગમ્બર સંતોએ તો કેવળજ્ઞાનના પેટ ખોલ્યા છે. સમજાય છે કાંઇ? અને તે ન્યાયથી અને બધાને ખ્યાલમાં આવે તેવી રીતે સમજાવે છે. ભાષા કેવી લીધી છે. જુઓ! કે

દ્રવ્યના, સમજાય છે કાંઇ? પાઠમાં છે તે પછી લેશે. અહીં તો હજી પાંચની વ્યાખ્યા કરે છે. પછી તે ભાવ સહિત માટે પાઠ એવો છે. તે પછી લેશે. આ ભાવ એવો છે.

ભગવાનઆત્મા રાગ-દ્વેષ, મિથ્યાત્વ, બસ! યુક્ત તો પછી લેશે પાઠમાં છે એ. છે એ કર્મદાનફળશક્તિ. નિમિત્ત ઉપર લક્ષ જવાથી તેમાં ઉપાધિભાવની ઉત્પત્તિ થઇ તો ઉપાધિભાવનો કર્તા આત્મા છે. તે કોઇ દ્રવ્યનું ત્રિકાળી સ્વરૂપ નથી માટે ત્રિકાળી આત્મલાભ તેમાં થતો નથી. આ ઉપશમ ભાવ થયો. ત્યારે કહે છે કે એક સમયની પર્યાય અનંતમાં ભાગે અને ભાવ પણ અનંતમાં ભાગે. ક્ષયોપશમની પર્યાય થઇ તો ત્રિકાળના અનંતમાં ભાગે કાળ અને ભાવના અનંતમાં ભાગે ભાવ. સમજાય છે કાંઇ? ક્ષાયિક થયું.

આહાહા! જુઓ તો ખરા! વસ્તુ ને વસ્તુ. મહાપ્રભુ ચૈતન્યધ્રુવ અનાદિ-અનંત નિત્યાનંદ નાથ! એ નિત્યાનંદ વસ્તુનો સ્વરૂપ લાભ છે. એમ કહે છે. સ્વરૂપ લાભ એટલે પ્રાપ્તિ થવી તેમ નહીં. એ સ્વરૂપની હયાતિ જ એવી છે. એમ કહે છે. આત્મા એટલે સ્વરૂપ અને લાભ એટલે હયાતિ. સ્વરૂપની હયાતિ જ એવી છે, એમ કહે છે. અર્થ કરો. અર્થ જુઓ! સંસ્કૃત છે. જુઓ! '**द्रव्य आत्मलाभहेतुक परिणाम:**' સંસ્કૃત છે. દ્રવ્ય આત્મલાભ. દ્રવ્યની આત્માની હયાતિ. તેનો હેતુ, કારણ એ જ છે. કારણ અને કાર્ય તે જ છે. એમ કહે છે. આહાહા! સમજાય છે કાંઇ? બીજી ચીજ તો બીજામાં રહી. તે પોતાના ઉદય ભાવમાં પણ આવતી નથી. અહીં તો પોતાની પર્યાયમાં ચાર ભાવ છે તે પર્યાયનો કાળ એક સમયનો છે. પછી ભલે એવી ને એવી થાય પણ તેના રહેવાનો કાળ, અસ્તિત્વ છે ને. રહેવાનું અસ્તિત્વ એક સમયનું છે.

અહીંયા પહેલાં કહી ગયા કે ક્ષાયિકભાવ સદ્ભાવ છેતો સાદિ અનંત. પણ તે તો એવી ને એવી રહીને સાદિ અનંત છે. એક સમયનું અસ્તિત્વ છે. તો એક સમયનું અસ્તિત્વ તે કાળનો જ એક ભાગ છે. ભાવ જે અંદર છે, ચૈતન્યનું આખું પિંડ ચૈતન્યભાવ, સ્વભાવભાવ તેમાં તો અનંતમાં ભાગે એક સમયનો ભાવ છે. તા તેને આત્મદ્રવ્યનો લાભ નથી કહ્યો. તેને આત્માની હયાતિ નથી કહી. લાભ એટલે આત્માની હયાતિ પર્યાયથી નથી કહી. આહાહા! સમજાય છે કાંઇ? થોડું થોડું ધ્યાન રાખે ને તો સમજે, ન સમજાય એવું નથી. એના ઘરની વાત છે ને! શા માટે ન સમજે? આહાહા!

મહાપ્રભુ અનાદિ-અનંત જે પરમપારિણામિક સહજભાવ, જ્ઞાયકભાવ. તો તે જ્ઞાયકભાવનો કહે છે કે લાભ, સ્વરૂપનો લાભ એટલે સ્વરૂપની હયાતિ, દ્રવ્યના સ્વરૂપની હયાતિ, દ્રવ્યના સ્વરૂપની મોજુદગી. તે દ્રવ્યલાભ, તે પારિણામિકભાવ છે. ભાઇ! જેઠાલાલજી! શોભાલાલજી! ચોપડા ને બધા વ્યાજ બ્યાજ કાઢે એમાં તો આ સહેલું છે હો! આ હમણાં વ્યાજ બ્યાજ કાઢે, ત્યાં બધું બહુ કાઢે. લાખો રૂપિયા આવે, ધૂળમાં પણ નથી કાંઇ. હેરાન હેરાન છે. વિકલ્પથી દુઃખી છે. તે ક્રિયાથી દુઃખી નથી. ક્રિયા તો જડની છે. નામા લખવા - લખવા એ તો જડના છે. આત્મા કરી શકતો નથી. આત્માની

એક સમયની પર્યાયમાં પણ તે અસ્તિત્વ છે નહીં.

અહીંયા તો આત્માની પર્યાય ને દ્રવ્યમાં શું છે તે વાત કરે છે. કહો તમારી પર્યાયમાં પૈસા નથી. મકાન નથી, શોભાલાલ નહીં. ડાલચંદજી નહીં. આહાહા! પણ તે મારું છે તેવો વિકલ્પ તારી પર્યાયમાં છે. એ ઉદયભાવ છે, વિકૃતભાવ છે, દુઃખરૂપભાવ છે. પણ તેનો કર્તા આત્મા છે. પરિણમન કરવાવાળો તે છે. કર્મ પરિણમન કરાવે છે અને કર્મની હયાતિથી આ ઉદયભાવની હયાતિ છે એમ નથી. અસ્તિત્વ સિધ્ધ કરે છે. તેનું અસ્તિત્વ છે તો આનું અસ્તિત્વ છે એમ નથી. નિમિત્ત ભલે કહેશે. પણ નિમિત્તનું અસ્તિત્વ છે તો આ અસ્તિત્વ છે એમ નથી. સ્વતંત્ર વાત છે. આહાહા!

અહીંયા તો આપણે વિશેષ આંહી લેવું છે ને. પાંચનો અર્થ કર્યો. હજી ગાથાનો અર્થ તો પછી લેશે. આ તો પાંચ ભાવનું સ્વરૂપ શું? ઉદય-ઉદ્ભવ, ઉપશમ-અનુદ્ભવ, ક્ષયોપશમ-ઉદ્ભવ અનુદ્ભવ. ક્ષાયિક-અત્યંત વિશ્લેષ, બિલકુલ નિવૃત્તિ. પૂર્ણ શુદ્ધિ તે પણ દ્રવ્યના અસ્તિત્વની હયાતિ નથી. આહાહા! હેં? પર્યાયની હયાતી અંશ છે. દ્રવ્ય શું છે સમજાણું? નિશ્ચયનું દ્રવ્ય, નિશ્ચયનયનો વિષય દ્રવ્ય. પ્રમાણના વિષયમાં તો દ્રવ્ય-પર્યાયની હયાતિ આવે છે. આ તો નિશ્ચયનયના વિષયનું જે પર્યાય વગરનું દ્રવ્ય. તે વસ્તુનું સ્વરૂપ, ભાવ, લાભ, હયાતિ, મોજુદગી. સ્વરૂપની હયાતિ, નીચે હયાતિ આવ્યું ને, જુઓ! કૌંસમાં લખ્યું છે. સ્વરૂપનું અસ્તિત્વ. આત્મલાભ એટલે સ્વરૂપનું અસ્તિત્વ. આત્મલાભનો અર્થ અસ્તિત્વ. દ્રવ્ય પોતાને ધારી રાખે છે અર્થાત્ પોતે હયાત રહે છે તેથી તેને પરિણામ કહે છે.

પરિણામ નામ પરિણમે છે એવો અર્થ નથી. પરિણામ નામ અનાદિ-અનંત સહજરૂપ ભાવ છે. તે દ્રવ્યના સ્વરૂપની હયાતિ સૂચવે છે. આહાહા!

કહે છે ભગવાન! તમે તો કાંઈ શરીરમાં, વાણીમાં, કર્મમાં, સ્ત્રીમાં, કુટુંબમાં, દેશમાં તો તારી હયાતિ નથી. અંશરૂપે પણ નહીં. પરમાં તારી હયાતિ અંશરૂપે પણ નહીં. અને તારામાં પણ પરની હયાતિ અંશરૂપ પણ નથી. હવે અંશરૂપી જે હયાતિ છે, અસ્તિત્વ સિધ્ધ કરવું છે ને. તો પર્યાયનું અસ્તિત્વ તો એક સમયનું છે. ચાહે તો ઉદય હો, ઉપશમ હો, ક્ષાયિક હો, ક્ષયોપશમ હો. અને વસ્તુ એક સમય સિવાય છે. દ્રવ્યના સ્વરૂપની હયાતિ, મોજુદગી, સત્તા મહાપ્રભુ તે જ વસ્તુ, તેને અહીંયા પારિણામિકભાવ અથવા તેને પરિણામ કહે છે. પરિણામ શું આવ્યું? નિશાળમાં ભણે ને પરિણામ શું આવ્યું? તે પરિણામ અહીંયા નહીં.

એમ વસ્તુની પર્યાય શું તે પરિણામ અહીંયા નહીં. અહીં તો ત્રિકાળને જ પરિણામ કહ્યું છે. સમજાય છે કાંઈ? એ સમ્યગ્દર્શનનો વિષય છે. જેનો ધ્યેય કરવાથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. આ વાત છે. પૂર્ણ પ્રભુ પ્રતીતમાં લેવાથી સાચી પ્રતીત થાય છે. સમ્યગ્દર્શન છે ને. સત્ય દર્શન. જેવું છે તેવી

પ્રતીતિ. તો જેવું છે તેવું દ્રવ્ય તો પરિપૂર્ણ છે. તે જેવો છે એવો છે. એક સમયની પર્યાય જેવડો આત્મા દ્રવ્યમાં નથી. સમજાય છે કાંઈ? વસ્તુ જ એવી છે. ત્યાં ભગવાન કહે છે માટે છે એમ છે? છે, તેવું જાણ્યું અને જાણ્યું તેવું કહ્યું. કહ્યું તેવું છે. સમજાય છે કાંઈ?

આ તો અમૃતચંદ્રઆચાર્ય પાંચ ભાવનો અર્થ કરે છે. સમજાયું? દ્રવ્યનો આત્મલાભ, દ્રવ્યનું હોવું જેનો હેતુ છે. વસ્તુનું હોવું જેનો હેતુ છે. ઓહો! હેતુ પણ તે અને વસ્તુ પણ તે. દ્રવ્ય વસ્તુનું અસ્તિત્વ જેનું કારણ છે તેવો પારિણામિક ભાવ. પારિણામિક ત્રિકાળ ભાવ. તેને દ્રવ્યનું અસ્તિત્વ હયાતિ કહેવામાં આવે છે. પર્યાયની હયાતિ ભિન્ન. સમજાય છે કાંઈ કે નહીં? તું કોણ છો? કેવડો છો? કેવો છો? ક્યાં છો? ક્યા પ્રકારથી છો? હું તો કહે ત્રિકાળ વસ્તુનું અસ્તિત્વ તે હું છું. દ્રવ્ય સ્વરૂપે હું છું. દાસ! સમજાય છે કાંઈ?

ભગવાનનું પેટ મોટું છે. સમજાણું? એક ફેરે સહજાનંદ લીંબડી અપાસરામાં આવ્યો હતો. તે સ્વામીનારાયણમાં સહજાનંદ થઈ ગયો ને. લીંબડીમાં આવ્યો હતો. કહે, તમે પ્રભુ કહેવડાવો છો ભગવાન! તો કહે હા, કેમ? ભગવાનનું પેટ મોટું છે. પણ આ ભગવાનનું પેટ મોટું છે. પર્યાયમાં ભગવાન કહેવડાવે તેમાં ક્યાં ભગવાન આવી ગયા? સમજાય છે કાંઈ? એવો સહજાનંદ હતો ને.

દ્રવ્યનું, વસ્તુનું, જુઓ! દ્રવ્ય એટલે વસ્તુની હયાતિ જેનો હેતુ છે. વસ્તુની હયાતિ જેનો હેતુ છે એવો પારિણામિક ભાવ. તે દ્રવ્યસ્વરૂપની હયાતિ બતાવે છે. સમજાય છે કાંઈ? આહાહા! દ્રવ્યનું નિજ ઘર કેવડું મોટું છે. કેટલું ક્ષેત્ર-અસંખ્ય પ્રદેશ, કેટલી શક્તિ-અનંતી, ગુણની સંખ્યા-અનંતી. પણ તે બધા પરમપારિણામિક ભાવ તે દ્રવ્યની હયાતિ બતાવે છે. વસ્તુની સત્તાની મોજુદગી તે બતાવે છે. સમજાય છે કાંઈ?

ભાષા જુઓ! નહીંતર તો પર્યાય ને દ્રવ્ય બન્ને મળીને પ્રમાણનું દ્રવ્ય છે. તે અહીં બતાવવું નથી. વજુભાઈ! નહીંતર પર્યાય ને દ્રવ્ય બન્ને મળીને પ્રમાણ છે. પર્યાય ને દ્રવ્ય બન્ને મળીને પ્રમાણ છે. તે નથી બતાવવું. અહીં તો એકલું ધ્રુવદ્રવ્ય છે તે જ બતાવવું છે. એવો જે ભગવાનઆત્મા! આહાહા! કહે છે કે બહારની ચીજ તો ક્યાં રહી ગઈ પ્રભુ! તારી હયાતિમાં છે નહીં. તારી પર્યાયની હયાતિ એક સમયની એ તારા દ્રવ્યની મૂળ હયાતિ નહીં. આહાહા! સમજાય છે કાંઈ? અનંતમાં ભાગની એક સમયની પર્યાય છે. પરની પર્યાય તો આત્મામાં છે જ નહીં. શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેશ એ બધા તો પરમાં છે. એ તો અનંતમાં ભાગમાં પણ નથી. કેમ કે છે નહીં તેમાં ભાગ શું? તે તો તારામાં છે જ નહીં ને. કર્મ નહીં, શરીર નહીં એ તો પરદ્રવ્ય છે. એ તો કેટલામા ભાગે તારામાં છે? ભાગ ક્યાંથી આવ્યો? તેમાં હોય તો તેનો ભાગ હોય ને.

પણ અહીં તો કહે છે ભગવાન પરિપૂર્ણ દ્રવ્યલાભ તેની અપેક્ષાએ એક સમયની પર્યાયની હયાતિ

અનંતમા ભાગે છે. આહાહા! દિગમ્બર સંતોની ઉપદેશ કથની અલૌકિક! અલૌકિક, લૌકિકથી પાર-લોકોત્તર. આહાહા! ભગવાન! જુઓ! એવી દ્રવ્યની શક્તિના સ્વરૂપનું અસ્તિત્વ એ છે. એવી વ્યાખ્યા પણ લોકોમાં મુશ્કેલ છે. સમજાણું કાંઈ?

**'જેનો હેતુ છે...'** પાછું શું છે? એ તો કારણ-કાર્ય તે જ છે. એમ બતાવે છે હો. કારણ પણ સ્વરૂપની હયાતિ અને પરિણામ પણ તે જ. એમ કહે છે. આહાહા! ત્રિકાળ ભગવાન ધ્રુવસ્વભાવ, પારિણામિકસ્વભાવ, સ્વઅસ્તિદ્રવ્યસ્વભાવ, દ્રવ્યની હયાતિ તે જેનો હેતુ છે તે પારિણામિક. તેનો અર્થ તો તેનું તે જ થયું. તેનો હેતુ તે. સમજાય છે કાંઈ? તેનો હેતુ પર નહીં, ઈશ્વર કોઈ કર્તા નહીં, પર કોઈ કર્તા નહીં, પણ પર્યાય તેનો હેતુ નહીં. આહાહા! શું કીધું? સમજાણું કાંઈ?

પોતાની ક્ષાયિક ભાવની પર્યાય છે તે પણ દ્રવ્યનો હેતુ નથી. એમ કહે છે. ભાઈ! આહા! એય! એક અંશ કાંઈ ત્રિકાળીનો હેતુ હોય છે? એમ કહે છે. ત્રિકાળ ભગવાનનો હેતુ પોતે અને વસ્તુ પોતે. આહાહા! પરની અપેક્ષાનો ભાગ તો છે પણ નહીં. દ્રવ્યની અપેક્ષાએ પર્યાય અનંતમાં ભાગે છે. પરનો તો ભાગ છે પણ નહીં. પર તેમાં છે નહીં તો ક્યાંથી લાવવું? પણ પર્યાય પણ દ્રવ્યના અનંતમાં ભાગની એક સમયની અવસ્થા છે. આહાહા! એવડા મોટા ભાગે ધ્રુવ છે. તો મોટો ભાગ લેવો છે કે થોડો ભાગ લેવો છે? એમ કહે છે.

ઓલો છોકરો કોઈક છે ને. તરબુચ તરબુચ કાપીને ચીરીયા કરે છે ને. લે તું પાસ કરી લે તારે કયો (ભાગ) લેવો છે? ઝઘડા થાય ને તો છોકરાને કહે કે લે પાસ કર દસ છોકરા છે. પછી તું નાની મોટી કરીશ તો નહીં ચાલે. નાની મોટી સમજો છો? છોટી-બડી. જોઈ લે આ લાંબી. લાંબી (ચીર) હતી ને એક હતી પહોળી. એવી દસ હતી. તો લાંબી (ચીર) પસંદ કરી. પછી કહે આને પહોળી અને મારે નાની છે. પણ તેં લાંબી પસંદ કરીને લીધી છે. આંહી તો કહે છે કે એક સમયની પર્યાય પસંદ ન કર. આહાહા! નાની છે. મોટો ભાગ તો દ્રવ્યનો છે. તેને પસંદ કર, દૃષ્ટિ કર. હવે આ વાત ત્યાં ગઢડામાં મળે તેવી છે? ભાઈ પછી કહે ને બિચારા મોહનભાઈ! શું કરે? એ પણ ભગવાન છે ને. પ્રભુ છે ને ભાઈ! ભૂલ છે તે એક સમયની છે. વસ્તુમાં તો તે છે પણ નહીં. આહાહા!

વસ્તુ તો ભગવાન પરમાત્મા સાક્ષાત શક્તિરૂપ પરમાત્મા પોતે છે. તે દ્રવ્યની હયાતિ બતાવે છે. વસ્તુની મોજુદગી બતાવે છે. બસ હવે પાઠમાં છે તે વાત કરે છે. તેનાં પાંચ-સાત અર્થ કર્યા હો. એક એક શબ્દનો અર્થ કર્યો. પણ પાઠ જે છે તે હવે બતાવે છે. પાઠ છે ને. 'ઉદયેણં જૂતં' એમ. 'ઉદયેણં જૂતં તે ઉદયા' તેમ લઈ લેવું. જુઓ! **'ત્યાં, ઉદયથી યુક્ત તે 'ઔદયિક' છે...'** રાગ ઔદયિક ભાવથી સહિત છે તેથી ઔદયિક કહે છે. પરથી સહિત છે માટે ઔદયિક કહે છે એમ નથી. એમ કહે છે. એય! તેનો પાઠ જુઓ પાઠ.

કુંદકુંદઆચાર્યનો કળશ. આહાહા! કુંદકુંદઆચાર્યની શૈલી થોડામાં, ગાગરમાં સાગર ભરી દીધો છે.

કહે છે કે **'ઉદયથી યુક્ત તે ઔદયિક છે...'** તે રાગાદિ ઉદય ભાવથી, ઉદયથી સહિત છે માટે ઔદયિક છે. કર્મ સહિત છે માટે ઔદયિક છે એમ નથી. આહાહા! કેટલી વાત! અરે ભગવાન! આ તો ધર્મ કથા છે ભાઈ! સમજાય છે કાંઈ? આ તો (લોકો એમ કહે)કર્મથી રાગ થાય છે અને શુભ રાગથી પછી ધર્મ થાય છે તો કર્મથી ધર્મ થયો. એ કથા તો વિકથા છે, મિથ્યાત્વની કથા છે, સમકિતનો નાશ કરવાની કથા છે. જેને ભગવાન દંસણ ભેદની કથા કહે છે. આહાહા! સમજાય છે કાંઈ?

ચાર પાંચ લીટીની તો વ્યાખ્યા કરી. ઉપરથી અમૃતચંદ્રઆચાર્યની શૈલી છે. પછી હયાતિ સિધ્ધ કરી. હવે હયાતિ ઉદયની હયાતિ ઉદયથી છે. એમ કહે છે ભાઈ! આહા! ઉદયની હયાતિ ઉદયથી છે. જુઓ તો ખરા! પાઠમાં યુકત કીધું ને. એ ને એ વસ્તુ છે. ઉદયથી યુકત તે ઉદય એમ. એ તો ઉદયથી યુકત ઉદય છે. સમજાણું કાંઈ? કર્મ સહિત એક ઉદય છે, એમ છે નહીં. **'ઉદયથી યુક્ત તે ઔદયિક છે. ઉપશમથી યુક્ત તે 'ઔપશમિક' છે...'** કહો, સમજાણું? નિમિત્તપણું ભલે હોય પણ પોતાના ભાવથી તે બધા ભાવ છે. મૂળ તો એમ કહે છે. પોતાના ભાવનો કર્તા સિધ્ધ કરવો છે ને. કર્તૃત્વ છે ને. એ જ બતાવે છે ને. આગળ કહે છે ને. જુઓ! તે જ બતાવે છે.

**'ઉપશમથી યુક્ત તે 'ઔપશમિક' છે. ક્ષયોપશમથી યુક્ત તે 'ક્ષાયોપશમિક' છે. અને ક્ષયથી યુક્ત તે 'ક્ષાયિક' છે...'** ક્ષયની સાથે સંબંધવાળા. વ્યવહારે કર્મોના ક્ષયની અપેક્ષા જીવના જે ભાવમાં આવે તે 'ક્ષાયિક' ભાવ છે. નિમિત્તથી કથન છે. સમજાણું કાંઈ? વ્યવહારથી કર્મોના ક્ષયની અપેક્ષા આવે છે. તેમાં નિમિત્તથી છે પણ ક્ષાયિક ભાવ પોતાથી છે. ક્ષયથી યુકત-કર્મનો ક્ષય નિમિત્તમાં તેનાથી સહિત તે ક્ષાયિક ભાવ છે. ક્ષાયિક ભાવનો કર્તા અને પરિણમન તો પોતાનું છે. સમજાણું કાંઈ? **'પરિણામથી યુક્ત તે 'પારિણામિક' છે...'** લ્યો! આ ભાષા પાછી. તેમાં કહ્યું હતું ને 'પરિણામ'. દ્રવ્યનો આત્મલાભ જેનો હેતુ છે તે 'પરિણામ' છે. અર્થ :- પરિણામથી યુકત=પરિણામમય; યુકતનો અર્થ જુઓ! પરિણામમય, પરિણામાત્મક; પરિણામસ્વરૂપ. પરિણામાત્મક એટલે પરિણામસ્વરૂપ એમ. ત્યાં યુકત એટલે કોઈ સાથે જોડાણ એમ નહીં. આહાહા! સમજાણું કાંઈ?

પરિણામથી યુકત સહજ આત્મસ્વરૂપ, સહજાત્મસ્વરૂપ પોતાથી સહિત માટે પરિણામ કહેવામાં આવ્યા છે. તે પારિણામિક ભાવમાં કોઈની અપેક્ષા, યુકતપણું, સંબંધપણું છે નહીં. પારિણામિક ભાવમાં પર્યાયનો સંબંધ નથી. સમજાણું કાંઈ? આવી ધર્મ કથા. ઝીણી બહુ પડે! હેં? નહીંતર તો મંદિર બનાવો, પૂજા કરો, ભક્તિ કરો, વાંચન કરો, જાત્રા કાઢો. એય શેઠ! પુસ્તક બનાવો, લ્યો ને ભાઈ! ખબર પડે. હા, આપણે તો કોણ બનાવે? એ તો જડનું અસ્તિત્વ છે. પુસ્તકના અસ્તિત્વનો કર્તા આત્મા નથી. છે નહીં, તેમાં વિકલ્પ થયો તેનો કર્તા આત્મા છે. તે પોતાના અસ્તિત્વમાં છે. પુસ્તક બનવું તે પોતાના અસ્તિત્વમાં છે નહીં.

આવા મોટા સંચા ચલાવે. જરીક આમ કરે તો આખો સંચો ધમધમાટ લ્યો. ઉજ્જૈન લાલચંદ શેઠ! અઢી કરોડનો સંચો છે. એક આમ હલે તો માણસ બહુ ફોરા બહુ ફોરા. એની મેળે ચાલે બધું. કપાસ નાખે રૂ - રૂ, કપડા બનીને નીકળી જાય, જાવ. એની મેળે હો. બધા તાણાવાણા નીકળે, ગોટા નીકળે, વળે. કાંઈક તૂટે તો માણસને ઊભું રહેવું પડે. તૂટે તો સાંધવા, નહીંતર આખો સંચો બંધ થઈ જાય. દોરા નીકળતા હોય ને સૂતર. એની મેળે ત્યાં નાખે ત્યાં કપડું તૈયાર. ઉજજૈન. ત્યાં જોવા માટે ગયા હતા. મને કહે પગલા કરો અમારા....લાલચંદ શેઠ છે ને તે. આહાહા! કહે છે કે તેને કારણે બધું બને છે. માણસથી કાંઈ બનતું નથી. હેં? તેના અસ્તિત્વમાં આત્માની પર્યાય છે? અને તેનું અસ્તિત્વ અહીં આવી જાય છે? તેની પર્યાય તેનાથી થાય છે. ગજબ વાત! તારી પર્યાય તારાથી હોતી....

પરિણામથી યુકત, છેલ્લા ભાવો. પોતાના પરિણામથી સ્વભાવ સહિત છે. સહિત તેનું તે યુકત. બીજું છે શું? આહાહા! એવા આ પાંચ જીવગુણો છે. કહો, ત્રિકાળીને પણ ગુણ કહ્યો અને એક સમયના રાગને મિથ્યાત્વને પણ ગુણ કહ્યો. ગુણ શબ્દે તેની પર્યાયમાં છે એમ. લ્યો! તે દ્રવ્યમાં છે આ પર્યાયમાં છે. તેનું અસ્તિત્વ આ છે. પરિણામથી યુકત, પરિણામ શબ્દે આ પર્યાય નહીં હો. જુઓ! પરિણામથી યુકત-પરિણામમય-પરિણામાત્મક-પરિણામસ્વરૂપ. ઓહો! તે પાંચ જીવગુણ છે. તે પાંચમાં જીવની હયાતિ છે ને. તેને જીવગુણ કહ્યો. બસ તે બતાવવું છે. આહાહા!

હવે, **'-આ પાંચ ગુણોમાં ઉપાધિનું ચતુર્વિધપણું જેમનું કારણ (નિમિત્ત) છે...'** જુઓ! ઉપાધિનું ચતુર્વિધપણું કર્મનો ઉદય, કર્મનો ક્ષયોપશમ, કર્મનું ક્ષાયિક અને કર્મનો ઉપશમ. એ ચાર અંદરમાં કર્મ, હો. કર્મનો ઉદય, કર્મનો ઉપશમ, કર્મનો ક્ષયોપશમ, કર્મનો ક્ષાયિક જડ. એ ઉપાધિનો ચાર પ્રકારનો તેમાં, જેમાં નિમિત્ત છે. પોતાની પર્યાયમાં નિમિત્ત છે. એવા ચાર છે. સમજાણું કાંઈ?

કર્મનો ઉદય તે અહીંયા ઉદય ભાવમાં નિમિત્ત છે. ઉપશમ તે ઉપશમ ભાવમાં નિમિત્ત છે. કર્મનો ક્ષયોપશમ તે ક્ષયોપશમ ભાવમાં નિમિત્ત છે. કર્મનો ક્ષાયિક તે ક્ષાયિક ભાવમાં નિમિત્ત છે. નિમિત્ત છે, કર્તા ન થયો. નિમિત્ત કર્તા નથી. કર્તા તો આત્મા છે. એમ કહ્યું. સમજાણું કાંઈ? નિમિત્ત છે તો નિમિત્ત કર્તા નથી તેમ કહે છે. **'ઉપાધિનું ચતુર્વિધપણું જેમનું કારણ (નિમિત્ત) છે...'** ઉદય-રાગ મિથ્યાત્વ આદિ ભાવ, ઉપશમ ભાવ, ક્ષયોપશમ ભાવ, ક્ષાયિક ભાવ એ ચાર તેમાં કર્મના ચાર ભાવ. કર્મનો ઉદય જડ, કર્મનો ક્ષયોપશમ જડ, કર્મનો ઉપશમ જડ, કર્મનો ક્ષાયિક જડ. અહીંયા એ ચાર ભાવ જે આત્માના છે તેમાં નિમિત્ત છે. કહો, સમજાણું કાંઈ?

કયાં શું છે તે સમજયા વગર એમ ને એમ ચલાવ્યે રાખે. કરો ધર્મ કરો. પણ ધર્મ કયાંથી થશે? તત્ત્વ શું છે, તત્ત્વની વિપરીત બુદ્ધિ તો નાશ થઈ નથી. સમજાણું કાંઈ? કાંઈકનું કાંઈક લગાવી દયે અને વિપરીત માન્યતા પછી કરો ધર્મ, શું ધર્મ થશે. અધર્મ છે. સમજાણું કાંઈ? **'એવા ચાર છે,**

**સ્વભાવ જેનું કારણ છે એવો એક છે...'** વળી, જુઓ! એ તો વસ્તુના કારણે વસ્તુ એને એ જ કારણે. સ્વભાવ જેનું, સ્વ-ભાવ જુઓ! ભાષા દ્રવ્યનો સ્વભાવ લીધો. તેમાં આત્મલાભ કહ્યું હતું. સ્વરૂપની હયાતિ. અહીંયા સ્વભાવ જેનું કારણ એકલો સ્વભાવ. ધ્રુવ નિત્યાનંદ ભગવાન. એ સ્વભાવ જેનું કારણ છે એવો એક છે.

હવે એ પાંચના પાછા ભેદ પાડશે. આ રીતે તો વાત કરી. ચાર ભાવ જે પોતામાં છે, પોતાના કર્તાથી છે. પારિણામિક ભાવ ત્રિકાળ છે. ચાર ભાવમાં ચાર કર્મની અવસ્થા નિમિત્ત છે. એક ઉદય અવસ્થા, એક ક્ષયોપશમ અવસ્થા કર્મની હો. ક્ષાયિક અવસ્થા, ઉપશમ નિમિત્ત છે. સ્વભાવમાં સ્વભાવનું કારણ પોતે એકલો છે. તેનું કોઈ કારણ છે નહીં. **'ઉપાધિના ભેદથી...'** શું કહે છે હવે. ઉપાધિના ભેદથી ચાર ભાવના ભેદ અનેક છે. ઉદયના એકવીસ છે. છે ને. ઉપશમના બે, ક્ષયોપશમના - ક્ષયોપશમના અઢાર, ઉદયના એકવીસ, ક્ષાયિકના નવ.સમજાણું કાંઈ?

તે **'ઉપાધિના ભેદથી અને સ્વરૂપના ભેદથી ભેદ પાડતાં...'** સ્વરૂપના પણ ભેદ છે. પારિણામિક ભાવ, જીવપારિણામિક ભાવ, ભવિપારિણામિક ભાવ, અભવ્યપારિણામિક ભાવ. પારિણામિક ભાવના ત્રણ ભેદ છે ને. સ્વભાવભાવના ત્રણ ભેદ છે. જુઓ! સમજાણું કાંઈ? **'ઉપાધિના ભેદથી અને સ્વરૂપના ભેદથી ભેદ પાડતાં, તેમને ઘણા પ્રકારોમાં વિસ્તારવામાં આવે છે...'** અનેક પ્રકારના વિસ્તારથી તેની હયાતિ સમજાવવામાં આવે છે. નીચે અર્થ છે.

કર્મોપાધિની ચાર પ્રકારની દશા. કર્મ ઉપાધિની હો, પરની. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક તે પરની દશા. જડમાં થવાવાળી દશા. જેનું નિમિત્ત છે એવા ચાર ભાવો છે. જેમાં કર્મોપાધિરૂપ નિમિત્ત બિલકુલ નથી, માત્ર દ્રવ્યસ્વભાવ જ જેનું કારણ છે એવો એક પારિણામિક ભાવ છે. કહો, સમજાણું કાંઈ?

તે સમજીને ચાર પર્યાય મારાથી છે, હું કર્તા છું, અને દ્રવ્ય સ્વભાવ ત્રિકાળ છે. એમ જાણીને દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ આશ્રય ધ્રુવનો કરવો તે તેનું તાત્પર્ય અને સાર છે. સમજાણું કાંઈ? પરની બુદ્ધિ તો છોડ, કેમ કે પર તારામાં છે નહીં. પણ એક સમયની પર્યાય ચાર છે તેની બુદ્ધિ છોડ, કેમ કે સ્થિર નથી અને કાયમની ચીજ નથી. કાયમની ચીજ તો વસ્તુ સ્વરૂપ હયાતિ મોજુદગી ત્રિકાળ ત્યાં દૃષ્ટિ લગાવ, ત્યાં શ્રદ્ધાને પ્રસરાવ. જ્ઞેય બનાવીને જ્ઞાનની પર્યાય ત્યાં જોડી દે. એવો પરમપારિણામિક સ્વભાવ તે જ એક અંગીકાર અને આશ્રય કરવા લાયક છે. તેનું તે તાત્પર્ય છે. વિશેષ કહેશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

# ગાથા :- ૫૭

कम्मं वेदयमाणो जीवो भावं करेदि जारिसयं ।
सो तस्स तेण कत्ता हवदि त्ति य सासणे पठिदं ।।५७।।

कर्म वेदयमानो जीवो भावं करोति यादशकम् ।
स तस्य तेन कर्ता भवतीति च शासने पठितम् ।।५७।।

जीवस्यौदयिकादिभावानां कर्तृत्वप्रकारोक्तिरियम् ।

जीवेन हि द्रव्यकर्म व्यवहारनयेनानुभूयते; तच्चानुभूयमानं जीवभावनां निमित्तमात्रमुपवर्ण्यते। तस्मिन्निमित्तमात्रभूते जीवेन कर्तृभूतेनात्मन: कर्मभूतो भाव: क्रियते । अमुना यो येन प्रकारेण जीवेन भाव: क्रियते, स जीवस्तस्य भावस्य तेन प्रकारेण कर्ता भवतीति ।।५७।।

---

પુદ્‌ગલકરમને વેદતાં આત્મા કરે જે ભાવને,
તે ભાવનો તે જીવ છે કર્તા-કહ્યું જિનશાસને. ૫૭.

**અન્વયાર્થ :-** (कर्म वेदयमान:) **કર્મને વેદતો થકો** (जीव:) **જીવ** (यादशकम् भावं) **જેવા ભાવને** (करोति) **કરે છે,** (तस्य) **તે ભાવનો** (तेन) **તે પ્રકારે** (स:) **તે** (कर्ता भवति) **કર્તા છે-** (इति च) **એમ** (शासने पठितम्) **શાસનમાં કહ્યું છે.**

**ટીકા :-** આ, જીવના ઔદયિકાદિ ભાવોના કર્તૃત્વ પ્રકારનું કથન છે.

**જીવ વડે દ્રવ્યકર્મ વ્યવહારનયથી અનુભવાય છે; અને તે અનુભવાતું થકું જીવભાવોનું નિમિત્તમાત્ર કહેવાય છે. તે (દ્રવ્યકર્મ) નિમિત્તમાત્ર હોતાં, જીવ વડે કર્તાપણે પોતાનો કર્મરૂપ (કાર્ય રૂપ) ભાવ કરાય છે. તેથી જે ભાવ જે પ્રકારે જીવ વડે કરાય છે, તે ભાવનો તે પ્રકારે તે જીવ કર્તા છે. ૫૭.**

## પ્રવચન નં :- ૫૬ - ગાથા :- ૫૭-૫૮
## પોષ વદ - ૧૧ સોમવાર તા. ૨/૨/૭૦

**कम्मं वेदयमाणो जीवो भावं करेदि जारिसयं ।**
**सो तस्स तेण कत्ता हवदि त्ति य सासणे पठिदं ।।५७।।**

**પુદ્ગલકરમને વેદતાં આત્મા કરે જે ભાવને,**
**તે ભાવનો તે જીવ છે કર્તા-કહ્યું જિનશાસને. ૫૭.**

પંચાસ્તિકાય ષટ્દ્રવ્ય-સતાવનમી ગાથા. ગુજરાતી છે. પર્યાય દૃષ્ટિએ ચાર ભાવ છે. એમાં પરનું કાંઈ નથી. તેમ આત્મા પરમાં કાંઈ કરતો નથી, એમ સિધ્ધ કરવું છે. પોતાની વર્તમાન પર્યાય ઉદય આદિ જે હોય તે પર્યાયને કરે. બીજાને કરે નહીં તેમ બીજાથી તેમાં કાંઈ મદદ મળી ને થાય નહીં. એવું તેનું અસ્તિત્વ સ્વભાવ દ્રવ્ય અને પર્યાયનું હોવાપણું સિધ્ધ કરે છે.

**ટીકા :- 'આ, જીવના ઔદયિકાદિ ભાવોના...'** ઉદય એટલે મિથ્યાત્વ રાગ-દ્વેષ આદિ ભાવોનું **'કર્તૃત્વપ્રકારનું કથન છે...'** એમ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ પર્યાયનો કર્તા પરિણમનાર પોતે જીવ છે. **'જીવ વડે દ્રવ્યકર્મ વ્યવહારનયથી અનુભવાય છે...'** લ્યો! એટલે કે દ્રવ્યકર્મ નિમિત્ત છે તો નિમિત્તને વ્યવહારનય અનુભવે છે એટલે નિશ્ચયથી પોતાને અનુભવે છે પણ નિમિત્ત છે એટલે એને વ્યવહારે અનુભવે છે એમ કહેવાય છે. ભારે! ભાઈ આ!

જીવ દ્વારા, જડકર્મ જે પર છે, નિમિત્ત છે, સંયોગી છે એને વ્યવહારનયે એટલે નિમિત્તની અપેક્ષાએ અનુભવમાં આવે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. ખરેખર તો એને અનુભવતો નથી. પોતાના ભાવને અનુભવે છે તે કાળે નિમિત્ત છે એટલે તેને અનુભવે છે એમ વ્યવહારે કહેવામાં આવે છે. અને તે અનુભવાતું થકું જીવભાવોનું નિમિત્તમાત્ર કહેવાય છે. કોણ? દ્રવ્યકર્મ. **'તે અનુભવાતું થકું જીવભાવોનું...'** જીવની પુણ્ય-પાપની વિકારી દશા કે ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ધર્મની દશા તેમાં **'નિમિત્તમાત્ર હોતાં...'** જડકર્મ નિમિત્ત, સંયોગ કર્મરૂપે નિમિત્તમાત્ર હોવાથી કહ્યું.

**'જીવ વડે કર્તાપણે પોતાનો કર્મરૂપ (કાર્યરૂપ) ભાવ કરાય છે...'** નિમિત્તમાત્ર હોવાથી જીવ વડે, પોતાની પર્યાય કર્તારૂપથી પોતાનો કાર્યરૂપ ભાવ કરાય છે. આત્મા પોતાની અવસ્થાનો કર્તા છે. તેમાં કર્મ તો નિમિત્ત માત્ર છે. **'તેથી જે ભાવ જે પ્રકારે...'** અહીંયા વજન છે, જે ભાવ

પર્યાયમાં જે પ્રકારે રાગાદિ, ઉપશમ આદિ, ક્ષયોપશમ આદિ, ક્ષાયિક આદિ **'જે પ્રકારે જીવ વડે કરાય છે, તે ભાવનો તે પ્રકારે તે જીવ કર્તા છે...'** બહુ સિદ્ધાંત!

જે પ્રકારે પોતાની પર્યાયને જીવ ચાહે તો વિકાર કરે, ચાહે તો ધર્મ પર્યાય કરે એ પોતાનો જે પ્રકારનો ત્યાં ભાવ છે, એ પ્રકારે પોતે પોતાના પુરુષાર્થથી કરે. એમ **'શાસને પઠિતમ્...'** મૂળ શ્લોકમાં એમ છે. એમ જૈનશાસન પરમાગમમાં આમ કહેવામાં આવ્યું છે. જુઓ! આચાર્યએ એમાં શબ્દ મુકયો છે. જૈનશાસન એટલે પરમાગમ વીતરાગની વાણી. સતાવન ગાથા ચોથું પદ છે.

**'ઇતિ શાસને પઠિતમ્'** બે સિદ્ધાંત. કે જે પ્રકારનો ભાવ, કર્મનો ઉદય હોય તે પ્રકારનો કરે એમ આમાં નથી લીધું. જે પ્રકારનો ભાવ કરે, **जारिसयं, जारिसयं** છે ને. જે પ્રકારનો (ભાવ) કરે તેને તે પરિણમે ને કર્તા થાય. એમ પરમાગમમાં જૈનશાસનમાં વીતરાગવાણીમાં આ કહેવામાં આવ્યું છે. આ બધા કર્મ કર્મ કરે છે ને ઓલું કર્મ નિમિત્ત મોઢા આગળ મુકયું છે ને. સમજાણું કાંઈ? જિનશાસનમાં આમ કહ્યું છે. શાસનમાં વીતરાગમાર્ગમાં એમ કહ્યું છે એમ કહે છે. કોઈ કહે કે વીતરાગમાર્ગમાં તો કર્મથી આત્માને જેટલા પ્રમાણમાં કર્મનો ઉદય હોય તેટલા પ્રમાણમાં વિકાર કરવો પડે. જેટલા પ્રમાણમાં કર્મનો ક્ષયોપશમ થાય તેટલા પ્રમાણમાં આત્માની પર્યાય ખીલે, એમ જૈનશાસનમાં કહેવામાં આવ્યું નથી. સમજાણું કાંઈ? જુઓ! કેવી ગાથા મુકી છે.

**कम्मं वेदयमाणो जीवो भावं करेदि जारिसयं।** જેવો ભાવ જે પોતાની વિકારી, અવિકારી, ધર્મપર્યાય કે અધર્મપર્યાય જે પ્રકારની કરે તેનો તે કર્તા થાય એમ વીતરાગ પરમાગમ સિદ્ધાંતમાં કહેવામાં આવ્યું છે. જયાં ઓલું વ્યવહારથી કથન આવે ત્યાં તેને વળગે. આમ પણ છે કે નહીં? પણ એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ? માણસ કહે જેટલા પ્રમાણમાં કર્મનો ઉદય આવે તે પ્રમાણે વિકાર કરવો પડે. ડીગ્રી ટુ ડીગ્રી લ્યો એ વળી ઠીક કર્યું. ડીગ્રી ટુ ડીગ્રી એનો ઘણા વર્ષ પહેલાં મોટો લેખ લખ્યો હતો. એક જણાએ લેખ લખ્યો ને એક બીજાને બતાવ્યો. તો એ કહે હમણાં રાખી મુકો. સમજાણું? નામનું કાંઈ નહીં. એક જણાએ લેખ લખ્યો ડીગ્રી ટુ ડીગ્રીનો. પછી બીજા કોઈ પંડિતને વંચાવ્યો. રાખી મુકો. સારો છે. શેઠી! પણ શેઠીને કાંઈ ખબર ન હોય. માથે જે કહે તે હા. એય શેઠ!

મુમુક્ષુ :- પણ જાણતો ન હોય તો એમ કહે ને હું નથી જાણતો હા શેની પાડે?

ઉત્તર :- પણ કદાચ તે કહેતાં હોય તો તે કાંઈ ખોટું કહેતા હોય? એમ. કર્મ તો ઉદય પ્રમાણે થાય. ભાઈ! જુઓ! આપણે કાંઈ કરવાનો ભાવ છે? વિકાર કરવાનો આપણને ભાવ હોય? દુઃખી થવાનો ભાવ હોય? કર્મનો ઉદય આવે તે પ્રમાણે આપણને થાય. એ વાત તદ્દન જૂઠી છે. એમ કહે છે. સમજાય છે?

આ ગાથામાં વીતરાગ શાસનનું સ્વતંત્ર સત્. વિકારી અવિકારી પર્યાય સમય સમયમાં જીવ પોતા

વડે કરે છે. બસ, જેવો ભાવ તેવી જીવની પુરુષાર્થની ગતિ એટલું કામ કરે. આહા! સમજાણું કાંઇ? એકોતેરમાં આ જ ધ્વનિ પહેલો આવ્યો હતો. લ્યો! બેય માટે ભગવતી શતકનો પહેલો ઉદ્દેશક ને ત્રીજો ઉદ્દેશક. એકોતેર. છપ્પન વર્ષ થયા. પંચાવન. એ એમાં છે તો એવું. ખેંચીને કાઢયું નહોતું પણ એમાં હતું. એ લોકોને ખ્યાલ નહીં એટલો. જેવો ભાવ જીવ કરે તે પોતાથી કરે છે પરથી નહીં. પોતાના પુરુષાર્થ ...... ............ એ શબ્દો પડયા છે. તેનાથી વિકાર કરે તેને ......... ઉપશમ કરે તે પોતાના ઉપશાંત મોહ પુરુષાર્થ વીર્યથી ઉપશમ કરે છે. એ વાત છે આ.

આ કર્મનું જૈનમાં બહુ ચાલે છે. જૈન તો કર્મને માનનારા. પછી કર્મ પ્રમાણે થાય (એમ માને) દિકરી ને ગાય દોરે ત્યાં જાય. તેમ કર્મ જેમ ઉદય આવે તેમ આત્મામાં થાય (એમ માને). એમ હશે કે નહીં? એય મનીષ! કર્મ પ્રમાણે આત્મામાં થાય કે નહીં?

મુમુક્ષુ :- ના. કર્મ જુદો અને આત્મા પણ જુદો.

ઉત્તર :- હં..... કર્મ જુદો અને આત્મા પણ જુદો. આત્મા કરે તે થાય કાંઇ કર્મ કરે તે થાય? છોકરા શીખે તો ખરા! સમજાણું કાંઇ?

ત્યાં બે શબ્દ પડયા છે. '**कम्मं वेदयमाणो....**' કર્મના નિમિત્તને વેદતો થકો એટલે પોતાના પુરુષાર્થથી પોતાની પર્યાયને વેદતો થકો. '**जीवो भावं करेदि जारिसयं....**' જે પ્રકારનો ભાવ ઉદય, ઉપશમ, ક્ષાયિક, ક્ષયોપશમ જે પ્રકારે કરે '**सो तस्स तेण कत्ता....**' તે ભાવનો તે પરિણમનાર અને કર્તા. '**हवदि त्ति य सासणे पठिदं....**' એમ પરમાગમને વિષે ભગવાનનો આ ઉપદેશ છે. કહો, સમજાય છે કાંઇ? '**सासणे पठिदं**' છે ને. શાસને કહ્યું છે. પરમાગમમાં આમ કહ્યું છે. ગોમ્મટસારમાં એમ ભલે કહ્યું હોય. જ્ઞાનાવરણીયના ઉદયથી જ્ઞાન અવરાય. દર્શનમોહને લઇને મિથ્યાત્વ થાય. એ બધા નિમિત્તના કથન છે. પણ પરમાગમનો સિધ્ધાંત તો આ છે કે જેવો પોતાનો પુરુષાર્થ વર્તમાનમાં ઉલટો થવો તે પોતે પોતાથી કરે છે. નિમિત્ત તેને કરાવે છે એમ છે નહીં. સમજાણું કાંઇ?

છે ગાથા. જુઓ! આ સતાવનમી બહુ ઊંચી ગાથા છે. '**सासणे पढिदं....**'**जारिसयं भावं करेदि कत्ता....**' એમ. છે ને. '**सो तस्स तेण कत्ता**' માથે કરેદિ શબ્દ છે ને. આહાહા! હજી તો શાસ્ત્રના અર્થ પણ સરખાં કરતાં આવડે નહીં. અર્થ કરતાં આવડે નહીં અને પછી પોતાની કલ્પનાથી અર્થ કરે તો અંદર અર્થના અનર્થ થઇ જાય. શું છે? શેઠી!

અહીં પંચાસ્તિકાય પોતાના અસ્તિત્વની (વાત કરે છે.) આ અસ્તિત્વનો અધિકાર છે ને. જીવાસ્તિકાય તો જીવ દ્રવ્ય ગુણે તો અસ્તિ છે. પણ પર્યાયે જેવો વિકાર અવિકાર છે તેની અસ્તિ પોતાથી છે અને પોતાનો કર્તા પોતે છે. એમ સિધ્ધ કરે છે. કર્મથી કાંઇ પણ કિંચિત આત્મામાં થાય એમ નથી. તો એ લોકો કહે છે કે નિમિત્તને અકિંચિતકર કહો છો તો નિમિત્ત ઊડી જાય છે. એમ કહે છે.

નિમિત્ત હો, પણ તે કર્તા નથી. નિમિત્ત એને કર્તા કહેવાય હો, કહેશે. નિમિત્ત કર્તા કહેવાય પણ તે કરતું નથી તેને કહેવું, તે નિમિત્તનું જ્ઞાન કરાવવાની વાત છે.

**'જીવ વડે કર્તાપણું...',** જુઓ! ભાષા એમ છે. જીવ વડે એમ. કર્મ વડે અને પર વડે એમ નહીં, પર તો નિમિત્ત છે. **'જીવ વડે કર્તાપણે પોતાનો કાર્યરૂપ કર્મરૂપ એટલે કાર્યરૂપ. ભાવ કરાય છે. તેથી જે ભાવ એટલે પર્યાય...'** જે પ્રકારે જીવ વડે કરાય છે, જુઓ! ફરીથી....... બે વખત આવ્યું. સમજાણું કાંઈ?

**जीवभावानां निमित्तमात्रमुपवर्ण्यते। तस्मिन्निमित्तमात्रभूते जीवेन कर्तृभूतेनात्मन: कर्मभूतो भाव: क्रियते ।।** એમ શાસનમાં. આમાં નથી પણ ટીકામાં છે ને. મૂળ પાઠમાં છે, મૂળ પાઠમાં છે. પછી એનો અર્થ થઈ ગયો ને. ભગવાને આમ કહ્યું છે. પરમેશ્વરે શાસનમાં એમ કહ્યું છે. કહો, સમજાય છે કાંઈ? કેમ કે જુદી ચીજ તે જુદીને કાંઈ કરે નહીં. તેમ, જુદી (ચીજ) તે જુદી ચીજને કાંઈ સ્પર્શ ને અડતી નથી. અડતી નથી તો કાંઈ કરે નહીં, હો, નિમિત્તરૂપ. નિમિત્તને વેદતો થકો એમ પણ ત્યાં કહેવામાં આવ્યું. '**कम्मं वेदयमाणो**...' એમ કહ્યું ને. લ્યો! પાઠમાં પણ છે અને ટીકામાં પણ છે. '**कम्मं वेदयमाणो**' છે ને દ્રવ્યકર્મ વ્યવહારથી અનુભવમાં આવે છે. એમ આવ્યું ને. નિમિત્ત છે ને નિમિત્ત. સમજાણું કાંઈ?

તારો સંસાર તારે જેવો ઊભો કરવો હોય તેવો ઊભો કર. અને તારે ધર્મની પર્યાય પણ જેવી કરવી હોય તેવી કર. તું સ્વતંત્ર છે. અનાદિ-અનંતમાં સ્વતંત્ર પર્યાયનો કર્તા તું છે. બીજી ચીજ તો નિમિત્તમાત્ર, ઉપસ્થિતિમાત્ર છે. એ ઉપસ્થિતિ તને કાંઈ કરતી નથી. આ બહુ જ ગોટા ચાલે છે. લાદુલાલજી! ચાલે છે. સાધુ પણ એમ કહે છે નામ ધરાવીને.

જુઓ ભાઈ! કર્મથી થાય છે, કર્મથી થાય છે. આપણે ઈશ્વર, હેં? એમ જ. કર્મથી થાય છે કર્મથી થાય છે. ભૈયા! આપણને શું દુઃખી થવાનો ભાવ છે? કર્મ કરાવે છે. પણ કર્મ કરવાનો નિમિત્ત ભાવ તો તારો હતો. ત્યારે તો કર્મ થયા છે. અને કર્મ નિમિત્ત થયા, તો તને ભાવ એવા થયા ત્યારે નિમિત્ત થયા ને? ભાવ ન કર તો નિમિત્ત કયાં છે? ભાવ તો જેવા તમે કરો તેવા થાય છે. વિકાર પણ જેવા જે પ્રકારે કરે તેનો તું કર્તા થાય છે. ધર્મની પર્યાય પણ આત્મા પોતાના સ્વભાવનો, આશ્રયથી શુદ્ધ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, વીતરાગી ધર્મ પર્યાય, મોક્ષમાર્ગની પર્યાય એ જીવ જે પ્રકારના પુરુષાર્થથી કરે તે પ્રકારની થાય છે. સમજાય છે કાંઈ?

ભાઈ સમ્યગ્દર્શન તો દર્શનમોહનો ક્ષય થાય તો થાય છે. લ્યો! ક્ષાયિક. ઉપશમ પણ દર્શનના ઉપશમ પહેલાં આવ્યા નહોતા? ઉદ્ભવ ને અનુદ્ભવ. છપ્પનમાં. આવ્યું કે નહીં? જુઓ! જીવને ભાવોના ઉદયનું. લ્યો! કર્મોનો ફળદાનસમર્થપણે ઉદ્ભવ તે 'ઉદય' છે, અનુદ્ભવ તે 'ઉપશમ' છે.

જુઓ! એ તો નિમિત્તથી જ્ઞાન કરાવ્યું છે. વસ્તુ તો અહીંયા સિદ્ધ કરી છે.

જે ભાવનો તે કર્તા છે, જીવ વડે કરવામાં આવે છે. બે વાત કરી છે. જુઓ! ઓહો! પોતાનું શુદ્ધ આનંદસ્વરૂપ તેને ભૂલીને જેટલા પ્રમાણમાં પુણ્ય-પાપનો કર્તા થાય છે, તે પ્રમાણે પરિણમન કરે છે. કોઈ પરને કારણે તેમાં પરિણમન થાય છે એમ હોતું નથી. સતાવન થઈ ગઈ. લ્યો! હવે કહે છે. જુઓ! આ આવ્યા ને તરત વાત બીજી. નિમિત્ત હોય તે તેનો અર્થ છે.

કે પરમપારિણામિક સ્વભાવભાવ જેવી પોતાની નિત્ય ચીજ છે તેમાં તે પર્યાય નથી. તો પર્યાય જે થાય છે તે નિમિત્તથી થાય છે એમ કેમ. શુદ્ધ પારિણામિકભાવ પર્યાયથી ભિન્ન છે. એમ બતાવવા માટે ચાર ભાવમાં તો કર્મથી, નિમિત્તથી કર્મના નિમિત્તથી થાય છે એમ કહ્યું. તેમાં પાઠ છે. જુઓ!

## ગાથા-૫૮

**कम्मेण विणा उदयं जीवस्स ण विज्जदे उवसमं वा ।**
**खइयं खओवसमियं तम्हा भावं तु कम्मकदं ।।५८।।**

कर्मणा विनोदयो जीवस्य न विद्यत उपशमो वा ।
क्षायिकः क्षायोपशमिकस्तस्माद्भावस्तु कर्मकृतः ।।५८।।

द्रव्यकर्मणां निमित्तमात्रत्वेनौदयिकादिभावकर्तृत्वमत्रोक्तम् ।

न खलु कर्मणा विना जीवस्योदयोपशमौ क्षयक्षयोपशमावपि विद्येते; ततः क्षायिकक्षायोपशमिकश्चौदयिकौपशमिकश्च भावः कर्मकृतोऽनुमन्तव्यः । पारिणामिकस्त्वनादिनिधनो निरुपाधिः स्वाभाविक एव । क्षायिकस्तु स्वभावव्यक्तिरूपत्वादनन्तोऽपि कर्मणः क्षयेणोत्पद्यमानत्वात्सादिरिति कर्मकृत एवोक्तः । औपशमिकस्तु कर्मणामुपशमे समुत्पद्यमानत्वादनुपशमे समुच्छिद्यमानत्वात् कर्मकृत एवेति ।

अथवा उदयोपशमक्षयक्षयोपशमलक्षणाश्चतस्त्रो द्रव्यकर्मणामेवावस्थाः, न पुनः परिणामलक्षणैकावस्थस्य जीवस्य; तत उदयादिसञ्जातानामात्मनो भावानां निमित्तमात्रभूत तथाविधावस्थत्वेन स्वयं परिणमनाद्द्रव्यकर्मापि व्यवहारनयेनात्मनो भावानां कर्तृत्वमापद्यत इति ।।५८।।

**પુદ્‌ગલકરમ વિણ જીવને ઉપશમ, ઉદય, ક્ષાયિક અને**
**ક્ષાયોપશમિક ન હોય, તેથી કર્મકૃત એ ભાવ છે. ૫૮.**

**અન્વયાર્થ :-** (कर्मणा विना) કર્મ વિના (जीवस्य) જીવને (उदयः) ઉદય, (उपशमः) ઉપશમ, (क्षायिकः) ક્ષાયિક (वा) અથવા (क्षायोपशमिकः) ક્ષાયોપશમિક (न विद्यते) હોતો નથી, (तस्मात् तु) તેથી (भावः) ભાવ (-ચતુર્વિધ જીવભાવ) (कर्मकृतः) કર્મકૃત છે.

**ટીકા :-** અહીં, (ઔદયિકાદિભાવોનાં) નિમિત્તમાત્ર તરીકે દ્રવ્યકર્મોને ઔદયિકાદિ ભાવોનું કર્તાપણું કહ્યું છે.

(એક રીતે વ્યાખ્યા કરતાં-) કર્મ વિના જીવને ઉદય-ઉપશમ તેમ જ ક્ષય-ક્ષયોપશમ હોતા નથી (અર્થાત્ દ્રવ્યકર્મ વિના જીવને ઔદયિકાદિ ચાર ભાવો હોતા નથી); તેથી ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક કે ઔપશમિક ભાવ કર્મકૃત સંમત કરવો. પારિણામિક ભાવ તો અનાદિ-અનંત, *નિરુપાધિ, સ્વાભાવિક જ છે. (ઔદયિક અને ક્ષાયોપશમિક ભાવો કર્મ વિના હોતા નથી અને તેથી કર્મકૃત કહી શકાય-એ વાત તો સ્પષ્ટ સમજાય એવી છે; ક્ષાયિક અને ઔપશમિક ભાવોની બાબતમાં નીચે પ્રમાણે સ્પષ્ટતા કરવામાં આવે છેઃ) ક્ષાયિક ભાવ, જોકે સ્વભાવની વ્યક્તિરૂપ (-પ્રગટતારૂપ) હોવાથી અનંત (-અંત વિનાનો) છે તોપણ, કર્મના ક્ષય વડે ઉત્પન્ન થતો હોવાને લીધે સાદિ છે તેથી કર્મકૃત જ કહેવામાં આવ્યો છે. ઔપશમિક ભાવ કર્મના ઉપશમે ઉત્પન્ન થતો હોવાથી અને અનુપશમે નષ્ટ થતો હોવાથી કર્મકૃત જ છે. (આમ ઔદયિકાદિ ચાર ભાવો કર્મકૃત સંમત કરવા.)

અથવા (બીજી રીતે વ્યાખ્યા કરતાં)-ઉદય, ઉપશમ, ક્ષય અને ક્ષયોપશમસ્વરૂપ ચાર (અવસ્થાઓ) દ્રવ્યકર્મની જ અવસ્થાઓ છે, પરિણામસ્વરૂપ એક અવસ્થાવાળા જીવની નહિ (અર્થાત્ ઉદય વગેરે અવસ્થાઓ દ્રવ્યકર્મની જ છે, 'પરિણામ' જેનું સ્વરૂપ છે એવી એક અવસ્થાએ અવસ્થિત જીવની-પારિણામિક ભાવરૂપે રહેલા જીવની-તે ચાર અવસ્થાઓ નથી); તેથી ઉદયાદિક વડે ઉત્પન્ન થતા આત્માના ભાવોને નિમિત્તમાત્રભૂત એવી તે પ્રકારની અવસ્થાઓરૂપે (દ્રવ્યકર્મ) સ્વયં પરિણમતું હોવાને લીધે દ્રવ્યકર્મ પણ વ્યવહારનયથી આત્માના ભાવોના કર્તાપણાને પામે છે. ૫૮.

---

* નિરુપાધિ=ઉપાધિ વિનાનો; ઔપાધિક ન હોય એવો. (જીવનો પારિણામિક ભાવ સર્વ કર્મોપાધિથી નિરપેક્ષ હોવાને લીધે નિરુપાધિ છે.

## ગાથા - ૫૮ ઉપર પ્રવચન :-

कम्मेण विणा उदयं जीवस्स ण विज्जदे उवसमं वा ।
खइयं खओवसमियं तम्हा भावं तु कम्मकदं ।।५८।।

**પુદ્‌ગલકરમ વિણ જીવને ઉપશમ, ઉદય, ક્ષાયિક અને**
**ક્ષાયોપશમિક ન હોય, તેથી કર્મકૃત એ ભાવ છે. ૫૮.**

હવે તેની ટીકા. જુઓ! ટીકા. નિમિત્તમાત્રભાવ છે. જુઓ! '**निमित्तमात्रत्वेदनोदयिकादि भावकतृत्वमत्रोकतम्**' જુઓ! સંસ્કૃતમાં પહેલી લીટી છે.

**'અહીં, (ઔદયિકાદિ ભાવોનાં) નિમિત્તમાત્ર તરીકે દ્રવ્યકર્મોને ઔદયિકાદિ ભાવોનું કર્તાપણું કહ્યું છે...'** ઉપાદાનથી તો પોતાથી કર્તા થાય છે. નિમિત્તથી કર્તા છે એમ કહેવામાં આવે છે. ઔદયિકાદિ ભાવોના, ચારે ભાવ હો. સમકિત, ક્ષાયિક સમકિત, ઉપશમ ભાવ, વિકાર ભાવ તેમાં નિમિત્તમાત્ર તરીકે દ્રવ્યકર્મોને ઔદયિકાદિ અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી કર્તા કહેવામાં આવ્યો છે. કેમ કે કર્મ નજીક છે, એકક્ષેત્રાવગાહ અનુપચરિત અસદ્‌ભૂત છે. તેમાં છે નહીં. અનુપચારિક જૂઠી વ્યવહારનયથી કર્તા કહેવામાં આવ્યો છે. એમ છે. સમજાણું કાંઈ?

તો કહે કર્યા કેમ? કે નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે. નિમિત્ત ચીજ છે. અસદ્‌ભૂત વ્યવહારનયે. હેં?

મુમુક્ષુ :- નિમિત્તનું જ્ઞાન કરાવે એમ લખ્યું કેમ?

ઉત્તર :- એ આવ્યું છે, વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. એમાં આવ્યું છે. આહાહા! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પણ ચોખ્ખું લખી દીધું હોત તો?

ઉત્તર :- પણ ચોખ્ખું જ લખ્યું છે ને. આંખથી સૂઝે નહીં તો શું કરે? આંખમાં શું કહેવાય એ? મોતિયો હોય, હેં? કમળો હોય. આ ઓલી વેલ હોય. હવે આંખથી સૂઝે નહીં તો શું કરે? ચોખ્ખું લખ્યું છે જુઓ આમાં. આ આંકડો આ છે. આહાહા! ભારે અમારે આ ચર્ચા બહુ ચાલતી. દામનગર-દામોદર શેઠ હતા ને. ગૃહસ્થ માણસ. પૈસાવાળા ઘણા ને. એ વખતે પૈસાવાળા કોઈ નહોતા. તેની પાસે પૈસા હતા. દસ લાખ રૂપિયા ચાલીસ હજારની ઉપજ. મોટી આબરૂ. પચાસ-સાંઈઠ વર્ષ. એક જ વાત કર્મ પ્રમાણે થાય છે. કીધું કર્મ પ્રમાણે જરાક પણ થતું નથી. તો એમ રાખો મહારાજ કે, એકાવન દોકડા પુરુષાર્થના રાખો, ઓગણપચાસ દોકડા કર્મના રાખો. એમ કહેતા હતા.

તો તમારા પંડિત પણ અહીં એકની સાલમાં આવ્યા હતા. ઈંદોરના પંડિત. તો કહે પચાસ પચાસ ટકા રાખો. પચાસ ટકા કર્મના અને પચાસ ટકા પોતાના પુરુષાર્થના, ઉપાદાનના. તો વળી એક બીજો પંડિત કહે કે આ રહેવા દયો. હા પાડવી. આ મારી નાખ્યા તમારે. પચાસ પચાસ દોકડા કેવા? પર થોડું એક કામ કરાવે, બીજો થોડું કામ કરે. તો બે મળીને કામ થાય છે? બે ચીજ કયારેય એક હોતી નથી. તો બે કયાંથી કરે?

**ટીકા- 'અહીં, (ઔદયિકાદિ ભાવોનાં) નિમિત્તમાત્ર તરીકે...'** નિમિત્તમાત્ર તે ચાર (ભાવ)માં હો. પારિણામિક ભાવની અહીં વાત નથી. **'દ્રવ્ય કર્મોને ઔદયિકાદિ ભાવોનું કર્તાપણું કહ્યું છે...'** પાઠમાં ચાર નામ છે ને. પાઠમાં શબ્દ પણ ચાર છે.

**'(એક રીતે વ્યાખ્યા કરતાં-)...'** બે રીતે કરશે. **'કર્મ વિના જીવને ઉદય-ઉપશમ તેમ જ ક્ષય-ક્ષયોપશમ હોતા નથી...'** હેં?

મુમુક્ષુ :- ચોખ્ખું છે.

ઉત્તર :- ચોખ્ખું છે ને પણ કઈ નયે? પહેલી વાત કહી ગયા તે જૂઠી પાડીને આ કહે છે.

અસદ્ભૂત અનઉપચાર વ્યવહારનયે, છે જયસેનઆચાર્યમાં. આ તો જયસેનઆચાર્યની ટીકામાં આ શબ્દ જ છે. આ સમજયા ને? છે? જોયું હતું. પાછું વળી કીધું જૂઠી નયે શબ્દ આવે છે ને કીધું એમાં. જયસેનઆચાર્યમાં. કેટલામી થઈ આ? અઠાવન જુઓ અઠાવન. (સંસ્કૃત લખવું) **जीवस्य उत्पादिकभाव तत्वस्य अनुपचरित असदभूत** વ્યવહાર દ્રવ્યકર્મથી- જયસેનઆચાર્યમાં છે. પરનું કહેવું એ તો જૂઠી નયે છે. અસદ્ભૂત છે. પોતાની પર્યાયમાં છે નહીં તે પર કરે, એ તો અસદ્ભૂત વ્યવહારનયનું કથન છે. પણ નયનો અર્થ સમજે નહીં ને, શું કરે ઝઘડા ઝઘડા. આ લખ્યું, એમ કહે. પણ કઈ નયથી લખ્યું છે, એમ કહે છે. નજીકમાં છે, અનુપચરિત. ક્ષેત્રાવગાહે છે ને. પોતાની પર્યાયમાં છે નહીં, અસદ્ભૂત વ્યવહાર નિમિત્ત. અસદ્ભૂત અનુપચરિત વ્યવહારથી કર્તા કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

ભારે ઝઘડા! કર્મનો ઝઘડો તો જૈનમાં એટલો ચાલે છે! ત્રણેય સંપ્રદાયમાં. એકાંત છે એકાંત છે. તમે કર્મથી નથી માનતા એકાંત છે. કથંચિત કર્મથી થાય છે, કથંચિત પોતાથી થાય છે તો સ્યાદ્વાદ થાય છે. કહો, સમજાણું કાંઈ? એમ છે નહીં. કર્મથી કહેવું તે અસદ્ભૂત વ્યવહારનયના નિમિત્તનું જ્ઞાન કરાવવાનું કથન છે. થાય છે તે તો પહેલાં સતાવનમાં ખુલાસો કરી દીધો. પોતામાં જેટલા પ્રમાણમાં પોતાનો સ્વભાવ ભૂલે, ચૂકે એટલા પ્રમાણમાં વિકાર પોતાથી થાય છે. જેટલા પ્રમાણમાં સ્વભાવનો આશ્રય લ્યે તે પ્રમાણમાં ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ધર્મની વીતરાગી પર્યાય પોતાથી પોતામાં થાય છે. કહો, સમજાય છે કાંઈ?

**'કર્મ વિના...'** એ અસદ્‌ભૂત વ્યવહારનયનું વચન. **'જીવને ઉદય-ઉપશમ તેમ જ ક્ષય-ક્ષયોપશમ હોતા નથી (અર્થાત્ દ્રવ્યકર્મ વિના જીવને ઔદયિકાદિ ચાર ભાવો હોતા નથી); તેથી ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક કે ઔપશમિક ભાવ કર્મકૃત સંમત કરવો...'** ઠીક. એ શેઠી! આજ્ઞા આપી એટલે કર્મ નિમિત્ત માનવું. નિમિત્ત છે એમ જાણવું. એમ કહે છે. આહા! જુઓ! પાછા હજી તો ખુલાસો કરશે હો ઊઠાડી દેશે. પહેલાં લખી નાખ્યું ને સતાવનમાં.

સતાવનમાં જણાવ્યું કે તારી પર્યાયનો તું કર્તા છો. પરની કોણ? એ અઠાવનમાં જણાવશે. પછી નિમિત્તને ઉડાવી દીધું. એમ હોય? નિમિત્તનું જ્ઞાન, નિમિત્ત બીજી ચીજ છે કે નહીં. બીજી ચીજ છે તેની હયાતિ મોજુદગીનું જ્ઞાન કરાવે છે. સમજાય છે કાંઈ? પરથી થાતું નથી પણ બીજી ચીજ છે કે નહીં? તેનું જ્ઞાન કરાવે છે.

**'પારિણામિક ભાવ તો અનાદિ-અનંત...'** આહાહા! જુઓ! ભગવાનઆત્મા ચાર પર્યાયથી પાર. ચાર પર્યાય વિકારી-ઉદયભાવ. હેં! કેટલા બોલ છે ઉદયના એકવીસ. ક્ષયોપશમના અઢાર, ક્ષાયિકના નવ. ઉપશમના બે. એ તો સમકિત ને ચારિત્ર બે. બધી પર્યાય, પર્યાય વર્તમાન વ્યવહારનય, પર્યાય કહો કે વ્યવહારનય કહો. પર્યાયનય કહો કે વ્યવહારનય કહો. તેની પર્યાયનું અસ્તિત્વ એક સમયનું છે. સમજાણું કાંઈ? વ્યવહારનયથી- પર્યાયનયથી તેમાં છે.

નિશ્ચય પારિણામિક ભાવ ત્રિકાળ દ્રવ્યાર્થિક દૃષ્ટિથી તેમાં તે ચાર પર્યાય છે જ નહીં. સમજાય છે કાંઈ? પણ બેય કઈ રીતે છે? પર્યાયમાં છે, દ્રવ્યમાં નહીં. બેય કહેવું છે ને, બેય વસ્તુ છે કે નહીં? સમજાય છે કાંઈ? આવું પણ કોણ નક્કી કરે? વાતું કરે, મહેનત કરે. પૂજા ભક્તિ કરવી ને શાસ્ત્રની ભક્તિ કરવી. ચાલો, પૈસા આપી દેવા જાવ. પાંચ હજાર હોય તો સાગર જાતાં જાતાં અગિયાર હજાર કરી દેવા. ચલો ભાઈ અગિયાર હજાર. એય શેઠ! તેરની સાલમાં થયું હતું ને. છે ને. સમ્મેદશિખર. ભાઈ હતા ને તમે? પહેલાં કાંઈક ત્રણ હજાર કહ્યા હતા. વિદ્યાલય હતું કે કાંઈક હતું. ત્રણ હજાર પછી કહે કે ભાઈ અગિયાર હજાર થશે. સાગર જાતાં જાતાં અગિયાર હજાર કરી દેવા. ઠીક ભાઈ ચાલો. એમાં ખબર પણ કાંઈ પડે, દીધું, લીધું. શું દીધું, લીધું? એ તો વિકલ્પ છે. દેવા-લેવાની ક્રિયા એ તો પરની છે. પોતાથી થતી નથી અને પોતાથી થતી નથી. પોતામાંથી તો થતી નથી પણ પોતામાં પણ થતી નથી. આહાહા! ભારે વસ્તુ!

સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા સિવાય કયાંય આ વસ્તુનું શરણ નથી. સર્વજ્ઞ વીતરાગ પોતાનો સ્વભાવ. આ એ કહે છે. જુઓ! પારિણામિક ભાવ તેમાં કોઈ નિમિત્તની હયાતિ કે નિમિત્તનો અભાવ એવી અપેક્ષા નથી એવો ભગવાનઆત્માનો અનાદિ-અનંત સ્વભાવ છે. છે છે છે છે. ખંડ ખંડ નહીં. પર્યાય તો ખંડ ખંડ છે. સમજાય છે કાંઈ? ક્ષાયિક ભાવ પણ સાદિ અનંત ખંડ થયો ને. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ચોખ્ખું કહે છે નિમિત્ત વિના થતું નથી.

ઉત્તર :- હા, નિમિત્ત વિના થતું નથી. નિમિત્ત છે. નિમિત્તને તો પહેલાં સિધ્ધ કરે છે. ઉપાદાનથી થયું તો પહેલાં સિધ્ધ કર્યું. તારો ભાવ તારા ઉપાદાન પુરુષાર્થથી ઉલટા-સુલટા તારા વડે, તારામાં કર્તા થઈને પરિણમન થાય છે. હવે તો વાત સિધ્ધ કરી દીધી. હવે નિમિત્તનું જ્ઞાન કરાવી દીધું. બીજી ચીજ છે કે નહીં? એનો અર્થ બીજી ચીજ છે. એય શાંતિભાઈ! શું કરવું આમાં? ઝઘડા. કરવું કહે છે ને.

પારિણામિક ભાવ ભગવાનઆત્મા જ્યાં દૃષ્ટિ કરવાની છે તે ચીજમાં તો કોઈ નિમિત્તનો સદ્‌ભાવ કે નિમિત્તનો અભાવ છે નહીં. એ તો ભગવાન પૂર્ણાનંદમ ભાવ. ઓહો! એકરૂપ ધ્રુવસ્વરૂપ. એ તો પર્યાયમાં નિમિત્તનો સંબંધ કહેવામાં આવ્યો છે. દ્રવ્યમાં કોઈ નિમિત્તનો સંબંધ છે જ નહીં એમ અહીંયા તો કહે છે. સમજાણું કાંઈ? નિમિત્તનો સંબંધ પણ પર્યાયની સાથે છે.

રાગ વિકાર કરે તો નિમિત્ત કહેવામાં આવે છે. વિકારનો અભાવ કરે તો નિમિત્તનો પણ અભાવ થયો એમ નિમિત્ત-નિમિત્ત સંબંધ પર્યાય સાથે છે, વ્યવહાર. ઓલો કહે નહીં એ નિમિત્ત-નિમિત્ત સંબંધ વ્યવહાર ન કહેવાય નિશ્ચય કહેવાય. એય, એક લેખ લખે છે. લખે છે ને. મોટો લેખ લખ્યા જ કરે છે. અરે! શું કરે? સમય સમયની પર્યાય એક સમયની. વિકાર હો કે અવિકાર હો. ખરેખર તો સત્ અહેતુક છે. નિશ્ચયથી તો અહેતુક છે. પર તો હેતુ નહીં, પણ દ્રવ્ય-ગુણ પણ હેતુ નહીં. એવી ચીજ છે. એક સમયનો વિકાર હો કે એક સમયની ધર્મની સ્વઆશ્રિત પર્યાય હો. પરમભાવ નિશ્ચયથી જુઓ તો તે ભાવમાં કોઈ હેતુ જ નથી. પરનો હેતુ તો નહીં પણ સ્વદ્રવ્ય-ગુણનો પણ હેતુ નહીં. એવી પર્યાયની સ્વતંત્રતાનો ભગવાનનો અહીંયા તો ઢંઢેરો છે. સમજાય છે કાંઈ?

**'પારિણામિક ભાવ તો...'** ત્રિકાળ સ્વભાવ તો, જેમાં નિમિત્ત-નિમિત્ત સંબંધ છે નહીં એવો ભગવાનઆત્માનો ભાવ તો **'અનાદિ-અનંત છે...'** એ તો અખંડ છે ખંડ નહીં. ક્ષાયિક ભાવ તો ખંડ થયો સાદિ અનંત. ઉદય, ઉપશમ, ક્ષયોપશમને સાદિ સાંત કહ્યો છે. આમ તો અનાદિનો ઉદય હતો પણ ઉદયની પર્યાય ભિન્ન ભિન્ન સમયે સમયે થાય છે તે કારણે સાદિ સાંત કહ્યો. ઉપશમ, ક્ષયોપશમને પણ સાદિ સાંત કહ્યો. એક સમયની જ પર્યાય ગણીને ભિન્ન ભિન્ન થાય છે માટે સાદિ સાંત કહ્યો. ક્ષાયિક સાદિ અનંત, પણ થાય છે તો એક સમયની પર્યાયને. સાદિ અનંત એક સમયમાં ક્યાં થાય છે? સમજાણું કાંઈ? તે પર્યાયમાં કર્મના નિમિત્તનો અભાવ એટલું કહેવામાં આવે છે. વસ્તુમાં કોઈ નિમિત્ત-નિમિત્ત સંબંધ છે જ નહીં. સમજાણું કાંઈ? આહાહા!

ત્યાં નજર કરને હવે. આંહી કહે છે. પર્યાયમાં ભલે તારાથી થાય નિમિત્ત ભલે હો. એ બધો વ્યવહાર છે. પર્યાય પોતે વ્યવહાર છે. નિમિત્ત-નિમિત્ત સંબંધ તો વળી વ્યવહારનો.... લે વળી ઓલો કહે વ્યવહાર નહીં. એય પંડિતજી! મોટો લેખ લખે છે. મોતીલાલજી! શું આવે છે? નિશ્ચય એટલે

નિમિત્ત-નિમિત્ત સંબંધ છે હયાત ધરાવે છે એમ. પણ નિમિત્ત-નિમિત્ત બે થયું એટલે વ્યવહાર થઈ ગયો. ખલાસ થઈ ગઈ વાત! અહીં તો એક સમયની પર્યાયને વ્યવહાર કહ્યો છે પછી પરનો પ્રશ્ન શું? ઉત્પાદ-વ્યય જો દ્રવ્યમાં થાય છે સિધ્ધની પર્યાય, ઉત્પાદ-વ્યય વ્યવહાર. વ્યવહાર નામ ભેદ થઈ ગયો. ત્રિકાળ દ્રવ્યમાં એક અંશ ભેદ થઈ ગયો. અંશ પર્યાયનયનો વિષય થયો વ્યવહારનયનો વિષય. ખરેખર તો અભૂતાર્થ છે. પોતાના દ્રવ્યના ભૂતાર્થપણાની અપેક્ષાએ એક સમયની પર્યાય કેવળજ્ઞાન પણ સદ્ભૂત વ્યવહારનો વિષય સ્વભાવની અપેક્ષાએ અભૂતાર્થ. ભારે કથન જગતના. સમજાણું કાંઈ?

સમજવું પડશે ભાઈ જૈનશાસન છે આ તો. વીતરાગ માર્ગ એવો ગંભીર છે. પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેને સો સો ઈન્દ્રો, અર્ધલોકના સ્વામી સુધર્મ ને ઈશાન ઈન્દ્ર જેમ એની મા પાસે આમ ગલુડીયા, તમારે ગલુડીયાને શું કહે છે? શું કહે છે? પીલ્લા. દૂધ પીએ છે ને જેમ. એમ ભગવાનની વાણી અર્ધલોકના સ્વામી સમવસરણમાં બેઠા હોય. એવા વિનય, નરમાશ. એવા ભગવાન સો ઈન્દ્રોના પૂજ્ય પ્રભુ. એના સમવસરણમાં સિંહ, વાઘ, રીંછ, વરૂ, સર્પ, મોટા નાગ વ્યાખ્યાનમાં આવે. આહાહા! સમજાય છે કાંઈ? બધો સમુદાય સમવસરણમાં આવે. આહા! કાળા નાગ ઝેરીલા હોય એ પણ કેટલાક ત્યાં આવે. વાંદરુ ભોળું વાંદરુ હોય ને જેમ. ભોળું બાળક હોય ને ભોળું બાળક બહુ, આમ એની માં સામું કર્યા કરે. એમ આ ભદ્રીક જીવો ધર્માત્માની વાણી સાંભળવા આવે. બાપુ! ત્યાં અમૃતના સાગર ઉછળે છે. સમજાય છે કાંઈ?

એના લેનારા પણ વહવાયા પણ એવા હોય. વહવાયા સમજો છો ને? નહીં. આ ખેડુત હોય છે ને ખેડુત. તેના કામ કરનારા હોય છે ને લુહાર, સુતાર એ બધા વહવાયા કહેવાય. એ તો બાર મહિને ખુબ અનાજ પાકે તો ખુબ આપે. બે કળશી અનાજ પાકે એમાં કાંઈ પાંચ મણ આપે કાંઈ એને? હેં? જેને ઘરે અઢળક અનાજ. ઢગલા અનાજ. તેના કામ કરવાવાળાને પણ ઢગલા લઈ જાવ. ઉપાડો બાજરો જોઈતો હોય તો લઈ જાવ. તલ જોઈતા હોય તો પણ લઈ જાવ. આહાહા!

ભગવાનની વાણી સાંભળનારા એના વહવાયા એવા કે અલૌકિક વાત લઈ જાય. એવા ભગવાનની વાણીમાં એમ આવ્યું છે લ્યો. જુઓ! ભગવાન તારા દ્રવ્યસ્વભાવમાં પરનો તો કાંઈ સંબંધ છે નહીં. સમજાણું કાંઈ? એ સંબંધ નથી એવી ચીજ ઉપર દૃષ્ટિ આપ ને. તારા કલ્યાણના પંથનો રાગ તેમાંથી પ્રગટ થશે. સમજાણું કાંઈ?

જુઓને મહાવીર ભગવાનનો જીવ દસમે ભવે સિંહ. હરણને મારતો હતો. ઉપરથી મુનિ ઉતરે છે. ભાવલિંગી સંત. આમ સામે (મુનિને આવતા જુએ છે અને વિચારે છે) અરે! આ શું? અમે સિંહ સામે આવતાં પ્રાણી પણ દૂર ભાગે આ ઉપર ચાલતાં નીચે ઉતરે છે. અમારી સામે બેય આવ્યા! ભારે કરી! સમજ્યા? સિંહ હરણને ફાડીને ખાતો હતો. અરે સિંહ! દસમે ભવે તું ત્રણલોકના નાથ મહાવીર તીર્થંકર

થવાનો છે. આહાહા! આમ સાંભળે છે હો. જુઓને વાણી! આહાહા! ત્રણલોકનો નાથ જેની દિવ્ય ધ્વનિ છૂટશે. તેને આ મુનિ સંભળાવે છે. હેં? આહાહા! ... હરણ રહી ગયું છે. આમ ,થાપો મારેલું. આહાહા! ત્રણલોકના નાથ તીર્થંકરદેવ સાક્ષાત દસમે ભવે તું. આ? આ શું કરે છે? વાતને ગુલાંટ ખાઈ ગઈ. સમજાય છે કાંઈ?

પોતાનો દ્રવ્ય સ્વભાવને પકડી લીધો. વાણીનો વિકલ્પ અને વાણીનો નિમિત્ત-નિમિત્ત સંબંધ છોડી દીધો. આહાહા! ચૈતન્ય પારિણામિક ભાવ સમતાનો સાગર વીતરાગ સ્વભાવ ત્રિકાળી પારિણામિક ભાવ દૃષ્ટિ લગાવી. આહા! કયાં હરણને મારવાની ક્રુરતા અને કયાં વીતરાગ ભાવની દૃષ્ટિ! હેં? એ તો સ્વતંત્ર આત્મા છે. પર્યાયનો કર્તા સ્વતંત્ર તેને કોઈ રોકી શકે નહીં.

કહો, આહાહા! આંખમાંથી આંસુ ચાલ્યા જાય છે હો, સિંહ. આપણા હરીભાઈએ બહુ સારું મુકયું છે. સિંહ આમ નહીં પણ આમ મુકયો છે. બે પગ નીચે અને બે પગ આમ. એ તો શરીરની ક્રિયા છે. આત્મા અંદર ગુલાંટ ખાય છે. આહાહા! પરમ સ્વભાવ તારો છે. એમાં આ વાણીનો સંબંધ તું સમજે નહીં એવી ચીજ છે. આહાહા! શેઠી! આહાહા! એવો પરમપારિણામિક ભાવ તારી પાસે અનાદિ-અનંત છે ભગવાન! તારું સ્વરૂપ જ એવું છે. આહાહા! અને નિરુપાધિ છે. ઉપાધિ રહિત છે, સોપાધિક ન હોય એવો.

જીવનો પારિણામિક ભાવ સર્વ પર ભાવોથી નિરપેક્ષ છે. અહીં તો દ્રવ્ય નિરપેક્ષ લ્યે છે. આગળ જતાં પર્યાય નિરપેક્ષ લેશે. વિકારની પર્યાય પણ નિરપેક્ષ વ્યવહારની અપેક્ષા વિના તારાથી થાય છે. ભગવાન તો નિરપેક્ષ વસ્તુ છે તેને પર્યાયની અપેક્ષા પણ નથી. સમજાય છે કાંઈ?

**'નિરુપાધિ, સ્વાભાવિક જ છે...'** આત્મા સ્વાભાવિક ભાવ છે. ભગવાન! તેને કોઈ પર્યાયની સાથે નિમિત્ત સંબંધ છે તે દ્રવ્યનો સંબંધ જ નહીં. જુઓ! સમજાય છે કાંઈ? **'(ઔદયિક અને ક્ષાયોપશમિક ભાવો કર્મ વિના હોતા નથી અને તેથી કર્મકૃત કહી શકાય-એ વાત તો સ્પષ્ટ સમજાય એવી છે.)...'** કહે છે. ખુલાસો કરે છે કૌંસમાં ખુલાસો હો. ઉદય અને ક્ષયોપશમ, કેમ કે કર્મનું નિમિત્ત છે અને વિકાર પોતાથી થાય છે. ક્ષયોપશમમાં થોડું કર્મનું નિમિત્ત છે થોડું ક્ષયોપશમમાં. તો બેમાં તો ઠીક. પણ ક્ષાયિક ભાવ! ભગવાનઆત્મા અંતરમાંથી પારિણામિક ભાવ ઉછળે છે, પ્રગટ થાય છે. એક ન્યાયે પર્યાય પર્યાયથી થાય છે. આરે! ગજબ વાત છે ને! એ દ્રવ્ય પણ પર્યાયનો કર્તા નથી. ભાઈ! આહાહા! આંહી તો કર્તા સિધ્ધ કરવો છે હો. પર કર્તા નથી અને પરથી થતું નથી. અહીં એટલું જ સિધ્ધ કરીને વાત કરવી છે. પરમ સૂક્ષ્મથી વાત કરે તો દ્રવ્ય ક્ષાયિક પર્યાયનો પણ કર્તા નથી. આહાહા! સમજાય છે કાંઈ?

એવો ભગવાનનો સ્વભાવભાવ જેમાં એકલો અતીન્દ્રિય આનંદનો ડુંગર પડયો છે, ધ્રુવ. અતીન્દ્રિય આનંદ ઠસોઠસ ધ્રુવરૂપે પડયો છે. તેને તો કોઈ પરની સાથે નિમિત્ત-નિમિત્ત સંબંધ છે નહીં. સમજાય છે કાંઈ? અરે! પોતાની નિધિની કયારેય સંભાળ કરી નહીં. સમજાય છે કાંઈ? રાગ-દ્વેષની સંભાળ કરી,

પરની સંભાળ (કરું છું એમ) તો માન્યું છે. કરી શકતો તો નથી. આહાહા! આઠ આઠ વર્ષના બાળકો જયારે વૈરાગ્ય પામે ત્યારે જંગલમાં ચાલ્યા જાય છે હો. હેં, એ કેવો દેખાવ હશે! આહાહા! અંતર આનંદની છોળ ઊઠી હોય છે. આંનદ આનંદ આનંદ આનંદ આનંદ અતીન્દ્રિય આનંદથી ભરેલો પ્રભુ લબાલબ ભર્યો છે. એવી અંતર અનુભવ દૃષ્ટિ થઈ, આનંદ જ છલકાય છે. ચાલ્યા જાય! જંગલમાં ચાલ્યા જાય છે. લ્યો! આઠ વર્ષના બાળક, આટલી નાની મોરપીંછી, નાનું કમંડળ, શરીર નાનું. આહાહા! ધન્ય અવતાર કર્યા ને! હેં? એ ઓલા પરમપારિણામિક ભાવને ચોંટયા છે. એ આડે એને કયાંય બીજે શાંતિ લાગતી નથી. સમજાય છે કાંઈ?

ભગવાન મહાપ્રભુ! નિરુપાધિ સ્વાભાવિક ભાવ ત્રિકાળ છે. તેમાં કોઈ નિમિત્તની અપેક્ષા છે જ નહીં. ચાર ભાવથી પર્યાયમાં કર્તા તો તે સમયની પર્યાયનો આત્મા સ્વતંત્ર છે. પણ નિમિત્તપણું ચારમાં કહેવામાં આવ્યું છે. તો કહે છે કે **'ક્ષાયિક ભાવ જો કે સ્વભાવની વ્યક્તિરૂપ (-પ્રગટતારૂપ) હોવાથી...'** જો કે ક્ષાયિક ભાવ જે છે તે સ્વભાવ જે ભગવાન હતો, તેમાંથી શકિતમાંથી વ્યકિત થઈ છે. તેમાં કોઈ પરની અપેક્ષા નથી. જુઓ! **'સ્વભાવની વ્યકિતરૂપ (-પ્રગટતારૂપ) હોવાથી અનંત (-અંત વિનાનો) છે...'** અનંત એટલે? કોઈ કાળે, તેનો નાશ કયારેય થતો નથી. ક્ષાયિક સમકિત લઈને ગયા છે. લ્યો! શ્રેણિક રાજા. એની એ ક્ષાયિક સમકિતની પર્યાય લઈને સિધ્ધમાં જાશે. તેમાં કોઈ ફેરફાર નથી. આહાહા! સમજાય છે કાંઈ?

આત્માના અંતર આનંદના અનુભવમાંથી આનંદનું વેદન કરે છે. ક્ષાયિક સમકિત નિરંતર ધારાવાહી. કહે છે એ તો ક્ષાયિક અંતર સ્વભાવની પ્રગટતા છે. તેમાં વળી કર્મના નિમિત્તની અપેક્ષા કેમ લગાવી? એમ કહે છે. સમજાય છે કાંઈ? **'તોપણ, કર્મના ક્ષય વડે ઉત્પન્ન થતો હોવાને લીધે સાદિ છે...'** નિમિત્તનો અભાવ છે અને પુરુષાર્થની જાગૃતિના સમયની સાદિ છે. સમજાય છે કાંઈ?

**'તેથી કર્મકૃત જ કહેવામાં આવ્યો છે. ઔપશમિક ભાવ કર્મના ઉપશમે ઉત્પન્ન થતો હોવાથી અને અનુપશમે નષ્ટ થતો હોવાથી...'** નિમિત્ત-નિમિત્ત હો. **'કર્મકૃત જ છે. (આમ ઔદયિકાદિ ચાર ભાવો કર્મકૃત સંમત કરવા.)...'** એ વાત નિમિત્તની અપેક્ષાથી લક્ષમાં લેવી. બસ આટલી વાત છે. નાખવું હોય તો આમાં નાખે. પણ પહેલું કહે છે એ શું? હેં? બીજું તો નિમિત્તનું જ્ઞાન કરાવે છે. એવી ચીજ છે.

બાદશાહ ત્રણલોકનો નાથ! આહાહા! એ જે બાજુ ડોલે એ બાજુ જાય. રાગ તરફ ડોલે તો ત્યાં જાય અને સ્વભાવમાં ડોલે તો, જાય તો પરિણતિ શુધ્ધ થાય. એમાં નિશ્ચયથી તો પરની અપેક્ષા છે નહીં. વ્યવહારની વાત કરે છે, ચારમાં વ્યવહારનું નિમિત્ત છે. ભલે કેવળજ્ઞાનમાં શકિતની વ્યકતતા હો. નવ લબ્ધિ, ક્ષાયિક ભાવ છે ને નવ લબ્ધિ. દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય પાંચ, કેવળજ્ઞાન,

કેવળદર્શન, ક્ષાયિક સમકિત અને સુખ, સુખ નથી ત્યાં. વીર્ય. સુખ તો સમકિતદર્શનમાં ગયું. આમાં જ્ઞાન, દર્શન, ક્ષાયિક સમકિત ને અનંતવીર્ય. ચાર ને, પાંચ દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય. એ નવની પ્રાપ્તિ. તો કહે છે કે શક્તિમાં હતી તો વ્યકતતા થઇ. પણ તેમાં કર્મનું નિમિત્ત કહેવામાં આવ્યું. છે ને વસ્તુ છે ને. તે પર્યાયનો અભાવ તેને કારણે થાય છે, અને અહીંયા આત્મામાં પોતાના પુરુષાર્થથી ક્ષાયિક થાય છે. એટલો સંબંધ કહીને ચાર ભાવને કર્મકૃત કહેવામાં આવ્યા છે.

આરે! એક ગાથામાં ના તો બીજી ગાથામાં હા. આ સ્યાદ્વાદના કથન છે. સ્યાદ્વાદના કથન એવા નથી કે પહેલાં કહ્યું હતું તારાથી થાય છે અને બીજી વાર કહે નિમિત્તથી થાય છે, નિમિત્તથી કાર્ય છે એમ છે નહીં. કાર્ય તો તારાથી થયું છે. પણ નિમિત્તનો આરોપ આપીને, વળી આરોપનો વાંધો. ભાઇ! આહાહા! ભારે ભાઇ! નિમિત્તની વ્યાખ્યા આરોપિત કરવામાં આવે છે, નિમિત્તમાં એ કયાંથી આવ્યું? અરે ભગવાન! અણઆરોપિત ભાવ તેમાં નિમિત્ત થયું તે આરોપિત ભાવ છે. એમાં શું? શબ્દના ઝઘડા! આ પાટણીજી લાવ્યા છે ને ત્યાંથી જયપુરથી. તમે લાવ્યા ને કોણ લાવ્યું? એ જ લાવ્યા છે. લ્યો! એય! લાડુલાલજી! આરોપ કહ્યું ને તમે નહોતા? અનુકૂળ ને આરોપ આપવો જોઇએ આરોપ અપાય છે માટે. આરોપ આપવો જોઇએ આરોપ કયાં છે? ત્યારે હતા કે નહીં તમે? સમજાણું કાંઇ?

આ તો નિમિત્તથી છે આરોપનું. વાસ્તવિક કારણ પોતાનું છે અનારોપિત છે. નિમિત્ત કારણ તો વાસ્તવિક કારણ નથી. બે કારણનું નિમિત્તથી કથન છે. સમજાય છે કાંઇ? શું થયું? એ નિમિત્તને વશ પડે છે એમ શાસ્ત્ર છે. શાસ્ત્રમાં એમ છે. નિમિત્ત કરાવતું નથી પણ નિમિત્તને વશ પડે છે એથી તેને નિમિત્ત કહેવામાં આવે છે. વશ આવે છે ને. ભારે ભાઇ ઝઘડા! અરેરે! તારી સ્વતંત્રતા તને ન બેસે! અને પરતંત્રતા કહે ત્યારે તેને ઠીક લાગે. માળા ભારે આ! તને મારી નાખ્યા કર્મે, હા એ ઠીક. પણ તું ઊંધો પડયો માટે મરી ગયો. ના. એ નહીં, એ નહીં. અમારે બહુ ચાલતું આવું. લ્યો, આવી વાત કયાંથી કાઢી? અમારા ગુરુએ આપી નથી. શાસ્ત્રમાં એમ છે નહીં. આ તો ઉડતી પડાઇની જેમ છે, શું કહેવાય? પતંગ પતંગ ઉડતી પતંગ છે એમ મહારાજ કરે છે. પણ ઉડતી પતંગ કયાં જાશે? એમ કહેતા હતા. શેઠ હતા બુદ્ધિવાળા લૌકિકમાં હો. આ બધા સાધારણ છે. એ તો ગૃહસ્થ માણસને પહેલેથી આખો દિ’ વાંચન ઘણું, ઘણું વાંચન! મોટા મોટા શેઠીયા મળવા આવે, મોટા એના શું કહેવાય અમરેલીના. હેં? સુબો. હા, હા, સુબો. અમરેલીનો સુબો એને ત્યાં મળવા આવે, ગૃહસ્થ માણસને. અને રાજ તરફથી ઘણું એને માન હતું. અમારી સાથે કરે તોફાન. બહુ બોલે નહીં હો મારી સામે તો સીધું બોલે નહીં. ખાનગી કહે. આ મહારાજની પતંગ ઊડે છે જાય ત્યાં ખરી. કર્મથી તો માનતા નથી કાંઇ. શેઠ! શેઠી!

કર્મને નથી માનતા એમ કોણે કહ્યું? કર્મ છે પણ કર્મથી પોતાનામાં કાંઇ થતું નથી. નથી થાતું તેથી તો તેને નિમિત્ત કહેવામાં આવે છે. તેનાથી થાય તો તે ઉપાદાન થઇ ગયું. તે ઉપાદાન નિમિત્તના ઝઘડા.

લ્યો અત્યારે તમારે તો ત્યાં તે જ ચાલે છે ને.

**'આમ ઔદયિકાદિ ચાર ભાવો કર્મકૃત સંમત કરવા. અથવા બીજી રીતે વ્યાખ્યા કરતાં...'** હવે આ ઠીક. એ તો ચાર અવસ્થા કર્મની છે. એમ કહે છે ભાઈ. કેમ પરમપારિણામિક ભાવ પોતાનો છે ને શુદ્ધ. એ અપેક્ષાએ નિમિત્તની ચાર અવસ્થા છે. એમ કહે છે. ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ તો નિમિત્તની જ અવસ્થા છે. એય! શુદ્ધ ઉપાદાન ભગવાનઆત્માની અવસ્થા નથી, એ અપેક્ષાએ વાત કરે છે. આહાહા! ભારે ભાઈ!

**'ઉદય, ઉપશમ, ક્ષય અને ક્ષયોપશમસ્વરૂપ ચાર (અવસ્થાઓ) દ્રવ્યકર્મની જ અવસ્થાઓ છે...'** કોની? આ આત્માની પર્યાય દ્રવ્યકર્મની અવસ્થા છે, એમ કહે છે. એય! તમારે ચર્ચા કરવી હોય તો ક્યાં આમાં? તમારામાંથી કાઢી. લાવો તમારામાંથી કાઢી દઉં કહે. **'પરિણામસ્વરૂપ એક અવસ્થાવાળા જીવની નહીં..'** એય! શું કીધું? પારિણામિક ભગવાનસ્વભાવની ક્ષાયિક અવસ્થા પોતાની નથી. રાડ નાખે. એ તો ત્રિકાળીમાં નથી. અને એક સમયની અવસ્થા નિમિત્તની અપેક્ષાએ છે. તેથી નિમિત્તથી છે એમ કહેવામાં આવે છે.

ભગવાનઆત્મા પરમસ્વભાવભાવ નિત્યાનંદપ્રભુ ધ્રુવસ્વભાવ તેની અવસ્થા નહીં. તેની અવસ્થાવાળા જીવની નહીં. આવ્યું કે નહીં? એય! હિંમતભાઈ! અમારા હિંમતભાઈને ત્યાં પાછા વાંધા ઊઠશે ત્યાં. કંઈક પ્રશ્ન સામે કરશે, જાશે એટલે. ઓલો કાગળ આવ્યો છે ને આવડો મોટો, કાંતિભાઈનો. એણે વાંચ્યો. ભાઈ વાંચો તમે તમારે ત્યાં જવાબદારી છે. પંડિત છે મુંબઈના. લ્યો આ નહીં. લ્યો આ નહીં આવ્યું. એય! મણીકાંતભાઈ સાથે ઝઘડા ઊઠયા છે. કાંતિલાલ હરીલાલ. મોટો કાગળ આવ્યો છે હો. મણીભાઈ! આવડો મોટો. જાડો કાગળ. જાડો છે. અને પોણા બે પેપર છે. પાછા પોણા બે પેપર ચોપડાના. જરીક આની કોર બે આના કાપી નાખ્યો છે. વાંચ્યો કે નહીં તમે આ? મણીભાઈને આપજો જરીક આ. વાંચે તો ખરા મણીકાંતભાઈ હમણાં. આમાં વાંચે તો સમજવામાં, ગમે તે હોય કઈ અપેક્ષાથી કહે છે.

અહીં તો કહે છે કે પારિણામિક ભગવાનઆત્મા પાછા પરિણામ સ્વરૂપ એક અવસ્થાવાળા. અવસ્થા એટલે પર્યાયની વાત નહીં. એકસ્વરૂપવાળા એમ. અવસ્થા અવ-નિશ્ચય સ્થ-એકરૂપધ્રુવ છે. તેની ચાર અવસ્થા નથી. જાદવલાલજી! કઈ અપેક્ષાથી કહે છે, સમજયા! એ વસ્તુ સ્વરૂપમાં સંબંધ નહીં ને, નિમિત્ત-નિમિત્ત સંબંધ તે ચીજ. તેમાં આ નિમિત્ત-નિમિત્ત સંબંધવાળી અવસ્થા તેમાં નથી. એમ કહેવું છે. સમજાણું કાંઈ? એકરૂપ ભગવાનઆત્મા પરમઅવસ્થાવાળા. અવસ્થા શબ્દે દ્રવ્ય. અવસ્થા એટલે પર્યાય નહીં. અવ-સ્થા, અવ-નિશ્ચય સ્થ. કાયમ નિશ્ચય રહેનારો એવો પારિણામિક ધ્રુવસ્વભાવ. સમજાણું કાંઈ?

જેને અપારિણામિક ભાવ કહે છે. પારિણામિક ભાવને અપારિણામિક કહે છે. તે પરિણમતો જ નથી. પરિણમે તે બીજો. હેં? રાડ નાખે. ભગવાન! બાપુ! તારા ઘરની વાત છે. ભાઈ! આહાહા! સમજાણું કાંઈ? **'ઉદય વગેરે અવસ્થા દ્રવ્યકર્મની જ છે. 'પરિણામ' જેનું સ્વરૂપ છે...'** પરિણામ એટલે વસ્તુ ત્રિકાળી. **'એવી એક અવસ્થાએ...'** એકરૂપ રહેનારો એમ. એકરૂપ રહેવાવાળા. પાછા ભાઈ કહેતા હતા ઉજમશીભાઈ. પારિણામિક ભાવની પર્યાય જુદી અને પારિણામિક ભાવ જુદો. આવું આવે ને. એ પારિણામિક અવસ્થા કોણ? અવસ્થા એટલે વસ્તુ ત્રિકાળી. આ શબ્દ આવ્યો ને પારિણામિક ભાવે પરિણમે છે. આ એની અવસ્થા છે. એકરૂપ અવસ્થા છે. અવસ્થાનો અર્થ દ્રવ્યરૂપ છે. એમ એનો અર્થ છે. અવસ્થા-ત્રિકાળ એકરૂપ રહેનારી વસ્તુ છે. એ ચીજની આ ચાર અવસ્થા નિમિત્ત-નિમિત્ત સંબંધવાળી એની નથી. એ બતાવીને નિમિત્તનું જ્ઞાન કરાવે છે. અને સ્વભાવમાં નિમિત્ત સંબંધ નથી એની દૃષ્ટિ કરાવવા માટે આ વાત કરી છે. વિશેષ કહેશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૫૭ - ગાથા :- ૫૮ થી ૬૦
## પોષ વદ-૧૩ મંગળવાર, તા. ૩/૨/૭૦

બાકી છે ને થોડું? અઠાવન. હેં? અઠાવન ગાથા. પંચાસ્તિકાય ષટ્દ્રવ્યનું વર્ણન. અહીંયા કહે છે કે, આત્મા પરમપારિણામિક સ્વભાવભાવરૂપ જે ત્રિકાળ છે, તેમાં જે કર્મના નિમિત્તથી અવસ્થા થાય છે તે અવસ્થા પર્યાયદૃષ્ટિથી તેની છે. વસ્તુદૃષ્ટિથી તેની નથી. એમ લેવાય અહીંયા.

ત્રિકાળ જ્ઞાયકભાવ પરમસ્વભાવભાવ એવા જીવની, એવો લીધો ને. ચૈતન્ય સ્વભાવભાવ જ્ઞાયકભાવ તેની ચાર કર્મના નિમિત્તથી અવસ્થા થાય છે તે પર્યાયદૃષ્ટિથી તેની છે. સમજાય છે કાંઈ? વસ્તુદૃષ્ટિથી તેની નથી. એમ લેવું.

મુમુક્ષુ :- પોતે પરિણમતો નથી.

ઉત્તર :- પરિણમતો પણ નથી. બસ એ જ કહે છે ને. પણ આંહી તો પરિણમે છે એમ લેવું છે. ધ્રુવ તો પરિણમતો નથી. એ અત્યારે નથી લેવું અહીંયા. આંહી તો હજી પર્યાય પરિણમે છે એમ લેવું છે. આંહી તદ્દન પરથી ભિન્ન બતાવવું છે. પણ પોતાની પર્યાયથી ભિન્ન છે એ તો આગળ જતાં કહેશે.

વસ્તુ છે ચૈતન્યમૂર્તિ તે કર્મથી તો ભિન્ન છે જ. અને તે રાગથી અને વિકલ્પથી પણ ભિન્ન છે. પણ પરમનિશ્ચયથી જુઓ તો તેની જે અવસ્થા છે પર્યાય એક સમયની, તેનાથી પણ દ્રવ્ય સર્વથા ભિન્ન

છે. તે વાત અહીંયા વિશેષ નથી કહેવી. સમજાણું કાંઈ? અહીંયા તો આત્મા ચૈતન્ય ભગવાન પૂર્ણસ્વરૂપ પરમસ્વાભાવિકભાવ તેની અવસ્થા, તે પાર્ટ ચાર છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક. તે પારિણામિકની અવસ્થા નથી. પર્યાયમાં તેની અવસ્થા છે. સમજાણું કાંઈ? બહુ ઝીણું છે.

આ કહે છે ને. દ્રવ્યના પારિણામિક સ્વભાવે નહીં માટે લીધું છે એમ. પારિણામિક સ્વભાવની નથી. **'પરિણામસ્વરૂપ એક અવસ્થાવાળા જીવની નહીં...'** ત્રિકાળસ્વભાવની એ અવસ્થા નહીં. પર્યાયથી તેની અવસ્થા છે. અને નિમિત્તરૂપ જે કર્મની અવસ્થા છે તે કર્મની અવસ્થા પોતાની પર્યાયથી નથી. દ્રવ્યથી તો નથી પણ પોતાની પર્યાય નિમિત્ત છે તો તેનાથી પણ કર્મની અવસ્થા નથી. તેમાં પર્યાય તો નિમિત્ત છે. નિમિત્ત-નિમિત્ત સંબંધ તેની સાથે છે ને. દ્રવ્યની સાથે નિમિત્ત-નિમિત્ત સંબંધ ક્યાં છે? એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

આંહી તો નિમિત્ત-નિમિત્ત સંબંધ સિદ્ધ કરવો છે. ચૈતન્ય જ્ઞાયક ભગવાન ધ્રુવ નિત્યાનંદપ્રભુ તેમાં જે વસ્તુ સ્વભાવ છે તો એક સમયની પર્યાયમાં તો તે વસ્તુ ચીજ તો આવતી નથી. પણ એક સમયની અવસ્થા છે તે કર્મના નિમિત્તથી ઉત્પન્ન થઈ તો કર્મકૃત તેને કહેવામાં આવે છે. અને અહીંયા કહે છે કે તે અવસ્થા તેની છે. પરમસ્વભાવભાવ તેવા આત્માની નહીં. અને તે કર્મની અવસ્થા કર્મમાં છે ચાર. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ કર્મમાં છે. આત્માની પર્યાય તેમાં નિમિત્ત છે- નિમિત્ત છે. નિમિત્ત તો છે ને. આ તો નિમિત્ત-નિમિત્ત સંબંધ સિદ્ધ કરવો છે. સમજાણું કાંઈ?

અથવા એટલા માટે, જુઓ! અહીં તો **'પારિણામિક ભાવરૂપે રહેલા જીવની ચાર અવસ્થાઓ નથી...'** નહીંતર તો એમ કહે કે ભાઈ ચાર અવસ્થા, એ વાત લીધી છે ને. જરી એમ લીધી છે મૂળ તો નહીંતર તો એમ કે પોતાની પર્યાય છે ચાર અને પારિણામિક ભાવ તેની તે નહીં. સમજાણું કાંઈ?

વસ્તુ જે ભગવાનઆત્મા ચૈતન્ય દ્રવ્યસ્વભાવ ધ્રુવ. તેની અવસ્થા કર્મની અવસ્થા તેની નહીં. અને ચાર અવસ્થા જે પોતાની છે તે પણ પારિણામિક સ્વભાવની નહીં. પારિણામિક ભાવ જે ત્રિકાળ છે તેની પર્યાયમાં જે અવસ્થા છે તે અવસ્થા પર્યાયદૃષ્ટિએ પોતાની છે. તે કર્મની અવસ્થામાં નહીં. કર્મની અવસ્થામાં આ પારિણામિક અવસ્થા નિમિત્ત છે. અને પોતાની પર્યાય ચાર છે તેમાં કર્મની અવસ્થા નિમિત્ત છે. પરસ્પર નિમિત્ત છે. શેઠી! હવે એ ચાર જડની અવસ્થા બતાવે છે. જુઓ!

**'તેથી ઉદયાદિક વડે ઉત્પન્ન થતાં આત્માના ભાવોને...'** ઉદયાદિક જે આત્મામાં ભાવ થાય એમાં જે નિમિત્તભૂત છે એવી તે પ્રકારની અવસ્થારૂપ દ્રવ્યકર્મ સ્વયં પરિણમિત હોવાથી, અવસ્થા તેમાં નિમિત્ત છે. કોની અવસ્થા? જીવની. ઉદય નામ વિકાર મિથ્યાત્વ રાગ-દ્વેષ, ઉપશમ-સમ્યગ્દર્શન જ્ઞાન આદિ, ક્ષયોપશમજ્ઞાન-સમકિત આદિ, ક્ષાયિક-સમકિત, જ્ઞાન આદિ. એ અવસ્થા જડકર્મની અવસ્થામાં નિમિત્ત છે. અને તે અવસ્થામાં જડકર્મ નિમિત્ત છે. તે પહેલાં કહી દીધું. સમજાણું કાંઈ?

આંહી તો પારિણામિક ભાવની નથી એમ કીધું ને. પારિણામિક ભાવની નથી તો ઓલી ખરેખર તો પારિણામિક ભાવની પર્યાય નથી. પર્યાય પર્યાયમાં છે. એ પર્યાયમાં કર્મનું નિમિત્ત છે. નિમિત્ત છે એ કર્મની જડ અવસ્થા એ આત્માની પર્યાયમાં નથી. એ જડની પર્યાયમાં છે. ભારે વાત ભાઈ! આ તો પોતાનું અસ્તિત્વ કેટલું છે અને કેવી રીતે છે તે વાત સિદ્ધ કરે છે. ત્રિકાળ ભગવાનઆત્મા પૂર્ણાનંદ નાથ તેમાં તો ચાર પર્યાય પણ નથી. અને તેમાં તો કર્મના નિમિત્તનો સંબંધ પણ નહીં. નિમિત્તનો સંબંધ તેની વર્તમાન જ્ઞાન ક્રિયા આત્માની પર્યાય ચાર. વિકારી અને ત્રણ અવિકારી. તેમાં કર્મના નિમિત્તના સદ્ભાવ અને અસદ્ભાવની અપેક્ષા છે. સમજાણું કાંઈ?

તે કર્મની અવસ્થા જડની તેમાં જે આ ચાર પરિણામ થયા તે નિમિત્ત છે. અને પોતાની ચાર પર્યાયમાં કર્મનું નિમિત્ત છે. કર્મના નિમિત્તમાં ચૈતન્યની પર્યાય નથી. સમજાણું કાંઈ? આરે! આ કોઈ દિ' સાંભળ્યું ન હોય ને. આમાં શું હશે? ગમે તેમ હોય પણ અમારે ધર્મ, પણ કર્મ શી રીતે કરીએ છીએ તે સાંભળ તો ખરો. તારી એક સમયની વિકારની પર્યાય કરવાવાળો તું. એમ સિદ્ધ કરવું છે ને આંહી ભાઈ! દ્રવ્ય કર્તા છે એમ સિદ્ધ કરવું છે. પર્યાય કર્તા એમ સિદ્ધ નથી કરવું કાંઈ. દ્રવ્ય ચાર પર્યાયનો કર્તા છે. ઠીક પડે ત્યારે જેમ હોય (એમ કહે છે). એમ ઠીક પડે ત્યારે જેમ (એમ નહીં). આંહી દ્રવ્ય પર્યાયનો કર્તા, પર્યાયનો કર્તા પર્યાય અહીં સિદ્ધ નથી કરવું. નિમિત કર્તા પર પણ પોતાની પર્યાયનો કર્તા દ્રવ્ય. તે સિદ્ધ કરવું છે ને. બાંસઠમાં ત્યાં સુધી લઈ જાશે ને. ઠીક પડેનો અર્થ જ જયાં જે વાત સિદ્ધ કરવી છે તેવી જ સિદ્ધ થાય છે ને.

ભગવાનઆત્મા જ્યારે પૂર્ણદ્રવ્ય ધ્રુવ એકલો કહો, તો તે ધ્રુવ સ્વભાવ જે છે તે પોતાની નિર્મળ પર્યાયનો પણ કર્તા નથી. તે વાત અહીંયા સિદ્ધ નથી કરવી. તે તો પરમ નિશ્ચયની વાત છે. સમજાણું કાંઈ? વિકારનો કર્તા જીવ છે તે પણ નિશ્ચય છે. આંહી તો એ સિદ્ધ કરવું છે. અને કર્મ નિમિત્ત છે તે વ્યવહાર છે. જીવ વિકાર કરે તો પોતાના નિશ્ચયથી કરે છે. હેં? કર્મ વ્યવહારથી નિમિત્ત છે.

મુમુક્ષુ :- આમાં તો માણસ મુંઝાઈ જાય એવું છે.

ઉત્તર :- મુંઝાઈ એવું કાંઈ નથી પણ સમજતા આવડે નહીં તો શું કરે? નવનીતભાઈ!

એક બાજુ એમ કહે કે પર્યાયનો કર્તા પર્યાય. એ તો જયારે બેની વચ્ચે ભિન્નતા સિદ્ધ કરવી હોય ત્યારે. પણ પરથી ભિન્ન સિદ્ધ કરવું હોય ત્યારે તો પર્યાયનો કર્તા દ્રવ્ય છે. એ સિદ્ધ કરતાં કરતાં આત્મામાં લઈ જાશે ને. સમજાણું કાંઈ? ભીખાભાઈ! આહાહા! પર તો નિમિત્ત માત્ર છે. અને પરની અવસ્થામાં તારી પર્યાય નિમિત્ત છે. બસ એટલો સંબંધ સિદ્ધ કરવો છે. સમજાણું? હમણાં એ ઓલા મુંબઈનું આવ્યું છે એ આંહી ન નખાય. એય!

બાકી તો નિશ્ચયથી સ્વભાવ ભગવાન ચૈતન્યદ્રવ્ય તે તો પર્યાયનો કર્તા નથી. પર્યાયનો કર્તા પર્યાય

છે. એ તો તદ્દન પરમ નિશ્ચય બેની વચ્ચે ભિન્નતા કરવી છે. સમજાણું કાંઈ? આંહી તો પરથી ભિન્ન કરવાની વાત આટલી છે. સમજાણું કાંઈ? પરથી ભિન્ન નક્કી કર્યા વિના પોતાની પર્યાયથી ભિન્ન દ્રવ્ય તેને કયારેય નક્કી થઈ શકે નહીં. સમજાણું કાંઈ? પોતાની સત્તામાં દ્રવ્ય ને પર્યાયનું અસ્તિત્વ છે. જીવાસ્તિકાય સિધ્ધ કરવું છે ને. વિકાર પણ તેના અસ્તિત્વમાં છે. કર્મ તો નિમિત્તમાત્ર છે. અને કર્મની અવસ્થા જડમાં અસ્તિત્વપણે છે. તેમાં જીવની ચાર પર્યાય નિમિત્તમાત્ર છે. એમ સિધ્ધ કરવું છે. એય! માણેકલાલજી! એ પૂછતા હતા, આ સુરેન્દ્ર કયા પક્ષમાં છે એમ પૂછતા હતા. એય મણીકાંત! કીધું, ઓલા પક્ષમાં છે. આહાહા! પક્ષ બક્ષ શું? એમાં મધ્યસ્થતાથી વિચારવું, સમજવું જોઈએ. એવો આગ્રહ નહીં.

ભગવાનઆત્મા પોતાની પર્યાયમાં સમુદ્રમાં જેમ તરંગ ઊઠે છે તે તરંગ સમુદ્રમાં સમાઈ જાય છે. પહેલાં એ વાત સિધ્ધ કરવી જોઈએ. અને સમુદ્રમાંથી તરંગની પર્યાય આવે છે. એમ સિધ્ધ કર્યા પછી પર્યાય પર્યાયથી થાય છે દ્રવ્યથી નહીં તે તો પરથી તદ્દન ભિન્ન બતાવવાની વાત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પણ પ્રભુ શરૂઆત સમજયા પછી....

ઉત્તર :- ના. ના. એ પહેલું આ હોય એટલું બહારથી નક્કી કર્યા વિના... એ નિશ્ચયનય છે. કર્મનો પણ વ્યવહાર છે. પછી આંહી જયારે આવે ત્યારે પર્યાય તે વ્યવહાર છે, દ્રવ્ય તે નિશ્ચય છે.

એક સમયની પર્યાય જે છે તે જ વ્યવહાર છે. પણ કયારે? એ તો પર્યાય ને દ્રવ્યની વચ્ચે સિધ્ધ કરવું હોય તો. પણ પરથી ભિન્ન કરવું હોય તો પર્યાય નિશ્ચયથી તેની છે. આહાહા! સમજાણું કાંઈ? નવનીતભાઈ! આવું કયાં બધું? ભગવાનની ભકિત કરે તો થઈ રહ્યું. ભગવાન મુકિત દઈ દેશે. ધૂળમાં પણ કોઈ મુકિત આપતું નથી. મુકિતનો માર્ગ છે?

મુમુક્ષુ :- નક્કી થાતું નથી ભગવાન કોણ છે?

ઉત્તર :- ભગવાન આત્મા છે. તેનો ભગવાન ભગવાનમાં રહ્યો. પોતાનો આત્મા તે ભગવાન છે. પૂર્ણાનંદનો નાથ ભગવાનનો ભગવાન છે. તેનો અર્થ તે અનંતા ભગવાનને પોતાના જ્ઞાનમાં જાણે છે. સમજાણું કાંઈ? શું થાય? પોતાની ચીજ, નિમિત્ત ઉપર દૃષ્ટિ રહેશે તો પોતાની પર્યાય પોતાથી થાય છે, એવી સ્વતંત્રતાનું ભાન નહીં રહે. એ વાત સિધ્ધ કરવી છે. પણ પછી પર્યાય ઉપર દૃષ્ટિ રહેશે તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ નહીં જાય. સમજાણું કાંઈ?

એક સમયની પર્યાય જે છે ત્યાં લક્ષ રહેશે તો પર્યાયને દ્રવ્યમાં અભિન્ન કરવી છે તે તો રહેશે નહીં. તો પર્યાયની સાથે એકત્વબુધ્ધિ થઈ. અહીંયા તો નિમિત્તની સાથે એકત્વબુધ્ધિ છોડાવે છે. નિમિત્ત-નિમિત્તની અવસ્થા છે, તારી પર્યાય તારામાં છે. બેની એકતા નથી. બેય માનવું જોઈએ. જેમ છે એમ માનવું જોઈએ ને. એક માને તે ચાલે? હજી પરથી ભિન્નની સ્વતંત્રતાની સિધ્ધિની ખબર નથી તો

પર્યાયથી ભિન્ન દ્રવ્ય સિધ્ધ કેવી રીતે થશે?

મુમુક્ષુ :- બેય એક હારે માનવું કે આગળ-પાછળ માનવું?

ઉત્તર :- પહેલાં સાથે માને સાથે એ તો થાય જ ને. પહેલાં મારી પર્યાય સ્વતંત્ર છે, મારાથી થઈ છે નિમિત્તથી નહીં એમ સિધ્ધ કરે તો તે પર્યાય દ્રવ્યમાં નહીં. સમજાણું કાંઈ?

ધ્રુવ ઉપર દૃષ્ટિ આપવામાં કારણ કાંઈ પહેલાં પરથી ભિન્ન છે એની પણ આંહી જરૂર નહીં. પણ આંહી સમજાવે તો ક્રમથી સમજાવે ને. હજી પરમાં એકત્વબુધ્ધિ છે પરથી છૂટે નહીં તો પર્યાયમાં એકત્વબુધ્ધિ છે તો દ્રવ્યમાં એકત્વબુધ્ધિ કયાંથી આવશે? શું કહ્યું સમજયા? જેને ભગવાન પોતાની પર્યાયથી પરની સાથે એકત્વબુધ્ધિ રાખે છે તો પર્યાયની સાથે એકત્વબુધ્ધિ, દ્રવ્યની સાથે એકત્વ રહેવું ને પર્યાયથી એકત્વ છૂટવું તે તેને કયાંથી થશે? જયાં પરની સાથે એકત્વબુધ્ધિ છે, કર્મની સાથે છે, શરીરની સાથે છે. આ પર્યાય મારાથી થઈ મારી પર્યાય તેનાથી થઈ એ તો એકત્વબુધ્ધિ છે. સમજાય છે કાંઈ? આવો ઝીણો માર્ગ છે ભાઈ!

વીતરાગનો માર્ગ લોકોને સાંભળવા મળ્યો નથી ને બહારથી કડાકૂટ મરીને જીંદગી ચાલી જાય. શેઠી! બરાબર કહ્યું. થોડું થોડું હળવે હળવે સમજાય છે. આહાહા! કહે છે કે પોતાનો સ્વભાવ શુધ્ધ ધ્રુવ પારિણામિક ભાવ તે ત્રિકાળ દ્રવ્યની અવસ્થા, વર્તમાન ચાર અવસ્થા જીવની છે તે ત્રિકાળની નહીં. પણ પોતાની અવસ્થા છે તે જડની નથી. અને જડની જે અવસ્થા છે તે પોતાની પર્યાયની નહીં. સમજાણું કાંઈ? હવે પર્યાય નામ પણ સાંભળ્યું ન હોય ને દ્રવ્ય ને પર્યાય. શીવલાલભાઈ! સાંભળ્યું હોય કોઈ દિ' કાંઈ પર્યાય ને દ્રવ્ય શું છે? ભગવાન! દ્રવ્ય એટલે પૈસો. પર્યાય એટલે પ્રજા. બાયડી, છોકરા એ પ્રજા. સમજાણું?

પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના જ્ઞાનમાં એમ આવ્યું કે પ્રભુ તારી પર્યાય તારાથી અને તારું દ્રવ્ય તો તારાથી અનાદિથી છે. તેમાં તો પ્રશ્ન નથી. પર્યાય તારી રાગ કર કે સમ્યગ્દર્શન પ્રગટ કર. એ તારી પર્યાય તારાથી અને તેનો કર્તા તું છે. સમજાણું કાંઈ? અને કર્મની અવસ્થા જે થાય છે તેનો કર્તા તું નથી. એ કર્મની અવસ્થાનો કર્તા કર્મ પુદ્ગલ છે.

હવે અહીંયા તો પારિણામિક ભાવની જીવની ચાર અવસ્થા પણ નથી. એમ નથી કહ્યું કે પારિણામિક ભાવની ચાર અવસ્થા એ સ્થિતની ચાર નહીં. ઓલી જડની અવસ્થા નથી એટલું જો કહેવું હોય તો તો પારિણામિક ભાવ અને પર્યાય પણ પારિણામિક ભાવની છે એ ચાર. સ્વથી લ્યો તો. આંહી તો એકલા પારિણામિક ભાવ સ્થિત જીવની ચાર અવસ્થા નહીં.

ભગવાન પરમસ્વભાવભાવ તેની કર્મની અવસ્થા તે નહીં. સમજાણું કાંઈ? પર્યાયની અવસ્થા તેમાં છે તે પારિણામિક ભાવ દ્રવ્યની પર્યાય છે તેનો કર્તા તે છે. કહો, સમજાણું કાંઈ? **'તેથી ઉદયાદિક**

**વડે ઉત્પન્ન થતા આત્માના ભાવોને નિમિત્તમાત્રભૂત...'** હવે જડની. **'એવી તે પ્રકારની અવસ્થાઓરૂપે (દ્રવ્યકર્મ) સ્વયં પરિણમતું હોવાને લીધે...'** જેમ ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક જીવ-દ્રવ્ય પર્યાયરૂપે સ્વયં પરિણમે છે. એમ કર્મની અવસ્થા ક્ષયોપશમરૂપ આદિ થાય તે કર્મ સ્વયં પરિણમે છે. કારણ **'દ્રવ્યકર્મ પણ વ્યવહારનયથી આત્માના ભાવોના કર્તાપણાને પામે છે...'** લ્યો! વ્યવહારનય થયું, નિમિત્ત બતાવે છે. પરિણમિત તો પોતાથી છે. પણ દ્રવ્યકર્મ પણ વ્યવહારનયથી આત્માની પર્યાયને, પર્યાયની વાત છે ને. દ્રવ્યને ક્યાં કરે છે?

**'આત્માના ભાવોના કર્તૃત્વને પ્રાપ્ત થાય છે...'** લ્યો! નિમિત્તથી કર્તૃત્વ છે એમ કહેવામાં આવે છે. લ્યો! નિમિત્ત કર્તા તો છે એમ કહે છે. (મુમુક્ષુ :- દ્રવ્યકર્મ કર્તા છે એમ કહે છે.) હા, તે આંહી દ્રવ્યકર્મની વાત છે ને. દ્રવ્યકર્મ છે. પર્યાય છે એ દ્રવ્યકર્મ નિમિત્ત, પર્યાયનો કર્તા નિશ્ચયથી ઉપાદાન દ્રવ્ય છે. તે પહેલાં સિદ્ધ કર્યું. પણ તે પર્યાય દ્રવ્યકર્મ પોતાથી પરિણમે છે તો તેમાં તે નિમિત્ત પડે છે તો નિમિત્ત કર્તા દ્રવ્યકર્મથી પર્યાય થઈ એમ નિમિત્તથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કહો શેઠ! આ પંચાસ્તિકાય કોઈ દિ' વાંચ્યું પણ નહીં હોય. પુસ્તક તો છે ને ઘરે? નો સમજાય એમ ન હોય. પહેલું સમજે તો ખબર પડે. કે આપણે આ રીતે તો નહોતા સમજ્યા. પણ વાંચ્યું પણ ન હોય, અવળું સવળું જોયું પણ ન હોય. એને આ રીતે વાંચ્યું છે કે સમજાશે એ ક્યાંથી મેળવશે?

**'દ્રવ્યકર્મ પણ વ્યવહારનયથી આત્માના ભાવોના...'** એ કોણ ભાવ? ચાર. કાંઈ પારિણામિક ભાવની સાથે સંબંધ નથી. આત્માની જે ચાર અવસ્થા છે વિકાર જીવ કરે છે કર્મ નહીં. પણ કર્મ નિમિત્ત છે તો નિમિત્તથી કર્તા જીવની પર્યાયનો. અરે! ક્ષાયિક પર્યાયનો. જીવદ્રવ્ય કર્મ કર્તા એમ વ્યવહારથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ તો પંચાસ્તિકાય સહેલું છે સમયસાર કરતાં. એનાથી મોંઘુ પડી ગયું? એ અઠાવન (ગાથા) થઈ. લ્યો! નિમિત્ત કર્તા કીધા ને. પાછું વ્યવહાર-નિશ્ચય કીધું ને. વ્યવહાર-નિશ્ચય કહ્યું ને. તો હવે પ્રશ્ન કરે છે. જુઓ!

## ગાથા :- ૫૯

**भावो जदि कम्मकदो अत्ता कम्मस्स होदि किध कत्ता ।**
**ण कुणदि अत्ता किंचि वि मुत्ता अण्णं सगं भावं ।।५९।।**

भावो यदि कर्मकृत आत्मा कर्मणो भवति कथं कर्ता ।
न करोत्यात्मा किञ्चिदपि मुक्त्वान्यत् स्वकं भावम् ।।५९।।

जीवभावस्य कर्मकर्तृत्वे पूर्वपक्षोऽयम् ।

यदि खल्वौदयिकादिरूपो जीवस्य भाव: कर्मणा क्रियते, तदा जीवस्तस्य कर्ता न भवति। न च जीवस्याकर्तृत्वमिष्यते । तत: पारिशेष्येण द्रव्यकर्मण: कर्तापद्यते । तत्तु कथम्? यता निश्चयनयेनात्मा स्वं भावमुज्झित्वा नान्यत्किमपि करोतीति ।।५९।।

---

**જો ભાવકર્તા કર્મ, તો શું કર્મકર્તા જીવ છે?**
**જીવ તો કદી કરતો નથી નિજ ભાવ વિણ કંઇ અન્યને. ૫૯.**

**અન્વયાર્થઃ-** (यदि भाव: कर्मकृत:) **જો ભાવ (-જીવભાવ) કર્મકૃત હોય તો** (आत्मा कर्मण: कर्ता भवति) **આત્મા કર્મનો (-દ્રવ્યકર્મનો) કર્તા હોવો જોઈએ.** (कथं) **તો તો કેમ બને?** (आत्मा) **કારણ કે આત્મા તો** (स्वकं भावं मुक्त्वा) **પોતાના ભાવને છોડીને** (अन्यत् किञ्चित् अपि) **બીજું કાંઇ પણ** (न करोति) **કરતો નથી.**

ટીકા :- **કર્મને જીવભાવનું કર્તાપણું હોવાની બાબતમાં આ *પૂર્વપક્ષ છે.**

**જો ઔદયિકાદિરૂપ જીવનો ભાવ કર્મ વડે કરવામાં આવતો હોય, તો જીવ તેનો (-ઔદયિકાદિરૂપ જીવભાવનો) કર્તા નથી એમ ઠરે છે. અને જીવનું અકર્તાપણું તો ઈષ્ટ (-માન્ય) નથી માટે, બાકી એ રહ્યું કે જીવ દ્રવ્યકર્મનો કર્તા હોવો જોઈએ. પણ તે તો કેમ બને? કારણ કે નિશ્ચયનયથી આત્મા પોતાના ભાવને છોડીને બીજું કાંઇ પણ કરતો નથી.**

**(આ પ્રમાણે પૂર્વપક્ષ રજૂ કરવામાં આવ્યો.) ૫૯.**

---

* પૂર્વપક્ષ = ચર્ચા કે નિર્ણય માટે કોઈ શાસ્ત્રીય વિષયની બાબતમાં રજૂ કરેલો પક્ષ કે પ્રશ્ન.

## ગાથા :- ૫૯ ઉપર પ્રવચન

**भावो जदि कम्मकदो अत्ता कम्मस्स होदि किध कत्ता ।**
**ण कुणदि अत्ता किंचि वि मुत्ता अण्णं सगं भावं ।।५९।।**

**જો ભાવકર્તા કર્મ, તો શું કર્મકર્તા જીવ છે?**
**જીવ તો કદી કરતો નથી નિજ ભાવ વિણ કંઈ અન્યને. ૫૯.**

**ટીકા :-'કર્મને જીવભાવનું કર્તાપણું હોવાની બાબતમાં આ પૂર્વપક્ષ છે. જો ઔદયિકાદિરૂપ જીવનો ભાવ કર્મ વડે કરવામાં આવતો હોય...'** લ્યો! ચાર પર્યાય કર્મ દ્વારા કરવામાં આવતી હોય આ તો ભાઈ ત્યાં વ્યવહારનયથી કીધું. એમ નથી કીધું કે નિશ્ચયથી કર્મ કરે છે. છતાં તેનાથી કરે છે એમ જો કહો તો, જીવ તેનો કર્તા નથી. જીવ પોતાના રાગનો, વિકારનો, ધર્મની પર્યાયનો કર્તા નહીં એમ સિદ્ધ થાય છે. નથી, એ તો નિમિત્તથી કથન કર્યું છે. વ્યવહારથી કથન કર્યું છે.

આરે! ભગવાન! ભારે! વ્યવહારથી પણ સાચું અને આ પણ સાચું એમ બેય સાચું હોય? વ્યવહાર તો અસદ્ભૂત વ્યવહારનયથી કથન કર્યું છે. કર્મથી આ ચાર ભાવ કર્યું છે. કર્મથી ચારભાવ. કર્મ વિના ન હોય એમ કીધું ને. હા, શિષ્યની દલીલ છે. બરાબર છે. યદિ ઉદયાદિ એટલે ચારે ય ભાવ હો. કર્મ ભાવ કર્મ દ્વારા કરવામાં આવતાં હોય તો જીવ તેનો કર્તા નથી. તો જીવ પોતાની પર્યાયનો કર્તા ન થયો.

**'અને જીવનું અકર્તાપણું તો ઈષ્ટ (-માન્ય) નથી...'** લ્યો! જીવ કરતો જ નથી. એ વાત તો ઠીક નથી. જીવ કરતો જ નથી એવી વાત તો ઈષ્ટ (-માન્ય) નથી. **'માટે બાકી એ રહ્યું...'** તેથી એમાંથી ન્યાય એ નીકળ્યો કે, જીવ દ્રવ્યકર્મનો કર્તા હોવો જોઈએ. જીવ દ્રવ્યકર્મનો કર્તા, કારણ કે કર્તૃત્વ તો છે. જડકર્મ જીવની પર્યાયને કરે અને જીવ કર્તા નહીં, તો જીવ કર્તા નહીં એમ તો બનતું જ નથી. તો જીવની પર્યાયને કર્મ કરે, ત્યારે જીવ કર્મને કરે એમ થયું. હેં? જીવ દ્રવ્યકર્મનો કર્તા હોવો જોઈએ. સમજાણું કાંઈ? શામદાસજી! ઝીણી વાત! આ તો બહુ સાદું છે.

એમ કહ્યું કે આત્માની ચાર પર્યાય જે ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક દશા છે તેનો કર્તા જો કર્મ હોય આત્મા નહીં તો આત્મા તો અકર્તૃત્વ થયો. આત્મા અકર્તૃત્વ થવાથી પછી શું થયું? કર્તા તો હોવો જોઈએ. તો દ્રવ્યકર્મનો કર્તા થયો, એમ થયું. સમજાણું કે નહીં? ક્યાં ખબર છે કોણ દ્રવ્યકર્મ ? કોણ ભાવકર્મ? મૂળ ધર્મની દ્રવ્ય, ગુણ, પર્યાયની સ્વતંત્રતાની વાત જ ગુમ થઈ ગઈ. એક એક પર્યાય

કોણ ભાઈ શેઠ કહેતા હતા ને કાલ આવ્યા હતા ને. તો અત્યાર સુધી અમે શું કર્યું? કીધું તમે કર્યા સંકલ્પ-વિકલ્પ. શોભાલાલજી! ભાઈ આવ્યા હતા કાલ. કાંઈ કર્યું નથી બીડી, તમાકુનું, બાયડી, છોકરાનું ને ડાલચંદજીનું ને બાયડીનું કાંઇ કર્યું નથી. અને નાતનું ને સમાજનું. સમાજભૂષણ. સમાજનું તેં કાંઈ કર્યુ નથી. તમે કર્યા સંકલ્પ ને વિકલ્પ ને પુણ્ય-પાપનો વિકાર તે તમે કર્યું છે. અનાદિથી આ કર્યું છે. જીવે બીજી કોઇ ચીજ કરી જ નથી. સમજાણું કાંઇ?

**'પણ તે તો કેમ બને?...'** જુઓ! પાછો શિષ્યનો પ્રશ્ન. ભગવાન આપ તો એમ કહો છો કે દ્રવ્યકર્મ આત્માની અવસ્થાનો કર્તા. ચાર અવસ્થા જે થાય છે વિકાર ને શાંત ધર્મ આદિ. તે અવસ્થાનો કર્તા દ્રવ્યકર્મ. પાઠમાં તો અકર્તૃત્વ કહ્યું. અકર્તૃત્વ કીધું તો એમ તો બનતું નથી. કર્તા તો છે. તો કર્તા પોતાનો ન થયો તો જડની પર્યાયનો કર્તા થયો. જડની પર્યાય પોતાની પર્યાયની કર્તા અને પોતાની પર્યાય જડની પર્યાયની કર્તા થઇ. એમ થયું. તો એમ તો બનતું નથી. સમજાણું કાંઇ? આહાહા!

કારણ કે **'નિશ્ચયનયથી આત્મા પોતાના ભાવને છોડીને...'** જુઓ! **'નિશ્ચય...'** નામ યથાર્થ **'દૃષ્ટિથી આત્મા પોતાના ભાવને છોડીને બીજું કાંઇ પણ કરતો નથી...'** એ તો પહેલેથી ઉપાડયું હતું. હેં? પહેલેથી આ તો ઉપાડયું છે. જુઓ! જીવના ઔદયિકાદિ ભાવના કર્તૃત્વનું કથન છે. સતાવનથી ઉપાડયું છે. એ પહેલાં આવ્યું હતું ને પરભાવોનું શરૂ કર્યું છે ને. પરભાવનો કર્તા નથી. એ પહેલું આવી ગયું છે. હા એ. ત્રેપન. પહેલેથી. નિશ્ચયથી પરભાવોનું કર્તાપણું નહિ હોવાથી, લ્યો, ત્રેપન મૂળ શરૂ કરીએ. ખરેખર તો જીવ પોતાની વિકારી અને અવિકારી પર્યાયનો ખરેખર કર્તા છે. શરીર, વાણી, મન, કુટુંબ, દેશનો કાંઇ કર્તા નથી. પર જીવની અવસ્થાનો અને પર અજીવની અવસ્થાનો જીવ ક્યારેય ત્રણકાળમાં કર્તા છે નહીં. ત્રેપનમાં પહેલાં લીધું હતું. શરૂઆત ત્યાંથી કરી હતી.

નિશ્ચયથી પરભાવોનું કરવાપણું નહિ હોવાથી જીવ સ્વભાવોનો કર્તા હોય છે. એ તો કહ્યું હતું. સ્વભાવ શબ્દે ચાર પર્યાય. સ્વભાવ શબ્દે ત્યાં એકલો વિકાર રહિત એમ કાંઇ નહીં. સમજાણું કાંઇ?

આત્મા પોતાના અસ્તિત્વમાં હયાતિમાં વિકાર કરો કે ધર્મની પર્યાય કરો તે સ્વભાવનો કર્તા પોતાના ભાવનો કર્તા છે. પણ શરીર, વાણી ને કર્મ જીવ ને જડ બીજી ચીજ તેની પર્યાયનો તો ક્યારેય આત્મા કર્તા, આત્મા અજ્ઞાનભાવે પણ થતો નથી. એમ હશે આ? લક્ષ્મીચંદભાઇ! તો આ બધો ધંધો બંધો ત્યાં કોણ કરે? એય રાયચંદભાઇ! આ ધંધા કોણ કરે ત્યાં? નાઈરોબીમાં. સંકલ્પ-વિકલ્પ કરે એમ કહે છે. ધંધાની ક્રિયા બિલકુલ કરી શકતો નથી. એક પરમાણુ ને ફેરફાર આંખની પાંપણનું આટલું ફરવું તે ક્રિયાનો કર્તા આત્મા નથી. કહો, બરાબર છે? એ તો અહીં સિધ્ધ કરવું છે. પરનો જરા પણ કર્તા નથી અને પોતાની પર્યાયમાં વિકાર કરો કે ધર્મની પર્યાય કરો, કર્તા પોતાના ભાવનો છે. એ તો અહીંયા સિધ્ધ કરવું છે.

પછી અહીં વિકારનો કર્તા નથી એ તો પછી આવ્યું. ભાઈ જ્યાં જે છે તેને સમજવું જોઈએ. વિકારનો કર્તા જીવ છે, પર નહીં. સમજાણું કાંઈ? પણ પછી જ્યારે સ્વભાવદૃષ્ટિ બતાવવાની હોય. ભગવાન જ્ઞાનાનંદ સ્વભાવ તે વિકારની પર્યાયનો કર્તા કેવી રીતે હોય. જો વિકારનો કર્તા હોય પરિણમન તો પારિણામિક સ્વભાવ શુદ્ધ રહેતો નથી. એ તો અશુદ્ધનો કર્તા-પારિણામિક ભાવ અશુદ્ધ થઈ ગયો. સમજાણું કાંઈ? એ બીજી વાત થઈ. ભારે વાત ભાઈ! અમારે ફાવાભાઈ કહેતા કે સવારે કાંઈક આવે બપોરે કાંઈક આવે. એ કહે અમારે આમાં નક્કી શું કરવું? બુદ્ધિ થોડી. વીતરાગ જૈન તત્ત્વ સૂક્ષ્મ અને કઈ અપેક્ષાથી કથન છે તે જાણ્યા વિના એકાંતમાં લઈ જાય-દૃષ્ટિમાં વિપરીતતા થઈ જાશે. કહે છે. સમજાય છે કાંઈ?

ત્રેપનથી શરૂ કર્યું છે. જુઓ! અહીં તો આમાં ચિહ્ન નથી. ગુજરાતીમાં હશે. આ ચિહ્ન. ચિહ્ન આમાં નથી. આ હિંદી વંચાય છે ને. ઓલામાં શેમાંક હશે. આ તો હિંદી છે ને. સમજાણું કાંઈ? આ શું કીધું અઠાવનમાં? કર્મને જીવભાવનું કર્તાપણું હોવાની બાબતમાં આ પૂર્વપક્ષ છે. પૂર્વપક્ષ એટલે ચર્ચા કરવાવાળા શિષ્યનો પ્રશ્ન છે. નીચે લખ્યું છે ને. ચર્ચા કે નિર્ણયને માટે કોઈ શાસ્ત્રીય વિષયની બાબતમાં રજૂ કરેલો પક્ષ કે પ્રશ્ન. **'આ પ્રમાણે પૂર્વપક્ષ રજૂ કરવામાં આવ્યો...'** હવે તેનો ઉત્તર.

---

## ગાથાઃ- ૬૦

**भावो कम्मणिमित्तो कम्मं पुण भावकारणं हवदि ।**
**ण दु तेसिं खलु कत्ता ण विणा भूदा दु कत्तारं ।।६०।।**

भाव: कर्मनिमित्त: कर्म पुनर्भावकारणं भवति ।
न तु तेषां खलु कर्ता न विना भूतास्तु कर्तारम् ।।६०।।

पूर्वसूत्रोदितपूर्वपक्षसिद्धान्तोऽयम् ।

व्यवहारेण निमित्तमात्रत्वाज्जीवभावस्य कर्म कर्तृ, कर्मणोऽपि जीवभाव: कर्ता; निश्चयेन तु न जीवभावनां कर्म कर्तृ, न कर्मणो जीवभाव: । न च ते कर्तारमन्तरेण सम्भूयेते; यतो निश्चयेन जीवपरिणामानां जीव: कर्ता, कर्म परिणामानां कर्म कर्तृ इति ।।६०।।

---

**રે! ભાવ કર્મનિમિત્ત છે ને કર્મ ભાવનિમિત્ત છે,**
**અન્યોન્ય નહિ કર્તા ખરે; કર્તા વિના નહિ થાય છે. ૬૦.**

**અન્વયાર્થ :-** (भावः कर्मनिमित्तः) **જીવભાવનું કર્મ નિમિત્ત છે** (पुनः) **અને** (कर्म भावकारणं भवति) **કર્મનું જીવભાવ નિમિત્ત છે,** (न तु तेषां खलु कर्ता) **પરંતુ ખરેખર એકબીજાનાં કર્તા નથી;** (न तु कर्तारम् विना भूताः) **કર્તા વિના થાય છે એમ પણ નથી.**

**ટીકા :- આ, પૂર્વ સૂત્રમાં (૫૯મી ગાથામાં) કહેલા પૂર્વપક્ષના સમાધાનરૂપ સિધ્ધાંત છે.**

**વ્યવહારથી નિમિત્તમાત્રપણાને લીધે જીવભાવનું કર્મ કર્તા છે (-ઔદયિકાદિ જીવભાવનું કર્તા દ્રવ્યકર્મ છે), કર્મનો પણ જીવભાવ કર્તા છે; નિશ્ચયથી તો જીવભાવોનું નથી કર્મ કર્તા, કર્મનો નથી જીવભાવ કર્તા. તેઓ (જીવભાવ અને દ્રવ્યકર્મ) કર્તા વિના થાય છે એમ પણ નથી; કારણ કે નિશ્ચયથી જીવપરિણામોનો જીવ કર્તા છે અને કર્મપરિણામોનું કર્મ (-પુદ્ગલ) કર્તા છે. ૬૦.**

---

## ગાથા :- ૬૦ ઉપર પ્રવચન

भावो कम्मणिमित्तो कम्मं पुण भावकारणं हवदि ।
ण दु तेसिं खलु कत्ता ण विणा भूदा दु कत्तारं ॥६०॥

**રે! ભાવ કર્મનિમિત્ત છે ને કર્મ ભાવનિમિત્ત છે,**
**અન્યોન્ય નહિ કર્તા ખરે; કર્તા વિના નહિ થાય છે. ૬૦.**

લ્યો! તેનો ઉત્તર આપે છે.

**ટીકા :- 'આ, પૂર્વ સૂત્રમાં (૫૯મી ગાથામાં) કહેલા પૂર્વપક્ષના સમાધાનરૂપ સિધ્ધાંત છે. વ્યવહારથી નિમિત્તમાત્રપણાને લીધે જીવભાવનું કર્મ કર્તા છે...'** જુઓ! ખરેખર જીવ નિશ્ચયથી પોતામાં વિકાર કરે, તો કર્મ વ્યવહારથી નિમિત્ત કહો કે વ્યવહાર કહો, જુઓ! વ્યવહારથી નિમિત્તમાત્રપણાને લીધે જીવભાવનું કર્મ કર્તા છે, એમ કહેવામાં આવ્યું છે. (-ઔદયિકાદિ જીવભાવનું કર્તા દ્રવ્યકર્મ છે) એવું વ્યવહારથી નિમિત્તમાત્રથી કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

**'કર્મનો પણ જીવભાવ કર્તા છે...'** કર્મનો પણ જીવભાવ કર્તા છે એ પણ વ્યવહાર અરસ-

પરસ. શું કીધું સમજાણું કાંઈ? જીવભાવનો કર્મ કર્તા એ વ્યવહારનયના નિમિત્તમાત્રથી અને કર્મનો પણ જીવભાવ કર્તા એ વ્યવહારનયના નિમિત્તમાત્રથી. ખરેખર છે નહીં. આહાહા! ભારે પણ! નિમિત્ત-નિમિત્ત સંબંધ સિધ્ધ કરે છે ને. પર્યાય સાથે નિમિત્ત-નિમિત્ત સંબંધ વસ્તુ સાથે કાંઈ છે નહીં.

નિમિત્ત-નિમિત્ત સંબંધનું જ્ઞાન કરાવે છે. એમાં એ લખ્યું છે. સમજાણું કાંઈ? કે વિકારમાં નિમિત્ત તે છે અને કર્મ પરિણમનમાં નિમિત્ત આ છે. અહીં તો વિકાર નિમિત્ત નહીં પણ તેનો કર્મના અભાવમાં પણ નિમિત્ત અહીં ક્ષયોપશમ, ક્ષાયિક પર્યાય છે ને. કર્મમાં ક્ષયોપશમ થવું, ક્ષાયિક થવું તે પોતાની પર્યાયથી છે, જડની પર્યાયથી. તેમાં નિમિત્ત અહીં ક્ષયોપશમ, ક્ષાયિક ભાવ. સમજાણું કાંઈ? તેનો અભાવ થવો તે તેના પરિણમનમાં. પણ અહીંયા નિમિત્તપણું ક્ષયોપશમ, ક્ષાયિક ભાવ. અહીંયા વિકાર થાય છે પોતામાં. નિમિત્ત કર્મનો ભાવ. એમ ક્ષયોપશમ, ક્ષાયિક ભાવ પોતાથી થાય છે. કર્મનું નિમિત્ત અભાવ. માર્ગ આવો છે. સમજાય નહીં તો શું કરે? એ વકીલ! સમજાય છે કે નહીં? અહીંયા વકીલને લીધા, વેપારીને બહુ ન સમજાય તો.

આંહી તો જે થાય છે, જેમ છે. એવી વાત સિધ્ધ કરવી અને નિમિત્તમાત્ર જુદી ચીજ છે. તે વ્યવહારથી સિધ્ધ કરવું, તે વાત અહીંયા છે. આ શરીર અથવા સ્ત્રી, કુટુંબ, મકાન, પરિવાર તેને કર્તા કહેવું એ અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી કર્તા છે. છે નહીં તેને કહેવું. અહીં કર્મ નજીક છે તો કર્મની પર્યાયનો જીવપર્યાય કર્તા કહેવું, એ અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયનું કથન છે. તે ઉપચરિત વ્યવહારનયનું કથન-પરના મકાન બનાવે છે, આ કરવું, બીડી બનાવે, તમાકુ લાવે, તમાકુ વીટી. હેં?

મુમુક્ષુ :- વ્યવહારનયનું સમજાવો તો ખરા પછી નિશ્ચયનયની સમજણ પડે.

ઉત્તર :- પણ વ્યવહારનું નામ પર, વ્યવહારનું નામ પર, નિશ્ચય નામ સ્વ. હવે એ તો વાત આવી ગઈ છે ને બપોરની. સવારમાં. સ્વ-આશ્રય તે નિશ્ચય પણ ત્યાં સ્વ-આશ્રય બીજી વાત છે હો. અહીં તો સ્વ-આશ્રય નામ પર્યાય પોતાની છે તે નિશ્ચય છે. ત્યાં સ્વ-આશ્રય નિશ્ચય તે તો દ્રવ્ય સ્વ-આશ્રય ત્રિકાળી છે. આરે!

બસો બોંતેરમાં આવ્યું હતું ને. સ્વ-આશ્રય તે નિશ્ચય. સ્વ નામ પૂર્ણદ્રવ્ય તે સ્વ-આશ્રય નિશ્ચય છે. અને અહીં સ્વ-આશ્રય નિશ્ચયનો અર્થ, ઓગણસાંઈઠ ગઈ ને, તે ઓગણસાંઈઠમાં ભાઈએ લખ્યું છે હેમરાજજીએ. ઉપાદાન-નિમિત્ત. ઉપાદાન-નિમિત્તનું. લખ્યું છે થોડુંક લખ્યું છે. એ આપણે આંહી નથી નાખ્યું. ઉપાદાન પોતાથી થાય-નિશ્ચય. અને નિમિત્તથી કહેવું તે વ્યવહાર. તો પાતાની વિકારી અને ધર્મની પર્યાય પોતાથી છે તે નિશ્ચય. અને કર્મના નિમિત્તથી થયું તેમ કહેવું તે વ્યવહાર નામ પરાશ્રય નિમિત્તનું કથન છે. અરે! કેટલું યાદ રાખે! સમજાણું કાંઈ?

એ ઉપાદાન-નિમિત્તનું નાખ્યું છે. સમજ્યા ઓગણસાંઈઠમાં. આ તો આપણો સાંઈઠનો ઉત્તર છે.

મુમુક્ષુ :- આપ કહો છો તેવું સ્પષ્ટ નથી.

ઉત્તર :- એ સ્પષ્ટ જ છે. ઉપાદાન તે નિશ્ચય અને નિમિત્ત તે વ્યવહાર. એમ કહ્યું છે કે નહીં? શેમાં છે આપણે છે ને કયાંક? આ ગુજરાતીને. આ જુઓ આ ઓગણસાંઇઠ. લ્યો! જુઓ આવ્યું.

સિધ્ધાંતમાં કાર્યની ઉત્પત્તિ માટે બે કારણ કહેલ છે. એક ઉપાદાન એક નિમિત્ત. દ્રવ્યની શકિતનું નામ ઉપાદાન છે. પ્રત્યેક પદાર્થ પોતાની પર્યાયની તાકાતથી કામ કરે તેનું નામ ઉપાદાન છે. સહકારી કારણ સાથે બીજી ચીજ નિમિત્તરૂપ હો, સંયોગરૂપ સહકારી કારણનું નામ નિમિત્ત છે. જેમ ઘટ કાર્યની ઉત્પત્તિ માટે માટીની શકિત તો ઉપાદાન કારણ છે. ઘડાની પર્યાય થવામાં માટીની શકિત છે. એ સત્ ઉપાદાન શકિત છે. અને કુંભાર, દંડ અને ચક્ર આદિ નિમિત્ત કારણ છે. એટલે નિશ્ચયથી માટી ઘડાની પર્યાયની કર્તા છે. માટી ઘડાની પર્યાયની કર્તા છે, કુંભાર નહીં. સમજાય છે કાંઇ?

આ રોટલીની ક્રિયાનો કર્તા લોટ છે. સ્ત્રી અને આ શું કહેવાય ચૂલાની ઉપરનું તાવડી. તમારે તવા કહે છે ને તવા. તવા ને સ્ત્રી રોટલીની પર્યાયની કર્તા નથી. કેમ કે જે પરિણમે તે કર્તા. સ્ત્રી અને તવા રોટલીની પર્યાયરૂપ થયા નથી. માટે રોટલીની પર્યાયનો કર્તા લોટ છે. સમજાય છે કાંઇ? કોણ કરે છે? એય શેઠ! બીડી વળે છે ને બીડી. આમ આમ આમ. તો બીડીના પરમાણુ પોતાની શકિતથી આવી ક્રિયા થાય છે. એ ઉપાદાન. અને બીડી કરવાવાળાનો વિકલ્પ છે તે નિમિત્ત. તો બીડીની પર્યાયનું કરવું તે બીડીના જે પરમાણુ છે તે તેના કર્તા છે.

મુમુક્ષુ :- તો મજુરી તો ઓને દેવી જોઇએ?

ઉત્તર :- મજુરી કોણ કોને આપે છે? એ તો બહારનું મજુરી આપે કોણ. વિકલ્પ તો તેનો હતો. આપે કોણ? પૈસા તો જડ છે.

આંહી તો કહે છે કે જડ આપવાની ક્રિયા થાય છે તે ઉપાદાન પૈસાથી થાય છે. આપવાવાળાના વિકલ્પથી નહીં. આપવાવાળાનો વિકલ્પ વ્યવહારનયથી નિમિત્તમાત્ર કહેવામાં આવે છે. એ પૈસા આપવાની ક્રિયા, નોટ ગણવાની ક્રિયા જડથી થઇ છે. એય શેઠ! તેની યોગ્યતાથી થઇ. છોકરાઓ બધા એવા જવાબ આપે છે. ક્રિયાવતી શક્તિ, એમ આપે છે બધા. છોકરાઓ એવા જવાબ આપે છે. બધાને પૂછીએ તો. ઓલો ત્યાં એમ કહેતો હતો. દિલીપ. એય! તમારો દિલીપ એમ કહેતો હતો. એ તમને ન આવડે. પણ એ માળો બોલ્યો. અર્થ કેમ જાય? તો કહે ક્રિયાવતી શકિતથી જાય છે. આ પણ તમારો બોલ્યો, ક્રિયાવતી શકિત. ભાઇ મનીષ! મનીષ પણ કહે ક્રિયાવતી શકિત. જડમાં ક્રિયા રૂપાંતર, ક્ષેત્રાંતર થવું તે ક્રિયાથી તે પરમાણુ પર્યાય ત્યાં જાય છે. પોતાના આત્માથી સંકલ્પથી નહીં. આહાહા! ભારે વાતું ભાઇ!

અનંત પદાર્થને માનવા અને અનંત પદાર્થને એક બીજાની ક્રિયા કરવાનું માનવું એ અનંતપણું પૃથક રહેતું નથી. વસ્તુ તો એવી વસ્તુ છે. સમજાણું કાંઇ? વ્યવહારથી કુંભાર કર્તા છે. લ્યો ઠીક! વ્યવહારથી

કર્તા નિમિત્તથી કહેવામાં આવે છે. લ્યો ઉપમા અહીંયા હો. કેમ કે, નિશ્ચયથી તો કુંભાર પોતાના ચૈતન્યમય ઘટાકાર પરિણામોનો કર્તા છે. હેં? એના પરિણામોનો કર્તા છે. ઘટ બનાવવાના પરિણામોનો કર્તા છે. ઘટનો નહીં. આ શેઠીએ હીરા ઉપાડયા હોય ને હીરા, તે આંગળીની પર્યાયનો કર્તા આંગળી. હીરાની પર્યાયનો કર્તા હીરા. તેનો સંકલ્પ તેમાં નિમિત્તમાત્ર. સંકલ્પ તેનો કર્તા નહીં.

એ વાત અહીં ઉપાદાન-નિમિત્તની સિધ્ધ કરવી છે. અંદર. બે વચ્ચેની વાત હો. વિકાર અને સ્વભાવ વચ્ચેની વાત.

મુમુક્ષુ :- નિમિત કાંઇ કરતું નથી તેમ ન કહ્યું.

ઉત્તર :- આ એનો અર્થ આવ્યો. જુઓ! ઘટાકાર પરિણામ ત્યાં કુંભાર ઘટની પર્યાયનો કર્તા.... જયાં ઉપાદાન કારણ ત્યાં નિશ્ચયનય અને જયાં નિમિત્ત કારણ ત્યાં વ્યવહારનય છે. અને જો ન કહેવામાં આવે, ચૈતન્યાત્મક ઘટાકાર પરિણામોનો કર્તા સર્વથા પ્રકાર નિશ્ચયનય ઘડો જ છે. કુંભાર તો અચેતન ઘટ ચૈતન્યાત્મક ઘટાકાર પરિણામનો કર્તા કેવી રીતે હોય? અચેતન ઘટ કુંભારના ચેતનાત્મક ઘટાકાર પરિણામનો કર્તા કેવી રીતે હોય? ચેતનદ્રવ્ય ચેતન પરિણામોનો કર્તા હોય. અચેતન દ્રવ્ય ચેતન પરિણામોનો કર્તા નથી હોતો. તેમ આત્માના કર્મોમાં ઉપાદાન-નિમિત્તના કથન જાણવા. લ્યો! સમજાણું કાંઇ?

એમ આંહી લાંબુ કર્યું થોડું. શેઠે પ્રશ્ન કર્યો હતો, જો સર્વથા પ્રકારે દ્રવ્યકર્મને ભાવકર્મનો કર્તા માનવામાં આવે તો આત્મા કર્તા થઇ જાય. દ્રવ્યકર્મને કરવા માટે નિમિત્ત કોણ હશે? એ કારણે આત્માના ભાવકર્મોનું નિમિત્ત પામીને દ્રવ્ય કર્મો થાય છે, દ્રવ્યકર્મોથી સંસાર થાય છે. એ વાત લાંબી પાછી કરી. સમજાણું કાંઇ?

આંહી (ચાલતી ગાથામાં) શું કીધું? **'વ્યવહારથી નિમિત્તમાત્રપણાને લીધે જીવભાવનું કર્મ કર્તા છે...'** તેનો અર્થ શું થયો? કે આત્મા પોતાનો સંસારભાવ કરે વિકાર અને પોતાના સ્વભાવના આશ્રયથી ધર્મની સમ્યગ્દર્શનની પર્યાય કરે, તે ભાવમાં જીવભાવ કર્તા છે એમ કહેવું વ્યવહારનયથી નિમિત્તપણું જોઇને કહે છે. નિશ્ચયથી કર્તા છે નહીં. આ તો સાદી વાત છે. પણ હવે અભિમાન આખો દિ' એવું કે 'હું કરું'- 'હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જયમ શ્વાન તાણે.' આખો દિ' દુકાન ઉપર બેઠા હોય તો આમ કરો આમ કરો આમ કરો. માણસને એમ કહે કે જાવ લઇ જાવ. બે જીપ લઇ જાવ. જયાં માર્ગ હોય ત્યાં મોટર ન લઇ જાવી. જીપ લઇ જાવી. બીડી - બીડી સળગાવો ત્યારે ધ્યાન રાખવું, નીચે ન પડી જાય. શેઠ! આ તો દૃષ્ટાંત. શેઠનું દૃષ્ટાંત ઠીક છે ને. હેં? મોટા માણસનું કામ. કહો, ભીખાભાઇ! આહાહા!

એ બંગડીનો હાર એમાં ગોઠવે ને, કહે છે કે એ ગોઠવવાની પર્યાય-ગોઠવે કોણ? ગોઠવવા માટે શું શબ્દ છે તમારે? હેં? સજાવટ. તો એ સજાવટની પર્યાયનો કર્તા તે જડ બંગડી છે. એ ભીખાભાઇ

અને હીરાભાઈનો વિકલ્પ કર્તા નથી. એ વિકલ્પનો કર્તા જીવ છે. તેમાં કર્મનું નિમિત્ત કર્તા વિકલ્પમાં કહેવામાં આવે છે. આહાહા! ભારે વાત ભાઈ!

**'વ્યવહારથી...'** વ્યવહારથી એકલો શબ્દ નથી પણ **'નિમિત્તમાત્રપણાને કારણે...'** જીવભાવનો કર્તા જીવ છે. તેમાં વ્યવહારથી નિમિત્તમાત્ર કર્મ છે. **'જીવભાવનું કર્મ કર્તા...'** એમ કહેવામાં આવે છે. અને કર્મનું પણ જીવભાવ કર્તા. શું કીધું? જીવે જ્ઞાનાવરણી આદિ બંધાય એવા છ પ્રકારના ભાવ કર્યા. જ્ઞાનની અશાતના, જ્ઞાનની વિરાધના વગેરે. તે ભાવનો કર્તા જીવ. તે ભાવ કર્મમાં નિમિત્ત છે. તો કર્મનો કર્તા જીવને વ્યવહારથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'નિશ્ચયથી તો જીવભાવોનું નથી કર્મ કર્તા, કર્મનો નથી જીવભાવ કર્તા...'** જુઓ! વાસ્તવિક દૃષ્ટિથી જુઓ તો જીવનો વિકારભાવ અને ધર્મભાવ એ પર્યાયનો ન તો કર્મ કર્તા છે અને ન કર્મનો જીવભાવ કર્તા છે. આઠ કર્મની પર્યાય થાય છે તેમાં જીવની પર્યાય કર્તા નથી. સમજાણું કાંઈ? એ તો નિમિત્ત-નિમિત્ત સંબંધ બેનો ખ્યાલ કરાવે છે.

જ્ઞાયકભાવ તો નિમિત્ત-નિમિત્ત સંબંધ રહિત છે. દ્રવ્યની સાથે નિમિત્ત-નિમિત્ત સંબંધ હોતો નથી. પર્યાયની સાથે નિમિત્ત-નિમિત્ત સંબંધના વ્યવહારનું જ્ઞાન કરાવે છે. ઓલો વળી કહે નિમિત્ત-નિમિત્ત સંબંધ વ્યવહારથી નહીં નિશ્ચયથી છે. એય! આ તો શું કહ્યું? વ્યવહારથી નિમિત્તમાત્ર કહ્યું એમ. નિશ્ચય થયો. તે કહે નહીં. કર્મનું નિમિત્ત અને આંહી વિકાર થાય તે નિમિત્ત-નિમિત્ત સંબંધ નિશ્ચયથી છે. લખ્યું છે એટલે છે એમ નિશ્ચય એમ. નથી એમ નહીં. ભારે વિકાર અને કર્મ વચ્ચેનો ઝઘડો! અનાદિના ઝઘડા.

કહે છે કે ખરેખર તો નિશ્ચય નામ. ઓલું ઉપચાર થયો. ખરેખર નહીં. જીવભાવોનો ના તો કર્મ કર્તા છે અને ન કર્મનો જીવભાવ કર્તા છે. પરિણમન કરે સો કર્તા. વિકાર અને અવિકારરૂપ પરિણમન તો જીવ કરે છે. અને જડની પર્યાય કર્મની અવસ્થા પુદ્‌ગલ કરે છે. તો પરિણમે તે કર્તા. આત્મા કર્તા ક્યાંથી થયો? સમજાણું કાંઈ? ઘટની પર્યાયનો કર્તા માટી. કેમ કે માટી પરિણમે છે. કુંભારના પરિણામ ત્યાં પરિણમતા નથી. નિમિત્ત ને ઉપાદાનના ઝઘડા મોટા અત્યારે. એ પણ આંહીથી નીકળ્યું ત્યારે ઝઘડા ઉઠાવ્યા, નહીંતર તો પડ્યા હતા બધા. હેં? મોતીલાલ ને બધા ઉઠાવે છે. કેટલા લેખ લખ્યા છે.

નિમિત્ત-નિમિત્તભાવ વ્યવહાર નહીં. વ્યવહાર નહીં, નિશ્ચય છે. ક્યાંય હતું નહીં તમારે ઘેટા સસળ્યા આવે છે થોડા. બેઠા છે ને આમ આમ શું શું કરીને. એ વાત તમારી જૂઠી છે. બીજાને કારણે તમારા માથા આમ થયા એમ નહીં. તારા કારણે થયું છે. બીજાને કારણે છે જ નહીં. ઉપાદાન-નિમિત્તનો સંબંધ છે. નિમિત્ત તે નિમિત્ત અને નૈમિતિક નિશ્ચયથી છે. અરે! નિશ્ચયથી હોય નહીં ભગવાન! આ તો શું કહે છે **'વ્યવહારથી નિમિત્તમાત્રપણાને કારણે જીવભાવનો કર્મ કર્તા**

**છે...'** એ તો આગલી ગાથામાં આવી ગયું છે, જીવભાવ કર્મ દ્વારા કરવામાં આવે છે તો કહે ના એમ નથી. સમજાય છે કાંઈ?

**'તેઓ (જીવભાવ અને દ્રવ્યકર્મ) કર્તા વિના થાય છે એમ પણ નથી...'** જુઓ! હવે. વિકારી પર્યાય જીવની અને ધર્મની પર્યાયનો કર્મ કર્તા નહીં અને કર્મની પર્યાયનો આત્મપર્યાય કર્તા નહીં. અને કર્તા વિના થતું નથી. જીવની પર્યાય પણ કર્તા વિના થતી નથી અને જડકર્મ પણ કર્તા વિના થતા નથી. કર્તા વિના થાય છે એમ પણ નથી. **'કારણ કે નિશ્ચયથી જીવપરિણામોનો જીવ કર્તા છે...'** જુઓ! અહીં સિધ્ધ એ કરવું છે. સમજાણું કાંઈ?

ભગવાન પરમસ્વભાવભાવ પારિણામિક ભાવ હોવા છતાં પણ પર્યાયમાં કર્તા જીવ છે. આહાહા! કહો, બરાબર છે? હું અહીંયા આવ્યો તો દુકાનની વ્યવસ્થાનું કામ બરાબર ચાલે છે. હું નહોતો અને નોકર હતો અને છોકરો બેઠો હતો તો વ્યવસ્થા બરાબર ન હતી. તે વાત અહીંયા ખોટી ઠરાવે છે. એમ માને છે. શેઠ બેઠા હોય તો માણસ આવવા લાગે. માણસ આવે જાય ધંધો ચાલે. એ મૂઢ છે. એ તો પરની ક્રિયા છે. પરની ક્રિયા તારાથી કયાં થઈ છે? વ્યવહારથી નો અર્થ શું? થવામાં જે નિમિત્ત છે તે વ્યવહારથી કહેવામાં આવે છે. નિશ્ચયથી તો તેની પર્યાય તેનાથી થઈ છે. એ તો નિમિત્ત કોણ હતું તેનું જ્ઞાન કરાવ્યું છે. લાડુલાલજી!

આ હોંશીયારમાં ફેર પડે નહીં? લાડુલાલજી બેઠા હોય તો કેટલા આવવા લાગે. નોકરને બેસાડો, જુઓ! અય દુકાન ઉપર. હં... સાધારણ નોકરને દુકાન ઉપર બેસાડો. અમારે ત્યાં હતું બોટાદમાં. રાયચંદ ગાંધી હતા ને. બજારની શેરી મોટી આમ. ઓલા નોકરો બોકરો આમ બેઠા હોય. ઘોડા હોય ને લાકડાના શું કહેવાય એને? ટેબલ. પગ નાખીને બેસે આમ બસ બેઠા હોય. એક માણસ ધ્યાન રાખે. શેઠ આવે તો ધ્યાન રાખજે. આખી શેરી બજારની મોટી ને. રાયચંદ ગાંધી આમ લાકડી લઈને વૃધ્ધ માણસ મોટા આબરૂદાર. જ્યાં શેઠ આવતા જોવે ત્યાં એ આવ્યા!

મુમુક્ષુ :- માંડે કામ કરવા.

ઉત્તર :- બજારની શેરી મોટી બહુ. ખૂણેથી દેખાય. એ...શેઠ આવે છે.... બધા તૈયાર થઈને પાઘડી બાઘડી બાંધીને આમ પડયા હોય બધા. કહો એટલો ફેર પડે કે નહીં નિમિત્તને લઈને. એવું અમારે ત્યાં દુકાન છેલ્લી હતી શેરીમાં, બજારમાં. ખાનદાન માણસ મોટી દુકાન. શેઠ આવ્યા ત્યાં તો તૈયાર થઈને ચોપડા ખુલ્લા કરીને. શેઠ ન હોય તો સુવે. એટલો નિમિત્તમાં ફેર પડે કે નહીં. શોભાલાલજી!

મુમુક્ષુ :- પ્રત્યક્ષ આપે જ એનો જવાબ આપ્યો.

ઉત્તર :- શોભાલાલજી કામ પર જાય ત્યારે ઓલા પૈસા દેવા આવે. કહો એમ બને છે કે નહીં? ગામમાં ન આવે તો કોણ એને દેવા આવે? કોને કારણે? એ તો એ જડની પર્યાય પોતાને કારણે ત્યાં

જાય છે. શોભાલાલ આવ્યા તો પૈસા આવ્યા એમ છે નહીં. આરે! આરે! ભારે વાત ભાઈ!

નવનીતભાઈ! જુઓ! નવનીતભાઈ પણ ત્યાં જલગાંવમાં ગયા હતા. નહીં? આપણે જલગાંવમાં ગયા હતા ને. આમ જયાં ગયા ત્યાં નોકર બોકર બધા શેઠને. શેઠને પણ ઘણા આમ જલગાંવમાં. બધા માણસો રૂમમાં આવ્યા. જલગાંવમાં મોટું પંપ છે. પાવર હાઉસ. આંહી હવે જાવું છે ને ત્યાં જલગાંવ? એને આવવાનું છે ત્યાં માળું ભારે આ! શેઠ આવે ત્યારે ઓલા બધા તૈયાર થાય અને તે પહેલાં તૈયાર ન થાય તો એમાં કારણ કોણ? શેઠનું કાંઈક તેમાં કારણ ખરું કે નહીં?

મુમુક્ષુ :- નિમિત કારણ કહ્યું.

ઉત્તર :- તો નિમિત્તના કારણનો અર્થ શું થયો? એ તો બીજી ચીજ ઉપસ્થિત છે એટલું. પણ જે કાર્ય થયું તે નિમિત્તથી થયું નથી. વ્યવહાર પ્રધાનતાનો અર્થ શું? કરી શકતો નથી. ઠીક છે. શેઠીએ કર્યું છે ને બધું અભિમાન! પણ ત્યાં વ્યવહાર પ્રધાન રાખો અને અહીં, નિશ્ચય પ્રધાન આંહી રાખો. હેં? અનેકાંત હોય કે પરથી થયું ને પોતાથી નહીં તેનું નામ અનેકાંત છે. પરથી પણ થયું અને પોતાથી પણ થયું એમ બેય અનેકાંત નહીં એ તો ફુદડીવાદ થયો. આહાહા! ભારે કામ!

ભગવાન તો અનંત દ્રવ્ય કહે છે, અનંત પદાર્થ છે. અનંત આત્મા છે, અનંત પરમાણુ છે. તો અનંતનું અનંતપણે અસ્તિત્વ કેમ રહેશે? તેની વાત તો અહીંયા ચાલે છે.

અનંત જીવ છે. અનંત પરમાણુ છે. અનંતની સંખ્યા એક બીજાની ક્રિયા કરે તો એક બીજામાં ભળી જાય છે. તો અનંતની સંખ્યા પૃથક રહેતી નથી. તો અનંતનો જાણવાવાળો પોતાના જ્ઞાનમાં અનંત જાણે એમ તો રહ્યું નહીં. ગોટાળા થયા. આનાથી આ થયું ને આનાથી આ થયું એમ જ્ઞાન જાણે તે મિથ્યાજ્ઞાન થયું. સમજાણું કાંઈ?

પૂર્ણ વિરોધ થયો. કારણ કે નિશ્ચયથી જીવપરિણામોનો જીવ કર્તા છે. સમ્યગ્દર્શનના પરિણામનો કર્તા જીવ છે. દર્શન મોહનો અનુદય થયો તો સમ્યગ્દર્શન થયું એમ છે નહીં. એમ કહે છે. કાલ તે પ્રશ્ન કરતો હતો, ભાઈ! કર્મનો ઉદય દર્શનમોહનો ઉદય હોય અને મિથ્યાત્વ ન થયું હોય તે બતાવો. અરે ભગવાન! શું કરે છે તું? અને દર્શનમોહનો અનુદય હોય અને સમકિત ન પામે તે બતાવો. અરે એ તો નિમિત્તનું કથન છે ભાઈ! આહાહા! દાખલા તારા ખોટા લે. પ્રશ્ન કર્યા છે હો. આ બધા પ્રશ્ન અમારે આવી ગયા છે. છાપામાં આવી ગયા છે. મિથ્યાત્વનો ઉદય હોય જડનો દર્શનમોહનો અને મિથ્યાત્વ ન પામે તે એક દાખલો બતાવો. એમ કહે છે. અરે દાખલા એવા છે. સાંભળ તો ખરો!

મિથ્યા પરિણામ આત્મા રાગમાં આનંદ માને, પુણ્યના પરિણામમાં આનંદ માને, શરીરમાં સુખ માને, સ્ત્રી કુટુંબમાં સુખ માને એવો જે મિથ્યાત્વભાવ તે ભાવનો નિશ્ચયથી કર્તા જીવ છે. દર્શનમોહનો ઉદય છે તે તો નિમિત્ત છે. નિમિત્તમાત્ર તેને કહ્યું છે. આંહી તો તે કહે છે. આહાહા! સમજાણું કાંઈ? તું તારો આનંદ

તારામાં છે તેને ભૂલીને પરમાં આનંદ માને તે તો તારી સ્વતંત્ર મિથ્યાત્વની ક્રિયા તું કરે છે. કર્મથી થઈ છે એ તો નિમિત્તથી કથન છે. હેં? શેઠી! આહાહા! લ્યો. ભાઈ! મહેન્દ્રભાઈ જેવો છોકરા હોય વિનયવાળા. તો હૈયું આમ ઠરે! હાશ! એ કહે છે હૈયાએ સુખ માન્યું એ કોણે મનાવ્યું? કર્મે મનાવ્યું છે? શેઠી! શું? પોતે કલ્પના કરી. કે મારો છોકરો વિનયવંત થયો. અને મારી..... શું કહેવાય? હેં? બરાબર વૈયાવચ્ચ આદિ કરે છે, હેં? મારી આજ્ઞામાં રહે છે. વિનયવાળો છે ભાઈ! અને તેથી સુખ જ થાય આપણને. સુખ જ લાગે ને. નહીં. ડોકટર જેવા છોકરા હોય તો કેટલા કામ કરે. જુઓ! આંહી પડયા હોય તો, એ બધા ત્યાં કરે છે. જુઓ! ધૂળેય નથી. સાંભળ તો ખરો! ડોકટર તો પર થયા. પરમાં સુખ છે એમ આવ્યું કયાંથી? એ સુખની કલ્પના કરી તે મિથ્યાત્વની છે. તો તે મિથ્યાત્વનો કર્તા જીવ છે. કર્મ છે નહીં. એ કહે છે. જુઓ!

**'અને કર્મપરિણામોનું કર્મ (પુદ્‌ગલ) કર્તા છે...'** કર્મની પર્યાય જે થઈ તેનો કર્તા કર્મ છે. જીવ છે નહીં. અહીંયા તે યથાર્થ અને રાગ બે પક્ષ ભિન્ન કરવાની વાત છે. વિશેષ કહેશે.

**(શ્રોતા :-પ્રમાણ વચન ગુરુદેવ.)**

## ગાથા - ૬૧

**कुव्वं सगं सहावं अत्ता कत्ता सगस्स भावस्स ।**
**ण हि पोग्गलकम्माणं इदि जिणवयणं मुणेदव्वं ।।६१।।**

कुर्वन् स्वकं स्वभावं आत्मा कर्ता स्वकस्य भावस्य ।
न हि पुद्गलकर्मणामिति जिनवचनं ज्ञातव्यम् ।।६१।।

निश्चयेन जीवस्य स्वभावानां कर्तृत्वं पुद्गलकर्मणामकर्तृत्वं चागमेनोपदर्शितमत्र इति ।।६१।।

**નિજ ભાવ કરતો આતમા કર્તા ખરે નિજ ભાવનો,**
**કર્તા ન પુદ્‌ગલકર્મનો;-ઉપદેશ જિનનો જાણવો. ૬૧.**

**અન્વયાર્થ :-** (स्वकं स्वभावं) પોતાના *સ્વભાવને (कुर्वन्) કરતો (आत्मा) આત્મા

---

* જોકે શુદ્ધનિશ્ચયથી કેવળજ્ઞાનાદિ શુદ્ધભાવો 'સ્વભાવો' કહેવાય છેતોપણ અશુદ્ધનિશ્ચયથી રાગાદિક પણ 'સ્વભાવો' કહેવાય છે

**(हि) ખરેખર (स्वकस्य भावस्य) પોતાના ભાવનો (कर्ता) કર્તા છે, (न पुद्‌गलकर्मणाम्) પુદ્‌ગલકર્મોનો નહિ; (इति) આમ (जिनवचनं) જિનવચન (ज्ञातव्यम्) જાણવું.**

**ટીકા :- નિશ્ચયથી જીવને પોતાના ભાવોનું કર્તાપણું છે અને પુદ્‌ગલકર્મોનું અકર્તાપણું છે એમ અહીં આગમ વડે દર્શાવવામાં આવ્યું છે. ૬૧.**

## પ્રવચન નં. - ૫૮ ગાથા - ૬૧/૬૨
## પોષ વદ - ૧૩ બુધવાર તા. ૪/૨/૭૦.

कुव्वं सगं सहावं अत्ता कत्ता सगस्स भावस्स ।
ण हि पोग्गलकम्माणं इदि जिणवयणं मुणेदव्वं ।।६१।।

**નિજ ભાવ કરતો આતમા કર્તા ખરે નિજ ભાવનો,**
**કર્તા ન પુદ્‌ગલકર્મનો;-ઉપદેશ જિનનો જાણવો. ૬૧.**

ગાથા- ૬૧. જિનવચનને વચમાં નાખ્યું. લ્યો! બહુ સિદ્ધાંત છે ને.

**ટીકા :-** પોણા બે લીટી છે. પણ આખો સાર છે એમાં. શું કહે છે. જુઓ! **'નિશ્ચયથી ખરેખર જીવને પોતાના ભાવોનું કર્તાપણું છે...'** રાગ-દ્વેષ-ભાવ, પુણ્ય-પાપ-ભાવ, મિથ્યાત્વ-ભાવ તેને અહીંયા સ્વભાવ કહ્યો છે. અશુદ્ધનિશ્ચયથી પોતામાં થાય છે ને. સમજાણું કાંઈ?

વિકારી પર્યાય તે પોતાની પર્યાય પોતામાં થાય છે. તે કારણે તેને સ્વભાવ કહ્યો. અને તે સ્વભાવનો કર્તા આત્મા છે એમ કહ્યું. પોતાની પર્યાયનો કર્તા છે અને પુદ્‌ગલકર્મોનું અકર્તૃત્વ છે. પુદ્‌ગલ જડકર્મ તેનું કર્તૃત્વ તેને છે નહીં. તેને છે નહીં. સમજાણું કાંઈ? આમ આવો આમ, કોઠારી! તેનું નામ જયંતિભાઈને. શું સમજાણું?

ખરેખર આ આત્મા જે છે આત્મા. તે પોતાની પર્યાય પુણ્ય-પાપ, કામ, ક્રોધ, ભ્રમણા તેવી પોતાની પર્યાયની અવસ્થાનો કર્તા છે. પર વસ્તુનો આત્મા કર્તા નથી. આંહી તો કર્મની વાત છે. **'પુદ્‌ગલકર્મોનું અકર્તાપણું છે...'** જેટલા વિકારી પરિણામ થાય તેટલા પ્રમાણમાં કર્મ બંધાય છતાં, એમ હોવા છતાં પણ કર્મની પર્યાયનો કર્તા આત્મા નહીં. એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? બાંધે, બાંધે એ બધા વ્યવહારના વચન છે. જીવ બાંધે કોને? પોતાની પર્યાયને બાંધે, ભાવબંધ. તે અશુદ્ધ નિશ્ચયનય. ભગવાનની સૂક્ષ્મ વાત! સમજાણું કાંઈ?

અહીંયા તો નજીકમાં જે અંદર કર્મસંબંધ છે, જેટલા પ્રમાણમાં દોષ કરે તેટલા પ્રમાણમાં કર્મ સામે બંધાય. જેમ કે મિથ્યાત્વભાવ તીવ્ર કરે, દર્શનમોહ તીવ્ર બંધાય. મંદ કરે તો મંદ બંધાય. અને જેટલો રાગ-દ્વેષનો ભાવ કરે તેટલા કર્મબંધન થાય. છતાં તેટલો હોવા છતાં પણ જીવ પોતાના વિકારનો કર્તા છે. પણ કર્મબંધનની પર્યાયનો કર્તા નથી. કેમ કે તે તો પરદ્રવ્ય છે.

મુમુક્ષુ :- ઉપાદાન કર્તા નહીં પણ નિમિત્ત કર્તા તો....

ઉત્તર :- નિમિત્ત કર્તા એ તો આરોપ છે. નિમિત્ત કર્તાનો અર્થ આરોપ છે. વસ્તુ સ્થિતિ નથી. આ તો કર્મનો કર્તા નથી એમ કહે છે. તો તમારી બીડી બીડીનો કર્તા તો આત્મા છે નહીં.

મુમુક્ષુ :- એ કયાંથી આવ્યું બીડીનો કર્તા.....

ઉત્તર :- એમાં નથી આવ્યું? આંહી તો કહે છે કે નજીક તેથી તો પહેલું કહ્યું. પોતાના સદ્‌ભાવો છે ને પાઠમાં. જુઓ! **'कुर्व सगं, सहावं'** ભગવાનઆત્મા પોતાને ભૂલે તો પોતાની પર્યાય નામ અવસ્થામાં ભ્રમણા, રાગ-દ્વેષ આદિ પર્યાય કરે. સમજાણું કાંઈ?

હજી ખબર નથી કે હું શું કરું છું અને મારાથી શું થાય છે. આ તો હું કર્મ બાંધુ છું. તો કર્મ તો જડ પર્યાય છે. જડની અવસ્થાનો કર્તા તો જડ છે. આત્મા તેનો કર્તા નથી. તો શરીર, વાણી, મન, પૈસા, આબરૂ, કીર્તિ જડ પર પર્યાય છે તેનો કર્તા આત્મા છે નહીં. ધંધા પાણીની ક્રિયા થાય છે ને તે જડની છે. આત્મા તેનો કર્તા નથી. એમ કહે છે. આહાહા!

**'નિશ્ચયથી જીવને પોતાના ભાવોનું કર્તાપણું છે...'** જુઓ! **'પુદ્‌ગલકર્મોનું અકર્તાપણું છે...'** જડકર્મ જે આઠ કર્મ બંધાય છે તેનું કર્તૃત્વ આત્મામાં છે નહીં. **'એમ અહીં આગમ વડે દર્શાવવામાં આવ્યું છે...'** ભગવાનની વાણીમાં જિનવર વાણીમાં પરમાત્મા, પાઠ છે ને મૂળ પાઠમાં. **जिळवयळं** દેખો, **जिळवयळं भुळेदव्वं** વીતરાગની વાણીમાં એમ આવ્યું છે. સમજાણું કાંઈ?

હવે એક કોર આ માને અને બીજી વાત જયારે એવી આવે કે વિકારી પર્યાય છે તેનો જયાં સુધી કર્તા થાય છે ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ છે. એ બીજી વાત છે. આંહી તો પરનો કર્તા નથી અને પોતાની અવસ્થાનો પોતે કર્તા છે એટલું સિધ્ધ કરીને પરથી ભિન્ન બતાવવું છે. સમજાણું કાંઈ? કોઈ કહે કે ભાઈ શું કરે જેવો કર્મનો ઉદય આવે તેવો અમારામાં ભાવ થાય છે તો તે વાત ખોટી છે. એમ છે નહીં. તારી જેટલી પ્રમાદતા અને આળસુ, હિંસા છે તેટલા પ્રમાણમાં તારામાં તારાથી વિકાર થાય છે. ચાહે તો મિથ્યાત્વ હોય. સમજાણું કાંઈ? કાં રાગ-દ્વેષ હોય, વિષય વાસના હોય, ક્રોધ, માન, માયા, લોભ હોય કે પુણ્ય ને પાપના બે પ્રકારે વિકલ્પ છે તે અસંખ્ય પ્રકારે હોય તેનો કર્તા આત્મા છે. પરના કર્મબંધનનો કર્તા આત્મા નહીં. સમજાણું કાંઈ?

બીજી વાત એમ પણ આવે કે આટલી હદપૂર્વક પણ યથાર્થ નથી. વિકારની પર્યાય ઉપર જયાં

સુધી દૃષ્ટિ છે ત્યાં સુધી વિકારનો કર્તા છે તે અજ્ઞાનભાવે છે. પોતાનો જ્ઞાયકસ્વભાવ ચિદાનંદ પ્રભુ ધ્રુવ છે તેવી દૃષ્ટિ થવાથી તે વિકારની પર્યાયનો પણ કર્તા નહીં તેનો જ્ઞાતા અને જાણક છે. એ ઉપરાંત આગળ લઈએ તો પોતાની નિર્વિકારી પર્યાયનો પણ દ્રવ્ય કર્તા નથી. આહાહા! કર્તા દ્રવ્ય નહીં. આત્મા નહીં. પર્યાયનો કર્તા પર્યાય છે. પર્યાયમાં કર્તા-કર્મની શક્તિ પડી છે. સમજાણું કાંઈ? એમ અપેક્ષાથી બધું સમજવું જોઈએ. બાપુ! અનંતકાળથી બરાબર નથી સમજણ તો એકાંત થઈ જાશે. સમજાણું કાંઈ? વસ્તુ ભગવાન જિનવાણીમાં એમ આવ્યું છે. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે જેવું જાણ્યું તેવું ઈન્દ્ર અને ગણધર સમક્ષ ફરમાવ્યું. તીર્થંકર ત્રિલોકનાથ પરમાત્મા-ભાઈ ભૈયા! તું તારી વિકારી દશાનું કર્તૃત્વ તારામાં છે, પણ પરની ક્રિયા અને પરનું કાર્ય તારાથી થતું નથી. આહા! સમજાણું કાંઈ?

એવી પરથી પોતાની ભિન્નતા બતાવીને પછી આગળ કહે છે કે, ભૈયા! તારો સ્વભાવ તો ભગવાન જ્ઞાયક શુદ્ધ ચૈતન્ય છે ને. તારો સ્વભાવ તો ભગવાન ધ્રુવ ચૈતન્ય પડ્યો છે. તો તે સ્વભાવ રાગને, વિકારને કેમ કરે? કેમ કે સ્વભાવની દૃષ્ટિ સમ્યક્ત્વ થઈ તો વિભાવનો કર્તા આત્મા થતો નથી. વિભાવ જે થાય છે તેનો તો જ્ઞાતા-દૃષ્ટા રહે છે. એથી પણ આગળ જઈએ તો વિભાવ જે વિકાર છે તેની જાણવાની પર્યાય છે, જાણવાની પર્યાય તેનો પણ કર્તા દ્રવ્ય નથી. પર્યાય છે ને. પર્યાયનો કર્તા પર્યાય છે, દ્રવ્ય કર્તા નથી. કેમ કે દ્રવ્ય અને પર્યાય બન્ને ભિન્ન ચીજ છે. શેઠ! હજી સુધી સાંભળ્યું પણ નથી જૈનમાં. ભાઈ કહે છે કે સાંભળવા પણ ન મળે. પૈસા એકઠા કરવામાં કેટલી દરકાર કરે છે. જ્યાં ને ત્યાંથી મેળવે છે કે નહીં? માને છે હો. શું? આહાહા!

આંહી તો કહે છે પ્રભુ! ભાઈ! તું આત્મા છે કે નહીં? છે કે નહીં? છે તો તારું અસ્તિપણું છે અને તારામાં કોઈ ચીજ કાયમની છે કે નહીં? જો તું કાયમી ચીજ છે તો તારો સ્વભાવ અસલી કાયમી નિત્ય કોઈ સ્વભાવ છે કે નહીં? તો ભગવાનનો નિત્ય સ્વભાવ તો જ્ઞાન, આનંદ, શાંતિ તે નિત્ય સ્વભાવ છે. આત્માનો તો તે સ્વભાવ છે તો તે સ્વભાવની દૃષ્ટિથી વિકારનો પણ કર્તા નથી. વિકાર પણ પર થઈ ગયો. અને તે દૃષ્ટિથી દ્રવ્યસ્વભાવની દૃષ્ટિમાં પર્યાયથી દ્રવ્યનો નિર્ણય થયો. પર્યાયથી દ્રવ્ય શુદ્ધ છે તેવો નિર્ણય થયો. પણ તે પર્યાયનો કર્તા દ્રવ્ય નહીં. આરે! ભારે વાત ભાઈ! એય! સમ્યગ્દર્શનની પર્યાયનો કર્તા દ્રવ્ય નહીં. આ વીતરાગની ગજબ વાત છે! સમજાણું કાંઈ? કહો, શેઠી! આ વાત જરા કહો, થોડી વિશેષ સ્પષ્ટ કરો એમ કહે છે. વન્સ મોર કરીએ.

કહે છે, ભાઈ! જેવી ચીજ છે એવું તારું જ્ઞાન સાચું હોવું જોઈએ. સાચા જ્ઞાન વગર સાચી દૃષ્ટિ નહીં અને સાચી દૃષ્ટિ વગર ધર્મ નહીં. જન્મ-મરણનો ઉદ્ધાર કરવાની ચીજ તારી પાસે નથી, જો સાચી દૃષ્ટિ ન હોય તો. સમજાણું કાંઈ? તો કહે છે કે ભગવાનઆત્મા પોતાની પર્યાય અવસ્થામાં જેટલા પ્રકારના પુણ્ય-પાપના વિકાર કરે છે તેનું તેને કર્તાપણું છે. કેમ કે તેની પર્યાયનું પરિણમન છે. પણ

તેનાથી પરનો કર્તા થઈ જાય, આત્મા કર્મ બાંધે અને કર્મ તોડે એમ છે નહીં. કેમ કે કર્મ પરદ્રવ્ય છે. તો પરદ્રવ્ય નામ પર વસ્તુ છે. તો પર વસ્તુની અવસ્થાનો કર્તા સ્વ વસ્તુ હોતી નથી.

અને તેનાથી આગળ જતાં કે વિકારની પર્યાય પણ ક્ષણિક છે ભગવાન તો નિરાકુળ આનંદકંદ આત્મા છે. એવા નિજ કાયમી અસલી સ્વભાવની દૃષ્ટિ કરવાથી કૃત્રિમ વિકારનો કર્તા પણ અસલી સ્વભાવ દૃષ્ટિવાન છે નહીં. અર્થાત અસલી સ્વભાવ છે નહીં. અસલી સ્વભાવ દૃષ્ટિવાન છે નહીં કે અસલી સ્વભાવ જે ત્રિકાળ છે તે પણ વિકારનો કર્તા છે નહીં.

એથી આગળ જઈએ તો વિકારની જે પર્યાય થાય છે તેને સમ્યગ્દૃષ્ટિ ધર્મી પોતાના દ્રવ્યસ્વભાવને જાણે છે તેમાં જે રાગ આવ્યો તેને જાણે છે. પોતાના અસ્તિત્વમાં રહીને રાગ ભિન્ન છે એમ જાણે છે. એ જાણવાની પર્યાય જે છે અથવા સમ્યગ્દર્શનની પર્યાય છે તે પર્યાયનો કર્તા પણ દ્રવ્ય નથી. આરે! ગજબ વાત છે ને! એવું સમજવું પડશે સત્ શરણ લેવું હોય તો. નહીંતર કલ્યાણ નહીં થાય. રખડી મરે ને દુઃખી દુઃખી દુઃખી. આહાહા!

**'કહે છે નિશ્ચયથી જીવને પોતાના ભાવોનું કર્તાપણું છે. પુદ્‌ગલકર્મોનું અકર્તાપણું છે...'** અરે! પુદ્‌ગલ કર્મ જેટલા પ્રમાણમાં વિકાર તેટલા પ્રમાણમાં કર્મ બંધાય તોપણ કર્મની પર્યાયની અવસ્થાનો આત્મા કર્તા નહીં. તો પછી શરીર, વાણી, માલ, પાણી આ તમારા બહારની. પૈસા, તમાકુ, આ બધી બહારની ચીજ એ જડની ચીજ અસ્તિત્વ છે અને પર આત્મા. તે બધાની પર્યાય અવસ્થા જે કાર્ય થાય છે તે, તે દ્રવ્યથી થાય છે તારાથી થતા નથી. સમજાણું કાંઈ? આટલી લીટીમાં બધું ભરી દીધું છે. અહીં આગમ વડે દર્શાવવામાં આવ્યું છે. આગમ નામ ભગવાનની વાણીમાં ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગની વાણીમાં આમ આવ્યું છે.

---

## ગાથા - ૬૨

**कम्मं पि सगं कुव्वदि सेण सहावेण सम्ममप्पाणं ।**
**जीवो वि य तारिसओ कम्मसहावेण भावेण ।।६२।।**

कर्मापि स्वकं करोति स्वेन स्वभावेन सम्यगात्मानम् ।
जीवोऽपि च तादशक: कर्मस्वभावेन भावेन ।।६२।।

अत्र निश्चयनयेनाभिन्नकारकत्वात्कर्मणो जीवस्य च स्वयं स्वरूपकर्तृत्वमुक्तम् ।

कर्म खलु कर्मत्वप्रवर्तमानपुद्गलस्कन्धरूपेण कर्तृतामनुबिभ्राणं, कर्मत्वगमनशक्तिरूपेण करणतामात्मसात्कुर्वत्, प्राप्यकर्मत्वपरिणामरूपेण कर्मतां कलयत्, पूर्वभावव्यपायेऽपि ध्रुवत्वालम्बनादुपात्तापादानत्वम्, उपजायमानपरिणामरूपकर्मणाश्रीयमाणत्वादुपोढसम्प्रदानत्वम्, आधीयमानपरिणामाधारत्वाद्गृहीताधिकरणत्वं, स्वयमेव षट्कारकीरूपेण व्यवतिष्ठमानं न कारकान्तरमपेक्षते । एवं जीवोऽपि भावपर्यायेण प्रवर्तमानात्मद्रव्यरूपेण कर्तृतामनुबिभ्राणो, भावपर्यायगमनशक्तिरूपेण करणतामात्मसात्कुर्वन्, प्राप्यभावपर्यायरूपेण कर्मतां कलयन्, पूर्वभावपर्यायव्यपायेऽपि ध्रुवत्वालम्बनादुपात्तापादानत्व:, उपजायमान भावपर्यायरूपकर्मणा–श्रीयमाणत्वादुपोढसम्प्रदानत्व:, आधीयमानभावपर्यायाधारत्वाद्गृहीताधि करणत्व:, स्वयमेव षट्कारकीरूपेण व्यवतिष्ठमानो न कारकान्तरमपेक्षते । अत: कर्मण: कर्तुर्नास्ति जीव: कर्ता, जीवस्य कर्तुर्नास्ति कर्म कर्तृ निश्चयेनेति ।।६२।।

---

**રે! કર્મ આપસ્વભાવથી નિજ કર્મપર્યયને કરે,**
**આત્માય કર્મસ્વભાવરૂપ નિજ ભાવથી નિજને કરે. ૬૨.**

**અન્વયાર્થ :-** (कर्म अपि) **કર્મ પણ** (स्वेन स्वभावेन) **પોતાના સ્વભાવથી** (स्वकं करोति) **પોતાને કરે છે** (च) **અને** (तादशक: जीव: अपि) **તેવો જીવ પણ** (कर्मस्वभावेन भावेन) **કર્મસ્વભાવ ભાવથી (-ઔદયિકાદિ ભાવથી)** (सम्यक् आत्मानम्) **બરાબર પોતાને કરે છે.**

**ટીકા :-** નિશ્ચયનયે અભિન્ન કારકો હોવાથી કર્મ અને જીવ સ્વયં સ્વરૂપના (-પોતપોતાના રૂપના) કર્તા છે એમ અહીં કહ્યું છે.

કર્મ ખરેખર (૧) કર્મપણે પ્રવર્તતા પુદ્‌ગલસ્કંધરૂપે કર્તાપણાને ધરતું, (૨) કર્મપણું પામવાની શક્તિરૂપે કરણપણાને અંગીકૃત કરતું, (૩) પ્રાપ્ય એવા કર્મત્વપરિણામરૂપે કર્મપણાને અનુભવતું, (૪) પૂર્વભાવનો નાશ થવા છતાં ધ્રુવપણાને અવલંબતું હોવાથી જેણે અપાદાનપણાને પ્રાપ્ત કર્યું છે એવું, (૫) ઉપજતા પરિણામરૂપ કર્મ વડે સમાશ્રિત થતું હોવાથી (અર્થાત્ ઉપજતા પરિણામરૂપ કાર્ય પોતાને દેવામાં આવતું હોવાથી) સંપ્રદાનપણાને પામેલું અને (૬) ધારી રાખવામાં આવતા પરિણામનો આધાર હોવાથી જેણે અધિકરણપણાને ગ્રહ્યું છે એવું-સ્વયમેવ ષટ્કારકરૂપે વર્તતું થકું અન્ય કારકની અપેક્ષા રાખતું નથી.

એ પ્રમાણે જીવ પણ (૧) ભાવપર્યાયે પ્રવર્તતા આત્મદ્રવ્યરૂપે કર્તાપણાને ધરતો,

(૨) ભાવપર્યાય પામવાની શકિતરૂપે કરણપણાને અંગીકૃત કરતો, (૩) પ્રાપ્ય એવા ભાવપર્યાયરૂપે કર્મપણાને અનુભવતો, (૪) પૂર્વ ભાવપર્યાયનો નાશ થવા છતાં ધ્રુવપણાને અવલંબતો હોવાથી જેણે અપાદાનપણાને પ્રાપ્ત કર્યું છે એવો, (૫) ઊપજતા ભાવપર્યાયરૂપ કર્મ વડે સમાશ્રિત થતો હોવાથી (અર્થાત્ ઊપજતા ભાવપર્યાયરૂપ કાર્ય પોતાને દેવામાં આવતું હોવાથી) સંપ્રદાનપણાને પામેલો અને (૬) ધારી રાખવામાં આવતા ભાવપર્યાયનો આધાર હોવાથી જેણે અધિકરણપણાને ગ્રહ્યું છે એવો-સ્વયમેવ ષટ્કારકરૂપે વર્તતો થકો અન્ય કારકની અપેક્ષા રાખતો નથી.

માટે નિશ્ચયથી કર્મરૂપ કર્તાને જીવ કર્તા નથી અને જીવરૂપ કર્તાને કર્મ કર્તા નથી. (જયાં કર્મ કર્તા છે ત્યાં જીવ કર્તા નથી અને જયાં જીવ કર્તા છે ત્યાં કર્મ કર્તા નથી.)

ભાવાર્થ :-(૧) પુદ્ગલ સ્વતંત્રપણે દ્રવ્યકર્મને કરતું હોવાથી પુદ્ગલ પોતે જ કર્તા છે; (૨) પોતે દ્રવ્યકર્મરૂપે પરિણમવાની શકિતવાળું હોવાથી પુદ્ગલ પોતે જ કરણ છે; (૩) દ્રવ્યકર્મને પ્રાપ્ત કરતું-પહોંચતું હોવાથી દ્રવ્યકર્મ કર્મ છે, અથવા દ્રવ્યકર્મથી પોતે અભિન્ન હોવાથી પુદ્ગલ પોતે જ કર્મ જ (-કાર્ય) છે; (૪) પોતાનામાંથી પૂર્વ પરિણામનો વ્યય કરીને દ્રવ્યકર્મરૂપ પરિણામ કરતું હોવાથી અને પુદ્ગલદ્રવ્યરૂપે ધ્રુવ રહેતું હોવાથી પુદ્ગલ પોતે જ અપાદાન છે; (૫) પોતાને દ્રવ્યકર્મરૂપ પરિણામ દેતું હોવાથી પુદ્ગલ પોતે જ સંપ્રદાન છે; (૬) પોતાનામાં અર્થાત્ પોતાના આધારે દ્રવ્યકર્મ કરતું હોવાથી પુદ્ગલ પોતે જ અધિકરણ છે.

એ જ પ્રમાણે (૧) જીવ સ્વતંત્રપણે જીવભાવને કરતો હોવાથી જીવ પોતે જ કર્તા છે; (૨) પોતે જીવભાવરૂપે પરિણમવાની શકિતવાળો હોવાથી જીવ પોતે જ કરણ છે; (૩) જીવભાવને પ્રાપ્ત કરતો-પહોંચતો હોવાથી જીવભાવ કર્મ છે અથવા જીવભાવથી પોતે અભિન્ન હોવાથી જીવ પોતે જ કર્મ છે; (૪) પોતાનામાંથી પૂર્વ ભાવનો વ્યય કરીને (નવીન) જીવભાવ કરતો હોવાથી અને જીવદ્રવ્યરૂપે ધ્રુવ રહેતો હોવાથી જીવ પોતે જ અપાદાન છે; (૫)પોતાને જીવભાવ દેતો હોવાથી જીવ પોતે જ સંપ્રદાન છે; (૬) પોતાનામાં અર્થાત્ પોતાના આધારે જીવભાવ કરતો હોવાથી જીવ પોતે જ અધિકરણ છે.

આ રીતે, પુદ્ગલની કર્મોદયાદિરૂપે કે કર્મબંધાદિરૂપે પરિણમવાની ક્રિયાને વિષે ખરેખર પુદ્ગલ જ સ્વયમેવ છ કારકરૂપે વર્તતું હોવાથી તેને અન્ય કારકોની અપેક્ષા નથી તથા જીવની ઔદયિકાદિ ભાવરૂપે પરિણમવાની ક્રિયાને વિષે ખરેખર જીવ જ સ્વયમેવ છ કારકરૂપે વર્તતો હોવાથી તેને અન્ય કારકોની અપેક્ષા નથી. પુદ્ગલની અને જીવની ઉપરોકત

**ક્રિયાઓ એક જ કાળે વર્તતી હોવા છતાં પણ પૌદ્ગલિક ક્રિયાને વિષે વર્તતાં પુદ્ગલનાં છ કારકો જીવકારકોથી તદ્દન ભિન્ન અને નિરપેક્ષ છે તથા જીવભાવરૂપ ક્રિયાને વિષે વર્તતાં જીવનાં છ કારકો પુદ્ગલકારકોથી તદ્દન ભિન્ન અને નિરપેક્ષ છે. ખરેખર કોઈ દ્રવ્યનાં કારકોને કોઈ અન્ય દ્રવ્યનાં કારકોની અપેક્ષા હોતી નથી. ૬૨.**

## ગાથા - ૬૨ ઉપર પ્રવચન

कम्मं पि सगं कुव्वदि सेण सहावेण सम्ममप्पाणं ।
जीवो वि य तारिसओ कम्मसहावेण भावेण ।।६२।।

**રે! કર્મ આપસ્વભાવથી નિજ કર્મપર્યયને કરે,**
**આત્માય કર્મસ્વભાવરૂપ નિજ ભાવથી નિજને કરે. ૬૨.**

હવે બાંસઠ ગાથા. બાંસઠ ગાથા બહુ ઊંચી છે. આ ગાથા ચર્ચાણી હતી હો. તેરની સાલમાં. કયુ ગામ, શું કહેવાય મધુવન – મધુવનમાં. મધુવનમાં હતા તમે? ઓરડામાં વર્ણીજી હતા. બધા પંડિત હતા. ઘણા પંડિત હતા. તેરની સાલ. તેર વર્ષ થયા. નીચે બેય હતા. પણ ત્યાં અંદર ચર્ચામાં નહતા. ચર્ચામાં નહતા. એ વખતે પૈસા દેવા ને બધું. ત્યારે વર્ણીજીની સાથે બહુજ ચર્ચા થઈ હતી. મધુવનમાં તેરની સાલ. તેર વર્ષ થયા.

કે વિકાર જે છે તે આત્મા પોતાથી કરે છે નિશ્ચયથી, પરની અપેક્ષા રાખ્યા વગર. કર્મ છે તો વિકાર થાય છે એમ પણ નથી. કેમ કે તે છે તો તેના અસ્તિત્વમાં છે. તેના અસ્તિત્વથી વિકારનું અસ્તિત્વ થાય છે એમ છે નહીં. પંડિતોમાં ગડબડ થઈ ગઈ. આવી વાત કરીને તો પંડિતોમાં ગડબડ થઈ ગઈ. વર્ણીજી! બંસીધરજી! (એ લોકો કહે) એ તો અભેદની વાત છે અભેદની વાત છે. એમ નહીં. વિકાર તો પોતાથી નથી થતો. કર્મ છે તો વિકાર થાય છે. કીધું એમ કયારેય છે નહીં. આ બાંસઠ ગાથા લીધી ત્યારે કહ્યું હતું. આ બાંસઠ. કહ્યું કે, જુઓ! વિકાર પોતાથી ભૂલ કર્મની, નિમિત્તના ઉદયની અપેક્ષા રાખ્યા વગર પોતાથી વિકાર પોતાના કારણે, પોતે કર્તા થઈને, પોતે સાધન થઈને, પોતાના આધારે વિકાર પોતાથી થાય છે. પંડિતોમાં ગડબડ થઈ ગઈ. મગનભાઈ! પછી એક ફુલચંદજી બોલ્યા. સ્વામીજી કહે છે કે નિશ્ચયથી વિકાર દોષ પરની અપેક્ષા રાખ્યા વગર પોતાથી થાય છે એમ કહે છે. ફુલચંદજી એકલા બોલ્યા. સમજાણું કાંઈ?

અત્યારે જૈનમાં બહુ જ ગડબડી છે. કર્મથી વિકાર થાય છે કર્મ આત્માને રડાવે છે. કર્મ એક ગતિમાંથી બીજી ગતિમાં લઈ જાય છે. કર્મ આત્મા છે. આત્મા તો પંગુ છે. પરમાત્મ પ્રકાશમાં કહ્યું છે ને. એ રતનચંદજી કહે છે. જુઓ! આત્મા પંગુ છે. કઈ અપેક્ષાએ છે સાંભળ તો ખરો. સમજાણું કાંઈ? ગતિ કરવી ને આ કરવું તે ક્રિયા આત્માની નહીં. સમજાણું કાંઈ?

આત્મા તો જ્ઞાનદર્શનઆનંદનો કંદ છે. ભૂલે તો પોતાની પર્યાયને કરે. પણ ગતિ આદિ કરે ને પરની ક્રિયા કરે ને પરને કારણે ચાલે એમ છે નહીં. તત્ત્વની બહુ જ વિરૂધ્ધ. સમજાણું કાંઈ? શેઠ! આ તે ગાથા છે લ્યો. તેરની સાલમાં તમે ત્યાં હતા. પાંચના અગિયાર થઈ જાશે તેમાં. લ્યો! શેઠે કાંઈક પાંચ હજાર કહ્યા હતા, સાગર વિદ્યાલયમાં. પછી કહે સાગર જતાં જતાં અગિયાર હજાર થઈ જાશે. અમે બેઠા હતા ને મધુવનમાં. જુઓ! બાંસઠ.

આ અભિન્ન શબ્દ તે દિ' આવ્યો હતો. ભાઈ! એ તો અભિન્ન છે કહે. અભિન્નનો અર્થ શું? સમજાણું કાંઈ? પંડિતે આ અભિન્ન શબ્દ કહ્યો હતો. એ તો અભિન્નની વાત છે. પણ અભિન્નનો અર્થ શું? પરથી થાતું નથી અને પોતાથી થાય છે તેનું નામ અભિન્ન છે. દોષ કર તું અને નાખ કર્મ ઉપર આરોપ, મોટો અપરાધ કરે છે. કીધું અન્યાય કરે છે. બહુ જ આવ્યા હતા. વ્યાખ્યાનમાં પણ આવ્યા હતા. સમજયા?

'જિન આજ્ઞા માને તો એવી અનીતિ સંભવે નહીં.' કે વિકાર કર તું, ભ્રમણા કર તું, ભ્રમણા અને રાગ-દ્વેષ કર તું અને તેમાં કહે કે કર્મથી થાય છે કર્મથી થાય છે. મોટો અન્યાય કરે છે. સમજાણું કાંઈ? કહે આ તો જયાં ત્યાંથી લઈ લઈને પોતાની વાત સિધ્ધ કરે છે. એમ ત્યાં કહ્યું હતું. ટુકડા લઈને. પણ જયાં ત્યાંથી લઈને સત્ય સિધ્ધ કરે છે કે અસત્ય સિધ્ધ કરે છે? સાંભળ તો ખરો? આહાહા! શું થાય? પણ આ શેઠીયાઓને ભાન ન મળે. અને માથે જે કહે તે હા હા કહીને ચાલ્યા જાય.

મુમુક્ષુ :- અભ્યાસ ન હોય તો શું કરે?

ઉત્તર :- પણ અભ્યાસ ન કરવો હોય તો જૈનમાં જનમ્યા શું કરવા? તમારો બચાવ કરે છે. મોઢા આગળ એ બેઠા હોય. જય મહારાજ! સાચી વાત છે.

કર્મ હોય તો વિકાર થાય. કર્મ વિના વિકાર થાય? સિધ્ધમાં કર્મ નથી ને વિકાર થતો નથી. જુઓ! તમને ખબર નથી? સિધ્ધમાં વિકાર છે? પરમાત્મા સિધ્ધ થયા વિકાર છે? કેમ નથી? કર્મ નથી. ત્યાં કર્મ નથી તો વિકાર નથી. એટલું પણ સમજમાં નથી આવતું? હા, મહારાજ! આવું અનાદિથી......(ચાલ્યા કરે છે.) નવનીતભાઈ! એ પ્રશ્ન થયો હતો ને, ઈડરમાં. ઈડર નહીં? ઓલો વિકાસચંદજી! રાજકોટ ચર્ચા થઈને. વિકાસચંદજીએ પ્રશ્ન કર્યો હતો. રાજકોટમાં સભા ભરાણીને ત્યારે પટેલ હતા બધા. સિધ્ધમાં

કર્મ નથી તો વિકાર નથી થતાં. માટે કર્મ છે ત્યાં વિકાર થાય છે. કીધું એમ બાપા એ કર્મ છે તો વિકાર થાય છે! તેના અસ્તિત્વથી અહીંયા અસ્તિત્વ હોય છે? આહા! આવી ને આવી ઊંધી.... પણ આ વાણીયાને ક્યાં વ્યાપાર આડે ધંધા આડે નક્કી કરવાની નવરાશ ક્યાં છે. સમજાણું કાંઈ? એ રસીકભાઈ! આહાહા!

શું કહે છે? **'નિશ્ચયનયથી...'** નિશ્ચય નામ ખરેખર જ્ઞાનના અભિપ્રાયથી **'અભિન્ન કારકો હોવાથી...'** અભિન્ન કારકો હોવાથી, જડની પર્યાયનું જડમાં હોવું અને જીવની પર્યાય-પર્યાય એટલે અવસ્થા, વિકાર પોતાથી થવો એ અભિન્ન. દ્રવ્ય પોતાથી વિકાર કરે છે. જડ પોતાથી પર્યાય કરે છે. તે અભિન્ન થયું. ભિન્ન દ્રવ્ય કર્તા છે એમ છે નહીં.

**'કર્મ અને જીવ સ્વયં સ્વરૂપના (-પોતપોતાના રૂપના) કર્તા છે...'** સ્વયં સ્વરૂપના-સ્વરૂપ શબ્દે અહીંયા વિકાર લેવો છે. સમજાણું કાંઈ? અહીં તો એકલા અશુધ્ધની વાત છે. અહીં તો અશુધ્ધની વાત છે. અહીં તો કર્મને પરચીજ સિધ્ધ કરવું છે. કર્મ એટલે પોતાનું કાર્ય. પોતાના કાર્યનો કર્તા આત્મા છે. સમજાણું કાંઈ? આહાહા!

**'અભિન્ન કારકો હોવાથી...'** અભિન્ન કારકોનો અર્થ શું? કે જડ કર્મની પર્યાય જડથી થાય છે, તે અભિન્ન થયું. તે પર્યાયનો કર્તા ભિન્ન આત્મા છે નહીં. અને પોતાના વિકારનો કર્તા આત્મા છે. અભિન્ન એટલે પર્યાયો દ્રવ્યથી અભિન્ન છે. પર્યાયો અભિન્ન છે એમ અહીં લેવું છે ને. માળે! ભારે વાત ભાઈ! તકરાર ચાલે. નહીં. પર્યાય ને દ્રવ્ય ભિન્ન છે. પણ કઈ અપેક્ષાએ છે તે સાંભળ તો ખરો! અહીંયા તો પરથી ભિન્ન પાડવાની વાત છે. પછી વળી પર્યાય દ્રવ્યમાં નથી અને દ્રવ્ય પર્યાયમાં નથી એ તો અંતરનું ભેદજ્ઞાન છે. સમજાણું કાંઈ? હેં?

**'અભિન્ન કારકો હોવાથી કર્મ અને જીવ સ્વયં સ્વરૂપના કર્તા છે...'** જુઓ! પોતપોતાનું સ્વરૂપ. જડ પર્યાય જડથી થાય છે અને આત્માની પર્યાય આત્માથી થાય છે. જુઓ! આ હાથ ચાલે છે આમ. તો કહે છે કે પરમાણુ જે છે પરમાણુ તે તેની પર્યાયના કર્તા છે. એ અભિન્ન થયું. દ્રવ્ય અને પર્યાય એક છે, એક પ્રદેશમાં છે. આત્મા ભિન્ન પ્રદેશમાં ભિન્ન ચીજ છે. તો ભિન્ન ચીજ આમ શરીરની પર્યાય કરે એવું ક્યારેય ત્રણકાળમાં બનતું નથી. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? આ વાણી નીકળે છે. જુઓ! વાણી. તો કહે છે કે વાણી પરમાણુની અવસ્થા છે, જડના રજકણની. તો રજકણની તે પર્યાય રજકણથી અભિન્ન છે. તે કારણે તે રજકણ ભાષાની પર્યાયનો કર્તા છે. આત્મા ભિન્ન છે. તો ભિન્ન ભાષાની પર્યાયના કર્તા છે એમ છે નહીં. આહાહા!

આત્મા વિના બોલાય છે? ભીંતમાંથી અવાજ નીકળે છે? સાંભળ તો ખરો! એ ભાષા જડની પર્યાય છે. એ આત્મા વિના નીકળે છે. આરે! ભારે કઠણ! લાડુલાલજી! જડ પદાર્થ છે કે નહીં? અજીવ

પદાર્થ છે કે નહીં? અજીવ તત્ત્વ છે કે નહીં? તો અજીવ તત્ત્વની પર્યાય અજીવથી થાય છે. જીવથી થતી નથી. આહાહા! મારી જડની પર્યાય જીવથી થાય છે એમ માનવું તે ભ્રમણા અજ્ઞાન છે. મહા મિથ્યા શ્રદ્ધાનું મોટું પાપ છે. સમજાણું કાંઈ?

જીવ સ્વયં કર્મના સ્વરૂપને અને પોતાના સ્વરૂપને સ્વયં પદાર્થ... જુઓ! સ્વરૂપ શબ્દે વિકાર પણ જીવની પર્યાયનું સ્વરૂપ છે ને. અને કર્મની પર્યાય પુદ્‌ગલની પર્યાય એ પુદ્‌ગલનું સ્વરૂપ છે. તો કર્મ થાય છે ને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય વગેરે આઠ કર્મ. તો તે કર્મ પર્યાય છે તે પુદ્‌ગલની છે. તે જીવે કરી તેમ છે નહીં. અને જીવમાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ થાય છે તે જીવથી થાય છે. જડથી થતા નથી. એટલા નિર્ણયની ખબર નથી તેને વિકારથી પણ ભિન્ન ભગવાનઆત્મા છે (તેની ખબર નથી).

વિકાર ક્ષણિક છે, વસ્તુ ત્રિકાળી આનંદકંદ સચ્ચિદાનંદ શુદ્ધ છે. એવી દૃષ્ટિ થયા વગર વિકારનું કર્તાપણું જાતું નથી. અને વિકારનું કર્તાપણું ગયા વગર નિર્વિકાર દૃષ્ટિ થતી નથી. નિર્વિકાર દૃષ્ટિ થયા વગર ધર્મ થતો નથી. કહો, સમજાય છે કાંઈ? સ્વયં સ્વરૂપના કર્તા છે. તે સ્વયંનો અર્થ-પરમાણુઓ પરમાણુની પર્યાયના કર્તા છે, આત્મા પોતાની વિકારી પર્યાયનો કર્તા છે. તે તેનું સ્વરૂપ છે. અત્યારે એ સિદ્ધ કરવું છે.

હવે **કર્મ ખરેખર**, પહેલાં કર્મનું પાઠમાં છે ને. **'कम्मं पि सगं'** કર્મ પહેલાં લીધું છે. આઠ કર્મ છે ને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, નામ, ગોત્ર, આયુષ્ય અને અંતરાય, આઠ કર્મ છે અંદર. જેવું આ શરીર જડ છે એવા કર્મના સૂક્ષ્મ રજકણ છે. અંદર ઝીણા. એ સૂક્ષ્મ રજકણ કર્મની અવસ્થા ધારણ કરે છે, તે પુદ્‌ગલ પોતાથી કર્મ થાય છે. જીવે રાગ-દ્વેષ કર્યા તો કર્મની પર્યાય થાય છે એમ નથી. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

આવું તો કોઈ દિ' સાંભળ્યું નહીં હોય. કોઠારી! ધંધા આડે ક્યાં નવરાશ છે? તમારું ઘર તો નજીક છે અપાસરા પાસે. આહાહા! 'ઠાણાઓઠાણં એયથ્થં વિયથ્થં' થયા જ કરે છે. ક્ષેત્ર પોતાનું ફરતું નથી હો. પોતે તો અસંખ્યપ્રદેશી છે તેમાં જ રહે છે. સમજાણું કાંઈ? હમણાં કોઈકે પ્રશ્ન કર્યો હતો. મનીષે. કે આ ઘંટી છે, એમ પ્રશ્ન કર્યો હતો. એણે કર્યો હતો બે દિ' પહેલાં. ઘંટી છે ઘંટી માખી બેઠી છે, તો ઘંટી ફરે છે ત્યારે માખી ફરે છે કે નહીં? એમ પૂછ્યું હતું. ઘંટી છે ને ચક્કી. ઘંટી ઉપર માખી બેઠી. એ દાખલો આવ્યો હતો એમાં સમ્યક્જ્ઞાન દિપીકામાં. એને પણ કાંઈ ખબર નથી વાંચ્યું ક્યાં હોય એણે. છોકરાએ પૂછ્યું હતું. અમારે કાઠીયાવાડમાં ચક્કીને ઘંટી કહે. એ ઘંટી ઉપર માખી બેઠી હોય તો ઘંટી ફરે તો માખી નથી ફરતી. એમ પણ કહે છે, કેમ કે તેના અસંખ્ય પ્રદેશમાં તે છે. આમ ક્ષેત્રાંતર થાય છે તે અપેક્ષાએ કહો પણ તે જ્યાં છે ત્યાં જ છે. પોતાના જીવના અસંખ્ય પ્રદેશ છે ત્યાં છે. તેમાં ફેરફાર થતો નથી. આહાહા! સમજાણું કાંઈ?

જુઓ! આ હાથ છે. હાથ ઉપર માખી બેઠી હોય તો હાથ હાલે છે તો માખી તો ત્યાં ને ત્યાં છે. તો માખીને પણ પોતાનું ક્ષેત્રાંતર પોતાની પર્યાયથી સ્વતંત્ર થાય છે. આને કારણે નહીં. આમ હાથ ચાલે અને માખી બેઠી હોય તો આમ થાય તો માખી પણ આમ થાય. એ માખીની પર્યાય પરમાણુ પોતાથી ક્ષેત્રાંતર થાય છે. અને આત્મા જે અસંખ્ય પ્રદેશમાં છે તેમાં કોઈ ક્ષેત્રાંતર થતું નથી. એ તો આમ થાય તે તો અસંખ્ય પ્રદેશમાં છે. સમજાણું કાંઈ?

એક ગતિથી બીજી ગતિમાં જાવ. તો કહે છે કે આત્મા તો આત્મામાં છે. અમારે તો ક્ષેત્રાંતર થતું નથી. ન્યાલભાઈ લખે છે. ભાઈ! એમ કે આ મરીને કયાંય બીજે જાશો કે નહીં? દેવલોકમાં જાશો કે નહીં? સમજાણું કાંઈ? અમે તો જયાં છીએ ત્યાં છીએ. સમજાણું કાંઈ? ક્ષેત્રાંતર થવું તે પરનું કારણ છે. અમે તો જયાં છીએ ત્યાં છીએ. અમારે દેવની ગતિ થશે કે મનુષ્ય ગતિ તે અમારામાં તો છે નહીં. એય! સમજાણું કાંઈ? એ તો જ્ઞાનસ્વરૂપ ભગવાન જાણવા-દેખવાવાળો છે. તેમાં કોઈ ગતિ ફતી છે નહીં. પણ આંહી તો સિધ્ધ કરવું છે કે તેની પર્યાયમાં વિકાર છે તે પોતાથી થાય છે તે સિધ્ધ કરવું છે. આહાહા! સમજાણું કાંઈ?

કોઈ કરાવે તો વિકાર જીવ કરે, કર્મનું અંદરથી જોર આવે. માણસ નથી કહેતાં કે આ તો ભોણમાંથી ભાલા નીકળ્યા. એમ વાતું કરે વાતું. વાતું કરે ને અણધાર્યુ થયું. અણધાર્યુ કાંઈ હોતું નથી. સાંભળ તો ખરો! તારી દશામાં તારા વિકાર કર્તાપણે થઈને થયા છે. પરથી થયા નથી. બરાબર હશે માણેકલાલજી! અણધાર્યું કાંઈ નહીં હોય? અણધાર્યું નહીં? ધાર્યા પ્રમાણે થાતું હશે? ધારણા પોતાની છે. અને પરનું કાર્ય પરદ્રવ્યથી છે. આહાહા! પગલા પણ ઈચ્છા થઈ તો પગલા ભરે છે. લ્યો! પગલા ભરે છે તો પગલાની ક્રિયા જડથી છે, આત્માથી નહીં. બરાબર રાખવા માગે પણ કેળાની છાલ આવી જાય તો? શું કહેવાય તમારી સડક સડક, પાકકી સડક હોય ને તેમાં કેળાની છાલ આમ અવળી પડી હોય. પગ મુકો તો લસરી જાય. લ્યો! ભાઈને એમ થયું હતું હરગોવિંદભાઈને. અહીંયા હરગોવિંદભાઈ હતા ને એને એમ થયું હતું. આઠ મહિના પગ ઊંધે ટાંગી રાખ્યો. હાડકું ફાટી ગયું હતું. આહાહા!

શું પડવાની ઈચ્છા હતી? પોતાનું ક્ષેત્રાંતર થાય છે તે તો પોતાથી થાય છે. શરીરની ક્રિયા થઈ ગઈ. ધારણામાં તો ઠીક એવું કરવું છે. જડની પર્યાય જડને કારણે થાય છે. પોતાથી રોકી રોકાતી નથી અને પોતાથી કરી થાતી નથી. કરી થાય નહીં અને રોકી જાય નહીં. આહાહા! આ મગનભાઈને થયું હતું કે નહીં? હેં? શું થયું હતું. પગનું. એ હમણાં ઓછું સાંભળે છે. ખબર છે ને. ખ્યાલ આવ્યો ને. પગનું થયું હતું ને. લસર્યું તું ને? એ પણ પડયા હતા. આમ ઊંધો પગ બાંધીને કર્યું હતું. આરે! ભારે ભાઈ!

કહે છે કે જડની આ પરમાણુની જે અવસ્થા થાય છે તે પરમાણુથી થાય છે. આત્માથી બિલકુલ નહીં. એમ માન્યા વિના અજીવને જીવ માને તે મિથ્યાદષ્ટિ મૂઢ છે. આહાહા! સમજાણું કાંઈ? હેં?

છાલથી પડયા જ નથી. પોતાની પર્યાય જે થવાવાળી હતી તો થયું છે જડથી. છાલથી પણ નહીં. છાલના પરમાણુ અન્ય છે, શરીરના પરમાણુ અન્ય છે. આમ પગ આવી ગયો તો પગની જડની પર્યાય તે સમયે આવી થવાની હતી તેનો કર્તા પરમાણુ છે. તે આત્મા પણ નહીં અને તે છાલ પણ નહીં. છાલ કહે છે ને કેળાની છાલ. આહાહા!

ભિન્ન તત્ત્વને ભિન્નરૂપે જ્યાં સુધી ન જાણે તો દૃષ્ટિ પરથી ખસીને પોતામાં આવતી નથી. આ તો તેનું કરી દઉં, આમ કરી દઉં. બાળકને ભણાવી દઉં, બરાબર શિક્ષા દઉં. આમ કરું, આમ કરું, આમ કરું.

મુમુક્ષુ :- પગને છીલકુ અડયું પણ નથી એમ આપ કહો છો.

ઉત્તર :- અડયું પણ નથી. વાત તો એમ છે પણ હજી હળવે હળવે સાંભળે ત્યારે ને. એક વાત થાતી હોય ત્યારે બીજી વાત થાતી નથી. છાલના રજકણ અન્ય છે, શરીરના રજકણ અન્ય છે. આ રજકણમાં.... આ કહ્યું હતું, કોઠારી ને! કોઠારીને કીધું આ પૈસામાં આત્મા નહીં અને આત્મામાં પૈસા નહીં. કોઠારી કહે આ ભારે વાત કહી. એમ છીલકામાં શરીર નહીં અને શરીરમાં છીલકા નહીં. બેયમાં અભાવ છે. આહાહા!

મુમુક્ષુ :- બોમ્બેની દુકાન છૂટતી નથી.

ઉત્તર :- છૂટતી નથી રાગથી.

રાગ કરે છે. દુકાન કોણ છોડે છે? બાવળને બાથ ભીડે છે અને કહે કે બાવળ છોડતો નથી. હાથ છોડી દે, કોઇ તને પકડતું નથી. વાંદરાની વાત નથી આવતી? વાંદરા. ઘડામાં બોર હતા બોર બોર. બોરને શું કહે છે? ઘડા હોય ને માટીના. મોઢું નાનું હોય. બોર પડયા હતા. વાંદરે હાથ તો નાખ્યો. એટલું તો પહોળું હતું. બોરનો મૂઠ્ઠો ભર્યો. હાથ ન નીકળે. અરે! ભૂતે વળગ્યું. હેં? આવે છે ને. ભૂત વળગ્યું અંદર. પણ ભૂત નથી છોડી દે ને. મૂઠ્ઠો ભરીને હાથ નાખ્યો છે તે હાથ કાઢી લે ને. મૂઠ્ઠો પકડયો બોરનો. એ કોઈએ પકડયો. આવું છે. શોભાલાલજી! શું કરે છોકરા છોડતા નથી. ધંધો બહુ વધી ગયો. અને બે ચાર મહિના ત્યાં હાજરી આપવી પડે. નહીંતર વ્યવસ્થિત કામ રહે નહીં. એમ આ બધા માને. લાલચ થાય.

એ તો કહે છે કે તારી લાલચની દશા છે. લાલચને કારણે તું પરના કારણે અટકયો છો? આહાહા! સમજાણું કાંઇ? પોપટનું દૃષ્ટાંત છે ને પોપટનું. ભૂંગળી, દોરી હોય છે ને સૂતરની દોરી તેમાં પીતળની ભૂંગળી હોય ભૂંગળી. પોપટ આવ્યો હોય તો આમ બેસે. જ્યાં બેસે ત્યાં ઓલી ભૂંગળી આમ (ઊંધી) થઈ જાય એ મને કોઈએ પકડયો. પણ પકડયો કોઈએ નથી. છોડને ઊડી જાને. પકડી રાખે ને કહે કે મને ભૂંગળીએ પકડયો છે. ઉલટો થઈ ગયો તો, હાય! હાય! ભૂંગળી તો ફરે. દોરી ઉપર ભૂંગળી હોય

ને એટલે આમ જ્યાં પકડે ત્યાં ભૂંગળી આમ થઈ જાય, આમ ફરે ત્યાં માથું હેઠે આમ થઈ જાય. હાય! હાય! મને પકડી રાખ્યો. કોણે પકડયો છે? તે પકડી રાખ્યો છે. છોડી દે. ઊડી જા.

એમ રાગ-દ્વેષને પકડી રાખ્યા છે અને માને છે કે મને આ પકડે છે. છોકરો મને છોડતો નથી. સ્ત્રી છોડતી નથી. અર્ધાંગના કહેવાય. હવે તેનો આશ્રય કેમ છોડે? ધૂળમાં પણ નહીં. અર્ધાંગના કેવી? એ તો પર છે. પર આત્મા પર છે. પરના દેહની ક્રિયા પર છે. તારી અર્ધાંગના ક્યાંથી આવી? અર્ધુ અંગ તેનું અને અર્ધુ અંગ તારું એમ છે એક અંગ? મૂર્ખ તેની દૃષ્ટિમાં બે દ્રવ્યને એક માને છે. સમજાણું કાંઈ? પાટણીજી! ભાઈ આંહી તો એ વાત છે. ભગવાન તો એમ કહે છે કે તું પરને પકડી લ્યે છે અને માને છે કે મને તેણે પકડયો છે. તે મને છોડતો નથી. મને તો છોડવાનો બહુ જ ભાવ છે. નોકરી પણ એવી છે કે મારે તો છોડવી છે પણ શેઠ છોડતા નથી. બહુ સારી વાત! શેઠ પકડે છે. ત્રણસો-ચારસોનો પગાર આપે છે અને બસ! તમે આવો. ખાલી બેસો બે કલાક. બસ દુકાન ઉપર બેસો. અમારે ભાઈ હતો એ પણ કહેતો હતો હો. કાળીદાસભાઈ હતા ને. આબરૂ બહુ સારી થઈ ગઈ છે. એને નોકરી શેઠ આપે. બસ તમે બે કલાક બેસો. તમને લઈને અમારા નોકરો પણ સરખું કામ કરશે. હેમચંદના ભાઈ હતા ને મોટા કાળીદાસભાઈ! નોકરી પછી છોડી દીધી. શેઠ છોડતા નથી, પણ તું મમતા છોડતો નથી એમ કહે ને. શેઠ છોડતા નથી એમ ક્યાં પકડ ઊંધી મારી.

એમ અહીંયા કહે છે કે મને વિકાર તો નથી કરવો પણ કર્મનો એવો ઉદય આવી જાય, મને કર્મનો ધક્કો લાગી જાય. હેં? પડવું નથી પણ ધક્કો લાગી ગયો માટે પડયો છું. અરે સાંભળ તો ખરો! પડવાની ક્રિયા પણ ક્ષેત્રાંતર થવાની તારાથી થાય છે. કાંઈ પરથી થતી નથી. આહાહા! સમજાણું કાંઈ?

**'કર્મ...'** કર્મની વાત કરે છે. જુઓ! આત્મા કર્મ બાંધે છે? ના. **'કર્મપણે પ્રવર્તતા પુદ્ગલસ્કંધરૂપે કર્તાપણાને ધરતું...'** જુઓ! આ કર્તા. સમજાણું કાંઈ? કર્મ જે હોય છે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આઠ કર્મની જે પર્યાય હોય છે. તો કર્મરૂપથી પ્રવર્તમાન, કર્મરૂપ અવસ્થા થવામાં **'પુદ્ગલસ્કંધરૂપે કર્તાપણાને ધરતું...'** એ કર્મની પર્યાયનો કર્તા પુદ્ગલસ્કંધ છે. આત્મા તેનો કર્તા નહીં. કર્મપણાને પ્રાપ્ત કરવાની શકિત. કર્મ નામ પર્યાય. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય એવી જે કર્મમાં પર્યાય હોય છે, તે **'કર્મપણું પામવાની શકિતરૂપ કરણપણાને અંગીકૃત કરતું...'** કહો, સમજયા?

આ પહેલાં કરણ લીધું. કરણ લીધું છે. કરણપણાને પ્રાપ્ત કરવાની શકિત, એ કર્મની અવસ્થાને મેળવવાને પ્રાપ્ત કરવાની શકિતરૂપ કરણ - કરણ સાધન. કર્મમાં સાધનરૂપ પુદ્ગલસ્કંધથી સાધન થઈને કર્મની પર્યાય થાય છે. આત્માએ રાગ-દ્વેષ કર્યા તો કર્મપર્યાય થાય છે એમ નથી. જુઓ! જીવાસ્તિકાય સિદ્ધ કરે છે ને. ભગવાને છ દ્રવ્ય કહ્યા. તારું અસ્તિત્વ તારાથી. તારા દ્રવ્યગુણપર્યાય અસ્તિત્વ દ્રવ્ય નામ શકિતવાન ત્રિકાળી ચીજ, ગુણ નામ શકિત અને પર્યાય નામ દશા. એ દશાનું અસ્તિત્વ તારી દશાને

કારણે દશા થાય છે. પરથી થતી નથી. એમ કર્મની અવસ્થા કર્મથી થાય છે. કર્મની અવસ્થાના કરણ સાધન કર્મ છે. આત્મા સાધન નથી.

એક જણો કહેતો હતો. જુઓ! હતો. દોષ કરીએ તો કર્મ થાય છે. દોષ ન કરીએ તો કર્મ થતાં નથી. જુઓ! આટલી તો પરાધીનતા છે કે નહીં? એ પ્રશ્ન તો અહીં કર્મના બહુ આવ્યા હતા ને. છઠ્ઠી સાલમાં. અરે તે વખતે જો તારા રાગ-દ્વેષ હોય તે વખતે પણ પુદ્‌ગલકર્મ થવાની શક્તિવાળા કર્મરૂપે થાય છે. અને તમે રાગ-દ્વેષ ન કરો તો, પુદ્‌ગલકર્મમાં કર્મ શક્તિ ન થવાવાળા પુદ્‌ગલ ત્યાં છે. પુદ્‌ગલ એવા હોય છે. તારાથી અટકી ગઈ કર્મની પર્યાય એમ છે નહીં. આહાહા! ભારે! ભાઈ! ગડબડ! સમજાણું કાંઈ?

**'એ કરણપણાને અંગીકૃત કરતું...'** લ્યો! પુદ્‌ગલ જડ કર્મઅવસ્થારૂપે, કર્મરૂપે સાધન થઈને કર્મની પર્યાય થાય છે. **'પ્રાપ્ય એવા કર્મત્વપરિણામરૂપે કર્મપણાને અનુભવતું...'** પહેલાં કર્તા, બીજું કરણ, ત્રીજું કર્મ. કર્મ એટલે કાર્ય. પ્રાપ્ય એવા કર્મત્વપરિણામરૂપે કર્મપણાને અનુભવતું, એ પુદ્‌ગલ તેનો કર્તા છે. કહો, સમજાણું કાંઈ?

**'પૂર્વ ભાવનો નાશ થવા છતાં...'** (અપાદાન) **'ધ્રુવપણાને અવલંબતું હોવાથી જેણે અપાદાનપણાને પ્રાપ્ત કર્યું છે એવું...'** પુદ્‌ગલ પોતાથી છે. પુદ્‌ગલમાં પૂર્વની પર્યાયનો નાશ થઈને નવી પર્યાયનું કારણ તે પુદ્‌ગલ છે. જેનું અપાદાન પુદ્‌ગલથી કાર્ય થયું છે. આત્માથી થતું નથી. આહાહા! સમજાણું કાંઈ?

**'ઊપજતા પરિણામરૂપ કર્મ વડે સમાશ્રિત થતું હોવાથી...'** સંપ્રદાન. જો વિકારી પર્યાય કર્મમાં થઈ, પુદ્‌ગલમાં તે પરિણામરૂપ કર્મ વડે સમાશ્રિત થતું હોવાથી **'(અર્થાત્ ઊપજતા પરિણામરૂપ કાર્ય પોતાને દેવામાં આવતું હોવાથી)...'** એ કર્મની પર્યાય પુદ્‌ગલમાં રહે છે. પુદ્‌ગલની પર્યાય પુદ્‌ગલમાં રહે તે સંપ્રદાન. એ પોતાને પોતે દાન દીધું. વિકાર કરીને પોતામાં રાખ્યા. એ પુદ્‌ગલે પોતે દાન દીધું પોતામાં. આત્માથી નહીં અને આત્મામાં નહીં.

**'અને ધારી રાખવામાં આવતા પરિણામનો આધાર હોવાથી...'** ઓહોહો! વિકારી પર્યાયનો આધાર આત્મા છે. ખરેખર તો પર્યાય પર્યાયના ષટ્કારક છે હો. સમજાણું કાંઈ? **'પરિણામનો આધાર હોવાથી જેણે અધિકરણપણાને ગ્રહ્યું છે...'** આધાર. **'એવું-સ્વયમેવ...'** સ્વયમએવ કર્મરૂપી અવસ્થા સ્વયં પોતાથી **'ષટ્કારકરૂપે વર્તતું થકું...'** કોણ? પુદ્‌ગલસ્કંધ. **'અન્ય કારકની અપેક્ષા રાખતું નથી...'** લ્યો! શું કહે છે? કે જીવે વિકારભાવ કર્યો તો કર્મની પર્યાય થઈ એવી અપેક્ષા નથી. સમજાણું કાંઈ?

સ્વતંત્ર પરમાણુમાં તે સમયની કર્મની પર્યાય થવામાં ષટ્કારક પોતાથી થાય છે. જીવની અપેક્ષા રાખતા નથી. જીવના વિકારની અપેક્ષા છોડીને, આરે! આ જગતની સ્વતંત્રતા તો જુઓ! દેખો! થોડો

દયા ભાવ કર્યો હોય તો શાતાવેદનીયના પરમાણુની પર્યાય થોડી બંધાય. તોપણ કહે છે કે દયાના પરિણામની અપેક્ષા રાખ્યા વગર કર્મની પર્યાય પોતાથી પરથી નિરપેક્ષ થાય છે. સમજાણું કાંઈ? લાડુલાલજી! કર્મ તો આત્મા 'અપ્પા કતા વિકતા ય સુહાણીય દુહાણીય' આત્મા કર્મને કરે અને આત્મા ભોગવે, આંહી ના પાડે છે. આત્મા પોતાની વિકારી પર્યાયને કરે અને વિકારને ભોગવે. પરકર્મને કરે અને કર્મને ભોગવે એવું આત્મામાં છે નહીં. સમજાણું કાંઈ?

અહીંયા જોર છે. **'અન્ય કારકની અપેક્ષા રાખતું નથી...'** બીજાના કારણોની અપેક્ષા, પુદ્‌ગલમાંથી કર્મ થવાની શક્તિ- પર્યાય ઉત્પન્ન થાય છે, તો જીવના વિકારી પરિણામની અપેક્ષા રાખ્યા વગર કર્મની પર્યાય કર્મના સ્કંધથી થાય છે. જુઓ! આંહી તો નિમિત્ત-નિમિત્ત સંબંધ ઉડાડી દીધો. ભાઈ! નિમિત્તની અપેક્ષા રાખ્યા વગર નૈમિત્તિક પર્યાય થાય છે. એમ કહે છે. જુઓ! એય! એવી છે. તારો વિકાર થયો તો કર્મ પુદ્‌ગલમાં થયા, કર્મરૂપી અવસ્થા થઈ એવી અપેક્ષા વિકારની તેમાં નથી. તે દ્રવ્ય જ પોતે પોતાથી પર્યાયમાં પરિણમે છે. આહાહા!

આ આંગળી છે, જુઓ! તો એ આંગળીની પર્યાયના કર્તા પરમાણુ, તેનું સાધન-કરણ, કારણ પરમાણુ, તેના કર્મ કાર્ય પરમાણુના. તે પરમાણુ પોતાથી એવી એવી પર્યાય કરે છે. અને તે પરમાણુએ પર્યાય કરીને પોતામાં રાખી છે. અને તે પર્યાય કર્મના પરમાણુના આધારથી થઈ છે. અંદર આત્માની ઈચ્છાથી આમ શરીર હાલે છે, બિલકુલ નહીં. આરે! આરે! ભારે ભાઈ! આત્માની ઈચ્છા આંગળી હલાવવાની હતી તો ઈચ્છાની અપેક્ષા રાખીને પરમાણુની પર્યાય થાય છે એમ નહીં. કહો શેઠ! હેં? સ્વતંત્ર ચીજ એવી છે. તેને ખબર નથી. પાગલ થઈ ગયો છે. એમ કહે છે. પાગલ પણ સ્વતંત્રપણે થયો છે.

સમાધિશતકમાં આચાર્ય લખે છે ને. શુભાશુભભાવ થવો તે પાગલપણું છે. આહાહા! હેં? ઘેલછાઈ છે. વિકાર- વિકાર ઘેલછાઈનો ભાવ છે. આહાહા! ઉન્માદ, ઉન્માદ, ઉન્માદ! ઉન્માદ કર્યો છે જીવે પોતાથી. પરથી નહીં. અને પરમાં જે પર્યાય અવસ્થા થાય છે તે પરની અપેક્ષા રાખ્યા વગર થાય છે. ઓહોહો! કેટલી સ્વતંત્ર! વસ્તુ એવી ઉત્પાદવ્યયધ્રુવયુક્તમ્ સત્ તો પુદ્‌ગલ પોતાથી ઉત્પાદવ્યય થાય છે. કર્મની પર્યાય ઉત્પન્ન થવી, પૂર્વ વર્ગણાની પર્યાયનો નાશ થવો, તેના કર્તા કરણ આદિ કર્મ છે, આત્મા છે નહીં. આત્માની અપેક્ષા રાખ્યા વિના પુદ્‌ગલની અવસ્થા એવી થાય છે. કહો, સમજાણું કાંઈ?

શેઠે હુકમ કર્યો નોકરને, જા અહીંયા ઉઘરાણી લેવા માટે. કહે છે કે જો શરીરની પર્યાયથી થઈ તે શેઠે હુકમ કર્યો એ અપેક્ષા રાખીને શરીરની પર્યાયની ગતિ નથી થઈ. અને તેમાં આત્મા છે..... તેને શેઠ એમ કહે છે કે મારે જાવું પડશે. નહીંતર સાંજે આઠ વાગ્યે ચાલ્યા જાશે. આપણું લેણું છે તો દુકાન બુકાન બંધ કરીને ચાલ્યા જાય છે. આપણું લેણું રહી જાશે. એટલે જલ્દી ચાલે. તો દેહની જલ્દી ચાલવાની પર્યાય શેઠના હુકમની અપેક્ષાથી થઈ તેમ પણ નહીં અને જલ્દી જાઉં તે વિકલ્પની અપેક્ષાથી

પણ દેહની પર્યાય ઉતાવળે ચાલે છે એમ નહીં. શેઠી!

મુમુક્ષુ :- દેખવામાં આવે છે....

ઉત્તર :- શું જોવામાં આવે છે? વિકલ્પ એવો થયો કે એક કલાકમાં ત્રણ માઇલ જાવાનું છે, તો ઉતાવળે ચાલો ભાઇ! સમજાણું કાંઇ? તો કહે છે કે એવી ઇચ્છા થઇ તો ઇચ્છાની અપેક્ષા રાખીને આવી શરીરની ગતિ થાય છે. એવું છે નહીં. શેઠ! ભારે વાત ભાઇ!

શરીરમાં તાવ આવ્યો. શરીરની પર્યાય છે ને તાવની. તો તે દવાનું નિમિત્ત થયું તેવી અપેક્ષા રાખીને તાવ ઉતરી ગયો એમ છે નહીં. એમ કહે છે. ભારે વાત ભાઇ! ગળું સૂકુ હતું. સૂકાપણું. તો મોસંબીનું પાણી આવ્યું તો સૂકાપણું ભીનું થયું, ભીનું થયું તે વાત ખોટી છે. આરે! આરે! ભારે વાત ભાઇ! એ મોસંબીના પાણીની અપેક્ષા રાખીને ભીનું થયું છે એમ છે નહીં. પાટણીજી! હવે તમારા જેવા હોંશિયાર માણસ તો બધું કેટલું કરે. લ્યો! ........કેટલું જયપુરમાં કરે છે. લ્યો! હવે આવ્યું હતું એમાં કે તમારી ખામી દેખાણી. નહોતું આવ્યું? પત્રમાં ક્યાંક આવ્યું હતું. હેં? આવ્યું હતું. હેં! અભાવ ખટકે છે. એમ આવ્યું હતું. બાબુભાઇના ઓલામાં નહીં? આ શું હશે? લાડુલાલજી!

ભગવાન! તે પરમાણુ જડ સ્વતંત્ર પદાર્થ છે. તેમાં ગતિ થવાની ક્રિયાવતી શકિત પોતાથી છે. પરની અપેક્ષા રાખીને ગતિ કરે છે એવું વસ્તુમાં છે નહીં. અજ્ઞાની માને છે, મિથ્યાભાવ સેવે છે. આહાહા! સમજાણું કાંઇ?

**'સ્વયમેવ ષટ્કારકરૂપ વર્તતું થકું...'** કોણ? પુદ્ગલસ્કંધ. **'અન્ય કારકની અપેક્ષા રાખતું નથી...'** જીવની ઇચ્છાની અપેક્ષા કર્મ થવામાં પુદ્ગલમાં છે નહીં. એમ શરીરાદી ચાલવાની ક્રિયામાં જીવની ઇચ્છાની અપેક્ષા છે નહીં. આહાહા! ભારે વાત ભાઇ!

સ્વતંત્ર અજીવની પર્યાય અજીવથી થાય છે. તારી અપેક્ષાથી તે પર્યાય ક્રિયા ઉત્પન્ન નથી થતી એમ કહે છે. શેઠીજી! શું છે? સૂકુ ગળું લીલું થયું તે પોતાની પરમાણુની પર્યાયથી થયું છે. એ પાણી આવ્યું એ અપેક્ષાએ ભીનું થયું છે વસ્તુમાં એવું છે નહીં. સ્વતંત્ર પદાર્થ ભિન્ન છે. હેં? ભારે વાત ભાઇ! રોટલી પેટમાં પડી જઠરાગ્નિ હતી. જઠરાગ્નિ. હાશ! રોટલી પેટમાં પડી છે તો પાણી પડે. એવી અપેક્ષા છે નહીં. એમ કહે છે. પરમાત્માના ઘરની અલૌકિક વાત છે બાપુ! આહાહા! આમ બોલે ઓલા પડિક્કમણામાં. અજીવને જીવ માને તો મિથ્યાત્વ, જીવને અજીવ માને તો મિથ્યાત્વ. એમ પચ્ચીસ મિથ્યાત્વમાં બોલે. આ શું અજીવને જીવ માને તો મોટો (દોષ આવે) અજીવની પર્યાય અજીવથી થાય છે. બીજા અજીવથી થાય છે તો એક અજીવે બીજા અજીવને માન્યો. અજીવ ભિન્ન તો રહ્યા નહીં. શું છે શેઠી! આમાં કાંઇ બોલાય એવું નથી. નહીં? જુદા જુદા છે.

એક પરમાણુ બીજા પરમાણુની અપેક્ષા પર્યાય કરવામાં રાખતા નથી. તો જીવની અપેક્ષા રાખીને

પરમાણુમાં પર્યાય થાય છે એવું ત્રણ કાળમાં છે નહીં. ઓહોહો! આ બધું સાચું હશે આ?

મુમુક્ષુ :- આપ તો સાચું છે એમ કહો છો.

ઉત્તર :- પણ સાચું દેખાતું નથી. એની ઈચ્છા હોય ને હાથ ન હાલે લ્યો. હેં? આ જ છે. શિયાળામાં જુઓને હાથ તરડાઈ જાય છે. નહીં? ઠંડામાં. એ આત્માની ઈચ્છાથી તરડાણા છે? ટાઢથી થયા છે? એમ કહે છે ટાઢથી થયા નથી. ટાઢ ભિન્ન ચીજ છે. ઠંડીના પરમાણુ ભિન્ન ચીજ છે ને આ હાથ આમ તરડાઈ જાય તે ભિન્ન ચીજ છે. આહાહા!

એક હમણાં આવ્યો હતો ને બિચારો. ચાર-પાંચ દિ' પહેલાં. એક આપણા નરસિંહભાઈ છે. ગામના કોળી છે. રંગ રંગેલ(રંગારો) છે. તેમાં હું તડકે નીકળું છું ને દસ મિનિટ. તમે હતા તે દિ'? નહોતા. મિસ્ત્રી હતા. રંગે છે. તો એને વીજળીની ચોંટ લાગી ગઈ. આ હાથ જુઓ તો કાળા મસ. આમ બધું લોહી મરીને, આમ દેખો તો મડદું. આમ ચાલીને આવતા હતા. મને જોઈને ઊભો રહી ગયો. અરે! શું થયું? હાથ-હાથ ઉપર ચોંટ આવી. પગના એક ભાગમાં. હાથ તો કાળો મસ આમ જાડો લોહીને, એક હાથે કામ કરું છું કહે. આહાહા! આ રંગવાનું. રંગવાનું કરે. નરસિંહભાઈ છે બિચારા. હા એ. હાથ આવો. મેં તો ચાર-પાંચ દિ' પહેલાં જોયો. આ જાડો કાળો મસ. થઈ રહ્યું. બિચારો ગરીબ માણસ. પણ તે પરમાણુની પર્યાય વીજળીથી થઈ છે એમ પણ નથી, એમ કહે છે અહીંયા તો. આહાહા! ભિન્ન ભિન્ન પદાર્થમાં ભિન્ન પદાર્થને કારણે અપેક્ષા રાખીને ભિન્ન પર્યાય ભિન્નમાં થાય છે એમ છે નહીં. આહાહા! એ વગર અનંત દ્રવ્ય છે તેની શ્રદ્ધા પણ નથી તેને. સમજાણું કાંઈ?

અનંત દ્રવ્ય, પદાર્થ પોત પોતાની પર્યાયની અપેક્ષા રાખીને દ્રવ્યની અપેક્ષા રાખીને પર્યાય થાય છે. પરની અપેક્ષા રાખીને પર્યાય હોય તો અનંત ભિન્ન પૃથક, પૃથક, પ્રસિધ્ધ રહેતા નથી. બેને ભેગા કરે છે તો મિથ્યાદષ્ટિ મૂઢ દ્રવ્યને માનતો નથી. ભગવાન કહે છે તેમ તે માનતો નથી. એમ કહે છે. હેં? લાડુલાલજી! આહાહા!

તે કહે છે. કર્મ વાસ્તવમાં એ પ્રવર્તમાન પુદ્ગલસ્કંધથી કર્તૃત્વને આદિ પર્યાય થાય છે. પરની અપેક્ષા રાખતો નથી. **'એ પ્રમાણે જીવ પણ...'** હવે જીવ. **'ભાવપર્યાયે પ્રવર્તતા આત્મદ્રવ્યરૂપે કર્તાપણાને ધરતો...'** લ્યો! આત્મદ્રવ્યથી કર્તાપણાને ધરતો, જુઓ! ઓલામાં 'પુદ્ગલસ્કંધરૂપથી કર્તાપણાને ધારણ કરતો' હતું. આત્મામાં જે ભ્રમણા થાય છે મિથ્યાત્વ. પુણ્યમાં સુખ છે, સ્ત્રીમાં સુખ છે, લક્ષ્મીમાં સુખ છે એવી માન્યતાના મિથ્યાભ્રમના પરિણામ તે પરિણામમાં વિકારી ભાવ પર્યાય એ પ્રવર્તમાન આત્મદ્રવ્યથી કર્તૃત્વ છે. આત્મદ્રવ્ય મિથ્યાત્વનો કર્તા છે. ઠીક! હીરા માણેક છે તો સુખી છું, બંગલા હોય તો હું સુખી છું, એવી મિથ્યાદષ્ટિની મૂઢ માન્યતા એ જીવની પર્યાયથી થાય છે. કર્મનો ઉદય આવ્યો તો એવી પર્યાય થઈ તે (કર્મના) ઉદયની અપેક્ષા રાખ્યા વિના થાય છે. આહાહા!

વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તત્ત્વ શું કહે છે તેની ખબર નહીં અને માની લ્યે કે અમે ધર્મી થઈ ગયા અને ભગવાન સાચા અને અમે ધર્મ કર્યો. તો કહે છે કે, જુઓ! **'ભાવપર્યાયે...'** પાછી ભાષા પર્યાય લીધી ને. પ્રવર્તમાન કોણ આત્મદ્રવ્યરૂપે કર્તાપણાને ધરતો, સમજાણું કાંઈ? **'સ્વયમેવ ષટ્કારકરૂપે વર્તતું થકું અન્ય કારકોની અપેક્ષા રાખતું નથી...'** કર્મનો ઉદય છે તેની અપેક્ષા વિકાર કરવામાં છે નહીં. સિધ્ધને કર્મ છે નહીં એટલે વિકાર કરતા નથી અને આપણે કર્મ છે તો વિકાર છે એટલી અપેક્ષા છે નહીં. એમ કહે છે અહીંયા. સમજાણું કાંઈ?

તારાથી વિકાર થાય છે એવા નિશ્ચય વિના, પરથી થાય છે એવી ભ્રમણામાં પડવાવાળી ચીજથી દૂર થાય છે. નક્કી કરવું. ભાઈ! મારી ભૂલ મારાથી છે. ભૂલ ટાળું પણ હું અને ભૂલ કરું પણ હું. પરને કારણે કાંઈ છે નહીં. એવો નિર્ણય કરે તો તેની દૃષ્ટિ આત્મદ્રવ્ય ઉપર જાય. અને વિકાર ટાળવાનો અવસર અને મોકો તેને મળે છે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૫૯ ગાથા - ૬૨
## પોષ વદ - ૧૪ ગુરુવાર તા. ૫/૨/૭૦

પંચાસ્તિકાય :- બાંસઠ ગાથા ચાલે છે. ટીકાનો ત્રીજો પેરેગ્રાફ છે. કેમ ન મળ્યું? આવે છે? વાતું તો હારે હોય ને. જુઓ! શું કહે છે કે આત્મા-જીવપણ, ઓલા કર્મમાં પહેલાં ઉતાર્યા ને. આત્મા **'ભાવપર્યાયે...'** પોતાના વિકારીભાવ કે ધર્મપર્યાયભાવ, તે રૂપથી **'પ્રવર્તમાન આત્મદ્રવ્યરૂપે કર્તાપણાને ધરતો...'** શું કહે છે? ભગવાનઆત્મા પોતાની પર્યાયમાં મિથ્યાત્વ, રાગ-દ્વેષ આદિ વિકાર તેનો કર્તા આત્મા છે. કોઈ કર્મથી થાય છે કે પરથી થાય છે એમ છે નહીં. આવી સ્વતંત્ર વાત છે પણ હજી ગડબડ કરે છે. એટલો વિરોધ આવે છે એટલો, જૈનદર્શનમાં તો નિમિત્તથી ન માને તે મૂર્ખ છે. એમ કહે છે. એવું ભાળ્યું લ્યો. અરે! ગાળ્યું દે કે ભાઈ ગમે તેમ કર. આહાહા!

આંહી કહે છે કે આત્મા વસ્તુ છે ચિદાનંદ સ્વરૂપી ભગવાનઆત્મા. તે પોતાને ભૂલીને મિથ્યાભ્રાન્તિ મિથ્યાત્વ-રાગ-દ્વેષ, પુણ્ય-પાપના વિકલ્પ તેનો કર્તા આત્મા છે. તેનો કર્તા કોઈ કર્મ કરે છે ને થાય છે એમ છે નહીં. છે? ભાવપર્યાયરૂપે પ્રવર્તમાન છે? વચ્ચે કયાં છે તેમાં? આવ્યું? જુઓ! હિન્દી છે ને હિન્દી. એકસો ને પાંચ પાનું છે. બીજું ફેરવે છે. હા આવ્યું. એની કોર કેમ આવ્યું? બીજું પુસ્તક હશે. બે છપાણા?. હં... આમાં આ બાજુ આવ્યું. એમાં ફેર છે.

**'ભાવપર્યાયે...'** એમ શબ્દ છે. જીવ પોતાની પર્યાય અવસ્થા વિકારરૂપ કરો કે ધર્મરૂપ પર્યાય કરો તેનો કરવાવાળો આત્મા સ્વતંત્ર છે. કોઈ કર્મ છે તો વિકાર થાય છે અને કર્મનો અભાવ હોય તો ધર્મની પર્યાય થાય છે એવી નિમિત્તની અપેક્ષા તેમાં છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? **'ભાવપર્યાયે...'** એક ભાવમાં ચારે પર્યાય લઈ લેવી. વિકાર-ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક. **'પર્યાયે પ્રવર્તતા...'** તેમાં કોણ પ્રવર્તે છે? કે **'આત્મદ્રવ્યરૂપે...'** આત્મદ્રવ્ય પર્યાયમાં પ્રવર્તે છે. સમજાણું કાંઈ?

**'કર્તાપણાને ધરતો, સ્વયમેવ ષટ્કારકરૂપે વર્તતું થકું...'** પોતે કર્તારૂપે સ્વયમેવ વર્તતો થકો એમ. છેલ્લો શબ્દ છે. આહાહા! આટલી સ્પષ્ટ વાત છે, તે વાત તેરમી સાલમાં કરી હતી. ત્યાં શું કહેવાય? મધુવનમાં. પંડિતોની વચ્ચે બહુ જ ગડબડ ચાલી. આ જયાં બાંસઠ ગાથા મુકી એ.....ગડબડ થઈ ગઈ. આહાહા! આ તો વિકાર સ્વતંત્ર કહે છે, તો સ્વભાવ થઈ જાશે. પકડાઈ ગયા - પકડાણા - ઊઠો. કલકતા ગયા હતા. ત્યાં પ્રશ્ન આવ્યો. તે શાંતિ છે ને સાહુજી. તેના ઉપર પ્રશ્ન આવ્યો. સાહુજી લાવ્યા. કીધું પ્રશ્નનો ઉત્તર ત્યાં થઈ ગયો છે. શું છે? ગજરાજજીને ત્યાં ભોજન કરવા ગયા હતા ને ત્યાં આવ્યા હતા. પકડાણા એમ. આ લોકો ખરી ભૂલમાં પકડાણા. આહાહા! ભગવાન! એવું થયું. વર્ણીજી ને છે ને પંડિત લોકો. ત્યાં વાત બહુ જ ચાલી બધાની વચમાં. રામજીભાઈ હતા, ભાઈ હતા ને. હિંમતભાઈ હતા. નહીં? ભાઈ નહોતા ઓરડામાં કલાક ઉપર. ભાઈ હતા ને.

શું કહે છે? જૈનમાં એવી ગડબડ થઈ ગઈ છે. કર્મ હોય તો સંસાર ને વિકાર હોય. કર્મ ન હોય તો વિકાર ન હોય. એવી (ગડબડ) ચાલી છે. એમ છે નહીં. એમ કહે છે. જૈન પરમેશ્વર વીતરાગદેવ અને તેના સંત કુંદકુંદઆચાર્ય. એમ કહે છે કે આત્મા પોતાને ભૂલીને પર્યાયમાં, અવસ્થામાં રાગ-દ્વેષ મિથ્યાત્વભાવ કરે તો પોતાના કર્તાપણાથી આત્મદ્રવ્ય કરે છે. બીજાના કર્તાપણાનો અંશ તેમાં બિલકુલ છે નહીં. સમજાણું કાંઈ? અને સમ્યગ્દર્શનની પર્યાય કરે છે, સમ્યગ્દર્શન ધર્મની પ્રથમ પર્યાય તેમાં પણ આત્મદ્રવ્ય જ કર્તા થઈને સમ્યગ્દર્શનની પર્યાય કરે છે.

વ્યવહાર વિકલ્પ છે તો સમ્યગ્દર્શનની પર્યાયરૂપ આત્મદ્રવ્ય પરિણમે છે, એમ છે નહીં. શેઠી! આહાહા! જીવને સ્વતંત્રતાની ખબર નહીં. કે નહીં આમ જ છે. વાયુમંડળની વાત લખી છે. મહેન્દ્રલાલ છે કોઈએ. .....નિમિત્ત વિના વાયુમંડળ હોતું નથી. કોણ જાણે ગડબડ કોણ સોનગઢવાળા મૂર્ખ લોકો છે જે નિમિત્ત વિના માને છે. ના. સોનગઢ એમ લખ્યું છે. લખ્યું છે. સોનગઢવાળા કોઈએ અમારા વિરૂદ્ધ લખ્યું છે. એમ લખ્યું છે. નામ નથી આપ્યું. આ એનો હું જવાબ આપું છું. એમ કહે. અરે ભગવાન! શું કરે છે તું! હેં? હા, કોઈકે લખ્યું છે. તેની સામે લખ્યું છે.

આંહી કહે છે કે ભાઈ શાંત થા બાપુ! આહાહા! આવા સમયમાં તારી સત્યતા તને કબુલ ન થાય તો પછી કયારે આવશે? અહીંયા તો **'ભાવપર્યાયે...'** ભગવાનઆત્મા સમ્યગ્દર્શનરૂપી પર્યાયમાં તો ધ્યેય

દ્રવ્ય છે. સમજાણું કાંઈ? તે ધ્યેય દ્રવ્ય છે અને દ્રવ્ય વસ્તુ છે. તેની દૃષ્ટિથી ધ્યેયના ધ્યેયથી અહીંયા પર્યાયમાં દ્રવ્ય કર્તા થઈને, આત્મા કર્તા થઈને તેમાં સમ્યગ્દર્શનની પર્યાય ધર્મની અવસ્થા તેમાં આત્માનું કર્તૃત્વ છે. પરનું કર્તૃત્વ નહીં. વિકલ્પનું કર્તૃત્વ નહીં, નિમિત્તનું કર્તૃત્વ નહીં, દર્શનમોહનીયનો અભાવ થાય છે તો અહીંયા સમ્યગ્દર્શનની પર્યાય થાય છે એવી પરકારકની અપેક્ષા તેમાં છે નહીં. સમજાણું કાંઈ?

છે કે નહીં ખુલ્લું. તેમાં છે. જુઓ! અને ક્ષાયિકસમકિત. ઉપશમ, ક્ષયોપશમની પોતાની પર્યાયનો કર્તા આત્મા નહીં. ક્ષાયિકનો કર્તા આત્મા છે. કેવળી તીર્થંકરની સભામાં ક્ષાયિકસમકિત હોય છે એવો ગોમ્મટસારમાં પાઠ છે. એ તો નિમિત્ત શું હતું તેનું જ્ઞાન કરાવે છે. પણ ક્ષાયિકસમકિતની પર્યાયનો કરનારો તો આત્મદ્રવ્ય છે. કર્તા આત્મા છે.

મુમુક્ષુ :-ભગવાન ન હોય તો ન થાય.

ઉત્તર :- ભગવાન ન હોય, ભગવાન હોય જ ત્યાં. આંહી પર્યાય થાય છે તો તેના કારણથી હોય. ન હોય તો ન થાય કયાં. પર્યાય પોતાથી થાય છે ત્યાં નિમિત્ત હોય છે. આંહી તો નિમિત્તની વાત પણ નથી. નિમિત્તની અપેક્ષા છે નહીં. ત્યાં જુઓ! ષટ્કારકથી, પર કારકની અપેક્ષા નહીં. પર કર્તા, પર કર્મ, પર કારણની અપેક્ષા પોતાના કાર્યમાં પરની અપેક્ષા નહીં. એવું નિરપેક્ષ પોતાનું કાર્ય થાય છે. સમજાણું કાંઈ?

**'કર્તાપણાને ધરતો...'** જુઓ! કર્તાપણાને ધરતો, આત્મા જ પોતાના કર્તૃત્વનું બિરુદ ધરતો, એમ. સમજાણું કાંઈ? ઓલા કહે છે ને, કે ભાઈ પૈસા આવી જાય છે, તો અમારી ઈચ્છા નથી તો પણ આવે છે કે નહીં? એમ ધર્મ પણ તેને કારણે આવી જાશે. હેં? ખોટી વાત છે. ધર્મ કયાંથી આવશે?

તું તારી દૃષ્ટિ દ્રવ્ય ઉપર લગાવ અને દ્રવ્ય કર્તા હોય તો નિર્મળ ધર્મની પર્યાયનું કાર્ય થાય છે. એ કાર્યનો કર્તા તો આ છ ક્રિયાના કારક છે ને. છ ક્રિયા. સમ્યગ્દર્શનની પર્યાય ક્રિયા છે. તેનો કર્તા આત્મા છે. સમજાણું કાંઈ?

આંહી શાસ્ત્રમાં તો બહુ જ નિમિત્તની વાત આવે. ભગવાનના દર્શનથી સમકિત થાય છે, વેદનાથી સમકિત થાય છે. નારકીમાં બહુ વેદના નથી હોતી. દેવની ઋદ્ધિ જોવાથી સમકિત થાય છે. આવે છે કે નહીં?

મુમુક્ષુ :- થાશે ને?

ઉત્તર :- થાશે નહીં. થાશે ત્યારે તેને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? નારકીમાં જીવ છે ને, નર્કમાં બહુ જ દુઃખ છે. એટલું દુઃખ છે કે એ તો તે સહન કરે અને ભગવાન જાણે. એવી પીડા. એવી પીડામાં કોઈ સમકિત પામે છે તો કાંઈ પીડાથી પામે છે? શાસ્ત્રમાં એવું લખાણ આવે છે, બહુ જ વેદના! અરેરે! આ શું? ચીજ શું છે? ઓહોહો! આ પીડા! આ પીડા તો કેટલી! એક અગ્નિનો

નાનો તણખો જો ત્યાંથી અહીં આવે તો, દસ દસ હજાર જોજનની આસપાસના માણસ બળી જાય. તેમાં લાખો કરોડો અબજો વર્ષ રહે છે. તેવા અનંત ભવ અંદર ગયા. આત્માના સમકિત ધર્મ વિના. તો કહે છે કે વેદના-વેદના તો અનંતવાર વેદી છે. શું વેદનાના કારણથી સમકિત ન થયું. તો તો બધાને થવું જોઈએ. સમજાણું કાંઈ?

શાસ્ત્રમાં એવું આવે. લ્યો! તત્ત્વાર્થસૂત્રમાં. ભગવાનના દર્શનથી, દેવઋદ્ધિથી, વેદનાથી, કોઈ જાતિ સ્મરણથી. લ્યો! જાતિ સ્મરણ થયું તો સમકિત થઈ જાય છે. જાતિ સ્મરણથી થાય તો જાતિ સ્મરણ તો જીવને અનંતવાર થયું છે. એ કાંઈ નવી ચીજ નથી. પોતાના સમ્યગ્દર્શન ધર્મની પર્યાય આત્મદ્રવ્ય કર્તા થઈને નિમિત્તની, વ્યવહારની અપેક્ષા રાખ્યા વિના પોતાથી થાય છે. કહો, શેઠી! તેમાં એવું છે કે નહીં? બિલકુલ! આહાહા!

**'ભાવપર્યાય પામવાની શક્તિરૂપે કરણપણાને અંગીકૃત કરતો...'** ભગવાનઆત્મા પોતાની ભાવપર્યાયને પ્રાપ્ત. વિકાર પણ ભાવપર્યાય છે અને ધર્મની નિર્વિકારી પર્યાય પણ ભાવપર્યાય છે. એ ભાવપર્યાયના કાર્યને પ્રાપ્ત કરવામાં, શક્તિ પોતાની છે. પોતાની **'શક્તિરૂપે કરણપણાને અંગીકૃત કરતો...'** કારણ લ્યો! એ આત્મા કારણ છે. મિથ્યાત્વની પ્રાપ્તિ, રાગ-દ્વેષની પ્રાપ્તિમાં આત્મા કરણ નામ સાધન છે. નિમિત્ત સાધન નહીં. સમજાણું કાંઈ? એ છે કે નહીં તેમાં? પરથી છે તે તો વાત પંડિતોમાં ચાલી હતી. ગડબડ થઈ ગઈ. આહાહા!

ક્યાં પણ દુનિયાને અંતરમાં ક્યાં છું, ક્યાં જાઈશ, અરે મારું શું થાશે? આ તો પાંચ પચ્ચીસ વર્ષનો ખેલ છે. જ્યાં આંખ મિંચાઈ ગઈ ત્યાં જાવ ચોર્યાસીના અવતારમાં. તો શું તે અવતારનું કારણ પણ પોતે કર્યું છે કે પરથી થયું છે? એ કહે છે કે વિકારનો કર્તા તું છો. નિગોદમાં પણ, નિગોદનો જીવ પણ- એમ કે નિગોદનો જીવ છે ને તો તેને કોઈ વાણી કે મન તો છે નહીં. તો તેને કર્મ સાધનથી મિથ્યાત્વ થાય છે. હેં? નહીં? એમ છે નહીં. આ મુંઝવણ કરે છે તે કોણ કરે છે, કર્મ? હેં? એ કર્મનો ઉદય એવો આવ્યો માટે કે નહીં? નહીં. આ શરીરમાં ઊંઘ ન આવે માટે? નહીં.

આંહી તો કહે છે કે ભાઈ! ભગવાન! તું તારી ચીજને ભૂલીને તારું કરણ નામ સાધન થઈને તારા કારણે મિથ્યાત્વ ને રાગ-દ્વેષના પરિણામ થાય છે. આહાહા! કરણ નામ સાધન કહે છે. સમજ્યા? તે દ્વારા થયા એમ કહે છે ને. તે દ્વારા થયા. તો કહે છે આત્મા દ્વારા ભ્રમણા થઈ. તે ભ્રમણા કોઈ બીજાથી થતી નથી. આહાહા! સમજાણું કાંઈ?

શરીરમાં કોઈ રોગ થયો કે શરીરમાં કોઈ સર્પ કરડયો કે વીંછી કરડયો તો દુઃખ થાય છે. તે પરને કારણે દુઃખ થાય છે? એ દ્વેષની પર્યાયનો કરવાવાળો આત્મા છે. સમજાણું કાંઈ? પરનું કોઈ કારણ ફારણ છે નહીં. પરની અપેક્ષા તેમાં છે જ નહીં. **'ભાવપર્યાય પ્રાપ્ત કરવાની શક્તિરૂપે કરણ નામ**

**સાધનપણાને અંગીકૃત કરતો...'** અંગીકાર કરતો, ભાષા જુઓ! એ પોતાના કરણ સાધન તેને અંગીકાર કર્યા છે. પરના સાધન અંગીકાર કર્યા નથી. આહાહા! તો સમ્યગ્દર્શનમાં કારણ છે ને. શાસ્ત્રમાં ન આવ્યા બે? અભિગમ-નિસર્ગાત અભિગમાત. સમકિત બે પ્રકારે હોય છે. (અધિગમ - નિસર્ગજ) અભિગમાત નિસર્ગાત થાય છે. અહીં તો ના પાડે છે. અભિગમ એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે.

અહીં તો કહે છે સમકિતનું સાધન પોતાનો આત્મા છે. ધર્મની પર્યાયનું સાધન કરવાવાળો ભગવાનઆત્મા છે. સીધા, પૂર્વની પર્યાય નહીં, વિકલ્પ નહીં અને નિમિત્ત નહીં. આહાહા! સમજાણું કાંઈ? એવી વસ્તુની સ્થિતિ સહજ છે. કોઈ પરની અપેક્ષા રાખે ને ધર્મ થાય છે અને પરની અપેક્ષા રાખે ને અધર્મ થાય છે એમ છે નહીં. શું કરે પણ ગડબડ એવી ઘરી ગઈ છે ને. સંયોગ વિના થાય નહીં, નિમિત્ત વિના થાય નહીં બસ એવું. પેટમાં આહાર બાહાર હોય, ક્ષુધા તૂટે તો કાંઈક ધર્મના વિચાર ચાલે. નહીંતર ધર્મના વિચાર ન ચાલે. એમ જો કહે છે તે ખોટું કહે છે. હેં? ક્યાં દેખાય છે? શું દેખાય છે? એ ખોટો ભાવ કરે છે એમ દેખાય છે. પરથી કરે છે એમ દેખાય છે? કહો ધરમશીભાઈ! શું છે?

એમ કે આ બધા માણસ જાય ત્યારે અમારે આંહી પેદાશ ઓછી થઈ છે. એ પ્રત્યક્ષ દેખાય છે. લ્યો! અને આંહી હોય તો પેદાશ થાય. અને આંહી ન હોય તો પેદાશ ઓછી હોય તો જરીક સંકલ્પ-વિકલ્પ આવે. એ કહે છે કે એ પરને કારણે નહીં. એમ કહે છે. એ તો ગામ આખામાં ઘણાને ગડબડ થઈ ગઈ. કાંઈક બે ત્રણ મહિના બહાર નીકળે તો આંહી બધું કેટલા માણસો આવતા હોય કેટલા દૂધવાળા, કઠીયારા-લાકડા બધાને, હેં? શાકવાળા બધાને મોળું પડી જાય. રાડો પાડે. શું કરે પણ? પણ તે રાડો પાડે છે, દુઃખ તેને કારણે છે. પરના કારણે નહીં. એમ કહે છે. ઘણા કહે છે. ઘણા ગામમાં પણ કહે છે. ત્રણ મહિના બહાર જાવ એટલે બધું સૂનું સૂનું લાગે. અડધું બારણું કોણે બંધ રાખ્યું વળી? કહો, સમજાય છે કાંઈ?

ભાવપર્યાય પ્રાપ્ત કરવાની શકિત પોતાની છે. આહા! જુઓ ભાષા! પોતાની શકિતના કરણથી તે વિકાર કરે છે. પોતાની શકિતના કરણ સાધનથી તે ધર્મની પર્યાય કરે છે. નિમિત્ત ને સંયોગથી બિલકુલ થાતું નથી. લ્યો! પાટણીજી! નિમિત્ત માને છે કે નહીં? એ વાત હતી, વાંધા એ હતા. નિમિત્ત કયારે માન્યું કહેવાય કે, એ તો ઓલી ચોપડીમાં પણ એમ છે ને. ભાઈ છોટાભાઈ એમ કહેતા હતા ને ત્યારે એક ફેરે એમ કહ્યું હતું. આમાં જો લખ્યું છે આ. કે નિમિત્ત માને તો....., પણ નિમિત્ત માનતા નથી. એ નિમિત્તથી થાય છે એમ કહે છે. તો નિમિત્ત માન્યું કહેવાય. એમ એ કહે છે. એ ફેર છે. મોટા ઉગમણા-આથમણા ફેર છે.

આંહી તો એકવાર કયાંકથી વચન આવ્યું હોય તો ખ્યાલ તો હોય ને. એય! સમજાણું? એમ કહે છે. જુઓને વર્ણીજી કહે છે ને, નિમિત્ત માને તો કાંઈ વાંધો નહીં. પણ શું નિમિત્ત માને તો, નિમિત્ત

નથી માનતા? નિમિત્તથી થાય છે તેમ માને તો નિમિત્ત માન્યું કહેવાય? બિલકુલ ખોટી વાત છે. એય!

મુમુક્ષુ :- અહીં તો નિમિત્તને નિમિત્ત માને છે પણ ત્યાં નિમિત્તને નિમિત્ત નથી માનતા.

ઉત્તર :- ના, નિમિત્ત માને છે શું? નિમિત્ત નથી માનતા, કેમ કે નિમિત્ત છે તો કાર્ય થાય છે, અમે નિમિત્ત માનીએ છીએ. એમ કહે છે. અમે તો કહીએ છીએ. નિમિત્ત છે પણ અકિંચિંતકર છે. અકિંચિંતકર છે. મોટી ચર્ચા થઈ હતી ને. નિમિત્ત અકિંચિંતકર અનંતવાર છે. લે ને સાંભળને હવે. પરમાં તે શું કરે છે? ત્યારે તો નિમિત્ત કહેવામાં આવે છે. સમજયા? નહીંતર તો ઉપાદાન પોતાની પર્યાયમાં તે ચીજ આવી જાય. પણ તે દિ' કયાં ભાન હતું આ જયપૂરમાં પણ. શેઠી! એ નહીં બોલે. એનો બીજો જવાબ હળવે હળવે.....

કહે છે, પોતાનો ચાર ગતિમાં રખડવાનો ભાવ આ તેની કર્તા કરણ શકિત પોતામાં છે. તે ક્રિયાનો કરણ આત્મા છે. તે ક્રિયાનો કરણ બીજી ચીજ નથી. અને ભાવપર્યાય ધર્મ-સમ્યક્દર્શન, સમ્યક્ચારિત્ર, સમ્યક્જ્ઞાન તે પર્યાયનું કરણ સાધન પણ આત્મદ્રવ્ય છે. પૂર્વની પર્યાય નહીં, વિકલ્પ નહીં અને નિમિત્ત તો નહીં. એવી તો વાત છે. પણ એ ભગવાનઆત્મા કેવો સ્વતંત્ર છે તેની ખબર નહીં ને ગડબડ ગડબડ. છેવટે એમ કહે છે નિગોદમાં તો કર્મનું જોર છે એમ લેવું પછી ક્ષયોપશમ હોય, પંચેન્દ્રિય હોય, તો તો તેના પુરુષાર્થનો વાંક છે ત્યાં તો.

અહીં તો કહે કે ત્રણેકાળે કોઈ દ્રવ્યની પર્યાયમાં નિમિત્તની અપેક્ષા નહીં ને એવી પર્યાય થાય છે, એમ કહે છે. આ તો બધા દ્રવ્યોની, નિગોદથી માંડી ને સિધ્ધની. તેમાં એમ છે કે નહીં? એ શેઠ! છ કારક કર્તા છે. કર્તા, કરણ આદિ ક્રિયાના કારણ છે. તો ક્રિયાના કારણ પોતાનો ભાવ છે. પર્યાય બદલે છે તે ક્રિયા છે. તે ક્રિયામાં કારણ કોણ? તો કહે કે પોતાનો ભાવ. આત્મા કારણ છે બીજો કોઈ કારણ છે નહીં. પરમેશ્વર-બરમેશ્વરની કૃપા થઈ જાય ને ધર્મ થઈ જાય, કોઈ શ્રાપ આપી જાય અને વિકાર થઈ જાય એમ હોતું નથી. બરાબર છે? બે બોલ આવ્યા. ત્રીજો.

પહેલો કર્તા આવ્યો. બીજો કરણ - સાધન આવ્યો. હવે કર્મ આવે છે. કર્મ નામ કાર્ય. પોતાના કાર્યને **'પ્રાપ્ય એવા ભાવપર્યાયરૂપે કર્મપણાને અનુભવતો...'** પ્રાપ્ય-કર્મ. પોતાનું કર્મ નામ કાર્ય જે થાય છે મિથ્યાત્વનું, રાગ-દ્વેષનું, સમ્યકનું, ચારિત્રનું. તે કાર્યની પર્યાય પ્રાપ્ત કરવાની ભાવપર્યાયરૂપથી કર્મપણાને અનુભવતો, પોતાના કાર્યપણે અનુભવતો આત્મા તે કાર્યનો કર્તા છે. એ આત્માનું કાર્ય છે. મિથ્યાત્વ રાગ-દ્વેષ આત્માનું કર્મ છે. કર્મ શબ્દે કાર્ય છે. ભારે ભાઈ! આરે! આરે!

એક બાજુ કહે કે મિથ્યાત્વ ને રાગ-દ્વેષનો કર્તા થાય છે તે મિથ્યાદષ્ટિ છે. આંહી કહે કે ભાઈ સાંભળ તો ખરો, ત્યાં તો તેની પર્યાયને સિધ્ધ કરવી છે. પરનો દોષ નથી એટલું સિધ્ધ કરવું છે. પછી વળી રાગ-દ્વેષના કર્તાપણે જયાં સુધી દૃષ્ટિ છે ત્યાં સુધી સ્વભાવની દૃષ્ટિ નથી. તો સ્વભાવની દૃષ્ટિ

નથી ત્યાં સુધી મિથ્યાદ્દષ્ટિ છે. પણ તે મિથ્યાદ્દષ્ટિના પરિણામના કાર્યનો કર્તા પણ આત્મા છે. સમજાણું કાંઈ? ભાઈ શું કરે અમને એવા સંભળાવવાવાળા મળ્યા તો એવું અમે માનીએ છીએ. શેઠ!

મુમુક્ષુ :- બહુ સંભળાવવાવાળા શોધતા હતા પણ ન મળ્યા તો શું કરીએ?

ઉત્તર :- ના પાડે છે. એ ના પાડે છે કે તારા ખોટા અભિપ્રાયનો કર્તા તું છો. સંભળાવવાવાળા ન મળ્યા માટે ખોટો અભિપ્રાય થયો, એમ છે નહીં. એમ કહે છે. ભાઈ શોભાલાલજી! એવી વાત છે. આહાહા! અરે ભગવાન!

**'પ્રાપ્ય એવા ભાવપર્યાયરૂપે કર્મપણાને અનુભવતો...'** આત્મા પોતાના કારણથી ક્રિયારૂપ પરિણમે છે. મિથ્યા રાગ-દ્વેષ હોય કે સમ્યગ્દર્શનની શાંતિ ચારિત્રની પર્યાય હોય તેના કાર્યનો પ્રવર્તવાવાળો આત્મા જ છે. પરની અપેક્ષા રાખતો નથી. આહાહા! કેટલી બાંસઠ ગાથા! હેં? કેટલી વાત! હો નિમિત્ત. નિમિત્ત કોણ ના કહે છે. પણ નિમિત્તની અપેક્ષા છે તો અહીંયા પરિણમે છે એવું અસ્તિત્વ..... અસ્તિત્વ સિધ્ધ કરે છે. છે પોતાની પર્યાયનો કર્તા આત્મા. તેમાં બીજા છે તો આ થાય છે એવી અપેક્ષા નથી. સમજાણું કાંઈ? ત્રણ બોલ થયા.

**'પૂર્વ ભાવપર્યાયનો નાશ થવા છતાં...'** પૂર્વ અવસ્થાનો નાશ થયો. **'ધ્રુવપણાને અવલંબતો...'** ધ્રુવસ્વરૂપનું અવલંબન ત્રિકાળ ધ્રુવ છે તેનું અવલંબન કરવાથી **'જેણે અપાદાનપણાને પ્રાપ્ત કર્યું છે એવો...'** તેમાંથી થયું છે. ધ્રુવમાંથી મિથ્યાત્વ આદિ અને ધ્રુવના આશ્રયથી સમ્યક્દર્શન આદિ. ભાષા જુઓ! એય! આંહી તો ધ્રુવ, પર્યાયનો નાશ થયો છતાં ધ્રુવપણું ચીજ છે તેનાથી થાય છે. વિકાર પણ તેનાથી થાય છે અને ધર્મની પર્યાય પણ તેનાથી થાય છે. આરે! આરે! ભારે વાત ભાઈ!

આંહી તો કહે છે કે ધ્રુવના ધ્યેયથી તો સમ્યગ્દર્શન થાય છે. એ બીજી વાત છે. અહીંયા તો દ્રવ્ય જે ધ્રુવ છે, તે પોતાની પર્યાય પલટીને નવી પર્યાયમાં અપાદાન ધ્રુવ છે ત્યાંથી થાય છે. પરથી થાતું નથી. સમજાણું કાંઈ? **'પૂર્વ ભાવપર્યાય...'** ભાવપર્યાય છે ને. ચારે ભાવ લેવા. **'નાશ થવા છતાં...'** નિગોદમાં અને એકેન્દ્રિયમાં બધામાં. **'ધ્રુવપણાને અવલંબતો હોવાથી...'** લ્યો! ભાષા જુઓ! તેનો અર્થ ધ્રુવ દ્રવ્ય છે ને. તે જ પોતાની પર્યાયનો શું? અપાદાન છે. પોતાથી - ધ્રુવથી તે વિકાર થયો છે. ધ્રુવ નામ દ્રવ્યથી વિકાર થયો છે. દ્રવ્યથી નિર્વિકાર ધર્મપર્યાય થઈ છે, દ્રવ્યથી સમકિત થયું છે, દ્રવ્યથી કેવળજ્ઞાન થયું છે. ભારે સમજવું. એક કોર કહે. વળી એક બાજુ કહે-કર્મના નિમિત્ત ઉપર લક્ષ જાય તો તને વિકાર થાય છે. તો વળી ત્યાં નિમિત્તનું લક્ષ જાય. લક્ષ જાય પણ..... લક્ષ જાય તો પોતાના નિમિત્તની અપેક્ષા વિના પોતાનું લક્ષ જાય છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

આ વિચારવાની તાકાત ન હોય. પછી કાંઈક પાપ કર્યું હોય ને થોડું. આખો દિ' ચોવીસ કલાક કલાકો પાસ કરે છે. બે ઘડી ભગવાનની ભક્તિ અને પૂજા બુજા કરીને જો પાપ નાશ થઈ જાય તો આ

સમજવું મટે. એય! એવું સમજયા વિના કયારેય કલ્યાણ થાતું નથી. ભક્તિ કરે શું, લાખ મંદિર બનાવે, લાખ મંદિર બનાવે ને કરોડો અબજો પૈસા હોય તે દાનમાં આપી દયે. તોપણ, કિંચિત, જરાપણ આત્માનું કલ્યાણ ને ધર્મ થતો નથી. સમજાણું કાંઇ? શું છે? સમજાણું કે નહીં? શું છે?

મંદિર કોણ બનાવે છે? એ તો જડની પર્યાયથી થયું છે. તેનો કોઇ કરવાવાળો છે? તેમાં તે આવી ગયો છે ? પરમાણુ જે છે તે પૂર્વ પર્યાયનો નાશ કરીને ધ્રુવના અવલંબનથી તે પર્યાય થાય છે. પરના કારણથી થાતી નથી. આરે! આરે! દેખાય છે ને કહે, એય રમણીકભાઇ! હેં? ઉપદેશથી પણ નથી થાતું. વાણીની પર્યાય ભિન્ન છે. એ તો પુદ્‌ગલની પર્યાય છે વાણીની. આહાહા! હેં? કોણ કરાવે? વિકલ્પ પોતે કરે છે. પોતામાં થાય છે. દેહની ક્રિયા જડથી થાય છે આત્માથી નહીં. શરીરની ક્રિયા ચાલે તે આત્માથી નહીં. સમજાણું કાંઇ? ભારે ભાઇ!

પગ ઉપડે છે ને પગ. તો એ પરમાણુ પોતાની પૂર્વની પર્યાય બદલીને નવી પર્યાયનું કાર્ય ધ્રુવથી થાય છે. પરમાણુથી થાય છે. આત્માથી બિલકુલ નહીં. ચાલવામાં આત્માની અપેક્ષા છે જ નહીં. આત્માએ વિકલ્પ કર્યો કે મારે ચાલવું છે. તો વિકલ્પની અપેક્ષા છે તો આંગળી અને પગની પર્યાય એવી થાય છે એમ બિલકુલ નહીં. બિલકુલ ખોટું છે. એમ કહે છે. નવનીતભાઇ! આ તો નિશાળ જુદી છે આ.

મુમુક્ષુ :- એમનું તો કહેવું એમ છે કે વિકાર પોતે કરે.

ઉત્તર :- વિકલ્પ આવે એટલું. બસ એટલું જ. આવે એ તોડે કયાંથી? એ કાળે હોય. એ વળી તોડવાનો બીજો વિષય છે. એ છે ખબર છે, બધો ખ્યાલ છે. વિકલ્પ તો આવ્યો ને ? ખ્યાલ છે ને એ નથી ખ્યાલ?

એ વિકલ્પ આવ્યા વિના રહે નહીં. એ વિકલ્પનું પરિણમન પણ જીવદ્રવ્યથી છે, એમ કહેવું છે. છતાં, જીવદ્રવ્યથી થાય, છતાં જ્ઞાની એને જાણે કે આ વિકલ્પનું પરિણમન મારાથી થયું એમ જાણે. બસ જાણે. કર્તા નહીં. એ કર્તા એટલે પરિણમન થયું. પણ આ હું કરું છું અને કરવા લાયક છે એમ નહીં. એમ આવ્યા વિના રહે નહીં. આહાહા! સમજાણું કાંઇ? ભારે વાતું ભાઇ! લાભ કોનાથી હોય. લાભની કયાં વાત છે. રાગ આવે તો રાગ આવ્યા વિના રહે? લાભ નથી તો આવ્યા વિના રહે? છોડવા કે નહીં તે પ્રશ્ન જ કયાં છે. છતાં એના કાળે રાગ આવ્યા વિના રહે જ નહીં. ખાવાનો વિકલ્પ આવે કે નહીં? લ્યો! ખાવાના વિકલ્પ છોડે તો. છોડે પણ શી રીતે છોડે? ખાવાનો વિકલ્પ થયો છે. છોડે શું? સમજાણું કાંઇ? તે દ્રવ્યની પર્યાય તે સમયે વિકલ્પ થવાની હતી તે પર્યાય તેની છે. તેના અસ્તિત્વમાં છે. પરથી છે નહીં. આહાહા! કોણ કરે? એ અપવાસ કરે છોડે કોને? રાગને છોડું તે પણ વિકલ્પ છે. ઝીણી વાત છે ભાઇ! વીતરાગનો માર્ગ....... સમજાણું કાંઇ?

જ્ઞાનીને ભોગનો વિકલ્પ આવે છે. લ્યો! ખ્યાલ નથી? કે તેમાં દુઃખ છે. આકુળતા છે. લગ્ન કરે.

જ્ઞાની કુંવારો હોય. સમકિત થયા પછી લગ્ન કરે. તીર્થંકરદેવ ત્રણ જ્ઞાનના ધણી. ક્ષાયિક સમકિત લઈને આવે છે. અને પછી છન્નું હજાર સ્ત્રીને પરણે છે. ભોગવવું એ કર્મ કે દિ' હતા. એ વખતનો એ વિકલ્પ આવ્યા વિના રહે નહીં. જાણે કે આ આવ્યો છે એટલું. ટાળવું અને ઉત્પન્ન કરવું એ જ્ઞાનનો સ્વભાવ છે જ નહીં. સમજાણું કાંઈ? આહાહા! એ વળી જુદી વાત છે. જ્ઞાનનો સ્વભાવ હું વિકલ્પ ટાળું, તે પણ ટળે છે તે જ્ઞાન જાણે છે, ઉદય થાય છે તે જાણે છે, ખરે છે તે જાણે છે, આવે છે તે જાણે છે. એ બીજી ચીજ છે. એ તો જ્ઞાનસ્વભાવનું ભાનમાં એવું હોય છે. પણ તે પરિણમન છે તે તો એનું છે. કોઈ જડનું છે અને જડને કારણે છે એમ છે નહીં. જ્ઞાનીને પણ નહીં. એમ કહે છે. હેં? આવે. આવ્યા વિના રહે નહીં. એનો કાળ છે કે નહીં? રાગનો કાળ છે. અશુભનો કાળ છે તે આવ્યા વિના રહે નહીં. સમજાય છે?

પણ એને વીતરાગને ક્યાં નબળાઈ છે. અને કમજોરી છે તો આવે ખરો. ટાળતો કેમ નથી? પણ તે સમયે ટળવાનો યોગ જ નથી. ઉત્પન્ન થયો તે કાળે ટળવાને યોગ્ય છે નહીં. એમ જ્ઞાની જાણે છે. આકરું કામ છે. લાડુલાલજી! હેં? આખો વિષય જુદો બાપુ. આ અત્યારે જુદો વિષય છે. કાંઈ વશ જ થતો નથી. જ્ઞાની તો રાગ આવે તેને જાણે છે. તેની જ્ઞાનની પર્યાય એવી છે કે તે જ્ઞાન પોતાને જાણે અને રાગને પણ જાણે એવી પર્યાય પ્રગટ થાય છે. તે પર્યાયમાં ફેરફાર કરવો તે જ્ઞાનીનું કર્તવ્ય છે નહીં. અરે! આકરું કામ છે.

મુમુક્ષુ :- બે ધારી તલવાર છે.

ઉત્તર :- બે ધારી તલવાર નથી. એવું છે બાપુ! ઝીણી વાત છે ભાઈ! અત્યારે તો એમ કહેવું છે કે દ્રવ્યમાં જે પર્યાય થાય છે વિકાર કે અવિકાર તેનું અપાદાન પોતાથી થયું છે. થી થકી, આત્માથી અંગીકાર થયું છે. આત્માથી સમ્યગ્દર્શન થયું છે. એવું પોતાનું અપાદાન પોતાનું કારણ છે. પરથી થયું છે એમ છે નહીં. ભારે કામ ભાઈ!

આત્મભાન થયું કે રાગથી હું ભિન્ન છું, ચૈતન્ય છું, જ્ઞાયક છું. તો તેમાં ધ્રુવદૃષ્ટિમાં, ધ્રુવની દૃષ્ટિમાં પર્યાયની જેવી યોગ્યતા હોય તેવી આવ્યા વિના રહે નહીં. બસ તેને જાણે. આહાહા! કઠણ કામ! ક્રમબદ્ધ થઈ જાય. ભાઈ એમ જ છે. સાંભળ તો ખરો! તે જ્ઞાનની પર્યાય પણ તે સમયે તે પ્રકારના રાગનું જ્ઞાન હોય પોતાથી હો. રાગથી નહીં. રાગ આવ્યો તેનું જ્ઞાન તેમ કહેવું તે પણ વ્યવહાર છે. પણ પોતાના જ્ઞાયકસ્વભાવ ઉપર દૃષ્ટિ થઈ તો પોતાનું જ્ઞાન થયું અને જે રાગ છે તે સ્વપરપ્રકાશક પર્યાય પોતાથી થાય છે. તેમાં પર્યાયમાં ફેરફાર કરવો અને રાગમાં કરવો તેવી ચીજ છે જ નહીં. આહાહા! સમજાણું કાંઈ?

ગાથા - ૩૨૦ '**દીઠી જઅેવ ણાણં**' એમાં ઘણું આવ્યું છે. શું કહેવાય એ? જ્ઞાન, જ્ઞાનચક્ષુ.

**'दीठ्ठी ज एव णाणं'** જ્ઞાન તો ઉદયને જાણે, નિર્જરાને જાણે, ભાવબંધને જાણે અને ભાવમોક્ષને જાણે. આહાહા! સમજાણું કાંઈ? એવી ચીજ દૃષ્ટિની પેઠે જ્ઞાતા છે આત્મા. અહીંયા તો બીજી ચીજ સિધ્ધ કરવી છે. પોતાની પર્યાયમાં દોષ થાય છે કે ધર્મની પર્યાય થાય છે તેનો કરવાવાળો અથવા સાધન અથવા થી થકી તે પોતાના ધ્રુવથી થાય છે. એક પર્યાય તો બદલી ગઈ. નવી થઈને કોનાથી? કે ધ્રુવથી થઈ. આહાહા! ભારે વાત ભાઈ!

વસ્તુનું વિજ્ઞાન છે આ. વિજ્ઞાનનું વિજ્ઞાન. સર્વજ્ઞથી સિધ્ધ થયું. આહાહા! વીતરાગી વિજ્ઞાન છે આ. ખબર ન મળે. આ ધંધા અને પાપ આડે સાંભળવા સમજવાની નવરાશ પણ ન મળે. જયંતીભાઈ! એમાં વળી કાંઈક પાંચ પચ્ચીસ લાખ ભેગા થઈ જાય-આહાહા! હું પહોળો અને શેરી સાંકળી થઈ ગઈ. જાણે શું થઈ ગયું શું થયું, ધૂળેય નથી થઈ સાંભળને. મિથ્યાત્વનો મમતાનો ભાવ પરિણમાવ્યો છે. એમાં તને ઈ લાભ મળ્યો છે. પરનો લાભ તો છે નહીં. આહાહા!

કહે છે કે થી થી થી થઈ ગયું લ્યો! **'ધ્રુવપણાને અવલંબતો...'** ભાષા જુઓ! વસ્તુ જે ધ્રુવ છે તેના અવલંબનથી વિકાર થાય છે. એ શાંતિભાઈ! વિકાર થાય. કહો, સમજાય છે કાંઈ? ઓલો કહે ધ્રુવના અવલંબનથી તો ધર્મ પર્યાય થાય છે. તે બીજી વાત છે. આ બીજી વાત છે. આ તો દ્રવ્ય ધ્રુવમાંથી તે પર્યાય આવે છે કાંઈ બહારથી આવતી નથી. એમ કહે છે. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? કહો, ચંદુભાઈ! આમ છે આ. જુઓ! આહાહા! કાલથી કાંઈક ફેર પડયો છે થોડોક. થોડો ફેર પડયો છે.

અરે! જાગતી જ્યોત તું ચૈતન્ય તને દબાવનાર કોણ? સમજાણું કાંઈ? બાદશાહ ત્રણલોકનો નાથ એ જગતની પ્રતિકુળતાથી પણ હલ્યો હલે નહીં. ડગ્યો ડગે નહીં. એવો ભગવાનઆત્મા! આહાહા! હેં? ચૈતન્યમેરુ પર્વત ભગવાન મહાપ્રભુ છે ને ભાઈ! એ પૂર્વના કારણે તો હલે નહીં પણ વર્તમાન વિકલ્પઝાળ હોય તોપણ ધ્રુવ તો ધ્રુવ જ છે. તેને કોઈ હલાવે-ડગાવે એવી ચીજ છે નહીં. એવી ચીજ. કોણ હલાવે? સમજાણું કાંઈ? પર્યાયથી તો પાર છે પ્રભુ! એક સમયની પર્યાયથી તો પાર ધ્રુવ ભગવાનઆત્મા છે. એવી ધ્રુવની દૃષ્ટિ થઈ, ધ્રુવ ઉપર ચાલી ગઈ ચાલો. 'ધ્રુવ અચલં, ચાલી ગઈ એટલે ધ્રુવ પર્યાય થઈને એમ. આવે છે ને 'ધ્રુવ અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિધ્ધને' પહેલી ગાથા. સિધ્ધની પર્યાય ધ્રુવ.

ધ્રુવનો તારો નથી કહેતા? ભગવાન, આનંદઘનજી પણ કહે છે કે નીરખી ધ્રુવની તારી. ધ્રુવ તારી આત્મા તારો ચૈતન્ય ધ્રુવ. એવી જ્યાં દૃષ્ટિ થઈ તો વિકાર ફિકારનો જ્ઞાતા-દૃષ્ટા થયો. કોઈને પલટવું નહીં, ફેરવવું નહીં, નાશ કરવું નહીં અને ઉત્પન્ન પણ કરવું નહીં. આહાહા! અરે ભગવાન! તારા ઘરની વાત તને ખબર ન પડે. અને બીજાના ઘરની હોંશિયારી માંડે. આમ હોય ને આમ હોય. અરે તારા ઘરમાં શું છે એ તને ખબર છે? મારી મને ખબર નહીં. તો પરની ક્યાંથી ખબર હોય? આંખ તો નીચે છે. તારા શરીરની ખબર નથી તો બીજાને તે ક્યાંથી જોયું? સમજાણું કાંઈ? આંહી તો ભૂલ અને ભગવાન

થવાની પર્યાયનો કર્તા આત્મા છે એમ કહે છે. હેં? આહાહા! અપાદાન થયું.

**'ઉપજતા ભાવપર્યાયરૂપ કર્મ વડે સમાશ્રિત થતો હોવાથી...'** શું કહે છે? આત્મામાં જે વિકારી પર્યાય થઈ તે પોતાથી થઈ અને પોતામાં રાખી છે. એ સંપ્રદાન છે. પોતાની પર્યાયમાં જે વિકાર થયો તે પોતે રાખ્યો છે. પોતે લીધો અને પોતાને દીધો છે. કોઈને દીધો નથી અને કોઈથી લીધો નથી. સમજાણું કાંઈ? આહાહા! પરમાં સુખ છે, પુણ્યમાં સુખ છે, પાપમાં મઝા છે. ઇન્દ્રિયોના વિષયમાં સુખ એવી મિથ્યાબુધ્ધિ. કહે છે કે એ મિથ્યાબુધ્ધિ આત્માએ કરી અને આત્માએ લીધી. દેવા-લેવાવાળો આત્મા છે. તે જ પર્યાય દેવાવાળી અને તે જ પર્યાય લેવાવાળી છે. કોઈને દેવું લેવું તે આત્મામાં છે નહીં. હેં?

એમ ધર્મની પર્યાય. ભગવાનઆત્મા શુધ્ધચિદાનંદ પ્રભુ તેની દૃષ્ટિથી જે ધર્મપર્યાય છે તે ધર્મપર્યાય પોતાથી લીધી અને પોતાને દીધી. પાત્ર પણ આત્મા અને દાતા પણ આત્મા. આહાહા! સમજાણું કાંઈ? કોઈને દેવું લેવું તે આત્માની ક્રિયા છે નહીં. શેઠ! આ પૈસા બૈસા દેવાની કિયા આત્માની નહીં. માટે હવે નથી દેવાને. દયે કોણ અને રાખે કોણ? એ તો પરમાણુ પોતાની પર્યાયથી કર્તા થઈને રહે છે અને જાવાના હોય તો પોતાની પર્યાયથી પરમાં જાય છે. મેં પૈસા દીધા-મૂઢ છે. પૈસા તારી ચીજ છે? તું જડનો સ્વામી થયો? આહારમાં દીધા. બીજાને જળમાં દીધા. કપડા મેં દીધા. દવાઓ આપી. લ્યો! ઈંજેકશન દીધા. સેવા કરી. પગચંપી કરતાં કરતાં. હાથ તારો છે? હાથ તો જડ છે. જડની પર્યાય ઉત્પન્ન કરીને જડ રાખે છે. તેં દીધા અને લીધા છે? ભારે વાત ભાઈ! એ શીવલાલભાઈ! આ બધું સમજવું પડશે હો. આ શીવલાલભાઈને કહું છું. ગોસળીયા તો વકીલ છે ને બુધ્ધિવાળા છે. વેપારીને બરાબર સમજાય નહીં ને ઝીણું પડે. બુધ્ધિ થોડી ઘણી ઉઘાડ તો હોય ને એને? તર્ક કરવાને. સમજાય તેને, સમજવા માગે તો. આહાહા! ધંધાવાળા તો બધા સાધારણ કીધું ને. કાંઈ ન મળે.

ઘણા વર્ષની વાત છે. ત્રેસઠ-ચોસઠની. એ મુંબઈ માલ લેવા ગયા તો એક ખોજો હતો. ખોજો હતો ખોજો. પચાસ હજારની પેદાશ તે દિ'ની વાત છે હો. ચોસઠની સાલની. બાર મહિને પચાસ હજારની પેદાશ. તે દિ' પચાસ હજાર એટલે અત્યારે સોળ ગણા ગણવા. આઠ લાખ. આમ પૂછયું કે ભાઈ આ દુકાનનો માલીક કોણ છે? ઈ તો ત્યાં અમારા ઉમરાળાનો માણસ હતો નોકર દુકાનમાં. આટલું લેવું હોય તો લ્યો. એમાં વળી એક એવો માણસ હતો કે બે પેટીઓ મારે નામે લઈ જાવ ચોરીને. પૈસા મને દેજો. અરે શું કરે છે કીધું આ? કીધું કોણ શેઠ છે કીધું. સામે એક હોટલ હતી. એની દુકાનમાં. દુકાનમાં જ માલ રાખ્યો. નમૂનો હોય ને વખારું ભરી હોય. ચોસઠની સાલની વાત છે લગભગ. સંવત ઓગણીસસો ચોસઠ. મુંબઈ. ત્યાં સામે હોટલમાં પાણી દૂધ બુધ ચા પીતો હતો. ઊભો થયો. આ? સહી કરતાં આવડે નહીં. બોલતાં આવડે નહીં. પચાસ હજાર રૂપિયા પેદા કરે છે. ચોસઠમાં પચાસ હજાર કેટલા કહેવાય. એ જયંતિભાઈ! અત્યારે સોળ ગણું થઈ ગયું છે હો. સોળ લાખ હોય તો એક લાખ કહેવાય.

અત્યારે સોળ લાખ હોય તો પૂર્વના એક લાખ. લાડુલાલજી! બરાબર છે કે નહીં? કારણ કે બધા ભાવ એક ટાંક થઈ ગયો ને. દાણાના, ખાંડના બધાના સોળ ગણા ભાવ. કોઈકના વીસ ગણા હશે. કીધું આ જડભરત જેવો અને કાંઈક પચાસ હજાર પેદા કરે. એમાં શું?

હવે એ તો પુણ્યના પરમાણુ એની પર્યાયથી કયાં પેદા કરે છે? એ પરમાણુ તો આવવાના હોય તે આવે. તે દિ' તો એટલું હતું કે આ એના પુણ્યને લઈને છે એટલું. આ શું આ જડભરત! સહી કરતાં પણ આવડતી નથી. અને બુદ્ધિના મોટા ખાં હોય છતાં હજાર રૂપિયા પેદા કરવામાં મહિને પરસેવા ઉતરે. એની હારે શું સંબંધ છે? એ તો જડની પર્યાય જડથી આવે છે અને જડથી જાય છે. આત્માથી આવે અને આત્માથી જાય એમ છે નહીં.

હોય તો ધ્યાન રાખવામાં ફેર પડે એમ માણસ કહે. એ પણ ફેર છે. ભાઈ એક વ્યવસ્થાપક હોંશિયાર હોય તો એ કાર્યમાં ફેર પડે. જાદવજીભાઈ! અને બુડથલ જેવો બેઠો હોય એમાં કાર્યમાં શું? મફત અભિમાન છે તારું, સાંભળ ને. બુડથલ પણ ત્યાં વકીલ હોય. કયો કાયદો કાઢવાનું તમે કહેતા હતા ને કોઈકનું. એક જણો એવો વકીલ હતો. મોટા ચોપડામાંથી કાયદો કાઢે શું કાંઈક બીજું કીધું,. ઠીક. કાયદામાં મોટું નાનું હશે? આવા પણ બુડથલ વકીલ હશે. લ્યો! આહાહા! સારા ચોપડામાંથી જો કાઢવો હોય તો એમાં પૈસા આટલા દેવા પડશે. સો રૂપિયા. નહિંતર નાનામાં પચ્ચીસ આપશે. હા, આ તો આપણે કાંઈક સારા ચોપડામાંથી કાઢવું છે. સારા ચોપડામાં કાયદો બીજો હશે. આવા ને આવા. વકીલ એટલે શું પણ હવે? એય! મુર્ખના સરદાર હોય મોટા અને પાંચ પાંચ હજાર પેદા કરતાં હોય તેમાં છે શું? ધૂળમાં પણ છે નહીં.

આંહી તો કહે છે કે જે કાંઈ ઉત્પન્ન થવાવાળી દશા આત્મામાં તે પર્યાયને પોતે રાખે છે. કોઈને દેતો નથી. દે કયાંથી? પોતામાં ઉત્પન્ન કરીને પોતે રાખે છે ને. ઉત્પન્ન થઈને તે પર્યાય ભાવમાં થવાવાળી તે રાખે છે. રહે છે તેને કારણે. સમજાયા? આહાહા! વિકાર કે અવિકાર જે પર્યાય થાય છે પૂર્વની પર્યાય બદલીને. થાય છે કયાંથી? તે ધ્રુવથી. પણ રાખે છે કોણ? કે એ પર્યાય રાખે છે. આત્માની પર્યાય પોતાને રાખે છે. બીજાને આત્મા રાખે છે એમ નથી. અને બીજા છે તો પોતાની પર્યાય રહે છે એમ પણ નથી. ઓહોહો! એ સંપ્રદાન કહ્યું. સંપ્રદાન. હવે આધાર.

**'ધારી રાખવામાં આવતા ભાવપર્યાયનો આધાર હોવાથી...'** જુઓ! મિથ્યાત્વ કે રાગ-દ્વેષનો આધાર આત્મા છે. પર આધાર નહીં. એરણ હોય છે ને લોઢાની. ઉપર ટીપે છે ને. તો આધાર નીચેની ચીજ છે ને. તો કહે ના. તે પરમાણુમાં આધાર નામની શક્તિ છે તો પોતાથી એવી એવી ક્રિયા થાય છે. એ એરણને કારણે નહીં. લોઢાની એરણ નીચેનાને કારણે નહીં. જુઓ!

આ ચોપડી ઉપર આ પડયું છે, તો કહે નહીં. તે તેમાં રહેલું નથી. તે પરમાણુ પોતાની પર્યાયથી,

પોતાને આધારે, પોતામાં રહ્યા છે. ચોપડીને આધારે બિલકુલ નહીં. ચોપડીના નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના નિરપેક્ષ પોતાની પર્યાય પોતાથી ત્યાં રહી છે. હાય! હાય! દુનિયાથી આંધળું. દુનિયા આંધળી તેની સામે વિરુધ્ધ છે આ બધું. કહો, સમજાણું કાંઈ? લ્યો! આ (ચોપડી) ઉપડી. તો કહે છે કે આ આંગળીને કારણે ઉપડી છે એમ નહીં. ઊંચી થવામાં આંગળીની અપેક્ષા પણ નથી. આહાહા! ગજબ વાત છે.

એક સાધુ કહેતો હતો. લ્યો! આ મોરપીંછી પડી. તેના કારણે ઉઠશે? લો આપણે હવે શું કરીએ? મોરપીંછી. આની સામે વિરોધ કરવામાં. ભાઈ આંહીની સામે વિરોધ નથી. ભગવાન તું તારી સામે વિરોધ (કરશ). ખબર નહીં કાંઈ. આ મોરપીંછી પડી છે લ્યો. તેના કારણે ઉઠશે? આંહી કહે છે કે મોરપીંછીની ઉઠવાની પર્યાયનો આધાર તે પરમાણુ છે. બીજાને કારણે ઊંચી થાય છે એમ નથી. વસ્તુમાં સ્વભાવ છે, નહીં માને તે ભ્રમમાં અજ્ઞાનમાં પડયા છે. ભારે કામ ભાઈ! લડુ - રોટલી દાંતમાં પડી છે તો દાંતને કારણે રોટલીના ટુકડા થાય છે એમ નહીં. રોટલીના પરમાણુ જે છે તેમાં આધાર નામની શકિત છે. તે કારણે ત્યાં ટુકડા પોતાની પર્યાયના આધારથી, પર્યાયનો દ્રવ્ય આધાર છે, તેથી તે પર્યાયના ટુકડા થાય છે. દાંતથી નહીં, છરીથી નહીં. છરીથી ખાય છે ને યુરોપીયન, છરીથી ખાય.

મુમુક્ષુ :- તોપણ ચાવવું તો પડે ને.

ઉત્તર :- ચાવે કોણ કહે છે આંહી. અરે!

આ ઓલો એક આવ્યો હતો ને તે કહે હું છરીથી નથી કાપતો. નહીં? ઓસ્ટ્રેલીયાનો આવ્યો હતો ને. હા, ફ્રુટ પણ આમ હાથેથી કાપે. ખાય. છરીને અડવાનું નહીં. બીજું ખાતો નથી. ઓસ્ટેલીયન આવ્યો હતો. હમણાં તો ત્રણ જણા-એક અમેરિકન આવ્યો હતો પહેલો. તમારી રાજુલ માટે, નહીં? પછી બીજો એક આવ્યો હતો જર્મની. જુવાન છોકરો રૂપાળો. મેં કીધું આંહી અંગ્રેજી બંગ્રેજી અમને આવડતું નથી. જાવ પંડિતજી પાસે. અને આ ત્રીજો આ ઓસ્ટેલીયન આવ્યો. આવે, નામ મોટું ને ત્યાં જાવ. મને કાંઈ અંગ્રેજી આવડતું નથી કે તમને સમજાવી શકીએ. રામજીભાઈ પાસે જાવ. અને હિંમતભાઈ પાસે જાવ. પછી પંડિતજી પાસે ગયા હતા, નહીં?

આંહી તો કહે છે કે જો કોઈ દ્રવ્ય નામ પરમાણુ અને આત્મા છે, તેની જે પર્યાય છે તેનો આધાર તે પરમાણુ ને જીવ છે. બીજો આધાર માનવો તે ભ્રમણા અને અજ્ઞાન છે. સમજાણું કાંઈ? પોતાની પર્યાયમાં જીવનો, મિથ્યાત્વ કે રાગ-દ્વેષની પર્યાયનો આધાર દ્રવ્ય છે. કર્મ આધાર છે કે શરીર આધાર છે એમ નથી. એમ સમ્યગ્દર્શન પર્યાય ચારિત્રની વીતરાગી પર્યાય આત્માની હોય તેનો આધાર આત્મા છે. પુણ્ય વિકલ્પ છે તો ચારિત્રની પર્યાયનો આધાર હોય છે એમ નથી. વિકલ્પનો આધાર પણ તે અને વીતરાગી પર્યાયનો આધાર પણ તે. આહાહા!

ધર્મી જીવ પોતાના સ્વરૂપમાં ઠરે છે, આનંદમાં આવે છે, તો ચારિત્રની વીતરાગી પર્યાય ઉત્પન્ન

થાય છે. સાથે થોડો પંચમહાવ્રતનો વિકલ્પ પણ છે. પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં સુધી. તો એ વિકલ્પ અને વીતરાગી પર્યાય બન્નેનો આધાર દ્રવ્ય છે. વિકલ્પના આધારે ચારિત્ર છે કે ચારિત્રની પર્યાયના આધારે વિકલ્પ ઉત્પન્ન થયા છે એમ નથી. બન્ને પર્યાયનો આધાર દ્રવ્ય છે. ઓહોહો! શું પણ... કહો, રાગ-અરાગ બેય દશા આત્માની જ્યાં સુધી વીતરાગ ન હોય ત્યાં સુધી. અજ્ઞાનીને તો એકલો વિકાર અને મિથ્યાત્વ છે તોપણ તેનો આધાર તો આત્મા છે. અને ધર્મ પર્યાય પોતાથી પ્રગટ થઈ તે સમયે પણ રાગ તો છે. બન્ને પર્યાયનો આધાર, પર્યાયનો આધાર પર્યાય નહીં, દ્રવ્ય છે. અને નિશ્ચયથી જુઓ તો પર્યાય પર્યાયનો આધાર છે. આહાહા!

નિશ્ચયથી તો વિકાર પર્યાયનો આધાર વિકારપર્યાય છે. ધર્મની પર્યાયનો આધાર ધર્મપર્યાય છે. પર્યાયનો આધાર પર્યાય છે, દ્રવ્ય પણ નહીં. આરે! આરે! ભારે વાત ભાઈ! આવું તત્ત્વજ્ઞાન સમજવામાં ન આવે ને પછી ગોટો ઊઠયા વિના રહે નહીં. ભ્રમણા ભ્રમણા ભ્રમણા. અને આવું જ્યાં બહાર આવે તો, હે.....એકાંત થઈ ગયું જાવ. એમ નહીં. આમ હોય છે. આચાર્યોએ દયા, દાન, વ્રત, ભક્તિને સાધન કહ્યું છે. એને કાંઈ સંસાર નથી કહ્યો. અને આ તો સમકિતીના રાગને સંસાર કહે છે.

સંસાર એટલે ઉદય ભાવ. કહો. એ ઉદય ભાવ સંસારની પર્યાયનો આધાર પણ આત્મા છે એટલું. જ્યાં સુધી અસ્થિર દશા છે ત્યાં સુધી સંસાર છે. આસ્રવ છે ને. આસ્રવનો કહ્યો છે. આસ્રવ પણ પ્રશસ્ત છે. ધર્મનું કારણ છે. લ્યો! મોટો લેખ કાંતિલાલે લખ્યો છે. જૈનદર્શનમાં તો બધું આખું સરખું આવે છે વિરોધનું. બધા લેખ આંહીના વિરોધના છે. ઓલો સનાવદ્નો માંગીલાલ, ઓલો એક બીજો, ત્રીજો વળી કોઈક છે. ચોથો કોઈક. ખટકે સૌને આમ. સમુકનો (ઉલટાનો) પ્રચાર વધારે થાય છે એમ એને ખબર નથી પડતી. નિમિત્ત કરવા જાય તો ઓલાને કાંઈક થાય કે શું કહે છે લાવને સાંભળીએ. એ તો થવાનું હોય તો થાય છે. પણ આ તો એક દાખલો. સમજાણું કાંઈ? આહાહા!

કહે છે કે ભગવાન તારા ભાવનો આધાર કોઈ દયા, દાનનો વિકલ્પ થયો તો તેનો આધાર-પૈસા છે તો પર્યાય ઉત્પન્ન થઈ એમ નથી. જીવ છે મરે છે અને દુ:ખી છે તો તને દયાના પરિણામ થયા તો દયાના પરિણામનો આધાર તે છે એમ નથી. આહાહા! ભારે વાત ભાઈ! એ દયાના વિકલ્પનો આધાર તો આત્મા છે. નિ માને પરમ નિશ્ચયથી વિકલ્પનો આધાર તો વિકલ્પ છે. સમજાણું કાંઈ? આંહી તો ફકત પરથી ભિન્ન કરવાની વાત છે ને. તો સમ્યગ્દર્શનની ધર્મની પર્યાય કોના આધારે ઉત્પન્ન થાય છે? લ્યો! નિમિત્તના આધારે? સાંભળવાથી? કે આ વિકલ્પથી? કે પર્યાયના આધારે પર્યાય, વર્તમાન ક્ષયોપશમ પર્યાય છે તેને આધારે બીજી પર્યાય બીજે સમયે થઈ તેને આધારે? બિલકુલ નહીં.

ધર્મની પર્યાય તો દ્રવ્યસ્વરૂપ ભગવાનઆત્મા તેને આધારે થઈ. અને તે પર્યાય પોતામાં રાખી તો દાન પોતાને દીધું. કહો, સમજાણું કાંઈ? **'એવો-સ્વયમેવ ષટ્કારકરૂપે વર્તતો થકો...'** વર્તતો

થકો, જુઓ! આહાહા! એવો-સ્વયમ એવ એમ. સ્વયમ પોતાનો આત્મા પોતાથી એવ-નિશ્ચય. ષટ્કારકરૂપે, એ ક્રિયા થઈ, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. એવી ક્રિયાના કારકરૂપે વર્તતો થકો, એ ક્રિયામાં **'વર્તતા અન્ય કારકની અપેક્ષા રાખતો નથી...'** આહાહા! જુઓ! નિજના કારણની અપેક્ષા તે પર્યાય રાખતી નથી. મહા ગાથા સિધ્ધાંત છે. સમજાણું કાંઈ?

પોતાના કાર્યમાં પરની-ઘડાની પર્યાયનો કર્તા માટી છે. એ કુંભારની અપેક્ષા રાખતો નથી. એમ કહે છે. આહાહા! એ રોટલીની પર્યાય લોટમાંથી થાય છે, એ રોટલીની પર્યાયની અપેક્ષા લોટની છે. તાવડી, તવા, સ્ત્રી આદિની અપેક્ષા તેને છે નહીં. એમ રોટલી બને છે. એમ કહે છે. ભારે ઝીણું! આ મહાસિધ્ધાંત. **'અન્ય કારકની અપેક્ષા રાખતો નથી...'** પોતાની વિકારી કે અવિકારી ક્રિયામાં નિમિત્તની અપેક્ષા નથી રાખતો એવું વસ્તુનું સ્વરૂપ છે. વ્યવહારથી કહો તો જાણવા લાયક ચીજ થઈ. સમજાણું કાંઈ?

**'માટે નિશ્ચયથી કર્મરૂપ કર્તાને જીવ કર્તા નથી...'** જડની કર્મની પર્યાયનો કર્તા જીવ નહીં **'અને જીવરૂપ કર્તાને કર્મ કર્તા નથી...'** બસ જયાં કર્મ કર્તા છે ત્યાં જીવ કર્તા નથી. જયાં જીવ કર્તા છે ત્યાં કર્મ કર્તા નથી. એમ સિધ્ધાંત બેસી જાય કે પોતાની પર્યાય પોતાથી છે તો દ્રવ્ય ઉપર લક્ષ કરવું જોઈએ. બીજાની જંજાળ છોડી દે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૬૦ - ગાથા :- ૬૨
## વૈશાખ સુદ - ૫ રવિવાર તા. ૧૦/૫/૭૦

कम्मं पि सगं कुव्वदि सेण सहावेण सम्ममप्पाणं ।
जीवो वि य तारिसओ कम्मसहावेण भावेण ।।६२।।

આ અધિકાર ષટ્દ્રવ્ય પંચાસ્તિકાયનું વર્ણન છે. પ્રત્યેક દ્રવ્ય પોતાની પર્યાય કરવામાં સ્વતંત્ર છે. તે વાત અહીંયા સિધ્ધ કરવી છે. પ્રત્યેક આત્મા અને પ્રત્યેક પરમાણુ પોત પોતાની એક સમયની જે પર્યાય છે તેનો કરવાવાળો તે દ્રવ્ય સ્વતંત્ર છે. પરની અપેક્ષા રાખ્યા વિના પોતાની પર્યાય પોતાથી થાય છે. અહીંયા તો સિધ્ધાંત તરીકે કર્મ ને નિમિત તરીકે.

નિશ્ચયનયથી, જુઓ! આ મોટી તકરારની ગાથા છે. તકરાર એટલે.... શું કહેવાય? મધુવનમાં. મધુવનમાં તેર વર્ષ પહેલાં આ ગાથા ચાલી હતી. બધા પંડિત બેઠા હતા. ગડબડ થઈ ગઈ. જુઓ!

નિશ્ચયનયથી યથાર્થ દૃષ્ટિથી, અભિન્નની તકરાર થઈ. અભિન્ન કારક હોવાથી અર્થાત્ પ્રત્યેક આત્મા કે પ્રત્યેક કર્મ જડ આદિ પોતાના કર્તા અને પોતાના કર્મ અભિન્ન હોય છે. કર્તા બીજો અને કાર્ય બીજું એમ નિશ્ચયનયની યથાર્થ દૃષ્ટિમાં એવું હોતું નથી.

અભિન્ન કારકો, જીવના પરિણામ જીવ કરે અને જીવ પરિણામ તેનું કર્મ અભિન્ન છે. જીવ પરિણામ કરે કર્તા અને કર્મ, ને કર્તા જડ કર્મ છે એમ છે નહીં. સમજાણું કાંઈ? એમ જ્ઞાનાવરણીય આદિ કર્મ સ્કંધ કર્મરૂપે પરિણમે એ કર્મના પરિણામ સ્કંધ કર્તા અને કર્મપરિણામ તેનું કર્મ. પણ આત્મા તેનો કર્તા હોય કર્મનો અને કર્મ કાર્ય છે એમ છે નહીં. વિકારી ભાવ પોતાનો કર્તા છે. એ તો આંહી વિકારી ભાવની વાત ચાલે છે. **कम्मसहावेण भावेण** જેમાં કર્મ નિમિત્ત છે અને અશુધ્ધ ભાવ જે છે તેની તો આંહી વાત ચાલે છે. આત્મામાં અશુધ્ધ ભાવ જે થાય છે મિથ્યાત્વ, રાગ-દ્વેષ, વિષય-વાસના આદિ. તે પર્યાયનો કર્તા જીવ અને તે પર્યાય તેનું કાર્ય. કર્મના કારકની અપેક્ષા રાખ્યા વિના. તે અધિકાર ચાલે છે. સમજાણું કાંઈ?

**'નિશ્ચયનયે અભિન્ન કારકો હોવાથી કર્મ અને જીવ...'** પુદ્ગલકર્મની જે પર્યાય થાય છે તે કર્મ અને જીવ **'સ્વયં સ્વરૂપના (-પોતપોતાના રૂપના) કર્તા છે...'** પોત પોતાની પર્યાયના કર્મ પોતાનો કર્તા છે અને જીવ પોતાની અશુધ્ધ રાગાદિ પર્યાયનો કર્તા છે. કર્મની પર્યાય છે. કર્મની પર્યાય નથી હોતી? પણ જડમાં પર્યાય નથી હોતી? એ પ્રશ્ન કેવો? જડમાં પર્યાય નથી? જડ કર્તા છે. પર્યાય તેનું કર્મ ..... છએ કારક તેમાં એક સમયમાં છે. વર્તમાનમાં મોટી ગડબડ છે. આ ગાથા તેર વર્ષ પહેલાં ચાલી હતી. પંડિતો બધા બેઠા હતા. વર્ણીજી હતા, બંસીધરજી હતા, ફુલચંદજી હતા. અભિન્ન કારકો, અભિન્નની વાત છે. પણ અભિન્નનો અર્થ શું? કે આત્મા પોતાના પરિણામનો કર્તા પોતાના પરિણામ તેનું કાર્ય. તેનું નામ અભિન્ન. અને કર્મ પોતાની પર્યાયનો કર્તા અને કર્મપર્યાય થાય તે તેનું કાર્ય. કર્તા કર્મ ભિન્ન નથી હોતા. આંહી નિશ્ચયથી તે સિધ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

અહીંયા તો કર્મ અને આત્મા બેની વાત ચાલે છે. કેમ? કે શરીર આદિ પરવસ્તુ છે તેની જે અવસ્થા જેમ જેમ થાય તો તેનો કર્તા તે પરમાણુની પર્યાય તેનો કર્તા છે. એ વાત તો આંહી લેવી નથી, કેમ કે તે તો પર છે. પણ જેટલા પ્રમાણમાં આત્મામાં વિકાર થાય છે, તેટલા પ્રમાણમાં ત્યાં કર્મ બંધાય તોપણ કર્મની પર્યાયનો કર્તા વિકાર ભાવ નહીં. એવી વાત છે. સમજાણું કાંઈ?

જ્ઞાનાવરણીય આદિ કર્મ જે બંધાય છે, શાતાવેદનીય બંધાય તો જેટલા પ્રમાણમાં અહીંયા દયા, દાનનો શુભભાવ થયો તેટલા પ્રમાણમાં અંદર પુણ્યની પર્યાય શાતાવેદનીયની પર્યાય થશે. તો શાતાવેદનીયની પર્યાયનો કર્તા તે પરમાણુ છે. અને પર્યાય તેનું કાર્ય છે. આ શાતાવેદનીયના પરિણામ જીવે કર્યા તો કર્મની પર્યાય થઈ એમ છે નહીં. એમ વાત છે. આ ગાથા ચાલી હતી. તેનો અર્થ કર્યો હતો. ભાવાર્થ નહોતો

કર્યો. અહીંયાથી વિહાર કર્યા પહેલાં. સમજાણું કાંઈ? વર્તમાનમાં મોટી ગડબડ છે. આ પંડિત લોકો પણ ગડબડ કરે છે. પંડિતજી! શું કહે છે? એને કાંઈ ખબર નથી કે શું કહે છે?

કહે છે, જુઓ! આપણે ટીકા છે ને. સામે પુસ્તક છે. નિશ્ચયનયે સત્યદષ્ટિથી વસ્તુના સત્‌સ્વરૂપના ભાવથી જુઓ તો **'અભિન્ન કારકો હોવાથી...'** અભિન્નનો અર્થ કે કર્મ પુદ્‌ગલની પર્યાય જે છે તે પુદ્‌ગલ તેનો કર્તા અને પર્યાય શાતાવેદનીય બંધાણી, બીજી વાત. છ કારક જ્ઞાનાવરણીય બંધનનું કારણ છે. બરાબર છે? તત્ત્વાર્થ સૂત્ર. છ કારણથી જ્ઞાનાવરણીય બંધાય છે. જ્ઞાનની અશાતના, જ્ઞાન છોડવું વગેરે છ બોલ છે. એ છ બોલના પરિણામ જીવે કર્યા. તો જીવ તેનો કર્તા અને તે પર્યાય તેનું કાર્ય. પણ તે સમયે જે જ્ઞાનાવરણીય કર્મ બંધાયા તો પુદગલ સ્કંધ તેનો કર્તા અને જ્ઞાનાવરણીય પર્યાય તેનું કાર્ય. ત્યાં જીવે છ ભાવ કર્યા તો જ્ઞાનાવરણીય પર્યાય થઈ એમ છે નહીં. સમજાણું કાંઈ? હજી તો બહુ જ ગડબડ છે. તે વાત ચાલે છે. જુઓ! નેમીચંદજી!

નિશ્ચયનયે અભિન્ન કારકો હોવાથી, અભિન્ન સમજમાં આવ્યા? પ્રત્યેક દ્રવ્ય પોતાની પર્યાયનો કર્તા અને પર્યાય તેનું કાર્ય અભિન્ન. અને આત્મા કર્તા અને પર પર્યાય કાર્ય અથવા પર કર્તા અને આત્માની પર્યાય કાર્ય એ વાત સત્ય દૃષ્ટિમાં છે નહીં. પોતાના પરિણામનો કર્તા ભોકતા છે, કોનો છે? જડના છે? કર્મ તેને કારણે છે, પોતાથી છે? તે તો વાત ચાલે છે. શરીરનો ભોકતા આત્મા છે જ નહીં. કર્મ પોતાનો ભોકતા છે રાગ-દ્વેષનો. કર્મના ભોકતા તો ઉદય છે. ઉદય તો જડ છે. અજીવ છે. અજીવની પર્યાયનો આત્મા કર્તા અને ભોકતા ત્રણકાળમાં છે નહીં. તે માટે તો બાંસઠ ગાથા તેર વર્ષ પહેલાં પણ ત્યાં મધુવનમાં બહુ જ ચાલી હતી. એ મોટી ગડબડ થઈ ગઈ. બહુ જ ફેરફાર થઈ ગયો છે.

અહીંયા જુઓ! પુસ્તક છે કે નહીં સામે? સંસ્કૃત છે. જુઓ! **अत्र निश्चयनयेनाभिन्नकारकत्वा-त्कर्मणो जीवस्य च स्वयं स्वरूपकर्तृत्वमुक्तम् ।** એક એક શબ્દ શાસ્ત્રમાં શું છે તે સમજવો જોઈએ કે નહીં? પોતાની કલ્પનાથી અર્થ કરે તે ચાલે નહીં.

તો કહે છે નિશ્ચયનયથી કર્મ પોતાની પર્યાયનો કર્તા છે અને જીવ પોતાની પર્યાય **'સ્વયં સ્વરૂપના (-પોતપોતાના રૂપના) કર્તા છે...'** એમ અહીં કહ્યું છે. સમજાણું કાંઈ? હવે અહીં લેશે. પહેલાં કર્મની વાત પછી જીવ. કર્મ વાસ્તવમાં, જે કર્મ છે શું કહે છે? કે જેટલા પ્રમાણમાં જ્ઞાનાવરણીયનો ભાવ બંધાવામાં નિમિત્ત છે તે ભાવ જીવનો છે. તે જીવનું જ કાર્ય છે. તે વખતે જ્ઞાનાવરણીય જે બંધાય છે તે પુદ્‌ગલનું કાર્ય છે. જીવનું કાર્ય નહીં. જીવ કર્મ બાંધતો પણ નથી અને જીવ કર્મ છોડતો પણ નથી. કેમ કે કર્મ જડ પદાર્થ છે. પર પદાર્થનું બંધન આત્મા કરે અને બંધન છોડે એવું વસ્તુના સ્વરૂપમાં છે નહીં. તો એમ કેમ ચાલે કે ભાઈ આત્મા કર્મ કરે અને આત્મા ભોગવે. એ તો નિમિત્તનું કથન છે. એમ છે નહીં. આત્મા જેવા પોતાના વિકારી કે અવિકારી પરિણામ કરે તેનું ફળ ભોગવે પર્યાયમાં પોતાના ભાવને. કર્મની

પર્યાય કર્મમાં હોય જીવની પર્યાય જીવમાં હોય. કોઈનો કર્તા કોઈ છે નહીં.

કર્તા હોય તો ઈશ્વર કર્તા જડનો, પરનો. અને આ વિકારનો કર્તા જડ કર્મ. તો તેનો તો કર્તા જડ કર્મ. ઓલા ઈશ્વર કર્તા થઈ ગયો દુનિયાનો. જગતનો કર્તા ઈશ્વર અને અજ્ઞાનીના ભાવનો કર્તા કર્મ. તો કર્મ મોટો ઈશ્વર થઈ ગયો તેનો એમ છે જ નહીં. સમજાણું કાંઈ?

**'કર્મ...'** વાસ્તવમાં **'ખરેખર...'** જે પુદ્‌ગલ છે ને જ્ઞાનાવરણીય આઠ કર્મની પર્યાય બંધાય છે. તો કહે છે કે કર્મ ખરેખર, વાસ્તવમાં, સમજાણું કાંઈ? ઓલો પાઠ છે ને. **'कर्म खलु कर्मत्वप्रवर्तमानपुद्गलस्कन्धरूपेण कर्तृतामनुबिभ्राणं ।'** સમજવાની ચીજ છે. બહુ જ ગડબડ છે. આત્મા પરની દયા પાળી શકે છે અને પરની આત્મા હિંસા કરી શકે છે તે વાત છે જ નહીં. શાસ્ત્ર તો એમ કહે છે. તે વાત તો છે જ નહીં પણ અહીંયા તો જેટલા પ્રમાણમાં જીવ વિકાર કરે તેટલા પ્રમાણમાં કર્મ બંધાય. જેમકે જ્ઞાની, આ વિકલ્પ આવ્યો તીર્થંકર ગોત્રનો. પણ તે આવ્યો તો તીર્થંકર પ્રકૃત્તિના પરિણામનો બંધ થયો તેમ છે નહીં.

એ સમયમાં કર્મનો સ્કંધ કર્તા થઈને તીર્થંકર પ્રકૃત્તિની પર્યાયરૂપ કાર્ય તેનો કર્તા સ્કંધ છે. આત્માના પરિણામ તેના કર્તા ફર્તા છે નહીં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આત્માના પરિણામ ન હોય તો બંધાય?

ઉત્તર :- ન હોય તે પ્રશ્ન જ ક્યાં છે? છે તો છે એક કાળ છે બેયનો. આવશે અર્થમાં. અર્થમાં આવશે. બેયનો એક સમય છે. દરેક પદાર્થના પરિણમનનો સ્વકાળ તો એક સમયમાં છે. કોઈકનું પરિણમન અત્યારે અને કોઈકનું પરિણમન પછી, એમ છે? છએ દ્રવ્ય એક સમયમાં પોતપોતાના પરિણામને વર્તમાન કરે છે. કોઈ કાળમાં પહેલાં રાગનો કર્તા થયો પહેલાં અને પછી થયો વીતરાગનો કર્તા અથવા પહેલાં થયો રાગનો કર્તા જીવ અને પછી કર્મ રાગનો કર્તા એવો કાળ ભેદ છે નહીં. સમજાણું કાંઈ? બહુ જ ગડબડ થઈ ગઈ છે.

કહે છે **'કર્મ ખરેખર કર્મપણે પ્રવર્તતા...'** ભાષા જુઓ! **'પુદ્‌ગલસ્કંધરૂપે...'** પુદ્‌ગલસ્કંધ જે છે કર્મ થવાની લાયકાતવાળા. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, આયુષ્ય એ પરમાણુમાં કર્મ થવાના સ્કંધ જે છે તે સ્કંધ પોતાની કર્મરૂપી પર્યાયમાં પ્રવર્તમાન થઈને **'કર્તાપણાને ધરતું...'** એ કર્મના પરિણામનું કર્તૃત્વ પુદ્‌ગલસ્કંધ છે. આત્મા તેનો કર્તા ફર્તા ત્રણકાળમાં છે નહીં. આહાહા! મોહનલાલજી! એવી વાત છે. ક્યાં ગયા નેમીચંદજી! પાછળ બેઠા છે. પોતાથી પરિણમ્યા છે તે આગળ આવશે. પર કારકની અપેક્ષા રાખ્યા વિના. પાઠ આવશે. હજી તો શરૂ થાય છે. કર્મની પર્યાય જીવના પરિણામની અપેક્ષા રાખ્યા વિના. પાઠમાં જુઓ!

**न कारकान्तरमपेक्षते** બીજા કારકની અપેક્ષા, કર્મની પર્યાય બીજા વિકારી પરિણામની અપેક્ષા

રાખતી નથી. અને કર્મની પર્યાય પોતાથી થાય છે. વસ્તુનું સ્વરૂપ એવું છે. ભગવાને કહ્યું છે તો ભગવાને જાણ્યા એવા કહ્યા. ભગવાને કર્યા છે કાંઇ? એમ હોય છે. પરમાણુ કર્મની પર્યાયનો સ્વકાળ હોય. કર્મ કર્મપણે પ્રવર્તતા, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, આયુષ્ય. કોઈ કહે ભાઈ અમે જેવા પરિણામ કરી એવા આયુષ્ય બંધાય. અમે પરિણામ ન કરીએ તો કેમ બંધાય? પણ ન કરીએ એ પ્રશ્ન જ કયાં છે અહીંયા? તે સમયે જે પરિણામ થયા વિકારી તેનો કર્તા જીવ છે અને કર્મની પર્યાય જે થઈ તેનો કર્તા તે સ્કંધ છે. આત્મા વિકારી પરિણામ તેનો કર્તા અને કર્મની પર્યાય કાર્ય વસ્તુના સ્વરૂપમાં ત્રણકાળ, ત્રણલોકમાં છે નહીં. જુઓ! અમારે વકીલ કહે છે. હવે તો વકીલ મટી ગયા વકીલનું ભણ્યા હતા. સમજાણું કાંઇ? આહાહા!

આ લાકડી જુઓ, આવી હોય છે ને. ચલાવે કોણ? આંગળીથી પણ નથી ચાલી. આંહી તો, તે ત્યાં આવી છે અને આવી થઈ. આવી હતી આવી થઈ. તો તે સ્કંધ તેનો કર્તા. અને તેની પર્યાય તેનું કાર્ય. આંગળી કર્તા અને આ પર્યાયનું કાર્ય આંગળીથી થયું ત્રણકાળ, ત્રણલોકમાં નહીં. સમજાણું કાંઇ? પણ તે તો વાત બહારમાં ગઈ. પણ અંદરમાં તો જેવા પરિણામ કરે તેવા કર્મ બંધાય છે ને. તો કહે છે કે ના. તારા પરિણામનો કર્તા તું અને કર્મની પર્યાયનો કર્તા તે સ્કંધ. તારા પરિણામ તેનું કાર્ય અથવા કર્તા અને તે પરિણામ કર્મ. ત્રણકાળમાં છે નહીં. સમજાણું કાંઇ? આહાહા! ભારે ભાઈ!

જૈનમાં તો કર્મ કરે અને કર્મ ભોગવે. હેં? ગોટે ગોટા અને ઊંધે ઊંધા. જુઓ! શ્રેણીકરાજા લ્યો. તેને નરકમાં જાવું હતું? નરક ગતિનો બંધ પડયો. તો નરક ગતિનો ઉદય થયો તો નરકમાં જાવું પડયું. સીધી વાત છે કે નહીં? ઊંધી. સીધી-ઊંધી. એમ છે નહીં. એમ અહીંયા કહે છે. આહાહા! તે નરક ગતિમાં જાવાના પરિણામ તે સમયના તેના કર્તા અને તે પરિણામ તેનું કર્મ છે. કર્મનો ઉદય તેને ખેંચે અને લઈ જાય-ત્રણકાળ, ત્રણલોકમાં એવું વસ્તુનું સ્વરૂપ છે નહીં. સમજાણું કાંઇ? આહાહા! ભારે ગડબડ!

જૈનમાં તો કર્મના નામે ઈશ્વર. કર્મ મારા ઈશ્વર. બીજાના ઈશ્વર કર્તા પરમાત્મા કોઈ. હેં? અમારા ઈશ્વર કર્તા. વાત એમ કરે છે ને ભાઈ. ભાઈ એ જડેશ્વર છે. પરમાણુ પણ જડેશ્વર છે. પોતાની ઈશ્વરતા પોતામાં રાખે છે. અને એક એક પરમાણુમાં પરમાત્મા કહે છે કે ષટ્કારકના ગુણ પડયા છે. એક એક પરમાણુમાં જેમ અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રદેશત્વ, રંગ, ગંધ, રસ, સ્પર્શ ગુણ છે. એમ કર્તા, કર્મ, કરણ આદિ ષટ્કારકની શકિત પરમાણુમાં પડી છે. એ ષટ્કારકના પરિણમન પર્યાય તે પરમાણુ કર્તા છે. આહાહા! બીજા પરમાણુની પર્યાયનો કર્તા બીજા પરમાણુ એમ પણ નહીં. આહાહા! સમજાણું કાંઇ?

એક પરમાણુમાં બે અંશ ચીકાશના છે. બીજા પરમાણુમાં ચાર અંશ ચીકાશના છે. તેના હોય તો

બે પરમાણુની ચીકાશના અંશ ચાર થઈ જાશે. તો કહે છે કે ચારની પર્યાય જે થઈ ચીકાશની તે કાર્ય અને તેનો કર્તા તે પરમાણુ છે. તે ચાર અંશવાળા પરમાણુ જેવા અહીંયા ચાર અંશ થયા ત્રણકાળમાં છે નહીં. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! જૈનદર્શન આ તો વસ્તુનું સ્વરૂપ જૈનદર્શન છે. જૈનદર્શન કોઈ સંપ્રદાય નથી. જૈનદર્શન એટલે વસ્તુનું સ્વરૂપ છે. ષટદ્રવ્ય જે છે તેને એક સમયમાં જાણવાની પર્યાયની તાકાત છે. ષટ્દ્રવ્યની એક સમયમાં જાણવાની તાકાત છે. ષટ્દ્રવ્ય માને તો તો એક સમયની પર્યાય માની. અને આત્મા માનવો તે તો અનંતી પર્યાયો અનંતા ગુણનો પિંડ આખો આત્મા છે તેનો અનુભવ કરે અને માને તો આત્મા માન્યો કહેવામાં આવે છે. હજી પર્યાયમાં ષટ્દ્રવ્ય જેવું છે એવું પર્યાયમાં માનવાની તાકાતમાં પણ વિપરીતતા છે, તેને દ્રવ્યની દૃષ્ટિ કયારેય હોતી નથી. સમજાણું કાંઈ?

કહે છે **'કર્મપણે પ્રવર્તતા...'** કોણ? **'પુદ્ગલસ્કંધપણે કર્તાપણાને ધરતું...'** પુદ્ગલ તેનો કર્તા છે. જ્ઞાનાવરણીય પર્યાય બંધાય છે તેનો પુદ્ગલ કર્તા છે. ભગવાનઆત્માની વિકારી પર્યાય તેનો કર્તા નહીં. આ તો સ્પષ્ટ વાત છે તેમાં કોઈ ગડબડ ગડબડ છે નહીં. અમારે કેશિયર હતા ને ભાઈ ત્રેસઠની સાલમાં, અમારાથી નાના. ત્રેસઠની સાલની વાત છે. સતર વર્ષની ઉંમરે.

૬૩ની સાલની વાત છે સતર વર્ષની ઉંમરે મોટો યુરોપિયન હતો તેનો ત્રેસઠની સાલમાં ત્રણ હજાર માસિક પગાર હતો. અમારા ઉપર જૂઠો આરોપ મૂક્યો હતો. દુકાન ઉપર પૈસા લેવા આવ્યા હતા. બક્ષિસ લેવા આવ્યા હતા. મેં કહ્યું, તમારી સાથે અમારે શું સંબંધ અમે તો વેપારી છીએ. સ્ટેશન ઉપર હોયને પોર્ટર - પોર્ટર. ભૂલી જવાય છે તમારું આ બધું. અમે કીધું કે આઠ આના આપશું. એ કહે કે રૂપિયો આપો. તેમાં થઈ ગઈ તકરાર પછી તેમાં કોર્ટમાં કેસ ચાલ્યો. મોટી કોર્ટ હતી એ મોટી કારકુનેય જબરો, મારી સાથે મારા પિતાજી હતા. મોટો ભાઈ હતો. એમને થયું કે મુંઝવણ આવી હશે કાંઈ? કેમ કાનજી શું થયું? કીધું કાંઈ નહીં, થાય શું? ત્રણ ક્લાક કેસ ચાલ્યો. આપણે તો કહી દીધું અસત્ય હોય તો ગરબડ કરવી પડે. ત્રણ ક્લાક ચાલ્યું હો. બરાબર એક પછી એક પ્રશ્ન કારકુન કરતા હતા. સત્યમાં શું ગરબડ કરવાની હોય. અસત્ય નક્કી કરવું હોય તો ગરબડનો પાર ન હોય. એમ આ સત્યનો નિર્ણય છે.

પરમાણુની પર્યાય કર્મની આયુષ્યની. આયુષ્યના મનુષ્યપણાના ભાવ કર્યા, આયુષ્ય બંધાણા. ભલે બંધાણા, તારાથી નહીં. તારાથી નહીં. જડકર્મની પર્યાયમાં આયુષ્ય બાંધવાની પર્યાયનો કર્તા સ્કંધ છે. અમરચંદભાઈ! આહાહા! ભારે જૈનમાં મોટો ગોટાળો. કેમ નથી આવ્યા તમારા? એય શેઠ! તબીયત ઠીક નહીં હોય.

**'કર્મપણે પ્રવર્તતા...'** ભાષા જુઓ! **कर्मत्व प्रवर्तमान:** કર્મપણે પર્યાયમાં પ્રવર્તતા પુદ્ગલસ્કંધપણે કર્તાપણાને ધરતું, પુદ્ગલ કર્તા છે. કર્મની ચાહે તો જ્ઞાનાવરણીય હોય, દર્શનાવરણીય હોય. જીવે અજ્ઞાનીએ મિથ્યાત્વભાવ કર્યા અને દર્શનમોહ બંધાયા તો કહે છે કે તે સમયના સ્કંધમાં દર્શનમોહની

પર્યાયપણે પરિણમનારો કર્તા તે સ્કંધ છે. અને દર્શનમોહની પર્યાય તેનું કાર્ય છે. આત્માનું કાર્ય બિલકુલ છે નહીં. આરે! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? એક વાત થઈ. કર્તાની વાત થઈ. હવે કર્મ. પહેલું કર્મ ન લેતાં કરણ લીધું. **'કર્મપણું પામવાની...'** પરમાણુમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય. એવી **'કર્મપણું પામવાની શક્તિરૂપ કરણપણાને...'** એના પરમાણુમાં તે શક્તિ છે. **'કરણપણાને અંગીકૃત કરતો...'** એ કાર્ય જે પરમાણુમાં છે, તેનું કરણ તે પરમાણુ છે. કારણ, કરણ, સાધન પરમાણુ છે. આત્માના વિકારી પરિણામ સાધન ને કરણ છે નહીં. એ પ્રવિણભાઈ! આ ઘડીયાલ બડીયાલનો ધંધો કરનાર આત્મા નહીં એમ કહે છે.

મુમુક્ષુ :- કીધા કરશે.

ઉત્તર :- કીધા કરશે એટલે એમ થયા કરશે. પરને લઈને, આત્માને લઈને થશે એમ છે નહીં ત્રણકાળમાં.

આંહી તો અંતરના બે ભેદને જુદા પાડી દીધા. આ તો બહારની વાત છે. શું? નોકર્મની. ઘડીયાલ આદિ નોકર્મ છે. તેનો કર્તા તો આત્મા છે નહીં. આંહી તો કર્મ અને આત્મા વચ્ચેની વાતમાં કર્મનો કર્તા આત્મા કર્તા ફર્તા છે નહીં. અપ્પા કતા - વિકતા ભાઈ! આત્મા કર્મ કરે એવા ભોગવે. એ તો નિમિત્તનું કથન છે. જડની પર્યાય આત્મા કરે? પર્યાય વગરનો તે સ્કંધ છે? કર્મપણું પ્રાપ્ત કરવાની શક્તિ છે. પુદ્ગલમાં કર્મ કરવાની એક સમયમાં એ પરિણામ થવાની શક્તિ છે. જીવે વિકાર કર્યો તો થયા, કર્મપણાની શક્તિ પુદ્ગલમાં, એમ છે નહીં. **'કરણપણાને અંગીકૃત કરતું...'** એ કરણ થયું. કર્તા ગયું પછી કરણ લીધું, હવે કર્મ લ્યે છે. કર્મ નામ કાર્ય.

**'પ્રાપ્ય એવા કર્મત્વપરિણામરૂપે...'** ભાષા જુઓ! એ સ્કંધમાં તે પર્યાય થવાની હતી તે પ્રાપ્ય છે. એ કર્મત્વ પરિણામ. કર્મત્વ પરિણામ મતિજ્ઞાનાવરણીય પર્યાય થવાની કર્મત્વ પરિણામ. જીવે મતિજ્ઞાન ઉલટા કર્યા તો મતિજ્ઞાનાવરણીય બંધાણા એમ છે નહીં. આરે! ભારે વાત ભાઈ! પ્રાપ્ય-સ્કંધમાં કર્મ થવાની પર્યાયનો કાળ છે તેને પ્રાપ્ત કરીને **'કર્મત્વપરિણામરૂપે કર્મપણાને અનુભવતું...'** અનુભવનો અર્થ-તે પ્રકારે પર્યાય થાય છે. સમજાણું કાંઈ? **કર્તૃતા મનુબિભાણં** એમ છે ને. કર્તાને અનુભવે છે. અનુભવે છે એટલે થાય છે. જડને કયાં અનુભવ? અનુભવનો અર્થ એ છે. દ્રવ્યને અનુસારે પર્યાય થાય છે. પરને અનુસારે તેમાં પર્યાય થાતી નથી. સ્પષ્ટ વાત છે. તેમાં કોઈ ગડબડ ગડબડ છે નહીં. પંડિતજી! આહાહા! અરે ભગવાન! જેવી ચીજ છે એવું હજી છ દ્રવ્યની સ્વતંત્રતાનો નિર્ણય નહીં, પર્યાય પોતાની વિકારી છે તેનો હું સ્વતંત્ર કર્તા છું એવો નિર્ણય નહીં તેને આ દ્રવ્ય અવ્યકત છે તેનો નિર્ણય પરનો અકર્તા અને જ્ઞાતા કેમ બેસસે?

પર્યાય પ્રગટ છે તેનો કર્તા હું છું, મારું કાર્ય છે એવી પર્યાયની સ્વતંત્રતા ન બેસે તો પર્યાય રહિત

આખું દ્રવ્ય છે તે તો તેને દૃષ્ટિમાં બેસસે નહીં. તેને સમ્યગ્દર્શન થશે નહીં. એમ કહે છે. સમજાય છે કાંઈ? બિલકુલ થતું નથી. તે માટે તો કહ્યું. તે પર્યાય સ્વતંત્ર છે એક સમયની કર્મની કે જીવની. એટલું વર્તમાન પ્રગટ પર્યાયનું પણ સ્વતંત્રપણું પ્રસિદ્ધ દૃષ્ટિમાં ન હોય તેને પર્યાયવાન આખું દ્રવ્ય પ્રસિદ્ધ કરતો, આ એવો અવ્યક્ત આત્મા છે તેને પ્રતીતમાં નથી આવતો. સમજાય છે કાંઈ? તે માટે આ વાત કરે છે. હજી પર્યાયમાં મોટી ગડબડ છે તો દ્રવ્ય તો ક્યાંથી આવશે? સમજાણું કાંઈ?

**'પ્રાપ્ય એવા કર્મત્વપરિણામરૂપે કર્મપણાને અનુભવતું...'** કર્મત્વપરિણામે થતો એવો. તે કર્મ થયું કાર્ય થયું. પુદ્‌ગલનું કાર્ય પુદ્‌ગલ છે. કર્મસ્કંધનું કાર્ય કર્મ જ છે. કાર્ય કર્મ જ છે. એ કર્મ જીવનું છે બિલકુલ નહીં. સમજાણું કાંઈ? ત્રણ બોલ થયા.

ચોથો બોલ. **'પૂર્વ ભાવનો નાશ થવા છતાં...'** પરમાણુઓમાં પૂર્વે કર્મ થવાની લાયકાતવાળા સ્કંધ હતા. કર્મ થવાની લાયકાતવાળા સ્કંધ હતા. એ સ્કંધની પર્યાયનો વ્યય થયો અને કર્મરૂપ પર્યાય ઉત્પન્ન થઈ. પૂર્વ ભાવનો પૂર્વ પર્યાયનો શું અર્થ. જ્ઞાનાવરણીય આદિ જે થવા લાયક કર્મ છે વિસસ્રા. તો તેમાં વર્તમાન કર્મપર્યાય ન હતી. વિસસ્રા પુદ્‌ગલ કર્મ થવાની લાયકાતવાળા હતા. તો તે લાયકાતવાળાની પર્યાયનો વ્યય થઈને કર્મની પર્યાય ઉત્પન્ન થઈ. **'નાશ થવા છતાં ધ્રુવપણાને અવલંબતું હોવાથી જેણે અપાદાનપણાને પ્રાપ્ત કર્યું છે...'** તેનાથી થયું એમ. કર્મની પૂર્વની અવસ્થાનો નાશ થયો નવી અવસ્થા પ્રગટ થઈ પણ પરમાણુનું ધ્રુવપણું તો ત્રિકાળ રહે છે. અવલંબન ધ્રુવનું છે. અવલંબનમાં પોતાની પર્યાય ઉત્પન્ન થઈ, નાશ થઈ તે પોતાને આધિન છે. પરને આધિન છે નહીં. આહાહા! સમજાણું કાંઈ?

સમય સમયની ખબર લીધી છે. આહાહા! કુંદકુંદઆચાર્ય, સર્વજ્ઞની વાત જ એવી છે. સર્વજ્ઞ પરમાત્માએ કહ્યું તે પ્રતિનિધિ તરીકે સંત કહે છે. કાંઈ પોતાના ઘરનું કહે છે? સમજાણું કાંઈ? કહે છે, **'પૂર્વ ભાવનો (પર્યાયનો) નાશ થવા છતાં ધ્રુવપણાને અવલંબતું હોવાથી...'** નાશ થયો પણ ધ્રુવનું અવલંબન છે ને. તેનાથી થાય છે ને. જેણે અપાદાનપણાને, એટલે પૂર્વ પર્યાયનો નાશ થયો તો ઉત્પન્ન કેવી રીતે થયું? ધ્રુવથી. અંદર ધ્રુવ રહેલો છે તેનાથી ઉત્પન્ન થયું છે. એ નિશ્ચય અપાદાન થયું. આહાહા! પ્રત્યેક આત્મા અને પ્રત્યેક દ્રવ્ય આ જેટલા ષટ્‌દ્રવ્ય છે ને, પ્રત્યેક દ્રવ્યમાં એક સમયમાં ષટ્‌કારકની શક્તિ ગુણ ભરેલાં પડયા છે. એ ગુણના પરિણમન તેની પર્યાયનું કાર્ય તેનું છે. આહાહા! સમજાણું કાંઈ? અપાદાન ચાર બોલ થયા. પાંચમો બોલ સંપ્રદાન.

**'ઊપજતા પરિણામરૂપ કર્મ વડે...'** કર્મની પર્યાય ઉત્પન્ન થઈ. **'કર્મ વડે સમાશ્રિત...'** એ પર્યાય પોતે રાખી છે. બીજાને દીધી, આત્માને દીધી, કર્મનો અનુભાગ છે તો આત્માને આપે છે (એમ છે નહીં) ભાઈ કર્મનો - કર્મનો અનુભાગ હો, વિપાક હો, અનુભવ હો. તત્ત્વાર્થસૂત્રમાં આવે છે ને પંડિતજી! કર્મનો વિપાક તે અનુભવ હો. એ તો નિમિત્તનું કથન છે. પરનો વિપાક અને આત્માનો

અનુભવ વિકારનો એમ ત્રણકાળમાં છે નહીં. કહે છે કે કર્મનો પાક થયો બંધનમાં તે પોતાથી પોતે રાખ્યો છે. આત્માને આપ્યો છે એમ છે નહીં. કર્મનો અનુભાગ, વિપાક હોય તો તેવું આત્માને ભોગવવું પડે. એવી વાત છે નહીં. ભારે વાત ભાઈ! વીરચંદભાઈ! આ વીરચંદભાઈ તો ત્યાં કલકત્તા વાંચે છે. તેમાં બને છે તેની પર્યાયના કારણે. પરમાણુમાં પ્રકૃત્તિ સ્વભાવ, અર્થ, અવસ્થા તેની યોગ્યતાથી તેમાં થાય છે. પોતાથી બિલકુલ નહીં. પોતાની યોગ્યતાથી પોતામાં પરિણામની પોતાની યોગ્યતાના પોતે કર્તા છે, પરમાણુની પર્યાયનો તે કર્તા છે. સમજાણું કાંઈ?

ચોર્યાસીમાં બહુ જ પ્રશ્ન થયો હતો. વીરજીભાઈ સાથે ચોર્યાસીમાં. કેટલા વર્ષ થયા બેતાલીસ. આ શું છે નિગોદમાં, નિગોદમાં પણ પોતાના પરિણામ જેટલા ત્યાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ. દ્રવ્ય, ક્ષેત્ર એટલે? પરમાણુની પ્રકૃત્તિ, સ્થિતિ, રસ અને પ્રદેશ-સંખ્યા. જેટલા પ્રમાણમાં બંધાય તે પોતાને કારણે. આ પર્યાય પોતાને કારણે છે. આ પર્યાય હોય તો ત્યાં બંધાય છે એમ છે નહીં. આહાહા! પાઠ એવો છે. જુઓ!

કષાયોની સ્થિતિ નિયોગથી પ્રદેશ બંધાય છે. પ્રકૃત્તિ ને પ્રદેશ યોગથી બંધાય છે અને કષાયથી સ્થિતિ, રસ. એ તો નિમિત્તનું કથન છે. વસ્તુ સ્વરૂપ એમ છે નહીં. સમજાણું કાંઈ? દ્રવ્ય સંગ્રહમાં એમ આવ્યું હતું. એ તો નિમિત્તનું કથન છે. તે સમયે નિમિત્ત શું હતું તે બતાવે છે. નિમિત્ત છે ત્યાં સ્થિતિ, રસ પડયા છે, અહીંયા કષાય ભાવ થયા તો કર્મમાં સ્થિતિ, રસ પડયા છે, સ્થિતિ, રસ કષાયના પરિણામનું કાર્ય છે, એમ છે નહીં. નિમિત્તનું કથન યથાર્થ છે અને આ પણ કથન યથાર્થ છે. નિમિત્તનો અર્થ શું? કરતું નથી. ત્યારે નિમિત્ત કહેવામાં આવે છે ને. કરતું નથી તો નિમિત્ત છે. કરતું હોય તો નિમિત્ત કયાં રહ્યું? તો તો ઉપાદાન થઈ ગયું. સમજાણું કાંઈ? ગડબડવાળું છે ને. નિમિત્ત છે ત્યાં કર્તા માને છે. મોટી ગડબડ છે.

આ ગાથામાં બહુ જ સ્પષ્ટ કરી દીધું છે. અમે તો, અમે પહેલેથી કહેતા હતા. તો મોટી ગડબડ થઈ ગઈ. કલકત્તા બહુ જ પ્રશ્ન આવ્યા. કેવા? ગજરાજજી. ગજરાજજીને ત્યાં ભોજન કરતા હતા ને. ત્યાં કહ્યું હતું કે વિકાર નિરપેક્ષ પોતાથી થાય છે. તો એ લોકોને એમ થયું કે, આહાહા! ભારે પકડાઈ ગયા. ગડબડ આ ભારે. ત્યાં પ્રશ્ન આવ્યા. ગજરજજીને ઘરે. ઓલા શાંતિસાગર લાવ્યા. કીધું આ પ્રશ્નનો ઉત્તર થઈ ગયો છે. ચાલો. મારે શું શાંતિસાગર હોય તોપણ. પ્રશ્નનો ઉત્તર થઈ ગયો છે, વિકાર પોતાથી ..... પરના કારણ વિના થાય છે. હવે આવશે. સમજાણું કાંઈ?

મિથ્યાત્વના પરિણામ હોય, અવ્રતના પરિણામ હોય, કષાયના પરિણામ હોય પાઠમાં એ છે ભાઈ. જયસેનઆચાર્યની ટીકામાં તો બધું લીધું છે-ચારે ભાવ. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક ભાવ. જયસેનઆચાર્યની ટીકામાં આપણે નાખ્યું છે. ભાવાર્થમાં છે. **'આ રીતે, પુદ્ગલની કર્મોદયાદિરૂપે કે કર્મબંધાદિરૂપે પરિણમવાની...'** ભાવાર્થમાં જયસેનઆચાર્યમાં છે. ઉદય અને કર્મની પર્યાય બે

વચ્ચેની વાત કર્તા-કર્મની. પણ આત્મામાં જ્યારે સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થાય છે તો કર્મ-દર્શનમોહનો અભાવ થયો તો ઉત્પન્ન થાય છે એમ છે નહીં. દર્શનમોહની પર્યાયનો વ્યય થવો એ તો પરમાણુંમાં થાય છે. તે કારણથી સમ્યગ્દર્શન થાય છે? સમ્યગ્દર્શનની પર્યાયનું કાર્ય-કર્તા આત્મા છે અને તેનું કાર્ય સમ્યગ્દર્શન પર્યાય છે. દર્શનમોહનો અભાવ કર્તા અને સમ્યગ્દર્શનની પર્યાય કાર્ય એવું ત્રણકાળમાં વસ્તુમાં છે નહીં. સમજાણું કાંઇ?

આ ગાથા પહેલાં વંચાઇ ગઇ હતી. પણ અહીંયા થોડું ચાલ્યું. ભાવાર્થ સુધીની. સાંભળે તો ખરા જૈનદર્શનમાં શું છે? જૈનદર્શનમાં નહીં વસ્તુના સ્વરૂપમાં છે. જૈનદર્શન કોઇ સંપ્રદાય છે? ષટ્દ્રવ્ય છે તેનું જ્ઞાન કરવાવાળી એક સમયની પર્યાય છે. અને તે પર્યાય પર સત્તાવલંબી જ્ઞાન છે તે પણ બંધનું કારણ છે. નિજદ્રવ્યનો આશ્રય કરતો નથી. રાગને અને અજ્ઞાનને જીતે તે જિન. સ્વભાવના આશ્રયથી અજ્ઞાન અને રાગ-દ્વેષને જીતે તે જૈન. જૈન શું કોઇ પક્ષ કે વાડો છે? સમજાણું કાંઇ? દિગમ્બર જૈન. બીજા તો, એ તો જૈન છે પણ નહીં. ટોડરમલ્લે તો તેને અન્યમતમાં નાખ્યા છે.

આ તો સંત પરંપરા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તેની પરંપરાએ અનુભવ થયો તે સંતોની આ વાણી છે. અનાદિ સનાતન સત્યનો પ્રવાહ છે. તેમાં કિંચિત્ ગડબડ ચાલે નહીં. સમજાણું કાંઇ? તેમાં તો પંચમહાવ્રતને નિર્જરાનું કારણ કહ્યું છે, શ્વેતાંબરમાં ઠાણાંગમાં આવે છે. મૂળમાં પાઠ છે. મહાવ્રત નિર્જરાનું કારણ છે. ધૂળમાં પણ નિર્જરાનું કારણ નથી. આખો ફેરફાર હજારો..... તત્ત્વદષ્ટિથી, સત્યથી બહુ જ.... લોકો સમન્વય કરવા જાય છે. મોટા સુધરેલા હોય ને. સમન્વય કરો. ઝેર અને અમૃતનો સમન્વય કરો.

આવી વાત બહાર આવે છે ને, તો કેટલાક કહે છે ભાઇ તેના શાસ્ત્રમાં એવું હશે, આપણા શાસ્ત્રમાં તો નિર્જરાનું કારણ છે. રાગને નિર્જરાનું કારણ કહે તે શાસ્ત્ર કેવા? હેં? એ શાસ્ત્ર કેવા? એ તો કુશાસ્ત્ર છે. આ તો જૈનદર્શન છે. જૈનની પોતાની પર્યાયનો કર્તા પોતે છે અને પર્યાયને રાગને જીતવાવાળો આત્મા પોતાથી છે. પરને કારણે બિલકુલ નથી તેને જૈન કહે છે. સમજાણું કાંઇ?

કહે છે, **'ઉપજતા પરિણામરૂપ...'** કાર્ય **'કર્મ...'** એટલે કાર્ય **'વડે સમાશ્રિત થતું હોવાથી...'** ઉત્પન્ન થવાવાળા પરિણામ કાર્ય પોતાને આપવામાં આવે છે. કર્મની પર્યાય ઉત્પન્ન થઇ તે કર્મે રાખી છે. આત્માને નથી આપી. એ જ કહે છે કે ઉદય આવે છે તો કર્મની પર્યાય કર્મે રાખી. આત્માને આપે છે? સંપ્રદાન એવું છે? બિલકુલ નહીં. ખોટું છે. કર્મનો અનુભાગ જીવને ભોગવવો પડે એ વાત ત્રણકાળમાં સત્ય છે નહીં. કર્મની પર્યાય તો જડ છે, એ તો અજીવ છે. આત્મા જીવ છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ છે. અને ઉદય તો રંગ, ગંધ, રસ, સ્પર્શવાળી ચીજ છે. તો રંગ, ગંધ, રસ, સ્પર્શવાળી ચીજ રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ કરે એમ છે નહીં. સમજાણું કાંઇ? માર્ગ

તો એવો છે ભગવાન. એ તો એવું સત્ય કબુલ કરવું પડે. માર્ગ એવો છે. ભૂલ થઈ ગઈ હોય તો ભૂલ કાઢી નાખવી. એમાં શું છે? ભૂલ કાઢવાની તો વાત છે. ભૂલ તો અનાદિથી થાય છે. એમાં શું છે? ટાળવી તે નવીન વાત છે. ભૂલ તો હોય છે. અનાદિથી લોકો કરે છે. એ વાત તો અમે એકોતેરની સાલથી કહીએ છીએ એકોતેર. કેટલા વર્ષ થયા? પંચાવન. કર્મથી આત્મામાં બિલકુલ વિકાર થતો નથી. જે (એમ) માને તે જૈન નહીં. ખળભળાટ થઈ ગયો. તે વખતે તો દિગમ્બરના શાસ્ત્ર તો જોયા પણ ન હતા. શ્વેતાંબર શાસ્ત્ર જોયા હતા. ભગવતી સૂત્ર છે ને. એકોતેર. છે એમાં એમ છે. તેમાં છે. પંચાવન વર્ષ પહેલાં કહ્યું હતું ને. મોટી ગડબડ થઈ ગઈ. કેટલાક તો એમ કહે કે અમારા ગુરુએ આવું કીધું નથી. અને આ કયાંથી કાઢે છે? આ પડાઈ કેમ ઊડે છે? પડાઈ સમજો છો ને. પતંગ આવી કેમ ઊડે છે? ઊડીને કયાં જાશે? આ તો જાશે કયાં? પોતામાં જાશે. સાંભળ તો ખરો.

પંચાવન વર્ષ પહેલાંની વાત છે. એકોતેરની સાલ. ભગવતી અમે જોતા હતા. ઉપવાસના દિવસે. એક દિવસ ઉપવાસ એક દિવસ આહાર. સ્થાનકવાસીમાં હતા. તેમાં એવું આવ્યું હતું. ભગવતીનો ત્રીજો શ્લોક એમાં આવ્યું તો અમે તો એમાંથી એવું કાઢયું કે દર્શનમોહની પર્યાય દર્શનમોહથી થાય છે. મિથ્યાત્વની પર્યાય આત્માથી થાય છે, પરથી બિલકુલ નહીં. ભગવતીમાં એવું છે. પણ એમાં એવું છે કે અર્થ નીકળે નહીં. એ તો જરી અમારી દૃષ્ટિ એવી હતી ને બહાર કાઢતા હતા. ગુરુને બતાવતા હતા. અને મૌન થઈ જતા હતા.

મિથ્યાત્વ થવામાં અથિ થી પોતાના પુરુષાર્થથી મિથ્યાત્વ થાય છે. એવો પાઠ છે. તેમાં બધું લખ્યું હતું. સમજાણું કાંઈ? પરના કારણે પોતામાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષ થાય છે ત્યાં કાંક્ષા મોહનીયની વાત છે. કાંક્ષા મોહનીય. મિથ્યાદૃષ્ટિની વાત છે. બહુ જ પહેલાં એકોતેરમાં જોયું હતું. કાંક્ષા મિથ્યાત્વ મોહનીય પોતાના પુરુષાર્થથી થાય છે. પરના કારણે થતું નથી. એવી વાત નાખી હતી. ગડબડ થઈ ગઈ. ક્યાંથી? આ પાઠ જુઓ! શું છે પાઠ? હા પાડે નહીં, હા પડે નહીં. માર્ગ તો એવો છે ભગવાન! ત્રણકાળ, ત્રણલોકમાં મહાવિદેહમાં ભગવાન કહે છે એવું છે. સંતો કહે છે એવું અને સમકિતી કહે તો એવું છે. એમાં ફેરફાર છે નહીં.

કહે છે કે કર્મનું ફળ કર્મને આપે છે. ગજબ વાત છે ને! કર્મનો અનુભાગ થયો, બંધ પડયો તે પર્યાય કર્મે રાખી છે. અને પાક આવ્યો તે પણ તેમાં રાખી છે. આત્માને કર્મનું ફળ જડ આપે તેવું ત્રણકાળ, ત્રણલોકમાં થતું નથી. એ સંપ્રદાન થયું. સંપ્રદાન. અને હવે આધાર, અધિકરણ છે ને અધિકરણ.

**'ધારી રાખવામાં આવતા પરિણામનો...'** જ્ઞાનાવરણીય પર્યાય થઈ એ ધારણ કર્યું છે પુદ્‌ગલે. ધારી રાખવામાં આવતા પરિણામ નામ પર્યાય છે, કર્મ પર્યાય છે ને. કર્મ ગુણ નથી. પરમાણુ દ્રવ્ય છે. અને તેના રંગ, ગંધ, રસ, સ્પર્શ ગુણ છે. અને આ કર્મ તો તેની પર્યાય છે. એવા પરિણામ કહો કે પર્યાય કહો. **'ધારી રાખવામાં આવતા પરિણામનો આધાર હોવાથી...'** ઓહોહો!

કર્મસ્કંધ આધાર છે. આત્માના વિકારી પરિણામ કર્મના પરિણામનો આધાર છે નહીં. સમજાણું કાંઈ? આહાહા!

જૈનમાં આને એકાંત કહે છે. અરે તમારા એકાંત છે. ભાઈ! અમારા એકાંત નહીં, ભગવાનનું એકાંત છે એમ કહે ને. કર્મ પણ રાગ કરાવે છે અને આત્મા પણ કરે છે તો તેનું નામ અનેકાંત સ્યાદ્વાદ છે. મોહનલાલજી! એમ કહે છે. ધૂળમાં પણ છે નહીં તારો સ્યાદ્વાદ. તે તો ફુદડીવાદ છે. પરથી પણ થાય છે અને પોતાથી પણ થાય છે તે તો ફુદડીવાદ થયો. ચક્કરવાદ છે. અનેકાંતવાદ તો એ કે પોતાથી થાય છે અને પરથી થતું નથી. તેનું નામ પરમાત્મા ત્રિલોકનાથ દિવ્યધ્વનિમાં અનેકાંત તેને કહેતા હતા. સમજાણું કાંઈ? તેમાં કોઈ સંદેહનું સ્થાન છે નહીં.

**'ધારી રાખવામાં આવતા પરિણામનો...'** પર્યાયનો, કાર્યનો આધાર. આહાહા! જુઓને ઓલા કહે બે કારણથી કાર્ય થાય છે. એ તો વ્યવહારનું કથન છે. સાથે નિમિત્ત શું હતું તે બતાવવું છે. આંહી તો કહે છે કે પોતે ધારી રાખેલી પર્યાયનો આધાર જેણે અધિકરણપણાને ગ્રહણ કર્યું છે. એ પર્યાયનો આધાર તો દ્રવ્ય છે પરમાણુ. આત્મા તે પરિણામનો આધાર છે નહીં. ત્યાં કર્મ રહેલાં છે ને આઠ કર્મ. તો આત્માને આધારે ત્યાં રહેલાં છે કે નહીં. અસંખ્ય પ્રદેશમાં કર્મ રહેલાં છે તો આત્માને આધારે નથી રહ્યા? ઠીક આવી જાય અહીંયા. સમજાણું કાંઈ?

કહે છે ભગવાન, સાંભળ તો ખરો પ્રભુ! એ કર્મની પર્યાયનો આધાર ને કર્મ રહે છે આધાર પરમાણું છે. આત્મા અસંખ્યપ્રદેશી છે તો તેનો આધાર છે, બિલકુલ નહીં. કર્મે જેવો વિકાર કર્યો તો તેનો આધાર ..... બિલકુલ નહીં. આહાહા! ભાઈ એક એક પરમાણુમાં ભગવાન ષટ્કારક ગુણ છે ગુણ તે શક્તિ છે. બીજા પરમાણુની પર્યાય ...એક નિગોદનો એક શરીરમાં અનંત જીવ અને એક એક જીવને, સાથે બે બે તેજસ અને કાર્મણ ઔદારિક શરીર તો એક. ઔદારિક, તેજસ ને કાર્મણ આટલા શરીરમાં તે કાર્મણમાં અનંતા સ્કંધ છે. એક એક જ્ઞાનાવરણીય. એક એક સ્કંધમાં અનંત પરમાણુ, એ એક એક પરમાણુની પર્યાય પોતાથી કર્તા સ્વતંત્ર અને કાર્ય પરમાણુનું છે. બીજો પરમાણુ કર્તા અને તે કાર્ય એમ છે નહીં. સમજાણું કાંઈ? બધા મળીને તો આયુ બંધાણું છે ને. અનંતા નિગોદના જીવ છે. જેવા ભાવ કર્યા તો આયુષ્ય બંધાયા. જુઓ! ના. પોતાના પરિણામ, દરેક જીવે પોતાના પરિણામ કર્યા. એક જાતના હોય તોપણ કર્યા પોતે. પરને કારણે નહીં. અને કર્મ આયુષ્ય બંધાયા તેને કારણે આત્માના પરિણામના કારણે નહીં. સમજાણું કાંઈ?

લોકો વિચારતા નથી. પંડિતજી કહે છે ને વાંચવું. વાંચશે તો, ભાઈ વાંચે તો છે પણ વિચાર કરતા નથી. આ તો વિચાર કરીને નિર્ણય કરવાનો છે. ભગવાન! આ તો વસ્તુની સત્ય વાત છે. માને કે નહીં હું કર્તા છું તારાથી થઈ જાય છે? એવું-સ્વયમેવ ભાષા આંહી છે. સ્વયમ એવ એમ શબ્દ પડયો છે

ને એટલે પછી આપણે અર્થમાં પુદ્‌ગલ સ્વયમ હી કર્તા, સ્વયમ હી, હી શબ્દ રહેલો છે. તે આંહીથી શબ્દ કાઢયો છે. સ્વયમ એવઃ, સ્વયમ એવઃ કર્મની પર્યાય સ્વયમ એવઃ

**'ષટ્‌કારકરૂપે વર્તતું થકું...'** પાઠ છે ને. **व्यवतिष्ठमानं,स्वयमेव षट्कारकीरूपेण व्यवतिष्ठमानं न कारकान्तरपेक्षते ।** સત્ આવે તો સત્‌ને તો નિશ્ચય કબુલ કરવું પડે ને. આહાહા! સ્વયમ એવ, સ્વયમ એવ શબ્દ રહેલો છે. પોતાથી જ પોતાથી જ **'ષટ્‌કારકરૂપે વર્તતું થકું...' व्यवतिष्ठमानं**, વર્તતું થકું, **अन्यकारकन्तरं 'અન્ય કારકની...'** જીવના વિકારી પરિણામના કારકની અપેક્ષા રાખતું નથી. સમજાણું કાંઈ? હેં? જીવના પરિણામ જ્યાં થયા રાગ કે દ્વેષ, તો ત્યાં ચારિત્ર મોહનીય બંધાયા, તો કહે છે કે આ પરિણામની અપેક્ષા રાખીને બંધાયા એમ છે નહીં. નિરપેક્ષ ષટ્‌કારક પોતાથી પુદ્‌ગલમાં પરિણમે છે. સમજાણું કાંઈ?

જુઓ! આ ચશમા છે. તો કહે છે કે નિરપેક્ષ પોતાની પર્યાયના કર્તા તે ચશમા છે. આ આંગળીની અપેક્ષા રાખ્યા વિના પર કારકની અપેક્ષા રાખ્યા વગર તે કાર્ય ચશમામાં થાય છે. આંગળી આંગળીમાં રહી. આંગળીની પર્યાયનો કર્તા આંગળી છે. કોણ છોડે? છોડે કોણ અને મુકે કોણ? પરને ગ્રહણ કયાં કર્યું છે તો છોડે. પકડે પણ શું? બધા પોતપોતાની પર્યાયમાં છે સ્વચતુષ્ટયમાં. આ પરમાણુ પણ સ્વચતુષ્ટયમાં છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં છે. આ પરમાણુ પણ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં છે. પોતાની પર્યાયમાં આ છે અને પોતાની પર્યાયમાં તે છે. પકડે કોણ અને છોડે કોણ? હેં? પકડે કોણ? છે જ નહીં ને પકડે કોણ? મોટી ગડબડ!!! આહાહા! મૂળ હજી ષટ્‌દ્રવ્યની પર્યાયની સ્વતંત્રતાની વાત બેસે નહીં તેને દ્રવ્ય અખંડાનંદ પ્રભુ છે (તેની તો વાત ન બેસે!) આહાહા!

આંહી તો ભગવાન કુંદકુંદઆચાર્યદેવ સ્પષ્ટ ઢંઢેરો પીટીને કહે છે, ગુપ્ત કયાં કહે છે. આ ગુપ્ત કહેવાની વાત છે? હજાર, લાખ, કરોડ મનુષ્યમાં. તે વાત ચાલી હતી ને ભાઈ, શેઠ આવ્યા હતા ત્યારે. એણે પછી એક જણાને એમ કહ્યું, આ મહારાજ નવા છે ને. વાત છંછેડવી નહીં. લોકો પંડિતમાં કહેતા હતા. .....પોતાથી થાય છે, પરથી નહીં.તો બહુ છંછેડતા નહીં. કેમ ન છંછેડવું? પંડિતને છંછેડો, શેઠીયાઓને છંછેડો કે કોઈ પર્યાય કોઈથી થતી નથી. અહીંયા ગુપ્ત રાખવાની વાત નથી. એને મારા ઉપર પ્રેમ ખરો ને એટલે કહે કે મહારાજ છે ને દિગમ્બરમાં પહેલાં આવ્યા છે ને. આ બધા મારા ............ ઈન્દોરમાં છંછેડો પંડિતજીને. એમ કહે છે કે પોતાની પર્યાય પોતાના ઉપાદાનથી થાય છે પરથી થતી નથી. નિમિત્તથી થતી નથી. ઉપાદાનથી પોતાના કાળને કારણે પોતાથી થાય છે. છંછેડો. એકની સાલમાં, પચ્ચીસ વર્ષ થયા. તે પણ વૈશાખ હતો હો. વદ, વદ. તમારી જેઠ વદ. અમારી વૈશાખ વદ છઠ.

**'સ્વયમેવ...'** કર્મની પર્યાય સ્વયમ નિશ્ચયથી જ. **'ષટ્‌કારકરૂપે વર્તતું થકું...'** પરમાણુ પોતાની પર્યાયમાં ષટ્‌કારકથી વર્તતું થકું, પર્યાયમાં, **'અન્યકારકની અપેક્ષા રાખતું નથી...'** જીવનો

અવગુણ વિકાર છે તો પર્યાય કર્મે થાય છે એવી અપેક્ષા કર્મ રાખતું નથી. સમજાણું કાંઈ? આ તો સીધી વાત સીધી સાદી વાત છે. તેમાં કોઈ સૂક્ષ્મ વાત નથી. પણ હવે તે પકડી રાખી છે ને. જ્ઞાનાવરણીય જ્ઞાનને રોકે. કરો અર્થ. જ્ઞાનાવરણીય શબ્દ પડ્યો છે કે નહીં? જ્ઞાનાવરણીય પડ્યો છે તો જ્ઞાનાવરણીયનો અર્થ કરો. જ્ઞાનાવરણીય જ્ઞાનને આવરણ કરે તે જ્ઞાનાવરણીય. એમ છે નહીં. સાંભળ તો ખરો! એ તો નિમિત્તનું કથન છે. જ્ઞાન પોતાની પર્યાયથી હીણું થાય છે તો જ્ઞાનાવરણીય તેમાં નિમિત્ત કહેવામાં આવે છે. એ નિમિત્તની અપેક્ષા વિના જ્ઞાનની પર્યાય પોતાથી હીણી થાય છે. આહાહા! ગોમ્મટસારમાં વાંચ્યું હોય એટલે ગડબડ કરે. જુઓ! ભાઈ! દર્શનમોહને કારણે આત્મામાં મિથ્યાત્વ થાય છે. આયુષ્યને કારણે આત્માને શરીરમાં રહેવું પડે છે. તે બેડી છે. બેડી કહે છે ને. પણ શું બેડી છે. એ તો નિમિત્તનું કથન છે. સમજાણું કાંઈ?

પોતાની પર્યાયની સ્વયમ સ્વયમની યોગ્યતાથી ત્યાં રહે છે. આયુષ્યને કારણે શરીરમાં રહે છે એમ છે નહીં. આહાહા! ભારે વાત ભાઈ! શોભાલાલજી! તેની પર્યાય. ના ના તે તેને કારણે આ આને કારણે. નહીં, તેને કારણે નહીં. તે તેને કારણે છે આત્માને કારણે નહીં. આત્માએ સમ્યગ્દર્શન, ચારિત્ર પ્રગટ કર્યા તો ચારિત્રમોહનો નાશ થયો એમ છે નહીં. જેવી ચારિત્રમોહની પર્યાય જડ તેનો કર્તા છે તો તેના નાશનો કર્તા પણ જડ છે. આત્માએ વીતરાગભાવ કર્યો તો ચારિત્રમોહનો નાશ થયો એવી પરની અપેક્ષા બિલકુલ છે નહીં. સમજાણું કાંઈ? આ તો મહાસિધ્ધાંત છે, બાંસઠ ગાથા. હેં? છ ને બે આઠ. આઠ કર્મનો નાશ કરવાની ચીજ છે. મગનલાલજી! આવ્યા છે કે નહીં? જુઓ આ.

**'સ્વયમેવ...'** ત્યાંથી 'હી' છે ને. ઓલા ભાવાર્થમાં. પુદ્ગલ સ્વયમેવ જ કર્તા છે. ત્યાંથી નાખ્યું છે. 'જ' આંહીથી કાઢ્યું છે. સ્વયમેવ મૂળમાં. તેનો ત્યાં બહુ અર્થ નથી લીધો ને. **'સ્વયમેવ ષટ્કારકરૂપે વર્તતું થકું અન્ય કારકની અપેક્ષા રાખતું નથી...'** એ કર્મની વાત થઈ. હવે જીવની.

એ પ્રમાણે જીવ પણ, નિગોદનો હો કે સિધ્ધનો હો, સાધુનો જીવ હોય કે સમકિતીનો હોય કે મિથ્યાદષ્ટિનો હોય. બધા જીવ ભાવપર્યાયે પ્રવર્તતા, અહીંયા અશુધ્ધતાની યોગ્યતાની વાત છે. હા, પણ જયસેનઆચાર્યની ટીકામાં તો બધું લીધું છે. સિધ્ધાંત તો બધાને લાગુ પડે ને. અશુધ્ધ પર્યાયનો કર્તા પણ પોતાથી જીવ છે. કર્મની નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના એમ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયનો કર્તા પણ જીવ પોતાથી છે, કર્મના અભાવની અપેક્ષા રાખ્યા વિના. અભાવ હોય તો તેને કારણે તેમાં છે. તેમાં કોઈ આત્માની અપેક્ષા છે નહીં. આહાહા!

જેટલો જેટલો ચારિત્રમોહનો ઉદય હોય તેટલો રાગ કરે છે. જેટલો જેટલો ચારિત્રમોહનો, જુઓ! ભાઈ, છ મહિના બળભદ્રએ વાસુદેવને ખભ્ભા ઉપર લીધા. તો ચારિત્રમોહનો ઉદય છ મહિના સુધી રહ્યો. ચારિત્રમોહ ખલાસ થઈ ગયો તો છોડી દીધા. આ બધા એવું કહે છે. ખોટું છે. આવે છે તો

નિમિત્તનું કથન છે. શું છે? નય શું? નયનું કથન. આ તો પરાશ્રિત કથન છે, સ્વઆશ્રિત કથન છે, નિશ્ચય કથન છે, વ્યવહાર છે. હેં? રાખ્યો ન હતો. કોણ રાખે? ખમ્ભા ઉપર શું કહેવાય શરીર. એમ છે નહીં. પરમાણુની પર્યાય મડદાની પોતાને કારણે ત્યાં આધારથી રહી છે. ખમ્ભાના આધારે રહી નથી. અને તેનો રાગ આવ્યો તો કર્મનો ઉદય આવ્યો ત્યારે રાગ આવ્યો એમ પણ છે નહીં. અને કર્મનો ઉદય ખરી ગયો.

કહે છે ને છ માસની સ્થિતિ છે ભાઈ. પૂરી થઈ ગઈ. ફટ વૈરાગ્ય થઈ ગયો. મોહનલાલજી! એમ કહે છે કે નહીં? કહે છે. આહાહા! શું કહે છે? જીવ ભાવપર્યાયે, જુઓ! ભાષા એવી. ભાવપર્યાય એટલે વિકારી. મિથ્યાત્વ ભાવ હોય, રાગ ભાવ હોય, દ્વેષ ભાવ હોય, જ્ઞાનાવરણીયના બંધના નિમિત્તરૂપે છ ભાવ હોય પણ તે ભાવ પર્યાયે પ્રવર્તતા આત્મદ્રવ્યરૂપે કર્તાપણાને ધરતો, વિકારી પર્યાય આત્માએ કર્તા થઈને ધારણ કરી છે. પરની અપેક્ષા કર્મના નિમિત્તની કારકની અપેક્ષા રાખ્યા વિના, જેવો કર્મનો તીવ્ર ઉદય આવે તો અશુભ ભાવ હોય. મંદ ઉદય આવે તો શુભભાવ હોય, અભાવ હોય તો સમકિત હોય. એવી વાત છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? ભાઈ સમજાય છે કે નહીં? આ તો તમારી હિન્દી ચાલે છે. આહાહા! ભગવાન!

આંહી તો સત્ય વાત એવી છે. કોઈ શું કરે, કોઈ પક્ષની વાત છે નહીં. પણ લોકોને સમજાય નહીં એટલે એકાંત! એ લોકો તો કર્મથી કાંઈ થાતું નથી. કોણ કહે છે કર્મથી નથી થાતું. કર્મમાં કર્મથી થાય છે. આત્મામાં કાંઈ નથી થાતું. સમજાણું કાંઈ? પણ તમે કર્મથી આત્મામાં ઘૂસાડો અને આત્મામાંથી કર્મમાં ઘૂસાડો એ વાત છે જ નહીં. ત્રણકાળ, ત્રણલોકમાં એવી વાત છે નહીં. સમજાણું કાંઈ? કાંઈ ગુપ્ત વાત રાખી છે?

ભગવાનઆત્મા નિગોદનો જીવ હોય, કેટલાક એમ કહે છે જ્યાં સુધી ........... નથી ત્યાં સુધી તો કર્મનું જોર છે. ક્ષયોપશમ હોય પંચેન્દ્રિય થાય ત્યારે આત્મા સ્વતંત્ર છે. ત્યારે કર્મનું જોર નહીં. એવી વાત ત્રણકાળમાં છે નહીં. આ નિગોદનો જીવ પણ ભાવપર્યાયે પ્રવર્તતા આત્મદ્રવ્યરૂપે કર્તાપણાને ધરતો, પ્રચુર ભાવ કલંક એવો પાઠ ગોમ્મટસારમાં છે. એ પોતાના પ્રચુર ભાવ કલંકને કારણે નિગોદમાં રહ્યા છે. કર્મને કારણે રહ્યા છે એમ છે નહીં. એ વાત છે. વિશેષ કહેશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૬૧- ગાથા :- ૬૨
## વૈશાખ સુદ-૬ સોમવાર તા. ૧૧/૫/૭૦

કર્મ પણ એવું છે નહીં. હવે જીવની વાત કરે છે. **'જીવ પણ ભાવપર્યાયે પ્રવર્તતા...'** વિકારી પર્યાયરૂપે પ્રવર્તતા વર્તતા **'આત્મદ્રવ્યરૂપે કર્તાપણાને ધરતો...'** ત્રણ વાત અહીંયા લેવી છે. અર્થ ત્રણ ગણ્યા છે. પરમનિશ્ચયમાં તો વિકારનો કર્તા વિકાર છે. અહીંયા અર્થ જ ભિન્ન બતાવવો છે. તો વિકારી પર્યાયનો કર્તા આત્મદ્રવ્ય છે. કર્મના ઉદયની અપેક્ષા રાખ્યા વિના, પોતાથી વિકાર, મિથ્યાત્વ, અજ્ઞાન, રાગાદિ-દ્વેષાદિ પર્યાય જે થાય છે સ્વતંત્ર ...... સમજાણું કાંઈ?

જુઓ અહીંયા, **न कारकान्तरमपेक्षते** પરના કારકની અપેક્ષા ત્યાં છે જ નહીં. વ્યવહાર કહો ત્યારે નિમિત્ત હોય. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવાની વાત છે. વસ્તુ પોતામાં જે નિગોદનો જીવ છે, એકેન્દ્રિયનો જીવ છે તે પણ પોતાની વિકારી મિથ્યાત્વની પર્યાયમાં તેનો કર્તા દ્રવ્ય છે. પરની અપેક્ષા રાખ્યા વિના પાઠ એ છે ને. **न कारकान्तरमपेक्षते** બીજા કર્તા અને કર્મની અપેક્ષા રાખ્યા વિના જીવનો વિકાર પોતાથી નિશ્ચયથી યથાર્થથી પોતાથી થાય છે. મોટી ગડબડ છે. કર્મથી થાય છે કર્મથી થાય છે. જ્ઞાનાવરણીય કર્મ છે તો જ્ઞાનને આવરણ થાય છે. વિકાર પણ શું, કઈ નયનું કથન છે. બે નયનું કથન આવે છે. વ્યવહારનયનું કથન છે કે નિશ્ચયનું? જ્ઞાનાવરણીયથી જ્ઞાન થાય છે એમ કહે, તે તો વ્યવહારનયનું કથન છે. પરાશ્રિત કથન છે. સમજાણું કાંઈ?

જ્ઞાન પોતાની પર્યાયમાં હીણી દશા પ્રગટ કરે તો કર્મનું જ્ઞાનાવરણીયનું નિમિત્ત કહેવામાં આવે છે. જ્ઞાનાવરણીય નિમિત્ત છે તો જ્ઞાનની પર્યાય હીણી થાય છે એમ છે નહીં. ભાઈ! આ બધું નક્કી કરવું,....... સમજાણું કાંઈ? શું કહે છે? જુઓ! ભાવપર્યાયે, સંસ્કૃત કુંદકુંદઆચાર્યના શ્લોકમાંથી **सगं कुव्वदि सेळ सहावेळ** છે ને પુસ્તક-તેના કર્તા. જયારે જયારે જીવ પોતાની પર્યાયમાં નિગોદના જીવને નિત્ય નિગોદ એ કયારેય એકેન્દ્રિય બહારમાં આવ્યા જ નથી અને કયારેય ત્રસ થશે પણ નહીં. એવા જીવ રહેલાં છે. નિત્ય નિગોદ. તેનો જીવ પણ પોતાની મિથ્યાત્વ પર્યાય કરે છે તેનો કર્તા દ્રવ્ય છે. તેનો કર્મોદય કર્તા છે નહીં. વિકાર વિના કોઈને ગમે છે? કર્મ પરાણે કરાવે તો વિકાર થાય છે. પંડિતજી! હેં? કર્મ જબરજસ્તીથી કરાવે? તે વાત તદ્દન મિથ્યા અને અજ્ઞાનીનો ભ્રમ છે. અહીં આચાર્ય એવું કહે છે.

જબરજસ્તીનો અર્થ શું? એ તો પોતાના સ્વભાવની શુધ્ધ દ્રવ્યની દૃષ્ટિ થઈ અને રાગ કરવાની રીત એ નહીં. અને અસ્થિરતા થાય છે તો કર્મની જબરજસ્તીથી અસ્થિરતા થઈ એમ કહેવામાં આવે છે. જ્ઞાનીને પણ રાગ થાય છે એ કર્મના જોરથી થતો નથી. પણ રાગની રુચિ જ્ઞાનીને નથી હોતી. ધર્મી

જીવને પોતાના આનંદ ને જ્ઞાનના સ્વરૂપની રુચિ-દૃષ્ટિ છે. રાગ કરવો તે સ્વભાવ દૃષ્ટિવંતની રુચિ છે જ નહીં. તે કારણે તેમાં જે રાગ થાય છે તે પોતામાં છે નહીં, પોતાને કરવાનો ભાવ છે નહીં. તે કારણે કર્મ નિમિત્ત છે અને તેનો રાગ છે એવું કહીને પરના જોરથી થયું છે એમ કહેવામાં આવે છે. વસ્તુ સ્થિતિ એવી નથી. સમજાણું કાંઈ?

કર્મના નામે તો હજી બહુ જ ગડબડી છે. અમારે તો એ એકોતેરની સાલથી ચાલે છે. કર્મવાદી બિલકુલ નહીં. જૈન તો આત્મવાદી છે. પંડિતજી! એવું કહે છે હો. જૈન તો પરમાત્મવાદી છે. એક આત્મા પરમાત્મા થઈ શકે એવો તે આત્મા જૈન છે. એક એક આત્મા પરમાત્મા થઈ શકે એ જૈન છે. હેં? એ કહેતા હતા. ચોરાણુની સાલ કેટલા વર્ષ થયા? .......સંગઠન. એ બધા ત્યાં ગયા હતા........ અજીવથી થયું તો એમ પણ છે, જડથી થયું તો એમ પણ છે. જડ છે તો છે નથી તો નથી. કીધું એમ નથી. જડ જડથી છે, પોતાથી જડ નથી તે કારણે જડને પોતાથી નથી એમ કહેવામાં આવ્યું છે. અને વિકાર વિકારથી છે, પરથી વિકાર નથી. સમજાણું કાંઈ?

ગુરુકુળ ચાલે છે ને. તે વાત ચાલતી હતી. ચોરાણુની સાલની વાત છે. બત્રીસ વર્ષ થયા. બહુ જ ચાલી હતી. અમારે તો, અમારે શેઠ હતા. તે કર્મવાદી બહુ જ હતા. અમારી કર્મની ચર્ચા એકોતેરથી બહાર નીકળી. વિકાર પોતાથી થાય છે કર્મથી બિલકુલ નહીં. એકોતેર સમજો છો ને. એકોતેર. પંચાવન વર્ષ થયા. લાઠીમાં ચોમાસું હતું. અપને કો આપ ભૂલ કે હેરાન હો ગયા. બીજું કોઈ હેરાન કરે એવી કોઈ ચીજ જગતમાં છે નહીં. એ હિન્દીમાં પણ છે. હા, બોલે છે પણ પાછા ગડબડ કરી દયે છે. ગડબડ કરી દયે છે. ભાષા તો કરી દયે છે. ભજનમાં પણ આવે છે.

'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ, કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહ કી સંગતિ પાઈ. તે સમજો છો?

આવે છે ને ચંદ્રપ્રભુની સ્તુતિ. ....... નહીં બિલકુલ વાત નથી. તે ખોટું કહે છે. એ વાત અહીંયા ખોટી કહે છે. કોઈની પર્યાય કોઈ કરે એવું ત્રણકાળમાં જગતમાં હોતું નથી. જગતનો ઈશ્વર કર્તા, જગત ઈશ્વર કરે અને આ રાગ પર કરે બેમાં ફેર શું પડ્યો? પોતાની પર્યાયથી જાય છે, જાય છે કોણ? પોતાની પર્યાયથી, કાલ કહ્યું હતું ને. શ્રેણીક રાજા ક્ષાયિક સમકિત. તીર્થંકર ગોત્ર બાંધ્યું છે. તે પણ પોતાની પર્યાયની યોગ્યતાથી ત્યાં ગયા છે. કોઈ કર્મ બાંધ્યા છે તો તેને કારણે ત્યાં ગયા છે એમ છે જ નહીં. એ તો અહીં સિધ્ધ કરવું છે. કોણ મુક્તિ, પોતાને કારણે મુક્તિ થાય છે. ભાવ બંધમાં રોકાય છે તો મુક્તિ નથી થતી. તે તો પોતાને કારણે મુક્તિ નથી થતી. કાંઈ પરને કારણે મુક્તિ નથી થતી એમ છે? મોટી ગડબડ છે.

જીવ-અજીવની શ્રધ્ધાની જ તેમાં ભૂલ છે. હેં? કાલ આવ્યા હતા. કાલ આવ્યા હતા ને. કર્મફળ

કર્મ દે. આત્મામાં શું? એ તો જડની પર્યાય છે. જડની પર્યાય રૂપી છે. ક્યાં ગયા હતા? સમજાણું કાંઈ? જુઓ! આ સમજવાની વાત છે-બાંસઠ ગાથા. દરેક **'ભાવપર્યાયે...'** ચાહે તો મિથ્યાત્વ પર્યાય હોય, જ્ઞાનની હીણી દશા હોય, હીણીને શું કહે છે? કમ. ચાહે તો દર્શન ઉપયોગની હીણી દશા હોય, ચાહે તો વીર્યની હીણી અથવા વિપરીત દશા હોય. તે **'ભાવપર્યાયે પ્રવર્તતા...'** જીવ પોતાની પર્યાયમાં પ્રવર્તે છે. **'આત્મદ્રવ્યરૂપે...'** આત્મદ્રવ્યરૂપે તેનો કર્તા છે. તેમાં પર કર્તા બિલકુલ છે નહીં. સમજાણું કાંઈ?

બહુ દૃષ્ટાંત દીધું છે. શ્રેણીક રાજાને નરકમાં જાવું હતું? તે તો સમકિતી હતા. માટે તેને નરકાવરણીય કર્મ હતાં. તો તે લઈ ગયા. બિલકુલ જૂઠ્ઠી વાત છે. આનુપૂર્વી ફાનુપૂર્વી એ તો જડ પર પર્યાય છે. પર પર્યાય તો જડ અજીવ છે. જીવની પર્યાય તો જીવ છે. ગતિ કરવામાં જીવની પર્યાય પોતાની છે. પરથી ગતિ કરવામાં નરકમાં જાય છે એમ બિલકુલ છે નહીં. એ તો જ્યારે સ્વભાવની દૃષ્ટિ કરાવવી છે. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાનસ્વભાવ છે. ચૈતન્યપિંડ આનંદ સ્વભાવ છે, એવો સ્વભાવ છે ને વિકાર પોતાનો નથી એમ માનવાવાળાની અપેક્ષાએ કર્મનો વિકાર છે અને કર્મને કારણે ગતિ મળે છે તેમ વ્યવહારથી પરની અપેક્ષા રાખીને બોલવામાં આવે છે. એવી વાત છે.

કર્મની તો અમારે બહુ જ ચર્ચા ચાલી હતી. એકોતેર. દામોદર શેઠ! દસ લાખ બહુ પૈસા હતા ને મોટા શેઠ. કર્મ જેટલા ઉદયમાં આવે તેટલો વિકાર હોય બસ એ તેનો પ્રશ્ન હતો. કીધું બિલકુલ નહીં. બહુ જ પ્રશ્ન કરતાં કરતાં એવી ચર્ચા ચાલી કે, મહારાજ! અમારી સામે કોઈ બોલી શકે નહીં. અમે તો પૈસા બૈસાવાળાને બહુ ગણતા નહોતા. પૈસાવાળા હોય તો અમારે શું છે? રંક હો કે રાંક હો, એને ઘેર રહ્યા. દામોદર શેઠ! અહીં દામનગર. તે વખતે. સાંઈઠ વર્ષ પહેલાં દસ લાખ. ચાલીસ હજારનું એક ગામ એની પાસે હતું. ગામ સમજો છો ને? ગામધણી હતા. અમારા વાણીયા હતા. કર્મ ઉપર બહુ જ શ્રધ્ધા. કર્મ, કર્મ ને કર્મ.

પછી અમારી સાથે ચર્ચા ચાલી તો તેણે એટલું કહ્યું, મહારાજ! તમે બહુ જ કહો છો તો એટલું રાખો, એકાવન દોકડા પોતાના પુરુષાર્થના અને ઓગણપચાસ દોકડા કર્મના ઉદયના. મોહનલાલજી! અમારે તો બહુ જ ચર્ચા થઈ હતી ને. અહીંયા પહેલી વહેલી ક્યાં છે? એકાવન દોકડા. વીરચંદભાઈ! એને વીરચંદભાઈ ઓળખતા. દામોદર શેઠ! એની કર્મની શ્રધ્ધા એટલી. બસ કર્મ, કર્મ ને કર્મ. કીધું કર્મ બિલકુલ નહીં. એણે બહુ જ ચર્ચા કરતાં કરતાં એવું કીધું કે, મહારાજ! પોતાના પુરુષાર્થથી વિકાર થાય છે, એકાવન દોકડા, દોકડા સમજો છો ને. ટકા ટકા કહે છે ને. એકાવન પર્સન્ટ આ બાજુ રાખો. નિમિત્તને ઓગણપચાસ ટકા રાખો. બેય મળીને વિકાર થાય છે એમ રાખો. બિલકુલ જૂઠ્ઠી વાત એક ટકો પણ નહીં. સો એ સો ટકા વિકારનો કર્તા જીવ અને સો એ સો ટકા ઉદયનો કર્તા જડ. પોતાને કાંઈ

સંબંધ છે નહીં. આ તો એવી ચર્ચા પચાસ વર્ષ પહેલાં થઈ ગઈ. સમજાણું કાંઈ? હેં? એ જ ચાલે છે આખી દુનિયામાં. ચૂલામાં તો રાખ જ હોય ને. જયાં જુઓ ત્યાં ચૂલામાં રાખ જ હોય. ચૂલા સમજો છો? ત્યાં કસ્તુરી હોય છે? કોઈ દેશ હોય ત્યાં ઊંધી દષ્ટિ હોય છે? બધાને એક જ સરખી હોય છે.

આંહી કહે છે, ત્યાં પણ અમે દષ્ટાંત એક આપ્યું હતું. ત્યાં જામનગર. ઈઠયાસીનું ચોમાસુ હતું ને. લોકો કહેતા હતા હો. અમે તો ત્યાં બેઠા હતા. કે જો ભાઈ ચણાનો લોટ છે અને એક રૂપિયા ભાર સાકર હોય, એક રૂપિયા ભાર સાકર તો સીધી સાકર ખાય તો મીઠાશ પૂરી આવે પણ તેમાં એક રૂપિયા ભાર ચણાનો લોટ સમજો છો ને. તેમાં એક રૂપિયા ભાર નાખી દયો તો ભેગું થઈ જાશે. થોડો સ્વાદ લોટનો અને થોડો સ્વાદ સાકરનો બન્ને ભેગા થઈ ગયા.

એમ કર્મના ઉદયના દોકડા થોડા છે અને આત્માના વિકારના થોડા બન્ને ભેગા થઈને વિકાર થાય છે. એવું દષ્ટાંત આપ્યું હતું. ઈઠયાસીની સાલની વાત છે. સંવત ઓગણીસસો ઈઠયાસી. કેટલા વર્ષ થયા? આડત્રીસ વર્ષ થયા. અમારી સાથે તો બહુ જ ચર્ચા ચાલતી ને. નહીં, કીધું વાત બિલકુલ જૂઠી છે. મિશ્ર બિશ્ર કાંઈ છે જ નહીં. કર્મના ઉદયની પર્યાય જડમાં છે. અને વિકાર પોતાની પર્યાયમાં છે. સમજાણું કાંઈ?

કર્મના ઉદયનો એક પણ દોકડો તેમાં આવે છે તો કાંઈ જડના ઉદયની પર્યાય આ બાજુ આવી જાય? જડના ઉદયની પર્યાયમાં વિકારની પર્યાયની નાસ્તિ છે. અને વિકારની પર્યાયમાં જડના ઉદયની પર્યાયની નાસ્તિ છે. અસ્તિ કયાંથી આવી? ન્યાય સમજમાં આવે છે ભાઈ? નક્કી કરવું હો, નહીંતર અહીંયા બહુ જ ગડબડ છે. આ કર્મને માટે તો બહુ જ ગડબડ છે પહેલેથી. સ્થાનકવાસી, દેરાવાસી, દિગમ્બરમાં ત્રણેયમાં. કર્મ, કર્મ કરે છે.

મુમુક્ષુ :- ત્રણે જૂઠા છે.

ઉત્તર :- કર્મથી માને તે ત્રણેય જૂઠા છે. ચાહે તો દિગમ્બર હોય કે ચાહે તો એ હો. સમજાણું કાંઈ?

આંહી પરમાત્માએ જે કહ્યું તે કુંદકુંદઆચાર્ય તે વાતને પ્રસિધ્ધ કરે છે. **'ભાવપર્યાયે...'** અહીંયા વિકારની વાત છે હો. આત્મામાં કોઈ પણ ક્ષણમાં નિગોદનો જીવ હોય કે એકેન્દ્રિય હોય કે પંચેન્દ્રિય હોય તે પોતાની **'ભાવપર્યાયે પ્રવર્તતા...'** સંસ્કૃતમાં છે. જુઓ! 'ભાવપર્યાયેણ પ્રવર્તમાનાત્મદ્રવ્યરૂપેણ **કર્તૃતામનુબિભ્રાણો' 'કર્તાપણાને ધરતો...'** વિકારની તે સમયની પર્યાય ધારણ કરતો થકો, કર્તા જીવદ્રવ્ય છે. કર્તાની વ્યાખ્યા એટલી છે, સ્વતંત્રપણે કરે તે કર્તા. કહો, સમજાણું? સ્વતંત્રપણે કરે તે કર્તા. જો પરની અપેક્ષા થઈ જાય તો સ્વતંત્રપણે કરે તેમ રહેતું નથી. એ તો છ વિભકિત સાથે છે ને. વ્યાકરણમાં એવી વાત આવે છે. વ્યાકરણમાં એવું આવે છે. એક મોટું વ્યાકરણ છે અહીંયા.

કમળાસ્વામીનું. તેમાં એ લખ્યું છે. એક વાર ઈતિહાસ મંગાવ્યો હતો. એમાં એવું લખ્યું હતું. સ્વતંત્ર કર્તા તે કર્તા કહેવામાં આવે છે. સ્વતંત્રપણે કરે તે કર્તા. સ્વતંત્રપણે કરે સો કર્તા. આપણે અહીંયા આવશે જુઓ નીચે ભાવાર્થમાં.

**'પુદ્‌ગલ સ્વતંત્રપણે દ્રવ્યકર્મને કરતું હોવાથી પુદ્‌ગલ પોતે જ કર્તા છે...'** નીચે ભાવાર્થમાં વ્યાખ્યા કરી છે. સ્વયમ પુદ્‌ગલ પોતાની કર્મપર્યાય કરવામાં સ્વતંત્ર છે. જીવ પોતાની વિકારી પર્યાય કરવામાં પૂર્વની પર્યાયની અપેક્ષા નહીં, પછીની નહીં, નિમિત્તની નહીં. સ્વતંત્ર છે. આંહી તો હજી પરથી ભિન્ન પાડવું છે. ભાઈ! દ્રવ્યને કર્તા કહ્યું. પરમનિશ્ચયનયની દૃષ્ટિથી જુઓ તો વિકારનો કર્તા વિકાર છે. વિકારનો કર્તા દ્રવ્યગુણ છે જ નહીં. દ્રવ્યગુણની સત્તા વગર, અહીંયા ચિદ્‌વિલાસ નથી? ચિદ્‌વિલાસ છે ચિદ્‌વિલાસ. નથી અહીંયા. મોહનલાલે જાણ્યું છે. કહો, સમજાણું કાંઈ? ચિદ્‌વિલાસમાં ખુલાસો કર્યો છે. સમજાણું કાંઈ?

પોતાની પર્યાય સ્વતંત્રપણે કરે તેમાં પરની અપેક્ષા છે નહીં. ત્યાં તો લીધું છે કે પર્યાયનું કારણ પર્યાય છે, દ્રવ્ય-ગુણની સત્તા વગર. કાલ રાત્રીના પ્રશ્નમાં બતાવ્યું હતું. રાત્રીના પ્રશ્નમાં બતાવ્યું હતું. ગુણની સત્તા વગર વિકાર વિકારની પર્યાય કરે છે. પર્યાયનો કર્તા પર્યાય છે. પર્યાયનો કર્તા તેની સૂક્ષ્મ પર્યાય છે. સૂક્ષ્મ શકિત. પર્યાયનો કર્તા અથવા પર્યાયનું કારણ પર્યાયનું પ્રતિસત્વ છે. પર્યાયનું કારણ પર્યાયનું વીર્ય છે. દ્રવ્ય-ગુણનું વીર્ય નહીં. ભારે વાત ભાઈ!

આ જૈનદર્શન વસ્તુ સ્થિતિ એવી છે. જૈનદર્શન કોઈ સંપ્રદાય નથી. વસ્તુનું સ્વરૂપ એવું છે. સર્વજ્ઞએ જેવું જોયું એવી જગતની ચીજ છે. છ દ્રવ્ય અનાદિ-અનંત પદાર્થ છે. એક એક દ્રવ્યમાં અનંતગુણ છે. અને પ્રત્યેક ગુણ સમયમાં પરિણમન કરવાવાળા છે. પરિણમન ધારાવાહિક ચાલે છે. એ પરિણમન કરવામાં તે દ્રવ્ય સ્વતંત્ર છે. પરની કાંઈ અપેક્ષા છે નહીં. સમજાણું કાંઈ?

તો કહે છે, જુઓ! ગુણની સત્તા વિના એવું લખ્યું છે. ચિદ્‌વિલાસ-દીપચંદજી સાહધર્મી. 'અનુભવ પ્રકાશ'ના કરવાવાળા 'ચિદ્‌વિલાસ'ના કરવાવાળા, 'આત્મઅવલોકન'ના કરવાવાળા. તેણે લખ્યું છે. બહુ જ સ્પષ્ટ. ગ્રહસ્થ હતા. તેણે સિદ્ધાંત કાઢયો હતો. ગુણની સત્તા વગર પર્યાયનું કારણ પર્યાય છે. ગુણ છે તો પર્યાય થાય છે એમ નથી. સમજાણું કાંઈ? અમરચંદજી! આ એવી વાત છે. આ કાંઈ અહીંયા ગડબડ ગડબડ ચાલે નહીં. વીતરાગનો માર્ગ છે. આ તો કેવળીએ કહેલો માર્ગ છે. તેમાં કોઈ કલ્પના કરે કોઈ બીજો કુતર્ક કરે એમ ન ચાલે. સમજાણું કાંઈ? કેમ આવ્યા નહીં? ગરમી છે ઠીક.

**'ભાવપર્યાયે પ્રવર્તતા આત્મદ્રવ્યરૂપે...'** આંહી તો એ સિદ્ધ કરવું છે ને. આત્મદ્રવ્ય-કર્તા તે છે. કેમ કે આત્મદ્રવ્યમાં કર્તા નામનો ગુણ છે. એ ગુણ પોતાની વિકારી પર્યાયમાં પરિણમે છે. કોઈ પરને કારણે થાય છે એમ બિલકુલ અંશ માત્ર નથી. તેનું નામ અનેકાંત છે. વિકારના કર્તા જીવદ્રવ્ય છે,

પરદ્રવ્ય બિલકુલ નહીં. તેનું નામ અનેકાંત છે. થોડા ટકા રાખો જીવના અને થોડા ટકા રાખો કર્મના એ જૈનદર્શન નહીં. તે તો મૂર્ખ દર્શન છે. સમજાણું કાંઈ?

વીતરાગમાર્ગ છે, પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. તીર્થંકરો તો સિદ્ધ થઈ ગયા. ચોવીસ આદિ જે અનંત થયા તે તો સિદ્ધમાં ગયા. અશરીરી છે. આ ભગવાન તો સશરીર છે. અરિહંતપદમાં બિરાજે છે. જીવંત સ્વામી છે. જીવંત સ્વામી-જીવતા, વિદ્યમાન ભગવાન બિરાજે છે. ભાઈ! મહાવિદેહક્ષેત્ર છે. ભગવાન બિરાજે છે. વીસ તીર્થંકર છે. લાખો કેવળીઓ બિરાજે છે. સમજાણું કાંઈ? ભગવાનના મુખમાંથી આ વાત નીકળી છે. તે કુંદકુંદઆચાર્યને પોતાનો અનુભવ-ચારિત્ર તો હતું. વિશેષ ત્યાં ગયા અને આઠ દિવસ ત્યાં રહ્યા. સાક્ષાત ભગવાનની વાણી સમવસરણમાં આઠ દિવસ સાંભળી. ચક્રવર્તીની હયાતી હતી ત્યાં. ચક્રવર્તીએ પૂછયું પ્રભુ આ કોણ છે તીડ જેવા. ત્યાં તો બે હજાર હાથ ઊંચા છે. અહીંયા તો ચાર હાથ ઊંચા છે. તીડ જેવા લાગે. તીડ હોય ને તીડ. તીડને શું કહો છો? આ ઊડતા તીડ હોય ને. જીવડા. પતંગ જેવા કીડા. તીડી તીડી હોય છે ને. આવડા નાના લાગે. ચક્રવર્તીએ પ્રશ્ન કર્યો, મહારાજ! તીડ જેવો માણસ કોણ છે? ભગવાનની વાણીમાં આવ્યું ભરતક્ષેત્રનો ધર્મધૂરંધર-ધર્મને ધારણ કરવાવાળા એ આચાર્ય છે. વાત યથાર્થ-બધું યથાર્થ. સમજાણું કાંઈ?

ભગવાનના મુખમાંથી નીકળ્યું મહા આચાર્ય ધર્મને ટકાવી રાખવાવાળા ભરતક્ષેત્રના આચાર્ય છે. આહાહા! સમજાણું કાંઈ? બે હજાર વર્ષ થયા, બે હજાર તો શું છે? ત્યાં તો કરોડો વર્ષના આયુષ્ય છે. ભગવાનનું તો કરોડપૂર્વનું આયુષ્ય છે. ભગવાનનું કરોડપૂર્વનું આયુષ્ય છે. એક પૂર્વમાં સીંતેર લાખ છપ્પન હજાર કરોડ વર્ષ ચાલ્યા જાય છે. એવા કરોડપૂર્વ છે. બે હજાર તો શું છે? હજી બે હજાર વર્ષ પહેલાં ભગવાન પાસે ગયા હતા અને અહીંયા આવીને આ શાસ્ત્ર રચ્યા છે. સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન આમ કહે છે એ અમે તમને કહીએ છીએ. 'જિણવરે હી' બંધ અધિકારમાં આવ્યું હતું. વ્રત ને નિયમ નહોતો. 'જિણવરે હી પણ્ણંતમ્' જિણવરે કહ્યું. બોંતેર ગાથામાં ભાઈ આવ્યું હતું ને. આહાહા! પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞદેવ તેમણે કહ્યા પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ. તો એવો વ્યવહાર તો ભગવાન અભવિ પણ કરે છે ને. તો તેમાં શું લાભનું કારણ છે? વ્યવહાર તો હેય છે, બંધનું કારણ છે. એમ ભગવાન કહે છે. એમ કહે ચાલો. નહીંતર મુનિ છે તે કહે તે પણ સાચું છે.

પોતે ભગવાન ણમો લોએ સવ્વ આયરિયાણં, પંચ પરમેષ્ઠિમાં છે. સમજાણું કાંઈ? ણમો લોએ સવ્વ આયરિયાણં, લોએ સવ્વ સાધુ છે ને તે પાંચેયમાં લાગે છે. ણમો લોએ સવ્વ અરિહંતાણં, ણમો લોએ સવ્વ સિદ્ધાણં, ણમો લોએ સવ્વ આયરિયાણં. સવ્વ એટલે બીજા નહીં હો, અન્યમતિના નહીં. આ વળી કોઈ અર્થ કરે છે. જુઓ! તેમાં શું નાખ્યું છે, જૈનના જ આચાર્ય કે જૈનના સાધુ છે? પણ

જૈન સિવાય કોઈ સાધુ આચાર્ય હોતા જ નથી. સમજ તો ખરો. અન્ય મતમાં કોઈ સત્ય વાત છે જ નહીં ને.

પરમેશ્વરના માર્ગમાં વીતરાગ માર્ગમાં જે છે તે જ્યાં જ્યાં પોતાના સ્વરૂપનું આચરણ કરે છે તેવા ણમો લોએ સવ્વ આયરિયાણં, તેને અર્થ નમસ્કાર લોકમાં બિરાજમાન આચાર્ય. ણમો લોએ સવ્વ ઉવજ્ઝયાણં, ણમો લોએ સવ્વ સાહૂણં. સર્વ સાધુનો અર્થ પણ કેટલાક એવો કરે છે. જુઓ! તેમાં જૈનના જ સાધુ ક્યાં કહ્યા છે? પણ જૈન સિવાય કોઈ સાધુ હોતા જ નથી. સાંભળ તો ખરો. આ છઠ્ઠું, સાતમું ગુણસ્થાન અંતર જૈન દશા એ વસ્તુ.

'જિન સો હી હૈ આત્મા અન્ય સો હી કર્મ,
યહી વચન સે સમજલે જિન પ્રવચન કા મર્મ.'

જિન સો હિ હે આત્મા. સમજાણું કાંઈ? આત્મા જિન સ્વરૂપી, વીતરાગ સ્વરૂપી છે. વીતરાગતા પ્રગટ થાય છે તો ક્યાંથી આવે છે? બહારથી આવે છે? સર્વજ્ઞને વીતરાગ પર્યાય પ્રગટ થાય છે તે અંતરમાં પડી છે. ભગવાન આત્મદ્રવ્યમાં બધી શક્તિ છે.

'જિન સો હિ હે આત્મા અન્ય સો હિ હૈ કર્મ,
કર્મ કટે જિન વચન સે સો હી જૈન ધર્મ કા મર્મ.

વીતરાગ વચન જે કહે છે, વીતરાગના વચન રાગના પોષક નથી હોતા. જિનવાણી વીતરાગ ભાવની પોષક છે. જો રાગની પોષક હોય તો જિનવાણી નહીં. સમજાણું કાંઈ? આમાં ક્યાં ગુપ્ત રાખવું છે. આ એવી વાત છે.

જિનવાણી! આહાહા! ત્રિલોકનાથ પરમાત્મા એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે તેનાથી અનંત ગુણા કાળ ને પણ સમયમાં જાણે એટલી તાકાત! તે પરમાત્માના મુખમાંથી એ વાણી આવી છે. નિમિત્તથી કથન છે. જેવું ઉપાદાન એવું, વાણી પણ ઉપાદાનમાં એવી આવી. વાણીમાં પણ સ્વ-પર વાર્તા કહેવાની તાકાત છે. આત્મામાં સ્વ-પર જાણવાની તાકાત છે. વાણીમાં સ્વ-પર કથા કહેવાની તાકાત છે. વાણી આત્મા કરતો નથી. જિન જિનવાણીના કર્તા નહીં. નેમીચંદજી! કઈ વાત નિર્ણય કરવી? એકે એક વાતમાં ફેર! જિનવાણી નીકળે છે તેના કર્તા ભગવાનઆત્મા નહીં. કેમ કે, તે તો જડની પર્યાય છે. પુદ્ગલની પર્યાયના કર્તા પુદ્ગલ છે. સમજાણું કાંઈ? તે પહેલાં આવ્યું હતું પુદ્ગલ. સમજાણું કાંઈ?

ભગવાનના મુખમાંથી ઓમ.... ધ્વનિ નીકળે છે. આવી વાણી નથી હોતી. આખા શરીરમાંથી પરમાત્માને ઓમ ધ્વનિ નીકળે છે. તે જડની પર્યાયનો કર્તા જડ છે. આત્મા નહીં. આત્મા તો જ્ઞાનમાં જાણે છે કે તે સમયે વાણી નીકળશે. તે સમય ત્રણકાળના જ્ઞાનમાં આવ્યો છે કે તે સમયે વાણી

પરિણમશે. જ્ઞાનમાં આવ્યું છે પણ તે વાણીના કર્તા છે? આહાહા! નથી. વાણીમાં, પહેલાં કહ્યું ને. સ્વ-પર કથા કહેવાની તાકાત છે. એ પહેલાં કહ્યું. નહીં નહીં નહીં તેની તે સમયે વાણીમાં એવી તાકાત છે. હા, બીજામાં નહીં. તે સમયે વાણીમાં એવી સ્વ-પર કથા કહેવાની તાકાત છે.

તે આવ્યું છે આમાં. આ શું છે? જુઓ! આ શું છે? પંચાસ્તિકાય. છે ને છેલ્લે છે, છેલ્લે છે. જુઓ! છેલ્લો શ્લોક છે. બસ્સો અડસઠ પાનું.

**सत्ता सव्वपयत्था सविस्सरूवा अणंतपज्जाया ।**
**भंगुप्पादधुवत्ता सप्पडिवक्खा हवदि एक्का ।।८।।**

**'પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ (યથાર્થ સ્વરૂપ) સારી રીતે કહ્યું છે એવા શબ્દોએ આ સમયની વ્યાખ્યા (-અર્થસમયનું વ્યાખ્યાન અથવા પંચાસ્તિકાયસંગ્રહશાસ્ત્રની ટીકા) કરી છે...'** માણસ વિચાર કરતા નથી, વાંચતા નથી અને એકલું ધોકાપંથી કરે છે. હેં? લૌકિક જેવી વાત. આ તો લોકોત્તર સર્વજ્ઞની વાત છે. ભાઈ! જુઓ! દરેકમાં એવા શબ્દ આવ્યા છે હો. પ્રવચનસારમાં પણ એવા છે, સમયસારમાં પણ એવા છે. દરેકમાં છેલ્લે એક કળશ મુકે છે.

**'પોતાની શક્તિથી જેમણે વસ્તુનું તત્ત્વ (યથાર્થ સ્વરૂપ) સારી રીતે કહ્યું છે એવા શબ્દોએ આ સમયની વ્યાખ્યા (-અર્થસમયનું વ્યાખ્યાન અથવા પંચાસ્તિકાયસંગ્રહશાસ્ત્રની ટીકા) કરી છે; સ્વરૂપગુપ્ત...'** હું તો અરૂપી આત્મા છું. હું તો રાગથી અને પરથી ભિન્ન ગુપ્ત છું. હું ક્યાં વાણીનો કર્તા છું. આહાહા! કિંચિત કર્તા નથી. જુઓ!

**'સ્વરૂપગુપ્ત (-અમૂર્તિક જ્ઞાનમાત્ર સ્વરૂપમાં ગુપ્ત) અમૃતચંદ્રસૂરિનું (તેમાં) કાંઈ જ કર્તવ્ય નથી...'** કાંઈ જ કર્તવ્ય નથી. પાઠ છે જુઓ! **'कर्तव्यमेव अमृतचन्द्रसूरे न किन्चदस्ति'** સંસ્કૃત છે પણ વાંચતા નથી. આ બધા સંસ્કૃત ભણેલાં એ બધાં પણ ઊંડાણથી વાંચતા નથી. ઉપર ઉપરથી વાંચે છે. મોઢા આગળ હોય તો અમે કહીએ ને. પંડિતજી! જવાબદારી. પંડિત લોકોની જવાબદારી છે. બરાબર છે? પણ આ સત્યને બીજા ઉપર મુકે તો જવાબદારી વધી જાય. ભગવાનના નામે કહ્યું છે.

વીતરાગ માર્ગને ઉલટો કરી દયે તો તેમાં મોટી જવાબદારી છે. સમજાણું કાંઈ? લોકો કહે કે ભાઈ અમે તો જાણીએ છીએ પણ પંડિત લોકો બધું જાણે છે ને. પણ એ શું જાણે છે એની બરાબર પરીક્ષા કરો તો ખબર પડે. શું કહે છે? એ તો સાંભળી હોય. જુઓ! પણ શું કહે છે જુઓ! કાંઈ જ કર્તવ્ય નથી. જુઓ! **'न किन्चदस्ति कर्तव्यमेवामृतचन्द्रसूरेः'** હું મુનિ છું, વીતરાગભાવમાં રહેલો છું. મારી વાણીના કર્તવ્યમાં કાંઈ જ નિમિત્ત નથી. નિમિત્તનો અર્થ છે, હું છું તો વાણી થાય છે તે બિલકુલ નહીં.

પરમાણુની પર્યાયમાં તે સમયે વાણીમાં સ્વ-પર વાર્તા કહેવાની શક્તિથી તે વાર્તા થઇ છે. ટીકા તેનાથી થઇ છે. આત્માથી થઇ નથી. ભાઇ છે કે નહીં તેમાં? પંચાસ્તિકાય છે કે નહીં. જુઓ! આપણે તો શાસ્ત્ર દેખાડીએ. રામજીભાઇ એને કાયદો બતાવે કે નહીં. જીવને માને નહીં. મારો ઓલો જજ કહે. કાયદા અંદર છે કાયદા. આહાહા! ભગવાન! આ કર્તા અધિકાર ચાલે છે કે નહીં? વાણીના કર્તા ભગવાન પણ છે નહીં. આહાહા! એક એક પરમાણુની પર્યાય પ્રભુ, તે એક એક પરમાણુ અનંત પરમાણુની પર્યાય તો સ્કંધરૂપ પર્યાય ભાષા છે. પણ તે ભાષામાં પણ એક એક પરમાણુ પોતાની પર્યાયનો કર્તા છે. બીજો પરમાણુ બીજી પર્યાયનો કર્તા પણ નથી. આહાહા! એવી ચીજ ભગવાનની વીતરાગમાર્ગની છે. શું અભિમાન કરે! એમ થઇ જાય ને. અમે વાણી કરીએ છીએ. અમે ઉપદેશ આપીએ છીએ. અમે લોકોને કલાક રંજન (કરાવીએ.) અરે ભગવાન! વાણીના પરમાણુ શું આત્મામાં છે? આત્મામાં સંગ્રહ છે? એ વાણી તો ભાષાવર્ગણામાંથી ઊઠે છે. આત્મામાંથી નહીં. આહાહા! સમજાણું કાંઇ?

ભાષા આત્મા તો કરતો નથી પણ ભાષાનો કર્તા આ ઔદારિક શરીર પણ નહીં. આહાર વર્ગણા છે અને ભાષાવર્ગણા ભિન્ન છે. ઝીણી વાત ભગવાન! શું કહે? અનંત પદાર્થ માનવા અને અનંતપણું અસ્તિત્વમાં કબુલ કરવું, અને એક દ્રવ્યને બીજા કરે તેમ માનવું તો અનંત અનંતપણે સ્વતંત્ર રહેતા નથી. સમજાણું કાંઇ? અનંત પદાર્થ છે એમ માનવું અને એક બીજાનું કરે તેમ માનવું તો અનંત રહેતું નથી. આહાહા! જુઓ તો વીતરાગનો માર્ગ! ત્યાં જુઓ તો એકદમ સીધી સટ ત્યાં સો ટકા સત્યનો પોકાર છે. સમજાણું કાંઇ? જીવ-અજીવ તત્ત્વ ભિન્ન છે, રાગની પર્યાય ભિન્ન છે. ભગવાન! આંહી તો ભિન્ન છે પણ કર્તા તો તે છે. એમ કહે છે. સમજાણું કાંઇ? અજ્ઞાનપણે રાગનો કર્તા તો જીવદ્રવ્ય જ છે.

**'કર્તાપણાને ધરતો...'** સ્વતંત્રપણે વિકારનો કર્તા આત્મા ધારણ કરે છે. કોઇ પરની અપેક્ષા, કર્મની અપેક્ષા છે નહીં. તેર વર્ષ પહેલાં મોટી ગડબડ થઇ ગઇ હતી ને. આ ગાથા કહી હતી. બધા પંડિત બેઠા હતા. બંસીધરજી, વર્ણીજી હતા અને ફુલચંદજી હતા, કૈલાસચંદજી હતા. આ ગાથા કહી હતી. તે લોકોને થયું કે, આહાહા! આ લોકોની મોટી ભૂલ થઇ ગઇ. વિકાર જીવ કરે તો તો વિકાર તેનો સ્વભાવ થઇ જાય. એમ પ્રશ્ન હતો. પણ સ્વભાવ, સ્વભાવનમ સ્વભાવઃ વિકાર પણ વિકાર તરીકે પોતાનો સ્વભાવ છે. પોતાની પર્યાય છે. એ બધું આવે છે. પહેલાંમાં સ્વભાવમ. સમજાણું કાંઇ?

પર્યાયનો સ્વભાવ, અહીં કહ્યું ને. ભાવપર્યાય. મિથ્યાત્વ, અજ્ઞાન, રાગ-દ્વેષ અને વીર્યની હીણતા પોતામાં જો હોય એ **'ભાવપર્યાયરૂપે પ્રવર્તમાન...'** ભગવાનઆત્મા પ્રવર્તે છે. કર્મ પ્રવર્તમાન થઇને પર્યાય થાય છે એમ છે નહીં. આહાહા! ભગવાન ચૈતન્યબિંબ પ્રભુ. પોતાના આનંદ ને જ્ઞાનનો સાગર ભગવાન તે પોતાના દ્રવ્યમાં કર્તૃત્વ શક્તિ રાખે છે તો વિકારનો કર્તા જીવદ્રવ્ય છે. એ કર્તાની વ્યાખ્યા થઇ. સ્વતંત્રપણે કરે તે કર્તા. પરની અપેક્ષા રાખે તો એ સ્વતંત્રપણું રહેતું નથી. અને સ્વતંત્ર થયા વિના

કર્તા થઈ શકતા નથી. કહો, બરાબર છે? એય દીલીપ! બરાબર છે? ત્યાં પણ બંધ અધિકાર વાંચતા હતા. વીરચંદભાઈ! ત્યાં બંધ અધિકાર સાંભળતો. આંહી આવ્યો તો કહે આંહી પણ બંધ અધિકાર ચાલે છે. ઈ જ્યારે આવ્યો હતો ને તે દિ' ત્રણ ચાર મહિના પહેલાં ત્યાં પણ બંધ અધિકાર ચાલતો હશે. એ એણે યાદ રાખ્યું. ત્યાં પણ બંધ અધિકાર ચાલે છે ને આંહી પણ બંધ અધિકાર ચાલે છે. આપણે આ બપોરે બંધ અધિકાર ચાલતો હતો ને ત્રણ મહિના પહેલાંની વાત છે.

ઓહો! ભગવાનઆત્મા! 'અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા.' શ્રીમદનું એક વાક્ય ટૂંકું છે. શ્રીમદ્ રાજચંદ્ર-સંતોની એ પહેલી શીખામણ છે. તારા દોષથી તને બંધન છે. આ એક શબ્દ. સંતોની પ્રથમ એ શીખામણ છે તારા દોષથી તને બંધન છે. તારો દોષ એટલો કે પરને પોતાના માનવા અને પોતાને ભૂલી જવું એ તારો દોષ છે. એટલું શબ્દમાં રહેલું છે. હેં? બહુ જ આટલા શબ્દમાં! એવી વાત છે ભાઈ! શું થાય? દુનિયાને કાંઈ વિચાર નહીં, મંથન નહીં, નિર્ણય નહીં. સત્યનો શું માર્ગ છે. આમ ને આમ આંધળાની જેમ ચાલે. ઓઘે ઓઘે વીતરાગમાર્ગમાં ન ચાલે. આ તો સર્વજ્ઞ પરમાત્મા કહેવાવાળા છે. આ પેઢી તો સર્વજ્ઞની છે. કોઈ કલ્પનાથી ચાલે એવી છે નહીં.

પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ તેના મુખમાંથી વાત નીકળી છે તે વાત અહીંયા છે. ભાઈ! તેના મુનીમ બનીને તેના નામનો વિરોધ કરે તો મોટો ગુનેગાર છે. મોટો અપરાધ છે. સમજાણું કાંઈ? આત્માની શ્રદ્ધા વિપરીત કરે છે. આહાહા! કહે છે **'ભાવપર્યાયે...'** આહાહા! કેટલી વાત સમાડી દીધી છે. **'પ્રવર્તમાન...'** અનાદિ-અનંત કોઈ પણ જીવ નિગોદનો હોય કે એકેન્દ્રિય હોય, **'આત્મદ્રવ્યરૂપે કર્તાપણાને ધરતો...'** એ કર્તાની વ્યાખ્યા થઈ. સ્વયમ કર્તા છે. બસ એટલું. પાઠમાં છે ને સ્વયમ. **'सगं सेळ सहावेळ'** સ્વયમ કર્તા પોતાના સ્વભાવેણ શબ્દ છે, જુઓ! સ્વભાવેણ. એ સ્વભાવ છે ને એ જાતનો સ્વભાવ છે ને. કથામાં છે. જુઓ! **श्वेत स्वभावेन** પોતાના સ્વભાવથી **स्वयं करोति** એ સ્વભાવ પણ રાગ કરવાનો પર્યાયનો સ્વભાવ છે. હા, મૂળમાં પાઠ છે ને. એ વિકાર પણ સ્વભાવ છે ને. સ્વ પોતાનો છે ને પોતાનો. **'स्वस्य भवनम स्वभाव:'** પોતામાં થયો તે કારણે તેને સ્વભાવ કહેવામાં આવે છે. એકના નિર્ણયના પણ ઠેકાણા નથી. સમજાણું કાંઈ?

જેનો ઘડો પહેલેથી ઊંધો, ઘડો હોય છે ને ઘડો, તે ઊંધા હોય તો તેના ઉપર બધા ઊંધા જ રહે એક પણ સવળા રહે નહીં. હેં? ટકે ક્યાંથી? અહીંયા ઉપર, ઊંધા ઊંધા રાખે તો ચાલે. એમ જ્યાં પહેલેથી દ્રવ્યની પર્યાય સ્વતંત્ર છે તેની ખબર નહીં, જ્યાં કુતર્ક છે, તો તેની બધી દૃષ્ટિ ઊંધી છે. સમજાણું કાંઈ? તેમાં કોઈ સવળી વાત રહી શકતી નથી. માર્ગ એવો છે ભાઈ. નેમીચંદજી! આ કોઈ દિ' આવ્યા નથી ને. તે તો સત્ય વાત છે. પ્રભુ! શું કહે? દુનિયા કાંઈ ઊંધી ચાલે છે અને ઊંધી ચલાવવાવાળા છે. માર્ગ તો આવો છે ભાઈ. હવે કરણ. એ પહેલાં કર્તા લીધું પછી આંહી કર્મ નથી લેતાં. આંહી કરણ લ્યે છે.

**'ભાવપર્યાય પામવાની શક્તિરૂપે...'** વિકારની પર્યાય પ્રાપ્ત કરવાની શકિતરૂપે, લે આત્માની શક્તિ છે એવી. **'કરણપણાને અંગીકૃત કરતો...'** આત્માનું કરણ સાધન. આત્મામાં વિકાર કરવાનું કરણ છે. પોતાના કરણથી વિકાર કરે છે. આ કરણ ગુણ છે તેમાં. આ ષટ્કારક ગુણ છે દરેક પદાર્થમાં. છએ દ્રવ્યમાં એક સમયમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ છ શકિતઓ છે. જગતમાં કોઈ દ્રવ્ય છ શકિત વગરના છે જ નહીં. તો આ જીવમાં પણ કરણપણાને અંગીકૃત કરતો, આહાહા! વિકારી પર્યાય પ્રાપ્ત કરવાની શકિતરૂપે કરણપણાને અંગીકૃત કરતો, કરણમાં બીજો કોઈ કરણ નિમિત્ત છે, સાધન બે છે એમ છે નહીં. સાધન એક જ છે. પોતાના સાધનથી વિકાર કરે છે. સમજાણું કાંઈ?

જેમ મોક્ષમાર્ગ બે કથનમાં આવે છે. મોક્ષમાર્ગ બે નથી. મોક્ષમાર્ગ એક જ છે. નિશ્ચય તે જ મોક્ષમાર્ગ છે. કથન, નિશ્ચય હોય ત્યાં એવો રાગ હોય તો આરોપ આપીને કથન કરવામાં આવે છે. મોક્ષમાર્ગ બે નથી. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવે છે. સાતમા અધ્યાયમાં બે આવે છે. તેમાં પણ તકરાર કરે છે. નહીં મોક્ષમાર્ગ બે ન માને તે મિથ્યાત્વી છે. આંહી કહે છે મોક્ષમાર્ગ બે માને તે ભ્રમમાં પડયા છે. ટોડરમલજી કહે છે બે મોક્ષમાર્ગ માને તે ભ્રમમાં પડયા છે. કેમ કે એક ઉપાદેય છે અને એક હેય છે તે તો રાગ છે. બેને મોક્ષમાર્ગ માનવો તે ભ્રમમાં છે. એક પંડિત કહે છે, બેને મોક્ષમાર્ગ ન માને તે ભ્રમમાં પડયા છે. ભગવાન! સ્વતંત્ર છે. માર્ગ છે ને હેય છે. રાગ છે ને. એ કયાં મોક્ષમાર્ગ છે.

નિશ્ચયસમ્યગ્દર્શન તો સ્વરૂપનો આશ્રય કરીને થયું હોય તે નિશ્ચય સમકિત છે. પછી દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ છે તે તો વ્યવહારનો આરોપ આપ્યો. પણ રાગ તે તો રાગ છે. વ્યવહાર સમકિત છે જ ક્યાં? વ્યવહાર સમકિત કોઈ ચીજ છે? રાગ છે. રાગને આરોપ કરીને કહ્યું કે વ્યવહાર સમકિત છે. રાગ તો ચારિત્રનો દોષ છે. સમજાણું કાંઈ? તો મોક્ષમાર્ગ જેમ બે નહીં, તો માર્ગ કહો કે કારણ કહો કે ઉપાય કહો.

એમ સાધન બે પ્રકારના નહીં. સાધન એક જ છે. વિકારનું સાધન જીવ એકલો છે. અને બીજું લ્યો તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પોતાની પર્યાયનું સાધન જીવદ્રવ્ય જ છે. બીજું કોઈ સાધન છે નહીં. આ તો ઉદયથી વ્યાખ્યા છે પણ જયસેનઆચાર્યમાં ચારે બોલથી લીધું છે. ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, સમ્યગ્દષ્ટિની પર્યાય જો ક્ષાયિકરૂપ હોય, ઉપશમરૂપ હોય ભગવાનની સમીપમાં બેઠા હોય ક્ષયોપશમ સમકિતી તેને ક્ષાયિક સમકિત થાય છે, તો કહે છે કે તે ક્ષાયિક સમકિતની પર્યાયનો કરવાવાળો તે જીવદ્રવ્ય છે. ભગવાન છે તો ક્ષાયિક સમકિત થયું છે એમ છે નહીં. આરે! ભારે વાત ભાઈ!

કેવળી દુગ્ગે, આવે છે ને શું કહેવાય ઓલા ગોમ્મટસાર. કેવળી દુગ્ગે, સર્વજ્ઞ કાં શ્રુતકેવળીની સમીપમાં તેને ક્ષાયિક સમકિત થાય છે. એ તો નિમિત્તનું કથન છે. કોણ નિમિત્ત હતું તે. પણ ક્ષાયિક સમકિતની પર્યાયના કરણ ને કર્તા જીવદ્રવ્ય છે. પરની અપેક્ષા રાખ્યા વિના, દર્શનમોહના અભાવની અપેક્ષા રાખ્યા વિના, ભગવાન છે તો થયું છે તેવી અપેક્ષા રાખ્યા વિના. સમજયા રતનચંદજી! એવી

વાત છે. આરે ભગવાન! કર્મની જૈનમાં બહુ જ મોટી ભૂલ છે, પહેલેથી હો. અમે તો પહેલેથી એકોતેરથી કહેતાં આવ્યા છીએ. અરે જૈનને આ કયાં લાકડું! લાકડું શું કહેવાય. અરે પરમાત્મા તારી ચીજ સ્વતંત્ર છે ને. અમે તારી ભૂલ કહીએ છીએ અને ભૂલને ટાળવાવાળો પણ તું જ છો. જે કરે તે તોડે. પર કરે તો તારે તોડવાનું રહ્યું નહીં. સમજાણું કાંઇ? ભાવપર્યાય પ્રાપ્ત કરવાની, સમકિતરૂપી પર્યાય પ્રાપ્ત કરવાની કે મિથ્યાત્વરૂપી પર્યાય પ્રાપ્ત કરવાની કે ચારિત્રદોષના રાગ આદિ વિષય વાસના આદિ પ્રાપ્ત કરવાની શક્તિરૂપથી કરણપણાને અંગીકાર કરતો જીવદ્રવ્ય કરણ છે. જીવદ્રવ્ય વિકારનું સાધન છે. બીજું સાધન છે નહીં. આહાહા!

બે કારણ વિના કાર્ય હોતું નથી. એક તો સત્ય છે અને એકને નિમિત્તનો આરોપ આપીને એવું કથન કર્યું છે. બહુ જ ગડબડ, બહુ જ ગડબડ છે. જુઓને ફુલચંદજીએ કેવું લખ્યું છે તત્ત્વજ્ઞાન મિમાંસા! હેં? જૈનતત્ત્વ મિમાંસા. કેવી લખી છે? સરસ લખી છે. અને ખાણીયા ચર્ચા. આવ્યા છે ને. બે ભાગ આવી ગયા છે. ખાણીયા ચર્ચા. કેવી સરસ! બેય બાજુનો તર્ક છે. વ્યવહાર બાજુનો તર્ક છે અને નિશ્ચય બાજુનો પણ તર્ક છે. આખો સંગ્રહ તેમાં આવી ગયો. એવી ચર્ચા છે ને લોકો વાંચતા નથી, વિચારતા નથી. એવી ચર્ચા થઇ તો બહાર પાડવાનો ભાવ નહોતો. બહાર પાડો. લોકો સમજે તો ખરા કે બીજાની દલીલ શું છે અને નિશ્ચયવાળાના દલીલ શું છે. લોકો પણ એવા છે. બીજા સાહિત્ય બનાવે તેને લાખ રૂપિયા આપે. લો, લાખ - લાખનો આપે છે ને ભાઈ શું કહેવાય સાહૂજી. ઇનામ આપે છે. ત્રણ વર્ષથી લાખ - લાખ રૂપિયા. હેં? દર વર્ષે આપશે. સાહિત્ય કે બીજા એવા કોઇ લૌકિક બનાવે-એક લાખ! આહાહા! આ વીતરાગમાર્ગનો સર્વોત્કૃષ્ટ સાહિત્ય કોણ બનાવે તેને લાખ દેવા છે કે કોની વાત છે? આહાહા!

સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથની દ્રવ્યગુણપર્યાય, ઉપાદાન-નિમિત્ત, ક્રમબધ્ધ, નિશ્ચય-વ્યવહાર જે વસ્તુની સ્થિતિ છે એવું સાહિત્ય બનાવે તેની કદર કરવી જોઇએ કે આ દુનિયા ધૂળના સાહિત્ય બનાવે. સમજાણું કાંઇ? નેમીચંદજી! આંહી તો જે વાત હોય તે ચાલે. હેં? લાખ-લાખ મોટા લોકો વિરૂધ્ધ કરવા માટે પૈસા ખર્ચે કેટલાક. પૈસા તો પૈસાના છે જડ, પણ તેના ભાવમાં સત્ય ન બેસે શું કરે? આ વાત એવી લાગે. આ તો એકલું નિશ્ચય અને એકલું એકાંત, અનેકાંત માર્ગ હોય એમ બિચારાને લાગે. અરે! એને ખબર નથી ભાઇ! આ જ અનેકાંત છે બીજું અનેકાંત હોતું પણ નથી. પ્રભુ!

વિકારના કરણ એકલો આત્મા પરની અપેક્ષા રાખ્યા વિના, એમ ધર્મની પર્યાયનો કરવાવાળો આત્મા પોતાના કરણથી એકલો, ધર્મ ને ગુરુ ને દેવ-શાસ્ત્રની અપેક્ષા રાખ્યા વિના. સમજાણું કાંઇ? ગુરુની અપેક્ષા રાખ્યા વિના. કયાં ગયા હીરાભાઇ ગયા? ઠીક! સમજાણું કાંઇ? એમ ભગવાન કહે છે. એવું વસ્તુનું સ્વરૂપ છે. આત્મા ચારિત્ર પ્રાપ્ત કરે છે. ચારિત્રની પર્યાય તો પોતાના કરણગુણથી ચારિત્રની

પર્યાય પ્રાપ્ત થાય છે. કોઈ ચારિત્રમોહનો અભાવ હોય ને મંદ હોય તો ચારિત્રની પર્યાય પ્રાપ્ત થાય છે એમ છે નહીં. દેવ-ગુરુ-શાસ્ત્રનો વિકલ્પ આવે છે તો હોય છે. એ તો વિકલ્પ છે. વિકલ્પ આવે તો જાણે છે. વિકલ્પના કર્તા નહીં. અને પરથી થાતું નથી. આંહી તો વાત એવી છે. આહાહા! આવે છે તો શું કરવા સાંભળવું? ભાઈ સાંભળવાનો વિકલ્પ આવ્યા વિના રહે નહીં. પણ સાંભળવાથી જ્ઞાન થાય છે એમ પણ નથી. આહાહા!

ત્યાં તો ભગવાન એમ કહે છે કે પોતાની જ્ઞાનની સમ્યક્ પર્યાયના કરણ સ્વદ્રવ્ય છે. જુઓ! વાણી અને વાણીના નિમિત્તમાં પોતાના જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ તે પણ સમ્યક્જ્ઞાનમાં કરણ નામ સાધન નહીં. આહાહા! તારો પ્રભુ તારામાં ડોલે. વીર પ્રભુ એમ બોલે કે તારો પ્રભુ તારામાં ડોલે. તારી પર્યાયનો કર્તા તું છો. ઉલટી કે સુલટી. બીજો કોઈ કર્તા ફર્તા કરણ બરણ છે નહીં. આહાહા! શું કરે અમારે પરનો સંગ થયો અને અમારા શેઠ કહે છે ને ભગવાનદાસ. અમને સાંભળવા એવું મળ્યું તો અમે શું કરીએ? શોભાલાલજી! ભાઈ એમ કહે છે નહીં? પણ તમારી પર્યાયના કર્તા તો તમે છો. કોઈ સંભળાવવાવાળાએ તમારી પર્યાય કરી છે? તમને એ વાત ઊંધી બેઠી તે સાંભળવાથી નહીં, તારી પર્યાયની ઉલટી દૃષ્ટિના કારણે બેઠી. બીજાનો દોષ છે નહીં.

ભાવપર્યાય, આમાં ઉદયની વાત છે પણ ચારેય લેવા. ઉદય પર્યાય, ઉપશમ પર્યાય, ક્ષયોપશમ પર્યાય, ક્ષાયિક પર્યાય, ચાર પર્યાય છે. પારિણામિક ભાવે દ્રવ્ય છે. પારિણામિક ભાવ તે દ્રવ્ય છે, વસ્તુ છે. અને ચાર પર્યાય છે. તો જીવની ચાર પર્યાયમાં દરેક પર્યાયના કર્તા જીવદ્રવ્ય છે. અને દરેક પર્યાયના કરણ જીવદ્રવ્ય છે. ચાહે તો ક્ષયોપશમ, ઉપશમ, ક્ષાયિકની પર્યાય હોય કે ચાહે તો ઉદયની રાગની પર્યાય હોય બીજો કોઈ કરણ ફરણ છે નહીં. સમજાણું કાંઈ?

**'ભાવપર્યાય...'** પ્રાપ્ત કરવાની, આ તો ઓલી ભાવપર્યાય લીધી ને પાછો કોઈ ઓલો ગુણ ન લઈ લ્યે. ભાવપર્યાય. મિથ્યાત્વની પર્યાય, રાગની પર્યાય, દ્વેષની પર્યાય, વિષય-વાસનાની પર્યાય તે **'પર્યાય પ્રાપ્ત કરવાની શક્તિરૂપે કરણપણાને અંગીકાર કરતો...'** જીવદ્રવ્ય. જીવદ્રવ્ય અંગીકાર કરે છે. એ કરણમાં બીજો કોઈ કરણ ફરણ છે નહીં. સમજાણું કાંઈ? કોઈ પ્રશ્ન હોય તો રાત્રે કરવો. એય! ગોહાટી! રાત્રે પ્રશ્ન કરવો. રાત્રે તે પ્રશ્ન નહોતો થયો? પર્વત ઉપર વીજળી પડે છે બે ટુકડા થઈ જાય છે તો પાછા ભેગા થતા નથી. તો તમને પ્રશ્ન થવો જોઈએ કે સમકિત થયા પછી મિથ્યાત્વ થઈ જાય છે. મોહનલાલજી! તે વાત અહીંયા છે નહીં.

અહીંયા તો અપ્રતિહત જ્યાં સ્વરૂપની પ્રતીત થઈ, ભાન થયું તે પડતો નથી તેનું નામ આત્મા છે. અહીંયા કહે છે. અલીંગગ્રહણમાં, અલીંગગ્રહણના વીસ બોલ છે. હમણાં બહુ સૂક્ષ્મ અધિકાર આવ્યો છે, તેમાં નવમો બોલ છે. અલીંગગ્રહણ. અલીંગ-લીંગ નામ ઉપયોગ અ નામ હરણ થતું નથી.

આત્માના ઉપયોગનો નાશ ક્યારેય થતો નથી. એવું પ્રવચનસાર. છે? નથી. નથી લાવ્યા. બધા પુસ્તકો નથી લાવતા. છે? આહાહા! જુઓ! અલીંગગ્રહણ એકસો બોંતેર. જુઓ!

લીંગનું એટલે? ગુજરાતી છે. ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે? પરથી હરણ થઈ શકતું નથી. બીજાથી લઈ જઈ શકાતું નથી અલીંગગ્રહણ. આત્માનું જ્ઞાન હરી જઈ શકાતું નથી. શું કીધું? આહાહા! જ્યારે જ્ઞાનની પર્યાય લક્ષણ છે અને દ્રવ્ય લક્ષ છે. જ્યારે લક્ષ ઉપર પર્યાય ગઈ તો તેનું નામ ઉપયોગ કહેવામાં આવે છે. એ ઉપયોગ દ્રવ્ય ઉપરથી ખસે નહીં તેનું નામ ઉપયોગ છે. અને તે ઉપયોગનું હરણ ક્યારેય થતું નથી. સમજાણું કાંઈ? અને લક્ષ છૂટી ગયું તો ઉપયોગ રહ્યો નહીં. ઝીણી વાત ભાઈ!

જૈનદર્શનનું તત્ત્વ સૂક્ષ્મ છે. વીતરાગ કેવળજ્ઞાની પરમાત્મા. ચારિત્ર દોષવાળા સીજશે. પણ દંસણ ભઠ્ઠા ન સીજંતી. છે ને પાઠ. દંસણ ભઠ્ઠા ભઠ્ઠા, ચારિત્ર ભઠ્ઠા ન ભઠ્ઠા. ચારિત્ર ભ્રષ્ટ તે સીજંતી. કારણ કે ખ્યાલમાં આવે છે કે રાગ છે દોષ છે. પણ શ્રદ્ધામાં ભ્રષ્ટ તે તો બધામાં ભ્રષ્ટ છે. ન સીજંતી. એ દર્શન પાહુડની ગાથા છે આવે છે ને. માઘમુનિ. માઘમુનિ આવે છે કે નહીં? કુંભારણની છોકરીની સાથે લગ્ન કરી લીધા. ક્યાં મુનિ! એ તો ચારિત્રનો દોષ છે. શ્રદ્ધામાં દોષ છે નહીં. આહાહા! કુંભારની છોકરીની સાથે બેસી ગયા. લ્યો! સંઘમાં પ્રશ્ન ઉઠ્યો. આ પ્રશ્નનો ખુલાસો માઘમુનિ આપશે. આહાહા! હજી કિંમત! દર્શન ને સમ્યક્જ્ઞાનની કિંમત તો જ્યાં હોય ત્યાં કિંમત છે. સમજાણું કાંઈ? સંઘ ગયો. મહારાજ! આ પ્રશ્નનો ઉત્તર તમે આપી શકશો. હેં? હજી મારા જ્ઞાન અને શ્રદ્ધાની કિંમત સંઘમાં છે?

મહારાજ! આપના જ્ઞાન-શ્રદ્ધાની કિંમત તો સદાય રહેશે. એમ આવ્યા ને મોર પીંછી ઉપાડીને પાછા સાધુ ભેગા ચાલ્યા ગયા. સમજાણું કાંઈ? અંદર સ્થિરતા આવી ગઈ ચારિત્રની. આહાહા! શ્રદ્ધા ભ્રષ્ટ ન હતા. ચારિત્ર ભ્રષ્ટ હતા. ખ્યાલમાં આવી ગયું. અરેરે! આહાહા! હું કઈ ભૂમિકામાં હતો ને ક્યાં આવી ગયો? ઓહો! મારી આનંદ શક્તિ ને શાંતિ શક્તિમાંથી ખસી ગયો. અસ્થિરતા થઈ ગઈ. હું શ્રદ્ધામાં તો બરાબર છું. રાગ છે તે દોષ છે, ગુન્હો છે, મારો અપરાધ છે. સમજાણું કાંઈ? એવું માનવાવાળા ક્ષણમાં પાછા સાધુ થઈ ગયા. સંત થઈ ગયા. ભાવલિંગી થઈ ગયા ભાવલિંગી. આહાહા!

શ્રદ્ધા ભ્રષ્ટ. ભલે સાધુપણું પાડે અને બાર વ્રત આદિ રાખે. સમજાણું કાંઈ? ભ્રષ્ટમાં ભ્રષ્ટ છે. સમ્યક્થી ભ્રષ્ટ છે, જ્ઞાનથી ભ્રષ્ટ છે અને ચારિત્રથી પણ ભ્રષ્ટ છે. લોકોને સમ્યગ્દર્શનની શું કિંમત છે અને મિથ્યાત્વમાં કેટલો દોષ અને અવગુણ છે, તે ખબર વિના એ વ્રત કેમ નથી લેતાં? વળી એમ કહે. આટલા આટલા વર્ષ થયા તોપણ કોઈ વ્રત તો લેતું નથી. ભાઈ! વ્રત કોઈ ઉપરથી આવી જાય છે? અંતરમાં જ્યારે સમ્યગ્દર્શનપૂર્વક સ્થિરતા આવે છે ત્યારે વ્રતનો વિકલ્પ ઊઠે છે. હઠપૂર્વક લ્યે તે વ્રત

છે નહીં. એ તો અજ્ઞાન છે, મિથ્યાત્વ છે. મિથ્યાત્વનું પોષણ કરે છે. સમજાણું કાંઈ?

'લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન, ગ્રહે નહીં પરમાર્થને લેવા લૌકિક માન.' શ્રીમદ્ રાજચંદ્રનું વાકય છે. 'લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન,' વૃત્તિ પરિણતિ શું છે, સમ્યગ્દર્શન શું છે તે તો ખબર નથી. 'લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન.' અને વ્રત ધારી અભિમાન લીધા. 'ગ્રહે નહીં પરમાર્થને લેવા લૌકિક માન.' દુનિયામાં મોટા માન માટે વ્રત લઈને બેસે તે મિથ્યાદષ્ટિ મૂઢ છે. સમજાણું કાંઈ? ભાઈ વાત એવી છે અહીંયા. કડક વાત છે હો. આહાહા! ભગવાનનો માર્ગ તો એવો છે ને. એક છોકરો હતો ભાઈનો. કાના તળાવ આપણે દેવજીભાઈનો, નાનો. મેં કીધું છોકરા આંહી માખીઓ બહુ. માખી બહુ મરી જાય. શેરડી ને રસને બહુ હોય ને. આ માખીઓને ભલે પણ ગામડું કોને કહેવું? કહે ગામડું. એને કહેવું. નાનો છોકરો દેવજીભાઈનો છે. દેવજીભાઈ આવ્યા છે? વહ્યા ગયા. નાનો છોકરો કહે ગામડું કોને કહેવું? ગામડામાં તો એવું જ હોય. કૂચામાં રસ હોય, ઓલામાં રસ હોય. શેરડીનો મોટો વ્યાપારને. એક એક ખેડુ લાખ રૂપિયાની ઉપજવાળા છે ત્યાં. મંદિર બનાવ્યું ને. એક ખેડુ એક લાખની ઉપજ છે વર્ષની. એક લાખની ઉપજ. દસ દસ લાખની પૂંજી. ખેડુ. ઓલું કેવું કહેવાય કાના તળાવ એ છોકરો કહે, મહારાજ! આ તો ગામડું છે. ........ .......... ગામડામાં તો એવું જ હોય. ઊંધી શ્રધ્ધામાં તો એવું જ હોય. માખીઓની જેમ ત્યાં ઊંધી શ્રધ્ધાના તર્ક હોય બધા.

આંહી કહે છે. જુઓ! લીંગ નામ ઉપયોગ નામના લક્ષણનું ગ્રહણ એટલે પરથી હરણ થઈ શકતું નથી. મોહનલાલજી! ઉપયોગનો નાશ નથી થતો એમ કહે છે. સમકિત પામ્યા પછી મિથ્યાત્વ થઈ જાય છે ને તો ઉપયોગનો નાશ નથી થતો. ઉપયોગ ખસી ગયો તો એ તો અનઉપયોગ થઈ ગયો. ઉપયોગ દ્રવ્ય ઉપર લક્ષ ગયું નહીં. સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ અલૌકિક છે ભાઈ. હે? આહાહા!

**'ભાવપર્યાય પામવાની શક્તિરૂપે કરણપણાને અંગીકૃત કરતો...'** દ્રવ્યએ એ સાધનપણું અંગીકાર કર્યું છે. તે કારણથી વિકાર થતો નથી. તે સાધન અંગીકાર કર્યું છે તે કારણે જીવમાં સમ્યગ્દર્શનની પર્યાય પોતાથી થાય છે. મિથ્યાત્વનો ભાવ અભાવ હોય દર્શનમોહનો તો થાય છે એવી નિશ્ચયની પર્યાયમાં પરની અપેક્ષાનું હોતું નથી. પરકારકની અપેક્ષા રાખતા નથી. વિશેષ કહેશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૬૨ - ગાથા :- ૬૨
## વૈશાખ સુદ-૭ મંગળવાર તા. ૧૨/૫/૭૦

**'પંચાસ્તિકાય બાંસઠ ગાથા...'** જીવનો અધિકાર ચાલે છે. ત્રણ બોલ આવ્યા છે. જુઓ! છેલ્લા ત્રણ છે ને. જીવ પોતાની **'ભાવપર્યાયરૂપે કર્મપણાને અનુભવતો...'** શું કહે છે? આત્મા પોતાની વિકારી પર્યાયનો કર્તા થયો, વિકારી પર્યાય તેનું કાર્ય છે. કર્મ છે તો વિકારી કાર્ય છે એમ છે નહીં. સમજાણું કાંઈ?

કેટલાક કહે છે કે ભાઈ, તમે એમ કહો 'જ્ઞાનાવરણીય ક્ષયાત' જ્ઞાનાવરણીય ક્ષય થાય છે તો કેવળજ્ઞાન થાય છે એમ કહો. તમે કહો છો કે તે તો વ્યવહારનયનું વચન છે. તત્ત્વાર્થસૂત્રમાં છે ને. મોહ ક્ષયા જ્ઞાનાવરણીય ક્ષયાત. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવે છે. આ તો કહે છે કે કર્મનો ક્ષય થાય તો જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે, એમ કહો. આંહી તમે કહો છો કે જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે તો કર્મનો ક્ષય થાય એ તમે કહો છો, એમ કહે છે. આંહી તો એમ પણ નથી. સાંભળ તો ખરો. સમજાણું કાંઈ? તે રતનચંદજી મુખત્યાર વગેરે છે ને. તે એમ કહે છે.

એમ કહે છે કે તમે એમ કહો છો કે કર્મ ક્ષયાત, શાસ્ત્રમાં એમ પાઠ છે કે કર્મ ક્ષયાત, કર્મનો ક્ષય થાય છે તો કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. તો તમે એમ કહો છો કે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે તો કર્મ ક્ષય થાય છે. એમ કહો છો. પણ અમે તો એમ પણ નથી કહેતાં. આંહી તો પોતાની પર્યાય પોતાથી થાય છે. આહાહા! બહુ જ ગડબડ છે. મોટા રતનચંદજી તો બહુ જ ગડબડ કરે છે. વાંચેલું બહુ જ છે ઉલટું બધું. પણ એ તો એ તરફથી આવી એટલે આંહી સ્પષ્ટ કરવું પડે છે. કે આત્મામાં કેવળજ્ઞાનની પર્યાયનું કાર્ય પોતાથી થાય છે. આ ભાવપર્યાયમાં તે પણ છે. આંહી તો વિકારનું, પણ તેમાં બધું છે. કેવળજ્ઞાનની પર્યાય આત્મા પોતે સ્વતંત્ર કર્તા થઈને અને સ્વતંત્ર કરણ નામ સાધન થઈને કેવળજ્ઞાનરૂપી કાર્યનો કરવાવાળો જીવ છે. સમજાણું કાંઈ?

જ્ઞાનાવરણીય ક્ષય થયા, કેવળજ્ઞાનાવરણીય ક્ષય થયા તો કેવળજ્ઞાન થયું એમ છે નહીં. પણ રહી શકે છે તો તેને કારણે કે આને કારણે. એ તો વાત ચાલે છે. પહેલાં આવી ગઈ કે, જ્ઞાનાવરણીયનો ક્ષય જે થાય છે તે પોતાના સ્વકાળથી પોતાની પર્યાયથી પરમાણુનો સ્કંધ તેનો કર્તા છે. તે પોતાનો સ્કંધ. પરમાણુ જે સ્કંધ છે કર્મ થવાને લાયક તે કર્મના ક્ષયની પર્યાયને કરનારો છે. સમજાણું કાંઈ? આત્મા નહીં. આત્મા પરને ક્ષય કરે તેમ હોતું જ નથી. કર્મ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યનો કર્તા આત્મા છે જ ક્યાં. આહાહા! રતનચંદજી! ગડબડ છે કે નહીં? બહુ જ ગડબડ છે. એમ છે નહીં ભાઈ!

શાસ્ત્રનું વચન છે કોઈ સમયે વ્યવહારનય નિમિત્તનું જ્ઞાન કરાવે છે. અને કોઈ સમયે નિશ્ચયનું જ્ઞાન કરાવે છે. અને કોઈ સમયે બેયનું પ્રમાણ જ્ઞાન કરાવે છે. એવી વાત છે. સમજાણું કાંઈ? બે કારણ હોય તો કાર્ય થાય છે ત્યાં પ્રમાણનું જ્ઞાન કરાવ્યું છે. અને કેવળજ્ઞાનાવરણીયનો ક્ષય હોય તો કેવળજ્ઞાન થાય છે તે વ્યવહારનયનું જ્ઞાન કરાવે છે કે ક્ષય કોનો થયો તે. અને પોતાની કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે તે પોતાથી થાય છે તે નિશ્ચયનું જ્ઞાન કરાવ્યું. સમજાણું કાંઈ? બહુ જ ગડબડ છે. અરે! આંહી તો શું. જ્ઞાનાવરણીયની પર્યાયનો કર્તા તો છે નહીં અને નાશ થાય છે તો તેને કારણે પોતાની કેવળજ્ઞાનની પર્યાય પોતાથી, અહીં તો કહે છે કે પર્યાયનું ઉત્પન્ન થવું તે પણ ત્યાં લક્ષ નથી. ત્યાં તો લક્ષ ભગવાન શુદ્ધ ચિદ્રૂપ આનંદકંદ ધ્રુવ છે. તેનું લક્ષ કરવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. પર્યાયનું લક્ષ કરવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ નથી થતી. એ મૂળ ચીજ છે. હવે એની તો ખબર નથી. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા શુદ્ધ ચિદ્રૂપ એકલો આનંદકંદ છે. તેમાં આ જ્ઞાનાવરણીયનો ક્ષય હોય તો આ ચિદ્રૂપ છે એમ પણ નથી અને ચિદ્રૂપનું ભાન થયું તો ત્યાં દર્શનમોહનો અભાવ થાય છે આ કારણથી એમ પણ નથી. સમજાણું કાંઈ?

તો અહીંયા પ્રાપ્ય એવા ભાવપર્યાયરૂપે, પ્રાપ્ત, પ્રાપ્ત. આત્મામાં અજ્ઞાનીને મિથ્યાત્વભાવ પ્રાપ્ય તેનું કર્મ છે, રાગ-દ્વેષનું કાર્ય છે. અને જ્ઞાનીનું જ્ઞાન ને દર્શન ને શાંતિનું જે કાર્ય છે તે કાર્યનો કર્તા આત્મા છે. અને કાર્ય તે જ્ઞાનીનું કર્મ છે. તે આત્માનું કાર્ય છે. તે કાર્ય પરનું કાર્ય છે એમ છે નહીં. આ કર્મ કહો કે કાર્ય કહો. પણ અડધા અડધા એ તો અમારે કહેતા હતા ને, એકાવન દોકડા આત્માના અને ઓગણપચાસ દોકડા કર્મના એમ કહેતા હતા. આંહી પચાસ પચાસ થયા હતા પાછા. પહેલી સાલમાં તે આવ્યા હતા ને ઈંદોરથી જીવણધરજી. તે તો કહે ભાઈ પચાસ દોકડા પુરુષાર્થના અને પચાસ દોકડા કર્મના એમ રાખો. તો વળી આ ભાઈ નથુલાલ કહે રહેવા દે હા હા પાડવી. દોકડા શેના. દોકડા સમજો છો ને શું? હં... પ્રતિશત. સો દોકડામાંથી કર્મના ચાર દોકડા રાખો.

કર્મ પણ દ્રવ્ય છે ને. એમ અમારે દામોદર શેઠ તો કહેતા હતા. અને એવા સૂત્ર પણ બનાવ્યા છે. ઓલો છે ને કેવો જિનમુનિ. દેરાવાસી. નહીં. હેં? ભદ્ર નહીં. આ ઓલો જિનવિજય. આ કર્મના સિદ્ધાંતનું મોટું પુસ્તક બનાવ્યું છે. કર્મ પણ દ્રવ્ય છે. દ્રવ્ય છે તો કર્મનો ક્ષયોપશમ હોય તો ત્યાં થાય છે. એવું પુસ્તક બનાવ્યું છે. ત્યાં ચોર્યાસીની સાલમાં. ચોર્યાસી નહીં, સમજ્યા ને ત્યાંસીની સાલમાં દામનગર હતા ને. દૂધીબેનને અહીયા છે તે ત્યાં હતા. જુઓ! આ લખ્યું આમાં. એ પુસ્તક બતાવ્યું હતું. જુઓ! તેમાં લખ્યું છે. આ બધા, હેં? જિનવિજય. આ બધા ઐતિહાસીક તેને શું કહેવાય? પૂરાતત્ત્વ. પૂરાતત્ત્વનું શોધક નીકળે છે ને. મોટી ગપ્પે ગપ્પ મારે છે. લોકોને બિચારાને ભાન ન મળે. કાંઈક બોલકાં હોય કાંઈક. ભૂ ભૂ ભાષણ કરે. લોકોને એમ લાગે. આહાહા! ભારે.

આંહી તો કહે છે કે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થયો તે પોતાને કારણે ત્યાં થયો છે. ત્યાં કેવળજ્ઞાન થયું તો જ્ઞાનાવરણીયનો ક્ષય થયો એમ પણ છે નહીં. અને જ્ઞાનાવરણીયનો ક્ષય થયો તો કેવળજ્ઞાનની પર્યાય થઈ તેમ પણ નથી. સમજાણું કાંઈ?

અને ક્ષાયિક સમકિતમાં પણ દર્શનમોહનો બિલકુલ અભાવ થયો તો આંહી ક્ષાયિક સમકિત થયું એમ પણ છે નહીં. અને ક્ષાયિક સમકિત સ્વરૂપના આશ્રયથી પોતામાં થયું તો ત્યાં દર્શનમોહને ક્ષય થવું પડયું એમ પણ નહીં. સમજાણું કાંઈ? પરમેશ્વરદાસ આજ ગયા લાગે છે.

જુઓ! આ ત્રીજો બોલ. હેં? નહીં સવારે નહીં. કયાંક ગયા હોય જાત્રામાં ગયા હોય. **'પ્રાપ્ય એવા ભાવપર્યાયરૂપે...'** જીવમાં જ્ઞાનની પર્યાય હોય, દર્શનની પર્યાય હોય, આનંદની પર્યાય હોય કે રાગ અને મિથ્યાત્વની પર્યાય હોય તે બધી પર્યાયરૂપથી **'કર્મપણાને અનુભવતો...'** એ દ્રવ્ય-જીવ જ પોતાનું કાર્ય કરે છે. તે કાર્ય કરવામાં બીજા કોઈની અપેક્ષા નથી. પર કાર્યની અપેક્ષા નથી અંતમાં કહેશે. આટલી સ્પષ્ટ વાત છે. સ્વતંત્ર પોતાની પર્યાય કરવામાં સ્વતંત્ર તેમાં કર્મની અપેક્ષા નથી, લ્યો.

ત્યાં પ્રશ્ન થયો હતો ને. ઈડર ઈડર. તે હતા ને તમારે શું, વિકાસવિજય તેણે ત્યાં ઈડરમાં પ્રશ્ન કર્યો હતો. સિધ્ધને કેમ વિકાર નથી કે કર્મ નથી માટે. અહીંયાં કર્મ છે તો વિકાર છે. એવો પ્રશ્ન કર્યો હતો. મોટો ડહાપણ કરતો હતો. આહાહા! પહેલેથી ત્યાં હશે ને અમે પછી ગયા તો બધાને પૂછયું હશે, સભામાં પ્રશ્ન કર્યો હતો. કેમ વિકાર કર્મ વિના વિકાર થાય છે? સિધ્ધને કેમ વિકાર નથી કર્મ નથી માટે. અહીંયા કર્મ છે તો વિકાર થાય છે. એવો પ્રશ્ન.

ભાઈ વિકાર તો પોતાની પર્યાયથી પોતાને કારણે થાય છે. કર્મ છે તો થાય છે, કર્મ છે તે તો તેના અસ્તિત્વમાં છે. વિકાર પોતાની પર્યાયના અસ્તિત્વમાં છે. તેના અસ્તિત્વથી આનું અસ્તિત્વ થયું? બીજા સત્‌ને કારણે આ સત્‌ થયું? એમ છે નહીં. પણ એ વિચાર કરવાની શકિત નહીં. બસ જે અનાદિથી ચાલ્યું (આવે છે.) આમ કરો, આમ થાય છે. કર્મ માર્ગ આપે તો ધર્મ થાય છે, લ્યો! એમ કહે. કર્મ માર્ગ કયાંથી આપે? જડની પર્યાય કયાંથી માર્ગ આપે? અને તેની પર્યાયને માર્ગ આપે તો તેમાં છે. તારાથી તેમાં શું થયું? આંહી ઘણા માણસ બોલે છે.

જુઓને ભાઈ, શ્રેણીક રાજા જેવાને નરકમાં જાવું પડયું. કર્મનો બંધ પડયો તે કાંઈ ફરે છે? તે કારણે રોવું પડયું. કેવળીને પણ રોવું પડયું. એમ કહે છે અમારે એક. ચાર કર્મ બાકી રહ્યા, તેથી તેને રોવું પડયું. કેવળીને અઘાતી કર્મ રહે છે ને. એ કહે છે પ્રશ્ન છે. પ્રેમચંદભાઈના પુસ્તકમાં હતું ગુરુગમમાં. એમાં પણ બધા ચાલે છે. સિધ્ધ ભગવાન પોતાની પર્યાયથી ત્યાં રહે છે. ઉપર નથી જઈ શકતા. ઉપર જાવાની યોગ્યતા જ નથી. પોતાને કારણે છે. ધર્માસ્તિકાય ઉપર નથી તે કારણે ઉપર જઈ શકતા નથી એમ છે જ નહીં. પોતાની એક એક સમયની ત્યાં રહેવાની પર્યાયના કર્તા ને પર્યાય કાર્ય તે પોતાથી છે.

ધર્માસ્તિકાયના કારણે છે નહીં. ધર્માસ્તિકાય અભાવાત, એ અમારે પહેલો પ્રશ્ન થયો હતો. એકની સાલમાં. એ જીવણધરે કહ્યું હતું. લ્યો, આમાં એવું આવ્યું. ધર્મસ્તિકાય અભાવાત. ધમાસ્તિકાય નથી તો ઉપર જઈ શકતા નથી. તે તો નિમિત્તનું કથન છે. પહેલાં કહ્યું કે ઉર્ધ્વગમન. પોતાના જ્ઞાનાનંદની પર્યાય પૂર્ણ હોય તો ઉર્ધ્વગમન

એક સમયનું તો છે.... પોતાના લોકનું દ્રવ્ય છે. તો લોકમાં જ રહેવાની તેની યોગ્યતા છે. અલોક જાવાની લાયકાત તેનામાં છે નહીં. એ પરાધીન નથી. સમજાણું કાંઈ? જ્ઞાન હજી સિધ્ધને પણ પરાધીન. નહીંતર અનેકાંત નથી હોતું. રતનચંદજી એમ કહે છે. કથંચિત સ્વતંત્ર, કથંચિત પરતંત્ર તો અનેકાંત છે. એમ કહે છે. પાઠમાં લખ્યું છે અને બધામાં લખ્યું છે. ખાણીયા ચર્ચામાં આવ્યું છે ઘણું કરીને, ખબર નથી બહુ. ખાણીયા ચર્ચા. હમણાં ભાઈ બહુ કહેતા હતા ફુલચંદજીને બોલાવવાના છે વિદિશાને.

તો કહે છે કે ત્યાં ધર્માસ્તિકાય નથી તો ઉપર જઈ શકતા નથી એમ છે જ નહીં. એ તો નિમિત્ત ધર્માસ્તિ નથી એમ બતાવવું છે. પણ પોતાની પર્યાયની યોગ્યતા તે ક્ષેત્રમાં રહેવાની છે. પોતાને કારણે તે પર્યાયનું કાર્ય પોતાથી કર્તા થઈને થયું છે. પરને કારણે છે નહીં. શું થાય? આખું મોટું દ્રવ્યગુણપર્યાયનું જ્ઞાન જ ઘટી ગયું. ઘટી ગયાને ઠેકાણે વિપરીત થઈ ગયું.

**'પ્રાપ્ય એવા ભાવપર્યાયરૂપે...'** લ્યો! કહે છે કે તેમાં લખ્યું છે. રેકોર્ડીંગ આવ્યું ને ઈસરીમાં મધુવનમાં. જેટલા પ્રમાણમાં જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય તેટલા પ્રમાણમાં જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે. લ્યો! શું કીધું શબ્દ બીજો. ડિગ્રી ટુ ડિગ્રી. હા, કોણે કહ્યું? હા એમાં ડિગ્રી ટુ ડિગ્રી લખ્યું છે. આંહી છે નહીં મેં ઓલું જોયું પુસ્તક. બધું મુકતા નથી. મારે તો બીજું જોવું છે. કર્મ ક્ષયાત તત્ત્વાર્થ સૂત્રમાં છે ને. ઓલા પાંચ છ ભેગા પુસ્તક નથી તે આંહી મુકયા નથી. નાના નાના પુસ્તક. પણ બધા કોઈક વખતે કાંઈક મુકે અને કોઈક વખતે કાંઈક મુકે એવું છે. પ્લાસ્ટીકમાં છે ને પ્લાસ્ટીક અંદર. હા!

તત્ત્વાર્થસૂત્રનો એક શબ્દ કહેવો છે. ક્ષયાત છે ત્યાં. ક્ષયાતનો અર્થ? કોઈ વખતે ક્ષય થાય છે એવું નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. પણ કર્મ ક્ષય થયા તો જ્ઞાન થયું, સિધ્ધ થયા એમ છે નહીં. ઓહોહો! શું હજી સ્વતંત્રતાની કબુલાત કરવામાં ના પાડે છે. હા, એ પણ કાંઈ પાંચમી ગતિ. પણ ક્ષયથી. ક્ષયથી થયું. કર્મ ક્ષયાત. એમ ને. તત્ત્વાર્થસૂત્રમાં દસમા અધ્યાયમાં છે ને. કર્મ ક્ષયાત કર્મ ક્ષયથી થયું. પણ કર્મ ક્ષય થયા તો અકર્મ પર્યાય થઈ. નાશ થયો. અકર્મ પર્યાય થઈ કર્મના ક્ષયથી શું થયું? અકર્મ પર્યાય થઈ. કર્મના ક્ષયથી શું કેવળજ્ઞાન થયું? સમજાણું કાંઈ? આહાહા! પણ શું કરે? જગતને બધું ઉલટું જ મળ્યું છે. પંડિતોએ ઉલટા ચડાવી દીધા અને પછી એ લોકોને બિચારાને ખબર ન હોય-બરાબર છે (એમ કહે). પંડિત લોકો ભણેલાં છે કે નહીં. ઊંધું ભણ્યા છે તેની તો ખબર નથી.

**'અનુભવતો...'** કોણ? દ્રવ્ય. જીવદ્રવ્ય પોતાના મિથ્યાત્વભાવને અનુભવતો, અનુસરીને પોતાથી

મિથ્યાત્વ થાય છે. રાગ-દ્વેષ પોતાથી થાય છે. વેદની વાસના વિકારની ઉત્પન્ન થવી એ પર્યાયનું કાર્ય પણ આત્મા જ કરે છે. વેદનો ઉદય કર્મમાં છે તો અહીંયા વેદની વાસના થાય છે એમ નથી. પુરુષ વેદનો ઉદય હોય તો વિકાર પુરુષનો થાય છે. એમ અહીં ના પાડે છે. અને સ્ત્રી વેદનો ઉદય હોય તો સ્ત્રીનો વિકાર થાય છે. એમ છે નહીં. અને પુરુષ વેદનો ઉદય છે રાગનો તો ત્યાં પુરુષ વેદના ઉદયને ત્યાં સામે આવવું પડે એવું છે નહીં. આહાહા! સમજાણું કાંઈ જરી. થોડું કીધું? આ જરી કીધું. એ ત્રણ બોલ થયા.

ચોથો- **'પૂર્વ ભાવપર્યાયનો નાશ થવા છતાં...'** જુઓ! રાગ પૂર્વની પર્યાયનો નાશ થયો, અને **'ધ્રુવપણાને અવલંબતો હોવાથી...'** આત્મામાં જે ધ્રુવપણું છે તેના અવલંબનથી નવી પર્યાય ઉત્પન્ન થાય છે. થી છે ને થી. **'ધ્રુવપણાને અવલંબતો હોવાથી જેણે અપાદાનપણાને પ્રાપ્ત કર્યું છે...'** પૂર્વની અવસ્થાનો નાશ કરીને ધ્રુવના અવલંબનથી નવી પર્યાય પોતામાં પોતાને કારણે થાય છે. વિકારનો ભાવ કે ધર્મનો ભાવ પોતાની પર્યાયમાં પોતાને કારણે થાય છે. પરને કારણે કાંઈ છે નહીં. એ તો વ્યવહારનું જ્ઞાન કરાવવાને તત્ત્વાર્થસૂત્રમાં આવે છે ને. ઉભય કારણ - ઉભય કારણ. ઉભય નિમિત્ત વસાત તેનો અર્થ શું? બીજી ચીજ છે તેનું જ્ઞાન કરાવ્યું છે. જ્ઞાનમાં સ્વ-પર પ્રકાશક શક્તિ છે. જ્ઞાન કરાવે છે. ઓહોહો!

ભગવાનઆત્મા! હજી તો વિકલ્પનો કર્તા સ્વતંત્ર છે અને ધર્મની પર્યાય સ્વતંત્ર છે, એવી પણ કબુલાત નથી તેને દ્રવ્યસ્વભાવ ચિદ્દાનંદ અખંડાનંદ પ્રભુ તેનો આશ્રય કરવો અને તેનું લક્ષ કરવું, તેના આશ્રયથી ધર્મ થાય છે. બીજા કોઈ ક્રિયાકાંડથી ધર્મ થાતો નથી. સમજાણું કાંઈ?

તો કહે છે, અપાદાન મૂળ અપાદાન કહો કે મૂળ ઉપાદાન કહો અંદરમાં. **'ભાવપર્યાયનો નાશ થવા છતાં પણ ધ્રુવપણાને અવલંબતો હોવાથી જેણે અપાદાનપણાને પ્રાપ્ત કર્યું છે...'** આત્માએ પોતાના અપાદાનપણા-ઉપાદાનને ગ્રહણ કર્યું છે. વિકાર ઉદય ભાવ હોય તોપણ એ છે, ક્ષયોપશમ ભાવ હોય તોપણ એ છે. સમજ્યા? એટલું ડિગ્રી ટુ ડિગ્રી. એવું લખ્યું હતું. સાંભળ્યું છે નેમીચંદજી? ડિગ્રી ટુ ડિગ્રી. જેમ તાવ હોય તો ડિગ્રી ટુ ડિગ્રી આવે છે કે નહીં? પણ એને કહે છે અહીં એકસો બે ડિગ્રી હોય તો માપમાં ડિગ્રી આવી જાય. માપ છે ને શું કહે છે? થર્મોમીટર. એમ કર્મનો ઉદય જેટલો છે તેટલા પ્રમાણમાં વિકાર છે. એમ ડિગ્રી ટુ ડિગ્રી. સમજાણું કાંઈ? એમ અજ્ઞાની કહે છે. એવી વાત છે નહીં. આહાહા!

આંહી તો સ્પષ્ટ કરે છે કે સત્ય આ છે. તો કહે નહીં. જેટલા પ્રમાણમાં જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ હોય, સમજાણું કાંઈ? એટલા પ્રમાણમાં, છે કે નહીં આમાં? કયાં છે? તત્ત્વાર્થસૂત્ર નહીં. ઓલું રેકોર્ડીંગ. એમાં છે ને એમાં. હેં? અંદર હશે અંદર. આઘે હશે આઘે. એ છે એક. ત્યાં ઈસરીમાં રેકોર્ડીંગ ઉતર્યું છે. જુઓ! અહીંયા છે. જુઓ! કાનજીસ્વામી કહે છે, મહારાજ! જ્ઞાનાવરણીય આદિ કર્મ કાંઈ નથી કરતા. પોતાની યોગ્યતાથી જ્ઞાનમાં ઘટ - વધ થાય છે. મહારાજ જ્ઞાનમાં ઘટવાપણું થાય છે તે પોતાને

કારણે થાય છે. પોતાની યોગ્યતાથી થાય છે. કાનજીસ્વામી એ કહે છે. જ્ઞાનાવરણીય કર્મ કાંઈ નથી કરતા. મહારાજ! આ શું ઠીક છે? શું ઠીક છે. તમે જ સમજો કેવી રીતે ઠીક છે. એ ઠીક નથી. કોઈપણ કહે અમે તો કહીએ છીએ કે અંગધારી કહે તોપણ ઠીક નથી. એવો જવાબ દીધો છે. સમજાણું કાંઈ?

જુઓ! વિભાવ બીજી વાત છે. જ્ઞાનાવરણીય આદિ કર્મના એ પ્રકારે ક્ષયોપશમ છે તો તારતમ્યભાવથી આત્માના જ્ઞાનાદિ વિકાસ થાય છે. જેટલો ઉદય થાય છે તેટલું અજ્ઞાન રહે છે. આ રેકર્ડ ઉતરી છે. અને જેટલો જ્ઞાનાવરણીયકર્મનો ઉદય થશે તેટલું જ અજ્ઞાન રહેશે. જેટલો જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ થશે તેટલું જ્ઞાન રહેશે. આહાહા! શું કરે? જગત કયાં ભરમાણું. હજી તો સ્થૂળ મિથ્યાત્વદષ્ટિપણું છે. સમજાણું કાંઈ? જેટલો જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વીર્યાંતરાય. એ કર્મમાં જેટલો ક્ષયોપશમ હોય તેટલો અહીં ક્ષયોપશમ થાય છે, એમ કહે છે. બે દ્રવ્યની એકતાબુધ્ધિ છે. સમજાણું કાંઈ? હેં?

અને જેટલો અહીંયા જ્ઞાનાવરણીયનો ઉઘાડ જેટલો થયો તેટલો ક્ષયોપશમ છે અને જેટલો જ્ઞાનાવરણીયનો ઉદય તેટલું અહીંયા અજ્ઞાન છે, એમ વાત છે નહીં. સમજાણું કાંઈ? વસ્તુનું સ્વરૂપ એવું ભગવાને જોયું નથી અને એમ છે નહીં. પોતાની પર્યાયથી વિકાર આદિ થાય છે. ક્ષયોપશમજ્ઞાન પણ પર્યાય છે. એ પર્યાયનું કરણ-સાધન, કર્તા પોતાનો આત્મા છે. છે ને જુઓ અહીંયા.

ધ્રુવપણાને અવલંબતો હોવાથી, જ્ઞાનમાં જે ક્ષયોપશમ પર્યાય ઉત્પન્ન થઈ તે પોતાનું કાર્ય અને પોતાના અવલંબનથી થાય છે. કર્મનો ક્ષયોપશમ છે અને અહીંયા ક્ષયોપશમ ભાવ થાય છે એવું વસ્તુમાં ત્રણ કાળમાં છે નહીં. બે દ્રવ્યની એકતાબુધ્ધિ મિથ્યાત્વ ભાવ છે. તેને રાગથી ભિન્ન કરવાની તો યોગ્યતા છે નહીં. હજી આંહી તો ભેદજ્ઞાન કરાવે છે. કર્મથી પણ ભિન્ન અને પર્યાયથી પછી રાગથી પણ ભિન્ન. એ તો હજી કયાં રહ્યું. આહાહા! કર્મમાં જેટલું ડિગ્રી ટુ ડિગ્રી એમ. એક જણે લેખ લખ્યો હતો. બીજાએ કહ્યું કે હમણાં હજી તમારી પાસે રાખો. હેં?

મુમુક્ષુ :- ત્રણ સાલ પહેલાં?

ઉત્તર :- ના, ત્રણ સાલ નહીં. ઘણા વર્ષ પહેલાં. એ વીસ વર્ષ પહેલાંની વાત છે. બે ત્યાગી વચ્ચે છે.

એક ત્યાગીએ લખ્યું હતું કે ડિગ્રી ટુ ડિગ્રી કર્મ જેવો ઉદય, શા માટે? કર્મ નિમિત્ત થઈને આવે છે. અને બહારની ચીજ નોકર્મ નિમિત્ત થઈને નથી આવતી. અહીંયા વિકાર કરો તો નોકર્મને નિમિત્ત કહેવામાં આવે છે. પણ કર્મ તો નિમિત્ત થઈને આવે છે. તેને વિકાર કરવો જ પડે. આહાહા! બહુ જ સ્થૂળ મિથ્યાદષ્ટિ! બે દ્રવ્ય વચ્ચેની એકતા. રતનચંદજી! અને માને કે અમે બરાબર સમજીએ છીએ. અમારું જ્ઞાન સારું. મિથ્યા અજ્ઞાન છે. દષ્ટિ મિથ્યાત્વ છે. આચરણ મિથ્યાત્વ. ત્રણેય મિથ્યાત્વ છે. આહાહા! શું કરે? અનાદિથી એમ ને એમ રડયો છે.

આંહી કહે છે કે પોતાના ક્ષયોપશમ જ્ઞાનની પર્યાય પોતાથી પોતાને કારણે થઈ છે. ક્ષાયિક જ્ઞાનની

પર્યાય પોતાથી થઈ છે. કર્મનો જેટલો ક્ષયોપશમ અને ક્ષાયિક માટે થઈ છે એમ છે નહીં. બાંસઠ ગાથા સ્પષ્ટ છે, ચોખ્ખી છે. પણ હવે શું કરે? તે સમયે મુકી હતી. તેર વર્ષ થયા. એ ચોથો બોલ થયો.

પાંચમો. **'ઊપજતા ભાવપર્યાયરૂપ કર્મ વડે...'** કર્મ એટલે કાર્ય. **'સમાશ્રિત થતો હોવાથી...'** જો આત્માએ રાગાદિ કર્યા તે રાગ આત્મા પોતામાં રાખે છે. કોઈને આપતો નથી. ભાઈ, રાગ થયો તો ત્યાં સ્થિતિ કર્મની પડવી પડે. કષાય થયો તો કર્મની સ્થિતિ રસ પડે છે તો પરમાં કાંઈ આપે છે એમ છે નહીં. નેમીચંદજી! સાંભળ્યું છે કે નહીં? કષાયથી સ્થિતિ પડે છે અને યોગથી પ્રદેશમાં પ્રકૃત્તિ થાય છે. ગોમ્મટસારમાં ને આ દ્રવ્ય સંગ્રહમાં આવે છે. જોગથી પ્રકૃત્તિ અને પ્રદેશ થાય છે અને કષાયથી સ્થિતિ અને અનુભાગ તો તેને કાંઈક આપ્યું. આંહી તો કહે છે, કોઈ દેવાવાળો છે જ નહીં. આહાહા!

પોતાની પર્યાય રાગ કરીને પોતામાં રાખી છે. અને સમ્યગ્દર્શનની પર્યાય પોતાને કારણે કરીને પોતામાં રાખી છે. કેવળજ્ઞાનની પર્યાય પોતાને કારણે કરીને પોતામાં રાખી છે. પોતાને દેવાવાળો આત્મા અને લેવાવાળો આત્મા. પાત્રને વસ્તુ. બધું આત્મા છે. કોઈને દેતો લેતો નથી. આહાહા! સમજાણું કાંઈ? મુનિને આહાર દેવા સમયે દેવાવાળાનો વિકલ્પ છે તો કહે છે કે વિકલ્પ કરીને પોતામાં રાખ્યો છે. એણે આહાર પાણી દીધા તે વાત છે નહીં. રાજમલ્લજી! શું કર્યું? તેણે આહાર પાણી દીધા નહીં. એમ કહે છે. વિકલ્પ કર્યો કે હું આહાર પાણી આપું છું. બસ વિકલ્પ કરીને રાખ્યો. અને જ્ઞાનમાં એવું આવ્યું. વિકલ્પનું જ્ઞાન. એ જ્ઞાન, જ્ઞાન કરીને જ્ઞાનમાં રાખ્યું. પોતાની પર્યાય પોતાથી રાખી. રાગને પણ કાંઈ આપ્યું નહીં અને પરને પણ કાંઈ આપ્યું નહીં. આહાર પાણી પરને દેવું લેવું તે આત્માની ક્રિયા છે જ નહીં. ભારે વાત ભાઈ! આહાહા! વિધિથી દીધું નહીં. જાતિ સ્મરણ જ્ઞાન થયું ત્યાં સાંભળ્યું. આવે છે કે નહીં?

ૠષભદેવ ભગવાનને બાર માસ સુધી આહાર નહતો. બાર માસ ઉપર થઈ ગયું. હરિભાઈએ લખ્યું છે. સાચી વાત છે હો. ફાગણ વદ નોમના દિવસે દીક્ષા લીધી છે ને. એટલે ચૈત્ર વદ નોમ કહો. વૈશાખ સુદ ત્રીજ કાંઈક થોડું વધ્યું. ફાગણ વદ જો શાસ્ત્રની હોય તો બીજી વાત. સિધ્ધાંત પ્રમાણે ચૈત્ર વદ હોય, તો તો નોમ હો, છ ને બે આઠ દિ' વિશેષ ફાગણ વદી હોય તો મહિનો વિશેષ વધી ગયો. ફાગણ વદી નોમના દિવસે ભગવાને દીક્ષા લીધી અને આહાર લીધો વૈશાખ સુદ ત્રીજે. ભગવાનને આહાર વૈશાખ સુદ ત્રીજના મળ્યો. તો વચ્ચમાં એટલું અંતર છે. વર્ષીતપ વરસ વરસે. આ તો બાર મહિના ઉપર અમારે હરિભાઈએ એમાં લખ્યું છે. એ ખ્યાલ..... સમજાય છે કાંઈ?

એ બરાબર છે. કારણ કે દીક્ષા લીધી ફાગણ વદ નોમ અને આહાર મળ્યો વૈશાખ સુદ ત્રીજ. બાર માસ ન થયા, બાર માસ ઉપર થઈ ગયું. અને છ મહિના પછી, સાત મહિના આહાર ન મળ્યો. એમ લખ્યું છે. સાત મહિના આહાર ન મળ્યો. તેર મહિના થઈ ગયા. કારણ કે આહાર મળવાની પર્યાય જ્યારે પોતામાં

થઈ, આહારક શરીર જડમાં તો જડ એનાથી થાય છે. શું આત્માને આહાર મળે છે? આહાહા!

આત્માએ આહાર લેવાનો વિકલ્પ કર્યો પણ વિકલ્પના કર્તા પણ જ્ઞાની નથી. વિકલ્પ કરીને રાખ્યું એમ પણ નથી. હા, વિકલ્પનું જ્ઞાન કરીને પોતામાં રાખ્યું તે આત્મા છે. આહાહા! સમજાણું કાંઈ? ઊત્પન્ન થવાવાળી ભાવપર્યાય, ચાહે તો રાગ આવ્યો, જાતિ સ્મરણ થયું. લ્યો! કોને? શ્રેયાંસકુમારને. ભગવાનને જોઈને થયું, તો કહે ના, એમ અહીંયા કહે છે. પહેલાં કેમ ન હતું? ભગવાનને આમ જોયા, ઓહો! આહાર કેમ આપવો? આમ નજર કરે છે. ફટ! કર્મનો પડદો ખુલી ગયો. લ્યો! ખુલી ગયો માટે જાતિ સ્મરણ થયું એમ છે નહીં. એ અહીંયા ના પાડે છે. પોતાની જાતિ સ્મરણની પર્યાયનું કાર્ય કરનારો આત્મા સ્વતંત્ર છે. મતિજ્ઞાનાવરણીય ગયું તો એવી પર્યાય થઈ એમ છે નહીં. સમજાણું કાંઈ? અને ભગવાનને જોયા તો જાતિ સ્મરણ થયું એમ પણ નથી. પોતાની જ્ઞાનની પર્યાય ઉત્પન્ન કરવામાં પરના કારકની અપેક્ષા આત્મા રાખતો નથી. આહાહા! ભારે ભાઈ જીવની ચીજ પણ ઊંધાઈ એટલી કે એને માનવું એને એમ થઈ જાય કે નહીં. એમ ન હોય, એમ ન હોય. આહાહા!

કહે છે ભાવપર્યાય કાર્ય દ્વારા પોતામાં રાખી છે. કોઈને દીધું લીધું છે નહીં. કર્મની પર્યાય પણ ઉત્પન્ન થઈને કર્મે રાખી છે. આત્મા પોતાની પર્યાય વિકાર કે નિર્દોષ ધર્મની પર્યાય કરીને પોતામાં રાખે છે. પોતાને દાન દીધું છે. કોઈને દાન આપી શકે એવું આત્મામાં છે નહીં. જુઓ! પદ્મનંદી શાસ્ત્રમાં એવું આવ્યું છે મુનિપણું છે તે ત્રણ રત્નથી નભે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પોતાનો સ્વભાવ શુદ્ધ સ્વભાવના અવલંબનથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું તેનાથી મોક્ષ માર્ગ છે. અને આહાર દેવાવાળા મોક્ષ માર્ગની પુષ્ટિ કરવાવાળા છે. મોક્ષ માર્ગ આપ્યો. એવો પાઠ છે. એય! છે કે નહીં? રતનચંદજી! પણ તે તો નિમિત્તનું કથન છે. નિમિત્ત કોણ હતું તે વાત છે. શું મોક્ષમાર્ગ તેણે આપ્યો છે?

પદ્મનંદીમાં દાનના અધિકારમાં પાઠ તો એવો છે કે બીજાને આહાર દીધો તેણે મોક્ષમાર્ગ આપ્યો. અને મોક્ષમાર્ગ આપ્યો તો તેની સહાય તેણે કરી. એ તો બધા નિમિત્તના કથન છે. નિમિત્તનું કથન છે. કર્મનો વિપાક આત્માને આપે ત્રણકાળ, ત્રણલોકમાં છે નહીં. પોતામાં પરિણામ આપે છે, લ્યો! **'પોતાનામાં અર્થાત્ પોતાના આધારે દ્રવ્યકર્મ કરતું હોવાથી પુદ્ગલ પોતે જ અધિકરણ છે...'** લ્યો! **'એ જ પ્રમાણે, જીવ સ્વતંત્રપણે જીવભાવને કરતો હોવાથી...'** સ્વતંત્રપણું બેયમાં નાખ્યું. જીવ સ્વતંત્રપણે વિકારી કે નિર્વિકારી દશા પોતાની અપેક્ષા રાખીને પરની અપેક્ષા બિલકુલ છોડીને **'જીવ પોતે જ કર્તા છે...'** વિકારનો અને ધર્મની પર્યાયનો કર્તા પોતે જ છે. તેમાં પરની અપેક્ષા છે નહીં.

પણ કાળલબ્ધિ આવે તો થાય છે, એમ તો છે કે નહીં? નહીં. તે કાળલબ્ધિની પર્યાયનો કર્તા આત્મા છે. સમજાણું કાંઈ? તે જ સમયે ધર્મની પર્યાય થવાની લાયકાતનો કર્તા તો આત્મા છે. **'પોતે જીવભાવરૂપે પરિણમવાની શક્તિવાળો હોવાથી જીવ પોતે જ કરણ છે...'** એ જ્ઞાનાવરણીયરૂપે

પર્યાય થવાની શકિત પરમાણુમાં છે તો તે કારણે કરણ થાય છે. સાધન. બીજા પરમાણુ કેમ ન થયા? તે વખતે તે શકિત તેમાં ન હતી. **'શક્તિવાળો હોવાથી જીવ પોતે જ કરણ છે. જીવભાવને પ્રાપ્ત કરતો-પહોંચતો હોવાથી જીવભાવ કર્મ છે, અથવા જીવભાવથી પોતે અભિન્ન હોવાથી જીવ પોતે જ કર્મ છે...'** લ્યો! એ જ જીવ સમકિતરૂપી કાર્ય જીવ જ છે, કેવળજ્ઞાનરૂપી કાર્ય જીવ જ છે, વિકારરૂપી કાર્ય જીવ જ છે. જીવનું કાર્ય જીવ જ છે એમ. અત્યારે ભિન્ન સિધ્ધ કરવું છે ને. પરથી ભિન્ન સિધ્ધ કરવું છે ને. સમજાણું કાંઈ?

હજી પરથી ભિન્ન કરવાની માન્યતાનું ઠેકાણું નથી. તેને રાગથી ભિન્ન કરવાની શકિત કયારેય હોતી નથી. સમજાણું કાંઈ? પરનું કાર્ય કરવાથી પોતામાં કાંઈ થાય છે અને પોતાનું કાર્ય થવામાં પરમાં કાંઈ થાય છે એવી બે દ્રવ્યની એકત્વબુધ્ધિ છે. તેને રાગથી ભિન્ન ભગવાનઆત્મા છે એવી શ્રધ્ધા કરવાનો તેને અવકાશ મળતો નથી. સમજાણું કાંઈ? રાગ પણ પરનો છે. પોતાનો નહીં, સ્વભાવદષ્ટિથી હો. અહીંયા તો વિભાવનો કર્તા તેને કહેવો છે ને. ઓહો!

ચૈતન્યસ્વભાવ જ્ઞાનાનંદસ્વભાવથી સંપન્ન છે. એવી દૃષ્ટિ થઈ, ધર્માત્મા જ્ઞાની રાગને જાણવાવાળો છે, રાગનો, વ્યવહારનો કરવાવાળો નથી. એ વ્યવહાર ક્રિયાકાંડના રાગને કરવાવાળો ધર્મી નહીં. પણ વ્યવહાર ક્રિયાનો રાગ આવ્યો તેને જાણવાવાળો જ્ઞાની છે. હવે આ ભાન નહીં અને દીક્ષા લઈ લ્યો. થઈ જાવ સાધુ. મહાવ્રત લઈ લ્યો બહારથી.

**'અથવા જીવભાવથી પોતે અભિન્ન હોવાથી...'** શું કહે છે? વિકાર થયો તે પણ જીવભાવથી અનેરો નથી. માટે વિકાર તે જીવ છે, એમ. એ વિકાર તે જીવ છે. અને સમ્યગ્દર્શન થયું તોપણ જીવની પર્યાય જીવથી ભિન્ન નથી. તો સમ્યગ્દર્શન જીવ જ છે. કેવળજ્ઞાન પર્યાય જીવથી ઉત્પન્ન થઈ છે ભિન્ન નથી. તો કેવળજ્ઞાન પર્યાય જીવ જ છે. સમજાણું કાંઈ? આહાહા!

કહો! આ શબ્દની પર્યાય શબ્દથી થાય છે. એમ કહે છે. અને સાંભળવામાં જે જ્ઞાન થાય છે તે પર્યાયનો કર્તા તે જીવદ્રવ્ય છે. શબ્દ નહીં. બિલકુલ નહીં. શબ્દનું કારણ પણ નહીં અને શબ્દનું કાર્ય પણ નહીં. જીવ શબ્દનું કારણ પણ નહીં અને શબ્દનું સામે જ્ઞાન થાય છે તે શબ્દનું કાર્ય પણ નહીં. શાંતિભાઈ! આહાહા! હજી દ્રવ્ય અને ગુણ-પર્યાય કેવી રીતે સ્વતંત્ર છે તેની ખબર નથી. એ તો મહા વિપરીત દૃષ્ટિ અનાદિથી છે એવી છે. અને માની લ્યે કે અમારી શ્રધ્ધા બરાબર છે. શાસ્ત્ર કહે છે તે અમારી શ્રધ્ધા છે. એમ કહે છે કેટલાક. અમારી તો આગમ પ્રમાણે શ્રધ્ધા છે. તમારે આગમ પ્રમાણે શ્રધ્ધા નથી એમ કહે છે, લ્યો! તેમાં લખ્યું છે, ખાણીયા ચર્ચામાં. ફુલચંદજીને બહુ જ. સમજાણું કાંઈ? અમને તો આગમની શ્રધ્ધા છે, જુઓ આગમમાં. આચાર્ય કહે છે તે અમે માનીએ છીએ પણ કઈ નયનું કથન છે? તમે તો માનતા નથી. અમે શાસ્ત્રના આધાર આપીએ છીએ તો તમે તો માનતા નથી. પણ

શાસ્ત્રનો આધાર કઈ નયનું કથન છે? રતનચંદજી! તેમાં એમ આવ્યું છે. ખાણીયા ચર્ચા. ખાણીયા ચર્ચા જોઈ છે ભાઈ! નથી જોઈ. તેમાં બહુ જ આવ્યું છે. જયપૂર-ખાણીયા ચર્ચા છે ને.

અહીંયા તો કહે છે પોતાનો સ્વયં ભાવ વિકાર અને નિર્વિકાર થવાથી જીવ જ છે. ભિન્ન ચીજ છે નહીં. ત્યાં સુધી આવ્યું. બીજું આવશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

---

## પ્રવચન નં :- ૬૩ - ગાથા :- ૬૨/૧૫૪
## વૈશાખ વદ-૮ બુધવાર તા. ૧૩/૫/૭૦

પંચાસ્તિકાય બાંસઠ ગાથાનો ભાવાર્થ ચાલે છે. ત્રણ બોલ ચાલ્યા છે ત્રણ. ચોથો બોલ. ફરીને લઈએ. જુઓ! બીજો પેરેગ્રાફ છે.

**'એ પ્રમાણે જીવ સ્વતંત્રપણે જીવભાવને કરતો હોવાથી...'** જીવ પોતાની વિકારી પર્યાયને અને ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકની પર્યાયનો કર્તા જીવ પોતે જ છે. સમજાણું કાંઈ? ચાહે તો વિકારની પર્યાય હોય કે ચાહે તો ધર્મની પર્યાય ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક હોય તેનો સ્વયં જીવ જ કર્તા છે. પરના કારકની કર્તા આદિની અપેક્ષા રાખ્યા વિના. સમજાણું કાંઈ?

**'પોતે જીવભાવરૂપે પરિણમવાની...'** જીવમાં પોતાથી વિકારરૂપે થવાની અને ધર્મ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પર્યાય થવાની **'શક્તિવાળા હોવાથી...'** એ જીવની શક્તિ પોતામાં છે. એ કારણે જીવ પોતે જ કરણ છે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામમાં પણ જીવમાં શક્તિ હોવાથી સ્વયં કારણરૂપ કરણ સાધન આત્મા છે. અને ધર્મની પર્યાય પ્રગટ કરવામાં પણ જીવ શક્તિવાન હોવાથી સમ્યગ્દર્શન ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક, ચારિત્ર વીતરાગની પર્યાય તે કરવામાં પણ જીવ સ્વયં શક્તિવાન છે. કોઈની અપેક્ષા તેમાં છે નહીં. સમજાણું કાંઈ?

કહે છે ને કે વજ્રઋષભનારાચ સંહનન હોય તો કેવળજ્ઞાન થાય છે. લ્યો! શું છે? એ અહીંયા ના પાડે છે. એવી અપેક્ષા કેવળજ્ઞાન ઉત્પન્ન થવામાં છે નહીં. નિમિત્તના કારકની અપેક્ષા અહીંયા છે જ નહીં. પોતાની કેવળજ્ઞાન પર્યાય, પૂર્ણ પર્યાય પોતાની જીવની શક્તિ હોવાથી તે કારણમાં કરણ સાધન પોતાથી પ્રગટ કરે છે. સમજાણું કાંઈ? મનુષ્યદેહ હોય તો કેવળજ્ઞાન થાય છે, હાડકાની મજબુતાઈ વજ્ર ઋષભનારાચ સંહનન હોય તો કેવળજ્ઞાન થાય છે. સંહનન શક્તિ મજબુત હોય તો સંહનન શક્તિ ઉત્પન્ન થાય છે ને. એમ ના પાડે છે. સમજાણું કાંઈ?

જુઓ! આ ઉષ્ણ છે તેનાથી અનંતગણી નરકમાં ઉષ્ણતા છે. આ ઉષ્ણતા છે એકસો અઢાર-વીસ. આંહી તો એકસો અઢાર-વીસ થઈ નથી. આંહી તો દસ થઈ હતી ગયા વર્ષે. હા, દસ. એમાંથી વીસ ને પચ્ચીસ, સો ને હજાર, લાખ ને કરોડ ડિગ્રી થાય. તેનાથી અનંતગુણી ડિગ્રી ત્યાં છે. પહેલી નરકમાં દસ હજાર વર્ષની સ્થિતિમાં અનંતગુણી ડિગ્રીની ઉષ્ણતા છે. ત્યાં અનંતવાર રહ્યો છે. કેમ શેઠી નથી આવ્યા? તબિયત બરાબર નહીં હોય. શું થયું હશે, મરી ગયો કાંઈ ગયો નથી ...તે તો એવો ને એવો રહ્યો છે. શોભાલાલજી! એવી વેદના અનંતવાર (સહન) કરી પ્રતિકુળમાં. ભૂલી ગયો. જરી અહીંયા પ્રતિકુળ આવે તો આ નિત્ય ભગવાનઆત્મા અવિનાશી નિત્ય છે. તો એવી નરકની સ્થિતિમાં એક એક દસ હજાર વર્ષની સ્થિતિમાં અનંતવાર ગયો. દસ હજાર વર્ષને એક સમયની સ્થિતિમાં અનંતવાર ગયો. દસ હજાર વર્ષને બે સમયની સ્થિતિમાં અનંતવાર ગયો. એમ કરતાં કરતાં સાગરોપમ સુધી અનંતવાર ઉષ્ણ વેદનામાં ગયો. ભાઈ! ભૂલી ગયો. સમજાણું કાંઈ?

સંસારનું દુઃખ વિકલ્પ એ દુઃખ સંયોગનું દુઃખ નહીં. દુઃખ ત્યાં આકુળતા, રાગ અને દ્વેષ મિથ્યાત્વ સહિત કરતો હતો તે આકુળતાનું ત્યાં દુઃખ છે. એ આકુળતા જીવ સ્વયં પોતે કરે છે. એમ અહીંયા કહે છે. કોઈ કર્મનું કારણ છે અને કોઈ અગ્નિની ઉષ્ણતાનું બાહ્ય કારણ છે માટે આકુળતા થાય છે એમ છે નહીં. આહાહા! અવિનાશી અનાદિ-અનંત ભગવાનઆત્મા નિર્વિકલ્પસ્વરૂપ આત્મા એને આ વિકલ્પનું થવું તે પણ પોતાના કારણે અને પોતાની યોગ્યતાની શકિતથી થાય છે, એમ કહે છે. અને વિકલ્પને તોડીને સમ્યગ્દર્શન થવું તે પણ પોતાની શકિતથી છે. વીરચંદભાઈ! આહાહા!

અરે! પહેલાં વિકલ્પને તોડવો, શ્રધ્ધા કરવી કે વિકલ્પને તોડવાથી સમ્યગ્દર્શન થાય છે તેનું નામ ધર્મ છે. તેવી શ્રધ્ધા કરવી તે પણ પોતાની શકિતથી શ્રધ્ધા થાય છે. સમજાણું કાંઈ? બહુ સૂક્ષ્મ વાત! જગતમાં બહારમાં એટલો પ્રચાર બારનો, આ બાર મહાવ્રત કરે છે, આ કરે છે, આ કરે છે. સમજયા? બહારથી નિવૃત્તિ લીધી છે તો કાંઈક ધર્મ થશે કે નહીં? એમ નથી કહેતાં ભાઈ. ધર્મની શકિત તો પોતામાં પડી છે. રાગ અને નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના પોતાના શુધ્ધ સ્વભાવની શકિતમાં એવી કરણ શકિત પડી છે, તે સાધન શકિત પડી છે. તે કારણે પોતામાં વીતરાગી નિર્વિકાર નિર્વિકલ્પ દૃષ્ટિ જ્ઞાન ને શાંતિ પોતાથી આત્મા ઉત્પન્ન કરી શકે છે. કોઈ પરની અપેક્ષા છે નહીં. એવો બળવાન જોરદાર આત્મા છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

એ પામર નથી બળવાન છે. ઉલટા કર્મે, ઉલટા વિકાર કરવામાં પણ બળવાન છે અને સુલટા કરવામાં પણ બળવાન છે. મોટી શકિત. અશુધ્ધતા કરવામાં પણ મોટી શકિત છે અને શુધ્ધતા કરવામાં પણ મોટી શકિત પોતાથી છે. પરના કારણથી છે નહીં. આહાહા! આંહી તો થોડી જયાં ગરમી લાગે તો આ..... કેવી રીતે જાવું? આવી ગરમીમાં વ્યાખ્યાનમાં કેમ જાવું? ભારે કર્યું છે ને એણે. એવું અનાદિથી

આવું જ કર્યું છે. આહાહા! નિરપેક્ષ છે તો? વસ્તુ સાપેક્ષ છે જ નહીં. વ્યવહાર તે તો બીજી ચીજ થઈ ગઈ. સ્વયંથી તે તો નિરપેક્ષ છે. એ વાત તો ચાલે છે. વિકાર નિરપેક્ષ થાય છે. ધર્મની વાત તો કયાં રહી? આ તે વાત તો ચાલે છે.

નિશ્ચયમાં પોતાનો મિથ્યાત્વનો વિકાર કરે કે રાગ-દ્વેષ કરે, પુણ્ય-પાપના વિકલ્પમાં ધર્મ છે એમ માને તે પણ મિથ્યાશ્રદ્ધા પરની અપેક્ષા રાખ્યા વિના, કર્મના નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના કરે છે. તે વાત તો ચાલે છે. રતનચંદજી! એ તો એમ કહે છે. વાંધા છે. આ વાત તો અમારે એકોતેરની સાલથી છે એકોતેર. પંચાવન વર્ષ થયા. પંચાવન (૫૫), સંપ્રદાયમાં. એ કથન બીજી વાત છે. વ્યવહાર બીજી વાત છે. વ્યવહાર તો નિમિત્તનું જ્ઞાન કરાવવાની વાત છે. નિમિત્ત એ બીજી ચીજ છે. એ અપેક્ષાનું જ્ઞાન કરાવવું છે. કેમ કે આત્મામાં સ્વ-પર પ્રકાશક શકિત તે કારણે છે. પણ નિમિત્તની અપેક્ષા છે તો અહીં વિકાર થાય છે, વિકાર નિમિત્તનો અભાવ હોય તો ધર્મ થાય છે એવી પોતાની પર્યાયમાં ધર્મની નિરપેક્ષતા છે. પરની અપેક્ષા છે નહીં. એવી શ્રદ્ધાના જેને ઠેકાણા નથી તેને સમ્યગ્દર્શન પામવાની લાયકાત છે નહીં. એમ કહે છે. આહાહા!

**'જીવભાવને પ્રાપ્ત કરતો-પહોંચતો હોવાથી જીવભાવ કર્મ છે...'** પોતાનું વિકારનું કાર્ય અને ધર્મની પર્યાયનું કાર્ય જીવ જ છે. કેમ કે જીવ પોતાની નિર્વિકારી પર્યાય અને વિકારી પર્યાયને આત્મા પહોંચે છે. આત્મા ત્યાં તેને પકડે છે. આત્મા તેને પ્રાપ્ત કરે છે. કર્મ કોઈ પ્રાપ્ત કરે છે એમ છે નહીં. કહો, રતનચંદજી! આંહી નિરપેક્ષ તો વાત સિદ્ધ કરવી છે. આહાહા! મોટી ગડબડ છે. અમારે તેરની સાલમાં વાત મધુવનમાં ચાલી હતી ને. બધા પંડિતો બેઠા હતા. બંસીધરજી હતા, વર્ણીજી હતા. આ ભાઈ ફુલચંદજી હતા. બહુ વાત ચાલી હતી. તેર વર્ષ થયા. આ ૬૨-ગાથાની જ વાત થઈ હતી. આ ગાથા જ બતાવી હતી. રામજીભાઈ હતા ને. ભાઈ હતા ને, તમે હતા. તમે હતા? નહોતા. ભાઈ નહોતા. મધુભાઈ નહોતા. ઘણા પંડિતો બેઠા હતા.

વિકાર નિરપેક્ષ પરની અપેક્ષા રાખ્યા વિના પોતાથી નિરપેક્ષ વિકાર થાય છે. એ. ગડબડ થઈ ગઈ. હાય! હાય! આટલો આટલો અભ્યાસ કર્યો તોપણ ગડબડ થઈ ગઈ. એ ત્યાં તો અભિન્ન કારક કીધું છે. એમ પ્રશ્ન થયો. પણ અભિન્નનો અર્થ શું? કે વિકારનું કાર્ય અને કર્તા અભિન્ન નામ એક જ છે. વિકાર પોતાનું કાર્ય છે અને કર્તા પણ વિકાર આત્મા કરે છે. ભિન્ન કર્તા અને ભિન્ન કાર્ય એમ છે નહીં. એ તો અહીંયા બતાવવું છે. બહુ જ ગડબડ થઈ ગઈ હતી. તેરની સાલમાં મધુવનમાં. ત્યાં ઓરડો છે. વ્યાખ્યાનનો હોલ હતો બહાર પંડાલ. પણ અંદરમાં એક કલાક ને દસ મિનિટ પહેલી ચર્ચા થઈ. બધા બેઠા હતા. વર્ણીજી હતા, ફુલચંદજી બધા હતા. ફુલચંદજીએ પકડી લીધું. ફુલચંદજીએ પકડયું. સ્વામીજી એમ કહે છે કે નિશ્ચયથી વિકાર પરની અપેક્ષા રાખ્યા વિના પોતાથી થાય છે. એમ કહે છે.

એવી વાત ચાલી હતી. રામજીભાઈ હતા ને બધા હતા. આહાહા! વીરચંદભાઈ! મોટી ગડબડ છે. બધાની હો. બધા મોટા મોટા પંડિત નામ ધરાવનારામાં પણ મોટી ગડબડ છે. ગજબ થઈ ગઈ. હાય! હાય! આ! એ આ લોકો ભૂલ્યા. શું છે?

વિકાર કરવામાં અન્ય કારકની અપેક્ષા છે નહીં. હવે આટલું તો સ્પષ્ટ છે, હવે તમારે શું લેવું છે? નહીં એમ નહીં. વિકાર નિમિત્ત વિના હોય તો, .....

મુમુક્ષુ :- ઉપાદાન કારકની વાત છે. નિમિત્ત કારકની જરૂર છે.

ઉત્તર :- નિમિત્ત કારક તેમાં રહ્યું, આમાં કયાં રહ્યું? નિશ્ચયમાં તો પરના કારકની અપેક્ષા છે જ નહીં. એ તો વ્યવહાર છે તો બતાવે છે, બીજી ચીજ એક છે. સમજાણું કાંઈ? આહાહા! બહુ ભૂલ. મૂળમાં હજી ભૂલ છે. અને રાગથી રહિત પોતાનું કાર્ય કરવું તે તો બીજી વાત રહી. અહીં તો રાગ પણ કર્મ કરાવે અને કર્મનું નિમિત્ત હોય તો રાગ હોય, તો હજી બે દ્રવ્યની એકતા તેમાં રાગથી ભિન્ન પાડવાની શ્રદ્ધા તેને કયાંથી આવે? સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે. ભાઈ! આ તત્ત્વની મૂળ તત્ત્વની વાત છે. ભગવાન કુંદકુંદઆચાર્યે તો પાઠ લઈને સ્પષ્ટ કરી દીધું છે. જુઓ! સમજાણું કાંઈ?

પોતાના સ્વભાવથી મિથ્યા અને રાગ-દ્વેષ પરની અપેક્ષા રાખ્યા વિના કરે છે. હવે એ રીતે તો પ્રશ્ન છે. હવે કોઈને શું પૂછવું છે? સમજાણું કાંઈ? મોટી ગડબડ થઈ ગઈ. ત્યાં પ્રશ્ન કલકત્તામાં આવ્યો હતો. શું છે? કીધું જવાબ આપી દીધો છે. શાંતિ સાહૂજી છે ને. સાહૂજી ત્યાં આવ્યા હતા ત્યાં. એમ કે આ લોકો બરાબર પકડાઈ ગયા. વિકાર નિરપેક્ષ થાય છે, પરની અપેક્ષા વિના, તો સ્વભાવ થઈ જાય. અરે સ્વભાવ જ છે. સાંભળ તો ખરો? પાઠ શું છે. જુઓ! '**सहावेण**', જુઓ!

**कम्मं पि सगं कुव्वदि सेण सहावेण सम्ममप्पाणं ।**
**जीवो वि य तारिसओ कम्मसहावेण भावेण ।।६२।।**

એ સ્વભાવ ત્યાં પણ લાગુ પડે છે. એમ ન્યાયથી ન સમજે અને ચચડ મચડ કરે, શાસ્ત્રના ખોટા આધાર આપે એમ ચાલે નહીં. સમજાણું કાંઈ?

આંહી તો કહે છે, આ પ્રશ્ન તો અમારે એકોતેરની સાલથી ચાલે છે. પંચાવન વર્ષ પંચાવન. બહુ જ ગડબડ કરતા હતા. અમારે ત્યાં શેઠ છે સ્થાનકવાસી સંપ્રદાયમાં. તે ગૃહસ્થ હતા. સાંઈઠ વર્ષ પહેલાં, દસ લાખ રૂપિયા. ચાલીસ હજારની ઉપજ હતી. એક ગામ ખરીદ્યું. ગામના ધણી હતા. છે વાણીયા. પણ આરબ લોકો રહે છે ને. સમજો છો? ચોકીદાર. આરબ રહે. બંદૂક અને તલવાર. ઘોડા સાથે. દસ દસ ઘોડા. ઘોડી. મોટા ગરાસદાર. વાણીયા એવી નાત દશાશ્રીમાળી. તેની શ્રદ્ધા એવી હતી કે કર્મ હોય તે પ્રમાણે થાય છે, કર્મ હોય તે પ્રમાણે થાય છે. બિલકુલ કીધું નહીં. અમારે તો બહુ જ ઝઘડા ચાલતા હતા.

આંહી ભગવાનઆત્મા પોતાના વિકાર કરવામાં થોડો કે વિશેષ, અધિક કે મધ્યમ જેટલા પ્રકારનો મિથ્યાત્વ અને રાગ-દ્વેષ આદિ કરે છે તે સમયે પોતાની શકિતથી સ્વતંત્ર કરે છે. કર્તા આવ્યું ને પહેલાં. સ્વતંત્રપણે કર્તા. જુઓ! **'જીવ સ્વતંત્રપણે જીવભાવને કરતો...'** છએ બોલમાં લેવું. સમજાણું કાંઈ? પાકું કરવું જોઈએ. તે ગડબડ કરે છે એમ નહીં. એમ થાય છે. જુઓ! શાસ્ત્રમાં એમ લખ્યું છે. જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાઈ જાય છે. લખો. ગોમ્મટસારમાં પાઠ છે, નહીં. આંહી તમારે સાચી વાત છે અને ત્યાં ખોટી વાત કરવી છે. એમ કહે છે. પણ શું કહે છે સાંભળ તો ખરો! એ તો જૂઠ્ઠી નયથી અસદભૂતથી પોતાની પર્યાય હીણી કરવામાં નિમિત્ત ચીજ કોણ હતી તેનું જ્ઞાન કરાવે છે. એ તો એનો આશ્રય છોડીને સ્વભાવમાં આવી જાય એમ બતાવવાની વાત છે. આહાહા! શું કરે? તકરાર તકરાર. હજી તો વિકારમાં તકરાર. સમજાણું કાંઈ? વિકાર પરથી નથી થતો, છે એમ કહે તો શ્રુતકેવળી આવે તોપણ અમે ન માનીએ. એવો પ્રશ્ન આવ્યો હતો.

એ સ્વયં ચિદાનંદ્ ભગવાન પોતાના સ્વભાવને સ્વયં કર્તા, કરણ આદિ સાધનથી સ્વયંને ભૂલીને વિકારની દશા નિરાલંબી પરના આલંબન વિના નિરપેક્ષપણે કરે છે. એવી શ્રદ્ધા કર્યા વિના તેના સમ્યગ્દર્શનના કારણરૂપ શ્રદ્ધા તે પણ થતી નથી. શ્રદ્ધા સાધક છે અને પછી સમ્યગ્દર્શન સાધ્ય છે. સમજાણું કાંઈ? સાધકનો અર્થ, સમ્યગ્દર્શન થયા પહેલાં એવી શ્રદ્ધા હતી. એમ. એવી શ્રદ્ધા હતી એટલે સમ્યગ્દર્શન થયું એમ પણ નથી. આ તો પૂર્વે સાધક હતો તેનો શું અર્થ? કે પોતાના નિર્વિકલ્પ સમ્યગ્દર્શનનો અનુભવ થવા પહેલાં તે શ્રદ્ધા હતી કે હું, રાગથી રહિત મારી ચીજ છે. રાગને હું જ કરતો હતો અને રાગને તોડવામાં પણ હું જ સમર્થ છું. એવી પાકી શ્રદ્ધા હતી. 'અનુભવ પ્રકાશ'માં ભાઈએ લીધું છે. શ્રદ્ધાને સાધક કહ્યો છે અને પછી સમ્યગ્દર્શનને સાધ્ય કહ્યું છે. પણ તેનો અર્થ એવો નહી કે શ્રદ્ધા સાધક થઈ તો સમ્યગ્દર્શન કાર્ય થાય છે એમ નથી. તેમાં લખ્યું છે. સમજાણું કાંઈ? એય ભીખાભાઈ!

મુમુક્ષુ :- જી પ્રભુ આપ કહો છો એમ જ છે સાહેબ.

ઉત્તર :- એમ કરીને ઓલો વ્યવહાર સ્થાપે છે. એમ કહે છે કે નિમિત્તથી થાય છે. એ અમારે હોંશિયાર માણસ છે. વ્યાપારી છે ને. આહાહા! સમજાણું કાંઈ?

આંહી તો ત્રણલોકના નાથ દિવ્યધ્વનિ દ્વારા કહેતા હોય તોપણ નિમિત્તથી જ્ઞાન થાય એમ છે નહીં. અને અહીંયા નિમિત્ત તો તે છે અને જ્ઞાનની પર્યાય પોતાથી થઈ છે. તેની અપેક્ષાએ પણ સમ્યગ્દર્શન થતું નથી. જીવ સ્વયં પોતાના સમ્યગ્દર્શન નિર્વિકલ્પ પ્રતીતિ કરવામાં પરના જ્ઞાનની અપેક્ષા પણ રાખતા નથી. આહાહા! જુઓ! ઓહોહો! જીવનું સ્વરૂપ જ એવું છે એવું ન માને અને ઉલટું માને તો મિથ્યાત્વનો પોષક છે.

મિંદડું કાઢતાં ઊંટડું પેઠું. એક દૃષ્ટાંત આપે છે ને. સમજાણું કાંઇ? ઓહોહો! અમે કરીએ છીએ, મહાવ્રત પાળીએ છીએ. આમ કરીએ છીએ ને આમ કરીએ છીએ. કરતાં કરતાં અમારે ધર્મ થઇ જાશે. તો એ તો એવું થયું, મિંદડું સમજો છો ને બિલ્લી. એક ડોસી હતી. બિલ્લી મરી ગઇ હતી. એક ડોસી હતી ડોસી સમજો છો? વૃદ્ધા. વૃદ્ધા બાઇ હતી તો તેના મકાનની પાછળ વાડો હતો વાડો. ખાલી જમીન. તો મોઢા આગળ દરવાજો ખાલી. સાઠીયુંના (લાકડાની) શું કહેવાય. તો દરવાજો દીધો હતો. તો તેમાં એક બિલ્લી મરી ગઇ. તે બાઇ કંજૂસ. તેને વિચાર આવ્યો કે હરિજનને કહીશ બિલ્લી ઉપાડવાનું તો પાંચ શેર, દસ શેર અનાજ આપવું પડશે. તો અંદરમાં ચૂલામાંથી રાખ કાઢીને ટોપલામાં રાખ નાખી અને મિંદડું તેમાં નાખી અને બહાર નાખવા ગઇ. હરિજનને તો આપવું પડે. તો જ્યાં બહાર નાખવા ગઇ ત્યાં દરવાજો ઝાંપો ખુલ્લો રહી ગયો. દરવાજો એટલે લાકડાનું એક આમ.... ખુલ્લો રહી ગયો તો એક મોટો ઊંટ હતો અને મરવાની તૈયારી હતી અને તે નાખવા ગઇ ત્યાં ઊંટ અંદર ગયો. ગયો ને અંદર મરી ગયો. નેમીચંદજી!

એ અમારે કાઠીયાવાડમાં દૃષ્ટાંત છે. તમારે પણ હશે. મિંદડી કાઢતાં ઊંટડું પેઠું. છે કે નહીં, બધે દૃષ્ટાંત તો હશે. હિંદીમાં પણ હશે હિંદી. એ ભાષા હશે બીજી. ખબર છે? તમને ખબર નથી. કોઇ દાખલા એવા નથી ચાલતાં? અમારે તો બહુ જ ચાલે છે. હેં? મિંદડું કાઢતાં ઊંટડું પેઠું. ઊંટ, ઊંટ ઓલો ઊંટ અંદર ઘરી ગયો. હવે આ જ્યાં નાખવા જાય ત્યાં આ...... હવે? આ કાંઇ ઉપાડીને નાંખવા ન જવાય. હરિજનને બોલાવ્યા. ચાર મણ ઘઉં આપવા પડશે. એક પાલી કે બે ચાર શેર આપવા હતા તેને બદલે ચાર મણ. એમ અજ્ઞાની અનાદિથી રાગની મંદતાની ક્રિયા કરે છે, અને એમાં ઊંટડું પેસી ગયું. આ મારું છે એવો મિથ્યાત્વનો ભાવ પડયો છે. રાગ મંદ કરવા ગયો અને કર્તા થયો, મિથ્યાત્વ છે. સમજાણું કાંઇ? આહાહા! પણ તેની કાંઇ ખબર નહીં. અમે દયા પાળીએ છીએ અને મહાવ્રત પાળીએ છીએ. ફલાણું કરીએ છીએ. સામાયિક કરીએ છીએ. એવી રાગની મંદતા કરવા ગયા અને તેમાં કાંઇક લાભ છે એવું માન્યું, માન્યું અને મિથ્યાત્વનું ઊંટડું અંદરમાં પેસી ગયું. આહાહા! મિથ્યાશ્રદ્ધા જે અનંત સંસારનું બીજ છે. તે શ્રદ્ધા અંદર પેસી તેની તો ખબર નથી. તેમાં સંસારમાં રખળવાનું કેટલું ફળ આવશે. વાત એવી છે ભગવાન. આહાહા!

આ કોઇ પક્ષપાતની વાત નથી. પરમાત્મા જેવી વાત છે એવી બતાવે છે કુંદકુંદઆચાર્ય. સર્વજ્ઞએ કહ્યો તે માર્ગ જગત પાસે પ્રસિધ્ધ કરે છે. કહે છે **'જીવભાવને પ્રાપ્ત કરતો...'** ભાવ શબ્દે વિકારી અને ધર્મ બન્ને. **'-પહોંચતો હોવાથી જીવભાવ કર્મ છે...'** તે જીવ જ કાર્ય છે. એમ. **'અથવા જીવભાવથી પોતે અભિન્ન હોવાથી જીવ પોતે જ કર્મ છે...'** આત્મા જ સમ્યગ્દર્શન છે, આત્મા જ મિથ્યાત્વ છે, આત્મા જ ચારિત્ર છે, આત્મા જ કેવળજ્ઞાન છે, આત્મા જ સિદ્ધ છે. એમ કહે છે.

જે પર્યાય પ્રગટ થઈ તે આત્મા જ છે. આ તો મિથ્યાત્વ થયું તોપણ આત્મા જ છે. એમ કહે છે. જેઠાભાઈ! મિથ્યાત્વ તે આત્મા! આહાહા! આત્માની પર્યાય છે કે નહીં? આત્માની પર્યાય આત્મા છે. એમ કહ્યું ને.

જુઓને! **'અથવા જીવભાવથી પોતે અભિન્ન હોવાથી...'** મિથ્યાત્વભાવ કર્યો કે પુણ્યમાં ધર્મ છે, વ્રતમાં ધર્મ છે અને વ્રત કરતાં કરતાં ધર્મ થશે એવો મિથ્યાત્વભાવ અને જીવ બન્ને અભિન્ન છે. અભિન્ન હોવાથી મિથ્યાત્વભાવ જ આત્મા છે, બસ. મિથ્યાત્વભાવ જ આત્મા છે. સમજાણું કાંઈ? એ ત્રણ બોલ થયા.

**'પોતાનામાંથી પૂર્વભાવનો વ્યય કરીને...'** આત્મા જ પૂર્વની પર્યાયનો નાશ કરીને, **'(નવીન) જીવભાવ કરતો હોવાથી...'** નવીન જીવપર્યાયનો, વિકારી કે ધર્મની પર્યાયનો કર્તા થયો. **'જીવદ્રવ્યરૂપે ધ્રુવ રહેતો...'** જીવ વસ્તુ તરીકે ધ્રુવ નિત્યાનંદ પ્રભુ છે. **'જીવ પોતે જ અપાદાન છે...'** પોતાથી જ રાગનો નાશ કરીને વીતરાગી પર્યાય પ્રગટ કરે છે. અથવા પૂર્વના રાગનો નાશ કરીને નવો રાગ પોતાથી પ્રગટ કરે છે. એમ. સમજાણું કાંઈ? અને પહેલી મિથ્યાશ્રદ્ધા છે તેનો નાશ કરીને નવું મિથ્યાત્વ પોતાના આત્માથી પ્રગટ કરે છે. રતનચંદજી! સમજાણું કાંઈ? આહાહા! એ પાંચમો બોલ થયો.

**'પોતાને જીવભાવ દેતો હોવાથી જીવ પોતે જ સંપ્રદાન છે...'** એ પાંચમો બોલ. પોતાને જીવભાવ દેતો હોવાથી, ભગવાનઆત્મા પોતામાં મિથ્યાત્વ કરે, રાગ કરે, દ્વેષ કરે, વિષયની વાસના કરે તો તે ભાવ કરતો થકો પોતામાં રાખે છે. એ પોતાની પર્યાયમાં દાન આપે છે. પોતાની પર્યાયને પોતાનો આત્મા દાન આપે છે. વિકાર કરો તો વિકાર ને ધર્મ કરો તો ધર્મ. સમજાણું કાંઈ? હેં?

મુમુક્ષુ :- ગરીબ માણસોને દાન દેવાનું મર્યાદિત થઈ ગયું.

ઉત્તર :- કોણ આપે છે ગરીબને. કોઈ ગરીબ છે જ ક્યાં? ભગવાનઆત્મા પરિપૂર્ણ પ્રભુ છે. ગરીબ તો સંયોગી ચીજ થોડી હોય અને ન હોય તો ગરીબ કહે છે. ગરીબ બરીબની ઉપમા આપવી એ પણ આત્માને છાજતું નથી. મહાપ્રભુ છે. બહારનો સંયોગ અલ્પ હોય તો ત્યાં ગરીબ થઈ ગયો? અને સંયોગ વધારે હોય તો શેઠીયા થઈ ગયા? એમ કોણ કહે છે? એય! લોક કહે છે તો લોક મુકે પોક. લોક તો પોક મુકે. લોકોને ભાન ક્યાં છે? સમજાણું કાંઈ? આંહી તો એવી વાત છે. એક રતનચંદજી હતા. એમ કે લોકો એવું માનશે એવું કહેશે. તો કહે લોક મુકે પોક, મુકને હવે અત્યારે તારે શું કામ છે? સત્ય શું છે તેની શ્રદ્ધા કરને. દુનિયા દુનિયાને ઘરે રહી. આહા!

પોતાને જીવભાવ દેતો હોવાથી, જીવ પોતાની પર્યાયમાં મિથ્યાત્વ, રાગ-દ્વેષ આદિ કરો તોપણ પોતામાં રાખે છે. અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય પોતાથી કરે છે તોપણ પોતામાં રાખે છે. બનાવીને કોઈને આપે છે એમ છે નહીં. **'જીવ પોતે જ સંપ્રદાન છે...'**

છઠ્ઠો બોલ, **'પોતાનામાં અર્થાત્ પોતાને આધારે જીવભાવ કરતો હોવાથી...'** મિથ્યાત્વ પણ આત્મા પોતાને આધારે કરે છે. કર્મના આધારે બિલકુલ નહીં. સમ્યગ્દર્શન પણ પોતાને આધારે આત્મા કરે છે. દેવ-ગુરુ-શાસ્ત્રના આધારે નહીં. આ કહે છે ને. એમાં છે કે નહીં? પોતાને આધારે જીવભાવ કરતો, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એવી વીતરાગી પર્યાય, મોક્ષનો માર્ગ પોતાને આધારે થાય છે. નિમિત્ત અને દેવ-ગુરુ-શાસ્ત્રના આધારે થાતું નથી. આહાહા! સુરેન્દ્રભાઈ! છે કે નહીં એમાં? પુસ્તક રાખ્યું છે કે નહીં? નથી રાખ્યું. ગુજરાતી બુજરાતી નહીં હોય.

**'પોતે જ અધિકરણ છે...'** જુઓ! જીવ જ આધાર છે. આહાહા! પોતાની વીતરાગી પર્યાય કે અજ્ઞાન પર્યાયને કરવામાં જીવ પોતે જ આધાર છે. કોઈ બીજો આધાર ફાધાર છે નહીં. હજી શ્રદ્ધામાં તો એટલું લ્યો! એ શ્રદ્ધા વિના સમ્યક્ સન્મુખ થવાની લાયકાત પણ તેમાં નથી. સમજાણું કાંઈ?

**'એ પ્રકારે પુદ્ગલની કર્મોદયાદિરૂપે...'** જુઓ! કર્મ જે જડ છે તેમાં ઉદય થવો, કર્મનો ઉપશમ થવો, કર્મનો ક્ષય થવો, ક્ષયોપશમ થવો તે પરિણત થવાની ક્રિયા જડની સ્વતંત્ર છે. આત્મા અહીંયા રાગ કરે છે તો ત્યાં બંધનની પર્યાય થાય છે એમ છે નહીં. એમ કહે છે. આહાહા! રાગ ન હોય તો બંધન થાય છે? વળી એમ પ્રશ્ન કરે છે ને. પણ પ્રશ્ન ક્યાં છે અહીંયા. આંહી તો રાગ કરે છે અને ત્યાં બંધન પોતાની જડની પર્યાયથી થાય છે. જુઓ! **'કર્મોદયાદિ...'** કર્મનો ઉદય, કર્મનો ઉપશમ, કર્મનો ક્ષયોપશમ, કર્મનો ક્ષાયિક અને કર્મબંધાદિરૂપ પરિણમિત. કર્મનું બંધન થવું, કર્મની સત્તા રહેવી, કર્મની નિર્જરા થવી, પરમાણુની નિર્જરા ઝરવી. એ પુદ્ગલની શક્તિથી ઝરે છે. આત્માએ વીતરાગ પર્યાય પ્રગટ કરી તો કર્મને ઝરવું પડ્યું એમ છે નહીં. સમજાણું કાંઈ?

કર્મની નિર્જરા પોતામાં થાય છે. પોતાની તે સ્વતંત્ર પર્યાયમાં નિર્જરા કર્મના કારણે થાય છે. સત્તા પણ પોતાને કારણે રહી છે. આત્માએ મિથ્યાત્વ રાખ્યું છે તો દર્શનમોહની સત્તા રહી છે, આત્મામાં રાગ-દ્વેષ છે તો ચારિત્રમોહની સત્તા રહી છે, એમ છે નહીં. સમજાણું કાંઈ? આહાહા!

**'પુદ્ગલની કર્મોદયાદિરૂપે...'** આદિ છે ને. મૂળ પાઠમાં એકલા ઉદયની વ્યાખ્યા કરી છે. વ્યાપક કહ્યું, **'ઉદયાદિરૂપે અને કર્મબંધાદિરૂપે...'** ગોમ્મટસારમાં દસ પ્રકાર છે ને. દસ કરણ, બંધ સત્તા આદિ. એ બધી બંધ સત્તા, વિસંયોજન, અપકર્ષણ, ઉત્કર્ષણ સ્થિતિમાં કર્મનું થવું તે કર્મની પોતાની પર્યાયથી થાય છે. જીવે ત્યાં પુરુષાર્થ કર્યો છે તો ત્યાં થાય છે એમ છે નહીં. એમ કહે છે. એ પોતાની પર્યાયથી બંધાય છે. શું કહે છે? કોણ આપે છે? કોઈને નથી દેતું. એ તો અહીંયા કહે છે. તેની પર્યાય તેમાં છે. તે પર્યાયનો કરવાવાળો, ટાળવાવાળો અને રહેવાવાળો પુદ્ગલ છે. એ નહીં એની સાથે શું સંબંધ છે? નિકાચિત તોડી નાખે છે. નથી આવતું? ધવલમાં આવે છે. નિધ્ધત ને નિકાચિત તૂટવા લાયક હો તો અહીં સમ્યગ્દર્શન પામે છે. તોડી નાખે છે. હાથી ઉપર જેમ સિંહની થાપ પડે તો હાથી

રાડ નાંખી જાય, હાથીના લીંડા નીકળી જાય.

એમ આત્મા પોતે પોતાના સ્વભાવની ગર્જનાથી જ્યારે જાગે છે તો કર્મ તેને કારણે નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા! વીર પ્રભુ મહાચૈતન્ય છે, પણ ખબર નહીં. રંક થઈને, પણ રંક થયો છે પણ પોતાથી. કહે છે, સમજાણું કાંઈ? પોતાનો દોષ પોતાથી હોય તો છોડવાની તાકાત પોતામાં રહે. પણ કર્મથી દોષ થયો તો કર્મ ટળે તો દોષ ટળે. તો કર્મને ઉપદેશ દેવો? ભાઈ! નીકળી જા, તેને ધર્મ કરવો છે. સમજાણું કાંઈ? કહે છે. પુદ્‌ગલની કર્મોદયાદિ, ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક. અને કર્મબંધાદિરૂપે, બંધ, સત્તા, અપકર્ષણ, ઉત્કર્ષણ. કર્મની સ્થિતિમાં અલ્પ સ્થિતિ થવી, વિશેષ સ્થિતિ થવી એ પુદ્‌ગલ પોતાને કારણે છે. આત્માને કારણે બિલકુલ નહીં. **'ક્રિયાને વિષે ખરેખર પુદ્‌ગલ જ સ્વયમેવ છ કારકરૂપે વર્તતું...'** જુઓ! આ ક્રિયાના કારક છે ને ક્રિયાના. **'હોવાથી તેને અન્ય કારકોની અપેક્ષા નથી...'** એ પુદ્‌ગલની વાત કરી.

હવે જીવની ઔદયિકાદિ, જુઓ! હવે અહીંયા લીધું. પાઠમાં એક ઉદયની વાત છે. જીવની ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક પોતાની પર્યાય કરવામાં જીવ સ્વતંત્ર કર્તા, કરણ અને સાધન પોતામાં છે. પરની કાંઈ અપેક્ષા છે નહીં. ભાઈ શરીર નીરોગ હોય તો ધર્મ થઈ શકે. સામાયિકમાં ક્યારે બેસે. શરીર આમ જીર્ણ થઈ જાય, કમર ભાંગતી હોય. લ્યો! શેઠ! સામાયિક થઈ શકે? એ ભીખાભાઈ! એ કહે છે કે સામાયિક વીતરાગ પર્યાય પ્રગટ કરવી તેમાં શરીરની નીરોગતા હોય તો થઈ શકે તેવી વાત છે નહીં. ભાઈ શરીર સારું હોય તો, શું કહેવાય? પહેલું સુખ તે જાતે નર્યા. શરીર સાધન નથી કહેતા 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય'માં. 'પુરુષાર્થ સિદ્ધિ ઉપાય'માં કહ્યું છે. હા, શરીર ધર્મ ખલુ સાધનમ્, એ સાધન નિમિત્તથી કથન છે. સાધન ફાધન છે નહીં. આરે! ભારે વાત ભાઈ! શરીરાદ્ય ખલુ ધર્મ સાધનમ્ કહે છે ને. આદ્ય ધર્મ ને સાધન ને શરીર સારું હોય તો, વૈદો જેવું કહે, જો શરીર બરાબર રહે તો મન સારું રહે, મન સારું રહે તો ધર્મ કરવામાં સગવડતા રહે. કહે છે બધી ભૂલ અને અજ્ઞાન છે. સમજાણું કાંઈ?

એ ભાઈ કહેતો હતો ઓલો વૈદ છે ને મોટો. અમદાવાદમાં. લાખ રૂપિયાની પેદાશ. લાખો રૂપિયાની પેદાશ હો. હા એ. એ કહે કે શરીર જો નીરોગી હોય અને શરીર બરાબર હોય તો મનને પણ ઠીક પડે. અને સ્વચ્છતા રહેવાથી ધર્મની સ્ફુર્તિ રહેશે. જેઠાભાઈ! ધૂળમાં પણ નથી. સાંભળ તો ખરો! સાતમી નરકના નારકી, આહાહા! એટલી પીડા ઠંડી! સમ્યગ્દર્શન સમયમાં પ્રગટ કરે છે. ત્યાં પરની અપેક્ષા નથી. સાતમી નરકનો નારકી, રવ રવ નરકના પયઠાણે પડયો છે. જેની ઠંડીની પીડા, લાખ મણ લોઢાના ગોળાને લુહારનો નીરોગી છોકરો છ માસ સુધી ટીપે એવું ટીપતાં ટીપતાં મજબુત થાય એવું છ મહિના સુધી ટીપે, ટીપે કહે છે ને ત્યાં. એવું લોઢું, એ સાતમી નરકની ઠંડીમાં જો લોઢું છોડી દયે, તો જેમ અગ્નિમાં ઘીનું ઢેફું ઓગળી જાય તેમ ઓગળી જાય. એવી ઠંડી છે. આહા! સમજાણું કાંઈ? ત્યાં એટલી

ઠંડી કે ઘી છે ને ઘી. આમ કઠણ ઘી હોય તેને અગ્નિ ઉપર છોડે તો પાણી જેવું થઈ જાય. એમ લાખ મણનો ગોળો એ ઠંડીમાં એક સેકન્ડમાં પાણી થઈ જાય. પાણી થઈ જાય તેવી ઠંડી ત્યાં છે. તેમાં અનંતવાર રહ્યો છે. અને તેમાં જ તે જીવ સમકિત પામે છે. કાંઈક ઠીક હોય તો પામે એવી અપેક્ષા ત્યાં છે નહીં. સમજાણું કાંઈ? કે શરીર નીરોગ હોય અને એવું હોય અને ખાધે પીધે કાંઈક ઠીક હોય, ખાવા પીવાની સગવડતા વગર ધર્મ કેમ થશે? સમજાણું કાંઈ? એ વાતમાં કાંઈ સત્ય છે નહીં.

**'જીવની ઔદયિકાદિ ભાવરૂપે...'** પર્યાયથી પરિણમવાની ક્રિયાને, પર્યાયમાં પરિણમવાની ક્રિયામાં, સમ્યગ્દર્શન થવાની ક્રિયામાં, મિથ્યાત્વ થવાની ક્રિયામાં, ચારિત્ર થવાની ક્રિયામાં, **'ખરેખર જીવ જ સ્વયમેવ છ કારકરૂપે વર્તે છે...'** જીવ પોતે વર્તે છે. પરની અપેક્ષા છે નહીં. **'હોવાથી તેને અન્ય કારકોની અપેક્ષા નથી...'** લ્યો! નિમિત્તની અપેક્ષા ત્યાં છે નહીં. નિશ્ચયમાં એવી વાત છે. મહા સિદ્ધાંત છે મહા સિદ્ધાંત.

**'પુદ્‌ગલની અને જીવની ઉપરોકત ક્રિયાઓ એક જ કાળે વર્તતી હોવાથી...'** જીવ પોતાની પર્યાયમાં રાગ કરે છે. અને કર્મમાં ચારિત્રમોહની પર્યાય તેને કારણે ચારિત્રમોહની પર્યાય બને છે. એક કાળમાં બે છે. પણ તે પુદ્‌ગલની ક્રિયાના કર્તા જીવ નહીં અને જીવના રાગનો કર્તા પુદ્‌ગલની પર્યાય નહીં. સમજાણું કાંઈ? કયાં ગયો તમારો દિલીપ નથી આવ્યો? હેં? સમજાણું કાંઈ? એક જ કાળે વર્તે છે. જીવમાં વિકારની પર્યાય જે સમયે વર્તે છે, તે જ  સમયે ચારિત્રમોહની પર્યાય જડમાં જડને કારણે વર્તે છે. છતાં એક બીજાના કર્તા ફર્તા છે નહીં. આહાહા! આવા લખાણ પડયા છે, વાંચે પણ વિચાર ન કરે. 'વાંચે પણ નહીં કરે વિચાર એ સમજે નહીં સઘળો સાર.'

**'છતાં પણ પૌદ્‌ગલિક ક્રિયાને વિષે વર્તતાં પુદ્‌ગલના છ કારકો જીવકારકોથી તદ્દન ભિન્ન અને નિરપેક્ષ છે...'** હેં? ભિન્ન અને નિરપેક્ષ છે પરની અપેક્ષા છે નહીં. લ્યો! **'તથા જીવભાવરૂપ ક્રિયાને વિષે વર્તતાં જીવનાં છ કારકો પુદ્‌ગલ કારકોથી તદ્દન ભિન્ન અને નિરપેક્ષ છે...'** આહાહા! એક એક સમયની પર્યાય અવસ્થા આત્મા સ્વતંત્ર કરે. પરમાણુની પર્યાય પરમાણુથી સ્વતંત્ર છે. કોઈની કાંઈ..... ધર્માસ્તિ આદિ છએ દ્રવ્ય તો છે. ચાર તો અરૂપી છે તેમાં કોઈ ગડબડ કરતું નથી. સમજાણું કાંઈ? પણ આ બેમાં ગડબડ-પુદ્‌ગલ અને જીવ.

અમે વિકાર કર્યો તો કર્મબંધન થવું પડયું ને. ખોટી વાત છે. એમ કહે છે આ. કર્મ તો પુદ્‌ગલની પર્યાયમાં બંધન થવાની લાયકાતથી બંધાવું પડયું છે. વિકાર કર્યો તો બંધાવું પડયું છે એમ છે નહીં. વસ્તુમાં એવું છે નહીં. કોઈ વસ્તુ કોઈને તાબે આધિન છે નહીં. **'ખરેખર કોઈ દ્રવ્યનાં કારકોને...'** હવે છએ દ્રવ્ય લીધાં. કોઈ અન્ય દ્રવ્યનાં કારકોની અપેક્ષા હોતી નથી. લ્યો! સમજાણું કાંઈ? એ અધિકાર પૂરો થયો. હવે એકસો ને ચોપન (૧૫૪) ત્યાંથી લેવું છે. ગાથા એકસો ચોપન. મોક્ષમાર્ગનો અધિકાર છે.

## ગાથા - ૧૫૪ ઉપર પ્રવચન

મોક્ષમાર્ગનો અધિકાર છે. ગાથા-૧૫૪ છે.

**'હવે મોક્ષમાર્ગપ્રપંચસૂચક ચૂલિકા છે...'** પ્રપંચ નામ વિસ્તાર. પ્રપંચનો અર્થ વિસ્તાર. મોક્ષમાર્ગના વિસ્તારના સૂચકરૂપી આ ચૂલિકા નામ અંતમાં સ્પષ્ટ કરવાની વાત કરે છે. નીચે લખ્યું છે. મોક્ષમાર્ગપ્રપંચસૂચક મોક્ષમાર્ગનો વિસ્તાર. પ્રપંચનો અર્થ વિસ્તાર. પ્રપંચનો અર્થ કાંઈક બીજો નથી. વિસ્તાર છે. જણાવનારી મોક્ષમાર્ગને વિસ્તારથી કથન કરવાવાળી આ ચૂલિકા. ચૂલિકાના અર્થ માટે એ ટીપ્પણ પહેલાં કહી ગયા. જુઓ! હવે ત્યાં.

**ટીકા :- 'આ, મોક્ષમાર્ગના સ્વરૂપનું કથન છે...'** મોક્ષમાર્ગનું સ્વરૂપ શું છે તેનું કથન. **'જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે...'** જુઓ! હવે અહીંયા શું કહે છે?

ભગવાનઆત્મા હવે સ્વભાવ શું તે પછી કહેશે. જીવ તેનો સ્વ-ભાવ કાયમી છે, જ્ઞાન અને દર્શન ઉપયોગ હો. જ્ઞાન અને દર્શન જે જીવમાં કાયમી સ્વભાવ છે. તેમાં નિયત નિશ્ચયચારિત્ર તેમાં લીનતા થવી તે મોક્ષમાર્ગ છે. પંચમહાવ્રતનો વિકલ્પ આદિ મોક્ષમાર્ગ નથી. આહાહા! સમજાણું કાંઈ?

જીવસ્વભાવમાં નિશ્ચયચારિત્ર તે મોક્ષમાર્ગ છે. અઠયાવીસ મૂળ ગુણ પાળવા અને પંચમહાવ્રત પાળવા. એ હવે લોકો કહે છે-કુંદકુંદઆચાર્યએ અઠયાવીસ મૂળ ગુણ પાળ્યા હતા. પંચમહાવ્રત પાળ્યા હતા. શાસ્ત્રમાં છે. એ તો વ્યવહારનયનું કથન છે. વ્યવહારનયના લક્ષણ એવા છે કે છે તેનાથી બીજી રીતે કહેવું તે વ્યવહારનું લક્ષણ પ્રકાશક છે, ઉલટું. એ ચાર આવે છે ને. 'મોક્ષમાર્ગ'માં આવે છે. અન્યથા કહેવું તે વ્યવહારનું કથન છે.

વ્યવહાર એમ કહે છે કે મુનિ પંચમહાવ્રત પાળે છે, અઠયાવીસ મૂળગુણ પાળે છે, એટલે એવું છે નહીં. પણ તે ભૂમિકામાં એવો વિકલ્પ છે, તે પાળે છે તેવું વ્યવહારનયથી કથન છે. પાળે તો રાગની રક્ષા કરવી તે તો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિ તો રાગથી, વ્યવહારથી મુકત છે. તો રાગને પાળવો. મુકત હોય તેને પાળવો? સમજાણું કાંઈ?

કહે છે કે **'જીવસ્વભાવમાં...'** ભગવાનઆત્મા જ્ઞાન અને દર્શન દષ્ટા એવો ત્રિકાળી ભગવાન જીવનો સ્વભાવ તેમાં **'નિયત...'** લીન થવું. નિયત નિશ્ચય કે લીન **'ચારિત્ર તે મોક્ષમાર્ગ છે...'** જુઓ! ચારિત્ર પહેલાં દર્શનજ્ઞાન તેમાં આવી ગયા. અહીંયા ચારિત્ર મોક્ષનો માર્ગ બતાવવો છે ને. સમજાણું કાંઈ? કારણ કે ચારિત્ર તે મોક્ષનો માર્ગ છે. ચારિત્રના કારણરૂપ પહેલાં સમ્યગ્દર્શન કારણ ભલે હોય. પણ ધર્મનું બીજ મૂળ સમ્યગ્દર્શન છે. પણ ધર્મ છે ચારિત્ર. સમજાણું કાંઈ?

આવે છે કે નહીં, ઓલું 'દંસણ મુલ્લો ધમ્મો, ચરિતમ્ ખલ્લુ ધમ્મો.' તે આવે છે કે નહીં? તેનો અર્થ શું થયો? ધર્મ નામ ચારિત્ર. વીતરાગી નિર્દોષ દશા. આત્મામાં જ્ઞાન દર્શન સ્વભાવ છે તેમાં લીનતા વીતરાગી દશા તેનું નામ પરમાત્મા ચારિત્ર કહે છે. એ ચારિત્ર મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ?

**'જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે...'** જુઓ! અહીંથી ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો. કેમ કે દંસણ મુલ્લો ધમ્મો, ધર્મ તે ચારિત્ર પણ તેનું મૂળ છે સમ્યગ્દર્શન. ત્યારે એ કહે છે ને કે સમ્યગ્દર્શનજ્ઞાન ધર્મ નહીં. માટે ધર્મ તો ચારિત્ર છે. પણ કયું ચારિત્ર? કેટલાક પંડિત લોકોનું પત્રમાં બહુ જ આવે છે. જુઓ! ચારિત્રને ધર્મ કહ્યો. અને ચારિત્રનો ભેદ તે પંચમહાવ્રત. અઠયાવીસ મૂળગુણ ભેદ છે. શ્રાવકના ભેદ બાર વ્રત છે. અને મુનિના પાંચ મહાવ્રત ભેદ છે. ચારિત્રના બે ભેદ છે. એ તો વ્યવહાર ક્રિયાકાંડની વાત છે. ચારિત્ર તેને કહેતાં નથી. બંધનું કારણ છે તેને વ્યવહાર કહે છે. પાળે છે એવું વ્યવહારનયનું કથન છે.

**'જીવસ્વભાવમાં...'** આહાહા! કેવી વાત છે? સમજયા? પહેલાં કાંઈક આવ્યું હતું ૨૦૬ પાને. હા, બરાબર છે. માર્ગ ખરેખર સંવર છે. એમ લીધું હતું ને. એકસો એકતાલીસ ગાથા. **'માર્ગ ખરેખર સંવર છે...'** એકસો એકતાલીસ ગાથા. બસ્સો છ પાને છે. છે? નીચે. **'માર્ગ ખરેખર સંવર છે...'** આંહી ચારિત્ર કહ્યું ત્યાં સંવર કહ્યું. બેય એક જ વાત છે. બસ્સો છ અને બીજું બસ્સો છાંસઠ છે. (એકસો તૌંતેર ગાથા) **'માર્ગ પરમવૈરાગ્ય કરવા પ્રત્યે ઢળતી પારમેશ્વરી પરમ આજ્ઞા (અર્થાત્ પરમ વૈરાગ્ય કરવાની પરમેશ્વરની પરમ આજ્ઞા); તેની પ્રભાવના એટલે પ્રખ્યાપન દ્વારા અથવા પ્રકૃષ્ટ પરિણતિ દ્વારા તેનો સમુદ્યોત કરવો તે. (પરમ વૈરાગ્ય કરવાની જિનભગવાનની પરમ આજ્ઞાની પ્રભાવના છે.)** તેનું નામ ચારિત્ર છે. આહાહા! છે? એકસો તૌંતેર ગાથા. છેલ્લો માર્ગ છે ને.

માર્ગ પરમવૈરાગ્ય કરવાની, રાગથી બિલકુલ ઉદાસ થઈને તદ્દન વીતરાગી સ્વભાવમાં રમવું તેને અહીંયા માર્ગ કહે છે, તેને સંવર કહે છે, તેને ચારિત્ર કહે છે. આહાહા! ભારે કઠણ માર્ગ! નિશ્ચયની વાસ્તવિક તત્ત્વ સમજવામાં મોટી ગડબડ. પારમેશ્વરી પરમ આજ્ઞા એ છે. ચારિત્રમાં રમવું તે પરમેશ્વરની આજ્ઞા છે. સમજાણું કાંઈ? બહારનો ભેખ ધારણ કરે , નગ્ન હોય અને ક્રિયા કરે, થઈ ગયો ધર્મ, ચારિત્ર. છે કે નહીં પંડિતજી! તેમાં એ લખ્યું છે. ત્રણ ઠેકાણે છે. સંવર માર્ગ છે. અહીં ચારિત્ર માર્ગ છે, ત્યાં પરમવૈરાગ્ય, વૈરાગ્યનો અર્થ રાગથી બિલકુલ જુદો પડીને સ્વભાવમાં આવી જાવું તે વૈરાગ્ય છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના વિકલ્પથી જુદો પડીને ભગવાનઆત્માના સ્વભાવમાં આવી જાવું તેનું નામ પરમવૈરાગ્ય છે. બાયડી છોકરા છોડે અને વૈરાગ્ય કહે, તે વૈરાગ્ય ફૈરાગ્ય છે નહીં. સમજાણું કાંઈ?

કહે છે, જુઓ! એકસો ચોપન. **'જીવસ્વભાવ ખરેખર જ્ઞાનદર્શન છે...'** પહેલી વ્યાખ્યા તો ચારિત્રની કરી. કે ચારિત્ર કોને કહે છે અને મોક્ષમાર્ગ કોને કહે છે. ભગવાનઆત્મા પુણ્ય-પાપના વિકલ્પ, મહાવ્રત આદિના વિકલ્પ જીવસ્વભાવ નહીં. એ તો વિકાર વિભાવ છે. સમજાણું કાંઈ? આ તો ત્રિકાળ ભગવાનઆત્મા વસ્તુ ત્રિકાળ છે અવિનાશી. એવું જ્ઞાન, જાણવું અને દેખવું તે અવિનાશી ત્રિકાળ સ્વભાવ છે.

વસ્તુ અવિનાશી છે એવું તેનું જાણવું-દેખવું સ્વભાવ તે ત્રિકાળ અવિનાશી છે. એવો જીવસ્વભાવ ખરેખર જ્ઞાન અને દર્શન છે. પંચમહાવ્રતનો વિકલ્પ તે જીવસ્વભાવ નહીં, દયા-દાનનો ભાવ જીવસ્વભાવ નહીં, પૂજા બૂજાનો ભાવ જીવસ્વભાવ નહીં. આરે! ભારે આકરું કામ! **'ખરેખર જ્ઞાનદર્શન છે. કારણ કે તેઓ (જીવથી) અનન્યમય છે...'** જુઓ!

ભગવાનઆત્મા અને જાણન-દેખન સ્વભાવ એ બન્ને અનન્ય છે. અનેરા અનેરા એમ નહીં. જ્ઞાન ને દર્શન ને આત્મા બેય અનન્ય છે. અન્ય અન્ય નહીં પણ અનન્ય છે. અન્ય અન્ય નહીં પણ અનન્ય છે. એકમેક છે. જેમ ઉષ્ણતા અને અગ્નિ અનન્ય છે તેમ જીવના જ્ઞાનદર્શન સ્વભાવ અને જીવ અનન્ય છે. ઉષ્ણતા અન્ય છે અને અગ્નિ અન્ય છે એમ નથી. એમ જીવ ભગવાનઆત્મા અને જાણન-દેખન સ્વભાવ બેય અનન્ય છે. એક જ છે. બેય અન્ય અન્ય છે નહીં. અન્ય અન્ય નથી તો અનન્ય છે. સમજાણું કાંઈ?

**'જીવસ્વભાવ ખરેખર જ્ઞાનદર્શન છે કારણ કે તેઓ જીવથી અનન્યમય છે...'** એમ. કેમ કે આત્મા જેમ ત્રિકાળી છે. આત્મા ત્રિકાળી સ્વભાવવાન અને જ્ઞાનદર્શન ત્રિકાળી સ્વભાવ. જ્ઞાનદર્શન ત્રિકાળી ગુણ. ભગવાનઆત્મા ગુણી. ગુણ અને ગુણી અનન્ય છે, એકમેક છે. ભિન્ન છે નહીં. એમ જ્ઞાનદર્શનમાં લીનતા થવી તેનું નામ ચારિત્ર છે. આરે! ભારે વાત! સમજાણું કાંઈ?

સ્વઆશ્રિત ધર્મ, પોતાના ગુણને આશ્રયે ધર્મ છે. આહાહા! ચારિત્રની વ્યાખ્યા પણ ન સમજે. લાઠીમાં દીક્ષા થવાની છે ને. હેં? બે થવાની છે. વાંચે છે આંહીનું. આત્મધર્મ વાંચે છે. છતાં એને એવા લાકડા ઘુસી ગયેલાં હોય ને કે, આપણે તો દીક્ષા લઈ લીધી. થઈ ગયું પછી તો, ઘણો વખત મળે અને નિવૃત્તિ લેશું. ધૂળમાં એ તો મિથ્યાત્વનું પોષક છે. ક્ષણે ક્ષણે મિથ્યાત્વનું પોષણ, મિથ્યાત્વની પુષ્ટિ અને વૃદ્ધિ થાય છે. આહાહા!

કહે છે, **'જ્ઞાનદર્શનનું (જીવથી) અનન્યમયપણું હોવાનું કારણ એ છે કે...'** જુઓ! આહાહા! ભગવાનઆત્મા અને જ્ઞાનદર્શનનું અનન્યપણું નામ અનેરાપણું નથી તેનું કારણ એ છે કે **'વિશેષચૈતન્ય અને સામાન્યચૈતન્ય જેનો સ્વભાવ છે...'** જુઓ! વિશેષ ચૈતન્ય એ જ્ઞાન, સામાન્ય ચેતન એ દર્શન એ તો જીવનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? જુઓ! નીચે છે. વિશેષચૈતન્ય તે જ્ઞાન છે અને સામાન્યચૈતન્ય તે દર્શન છે. કાંઈ સમજાય છે?

આત્મા છે ને વસ્તુ, જેમ કે સાકર છે ને સાકર તે વસ્તુ. તો સાકરમાં જે મીઠાશ અને સફેદાય છે તે તેનો સ્વભાવ (છે). સાકર છે સાકર અને તેની મીઠાશ અને સફેદાઈ તેનો સ્વભાવ. મીઠાશ અને સફેદાઈ સાકરથી અનન્ય છે. અન્ય અન્ય નથી. એમ ભગવાનઆત્મા, અલૌકિક વાત છે. વસ્તુનો સ્વભાવ જાણન-જ્ઞાન એ વિશેષચેતના છે. અને સામાન્ય દર્શન છે. દર્શન અને જ્ઞાન બે તેનો સ્વભાવ છે. વિશેષચૈતન્ય અને સામાન્યચૈતન્ય જેનો સ્વભાવ-આત્માનો તે સ્વભાવ છે. **'એવા જીવથી તેઓ નિષ્પન્ન છે...'** જ્ઞાનદર્શન એવા આત્માથી પ્રાપ્ત છે. કોઈ બહારથી પ્રાપ્ત છે નહીં. આહાહા! ભારે! આ તો ગુણની વાત કરે છે હો હજી. જીવથી નિષ્પન્ન પ્રાપ્ત છે. **'જીવથી જ્ઞાનદર્શન રચાયેલાં છે...'** રચાયેલાંનો અર્થ-જીવથી તે જ્ઞાનદર્શન છે, બસ એટલું. રચ્યાં એટલે કાંઈ નવા રચ્યાં એમ છે નહીં.

ભગવાનઆત્મા જીવ-આત્મા અને જાણન-દેખન તેનો સ્વભાવ એ આત્માથી દર્શનજ્ઞાન રચાયેલાં, ભાષા જુઓ! રચાયેલાંનો અર્થ આત્માથી જ જ્ઞાનદર્શન છે. આત્માથી જ જ્ઞાનદર્શન છે. કોઈ પરને કારણે જ્ઞાનદર્શન છે, એમ છે નહીં. ત્રિકાળી સ્વભાવની વાત છે હો. **'હવે જીવના સ્વરૂપભૂત એવાં તે જ્ઞાનદર્શનમાં...'** વિશેષ લ્યે છે હવે. ઓહોહો! શું ટીકા! જીવના સ્વરૂપભૂત, ભગવાનઆત્માના સ્વરૂપભૂત, સ્વરૂપરૂપ, **'એવાં તે જ્ઞાનદર્શનમાં નિયત...'** એવો જાણન-દેખન સ્વભાવ તેમાં, નિયત=અવસ્થિત, સ્થિત, સ્થિર, દઢપણે રહેલું.

**'અવસ્થિત એવું જે ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ વૃત્તિમય અસ્તિત્વ, વૃત્તિ=વર્તવું...'** શું કહે છે? જુઓ! **'જીવના સ્વરૂપભૂત એવા...'** ભગવાનનું ત્રિકાળી સ્વરૂપ એવા જાણન-દેખન સ્વભાવ તે તેનું ત્રિકાળી સ્વરૂપ છે. તે સ્વરૂપમાં **'નિયત-અવસ્થિત એવું...'** એ પર્યાય થઈ. જ્ઞાનદર્શન તે ત્રિકાળી ગુણ, આત્મા ગુણી. આત્મા દ્રવ્ય તે ગુણી, જ્ઞાનદર્શન ગુણ. અને તેમાં સ્થિત રહેવું તે ચારિત્ર પર્યાય. સમજાણું કાંઈ? આરે! વ્યાખ્યા પણ સાંભળી ન હોય!

આ લોકો છોડીને મહાવ્રત લીધાં ચારિત્ર લીધું તે માને આ બધા ઝવેરચંદભાઈ. એ ઝવેરચંદભાઈ! મૂળ અગ્રેસર હોય મોઢા આગળ, પછી. નહીં વીરચંદભાઈ! એ શેઠીયા મોઢા આગળ ને બીજી કાંઈ ખબર તો હોય નહીં, પણ પારકા છોકરાને મુંડવામાં પણ એ ભાન ન મળે. એણે ચારિત્ર લીધું. લ્યો! દીક્ષા લીધી. શું પણ ચારિત્ર! કહેવું કોને એની તો ખબર નથી. હેં? આકરા ધર્મ છે આંહી તો. મહાવ્રત વિકલ્પથી ધર્મ નથી થતો. આત્માના જ્ઞાનદર્શન ને એકાગ્ર થાય તેમાં ધર્મ છે, એવો આકરો ધર્મ છે. સોંઘા એટલે એમ કહે છે કે મહાવ્રત બહાવ્રત લીધા વગર ધર્મ થાય છે, સારું છે. અરે ભગવાન! શું કરે? આહાહા! કેટલી વાત સિદ્ધ કરી છે.

એક તો એમ કહ્યું કે જીવસ્વભાવમાં નિયત ચારિત્ર. તો એ સ્વભાવ કયો? કે જ્ઞાન અને દર્શન. કેમ કે જ્ઞાનદર્શન સ્વભાવથી ભગવાનઆત્મા અનન્ય નામ અનેરા અનેરા નહીં. કેમ અનન્યપણું છે? કે

વિશેષચૈતન્ય અને સામાન્યચૈતન્ય તેનો સ્વભાવ છે. વિશેષચૈતન્ય જ્ઞાન અને સામાન્યચૈતન્ય દર્શન તેનો સ્વભાવ તેનો છે. એવા જીવથી નિષ્પન્ન છે. જાણનપણું અને દેખનપણું સ્વભાવ તે જીવથી થયા છે. પરથી થયા નથી. આહાહા! હવે જીવના સ્વરૂપભૂત મોટી ટીકા પણ, ઓહોહો! પાઠમાં તો એમ છે ને. **जीव सहायं णाणं अप्पड्हिदद्दंसणं अण्णणमयं** પહેલો શ્લોક છે એ. **चरियं च तेसु ळियदं अत्थितमळिंदियं भणियं**' આહાહા!

કહે છે કે **'હવે જીવના સ્વરૂપભૂત એવાં તે જ્ઞાનદર્શનમાં નિયત-અવસ્થિત, સ્થિર, દૃઢ. અવસ્થિત એવું જે ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ વૃત્તિમય અસ્તિત્વમય...'** ત્રિકાળી જ્ઞાનદર્શન સ્વભાવ તે ધ્રુવ. તેમાં નવી પર્યાય ઉત્પન્ન થવી અને પૂર્વની વ્યય થવી તે ચારિત્ર ગુણમાં તેને ઉત્પાદવ્યયધ્રુવ કહે છે.

ફરીને, જીવ જે છે તે ત્રિકાળી અવિનાશી તેનું સામાન્ય દર્શન અને વિશેષચૈતન્ય જ્ઞાન તે બન્ને ત્રિકાળી અવિનાશી સ્વભાવ. તે સ્વભાવમાં લીનતા કરવી. તો લીનતા કરવી તે ઉત્પાદવ્યય થઈ ગયા. ધ્રુવ જે જ્ઞાનદર્શન છે તે ધ્રુવ રહ્યું. તેનું અસ્તિત્વ ધ્રુવ રહ્યું. સત્તા. અને તેમાં લીન થવું, તો પૂર્વની પર્યાયનો વ્યય અને નવી પર્યાયનો ઉત્પાદ એવું સત્તાનું ઉત્પાદવ્યયધ્રુવરૂપ ચારિત્ર છે તેને ચારિત્ર કહે છે. એને ટાણું આવ્યું કે ભાઈ આ ગુરુગમ વિના સમજાય નહીં. શું કહે છે? જુઓ!

**'જીવના સ્વરૂપભૂત...'** એટલે જીવ છે ત્યાં સ્વરૂપ એવું જ છે. **'એવાં તે જ્ઞાનદર્શનમાં નિયત-અવસ્થિત એવું...'** જ્ઞાનદર્શનમાં નિયત. જ્ઞાનદર્શન છે ધ્રુવ અને નિયત પર્યાય છે.

જીવ છે તે દ્રવ્ય છે. અને જ્ઞાનદર્શન ત્રિકાળી તેનો ધ્રુવ સ્વભાવ. તેમાં નિયત એકાગ્રતા થવી તે પર્યાય છે. તે પર્યાય ઉત્પાદ-વ્યય અને ધ્રુવ સહિત થઈ ગઈ. ત્રિકાળી જ્ઞાનદર્શન સ્વભાવ તે ધ્રુવ અને ચારિત્રની નવી પર્યાય ઉત્પન્ન થઈ પૂર્વની પર્યાયનો વ્યય, ઉત્પાદવ્યયધ્રુવનું અસ્તિત્વ ચારિત્રના ગુણની ત્રણ વાત છે. આહાહા! ભારે ઝીણું ભાઈ! આ તો પંચાસ્તિકાય છે.

ઉત્પાદ-વ્યય એટલે ભગવાનઆત્મા વસ્તુ છે, અસ્તિ તત્ત્વ છે, સત્તાવાન પદાર્થ છે. તેનો જ્ઞાનદર્શન ત્રિકાળી સત્તા સ્વભાવ છે તે ધ્રુવ છે. અને તેમાં લીનતા કરવી તે ઉત્પાદ-વ્યય છે. ચારિત્રની પર્યાયનું ઉત્પન્ન થવું અને પૂર્વની પર્યાયનો વ્યય થવો. તે ચારિત્ર અસ્તિત્વ છે તેમાં ત્રણ લાગુ પડે છે. ત્રિકાળી ધ્રુવ, નવો ઉત્પન્ન થયેલો ઉત્પાદ, પૂર્વની પર્યાયનો વ્યય. એવા ચારિત્રના અસ્તિત્વમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ રહે છે. સમજાણું કાંઈ? ઝીણું છે ઝીણું.

વૃત્તિમય-અસ્તિત્વમય છે ને. વર્તવું, હોવું, એવો વૃત્તિ-અસ્તિત્વ. જાણન-દેખન સ્વભાવ તેનું રહેવું અને તેમાં, ઓલા રાગની ઉત્પત્તિ કે રાગના નાશની કાંઈ વાત અહીં છે નહીં. સ્વરૂપની, ચારિત્ર જ્ઞાન, દર્શન જે સ્વભાવ છે, તેમાં લીન થવું, તે ઉત્પાદ થયો. અને ચારિત્રની પૂર્વની પર્યાય વર્તમાનમાં

નાશ થાય છે તે વ્યય થયો. ધ્રુવ કાયમ છે જ્ઞાનદર્શન તે ધ્રુવ થયું. એવા અસ્તિત્વની સત્તામાં ત્રણ બોલ ચારિત્રમાં હોય છે. ભારે વાત ભાઈ! આહાહા! સમજાય છે કાંઈ? તે ચારિત્ર મોક્ષનો માર્ગ છે.

**'કે જે રાગાદિપરિણામના અભાવને લીધે...'** પંચમહાવ્રત આદિનો વિકલ્પ જે રાગ છે તેનો તેમાં અભાવ છે. **'રાગાદિપરિણામના અભાવને લીધે અનિંદિત છે...'** રાગ તો નિંદિત છે. આહાહા! **'ચારિત્ર છે; તે જ મોક્ષમાર્ગ છે...'** તેવા ચારિત્રને અહીંયા મોક્ષમાર્ગ કહ્યો છે. તેનો વિશેષ ખુલાસો આવશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

**::::: સંપૂર્ણ :::::**

**તા. ૧૧-૮-૨૦૧૫ ને મંગળવાર**